# પરમાત્મ વૈભવ

ભાગ ૪

પરમાત્મપ્રકાશ પ્રવચનો



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પરમાત્મ વૈભવ

(ભાગ–૪)

(શ્રીમદ્ ભગવત્ યોગીન્દુદેવ પ્રણીત શ્રી પરમાત્મપ્રકાશ
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

| વિક્રમ સંવત ૨૦૮૦ | વીર સંવત ૨૫૫૦ | ઈ. સન ૨૦૨૩ |
| --- | --- | --- |

**પ્રકાશન**

કારતક સુદ-૧૫, તા. ૨૭-૧૧-૨૦૨૩

નંદીશ્વર અષ્ટાહ્નિકા પર્વ અંતિમ દિન

**પ્રાપ્તિ સ્થાન**

૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,

સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪

૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,

વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬

ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦

www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ, ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવ લેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવ દર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન અને વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદૃષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦ થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા–બહિર્આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને

જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના અંત સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ઓડિયોમાં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન તેમની વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત

જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઈ.સ. ૧૯૭૬-૭૭માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈ, શ્રીમતી આરતીબેન જૈન, મલાડ, મુંબઈ, શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો **www.vitragvani.com** તથા **vitragvani app** ઉપર ઉપલબ્ધ છે. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ




શ્રીમદ્ ભગવત યોગીન્દુદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દ્રઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ‘સ્ટાર ઑફ ઈન્ડિયા’ નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ‘હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.’ સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં  એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૦૮૮ | ૨૮–૧૨–૧૯૬૫ | ગાથા–૨૩ થી ૨૪ | ૦૦૧ |
| ૦૮૯ | ૨૯–૧૨–૧૯૬૫ | ગાથા–૨૪ થી ૨૬ | ૦૧૮ |
| ૦૯૦ | ૩૦–૧૨–૧૯૬૫ | ગાથા–૨૬ થી ૨૮ | ૦૩૪ |
| ૦૯૧ | ૦૧–૦૧–૧૯૬૬ | ગાથા–૨૮–૨૯ | ૦૪૯ |
| ૦૯૨ | ૦૨–૦૧–૧૯૬૬ | ગાથા–૨૯ | ૦૬૫ |
| ૦૯૩ | ૦૩–૦૧–૧૯૬૬ | ગાથા–૨૯ થી ૩૧ | ૦૮૧ |
| ૦૯૪ | ૦૪–૦૧–૧૯૬૬ | ગાથા–૩૧ થી ૩૩ | ૦૯૫ |
| ૦૯૫ | ૦૫–૦૧–૧૯૬૬ | ગાથા–૩૪–૩૫ | ૧૧૦ |
| ૦૯૬ | ૦૬–૦૧–૧૯૬૬ | ગાથા–૩૬ થી ૩૮ | ૧૨૫ |
| ૦૯૭ | ૧૩–૦૧–૧૯૬૬ | ગાથા–૩૯–૪૦ | ૧૪૦ |
| ૦૯૮ | ૧૫–૦૧–૧૯૬૬ | ગાથા–૪૦ થી ૪૨ | ૧૫૩ |
| ૦૯૯ | ૧૬–૦૧–૧૯૬૬ | ગાથા–૪૨–૪૩ | ૧૬૫ |
| ૧૦૦ | ૧૭–૦૧–૧૯૬૬ | ગાથા–૪૩ થી ૪૬ | ૧૭૮ |
| ૧૦૧ | ૧૮–૦૧–૧૯૬૬ | ગાથા–૪૬–૪૭ | ૧૯૩ |
| ૧૦૨ | ૧૯–૦૧–૧૯૬૬ | ગાથા–૪૮ | ૨૦૭ |
| ૧૦૩ | ૨૦–૦૧–૧૯૬૬ | ગાથા–૪૯ થી ૫૧ | ૨૨૦ |
| ૧૦૪ | ૨૧–૦૧–૧૯૬૬ | ગાથા–૫૧–૫૨ | ૨૩૬ |
| ૧૦૫ | ૨૨–૦૧–૧૯૬૬ | ગાથા–૫૨–૫૩ | ૨૫૨ |
| ૧૦૬ | ૨૩–૦૧–૧૯૬૬ | ગાથા–૫૩–૫૪ | ૨૬૮ |
| ૧૦૭ | ૨૪–૦૧–૧૯૬૬ | ગાથા–૫૪–૫૫ | ૨૮૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૦૮ | ૨૫–૦૧–૧૯૬૬ | ગાથા–૫૬–૫૭ | ૨૯૭ |
| ૧૦૯ | ૨૬–૦૧–૧૯૬૬ | ગાથા–૫૭ થી ૫૯ | ૩૧૪ |
| ૧૧૦ | ૨૭–૦૧–૧૯૬૬ | ગાથા–૬૦–૬૧ | ૩૩૦ |
| ૧૧૧ | ૨૮–૦૧–૧૯૬૬ | ગાથા–૬૧–૬૨ | ૩૪૬ |
| ૧૧૨ | ૨૯–૦૧–૧૯૬૬ | ગાથા–૬૩–૬૪ | ૩૬૧ |
| ૧૧૩ | ૩૦–૦૧–૧૯૬૬ | ગાથા–૬૪–૬૫ | ૩૭૬ |
| ૧૧૪ | ૩૧–૦૧–૧૯૬૬ | ગાથા–૬૬–૬૭ | ૩૯૧ |
| ૧૧૫ | ૦૧–૦૨–૧૯૬૬ | ગાથા–૬૭–૬૮ | ૪૦૫ |
| ૧૧૬ | ૦૨–૦૨–૧૯૬૬ | ગાથા–૬૮–૬૯ | ૪૨૦ |

# શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
– રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં – અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# પરમાત્મ વૈભવ

**(ભાગ-૪)**
**(શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)**

**પોષ સુદ ૬, મંગળવાર, તા. ૨૮-૧૨-૧૯૬૫**
**ગાથા-૨૩ થી ૨૪, પ્રવચન-૮૮**

'પરમાત્મપ્રકાશ' બીજા ભાગની ૨૨ થઈ ગાથા. ૨૩મી ગાથા. '**આગે જીવ પુદ્ગલ યે દોનોં ચલન-હલનાદિ ક્રિયાયુક્ત હૈં, ઔર ધર્મ, અધર્મ, આકાશ, કાલ યે ચારોં નિઃક્રિય હૈં, એસા નિરૂપણ કરતે હૈં** -' શું કહેવું છે આ? કે, આ આત્મા જે છે એ શુદ્ધ દ્રવ્ય વસ્તુ તરીકે જ્ઞાયક શુદ્ધ આનંદકંદ છે. એનું જે નિશ્ચય સમ્યગ્દર્શન જે ધર્મ છે, એ નિશ્ચય સમ્યગ્દર્શનમાં કારણ તો એ આત્મદ્રવ્ય છે. સમજાણું કાંઈ? સમ્યક્-સાચી શ્રદ્ધા-સમ્યગ્દર્શન એ પ્રથમ ધર્મ, એ સમ્યગ્દર્શનનું કારણ અથવા એનો વિષય તો એ આત્મા, શુદ્ધ આત્મા વસ્તુ છે. એવા નિશ્ચય સમ્યગ્દર્શનના વિષયરૂપ આત્મા કારણ, એ કાળે આત્મામાં જરી સક્રિયપણું ગતિ આદિ થાય છે. આત્મામાં સક્રિય થાય છેને ગતિ? એ (ગતિ) અને એ ગતિમાં બીજા નિમિત્તો પદાર્થ એ બધા વ્યવહાર સમ્યગ્દર્શનમાં નિમિત્ત છે. શું કીધું? સમજાણું આમાં? નિશ્ચય સમ્યગ્દર્શનમાં નિશ્ચય વસ્તુ શુદ્ધ આત્મા, જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ એવો આત્મા નિજ પદાર્થ, એ નિશ્ચય શ્રદ્ધારૂપી ધર્મ એનું કારણ તો આત્મદ્રવ્ય છે.

હવે, વ્યવહાર સમકિત જે શુભ રાગરૂપ ભાવ છે એનો વિષય છ દ્રવ્ય, એમાં જીવની

ગતિ આદિ ક્રિયા થાય છે એ પણ વ્યવહાર સમકિતનો એ વિષય છે. શું કહ્યું? શ્રદ્ધામાં એ એણે લેવું જોઈએ કે આત્મા શુદ્ધસ્વરૂપ અખંડ જ્ઞાયક એવી પ્રતીત-શ્રદ્ધા હોવા છતાં તેને તે કાળે કંઈ ગતિ થાય છેને ગતિ? ચાલે છે જીવ, એ ક્રિયા જે થાય છે એ વર્તમાન પર્યાયમાં એ જીવની પોતાની લાયકાતથી છે. એને વ્યવહાર સમકિતમાં શ્રદ્ધવું જોઈએ કે આ મારી ક્રિયા મારાથી થાય છે અને એ ક્રિયામાં બીજા પુદ્‌ગલ કર્મ આદિ કે ધર્માસ્તિ આદિ નિમિત્ત છે એ પણ એણે એ રીતે શ્રદ્ધવું અને માનવું જોઈએ. સમજાણું કાંઈ?

એ કહે છે જુઓ!

૧૪૯) **दव्व चयारि वि इयर जिय गमणागमण-विहीण।**

**जीउ वि पुग्गलु परिहरिवि पभणहिँ णाण-पवीण।।२३।।**

'**હે હંસ,...**' જીવને હંસ કહ્યો. હે હંસ-વિવેકી! તું આત્મા અખંડ જ્ઞાયક છો એની પ્રતીત કરવી એનું નામ હંસ કહેવાય છે. '**જીવ ઔર પુદ્‌ગલ ઈન દોનોંકો છોડકર દૂસરે ધર્માદિ ચારોં હી દ્રવ્ય ચલન હલનાદિ ક્રિયા રહિત હૈં,...**' ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ઈ જ્યાં પડ્યા છે ત્યાં પડ્યા છે, એનું ગમન છે નહિ એમ તું બરાબર શ્રદ્ધા કર. '**જીવ પુદ્‌ગલ ક્રિયાવંત હૈં,...**' અને જીવ અને પુદ્‌ગલ બે આમ ગમન કરે છે. એ ગમન કરવાની પર્યાયની તારામાં લાયકાત તારી છે એમ વ્યવહાર સમકિતમાં શ્રદ્ધા કર. સમજાણું કાંઈ?

'**ગમનાગમન કરતે હૈં,...**' જીવ અને પુદ્‌ગલ આમ એક ઠેકાણે રહેતા નથી. એ છે પોતાની લાયકાતનો પર્યાય, ગમન કરવાનો અને ગમન થઈને સ્થિર થવાનો. એમ પરમાણુઓનો ગમન કરવાનો પોતાનો પર્યાય ધર્મ છે એનો અને એ પર્યાય સ્થિર થાય એ પણ પોતાનો ધર્મ છે. પણ એ પર્યાયનો ધર્મ છે અને પરદ્રવ્યનો જે ધર્મ છે અને પોતાની પર્યાયમાં ગતિ-સ્થિરતાનો ધર્મ છે એ બધો વ્યવહાર સમકિતના વિષયમાં, છ દ્રવ્યમાં જાય છે. સમજાણું કાંઈ? એ ગમનાગમન કરતે હૈં. જીવ અને પુદ્‌ગલ જ ક્રિયા કરે છે, પોતાથી હોં! આત્મા એક સ્થાનથી બીજે સ્થાને જાય આમ હાલે, એ પોતાની પર્યાયની યોગ્યતાથી ગતિ કરે છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દેહ એને કારણે ગતિ કરે છે એમ કહે છે. દેહની ક્રિયા એને નિમિત્ત કહેશે સહકારી, એમાં કર્મ પુદ્‌ગલ અને એને બેને સહકારી કહેશે, પણ એ કર્મ પુદ્‌ગલ અને શરીર પોતે પોતાને કારણે આમ ગતિ કરે છે. જીવ પોતાને કારણે આમ ગતિ કરે છે. ત્યારે એ ગતિ કરવામાં કર્મ પુદ્‌ગલ, નોકર્મ એને નિમિત્ત કહેવાય અને એ ગતિ કરવામાં ધર્માસ્તિ પણ

નિમિત્ત કહેવાય. આ વસ્તુ. સમજાણું કાંઈ?

આવી વસ્તુ વીતરાગ સિવાય વ્યવહાર સમકિતના વિષયનું સ્વરૂપ આ રીતે છે એ બીજે હોઈ શકે નહિ. એમ બતાવવા વ્યવહાર સમકિતના વિષયને જણાવે છે. સમજાણું કાંઈ? ભાઈ! કાંઈક જ્ઞાન તો એણે કરવું પડે. એમ ને એમ ઓઘે ઓઘે કૂટાય એવો નથી આ માર્ગ. સર્વજ્ઞ વીતરાગે કહેલો આત્મા એવું પૂર્ણાનંદ શુદ્ધ સ્વરૂપ, સર્વજ્ઞે કહેલો, જોયેલો, જાણેલો એવો આ આત્મા પૂર્ણ જ્ઞાનાનંદનો કંદ વસ્તુ એની અંતર્મુખની સમ્યગ્દર્શનની શ્રદ્ધા એમાં વિષય તો એ દ્રવ્ય છે. આવો આત્મા ભગવાને કહ્યો એવો આત્મા. અને એ સિવાય ગતિ આદિની સ્થિરતાની જે પર્યાય જીવમાં થાય અને બીજા પાંચ, છ દ્રવ્યો, બીજા આત્માઓ અને બીજી એની ક્રિયાઓ એ બધા વ્યવહાર સમ્યગ્દર્શનના વિષય, કારણ ગણવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

નિશ્ચય સમ્યગ્દર્શનના કારણમાં ભગવાને કહેલો શુદ્ધ આત્મા દ્રવ્ય. સમજાણું કાંઈ? અને વ્યવહાર સમ્યગ્દર્શનના વિષયમાં ભગવાને જાણેલા જીવ અને જડ એની પર્યાય ક્રિયા આમ કરે છે અને એમાં નિમિત્ત તરીકે બીજા છે અને બીજા ચાર પોતે અક્રિય છે. એવા ભગવાને જોયેલા એવા એને વ્યવહાર સમ્યગ્દર્શનમાં નિમિત્ત કારણ થાય છે. ઓહો..! સમજાણું કાંઈ આમાં? સમજણના ઘર કોઈ દિ' જોયા નથી, એની દરકાર કરી નથી. આ કરવું... આ કરવું... આ કરવું. દયા અને વ્રત અને ભક્તિ અને ક્રિયાકાંડ, પણ વસ્તુ શું છે એને સમજ્યા વિના એ બધી (ક્રિયા થોથા છે). કહે છે કે દયા આદિના પરિણામ થાય અને જીવ પોતે આમ ગતિ કરે, એ બધા વ્યવહાર સમકિતના વિષયમાં જાય છે ભાઈ! આહા..હા..!

સત્ય સમ્યગ્દર્શન-સત્ય સમ્યગ્દર્શન એના વિષયમાં ભગવાન સત્ય પરમબ્રહ્મ પોતે, એના કારણમાં-સમ્યગ્દર્શનમાં એ કારણ છે. પણ એ કાળે એ શુભરાગરૂપી જ્ઞાનનો એક ભાગ એક છે કે જેમાં જીવ અને પરમાણુ ગતિ કરે એવી ક્રિયા અને સ્થિરતા પાછી કરે અને ઠરે એવી ક્રિયા એ જીવ અને પુદ્ગલમાં પોતાને કારણે છે અને (ધર્માસ્તિ) આદિ બીજા ચાર દ્રવ્યો નિષ્ક્રિય છે એમ સમ્યગ્દર્શનના એટલે એ સંબંધીના જ્ઞાનના વિકલ્પનો એ વિષય છે, એમ એણે નક્કી કરવું જોઈએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શું કહે છે? વ્યવહારનો ...? આ તો આજે એ નાખ્યું વળી. શું નાખ્યું? ક્યું? આ જીવની ક્રિયા. ..ની ક્રિયા વ્યવહારમાં નાખી. એ વ્યવહાર સમકિતના વિષયમાં નાખી. આ તો બીજી રીતે કહ્યું આ અત્યારે.

એક નિશ્ચય સમ્યક્ વસ્તુ એ તો પરમાનંદ ભગવાન અખંડ આમ જ્ઞાનની મૂર્તિ પ્રભુ

આત્મા છે એ સત્યદર્શનનું કારણ છે. સત્ય સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એ સત્ય સમ્યગ્દર્શન સત્‌નું એ કારણ છે. અસત્ એટલે વ્યવહાર સમકિત ઉપચાર એનું કારણ એ જીવને ગતિ સ્વતંત્ર કરે છે, સ્થિરતા કરે છે ગતિ કરીને એમાં રાગાદિ થાય છે એ બધા વ્યવહાર સમકિતના નિમિત્તમાં, કારણમાં, વિષયમાં જાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ... ભીખાભાઈ! એમ જીવ ગતિ કરે કે સ્થિર થાય એમાં નિમિત્ત કર્મ અને શરીર છે એ પણ વ્યવહાર સમ્યગ્દર્શનના નિમિત્તમાં, કારણમાં જાય છે. અને ગતિ કરે ત્યારે ધર્માસ્તિ નિમિત્ત છે એ પણ વ્યવહાર સમ્યગ્દર્શનના વિષયમાં, નિમિત્તમાં, કારણમાં જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! શૈલી તો આ તો પરમાત્મપ્રકાશ છેને એટલે એનું જે પૂર્ણ સ્વરૂપ છે (એ દર્શાવે છે).

મુમુક્ષુ :- પરમાત્મપ્રકાશમાં વ્યવહાર આપ કહો છો.

ઉત્તર :- વ્યવહાર આ કહીએ છીએ. વ્યવહાર કહ્યો. જુઓ, આજ તો બીજી રીતે કહ્યો થોડો. એકલા છ દ્રવ્યમાં એ જીવની ક્રિયા, સક્રિયપણું, રાગ-દ્વેષપણું, કંપન્નપણું આદિ, સમજાય છે? એ બધો વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય કહેવામાં આવ્યો આજ. પોતાથી થાય એ વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય. પોતે આખો એ તો નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય. એય..! દેવાનુપ્રિયા! પંડિતજીની ... લેવી જોઈએને અમારે. આહા..હા..!

આમ કહેવા માગે છે અહીં કે પરમાત્મા તું પોતે તો અખંડ જ્ઞાનની મૂર્તિ છોને પ્રભુ! એ જ સત્યદર્શનનું કારણ છે. સત્ય સમ્યગ્દર્શન, ધર્મદર્શન. ધર્મરૂપી દર્શનનું આ આત્મા કારણ છે, પણ એની સાથે એ જ્ઞાનની પૂર્ણતા કેવળજ્ઞાનની નથી અને પૂર્ણ સ્થિરતા નથી એટલે એ જ્ઞાન એવું કામ કરે કે જે ક્રિયા કરે, જીવ ગતિ કરે, સ્થિરતા થાય એને પણ એ જ્ઞાન જાણીને વ્યવહાર છે એમ શ્રદ્ધે છે. સમજાણું કાંઈ? ઉપચાર સમકિત છે. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ઓલું ખરેખર અને આ...

ઉત્તર :- આને નિશ્ચય હોય ત્યારે ઓલી ક્રિયા ગતિ, રાગ અને બીજા દ્રવ્યો એની શ્રદ્ધાને ઉપચાર સમકિત, આરોપ સમકિત, વ્યવહાર સમકિત કહેવાય છે. આ નિશ્ચય હોય તો. ત્યારે એની સાથે વાત છેને આ? કારણ કે બાકી રહેલી વાતને શ્રદ્ધવી જોઈએને. એક દ્રવ્ય અખંડાનંદ પ્રભુ એ સમ્યગ્દર્શનનું કારણ થયું, ત્યારે બીજી વાત કાંઈ બાકી રહી જાય છે કે નહિ? રાગ, દ્વેષ, સક્રિય, સ્થિરતા, બીજા જીવો, બીજા પરમાણુઓ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એ બધા, અહીં તો એક બધા થોકડે વ્યવહાર સમ્યગ્દર્શનનું નિમિત્ત વિષય અને કારણ કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ભાવાર્થ. આ એક વાત રહી ગઈ. '**ઐસા જ્ઞાનિયોંમેં ચતુર રત્નત્રયકે ધારક કેવલી શ્રુતકેવલી કહતે હૈં.**' કેવળી કાઢી નાખવું જોઈએ.

મુમુક્ષુ :- કેવળી અને શ્રુતકેવળી.

ઉત્તર :- ના, કેવળી કાઢી નાખવું જોઈએ. કારણ કે, પાઠમાં **'भेदाभेदरत्नत्रयाधका'** છે સંસ્કૃતમાં. સમજાણું? ટીકા એમણે એમ કરી છેને. ... ટીકાને હિસાબે છે. **'भेदाभेदरत्नत्रयाधका विवेकिन'** મહાસંતો, મુનિઓ, નિશ્ચય અને વ્યવહારના આરાધક જીવો આમ કહે છે. એટલે એ ચતુર, જ્ઞાનીયોંમેં મહા ચતુર રત્નત્રય ભેદાભેદ અને નિશ્ચયના ધારક એવા શ્રુતકેવળી કહે છે. શ્રુતકેવળી એ શ્રુતકેવળી મુનિઓ મહાસંતો, એ વ્યવહાર સમકિતના આ છ દ્રવ્ય અને સક્રિય, અક્રિયપણું એ બધો વ્યવહાર સમકિતનો વિષય એમ ભગવાન બતાવે છે. સમજાણું કાંઈ? છોટાભાઈ! ઓલો એક વિષય બાકી રહી ગયો હતોને. એનો પોતાનો પણ બાકી રહી ગયો છે કે નહિ? આહા..હા..! શાસ્ત્રની એક સમજાવવાની રીત અને એને એ રીતે સિદ્ધ કરવાની રીત છે.

**'ભાવાર્થ :- જીવોંકે સંસાર-અવસ્થામેં ઈસ ગતિસે અન્ય ગતિકે જાનેકો કર્મ-નોકર્મ જાતિકે પુદ્‌ગલ સહાયી હૈં.'** નિમિત્ત છે. આ એક ગતિમાંથી બીજે જાવું, મનુષ્યમાંથી દેવમાં... સમજાય છે? ત્યાં એને કર્મ, આઠ કર્મ પણ નિમિત્ત છે. ગતિની તો પોતાની યોગ્યતા છે હોં! ઉપાદાન તો. ઓલું નિમિત્ત છે કર્મ અને શરીર તૈજસ શરીર, ઔદારિક આદિ. અહીં પણ ગતિ કરે છેને જરી? કર્મ, નોકર્મ જાતિકે પુદ્‌ગલ નિમિત્ત છે. નિમિત્ત છે, બીજી ચીજ એક નિમિત્ત છે. **'ઔર કર્મ નોકર્મકે અભાવસે સિદ્ધોંકે નિઃક્રિયપના હૈ,...'** સિદ્ધને નિષ્ક્રિયપણું પોતાને કારણે છે. ત્યારે એને કર્મ અને નોકર્મનો નિમિત્તપણે પણ અભાવ છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાનને કર્મ-નોકર્મનું નિમિત્તપણું નથી અને પોતામાં પણ સક્રિયપણું નથી, નિષ્ક્રિયપણું છે. પોતાથી પોતામાં ઉપાદાન એ પર્યાયનું અને બીજા નોકર્મનું નિમિત્ત નથી એને. સમજાય છે કાંઈ? જુઓ, **'ગમનાગમન નહીં હૈ.'** સિદ્ધને ગમન નથી, સિદ્ધ તો સ્થિર છે, પરમાત્મા મોક્ષમાં સ્થિર છે.

**'પુદ્‌ગલકે સ્કન્ધોંકા ગમનકા બહિરંગ નિમિત્તકારણ કાલાણુરૂપ કાલદ્રવ્ય હૈ.'** હવે આ પરમાણુ આ શરીર છેને? પુદ્‌ગલ, કર્મ, આ વાણી ઈ આમ ગમન કરે છેને? જુઓને, આમ ગમન કરે છેને આ શરીર? એ ગમનનું બહિરંગ નિમિત્ત કારણ, બાહ્ય નિમિત્ત કારણ. કાળાણુ એક કાળદ્રવ્ય છે એને જાણવો જોઈએ અને સ્કંધમાં ગમન પોતાથી થાય ઉપાદાનથી એમ એણે જાણવું જોઈએ. શું કીધું? આ શરીર એને કારણે આમ ઉપાદાનથી ગતિ કરે છે. સમજાણું કાંઈ? એમ એણે વ્યવહાર સમકિતમાં જાણવું જોઈએ અને એમાં ગમન કરે એમાં... સમજાણું? નિમિત્ત કારણ બાહ્ય કાલાણુ દ્રવ્ય છે. એક કાળાણુ પદાર્થ છે એમ આ શરીરને આમ ગતિ કરવામાં નિમિત્ત એ છે. કહો, સમજાણું? જુઓ, આ લાકડું છેને? આમ આમ

કરેને એ થાય છે પોતાના ઉપાદાનને કારણે, પણ એક કાળ નામના દ્રવ્ય બીજા છે ત્યાં અસંખ્ય, એ એની અંદર પર્યાયને નિમિત્ત છે. એમ એ નિમિત્ત શ્રદ્ધવું અને આની ગતિની ક્રિયા શ્રદ્ધવી અને આ દ્રવ્ય, ગુણ આવા છે એમ શ્રદ્ધવું એ બધો વ્યવહાર સમકિતનો વિષય કહેવાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- અરૂપી છેને?

ઉત્તર :- આ ક્યાં અરૂપી છે? આ શું કીધું? કાળ અરૂપી છે પણ આ રૂપી છેને? આ રૂપી પોતાથી ગતિ કરે છે. એના દ્રવ્ય, ગુણને જાણવા અને એની પર્યાય ગતિ કરે એમ એને શ્રદ્ધવી જોઈએ પોતાથી હોં! પોતાથી ગતિ કરે એમ વ્યવહાર સમકિતમાં ભાઈ આવે છે લ્યો! ઠીક! વ્યવહાર સમકિતમાં એટલું તો આવે છે કે જીવ અને પુદ્‌ગલ પોતાથી ક્રિયા કરે છે સમયે, એમ વ્યવહાર સમકિતમાં એને શ્રદ્ધવું જોઈએ. અને એને નિમિત્ત કારણ કાળાણુ દ્રવ્ય છે આ પુદ્‌ગલને અને જીવમાં કર્મ અને નોકર્મ નિમિત્ત છે. અને ધર્માસ્તિ પણ નિમિત્ત એ વિશેષ લેશે. એ બધું પોતાને કારણે ગતિ ક્રિયા છે એમ વ્યવહાર સમકિતી શ્રદ્ધે છે. નિમિત્ત કારણ બીજું છે એમ વ્યવહારને સમકિતી શ્રદ્ધે છે. જે આ આની ક્રિયા પરને લઈને માને એને તો વ્યવહાર શ્રદ્ધાના વિષયની પણ ખબર નથી. આહા..હા..! કહો, એમાં નીકળે છે કે નહિ? ભાઈ! વ્યવહાર સમકિતમાં નીકળે છે કે નહિ આ? આહા..હા..! ભારે!

કહ્યું કે કર્મ, નોકર્મ કહેવાથી **'પુદ્‌ગલકે સ્કન્ધોંકો ગમનકા...'** જુઓ! આ ગમન એટલે ઊંચું થાય પુસ્તક, આ થાય, શરીર આ હોઠ હલે આમ. એ ગમનમાં, **'બહિરંગ નિમિત્તકારણ...'** એટલે કે ગમનનો ઉપાદાન તો એનો પોતાનો પર્યાય છે, ઉપાદાન પર્યાય પોતાનો છે. એમ વ્યવહાર સમકિતી એને એમ શ્રદ્ધે છે. અને **'નિમિત્તકારણ કાલાણુરૂપ કાલદ્રવ્ય હૈ.'** એમ એને નિમિત્ત તરીકે શ્રદ્ધે છે. **'ઈસસે ક્યા અર્થ નિકલા?'** કહે છે હવે આમ કહીને એનો અર્થ શું નીકળ્યો? **'યહ નિકલા કિ નિશ્ચયકાલકી પર્યાય જો સમયરૂપ વ્યવહારકાલ...'** નિશ્ચય કાળ છે એક અણુ. અરૂપી કાળ છે અસંખ્ય અણુઓ એની એક સમયની પર્યાય વ્યવહાર કાળ, **'ઉસકી ઉત્પત્તિમેં મંદ ગતિરૂપ પરિણત હુઆ અવિભાગી પુદ્‌ગલપરમાણુ કારણ હોતા હૈ.'** ધ્યાન રાખો. એ કાલાણુ જે દ્રવ્ય છે એ તો શ્રદ્ધવો, પણ કાળાણુની એક સમયની પર્યાય છે ઉત્પત્તિ એને એમ શ્રદ્ધવી. એમાં મંદ ગતિરૂપ પરિણત હુઆ પુદ્‌ગલ નિમિત્ત છે એમ એને શ્રદ્ધવું. સમજાણું કાંઈ? ધ્યાન રાખવું ભાઈ! કોઈ વિષય એવો આવે. આ તો વીતરાગ માર્ગ છે. ઘણા પ્રકારના પડખા આવે. શું આવ્યું? એની ઉત્પત્તિમાં, ઉત્પત્તિ એટલે? ઉપાદાન તો એનો પર્યાય છે કાળદ્રવ્ય, એની સમયની અવસ્થાનો એમ શ્રદ્ધવું, પણ

એને નિમિત્ત કારણ મંદ ગતિએ પરિણમેલો અવિભાગી પુદ્ગલનું નિમિત્ત કારણ છે એમ એને જાણવું. સમજાણું કાંઈ? ભાઈ! આ તો હળવે હળવે લઈએ છીએ હોં! નહિતર છે તો એકદમ લઈ જવા જેવું. જાણવાની વાત છેને પણ હવે.

મુમુક્ષુ :- આ નવી વાત નીકળી.

ઉત્તર :- નવી વાત નીકળી છે લ્યો ભાઈ! પણ વ્યવહાર સમકિત શું છે એ એણે નક્કી કરવું પડશેને. નિશ્ચય સમકિતનું કારણ તો એકલું દ્રવ્ય કીધું. અખંડ દ્રવ્ય, અખંડાનંદ જ્ઞાયકમૂર્તિ. ત્યારે હવે બાકી આમાં પણ રહી ગયું, પરમાં રહી ગયું બધું ઈ ક્યાં ગયું? સમજાણું કાંઈ? આહા..હા..!

એવો વ્યવહાર વીતરાગે કહ્યો કે જડ અને ચૈતન્ય પોતાને કારણે ગમન કરે એવો ઉપાદાન પર્યાય એનો એમ શ્રદ્ધવું અને એને નિમિત્ત કારણો જે દ્રવ્ય છે એને એ રીતે શ્રદ્ધવા. ત્યારે એને વ્યવહાર સમકિતનો યથાર્થ વિષય થયો કહેવાય. આ વ્યવહાર સમકિતના પણ ઠેકાણા ન મળે. એક નિમિત્તને કારણે એમાં થાય અને આને કારણે આમાં થાય. એ તો કહે કે તારા વ્યવહાર સમકિતના વિષયના ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..! બીજી ઢબથી આજ વાત આવી છે હોં! થોડુંક વળી એમ થઈ ગયું કે વળી ક્યાંથી આવી અંદરથી? શરૂ કરતા ક્રિયામાં ગયુંને મગજ. ક્રિયા તો એનો સ્વભાવ નથી. વસ્તુ દ્રવ્ય તો કારણ છે સમકિતમાં. આ ક્રિયા, ક્રિયા કોનો વિષય થયો હવે? એ ગઈ ક્યાં? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**પુદ્ગલપરમાણુ કારણ હોતા હૈ. સમયરૂપ વ્યવહારકાલકા ઉપાદાનકારણ નિશ્ચયકાલદ્રવ્ય હૈ,...**' જુઓ! એ કાળ નામનો પદાર્થ છે અરૂપી અસંખ્ય એની સમયની ઉત્પત્તિનું ઉપાદાન કારણ એ છે એમ જાણવું અને મંદ ગતિએ એક પરમાણુ નિમિત્ત કારણ છે એમ જાણવું. '**ઉસીકો એક સમયાદિ વ્યવહારકાલકા મૂલકારણ નિશ્ચયકાલાણુરૂપ કાલદ્રવ્ય હૈ, ઉસીકી એક સમયાદિક પર્યાય હૈ,...**' એની એક સમયની પર્યાય એની કાલાણુની. '**પુદ્ગલ પરમાણુકી મંદગતિ બહિરંગ નિમિત્તકારણ હૈ,...**' એને પુદ્ગલનો પરમાણુ મંદગતિએ પોતાથી ગતિ કરે એ પોતાનું ઉપાદાન છે, પણ આને નિમિત્ત કારણ છે. પરમાણુ એક પ્રદેશ આમ ગમન કરે એનું ઉપાદન પોતે છે, પણ કાળની પર્યાય ઉત્પત્તિમાં પુદ્ગલ પરમાણુ મંદગતિથી (ગમન કરે તે) નિમિત્ત છે. ભારે વાત કરી છે. સમજાણું કાંઈ?

'**ઉપાદાનકારણ નહીં હૈ,...**' શું કીધું? એ કાળદ્રવ્યનો પર્યાય ઉત્પત્તિમાં મંદગતિનો પરમાણુ મૂળ કારણ નહિ. મૂળ કારણ એ કાળ નામનો પદાર્થ છે, એની એક સમયની અવસ્થા એનું ઉપાદાન કારણ એ કાળદ્રવ્ય છે. સમજાણું કાંઈ? '**પુદ્ગલપરમાણુ આકાશકે પ્રદેશમેં મંદગતિસે ગમન કરતા હૈ, યદિ શીઘ્ર ગતિસે ચલે તો એક સમયમેં ચૌદહ રાજૂ**

**જાતા હૈ,...'** એક રજકણ એક સમયમાં ગતિ કરે તો કાલાણુના એક સમયના પર્યાયને નિમિત્ત કહેવાય, પણ આખો ગતિ કરે તો એનો સ્વભાવ છે. એનો સ્વભાવ એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલવાનો છે એ પોતાને કારણે. એક રજકણ ચૌદ બ્રહ્માંડમાં એક સમયમાં ગતિ કરીને ચાલ્યો જાય. એવો પણ એ પરમાણુ અને એ પર્યાયનો ધર્મ છે એમ વ્યવહાર શ્રદ્ધામાં એણે લેવું જોઈએ.

મુમુક્ષુ :- શીઘ્ર ગતિ.

ઉત્તર :- એની પોતાની શીઘ્ર ગતિ.

**'જૈસે ઘટપર્યાયકી ઉત્પત્તિમેં મૂલકારણ તો મિટ્ટીકા ડલા હૈ,...'** શું કીધું? એ ઘડાની ઉત્પત્તિમાં મૂળ કારણ તો માટીનો પિંડલો (છે) એમ એણે શ્રદ્ધવું જોઈએ. મૂળ કારણ કુંભાર નહિ. **'ઔર બહિરંગકારણ કુમ્હાર હૈ,...'** એમ કીધું ઓલા કાળ સાથે ભાઈ. આપણે સાધારણ મેળવે છે. કુંભાર છે. શું કીધું? આ ઘડો થાય એનું મૂળ કારણ માટી (છે) એમ એણે નક્કી કરવું જોઈએ અને કુંભાર તો નિમિત્ત કારણ એમ નક્કી કરવું જોઈએ. એમ કાળદ્રવ્યની મૂળ પર્યાયનું મૂળ કારણ કાળદ્રવ્ય. મંદગતિએ પરમાણુ પરિણમ્યો એ તો નિમિત્ત કારણ જાણવું જોઈએ.

**'વૈસે સમયપર્યાયકી ઉત્પત્તિમેં મૂલકારણ તો કાલાણુરૂપ નિશ્ચયકાલ હૈ, ઔર બહિરંગ નિમિત્તકારણ પુદ્ગલપરમાણુ હૈ. પુદ્ગલપરમાણુકી મંદગતિરૂપ ગમન સમયમેં યદ્યપિ ધર્મદ્રવ્ય સહકારી હૈ,...'** શું કહે છે? રજકણ છેને પુદ્ગલ એની મંદ ગતિ-ગમન સમયમાં જો કે ધર્મદ્રવ્ય સહકારી છે. **'તો ભી કાલાણુરૂપ નિશ્ચયકાલ પરમાણુકી મંદગતિકા સહાયી જાનના.'** તોપણ કાળાણુ જે છેને જગતના દ્રવ્ય, એ નિશ્ચય કાળ જે છે એ પરમાણુની મંદગતિનું સહાય જાણવું. બે સહાયક કહે છે. જુઓ! ધ્યાન રાખજો. પુદ્ગલ પરમાણુ મંદ ગતિ કરે ત્યારે ધર્મદ્રવ્ય નિમિત્ત છે. ગતિ પોતાથી છે, ધર્મદ્રવ્ય નિમિત્ત છે તોપણ પુદ્ગલ મંદગતિ કરે ત્યારે કાળાણુ નિશ્ચયકાળ પણ નિમિત્તરૂપે છે. એક ઉપાદાન અને (નિમિત્ત)કારણ બે છે એમ એણે શ્રદ્ધવું જોઈએ. આહા..હા..! આવું વીતરાગ સિવાય ન હોય એટલે વ્યવહાર સમકિતના વિષયમાં સ્પષ્ટ કરીને ઓળખાવે છે. સમજાય છેને? ઉપરથી વાતું કરે, આત્મા આવો છે અને આત્મા આવો છે, નિર્વિકલ્પ કરો, શું પણ કઈ રીતે? છોટાભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પણ જાણીને છોડવાનું કે જાણ્યા વિના છોડી દેવાનું? ખાઈને ચળુ કરવું કે ખાધા વિના ચળુ કરી નાખવું? જાણવું કે આ છે. દૃષ્ટિ એનાથી છોડીને દ્રવ્ય ઉપર લેવી.

ત્યારે આવા વ્યવહારના વિકલ્પો જાણવામાં, શ્રદ્ધવામાં હોય છે. સમજાણું કે નહિ? હેયરૂપ છે, પણ જ્ઞેયરૂપ તો છે કે નહિ? જ્ઞેયરૂપ થયા વિના હેય શી રીતે કરશે? ભારે વાત ભાઈ!

**'પરમાણુકે નિમિત્તસે તો કાલકા સમયપર્યાય પ્રગટ હોતા હૈ, ઔર કાલકે સહાયસે પરમાણુ મંદગતિ કરતા હૈ.'** એ નિમિત્ત અરસ-પરસ. **'કોઈ પ્રશ્ન કરે કિ ગતિકા સહકારી ધર્મ હૈ,...'** વળી તમે પુદ્‌ગલ ગતિમાં કાલાણુ ક્યાંથી નાખ્યો? શું કીધું? આ પુદ્‌ગલ આમ ગતિ કરે એમાં તો ભગવાને એમ કહ્યું કે ધર્માસ્તિકાયનું નિમિત્ત છે. એમાં વળી કાળાણુનું નિમિત્ત ક્યાંથી ખોસ્યું તમે? **'કાલકો ક્યોં કહા? ઉસકા સમાધાન યહ હૈ કિ સહકારીકારણ બહુત હોતે હૈં,...'** ભાઈ! નિમિત્ત કારણ પણ ઘણા હોય છે. ઉપાદાન પોતાથી જે પર્યાય પરિણમે એ એક જ પોતે કારણ છે, નિમિત્ત કારણ ઘણા હોય છે. ઘણા હોય છે એમાં વાંધો શું આવ્યો? સમજાય છે? ઉપાદાન પોતે જ પોતાથી તે કામ કરે છે એ એક છે અને ઘણા હોય છે એમ એણે શ્રદ્ધા કરવી જોઈએ. ઘણા નિમિત્ત છે માટે અહીં કામ થાય છે એમ નથી. આહા..હા..! કામ તો પોતાથી થાય છે. સમજાણું કાંઈ?

આ રોટલી પાકે છે એ પોતાના ઉપાદાનથી પાકે છે એમ એણે શ્રદ્ધવું જોઈએ. પણ એના નિમિત્ત વખતે તાવડી, અગ્નિ, સ્ત્રીનો હાથ વગેરે નિમિત્ત ઘણા હોય છે. એને નિમિત્ત તરીકે જાણવા જોઈએ, પણ એનાથી રોટલી પાકે છે એમ જાણવું નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એ રોટલી આમ થાય છે. ફુલીને દડો થાયને? એ દડામાં ધર્માસ્તિનું નિમિત્ત છે આમ ગતિ થઈ એટલી પુદ્‌ગલને, પણ સાથે કાળાણુનું પણ નિમિત્ત છે. આમ ગતિ ઊંચું થયુંને? એમાં કાળાણુ નિમિત્ત છે. બાહ્ય નિમિત્ત સ્ત્રીનો હાથ આદિ બધા નિમિત્ત છે. લુગડું આમ આમ કર્યું વગેરે નિમિત્તો. પણ એ બધા નિમિત્ત છે. ઉપાદાન પર્યાય પોતાથી થાય છે એમ એણે શ્રદ્ધવું જોઈએ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'સહકારીકારણ બહુત હોતે હૈં, ઔર ઉપાદાનકારણ એક હી હોતા હૈ,...'** જુઓ! સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ નંબર-બંબર નહિ, નિમિત્તો છે બધા. ધર્માસ્તિનું ઉચ્ચ નિમિત્ત છે, બાકી બધા ગૌણ નિમિત્તો પણ છે એમ કહેશે. જેમ પાણીમાં માછલું ચાલે એમાં મૂળ નિમિત્ત તો ઓલું (ધર્માસ્તિ) છે. પણ આ પાણી પણ નિમિત્ત છે કે નહિ? પાણી નિમિત્ત છે કે નહિ? એક નિમિત્ત છેને બાહ્ય? સમજાય છે કાંઈ? આહા..હા..!

વસ્તુની પર્યાયની સ્વતંત્રતા જાહેર કરવી અને તે તે કાળે કેટલા નિમિત્તો સ્વતંત્ર નિમિત્ત છે એને પણ જાહેર કરવા. એ તો વીતરાગની કોઈ શૈલી છે. સમજાણું કાંઈ? અને તે પણ વ્યવહાર જ્ઞાનનો અથવા વ્યવહાર શ્રદ્ધાનો વિષય છે. નિશ્ચયજ્ઞાન તો આમ જ્ઞાનાનંદ સ્વરૂપ

ભગવાન એનું સ્વસંવેદનજ્ઞાન એનું કારણ એ આત્મા છે. વ્યવહારજ્ઞાન... આહા..હા..! સમજાણું કાંઈ? કેટલાક કહે છે, વ્યવહાર કહેતા (નથી). આવો વ્યવહાર એણે કોઈ દિ' સાંભળ્યો નહિ હોય લ્યો! અરે..! ભગવાન! ભાઈ!

આમ પ્રભુ આખો જ્યાં ચૈતન્યસ્વરૂપ પૂર્ણ અખંડ એક અભેદ (એની) જ્યાં દૃષ્ટિ કરીને દૃષ્ટિનો વિષય થયો, તો એની પર્યાયમાં બાકી તો ઘણું રહી ગયું, રાગાદિ, ભેદાદિ. સમજાય છે? વિકલ્પ, ક્રિયા, સક્રિયપણું આદિ અને બીજા બીજા દ્રવ્યો બધા રહી ગયા ઘણા. એ બધા એણે જ્ઞાનમાં બરાબર જાણવા. એનું અસ્તિત્વ છે એમ જ્ઞાનમાં સ્વીકારવું. આ જ એકલું અસ્તિત્વ છે એમ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો વિષય એકલો અસ્તિત્વ અખંડ લીધો માટે એની પર્યાયમાં સક્રિયપણું, રાગપણું વગેરે વગેરેની અસ્તિ નથી એમ નહિ. તેમ બીજા દ્રવ્યો નથી દ્રવ્ય-ગુણ-પર્યાયવાળા એમ નહિ. તેમ બધા દ્રવ્યો પોતે પોતાની પર્યાયથી કામ કરે ત્યારે બીજાને નિમિત્ત કહેવાય, માટે એનાથી કાર્ય થાય છે એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ઔર ઉપાદાનકારણ એક હી હોતા હૈ, દૂસરા દ્રવ્ય નહીં હોતા,...'** દેખો! ઉપાદાનકારણ એટલે? આ જીવ ગતિ કરે છેને આમ, એમાં આત્મા પોતે ઉપાદાનકારણ છે. એ પોતે એક જ ઉપાદાનકારણ છે. પછી એને કર્મ, નોકર્મ નિમિત્ત, ધર્માસ્તિ નિમિત્ત, શરીર નિમિત્ત આદિ હો. ભલે ઘણા નિમિત્ત હો. એ નિમિત્તની શ્રદ્ધા કરવી કે આ નિમિત્તો આટલા છે. નિમિત્ત છે એમ માનવું, પણ આ ક્રિયા થાય છે પોતાથી-ઉપાદાનથી એમ એણે માનવું. સમજાણું કાંઈ?

**'નિજ દ્રવ્ય હી નિજ (અપની) ગુણ-પર્યાયોંકા મૂલકારણ હૈ,...'** દેખો! ખુલાસો કર્યો. નિજ દ્રવ્ય હી નિજ ગુણ-પર્યાયનું કારણ છે. આ પોતાનું દ્રવ્ય જ પોતાના ગુણ અને પર્યાયનું કારણ છે. સમજાણું કાંઈ? એ પર્યાયનું કારણ એ પોતે છેને? આ કૃત્રિમતા ક્રિયા થાય, રાગ થાય એ બધી ક્રિયાનું મૂળ કારણ તો પોતાનું દ્રવ્ય છે કે નહિ? સમજાણું કાંઈ? **'નિજ દ્રવ્ય હી નિજ (અપની) ગુણ-પર્યાયોંકા મૂલકારણ હૈ, ઔર નિમિત્તકારણ બહિરંગકારણ તો બહુત હોતે હૈં,...'** જુઓ! આ એમ કરીને સિદ્ધ કર્યું. અહીં ઓલો દ્રવ્ય સમ્યક્‌નો વિષય એમ નથી અહીં કહેવું ભાઈ! અહીં તો નિજ દ્રવ્ય પોતાના ગુણ પર્યાયનું કારણ છે એમ સિદ્ધ કરવું છે. જે કાંઈ આત્મા છે એના અનંતા ગુણોનું કારણ નિજ દ્રવ્ય અને એની પર્યાય વિકારી, અવિકારીનું પણ નિજ દ્રવ્ય કારણ છે. ઉપાદાન કારણ તો પોતે છે. શું કીધું?

સમ્યગ્દર્શન નિશ્ચયનો વિષય દ્રવ્ય એ બરાબર છે, પણ હવે એ દ્રવ્ય વર્તમાન ગુણો

અનંત અને એની પર્યાયનું એનું કારણ દ્રવ્ય છે. એનો વર્તમાન પર્યાય વિકારી થાય કે અવિકારી થાય, ક્રિયા થાય કે સક્રિય થાય કે ગતિ કરે કે સ્થિર થાય એ બધાનું કારણ એ પોતે દ્રવ્ય છે ઉપાદાન, બીજા બધા નિમિત્ત કારણ છે, એમ માનવું જોઈએ. સમજાણું કાંઈ?

**'ઔર નિમિત્તકારણ બહિરંગકારણ તો બહુત હોતે હૈં, ઈસમેં કુછ દોષ નહીં હૈ.'** સમજાણું? શું કીધું? નિજ દ્રવ્ય હી નિજ ગુણ પર્યાયનું મૂળ કારણ. દરેકમાં એમ લેવું પાછું ભાઈ! પુદ્‌ગલમાં એમ લેવું. આ પરમાણુએ પરમાણુ છે, એ રજકણ છે એના ગુણ-પર્યાયનું કારણ તો એ રજકણ જ છે. પછી ભલે એને ધર્માસ્તિનું નિમિત્ત કહો, કાળનું નિમિત્ત કહે. પુદ્‌ગલકરણ આવે છેને કાલકરણ ભાઈ! એ આવશે હવે. એ બધા નિમિત્ત કારણ ગમે એ કહો, પણ પરમાણુ પોતે પોતાની ગુણ ને અવસ્થાનું કારણ છે. મૂળ ઉપાદાન કારણ. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? જમુભાઈ! તો એક દાખલો આપીને કહો જોઈ. પૈસો લ્યો. પૈસો લ્યોને એક પૈસો. એક પૈસો છે. એ આમ આવે છે જુઓ! હવે એ પૈસામાં રજકણો જે છેને એની શક્તિઓ અને એની અવસ્થાનું એ રજકણ કારણ છે. બીજો હાથ આદિ નિમિત્ત ભલે હો, પણ ઉપાદાન કારણ તો એનું જ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાખે કોણ? ધૂળ રાખે ત્યાં? એક સાથે છે તેમાં રાખવું હતું કે દિ'? કાંઈ વાતની ખબર નહિ. એ શું કરે? એને એ વાત ખ્યાલમાં આવી નથી. ખ્યાલમાં એવી આવી નથી અને એ રીતે સાંભળવાની રીત મળી નથી. ઠીકને હવે? એનો અર્થ એ કે એને એ જાતની સમજવાની યોગ્યતા નથી એમ એનો અર્થ છે. આહા..હા..!

જુઓને! એક વાત કરતા પણ કેટલી કરે છે! વ્યવહાર સમકિત, વ્યવહાર સમકિત. પણ વ્યવહાર સમકિત કોને કહેવું? સમજાણું કાંઈ? કે દરેક દ્રવ્ય છએ વસ્તુ પોતાની શક્તિઓ -ગુણ અને સમયે સમયે થતી અવસ્થા વિકારી કે અવિકારી, વિભાવી કે સ્વભાવી એ બધા ગુણ અને પર્યાયનું કારણ એ દ્રવ્ય મૂળ કારણ છે. સમજાણું કાંઈ?

**'નિમિત્તકારણ બહિરંગકારણ તો બહુત હોતે હૈં, ઈસમેં કુછ દોષ નહીં હૈ.'** એમાં શું વાંધો છે? **'ધર્મદ્રવ્ય તો સબહીકા ગતિસહાયી હૈ,...'** દેખો! ધર્મદ્રવ્ય તો બધી ગતિમાં બધાને સહાયી છે. **'પરંતુ મછલિયોંકો ગતિસહાયી જલ હૈ,...'** એટલે પછી આટલું કર્યું સાધારણમાં. ધર્માસ્તિકાય એ તો બધા ગતિ જેટલા કરે પુદ્‌ગલ અને જીવ એક સાથે એ બધાને નિમિત્ત છે. હવે મચ્છને એ જળ જ નિમિત્ત છે. મચ્છ ગતિ કરે છે એ પોતાથી. માછલી ગતિ કરે છે પોતાથી, એની ગતિની ક્રિયાનું ઉપાદાન કારણ એનો આત્મા. અને ઓલા શરીરની ક્રિયાનું ઉપાદાન કારણ આ રજકણો. પણ પાણી તેને બહિરંગ નિમિત્ત

કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! કહો, સમજાય છે કે નહિ આમાં?

જુઓ, **'ધર્મદ્રવ્ય તો સબહીકા ગતિસહાયી હૈ, પરંતુ મછલિયોંકો ગતિસહાયી જલ હૈ,...'** ભાગ પાડી નાખ્યો. ઓલો તો બધાને સહાયક છે. આખા અનંત આત્માઓ અને અનંત પરમાણુ ગતિ કરે એને હોં! સ્થિર થાય એની વાત નથી અત્યારે ધર્માસ્તિમાં. ગતિ કરતા જેટલા જીવો કે પુદ્‌ગલો એ બધાને ધર્માસ્તિકાયનું નિમિત્ત છે. પણ વિશેષમાં એક જુદાઈ (કે) પાણીમાં માછલી ગતિ કરે ત્યારે પાણી એને નિમિત્ત કહેવામાં આવે છે. ગતિ પોતાથી ઉપાદાનથી કરે છે. પાણી છે માટે ગતિ કરે એમ નહિ. સમજાણું કાંઈ? જેમ રેલ. રેલ પોતાના ઉપાદાન કારણે આમ ગતિ કરે છે, ત્યારે પાટા નિમિત્ત છે.

મુમુક્ષુ :- એ ન હોય તો ન ચાલે.

ઉત્તર :- પણ એ પ્રશ્ન જ ક્યાં? ન હોય તો ન ચાલે એ કોણે કીધું?

મુમુક્ષુ :- એ લખ્યું છે આમાં.

ઉત્તર :- એ લખ્યું છે એ નિમિત્તને સિદ્ધ કરવા. રેલ ચાલે છે એમાં સામાન્યપણે ધર્માસ્તિ નિમિત્ત છે. બધા ગતિની અપેક્ષાએ. બધા ગતિની અપેક્ષાએ ધર્માસ્તિ નિમિત્ત છે રેલ ચાલે એમાં. ચાલે છે ઉપાદાન પોતાથી, પણ વિશેષપણે ત્યારે એને પાટા નિમિત્ત છે. હો, નિમિત્ત તે શું વાંધો છે? સમજાણું કાંઈ? જુઓ! આ પાંસડો છે કે નહિ? એ પાંસડો સ્થિર થયેલો છે પોતાના ઉપાદાન કારણથી પણ એને અધર્માસ્તિ નિમિત્ત છે. મૂળ બધાને સ્થિરમાં અધર્માસ્તિ નિમિત્ત છે. વિશેષપણે અત્યારે ભીંત નિમિત્ત છે, જુઓ! નિમિત્ત હોં! એને કારણે ત્યાં રહ્યો નથી.

મુમુક્ષુ :- ... કાઢે.

ઉત્તર :- કાઢે કોણ? શું કહ્યું? આ તો દાખલો માછલીનો ધર્માસ્તિ માટે આપ્યો છેને. જુઓ! એમ અહીંયા અધર્માસ્તિનો આપ્યો અહીં તો. અધર્માસ્તિકાય જે સ્થિર થયેલા લાકડા અને જીવ જ્યાં સ્થિર થયા છે એને અધર્માસ્તિ બધા સ્થિરને નિમિત્ત છે, બધા સ્થિર થયેલાને નિમિત્ત છે, પણ વિશેષપણે એને એ નિમિત્ત છે. સમજાણું? જેમ ચુલો તાવડીને નિમિત્ત છે આમ સ્થિરમાં. તાવડી સ્થિર થઈ છે એને સામાન્ય નિમિત્ત અધર્માસ્તિ છે, બધા સ્થિરને. પણ ભેદ પાડે તો એને ઓલું નિમિત્ત છે. પણ રહી છે પોતાને કારણે. સમજાણું કાંઈ? આમ જેમ છે તેમ શ્રદ્ધે ત્યારે તે વ્યવહાર સમકિતનો વિષય સાચો થયો કહેવાય. એના ઠેકાણા ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર હોય જ સાચો, ભૂલ ન જ હોય એમાં. વ્યવહારની ભૂલ હોય એને

નિશ્ચયની ભૂલ હોય. સમજાણું કાંઈ? પછી વ્યવહારની ભૂલ હોય એને નિશ્ચય ખોટો હોય. સમજાણું કાંઈ? આમ બતાવવા જેવું વસ્તુનું સ્વરૂપ છે પર્યાયનું, રાગનું, અનંત દ્રવ્યોનું એ રીતે વસ્તુની સ્થિતિ એની શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વતંત્રપણે છે એમ બધું લેવું જોઈએ. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

'**તથા ઘટકી ઉત્પત્તિમેં બહિરંગનિમિત્ત કુમ્હાર હૈ, તો ભી દંડ, ચક્ર, ચીવરાદિક યે ભી અવશ્ય કારણ હૈં, ઇનકે બિના ઘટ નહીં હોતા,...**' એટલે કે નિમિત્ત છે એટલી વાત છે. એ ન હોય અને ઘડો ઉત્પન્ન થઈ જાય એમ છે નહિ. ઘડો ઉત્પન્નને કાળે પોતાના ઉપાદાનથી ઘડો તે સમયે, તે સમયે ઉત્પન્ન થયો તેમાં તેને કુંભારનું નિમિત્ત કહેવામાં આવે. એની સાથે ચક્ર આદિ, બધા દંડ આદિ, દોરી આદિ નિમિત્ત કહેવાય છે. હો ઘણા, ઉપાદાન એક છે, નિમિત્ત ઘણા હોય છે. પણ એ નિમિત્ત ઘણા માટે ઉપાદાનથી કાર્ય વિશેષ થયું અને એક હોય માટે થોડું થયું એમ છે નહિ. ઉપાદાન તો પોતાથી જ કાર્ય કરે સ્વતંત્ર. આહા..હા..! ઉપાદાન-નિમિત્તનો ઝઘડો આમાં નીકળી જાય એવું છે. આ ઉપાદાન-નિમિત્ત અને નિશ્ચય-વ્યવહારમાં પડ્યા છો, પણ આ (સમજણ) નથી કરતાં.

'**ઔર જીવોંકે ધર્મદ્રવ્ય ગતિકા સહાયી વિદ્યમાન હૈ,...**' ધર્મદ્રવ્ય ગતિ સહાયમાન, '**તો ભી કર્મ-નોકર્મ પુદ્‌ગલ સહકારીકારણ હૈં,...**' શું કીધું? આ જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય અથવા આમ ચાલે એમાં ધર્માસ્તિનું નિમિત્ત છે, ઉપાદાન પોતાનું છે. છતાં એને શરીર અને કર્મ-આઠ કર્મ અને તેજસ, કાર્મણ આદિ શરીર. તેજસ અને આ ઔદારિક-વૈક્રયિક એ સહકારી સાથે (હોય છે). સાથે કહે છે ને? આઘા-પાછી ક્યાં છે ત્યાં? સાથે જ છે. આહા..હા..! આ વાંધા ઉઠ્યા મોટા. '**ઇસી તરહ પુદ્‌ગલકો કાલદ્રવ્ય ગતિ સહકારીકારણ જાનના.**' લ્યો! એમ પુદ્‌ગલને કાળદ્રવ્ય... આમ પુદ્‌ગલ ગતિ કરે એમાં ધર્માસ્તિ તો નિમિત્ત છે. ઓલા દાખલા આપ્યા એમ. ધર્મદ્રવ્ય ગતિ સહાયક છે જીવને, પણ કર્મ ને નોકર્મ પણ સહકારી છે. એમ પુદ્‌ગલને ધર્માસ્તિ તો નિમિત્ત છે ગતિમાં, પણ કાળદ્રવ્ય ગતિ સહકારીકારણ જાનના. કાળદ્રવ્યને ગતિમાં નિમિત્ત કારણ (જાણવું), પુદ્‌ગલની ગતિમાં કાળને નિમિત્ત જાણવું. ઠીક વાત કરી છે.

'**યહાં કોઈ પ્રશ્ન કરે કિ ધર્મદ્રવ્ય તો ગતિકા સહાયી સબ જગહ કહા હૈ, ઔર કાલદ્રવ્ય વર્તનાકા સહાયી હૈ, ગતિ સહાયી કિસ જગહ કહા હૈ?**' તમે આ વળી ક્યાં નાખ્યું ગતિ સહાયી? ક્યાંથી નાખ્યું? એનું સાંભળ સમાધાન છે. '**ઉસકા સમાધાન શ્રીપંચાસ્તિકાયમેં કુંદકુંદાચાર્યને ક્રિયાવંત ઔર અક્રિયાવંતકે વ્યાખ્યાનમેં કહા હૈ.** ' લ્યો! 'પંચાસ્તિકાય'માં 'કુંદકુંદાચાર્ય' મહારાજે કહ્યું છે. છેને? (ગાથા-૯૮)

जीवा पोग्गलकाया सह सक्किरिया हवंति ण य सेसा।
पोग्गलकरणा जीवा खंधा खलु कालकरणा दु।।९८।।

‘**ઈસકા અર્થ ઐસા હૈ કિ જીવ ઔર પુદ્‌ગલ યે દોનોં ક્રિયાવંત હૈં,...**’ જીવ અને પરમાણુ બે આમ ગતિ કરે છે. એ ઉપાદાન પોતાનું છે. ‘**ઔર શેષ ચાર દ્રવ્ય અક્રિયાવાલે હૈં,...**’ એ પોતાનું ઉપાદાન છે સ્થિર. ‘**ચલન-હલન ક્રિયાસે રહિત હૈં.**’ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ હલન-ચલન વિનાના છે. ‘**જીવકો દૂસરી ગતિમેં ગમનકા કારણ કર્મ હૈ, વહ પુદ્‌ગલ હૈ...**’ એક જીવ બીજી ગતિમાં જાય, મનુષ્ય થઈને સ્વર્ગમાં જાય, જાય છે ઉપાદાન પોતાને કારણે. શું? શ્રેણીક રાજા નરકમાં ગયા એ ઉપાદાન કારણ પોતાનું, પણ કર્મ અને નોકર્મ તેને નિમિત્ત કહેવામાં આવે છે. ગતિમાં ભલે ધર્માસ્તિ નિમિત્ત હો, પણ એને કર્મ અને નોકર્મ પણ નિમિત્ત કહેવામાં આવે છે. કર્મ, નોકર્મ એને લઈ ગયા નરકમાં એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

‘**કર્મ હૈ, વહ પુદ્‌ગલ હૈ ઔર પુદ્‌ગલકો ગમનકા કારણ કાલ હૈ.**’ લ્યો! પુદ્‌ગલ સાથે ચાલેને પાછા? જીવને ગમનમાં ધર્માસ્તિ તો બધા નિમિત્ત છે. આમ જીવ ગયો. અહીંથી સ્વર્ગમાં જાય. હવે જીવ અને પુદ્‌ગલ બેય ગમન કરે. તો બેયને ધર્માસ્તિ નિમિત્ત છે. હવે જીવને પુદ્‌ગલ નિમિત્ત છે અને પુદ્‌ગલને કાળ નિમિત્ત છે. સમજાણું કાંઈ? આ કાંઈ બહુ ઝીણું નથી હોં! આ તો ફક્ત જાણવાની વાત છે.

મુમુક્ષુ :- સ્યાદ્વાદ કરતા સહેલું છે.

ઉત્તર :- સ્યાદ્વાદ કરતા સહેલું છે.

‘**જૈસે ધર્મદ્રવ્યકે મૌજૂદ હોને પર ભી મચ્છોંકો ગમનસહાયી જલ હૈ,...**’ જેમ ધર્મદ્રવ્યની હયાતી છે બધા જડ ચૈતન્યની ગતિમાં, જેમ માછલાને પાણી હયાત છે. ‘**ઉસી તરહ પુદ્‌ગલકો ધર્મદ્રવ્યકે હોને પર ભી દ્રવ્યકાલ ગમનકા સહકારી કારણ હૈ.**’ પુદ્‌ગલ દ્રવ્ય આ પરમાણુ ગતિ કરે, આ શરીર, વાણી આમ બોલે, લાકડા ચાલે, આ જુઓ આમ ચાલે. પાટ-બાટ ચાલેને જ્યારે? એ ચાલે એને ધર્માસ્તિ તો નિમિત્ત છે છતાં દ્રવ્યકાલ ગમનકા સહકારી કારણ છે. કાળદ્રવ્ય પણ એને નિમિત્ત કારણ છે. સમજાણું કાંઈ?

‘**યહાં નિશ્ચયનયકર...**’ હવે છેલ્લો સરવાળો. આ બધું વ્યવહારે જાણીને શ્રદ્ધવા જેવું છે. પણ હવે નિશ્ચય આદરવાલાયક શું? આ તો જાણવાલાયક કહ્યું. વિષય વસ્તુ છે તો જ્ઞાન તો એનું બરાબર કરવું જોઈએને એમ કહે છે. ‘**નિશ્ચયનયકર ગમનાદિ ક્રિયાસે રહિત...**’ દેખો! એ ક્રિયા છે એ વ્યવહાર વિષય થયો. ‘**નિઃક્રિય સિદ્ધસ્વરૂપકે સમાન...**’ સિદ્ધ સ્વરૂપ સમાન આત્મા નિષ્ક્રિય. આત્મા નિષ્ક્રિય એકરૂપ વસ્તુ. સક્રિય ગતિ-બતિ

ગઈ એ વ્યવહારમાં, વ્યવહારનયના જ્ઞાનમાં. '**નિઃક્રિય નિર્દ્વંદ્વ નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ,...**' જોયું! ભગવાન આત્મા બે-દ્વંદ્વ જ નથી જેમાં. બે પ્રકાર નથી એવો એક પ્રકાર, એક પ્રકાર. કેટલા પડખા કીધા? બધા પડખા વ્યવહારજ્ઞાનને જાણવામાં છે. વ્યવહાર સમકિતનો વિષય છે. પણ ભગવાન નિશ્ચય સમ્યગ્દર્શનમાં એકલો નિષ્ક્રિય નિર્દ્વંદ્વ છે-જેમાં દ્વંદ્વ જ નથી, ... નથી, ભેદ નથી એવો નિજ શુદ્ધાત્મા પોતાનો પવિત્ર આત્મા એ શ્રદ્ધામાં લેવા જેવો છે, એ જ સમ્યગ્દર્શનનું કારણ નિર્દ્વંદ્વ આત્મા છે એમ કહે છે. આ બધા વ્યવહાર કારણો કહ્યા એ જાણવા યોગ્ય છે, પણ નિશ્ચય સમ્યગ્દર્શનનું કારણ તો ભગવાન (આત્મા છે). સમજાણું?

મુમુક્ષુ :- સાર પાછો આ નહિ?

ઉત્તર :- સાર તો એ જ છેને. ઓલું જાણવા યોગ્ય રહી ગયું અને આદરવા યોગ્ય આ રહી ગયું. બે કહ્યા—આદરવા યોગ્ય આ અને જાણવા યોગ્ય ઈ. આ જાણીને આદરવા યોગ્ય છે, ઓલું જાણીને છોડવા યોગ્ય. આહા..હા..! સમજાણું? '**निजशुद्धात्मद्रव्यमुपादेयमिति तात्पर्यम्**'. લ્યો, શુદ્ધાત્મદ્રવ્ય ઉપાદેય કારણ. ભગવાન આત્મા એ ક્રિયાવાળી ગતિ કે સ્થિર થાય ક્રિયા કરીને ગતિ સ્થિર થાય કે રાગ-દ્વેષ હોય, એ પર્યાયનો ભાગ હો, ગુણ-ગુણીનો ભાગ હો—એ બધા જાણવા માટે ભલે હો, આદરવા માટે તો એક વસ્તુ, એક સ્વરૂપ અભેદ છે નિર્દ્વંદ્વ એ જ અંદર શ્રદ્ધા અને જ્ઞાનમાં આદરવા લાયક છે.

મુમુક્ષુ :- પહેલા જાણવું કે પહેલા આદરવું?

ઉત્તર :- એ જાણ્યા વિના આદરશે કોને? જ્ઞાન વિના આદરવું કોનું થાશે? એ જ્ઞાન એનું થયું ત્યારે એને આદરણીય માન્યો. આનું જ્ઞાન થયું ત્યારે એને હેય જાણ્યું. વ્યવહારને જાણ્યું ત્યારે એને હેય જાણ્યું. આ નિશ્ચયને જ્ઞાયક અખંડ છે એમ જાણ્યું ત્યારે એને ઉપાદેય કરીને આદરણીય માન્યો.

મુમુક્ષુ :- વ્યવહારનય...

ઉત્તર :- એમ જ હોય છેને પહેલું. એમાં શું છે? આદરવા લાયક તો આ જ છે. વ્યવહાર સમકિતનો વિષય આદરવા લાયક છે? વ્યવહાર સમકિત પોતે આદરવા લાયક નથી. વ્યવહાર સમકિત વિકલ્પ છે. એ પણ છેને? એમ કહે છે. વાતું એવી છે ભાઈ! આ વીતરાગ અનેકાંત વસ્તુ છે. આ છે અને આ પણ છે. આ આદરણીય છે અને એ જાણવા લાયક છે, આદરણીય છે નહિ. એ વસ્તુનો સ્વભાવ છે. બેમાંથી એકેય કાઢી નાખે, વ્યવહાર કાઢી નાખે તો નિશ્ચય નહિ રહે અને નિશ્ચય કાઢી નાખે તો વ્યવહાર કોનો આ? સમજાણું કાંઈ? આદરણીય નહિ. ઓલા તો કહે છે કે વ્યવહાર છે એ આદરણીય માનો, નિશ્ચય આદરણીય

માનો તો બેને માન્યા કહેવાય. એમ નથી. દાખલો આપે છેને કે જો નિશ્ચયને નહિ માનો તો તત્ત્વનો નાશ થશે, વ્યવહારને નહિ માનો તો તીર્થનો નાશ થશે. એટલે વ્યવહાર તે તીર્થ ને વ્યવહાર તે ધર્મ છે, વ્યવહારથી ધર્મ થાય એમ સિદ્ધ કરે છે. એમ નથી. વ્યવહાર નહિ માનો તો તીર્થ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય, રાગ, ભેદ, ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન ભેદ એ કોઈ સિદ્ધ નહિ થાય એમ કહે છે. આદરણીયનો પ્રશ્ન નથી. નિશ્ચય ન માનો, આત્મા અખંડાનંદનો આદર ન કરો તો તો વસ્તુ ક્યાં રહી તારી? સમજાણું કાંઈ?

'**ઈસી પ્રકાર દૂસરે ગ્રન્થોંમેં ભી નિશ્ચયકર હલન-ચલનાદિ ક્રિયા રહિત જીવકા લક્ષણ કહા હૈ.**' જીવનું ખરું લક્ષણ. ... '**ગતિસે ગત્યંતરકો જાના હૈ, તબ તક દૂસરે દ્રવ્યકા સમ્બન્ધ હૈ,...**' શું કીધું? એક ગતિથી બીજા ગતિમાં જ્યાં સુધી ગમન કરે... ગતિ હોં! સિદ્ધમાં ગમન કરે એ ગતિ નથી. આ એક ગતિથી બીજી ગતિ એમ કીધુંને તેથી? એક ગતિથી બીજી ગતિ કરે ત્યાં સુધી એને બીજા દ્રવ્યનો નિમિત્ત સંબંધ છે. નિમિત્ત સંબંધ છે. હોં! એનાથી થાય એ પ્રશ્ન અહીં નથી. ત્યાં સુધી દ્વૈત છે. દ્વૈત છેને, પાઠમાં એમ છે. '**तावद् द्वैतस्य गौचराः**' પાઠ છે સંસ્કૃત. '**જબ દૂસરેકા સમ્બન્ધ મિટા, અદ્વૈત હુઆ,...**' ક્રિયા મટીને સ્થિર થઈ ગયો તો નિમિત્તનો સંબંધ છૂટી ગયો. કર્મ અને નોકર્મનો સંબંધ હતો એ ન રહ્યો. '**અદ્વૈત હુઆ, તબ નિકલ અર્થાત્ શરીરસે રહિત નિઃક્રિય હૈ,...**' નિકલ એટલે શરીરરહિત, કલ એટલે શરીર. શરીર રહિત એકલો ભગવાન થઈ ગયો આત્મા. પછી એને હલન-ચલન રહ્યું નહિ.

'**ઉસકે હલન-ચલનાદિ ક્રિયા કહાંસે હો સકતી હૈં;...**' પોતાના ઉપાદાનથી એ સ્થિર થયો એને હલન-ચલન કેમ હોય? એથી એને નિમિત્ત પણ કર્મ-નોકર્મનું નથી. કર્મ-નોકર્મ હતા માટે ગતિ કરતો એમ નથી. કર્મ-નોકર્મ નથી માટે સ્થિર થઈ ગયો એમ નથી. આહા..હા..! સ્થિર જ્યાં સિદ્ધ પોતે ગમન કરતા સ્થિર થઈ ગયા એટલે હવે એને ચલન નથી એટલે નિમિત્ત પણ નથી. અહીં હલન-ચલનનું ઉપાદાન છે તો બીજા નિમિત્તો ગતિ આદિ, કર્મ આદિ, નોકર્મ નિમિત્ત છે. બહુ સરસ વાત છે. '**અર્થાત્ સંસારી જીવકે સમ્બન્ધસે ગમન હૈ,...**' ગમનની ક્રિયા ઉપાદાનથી થાય છે, ત્યારે કર્મનો એમાં સંબંધ છે એમ લેવું. પાછું એમ નહિ કે કર્મનો સંબંધ છે માટે ગતિ કરે છે. એમ નહિ. સમજાણું? એ તો ઉપરથી નાખ્યું છે એણે. સંસારી જીવ રાગ-દ્વેષ, અજ્ઞાન કે અસ્થિરતા એક ગતિથી બીજી ગતિ થાય, એ બધું છે ત્યાં સુધી એને કર્મનો સંબંધ છે.

'**સિદ્ધભગવાન્ કર્મરહિત નિઃક્રિય હૈં,...**' પોતાને કારણે. ભગવાન પોતે સ્થિર શુદ્ધ

પર્યાયમાં સ્થિર થઈ ગયા, ગતિ રહી નહિ. '**ઉનકે ગમનાગમન ક્રિયા કભી નહીં હો સકતી.**' કર્મસંબંધ નથી. કહો, સમજાણું કાંઈ? લ્યો! એક ગાથા થઈ. બહુ બીજી રીતે આ ફેરી આવ્યું છે હોં! વ્યવહાર સમકિતનું સક્રિયપણું ...પણું એવું વિશેષ સ્પષ્ટ આવ્યું. એ ઉપાદાન એનો જ છે. એની ક્રિયામાં રાગનું, વિકારનું કારણ એ દ્રવ્ય જ છે. એની પર્યાયનું અસ્તિત્વ એને કારણે છે. એની પર્યાયનું અસ્તિત્વ પરને કારણે નથી. એવો પણ એનો ભેદ(રૂપ) ભાવ ભલે હો, પણ એ ભાવ પોતાથી છે એમ એણે શ્રદ્ધવું જોઈએ. પરને લઈને છે એમ માનવું ન જોઈએ. પણ ત્યાં પર એક નિમિત્ત નથી એમ પણ માનવું ન જોઈએ. નિમિત્ત ચીજ છે. સમજાણું કાંઈ?

હવે '**આગે પંચાસ્તિકાયકે પ્રગટ કરનેકે લિયે...**' છ દ્રવ્ય છેને એમાં કાળ છે એ એક એક અણુ છે. એની અસ્તિ છે પણ કાય નથી. એવું એનું સ્વરૂપ છે એવું એને બરાબર વ્યવહાર જ્ઞાનમાં આવવું જોઈએ. ઉડાવી દે કોઈ કે છ દ્રવ્ય નથી, એકલો આત્મા છે અને છ દ્રવ્યનું શું કામ? એ નહિ એમ ન ચાલે કહે છે. છ દ્રવ્યનું નક્કી કરીને એમાંથી તારવવો એક આત્માને. સક્રિય, રાગ-દ્વેષવાળો પર્યાય છે એમ નક્કી કરીને તારવવો એકલો આત્માને. સમજાણું કાંઈ? '**કાલદ્રવ્ય અપ્રદેશીકો છોડકર...**' કાળ છે એને એક એક પ્રદેશ છે એને ઘણા પ્રદેશ નથી. '**અન્ય પાંચ દ્રવ્યોંમેંસે કિસકે કિતને પ્રદેશ હૈં,...**' પાછા પાંચ પદાર્થ છે કાળ સિવાય, એમાં પ્રદેશ કેટલા? ક્ષેત્ર કેટલું પહોળું એનું? એ પણ એણે બરાબર જ્ઞાનમાં વ્યવહાર સમકિતના વિષયમાં જાણવું જોઈએ.

૧૫૦) **धम्माधम्मु वि एक्कु जिऊ ए जि असंख्य-पदेस।**
**गयणु अणंत-पएसु मुणि बहु-विह पुग्गल-देस।।२४।।**

'**ધર્મદ્રવ્ય-અધર્મદ્રવ્ય ઔર એક જીવ ઈન તીનોં હી કો અસંખ્યાત પ્રદેશી તૂ જાન,...**' જુઓ! એના ક્ષેત્રની વાત કરે છે. કોઈ આત્મા એક જ આમ અખંડ આખો આત્મા છે, બીજા દ્રવ્ય નથી અને બીજા ક્ષેત્ર વસ્તુ નથી એમ નથી. વ્યવહાર સમકિતમાં આવું એણે નક્કી કરવું જોઈએ. ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને જીવના અસંખ્ય પ્રદેશ છે. ભેદ પડ્યોને અસંખ્ય પ્રદેશ, એ બધો સમ્યક્ વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય છે.

મુમુક્ષુ :- આવું જાણે એને ધર્મ કહેવાય?

ઉત્તર :- વિકલ્પ છે એ, ધર્મ ન કહેવાય. વ્યવહાર ધર્મ કહેવાય, નિશ્ચય ધર્મ હોય તો. વ્યવહાર ધર્મ એટલે પુણ્ય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘરબાર છોડીને આવતા રહ્યા...

ઉત્તર :- ઘર-બર ક્યાં છોડ્યું હતું? ક્યાં હતું તમારી પાસે ઘર-બર? ઘર-બર કે દિ'

ગરી ગયા હતા કે તમે છોડીને આવો?

મુમુક્ષુ :- એ તો ધંધા...

ઉત્તર :- ધંધો કોણ કરતું હતું? ધંધો કર્યો છે કોણે? કોણ કહે છે કર્યો છે? રાગ-દ્વેષ અને અજ્ઞાન કરતો. એ છોડીને આવે તો બેસે અંદરમાં. કહો, સમજાણું?

**'આકાશ અનંતપ્રદેશી હૈ, ઔર પુદ્‌ગલકે પ્રદેશ બહુત પ્રકારકે હૈં, પરમાણુ તો એકપ્રદેશી હૈ, ઔર સ્કંધ સંખ્યાતપ્રદેશ, અસંખ્યાતપ્રદેશ તથા અનંતપ્રદેશી ભી હોતે હૈં.'** એ પ્રમાણે એણે બરાબર જાણવું જોઈએ, એને જ્ઞાનમાં વ્યવહારજ્ઞાન, વ્યવહારશ્રદ્ધાનો વિષય આવો હોય છે. નિશ્ચયથી તો આત્મા અખંડ એ જ આદરણીય છે. વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૭, બુધવાર, તા. ૨૯-૧૨-૧૯૬૫**
**ગાથા-૨૪ થી ૨૬, પ્રવચન-૮૯**

૨૪મી ગાથા છે. આ વ્યવહાર સમકિતનો વિષય શું એ ચાલે છે. સમજાય છે? નિશ્ચય સમ્યગ્દર્શન એ તો આત્મા એકરૂપ અખંડ જ્ઞાનાનંદસ્વરૂપ એ પરદ્રવ્યનો પણ કર્તા નથી અને રાગનો પણ કર્તા નથી. પરદ્રવ્યની અવસ્થા આત્મા સિવાય અનંતા પદાર્થ એની અવસ્થા એનાથી થાય, એને આત્મા કરે નહિ. બહિર્ બુદ્ધિ, તીવ્ર બહિર્ બુદ્ધિ એમ માને કે પરપદાર્થના કાર્ય હું કરું છું. અને એનાથી અંતર બહિર્ બુદ્ધિ હોય, બહારની બુદ્ધિ રાગ-દ્વેષ અને વિકારનો કર્તા એ અંતરમાં બહિર્‌બુદ્ધિ. વિકારના પરિણામ એ જીવનું કાર્ય છે અથવા જીવના અસ્તિત્વમાં છે. સમજાણું કાંઈ? એ પણ મિથ્યાત્વભાવના લક્ષણમાં જાય છે.

અંતર બુદ્ધિ, આત્મા અંતરાત્મા, અંતર સ્વભાવ બુદ્ધિ થતાં એ જ્ઞાન, દર્શન આદિ આનંદની દશાનો જ કર્તા થાય છે. એ પુણ્ય-પાપ વ્યવહાર અને પરનો કર્તા (થતો નથી). પરનો કર્તા તો અજ્ઞાની પણ નથી અથવા પરનું અસ્તિત્વ તો અજ્ઞાનમાં પણ અહીં નથી. સમજાણું

કાંઈ? આત્માના હોવામાં પરપદાર્થનું હોવાપણું તો અહીંયા એક સમયમાત્ર નથી. એથી તેનું પોતામાં હોવાપણું માનવું એ તો તીવ્ર મિથ્યાત્વ ભાવ છે. પણ વિકારીનું હોવાપણું જીવમાં એક સમયમાત્ર વિકૃતભાવ છે. એટલું પણ જીવદ્રવ્યમાં, સ્વભાવમાં માનવું એ પણ મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા તો જ્ઞાનમૂર્તિ ચૈતન્યપ્રભુ છે. એના હોવાપણામાં પરનો અભાવ છે, એમ વિકારના ભાવનો હોવાપણાનો અભાવ છે. અહીં હોવાપણું જે સિદ્ધ કરે છે પરનું, એ ફક્ત સમ્યગ્દર્શનનો વિષય એમ છે, એમ એને માનવું, જાણવું જોઈએ. સમજાય છે? નિશ્ચય સમ્યગ્દર્શનના વિષયમાં એકલો અખંડ જ્ઞાયકમાત્ર આત્મા જ તેનો વિષય અને કારણ છે. એના અસ્તિત્વમાં વિકાર પણ નથી અને પર પણ નથી. અથવા વિકારનો એ કર્તા નથી અને પરનો એ કર્તા નથી.

હવે એ આત્માના અભેદ સ્વભાવની દૃષ્ટિ થવા છતાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગ નથી, એથી એને વ્યવહાર રાગની શ્રદ્ધા કે આ છ દ્રવ્યો છે, એના ગુણો છે, પ્રદેશો છે એ જેમ છે તેમ વ્યવહારે શ્રદ્ધવું, જાણવું એને વ્યવહાર સમકિતનો ભાવ શુભરાગ, શુભ ઉપયોગ કહે છે. સમજાણું કાંઈ? આ એની વાત છે જુઓ.

**ભાવાર્થ :-** '**જગતમેં ધર્મદ્રવ્ય તો એક હી હૈ,...**' ધર્માસ્તિ. એણે વ્યવહાર સમકિતનો વિષય છે એને માનવું જોઈએ. '**વહ અસંખ્યાતપ્રદેશી હૈ, અધર્મદ્રવ્ય ભી એક હૈ, અસંખ્યાતપ્રદેશી હૈ,...**' અધર્માસ્તિ. છે ને ભાઈ? ૨૪મી ગાથા, ૨૪નો ભાવાર્થ. સમજાય છે કાંઈ? '**જીવ અનંત હૈં, સો એક એક જીવ અસંખ્યાત પ્રદેશી હૈં,...**' એ પણ એણે વ્યવહાર સમકિતના જ્ઞાનમાં અથવા શુભ ઉપયોગમાં માનવું જોઈએ. સમજાય છે કાંઈ? '**આકાશદ્રવ્ય એક હી હૈ, વહ અનંતપ્રદેશી હૈ,...**' આકાશ એક તત્ત્વ છે એના પ્રદેશ અનંત છે. '**ઐસા જાનો.**' જુઓ, જાણો કહ્યું છેને? વ્યવહાર સમકિતનો એ વિષય છે છ દ્રવ્ય એને બરાબર જાણવું જોઈએ. જો વ્યવહાર સમકિતના છ દ્રવ્યનો નિષેધ કરે તો એનો અભેદ એક દ્રવ્યનો નિશ્ચય પણ સાચો હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**પુદ્ગલ એક પ્રદેશસે લેકર અનંતપ્રદેશ તક હૈ. એક પરમાણુ તો એક પ્રદેશી હૈ, ઔર જૈસે જૈસે પરમાણુ મિલતે જાતે હૈં, વૈસે વૈસે પ્રદેશ ભી બઢતે જાતે હૈં,...**' એ એને કારણે એમ એણે શ્રદ્ધવું જોઈએ. એક રજકણથી માંડી '**વે સંખ્યાત-અસંખ્યાત અનંત પ્રદેશ તક જાનને,...**' એ બધા એને કારણે ભેગા થાય, એને કારણે છૂટા પડે, એમ વ્યવહાર સમકિતની શ્રદ્ધામાં એણે જાણવું જોઈએ. સમજાણું કાંઈ? '**અનંત પરમાણુ ઈકટ્ઠે હોવેં,...**' જોયું! '**તબ અનંત પ્રદેશ કહે જાતે હૈં. અન્ય દ્રવ્યોંકે તો વિસ્તારરૂપ**

**પ્રદેશ હૈં,...'** એક વાત. હવે આત્મા, આકાશ આદિના પ્રદેશો આમ છે વિસ્તાર. '**ઔર પુદ્‌ગલકે સ્કન્ધરૂપ પ્રદેશ હૈં.**' એ પુદ્‌ગલના સ્કંધરૂપ પ્રદેશ છે, આમ પિંડરૂપ પ્રદેશ છે. એમ એણે વ્યવહાર સમકિતમાં, સ્કંધના અનંતા પ્રદેશો આમ પિંડરૂપ થાય છે એમ એણે માનવું, જાણવું જોઈએ. આત્માથી થાય છે એમ નહિ. સમજાણું કાંઈ? એ અનંતા રજકણો ભેગા થાય, છૂટા પડે એવું છે, એવું એણે વ્યવહાર જ્ઞાનમાં, શ્રદ્ધામાં શ્રદ્ધવું જોઈએ. આત્માથી એ થાય છે એ વાત તો વ્યવહાર સમકિતમાં પણ આવતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહારે થાય...

ઉત્તર :- વ્યવહારે થાય છે એટલે એનાથી થાય. આનાથી થાય છે કે દિ'? વ્યવહાર સમકિત એટલે એવું પર સંબંધીના જ્ઞાનમાં આ પ્રમાણે સ્વતંત્ર રજકણો એને કારણે ભેગા થાય, છૂટા પડે એવું એણે માનવું. મારાથી ભેગા થાય એવું તો વ્યવહાર સમકિતમાં પણ માનવાનું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પુદ્‌ગલકે કથનમેં પ્રદેશ શબ્દસે પરમાણુ લેના,...**' પુદ્‌ગલમાં એક પ્રદેશ કીધોને એક રજકણ? એને અહીં પ્રદેશ કીધો. એ ક્ષેત્ર ન લેવું. રજકણ લેવો એક દ્રવ્ય, એમ. '**પુદ્‌ગલકા પ્રચાર લોકમેં હી હૈ,...**' પુદ્‌ગલના રજકણો લોકમાં છે. '**અલોકાકાશમેં નહીં હૈ, ઈસલિયે અનંત ક્ષેત્ર પ્રદેશકે અભાવ હોનેસે...**' અનંત પરમાણુના અનંત પ્રદેશ કીધાને? એ પ્રદેશ ક્ષેત્રના ન લેવા પણ પરમાણુના લેવા એમ કહે છે. ક્ષેત્ર તો આકાશના પ્રદેશ અનંત બહાર છે, અહીં કાંઈ અનંત નથી. આ તો લોકમાં અનંત પ્રદેશ છે એટલે પરમાણુના પ્રદેશ લેવા. સમજાણું કાંઈ? '**ક્ષેત્ર-પ્રદેશ ન જાનને. જૈસે જૈસે પરમાણુ મિલ જાતે હૈં,...**' દેખો! રજકણો જેમ જેમ બે, પાંચ, પચ્ચીસ, પચાસ, સો, અસંખ્ય, અનંત. '**વૈસે વૈસે પ્રદેશોંકી બઢવારી જાનની.**' એ વધે છે ઈ એને કારણે એમ જાણવું. આત્માને કારણે નહિ. બીજા '**पुग्गलु तिविहु पएसु**' કીધા છે. '**પુદ્‌ગલકે સંખ્યાત, અસંખ્યાત, અનન્ત પ્રદેશ પરમાણોંકે મેલસે જાનના ચાહિએ,...**' દેખો! રજકણના મેળાપથી થાય છે. '**અર્થાત્ એક પરમાણુ એક પ્રદેશ, બહુત પરમાણુ બહુ પ્રદેશ, યહ જાનના.**' હવે સિદ્ધાંત તેનો. આવી શ્રદ્ધા કરવી, જાણવું કે આવા અનંતા રજકણો, અનંતા આત્માઓ આદિ પોતાની મેળે ત્યાં છે. પણ હવે આદરવા યોગ્ય શું એમાં? એ તો વ્યવહાર જાણવા યોગ્ય કહ્યો.

'**સૂત્રમેં શુદ્ધનિશ્ચયકર દ્રવ્યકર્મકે અભાવસે...**' શુદ્ધ વસ્તુથી જોઈએ તો એ કર્મનો પણ ભગવાન આત્મામાં અભાવ છે. કારણ કે કર્મ પુદ્‌ગલ છે, એ પુદ્‌ગલનો કાંઈ આત્મદ્રવ્યમાં ભાવ નથી. આ અસ્તિત્વની વાત ચાલે છેને? હોવાપણાની. તો હોવાપણાની વાત કરી કે આ પુદ્‌ગલો છે, આ છે, કર્મ છે, કર્મ ભેગા થાય, કર્મના રજકણો ભેગા થાય, ધર્માસ્તિ

આદિ. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી વસ્તુ છે એ શુદ્ધ નિશ્ચયથી દ્રવ્યકર્મ નામ જડકર્મના હોવાપણાના અભાવરૂપ છે. આત્મામાં-વસ્તુમાં જડ કર્મનો અભાવ છે. જડકર્મનું અસ્તિત્વ તો પુદ્‌ગલમાં અસ્તિત્વ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા... એ પુદ્‌ગલના હોવાપણાનો તો આત્મામાં અભાવ છે. ત્યાં છે એ તો જાણવા લાયક કીધું. સમજાણું કાંઈ? એક વાત. એ કારણે ભગવાન આત્મા અમૂર્તિક અત્યારે છે. અત્યારે છે હોં!

બીજી વાત. '**ઔર મિથ્યાત્વ રાગાદિરૂપ ભાવકર્મ સંકલ્પ વિકલ્પકે અભાવસે શુદ્ધ હૈ,...**' એના હોવાપણામાં ખરેખર તો ભ્રમણા અને પુણ્ય-પાપના રાગ એ આત્માના સ્વભાવના હોવાપણામાં નથી. સમજાણું કાંઈ? એ તો અજ્ઞાનપણે ઊભા કરેલા પુણ્ય અને પાપ અને રાગ-દ્વેષ એની એક સમયની પર્યાયમાં દેખાય છે. વસ્તુના સ્વભાવમાં જુઓ તો એ પુણ્ય-પાપ અને મિથ્યાત્વનો ભાવનો એની અસ્તિમાં-હયાતીમાં અભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવા આત્માને અંદર શ્રદ્ધવો અને દેખવો એનું નામ સમ્યગ્દર્શન છે.

ભગવાન આત્મા... બીજા પુદ્‌ગલની વાત ન કરી, પણ કર્મના પુદ્‌ગલો જે ભેગા થયેલા એનો પણ આત્મામાં અભાવ છે. એવો આત્મા અમૂર્તિક વસ્તુ છે અને મિથ્યાભ્રાંતિ પુણ્ય-પાપ મારા છે, શરીર મારું છે, પરમાં સુખ છે એવી ભ્રાન્તિ અને રાગ-દ્વેષના પરિણામ ભાવકર્મ એવા સંકલ્પ-વિકલ્પનો અભાવ છે વસ્તુમાં. વસ્તુના અસ્તિત્વમાં જ્ઞાનાનંદ ભગવાન આત્મામાં એક સમયની વિકૃત ઉપરથી જે અવસ્થા ઉત્પન્ન થાય છે એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એટલે કે પરદ્રવ્યનું કામ આત્મા કરતો નથી. કેમકે એમાં આત્માનું અસ્તિત્વ નથી. અને પુણ્ય-પાપના ભાવ પણ ખરેખર આત્માનું કાર્ય નથી. કારણ કે બહિર્‌બુદ્ધિએ ત્યાં લક્ષ છે ત્યાં એનો કર્તા થાય છે. અંતરબુદ્ધિ જ્ઞાયકબુદ્ધિ થઈ એટલે એના આત્મામાં વિકારના વ્યવહાર પરિણામ જે છે એ પણ છે નહિ. તો એ આત્માને કામ આવતા નથી. આત્માનું એ કાર્ય નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! કહો, જુગરાજજી! આ તો આત્માને ઘણું કામ આવે છે. આહા..હા..! આત્માને ઘણું કામ આવે છે ભોગવવામાં. અરે..! ભગવાન! આ તો સ્થૂળ વાતની પણ ખબર ન મળે. પણ લેખો એવા છે હોં! શું કરે? શાસ્ત્રમાં એવા લેખો છે. કર્મને આધારે જીવ અને એને આધારે આ અને એને આધારે આ. એવા શાસ્ત્રમાં બહુ લેખ હોયને. શ્વેતાંબર શાસ્ત્રમાં એવું ભર્યું છે ઘણું. ક્યાંય પત્તો ખાય નહિ આત્મા.

અહીં તો કહે છે,... અસ્તિ બતાવે છે હોં અહીંયાં! છતાં એ પુદ્‌ગલનું અસ્તિપણું ભેગું થવું, છૂટું પડવું એને કારણે અને એ કર્મનું ભેગું થવું કે છૂટું પડવું પણ એને કારણે. કર્મ બંધાવા, કર્મ છૂટવા, સંક્રમણ થવું વગેરે છેને? એ રજકણમાં એને કારણે છે. આહા..હા..!

એ એમાં આવી જાય કે નહિ આમાં? એય..! કર્મનો ઉદય આવવો, સત્તામાંથી પાક થવો, એનો ફેરફાર થવો-એ બધાનો આત્માના સ્વભાવના અસ્તિત્વમાં અભાવ છે. આહા..હા..! સમજાય છે? તેથી એને અમૂર્તિક કહ્યો. મૂર્તપણાનો વસ્તુમાં (છે) અભાવ માટે અમૂર્તિક કહ્યો અને પુણ્ય-પાપના મિથ્યાભ્રાન્તિના અશુદ્ધ પરિણામનું હોવાપણું વસ્તુમાં નથી માટે તેને શુદ્ધ કહ્યો. અમૂર્ત અને શુદ્ધને સિદ્ધ કરવાની બે રીત કીધી. સમજાણું કાંઈ?

'**શુદ્ધનિશ્ચયકર, મિથ્યાત્વ રાગાદિરૂપ ભાવકર્મ સંકલ્પ વિકલ્પકે અભાવસે શુદ્ધ હૈ,...**' ભગવાન અંતર્મુખ સ્વભાવ એનો તો શુદ્ધ જ્ઞાન, ચૈતન્ય આનંદ છે. એ વસ્તુ પોતે અંતર્મુખ દૃષ્ટિનું તત્ત્વ એ વસ્તુની અંતર્મુખ દૃષ્ટિ થઈ તે પછી પરના કાર્યનું અસ્તિત્વ પોતામાં તો નથી, પણ વિકારનું અસ્તિત્વ ને કાર્ય પણ એમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સવારથી ઉઠ્યો... આ તમારું યાદ આવ્યું. ડાહ્યાભાઈ સવારમાં કહે, સવારથી ઉઠ્યો ત્યારથી દાંતણ, પછી પાણી, પછી ચા, પછી દૂધ, પછી આ, પછી આ, આખો દિ' જાણે કે આ બધા કામ જ હું કરું છું. વાર લાગે છેને તમારે આવતા. છેલ્લે આવ્યાને? બધા કામ હોયને થોડા-ઘણા એકલાને. .. જુઓ! તમારો બચાવ કર્યો. કહો, સમજાણું આમાં? સવારથી ઉઠે ત્યાં દાંતણ કર્યું, મોઢું સાફ કરવું. હવે એક પણ ક્રિયા હરામ કરી શકતો હોય તો.

અહીં શું કહેવાય છે? એના અસ્તિત્વમાં-એના હોવાપણામાં હોય એનું એ કરે. એના હોવાપણામાં ન હોય એનું એ શું કરે? એક વાત. સમજાય છે? એના હોવાપણામાં આ દાંતણ, આ લાકડાના આ છે એ એના આત્માના હોવપણામાં છે? આત્માના હોવાપણામાં મોઢું ને આ દાળ ને ભાત, આ ઢીંકણું, દૂધ અને ચા એ તો એના હોવાપણામાં છે નહિ. છે નહિ એને અડે શી રીતે? અને છે નહિ એને કરે શી રીતે? હવે એનામાં છે વિકાર. પુણ્ય ને પાપ ને ભ્રાન્તિ પર્યાય વિકારની. એ જ્યાં સુધી એના અસ્તિત્વમાં એમ દૃષ્ટિ પડી છે, પર્યાયમાં દૃષ્ટિ પડી છે ત્યાં સુધી તે વિકારનો કર્તા (થાય છે), અસ્તિત્વમાં માને છે માટે કર્તા થાય છે. સમજાણું કાંઈ?

એટલે એમાં ઉપરટપકે જે વિકલ્પ બહિર્બુદ્ધિએ થતો એ વસ્તુના સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? બહિર્બુદ્ધિએ જે વિકારનું અસ્તિત્વ ક્ષણિક જે અંતરમાં ભાસતું હતું, એ વસ્તુની દૃષ્ટિ (થઈ કે) આ તો જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય છે, એના હોવાપણામાં વિકલ્પનું હોવાપણું પણ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેનામાં નથી એનું એ કરે શું? હવે એમ કહેવું છે અહીં તો. સમજાણું કાંઈ? શું હશે આમાં? સંચા-બંચા ચલાવતા બંધ થઈ ગયા હવે? ચાલ્યા કરે છે. એ તો ચાલ્યા જ કરતા હતા પહેલેથી, તમારાથી ક્યાં ચાલતા હતા? એ કહે છે, ભાઈ! તારા હોવાપણામાં હોય એમાં તારું હોવાપણું અને ફેરફાર કરવાનું રહે. તારા

હોવાપણામાં શરીર, કર્મ, પુદ્‌ગલ, પૈસા, બાયડી, છોકરા, કર્મ હરામ ત્રણ કાળમાં તારામાં હોય તો. કોઈ દિ' નથી તારામાં. આહા..હા..! નથી તારામાં એને તું કેમ મારા કરીને માન? અને મારા કરીને કર એ શી રીતે બને? માની શક મારા તરીકે, પણ મારા તરીકે એ અંદરમાં આવી શકે નહિ. સમજાણું કાંઈ? તારામાં નથી તેને મારા તરીકે માની શક ઉલટી દૃષ્ટિથી, પણ તે નથી એ તારા થઈ શકે, માન તોપણ થઈ શકે એમ છે નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..!

બીજી વાત. તારા હોવાપણામાં તારા પ્રદેશમાં એક સમયની દશામાં પુણ્ય-પાપ વિકારનું હોવાપણું એક સમયની અવસ્થામાં, પ્રદેશોના ઉપરના ભાગમાં એના સમૂહમાં છે. એ હોવાપણાનું છે, એના હોવાપણામાં એટલામાં જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી એનો કર્તા અને ત્યાં સુધી મારામાં છે એમ એ માને છે, છતાં ત્રિકાળમાં તો એ થઈ જતાં નથી. સમજાય છે કાંઈ? જેમ બીજાને પોતાના માને છતાં પોતાના થતાં નથી. એમ એક સમયનો પુણ્ય-પાપ, કામ-ક્રોધના વિકારોની કૃત્રિમતાને પોતામાં માને, એ અંશમાં લક્ષ તેની ત્યાં બુદ્ધિ પડી છે તેથી માને અને એનો કર્તા થાય. પણ છતાં, એમ હોવા છતાં વસ્તુના ત્રિકાળમાં એનું હોવાપણું પેસી જતું નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એ તો સંકલ્પ-વિકલ્પની એક સમયની વિકૃત દશા એટલું અસ્તિત્વ માનતો ત્યારે તેને છે મારામાં અને કર્તા માનતો. અહીં તો કીધું શુદ્ધ દ્રવ્ય વસ્તુ... વસ્તુ... વસ્તુ... જોઈએ, નિશ્ચયથી વસ્તુ તો એકલી શુદ્ધ જ્ઞાયકમૂર્તિ અખંડાનંદ પ્રભુ છે એવી દૃષ્ટિથી જોતાં વિકાર હયાતીમાં નથી માટે વિકાર વિનાનો આત્મા શુદ્ધ છે. સમજાણું કાંઈ? કહો, વજુભાઈ! સમજાય છે આમાં? ભારે ઝીણું ભાઈ! આમાં સંચા-બંચા અને બંગલા ને મકાન ક્યાં આવી ગયા? આહા..હા..! એ તો પુદ્‌ગલ ભેગા થાય, છૂટા થાય એનું અસ્તિત્વ છે. એવું એક વિકલ્પ દ્વારા, શુભભાવ દ્વારા માનવું, બસ એટલું. પછી વિકલ્પ પણ આદરણીય નથી. કારણ કે વિકલ્પ પણ સ્વરૂપના શુદ્ધ સ્વભાવમાં હોવાપણે નથી. એના વિકલ્પમાં અસ્તિપણાની બુદ્ધિ રાખે ત્યાં સુધી એ મારા છે એમ માને પર્યાયબુદ્ધિએ. સમજાણું કાંઈ? વસ્તુ બુદ્ધિએ તો એ પણ પોતામાં નથી. બીજા નથી તેમ વિકાર પણ નથી. એ વસ્તુમાં નથી, માટે વસ્તુમાં નથી તેનો એ કર્તા થતો નથી અને તેના કાર્ય કરી શકતો નથી. કહો, સમજાણું આમાં?

ભગવાન '**લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશવાલા હૈ,...**' બે વાત લીધી. એક તો પરના અભાવરૂપી અમૂર્ત, વિકારનો અભાવરૂપી શુદ્ધ અને લોકાકાશમાં અસંખ્ય પ્રદેશ. '**ઐસા જો નિજ શુદ્ધાત્મા વહી વીતરાગનિર્વિકલ્પસમાધિદશામેં સાક્ષાત્ ઉપાદેય હૈ,...**' એ અંતર્મુખ

દૃષ્ટિના કાળે... અહીં સ્થિરતા એમ લેવું છેને? સ્થિરતા પણ સાથે (લેવી છે). અંતર વસ્તુ સ્વભાવ પૂર્ણ શુદ્ધ છે એવી અંતર્મુખ દૃષ્ટિથી. બહિર્મુખની દૃષ્ટિ વિકલ્પનું હોવાપણું, અશુદ્ધનું અને આ એ દૃષ્ટિ ગઈ અને અંતર્મુખની દૃષ્ટિ થઈ તે કાળે એ આ શુદ્ધાત્મા તે ઉપાદેય છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ઓહો..હો..! '**યહ જાનના.**' લ્યો! સાક્ષાત્ ઉપાદેય ઈતિ ભાવાર્થ.

'**वीतरागनिर्विकल्पसमाधि परिणति काले**' સમજાણું કાંઈ? વહી વીતરાગનિર્વિકલ્પસમાધિદશામાં એમ કીધું. અહીંયા કાળે કીધું. વિકલ્પો, પુણ્ય-પાપના ભાવ અને પરનું હોવાપણું. એના હોવાપણાના અસ્તિત્વની દૃષ્ટિ છૂટી અને પોતાનું એકરૂપ હોવાપણું શુદ્ધ સ્વરૂપ છે એવી દૃષ્ટિના કાળમાં, એકાગ્રતાના કાળમાં આ આત્મા શુદ્ધ છે તે અંગીકાર કરવા લાયક થયો, ઉપાદેય થયો. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! આહા..હા..! ચોખ્ખી વાત તો એવી છે, પણ એણે કોઈ દિ' દરકાર કરી નથી. કોઈ દિ' નિવૃત્તિથી, શાંતિથી એણે આ શું છે? આ શું વસ્તુ છે? આ શું છે? આ શું છે? (એ સમજ્યો નથી). સમજાણું? વ્યવહાર શ્રદ્ધામાં કહ્યું કે વિકાર છે, પર છે એવો વિષય વ્યવહાર સમકિતમાં માને, જાણે. નિશ્ચયમાં દ્રવ્યસ્વભાવમાં એ નથી. આહા..હા..! ૨૪ થઈ. ૨૫.

'**આગે લોકમેં યદ્યપિ વ્યવહારનયકર યે સબ દ્રવ્ય એક ક્ષેત્રાવગાહસે તિષ્ઠ રહે હૈં,...**' આ આત્મા, કર્મ સાથે છેને ભેગા? '**તો ભી નિશ્ચયનયકર કોઈ દ્રવ્ય કિસીસે નહીં મિલતા,....**' કોઈ દ્રવ્ય કોઈથી મળતું નથી. '**ઔર કોઈ ભી અપને અપને સ્વરૂપકો નહીં છોડતા હૈ,...**' કોઈથી મળતું નથી અને પોતાનું છોડતું નથી. બે વાત કીધી. કોઈ સાથે ભેગું થતું નથી અને પોતાનું સ્વરૂપ છોડતું નથી. અસ્તિ-નાસ્તિ કરી. ઈ કહેશે.

૧૫૧) **लोयागासु धरेवि जिय कहियइँ दव्वइँ जाइँ।**
**एक्कहिँ मिलियइँ इत्थु जगि सगुणहिँ णिवसहिँ ताइँ।।२५।।**

'**હે જીવ,** (હે ભગવાનઆત્મા) **ઈસ સંસારમેં જો દ્રવ્ય કહે ગયે હૈં,...**' ભગવાને જે છ દ્રવ્ય કહ્યા '**વે સબ લોકાકાશમેં સ્થિત હૈં,...**' એ નય કહેશે હોં એને આગળ. '**લોકાકાશ તો આધાર હૈ, ઔર યે સબ આધેય હૈં,...**' આધાર-આધેય સમજાય છે? આમ રહે છે આધાર. આ નવું કાંઈ નથી કે હતું પહેલું અને પછી આવ્યું એમ નથી. આ તો એક આમ અનાદિનો આધાર છે એમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિ રહેલા છે. એથી આધાર-આધેય ઉપચરિત જૂઠી નયે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ આત્મા આકાશમાં રહ્યો એ પણ ઉપચારથી અસદ્ભૂતનયે કહેવામાં આવે છે. ખરેખર તો પોતે પોતામાં રહે છે. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશમાં છે, પોતે પોતામાં છે. એ આકાશમાં કહેવો, એ કહેશે,

એ ઉપચરિતનયથી. સમજાય છે?

'**યે દ્રવ્ય એક ક્ષેત્ર મેં મિલે હુએ રહતે હૈં, તો ભી નિશ્ચયનયકર અપને અપને ગુણોં મેં હી નિવાસ કરતે હૈં, પરદ્રવ્યસે મિલતે નહીં હૈં.**'

'**ભાવાર્થ :- યદ્યપિ ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયકર આધારાધેયભાવસે એક ક્ષેત્રાવગાહકર તિષ્ઠ રહે હૈં, તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે પરદ્રવ્યસે મિલનેરૂપ સંકર-દોષસે રહિત હૈં,...**' જુઓ! પણ પોતાનો પરમપારિણામિક સ્વભાવ-વસ્તુ(નો) સ્વતઃ સ્વભાવ એનાથી જુઓ તો કોઈની સાથે કોઈ દ્રવ્ય મળતું નથી. એક રજકણ બીજા રજકણ સાથે મેળ ખાતું નથી અને એક રજકણે પોતાના સ્વરૂપને છોડ્યું નથી. સમજાણું કાંઈ? કોઈ પરપદાર્થના ગુણ પર્યાય છે એને એણે છોડ્યા નથી અને પોતે પોતાને છોડીને પરમાં ભળી ગયો નથી, ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ. કહો, આ શરીરમાંથી કાંઈ આત્મા કાઢી લે, માલ લઈ લે કે એને કાંઈ આપે એમ હશે?

મુમુક્ષુ :- એનો ઉપયોગ તો કામ કરેને?

ઉત્તર :- ઉપયોગ. શેનો ઉપયોગ કરે? ધૂળનો? ધૂળનો ઉપયોગ થાતો હશે? શરીરનો ઉપયોગ આત્મા કરી શકે? એ કહેશે વ્યવહારે. ઉપચાર કહેશે. ખરેખર છે નહિ. ઉપચાર તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવીને ઉપચાર કહેશે. પછીની ગાથામાં કહેશે. સમજાણું કાંઈ? આહા..હા..! છેને?

'**શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે પરદ્રવ્યસે મિલનેરૂપ સંકર-દોષસે રહિત હૈં,...**' સંકર એટલે કોઈ એકબીજામાં ભળી જતાં નથી. એ આત્મા રજકણમાં ભળી નથી ગયો. એ આત્મા... અત્યારે. ક્યારે શું? ત્રણે કાળે. એય..! આ શરીરના રોગના રજકણમાં આત્મા નથી ભળી ગયા એમ કહે છે. આ મોહનભાઈને શું થયું? તે પણ સલવાણા છે. ઓહો..હો..! કેટલા મહિનાથી પણ. સાજું હોય ત્યારે આથડ્યા કરે અને પછી આવું થાય ત્યારે પડ્યા રહે. પોતાને પરણાવ્યો રાગ સાથે. શું સમજાણું આમાં?

કહે છે, શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી સંકરદોષથી રહિત છે એટલે? વસ્તુ, વસ્તુ જુઓ તો એક જગ્યાએ ભલે ઉપચાર, આરોપિત, અસદ્‌ભૂત, જૂઠા વ્યવહારનયથી કહેવામાં આવે, પણ વસ્તુ તો વસ્તુ પોતે પોતામાં રહેલી છે. કોઈ વસ્તુ પરમાં ભળતી નથી અને કોઈ વસ્તુ પોતાના સ્વરૂપને છોડતી નથી. આહા..હા..! તો કેટલું આપતો હશે આત્મા પોતામાંથી કાઢીને બાયડી, છોકરાને? ચંદુભાઈને પૂછવું છે? ચંદુભાઈને પૂછો. અર્ધાંગના. હરામ છે, આ ક્યાંથી માન્યું તેં વળી? એના પરમાણુના રજકણો કે એનો આત્મા એના સ્વરૂપને છોડીને બીજા દ્રવ્યમાં આવી જાય છે? અને તારા દ્રવ્યના ગુણ પર્યાયો છોડીને તું ત્યાં વયો જા છો? ત્રણ કાળમાં

બને છે? કોને દીધું અને કોને લીધું તેં?

મુમુક્ષુ :-

ઉત્તર :- મિથ્યા ભ્રમણાની. ભ્રમણા ઊભી કરી મીઠાશ માને છે. સમજાણું કાંઈ? લીમડો કડવો હોયને. સર્પ કરડ્યો હોય તો મીઠો લાગે. પણ આ તો સર્પ કરડ્યો હોય એને મીઠો લાગે. ઝેર ચડ્યા હોય એને મીઠો લાગે એમ. સમજાય છે? નહિતર કડવો છે. લીમડો ઓલાને કડવો તો લાગે, પણ કડવો એને સારો લાગે છે. આને તો કડવું પણ ન લાગે. સર્પ કરડ્યો હોય એને કડવું લાગે જ નહિ. મીઠો લાગે. એમ જેને મિથ્યાત્વના ઝેર ચડ્યા છે, સર્પ કરડ્યો છે એને મોટો. એને પર ચીજ મારી સારી આ છે, હું બીજાને સારો એવા મીઠાશના ઝેર ચડ્યા છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીવે છે. આ બીવાની ક્યાં વાત છે? અહીં ક્યાં ઈ દાખલાનું કામ છે? અહીં તો કહે છે કે જેને ઝેર ચડ્યું છે એને લીમડો કડવાની અસ્તિ હોવા છતાં મીઠો લાગે છે. મીઠો એટલે આમ મીઠો છે એમ એના જ્ઞાનમાં આવે છે એમ. કડવો છે એમ ખ્યાલમાં નથી આવતું. એને એ રસ નથી જ્ઞાનમાં આવતો, રસનું સ્વરૂપ છે કડવું એને ઠેકાણે મીઠું જ્ઞાનમાં, ખ્યાલમાં આવે છે એમ મારું કહેવું છે અહીં તો. એને જ્ઞાનમાં કાંઈ લીમડો ગરી નથી જતો. પણ લીમડાનો જે કડવો સ્વભાવ છે એ ઝેરને લઈને એને આ મીઠો છે એમ જ્ઞાનમાં આવે છે એને. મીઠો છે આ. એમ મિથ્યાત્વના ઝેરને લઈને શરીર, વાણી, પૈસા, આબરૂ, કીર્તિ, પુણ્ય, પાપ મેલ અને દુઃખરૂપ છે. એને દુઃખનું કારણ કહેશે આગળમાં. એ બધા દુઃખના કારણ છે. છતાં એને સુખના કારણ ઝેરને લઈને ભાસે છે, એમ કહેશે. સમજાણું કાંઈ? આહા..હા..! એ આવે છે, શ્લોક આવે છે હોં! શ્લોક જ આવે છે બધા. એને કડવો પણ મીઠો લાગે છે. .... એમ અજ્ઞાનીને મિથ્યાત્વ શ્રદ્ધામાં, શું પરનો પર્યાયરસ તારામાં આવે છે? અને તું પોતાનો પર્યાય-ગુણપર્યાય છોડીને ત્યાં જા છો? શેનો રસ તને આવ્યો? સમજાય છે કાંઈ? દાળ, ભાત, રોટલા, મોસંબી, હાડકા, ચામડા અને માંસ એને અડતા તને શું આવ્યું એમાં? એને અડી શકતો નથી. અડે છે એમ માને છે. એટલે અસ્તિત્વ એમાં નથી છતાં અડુ છું એવું માને છે. આના અસ્તિત્વમાં એનું અસ્તિત્વ આવતું નથી. આ આવ્યું અહીં એટલે હું અડુ છું એમ માને છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! કહે છે, એ બધા કોઈ કોઈને છોડીને કોઈમાં ભળતા નામ અડતા નથી.

**'ઔર અપને અપને સામાન્ય ગુણ તથા વિશેષ ગુણોંકો નહીં છોડતે હૈં.'** દેખો! પરમાણુમાં સામાન્ય ગુણ અસ્તિત્વ આદિ છે એ છોડે નહિ, પરમાણુમાં વર્ણ, ગંધ, રસ,

સ્પર્શ વિશેષગુણ એ છોડે નહિ. આત્મામાં (વિશેષ) ગુણ જ્ઞાન, દર્શન, આનંદ છે આત્મામાં. સામાન્ય ગુણ અસ્તિત્વ, વસ્તુત્વ આદિ છે એ છોડે નહિ. વિશેષ ગુણ આનંદ અને જ્ઞાન આદિ છોડતો નથી. પોતાનો વિશેષ આનંદ, જ્ઞાન ગુણ છે એ છોડતો નથી. સામાન્ય ગુણ અસ્તિત્વ, વસ્તુત્વ એને છોડતો નથી આત્મા. રજકણમાં સામાન્ય ગુણો અસ્તિત્વ આદિ છોડતા નથી. વિશેષ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ત્યાંથી છોડીને બહારમાં જાતા નથી. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા અને પુદ્ગલ, ચાર તો અરૂપી એક કોર રાખો, પણ કર્મના જે પરમાણુઓ છે એના સામાન્ય-વિશેષ ગુણો જે કર્મના છે એ એને છોડતા નથી અને આત્મામાં સામાન્ય અસ્તિત્વ-હોવાપણું આદિ અને વિશેષ આનંદ જ્ઞાન આદિ એ એને છોડતો નથી. છોડતો નથી ત્યાં કોને અડે? શેમાં ભળે? એ છોડતા નથી (તો) અહીં કેમ ભળે? પણ દાખલા દેખાય મેળવાળા. મેળ એમાં આવે છે કે નહિ? એય..! આહા..હા..! મિથ્યાશ્રદ્ધામાં મૂર્છાયેલો, નથી આવતું એમાં કાંઈ પરનું અને પોતે નથી કાંઈ જરીએ આમાંથી છોડીને ત્યાં જાતો, પણ માને છે કે મને એની મીઠાશ આવે છે.

ધણીને દેખાય ઈ ઢાંકણીમાં, નથી કહેતા? કાળી મશ હોય ઢાંકણી એમાં શું મોઢું દેખાય? ઓલો કહે મને દેખાય. ઠીક ભાઈ ત્યારે દેખાતું હોય તો. એ પાણી હોય તો દેખાય નહિ સરખું ત્યાં. એ જોયું છે બધું અને આમ-આમ સાધારણ સાધારણ લાગે ત્યાં તો જરીક હોય ત્યાં તો સુકાવા માંડે અહીં. આ જરી જરી સુકાવા માંડે એટલે દેખાય નહિ સરખું. ઓલો કહે કે મોઢું કાચમાં જોને. નહિ, મને ઢાંકણીમાં દેખાય. ઠીક ભાઈ! સમજાણું કાંઈ?

એમ આત્માના આનંદ અને જ્ઞાન ગુણ પોતે છોડીને ક્યાંય ગયો નથી. છતાં અજ્ઞાની માને છે કે પરમાં મને આનંદ અને પરમાંથી મને જ્ઞાન આવે છે. આહા..હા..! મને મજા પરને લઈને પડે છે. અરે..! ભગવાન! મજા પરમાં, તારી મજા પરમાં ક્યાંથી આવી? અને પરના જે રંગ, રસ, ગંધ, સ્પર્શ કે બીજા આત્માઓના અનંત જ્ઞાનગુણ એ તારામાં ક્યાંથી આવી ગયા? સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દાખલા હોય એવા ગાંડા. મૂર્ખા ન હોય ઘણા?

જુઓ! અહીં કહે છે, '**યહ કથન સુનકર પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા હૈ...**' હવે લાંબી વાત લેવી છે. '**કિ હે ભગવન્, પરમાગમમેં લોકાકાશ તો અસંખ્યાતપ્રદેશી કહા હૈ,...**' પ્રભુ! તમે આ બધું કહો છો લોકમાં આટલા આટલા પદાર્થ પણ લોક તો અસંખ્ય પ્રદેશી છે. એમાં અનંતા આત્મા અને અનંતા પરમાણુ રહ્યા શી રીતે? એક પ્રશ્ન ઉઠ્યો. સમજાણું?

**'ક્યોંકિ એક એક જીવકે અસંખ્યાત-અસંખ્યાત પ્રદેશ હૈં, ઔર એક એક જીવમેં અનંતાનંત પુદ્‌ગલપરમાણુ કર્મ નોકર્મરૂપસે લગ રહી હૈ, ઔર ઉસકે સિવાય અનન્તગુણે અન્ય પુદ્‌ગલ રહતે હૈં, સો યે દ્રવ્ય અસંખ્યાતપ્રદેશી લોકમેં કૈસે સમા ગયે?'** આ અસંખ્ય પ્રદેશમાં આટલું બધું અનંતું સમાણું શી રીતે? તમે કહો છો એક બીજાને અડતા નથી ઠીક. એકબીજા ગુણ છોડતા નથી ઠીક ચાલો. પણ આ રહ્યા શી રીતે આટલા બધા? આટલો માલ અને અનંત રહ્યા. ક્ષેત્ર આટલું અને રહ્યા અનંત. સમજાણું કાંઈ?

**'જૈસે એક...'** ઉત્તર આપે છે. **'જૈસે એક ગૂઢ નાગરસ ગુટિકામેં શત,...'** .. ધાતુ હોય છેને ...? ... ગોળી બનાવે, લીંબુ નાખીને એકરસ કરે પછી આટલી બનાવે તો લાખ ભાગ આવે છેને? એ દાખલો આપે છે. અથવા... સમજાય છે? **'અથવા એક દીપકકે પ્રકાશમેં બહુત દીપકોંકા પ્રકાશ જગહ પાતા હૈ,...'** એક દીવો હોય છે ત્યાં ઘણાં દીવા હોય છેને? અત્યારે તો તમારે શું આ? બેટરી. બેટરી શું કહેવાય આ ઈલેક્ટ્રિકની? એક મકાનમાં લાખો નાખવી હોય તો આવે છે. બધો પ્રકાશ સમાઈ જાય છે અંદર. **'અથવા જૈસે એક રાખકે ઘડેમેં જલકા ઘડા...'** એ રાખનો ઘડો હોયને એમાં પાણી નાખો ઘડો તો સમાય જાય. **'અચ્છી તરહ અવકાશ પાતા હૈ, ભસ્મમેં જલ શોષિત હો જાતા હૈ,...'** એ રાખ છેને, પાણી શોષાઈ જાય. **'અથવા જૈસે એક ઊંટનીકે દૂધકે ઘડેમેં શહદકા ઘડા સમા જાતા હૈ,...'** શહદ એટલે મધ. એ મધનો ઘડો સમાઈ જાય એવો એનો સ્વભાવ છે. ઊંટના દૂધનો ઘડો ભર્યો હોય એટલો જ ઘડો મધનો એમાં નાખી દો તો સમાઈ જાય એવો એના દૂધનો સ્વભાવ છે. ઊંટનું દૂધ એવું પોચું હોય છે. .. હોય છેને જુઓને. ઊંટમાં બહુ એવું દૂધ હોય. તો એ દૂધનો ઘડો ભર્યો હોય એમાં એક મધ ઘડો નાખો બીજો તો સમાઈ જાય આખો. એવો એમાં અવકાશ દેવાનો ગુણ છે. ઓહો..હો..! સમજાણું? **'અથવા એક ભૂમિઘરમેં ઢોલ, ઘંટા આદિ બહુત બાજોંકા શબ્દ અચ્છી તરહ સમા જાતા હૈ,...'** ઘણા અવાજો નથી આવતા? ૨૫-૫૦ એક સાથે વાજા વાગે તો બધા અવાજો હોય છેને ભેગા? **'ઐસા હી કથન પરમાગમમેં કહા હૈ...'** સમજાય છે?

**'ઉસી તરહ એક લોકાકાશમેં વિશિષ્ટ અવગાહનશક્તિકે યોગસે અનંત જીવ ઔર અનન્તાનન્ત પુદ્‌ગલ અવકાશ પાતે હૈં, ઈસમેં વિરોધ નહીં હૈ,...'** જુઓ! આ વ્યવહાર સમકિતનો આ વિષય પણ એને શ્રદ્ધા કર કહે છે. આહા..! આટલા ક્ષેત્રમાં અનંતા કેમ રહ્યા? અનંત આત્મા, અનંત પરમાણુ. ખબર નથી પડતી? એક રાખના ઘડામાં એક પાણી નાખો આખો ઘડો તો સમાઈ જાય છે. એ ભસ્મ ચુસી ગઈ. ઊંટણીના દૂધમાં એક ઘડો

મધ નાખો તો ચુસી લે. એમ આ લોકમાં અસંખ્ય પ્રદેશમાં અનંતા પરમાણુ, આત્મા પડ્યા છે એમ શ્રદ્ધા કર. વ્યવહાર સમકિતનો વિષય. આટલી પણ જેને શ્રદ્ધામાં નથી ઠેકાણા, એને નિશ્ચય સમકિત હોઈ શકે નહિ.

'**ઈસકા અર્થ એસા હૈ કિ એક નિગોદિયા જીવકે શરીરમેં જીવદ્રવ્યકે પ્રમાણસે દિખલાયે ગયે જિતને સિદ્ધ હૈં, ઉન સિદ્ધોંસે અનંત ગુણે જીવ એક નિગોદિયાકે શરીરમેં હૈં,...**' એક નિગોદ કાલે કહ્યું હતુંને? એક કટકી રાઈ જેવડી લ્યો (એમાં) અસંખ્ય તો શરીર ઔદારિક. એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ છે. એટલો અવગાહ પામી જાય છે. અજ્ઞાનીને ક્ષેત્રે ટૂંકામાં કેટલા સમાણા બેસતા નથી અને એક આત્મામાં અનંતા ગુણ કેટલા એ પણ બેસતા નથી. અને એકબીજા ભેગા રહ્યા છતાં અડતા નથી એ પણ બેસતું નથી. આહા..હા..! આટલા બધા ભેગા રહ્યા એક ક્ષેત્રમાં, અસંખ્ય પ્રદેશમાં અનંતા નિગોદના રહ્યા ભેગા છતાં એકબીજાના અડ્યા નહિ. કોઈએ પોતાના ગુણને છોડ્યા નથી અને કોઈ કોઈમાં ભળ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઔર નિગોદિયાકા શરીર અંગુલકે અસંખ્યાતવેં ભાગ હૈ, સો ઐસે સૂક્ષ્મ શરીરમેં અનંત જીવ સમા જાતે હૈં,...**' લ્યો! એવા શરીરમાં અનંતા જીવો સમાઈ જાય છે. '**તો લોકાકાશમેં સમા જાનેમેં ક્યા અચંભા હૈ? અનંતાનંત પુદ્‌ગલ લોકાકાશમેં સમા રહે હૈં, ઉસકી 'ઓગાઢ' ઈત્યાદિ ગાથા હૈ. ઉસકા અર્થ યહ હૈ કિ સબ પ્રકાર સબ જગહ યહ લોક પુદ્‌ગલ કાયોંકર અવગાઢગાઢ ભરા હૈ, યે પુદ્‌ગલ કાય અનંત હૈં; અનેક પ્રકારકે ભેદકો ધરતે હૈં,...**' અનંત પ્રકારકે ભેદકો ધરતે હૈં. એ પુદ્‌ગલ એના ભેદને ધરે છે બે, ચાર, પાંચ, પચ્ચીસ, પચાસ, અસંખ્યાત, અનંત આદિ એ તો એને કારણે થયા કરે. તારે કારણે છે નહિ. '**કોઈ સૂક્ષ્મ હૈં કોઈ બાદર હૈં.**' છે જગતમાં.

'**તાત્પર્ય યહ હૈ કિ યદ્યપિ સબ દ્રવ્ય એક ક્ષેત્રાવગાહકર રહતે હૈં, તો ભી શુદ્ધનિશ્ચયનયકર જીવ કેવલ જ્ઞાનાદિ અનંતગુણરૂપ અપને સ્વરૂપકો નહીં છોડતે હૈં,...**' તોપણ આ ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવા અનંત ગુણને પોતાના સ્વરૂપથી છોડતો નથી. સમજાણું? '**પુદ્‌ગલદ્રવ્ય અપને વર્ણાદિ સ્વરૂપકો નહીં છોડતા,...**' દેખો! પરમાણુએ પરમાણુ પોતે પોતાના ગુણને, પર્યાયને કોઈ દિ' છોડતા નથી. '**ઔર ધર્માદિ અન્ય દ્રવ્ય ભી અપને અપને સ્વરૂપકો નહીં છોડતે હૈં.**' છએ આવી ગયા. એક એક શરીરમાં અનંતા જીવ, એક એક જીવ પોતાના જ્ઞાનાદિ અનંત ગુણને કોઈ દિ' છોડતો નથી. એક શરીરમાં અનંતા જીવ ભેગા, એનો શ્વાસ, આયુષ્ય, આહાર ભેગા, છતાં ભેગાનો અર્થ એકનું નિમિત્તપણે સાથે, છતાં એક આત્મા પોતાના અનંત જ્ઞાનાદિ

ગુણનો છોડતો નથી. બીજો આત્મા પોતાના ગુણને છોડતા નથી. ત્યાં એક એક રજકણ પોતાના વર્ણ, ગંધ, રસને છોડતો નથી. સમજાણું કાંઈ?

આટલા અંગુલના અસંખ્યમા ભાગમાં અનંત આત્મા, એથી અનંતગુણા પરમાણુ પુદ્‌ગલના-કર્મના. એ સિવાય બીજા પુદ્‌ગલો ઘણા. એ દરેકે, દરેક આત્મા પોતાના અનંત, જ્ઞાન, દર્શનનું તત્ત્વ બેહદ જાણવું-દેખવું, આનંદનું તત્ત્વ એણે છોડ્યું નથી અને એક એક રજકણમાં અનંતા ગુણો સામાન્ય-વિશેષ—વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રૂપ એકસાથે અનંતા ભેગા અંગુલના અસંખ્ય ભાગમાં એ એક એક પરમાણુએ પોતાના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છોડ્યા નથી. છોડે તો પૃથક્ કેમ રહે? પૃથક્ ન રહે તો અનંત કેમ રહે? અનંત રહે એનો અર્થ કે અનંત પોતાપણે રહ્યા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- કેવળજ્ઞાન જ છે આત્મા. કેવળજ્ઞાન સ્વરૂપ કીધુંને, ત્યાં શું કીધું? નિશ્ચય કેવળજ્ઞાન આદિ અનંત ગુણરૂપ એક જ્ઞાન, એક દર્શન, એકરૂપ આનંદ આદિ અનંત ગુણરૂપ દરેક દ્રવ્ય આત્મા ભગવાન બિરાજે છે. એક આત્મા કોઈ બીજા આત્માને કામ આવતો નથી. શું કામ આવે? પોતાનો પર્યાય છોડીને ક્યાંય જાય છે તો કામ આવે? બીજાનો આત્મા અહીં કામ આવતો નથી. કેમકે એના ગુણ પર્યાય છોડીને ક્યાંય જાતો નથી. શું કામ આવે? કહો, ભીખાભાઈ! છોકરા-બોકરા તો કામ આવે કે નહિ સેવાચાકરી કરવામાં? એય..! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં કોને સંઘરે? લોકો એમ કહે છે કે ભાઈ! મરેલો સર્પ પણ કામ (આવે), સંઘર્યો કામ આવે એમ કહે છેને? ઓલો દાખલો આવે છેને? .. માથે. એમાં એક સમડી નીકળી. એક રાણી નહાતી હતી અને એનો હાર હતો સવા લાખનો. આમ મૂક્યો હતો તે નહાતી હતી. એમાં સમડી ઉપાડી ન્યાંથી. ઉપાડીને જ્યાં ઓલાપણે આમ જાય છે ત્યાં ઓલો સર્પ દીઠો મરેલો નાખ્યો કોકે. ત્યાં ઓલો હાર નાખીને સર્પ ઉપાડ્યો. જ્યાં આમ જોવે ત્યાં સર્પને ઠેકાણે હાર. સંઘરેલો સર્પ પણ કામ આવે એમ માણસ કહે. આવા ને આવા દાખલા. આ નાની ઉંમરમાં સાંભળતા આ બધું. બધી વાર્તા.

મુમુક્ષુ :- બધા દુઃખી થવાના.

ઉત્તર :- દુઃખી થવાના. હેરાન હેરાન. સંઘર્યો સાપ પણ કામ આવે. કેમ? કે એ વાત થઈ એમ વાત છે હોં એ. એક બાઈ નહાતી હતી રાણી, સવા લાખનો હાર હતો અને પથરા ઉપર મૂકેલો નહાવા વખતે. એમાં એક સમડી નીકળી અને એક માણસે મરેલો સર્પ હતો પોતાના ઘરમાં ઈ એણે રાખી મૂક્યો હતો. એમાં ઓલી સમડી નીકળી હાર લઈને,

આમ જોયો સર્પ. સર્પને પકડ્યો, ઓલો મૂકી દીધો હાર. ભ્રમણાના... સમજાણું કાંઈ? એવી વાત સાંભળતા, નાની ઉંમરમાં આવી બધી સાંભળેલી બહુ હોં ભાઈ! ગપ્પે ગપ્પા મારે. લોભિયા! એને ઠેકાણે ઓલો મળી જશે, હાર મળી જશે. શું મળ્યો પણ? હાર મળ્યો એમાં તને શું મળ્યું? એમ કહે છે. એ હારના રજકણે તને શું આપ્યું? અને એના રજકણે એણે શું ન્યાંથી છોડ્યું? સમજાણું કાંઈ? આહા..હા..! આવું સાંભળે તો કોઈ કોઈના રહેશે નહિ. પણ કોઈ કોઈના નથી એ તો વાત ચાલે છે અહીં. એવી શ્રદ્ધા નહિ કર તો વ્યવહાર સમકિતનો વિષય તેં સાચો માન્યો નથી. સમજાણું કાંઈ? આ તો વ્યવહાર સમકિતનો વિષય ચાલે છે.

દરેક દ્રવ્ય પોતાના ક્ષેત્રમાં રહેલા પોતાના ગુણોને છોડીને કોઈના ક્ષેત્રમાં કોઈને કામ આવતા નથી. એવા વસ્તુના અનંત દ્રવ્યો સ્વતંત્ર એક ક્ષેત્રમાં રહેલા છે. એ પ્રમાણે માનવું એને તો હજી વ્યવહાર સમકિતનો વિષય કહે છે. સમજાય છે કાંઈ? નિશ્ચયમાં તો, ભગવાન આત્મા જેની એક સમયની પર્યાયમાં આટલું બધું જાણવાની તાકાત, વિકલ્પ સહિત એક સમયની પર્યાયમાં આટલું બધું છે એમ જાણવાની તાકાત. એ સિવાયનો આખો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અખંડ આનંદનો કંદ એકરૂપ ગુણનો પિંડ છે એની અનુભવની પ્રતીત કરવી એનું નામ નિશ્ચય સમ્યક્ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છએ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતા નથી.

હવે જુઓ આવ્યું ઉપકાર કરે તે. છોડતા નથી, મળતા નથી પણ ઉપકાર એટલે નિમિત્ત તો એનું થાય છે. એને નિમિત્તપણે થાય છે. ખુબી લેશે હોં એમાં પણ. દુઃખમાં ઉપકાર કરે છે. હા, એ લેશે. આહા..હા..! .. સુખ એ કલ્પનાનું દુઃખ છે. આત્માના આનંદમાં નહિ.

**'આગે જીવકા વ્યવહારનયકર અન્ય પાંચોં દ્રવ્ય ઉપકાર કરતે હૈં, ઐસા કહતે હૈં, તથા ઉસી જીવકે નિશ્ચયસે વે હી દુઃખકે કારણ હૈં, ઐસા કહતે હૈં –'** જોયું! ઉપકાર કરે છે એ દુઃખના કારણ છે, દુઃખના નિમિત્ત છે. આહા..! ભારે ભાઈ!

૧૫૨) एयइँ दव्वइँ देहियहँ णिय-णिय-कज्जु जणंति।
चउ-गइ-दुक्ख सहंत जिय तेँ संसारु भमंति।।२६।।
एतानि द्रव्याणी देहिनां निजनिजकार्यं जनयन्ति।
चतुर्गतिदुःखं सहमानाः जीवाः तेन संसार भ्रमन्ति।।२६।।

**'યે દ્રવ્ય જીવોંકે અપને અપને કાર્યકો ઉપજાતે હૈં, ઈસ કારણ નરકાદિ ચારોં ગતિયોંકે દુઃખોંકો સહતે હુએ જીવ સંસારમેં ભટકતે હૈં.'** એ બિચારા.. ધર્માસ્તિ સહાય કરે, શરીર આદિ પુદ્‌ગલો બનાવે, એના નિમિત્તે દુઃખી થઈને રખડી રહ્યો છે, એમ કહે

છે. આહા..હા..!

**'ભાવાર્થ :- યે દ્રવ્ય જો જીવકા ઉપકાર કરતે હૈં, ઉસકો દિખલાતે હૈં. પુદ્ગલ તો આત્મજ્ઞાનસે વિપરીત વિભાવ પરિણામોંમેં લીન હુએ અજ્ઞાની જીવોંકે...'** ભગવાન આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાનમાં પોતાનું પોતે દાન આપે. આહા..હા..! વસ્તુ ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ એ અનંત ગુણનું ધામ ભગવાન એમાં અંતર દૃષ્ટિ અને સ્થિરતા કરતા ભગવાન આત્મા પોતે પોતાને જ્ઞાન અને આનંદનું દાન આપે અને પોતે લે. એ તો સમ્યગ્જ્ઞાનમાં હોય છે કહે છે. એનાથી આ ઊલટું. છેને? આત્મજ્ઞાનથી ઉલટું અજ્ઞાનમાં અજ્ઞાનીને શું થાય છે?

**'વિભાવ પરિણામોંમેં લીન હુએ...'** જોયું! જે સ્વભાવ જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ છે એમાં લીન થાય તો આત્મામાંથી આનંદ અને જ્ઞાનનું દાન મળે છે. એ આત્મા દાતા, આનંદના ધનનો દાતા છે. એવા ભગવાન આત્માની અંતર દૃષ્ટિ કરતાં આત્મા આનંદનો દાતા તે પર્યાયમાં આનંદ આપે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે શું કહ્યું? કે પરનું અસ્તિત્વ અને પરના કાર્યો મારામાં નહિ, રાગનું અસ્તિત્વ અને રાગના કાર્યો મારામાં નહિ. એવો આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ એની દૃષ્ટિ અને આશ્રય કરતાં એમાંથી જ્ઞાનના કાર્ય અને જ્ઞાનમાં કાર્ય થાય. ઓલા રાગના અને પરના નહિ. પરના તો અમથા પણ નહોતા. પણ આ રાગના કાર્ય થતાં એને ઠેકાણે જ્ઞાનાનંદના કાર્ય-જ્ઞાનનું જાણવું, આનંદનું થવું એ બધા કાર્યો આત્મદાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવા આત્મદાનસે વિપરીત, ભાષા જુઓ! ઓહો..હો..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના અસ્તિત્વમાં રહેલા ગુણોની દૃષ્ટિ કરતા મારા હોવાપણામાં તો વિકાર અને પરપણાનો અભાવ છે. એવો જે આત્મા એવા આત્માની દૃષ્ટિ અને જ્ઞાન કરતા એ આત્મા તો જ્ઞાનનું જાણવાનું કામ કરે. ઓલું રાગનું કાર્ય અને પરનું કાર્ય છોડી દીધું. જાણવાનું કામ કરે ત્યાં આનંદનું કામ ભેગું થાય છે, એમ કહે છે. આહા..હા..! રાગનું કામ કરતો ત્યાં આકુળતાનું કામ ભેગું હતું. પરના કામ માનતો ત્યારે માન્યતા મિથ્યાત્વ સાથે દુઃખનું કામ-વેદન ભેગું હતું. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, જેને માથે વર્ણવ્યું હતોને? અમૂર્ત અને અશુદ્ધ. એને આત્મા કહ્યોને? એવા આત્માની જ્યાં દૃષ્ટિનું હોવાપણું આવું છે એમ જ્યાં થયું ત્યારે આત્મદાન કહ્યું. એનું જ્ઞાનનું જાણવું, આનંદનું થવું, શાંતિનું થવું, અસ્તિત્વ વીર્યનું સ્વરૂપની રચનાનું થવું એવું જે દાન, સ્વરૂપની પર્યાયમાં દાન થયું પોતાને. એ તો સ્વભાવ વસ્તુ થઈ. એમાં વિકાર અને પરનું હોવાપણું નથી. એવા આત્માએ આત્માને આ રીતે દાન પોતાને કર્યું. સમજાણું કાંઈ? એનાથી વિપરીત **'વિભાવ પરિણામોંમેં લીન હુએ...'** દેખો! વિકારી પરિણામમાં

લીન થયો એ એણે દુઃખનું દાન આપ્યું. એવા અજ્ઞાની જીવોને વ્યવહારથી આ ઉપકારી (છે). લ્યો એમ કહ્યું. ભાષા શું કહી? વિભાવમાં લીન છે તેને ઓલા દુઃખમાં નિમિત્ત થાય છે. નિમિત્ત દુઃખમાં ઉપકાર કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેણે ભગવાન આત્માનો અનંત જ્ઞાનાનંદ સ્વભાવ હોવાપણે વસ્તુ છે એમ દૃષ્ટિ કરી નથી અને પુણ્ય-પાપના વિકારની વૃત્તિઓ તેટલો હું એમ માન્યું છે એવા વિભાવમાં લીન થઈ ગયેલો, એવાને '**અજ્ઞાની જીવોંકે વ્યવહારનયકર શરીર, વચન, મન, શ્વાસોશ્વાસ, ઈન ચારોંકો ઉત્પત્તિ કરતા હૈ,...**' દેખો! કારણ કે વિભાવમાં લીન છે એને આ પુદ્ગલો નિમિત્તરૂપે આ શરીર અને વાણી ઉત્પન્ન થાય છે. જ્ઞાનીને ઉત્પન્ન થતાં નથી. આહા..હા..!

જ્ઞાનીને સ્વભાવમાં લીનતાથી શાંતિ અને આનંદની ઉત્પત્તિ થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીને પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદ, જ્ઞાન એવા દ્રવ્યની દૃષ્ટિનું ભાન હોવાથી એને તો આનંદનું દાન છે. સમજાણું કાંઈ? એથી એને બીજા નિમિત્તોનો અભાવ છે એમાં. જેને વિભાવનું દાન છે તેને આ બીજા નિમિત્તોનો સદ્ભાવ છે, એમ કહે છે. વાહ! સમજાણું આમાં?

અજ્ઞાની વિભાવ પરિણામમાં લીન થઈ ગયેલા. સ્વભાવમાં લીન થયા એને તો ઓલા ઉત્પન્ન થતાં જ નથી એટલે દુઃખમાં નિમિત્ત નથી. અને સુખમાં નિમિત્ત તો એ છે નહિ, સુખનું કારણ તો આત્મા છે, પોતે જ છે. આહા..હા..! પણ વિભાવમાં લીન થયા એટલે દુઃખમાં લીન થયા એમ કહે છે. એને '**વ્યવહારનયકર શરીર, વચન, મન, શ્વાસોશ્વાસ, ઈન ચારોંકો ઉત્પત્તિ કરતા હૈ,...**' એને ઉત્પત્તિ જડની થાય. આહા..હા..! '**અર્થાત્ મિથ્યાત્વ, અવ્રત, કષાય, રાગદ્વેષાદિ વિભાવપરિણામ હૈં, ઈન વિભાવ પરિણામોંકે યોગસે જીવકે પુદ્ગલકા સમ્બન્ધ હૈં,...**' લ્યો! એ વિભાવને કારણે ઓલો સંબંધ થાય છે. શરીર, વાણી એને ઉત્પન્ન થાય છે. નિમિત્ત તરીકે હોં! ઓલું તો એને કારણે છે. '**ઔર પુદ્ગલકે સંબન્ધસે યે હૈં,...**' પુદ્ગલના સંબંધે એ શરીર, વાણી અને શ્વાસ છે. એ દુઃખી અજ્ઞાની પ્રાણીને નિમિત્ત છે, ધર્મીને એ નિમિત્ત નથી. ધર્મીને તો આનંદમાં આત્મા નિમિત્ત એટલે કારણ છે. સમજાણું?

'**ધર્મદ્રવ્ય ઉપચરિતાસદ્ભૂત વ્યવહારનયકર ગતિસહાયી હૈ.**' લ્યો! આવા દુઃખ માટેની વાત કરે છો હોં અહીંયા. એક ગતિમાંથી બીજી ગતિ જાય છેને? એમ કહે છે. '**અધર્મદ્રવ્ય સ્થિતિસહકારી હૈ,...**' ગતિમાં, દુઃખમાં ત્યાં ઠરે છેને? એનું એ નિમિત્ત છે. '**વ્યવહારનયકર આકાશદ્રવ્ય અવકાશ (જગહ) દેતા હૈ, ઔર કાલદ્રવ્ય શુભ-અશુભ પરિણામોંકા સહાયી હૈ.**' દેખો! વિભાવમાં લીન એને કાળદ્રવ્ય શુભાશુભ પરિણામમાં નિમિત્ત છે. 'ઈસ

**તરહ યે પાંચ દ્રવ્ય સહકારી હૈં. ઈનકી સહાય પાકર યે જીવ નિશ્ચય વ્યવહારરત્નત્રયકી ભાવનાસે રહિત ભ્રષ્ટ હોતે હુએ ચારોં ગતિયોંકે દુઃખોંકો સહતે હુએ સંસારમેં ભટકતે હૈં,...'** કઈ શૈલીએ વાત કરી જુઓને! આહા..હા..! વિભાવમાં લીન થયેલો એને શરીર, વાણી, મન ઉત્પત્તિ થાય અને દુઃખમાં કાળના પરિણામ નિમિત્ત છે, એને ગતિમાં ધર્માસ્તિ નિમિત્ત છે, ગતિમાં દુઃખમાં ટકી રહે ત્યાં એને અધર્માસ્તિ નિમિત્ત છે. આવી રીતે દુઃખમાં નિમિત્ત છે. એને આ રીતે ઉપકાર કર્યા કહેવામાં આવે છે. વસ્તુની દૃષ્ટિ થતાં એક પણ નિમિત્ત-બિમિત્ત એમાં છે નહિ. એટલે એ જ્ઞાનમાં જ્ઞેય છે એમ થઈ ગયું એને.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૭, ગુરુવાર, તા. ૩૦-૧૨-૧૯૬૫**
**ગાથા-૨૬ થી ૨૮, પ્રવચન-૯૦**

પરમાત્મપ્રકાશ, બીજા ભાગની ૨૬મી ગાથાનો છેલ્લો ભાગ છે જુઓ. આ આત્મા પોતાનું આત્મજ્ઞાન, શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા એનું અંતર્મુખ જ્ઞાન કર્યા વિના... સમજાય છે કાંઈ? આત્મા અખંડ જ્ઞાનાનંદસ્વરૂપ એનું અંતર્મુખ સ્વભાવનું જ્ઞાન કર્યા વિના અનાદિ કાળથી વિભાવમાં લીન અજ્ઞાની જીવ જે છે એ પુદ્ગલનો સંબંધ પોતે વર્તમાન કરે છે એથી એને નવા પુદ્ગલનો સંબંધ થાય છે. શું કહ્યું? જે જીવ આત્મજ્ઞાન રહિત (છે) એમ પાઠમાં છે. આ આત્મા સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનું અંતર્મુખ થઈને આત્માનું જ્ઞાન કરે એને વર્તમાન પુદ્ગલનો નિમિત્તનો સંબંધ પણ નથી કે જેથી પાછા નવા કર્મનો પુદ્ગલનો સંબંધ થાય એવું પણ નથી. પણ જે કોઈ આત્મજ્ઞાન રહિત વિભાવમાં લીન છે, પુણ્ય અને પાપના વિકલ્પના વિભાવમાં લીન છે, સ્વભાવની દૃષ્ટિમાં લીન છે એને સંબંધ નથી, જે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ એમાં જે લીન નથી અને જે પુણ્ય અને પાપના વિકલ્પ વિકારમાં લીન છે એને- અજ્ઞાનીને વ્યવહારે શરીર, વચન, મન અને શ્વાસ ચારની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ? અને એ ઉત્પત્તિમાં પુદ્ગલનું નિમિત્ત—ઉપકાર કહેવામાં આવે છે. દુઃખમાં ઉત્પત્તિનું નિમિત્ત છે ઈ, દુઃખમાં કારણ છે. સમજાણું કાંઈ? અને એ જ દુઃખમાં જાણે પુદ્ગલનો સંબંધ કર્યો એને જ આ જાતના શરીર, વાણી, મન અને શ્વાસનો સંબંધ થયો, એને ધર્મદ્રવ્ય

ઉપચારે વ્યવહારનય ગતિ સહાય છે. એ શૈલી અહીં લીધી છે. અધર્મ દ્રવ્ય એ સ્થિતિ સહાય છે. ચાર ગતિમાં પુદ્‌ગલના સંબંધના વિભાવમાં લીન થયેલો એને પુદ્‌ગલનો સંબંધ, એને દુઃખના કારણમાં પુદ્‌ગલ (નિમિત્ત) થયું અને ધર્માસ્તિ પણ ગતિમાં દુઃખનું કારણ થયું અને અધર્માસ્તિ સ્થિતિમાં દુઃખનું કારણ થયું.

'**વ્યવહારનયકર આકાશદ્રવ્ય અવકાશ** (જગહ) **દેતા હૈ,...**' એ દુઃખમાં જેને પરનો સંબંધ એને આકાશ દુઃખમાં (રહેવું એને) આકાશ અવગાહ દે છે. નરકમાં રહેવું આદિ આકાશ અવગાહ દે છે. ચાર ગતિના દુઃખમાં રહેવું એને આકાશ અવગાહ દે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ઔર કાલદ્રવ્ય શુભ-અશુભ પરિણામોંકા સહાયી હૈ.**' પુણ્ય અને પાપ, શુભ અને અશુભ ભાવ થાય એમાં કાળદ્રવ્ય નિમિત્ત છે. વિભાવમાં લીન જીવને આ દુઃખના નિમિત્ત કારણો કહેવામાં આવ્યા છે. જ્ઞાનીને એ દુઃખ નથી.

જ્ઞાની આત્મસ્વરૂપની દૃષ્ટિમાં આત્મજ્ઞાન છે એથી એને પુદ્‌ગલનો વર્તમાન સંબંધ નથી, સ્વભાવ સંબંધ છે. એથી એને શરીર, વાણી, મન, શ્વાસની ઉત્પત્તિ નથી, એને શાંતિની અંતર ઉત્પત્તિ છે. એથી ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એને (અજ્ઞાનીને) દુઃખમાં જે નિમિત્ત હતા એ આને છે નહિ. આહા..! ભારે શૈલી કરી આ. છેલ્લું કાલ આવ્યું હતું છેલ્લું. કાલ વાત હવે કીધું. સમજાણું કાંઈ?

પરમાત્મપ્રકાશની ટીકા જ એવી છે જુઓને, અને પાઠ જ એવો છે.

**૫૨) एयइँ दव्वइँ देहियहँ णिय-णिय-कज्जु जणंति।**
**चउ-गइ-दुक्ख सहंत जिय तेँ संसारु भमंति।।२६।।**

જોયું એને કીધું. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાના સ્વરૂપ સન્મુખની દૃષ્ટિ કરી અને આત્મજ્ઞાન-સમ્યગ્દર્શન, જ્ઞાન પામ્યો એને તો વર્તમાન સ્વભાવનો સંબંધ છે. એને પુદ્‌ગલનો સંબંધ નથી તેથી દુઃખ નથી, જેથી દુઃખમાં નિમિત્ત કારણ જ્ઞાનીને નથી. એને પોતાનું જ્ઞાન થતાં એ જ્ઞાનમાં નિમિત્ત કારણ થયું કે એ ચીજ છે એમ જ્ઞાનમાં જણાણું. સમજાય છે કાંઈ? વાહ! બીજી ભલે વાત કરે. કાલ આવ્યું હતું ખ્યાલમાં જરી, પણ કીધું, હવે કાલે વાત. પછી વખત થઈ ગયો હતોને. સમજાણું કાંઈ?

પ્રભુ આત્મા સચ્ચિદાનંદ મૂર્તિ આત્મા છે. સત્‌-શાશ્વત્‌ જ્ઞાન અને આનંદનું સ્વરૂપ એનું છે આત્માનું. એમાં જેની લીનતા દૃષ્ટિની, જ્ઞાનની છે એને તો કાંઈ શરીર આદિની ઉત્પત્તિ છે જ નહિ. એને તો શાંતિની જ ઉત્પત્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? થોડુંક જરીક દુઃખ રહ્યું એ પણ જ્ઞાનના જ્ઞેયમાં જાય છે. અને એને લઈને શરીરની કોઈ ઉત્પત્તિ થાય એ પણ જ્ઞાનના જ્ઞેયમાં જાય છે. અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળનું નિમિત્ત

છે એ જ્ઞાનના જ્ઞેયમાં જાય છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં (આત્માનો) પ્રેમ કેમ નથી થાતો?

ઉત્તર :- કેમ થાય? એને ખબર ક્યાં છે કે આ તે કોણ છું? જેના એક સમયમાં અત્યારે રાગ સહિત જ્ઞાન હોય તોપણ જેને અનંત અનંત ક્ષેત્રની હદ નથી એનું જ્ઞાન અત્યારે થાય છે. થાય છે કે નહિ? એક સમયનું જ્ઞાન, ભલે ઉપયોગ અસંખ્ય સમયનો છે રાગવાળો, પણ એમાં અસંખ્યમાં અનંત આકાશ અમાપ છે એની આસ્થાનું જ્ઞાન અહીંયાં થાય છે જ્ઞાનમાં. અનાદિ છું અને જીવો અનાદિ છે, અનાદિ છું, અનંત છે એવું પણ જ્ઞાનની પર્યાયમાં થાય છે, એ ત્રણ કાળ જ્ઞાનમાં સમાઈ જાય છે. આહા..હા..!

જ્ઞાનનો વર્તમાન... ધ્યાન રાખીને સાંભળવા જેવી વાત છે. એ જ્ઞાનનો જે ઉપયોગ છે રાગવાળો છતાં અસંખ્ય સમયનો ભલે હો, પણ એનો ભાગ પાડતા એક સમયમાં અનંતું જ આવી જાય છે. એ રાગના જ્ઞાનમાં પણ આકાશની અનંતતા, કાળની આદિ રહિતતા, અંત રહિતતા, અનંત દ્રવ્યો વસ્તુ છે, તેના અનંતાનંત ગુણો છે, એની અનંતી પર્યાય છે– એવો અસંખ્ય સમયના ઉપયોગના જ્ઞાનના વેપારમાં પણ એટલું ખ્યાલમાં જ્ઞાન લઈ શકે છે. સમજાણું કાંઈ આમાં? એના એક સમયના જ્ઞાનમાં એટલું બધું આવી ગયું છે. એનો રાગ કાઢી નાખો અને જ્યારે આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં પરિણમીને પૂર્ણ દશાને પ્રાપ્ત કરે, એના જ્ઞાનમાં અનંતું ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં જણાય એમાં કોઈ વિશેષતા નથી. આહા..હા..! શું કહ્યું? આ માહાત્મ્ય નથી આવતું એની વાત ચાલે છે આ.

અરે..! આવો પદાર્થ, આહા..હા..! જેનું વર્તમાન જ્ઞાન રાગવાળું હોવા છતાં, અટકેલું જ્ઞાન, અટકેલું છતાં આટલું એક ક્ષણમાં જેના ખ્યાલમાં, નિઃસંદેહ ખ્યાલમાં એનું જ્ઞાન આવે છે. સમજાય છે કાંઈ? એવા જેને રાગ વિનાની એકલી જ્ઞાનની દશા થાય એનામાં તો ત્રણ કાળ, ત્રણ લોક છે એથી અનંતગણું હોય તો જાણી શકે એવી તાકાત (છે). એવા એવા અનંતી પર્યાયરૂપ પરમાત્મદશા એના એક જ્ઞાનગુણમાં રહેલી છે. આહા..હા..! સમજાણું કાંઈ આમાં? એ જ્ઞાનગુણમાં એવી અનંતી પરમાત્મપર્યાય, સર્વજ્ઞપર્યાય આ જ્ઞાનગુણમાં રહેલી છે. એવો જ્ઞાનનો ધરનાર આત્મા એની મહિમા ન આવે ત્યાં સુધી એને પુણ્ય-પાપ અને પરની મહિમા છૂટે નહિ. સમજાણું કાંઈ? એવા એવા તો અનંત ગુણનો ધરનાર ભગવાન છે.

ભાઈ! આત્મા એટલે શું? મહા પદાર્થ મોટો પ્રભુ. એવા એક ગુણની વાત કરી એવા તો અનંત ગુણના અનંત સામર્થ્યવાળો છે. એવું જ્યાં અંતર માહાત્મ્ય આવ્યું, કહે છે કે આત્મજ્ઞાન થયું, વિકલ્પની, રાગની એકતા તૂટી,. એને પુદ્‌ગલનો સંબંધ નથી, તેને વિભાવમાં લીનતા નથી, તેને ચાર દ્રવ્યો દુઃખમાં નિમિત્ત હતા એ આને જ્ઞાનમાં, જ્ઞાનમાં નિમિત્ત રહ્યા

હવે. આહા..હા..! સમજાણું કાંઈ? પુદ્ગલો પણ જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયા. ભાઈ! એઈ..! આહા..હા..! ભારે કથન પણ શૈલીનું.

સમ્યક્ આત્મજ્ઞાન, જ્યાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ આવો આત્મા હું નિર્વિકલ્પ પૂર્ણાનંદ પ્રભુ છું એવું જ્યાં જ્ઞાન થયું, તેને હવે અનંતા પુદ્ગલો જ્ઞાનમાં પોતાને જાણતા જણાય એમાં નિમિત્તરૂપે રહ્યા. હવે કર્મ થોડું બાકી એ પણ જ્ઞાનમાં જ્ઞેયરૂપે નિમિત્ત તરીકે રહ્યું અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ પણ જ્ઞાનમાં જ્ઞેય તરીકે નિમિત્ત રહ્યા. આહા..હા..! બલિહારી રે પ્રભુ તારા જ્ઞાનની એમ કહે છે. સમજાણું કાંઈ? અને જે આત્માના જ્ઞાન વિના, જેની પુણ્ય-પાપના વિકલ્પના રાગમાં એકતા ને લીનતા છે એવા અજ્ઞાનીને પુદ્ગલનો સંબંધ લક્ષ છે માટે એને શરીર, વાણી, મન, શ્વાસનો પુદ્ગલ ઉપકાર કરે છે. એને દુઃખના નિમિત્તો જોઈએ છેને દુઃખ, દુઃખ છે. આત્માને લક્ષે દુઃખ હોઈ શકે નહિ. પરને લક્ષે દુઃખ કરે છે પોતાને કારણે. એથી એને શરીર, વચન, મન અને શ્વાસની ઉત્પત્તિ થાય છે. આહા..હા..! સમજાય છે? એનો સંબંધ '**વિભાવ પરિણામોંકે યોગસે જીવકે પુદ્ગલકા સમ્બન્ધ હૈં,...**' જુઓ! એને પુદ્ગલનો સંબંધ છે. '**ઔર પુદ્ગલકે સંબન્ધસે યે હૈં,...**' આ શરીરાદિ. ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ એના સંબંધે થાય જ્ઞાન, દર્શન અને શાંતિની ઉત્પત્તિ. એમાં શરીર, વાણી, શ્વાસ અને મનની ઉત્પત્તિ હોય નહિ. સમજાણું કાંઈ?

એથી કહે છે, '**ઇનકી સહાય પાકર યે જીવ નિશ્ચય વ્યવહારરત્નત્રયકી ભાવનાસે રહિત ભ્રષ્ટ હોતે હુએ...**' અહો..! એ બાજુના સંબંધમાં પોતાના સંબંધથી ભ્રષ્ટ થયેલો, એમ કહે છે. પુદ્ગલ અને બહારના સંબંધમાં દુઃખી થયેલો અને સ્વભાવના સંબંધથી રહિત થયેલો, એ પોતાના સ્વભાવથી ભ્રષ્ટ થયો નિશ્ચય અને વ્યવહાર સમ્યક્થી. '**ચારોં ગતિયોંકે દુઃખોંકો સહતે હુએ સંસારમેં ભટકતે હૈં,...**' સંસારમાં રખડે છે. સમજાણું કાંઈ આમાં? ઓહો..હો..! આ તો ઉપકારનો ખુલાસો કરી નાખ્યો તત્ત્વાર્થસૂત્રનો. પુદ્ગલ ઉપકાર કરે છે (એમ) આવે છેને? આહા..હા..! ભગવાને ઉપકાર કર્યો આત્માનો પોતે પોતાને. શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુ જ્યાં સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં લક્ષમાં લીધો અને આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ થયા, કહે છે કે એને સંબંધ તો રહ્યો ભગવાન આત્મા સાથે. એને પુદ્ગલ સાથે દુઃખનો સંબંધ રહ્યો નહિ, તેથી ધર્માસ્તિ આદિ પણ જે દુઃખના નિમિત્ત આ પરના સંબંધે એ પર સંબંધ હતા, એ સંબંધમાં એ સંબંધ રહ્યો નહિ એની સાથે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... બધું મટી ગયું?

ઉત્તર :- બધુ મટી ગયું અને બધું થયું.

આ ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ, અનંત ગુણનું એકરૂપ એવી અંતર દૃષ્ટિ થતાં, અંતર

જ્ઞાન થતાં, કહે છે કે હવે (જે) કાંઈ છે એ બધું જ્ઞાનમાં જ્ઞેય તરીકે રહી ગયું. આહા..હા..! સમજાણું? પણ એ આત્માના જ્ઞાન અને ભાન વિના જેની લીનતા, વિકૃતભાવ ક્ષણિક કૃત્રિમ ઉપાધિ દુઃખરૂપ ભાવ એમાં લીનતા છે એને ચાર ગતિના કારણમાં શરીર, શ્વાસ, ગતિ આદિ પુદ્‌ગલ ઉત્પન્ન કરે છે. દુઃખના નિમિત્ત તરીકે છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? દુઃખનું ઉપાદાન તો રાગમાં અને વિભાવમાં લીનતા એ એનું કારણ છે એમ કહે છે. સમજાણું આમાં?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમાં લીન નહિ, એ વિકારમાં લીન થયેલો પુણ્ય-પાપના વિભાવમાં એકાકાર થયેલો એને પુદ્‌ગલ નિમિત્ત તરીકે દુઃખમાં કારણ થયા. શરીર, વાણી અને શ્વાસ ઉપજ્યા, એનાથી કાંઈ આત્માની શાંતિ ઉપજે નહિ. આહા..હા..! વાહ! કથનની પદ્ધતિ! પરમાત્મપ્રકાશ! સમજાણું કાંઈ? એટલે કે જ્યાં ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપનો પ્રકાશ જ્યાં દૃષ્ટિમાં નથી અને પુણ્ય-પાપના ભાવમાં જેની લીનતા છે, એને આ પુદ્‌ગલ આદિ પાંચ દ્રવ્ય દુઃખમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? જેને ભગવાન આત્મા સમ્યગ્દર્શન જ્ઞાનમાં પરમાત્મપ્રકાશ પ્રતીતિનું ભાન થયું, એને પાંચે દ્રવ્યનું જ્ઞાન વર્તે છે, જ્ઞાનમાં જ્ઞાન તરીકે છે એ જ્ઞેય. આહા..હા..! સમજાણું કાંઈ? એને સહાય પામી અજ્ઞાની જીવ ચાર ગતિઓના દુઃખોને સહે છે. પરના સંબંધે સ્વભાવના સંબંધથી ભ્રષ્ટ થયેલો, એમ. સમજાય છે કાંઈ? ચાર ગતિના દુઃખને સહે અને ભટકે છે એ તાત્પર્ય છે લ્યો! ૨૬નું તાત્પર્ય. સમજાણું કાંઈ?

**'આગે પરદ્રવ્યોંકા સંબંધ નિશ્ચયનયસે દુઃખકા કારણ હૈ, ઐસા જાનકર હે જીવ શુદ્ધાત્માકો પ્રાપ્તિરૂપ મોક્ષ-માર્ગમેં સ્થિત હો, એસા કહતે હૈં—'**

**१५३) दुक्खहँ कारणु मुणिवि जिय दव्वहँ एहु सहाउ।**
**होयवि मोक्खहँ मग्गि लहु गम्मिज्जइ पर-लोउ।।२७।।**

'હે **જીવ, 'द्रव्याणां इमं स्वभावम्' પરદ્રવ્યોંકે યે સ્વભાવ...'** દેખો! **'द्रव्याणां इमं स्वभावम्'** સમજાણું? પરદ્રવ્યનો જે સ્વભાવ છેને? **'दव्वहँ एहु सहाउ' 'પરદ્રવ્યોંકે યે સ્વભાવ દુઃખકે કારણ જાનકર...'** સંબંધ દુઃખનું કારણ માટે એનો સ્વભાવ દુઃખનું કારણ જાણ. પરનો સંબંધ કરવો એ દુઃખરૂપ છે એથી પરના નિમિત્તને—પરનો સ્વભાવને દુઃખ કારણ જાણ એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્માનો સંબંધ એ આનંદનું કારણ છે. સમજાણું કાંઈ? શુદ્ધ પરમાનંદની મૂર્તિ પ્રભુ આત્મા એનો સંબંધ આનંદનું કારણ છે. આ પરદ્રવ્યના સ્વભાવો દુઃખમાં નિમિત્ત કારણ છે. દુઃખકે કારણ એટલે નિમિત્ત હોં! જાન.

**'મોક્ષકે માર્ગમેં** લગકર...' ભગવાન! કહે છે કે પરનો સંબંધ છોડ અને ભગવાન આત્મા

ચિદાનંદ એનો સંબંધ કર. એનું નામ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? '**મોક્ષકે માર્गમેં લગકર...**' વિભાવમાં લીન થયેલાને ચાર ગતિના દુઃખના કારણો મળે છે, તો હવે સંબંધ કર ભગવાન આત્માનો. શુદ્ધ જ્ઞાનમૂર્તિ જેના પ્રકાશના, આનંદ આદિના પાર ન મળે એવો સ્વભાવ એનો સંબંધ કરીને. સંબંધ કરવો એટલે જ મોક્ષનો માર્ગ થયો. આહા..હા..! અહીં સંબંધ કરવો એ જ બંધનો માર્ગ થયો. સમજાણું કાંઈ?

'**મોક્ષકે માર્ગમેં લગકર શીઘ્ર હી ઉત્કૃષ્ટ લોકરૂપ મોક્ષમેં જાના ચાહિયે.**' બે વાત. ભગવાન આત્મા એ વિકારમાં લીન થયેલો, પરના સંબંધને પામીને દુઃખી થઈ ચાર ગતિમાં રઝળે છે. એને હવે (કહે છે), ભગવાન આત્માના સ્વભાવનો સંબંધ તું કર. એ સંબંધ પરનો પણ તેં કર્યો છે. સમજાય છે કાંઈ? એવી શૈલી લીધી અહીંયા. કર્મે સંબંધ કરાવ્યો છે એમ નહિ. તેં આમ સંબંધ કર્યો છે એથી દુઃખની દશામાં લીન થયેલો છો તું. એથી એ બધા પાંચ દ્રવ્યો તને દુઃખમાં નિમિત્ત કારણ છે. તું પોતે પોતાના સ્વભાવ શુદ્ધ ચૈતન્યનો સંબંધ કર. એ સ્વભાવનો સંબંધ તે શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાએ સંબંધ થાય છે. એ સ્વભાવ શુદ્ધ ચૈતન્યનો સંબંધ એ જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. પરનો સંબંધ એ જ મિથ્યાદર્શન, અજ્ઞાન અને રાગ-દ્વેષ છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- પહલે કહે ગયે પુદ્‌ગલાદિ દ્રવ્યોંકે સહાય શરીર, વચન, મન, શ્વાસોચ્છ્‌વાસ આદિક યે સબ દુઃખકે કારણ હૈં,...**' દેખો! એ વાતને વધારે સ્પષ્ટ કરી. પહેલા જે પુદ્‌ગલો એના શરીર, વચન, શ્વાસ આદિ... એટલે ધર્માસ્તિનું ગતિ, અધર્માસ્તિ સ્થિરતા, કાળનું ... પરિણમન અનેક, આકાશમાં રહેવું એ દુઃખના કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કરવું એમાં એને હાથ આવતું નથી. પણ શું કરે છે એની એને ખબર નથી. શું કીધું? શું કરે છે એની ખબર નથી. કરે છે એ વિકારની ઉત્પત્તિ કરીને તેમાં લીનતા. આખો ભગવાન ચિદાનંદ સ્વભાવનો અનાદર કરી, વિકલ્પની ઉત્પત્તિમાં લાભ માની એટલે મિથ્યાત્વ કરી અને એમાં લીન થાય છે. આ એ કરે છે. સમજાણું કાંઈ? એ કરે છે એટલે એને પુદ્‌ગલ શરીર, શ્વાસ, વાણી આદિનો નિમિત્ત તરીકે ઉપકાર કરીને દુઃખમાં નિમિત્ત થાય છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? પણ ઊંધો રસ્તો એ કેવો એને ખ્યાલમાં લેવો જોઈએને. ઊંધાનો અર્થ એટલો કે પરને પોતાનું માનવું અને સ્વને ભૂલી જવું.

વિકલ્પ આદિ વિકાર છે તે વિભાવ છે અને પર છે તે જુદા છે, એને પોતાના માનીને વિભાવમાં લીન છું એ એની ભૂલ. આહા..હા..! એ ભૂલને ટાળવા, કહે છે, ભગવાન ચિદાનંદ સ્વરૂપ તારું છેને પૂર્ણાનંદથી ભરેલું એનો સંબંધ કર. લ્યો! એ સંબંધ કેમ થાય? કે પરના સંબંધને છોડીને જ્ઞાયક ચૈતન્યમૂર્તિ ભગવાન એના તરફની નજર નાખતા, સમ્યગ્દર્શનથી એનો-

આત્માનો સંબંધ થાય. એના તરફના સમ્યગ્જ્ઞાનથી સંબંધ થાય અને એમાં સ્થિરતાના ચારિત્રથી એનો સંબંધ થાય. એટલે સંબંધ થયો એ જ મોક્ષમાર્ગ છે. એવા મોક્ષમાર્ગમાં લાગ.

**'ક્યોંકિ વીતરાગ સદા આનંદરૂપ સ્વભાવકર ઉત્પન્ન જો અતીન્દ્રિય સુખ...'** આત્મા વીતરાગ-રાગ વિનાનો સદા આનંદરૂપ સ્વભાવ એનાથી ઉત્પન્ન અતીન્દ્રિય સુખ. આ પર્યાયની વાત લે છે હોં! અતીન્દ્રિય વીતરાગ આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. વિકલ્પ નામ પુણ્ય-પાપના રાગ વિનાનો આત્માનું આનંદ સ્વરૂપ ત્રિકાળ છે. એવા સ્વભાવથી ઉત્પન્ન થયેલું અતીન્દ્રિય સુખ, વર્તમાન. **'ઉસસે વિપરીત (વર્તમાન) આકુલતાકે ઉપજાનેવાલે હૈં,...'** સમજાય છે કાંઈ? કોણ? આ દુઃખના કારણો બધા. **'પહલે કહે ગયે પુદ્‌ગલાદિ દ્રવ્યોંકે સહાય શરીર, વચન, મન, શ્વાસોચ્છ્‌વાસ આદિક યે સબ દુઃખકે કારણ હૈં, ક્યોંકિ વીતરાગ સદા આનંદરૂપ સ્વભાવકર ઉત્પન્ન જો અતીન્દ્રિય સુખ ઉસસે વિપરીત આકુલતાકે ઉપજાનેવાલે હૈં,...'** સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા વીતરાગી પરમાનંદની મૂર્તિ આત્મા છે. વસ્તુ... વસ્તુ... વસ્તુ... હોં! આત્મા વસ્તુ. સર્વજ્ઞ વીતરાગ, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ ફરમાવે છે કે હે આત્મા! આત્મા એટલે શું? તું એટલે કોણ? કે વીતરાગી પરમાનંદની મૂર્તિ એટલે આત્મા. ભારે વાત ભાઈ! અહીં તો કોડી કોડીનો ભિખારી થઈને ફરે છેને. રાંકો થઈને રઝળે છે. કહે છે, ભગવાન! પણ તું પોતે વીતરાગ સદા આનંદ. જોયું! ચારિત્ર રાગરહિત તો ઠીક, પણ સદા આનંદરૂપ તું છો. આહા..હા..! એવો સ્વભાવ એ તારું સ્વરૂપ છે એવું. એવો તું છો એવો અનાદિથી. કેમ બેસે એને? અને એના સંબંધે તો ઉત્પન્ન થયેલું અતીન્દ્રિય સુખ છે. એના સંબંધમાં તો અતીન્દ્રિય સુખ ઉત્પન્ન થાય. મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય એટલે અતીન્દ્રિય સુખ ઉત્પન્ન થાય. સમજાય છે કાંઈ? એનાથી ઉલટા આકુળતાના ઉપજાવવાવાળા વિભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ આકુળતાના ઉપજાવવાળા વિભાવ અને એમાં કારણો પુદ્‌ગલ આદિ આકુળતાના ઉપજાવવાવાળા છે. એના સંબંધમાં તો આકુળતા ઉપજે છે. ભગવાન આનંદના સંબંધમાં અતીન્દ્રિય આનંદ ઉપજે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

**'ઐસા જાનકર...'** એ પાંચ પદાર્થ દુઃખના નિમિત્ત કારણ છે. તું દુઃખ ઉત્પન્ન કરે છો તેમાં એ નિમિત્તકારણો છે એમ જાણીને. **'હે જીવ, તૂ ભેદાભેદ રત્નત્રયસ્વરૂપ મોક્ષકે માર્ગમેં લગકર...'** તું હવે આત્મા સ્વરૂપ અખંડ અભેદ છે, વીતરાગ સ્થિર અને આનંદસ્વરૂપ ત્રિકાળ શાશ્વત્ છે એની અંદર સંબંધ કર એનો. એમાં દૃષ્ટિ લગાવ, એનું કર જ્ઞાન, એમાં થા સ્થિર. એ અભેદ રત્નત્રય નિશ્ચયમોક્ષમાર્ગ કહેવાય છે. સમજાણું કાંઈ? બહુ વાત મોટી લાગે. જમુભાઈ! આહા..હા..! કહે છે કે ભાઈ! તારું ડાકલું આમ વાગે તો દુઃખમાં નિમિત્ત

થાય. તારી દશા સ્વભાવને સંબંધ કરે તો એ બધા જ્ઞાનમાં, જ્ઞાનમાં નિમિત્ત કારણ કહેવાય. આ વાત છે અનાદિની કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરમાત્માકા અનુભવ...**' મોક્ષ કહે છે. માર્ગ અને ફળ બે ભેગું (કહે છે). તારો સંબંધ જો ભગવાન આત્મા તું છોને પૂર્ણાનંદથી ભરેલો એનો સંબંધ (કર તો સુખ થાય અને પરનો સંબંધ કર) તો તને દુઃખ થાય, દુઃખમાં એ નિમિત્ત કારણો કહેવાય. એને છોડીને ભગવાન પૂર્ણાનંદ પ્રભુનો સંબંધ કર તો એનાથી અનાકુળ આનંદની ઉત્પત્તિ થાય, એને અભેદ રત્નત્રય માર્ગ કહેવામાં આવે છે. આહા..હા..! એ શુદ્ધ સ્વભાવની પ્રતીતિમાં આનંદનું આવવું, શુદ્ધ સમ્યગ્દર્શન આત્માના જ્ઞાનમાં આનંદનું આવવું, એમાં સ્થિરતામાં આનંદનું આવવું-એવો સ્વભાવ સંબંધ કરીને અભેદ મોક્ષના માર્ગમાં લીન થા. ભેદ રત્નત્રયની વાત કરી. જોડે એવો વિકલ્પ વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્ર આવા સાચા હોય અને છ દ્રવ્ય હોય એની વ્યવહારુ શ્રદ્ધાનો વિકલ્પ હોય છે. એ સાથે પ્રમાણજ્ઞાન કરાવ્યું. એમ જો કર તો તને પરમાત્માનો અનુભવ, પૂર્ણ સ્વરૂપનું અવલોકન તને થશે. ભગવાન પરમાત્મા પોતે થશે. જ્ઞાનની પર્યાયમાં કેવળજ્ઞાનમાં પોતે પોતાને અવલોકશે. સમજાણું કાંઈ?

'**પરમાત્માકા અનુભવ પરમસમરસીભાવસે પરિણમનરૂપ...**' કેવો (છે) પરમાત્માનો અનુભવ? પરમસમરસી, પરમ વીતરાગભાવ એવું જે પરિણમન, એ રૂપી મોક્ષ. સમજાય છે કાંઈ? વીતરાગ સ્વભાવનો સદા આનંદરૂપ પ્રભુ આત્મા એના સંબંધે ઉત્પન્ન થયેલો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અનાકુળ આનંદની પર્યાય, એનાથી પૂર્ણ પ્રગટ થયેલો સમરસી-સમભાવરૂપ વીતરાગી ભાવ... સમજાણું? એને મોક્ષ કહેવામાં આવે છે. '**પરમસમરસીભાવસે પરિણમનરૂપ મોક્ષ...**' દેખો! વાહ! શું કહ્યું સમજાણું? પરમસમરસીભાવ એવો વીતરાગ આત્મા એના અંતરમાં એકાગ્ર થઈને જે વીતરાગી પરિણતિ ઉત્પન્ન કરવી એ અલ્પ સમરસી પરિણતિ છે મોક્ષમાર્ગ. પૂર્ણ મોક્ષસ્વરૂપ તે પરમસમરસીભાવની પરિણતિ તે મોક્ષ છે. સમજાણું કાંઈ?

'**પરમાત્માકા અનુભવ...**' એટલે '**પરમસમરસીભાવસે પરિણમનરૂપ મોક્ષ...**' એમ. એ પરમાત્માનો અનુભવ. બહુ જ ટૂંકી ભાષામાં બહુ જ વસ્તુનું સ્વરૂપ (વર્ણવે છે). સમજાણું કાંઈ? આમ પરના સંબંધે દુઃખી થઈને ચાર ગતિમાં રહ્યો. પુદ્ગલે ઉપકાર કર્યો દુઃખમાં, (જોડે) ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળે. આહા..હા..! તું જ પોતાના પરમાનંદ સ્વભાવની અંતરમાં દૃષ્ટિથી સંબંધ કર, જ્ઞાનથી સંબંધ કર તો જેવો પરમસમરસી સદા આનંદમય મૂર્તિ પ્રભુ આત્મા છે તો એના સંબંધે શાંતરસરૂપી પરિણમનરૂપી મોક્ષના માર્ગની પર્યાય પ્રગટ થશે. એનાથી પરમસમરસીભાવરૂપી પરિણમનરૂપ મોક્ષ તને પ્રગટ થશે. આહા..હા..!

સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- છે જ ક્યાં ઉકળાટ? ઉકળાટ તો તેં સંબંધ કર્યો માટે ઉકળાટ ઊભો કર્યો છે એમ કહે છે. વસ્તુમાં નથી, વસ્તુમાં નથી. ઉકળાટ અને દુઃખ વસ્તુનો કોઈ ગુણ નથી આત્મામાં. આહા..હા..! શું કહે છે? ભગવાન આત્મામાં કોઈ દુઃખ થવાનો ગુણ નથી. એની વર્તમાન દશામાં પરના સંબંધે અજ્ઞાન અને દુઃખની ઉત્પત્તિ પર્યાયમાં કરે છે. જુગરાજજી! આહા..હા..! જુઓ!

કહે છે, પરમાનંદથી ભરેલો પ્રભુ એનો તું આદર ન કર અને પુદ્‌ગલના સંબંધના સંગમાં તને પ્રેમ થાય એટલે મિથ્યાત્વભાવ અને આકુળતા જ ઉત્પન્ન થાય. એના દુઃખમાં પછી આ બધી શરીર, વાણી, શ્વાસની ઉત્પત્તિ (થઈ). પુદ્‌ગલે ઉપકાર કર્યો તને, લે. આ એક ગતિમાંથી બીજી ગતિમાં જાવું એમાં ધર્માસ્તિએ તને ઉપકાર કર્યો નિમિત્ત તરીકે દુઃખમાં. ઠર્યો જ્યાં દુઃખમાં કોઈ ગતિમાં અમુક કાળ ત્યાં અધર્માસ્તિએ તને દુઃખમાં મદદ કરી. આકાશે તને રહેવામાં, દુઃખી થઈને રહેવામાં મદદ કરી છે. કાળ એ શુભાશુભ પરિણામ થવામાં, -પરિણમવામાં નિમિત્ત થયું, દુઃખમાં પરિણમવામાં નિમિત્ત. વાહ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પહેલા નહોતું વંચાણું. વાત સાચી. પહેલું .. કહો, સમજાણું કાંઈ? ...

ભગવાન! તારા પૂર્ણ પરિણમનમાં જાને. પૂર્ણ સ્વભાવના સંબંધમાં આવી જા તો પૂર્ણ પરિણમનમાં જાઈશ, જાઈશ ને જાઈશ એમ કહે છે. સમજાણું કાંઈ? અને પુદ્‌ગલના સંબંધમાં લીન થઈને રહ્યો તો ઉત્કૃષ્ટ સ્થાન નિગોદ છે ત્યાં જાઈશ. આહા..હા..! ઘણી દશા ત્યાં હીણી અને દુઃખ અપાર છે. નારકીનું દુઃખ તો સંયોગથી મપાય એમ કહેવાની વાત છે. આને તો જ્યાં અંતર પર્યાય હીણી... હીણી... હીણી... હીણી... થઈ ગઈ. એના તો નરક કરતા પણ એના દુઃખ તો અનંત છે નિગોદમાં. પુદ્‌ગલના સંબંધમાં ઘણો જ લીન થયેલાનું પરિણામ આખરનું નિગોદની દશાના દુઃખનું સ્થાન છે. ભગવાન આત્મા પૂર્ણાનંદના દૃષ્ટિમાં લીન થયેલાનું પરિણામ ઉત્કૃષ્ટ પરમસમરસી આનંદના પરિણમનરૂપે મોક્ષ દશા છે. સમજાણું કાંઈ? લ્યો! ૨૭ કીધી.

**'આગે વ્યવહારનયસે મૈંને યે જીવાદિ દ્રવ્યોંકે શ્રદ્ધાનરૂપકો સમ્યગ્દર્શન કહા હૈ,...'** આ બધી ભેદની વાતું કરીને છ દ્રવ્ય ને એ બધી? પછી એનો વિસ્તાર કરવા માગે છે. **'અબ સમ્યગ્જ્ઞાન ઔર સમ્યક્ચારિત્રકો હે પ્રભાકરભટ્ટ; તૂ સુન,...'** આચાર્યને એ કહેવું છે કે હવે હું જ્ઞાન અને ચારિત્રની વાત કરીશ. **'ઐસા મનમેં રખકર યહ દોહાસૂત્ર**

કહતે હૈં -' પછી ટીકામાં બે શ્લોક બીજા મૂકે છે.

૧૫૪) णियमैं कहियउ एहु मइँ ववहारेण वि दिट्ठि।
एवहिँ णाणु चरित्तु सुणि जैँ पावहि परमेट्ठि।।२८।।

સાંભળ! તું પામીશ પરમેષ્ઠીપદ. લ્યો! સાંભળ કહે છે હોં એને.

'**હે પ્રભાકરભટ્ટ, મૈંને વ્યવહારનયસે તુઝકો યે સમ્યગ્દર્શનકા સ્વરૂપ કહા,...**' સમ્યગ્દર્શનમાં છ દ્રવ્યનું, ગુણ, એના પર્યાયના અસંખ્યપ્રદેશ આ વગેરે થાય એ બધા ભેદ (કહ્યા). '**અચ્છી તરહ કહા, અબ તૂં જ્ઞાન ઔર ચારિત્રકો સુન, જિસકે ધારણ કરનેસે સિદ્ધપરમેષ્ઠીકે પદકો પાવેગા.** '

'**ભાવાર્થ :- વ્યવહારસમ્યક્ત્વકે કારણભૂત છહ દ્રવ્યોંકા સાંગોપાંગ વ્યાખ્યાન કરતે હૈં...**' હવે ટીકાકાર એનો વિસ્તાર કરે છે બીજેથી શ્લોક મૂકીને. શ્લોક છે અંદર એ. આ છેને બધે ઠેકાણે, એ તો શ્વેતાંબરમાં આવે છે. ઘણા વર્ષોથી એ તો જોયેલા છે. પહેલેથી થોકડામાં આવે છે પહેલેથી.

'**છહ દ્રવ્યોંમેં વિભાવપરિણામકે પરિણમનેવાલે જીવ ઔર પુદ્ગલ દો હી હૈં,...**' હવે વિસ્તારથી સમજાવે છે. આ છ દ્રવ્ય છેને જગતમાં? અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ. ભગવાન કેવળજ્ઞાનીએ છ દ્રવ્ય જોયા છે. પરમાત્મા પરમેશ્વરે છ દ્રવ્ય જોયા છે કેવળીએ. એ છ દ્રવ્યમાં... છ દ્રવ્ય સંખ્યાએ નહિ, જાતિએ. સંખ્યાએ અનંત. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાલાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ. એમ અનંત જોયા, જાતિ તરીકે છ. એવા છ દ્રવ્યમાં વિભાવ પરિણામમાં પરિણમનારા જીવ અને પુદ્ગલ બે. વિકારીપણે પરિણમનારા હોય તો જીવ અને પરમાણુ બે. ઓલા ચાર વિકારપણે પરિણમતા નથી. આ જ્ઞાન કરાવે છે વધારે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એને વિકારનું પરિણમન (અને) વિભાવવ્યંજનપર્યાય નથી. સમજાય છે આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ્ઞાન, ચારિત્ર શરૂ નથી થયું. એ પછી કહેશે. હજી આ પહેલા કહ્યું એનો વિસ્તાર કહે છે. એ તો કહ્યું માથે. પછી લેશે. સમજાણું કાંઈ?

'**લેકિન જીવ પુદ્ગલકી તરહ વિભાવવ્યંજનપર્યાયકે અભાવસે વિભાવપરિણમન નહીં હૈ,...**' શેમાં? ચારમાં. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એમાં વિભાવવ્યંજનપર્યાયનો અભાવ છે, આકૃતિ વિકાર નથી એને. '**વિભાવપરિણમન નહીં હૈ, ઈસલિયે મુખ્યતાસે પરિણામી દો દ્રવ્ય હી કહે હૈં,...**' પરિણામી તો છએ છે, પણ વિભાવ પરિણમન

ચારમાં નથી એટલે પરિણામી નથી એમ ચારમાં કહેવામાં આવે છે. અને જીવ અને પુદ્‌ગલ વિકારપણે પરિણમે માટે તેને પરિણામી કહ્યા છે. પરિણામી તો બધા છે. પરિણમન વિના કોઈ દ્રવ્ય હોય નહિ. પણ વિકારના પરિણામની મુખ્યતાથી વર્ણન કરતા જીવ અને પુદ્‌ગલ જ બે વિભાવપણે પરિણમે છે માટે પરિણામી કહ્યા છે. ચાર દ્રવ્યને અપરિણામી કહ્યા છે, ઓલા વિકારના પરિણમની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આ તો થોકડામાં આવે છે. શ્વેતાંબરના થોકડામાં પહેલા ગાથા થોકડામાં શ્લોક આવે છે.

મુમુક્ષુ :- થોકડાઓ કોણ ભણે?

ઉત્તર :- તમે ભણ્યા નથી?

**'શુદ્ધનિશ્ચયનયકર શુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવ જો શુદ્ધ ચૈતન્યપ્રાણ ઉનસે જીતા હૈ,...'** કહે છે ખરેખર જીવ... હવે જીવની વ્યાખ્યા કરે છે. ખરેખર તો ભગવાન આત્મા શુદ્ધ નિશ્ચયથી શુદ્ધ જ્ઞાન, દર્શન સ્વભાવ એવા ચૈતન્યપ્રાણ, ચૈતન્યના પ્રાણથી પોતે ત્રિકાળ જીવવું એ તો એનું ખરું જીવન છે. સમજાણું? શુદ્ધ ચૈતન્ય દર્શન-જ્ઞાન સ્વભાવ પ્રાણ, ભાવપ્રાણ વીતરાગી ભાવપ્રાણ એનાથી જીવવું એ તો એનો ચૈતન્ય શુદ્ધ ચૈતન્યપ્રાણ છે. સમજાણું? એ તો એવા **'પ્રાણ ઉનસે જીતા હૈ, જીવેગા, પહલે જી ચુકા,...'** એવા જ પ્રાણ ચૈતન્ય શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણથી અનંત કાળનો છે, અત્યારે છે અને ભવિષ્યમાં પણ રહેશે. અંતર વસ્તુ તો એવી જ છે અંદર. હાય..હાય..! ઔર વ્યવહારનયકર ઇન્દ્રિય પાંચ. એટલે સમુચ્ચય લીધું. ચાર લેવી છેને? બળ મન, વચન અને કાયાનું બળ, આયુષ્ય અને શ્વાસ એ દ્રવ્યપ્રાણ ઉપર જીવે છે. ચાર દ્રવ્યપ્રાણ જે શરીર આદિ એનાથી **'જીતા હૈ, જીવેગા, પહલે જી ચુકા, ઈસલિયે જીવકો હી જીવ કહા ગયા હૈ,...'** વ્યવહારથી આને જીવ કહેવાય, નિશ્ચયથી પોતાના ચૈતન્ય ભાવપ્રાણે જીવે તેને ખરો જીવ કહેવાય.

**'અન્ય પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્ય અજીવ હૈં,...'** એ આત્મા સિવાય નિશ્ચય અને વ્યવહાર જીવ આ છે, બીજા બધા અજીવ છે. પરમાણુ એ અજીવ, કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એ અજીવ છે. સમજાણું કાંઈ? **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાલી મૂર્તિ સહિત મૂર્તિક એક પુદ્‌ગલદ્રવ્ય હી હૈ,...'** આ પુદ્‌ગલ શરીર, કર્મ, વાણી, દાળ, ભાત, શાક આ બધા જગતના જડ એ રંગ, રસ, ગંધવાળી મૂર્તિ સહિત પુદ્‌ગલદ્રવ્ય છે. આ શરીરમાં, વાણીમાં આ દેખાય એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ સહિત ભર્યા પડ્યા મૂર્ત છે. એ એક જ પુદ્‌ગલ મૂર્તિક છે જગતમાં. **'અન્ય પાંચ અમૂર્તિક હૈં.'** ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એ અજીવ અમૂર્તિક, જીવ (એ) જીવ અમૂર્તિક. સમજાણું કાંઈ? ક્યાં પણ આમાં દરકાર જ ન મળે એને પછી યાદ શી રીતે રહે? એય..! કાન્તિભાઈ! સંચાના એક એક સળીયાની

ખબર હોય એને.

આ દુનિયામાં શું છે તારા સમ્યગ્દર્શનનો વિષય? સમજાય છે? છ દ્રવ્ય કેવા? કઈ રીતે છે? નિશ્ચય તો આત્મા અખંડ આનંદકંદ એ સમ્યગ્દર્શનનું કારણ અને વિષય છે. સમજાણું કાંઈ? આવ્યુંને. સમ્યક્નું કારણ (એવા) છ દ્રવ્યનું સાંગોપાંગ વ્યાખ્યાન કરશું. કીધુંને? આ બધું એણે જાણીને માનવું જોઈએ. અન્યમતિ સર્વજ્ઞ વીતરાગ સિવાય જે કહેતા હોય એનો માર્ગ સાચો નથી. વ્યવહારનો પણ માર્ગ એનો સાચો નથી. એક સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ જેને ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન છે એમણે નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય શું? વ્યવહારનો વિષય જે યથાર્થ જોયો છે તે ભગવાને કહ્યો છે. સમજાણું કાંઈ?

'**ઉનમેંસે ધર્મ, અધર્મ, આકાશ, કાલ યે ચારોં તો અમૂર્તિક હૈં,...**' અને પુદ્ગલ મૂર્તિક છે. '**તથા જીવદ્રવ્ય અનુપચરિત-અસદ્ભૂતવ્યવહારનયકર મૂર્તિક ભી કહા જાતા હૈ,...**' એ અપેક્ષાથી. શરીરનો સંબંધ છેને એ અપેક્ષાએ કર્મના સંબંધે, સંબંધ નજીક છે માટે અનુપચરિત. જૂઠા વ્યવહારનયથી મૂર્તિક કહેવામાં આવે છે. '**ક્યોંકિ શરીરકો ધારણ કર રહા હૈ,...**' શરીરને ધારણ કર્યું છેને. રાખ્યું આમ. ધારણ એટલે નિમિત્તપણે છે એમ. શરીરને નિમિત્તપણે છેને આ? ભગવાન જુદો અને આ નિમિત્તપણે આ લોચા જોડે છે. એથી એને મૂળ તો સંબંધવાળી નયે, જૂઠી નયે કહેવામાં આવે છે.

'**તો ભી શુદ્ધનિશ્ચયનયકર અમૂર્તિક હી હૈ,...**' શુદ્ધ નિશ્ચયથી તો ભગવાન રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. એ પહેલા આવી ગયું હતું. કર્મ રહિત અમૂર્તિક છે અને વિકાર રહિત શુદ્ધ છે. આવ્યું હતું કે નહિ? કર્મ અને પુદ્ગલ રહિત ભગવાન આત્મા અમૂર્ત જ છે અને પુણ્ય-પાપના સંકલ્પ, વિકલ્પના મેલ રહિત છે માટે શુદ્ધ છે. એને આત્મા કહીએ. એની આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર કરવા એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ કહેવાય છે. બહુ વાત પણ ભાઈ!

'**લોકપ્રમાણ અસંખ્યાતપ્રદેશી જીવદ્રવ્યકા આદિ લેકર પાંચ દ્રવ્ય પંચાસ્તિકાય હૈં,...**' એક કાળ સિવાય. છ દ્રવ્ય છેને? એ બધાને પ્રદેશો છે. '**ઔર કાલદ્રવ્ય બહુપ્રદેશ સ્વભાવકાયપના ન હોનેસે અપ્રદેશી હૈ, ધર્મ, અધર્મ, આકાશ યે તીન દ્રવ્ય એક એક હૈં,...**' અને ધર્મ, અધર્મના પ્રદેશ અસંખ્ય છે અને આકાશના અનંત છે. '**ઔર જીવ, પુદ્ગલ, કાલ યે તીનોં અનેક હૈં.**' જીવ પણ અનંત છે, પુદ્ગલ પણ અનંત અને કાળ અસંખ્ય છે, એ અનેકમાં સમાઈ જાય છે બધું. '**જીવ તો અનંત હૈં, પુદ્ગલ અનંતાનંત હૈં, કાલ અસંખ્યાત હૈં, સબ દ્રવ્યોંકો અવકાશ દેનેમેં સમર્થ એક આકાશ હી હૈ, ઈસલિયે આકાશ ક્ષેત્ર કહા ગયા હૈ, બાકી પાંચ દ્રવ્ય અક્ષેત્રી હૈં,...**' આકાશ તે

આમ ક્ષેત્ર છે અને એમાં રહેનારા પાંચ છે એટલે અક્ષેત્ર છે.

**'એક ક્ષેત્રસે દૂસરે ક્ષેત્રમેં ગમન કરના, વહ ચલન હલનવતી ક્રિયા કહી ગઈ હૈ,...'** એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં આમ ચાલેને આ જીવ અને પુદ્ગલ આમ ક્રિયા? **'યહ ક્રિયા જીવ પુદ્ગલ દોનોંકે હી હૈ,...'** ચારમાં નથી. **'ઔર ધર્મ, અધર્મ, આકાશ, કાલ યે ચાર દ્રવ્ય નિષ્ક્રિય હૈં,...'** જ્યાં છે ત્યાં પડ્યા છે એમને એમ અનાદિ... અનાદિ... અનાદિ... **'જીવોંમેં ભી સંસારી જીવ હલન-ચલનવાલે હૈં,...'** જીવમાં બધા કાંઈ સક્રિય નથી એમ કહે છે. જીવમાં પણ સંસારીજીવ ગતિ કરે તે હલન-ચલન છે. **'ઈસલિયે ક્રિયાવંત હૈં, ઔર સિદ્ધપરમેષ્ઠી નિઃક્રિય હૈં,...'** અનંતા સિદ્ધ બિરાજે છે તે નિષ્ક્રિય એમને એમ સ્થિર છે ત્યાં. લોકાગ્રે પરમાનંદમાં (સ્થિર છે). ઓહો..હો..! આવું એનું સ્વરૂપ છે એને વ્યવહાર સમકિતમાં શ્રદ્ધવું જોઈએ, માનવું જોઈએ, જાણવું જોઈએ.

**'દ્રવ્યાર્થિકનયસે વિચારા જાવે તો સભી દ્રવ્ય નિત્ય હૈં,...'** વસ્તુથી જોઈએ તો છએ દ્રવ્ય કાયમ રહેનારા નિત્ય... નિત્ય... નિત્ય... છે. **'અર્થપર્યાય જો ષટ્ગુણી હાનિવૃદ્ધિરૂપ સ્વભાવપર્યાય હૈ, ઉસકી અપેક્ષા સબ હી અનિત્ય હૈં,...'** છએ દ્રવ્યમાં સમયે સમયે ષટ્ગુણી હાનિવૃદ્ધિ થાય છે એ અપેક્ષાએ દરેક દ્રવ્ય અનિત્ય કહેવામાં આવે છે. **'તો ભી વિભાવવ્યંજનપર્યાય જીવ ઔર પુદ્ગલ ઈન દોનોંકી હૈ, ઈસલિયે ઈન દોનોંકો હી અનિત્ય કહા હૈ,...'** આ અપેક્ષા અનિત્ય કહ્યું એમ. ઓલી અપેક્ષાએ તો છે બધા. પણ જીવ ને પુદ્ગલમાં વિકારી વ્યંજનપર્યાય થાય છે એ માટે બેને વિકારી પર્યાયની અપેક્ષાએ અનિત્ય કહ્યા. વિકારી પર્યાયની અપેક્ષાએ ઓલાને પરિણામી કહ્યા હતા, ઓલાના અપરિણામી કહ્યા હતા. અહીં વિકારી પર્યાયની અપેક્ષાએ એને અનિત્ય કહેવાય છે. બીજા વિકારી પર્યાયની અપેક્ષાએ નિત્ય નથી. ષટ્ગુણ હાનિવૃદ્ધિની અપેક્ષાએ અનિત્ય છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. આ તો થોકડામાં છોકરાઓને ભણાવવાની આવી છે વાત તો. સમજાણું કાંઈ? શીખ્યા હતા કે નહિ પહેલા કાંઈ? શીખશે. પણ આ થોકડો ચાલતો હતો જૈનશાળામાં.

**'અન્ય ચાર દ્રવ્ય વિભાવકે અભાવસે નિત્ય હી હૈં,...'** જીવ અને પુદ્ગલ સિવાય ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એમાં વિકાર નથી. એ અપેક્ષાએ તેને નિત્ય કહેવામાં આવે છે. પર્યાયની અપેક્ષાએ તો અનિત્ય છે, પણ વિભાવ નથી માટે નિત્ય કહેવામાં આવે છે. કેટલું યાદ રાખવું આમાં? ઘરમાં માલ કેટલો એ બધો એને ખ્યાલ હોય. કેટલા ભાવે આવ્યો, કેટલો ભાવ અત્યારે દુનિયામાં વર્તે છે અને કેટલા ભાવે નવો માલ આવ્યો-એ બધી એને ખબર હોય. ત્રિપટ્ટી.

મુમુક્ષુ :- ગ્રાહકે ગ્રાહકની ખબર હોય.

ઉત્તર :- બધી ખબર હોય. આ ઘરાક આ લઈ ગયો ને આ ઘરાક આ લઈ ગયો, આટલું લેણું ને આટલું દેણું. ફલાણું-ફલાણું. પ્રેમ છેને. આ વસ્તુ છે એ ભાઈ! આત્માના નિશ્ચય સમ્યગ્દર્શનના વિષય કાળમાં વિકલ્પ આવો હોય છે વ્યવહારુ, એમાં આવું એને છ દ્રવ્યનું જ્ઞાન ને શ્રદ્ધા હોય છે. વીતરાગમાર્ગમાં આવું સ્વરૂપ છે એવી એને શ્રદ્ધા, જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? બીજી રીતે નહિતર આડો-અવળો ચડી જશે. એક જ આત્મા માનનાર અને આમ કરે, તો એને નિશ્ચય હાથ નહિ આવે અને વ્યવહાર તો છે જ નહિ. સમજાણું કાંઈ?

'**ચાર નિત્ય હૈં, દો અનિત્ય હૈં, તથા દ્રવ્યકર સબ હી નિત્ય હૈં,...**' વસ્તુ જોઈએ તો બધી નિત્ય જ છે. '**કોઈ ભી દ્રવ્ય વિનશ્વર નહીં હૈ,...**' કોઈ પણ દ્રવ્ય કાંઈ નાશવાન નથી. '**જીવકો પાંચોં હી દ્રવ્ય કારણરૂપ હૈં,...**' હવે આવ્યું આ દુઃખનું. એને લેવું હતું ત્યાંથી ઉપાડ્યું હતું. જીવને પાંચે પદાર્થ કારણરૂપ છે. '**પુદ્‌ગલ તો શરીરાદિકકા કારણ હૈ, ધર્મ-અધર્મદ્રવ્ય ગતિ સ્થિતિકે કારણ હૈં, આકાશદ્રવ્ય અવકાશ દેનેકા કારણ હૈ, ઔર કાલ વર્તનાકા સહાયી હૈ. યે પાંચોં દ્રવ્ય જીવકો કારણ હૈં, ઔર જીવ ઉનકો કારણ નહીં હૈ.**' જીવ એને કારણ નથી. જીવ તો એનો જાણનાર છે. સમજાય છે? '**યદ્યપિ જીવદ્રવ્ય અન્ય જીવોંકો ગુરુ શિષ્યાદિરૂપ પરસ્પર ઉપકાર કરતા હૈ,...**' નિમિત્ત. જીવ ગુરુ-શિષ્યમાં પરસ્પર નિમિત્તરૂપે કહેવાય છે, ઉપકારરૂપે. '**તો ભી પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોંકો અકારણ હૈ,...**' પણ આત્મા બીજા પુદ્‌ગલ આદિ પાંચ દ્રવ્ય માટે કારણ નથી. ગુરુ શિષ્યમાં નિમિત્ત-નિમિત્તથી ઉપકાર કહેવાય. પાંચ દ્રવ્યમાં તો નથી. '**ઔર યે પાંચોં કારણ હૈં,...**' સમજાય છે?

મુમુક્ષુ :- પાંચેય પર્યાય પ્રસિદ્ધ કરે છે.

ઉત્તર :- એ તો જાણવાની પ્રસિદ્ધ કરે છે, જાણવાની પ્રસિદ્ધિ કરે છે, પણ વસ્તુ એને પોતાને જીવને કારણ થાય છે. જીવ એને કારણ થતો નથી. અહીં જુઓને પહેલી વાત કરીને. દુઃખમાં નિમિત્તરૂપે થાય છે અથવા જ્ઞાનમાં નિમિત્તરૂપે હોય છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધ પારિણામિક...**' પરમ સ્વરૂપ ભગવાન આત્મા, શુદ્ધ પારિણામિક એટલે સ્વતઃ સ્વભાવ પરમભાવ ત્રિકાળી એને ગ્રહનારી જે '**શુદ્ધદ્રવ્યાર્થિકનયકર યહ જીવ યદ્યપિ બંધ, મોક્ષ, પુણ્ય, પાપકા કર્તા નહીં હૈ,...**' શું કીધું? ભગવાન આત્મા એકરૂપ પરમ સ્વભાવરૂપ ત્રિકાળ પરમપારિણામિકભાવ સ્વભાવરૂપ. એકરૂપ પરમસ્વભાવભાવરૂપ એવી દૃષ્ટિથી જોઈએ તો ભગવાન આત્મા બંધનો પણ કર્તા નથી, મોક્ષનો પણ કર્તા નથી. કારણ કે બધી પર્યાય છે. એકરૂપ ત્રિકાળી ભાવ... ભાવ... ભાવ... ભાવ... પારિણામિકભાવ. દ્રવ્યરૂપ કૂટસ્થ

નિત્યભાવ, ધ્રુવભાવ. ભગવાન આત્માનો પારિણામિક પરમસ્વભાવભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, અનાદિઅનંત ભાવ. એ દૃષ્ટિએ જોઈએ તો વિકાર અને બંધનો પણ કર્તા નથી, મોક્ષનો પણ કર્તા નથી. કારણ કે મોક્ષ તો પર્યાય છે. ત્રિકાળ ભાવ કર્તા નથી. પુણ્ય-પાપનો પણ કર્તા નથી, પુણ્ય-પાપના વિકલ્પની પર્યાયનો કર્તા નથી.

'**તો ભી અશુદ્ધનિશ્ચયનયકર શુભ-અશુભ ઉપયોગસે પરિણત હુઆ...**' પણ અશુદ્ધ નિશ્ચયથી શુભ ને અશુભ પુણ્ય-પાપના પરિણમેલો જીવ '**પુણ્ય-પાપકે બંધકા કર્તા હોતા હૈ,...**' એ શુભાશુભભાવનો કર્તા અને એ અટક્યો વિકાર એટલો બંધનો કર્તા છે. ભાવબંધની વાત છેને. અશુદ્ધનિશ્ચય. ઘણું આવ્યું પણ આમાં તો. અશુદ્ધ નિશ્ચયનયકર શુભ-અશુભ પરિણામ થાય છેને? એનો કર્તા અજ્ઞાની છે. પુણ્ય-પાપનો બંધનો કર્તા છે. '**ઔર ઉનકે ફલકા ભોક્તા હોતા હૈ,...**' લ્યો! અશુદ્ધ નિશ્ચયથી. પોતાના વિકારી ભાવનો પોતે ભોક્તા, પોતે ભોક્તા છે. પરને ભોગતો નથી. પોતાના વિકારી પરિણામને કરે અને વિકારી પરિણામને ભોગવે. એવી પર્યાય અશુદ્ધ નિશ્ચયથી (છે). અશુદ્ધ કેમ કીધું? કે એનો પર્યાય છે માટે. પરને લઈને... પરને લઈને નહિ. પોતાના જ અશુદ્ધભાવ કરે અને અશુદ્ધભાવને ભોગવે પોતાની પર્યાયને. ત્રિકાળ ભાવની અપેક્ષાએ તો એ પર્યાયમાં એમાં હોવું છે નહિ.

'**તથા વિશુદ્ધ જ્ઞાન દર્શનરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્યકા શ્રદ્ધાન...**' દેખો! આત્મા કેવો છે? વિશુદ્ધ જ્ઞાન દર્શનરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્ય ત્રિકાળ. એનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને '**આચરણરૂપ શુદ્ધોપયોગકર પરિણત હુઆ...**' એ ત્રણ થઈને શુદ્ધ ઉપયોગ. '**શુદ્ધોપયોગકર પરિણત હુઆ મોક્ષકા ભી કર્તા હોતા હૈ, ઔર અનંતસુખકા ભોક્તા હોતા હૈ.**' લ્યો! ભગવાન આત્મા પોતાના શુદ્ધ ઉપયોગનો સ્વભાવની દૃષ્ટિ, સ્વભાવ શુદ્ધનું દૃષ્ટિ, જ્ઞાન ને આચરણ એ રૂપે શુદ્ધ ઉપયોગ પૂર્ણતા મોક્ષનો પણ કર્તા છે અને અનંત સુખનો ભોક્તા છે. '**ઈસલિયે જીવકો કર્તા ભી કહા જાતા હૈ, ઔર ભોક્તા ભી કહા જાતા હૈ. શુભ, અશુભ, શુદ્ધ પરિણમન હી સબ જગહ કર્તાપના હૈ,...**' લ્યો! એ શુભ અને અશુભ પરિણમવું એ જ કર્તા એમ કહે છે. હવે બીજી વાત કરશે. એ થઈ ગયું. હવે અશુદ્ધ નિશ્ચય છે ખરેખર.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૯, શનિવાર, તા. ૦૧-૦૧-૧૯૬૬**
**ગાથા-૨૮-૨૯, પ્રવચન-૯૧**

૨૮મી ગાથા. સર્વજ્ઞ ભગવાન તીર્થંકર પરમાત્માએ આ જગતમાં કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે. ભગવાન તીર્થંકર પરમેશ્વરને જ્યારે કેવળજ્ઞાન થયું... એ અનંત કાળથી થતું આવે છે. અનંતા તીર્થંકરો થઈ ગયા, અત્યારે પણ બિરાજમાન મહાવિદેહક્ષેત્રમાં છે, ભવિષ્યમાં અનંતા થશે. એ બધા ભગવાને કેવળજ્ઞાનમાં આ જગતમાં છ દ્રવ્ય-વસ્તુ જોઈ છે. એ છ દ્રવ્યનું સ્વરૂપ કેવું છે? એનું આમાં વર્ણન છે. ત્યાં સુધી આવ્યું છે. જુઓ! અહીંથી લેવું છે હવે.

'**શુભ, અશુભ, શુદ્ધ પરિણમન હી સબ જગહ કર્તાપના હૈ,...**' શું કહે છે? આ જીવ છેને જીવ? એ પોતાના દયા, દાનના પુણ્યના ભાવ કરે, કાં હિંસા-જૂઠાના ભાવ કરે અને કાં આત્માના શુદ્ધ પરિણામ, ધર્મના શુદ્ધ પરિણામ કરે. સમજાય છે કાંઈ? જુઓ! શુભ દયા, દાન આદિ રાગની મંદતા, કષાયની મંદતાના ભાવ જીવ કરે છે. એને કોઈ કર્મ કરાવતું નથી. અને અશુભ—હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, આ રળવું, કમાવવાના ભાવ એ બધા પાપ. એ પાપભાવ જીવ કરે છે એને કોઈ કર્મ કરાવતું નથી. એ શુભ-અશુભભાવનો કર્તા જીવ છે.

અને શુદ્ધભાવ. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છે એની અંતરમાં પુણ્ય-પાપના રાગ વિનાની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્મામાં શુદ્ધ ઉપયોગની અવસ્થા એને શુદ્ધ પરિણામ કહે છે. એ ધર્મ છે. પુણ્ય અને પાપ એ ધર્મ નથી, પણ છે આત્મા એનો કર્તા. એના બે પ્રકાર છે. અજ્ઞાનપણે એ પુણ્ય-પાપ મારું કર્તવ્ય છે એમ માનીને કરે છે અને જ્ઞાન ભાનમાં સ્વરૂપનું ભાન થતાં જ્ઞાન-ધર્મ થતાં એ શુભાશુભ પરિણામ થાય છે એ અપેક્ષાએ પરિણમનની અપેક્ષાએ એને કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? મુખ્ય વાત છેને આમાં તો બધી. શુભ અને અશુભભાવ... આત્મા આ શરીર, વાણી, મન, પરપદાર્થનું કાંઈ કરી શકતો નથી કોઈ દિ'. કારણ કે પરપદાર્થ સ્વતંત્ર વસ્તુ છે. એમ ભગવાને જોયું અને ભગવાને કહ્યું છે. આ શરીર, વાણી, આ માટી, આ પૈસા, મકાન, ધૂળ એનું કોઈ આત્મા કરે એ ત્રણ કાળમાં કરી શકતો નથી. બરાબર હશે? સોભાગમલજી! સંચા-બંચા કોણ કરતું હશે આ? માને છેને માણસ માને, માને એ મિથ્યાત્વભાવને કરે, પણ પરના કામ કરી શકે એમ (નથી). ભગવાન સર્વજ્ઞદેવ

છ દ્રવ્યની જુદતા-ભિન્નતા ભાળી છે, એ જુદા છે. એ જુદાવાળો જુદાનું કરે એમ માને એ મિથ્યાત્વ દૃષ્ટિ અજ્ઞાનનું એને મોટું પાપ છે. એ અજ્ઞાનપણાના પરિણામને કરે ભાન વિના, પણ પરના પરિણામ તો કરે નહિ. અને શુભ-અશુભભાવના પરિણામ દયા, દાન, વ્રતના શુભભાવ. હિંસા, જૂઠું, ચોરીના અશુભ (ભાવ) એ અજ્ઞાની કર્તૃત્વબુદ્ધિથી કરે. જ્ઞાનીને પરિણમનરૂપે છે એ અપેક્ષાએ કર્તા એને જ્ઞાતામાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને શુદ્ધ પરિણામનો કર્તા તો આત્મા પોતે છે. શુદ્ધ આત્મા શરીર, વાણીની ક્રિયા કર્યા વિનાનો, પુણ્ય-પાપના ભાવના કર્તૃત્વબુદ્ધિ વિનાનો, જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ આત્મા છું એવી શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એનો કર્તા છે. ધર્મની દશા, શુદ્ધ ભાવની દશા, શુદ્ધ ભાવને ધર્મ કહે છે, એનો કર્તા આત્મા છે. એનો કર્તા કોઈ કર્મ-બર્મ નથી. કર્મ ખસે તો આત્માને ધર્મ થાય એમ (નથી). એ કર્તા અને આત્મનો ધર્મ એ કામ-એમ નથી.

'**સબ જગહ કર્તાપના હૈ, પરિણમન હી સબ જગહ કર્તાપના હૈ,...**' એમ લેવું છે. શું કહેવું છે સમજાણું? આત્મામાં શુભભાવ, અશુભભાવ કે આત્માનું ધર્મનું આત્મભાન એનું એ પરિણમન એ એનું કર્તાપણું છે. સમજાણું આમાં કાંઈ? '**ઔર પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોંકો અપને અપને પરિણામરૂપ જો પરિણમન વહી કર્તાપના હૈ,...**' આ શરીર છેને આ શરીર? વાણી આ જડ એની પર્યાયનો કર્તા એ પુદ્‌ગલ છે, આત્મા નહિ. સમજાણું કાંઈ? એ પુદ્‌ગલ જે આ શરીર છે, વાણી છે, કર્મ છે, આ પરના શરીરો છે એના પર્યાય જો પલટે એના કર્તા એ પુદ્‌ગલ છે, આત્મા કર્તા નથી. જુઓ! આ શરીર હાલે એનો આત્મા કર્તા નથી, એ પુદ્‌ગલ એનો કર્તા છે.

મુમુક્ષુ :- તો હલાવે છે કોણ?

ઉત્તર :- એ હલાવે છે એ પુદ્‌ગલ.

એ પુદ્‌ગલાદિ પાંચ. હવે અહીં તો મૂળ પુદ્‌ગલ છેને. ઓલા ચાર તો અરૂપી છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. એની લપ તો મોટી કરી.. છે. પણ અહીં તો પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્ય જે ભગવાને જીવ સિવાય પાંચ જોયા, એ પાંચ એનું પરિણમન પર્યાય બદલે છે એના એ કર્તા છે. આ વાણી થાય છે એનો કર્તા એ વાણીના પુદ્‌ગલ છે, આત્મા નહિ. આ શરીર હાલે, આ બોલે, આમ આમ થાય એના એ પરિણામના પર્યાયનો કર્તા પુદ્‌ગલ જડ છે, આત્મા નહિ. આત્મા અજ્ઞાન કરે અને રાગ-દ્વેષ કરે. કીધુંને, પહેલું કીધુંને. શુદ્ધ, શુભ અને અશુભ. આ કંટાળો આવે છે એ અશુભ પાપના ભાવ જીવ કરે છે.

મુમુક્ષુ :- પણ શરીર કરાવે છેને?

ઉત્તર :- ના, બિલકુલ નહિ. એ જૂઠી વાત છે.

મુમુક્ષુ :- કરે છે જીવ, પણ કરાવે કોણ?

ઉત્તર :- કરે પોતે અને કરાવે પોતે. કરે કોણ બીજો? ધૂળ કરે? સમજાણું કાંઈ? આ શું છે અંદર? પુસ્તક રાખ્યું છે કે નહિ? આ રહ્યું પણ સામું તો જુઓ. કંટાળો આજ આવી ગયો છે. સવારમાં કંટાળો આવી ગયો છે. .. દેખાય છે. સવારમાં બોલ્યા હતા કે આ દુઃખથી મરી જઈએ. પણ આટલું આટલું સાંભળે તોપણ ક્યાં જાવું છે પણ? અહીં શું કહ્યું સાંભળ્યું? જુઓ! **'શુભ, અશુભ, શુદ્ધ પરિણમન હી સબ જગહ કર્તાપના હૈ,...'** છે ચોથી લીટી? ઈ શું? કે આ શરીરને રોગ છે માટે જીવને કંટાળાના પરિણામ થાય છે એમ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ઈ કેમ થાય છે એને?

ઉત્તર :- એ કંટાળાના પરિણામ પોતે કરે તો થાય છે એમ કહે છે ભગવાન.

મુમુક્ષુ :- બિમાર હોય તો કાંઈ કરતો નથી એનું શું?

ઉત્તર :- પણ ક્યાં કોણ નથી કરતો? બિમાર બિમારમાં પર્યાય રહી, એ આત્મામાં ક્યાં આવી? આ નીરોગતા વખતે પણ જીવને શુભભાવ થાય કે અશુભ થાય, એ નીરોગતા એને કરાવતું નથી. એ શુભ અને અશુભ પરિણામ જીવ કરે તો થાય છે, પર કરાવતા નથી અને પરનો એ કર્તા નથી. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- નક્કી કરી દ્યો.

ઉત્તર :- કોણ નક્કી કરી દે પણ? કહો, સમજાણું આમાં?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના જ્ઞાનમાં છ દ્રવ્ય આવ્યા. આ તો હજી વ્યવહાર સમકિતની આ વાત ચાલે છે એના વિષયની. આહા..હા..! હજી વ્યવહાર શ્રદ્ધાના પણ ઠેકાણા ન મળે. નિશ્ચય સમ્યગ્દર્શન તો આત્મા અખંડાનંદ જ્ઞાનમૂર્તિ અખંડ એની પ્રતીત અને અનુભવ એનું નામ સમ્યગ્દર્શન. એ ટાણે વ્યવહાર સમકિતમાં આવો એનો પરદ્રવ્યનો વિષય જે રીતે છે તેવી એની શ્રદ્ધામાં વર્તવો જોઈએ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પુદ્ગલાદિ પાંચ દ્રવ્ય... આ શરીર, આ પુસ્તક આદિ આ બધા એ કર્મ, વાણી, તૈજસ શરીર, આ ઔદારિક, વૈક્રિયક, આહારક એ પુદ્ગલો, આ પૈસા, દાળ, ભાત, શાક, આ મકાન એ બધા જડ પોતાની વર્તમાન અવસ્થાના બદલવારૂપ કાર્યને કરે છે. એ આત્માના પરિણામને કર્તા નથી અને એના પરિણામને આત્મા કરતો નથી. સમજાણું કાંઈ? છે પુસ્તક એની પાસે? કાંતિભાઈ પાસે પુસ્તક ક્યાંથી આવ્યું? કોણે આપ્યું? ઠીક! ... આ જુઓ તો ખરા શું અંદર લખ્યું છે આ? કહો, સમજાણું આમાં? પુદ્ગલ એટલે રજકણ. એક રજકણથી

માંડીને આ દાળ, ભાત, લાડવા, લોટ, આ પૈસા, મકાન, લુગડા, કપડા, સંચા એ બધા પુદ્‌ગલો એની વર્તમાન દશાનું પલટવું એના પરિણામને તે પુદ્‌ગલ કરે છે. એ આત્મા એનો કર્તા ત્રણ કાળ, ત્રણ લોકમાં હોઈ શકે નહિ. કેમકે એ જુદા છે તેનો જુદો તેનો કર્તા હોઈ શકે નહિ એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! કહો, સુજાનમલજી! સમજાય છે કાંઈ?

'**પુણ્ય પાપાદિકા કર્તાપના નહીં હૈ,...**' શું કહે છે? '**પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોંકો અપને અપને પરિણામરૂપ જો પરિણમન વહી કર્તાપના હૈ,...**' પણ આત્માના જે શુભ અને અશુભભાવ એનું કર્તાપણું આ શરીર નથી, એમ કહે છે. શું કીધું? છે શબ્દ છે? અંદર જુઓ! વાંચો જોઈ. '**એ પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોંકો અપને અપને પરિણામરૂપ જો પરિણમન વહી કર્તાપના હૈ, પુણ્ય પાપાદિકા કર્તાપના નહીં હૈ,...**' એ આત્મામાં કર્મ કર્તા નહિ, શરીર કર્તા નહિ, વાણી કર્તા નહિ, રોગ કર્તા નહિ, નીરોગ કર્તા નહિ. અને પાપના પરિણામ જીવમાં થાય એમાં શરીર કર્તા નહિ, આ બાયડી-છોકરા કર્તા નહિ, એનું કર્મ કર્તા નહિ એમ કહે છે. કહો, આહા..હા..!

મુમુક્ષુ :- ... એક શરીર સારું કરી ઘો.

ઉત્તર :- એ જ કહે છે કે મૂઢ જીવ મફતનો માને છે. શરીરમાં આ થયું માટે મારે આવા પરિણામ થાય. એ મૂઢ છે, મહા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે એમ કહે છે. કહો, સમજાણું આમાં? છે પુસ્તક છે કે નહિ? સામે પડ્યું છે કે નહિ પણ? વાણિયા દશેરામાં જોવે કે નહિ નામા? દિવાળીના નામા મેળવે કે નહિ દશેરાએ? આ ભગવાનનું નામું છે જો તો ખરો જરી. આહા..હા..!

'**પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોંકો અપને અપને પરિણમન કર્તા...**' એ પુણ્ય-પાપ આદિના કર્તા નહિ એક એનો અર્થ છે. શું કહે છે? આત્મામાં થતાં દયા, દાન, શુભ કષાય મંદ એનો કર્તા પુદ્‌ગલ નહિ એટલે કર્મ નહિ. ભાઈ! એમ આવ્યુંને? એ શુભભાવનો કર્તા કર્મ નહિ, શરીર નહિ. પાપનો કર્તા કર્મ નહિ, શરીર નહિ. એ પ્રતિકૂળતાની નિમિત્તતા એ પાપના ભાવનો કર્તા નહિ. અનુકૂળતાના નિમિત્ત એ પાપનો કર્તા નહિ. ભાઈ! આ અનુકૂળતા ઘણી છે માટે અમને આ ભાવ પાપના આવા આવે છે. બિલકુલ જૂઠું છે.

મુમુક્ષુ :- આનંદ કેમ આવે છે?

ઉત્તર :- આનંદ ક્યાં આવે છે? દુ:ખ થાય છે. દુ:ખમાં આનંદ ક્યાં આવ્યો? અજ્ઞાની દુ:ખનો કર્તા થાય છે. પાપના પરિણામરૂપી દુ:ખનો કર્તા થાય છે. અનુકૂળ ચીજ એના દુ:ખના પરિણામના કર્તા નથી. લાડવો જે છે એ આત્માને, 'આ ઠીક છે' એવા પરિણામનો લાડવો કર્તા નથી એમ કહે છે અહીં. એ મને ઠીક છે એવા પાપના પરિણામ થયા એનો કર્તા

જીવ છે, લાડવો પુદ્ગલ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ પાપના ભાવ છે?

ઉત્તર :- ઠીક છે મીઠાશ એ પાપના ભાવ છે. શું ત્યારે પુણ્યના છે? અમારે સરખાઈ છે એવી જે ચીજો એ તારા સરખાઈના પાપના પરિણામનો કર્તા નહિ. એ પાપના પરિણામ તેં કર્યા છે. એ સરખાઈ પુદ્ગલની બહારની તું માને છો એ પરિણામના કર્તા નથી. આ તો સમજાય એવી વાત છે. આહા..હા..!

હજી વિશેષ નાખવું છે થોડું. પાપાદિક શબ્દ પડ્યો છેને? એટલે શું કહેવું છે? જુઓ! આત્મામાં સંવર, નિર્જરા અને મોક્ષના પરિણામ જે થાય એના કર્મ કર્તા નથી. શું કીધું? સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના સ્વભાવને ભૂલી અને પુણ્ય-પાપના પરિણામ કરે તો એ પોતે કર્તા. એનો કર્મ કે પુદ્ગલ કે બીજી ચીજ કરનાર નથી. હવે જીવ પોતે ભૂલ્યા વિના પણ પુણ્ય-પાપ(પણે) પરિણમે ભાન સહિત, તો પણ એ પરિણમન જીવનું છે કર્તૃત્વ, એ કાંઈ કર્મને કારણે નથી. એમ કે જ્ઞાની થયો એટલે હવે રાગ-દ્વેષનો કર્તાનો ભાવ નથી માટે રાગ-દ્વેષના પરિણામ એ કર્મને લઈને થયા એમ શાસ્ત્રમાં આવે છે. સમજાય છે? કે ના. એ તો નિમિત્તથી કથન હતું. ધર્મીને પણ પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનના પરિણામ કાળમાં પણ જેટલા પરિણામ શુભ, અશુભ થાય એનું પરિણમન એનું છે. એનું માટે એ અપેક્ષાએ કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શૈલી તે શૈલી પણ... સમજાણું?

અને આત્મામાં સંવર, નિર્જરાના, મોક્ષના પરિણામ (થાય) એનો કર્તા જીવ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મના પરિણામનો કર્તા જીવ છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામનો કર્તા કર્મ નથી. આ કેવળજ્ઞાનના પરિણામનો કર્તા જીવ છે. એ કેવળજ્ઞાનના પરિણામનો કર્તા કેવળજ્ઞાનાવરણીય નથી, પુદ્ગલ નથી. આહા..હા..! આ તો ઓલા નાખે છેને. કેવળજ્ઞાન .. મોહક્ષયા, .... હવે સાંભળને સાંભળ. સમજાણું કાંઈ?

જુઓ! અહીં પાપાદિ છેને શબ્દમાં? **'पुण्यपापादिरूपेणाकर्तृत्वमेव'** કોણ? એ પુદ્ગલાદિ પાંચ દ્રવ્ય તે કર્તા પોતાના પરિણામના, પણ બીજાના પરિણામના કર્તા નથી. સમજાણું કાંઈ? **'पुण्यपापादिरूपेणाकर्तृत्वमेव'** પુણ્ય-પાપાદિ સ્વભાવમાં એ પુદ્ગલ કર્તા નથી. એમ સંવર, નિર્જરા મોક્ષના આત્મા પરિણામ કરે એનો કર્તા કર્મ (નથી). અકર્તૃત્વ છે. અકર્તૃત્વ છેને ભાઈ! એમાં? **'रूपेणाकर्तृत्वमेव'** આહા..! ટૂંકામાં તો ઘણું નાખ્યું છે. ભગવાન આત્મા પોતે શુભ-અશુભ પરિણામને કરે તો પુદ્ગલ એનો અકર્તા છે. આત્મા પોતાના સ્વભાવને આશ્રયે શ્રદ્ધા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે ક્ષાયિક સમકિત કરે કે ક્ષયોપશમ, ઉપશમ કરે કે ક્ષયોપશમ ચારિત્ર કરે કે ક્ષયોપશમ જ્ઞાન કે ક્ષાયિકજ્ઞાન કરે તેના પરિણામનો કર્તા જીવ છે.

એ પરિણામનો કર્તા કર્મ નથી. જ્ઞાનાવરણીય સહિત થયો તો અહીંયાં કેવળજ્ઞાનના પરિણામ થયા, તો કેવળજ્ઞાનવરણીય છે તે કર્તા અને કેવળજ્ઞાન એ કાર્ય એમ છે નહિ. આહા..હા..!

આવી તો, વ્યવહાર સમ્યગ્દર્શનના વિષયમાં આવી શ્રદ્ધા તો એને હોવી જોઈએ. એના ઠેકાણા ન મળે એને તો નિશ્ચય સમ્યગ્દર્શન હોય નહિ. અને નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવો એને શ્રદ્ધામાં હોય છે. વસ્તુ એવી છે, એવી છે એ શ્રદ્ધામાં હોવી જોઈએ ભેદવાળી. ભેદ છેને, અનંત છે ખરુંને? સમજાણું કાંઈ? વસ્તુ જ એવી છે. એમ જેમ છે તેમ એણે વ્યવહાર સમ્યક્ શ્રદ્ધામાં, વ્યવહાર જ્ઞાનમાં શ્રદ્ધવું જોઈએ. આહા..હા..!

અહીં તો અત્યારે એવા વાંધા ઉઠાવે કે નહિ, પરદ્રવ્યનો કર્તા ન માને તે દિંગબર જૈન નહિ. અર..ર..ર..! ગજબ કર્યો તેં આ. અહીં તો કહે છે કે પરદ્રવ્ય તારા પરિણામને કરે એ મિથ્યાત્વ છે અને તું પરદ્રવ્યના પરિણામ કર એ મિથ્યાદષ્ટિ માને છે અને એ માને છે એ મિથ્યાત્વ પોતાને કારણે પરિણમ્યો છે. આહા..હા..! કહો, સમજાણું? કોઈ કહે કે ભાઈ! શું કરીએ, એવી ભીડમાં આવ્યા છીએ અત્યારે કે આવા પરિણામ કર્યા વિના ચાલે નહિ એવી સંયોગ દશા જ છે. આ કાળાબજારના પરિણામ કર્યા વિના ચાલે નહિ અત્યારે એવા સંયોગ છે. એમ હશે? કાળીદાસભાઈ! તમારે શું છે? તમે તો બધું આપી દીધું સરકારને. પણ આ એમને એમ પૈસા દઈને રાખે ઘરમાં એને શું કઈ રીતે? એવો પ્રતિકૂળ સંયોગ આવ્યો એટલે આને કરવું પડે છેને આવું? નહિ? એય..! એવો સંયોગ પ્રતિકૂળ આવે એટલે એને લઈને અહીં પરિણામ થાય. ના પાડે છે ભગવાન કે એમ નથી થતું. સમજાણું? આમ શરીરમાં ભીંસ પડી આમ. પરિણામ બગાડે આ. બિલકુલ નહિ, બિલકુલ કિંચિત્ નહિ. આહા..હા..! આ તો નિમિત્ત હતું એટલે થયું.

મુમુક્ષુ :- તો નિમિત્ત કહેવાય. ઉપાદાન કહેવાય નહિ

ઉત્તર :- નિમિત્ત કહેવાણું, કર્તા હોય તો તો અહીં ગરી ગયું. સમજાણું કાંઈ? શરીરમાં રોગ, પ્રતિકૂળતા, પૈસાનું નિર્ધનપણું, બૈરાનું મરવું, છોકરાનું જવું, છોડીનું રાંડવું એક સાથે આવા સંયોગો એટલે પાપના પરિણામ થાય? ના. એ પાપના પરિણામ તેં કર્યા તો થયા છે, સંયોગથી થયા નથી. આહા..હા..! કેમ? ફૂલચંદભાઈ! તમે સલવાઈ ગયા છો કે નહિ પણ બહારને કારણે? બહારને કારણેને? નહિ? ભાઈ હવે આ ગુણવંતભાઈ હતો એટલું નિવૃત્તિ મળે ત્યાં ગયા એટલે .. પડ્યું, એમ હશે? આહા..! અરે..! કોણ જાય? ક્યાં કરે? આવે કોણ? ભગવાન!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા, રસ છે ત્યાં. આ ઓલા ભાઈ કહે અહીં રહો ભાઈ! જમુભાઈ અહીં

રહો. એ બા પણ કહે અને ઓલા બધા ભાઈઓ પણ કહે. હમણા અમારે ભીંસ છે. બાપાને મારી નાખ્યા છે. એને રસ છે ત્યાં એ. એને લઈને નહોતા રહ્યા ત્યાં. આ તો દાખલો. એ પૂછે તો એનો દાખલો કહેવાયને. બીજો કોને કહે? કેમ? મૂળચંદભાઈ! હવે આને બધા છોકરા-બોકરા કરનારા છે તોપણ એ હજી સલવાઈ જાય ત્યાં. હજી ત્યાં મુંબઈ જાવું છે. સંયોગ કરાવતા હશેને ભાવને? નહિ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પણ નિમિત્તની વ્યાખ્યા શું? તો જ નિમિત્ત કહેવાણું. એનાથી થયા નથી, આણે કર્યા ત્યારે ઓલાને નિમિત્ત કહેવાણા. એ એનાથી થયા હોય તો નિમિત્ત ક્યાં રહ્યું? એ તો એણે કરાવ્યું. આમાં ગરી ગયું એ તો. સમજાણું કાંઈ? આહા..હા..! આ તત્ત્વોનો આવો સ્વભાવ છે. એવો સ્વભાવ હજી વ્યવહાર શ્રદ્ધામાં પણ ન લે, એને એકલો જ્ઞાયક સ્વભાવ ભગવાન ચિદાનંદસ્વરૂપ છું, અભેદ છું એ રુચિ કેમ કરે? આટલી વ્યવહારની જ્યાં સ્વતંત્રતા છે એની રુચિ ન બેસે, એને એકલો ભગવાન અવ્યક્ત જેની પર્યાયમાં અલ્પજ્ઞતા અને વસ્તુની સર્વજ્ઞતા (છે એ કેમ બેસે?) સમજાય છે કાંઈ? આહા..હા..!

**'પુણ્ય પાપાદિકા કર્તાપના નહીં હૈ,...'** કોણ? પુદ્‌ગલ. સમજાય છે? ધર્માસ્તિ, અધર્માસ્તિ કોઈ લ્યોને. પાંચે દ્રવ્યો ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ-કાળ. કાળદ્રવ્ય એ આત્માના પુણ્ય-પાપ અને ધર્મ પરિણામનો કર્તા નથી. લ્યો ઓલી કાળકરણી પુદ્‌ગલ આવે છેને? પંચાસ્તિકાયમાં નથી આવતું? પુદ્‌ગલકરણી. પુદ્‌ગલને કાળકરણી. અહીં તો કહે છે, એ તો નિમિત્તથી વાત હતી. કર્તા-ફર્તા નથી કોઈ. આવે છેને ભાઈ! પંચાસ્તિકાયમાં? પુદ્‌ગલ કર્તા, પુદ્‌ગલ કરણ જીવને. એ આવ્યું અને પુદ્‌ગલને કાળ કરણ. એ તો નિમિત્તથી વ્યાખ્યા છે. કોઈ કોઈ પુદ્‌ગલ કર્તા-ફર્તા આત્માના પરિણામનો નથી અને પુદ્‌ગલના પરિણામનો કાળ પણ કર્તા નથી. આ ભગવાનના કહેલા તત્ત્વો સ્પષ્ટ છે એને પણ જેને હજી માનવાની દરકાર ન મળે, એને આત્મા શું ચીજ છે (એ કેમ જ્ઞાનમાં આવે?) એ તો આવશે હમણા ઓલું. જુઓ!

**'સર્વગતપના લોકાલોક વ્યાપકતાકી અપેક્ષા આકાશહીમેં હૈ,...'** શું કહે છે હવે? આખા લોક અને અલોકમાં આકાશ વ્યાપેલ છે. તેને એક સર્વગતપણું એને લાગુ પડે છે આકાશ વસ્તુની અપેક્ષાએ. સર્વગત. ધ્યાન રાખજો એમાં પણ જરી ન્યાય આવશે. લોકાલોક વ્યાપકની અપેક્ષાએ આકાશ સર્વગત છે. આકાશ છેને ભગવાને જોયેલું આ બધું. **'ધર્મદ્રવ્ય-અધર્મદ્રવ્ય યે દોનોં લોકાકાશવ્યાપી હૈં,...'** ધર્માસ્તિ, અધર્માસ્તિ બે છે એ લોકમાં રહેલા છે. બે પદાર્થ ભગવાને (જોયા છે). **'અલોકમેં નહીં હૈ, ઔર જીવદ્રવ્યમેં એક જીવકી**

**અપેક્ષા કેવલસમુદ્ઘાતમેં લોકપૂરણ અવસ્થામેં લોકમેં સર્વગતપના હૈ,...**' ક્ષેત્રની અપેક્ષાએ અત્યારે ચાલે છે વાત. જીવદ્રવ્યમાં એક જીવદ્રવ્યની અપેક્ષાએ જ્યારે કેવળસમુદ્ઘાત કરે ભગવાન ત્યારે આખા લોક પ્રમાણે વ્યાપી જાય, ક્ષેત્ર આ અસંખ્ય પ્રદેશ. એ અપેક્ષાએ ક્ષેત્રથી સર્વગત કહેવામાં આવે છે. ભાવથી સર્વગત પછી કહેશે.

'**તથા નાના જીવકી અપેક્ષા સર્વગતપના નહીં હૈ,...**' કારણ કે અનેક જીવ તો એક એક જીવ તો થોડામાં રહે છે, આ આટલા અટલામાં. એ કાંઈ આખા લોકમાં (નથી). '**પુદ્‌ગલદ્રવ્ય લોકપ્રમાણ મહાસ્કંધકી અપેક્ષા સર્વગત હૈ,...**' આખા પુદ્‌ગલો, આખો એક મહાસ્કંધ છે, આખા લોકપ્રમાણે તે સ્કંધ છે. બીજા પુદ્‌ગલો જુદા. એ તો એક મહાસ્કંધ છે આખા લોકમાં એ આખા લોક પ્રમાણે છે. '**અન્ય પુદ્‌ગલકી અપેક્ષા સર્વગત નહીં હૈ,...**' આ બીજા આટલા આવા આવા શરીરની અપેક્ષાએ આટલા આટલામાં છે, એ આખામાં છે નહિ. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાયમ રહે, હા છે. એવો એક સ્વભાવ છે.

'**કાલદ્રવ્ય એક કાલાણુકી અપેક્ષા તો એકપ્રદેશગત હૈ,...**' કાળદ્રવ્ય છે એક અરૂપી. એક આકાશના પ્રદેશમાં રહેલો છે. સર્વગત નહિ. એક હોં એક. '**નાના કાલાણુકી અપેક્ષા લોકાકાશકે સબ પ્રદેશોંમેં કાલાણુ હૈ,...**' આખા લોકમાં બધા કાલાણુ છે એ પછી સર્વગત કહેવાય. '**ઈસલિયે સબ કાલાણુઓંકી અપેક્ષા સર્વગત કહ સકતે હૈં. ઈસ નયવિવક્ષાસે સર્વગતપનેકા વ્યાખ્યાન કિયા.**' ક્ષેત્રની અપેક્ષાએ. '**ઔર મુખ્યવૃત્તિસે વિચારા જાવે, તો સર્વગતપના આકાશમેં હી હૈ,...**' કારણ કે એકલું આકાશ સર્વવ્યાપક છે.

'**અથવા જ્ઞાનકી અપેક્ષા જીવમેં ભી હૈ,...**' દેખો! હવે આ ભાવથી લીધા. શું કીધું? આત્મામાં કેવળજ્ઞાન થાય. સમજાય છે? ત્યારે જીવમાં સર્વગતપણું જ્ઞાનની અપેક્ષા જીવમાં પણ છે. જીવ બધાને જાણે છે, લોકાલોકને જાણે છે. અહીં રહ્યો છતાં કેવળજ્ઞાન અહીં થાય આત્મામાં. સર્વજ્ઞપદ, પરમેશ્વરપદ, અરિહંતપદ તો આત્મામાં અહીં થાય. પણ એ જ્ઞાનમાં લોકાલોક જણાય એ અપેક્ષાએ એને સર્વવ્યાપક ભાવથી કહેવામાં આવે છે. ક્ષેત્રમાં ભાવ પોતાનો એવડો લાંબો થયો એમ. સમજાણું? '**જીવકા કેવલજ્ઞાન લોકાલોક વ્યાપક હૈ, ઈસલિયે સર્વગત કહા.**' લ્યો! સમજાણું?

અહીં તો બીજો એક બોલ મગજમાં આવ્યો હતો ભાઈ રાતે વિચારતા. રાતના. સર્વગત નય છેને ૪૭ (નયમાં)? સર્વગત નય અને જ્ઞેય-જ્ઞાયક અદ્વૈતનય, જ્ઞેય-જ્ઞાયક દ્વૈતનય છે અને અસર્વગતનય છે .. જ્ઞેય-જ્ઞાયક અદ્વૈતનય અને સર્વગતનય. સાધક જીવને હોં! સાધકની

વાત છે ત્યાં. અહીં તો કેવળજ્ઞાનની અપેક્ષા લીધી છે. પણ એ સર્વગતમાં અહીંયા આત્મા જ્ઞાનસ્વરૂપને પામ્યો, જાણ્યું જ્ઞાનસ્વરૂપ શુદ્ધ છું, પવિત્ર એવું ભાન થયું તો એ ભાનમાં આત્માની પર્યાયમાં સર્વગતપણું અત્યારે (વ્યાપે છે). બધા લોકાલોકની જે પર્યાય છે દ્રવ્ય, ગુણ આદિ એ એની પર્યાયમાં જાણવામાં આવી જાય છે. ધ્યાન રાખજો.

આ તો વિચાર શું આવ્યો? કેવળજ્ઞાની અને શ્રુતજ્ઞાનમાં ફેર પડે છેને? પણ અહીં તો શ્રુતજ્ઞાનમાં આ આત્મા જ્ઞાયકસ્વરૂપ છું, શુદ્ધ છું એવું ભાન (થયું). એ ભાનની દશામાં લોકાલોક આ જાણે વર્તતુ હોય એમાં, એમ અહીંયા સાધક જીવને... સાધક જીવની વાતમાં, આ તો સાધ્યની વાતમાં... સમજાણું કાંઈ? એને પણ જે ક્રમસર લોકાલોકમાં જે થઈ રહ્યું છે એમ જેમ કેવળજ્ઞાન સર્વગતપણે જાણે છે એમ શ્રુતજ્ઞાન પણ એમ બધું જેમ થઈ રહ્યું છે એમ સર્વગતપણે જ્ઞાનનો શ્રુતજ્ઞાન પર્યાય જાણે છે. સાધક સમ્યગ્દૃષ્ટિ એમ પોતાની પર્યાયને સર્વગતપણે પર્યાયને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બસ એટલો ફેર. પ્રત્યક્ષ અને પરોક્ષ એટલો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણનાર જાણનાર. જાણનાર બધાને જાણે, પણ અહીં તો જરી બીજી સૂક્ષ્મ વાત મગજમાં આવી હતી. સમજાણું? ભાઈ! આ સર્વગતપણું... આ તો .. પહેલા ગયાને .. એ વખતે સર્વગત અને જ્ઞેય-જ્ઞાયક અદ્વૈતનય બેનો મગજમાં વિચાર ચાલતો હતો અંદર. ભાઈ! આ જે જ્ઞાન છે, કેવળજ્ઞાન જે છે એ કેવળજ્ઞાનમાં તો આમ લોકાલોક સર્વગત કીધા. એ તો પહેલું પ્રવચનસારમાં આવી ગયું છેને પાઠમાં. એ ૪૭ નયમાં ઉતાર્યું છે. એ સર્વજ્ઞનય ઉતારી છે. અહીં ૪૭માં સાધકને ઉપાડ્યું. આમ ઉતાર્યું, શ્રુતમાં ઉતાર્યું. એ આત્મા... ધ્યાન રાખો. કે આ આત્મા સમ્યગ્જ્ઞાનપણે પરિણમ્યો. એ જ્ઞાનમાં સર્વગતપણું એક નયનો વિષય છે. એક નય કે જે જ્ઞાન બધું લોકાલોક છે તેને જાણે છે. જાણે એમાં જ્ઞાન વ્યાપી ગયું (હોય એમ). આડુંઅવળું કાંઈ નથી. જે પ્રમાણે લોકાલોક વર્તે છે એ પ્રમાણે આ સર્વગત પર્યાય શ્રુતજ્ઞાન જાણે છે એને. અહીં સાધકપણાની પર્યાયમાં આ રીતે જાણે છે. કેવળજ્ઞાની તો એક સમયમાં આમ જાણે છે તટસ્થ. સાધકપણામાં, અહીં તો સાધક જીવની વાત છે, એ પણ પોતાના શ્રુતજ્ઞાનની પર્યાયમાં બધું લોકાલોક જેટલું દ્રવ્ય, ગુણ બધું છે એનું જ્ઞાન એમાં વ્યાપ્યું છે. એ પર્યાયની એટલી તાકાત છે એમાં વ્યાપી છે. એ અપેક્ષાએ આત્માને સર્વગતનયે સર્વગત છે એમ જાણવું જોઈએ. આહા..હા..!

એમ કહ્યું કે જેમ કેવળજ્ઞાની ભગવાન એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે છે. એમ એને આઘું-પાછું પછી કાંઈ નથી. જેમ જે પર્યાય, જે દ્રવ્યની જે ઠેકાણે જ્યાં જેમ

થાય તે નિમિત્ત ત્યાં તે ક્ષેત્રે બધું જાણે છે. એવી રીતે શ્રુતજ્ઞાનમાં-વર્તમાન શ્રુતજ્ઞાનની દશામાં સ્વના જ્ઞાનના ભાન સહિતમાં પરના જેટલા પદાર્થો જેટલા જે રીતે જ્યાં જેમ પરિણમે તે સમયે ત્રણ કાળ, ત્રણ લોક એ રીતે પર્યાયમાં એ રીતે વ્યાપવું છે. પર્યાયનો એવો ધર્મ છે એવો સર્વગતનય છે એને શ્રુતજ્ઞાની એ રીતે જાણે છે. એટલે એને પણ કાંઈ ફેરફાર છે એમ એ જાણતો નથી. આહા..હા..! સમજાણું? વસ્તુની સ્થિતિ તે પણ કેવી છે! સમજાણું કાંઈ?

કહે છે કે આ આખો લોક, અલોક, છ દ્રવ્ય ભગવાને આમ જોયા આમ પડ્યા પાથર્યા. એમને એમ પર્યાય, ત્રણ કાળની પર્યાય જે સમયે જ્યાં, જે સમયે જ્યાં, જે સમયે, જે ક્ષેત્રે એમને એમ ભગવાને જોયું છે. એમાં આઘું, પાછું કાંઈ નથી. કેમ? જુગરાજજી! આહા..હા..! એમ શ્રુતજ્ઞાનમાં પણ સર્વગતનય ભગવાને મૂકીને... અમૃતચંદ્રાચાર્યે કાઢ્યું છે એ પણ પાઠમાં છે માટે કાઢીને મૂક્યું છે. આહા..હા..! પોતાના આત્માને જ્ઞાન અને આનંદ સ્વરૂપ અંતરમાં જાણ્યો અને એ જ્ઞાન સમ્યક્‌પણે પરિણમ્યું. એ સમ્યક્‌પણે પરિણમ્યું એમાં સ્વદ્રવ્યનું જ્ઞાન તો છે, પણ લોકાલોક જેટલા છે તેના દ્રવ્ય, ગુણ અને પર્યાય એની પર્યાયમાં સર્વગત જાણે વ્યાપી ગયું હોય, જાણે એમાં બધું પેસી ગયું હોય એ શ્રુતજ્ઞાનની પર્યાયને એ રીતે શ્રુતજ્ઞાની પણ જાણે છે. આહા..હા..! શું કહ્યું સમજાણું? છે કે નહિ ઈ ૪૭ નયમાં?

અલૌકિક વાત! અલૌકિક વાત! ગજબ વાત!! સર્વજ્ઞની કોઈ પણ શૈલીથી જુઓ. જુઓ! **'આત્મદ્રવ્ય સર્વગતનયે ખુલ્લી રાખેલી આંખની માફક સર્વવર્તી છે.'** 'સર્વવર્તી' ભાઈ એમ છે. આહા..હા..! આ તો શ્રુતજ્ઞાનનો નય છે. શ્રુતજ્ઞાનનો પ્રમાણ. શ્રુતપ્રમાણ એનો એક એક નય છે. એ શ્રુતજ્ઞાન પ્રમાણ આત્માનું જ્ઞાન થયું ત્યાં એક એક નયનો એક એક ધર્મ તે નય તેને જોવે છે. શ્રુતજ્ઞાન એકસાથે બધાને જાણે છે. એમાં એક નયે એમ દેખે છે કે ભગવાન આત્મા **'સર્વગતનયે ખુલ્લી રાખેલી આંખની માફક.'** આમ જેમ આંખ જાણે બધામાં વ્યાપી ગઈ હોય, એમ જ્ઞાનનો પર્યાય બધાને જાણે છે. સર્વવર્તી છે, સર્વમાં રહેનારું છે એ શ્રુતજ્ઞાનનો પર્યાય સર્વમાં રહેનારો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની ચીજ જ એવી છે. એનું સ્વરૂપ જ એવું છે અદ્‌ભુત ચૈતન્યચમત્કાર. આહા..હા..! અને **'જ્ઞાન-જ્ઞેય અદ્વૈતનયે.'** જ્ઞાન જ્ઞેયના અદ્વૈતરૂપનયે (અર્થાત્) જ્ઞાનનો પર્યાય છે એમાં જેટલા જ્ઞેયો છે એ જાણે અહીં આવી ગયા હોય. એમ **'જ્ઞાન-જ્ઞેય અદ્વૈતનયે.'** સમજાય છે? જુઓ, **'મોટા ઈંધન સમૂહરૂપે પરિણત અગ્નિની માફક.'** અગ્નિ મોટા લાકડાને અગ્નિરૂપે પરિણમવામાં એકરૂપ અગ્નિ થઈ ગઈ છેને. એમ જ્ઞાનનો પર્યાય આખા લોકાલોકના

જેટલા જ્ઞેય છે એને જાણવારૂપે પરિણમી ગયું, જ્ઞાન અહીં પરિણમી ગયું. એમ શ્રુતજ્ઞાનનો નય એને જાણે છે. ઓહો..હો..! કથનપદ્ધતિ તે કંઈ... દિગંબર સંતોની રીત કહેવાની અલૌકિક વાત! હાથમાં હથેળીમાં આત્મા ચારિત્ર સહિત કર્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્યા ગુણસ્થાનની વાત?

ઉત્તર :- છઠ્ઠા ગુણસ્થાનની વાત છે. આ ચોથા ગુણસ્થાનવાળો આમ હોય છે એમ કહેવું છે અહીં તો. ચોથેથી શરૂ થાય છે. સમ્યગ્દર્શન જ્ઞાનમાં આત્મા શ્રદ્ધા, જ્ઞાનમાં આવ્યો પણ એના જ્ઞાનનો એક સમયનો પર્યાય સર્વવર્તી અને જ્ઞેય અને જ્ઞાન જાણે એક થઈ ગયું હોય અહીં, અહીં એક થઈ ગયું હોય અહીં, ઓલું સર્વવર્તી કહ્યું અને અહીં જ્ઞાન અને જ્ઞેય અહીં એક થઈ ગયું હોય. એક સાથે હોં એક. આહા..હા..! એક સમયમાં શ્રુતજ્ઞાનનો પર્યાય અને જ્ઞેય અહીં અદ્વૈત એક થઈ ગયું હોય એમ અદ્વૈત નય જાણે છે. અહીંથી ... કીધું ને અગ્નિ કીધુંને? અગ્નિ લાકડાને સળગાવે ... જ્ઞાન જ આખા લોકાલોકનું જેવું સ્વરૂપ છે એમ પરિણમી જ્ઞાનનો પર્યાય જ એવો થઈ ગયો. જ્ઞેય-જ્ઞાન અદ્વૈત આહા..હા..! (જ્ઞાતા) રહી ગયો એ બધા જ્ઞેયોનો. રાગથી માંડીને બધી ક્રિયાને જે જ્યાં થાય તેનો જ્ઞાતા-દૃષ્ટા રહી ગયો. સમજાણું કાંઈ? ઓહો..હો..! સમજાણું આમાં?

કીધુંને? '**જ્ઞાનકી અપેક્ષા જીવમેં ભી હૈ, જીવકા કેવલજ્ઞાન લોકાલોક વ્યાપક હૈ, ઈસલિયે સર્વગત કહા.**' એમ અહીંયાં સાધકમાં આપણે ઉતાર્યું. અહીં તો આખી વાત કરી છે. પણ આખીમાં આ સાધક છે ત્યાં જ્ઞાનનો પર્યાય સ્વને જાણે છે એ તો અભેદ, પણ આવા ભેદવાળા અનંત દ્રવ્યોની પર્યાય ને વસ્તુ, એ જાણે એક સમયનું જ્ઞાન એમાં વ્યાપી ગયું હોય, વર્તી ગયું હોય. એ બધું ક્રમબદ્ધ પર્યાયો જે છે એમાં વર્તી ગયું હોય. સમજાય છે? અને એ ક્રમબદ્ધ પર્યાયો જે છે એ જાણે જ્ઞાનમાં જ્ઞેયરૂપે આવી ગઈ હોય. સમજાય છે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીંયા ગરી ગયું લોકાલોક. એનો જ્ઞાનનો પર્યાયનો ધર્મ એવો છે. આમ જ્ઞાનનો પર્યાય બધાને વર્ત્યો અને બધું અહીં વર્તી ગયું, એમ. આહા..હા..! એવો પણ આવડો આત્મા એને બેસતો નથી. રાડે રાડ નાખે છે. એય..! આમ થાય, એ આમ થઈ જાય. અરે! ભગવાને તો નિયત, અનિયત દીઠું છે અને તમે એને નિયત જ કહો છો. અમથાવાદી જૂઠાબોલા, સર્વજ્ઞ જૂઠાબોલા. અરે..! ભગવાન! એમ નથી ભાઈ! આહા..હા..! ભાઈ! સર્વજ્ઞે તો બધું જેમ ક્રમસર જે થાય તે રીતે એણે જોયું છે. એવું એનું જ્ઞાન જાણે તે રૂપે પરિણમી ગયું છે. સમજાય છે? એમાં બધા ખોસી ગયા લાકડા. આ લોકાલોકનો પર્યાય જાણે જ્ઞાનમાં

પેસી ગયો હોય એમ કીધું છે ત્યાં. અહીં એમ કીધું. અહીં તો આપણે સાધકમાં ઉતારવું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ વસ્તુ એવા પૂર્ણ એવું એક સમયમાં, શ્રુતજ્ઞાનના એક સમયની પર્યાયમાં લોકાલોક જ્ઞેયપણે વર્તી ગયા જાણે. એવો આત્મા તો એવી અનંતી પર્યાયનો પિંડ આખો. શું કીધું? આ તો એક પર્યાય ભેદરૂપ થયો. આ તો શ્રુતનો ભેદ અને કેવળજ્ઞાનનો પણ એ ભેદ થયો દ્રવ્યમાંથી. લોકાલોકને વ્યાપે. એવી એવી અનંતી પર્યાયોનો પિંડ જે જ્ઞાનગુણ. આહા..હા..! શું કીધું? સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ સર્વગતપણું વ્યાપ્યું, જ્ઞેય જ્ઞાન અદ્વૈત થયું અને કેવળજ્ઞાનમાં પૂર્ણ પ્રત્યક્ષ થઈ ગયું. એવી એક સમયની પર્યાય આ તો ભાઈ! આ એક સમયની પર્યાયની વાત છે. આ શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાય વર્તમાન પર્યાયની વાત છે. એવી એવી સાધકની અસંખ્ય કાળ રહે ત્યાં સુધી અસંખ્ય પર્યાય શ્રુતજ્ઞાનની અને કેવળજ્ઞાનની અનંત કાળ રહે અનંત પર્યાય. શું કીધું?

ભગવાન આત્મા એના જ્ઞાનગુણનો સ્વભાવ પર્યાયનો, એક સમયનો પર્યાય શ્રુતજ્ઞાનનો કે કેવળજ્ઞાનનો (સ્વભાવ) એ લોકાલોકને પણ જાણે અને પોતાને પણ જાણે. ઓહો..! એવો એક સમયનો પર્યાય શ્રુતજ્ઞાનમાં સર્વગતનયે જાણતા એને અસંખ્ય સમય સુધી સાધકપણું રહે. પછી તો કેવળજ્ઞાન થઈ જ જાય. એ અસંખ્ય સમય શ્રુતજ્ઞાનની પર્યાય રહે એ બધી પર્યાયો અને કેવળજ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ સર્વગતપણું-એ બધી અનંતી પર્યાયો, એનો તો ગુણ એનો પિંડ બધો એક ગુણ આખો. એવો એથી પણ અનંતગુણો જેના ગુણમાં સામર્થ્ય છે. એવા અનંત ગુણ સહિતનું દ્રવ્ય શ્રદ્ધા-જ્ઞાનમાં લીધું છે એની જ્ઞાનની પર્યાયમાં પણ આવડું દ્રવ્ય છે એમ શ્રદ્ધા, જ્ઞાનમાં આવી ગયું છે. આહા..હા..! સ્વની અપેક્ષાએ આવું દ્રવ્ય અખંડ છે પરિપૂર્ણ. એવી બધી પર્યાયનો પિંડ એક ગુણ, એ અનંત ગુણનો પિંડ એવો સમ્યગ્જ્ઞાનના પર્યાયમાં સ્વ આવ્યો છે અને પર સર્વગતપણું બધું છે એ પણ એનામાં આવી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- એ આત્મા. જેમ કહો એમ કહો એને. આહા..હા..! અત્યારે ઓલા શ્રુતકેવળીનું વજન અહીં નથી અત્યારે. અહીં તો આત્મા... અત્યારે એ વાત. આહા..હા..! શું પણ એનો સ્વભાવ! અને શું પણ જ્ઞેયની રીતને પકડવાની જ્ઞાનની યોગ્યતા! શું એની યથાસ્થિતતા! યથાર્થવાદિતા! આહા..હા..! સંતોના એક એક કોઈ કથનો પણ યથાર્થ વાદપણે સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

ભાઈ! તું પ્રભુ છો. તારામાં તો આવા આવા લોકાલોક એક સમયમાં જણાય એવા

એવા તો અનંતા પર્યાયની ખાણ તું છો. સમજાણું? આ તો ક્રમસર લોકાલોકમાં પર્યાય થાય, ગુણ અને દ્રવ્ય જેના એક સમયમાં જણાય એવા આવા અનંતી પર્યાયનો ખાણ તો ગુણ છો. તું કોને આઘું-પાછું કરવા માગીશ અને કોને કરીશ? એક પર્યાય પણ એ પ્રમાણે કરવા (સમર્થ નથી) પર્યાય પણ એમ જાણે છે. પર્યાય આઘી-પાછી થાય એમ નથી અને આવી પર્યાયનો પિંડ ગુણ જે છે એમાં તો આમ થઈ ગયેલું એકલું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ભગવાનના કહેલા દ્રવ્ય, ગુણ અને પર્યાય... સમજાણું કાંઈ? એ દ્રવ્ય-ગુણ-પર્યાયની મહત્તા છે. એમ વાતું નથી. એક સમયનો પર્યાય સર્વગત જાણે. ખલાસ થઈ ગયું. જાણનાર-દેખનાર. સર્વજ્ઞ જેમ જાણનાર-દેખનાર (છે, એમને) ક્યાંય ફેરવવું નથી અને ફરવું પણ નથી. એમ આ જાણનાર-દેખનાર જ્ઞેયને પણ એ રીતે જાણે છે. ખલાસ. આહા..હા..! બીજા સમયનો શ્રુતજ્ઞાનનો પર્યાય પણ સર્વગતને એ રીતે જાણે છે. જાણતાં, જાણતાં, ઠરતાં જ્યાં કેવળજ્ઞાન થયું તો પૂર્ણ રીતે જાણે છે, પ્રત્યક્ષ રીતે જાણે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? જ્ઞાનનો પર્યાય એક સમયનો આવું જાણે એમ ... એમ બીજે સમયે. એમ કરતાં પ્રત્યક્ષ થઈ ગયું તો એમને એમ જાણે લ્યો! આહા..હા..! એવું એક જીવમાં જ એવું છે. પાંચ દ્રવ્યમાં કાંઈ એવું વ્યાપકપણું જ્ઞાનનું નથી. આમાં આવી જાય ખરા, આ એને જાણે. કહો, સમજાણું આમાં?

'**યે સબ દ્રવ્ય યદ્યપિ વ્યવહારનયકર એક ક્ષેત્રાવગાહી રહતે હૈં,...**' એક ક્ષેત્રમાં બધા દ્રવ્યો રહે છે. '**તો ભી નિશ્ચયનયકર અપને અપને સ્વભાવકો નહીં** છોડતે,...' કોઈ પોતપોતાના સ્વભાવને છોડતું નથી. ભલે એક જગ્યામાં અનંતા રજકણો, અનંતા આત્માઓ, કાળાણુ (હોય), પોતપોતાના સ્વરૂપને ક્યાંય એક સમયમાત્ર પર્યાયને છોડતા નથી. સ્વરૂપ એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ એને કાંઈ છોડતા નથી. ઓહો..હો..! સમજાણું? '**દૂસરે દ્રવ્યમેં જિનકા પ્રવેશ નહીં હૈ,...**' એક રજકણનો બીજા રજકણમાં પ્રવેશ નથી, એક આત્મા એક રજકણમાં પ્રવેશ કરતો નથી, રજકણ આત્મામાં આવતો નથી. સમજાણું આમાં કાંઈ? '**સભી દ્રવ્ય નિજ નિજ સ્વરૂપમેં હૈં, પરરૂપ નહીં હૈં...**' અસ્તિ-નાસ્તિ કરી. બધા અનંતા દ્રવ્યો જેટલા છે તે પોતપોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે, પરરૂપે નથી. આહા..હા..! '**કોઈ કિસીકા સ્વભાવ નહીં લેતા.**' કોઈ દ્રવ્ય કોઈનો સ્વભાવ (નથી લેતો). એ પુદ્‌ગલનો સ્વભાવ જીવ ન લે અને જીવનો સ્વભાવ પુદ્‌ગલ ન લે. આહા..હા..! '**ઐસા હી કથન શ્રીપંચાસ્તિકાયમેં હૈ.**'

अण्णोण्णं पविसंता दिंता ओगासमण्णस्स।
मेलंता वि य णिच्चं सगं सब्भावं ण विजहंति।।

એ શબ્દાર્થ જ એનો છે. '**ઈસકા અર્થ ઐસા હૈ, કિ યદ્યપિ યે છહોં દ્રવ્ય પરસ્પરમેં પ્રવેશ કરતે હુએ દેખે જાતે હૈં, તો ભી કોઈ કિસીમેં પ્રવેશ નહીં કરતા,...**' સમજાણું? જાણે લોકાલોક જ્ઞાનમાં આવી ગયા પણ છતાં એ દ્રવ્ય અહીં આવતા નથી, તેમ જ્ઞાન ત્યાં વયું જાતું નથી. આહા..હા..! '**યદ્યપિ અન્યકો અન્ય અવકાશ દેતા હૈ,...**' જ્યાં છે ત્યાં બીજા આવે છેને? અવકાશ છે, પરમાણુ, આકાશ, બધામાં અવકાશ છે હોં! બધામાં અવકાશ લેશે. '**તો ભી અપના અપના અવકાશ આપમેં હી હૈ, પરમેં નહીં હૈ,...**' એક પરમાણુ હોય ત્યાં બીજા પરમાણુ આવે છે, એક આત્મા (હોય) ત્યાં બીજા આવે છે. દરેક દ્રવ્યમાં અવકાશ (દેવાનો) ગુણ છે. અસાધારણ અવકાશનો ગુણ છે આકાશમાં અને એ મહા, મહા અસાધારણ અને આ એક દરેકમાં અવકાશ દેતા છતાં, '**આપમેં હી હૈ, પરમેં નહીં હૈ, યદ્યપિ યે દ્રવ્ય હમેશાસે મિલ રહે હૈં, તો ભી અપને સ્વભાવકો નહીં છોડતે.**' પોતાના સ્વભાવને કોઈ છોડતું નથી. કર્મનો એક એક રજકણ એના સ્વભાવને છોડતું નથી. આત્માનો એક એક પર્યાય પોતાના ધર્મને છોડતો નથી. આહા..હા..! હવે કર્મથી અહીં થાય અને અહીંથી ત્યાં થાય. કેટલી ગડબડ કરે છે પણ. સમજાણું?

'**યહાં તાત્પર્ય યહ હૈ, કિ વ્યવહારસમ્યક્ત્વકે કારણ...**' દેખો આ. આ વ્યવહાર સમકિતનું કારણ છ દ્રવ્યમાં... આ છ દ્રવ્ય વ્યવહાર સમકિતમાં નિમિત્ત. '**છહ દ્રવ્યોંમેં વીતરાગ ચિદાનંદ અનંત ગુણરૂપ જો શુદ્ધાત્મા હૈ,...**' તે અંતર ધ્યાવને યોગ્ય છે. છ દ્રવ્યનું આ રીતે સ્વરૂપ જાણી પછી ભગવાન આત્મા વીતરાગ ચિદાનંદ રાગ રહિત જ્ઞાનાનંદસ્વરૂપ રાગ રહિત આનંદ, જ્ઞાનાનંદ સ્વરૂપ અનંત ગુણરૂપ પાછું. ચિદાનંદ અને અનંત ગુણરૂપ એ શુદ્ધાત્મા-પોતાનો શુદ્ધ આત્મા પુણ્ય-પાપ, કર્મ, શરીર રહિત. ભલે કહ્યો હતો પુણ્ય-પાપનો પરિણમનનો કર્તા આદિ, પણ એનાથી રહિત અને એના અનંત ગુણ સહિત એવો શુદ્ધાત્મા છે. '**વહ શુભ, અશુભ, મન, વચન, કાયકે વ્યાપારસે રહિત હુઆ ધ્યાવને યોગ્ય હૈ.**' લ્યો! એનો સાર કહ્યો. આ બધું વ્યવહાર સમકિતના વિષયનું જાણવું ભલે હો, પણ ઉપાદેય તરીકે આ એક આત્મા વીતરાગ જ્ઞાનના આનંદનો કંદ પ્રભુ છે. આ દુનિયાનો આનંદ જે રાગવાળો છે એ તો દુઃખરૂપ આનંદ છે. આ ભગવાન આનંદ, વીતરાગ આનંદ, વીતરાગી ચિદાનંદ આનંદ છે આત્મામાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યા પાના? આ શું આવ્યું? એ બધું જાણવાનું. જાણીને આદરવાનું આ.

એ જાણીને જાણવાનું આ પાછું. સાધવું આ. એના વિના એ વ્યવહાર સમકિતનું પણ કારણ થઈ શકે નહિ. એને શી રીતે વ્યવહાર કહેવો? આ નિશ્ચય કરે ત્યારે વ્યવહાર સમકિતના આ કારણો છે એને વ્યવહાર સમકિત કહેવાય. સમજાણું કાંઈ? એ તો ભાષા બરાબર ધ્યાન રાખે તો સમજાય એવી છે હોં! આમાં કાંઈ બહુ એવી નથી. ગુજરાતી કાંઈ એવી નથી પાછી. છ દ્રવ્યમાં ભગવાન આત્મા વીતરાગ ચિદાનંદ અનંત ગુણરૂપ શુદ્ધાત્મા, એના ઉપર દૃષ્ટિ ગઈ, એનું ધ્યાન કરવા લાયક છે. સમજાણું?

**'વહ શુભ, અશુભ, મન, વચન, કાયકે વ્યાપારસે રહિત હુઆ...'** કહે છે કે પરના જે લક્ષનો શુભ રાગ છેને ઓલા જ્ઞાનનો, એ શુભ સમકિતનો વિષય કીધો એ શુભ રાગ વિકલ્પ છે ત્યાં. એને પણ છોડી એમ કહે છે. સમજાણું કાંઈ? આ ભગવાન અંતર આનંદનો કંદ પ્રભુ અતીન્દ્રિય આનંદ જેમાં ટૂંપો અનંત આનંદનો ... પડ્યો છે આખો, એની અંતર દૃષ્ટિ કરીને એનું ધ્યાન કરવા લાયક છે. એ આત્માનો મોક્ષમાર્ગ છે બાકી બધું જાણવા લાયક છે. આહા..હા..! કહે છે કે એ બીજા જાણવાના ભાવ કીધા ને એના વિકલ્પથી પણ નવરો થા એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકલ્પ છે એ. પર તરફનું લક્ષ છેને, વિકલ્પવાળું જ્ઞાન છે એ. વ્યવહાર સમકિત એટલે રાગ, રાગ શુભ ઉપયોગ એને પણ છોડી આ નિશ્ચય આત્મા વીતરાગી સ્વરૂપ (એને ધ્યાવવો). હવે આ વસ્તુ પણ હજી જાણે નહિ, માને નહિ સરખી. હવે એના તરફથી લક્ષ છોડવું. આવું માને સરખું તો એનાથી લક્ષ છોડવું એમ કહે છે અહીં તો. અહીં તો હજી સરખા માનતો નથી એની તો વાત શું કરવી? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક સેકન્ડમાત્રમાં. કહો, સમજાણું કાંઈ? એક સમયમાત્રમાં. સેકન્ડ તો મેં ઉપયોગનો કાળ છે માટે કીધું. સમજાણું કાંઈ? ઉપયોગ કાળ વધારે છેને જરી? અસંખ્ય સમયનો ઉપયોગ કાળ છે. આહા..હા..!

કહે છે ભાઈ! તું એક આત્મા છો. તારા એક સમયના શુભ ઉપયોગના વિકલ્પવાળા જ્ઞાનમાં પણ આવી વાત છ દ્રવ્ય-ગુણ-પર્યાયની જ્યાં જણાઈ જાય, સમાઈ જાય. એક સમયનું પરલક્ષી ક્ષયોપશમજ્ઞાનના વિકલ્પવાળું જ્ઞાન, એમાં પણ આટલો એક જેવી રીતે છે એવી રીતે એને જાણે છે. એનું પણ લક્ષ છોડીને ત્રિકાળ જ્ઞાયકમાત્ર ભગવાન આત્મા એને ધ્યાવવા યોગ્ય અને ધ્યાનમાં ધ્યેય કરવાનું એ છે. એટલે કે એનો વિષય કરવા લાયક છે એમ બીજી રીતે કહ્યું. આ વ્યવહારનો જે વિષય કહ્યો હતો સમ્યગ્દર્શનનો વિષય (એના)

આટલા બધા પ્રકાર કર્યા એ જાણીને પણ સ્વ વિષય કરવા લાયક છે એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો! એ ૨૮ ગાથા થઈ. સમજાણું?

**'ઈસપ્રકાર ઉન્નીસ દોહોંકે સ્થલમેં નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગકિ કથનકી મુખ્યતાસે તીન દોહા કહે. ઐસે ચૌદહ દોહોં તક વ્યવહારસમ્યક્ત્વકા વ્યાખ્યાન કિયા, જિસમેં છહ દ્રવ્યોંકા શ્રદ્ધાન મુખ્ય હૈ.'** મુખ્ય સમજ્યાને? મૂળ ઓલું આવી ગયું અંદર. હવે જ્ઞાનની વ્યાખ્યા. એક જ્ઞાનની વ્યવહારની અને એક ચારિત્ર નિશ્ચયની એમ કહે છે. વ્યવહારમાં પણ નિશ્ચય નાખશે.

**'આગે સંશય વિમોહ વિભ્રમ રહિત જો સમ્યગ્જ્ઞાન હૈ, ઉસકા સ્વરૂપ પ્રગટ કરતે હૈં.'** સ્વ-પરનું જાણપણું એમ બે ભેગા કરવા એ પણ હજી વ્યવહારજ્ઞાન કહેવાય એમ કહેશે. સ્વ-પરનો બે જ્ઞાન ભેગા, સ્વનું અને પરનું ભેગું એનું નામ વ્યવહાર જ્ઞાન. એકલું સ્વનું અંતરમાં જ્ઞાન તે નિશ્ચયજ્ઞાન. એવી શૈલી વર્ણવે છે. સમજાણું કાંઈ?

**૧૫૫) जं जह थक्कउ दव्वु जिय तं तह जाणइ जो जि।**
**अप्पहं केरउ भावडउ णाणु मुणिज्जहि सो जि।।२९।।**

એ શબ્દ આવ્યો હતો ૧૫માં, ૧૫મી ગાથામાં આવ્યો હતો. **'अप्पहं केरउ भावडउ'** એ શ્રદ્ધાનો ત્યાં શબ્દ હતો, અહીં જ્ઞાનનો શબ્દ છે. સમજાણું કાંઈ? વાહ! પરમાત્મપ્રકાશ પણ... ભારે વાત કરી પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવે.

મુમુક્ષુ :- પરમાત્મા...

ઉત્તર :- આહા..હા..! પરમાત્મપ્રકાશ ગજબ છે! સમયસારમાં પણ, આ પણ એક અલૌકિક શાસ્ત્ર છે. ઘણે ઠેકાણે અધ્યાત્મ ગ્રંથોમાં આનું નામ આવે છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, પરમાત્મપ્રકાશ, સમાધિશતક એમ અધ્યાત્મના ગ્રંથોમાં આનું નામ આવે છે. કહે છે, સમ્યગ્જ્ઞાન સ્વ-પરનું કોને કહેવું એ વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૦, રવિવાર, તા. ૦૨-૦૧-૧૯૬૬**
**ગાથા-૨૯, પ્રવચન-૯૨**

આ પરમાત્મપ્રકાશ છે, એની ૨૯મી ગાથા. જુઓ, શું કહે છે? કે '**આગે સંશય વિમોહ વિભ્રમ રહિત જો સમ્યગ્જ્ઞાન હૈ, ઉસકા સ્વરૂપ પ્રગટ કરતે હૈં—**'

૧૫૫) जं जह थक्कउ दव्वु जिय तं तह जाणइ जो जि।
अप्पहं केरउ भावडउ णाणु मुणिज्जहि सो जि।।२९।।

'હે જીવ;...' આ જગતની અંદર બધા પદાર્થો છે. જે રીતે પદાર્થ-વસ્તુનું સ્વરૂપ (છે), અનંત આત્માઓ, અનંતા પરમાણુ આ માટી-રજકણો આદિ છ દ્રવ્ય છે જેવા તિષ્ઠ છે, તિષ્ઠ છે વસ્તુ જગતમાં. '**જૈસા ઈનકા સ્વરૂપ હૈ, ઉનકો વૈસા હી સંશયાદિ રહિત...**' સંશય રહિત, ભ્રમણા રહિત, મૂઢતા રહિત એને જાણ કે જેથી તારું સ્વ અને પરની જુદાઈનું સાચું જ્ઞાન વ્યવહારે થાય. હજી તો એ વ્યવહારજ્ઞાન. સમજાણું કાંઈ? જે આત્મા છે, આ શરીર છે, બીજા આત્માઓ છે, બીજાના શરીર, રજકણો સત્ છે, વસ્તુ છે એનું જે રીતે સ્વરૂપ છે તે રીતે જ્ઞાનમાં જાણ તો તને સ્વ અને પર બે જુદા શું છે એવું તારું રાગવાળું જ્ઞાન, વ્યવહારે સાચું જ્ઞાન થાય. સમજાણું કાંઈ? વ્યવહાર એટલે આ તમારા લોકના વ્યવહારની વાત નથી.

અંદર પુણ્યબંધનો શુભભાવ... આ આત્મા શું વસ્તુ છે ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માએ આત્મા કેવો જોયો? અનંત આત્મા કેવા છે? રજકણે રજકણનું સ્વરૂપ શું છે? જેવું એનું સ્વરૂપ છે એવું પોતે પોતાથી પરના જુદાપણાનું જ્ઞાન કરે ત્યારે તેને વ્યવહારજ્ઞાન, પુણ્યના ભાવનું જ્ઞાન, વ્યવહારજ્ઞાન સાચું કહેવામાં આવે. એમાં આત્મા નિર્વિકલ્પ આનંદસ્વરૂપ છે. આ આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ છે. આત્મા સત્-શાશ્વત્ જ્ઞાનાનંદ એનું અંતરમાં સમ્યગ્જ્ઞાન થવું એનું નામ આત્માની શાંતિ અને એનું નામ ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આ આત્મા જ નિર્વિકલ્પ વીતરાગ-રાગ વિનાની ચીજ છે. વીતરાગ આનંદમય છે, એનામાં આત્મામાં આનંદ પડ્યો છે, અતીન્દ્રિય આનંદ છે આત્મામાં. એવા આનંદમય જ્ઞાનસ્વરૂપને રાગ વિનાની વીતરાગી દૃષ્ટિ દ્વારા સ્વરૂપનો અનુભવ કરે, દૃષ્ટિ કરે ત્યારે તેને આત્મજ્ઞાન

કહેવામાં આવે છે. ત્યારે તેણે આત્માની કિંમત કરી એમ કહેવામાં આવે. ત્યારે એને બીજા બધા પદાર્થની કિંમત આત્મા પાછળ ઉડી ગઈ. સમજાય છે કાંઈ? આ આત્મા અખંડ આનંદમૂર્તિ છે એવું જે જ્ઞાન કરે એને આત્માની કિંમત થઈ અંદર. એને સમ્યગ્જ્ઞાન એટલે કે વાસ્તવિક કિંમત કરી એ જ્ઞાનનું નામ સમ્યગ્જ્ઞાન. સમજાણું કાંઈ? શાંતિભાઈ! આ કેવું?

એને આ આત્મા વસ્તુ સચ્ચિદાનંદસ્વરૂપ શાશ્વત્ સત્-શાશ્વત્ આત્મા છે (એટલે) ત્રિકાળ એમને એમ નિત્ય રહેનાર છે અને એમાં જ્ઞાન અને આનંદ પડ્યો છે આત્મામાં. એના જ્ઞાનનું જ્ઞાન અને આનંદનું જ્ઞાન અંદર કરે એનું નામ સાચું જ્ઞાન, સાચી ધર્મની કિંમત, સાચા આત્માને એણે ઓળખ્યો કહેવાય. ત્યારે એ જ્ઞાની થયો અને આત્માના ભાવની એણે પિછાણ કરી. ત્યારે એને શાંતિ અને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? સમ્યક્ એટલે સત્ય દર્શન. એ વખતે અથવા પહેલા વિચારના કાળમાં સ્વ શું? પર શું? એવી ચીજોનો વિચાર ભૂમિકામાં ચાલે એને વ્યવહારજ્ઞાન, પુણ્યબંધનનું કારણ, વ્યવહાર સાચું-વ્યવહારે સાચું જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નિશ્ચય સાચું તો આત્માનું જ્ઞાન કરે એ. ભારે વાતું ભાઈ! શાંતિભાઈ! કોઈ દિ' ખબર ન મળે આ. એય..! કાંતિભાઈ! ક્યાં ગયા?

આ આત્મા પોતાનો સ્વભાવ અંદર વસ્તુ આનંદમૂર્તિ છે ઈ, વીતરાગ નામ અવિકારી એનો સ્વભાવ છે. એની દશામાં વિકાર અને ભ્રમણા ભલે હો, વસ્તુસ્વરૂપમાં એ નથી. એવા વસ્તુના સ્વરૂપનું અંતરમાં 'વીતરાગ પરમાનંદમૂર્તિ હું છું' એવું જે અંતરમાં નિશ્ચયનું, સ્વનું જ્ઞાન થવું એનું નામ ખરો ધર્મ છે. એણે આત્માની કિંમત કરી અને એને પુણ્ય-પાપના ભાવ અને એના ફળની કિંમત અંતરમાંથી ઊડી ગઈ. સમજાણું કાંઈ? એને પુણ્ય-પાપના ભાવ થાય એની કિંમત રહી નહિ અને એના ભાવના બંધન તરીકે પુણ્ય-પાપ બંધાણા અને એના ફળ આ મળ્યા અનુકૂળ, પ્રતિકૂળ બહાર એની કિંમત ધર્મીને અંતર દૃષ્ટિમાં રહેતી નથી. કહો, સમજાણું આમાં? પણ એ પહેલા જરીક વિકલ્પ અવસ્થામાં સાચું તત્ત્વનું (સ્વરૂપ) શું છે (એનું) જ્ઞાન એને હોવું જોઈએ. એ વાત કરે છે જુઓ!

**ભાવાર્થ :-** **'જો દ્રવ્ય હૈ,...'** ત્રણ લક્ષણ વર્ણવ્યા ભાઈ! પંચાસ્તિકાયમાં છેને ઈ? '**થક્કउ**' છેને? રહ્યા છે. એ રહ્યા છે એમાંથી ત્રણ બોલ કાઢ્યા. સત્તા, ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને ગુણ-પર્યાય એમ ત્રણ કાઢ્યા. આ '**થક્કउ**'માંથી કાઢ્યું. સમજાણું કાંઈ? શું કહે છે? આ આત્મા, આ રજકણો એ જેમ છે એની સત્તા એટલે હોવાવાળું એનું સ્વરૂપ છે. છે, છે પદાર્થ છેને? આ રજકણો, શરીર, કર્મ, વાણી આ બાહ્ય પદાર્થ છે. આત્મા છે. એને 'છે' એટલે સત્તાવાળો પદાર્થ એનું એને જ્ઞાન પહેલું (હોવું જોઈએ). '**વહ સત્તા લક્ષણ હૈ, ઉત્પાદ વ્યય ધ્રૌવ્યરૂપ હૈ,...**' દરેક વસ્તુ એની વર્તમાન અવસ્થાથી નવી ઉપજે છે,

જૂની અવસ્થાથી વ્યય થાય છે, બદલે છે અને પોતાના ધ્રુવપણે, સત્‌પણે કાયમ રહે છે. એવો જ એનો સ્વભાવ છે. કોઈને લઈને નહિ. સમજાણું કાંઈ?

આ શરીરનો એક એક રજકણ... આ ઘણા રજકણનું દળ છે, આ કાંઈ એક વસ્તુ નથી. ઘણા પોઈન્ટ ભેગા થઈને આ દેખાય છે. એનો એક પોઈન્ટ જે ટૂકડો કરતા રહે છેલ્લો એ એક એક રજકણમાં અને આ એક એક આત્મામાં ત્રણ અંશ છે એક સમયમાં. સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ અંશ છે. નવી અવસ્થાનું થવું. પર્યાય—અવસ્થા નવી થવી. જુઓ! આ અવસ્થા છેને આ? પહેલી હતી દાળ-ભાતની, અત્યારે આ લોહીની અવસ્થા છે આ પરમાણુની. એ અવસ્થાનું થવું, થયું... સમજાણું કાંઈ? આજ તો રવિવાર છેને પાછા છોકરાઓ આવ્યા છે. એ તો આવ્યા પણ અહીં અમારે છોકરાઓ આજે આવ્યા છે એટલે ખીચોખીચ થઈ ગયું છે ભાઈ. બોર્ડિંગના છોકરા આવ્યા છેને. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોટાને રવિવાર આવતો નથી. આવ્યો છેને. અત્યારે તો આવ્યા છે.

અહીં કહે છે, આ જગતમાં અનંતા આત્માઓ છે, અનંતા પરમાણુ-અનંત ગુણા રજકણો છે. બીજા ચાર દ્રવ્ય છે એ જરીક ઝીણા પડે. એમાં દરેકમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે એમ કહે છે. દરેક પદાર્થને સમય સમયમાં-નાના કાળમાં નવી અવસ્થા ઉપજે છે, જૂની અવસ્થા બદલે છે અને પોતે ધ્રુવપણે કાયમ રહે છે. એના ઊપજવામાં બીજો પદાર્થ ઊપજાવે એમ નથી, એમ કહે છે. આ શરીરને ટકાવવું એ આત્માના અધિકારની વાત નથી એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો રોટલાના અધિકારની વાત છે.

ઉત્તર :- રોટલાના અધિકારની વાત નથી. રોટલાના રજકણ સ્વતંત્ર પોતાની પર્યાયથી ઊપજે. આ શરીરના રજકણ પોતાની અવસ્થાથી સ્વતંત્ર ઊપજે છે. રોટલાને લઈને આ ઊપજે છે એમ છે નહિ. કેમકે એ અનંત પદાર્થ ભિન્ન-ભિન્ન છે. શાંતિભાઈ! આહા..હા..!

એ કહે છે. એક એક વસ્તુ વર્તમાન પોતાને કારણે નવી અવસ્થાના કાર્યરૂપે પરિણમે એ પોતાથી છે, પરને લઈને નથી. મોટા વાંધા આખા કાર્ય-કારણના એ વાંધા ઉઠાવે. એના ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ? આ શરીરની અવસ્થાને આમ ચલાવું એ આત્માના અધિકારની વાત નથી. કારણ કે એનો ઉત્પાદ હલવાનો એ ઉત્પાદનો પર્યાયનો કર્તા એ રજકણો છે, આત્મા નહિ. અને આત્માની પર્યાય થાય જાણવા-દેખવાની એ અવસ્થા શબ્દો અને પરથી ન થાય. સમજાણું?

મુમુક્ષુ :- કાંઈ સમજાણું નહિ.

ઉત્તર :- ન સમજાણું? એય..! ભીખાભાઈ!

આત્મા છેને? એમાં અનંત ગુણ છે જ્ઞાન, દર્શન, આનંદ આદિ એ ધ્રુવ છે અને એની વર્તમાન અવસ્થા ઊપજે છે જાણવાની, દેખવાની, માનવાની એ અવસ્થા આત્માથી ઊપજે છે, શરીરથી નહિ, કાનથી નહિ, સાંભળવાથી નહિ.

મુમુક્ષુ :- બે દેખાય એવું છે? કે એક દેખાય?

ઉત્તર :- બે દેખાય એવું છે. એક દેખાય ક્યાં છે? કોણ કહે છે? બે દેખાય છે અહીં તો. આત્મા અને આ બે. સમજાણું? નથી દેખાતું આ? આ શરીર અને આત્મા જાણનારો જુદો ને આ જુદું. જાણનાર જુદો અને આ શરીર (જુદું). આત્મા એમ કહે છે કે હું શરીર છું? હું તો આનો જાણનાર છું. આ શરીર છે, હું એનો જાણનાર ચૈતન્ય છે. બે જુદી ચીજ છે. અને લોકો પણ નથી કહેતા કે ભાઈ આ ચૈતન્ય ગ્યો હવે મરે ત્યારે. એમ કહે છે કે આ ચૈતન્ય અને શરીર બે વયા ગયા અહીંથી?

મુમુક્ષુ :- શરીર તો સોંપીને જાય છે.

ઉત્તર :- સોંપે ક્યાં? પડ્યું રહે છે ત્યાં. ત્યાં ક્યાં સાથે એના બાપનું હતું તે સાથે રહે? બાપનું હોય તો ક્યાં એનો બાપ પણ એનો છે? જરાય નહિ?

અહીં તો એમ ભગવાન કહેવા માગે છે કે પહેલી વાત તો એ છે કે જેટલા તત્ત્વો છે એ તત્ત્વોનું હોવાપણું એણે કબુલવું, નક્કી કરવું જોઈએ. અને એ હોવાપણામાં એની નવી નવી અવસ્થા જે ક્ષણે થાય એ તેના તત્ત્વથી થાય છે, બીજા તત્ત્વથી નહિ. એમ એણે નક્કી કરવું જોઈએ ત્યારે એને વ્યવહારે સાચું જ્ઞાન થયું કહેવાય. વ્યવહારે સાચું જ્ઞાન હોં! નિશ્ચય તો આત્માનું જ્ઞાન કરે એ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં જ ભૂલ.

ઉત્તર : એમાં જ ભૂલ આખી. સમજાણું? કહો, કાંતિભાઈ! શું આ લાકડાના કેટલા કરે એ? કહે છે જુઓ! છે?

દરેક વસ્તુ ઉત્પાદ વ્યય ધ્રુવરૂપ છે. જ્યારે વસ્તુ જ પોતે નવી અવસ્થારૂપે થાય એમ છે, જૂની અવસ્થારૂપે જાય એમ છે, ટકવારૂપે રહે એમ છે. શું કીધું? દરેક વસ્તુ અનંત આત્માઓ અને અનંતા પરમાણુઓ, એક રૂપિયો એ પણ અનંત રજકણનો બનેલો છે, દરેક વસ્તુ વર્તમાન અવસ્થાથી થાય એમ છે. બીજાની અવસ્થાથી થાય એમ નથી. ભાઈ!

મુમુક્ષુ :- તમે વાત કરતા...

ઉત્તર :- એ વળી પછી, આ તો અત્યારે. છે. આ છે. આનાથી આ, આનાથી આ, આનાથી આ એમ નહિ. આ શરીરની આ અવસ્થા એ એનાથી છે, એ અવસ્થા એનાથી

છે. એનો અર્થ કે આત્માની અવસ્થાથી એ નથી. આત્માને ઇચ્છા થઈ માટે આ અવસ્થા છે એમ નથી. ઇચ્છાને લઈને ઇચ્છા છે, આની અવસ્થાને લઈને એની અવસ્થા છે. શાંતિભાઈ! બહુ ઝીણું ભાઈ! આહા..હા..! આમ જ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર એણે દ્રવ્ય આવા જોયા ને એમ છે, એમ કહે છે, એમ તું જાણ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

દરેક વસ્તુ. જુઓ! કર્મના રજકણો પણ. કર્મ જે અંદર છે એ પણ પોતાની અવસ્થાથી ઊપજે છે કર્મપણે, પૂર્વની વર્ગણાની અવસ્થાથી વ્યય થાય છે અને રજકણપણે ઈ (ટકી રહે છે). એ રીતે ઈ છે, આત્માને લઈને એ છે. આત્માને લઈને કર્મ છે એમ નથી, કર્મને લઈને આત્મા છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ મહા સિદ્ધાંતો નાખ્યા છે. એક એક રજકણનો અને એક એક આત્માનો એક સેકન્ડના અસંખ્ય ભાગમાં- એક સમય સૂક્ષ્મ કાળમાં દરેક પદાર્થ પોતાથી કાર્યરૂપે, અવસ્થારૂપે થાય છે, જૂના અવસ્થાના કાર્યની દશારૂપે અભાવ થાય છે, પોતાનું ધ્રુવપણે ટકાવે છે. એમ એ છે, એ એમ છે, બીજું એમ છે, ત્રીજું એમ છે. એવા અનંતા પદાર્થો પોતાથી એમ છે. એને જેમ છે તેમ એણે જાણવા જોઈએ. ત્યારે એનું વ્યવહારજ્ઞાન સાચું થયું કહેવાય. સમજાય છે? એટલું કરે ત્યાં એ તો હજી પુણ્યબંધનું કારણ (થાય), એ ધર્મ નહિ. સવિકલ્પાત્મક વ્યવહારજ્ઞાનની આ વાત ચાલે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'ઔર સભી દ્રવ્ય ગુણ પર્યાયકો ધારણ કરતે હૈં,...'** દરેક વસ્તુ. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ, પર્યાય એટલે અવસ્થા. ઉત્પાદ-વ્યય પર્યાયમાં જાય છે, ધ્રુવ ગુણમાં જાય છે. એમ દરેક વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયને ધારણ કરે છે. પોતાને કારણે દ્રવ્ય ગુણ પર્યાયને ધારણ કરે છે. પરમાણુ પરમાણુના દ્રવ્યને લઈને, એના ગુણને લઈને અને એની પર્યાયને લઈને રહ્યો છે. આત્મા પોતાનું દ્રવ્ય, પોતાના અનંત જ્ઞાનાદિ ગુણ, એની અવસ્થાને લઈને આત્મા રહેલો છે. કોઈને લઈને આ નહિ અને આને લઈને કોઈ નહિ. આહા..હા..!

કહો, આ પૈસા, કહે છે કે અહીં જોડે આવે એ આત્માની પર્યાયને લઈને ન આવે એમ કહે છે. શું હશે આ? કારણ કે પૈસા એ રજકણો છે, રજકણોનું અવસ્થાનું ઉપજવું આમ થવું એ એના કારણમાં-એનામાં છે. એ આત્માની ઇચ્છાને લઈને આમ આવે છે કે આમ જાય છે એમ છે નહિ. ભારે વાત ભાઈ! શું જમુભાઈ! ભારે આકરું. આ તો હજી વ્યવહારું જ્ઞાન. એમાંથી તારવીને ભગવાન આત્મા શુદ્ધ અખંડ જ્ઞાનનો પિંડ છે એવું અંતરમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું થવું એનું નામ નિશ્ચયદર્શન અને નિશ્ચયજ્ઞાન છે. એનું નામ સાચું સત્ય અને સાચું જ્ઞાન છે. આ તો વ્યવહાર સત્ય ઓલું તો કહેવામાં આવે છે. આહા..હા..! હજી તો વ્યવહાર સત્ય જ્ઞાનના ઠેકાણા ન મળે એને નિશ્ચય સત્યજ્ઞાન પ્રગટે કઈ રીતે?

સમજાણું કાંઈ?

કહે છે, દરેક આત્મા અને દરેક રજકણો પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ, એ દરેક દ્રવ્યની શક્તિઓ જે ગુણ ત્રિકાળ અને એની વર્તમાન અવસ્થાને તે વસ્તુ ધારણ કરે છે. આત્મા શરીરને ધારણ કરતો નથી, શરીર આત્માને રાખતું નથી એમ કહે છે. એ આત્મા શરીરને ધારણ કરતો નથી, આત્માએ કર્મને ધારણ કર્યા નથી, શરીરે આત્માને ધારણ કર્યો નથી, કર્મે આત્માને અહીં રાખ્યો નથી. આહા..હા..! કહો, વલ્લભદાસભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ દેખાય છેને આંખે, પણ એને ખબર ન મળે? એમ માનતો નથી.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન હતું. એ ભગવાન પરમેશ્વર ઈન્દ્રોના સમક્ષ ફરમાવે છે. ઈન્દ્રો મોટા અર્ધ લોકના સ્વામી. તમે શરીર ધાર્યું નથી, તમારે લઈને એ વૈમાનના દેવો અને વૈમાનના શરીરો નથી. દરેકના રજકણો પોતે પોતાથી ગુણ પર્યાયથી ધરેલા, ટકેલા છે, તમે તમારા ગુણ અને પર્યાયથી તમે ટકેલા છો. તમે નથી ટકાવતા પરને અને પર નથી ટકાવતા તમને. બાયડી, છોકરાને તો નભાવતો હશે કે નહિ? સારા નોકરો-બોકરોને નભાવે કે નહિ?

મુમુક્ષુ :- આટલું .. બોલાય?

ઉત્તર :- શું બોલે? આહા..હા..! કહો, સમજાણું આમાં? શું પણ કહેવાય છે આ?

દરેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને દરેક વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયને ધારણ કરનારી. '**ગુણ પર્યાયકે બિના કોઈ નહીં હૈં.**' કોઈ પણ વસ્તુ, પોતાની કાયમની શક્તિ અને એની વર્તમાન કાર્યની દશા વિનાનો કોઈ પદાર્થ હોતો નથી. હવે ક્યો પદાર્થ એના કાર્યની દશા વિનાનો છે તો બીજો પદાર્થ એનું કાર્ય કરવા જાય? ભારે! કાંતિભાઈ! આ ઘડિયાળ-બડિયાળના કામ કહે છે કે એ પરમાણુનો પર્યાય, પરમાણુનો પર્યાય વિનાનો એ પરમાણુ હોય નહિ. એના ગુણ અને પર્યાય વિનાનું એ દ્રવ્ય હોય નહિ. પછી તેં ત્યાં શું ગુણ અને પર્યાય નાખી ત્યાં? પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે કાર્ય. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ! આ ભાષાના રજકણો ઉઠે છેને ભાષા? અવાજ આવે છેને કાને? એ રજકણો છે. એ રજકણોએ પોતાના ગુણ પર્યાયને ધાર્યા છે. એ ભાષાની અવસ્થા અને એની શક્તિ એ રજકણોએ ધારી છે, આત્માએ નહિ, આ હોઠે નહિ. ભારે વાતું આકરી! સમજાણું કાંઈ? એ હાથમાં આમ છરી હોયને છરી. કહે છે કે એ છરીએ પોતાના ગુણ પર્યાયને એણે ધાર્યા છે. હાથે એને પકડી નથી અને ધારી નથી.

મુમુક્ષુ :- ... મદદ તો કરે.

ઉત્તર :- ધૂળમાં પણ મદદ કરતો નથી કોઈની. મફતનો પોક મૂકે છે ત્યાં. પાડોશી તો એને એનામાં રહ્યો. એ વસ્તુ છે કે નહિ? એ વસ્તુ છે કે નહિ? તો વસ્તુમાં એની શક્તિ અને ગુણ હોય છે કે નહિ? અને શક્તિ અને ગુણ હોય એનો કોઈ વર્તમાન દશા-કાર્ય-પર્યાય હોય છે કે નહિ? તો પર્યાય વિનાનો એ (છે નહિ). એણે તો એના ગુણ પર્યાયને ધાર્યા. તમારા ગુણ, પર્યાયને ક્યાં ધારવા આવતો હતો નવરો? સમજાણું કાંઈ? તમે તમારા ગુણ પર્યાયને ધાર્યા. તમે આત્મા. આ આત્મા અંદર છે એણે પોતાના ગુણ-અનંત ગુણ છે જ્ઞાન, દર્શન એને ધાર્યા અને એની અવસ્થાને ધારી બસ એટલું. નથી ધાર્યું એણે શરીર, નથી ધાર્યું એણે વાણી, નથી રાખ્યા એણે કર્મ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ હશે આ? બેસતું હશે કાંતિભાઈ! આ વાત? પણ આખો દિ' લાકડા ઓલા કરતા હોય ને ખુરશીઓ કરતા હોય અને ફલાણું કરતા હોય ને શું કહેવાય? ફર્નિચર ફર્નિચર. સમજ્યા? એ ના પાડે છે અહીં. ફોટો જુઓ આપ્યો કહે છે, શાંતિભાઈ કહે છે લ્યો! એ લાકડા પણ રજકણ છે કે નહિ? રજકણનું હોવાપણું છે કે નહિ? હોવાપણું છે એમાં એની અવસ્થા છે કે નહિ? તો એની અવસ્થાને હોવાપણાએ-દ્રવ્યે કરી છે. હોવાપણાએ અવસ્થા એને લઈને ટકી છે. બીજા હથિયારને લઈને પણ એ અવસ્થા થઈ નથી. અરે..! ભારે વાત આ. વીતરાગનો માર્ગ જગતને સમજવો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કો'ક દિ' આવે એને સમજાય નહિ આ.

ઉત્તર :- આ સમજાય એવી વાત છે, કો'ક દિ' આવે એને. કહો!

બે ચીજ ભિન્ન છે. જુઓ! આત્મા જાણનાર છે. તો આત્મા વસ્તુ છે. એમાં જાણવાના જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો છે અને એની વર્તમાન અવસ્થા હાલત થાય છે. એ એણે ધારી છે, એમાં એ છે, એના હોવાપણામાં એ છે. એ કર્મના શરીરના રજકણ અને ભાષાના હોવાપણામાં એ આત્મા નથી. અને આ ભાષા અને શરીર અને કર્મના હોવાપણામાં આત્મા નથી. એ એના હોવાપણે એ છે અને આના હોવાપણે આમ ત્રિકાળ આમ ને આમ ટકી રહ્યું છે. સમજાણું કાંઈ? એ એને લઈને ટક્યા, હું મારે લઈને ટક્યો એવો જે ભેદ કરવો એવું વિકલ્પાત્મક જ્ઞાન પહેલું વ્યવહાર એને વ્યવહારું સાચું જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પછી અંદર નિર્વિકલ્પ ભગવાન એકલો ચિદાનંદસ્વરૂપની અંતર્મુખ દૃષ્ટિ કરીને રાગના અવલંબન વિનાનો, એ પર્યાય એમાં છે રાગે ધારી છે એણે, એની પણ ધારણા લક્ષ છોડી દઈને, એકલો જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ એની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ આત્માની શાંતિનો ઉપાય. સમજાણું કાંઈ?

પરમાં હું નથી એટલે પહેલો પ્રેમ છોડ્યો પરનો. પછી રાગ એટલો હું નથી એનો છોડ્યો

રાગનો પ્રેમ. પરમાં હું નથી, હું મારામાં છું. એટલે પરનો પ્રેમ એને કાંઈ કામનો નથી. એટલે પ્રેમ છોડ્યો પરનો. હવે મારામાં રાગાદિ છે. હવે મારામાં રાગ (થાય) તો રાગમાં હું આખો નથી. એક સમયમાં પુણ્ય-પાપ અને વિકાર છે એમાં આખું તત્ત્વ નથી. એટલે આખા તત્ત્વ ઉપર જતાં રાગ-દ્વેષમાં હું નથી અને રાગ-દ્વેષ મારામાં નથી. એમ જ્ઞાયક ચૈતન્યની પ્રતીત અને ભાન થતાં એને સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી દશા થાય છે. સમજાણું કાંઈ? કહો, હિંમતભાઈ! ભારે વાત! જેટલા દ્રવ્ય છે એ બધા સત્તા-હોવાવાળા છે એમ કીધું. હોવાવાળા છે માટે એમાં ત્રણ લક્ષણ છે. નવી અવસ્થાનું થવું. ઓહો..હો..! આટલી વાતે હજી વાંધા ઉઠે છે. હજી સામાના દ્રવ્યની પર્યાય હું કરું. તો એ પર્યાય એણે ધારી છે કે તેં ધારી છે? આહા..!

મુમુક્ષુ :- એનો પ્રભાવ છે.

ઉત્તર :- અરે..! પ્રભાવની વ્યાખ્યા શું પણ? પ્રભાવની વ્યાખ્યા કાંઈ ભાવ મગજમાં આવવો જોઈએને.

આ વસ્તુ રજકણે રજકણ, આત્માએ આત્મા પોતાની ધ્રુવતાને ટકાવીને વર્તમાન અવસ્થારૂપે પોતે ટકી રહ્યો છે. એની અવસ્થામાં બીજાનું આવવું-પ્રવેશવું નથી અને જગતના બીજા પદાર્થ જે આત્માઓ જડ છે એની અવસ્થામાં આ આત્માનું જવું થતું નથી. અને આ આત્માને લઈને ટક્યા, રહ્યા, ભાંગ્યા, તૂટ્યા એમ છે નહિ. સમજાણું કાંઈ? એટલું કરે તો એને વ્યવહારું જ્ઞાનનો શુભરાગ પુણ્યનો સાચો થાય, કહે છે. એમ ન માને તો એને પાપનો રાગ અને પાપજ્ઞાન થાય. સમજાણું કાંઈ? એક બીજાના પર્યાયને કરે અને કરું એમ જાણે તો એનું નામ પાપજ્ઞાન (કહે છે), એને ભાવમાં પાપ થયું. આ ટક્યા મારે લઈને, હું ટક્યો એને લઈને એવી માન્યતાનો ભાવ તે પાપભાવ છે. જગતના દરેક પદાર્થ પોતાના કારણે ટકી રહ્યા છે, બદલી રહ્યા છે, ઊપજી રહ્યા છે એમ ન માને અને મારાથી એમાં ઊપજે અને એનાથી (મારામાં ઊપજે) એ તો અસત્ય વાત થઈ, અસત્ય જ્ઞાન થયું. અસત્ય જ્ઞાન તે પાપ થયું, પાપ એટલે બંધન થયું, દુઃખરૂપ થઈ દશા એને. પણ દરેક પદાર્થ એને કારણે ઊપજે છે, ટકે છે, હું મારે કારણે ઊપજીને ટકું છું એવું જ્ઞાન (થતાં) એને પુણ્ય થયું, હજી ધર્મ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભગવાન ક્યો હતો? ભગવાન બીજો કોઈ છે નહિ. પ્રેમભાઈ!

દરેક વસ્તુ પોતે જ પોતાની કર્તા-હર્તા છે. સમજાણું કાંઈ? અહીં તો ત્રીજો ન્યાય મૂક્યો ભાઈ જરી કે જગતમાં અનંત આત્માઓ અને અનંત રજકણો આ પોઈન્ટ છે. એ છે એને

ભગવાન કહે છે કે સૌ સૌથી છે એમાં એમ ન માનતા, મારાથી શરીર છે અને શરીરથી હું છું અને પૈસાથી હું છું ને મારાથી પૈસા છે એમ માનનારના પરિણામમાં અસત્યપણું છે એટલે પાપ છે.

(હોવાપણે) જે વસ્તુ છે, દરેક આત્માઓ (કે બીજા દ્રવ્યો). ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમેશ્વરે અનંત પદાર્થ આત્મા, અનંત રજકણો એમ સ્વતંત્ર જોયા છે અને તે કહે છે. એ ટક્યા છે એ પોતાના ધ્રુવપણે અને બદલે છે એ પોતાની પર્યાયપણે. એ પોતાની પર્યાયથી બદલે અને ધ્રુવપણે ટકે પોતાથી. એ પ્રમાણે ન માનતા બીજાથી એમાં ટકવું થાય, બદલવું થાય, એનાથી આમાં બદલવું, ટકવું થાય એવું એનું જ્ઞાન, પાપજ્ઞાન છે. એને પાપરૂપી પરિણામ થાય છે. અસત્યનો ભાવ કરે માટે પાપ થાય છે. આહા..હા..!

બીજી વાત. દરેક પદાર્થ પોતાથી ટક્યા છે અને એનાથી અવસ્થા એને લઈને થયેલી છે, કોઈને લઈને કંઈ (થયું નથી) એવું જે જ્ઞાન એનું નામ પુણ્યરૂપી પરિણામ ભાવ છે, એ ધર્મભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પ દ્વારા જ્ઞાનમાં એવી ચીજો અનંત છ દ્રવ્ય છે તે રીતે એણે નક્કી કર્યું ત્યારે તેના જ્ઞાનમાં શુભભાવમાં પુણ્યભાવ થયો. સાચું, એ વ્યવહારું જ્ઞાન સાચું થયું. સ્વનું જ્ઞાન આવ્યું નથી એમાં હજી. ભેદવાળું, સ્વ-પરની ભેદવાળા વિકલ્પવાળું જ્ઞાન સાચું થયું. એ પુણ્યના પરિણામ થયા. ઝીણી વાત છે, ભાઈ! અને એ આત્મા પોતે પરથી તો ભિન્ન છે, પરનું કરતો નથી, પણ આત્મામાં જેટલા પુણ્ય-પાપના વિકલ્પ અને વિકાર ઉઠે છે એ મારા ત્રિકાળ સ્વભાવમાં નથી. કારણ કે એ પૂર્ણ સત્‌માં આ નથી. જેમ ઓલાના સત્‌માં આ નથી, આ સત્‌માં એ નથી. એવું જે નક્કી થવું એ પુણ્ય પરિણામરૂપી જ્ઞાન છે. પછી આત્મામાં વિકારના પરિણામ જેટલા પુણ્ય-પાપના છે એ કૃત્રિમ અસ્તિત્વ તરીકે છે, મારા ત્રિકાળ જ્ઞાનાનંદસ્વરૂપમાં નથી. એમ પરમાનંદ મહા સત્‌ની દૃષ્ટિ થતાં વિકલ્પોના પરિણામ મારા નથી, નિર્વિકલ્પ સ્વભાવ એ મારો છે એવી દૃષ્ટિ થવી તેને ધર્મદશા, ધર્મદૃષ્ટિ કહે છે. આહા..હા..! સમજાણું કે નહિ? પુણ્ય, પાપ અને ધર્મ ત્રણ આ રીતે (છે).

મુમુક્ષુ :- .. તત્ત્વની વાત ચાલે છેને?

ઉત્તર :- આ તત્ત્વની શેની વાત ચાલે છે આ? આહા..હા..! એય! ભીખાભાઈ! ક્યાં ગયા? આ તમારા.. જમુભાઈ! આહા..!

અરે..! પ્રભુ! તને ખબર નથી ભાઈ! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર સમવસરણમાં સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં એમ ફરમાવતા હતા. એ વાત અહીંયાં આચાર્યો કહે છે. અનંત તીર્થંકરો થઈ ગયા, વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમેશ્વર સાક્ષાત્ બિરાજમાન છે સીમંધર

ભગવાન ત્રિલોકનાથ. એ બધા પરમેશ્વરનું કથન એમ આવ્યું છે અને એમ છે કે આ જગતના જેટલા પૃથક-પૃથક પદાર્થ છે આત્મા અનંત, રજકણ પણ અનંત અને બીજા ચાર છે અરૂપી ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ—દરેકની સત્તાનું હોવાપણું પોતાને લઈને છે, કોઈ એનો બીજો કર્તા નથી. એની સત્તાના વર્તમાનના અંશો પલટે છે એ પણ તેની સત્તાને લઈને છે, એની સત્તાને લઈને છે, બીજાની સત્તાને લઈને નથી. એવી દરેક વસ્તુની સત્તા સ્વતંત્ર કબુલી અને એની વર્તમાન દશા એનાથી થતી કબુલે ત્યારે તેનું નામ પુણ્યના પરિણામવાળું જ્ઞાન થયું કહેવાય છે. એમ ન માને અને એકબીજાથી બીજામાં થાય, આનાથી આમાં થાય, આનું ટકવું બીજાને લઈને, બીજાનું ટકવું (આને લઈને) એનું નામ પાપ પરિણામવાળું જ્ઞાન કહેવામાં આવે છે. અસત્ય છે માટે પાપ, ઓલું સત્ય છે પણ હજી રાગમિશ્રિત છે માટે પુણ્ય. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા આનંદનો કંદ પ્રભુ છે આત્મા, વસ્તુ છે. જેમ શીતળ પાટ બરફની છે, એમ આત્મા આનંદની એક પાટ છે અંદર. કોને ખબર ભાન કે દિ'? જોયું છે કે દિ' એણે? આ દેહ પ્રમાણે એક અતીન્દ્રિય આનંદની પાટ આત્મા છે. સમજાય છે કાંઈ? એવા અતીન્દ્રિય આત્માના અંતરમાં દૃષ્ટિ-સ્વભાવની દૃષ્ટિ કરવી એનું નામ ધર્મ. પર અને સ્વને જુદા-જુદા જેમ છે તેમ બરાબર જાણવા એનું નામ પુણ્ય અને પર અને સ્વ જેમ જુદા છે એમ ન માનવા, ભેળસેળ માનવા એનું નામ પાપ. લ્યો! વળી આમાં ઉતરી ગયું ભાઈ ત્રણ. સમજાણું કાંઈ? વલ્લભદાસભાઈ! આહા..હા..! શું કરે પણ? એને જગતના લોહવાટ આડે વ્યવહાર શું છે, જગતના તત્ત્વો ભિન્ન ભિન્ન એની એને ખબર ન મળે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કઈ ક્રિયા? પહેલું, દરેક વસ્તુ ભિન્ન ભિન્ન છે એવું જ્ઞાન કરીને એવા વિકલ્પ તરફનું લક્ષ છોડી દઈને નિર્વિકલ્પ આત્મા તરફની દૃષ્ટિ કરવી એ એનું કાર્ય. પછી વારંવાર સ્વરૂપમાં ઠરવું એનું નામ ચારિત્ર. આહા..હા..! એ ક્રિયા દર્શન અને ચારિત્રની. શું થાય પણ? એ આમ અનાદિ કાળનો અશરણ, અશરણે મરીને રખડ્યો અનંત કાળથી કોઈ એને સામું જોનાર નથી. આ કુટુંબ-કબીલા બધા ભેગા થયા અને મરવું હાય..! આ ૨૦ વર્ષનો છોકરો. હજી તો એક છ મહિના પરણાવ્યા થયા. ચાલે છે. શું કરીએ ત્યારે બાપા? ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શરણ તો ક્યાં છે કહે છે? શરણ આત્મામાં છે કે બહાર? એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- બેય રહે તો શું વાંધો?

ઉત્તર :- બેનો પરનો વિકલ્પ એ પુણ્યભાવ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ પુણ્યભાવ શરણ ખરું નથી. અંતર આત્મા જ્ઞાનસ્વરૂપ નજર નાખતા જ્યાં નિધાન ચિદાનંદ સ્વરૂપ છે એવી અંતર પ્રતીત અને ભાન થવું એમાં શરણ છે. બાકી બધા કૂતરા અને કાગડાની જેમ મરે છે, એમ રાજા અને રાંક બધા મરી જાય, એમ હાલ્યા જાય ચાર ગતિમાં. એક પછી એક હાલી જાય ધારા ચાર ગતિમાં રખડવા. આહા..હા..! સમજાણું?

આચાર્યની વીતરાગના કથનની કોઈ પણ શૈલી જુઓ તો અલૌકિક વાત છે! છે અનંત દ્રવ્ય. આહા..હા..! એમ ભગવાનની વાણીમાં આવ્યું. છે અનંત પદાર્થ. ત્યાં જ એમ થઈ ગયું કે અનંત પોતપોતાને કારણે છે. દરેક પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તમ્ છે. દરેક વસ્તુ નવી અવસ્થાએ ઊપજવાવાળી, જૂની અવસ્થાએ બદલવાવાળી ને પોતાના કારણે ધ્રુવ જાતિથી ટકવાવાળી એમ એ છે, એમ છે. દરેક વસ્તુ ગુણ પર્યાયવાળી (છે). દરેક પરમાણુ કે આત્મામાં દરેકને ગુણ હોય છે. જડને જડના ગુણ, આત્માને આત્માના ગુણ. અને તેની અવસ્થાથી ધરેલો એ પદાર્થ છે. એ દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને ધારે છે. ગુણ નામ કાયમી શક્તિ, પર્યાય નામ વર્તમાન દશા એને દરેક પદાર્થ ધારે છે. કોઈના ગુણ પર્યાયને કોઈનું દ્રવ્ય ધારે (એમ) ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગી વિજ્ઞાન છે, વીતરાગી વિજ્ઞાન પાઠ. આ છોકરાઓ ભણે છેને રળવા માટે, મરવા માટે. રળવા માટે આ ભણે એમ.એ. અને એલ.એલ.બી.ના પૂંછડા વળગાડવા. એમાં પણ પાછા પુણ્ય હોય તો પૈસા મળે. ભણે તોપણ મળતું નથી. ખરું કે નહિ?

મુમુક્ષુ :- ભણે જીવવા માટે.

ઉત્તર :- કોનું જીવવું? કોનું જીવવું? આત્માનું કે શરીરનું? શરીર શરીરને કારણે જીવે, આત્મા આત્માને કારણે જીવે. કોને જીવાડવું છે? શાંતિભાઈ! ભાઈ! આ તો નિશાળ બીજી જાતની છે આ. આ રજકણે રજકણ આમ એને કારણે ટક્યા છે. આમ હાલવા મંડશે ત્યારે લાખ મોટા ઈન્દ્રો ઉપરથી આવશે તો નહિ રહે. ઈન્દ્રના શરીર ચાલ્યા જાય છેને. આમ ઈન્દ્ર ચોર્યાશી હજાર દેવ ચારે કોર ઊભા હોય આમ શરીરના રક્ષક. જ્યાં સ્થિતિ પૂરી થઈ, કપૂરની ગોટીની જેમ રજકણ ખલાસ થઈ જાય. ચોર્યાશી હજાર દેવની ટૂકડી (જોવે) કે, આ ક્યાં ગયા સ્વામી? ખલાસ. આપણી જેમ આ શરીર ન પડ્યું રહે મડદું. અહીં જીવ જાય ત્યારે મડદુ પડ્યું રહે છે અહીં. એને જ્યાં જીવ જાય એટલે કપૂરની ગોટીની જેમ રજકણો વિંખાઈ જાય. જીવ પરગતિમાં ચાલ્યો જાય. કોણ રાખે કોને? આહા..હા..! જેની સ્થિતિ ત્યાં (રહેવાની હતી) એ પણ પોતે આયુષ્યથી રહ્યા નહોતા. એની પોતાની પર્યાયની લાયકાતથી ત્યાં ટકીને રહ્યા હતા. આહા..હા..! ભારે વાત ભાઈ! એ આયુષ્ય પ્રમાણે આત્માનું

રહેવું શરીરમાં એ વાત પણ ખોટી ઠરે છે અહીં.

અહીં તો આત્મા દરેક સમયે પોતાની પર્યાય અને ધ્રુવથી ટકીને રહ્યો છે, પરને લઈને રહ્યો નથી. આહા..હા..! નેમિદાસભાઈ! શું હશે? આ બધા તમે બધા બહુ મોટા ... કહેવાઓ છો આ પાંજરાપોળના. બીજાને રાખે, ઘણાને હાથ મૂકે, ઘણાને પૈસા-બૈસા આપે અને આમ કરે. હાય..હાય..! ભારે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળની ઓથ નથી કોઈને. મફતનો... છે ઓશીયાળો, મફત થાય છે. કોઈની અવસ્થા કોઈથી ત્રણ કાળમાં થાતી નથી. એના માટે તો આ વાત કરે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? આ શરીરની અવસ્થા આવી છે માટે જીવને ઠીક રહે એમ છે નહિ. એ પોતે માને પોતાની માન્યતાથી એને લઈને એ પોતે છે, આને લઈને નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

એ સાકર અને ગોળ પોતે છે એ ચીજ પોતાથી આમ (રહી). અહીં થાય છે ગળ્યાનું જ્ઞાન. તો કહે છે કે એ જ્ઞાનનો પર્યાય આનાથી છે અને ગળ્યાની પર્યાય એનાથી છે. બેય પોતપોતાને લઈને છે. આહા..હા..! હજી તો ગળ્યો ગળ્યાની અવસ્થાના ઉત્પાદને ધારે છે, અહીં જ્ઞાનના પર્યાય એને જાણે કે જ્ઞાન આને ધારે છે. આને લઈને આ નહિ અને આને લઈને ત્યાં નહિ. એવું તો હજી સ્વ-પરનો ભેદ થવો એ તો વિકલ્પાત્મક જ્ઞાન છે. આહા..હા..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- આ તો બહુ નાની છે હજી. બાપુ! ચારિત્રની વાતું એ તો... આહા..હા..! આમ ચક્રવર્તીના રાજકુંવરો જેને એક એક... આવે છે ચક્રવર્તી-ભરત ચક્રવર્તીનો પુત્ર અર્કકીર્તિ. ભરત ચક્રવર્તીનો એક અર્કકીર્તિ રાજકુમાર છે. ભરત ચક્રવર્તી કહે કે આ રાજકુમાર બે ઘડી જો કોર્ટમાં આવશે તો એને એક કરોડ સોનામહોર દેશું. એક બે ઘડી કોર્ટમાં બેસશે બસ. કોર્ટ સમજ્યા ને? આ રાજસભા દરબાર. એ તો મોટા ચક્રવર્તી છેને. રાજકુમાર એ ભવે મોક્ષ જનારા છે. છેલ્લું શરીર. અર્કકીર્તિ છે રાજકુમાર ભરતનો. આ અમારી રાજસભામાં સિહાંસનમાં આવીને બે ઘડી બેસશે તો સભાની શોભા છે તો એને એ રાજકુમારને એક કરોડ સોનામહોર આપશું. એવા એવા એકવીસ કરોડ સોનામહોર ભેગી થઈ. છેવટે જ્યારે વૈરાગ્ય થયો ત્યારે છોડીને ચાલી નીકળ્યા. અમે આમાં નહિ અને અમે છીએ ત્યાં આ નહિ. શાંતિભાઈ! અમે જ્યાં છીએ ત્યાં આ નહિ અને આ છે ત્યાં અમે નહિ. પિતાજીએ આ પૈસા કેમ આપ્યા હતા? શું કરવા? અમે સુંદર અને રૂપાળા અને રાજકુમાર. જરી બેસીએ તો શોભે. કોની શોભા? કોની શોભા? અમે તો અમારામાં છીએ, એ એનામાં છે એ ચીજમાં

અમારી હયાતી નથી, અમારી હયાતી વિકારના પરિણામમાં નથી, એ એની અસ્તિમાં થાય એમાં નથી તો આમાં અમે ક્યાં છીએ? નીકળી ગયા. સમજાણું કાંઈ? (દૃષ્ટિમાં) નીકળેલા તો હતા, આમ સંયોગમાંથી છૂટા પડ્યા એમ દુનિયાને દેખાણું. રાગમાંથી છૂટા પડ્યા એને દેખાણું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા...!

કહે છે... કાલ કહ્યું નહોતું રાજકુમારનું? રામચંદ્રજીના લવ અને કુશ આમ જુવાનજોધ જેવા ચરમશરીરી-છેલ્લું શરીર. પાવાગઢથી મોક્ષ ગયા છે, પાવાગઢ. છેને આ ફોટા જુઓને. આજ્ઞા માંગે છે, પિતાજી! અમે મુનિ થશું હવે હોં. અરે..! આ કાકાની આ દશા. લક્ષ્મણ વાસુદેવ જેના એક બાણે, એક ચક્રે રાવણ મર્યો એ પોતે મરી ગયા. અર..ર..! આ દશા! અને અમારા પિતાજી ખંભે લઈને ચાલે છ છ મહિનાથી. અરે! આ દશા! પિતાજી! અમારો આત્મા અમે સંભાળવા જઈએ છીએ. અંતરના સ્વભાવમાં પોતાની હયાતી પહેલી માની હતી. પરની હયાતીએ હું નહિ અને રાગ પણ મારી હયાતીએ મારે કારણે થતો એ હવે છોડી દીધી. પ્રભુ! મારા હયાતીમાં તે રાગ હોય? હું તો હયાતીવાળું ચૈતન્ય આનંદકંદનું તત્ત્વ મારો સ્વભાવ એમાં આ તો નહિ પણ રાગ પણ નહિ. અંતરમાં પેઠા, દૃષ્ટિ કરીને ઠર્યા એનું નામ સંયમ કહેવાય છે. સમજાણું કાંઈ? રાજકુમારો આમ જુઓ તો મણિરત્નના પૂતળા હોય. અરે..! એ તો દેહ છેને? માટી છેને? એ માટીમાં અમે ક્યાં છીએ? અને અમે છીએ ત્યાં માટી અમને અડતી નથી. શાંતિભાઈ! આત્માને માટી અડે છે આ? આ તો જુદી ચીજ છે. અંદરનું હોવાપણું આત્માનું આત્મામાં છે, આનું હોવાપણું જડનું જડમાં છે. બેયના હોવાપણાને કાંઈ શેઢે-સીમાડે પણ મેળ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહે છેને કે માન્યું છે એ તારી ભ્રમણા છે. એ માટે તો વાત કરે છે. આહા..હા..! સમજાણું આમાં? લ્યો! વળી આજે આમાં ચાર બોલ આવ્યા હતા આપણે હોં!

'**ગુણ પર્યાયકે બિના કોઈ નહીં હૈં.**' એમાં ભાઈ માંડ પહેલા વહેલા આવ્યા છે આજે વળી જરી વાત આવી. ભાઈ! પુનચંદભાઈના ભાગીદાર ભાઈ આવ્યા છે. દમણથી આવ્યા છે. ત્યાં ગયા હતાને, એમના ઘરે રોકાણા હતા. દમણથી આવ્યા છે આજ. પૂનમચંદભાઈના ભાગીદાર છે. ત્યાં એ લોકો કહેતા હતા કે પુનમચંદભાઈને તો બે, ત્રણ કરોડ થયા, પણ આ એમના ભાગીદારને પણ આટલા લાખ થઈ ગયા. એમ લોકો વાતું દુનિયા ધૂળની કરેને માણસ? ... ઉતર્યા હતાને બહાર? બહાર ઉતર્યા હતાને ભાઈ શું કહેવાય એ મકાન? ડાકબંગલો. ... ત્યાં ભાઈ આવ્યા હતાને સામા આવ્યા હતાને. લોકો વાતું કરતા

કે આ પુનમચંદભાઈ ... ભાગીદાર.. દુનિયામાં આ જ વખાણ ચાલે છે કે એની પાસે તો બે, અઢી કરોડ થઈ ગયા, પણ એમના ભાગીદાર પાસે પંદર, પંદર લાખ થઈ ગયા વાપીમાં. એમ ત્યાં વાતું કરતા. અરે..! આત્માના લક્ષ વિના કોઈ લાખપતિ થાય નહિ. સમજાણું કાંઈ? એ લક્ષ્મી પોતાની પોતામાં પડી એનું લક્ષ કરે તો લખપતિ થાય, બાકી આ દુર્લક્ષપતિ છે. ખરી વાત છે? કહો, સમજાણું આમાં?

**'અથવા સબ હી દ્રવ્ય સપ્તભંગીસ્વરૂપ હૈં,...'** હવે અસ્તિ-નાસ્તિ કરી. શું કીધું? દરેક વસ્તુ છે એમ સિદ્ધ કરી છે. છે એની વાત હોયને? અનંત છે. એ 'છે'માં ત્રણ અંશો હોય છે સમય સમયમાં. નવી અવસ્થા ઊપજે, જૂની અવસ્થા બદલે અને ધ્રુવ. એક સમયમાં હોં! સેકન્ડના અસંખ્ય ભાગમાં. ત્રીજી વાત, ગુણ પર્યાયને ધારી છે એણે. એ દરેક વસ્તુ એની શક્તિ અને અવસ્થાને ધારી રાખી છે. હવે કહે છે કે દરેક વસ્તુ પોતાથી છે અને પરથી નથી. એ સપ્તભંગી છે. ઓલામાં આવી ગઈ હતી. હોવાપણે આવ્યું હતું. હવે આમાં એકમાં હોવાપણામાં બીજું નથી એમ અહીં આવ્યું છે. સમજાણું કાંઈ? ઓલામાં હોવાપણું સિદ્ધ કર્યું હતું. દ્રવ્ય, ગુણ, પર્યાયપણે છે, અસ્તિપણે છે, ઉત્પાદ વ્યય ધ્રુવપણે છે એટલું.

હવે સપ્તભંગી એટલે દરેક આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે છે અને પર રજકણના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે નથી. એટલે શું વળી? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એટલે શું એ પણ સાંભળ્યા ન હોય. સમજાણું કાંઈ? જુઓ આ. આ લાકડું છેને, જુઓ લાકડું આ. આ સુખડનું લાકડું છે. એ વસ્તુ કહેવાય વસ્તુ. એનું ક્ષેત્ર આ પહોળું કહેવાય આટલું. એની શક્તિઓ છે સુગંધ આદિ એ એનો ભાવ કહેવાય અને એની સુંવાળી અવસ્થા છે, આમ ભારવાળી અવસ્થા એ અવસ્થા કહેવાય, એ કાળ કહેવાય.

દરેક વસ્તુના ચાર ભાગ હોય છે—વસ્તુ, એનું ક્ષેત્ર એટલે પહોળું. એની શક્તિઓ એટલે ગુણ, એની વર્તમાન હાલત એને કાળ કહે છે. તો દરેક વસ્તુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પોતાથી છે અને આંગળીથી આ નથી. આંગળીનું દ્રવ્ય એટલે આ ક્ષેત્ર-પહોળાઈ, અવસ્થા આ દેખાય એ, ગુણ એની રંગ, ગંધ. એ આ લાકડું આના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. અને આના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી એ પોતાથી છે. એમ આત્મા પોતાનું દ્રવ્ય એટલે ગુણ પર્યાયનો પિંડ, ક્ષેત્ર એટલે શરીર પ્રમાણેની પહોળાઈ, ભાવ એટલે એની ત્રિકાળી શક્તિ, કાળ એટલે એની વર્તમાન દશા. એ પોતે આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે, આ રજકણ અને શરીરના, કર્મના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. આહા..હા..! કહો, વલ્લભદાસભાઈ! ઓલામાં એક અસ્તિ સિદ્ધ કરી અને હવે આમાં આ નથી અને આમાં આ નથી. સ્થિત છેને એમાંથી કાઢ્યું. આહા..હા..! ભારે વાત! કહો, આ હોશિયારીને લઈને પૈસા અને પૈસાને લઈને હોશિયારી

એમ હશે કે નહિ?

મુમુક્ષુ :- પહેલા એમ માનતા હતા.

ઉત્તર :- માનતા હતા? દરેક વસ્તુ એને કારણે છે, કોઈને કારણે નથી. આ અવાજ ઉઠે છેને? એ અવાજ રજકણોની અવસ્થા છે. તેથી ઉતરે ને? આ ઉતરે છે ને રેકોર્ડિંગમાં. એ કાંઈ આત્મા ઉતરે? જુઓ, રેકોર્ડિંગમાં ઉતરે છે આ. એ રજકણો ધ્વનિ છે એ રજકણો તે દ્રવ્ય છે. એમાં રંગ, ગંધ ગુણ છે અને આ અવસ્થા એની ભાષારૂપે થાય એ અવસ્થા છે. અને એની જે રજકણોની પહોળાઈ છે જેટલામાં રહે છે એ એનું ક્ષેત્ર છે. એ ભાષાના રજકણોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ભાષામાં છે, આત્માને લઈને નહિ. આત્માને લઈને ભાષા થાતી નથી. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- દુનિયાથી તો જુદું ચાલે છે.

ઉત્તર :- દુનિયા તો ગાંડી હોય તો એનાથી તો જુદું જ હોયને. સમજાણું કાંઈ? આત્મા, એક આત્મા પોતે છે એ બીજા આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે નથી. કહો, બાપનો આત્મા અને દીકરાનો આત્મા બે આત્મા જુદા. જુદા હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવવાના છે, એક-બે દિ'માં આવવાના છે. નહિ? આવવાના છે ભાઈ પ્રાણભાઈ? શેઠ આવવાના છે, ભાઈ કહેતા હતા. એ બાપનો આત્મા શરીરથી જુદો. એ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે અને એનો આત્મા, બીજાનો આત્મા એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એટલે પહોળાઈ, ભાવ એટલે ગુણ અને કાળ એટલે એની અવસ્થા. એનામાં એ અને આનામાં એ. આનામાં એ નહિ અને એનામાં આ નહિ. બરાબર હશે?

એક આત્મામાં બીજા આત્માનો ભાવ, ક્ષેત્ર, કાળ અને દ્રવ્ય નથી. બીજા આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં આ આત્મા નથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નથી. એક રજકણ હવે. એક રજકણ છેને પોઈન્ટ? છેલ્લો આ ટૂકડાને કટકા કટકા કરતાં... કરતાં... કરો તો આના કટકા થાય છે. એટલા કટકા થાય કે છેલ્લો એક રજકણ રહે ઝીણો. એના ચાર બોલ છે. એ રજકણ પોતે દ્રવ્ય છે, દ્રવ્ય એટલે વસ્તુ. તેની પહોળાઈ એનું ક્ષેત્ર, એના રંગ, ગંધ, રસ, સ્પર્શ એ ગુણ. એની અવસ્થા રૂપાંતર થવું એ એની પર્યાય. એ રજકણ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. બીજા રજકણના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ રજકણમાં નથી. સમજાણું કાંઈ?

આ આવું સત્ છે એને સમજવાની દરકાર ન મળે, સાંભળવાનું મળે નહિ. આ કરો

અને આ કરો, દયા પાળો ને ભક્તિ કરો, પૈસા આપો ને દાન કરો. કહે છે કે એ ચીજ તારી નથી અને એમાં તારે કર કર કરવું છે એનું નામ ભ્રમણા છે, લે. જેમાં તું નથી એનું તું કર. આનું કર, આનું દયા પાળ, આનું આમ કર, એને આમ કર. એ તો તારામાં નથી એનું કર એ તો અસત્ય દૃષ્ટિ થઈ. શું થાય?

મુમુક્ષુ :- પરોપકાર...

ઉત્તર :- કોણ પરોપકાર કરનારો છે? કોણે કર્યો છે પરોપકાર?

મુમુક્ષુ :- શેઠિયાઓ કરે.

ઉત્તર :- ધૂળેય કરતો નથી શેઠિયો. વળી શેઠિયો કોને કહેવો? એનો આત્મા એનામાં રહેલો. શેઠિયાનો આત્મા શરીરમાં રહ્યો છે શરીરના રજકણને લઈને? એમાં રહેલો હોય તો આત્મા જાય તો ભેગું શરીર સાથે જાવું જોઈએ. શરીર શરીરમાં, આત્મા આત્મામાં છે. બે જુદે જુદા ચીજ છે. અત્યારે જુદી, ત્રિકાળ જુદી છે. બરાબર છે? શાંતિભાઈ! આહા..હા..! પણ એ મરતા વખતે થાય કે હાય..હાય..! કોઈ નહિ. હવે જુઓ પાછું. ઈન્જેકશન-બિન્જેકશન ખોસે બધું કરીને પછી એમાં નક્કી થાય કે હવે નહિ રહે. કારણ કે હવે ઘડી, બે ઘડી... બોલે નહિ. એમ જરીક પણ હવે રહેવા ઘો, હવે જુઓ. એટલે શું? કે હવે મરવા ઘો એમ. હવે દેહ છૂટી જવાની તૈયારી. બાપા! છૂટા જ પડ્યા છે. એને આમ જુદા પડ્યા ત્યારે એને લાગ્યું કે આ છૂટ્યું. બાકી જુદે જુદા છે, કે દિ' ભેગા હતા ત્રણ કાળમાં? આહા..હા..! ભ્રમણા.

અહીં તો આચાર્ય એટલું કહેવા માગે છે કે દરેક વસ્તુ, દરેક આત્મા, દરેક રજકણ પોતાથી છે અને પરથી નથી એટલું હજી જ્ઞાન અનંતનું કરે તો એ વ્યવહારું જ્ઞાન કહેવાય છે. ઓહો..હો..! હજી વ્યવહારું સમ્યક્, વ્યવહાર સમ્યક્ કહેવાય, નિશ્ચય સમ્યક્ નહિ. આહા..હા..! અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વ આ બધા, એ બેનું જ્ઞાન ભિન્ન રાખે તોપણ એ વ્યવહાર સમકિત છે. આહા..હા..! મારું અંતઃતત્ત્વ પરમાત્મા જુદું અને આ બહિર્તત્ત્વો બધા જુદા. એનું ભેદજ્ઞાન કરે તોપણ એ વ્યવહારુ વિકલ્પ વ્યવહારું જ્ઞાન, વ્યવહારી શ્રદ્ધા છે. એકલો ભગવાન અખંડ આનંદનો કંદ એકલું સત્, મહાસત્. ધ્રુવ સત્ એની અંતર દૃષ્ટિ કરે ત્યારે એ અંતર દૃષ્ટિને સમ્યગ્દર્શન અને નિશ્ચય દર્શન કહેવામાં આવે છે. કહો, તે સિવાયનું આ બધું જ્ઞાન એ વ્યવહારું જ્ઞાન છે. જેના વ્યવહારજ્ઞાનના ઠેકાણા નથી એને વિપરીત... વિપરીત... વિપરીત... અરે..! ગજબ કરે છેને અત્યારે કામ ભાઈ! એનો એક કોઈ બોલ ઓલો સત્ છે, ઉત્પાદ વ્યય ધ્રુવથી. ખલાસ થઈ ગઈ વાત. કોઈને લઈને કોઈ છે. સમય સમયમાં કોઈને લઈને કોઈ છે એમ રહેતું નથી. એટલું પરથી અનંત-અનંત એમ ને એમ ભિન્ન કામ કરી રહ્યા છે એમ

હજી જ્ઞાન કરે ત્યારે તેને વ્યવહારું સાચું જ્ઞાન થયું કહેવાય, પણ એ પરલક્ષી જ્ઞાન છે એથી બેના બે આ ને આ, આ ને આ એવું વ્યવહારું જ્ઞાન છે. આહા..હા..! સમજાણું?

'**સબ હી દ્રવ્ય સપ્તભંગીસ્વરૂપ હૈં, ઐસા દ્રવ્યોંકા સ્વરૂપ...**' જુઓ સભી દ્રવ્ય હોં! રજકણે રજકણ. એવા સાત બોલ છે. સ્વથી છે અને પરથી નથી. અસ્તિ-નાસ્તિ, અસ્તિ-નાસ્તિ (અવ્યક્તવ્ય). એવા સાત બોલ છે ઝીણી વાત છે, પણ આ એટલામાં સમાઈ જાય. '**જો નિઃસંદેહ જાને, આપ ઔર પરકો પહચાને, ઐસા જો આત્માકા ભાવ (પરિણામ) વહ સમ્યગ્જ્ઞાન હૈ.**' સમજાણું કાંઈ? હજી વ્યવહાર સાચું કહેવાય. શાંતિભાઈ! તમારા વ્યવહારની વાત નથી હોં આ. આહા..હા..! એમાંથી આત્માને તારવી લેવો. શુદ્ધ ચિદાનંદસ્વરૂપ એ જ્ઞેય અને જ્ઞાન બે એમ પણ લક્ષ છોડી દઈને એકલો આત્માને જ્ઞેય બનાવીને દૃષ્ટિનો અનુભવ કરવો એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન અને નિશ્ચયજ્ઞાન છે. એ આત્માને હિતનું કારણ અને મોક્ષનું કારણ છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૧, સોમવાર, તા. ૦૩-૦૧-૧૯૬૬**
**ગાથા-૨૯ થી ૩૧, પ્રવચન-૯૩**

પરમાત્મપ્રકાશ બીજા ભાગની ૨૯મી ગાથા છે. અહીં સુધી આવ્યું જુઓ! જગતના જે છ દ્રવ્યો છે એના સ્વરૂપને નિઃસંદેહ જાણે. જેવું છ દ્રવ્યનું ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ગુણ પર્યાયરૂપ કે સત્તારૂપ કે સપ્તભંગીરૂપ... કાલ આવ્યું હતું ને. '**ઐસા દ્રવ્યોંકા સ્વરૂપ જો નિઃસંદેહ જાને,...**' વ્યવહારથી હજી હોં! આ વ્યવહારની વાત છે. દરેક દ્રવ્ય પોતાની અવસ્થાથી ઊપજે, બીજાની અવસ્થાથી ન ઊપજે. એમ થયુંને સપ્તભંગીમાં? દરેક દ્રવ્ય પોતાની વર્તમાન પર્યાય જે હતી એનો નાશ કરી નવી પર્યાયપણે ઉત્પન્ન થાય અને ધ્રુવપણે કાયમ રહે. એવા છ દ્રવ્યનું ભગવાન કેવળીએ સ્વરૂપ જોયું છે, એમ એ છે, એમ એને બરાબર જાણે.

'**આપ ઔર પરકો પહચાને,...**' પછી પોતે આત્મા અને પર એ વસ્તુઓ એનું જ્ઞાન બરાબર કરે એ પણ વ્યવહારજ્ઞાન છે. બે થયાને? આત્મા આ છે જ્ઞાનાનંદ શુદ્ધ, રાગાદિ પર અને શરીરાદિ પરદ્રવ્યો એનું જ્ઞાન-બેનું વિકલ્પવાળું જ્ઞાન એને અહીંયા વ્યવહારજ્ઞાન કહેવામાં

આવે છે. સમજાણું કાંઈ? **‘ઐસા જો આત્માકા ભાવ (પરિણામ)...’** એ વ્યવહાર પરિણામ, નિશ્ચય પરિણામ તો સાથે છે. એવા વ્યવહાર પરિણામનું સમ્યગ્જ્ઞાન વ્યવહાર. નિશ્ચયના અંતર વેદનનું જ્ઞાન એ નિશ્ચય પરિણામ. આ મુખ્યપણે અત્યારે વ્યવહારની વાત છે.

**‘સારાંશ યહ હૈ, કિ વ્યવહારનયકર વિકલ્પ સહિત અવસ્થામેં તત્ત્વકે વિચારકે સમય આપ ઔર પરકા જાનપના જ્ઞાન કહા હૈ,...’** પહેલા વિકલ્પ જે રાગની અવસ્થાના વિચાર કાળે, આ આત્મા છે, આ કર્મ, શરીર આદિ પર છે—એવું જે રાગવાળું જ્ઞાન એની પહેલી વિચાર શ્રેણીમાં વ્યવહારનું જ્ઞાન પહેલું કહ્યું. પહેલું કહ્યું એટલે અહીંયાં કહ્યું એમ. હોય તો સાથે. જ્ઞાનની આમાં વાત છે. આત્મા અખંડ જ્ઞાન ચૈતન્યમૂર્તિ છે અને શરીર, કર્મ આદિ પર છે બેનું બરાબર જ્ઞાન તેને વ્યવહારજ્ઞાન, રાગમિશ્રિત જ્ઞાન, પુણ્યબંધનના કારણરૂપ જ્ઞાન એને વ્યવહારજ્ઞાન કહે છે. સમજાણું કાંઈ?

**‘ઔર નિશ્ચયનયકર વીતરાગ નિર્વિકલ્પ સમાધિસમય...’** આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ કરીને અંતર જ્ઞાનમાં રમે એ કાળમાં **‘પદાર્થોંકા જાનપના મુખ્ય નહીં લિયા,...’** આ છ દ્રવ્યનું અથવા સ્વપરના ભેદનું જ્ઞાન ત્યાં મુખ્ય નથી, ત્યાં ગૌણ થઈ ગયું. શું વળી (કહ્યું)? છેને, અંદર ગૌણ શબ્દ આગળ છે. ગૌણત્વ છેને ઓલામાં? એટલે અહીં મુખ્ય કહ્યું. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ! ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપનું રાગ રહિત એવું અંતરનું સ્વસંવેદનજ્ઞાન, શાંતિનું અંતર જ્ઞાન એ નિશ્ચયજ્ઞાન, એ સાચું જ્ઞાન, એ મોક્ષનો માર્ગ. એની અંદરમાં છ દ્રવ્યનું જ્ઞાન કે સ્વ-પરનું જ્ઞાન એમાં મુખ્ય નથી. એમાં મુખ્ય તો પોતાનું નિર્વિકલ્પ જ્ઞાનવેદન એ મુખ્ય છે. સમજાણું કાંઈ?

**‘મુખ્ય નહીં લિયા,...’** એમાં મુખ્ય એને નથી લીધું. વ્યવહારના વિચાર કાળમાં મુખ્યતા એની. આત્મા જ્ઞાનસૂર્ય ચિદાનંદસ્વરૂપ એની અંતર એકાગ્રતાના કાળમાં છ દ્રવ્ય અને સ્વ-પરના જ્ઞાનની મુખ્યતા હોય નહિ. પણ વિકલ્પ અવસ્થામાં, વિચારની અવસ્થા હોય ત્યારે એ છ દ્રવ્યનું જ્ઞાન અને સ્વ-પરનું જ્ઞાન એને મુખ્ય છે. નિર્વિકલ્પ જ્ઞાન ત્યાં ગૌણ થઈ ગયું છે. અને અંતરના નિર્વિકલ્પ જ્ઞાનમાં મુખ્ય જ્ઞાન થયું છે આત્માનું, ઓલું જ્ઞાન ગૌણ થઈ ગયું છે, મુખ્ય નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આવો ધર્મ સમજવો અને આ કરવું. શું વાંધો છે? એય..! જમુભાઈ કહે છે. વાંધો કાંઈ નથી, પણ એને આકરું લાગે છે.

**‘કેવલ સ્વસંવેદનજ્ઞાન હી નિશ્ચયસમ્યગ્જ્ઞાન હૈ.’** જુઓ, સાચું જ્ઞાન તો આત્મા જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્ય છે એનું અંતરમાં જ્ઞાન (થાય) તેને સાચું જ્ઞાન કહેવામાં આવે છે. સ્વ-પરનું અને છ દ્રવ્યનું જ્ઞાન એ ઉપચારિક વ્યવહારું જ્ઞાન કહેવામાં આવે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? અહીં તો હજી છ દ્રવ્ય શું એના જ્ઞાનના ઠેકાણા ન મળે અને અમે ધર્મ કરીએ છીએ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ક્યાં ધર્મ શું કરે છે? ભાન નથી હજી ધર્મ અને ધર્મ ક્યાંથી કર્યો? કેમ જુગરાજજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અમારે ક્યાં..? અમે એમ કે ગૃહસ્થ. અમારે તો જે હોય એ સાચું પકડી લેવું, ખોટું છોડી દેવું. ઓલાને આકરું પડે. કહે છે કે ભાઈ! એક વાર સમજ તો ખરો કે આ આત્મા પોતાના સ્વરૂપમાં શુદ્ધ ચિદાનંદ છે એવું અંતરનું જ્ઞાન થવું તેને સાચું જ્ઞાન કહે છે. એ જ ખરો મોક્ષનો માર્ગ છે. મોક્ષ અને માર્ગનું જ્ઞાન અને એ કાળમાં જ્યારે અંતર હોય છે ત્યારે મુખ્ય છ દ્રવ્યનું જ્ઞાન કે સ્વ-પરનું જ્ઞાન ત્યાં મુખ્ય હોતું નથી. ગૌણ થઈ ગયું છે ત્યાં. અને જ્યારે વિચારકાળમાં વર્તતો હોય ત્યારે અંતરનું જ્ઞાન હોય, પણ એ ગૌણ હોય. એ સ્વ-પર અને છ દ્રવ્યનું જ્ઞાન એને મુખ્ય હોય. આમ વાત કરી છે અહીં. સમજાણું કાંઈ?

**'વ્યવહારસમ્યગ્જ્ઞાન તો પરમ્પરાય મોક્ષકા કારણ હૈ,...'** લ્યો! એ વ્યવહાર છ દ્રવ્યનું બરાબર વાસ્તવિક જેમ છે તેમ જ્ઞાન અને સ્વ-પરનું ભેદવાળું, વિકલ્પવાળું જ્ઞાન એ પરંપરા મોક્ષનું કારણ. એટલે કે એને છોડીને ઠરશે ત્યારે મુક્તિ થશે. સમજાણું કાંઈ? એ છ દ્રવ્યનું જ્ઞાન અને સ્વ-પરનું જ્ઞાન એવું વ્યવહારજ્ઞાન એને ત્યાં નિશ્ચયજ્ઞાનમાં નિમિત્ત તરીકે કહેવામાં આવ્યું. વ્યવહાર તરીકે કહો, નિમિત્ત તરીકે કહો, ઉપચાર તરીકે કહો કે ગૌણ તરીકે કહો. સમજાણું કાંઈ? અને આત્માનું જ્ઞાન—સ્વસંવેદનજ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન, ચૈતન્યનું જ્ઞાન, અનુભવ એ જ્ઞાન મોક્ષના માર્ગ માટે મુખ્ય છે. મુખ્ય છે, યથાર્થ છે, નિશ્ચય છે, સાક્ષાત્ નિર્જરાનું અને મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

**'ઔર નિશ્ચયસમ્યગ્જ્ઞાન સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ.'** દેખો! બેય આવ્યું. વ્યવહાર સમ્યગ્જ્ઞાન પરંપરા (કારણ છે). કારણ કે એ રાગ છેને એ વિકલ્પાત્મક જ્ઞાન છે. એટલે એ છૂટીને પછી સ્થિર થાશે એ અપેક્ષાએ વ્યવહારે વ્યવહારનયે પરંપરા કારણ કહ્યું છે. એ વ્યવહારનયે વ્યવહાર જ્ઞાનને પરંપરા કારણ કહ્યું છે. પાછા બે એમ કે નિશ્ચયનયે એમ નહિ. વ્યવહારનયે વ્યવહારજ્ઞાનને પરંપરા કારણ કહ્યું છે. સમજાણું કાંઈ? નિશ્ચય સત્યનયે સાક્ષાત્ આત્માનું જ્ઞાન, સાક્ષાત્ મોક્ષનું કારણ છે. એ ૨૯ ગાથા થઈ. ૩૦મી.

**'આગે નિજ ઔર પરદ્રવ્યકો જાનકર રાગાદિરૂપ જો પરદ્રવ્યમેં સંકલ્પ-વિકલ્પ હૈં, ઉનકે ત્યાગસે જો નિજસ્વરૂપમેં નિશ્ચલતા હૈ, વહ જ્ઞાની જીવોંકે સમ્યક્ચારિત્ર હૈ, ઐસા કહતે હૈં –'** ચારિત્રની વ્યાખ્યા કરે છે.

१५६) जाणवि मण्णवि अप्पु परु जो पर-भाउ चएइ।
सो णिउ सुद्धउ भावडउ णाणिहिँ चरणु हवेइ।।३०।।

**'સમ્યગ્જ્ઞાનસે આપકો ઔર પરકો જાનકર...'** એ પણ વ્યવહારજ્ઞાન. **'ઔર સમ્યગ્દર્શનસે આપ ઔર પરકી પ્રતીતિ કરકે...'** પોતે આત્મા અને પરની એ પણ વ્યવહાર સમ્યગ્દર્શન દ્વારા પહેલી પ્રતીતિ કરીને. પછી **'જો પરભાવકો છોડતા હૈ...'** પછી બધા વિકલ્પોને છોડીને, **'વહ આત્માકા નિજ શુદ્ધ ભાવ જ્ઞાની પુરુષોંકે ચારિત્ર હોતા હૈ.'** સ્વરૂપમાં ઠરે આત્માના આનંદમાં ત્યારે એને ચારિત્ર કહેવાય છે. એ સાચું ચારિત્ર એ છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- વીતરાગ સહજાનંદ અદ્વિતીય સ્વભાવ જો આત્મદ્રવ્ય...'** આત્માની વ્યાખ્યા કરી. કેવો છે આત્મા? રાગ રહિત સહજ આનંદ અજોડ સ્વભાવ એવો જે આત્મપદાર્થ. **'ઉસસે વિપરીત પુદ્‌ગલાદિ પરદ્રવ્યોંકો સમ્યગ્જ્ઞાનસે પહલે તો જાનેં,...'** એમ. પૂર્વમાં શબ્દ પડ્યો છેને. સમજાણું કાંઈ? **'पूर्वं ज्ञात्वा'** છેને? અંદર છે. છઠ્ઠી લીટી સંસ્કૃતની છે. શું કહે છે? આ આત્મા પરમ આનંદસ્વભાવ વીતરાગસ્વરૂપ આત્મા અત્યારે છે. એનાથી છ દ્રવ્યનું જ્ઞાન-પરપદાર્થનું વિપરીત જ્ઞાન છે. એનાથી વિપરીત બધા છએ દ્રવ્યો છે. આત્માથી બધા છએ વિપરીત છે. બીજા જુદાં છે કે નહિ? બીજા આત્માઓ, પુદ્‌ગલો બધા જુદા છે. વિપરીત પુદ્‌ગલાદિ પરદ્રવ્યો... ભગવાન પણ આત્માથી વિપરીત છે. આ આત્માથી ભગવાન સિદ્ધો પણ વિપરીત-બીજી જાતના છે. આ જાતના ક્યાં છે એ? સમજાણું કાંઈ?

વીતરાગ સહજાનંદ અજોડ સ્વભાવ એક આત્મા એનાથી **'વિપરીત પુદ્‌ગલાદિ પરદ્રવ્યોંકો સમ્યગ્જ્ઞાનસે પહલે તો જાનેં,...'** પોતા સિવાયના છ દ્રવ્યને બધા અનંત નિગોદ, અનંત સિદ્ધ, કેવળીઓ, તીર્થંકરો, પુદ્‌ગલાદિ પરમાણુ સ્કંધ બધાને. **'વહ સમ્યગ્જ્ઞાન સંશય, વિમોહ ઔર વિભ્રમ ઈન તીનોંસે રહિત હૈ.'** વ્યવહારજ્ઞાન હોં હજી આ. એ વ્યવહાર સમ્યગ્જ્ઞાન પણ સંશય રહિત, વિમોહ રહિત, વિભ્રમ રહિત છે, ભ્રમણા રહિત છે. સમજાણું કાંઈ? **'તથા શંકાદિ દોષોંસે રહિત જો સમ્યગ્દર્શન હૈ,...'** એ વ્યવહાર છે. **'ઉસસે આપ ઔર પરકી શ્રદ્ધા કરે,...'** એનાથી વ્યવહાર સમ્યગ્દર્શન દ્વારા પણ 'આ આત્મા છે અને આ પર છે' એવી શ્રદ્ધા કરે એ પણ વ્યવહાર સમ્યગ્દર્શન શુભરાગ છે, શુભ વિકલ્પ છે. સમજાણું કાંઈ?

**'અચ્છી તરહ જાનકે પ્રતીતિ કરે,...'** સ્વ અને પરને બરાબર જાણીને શ્રદ્ધા કરે. એ પણ હજી શુદ્ધ વિકલ્પરૂપ વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. **'ઔર માયા, મિથ્યા, નિદાન ઈન તીન શલ્યોંકો આદિ લેકર...'** હવે નિશ્ચયચારિત્ર કહે છે. કપટ, મિથ્યા ને

નિદાન ત્રણ શલ્યોને છોડી દઈ, '**સમસ્ત ચિંતા-સમૂહકે ત્યાગસે...**' બધા વિકલ્પોનો ત્યાગ. '**નિજ શુદ્ધાત્મસ્વરૂપમેં તિષ્ઠે હૈ,...**' પોતાનો આનંદ સ્વભાવ જે પહેલો કહ્યો વીતરાગ સહજાનંદ સ્વભાવ એમાં જે ઠરે છે. '**વહ પરમ આનંદ અતીન્દ્રિય સુખરસકે આસ્વાદસે તૃપ્ત હુઆ...**' એનું નામ ચારિત્ર છે. એ આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદમાં તૃપ્ત થઈ જાય છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ છે આત્મામાં. અતીન્દ્રિય આનંદ, જેવો સિદ્ધને પ્રગટ આનંદ છે પરમાત્માને એવો જ આત્મામાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એવા અતીન્દ્રિય આનંદની પહેલા શ્રદ્ધા, જ્ઞાન કર્યા છે, પછી સ્વરૂપમાં ઠરે છે, લીન થાય છે. કેવી રીતે લીન થાય છે?

'**પરમ આનંદ અતીન્દ્રિય સુખરસકે આસ્વાદસે તૃપ્ત...**' આત્માના અતીન્દ્રિય આનંદના અનુભવથી આમ તૃપ્ત તૃપ્ત થયો છે. એને ચારિત્ર કહે છે. ભગવાન એને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? એ ચારિત્ર તે મુક્તિનું કારણ છે. કપટ-કપટ. કપટ કરે છે. આ નથી જગતમાં કરતા? આ જૂઠું બોલવું, ઓલું કરવું, કાંઈક હોય ને કાંઈક બતાવવું, માયામાં નથી કરતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. આ સમુચ્ચય વાત કરી છે. સમુચ્ચય વાત કરી છે. વ્રત છે ખરાને? નિઃશલ્યોવૃત્તિ છેને એટલે બતાવ્યું. શલ્ય પછી માયાનું શલ્ય ન હોય, મિથ્યાત્વનું શલ્ય ન હોય અને નિદાનનું ન હોય. સૂક્ષ્મ અંદર હોય એ ન હોય. સ્વરૂપમાં ઠરે. ચારિત્ર એને કહીએ કે આત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદથી, અતીન્દ્રિય આનંદના વેદનથી તૃપ્ત-તૃપ્ત થાય એવી દશાને ચારિત્ર કહે છે. કહો, આ ચારિત્રની વ્યાખ્યા. સમજાણું કાંઈ?

'**પુરુષ હી અભેદનયસે નિશ્ચયચારિત્ર હૈ.**' એમ કહે છે. એ આત્મા ચારિત્ર છે એમ કહે છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા તો છે. આત્મા એટલે જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની મૂર્તિ. શરીર, વાણી, મન, કર્મ તો પર. અંદર દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ થાય એ તો વિકાર. વિકાર વિનાની એ ચીજ નિર્વિકારી આનંદની પૂતળી છે આત્મા. આત્મા કોણ એની ખબર ન મળે. સમજાણું કાંઈ? એવા આત્માનું પહેલું સમ્યગ્દર્શન થયું છે, સમ્યગ્જ્ઞાન અંતરનું થયું છે. હવે એ વ્યવહાર સમ્યગ્દર્શન આદિના કે વ્યવહારજ્ઞાન કે વિકલ્પ આદિ છોડીને સ્વરૂપમાં ઠરે છે. અતીન્દ્રિય આનંદની લહેજતમાં મોજ માણે છે, તૃપ્ત થાય છે. એવા પુરુષને ચારિત્ર (છે), નિશ્ચયે એ પુરુષ જ ચારિત્ર છે એમ કહે છે. એ આત્મા જ ચારિત્ર છે એમ કહે છે. અભેદ છેને. સમજાણું? આ આત્માનું ચારિત્ર એમ નહિ, પણ એ આત્મા જ ચારિત્ર છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ જેણે આ જગતમાં કેવળજ્ઞાનથી છ દ્રવ્ય

જોયા. એ છ દ્રવ્યમાં છએ દ્રવ્યનું સ્વરૂપ પહેલું બરાબર જેમ છે તેમ થતું જાણે અને એનું જ્ઞાન કરે, એની શ્રદ્ધા કરે. સમજાય છે? એ બધા દ્રવ્યો, ભગવાન આત્મા આ આત્મા વીતરાગ સ્વભાવથી અભેદસ્વરૂપ પ્રભુ આત્માનું એનાથી બધા દ્રવ્ય જુદાં. સિદ્ધ ભગવાન હોય કે અરિહંત હોય કે તીર્થંકર એ પણ આ દ્રવ્યથી જુદાં. એનું બધાનું સાચું જ્ઞાન, સાચી શ્રદ્ધા અને આત્મા પણ એનાથી જુદો એવી એનું જ્ઞાન અને સાચી શ્રદ્ધા (કરે). એવા વિકલ્પવાળી શ્રદ્ધાને, જ્ઞાનને વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર શ્રદ્ધા કહે છે. પુણ્યબંધનું કારણ. સમજાણું કાંઈ? એનાથી નીકળીને વિકલ્પથી, રાગથી, શુભ ઉપયોગથી છૂટીને અંતર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ એનું જ્ઞાન સ્વસંવેદન, એની પ્રતીતિ નિર્વિકલ્પ, એની રમણતા-આનંદના તૃપ્ત તૃપ્તમાં થવું એનું નામ ચારિત્ર. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થઈ તે પુરુષ જ ચારિત્ર છે. એમ કહે છે. ભારે વાત ભાઈ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ તૃપ્તિ છઠ્ઠે ગુણસ્થાનની તૃપ્તિ એ એ પ્રકારની તૃપ્તિ. ચોથે તૃપ્તિ હોય થોડી, પાંચમે એથી વધારે, છઠ્ઠે એથી ઊંચી. સિદ્ધને અનંતગુણી તૃપ્તિ પૂરી. સમજાણું કાંઈ? અહીં ચારિત્ર પૂરતીની તૃપ્તિ લેવી છેને. સમ્યગ્દર્શન-ધર્મની પહેલી દશા થતાં, ધર્મની પહેલી દશા થતાં, અતીન્દ્રિય આનંદનો સ્વાદ થોડો હોય છે. શ્રદ્ધા, જ્ઞાનમાં એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ થોડો હોય છે. પાંચમે ગુણસ્થાને જ્યારે શ્રાવક થાય છે, સાચો શ્રાવક હોં! આ વાડાની વાત નથી, ત્યારે એને અતીન્દ્રિય આનંદનો અંશ વિશેષ વધે છે, શાંતિ વધે છે. વિકલ્પ ભાવ આદિ છે. અને છઠ્ઠે જાય છે ત્યારે ચારિત્ર અને સાતમે જાય ત્યારે ચારિત્ર વિશેષ તૃપ્ત-તૃપ્ત થઈ જાય છે, ઘણી શાંતિ અને ઘણો આનંદ થાય છે. એની આ વાત અત્યારે ચાલે છે. સમજાણું કાંઈ?

એક બાજુ જ્યારે વાત ચાલે ત્યારે એમ લેવાય કે સમ્યગ્દષ્ટિ નરકમાં પડ્યો છતાં 'બાહ્ય નારકી કૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી.' એ સમ્યગ્દષ્ટિ નરકમાં હોય, નારકીમાં. અત્યારે શ્રેણિકરાજા નરકમાં છે પહેલી નરકમાં ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિએ. પહેલી નરકમાં છે. તોપણ એને આનંદની મુખ્યતાને લઈને, કહે છે કે આનંદમાં ગટાગટી છે અંશે. એક બાજુ મુનિ છે એ આત્માનું ધ્યાન અને આવું ચારિત્ર કરે છે એને જરી રાગ રહી જાય છે અને મરીને સ્વર્ગમાં જાય છે ત્યારે ત્યાં ક્લેશ ભોગવે છે (એમ કહે). એ રાગની પ્રધાનતાના કથનની વાત છે. આહા..હા..! કઈ અપેક્ષાએ વાત છે એ જાણવું જોઈએને. સમજાણું કાંઈ? સમજાણું આમાં?

એ રસ્તામાં કહ્યું હતું આજ કે જુઓ ભાઈ! શાસ્ત્રની શૈલી. કથની જુઓ એ વસ્તુ.

એક કોર સમ્યગ્દૃષ્ટિ બાહ્યકૃત ભોગત દુઃખ, અંદર સુખમાં ગટાગટી. એક કોર છઠ્ઠે ગુણસ્થાને આવું ચારિત્ર હોં! ભાનવાળા ચારિત્રથી અંદરમાં તૃપ્ત, એને જરી હજી રાગ રહી ગયો છે. પુણ્યનો બંધ થઈ ગયો છે, સ્વર્ગમાં જાય છે, ત્યાં એ સ્વર્ગમાં એ રાગમાં ઈન્દ્રાણીના દુઃખમાં એ શેકાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છઠ્ઠાવાળા છે નહિ, ચોથાવાળા છે. મારે તો અહીંયા ઓલા નરકની સાથે મેળવવું હતું. નરકવાળાને સમ્યગ્દર્શનની અપેક્ષાએ સુખ કહ્યું. અને એનો એ સમ્યગ્દૃષ્ટિ ભલે અહીં છઠ્ઠેથી ચોથે ગયો ત્યાં દેવલોકમાં, પણ એને જેટલો રાગ ભાગ ઈન્દ્રાણીઓ અને સામગ્રી ઘણી છે અનુકૂળ, અહીં તો આ ધૂળ પણ નથી, આ તો બધા ભિખારા બધા છે અહીં અત્યારે તો.

મુમુક્ષુ :- કરોડપતિ?

ઉત્તર :- કરોડપતિ ભિખારી. હવે કરોડપતો ક્યાં ગણતરો અત્યારે હતો? મોટા રાજા ભિખારા છેને. આ તો દેવ જેની સામગ્રીનો પાર નહિ, એ પણ અંદરમાં પરલક્ષે રાગથી શેકાય છે, બળે છે, દુઃખી છે. કહો, શશીભાઈ! આ બે વાત. કઈ અપેક્ષા લેવી છે એ સમજવી જોઈએને. સમ્યગ્દર્શનમાં આત્માનું જેટલું ભાન થઈને જેટલી શાંતિ પ્રગટી છે એટલી શાંતિ અને આનંદનું વેદન તો નરકમાં પણ છે નારકીને. સમજાણું? અજ્ઞાની જે છે મિથ્યાદૃષ્ટિ જેને પુણ્યમાં મીઠાશ છે, પાપમાં મીઠાશ છે, પર સામગ્રી મારી છે એવી મિથ્યાદૃષ્ટિ છે એ તો એકલા કષાયથી બળીને સળગી રહ્યા છે. સમજાણું કાંઈ?

ત્રણ ભાગ પાડવા છે લ્યો. એક જે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એની મીઠાશ અને દૃષ્ટિની ખબર નથી એને પુણ્ય-પાપના વિકલ્પો વર્તે તેમાં મીઠાશ વર્તે છે અને આ બધું મારું અને હું એનો એવો મિથ્યાત્વ ભાવ વર્તે છે. એ મિથ્યાદૃષ્ટિ ભલે રાજા હોય કે મોટો દેવ હોય, એકલા કષાયની અગ્નિથી શેકાઈને બળે છે. બહારથી ભલે એમ માનતા કે અમે સુખી છીએ, મૂઢપણે અંદર દુઃખી છે. જ્યારે ધર્મનું સમ્યગ્દર્શન આત્મભાન થયું, આત્મભાન થયું કે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. દયા, દાનના વિકલ્પ ઉઠે એ પણ મારી ચીજ નહિ, મને લાભદાયક નહિ, મારો ભાવ નહિ. શરીર, વાણી, મન તો ક્યાંય રહી ગયા ધૂળમાં, પરમાં. એવું જ્યાં અંતરમાં સમ્યક્ ભાન થયું... એને પ્રતિકૂળ સામગ્રીનો પાર ન મળે નરકની અંદર, નરકમાં પડ્યા છે એને, છતાં એને સ્વરૂપના આનંદના અંશનો સ્વાદ છે, એની મુખ્યતાથી એને એમ કહેવામાં આવ્યું કે સુખને વેદે છે. બાકી ત્રણ કષાય જેટલા પડ્યા છે એટલું એને દુઃખ તો છે. આહા..હા..! ત્યારે સમ્યગ્દૃષ્ટિ એ મુનિ થઈને આત્માના આનંદના વેદનમાં

અંદર રહ્યો, એને પણ જરી એક રાગનો કણ બાકી રહી ગયો અને પરમાત્મદશા ન પ્રાપ્ત કરી, એવા દયા, દાન, વ્રતના પરિણામના પુણ્યથી બંધન થઈ ગયું. સ્વરૂપના આનંદનું ભાન છે, રમણતા હતી પણ આટલો વિકલ્પ રહી ગયો. એના પુણ્ય બંધાણા એ ગયા સ્વર્ગમાં. એ સ્વર્ગમાં રાગના ફળ રૂપે પુણ્યની સામગ્રીમાં એ કષાયથી શેકાય છે, બળે છે, અંગારાથી બળે છે ઈ. આહા..હા..! અંતર આનંદ છે હોં સમ્યગ્દર્શન પૂરતો. સમજાણું કાંઈ?

આ તો વીતરાગના જ્ઞાનના ગજ છે. દુનિયાના માપે આ માપ આવે એવું નથી. સાચી વાત છે? રાતે ક્યાં પાછી ખોટી થઈ જાય છે? કહો, સમજાણું આમાં? શું કરે છે? આજે પણ ફરિયાદ લઈને આવ્યા હતા. શું છે પણ? ઘડીકમાં ફરી જાય છે. અંદર ખળભળાટ શુભાશુભ વિકલ્પ અને રાગની લાગણી. આ તો વળી અશુભની લાગણી એ તો મહા દુઃખ. પણ અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ એ રાગનો મંદ ભાવ એ પણ કષાય છે. આહા..હા..! બાપુ! ભગવાન આત્મા તો અનાકુળ આનંદનો કંદ પ્રભુ તો છે. એની વિરુદ્ધના જેટલા વિકલ્પો પુણ્ય-પાપના ઉઠે એ બધા દુઃખરૂપ અને આકુળતા છે. ક્યાં ખબર છે એને (કે) શું છે અને શું થાય છે? બેખબરો છેને અનાદિનો. દુનિયામાં ભલે ડાહ્યા દુનિયા કહે.

શાસ્ત્ર કહે છે કે, ઉન્માદ છે, ઉન્માદ. રાતે નહોતું કહ્યું કાલ? પાગલ. સમાધિશતકમાં તો મુનિને પણ જેટલો ઉપદેશ દેવાનો રાગનો ઉદય આવે વિકલ્પ, કહે છે કે એટલો એ ઉન્માદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ આનંદ સ્વરૂપમાં વેદે છે હોં મહાગણધર જેવા. પણ એ વિકલ્પ ઉઠે છેને (કે) શાસ્ત્ર રચું. આહા..હા..! કહે છે કે એ વિકલ્પ છે એટલો રાગ છે, એટલો ચારિત્રમોહનો ઉન્માદ છે. એય..! એમાં જેને આ શરીર, વાણી, મન અને પૈસા મને ઠીક છે અને પ્રતિકૂળે મને ઠીક નહિ અને પુણ્ય-પાપના ભાવ એ મારા અને એવો જે મિથ્યાત્વભાવ, એના ઉન્માદનું શું કહેવું? એના ગાંડપણાનું શું કહેવું? એ તો ગાંડા, ઘેલા ઉન્માદમાં મચી પડ્યા છે કહે છે. જુગરાજજી! આ બધા પૈસાવાળા તમે દુઃખી? એમ કહે છે અહીં. પાંચ-પાંચ લાખ, દશ-દશ લાખ, વીસ-વીસ લાખ, પચાસ લાખ બધા દુઃખી હશે? ..ભાઈ! આહા..હા..! ધૂળમાં એ લાખ ત્યાં તો ધૂળ છે, એ તો પર છે. એમાં તને શું આવ્યું? મારા, મને મળ્યા એવો ભાવ એ વિકારી, દુઃખદાયક, આકુળતા અને અગ્નિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રશ્ન ક્યાં કર્યો? વસ્તુથી ક્યાં મેં કહ્યું? વસ્તુ ન હોય ત્યારે મને નથી એવા વિકારના ભાવ એ એને આકુળતા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ ચીજ આકુળતાનું તો નિમિત્ત છે. આકુળતા તો ઉત્પન્ન પોતે કરે છે. થોડી લક્ષ્મી હોય એને આકુળતા ઘણી

હોય, ઘણી લક્ષ્મી હોય એને આકુળતા અલ્પ હોય કે થોડી હોય. એ કાંઈ લક્ષ્મીની સંખ્યા ઉપર આકુળતાનું માપ નથી. આહા..હા..! કેમ હશે? કામદાર!

અહીં તો ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ કહે છે, ભાઈ! આ આત્મા જેટલું સમ્યક્ સ્વનું જ્ઞાન અને સ્વનું સમ્યગ્દર્શન કરે એટલું એને સત્ય અને મોક્ષનો માર્ગ. એમાં જેટલું વ્યવહારજ્ઞાન સ્વ-પરનું અને છ દ્રવ્યનું રહે અને વ્યવહાર શ્રદ્ધા રહે એટલો શુભભાવ. એ પરંપરા એટલે કે એને છોડીને મોક્ષ થશે. એ પોતે મોક્ષનું ખરું કારણ નથી. પછી સ્વરૂપમાં રમે છે ચારિત્રમાં, એ અંતરમાં આનંદમાં રમે તેનું નામ ચારિત્ર. એ ખાસ મોક્ષનું કારણ. વચમાં એ પંચ મહાવ્રતના પરિણામ આદિ રહ્યા એ પણ રાગભાગ છે, એ પુણ્યબંધન છે, એનાથી સ્વર્ગ મળશે. એ સ્વર્ગમાં એ પુણ્યના ફળમાં રાગના ભાગથી દેવલોકમાં ક્લેશ પામતા એને અનુભવશે. આહા..હા..! સમજાણું કાંઈ? સુજાનમલજી! સમજાણું આમાં?

**'અભેદ નિજ શુદ્ધાત્મસ્વરૂપમેં તિષ્ઠે હૈ, વહ પરમ આનંદ અતીન્દ્રિય સુખરસકે આસ્વાદસે...'** દેખો! સમજાણું? ૩૦, ૩૦ છેને? **'निजशुद्धात्मस्वरूपे परमानन्दसुखरसास्वादतृप्तो भूत्वा'** અહો..! સંતની દશા એને કહીએ કે જેને બાહ્યમાં તો નગ્નદશા વર્તતી હોય છે. અંતરમાં અતીન્દ્રિય આનંદના તૃપ્તિના ઉછાળા મારતો હોય છે. એકલા અતીન્દ્રિય આનંદનો દરિયો ભર્યો ભગવાન આત્મા. એની રમતમાં, એના આનંદમાં તૃપ્ત... તૃપ્ત... તૃપ્ત... તૃપ્ત અતીન્દ્રિય આનંદમાં છે. એને ચારિત્રવંત અથવા એ ચારિત્ર પુરુષ જ અભેદનયે ચારિત્ર છે. સમજાણું કાંઈ? એ ચારિત્ર, નિશ્ચય સમ્યગ્દર્શન અને નિશ્ચય સમ્યગ્જ્ઞાન વિના હોય નહિ. અને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન એકલું હોય ત્યાં પણ ચારિત્ર આવું હોય નહિ. નિશ્ચય આત્મભાન સહિત, દર્શન સહિતની સ્થિરતા, આનંદની રમણતા, એને ત્રિલોકનાથ પરમેશ્વર ચારિત્ર કહે છે. એ ચારિત્રવંત એ મુક્તિના માર્ગે ચડેલો છે. આહા..હા..! મુક્તિના માર્ગમાં દુઃખ નથી એમ કહે છે. ચારિત્રવંત અરે..! દુઃખી, કેટલું સહન કરવું પડે અને કેટલું આ ને રાજાના કુંવર મુનિ તો આત્માના આનંદમાં મુનિપણા... ના, ના, કહે છે, તું ચારિત્રને સમજતો જ નથી. ચારિત્ર એ દુઃખદાયક નથી, દુઃખની દાતા નથી. દુઃખ થાય એને ચારિત્ર કહેતા નથી. એ તો આર્તધ્યાન છે. આહા..હા..!

ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદની છોળ ઉઠે અંદરથી. શાંત.. શાંત.. શાંત થઈ ગયો, નિર્વિકલ્પ આનંદમાં, રમતમાં, મોજમાં પડ્યો. એને આનંદ છે, એને ચારિત્ર કહીએ. સમજાણું કાંઈ? હજી તો ચારિત્રની ખબર નથી કોને કહેવું. સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબરું ન મળે અને અમે ધર્મ કરીએ છીએ. કોણ ના પાડે? ગાંડો કહે કે અમે હંમેશા પાંચ-પાંચ લાખ રળીએ છીએ. લીંબોળી ભેગી કરી હોયને. સમજાણું આમાં? અહીં તો આચાર્ય કહે

છે કે **'एवाभेदेन निश्चयचारित्रं भवतीति'** એ પોતે ચારિત્ર છે, આત્મા ચારિત્ર છે એમ કહે છે. ભગવાન આત્મા પોતાના સ્વરૂપના અતીન્દ્રિય નિરાકુળ આનંદમાં પરિણમી ગયો છે, એમાં પડ્યો છે એ પુરુષ જ પોતે ચારિત્રવંત છે. સમજાણું કાંઈ? એ ૩૦ ગાથા થઈ. એ પ્રમાણે બધી વ્યાખ્યા થઈ ગઈ લ્યોને બધી. **'ઈસપ્રકાર ઉન્નીસ દોહોંકા સ્થલ પૂરા હુઆ.'** ઓગણીસ દોહા કીધા એમાં પહેલા.

**'આગે અભેદરત્નત્રયકે વ્યાખ્યાનકી મુખ્યતાસે આઠ દોહા-સૂત્ર કહતે હૈં, ઉનમેંસે પહલે રત્નત્રયકે ભક્ત ભવ્યજીવકે લક્ષણ કહતે હૈં—'**

१५४) जो भत्तउ रयणत्तयहँ तसु मुणि लक्खणु एउ।
अप्पा मिल्लिवि गुण-णिलउ तासु वि अण्णु ण झेउ।।३१।।

**'જો જીવ...'** હવે ઉત્કૃષ્ટ વાત છે ઊંચી. મુનિની વાત છે. ભાવલિંગી સંત મુનિ કેવા હોય છે એ રત્નત્રયના ભગત છે. ભગવાનના ભગત નહિ, ભગવાનના ભગત તો હજી વિકલ્પ કહેવાય છે. એનું સ્વરૂપ જાણવું તો જોશેને કે રત્નત્રયરૂપ ચારિત્ર અને એના ભક્ત કેવા હોય. સમજાણું કાંઈ? આહા..!

કહે છે, **'જો જીવ રત્નત્રયકા ભક્ત હૈ...'** એ જીવનું લક્ષણ કહીએ છીએ. **'ઉસકા યહ લક્ષણ જાનના, હે પ્રભાકરભટ્ટ; રત્નત્રય ધારકકે યે લક્ષણ હૈં. ગુણોંકે સમૂહ આત્માકો છોડકર...'** લ્યો! ભગવાન આત્મા અતીન્દ્રિય અનંત જ્ઞાન, અતીન્દ્રિય અનંત આનંદ, અતીન્દ્રિય અનંત શાંતિ આદિ એવા અનંત ગુણનો પિંડ આત્મા છે એને છોડીને. **'આત્માકો છોડકર આત્માસે અન્ય બાહ્ય દ્રવ્યકો ન ધ્યાવે,...'** એના અંતરના આત્માના ધ્યાન આનંદ આગળ બીજું દેવ-ગુરુ-શાસ્ત્રનું પણ ધ્યાન એને હોતું નથી. સમજાણું કાંઈ? ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ, અતીન્દ્રિય આનંદની શીતળ પાટ આત્મા છે. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદ અને શીતળ અકષાય સ્વભાવથી ભરેલો પ્રભુ આત્મા અત્યારે છે. એમાં અંતરની દૃષ્ટિ જ્ઞાન કરીને એમાં ઠરે છે. કહે છે કે એવો આત્મા પોતાના ગુણના ભાનને શ્રદ્ધાને રમણતા છોડીને. **'આત્માસે અન્ય બાહ્ય દ્રવ્યકો...'** અહીં શું કહેવું છે? કે સ્વદ્રવ્યના ગુણોના આશ્રયે પડેલો છે તેને રત્નત્રયનો ભગત કહે છે. પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર આદિનો વિકલ્પ છે એ રાગ છે એમાં એનું ધ્યેય હોતું નથી.

પરમાત્મપ્રકાશ છેને એટલે પરમાત્મા તરત પ્રાપ્ત કોને થાય? જેને અંતરમાં અભેદ રત્નત્રયની પ્રાપ્તિ છે તેને પરમાત્મા તરત પ્રાપ્ત થાય. ભગવાન આત્મા એકલા જ્ઞાન પ્રકાશની મૂર્તિ, આનંદનો કંદ, શાંતના રસની પૂતળી. એવા એવા અનંત ગુણનું રૂપ ભગવાન આત્માનું છે. એવા ગુણોના ધ્યાન આગળ બીજા દ્રવ્યોનું ધ્યાન એને હોતું નથી એમ કહે છે. પરદ્રવ્ય, દેવ-ગુરુ-શાસ્ત્ર,

પ્રતિમા કે દેવાલય કે સમ્મેદશિખર આદિનું ધ્યાન એ શુભ વિકલ્પ છે. પરદ્રવ્ય તરફનું લક્ષ જાય છે એ બધો શુભ રાગ છે, પુણ્ય છે. સમજાણું કાંઈ? રત્નત્રયનો ભગત એ ભગત લીધો અહીંયાં. આહા..હા..! 'જનની જણ તો ભક્ત જણ' આવે છે ને? 'કાં દાતા કાં સૂર, નહિતર રહેજે વાંઝણી પણ મત ગુમાવીશ નૂર' તારા જુવાનીના નૂર ન ગુમાવીશ. ભક્ત રત્નત્રયનો ભગત હોય એને જન્મ આપજે. એવો થાય એ. એ લોકો લૌકિકે વાત કરે છે કે નહિ? એ પણ કોણ ભગત? ભગવાન-ભગવાન ભજે એમ નહિ. ભગવાન-ભગવાન ભજે એ તો શુભરાગ-વિકલ્પ પુણ્યને ભજે છે. ઓહો..હો..!

તેથી આચાર્ય કહે છે, એ આત્માના ગુણનો નિલય દેખો! ગુણનો નિલય છેને? એકલો ભંડાર નિલય—એકલી ખાણ, આત્મા તો અનંત ગુણની ખાણ છે. જેમાંથી અતીન્દ્રિય આનંદ ઝરે, અતીન્દ્રિય કેવળજ્ઞાન પ્રગટ થાય, અતીન્દ્રિય દર્શન પ્રગટ થાય, અનંત બળ-વીર્ય જે છે એ અંદરમાંથી પ્રગટ થાય. એવા અનંત ગુણની ખાણ આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. આહા..હા..! સમજાણું? 'પાંચ કોડીને કોરડે' ઓલું આવે છેને? ઓલા કુમારપાળ અને .. બેયનું આવે છેને? શું થયું પણ એમાં? લોકોને એવે રસ્તે ચડાવી દીધા બિચારાને. એમ પાંચ કોડીના ફુલડે ચડાવ્યું ત્યારે દેવ થયા. ધૂળ થયું એમાં શું થયું પણ હવે? એમાં આત્માને શું? સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંતા ગુણનું ઘર છે. નિલય એટલે શું? એય..! સ્થાન. નિલય-સ્થાન. એ આનંદનું સ્થાન એ તું છો, જ્ઞાનનું સ્થાન તું છો, શાંતિનું સ્થાન અંદરમાં તું છો. જેટલા અનંત આનંદ આદિ ગુણો કહેવાય એનું સ્થાન એ આત્મા છે અંદરમાં. એ બીજે ક્યાંયથી મળે એવા નથી. બીજા આત્મામાંથી મળે એવા નથી. તારામાં બધા ભરેલા છે. આહા..હા..!

શિષ્યને ગુરુ કહે છે, હે પ્રભાકર! છેને? રત્નત્રયને છોડીને. એ રત્નત્રયના લક્ષણ એ કે આત્માને છોડીને. સ્વદ્રવ્ય ભગવાન આત્મા એનું અંદર નિર્વિકલ્પ દર્શન, જ્ઞાન અને રમણતા. સ્વદ્રવ્ય **'આત્માસે અન્ય બાહ્ય દ્રવ્યકો ન ધ્યાવે,...'** બીજા દ્રવ્યને લક્ષમાં ન લે. સ્વદ્રવ્યનું લક્ષ દૃષ્ટિ કરીને ઠરે એ રત્નત્રયનો ભગત એ આત્માનો ભગત છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? કે દિ' પણ સાંભળ્યું છે કે દિ'? માન્યું છે કે દિ'? બહારને બહાર આ ધૂળ ઢગલા અને પુણ્ય-પાપના પરિણામ એમાં પચ્યો છે આખો દિ' અનંત કાળથી. મોહનભાઈ! આહા..હા..! અનાદિ કાળથી ત્યાગી અનંત વાર થયો, પણ એ પુણ્ય અને પાપના વિકલ્પ, પુણ્યના વિકલ્પમાં પચ્યો રહ્યો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના શુભરાગ એ પણ રાગ-વિકલ્પ કષાય છે. એમાં પચ્યો પણ એના વિનાની ચીજ કોણ છે એ શ્રદ્ધામાં લીધી નહિ. આહા..હા..!

અનંત વાર સાધુ થયો.

મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ;
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.

અનંત વાર મુંડાવ્યું એણે. હજાર વાર રાણીઓ છોડીને બાવો-સાધુ જૈનનો થયો. શું થયું પણ એમાં? રખડવાના રસ્તા પાછા વધાર્યા. વસ્તુની ખબર ન મળે. અખંડાનંદ પ્રભુ ચિદાનંદની મૂર્તિ છું હું એની દૃષ્ટિ ન મળે અને બીજામાં પ્રેમ છૂટ્યો નહિ. એ પુણ્યના, પાપના પરિણામનો પ્રેમ છૂટ્યો નહિ. સમજાણું કાંઈ? જે છોડવું (છે) એ છોડ્યું નહિ. બહારના બાયડી, છોકરા તો છૂટા જ પડ્યા છે, કે દિ' ગરી ગયા હતા આત્મામાં? સમજાણું કાંઈ? બાપુ! માર્ગ તો વીતરાગના બીજી જાતના છે.

મુમુક્ષુ :- પ્રયત્ન તો ઘણો કર્યો છે.

ઉત્તર :- પ્રયત્ન ઊંધો કર્યો. ઘણો કર્યો એ ક્યાંથી કીધું? સમજાણું કાંઈ? બાહ્ય ત્યાગ કર્યા અને આનું આ કર્યું, ને મેં આ ગ્રહણ કર્યું ને, એ તો બાહ્ય ગ્રહણ-ત્યાગનો વિકલ્પ રાગ છે. રાગ છે એમાં પ્રયત્ન શું કર્યો એણે? ભગવાન આત્મા વિકલ્પ વિનાની ચીજ અંદર અખંડાનંદ અનંત ગુણનો પિંડ છે એનો તો અનુભવ દૃષ્ટિમાં લીધો નહિ. કાંઈ કર્યું નથી. ઊંધો પુરુષાર્થ કર્યો હતો. હેતુ ઊંધો હતો. ભાન ન મળે પોતાનો હેતુ લક્ષ શું છે એની તો ખબર ન મળે. હવે હેતુ કોને કહેવો? માને કે મેં મોક્ષને માટે કરીએ. પણ હેતુ તો રાગનો છે એકલો. સમજાણું કાંઈ? આ તો અજર પ્યાલાની વાતું છે ભાઈ!

અહીં તો ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર એમ કહે છે એ મુનિઓ કહે છે. હે આત્મા! રત્નત્રયના ભગતના લક્ષણ એવા છે, કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ધરનારના લક્ષણ એવા છે, કે જેમાં સ્વદ્રવ્યના ગુણને છોડીને પરગુણને ધ્યાવતો નથી. આહા..હા..! જેના સ્વદ્રવ્યમાં અનંતા ગુણોના લક્ષને છોડીને બીજા અનંતા દ્રવ્યો ગમે તે હો, સિદ્ધ અનંત કે પરમેશ્વર હોય, એ પરદ્રવ્યને લક્ષમાં, ધ્યાનમાં લેતો નથી. આહા..હા..! એ આવી જાય એવા, પણ એને વિકલ્પ કહેવાય છે, શુભ રાગ છે. ભગવાન! એ વાત કરશે. ઠરે નહિ જ્યાં સુધી તો રાગ આવે, વિકલ્પ આવે, પણ એ કાંઈ નિશ્ચય રત્નત્રયનું સ્વરૂપ નથી. એ મોક્ષના ખરા માર્ગનું સ્વરૂપ નથી. જેટલો પરદ્રવ્યનો આશ્રય વિકલ્પ ઉઠે છે એટલું બધું પુણ્યબંધનનું કારણ છે. આ માર્ગ, માર્ગની ખબરું ન મળે. જાય દોડી મુઠીયું વાળીને આથમણો અને જાવું હોય ઉગમણે. એ પુરુષાર્થ કહેવાય? ઊંધો કહેવાય. અરે..! એને ઊંધા-સવળાની પણ ખબર ન મળે. એમને એમ આંધળી દોડે મૂઢપણે અનંત કાળ ગાળ્યો. સમજાણું કાંઈ?

'**નિશ્ચયનયસે એક આત્મા હી ધ્યાવને યોગ્ય હૈ, અન્ય નહીં.**' નિશ્ચય રત્નત્રયનો

ધરનાર તો ભગવાન આત્માના જ ધ્યાનને લઈને ફરે છે. હવે જરી વ્યવહાર સ્થાપે છે. '**ભાવાર્થ :- વ્યવહારનયકર વીતરાગ સર્વજ્ઞકે કહે હુએ...**' પરમાત્મા પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમાત્માને '**કહે હુએ શુદ્ધાત્મતત્ત્વ આદિ છહ દ્રવ્ય,...**' દેખો! શુદ્ધાત્મા આદિ છ દ્રવ્ય. એનું બધું ભેગું, બધાનું ભેગું જ્ઞાન એ વ્યવહાર એમ કહેવું છે. સમજાણું? '**છહ દ્રવ્ય, સાત તત્ત્વ, નૌ પદાર્થ, પંચ અસ્તિકાયકા શ્રદ્ધાન જાનને યોગ્ય હૈ,...**' શ્રદ્ધાન અને જ્ઞાન કરવા લાયક છે, વ્યવહારે કરવા લાયક છે. ભગવાન પરમેશ્વરે જોયેલા છ દ્રવ્યો. એના ભાગ પાડીએ તો સાત પદાર્થ-તત્ત્વ, એના ભાગ પાડીએ તો પુણ્ય-પાપ આદિ મળીને નવ પદાર્થ અને પાંચ અસ્તિકાય. કાળ છે એ અસ્તિ છે કાય નથી, પાંચ દ્રવ્યો અસ્તિકાય છે. એનું '**શ્રદ્ધાન જાનને યોગ્ય હૈ, ઔર હિંસાદિ, પાપ, ત્યાગ કરને યોગ્ય હૈં, વ્રત, શીલાદિ પાલને યોગ્ય હૈં,...**' શુભ રાગ. વ્યવહાર જાણે વ્યવહાર. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને નિશ્ચય ચારિત્રની અંદર આવા પરિણામ એને હોય છે વિકલ્પરૂપે. '**યે લક્ષણ વ્યવહારરત્નત્રયકે હૈં,...**' આત્મા શુદ્ધ છે એના સહિત છ દ્રવ્યનું જ્ઞાન વિકલ્પવાળું. સાત તત્ત્વની શ્રદ્ધાનું જ્ઞાન અને શ્રદ્ધા, નવ પદાર્થનું જ્ઞાન અને શ્રદ્ધા, પંચાસ્તિકાયની શ્રદ્ધા ને જ્ઞાન અને હિંસા, જૂઠાનો ત્યાગ; વ્રત, શીલાદિનું પાળવું શુભભાવ એ બધું લક્ષણ વ્યવહાર રત્નત્રયનું છે. એ વ્યવહાર રત્નત્રય એટલે શુભભાવનું એ લક્ષણ છે. એ પરમાર્થે ધર્મનું લક્ષણ નથી. ભારે ભાઈ. શું કહો છો? શું કીધું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ પછી પછી, સાંભળો તો ખરા હજી આવ્યા વિના? આ મોઢા આગળ ક્યાં ચાલ્યા ગયા. પ્રભાવ, પ્રભાવ નથી. ભેદરત્નત્રયસે અજ્ઞાત હૈ. એટલો જ પાઠ છે. '**भेदरत्नत्रयस्य**' એનો અર્થ એ પ્રભાવ એનો તમે લઈને મૂકો અંદરથી. એ શબ્દ નથી પણ ટીકામાં. અહીંયા તો '**भेदरत्नत्रयस्य निश्चयेनवीतरागसदानन्दैकरूप**' છેને ભાઈ!

અહીં તો એમ બતાવવું છે, ભાઈ! ધીરો થા. તારી વાતું કરવામાં પણ એને કઠણ પડે. કોઈ રીતે ઓલા વ્યવહારથી નિશ્ચય થાય? વ્યવહાર તો શુભ રાગ છે. રાગનો અભાવ કરીને ઠરે ત્યારે નિશ્ચય થાય છે. આહા..હા..! પરદ્રવ્યના આશ્રયે જેટલો વિકલ્પ (થાય) તે નિર્વિકલ્પ સ્વાશ્રયમાં જતાં તેના વિકલ્પનો અભાવ થાય છે. એને એમ કહેવામાં આવે કે આ વ્યવહાર હતો તો આ નિશ્ચય થયો એમ કહેવામાં આવે નિમિત્ત તરીકે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ ક્યાં એને ક્યાં છે? પણ ક્યાં છે એ તો? એ તો ઉસકે પ્રભાવસે, રત્નત્રય આરાધન ઉસકે પ્રભાવસે કહ્યું છે. ભેદરત્નત્રય બધું ત્રણેનું ભેગું નાખ્યું છે. છ દ્રવ્યનું

જ્ઞાન, છ દ્રવ્યની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ આદિ શુભભાવ. એ ત્રણને રત્નત્રય, વ્યવહાર રત્નત્રય કહ્યા. એટલે કે જે શુભવિકલ્પ અને પુણ્યભાવ છે.

મુમુક્ષુ :- અહીં તો .. પ્રભાવથી....

ઉત્તર :- ક્યાં છે હિન્દી? એ તો હજી હમણા નીચે ક્યાં આવ્યું છે પણ આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં છે પણ એમાં? હજી તો આવ્યું નથી ત્યાં? આવે ત્યારે તો થવા દ્યો એના. એના અર્થ કરતા ન આવડે એને. અહીં તો હજી એક વાત ચાલે છે કે વ્યવહાર કોને કહેવો.

**'સો વ્યવહારકા નામ ભેદ હૈં, વહ ભેદરત્નત્રય આરાધને યોગ્ય હૈ,...'** વ્યવહારે. વિકલ્પ આવે એટલો અશુભ ટાળવા માટે એવી ભૂમિકા હોય છે એમ કહે છે. એનો પ્રભાવ શબ્દ નથી શાસ્ત્રમાં. એ છે અને નિશ્ચય રત્નત્રયની પ્રાપ્તિ છે, એમ. આવો એક વિકલ્પાત્મક ભાવ છે શુભ રાગમય એને વ્યવહાર કહે છે. ભગવાન સ્વદ્રવ્યને આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા થાય તેને નિશ્ચય કહે છે. બસ! આ વાત બે છે એક સાથે. સમજાણું કાંઈ? અને એક સાથે પણ છે. આમ નિશ્ચય વર્તે છે, અહીં વિકલ્પ છે. ઠરે ત્યારે વિકલ્પ છોડીને અંદર ઠરે છે. બાપુ! માર્ગ તો એવા છે, અલૌકિક માર્ગ છે. એણે માર્ગ સાંભળ્યા નથી, સાંભળ્યા નથી અને સાંભળ્યા હોય તો એણે વિચારમાં લીધા નથી. ત્યારે સાંભળ્યા કહેવાયને. એમને એમ અનંત વાર શાસ્ત્ર સાંભળ્યા ને ગોખી નાખ્યા અને ભણ્યો, ગણ્યો એમાં થોથા વળ્યા, કાંઈ વળ્યું નહિ એમાં. સમજાણું કાંઈ?

અહો..! અહીં તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય આશ્રયની બે વાત છે, બસ. એટલી વાત છે અહીં તો. **'अप्पा मिल्लिवि गुण-णिलउ तासु वि अण्णु ण झेउ'** બીજું ધ્યાન હોય નહિ. છતાં વ્યવહાર સમજાવ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! હજી તો સાચા શુદ્ધાત્મ સહિત છ દ્રવ્યનું સાચી શ્રદ્ધા-જ્ઞાન, સાત તત્ત્વ ને નવ પદાર્થનું જ્ઞાન, પાંચ અસ્તિકાયનું જ્ઞાન અને હિંસા આદિના પરિણામનો ત્યાગ, વ્રતાદિના શુભ પરિણામ ..આદિનો ભાવ એ લક્ષણ વ્યવહાર રત્નત્રય એટલે શુભ પુણ્યના ભાવ છે. એનું નામ ભેદ રત્નત્રય છે. ભેદ કહો, વ્યવહાર કહો, ઉપચાર કહો, ગૌણ કહો આના નિશ્ચયની અપેક્ષાએ. સમજાણું કાંઈ? એને મુખ્ય કહો તો આને ગૌણ કહો, આને મુખ્ય કહો તો એને ગૌણ કહો. એનો અર્થ. ઓહો..હો..!

**'નિશ્ચયરત્નત્રયકી પ્રાપ્તિ હૈ.'** એ વ્યવહાર છે એને છોડીને અંદરમાં નિશ્ચયરત્નત્રયની પ્રાપ્તિ કરે છે. નિર્વિકલ્પ કરે છેને આત્મા. પહેલું સમ્યગ્દર્શન નિશ્ચયનું છે, સમ્યગ્જ્ઞાન છે,

ચારિત્ર પણ સ્થિરતા છે અને આ પ્રકારમાં છઠ્ઠે ગુણસ્થાને ત્રણ રત્નત્રય વિકલ્પ વર્તે છે એને છોડીને ઠરે છે. સાતમું. ત્યારે એ હતા પૂર્વે એમ કહેવામાં આવે. પ્રભાવ શબ્દ કાંઈ શાસ્ત્રમાં નથી. એના પ્રભાવથી અને તમારા કારણે. હે આચાર્ય! તારા કારણે હું... એને બધું વ્યવહાર બધી ભાષા એવી આવે.

મુમુક્ષુ :- ...વયો જાય છે એનો પ્રભાવ.

ઉત્તર :- બે લક્ષણ છે. આનું લક્ષણ જુદું, આનું લક્ષણ જુદું. એનું ફળ જુદું, આનું ફળ જુદું. છતાં આનું ફળ એને બતાવવું એ વ્યવહાર છે.

**'વીતરાગ સદા આનંદરૂપ જો નિજ શુદ્ધાત્મા આત્મીક સુખરૂપ સુધારસકે આસ્વાદ કર પરિણત હુઆ...'** બસ, આ નિશ્ચય. ભગવાન આત્મા, વીતરાગ આત્મા રાગ રહિત અત્યારે હોં અંદરમાં. સદા આનંદરૂપ જો નિજ શુદ્ધાત્મ દ્રવ્ય કીધું. એનાથી આત્મિક સુખરૂપ સુધારસ એ પર્યાય. આત્મિક સુખ સુધારસનો આસ્વાદકર પરિણત હુઆ. અતીન્દ્રિય આનંદથી પરિણમન થઈ ગયું. **'ઉસકા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ અભેદરત્નત્રય હૈ,...'** એને નિશ્ચયરત્નત્રય સાચા રત્ન કહેવામાં આવે છે. લ્યો! **'ઉસકા જો ભક્ત (આરાધક) ઉસકે યે લક્ષણ હૈં,...'** લ્યો! એ જાણવું. સમજાણું? એના લક્ષણ છે એ જાણો, એના આ લક્ષણ છે. હવે એ વ્યવહારની વ્યાખ્યાની વાત કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૨, મંગળવાર, તા. ૦૪-૦૧-૧૯૬૬**
**ગાથા-૩૧ થી ૩૩, પ્રવચન-૯૪**

પરમાત્મપ્રકાશ, બીજા ભાગની ૩૧ ગાથા. નીચે લીટી છે. આમાં છે. **'વીતરાગ સદા આનંદરૂપ જો નિજ શુદ્ધાત્મા...'** આ આત્મા વીતરાગ સદા આનંદ. રાગ-વિકલ્પ રહિત સદા આનંદરૂપ જો નિજ શુદ્ધાત્મા. પોતાનો જે **'નિજ શુદ્ધાત્મા આત્મીક સુખરૂપ સુધારસકે આસ્વાદ...'** એવા આત્માના સુખરૂપી અમૃતના રસમાં **'આસ્વાદ કર પરિણત હુઆ...'**

એ પરિણમેલો. '**ઉસકા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ અભેદરત્નત્રય હૈ,...**' લ્યો! આ નિશ્ચય રત્નત્રય મોક્ષનો માર્ગ. સાચા રત્નત્રય-જે રત્નથી મુક્તિ પ્રાપ્ત થાય. એ નિશ્ચય રત્નત્રય એનું સ્વરૂપ શું? કે સદા આનંદરૂપ, સુખરૂપના સ્વાદથી પરિણત થયેલો. આત્મા અંતરમાં અતીન્દ્રિય આનંદથી પર્યાયે પરિણત થયેલો. સમજાણું કાંઈ? એવો આત્મા એની સમ્યક્ શ્રદ્ધા-એની સાચી શ્રદ્ધા અંદર, એનું સાચું જ્ઞાન અને એના આચરણરૂપ અભેદ રત્નત્રય છે. કહો, સમજાણું આમાં?

'**ઉસકા જો ભક્ત (આરાધક) ઉસકે યે લક્ષણ હૈં,...**' એનો જે સેવનાર એના આ લક્ષણ છે. '**યહ જાનો.**' એ એમ જાણો, સમજો. સમજાણું કાંઈ? '**વે કૌનસે લક્ષણ હૈં –**' એ લક્ષણ કોના છે એ પછી કહેશે, પણ વચમાં થોડું નાખે છે. '**યદ્યપિ વ્યવહારનયકર સવિકલ્પ અવસ્થામેં...**' વ્યવહારથી રાગનો વિકલ્પ છે ત્યાં સુધી '**ચિત્તકે સ્થિર કરનેકે લિયે...**' ચિત્તને સ્થિર કરવા માટે, અશુભથી ખસવા, '**પંચપરમેષ્ઠીકા સ્તવન કરતા હૈ,...**' શુભરાગથી પંચ પરમેષ્ઠીનું સ્તવન કરે, ગુણગાન કરે. શુભ વિકલ્પ રાગ. '**જો પંચપરમેષ્ઠીકા સ્તવન દેવેન્દ્ર ચક્રવર્તી આદિ વિભૂતિકા કારણ હૈ,...**' પાછો એ વિકલ્પ કેવો છે? કે દેવેન્દ્ર ચક્રવર્તી આદિ વિભૂતિનું કારણ છે. આત્માની મોક્ષની વિભૂતિનું કારણ નથી એમ કહે છે સાથે. સમજાણું કાંઈ? મોક્ષરૂપી લક્ષ્મી-વિભૂતિ એનું કારણ તો અભેદ રત્નત્રય છે. સમજાણું કાંઈ? આવો વિકલ્પ જે વચ્ચે હોય એ પુણ્યબંધનું કારણ છે. '**દેવેન્દ્ર ચક્રવર્તી આદિ વિભૂતિકા કારણ હૈ, ઔર પરમ્પરાય શુદ્ધ આત્મતત્ત્વકી પ્રાપ્તિકા કારણ હૈ,...**' કારણ કે એ વિકલ્પ છૂટીને, નિમિત્ત છે, છૂટીને સ્વરૂપ સ્થિર થશે એથી વ્યવહારનયે, વ્યવહાર ભાગ વિકલ્પ પરંપરા કારણ વ્યવહારનયે કહેવામાં આવ્યું છે.

'**સો પ્રથમ અવસ્થામેં ભવ્યજીવોંકો પંચપરમેષ્ઠી ધ્યાવને યોગ્ય હૈં,...**' વિકલ્પમાં. નિર્વિકલ્પમાં ઠરે નહિ, દૃષ્ટિ શુદ્ધ ચૈતન્યની છે, જ્ઞાન શુદ્ધ ચૈતન્યનું છે (પણ) સ્વરૂપમાં નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગે ઠરે નહિ ત્યારે એને પહેલો આવો ભાગ શુભ વિકલ્પ હોય છે. '**ધ્યાવને યોગ્ય હૈં, ઉનકે આત્માકા સ્તવન,...**' પાંચ પરમેષ્ઠીના આત્માના ગુણગ્રામ કરવા જોઈએ. આત્માના ગુણગ્રામ. એમ કહે છે. પંચ પરમેષ્ઠીનો સમવસરણ અને પુણ્યનો વૈભવને એમ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? સાધુ આદિના અઠ્યાવીશ મૂળગુણ પણ નહિ. એના ગુણનું સ્તવન કરવું જોઈએ. અરિહંતના ગુણ, સિદ્ધના ગુણ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. જે આત્મીક ગુણ છે એનું સ્તવન કરવું જોઈએ. એ વિકલ્પ છે શુભ રાગ પુણ્ય.

'**ગુણોંકી સ્તુતિ,...**' એના દ્રવ્યનું સ્તવન અથવા એના ગુણોનું સ્તવન અથવા વસ્તુ સ્તવન એમ લખ્યું છે મૂળ તો. સમજાણું કાંઈ? છેને અંદર? પરમેષ્ઠીરૂપ સ્તવન, વસ્તુ સ્તવન

અને ગુણ સ્તવન. એ પહેલા આવી ગયું છે ૧૪૮ પાને. વસ્તુ સ્તવન. વસ્તુ એટલે આત્માના ગુણગ્રામ ગણે પોતે પોતાના આત્માના. આવો આત્મા, આવો આત્મા, અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત સંપદાવાળો. એમ વસ્તુના ગુણગ્રામ કરે અથવા ભગવાન પંચ પરમેષ્ઠીની વસ્તુના ગુણગ્રામ કરે એ બધો શુભ વિકલ્પ છે. જેના ફળમાં ચક્રવર્તી આદિ (પદની પ્રાપ્તિ થાય). સમ્યગ્દષ્ટિની વાત છે હોં! મિથ્યાદષ્ટિની વાત નથી અહીં. સમજાણું કાંઈ?

આત્મા પ્રથમથી શુદ્ધ વીતરાગ નિર્વિકલ્પ વસ્તુ છે એવી અંતરમાં, અનુભવમાં પ્રતીત થઈ છે, સમ્યગ્જ્ઞાન આત્માનું છે, પણ સ્વરૂપમાં સ્થિરતારૂપી દશા નથી ત્યારે આવી પ્રથમ દશામાં આવા વિકલ્પો શુભભાવ ધર્મીને વ્યવહાર રત્નત્રયરૂપે હોય છે. '**ગુણોંકી સ્તુતિ, વચનસે ઉનકી અનેક તરહકી સ્તુતિ કરની,...**' વચનથી સ્તુતિ કરે. એમાં વિકલ્પ હોય છેને શુભ? '**ઔર મનસે ઉનકે નામકે અક્ષર...**' એમના નામના અક્ષર સિદ્ધ કે ૐ કે વગેરે. '**તથા ઉનકા રૂપાદિક ધ્યાવને યોગ્ય હૈં,...**' ભગવાનનું રૂપ—સ્વરૂપ શું એ ધ્યાવન કરવા લાયક છે. '**તો ભી...**' ત્યાં લીધું. '**કૌનસે લક્ષણ હૈં...**' એમ શબ્દ હતોને બીજી લીટીમાં? ઉસકે લક્ષણ એ જાણો. કૌનસે લક્ષણ હૈં? એ આ. વચ્ચે આ (વિકલ્પ) આવે છતાં એનું લક્ષણ આ (નિશ્ચય રત્નત્રય છે)એમ કહે છે. સમજાણું કાંઈ? કોના લક્ષણની વાત ચાલે છે? અભેદ રત્નત્રય ભક્તના લક્ષણ. એને વચમાં આવા શુભ વિકલ્પો હોવા છતાં '**તો ભી પૂર્વોક્ત નિશ્ચયરત્નત્રયકી પ્રાપ્તિકે...**' પૂર્વે પહેલો શબ્દ કીધો ઈ. '**વીતરાગ સદા આનંદરૂપ જો નિજ શુદ્ધાત્મા આત્મીક સુખરૂપ સુધારસકે આસ્વાદ કર પરિણત હુઆ...**' પરિણમેલો વર્તમાન આત્મા હોં!

'**નિશ્ચયરત્નત્રયકી પ્રાપ્તિકે સમય** કેવલજ્ઞાનાદિ **અનંતગુણરૂપ પરિણત...**' વર્તમાન પરિણત. કેવળજ્ઞાનાદિ કેવળ એટલે જ્ઞાન, આનંદ આદિ જે પર્યાય છે,... એ માથે કીધું હતું એની એ વાત છે. '**જો નિજ શુદ્ધાત્મા વહી આરાધને યોગ્ય હૈ,...**' એ શુદ્ધ આત્મા એને અંતરમાં આરાધવા યોગ્ય છે. '**અન્ય નહીં.**' એ ઓલા પહેલા કહ્યા એ નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! મહાન વસ્તુ બેહદ જ્ઞાન, આનંદથી ભરેલો પદાર્થ એની શ્રદ્ધા, જ્ઞાન સહિત શુદ્ધાત્માના અનંત ગુણની પરિણતરૂપ આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એનો ભક્ત તેને અભેદ રત્નત્રયનો ભગત કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરિણમેલો. કેવળજ્ઞાન (એટલે) ઓલું કેવળજ્ઞાન નહિ. જ્ઞાન આદિ, દર્શન આદિ જે છે એકલું. કેવળ એટલે રાગ વિના એમ. રાગ વિના એ જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણની... માથે કીધું હતું ને? '**સુધારસકે આસ્વાદ કર પરિણત હુઆ...**' એની

શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ. એનું નામ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ તે અભેદ રત્નત્રય છે. સમજાણું કાંઈ? ... ક્યા હૈ? સમજમેં આતા હૈ કિ નહિ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- વ્યવહાર કહ્યોને વચ્ચે. વ્યવહાર હોય છે. એણે શું નાખ્યું જુઓને. યહ જાનો, કોના લક્ષણ છે? કૌનસે લક્ષણ હૈ? લક્ષણ તો અહીં બતાવ્યા હવે. ઓલું તો વચમાં થોડું વિકલ્પ આવતા હતા એટલે એને બતાવ્યું અને એનું ફળ પાછું દેવની ઋદ્ધિ અને ચક્રવર્તીની ઋદ્ધિ સંયોગ મળે. સંયોગી ભાવથી સંયોગી વસ્તુ મળે. સ્વભાવભાવથી સ્વભાવભાવ મળે એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- બે નય સરખા છે.

ઉત્તર :- બે નય સરખા છેને જાણવા માટે. જાણવા માટે. આદરવા માટે એક નય, એક છે છોડવા માટે. કહો, બે નયનું જ્ઞાન થાય, પ્રમાણજ્ઞાન થાય છેને, જ્ઞાનમાં મદદ કરે છેને એટલો વ્યવહારનય જાણવામાં. સમજાણું કાંઈ?

વસ્તુ જે છે, અહીં તો નિજ દ્રવ્ય વસ્તુ અખંડ ગુણનો પિંડ એના... અહીં તો આનંદના અતીન્દ્રિય આનંદના પરિણત સહિતની અભેદ રત્નત્રયની એમાં એની શ્રદ્ધા, જ્ઞાન, રમણતા એમ લીધું છે. સમજાણું કાંઈ? એ નિશ્ચય રત્નત્રય કહો, અભેદ રત્નત્રય કહો, સાચા રત્નત્રય કહો કે સાચો મોક્ષનો માર્ગ કહો. સમજાણું કાંઈ? 'વહી...' ભગવાન આત્મા એની અંતર દૃષ્ટિ આત્માના શુદ્ધ સ્વરૂપની કરી, એનું જ જ્ઞાન કરી અને એમાં રમણતારૂપ પરિણતિ કરી, એમાં સમ્યક્ શ્રદ્ધા જ્ઞાનનો રત્ન અભેદ વર્તે છે એ રત્નત્રયનો ભગત છે. કેમકે રત્નત્રય ભજે છે. વર્તમાન એને રત્નત્રયનું ભજન વર્તે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

'**તાત્પર્ય યહ હૈ કિ ધ્યાન કરને યોગ્ય યા તો નિજ આત્મા હૈ, યા પંચપરમેષ્ઠી હૈં,...**' નિશ્ચયમાં નિજ આત્મા અને વ્યવહારમાં વિકલ્પ આવે તો પંચપરમેષ્ઠી. સમજાણું કાંઈ? '**અન્ય નહીં,...**' અનેરો કોઈ ધ્યાન કરવા લાયક નથી. '**પ્રથમ અવસ્થામેં તો પંચપરમેષ્ઠીકા ધ્યાન કરના યોગ્ય હૈ,...**' વિકલ્પના કાળમાં.. સ્વરૂપમાં ઠરે નહિ જ્યારે અભેદ રત્નત્રય પરિણતિમાં, ત્યારે શુભ વિકલ્પમાં પંચ પરમેષ્ઠીનું ધ્યાન (કરે). '**ઔર નિર્વિકલ્પદશામેં નિજસ્વરૂપ હી ધ્યાવને યોગ્ય હૈ,...**' અંતરમાં ઠરવા કાળે તો ભગવાન આત્મા જ ધ્યાન કરવા લાયક છે. '**નિજરૂપ હી ઉપાદેય હૈં.**' એ પોતાનો આત્મા જ શુદ્ધ ચિદાનંદ મહાન સાગર પૂર્ણ ગુણથી ભરેલો એ જ અંતરમાં ઉપાદેય છે. આ આઠમા ગુણસ્થાના ઉપરની વાત નથી હોં! આ નીચેની વાત છે. સવિકલ્પ કરે છે અને એમાં પાછા સ્થિર થાય છે એની વાત છે. છઠ્ઠે છે ત્યારે વિકલ્પ આવા હોય છે. ઠરે છે ત્યારે નથી. આઠમે ચડી જાયને

વળી પાછો આવે એવું છે કાંઈ? સમજાણું કાંઈ? ઓહો..! દૃષ્ટિમાં પણ આત્મા, જ્ઞાનમાં પણ આત્મા અને ઠરવામાં પણ આત્મા. એમ કહે છે અહીં તો મૂળ. એ દૃષ્ટિ જ્ઞાન કર્યા છતાં ઠરી ન શકે ત્યારે એને ઓલા વિકલ્પો વચ્ચે હોય છે. પણ એનું ફળ તો સંયોગ મળશે કહે છે. સમજાણું કાંઈ? પરંપરા એટલે તોડીને વીતરાગ થાશે, એમ. એનો અભાવ કરીને થશે, એને રાખીને થશે નહિ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- વિભૂતિ કીધુંને. એ ઉપરથી બીજે ઠેકાણે કહેશે કે ત્યાં રાગના અંગારાથી શેકાય છે એમ કહેશે. અહીં તો ફક્ત એનું ફળ શું? અભેદ રત્નત્રયનું ફળ શું? કે મુક્તિ. ત્યારે વચ્ચે આવા વિકલ્પ આવે એનું ફળ શું? કે દેવેન્દ્ર અને ચક્રવર્તીનું પદ એમ બે ફળ બતાવ્યા છે. સમજાણું? જેટલો રાગ બાકી રહ્યો એના ફળમાં તો પુણ્યના ફળ મળશે. ત્યાં લક્ષ પરપદાર્થમાં જાશે એટલો તો અશુભભાવમાં શેકાશે, કષાયમાં (શેકાશે).

મુમુક્ષુ :- શુભમાં પણ શેકાશેને.

ઉત્તર :- શુભમાં પણ આ તો અશુભભાવ, પુણ્યના ફળમાં મળશે એને આશ્રયે અશુભ થાય છે એમ કહેવું છે મૂળ તો. શુભભાવ એના ફળમાં સંયોગ મળશે, પણ સંયોગના લક્ષમાં કાંઈ શુભભાવ નહિ થાય. સમજાણું કાંઈ? એના ભોગવવામાં તો અશુભભાવ થાશે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ના, ના, પાડોશી-બાડોશી નહિ. એ દૂર રહેલો એમાંથી ખસીને અંદર જાય. જાત જ જુદી છે. આ તો એક વચ્ચે હોય છે એ બતાવવું છેને? છઠ્ઠા ગુણસ્થાનમાં શ્રદ્ધા, જ્ઞાન બરાબર છે, પણ સ્થિરતા નથી, અભેદ રત્નત્રયની ત્રણેની એકતા નથી, એથી પહેલો એને આવા પંચ પરમેષ્ઠી આદિના વિકલ્પો હોય છે. એમ ચોથે, પાંચમે પણ એવું હોય છે. ઠરવામાં એકલો આત્મા જ જ્યાં નિશ્ચય શુદ્ધ પરિણતિમાં પડ્યો, અભેદ રત્નત્રય-ત્રણે એક થઈને પડ્યો એમાં કાંઈ વિકલ્પ છે નહિ. મૂળ માર્ગ એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? પણ મોક્ષમાર્ગ તે આત્માને આશ્રયે થયેલી દશા મોક્ષમાર્ગ હોય? કે પરને આશ્રયે થયેલો વિકલ્પ મોક્ષમાર્ગ હોય?

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું હોય એ થાય.

ઉત્તર : શાસ્ત્રમાં લખ્યું આ લખ્યું છે. કીધું નહિ? પરના આશ્રયથી કહ્યું એ તો વ્યવહાર કહ્યો.

મુમુક્ષુ :- ... ફેર છે ને.

ઉત્તર :- શું ફેર છે?

મુમુક્ષુ :- પંચપરમેષ્ઠી.

ઉત્તર :- પંચપરમેષ્ઠી હોય કે સિદ્ધ હોય, ગમે તે હોય, શું છે? સિદ્ધ આવી ગયાને. એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યનું લક્ષ કરવું, ધ્યાન કરવું એ શુભરાગ છે. શું છે કહો? ઘણું આવી ગયું છે પહેલા. એના ગુણનું સ્તવન, એના આત્મદ્રવ્યનું સ્તવન એ બધો વિકલ્પ છે. સ્વદ્રવ્યના સ્તવનની એકાગ્રતા, અંદર દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

જેટલો આશ્રયમાં આત્મા આવ્યો, આત્માનો આશ્રય આવ્યો, એટલું દર્શન, જ્ઞાન અને ચારિત્ર. જેટલો પરનો આશ્રય રહ્યો એટલો એમાં એ દોષ. સમજાણું કાંઈ? પછી ભલે એને વ્યવહાર મોક્ષમાર્ગ કહે, એનાથી પરંપરા મોક્ષ થાય એમ કહે, બધું કહે. ઓલું નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે. સાક્ષાત્ આ કારણ છે, ઓલું પરંપરા એટલે (એને) છોડીને એમાં ઠરશે એમ. નિશ્ચય થાશે ત્યારે થાશે. સમજાણું કાંઈ? વસ્તુ તો આવી છે ત્રિકાળ. એથી તો અહીં પરિણત લીધો. નિશ્ચયરત્નત્રયના કાળમાં પરિણત આવો આત્મા તે, એવો પરિણત થયેલો આત્મા તે ધ્યાન કરવા લાયક છે એમ કહ્યું. સમજાણું? ૩૨.

'**આગે જો જ્ઞાની નિર્મલ રત્નત્રયકો હી આત્મસ્વરૂપ માનતે હૈં,...**' જુઓ! '**ઔર અપનેકો હી શિવ જાનતે હૈં, વે હી મોક્ષપદકે ધારક હુએ નિજ આત્માકો ધ્યાવતે હૈં, એસા નિરૂપણ કરતે હૈં—**'

**१५५) जे रयण-तउ णिम्मलउ णाणिय अप्पु भणंति।**
**ते आराहय सिव-पयहँ णिय-अप्पा झायंति।।३२।।**

'**જો** (ધર્માત્મા) **જ્ઞાની निर्मलं रत्नत्रयं...**' દેખો! આ અભેદ રત્નત્રયને નિર્મળ રત્નત્રય કહ્યા. ઓલા વ્યવહાર રત્નત્રય તે મળ રત્નત્રય છે. એ માટે તો શબ્દ આ વાપર્યો છે. વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાન અને વ્યવહાર ચારિત્રના પરિણામ એ મેલ છે, શુભરાગનો મેલ છે. એનાથી પુણ્ય બંધાય છે. માટે કહે છે '**નિર્મલ રાગાદિ દોષ રહિત રત્નત્રયકો આત્મા કહતે હૈં...**' લ્યો! '**નિર્મલ રાગાદિ દોષ રહિત રત્નત્રયકો આત્મા કહતે હૈં...**' એ રત્નત્રય તે આત્મા છે. રાગાદિ જે થાય એ આત્મા નથી, એમ બતાવવા માટે કહ્યું છે. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્ય પદાર્થ પરમાત્મસ્વરૂપ નિર્મળ એની સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર નિર્મળ, એ નિર્મળ રત્નત્રય તે જ આત્મા છે. અભેદ કીધું છેને અભેદ?

'**વે શિવપદકે આરાધક હૈં,...**' એ જ મોક્ષપદનો આરાધક છે. એ આત્મા પોતે પોતાની નિર્મળ સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર, એ આત્મા જ પોતે શિવપદ-મોક્ષનો આરાધક છે. એમાં વચ્ચે લપ-બપ નિમિત્ત અને રાગની વાત અહીં છે નહિ. એકલો ભગવાન પૂર્ણાનંદ

પ્રભુ. અહીં તો આનંદથી જ વાત લીધી છે. સમજાણું કાંઈ? '**વે શિવપદકે આરાધક હૈં, ઔર વે હી 'निजात्मानं' મોક્ષપદકે આરાધક હુએ અપને આત્માકો ધ્યાવતે હૈં.**' '**निजात्मानं**' ધ્યાવે છે. બધું ત્રણે પોતે નાખ્યું અંદર. નિર્મળ રત્નત્રયરૂપ આત્માની પરિણતિ તે આત્મા એમ કહે છે. એમ કહીને ઓલો વિકલ્પ ઉઠે તે અણાત્મા એમ સિદ્ધ કરવું છે. વ્યવહાર રત્નત્રય ઉઠે એ અણાત્મા છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અને એ અણાત્માનું ફળ શિવપદ નથી, એ શિવનો આરાધક નથી એમ કહે છે. જેટલો ભગવાન આત્મા અંતરમાં પૂર્ણાનંદની શ્રદ્ધા, જ્ઞાન, રમણતા એ આત્મા. એ જ મોક્ષનો આરાધક અને એ નિજાત્માને ધ્યાવે છે. પોતાના આત્માનું ધ્યાન કરે છે, જુઓ! ત્રણે શબ્દ એ લીધા. ઓહો..હો..! પર આત્મા નહિ એમ. પરમેષ્ઠી, સિદ્ધ આદિ પર આત્મા નહિ.

'**ભાવાર્થ :- જો કોઈ વીતરાગ, સ્વસંવેદનજ્ઞાની,...**' દેખો! જે કોઈ રાગ રહિત આત્માનું અંતર જ્ઞાન કરીને. આત્માનું જ્ઞાન, સ્વસંવેદનજ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન. '**જ્ઞાની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્રરૂપ આત્માકો માનતે હૈં,...**' એ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર તો આત્માને માને છે. આત્મા એ રૂપે પરિણમ્યો એ આત્મા છે. '**વે હી મોક્ષપદકે આરાધક હુએ...**' એ શિવપદનો આરાધક. '**નિશ્ચયનયકર કેવલ નિજરૂપકો હી ધ્યાવતે હૈં...**' લ્યો! નિશ્ચય દૃષ્ટિથી એકલો આત્માના આનંદસ્વરૂપને જ ધ્યાવે છે, તેને મોક્ષના માર્ગી કહેવાય છે. કહો, સમજાણું? ભારે સાર સાર માલ મૂક્યો છે આમાં. પરમાત્મપ્રકાશ.

'**આગે યહ વ્યાખ્યાન કરતે હૈં — જો અનંત ગુણરૂપ રાગાદિ દોષ રહિત નિજ આત્માકો ધ્યાવતે હૈં, વે નિશ્ચયસે શીઘ્ર હી મોક્ષકો પાતે હૈં -**' એની વિશેષ વ્યાખ્યા સ્પષ્ટ કરે છે.

१५६) अप्पा गुणमउ णिम्मलउ अणुदिणु जे झायंति।
तेे पर णियमें परम-मुणि लहु णिव्वाणु लहंति।।३३।।

'**જો પુરુષ કેવલજ્ઞાનાદિ અનંત ગુણરૂપ...**' કેવળજ્ઞાનાદિ એટલે આત્મા કેવળજ્ઞાન-એકલું જ્ઞાન એમ. રાગની ગંધ નહિ જેમાં. એકલો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શ્રદ્ધાસ્વરૂપ, શાંતિસ્વરૂપ, અસ્તિસ્વરૂપ. સમજાય છે? એવા પ્રભુત્વસ્વરૂપ, એવા અનંત ગુણસ્વરૂપ. '**કેવલજ્ઞાનાદિ અનંત ગુણરૂપ નિર્મળ ભાવકર્મ,...**' પુણ્ય-પાપના વિકલ્પો તે ભાવકર્મ, જડ કર્મ આઠ, નોકર્મ વાણી, શરીર. એવા ત્રણ મળથી રહિત. એ ત્રણે મળ છે-મેલ છે. પુણ્ય-પાપના ભાવ એ મેલ છે, આઠ કર્મ એ મેલ છે, વાણી, શરીર મેલ (છે). એ ત્રણેને મેલમાં નાખ્યા.

મુમુક્ષુ :- પુણ્ય શેમાં આવ્યું?

ઉત્તર :- પુણ્ય શેમાં આવ્યું? એય..! મેલમાં? મેલ, મેલમાં? મળમાં. મળ એટલે મેલ. તેથી તો શબ્દ વાપર્યો છે જુઓ! ''**निर्मलं' મળ રહિત નિર્મળ આત્માકો 'अणुदिणुं' નિરંતર...**' સમજાણું કાંઈ? છેને નિરંતર?

'**अणुदिणुं**' ૩૩મું છેને આ? '**अणुदिणुं**'નો અર્થ કર્યો છેને? આ '**अणुदिणुं**' '**दिनं दिनं प्रति**' અથવા '**अनवरतम**' બે શબ્દ છેને સંસ્કૃતમાં. નિરંતરે '**अनुदिनं**' એટલે નિરંતર કહ્યો, '**अनुदिनमनवरतम**' નિરંતર. દિન-દિન પ્રત્યે કહો કે નિરંતર કહો. એમ કહે છે. '**अनवरतम**' '**दिनं दिनं प्रति**' એટલે નિરંતર એમ. સમજાણું કાંઈ? જે કોઈ ભગવાન આત્માને પૂર્ણ આનંદ સ્વરૂપી આત્મા છે, અનંત ગુણનો પિંડ આત્મા છે એને '**આત્માકો નિરંતર ધ્યાવતે હૈં,...**' એનું અંતર શ્રદ્ધા, જ્ઞાન, શાંતિથી ધ્યાન કરે છે '**વે હી પરમમુનિ...**' એ પરમ સાધુ. '**નિશ્ચયકર નિર્વાણકો શીઘ્ર પાતે હૈં.**' ખરેખર એને મુક્તિ મળે છે. કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'યહ કથન શ્રીગુરુને કહા, તબ પ્રભાકરભટ્ટને પૂછા કિ હે પ્રભો; તુમને કહા કિ જો શુદ્ધાત્માકા ધ્યાન કરતે હૈં, વે હી મોક્ષકો પાતે હૈં,...**' આપ તો કહો છે કે આત્મા શુદ્ધ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ એક સમયનો વિકલ્પ છે એને છોડી દઈને, એકલું દ્રવ્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદથી ભરેલું એનું ધ્યાન કરે, એની મુક્તિ થાય. '**દૂસરા નહીં.**' મહારાજ! '**તથા ચારિત્રસારાદિક ગ્રંથોંમેં ઐસા કહા હૈ,...**' બીજા શાસ્ત્ર છે ચારિત્રસાર આદિ એમાં એમ કહ્યું છે. એમ કહે છે. '**જો દ્રવ્યપરમાણુ ઔર ભાવપરમાણુકા ધ્યાન કરેં વે કેવલજ્ઞાનકો પાતે હૈં.**' શિષ્યનો પ્રશ્ન છે કે બીજા ગ્રંથમાં એમ કહ્યું છે કે દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુ એનું ધ્યાન કરે તો કેવળજ્ઞાન પામે. તમે કહો છો કે આત્માનું ધ્યાન કરે તે કેવળજ્ઞાન પામે. આનો મેળ શી રીતે કરવો? એમ શિષ્યનો પ્રશ્ન છે. ભણેલ છે શિષ્ય. ચારિત્રસાર આદિ. '**ઈસ વિષયમેં મુઝકો સંદેહ હૈ.**' તમે કહો કે આત્માનું ધ્યાન... આત્માનું ધ્યાન... મંડ્યા છો, પણ ઓલામાં દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુનું ધ્યાન કીધું છે ચારિત્રસારમાં. વળી ઓલા પંચ પરમેષ્ઠીનું ધ્યાન કીધું એ વળી નથી પૂછતો આ. સમજાણું? એ તો છોડી દીધું.

આ તો કહે છે કે ધ્યાનમાં તમે આત્મા કહો છો અને બીજે ઠેકાણે દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુ કીધું. વાત તો ઓલા ને ઓલા ધ્યાનની વાત, મોક્ષના માર્ગની વાત છે. ઓલા પંચ પરમેષ્ઠીનું ધ્યાન એ તો વળી વ્યવહારનું, એ પ્રશ્ન ન રહ્યો એને. સમજાણું કાંઈ? પણ બીજે ઠેકાણે દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુના ધ્યાનથી કેવળ કીધું, અહીં આત્માના ધ્યાનથી કેવળ કીધું. વાત તો કેવળની જ લેવી છે બેયમાં ભાઈ! ઓલો પ્રશ્ન નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવે છે. ધીરા થાવને. આ પૂછે છેને.

**'ઈસ વિષયમેં મુઝકો સંદેહ હૈ. તબ શ્રીયોગીન્દ્રદેવ સમાધાન કરતે હૈં...'** જોયું! યોગીન્દ્રદેવ સમાધાન કરતે હૈ. ટીકાકાર તો પોતે છે. પણ પાઠમાં આવ્યું ને,

૧૫૬) अप्पा गुणमउ णिम्मलउ अणुदिणु जे झायंति।
ते पर णियमें परम-मुणि लहु णिव्वाणु लहंति।।३३।।

એમ વજન યોગીન્દ્રદેવે આપ્યુંને એટલે ટીકાકાર પણ યોગીન્દ્રદેવને નામે ખુલાસો કરે છે. એમ.

**'સમાધાન કરતે હૈં - દ્રવ્યપરમાણુસે દ્રવ્યકી સૂક્ષ્મતા...'** પરમાણુ ન લેવો, દ્રવ્યની સૂક્ષ્મતા લેવી, આત્માની સૂક્ષ્મતા. એ ખુલાસો કરશે. **'ઔર ભાવપરમાણુસે ભાવકી સૂક્ષ્મતા કહી ગઈ હૈ.'** ભાવની સૂક્ષ્મતા. બેયનો ખુલાસો કરશે. **'ઉસમેં પુદ્‌ગલ પરમાણુકા કથન નહીં હૈ.'** પરમાણુના ધ્યાનની વાત નથી. લ્યો! શુકલધ્યાનની આવે છેને વાત, એ બધી આમાં આવશે. એય..! ચાલતીને તમારે તમારે ત્યાં? **'તત્ત્વાર્થસૂત્રકી સર્વાર્થસિદ્ધિ ટીકામેં ભી ઐસા હી કથન હૈ,...'** દેખો! આધાર આપ્યો કે ભાઈ! સર્વાર્થસિદ્ધિની જે ટીકા છેને એમાં પણ દ્રવ્યપરમાણુ એટલે સૂક્ષ્મ આત્મા, ભાવપરમાણુ એટલે સૂક્ષ્મ સ્વસંવેદન વીતરાગી દશા એવું જ કથન છે. સૂક્ષ્મથી વાત નથી. સમજાણું કાંઈ? **'અન્ય દ્રવ્યકા કથન ન લેના.'** નિજ દ્રવ્ય અને નિજ ગુણ પર્યાયનું કથન છે અહીં તો. સમજાણું કાંઈ? એ દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુમાં નિજ દ્રવ્ય અને નિજ ગુણનું જ કથન છે. પરની વાત નથી. કહો, આ વાત ચાલતી હતીને તમારે ત્યાં બહુ? એનો ખુલાસો આવે છે આમાં. શુકલધ્યાનમાં પરદ્રવ્ય ધ્યાનમાં આવે છે. એ તો આવી જાય અંદર ... ધ્યાન તો આનું વર્તે છે. સમજાણું કાંઈ? એનો જ ખુલાસો કર્યો છે આમાં. એ તો આ ભાઈ! આવે છેને ઓલા? શું કહેવાય એ? ધવલમાં. આવે પરદ્રવ્ય ધ્યાનમાં છેને વિકલ્પ? આવે એ વિકલ્પ પણ છતાં એ ચીજ સ્થિર કરવા માટે આવે છે. એ પછી ઠરે એમાં એ હોય નહિ, એ તો વિકલ્પને કાળે એનો હોય છે. ઠર્યો એટલે પછી એમાં હોતું નથી.

અહીં કહે છે, **'નિજ દ્રવ્ય તથા નિજ ગુણ પર્યાયકા હી કથન હૈ, અન્ય દ્રવ્યકા પ્રયોજન નહીં હૈ.'** બીજા દ્રવ્યનું પ્રયોજન નથી. બીજા દ્રવ્યનું લક્ષ કરે તો વિકલ્પ ઉઠે છે. અહીં તો નિજ દ્રવ્યના ધ્યાનથી મુક્તિનું કારણ લેવું. આત્મા, ભગવાન વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા જોયો એવા આત્માનું તું ધ્યાન કર ત્યારે મુક્તિ તને થાય. કાંઈ પરદ્રવ્યનું ધ્યાન કરવાથી, ભગવાનનું ધ્યાન કરવાથી મુક્તિ થતી હશે? ભગવાન તો પર છે, એના

ઉપર લક્ષ જાય તો શુભરાગ થાય છે. સમજાય છે? હોય ખરું ભલે, પણ એનાથી મુક્તિ ન થાય. સમજાણું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ જ્યારે રાગમાં આવે છે ત્યારે એ હોય છે. મુક્તિનું કારણ નથી. થઈ રહ્યું. મુક્તિનું કારણ નથી, વચ્ચે આવે છે એ પુણ્યબંધનું કારણ છે. મુક્તિમાં સ્વદ્રવ્ય સિવાય કારણ હોઈ શકે નહિ. એમ કહે છે અહીં તો. કહો, સમજાણું કાંઈ? એમાં કાંઈ ચાલે એવું નથી એમાં કાંઈ. અને તે આમાં પંચ પરમેષ્ઠી નાખ્યા નથી. આને તો એ નથી. એણે શિષ્યની વાત જ લીધી નથી. એટલે એણે તો (કહ્યું કે) તમે કહો છો કેવળજ્ઞાન તેમાં ઓલા દ્રવ્યપરમાણુ, ભાવપરમાણુની વાત છેને? એ ન કેવળજ્ઞાન પામે અને સ્વદ્રવ્ય આત્માથી કેવળજ્ઞાન પામે, બેનો મેળ શું? કે બાપુ! એ દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુની પરની વાત નથી. દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુ સ્વની વાત છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પણ બીજે ઠેકાણે કહ્યું ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ત્યાં દ્રવ્યપરમાણુ કીધું છે. અહીં કહે કે તમે આત્માનું ધ્યાન કરો, આત્માનું ધ્યાન (કરો), પણ ત્યાં દ્રવ્યપરમાણુના ધ્યાનથી કેવળજ્ઞાન લીધું છે બીજા શાસ્ત્રમાં. બીજા શાસ્ત્રમાં દ્રવ્યપરમાણુ, ભાવપરમાણુનું ધ્યાન કરવાથી મુક્તિ થાય એને યાદ છે. સમજાણું કાંઈ? તમે કહો કે એકલા આત્માનું-આત્માનું, ત્યાં બીજા દ્રવ્યપરમાણુ, ભાવપરમાણુના ધ્યાનથી આવે છે. તો બેનો મેળ શી રીતે? કીધુંને. એ મને સંદેહ છે. કીધું નહિ એ? '**મુઝે સંદેહ હૈ.**' સમજાણું કે નહિ? એમ ઓઘે ઓઘે નથી માનનારો. આ શું ત્યારે? તમે આ ઠેકાણે આ કહો, બીજે ઠેકાણે બીજું કહ્યું એનો મેળ શું? બીજે ઠેકાણે બીજું એમ કહ્યું નથી કહે છે. દ્રવ્યપરમાણુ એટલે અન્ય રજકણો અને એની સૂક્ષ્મતા એ વાત ત્યાં છે જ નહિ. આત્માની જ ત્યાં વાત છે.

દ્રવ્યપરમાણુ એટલે '**આત્મદ્રવ્ય ઉસકી સૂક્ષ્મતા...**' જુઓ! '**વહ દ્રવ્યપરમાણુ કહા જાતા હૈ.**' એને દ્રવ્યપરમાણુ કહેવામાં આવે છે. સૂક્ષ્મ અરૂપી એકલું આત્મદ્રવ્ય, નિર્વિકલ્પ ચૈતન્યદ્રવ્ય એકલું એને અહીં દ્રવ્યપરમાણુ કહેવામાં આવે છે. દ્રવ્ય-પરમ-અણુ. દ્રવ્યે પરમ સૂક્ષ્મ. દ્રવ્યે પરમ સૂક્ષ્મ એ આત્મા. પુણ્ય-પાપ વિકલ્પ વિનાની આત્માની ચીજ દ્રવ્યે પરમ સૂક્ષ્મ. એ દ્રવ્યપરમાણુ આત્મા. '**વહ રાગાદિ વિકલ્પકી ઉપાધિસે રહિત હૈ, ઉસકો સૂક્ષ્મપના કૈસે હો સકતા હૈ? ઐસા શિષ્યને પ્રશ્ન કિયા.**' તો કહતે હૈં, દ્રવ્ય આત્માને

સૂક્ષ્મપણું કેમ આવે? એમ કહે છે. '**કિ મન ઈન્દ્રિયોંકે અગોચર હોનેસે સૂક્ષ્મ કહા જાતા હૈ,...**' એ આત્મા દ્રવ્ય સૂક્ષ્મ કેમ કહ્યો? કે મન અને ઈન્દ્રિયથી અગમ્ય છે માટે એને આત્મદ્રવ્યને સૂક્ષ્મ કહ્યો. હજી આત્મદ્રવ્યની વાત ચાલે છે હોં! ભાવસૂક્ષ્મની પછી વાત આવશે. આત્મદ્રવ્યને સૂક્ષ્મ કેમ કહ્યો? કે મનને, ઈન્દ્રિયને, વિકલ્પને ગમ્ય નથી માટે તેને આત્મદ્રવ્યને સૂક્ષ્મ કહેવામાં આવ્યો છે. આહા..! ઈ એક વાત થઈ. એ દ્રવ્યપરમાણુની વાત થઈ. દ્રવ્યપરમાણુ એટલે શું કીધું? દ્રવ્યે આત્મા પરમ અણુ એટલે સૂક્ષ્મ. વસ્તુ આત્મા મન, વાણી, વિકલ્પ રહિત સૂક્ષ્મ (છે). કેમકે મન અને ઈન્દ્રિય ને રાગથી તે જાણવામાં આવતો નથી. અગમ્ય છે મન અને ઈન્દ્રિયને, માટે સૂક્ષ્મ. કહો, સમજાણું આમાં?

'**તથા ભાવ (સ્વસંવેદનપરિણામ) ભી પરમસૂક્ષ્મ હૈં,...**' હવે ભાવપરમાણુની વાત ચાલે છે. સ્વસંવેદન પરિણામ છે એ ભાવ સૂક્ષ્મ. ઓલું દ્રવ્ય હતું, આ ભાવ સૂક્ષ્મ. વીતરાગી જ્ઞાનનું વેદન, વીતરાગી પર્યાયવાળુ જ્ઞાનનું વેદન, એને ભાવસૂક્ષ્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્મા તે સ્વદ્રવ્યને આશ્રયે વસ્તુની જાતથી ભાત પડે કે કાંઈ પરદ્રવ્યની જાતથી સ્વમાં ભાત પડે? આહા..હા..! સ્વદ્રવ્ય વસ્તુ અનંત ગુણનો પિંડ આત્મા છે. અનાદિ એવો ને એવો છે, નિગોદમાં પણ એવો છે. સમજાણું કાંઈ? એવું દ્રવ્ય સ્વવસ્તુ એને જ આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને ધ્યાન કરતા મુક્તિ થાય છે. પરદ્રવ્યને આશ્રયે (મુક્તિ થાય) નહિ. વચ્ચે ભાવ હોય ભલે પંચ પરમેષ્ઠીનો વિકલ્પ. કહો, સમજાણું? શુભભાવ હોય, પૂજા-ભક્તિ હોય, મંદિર આદિનો (હોય), પણ એ બધું પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ? આટલું બધું જોર દેવું અને વળી આ પાછું આ બધું (કરવું). પાછા મંદિર કરવા અને પાછી પૂજા અને એના મોટા વરઘોડા (કાઢે). એ કોણ કરે? એને શુભભાવ હોય એ વખતે થવાનું તે થાય છે, એ શુભભાવ પુણ્યબંધનું કારણ છે. અંદર ઠરે નહિ એટલે એવો ભાવ આવ્યા વિના રહે નહિ, પણ એ મુક્તિનું કારણ નથી. સમજાણું કાંઈ? ભારે વાત!

ભાવ.. આત્મા તદ્દન દ્રવ્ય એટલે સૂક્ષ્મ. મન ઈન્દ્રિયથી ગમ્ય નહિ માટે. ભાવ-વીતરાગી સ્વસંવેદન પર્યાય. રાગ વિનાની, મન વિનાની આત્માની જ્ઞાન શક્તિ અને આનંદની શક્તિનું વેદન એવો સૂક્ષ્મ પર્યાયરૂપ ભાવ. એ ભાવસૂક્ષ્મ છે, એ પરમ સૂક્ષ્મ છે, દેખો! સમજાણું કાંઈ? દ્રવ્ય છે એ સૂક્ષ્મ ઈન્દ્રિય અને મનને અગમ્ય છે માટે (સૂક્ષ્મ) છે. પણ આ તો પરમ સૂક્ષ્મ. પર્યાય છે આ તો. ભાવસૂક્ષ્મ તો અરાગી આત્માની શુદ્ધ સ્વસંવેદનજ્ઞાનમાં જ્ઞાનના વેદનવાળી વીતરાગી પર્યાય એ ભાવસૂક્ષ્મ, પરમ સૂક્ષ્મ. એ પરમ સૂક્ષ્મ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- દ્રવ્ય આખી લીધી વાત. આ પર્યાય છે વાત. શું કીધું? ઓલું દ્રવ્ય છે અને

આ પર્યાય છે. ભેદ છેને? પણ વાત આ એક સમયની પર્યાય છે, વીતરાગી પર્યાય છે. ઓલું ત્રિકાળી દ્રવ્ય છે એ એકલું દ્રવ્ય શુદ્ધ છે, મન અને વચનને અગમ્ય. સમજાણું કાંઈ? **'स्वसंवेदनपरिणामः तस्य भावस्य परमाणुशब्देन सूक्ष्मावस्था ग्राह्या।'** જોયું? **'सूक्ष्मा कथमिति चेत्। भावविषयत्वेन पञ्चेन्द्रियमनोविषयातीतत्वादिति।'** બધું ભેગું લઈ લીધું. બધું ભેગું જ છે. દ્રવ્યસૂક્ષ્મ, ભાવસૂક્ષ્મ ભેગું છે. કહો, સમજાણું કાંઈ? છેને ત્યાં જુઓ!

'द्रव्यात्मद्रव्यं तस्य परमाणुशब्देन सूक्ष्मावस्था ग्राह्या।' વસ્તુ હોં! **'रागादिकविकल्पोपाधिरहिता तस्य सूक्ष्मत्वं कथमिति चेत्, निर्विकल्पसमाधि–विषयत्वेनेन्द्रियमनोवकिल्पातीतत्वात्। भावशब्देन स्वसंवेदनपरिणामः तस्य भावस्य परमाणुशब्देन सूक्ष्मावस्था ग्राह्या।'** એ સૂક્ષ્મ અવસ્થા. ઓલું ત્રિકાળી દ્રવ્ય. **'सूक्ष्मा कथमिति चेत्। वीतरागनिर्विकल्पसमरसीभावविषयत्वेन पञ्चेन्द्रियमनोविषयातीतत्वादिति।'** લ્યો! કહે છે, એ **'વીતરાગ નિર્વિકલ્પ પરમસમરસીભાવરૂપ હૈં, વહ મન ઔર ઈન્દ્રિયોંકો ગમ્ય નહીં હૈં,...'** એકલું મન મરે, વિકલ્પ મરે ત્યારે વીતરાગ પરિણતિ થાય છે. ત્યાં મન અને વિકલ્પને ગમ્ય નથી.

**'ઈસલિયે સૂક્ષ્મ હૈ. એસા કથન સુનકર ફિર શિષ્યને પૂછા, કિ તુમને પરદ્રવ્યકે આલમ્બનરૂપ ધ્યાનકા નિષેધ કિયા, ઔર નિજ શુદ્ધાત્માકે ધ્યાનસે હી મોક્ષ કહા. ઐસા કથન કિસ જગહ કહા હૈ?'** એવું કથન ક્યાં છે? આધાર માગે છે ઈ. **'ઈસકા સમાધાન યહ હૈ...'** શું કરશું? આ આધાર છે ક્યાંય? ઓલો તો આધાર અમે બતાવ્યો અને તમે આધાર કહ્યો એનો, એમ કહે છે. દ્રવ્યપરમાણુ અને સૂક્ષ્મ ભાવપરમાણુનો આપે આધાર કહ્યો. આનો કોઈ આધાર છે? આ ઠેકાણેથી કહ્યું, પણ બીજે છે? કે આને આ ગ્રંથમાં છે, સાંભળ. છેને પહેલો અધ્યાય પહેલો ગાથા ૯૭, ગાથા ૯૭ છે પહેલા અધ્યાયની. સમજાણું? શું કહે જુઓ! **'अप्पा झायहि णिम्मलउ'** સમજાણું? ૧૦૧ પાનું છે. ૧૦૧ પાનું અહીં અમારે હોં! તમારે ગમે ઈ હોય. ૯૭.

**अप्पा झायहि णिम्मलउ किं बहुएँ अण्णेण।**
**जो झायंतहँ परम-पउ लब्भइ एक्क-खणेण।।९७।।**

૯૭ ગાથા. સમજાય છે? .. ક્યાંક લખ્યું છે ખરું. બરાબર છે. કહો, સમજાણું? જુઓ! **'નિર્મલ આત્માકો ધ્યાવો, ઐસા કથન ઈસ હી ગ્રંથમેં પહલે કહા હૈ,...'** છેને ત્યાં? ૧૦૧ પાને ૯૭ ગાથા. શું કીધું? જુઓ! **'નિર્મલ આત્માકા હી ધ્યાન કર, ઔર બહુત પદાર્થોંસે ક્યા. દેશ કાલ પદાર્થ આત્માસે ભિન્ન હૈં, ઉનસે કુછ પ્રયોજન નહીં હૈ, રાગાદિ-વિકલ્પજાલકે સમૂહોંકે પ્રપંચસે ક્યા ફાયદા, એક નિજ સ્વરૂપકો ધ્યાવો,**

**નિજ પરમાત્માકે ધ્યાન કરનેવાલોંકો ક્ષણમાત્રમેં મોક્ષપદ મિલતા હૈ.'** સમજાણું કાંઈ? ભારે આકરું પડે માણસને, એથી આ બહારથી જો વ્યવહારથી થઈ જતું હોયને. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાથી ધર્મ થઈ જતો હોય તો એ ઠીક પડે. એને વ્યવહાર પણ ક્યાં હતો? દૃષ્ટિ ખોટી છે એની તો તદ્દન. સ્વદ્રવ્યની દૃષ્ટિ થયા વિના, પરદ્રવ્યનો આલંબનનો વ્યવહાર કહેવાય કોને? અને પરદ્રવ્યના અવલંબે સ્વદ્રવ્યની પર્યાય પ્રગટે? સમજાણું કાંઈ?

માર્ગ ભાઈ! વીતરાગ માર્ગ છે એ બહુ સૂક્ષ્મ છે. સાધારણ જીવને (ઝટ પકડાય એવો નથી). આ તો અનંત કેવળીઓ, તીર્થંકરો એક સમયમાં જે આત્મા ભગવાને જોયો અને પ્રગટ્યો ભગવાન કેવળીને, એવો આત્મા બધાનો અંતર વસ્તુ છે. એવો આત્મા પુણ્ય-પાપના વિકલ્પ, મન, કર્મથી રહિત એની અંદર શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાનું ધ્યાન તે જ મુક્તિનું કારણ છે. બાકી વચ્ચે બધા વિકલ્પ હોય એ બધું પુણ્યબંધનું કારણ છે. બે બેના બે ફળ છે. બે ભાવ, બેના દિશા ફેર, બેના બે ફળ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્ય એનો આશ્રય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષ, સ્વદ્રવ્ય વિષય સ્વ. વિકલ્પ એનો વિષય પર, એનો બંધ, એનું ફળ સંયોગ. નહિતર બે કેમ થયા? હોય છે ખરું. હોય છે, બે હોય છે ખરા, પણ બેના ફળ ફેર, બેના વિષય ફેર, બેનો વર્તમાન બંધ અને અબંધ ફેર. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- તરત ખ્યાલમાં આવી જાય. તમારે શું છે? કોણે કીધું?

મુમુક્ષુ :- બે ભેગા હોય.

ઉત્તર :- ભેગા સાથે હોય. એમાં શું છે? કાંકરા અને દાણા ભેગા ન હોય? કાંકરા અને દાણા ભેગા ન હોય? ભેગા ન હોય? કહો, સમજાણું આમાં? ... વાત છે પછી? શું કીધું? જુદા જ પડ્યા છે અત્યારે, એ જુદા પડે ત્યારે તદ્દન ઓલું ન રહે, આ રહી જાય નિર્મળ એમ. આહા..હા..! ભારે કઠણ જગતને. ઓલા તો માને કે શુભભાવ એ પુણ્ય, **'पुण्यातीजि पुण्यम्'** પવિત્ર કરે અને કેવળજ્ઞાન અને નિશ્ચય રત્નત્રયથી પુણ્ય છે, જાવ.

મુમુક્ષુ :- સતી થાય છે.

ઉત્તર :- સતી થાય શું? આ પણ સતી થાય. આત્મા સત્‌સ્વરૂપ છેને એમાં સતી થાય એમ કહે છે. સતો બીજો ક્યો હતો? સચ્ચિદાનંદ સ્વરૂપ છે. યા હોમ કરીને જાય અંદર એ સતી. સતી બીજી ક્યાં થવી હતી? જ્યાં વસ્તુ પડી છે મોટી મહાન (એમાં) યા હોમ, સ્વાહા (થઈ જા). નિર્વિકલ્પ ધ્યાન દ્વારા સ્વાહા થઈ જા. મન, ઇન્દ્રિયોને ગમ્ય નથી. **'ઔર સમાધિશતકમેં ભી શ્રીપૂજ્યપાદસ્વામીને કહા હૈ...'** જુઓ! સિદ્ધભક્તિ.

ગાથા-૪. **'અર્થાત્ જીવપદાર્થ અપને સ્વરૂપકો અપનેમેં હી અપને કરકે...'** દેખો! ષટ્કારક. સમજાણું કાંઈ? **'જીવપદાર્થ અપને સ્વરૂપકો** (શુદ્ધ) **અપનેમેં હી અપને કરકે એક ક્ષણમાત્ર ભી નિર્વિકલ્પ સમાધિકર આરાધતા હુઆ સર્વજ્ઞ વીતરાગ હો જાતા હૈ.'** કહો, ઠીક! સમજાણું કાંઈ? **'स्वयंभूः प्रवृत्तः'** બોલ લીધા છે ઘણા અંદર, નહિ? **'आत्मानं कर्मतापन्नं आत्मा कर्ता आत्मन्येवाधिकरणभूते असौ पूर्वोक्तात्मा आत्मना करणभूतेन क्षणमन्तर्मुहूर्तमात्रं उपजनयन् निर्विकल्पसमाधिनाराधयन् स स्वंयभूः प्रवृत्तः सर्वज्ञो जात'** લ્યો! છેને? પ્રવચનસારની ૧૬મી ગાથા **'सर्वज्ञ भूतः'**. આત્મા પોતાથી, પોતામાં, પોતે કરીને, પોતાને આધારે, પોતાને સેવતો.

**'એક ક્ષણમાત્ર ભી નિર્વિકલ્પ સમાધિકર આરાધતા હુઆ વહ સર્વજ્ઞ વીતરાગ હો જાતા હૈ.'** સમજાણું કાંઈ? એટલા બધા બોલ ઉતાર્યા છે એમાં? થોડા છે. અર્થ એમ કરીને કર્યું છેને સંસ્કૃત? **'आत्मानं आत्मा आत्मन्येव...'** બસ એટલું. પછી એના અર્થમાં તો મોટું લાંબુ કર્યું છે. એ ઉતાર્યા છે આમાં? બહુ નથી ઉતાર્યા, બધા છેને જુઓ! **'आत्मानं कर्मतापन्नं आत्मा कर्ता आत्मन्येवाधिकरणभूते असौ पूर्वोक्तात्मा आत्मना करणभूतेन क्षणमन्तर्मुहूर्तमात्रं उपजनयन् निर्विकल्पसमाधिनाराधयन् स स्वंयभूः'** સ્વયંભૂ પોતે. છ કારક કહ્યા છેને પ્રવચનસારમાં. પ્રવચનસાર ૧૬મી (ગાથા). **'स्वंयभूः'** પોતે કર્તા પોતાના સ્વરૂપનો, નિર્મળાનંદ પોતાનું નિર્મળ કર્મ, નિર્મળ સાધન, નિર્મળ સંપ્રદાન, નિર્મળમાંથી પ્રગટ થતું, નિર્મળને આધારે. પૂર્ણાનંદની પ્રાપ્તિ સ્વયંભૂ પોતે થાય છે. બીજા ષટ્કારકને શોધવાની તારે જરૂર નથી. આહા..હા..!

આખો ચૈતન્ય ત્યાં અંદર ઘોળાય છે અંદર. પુણ્ય-પાપના વિકલ્પ રહિત દૃષ્ટિમાં આખો આત્મા લઈને એમાં સ્થિરતા દ્વારા આ ષટ્કારકનું પરિણમન પોતે પોતાથી કરે છે. તેથી સ્વયંભૂ કેવળજ્ઞાની થાય છે. સ્વયંભૂ પોતે પોતાથી પ્રગટ્યો એમ કહે છે. વિકલ્પ અને વ્યવહારથી પ્રગટતો નથી. ઓહો..હો..! આવી વાત કરતા હજી એને કબુલવું કઠણ પડે. સમજાણું કે નહિ? ઓલાને વ્યવહાર ... છે. આને વ્યવહાર હોય, હોય, હોય કરીને હોંશ થાય છે, ત્યારે ઓલાને વ્યવહારથી થાય એવું પહેલેથી નક્કી કરે છે. વ્યવહાર સાતમા સુધી વ્યવહાર હોય. પરનો આશ્રય વ્યવહાર તો અનાદિનો છે. વ્યવહાર કહેનાર નીકળ્યો કોણ પણ એને? અહીં સ્વદ્રવ્યનો આશ્રય થયા વિના પરનો વ્યવહાર કહે કોણ એને? એ પરનો વ્યવહાર તો અનાદિનો છે. અનાદિરૂઢ નથી કહ્યું? અનાદિરૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ. (સમયસાર) ૪૧૩ ગાથામાં. અનાદિનો શુભભાવ અશુભ, શુભ, અશુભ એવા શુભભાવ તો અનંત વાર કર્યા છે. સમજાણું કાંઈ? કહો, વ્યવહાર તો અનંત વાર કર્યો છે. એને વ્યવહાર કેમ કહેવો? એ તો અનાદિરૂઢ

છે, વ્યવહારમૂઢ છે, એમાં તો મૂઢ થઈ ગયો છે, એમાં જ એકાકાર. નિશ્ચય હોય તો વ્યવહારનું જ્ઞાન કહેવાય. આ તો મૂઢ થઈ ગયો છે એમાં. ઝીણી વાત છે, ભાઈ! આ તો મોક્ષના માર્ગને માટે બાપુ! એ કાંઈ લાલાપેઠા કરે કાંઈ પ્રગટે એવું નથી.

મુમુક્ષુ :- ... ભગવાનને વારંવાર યાદ કરે.

ઉત્તર :- ભગવાનને યાદ કરે છે પોતે પોતાનો બચાવ કરવા, જૂઠો. એમ જાણે ભગવાનને યાદ કરું તો મને મુક્તિ મળશે, ભગવાનને યાદ કરું તો મને મુક્તિ મળશે. ભગવાન કહે, મને યાદ કરવાનું તને ભાન જ નથી. એવી રીતે હું પ્રગટું એવો નથી. તું ભગવાન છો, તું તને યાદ કર ત્યારે પ્રગટ થાય એવો છો. ભગવાનને ભૂલે તો ભગવાન થાય. પર ભગવાનને ભૂલે તો આ ભગવાન (પર્યાયમાં) ભગવાન થાય. એમ કહે છે અહીં તો. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

'**જિસ શુક્લધ્યાનમેં દ્રવ્યપરમાણુકી સૂક્ષ્મતા ઔર ભાવપરમાણુકી સૂક્ષ્મતા ધ્યાન કરને યોગ્ય હૈ, ઐસે શુક્લધ્યાનમેં નિજવસ્તુ ઔર નિજભાવકા હી સહારા હૈ, પરવસ્તુકા નહીં. સિદ્ધાન્તમેં શુક્લધ્યાનકે બ્યાલીસ ભેદ કહે હૈં,...**' ૪૨ ભેદ કહ્યા છે. '**વે અવાંછિક વૃત્તિસે ગૌણરૂપ જાનના,...**' ગૌણરૂપ અંદરમાં આવી જાય છે, અવાંછિક વૃત્તિથી, મુખ્યરૂપ નહિ. મુખ્ય તો દ્રવ્યનું ધર્મધ્યાન છે, આત્માનું ધ્યાન એમ કહે છે. ૪૨ ભેદ કીધા છે એ આવી જાય છે અંદર રાગ છે એટલે. .. ભેદ પર્યાય છે. શુક્લધ્યાનના ભેદ છેને. શુક્લધ્યાનમાં જ્ઞાનના ભેદ પાડે છેને. પણ એ ભેદ વિકલ્પ છે માટે આવી જાય છે. ત્યારે કહે, ઉપર વિકલ્પ નથીને બારમામાં. પણ એ જ્ઞાનનો ભેદ આવી જાય છે. જ્ઞાન છેને ક્ષયોપશમ અધૂરું (એ) ગુલાંટ ખાય છે. '**ઐસે શુક્લધ્યાનમેં નિજવસ્તુ ઔર નિજભાવકા હી સહારા હૈ, પરવસ્તુકા નહીં. વે અવાંછિક વૃત્તિસે ગૌણરૂપ જાનના, મુખ્ય વૃત્તિસે ન જાનના.**'

'**ઉસકા દૃષ્ટાંત – જૈસે ઉપશમસમ્યક્ત્વકે ગ્રહણકે સમય પરમાગમમેં પ્રસિદ્ધ જો અધઃકરણાદિ ભેદ હૈં, ઉનકો જીવ કરતા હૈ, વે વાંછાપૂર્વક નહીં હોતે,...**' પ્રથમ સમ્યગ્દર્શનમાં અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણના પરિણામ છે પણ હું આ કરું છું એમ નથી. સહેજે થઈ જાય છે. એને ક્યાં ખબર છે કે, હું આ અધઃકરણ, આ અપૂર્વકરણ (કરું છું). શુદ્ધ તરફના સન્મુખમાં એવા પરિણામ થઈ જાય છે. સમજાણું કાંઈ? '**વાંછાપૂર્વક નહીં હોતે, સહજ હી હોતે હૈં, વૈસે હી શુક્લધ્યાનમેં ભી ઐસે હી જાનના.**' લ્યો! '**તાત્પર્ય યહ હૈ કિ પ્રથમ અવસ્થામેં ચિત્તકે થિર કરનેકે લિએ ઔર વિષયકષાયરૂપ ખોટે ધ્યાનકે રોકનેકે લિયે...**' જોયું? સ્થિરનો અર્થ ઈ. અશુભથી ખસીને એમાં જરીક

... **'વિષયકષાયરૂપ ખોટે ધ્યાનકે રોકનેકે લિયે પરમ્પરાય મુક્તિકે કારણરૂપ અરહંત આદિ પંચપરમેષ્ઠી ધ્યાન કરને યોગ્ય હૈ,...'** એ શુભ વિકલ્પ મૂળ તો કહેવો છે. સ્થિર કરવા માટેનો અર્થ ત્યાં નિર્વિકલ્પ સ્થિર નહિ. અશુભથી ખસવા માટે, અશુભમાંથી વિકલ્પને (હટાવવા) એટલામાં વિકલ્પ જરી આવે છે એવો.

**'સાક્ષાત્ મુક્તિ કારણ જો નિજ શુદ્ધાત્મતત્ત્વ હૈ, વહી ધ્યાવને યોગ્ય હૈ. ઈસપ્રકાર સાધ્ય-સાધકભાવકો જાનકર ધ્યાવને યોગ્ય વસ્તુમેં વિવાદ નહીં કરના,...'** જુઓ! ધ્યાવવા યોગ્ય વસ્તુમાં વિવાદ ન કરવો. **'પંચપરમેષ્ઠી ધ્યાન સાધક...'** વિકલ્પ વ્યવહાર હોય છે. **'ઔર આત્મધ્યાન સાધ્ય હૈ, યહ નિઃસંદેહ જાનના.'** ... સમજાણું કાંઈ? ... બસ એટલું. ધ્યેય તો આત્મા જ છે પણ આવો વ્યવહાર ધ્યેય વિકલ્પ પંચ પરમેષ્ઠીનો આવે છે. બહુ વિવાદ ન કરવો. એ પણ અંતે આત્મા એને છોડીને લક્ષમાં-ધ્યાનમાં આવે ત્યારે જ એને મુક્તિ થાય છે. ત્યારે એનું ધ્યાન જામે, એ વિના ધ્યાન થાતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૩, બુધવાર, તા. ૦૫-૦૧-૧૯૬૬**
**ગાથા-૩૪-૩૫, પ્રવચન-૯૫**

(૩૪મી ગાથા), બીજા ભાગની. **'આગે સામાન્ય ગ્રાહક નિર્વિકલ્પ સત્તાવલોકનરૂપ દર્શનકો કહતે હૈં.'** વિષય જરીક બીજો ફેરવે છે થોડોક અંદર. વાત તો સમ્યગ્દર્શનની છે, પણ એમાં સામાન્ય ગ્રાહક સત્તાવલોકન એની વ્યાખ્યા જોડે સાથે થોડી નાખે છે.

૧૬૦) सयल-पयत्थहँ जं गहणु जीवहँ अग्गिमु होइ।
वत्थु-विसेस-विवज्जियउ तं णिय-दंसणु जोइ।।३४।।

**'જો જીવોંકે જ્ઞાનકે પહલે...'** **'अग्रिमं'** એટલે પહલે—જ્ઞાન થવા પહેલા. ૩૪ના શબ્દાર્થ. **'સબ પદાર્થોંકા યહ સફેદ હૈ, ઈત્યાદિ ભેદ રહિત...'** દર્શન કહેવું છેને. વસ્તુનું દર્શન થતાં એમાં આ સફેદ છે, આ જીવ છે કે આ જડ છે એમ ભેદ પાડ્યા વિના. **'સામાન્યરૂપ**

દેખના, **વહ દર્શન હૈ, ઉસકો તૂ જાન.**' એમ યોગીન્દ્રદેવ આચાર્યે કહ્યું.

'**ભાવાર્થ :- યહાં પ્રભાકરભટ્ટ પૂછતા હૈ, કિ આપને જો કહા કિ નિજાત્માકા દેખના વહ દર્શન હૈ,...**' અત્યારે સુધી તો તમે એમ કહ્યું. બીજો ભાગ, બીજો ભાગ એની ૩૪ ગાથા. બીજો ભાગ, પહેલો ભાગ નહિ. સમજાણું કાંઈ? ગાથા તો આ આવી. તમે ચલવો છો એ તો નિજાત્માનું દર્શન એને સમ્યગ્દર્શન કહો છો, એમાં વળી આ વિષય ક્યાં નાખ્યો તમે? સમજાણું કાંઈ? શિષ્યનો પ્રશ્ન છે કે '**આપને જો કહા કિ નિજાત્માકા દેખના વહ દર્શન હૈ,...**' આત્માનું સ્વરૂપ શુદ્ધ એને અંતરમાં દેખવું તેને દર્શન કહેવાય છે. '**ઐસા બહુત બાર તુમને કહા હૈ, અબ સામાન્ય અવલોકનરૂપ દર્શન કહતે હૈં.**' વળી કહો છો કે સામાન્ય અવલોકન તે દર્શન. સમજાણું કાંઈ? સામાન્ય અવલોકન એટલે શું? અને આત્માનું દર્શન એટલે શું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એમ ઠીક. કહો, સમજાણું કાંઈ?

નિજાત્માનું દેખવું તે દર્શન આ તો અત્યાર સુધી કહેતા આવ્યા છો. આ આત્મા શુદ્ધ આનંદ જ્ઞાયક સ્વરૂપ છે એને દેખવું એનું નામ સમ્યગ્દર્શન છે, એ ધર્મ છે. તો આ વળી સામાન્ય અવલોકન ક્યાં નાખ્યું વચમાં? કેમકે '**ઐસા દર્શન તો મિથ્યાદષ્ટિયોંકે ભી હોતા હૈ,...**' આ જે સામાન્ય અવલોકન (એટલે) જ્ઞાન પૂર્વે પહેલા દર્શન થાય એવું દર્શન તો મિથ્યાદષ્ટિ અભવીને બધાને હોય છે. સમજાણું કાંઈ? '**ઉનકો ભી મોક્ષ કહની ચાહિયે?**' તો મિથ્યાદષ્ટિને પણ મોક્ષ હોય. કારણ કે તમે તો નિજાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનું દર્શન કરવું એ સમ્યગ્દર્શન કહ્યું. વળી તમે કહો કે, સામાન્ય અવલોકન કરવું ભેદ પાડ્યા વિના, આ ધોળું, કાળું, લાલ જીવ જડ જાણે ભેદ પાડ્યા વિના દેખવું એ દર્શન. એવું દર્શન તો મિથ્યાદષ્ટિને હોય છે. તો મિથ્યાદષ્ટિને પણ મોક્ષ થવો જોઈએ. પ્રશ્ન સમજાય છે કાંઈ?

'**ઈસકા સમાધાન—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન યે દર્શનકે ચાર ભેદ હૈં. ઈન ચારોંમેં મનકર જો દેખના વહ અચક્ષુદર્શન હૈ,...**' મનથી દેખવું તેને અચક્ષુદર્શન કહે છે. '**જો આંખોંસે દેખના વહ ચક્ષુદર્શન હૈ.**' '**ઈન ચારોંમેંસે આત્માકા અવલોકન છદ્મસ્થઅવસ્થામેં મનસે હોતા હૈ...**' જુઓ! એની સાથે ભેળવે છે સમ્યગ્દર્શન સાથે. ચારમાંથી આત્માનું અવલોકન છદ્મસ્થ દશામાં કેવળજ્ઞાન પહેલા '**મનસે હોતા હૈ ઔર વહ આત્મ-દર્શન મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિયોંકે ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયસે હોતા હૈ.**' શું કીધું સમજાણું?

આત્માનું સમ્યગ્દર્શન-નિજાત્માનું દર્શન થાય એની સાથે અચક્ષુદર્શનથી પણ અવલોકન

હોય છે. અચક્ષુદર્શન એની સાથે અવલોકન હોય છે. એ અચક્ષુદર્શન અવલોકન સમ્યગ્દર્શનની સાથે હોય છે અને તેથી તે અચક્ષુદર્શન... દર્શનમોહનો મિથ્યાત્વ, **'સાત પ્રકૃતિયોંકે ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયસે હોતા હૈ. સો સમ્યગ્દષ્ટિકે તો યહ દર્શન તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ હોનેસે મોક્ષકા કારણ હૈ,...'** સમ્યગ્દષ્ટિને તો એ અવલોકન અચક્ષુદર્શનથી થવાથી અંદર તત્ત્વાર્થ શ્રદ્ધાનું ભાન થયું છે. સમજાણું કાંઈ? એની સાથે અચક્ષુદર્શનનું અવલોકન છે. એની સાથેનું. એની સાથે જે અચક્ષુદર્શન અવલોકન છે, આત્માની તત્ત્વાર્થ શ્રદ્ધાન-દૃષ્ટિ પ્રગટતા સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય થતાં શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થાય ત્યાં જે અચક્ષુદર્શનથી અવલોકન કહેવામાં આવ્યું એને સમ્યગ્દર્શનની સાથેનું ગણીને એને મોક્ષનું કારણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દષ્ટિને **'યહ દર્શન તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ હોનેસે મોક્ષકા કારણ હૈ,...'** એ અચક્ષુથી દેખતા તે કાળે તત્ત્વાર્થ શ્રદ્ધાન સાથે હોય છે. સમજાણું નહિ આમાં? મન છે એ અચક્ષુ છે. એનાથી દેખે છે એ તત્ત્વાર્થ શ્રદ્ધાનના કાળમાં એની સાથે દેખે છે એમ. એ સમ્યગ્દષ્ટિને જ હોય આ. સમજાણું કાંઈ? એકલું સમ્યગ્દર્શન વિનાનું જે અવલોકન છે અજ્ઞાનીને એને અહીં ગણવું નથી.

**'ઔર મિથ્યાદષ્ટિયોંકે તત્ત્વશ્રદ્ધાન નહીં હોનેસે...'** જોયું! ઓલામાં તો તત્ત્વાર્થશ્રદ્ધાન હોનેસે મોક્ષકા કારણ છે અને **'જિસમેં શુદ્ધ આત્મ-તત્ત્વ હી ઉપાદેય હૈ,...'** શુદ્ધ આત્મા આદરણીય છે એવું સમ્યગ્દર્શનમાં અચક્ષુદર્શનના કાળમાં એ આત્મા ઉપાદેય છે એવું ભાન છે. ઝીણી વાત આવી. કહો, કાંતિભાઈ! અચક્ષુદર્શન અંદર એ વખતનું લીધું. સમ્યગ્દર્શન, 'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શન' છે એ વખતે અચક્ષુ એટલે મનથી આત્માનું જે અવલોકન થાય સમ્યગ્દર્શનના કાળે એવા અચક્ષુદર્શનને સમ્યક્ તત્ત્વાર્થ શ્રદ્ધાની સાથે ગણીને એને મોક્ષનું કારણ કહ્યું છે. સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિને તત્ત્વાર્થશ્રદ્ધાન નથી. જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ છે શુદ્ધ એનું એને ભાન નથી. **'આત્માકા દર્શન નહીં હોતા.'** એને આત્માનું દર્શન જ નથી એટલે અચક્ષુથી આત્માનું દર્શન એને છે નહિ. સમજાય છે કાંઈ આમાં?

**'મિથ્યાદષ્ટિઓંકે સ્થૂલરૂપ પરદ્રવ્યકા દેખના-જાનના...'** છે. જુઓ! મિથ્યાદષ્ટિને સ્થૂલરૂપે મનથી ઈન્દ્રિયોં દ્વારા પરનું જાણવું છે. સ્વદ્રવ્યનું જ્ઞાન એને હોય નહિ. સ્વદ્રવ્યની શ્રદ્ધા હોય, એનું જે જ્ઞાન હોય એની સાથે આ ચક્ષુદર્શન દેખે એને અહીંયા ચક્ષુદર્શન કહેવામાં આવે છે. એને સામાન્ય અવલોકન અને દર્શન ત્યાં કહેવામાં આવ્યું છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન સાથે હોય તેને. સમજાણું કાંઈ? વિષય ફેરવ્યો એટલે પાછો એને મેળવવો જોઈએને. એ પહેલા આવી ગયું છે આપણે ૧૪૦ પાને. સમજાણું કાંઈ? ત્યાં પણ પૂછ્યું હતું. આ વળી અહીં ક્યાં નાખ્યું? ૧૪૦ પાને આવી ગયું હતું આ. આમાં ૧૪૦. કહો, સમજાણું આમાં?

આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પુણ્ય-પાપના વિકલ્પ રહિત, શરીર કર્મ રહિત એક સ્વરૂપે અખંડ જ્ઞાયક છે એવી અંતરમાં શ્રદ્ધા થવી, જ્ઞાન થવું એને તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન કહે છે. ત્યારે અહીંયા કહ્યું કે અચક્ષુદર્શનના અવલોકનને તમે મોક્ષમાર્ગમાં ક્યાં નાખ્યું? એવું અવલોકન તો અનાદિ અજ્ઞાનીને પણ છે. ભાઈ! અમે નાખ્યું એ તત્ત્વાર્થશ્રદ્ધાન સાથે જે મનથી અવલકોન આત્માનું કરે છે એની અપેક્ષાએ અમે વાત કરીએ છીએ. સમજાણું? ચીમનભાઈ! ઝીણું વળી આવ્યું તમે આવ્યાને. સત્તાવલોકન અને આ ને આ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા, પણ એ અવલોકન તત્ત્વાર્થશ્રદ્ધાની સાથે જે મનથી અવલોકન એને અહીંયા ગણ્યું છે, એમ. એનું અવલોકન મનથી એને લાગુ આત્માને પડી ગયું છે. સમ્યક્ તત્ત્વાર્થ શ્રદ્ધાન થયું છે એને જે મનનું અવલોકન આત્માનું થયું છે એને અહીં ગણ્યું છે. એ સિવાયના મન ને ઇન્દ્રિયથી પરદ્રવ્યને અવલોકે... અહીં સ્વદ્રવ્યના અવલોકનની વાત છેને? મિથ્યાદૃષ્ટિને પરદ્રવ્ય પાંચ ઇન્દ્રિય ને મનથી અવલોકન જ્ઞાન પહેલા થાય એ અવલોકન તો અભવિને બધાને હોય છે. એમાં આત્મદર્શન હોતું નથી. સમજાણું કાંઈ? અહીંયાં તો આત્મદર્શન અને મનના ચક્ષુ, અચક્ષુ દર્શનનો ઉઘાડ એ આત્માને અંદર જોવે છે, જોવે છે એને અહીંયા ગણવામાં આવ્યું છે. કહો, ફૂલચંદભાઈ! સમજાય છે આમાં? ઝીણું પડે છે, ઝીણું પડે છે થોડું. પરિચય નહિ ને અભ્યાસ ન મળે હજી. ઓલો રળવાનો અભ્યાસ બહુ હોય એને એકદમ.

કહે છે કે દર્શનના બે પ્રકાર—એક તો આત્મતત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શન. હવે એની સાથે તમે સામાન્ય અવલોકન દર્શન અને વિશેષ અવલોકન જ્ઞાન. એમાં સામાન્ય અવલોકન દર્શનમાં ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવળદર્શન ચાર ભેદ આવે છે. એમાં તમે અહીં સામાન્ય અવલોકન દર્શનને સમ્યગ્દર્શનના પ્રસંગમાં એને કેમ નાખ્યું? કેમકે એવું સામાન્ય અવલોકન દર્શન તો મિથ્યાદૃષ્ટિને હોય છે પરદ્રવ્યનું. શિષ્યે પ્રશ્ન કર્યો એને કહ્યું, ભાઈ! આ તો અંતર આત્મદર્શનની વાત છે. મિથ્યાદૃષ્ટિને બીજા દ્રવ્યોને જાણવા પહેલા સામાન્ય અવલોકન ભેદ પડ્યા વિના થાય એ તો અભવિ, ભવિ બધાને હોય છે. એની અહીં વાત પરદ્રવ્ય સંબંધીના સામાન્ય અવલોકનની વાત અહીંયા નથી. અહીં તો આત્માનું સામાન્ય અવલોકન એ તત્ત્વાર્થ શ્રદ્ધાનની સાથે પહેલું અવલોકન કરે છે એને અહીંયા ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

મિથ્યાદૃષ્ટિઓને સ્થૂલરૂપ પરદ્રવ્ય... પાછા, સ્થૂલરૂપ પરદ્રવ્યનું દેખવું, જાણવું થાય છે. '**મન ઔર ઇન્દ્રિયોંકે દ્વારા હોતા હૈ, વહ સમ્યગ્દર્શન નહીં હૈ,...**' મિથ્યાદૃષ્ટિને અંતર આત્માની શ્રદ્ધા નથી. આત્મા જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ છે, નિર્મળાનંદ છે એવી દૃષ્ટિનું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને જ હોય છે, મિથ્યાદૃષ્ટિને હોતું નથી. '**ઇસલિયે મોક્ષકા કારણ ભી નહીં હૈ.**'

મિથ્યાદષ્ટિને આત્માનું દર્શન નથી તેથી એને અચક્ષુદર્શન જે સમ્યગ્દર્શનની સાથે દેખાવું જોઈએ સ્વદ્રવ્ય એવું એને હોતું નથી. તેથી તેને પરદ્રવ્યનું દેખવું મન, ઇન્દ્રિયથી થાય એ મોક્ષનું કારણ કહેવામાં આવ્યું નથી. સમજાણું કાંઈ? આવી અટપટી જરી વાત આવે ત્યાં ગૂંચાય. કહો, સમજાય છે કે નહિ? શેઠ! સમજાય છે.

'**सारांश यह है—कि तत्त्वार्थश्रद्धानके अभावसे सम्यक्त्वका अभाव है,...**' ભલે, કહે છે કે ચક્ષુ, અચક્ષુદર્શનથી મિથ્યાદષ્ટિ પરદ્રવ્યને જાણવા પહેલા સામાન્ય દેખે, એ અહીંયા મોક્ષના કારણમાં હોય નહિ. સમજાણું કાંઈ? આત્મદર્શન તત્ત્વાર્થશ્રદ્ધાન થયું એની સાથે મનનું અવલોકન મનથી આત્માને દેખે એવા અવલોકનને અહીંયા ગણવામાં આવ્યું છે. સ્વદ્રવ્ય, અહીં સ્વદ્રવ્યને લેવું છેને. ઓલા મિથ્યાદષ્ટિને પરદ્રવ્યનું અવલોકન છે. સમજાણું કાંઈ આમાં? '**और सम्यक्त्वके अभावसे मोक्षका अभाव है.**' અજ્ઞાનીને તત્ત્વાર્થશ્રદ્ધાનો અભાવ છે. એટલે કે એને મનથી આત્મદર્શન, તત્ત્વાર્થશ્રદ્ધાન સાથે આત્મદર્શન સામાન્ય અવલોકન જોઈએ, એ સમ્યગ્દર્શન વિના મિથ્યાદષ્ટિને હોતું નથી. મિથ્યાદષ્ટિને પરદ્રવ્યનું અવલોકન છે. ભલે એને અચક્ષુદર્શન છે. સમજાણું? એને અચક્ષુદર્શન છે, પણ એ અચક્ષુદર્શન વડે પરદ્રવ્યને જાણવા પહેલા અચક્ષુદર્શન-પરદ્રવ્યનું દર્શન કરે છે, સ્વદ્રવ્ય નહિ. સમજાણું કાંઈ આમાં? શાંતિભાઈ! અહીંયા ચાલે છે તો તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનનો વિષય, પણ આચાર્યે જ્યારે આ સામાન્ય અવલોકન નાખ્યું.

१६०) सयल-पयत्थहँ जं गहणु जीवहँ अग्गिमु होइ।
वत्थु-विसेस-विवज्जियउ तं णिय-दंसणु जोइ।।३४।।

પાઠ તો એટલો મૂક્યો કે આત્મામાં સકળ પદાર્થનું સામાન્યપણે દેખવું પહેલા-વહેલું હોય, પછી વસ્તુને વિશેષ '**विवज्जियउ**' એટલે વિશેષ પદાર્થનું જ્ઞાન છોડીને સામાન્યપણે દેખવું થાય તેને '**त णिय-दंसणु जोइ**' તેને નિજ દર્શન દેખ. નિજ દર્શન દેખ એમ કીધું છે. શું કીધું સમજાણું કાંઈ? પાઠ શું લીધો છે? ચોથા પદમાં ફેર છે. બધા પદાર્થો છે એને સામાન્યપણે પહેલું દેખે અને તે વિશેષ વિના દેખે એને '**णिय-दंसणु**' જો. એને નિજ દર્શન જો, એમ કહ્યું છે. એ નિજ દર્શન જો એટલે એમાં સમ્યગ્દર્શન ભેગું નાખી દીધું, આત્માનું દર્શન નાખ્યું. સમજાણું કાંઈ? આચાર્યે પોતે નાખ્યું છે. સમજાણું કાંઈ? એ નિજદર્શન કહ્યું છે એ.

કહે છે કે દર્શનના બે પ્રકાર—એક તત્ત્વાર્થશ્રદ્ધાન દર્શન એ આત્મદર્શન, આત્માની પ્રતીતિ,ભાન. અને દર્શન સામાન્ય ઉપયોગ, જ્ઞાન વિશેષ ઉપયોગ. એ જ્ઞાન અને દર્શનના ઉઘાડથી. એ દર્શન જે ઉપયોગ છે એ પરને જાણવામાં મિથ્યાદષ્ટિને જાણવા પહેલા સામાન્ય

અવલોકન થાય એવું દર્શન તો અજ્ઞાનીને પણ હોય છે. એ વાત અહીંયા લેવી નથી. અહીંયા સામાન્ય અવલોકન તેને નિજ દર્શન કહ્યું છે એ તત્ત્વાર્થ શ્રદ્ધાનવાળા જીવને નિજ દર્શન નામ અચક્ષુદર્શનથી દેખવું થાય એને અહીંયાં દર્શન કહેવામાં આવે છે. ભારે વાત. એ પાઠમાં નાખ્યું છેને એટલે ટીકાકારે કહ્યું છે, કાંઈ મફત નથી કહ્યું.

'**तं णिय-दंसणु जोइ**' તેને નિજ દર્શન જો એમ કીધું છેને સ્પષ્ટ? સમજાણું કાંઈ? આત્માને જ્ઞાન થવા પહેલા દર્શનનો ભાવ થાય તેને તું નિજ દર્શન દેખ એમ આચાર્યે કહ્યું. છોટાભાઈ! ત્યારે ટીકામાં વિસ્તાર કર્યો કે ભાઈ! નિજ દર્શન જે કહ્યું છે એ તત્ત્વાર્થશ્રદ્ધાન થાય આત્મા શુદ્ધ ચૈતન્યની પ્રતીત થતાં, તે કાળે જે જ્ઞાનીને અચક્ષુદર્શન વડે મનથી નિજ દર્શન દેખવું થાય એને ગણવામાં આવ્યું છે. મિથ્યાદૃષ્ટિને જ્ઞાન થવા પહેલા બીજા પદાર્થોને સામાન્યપણે દેખવાના ઉપયોગને અહીંયાં નિજ દર્શન કહ્યું નથી. એ તો પરદર્શન છે. એમાં આત્મા આવ્યો નથી. સમજાણું કાંઈ? કહો, સમજ મેં આતા હૈ? ભાઈ! જુગરાજજી! આતા હૈ. આહા..હા..! એ ૩૪ કીધી. શું કહે છે ઈ?

મુમુક્ષુ :- બધા સરખા.

ઉત્તર :- ઈ કહે છે કે બધા કેટલાક ઓઘે ઓઘે હા પાડે છે એમ કહે છે.

અહીંયાં વિસ્તાર તો કર્યો કે આચાર્યદેવ યોગીન્દ્રદેવ, તત્ત્વાર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અભેદ રત્નત્રય મોક્ષમાર્ગની વ્યાખ્યા ચાલે છે. આ ગાથામાં અભેદ રત્નત્રયની વ્યાખ્યા ચાલે છે એ પહેલેથી કહ્યું છે જુઓ ઓલી કોરથી. છે ને? ૩૧ ગાથા. '**અભેદરત્નત્રયકે વ્યાખ્યાનકી મુખ્યતાસે આઠ દોહા-સૂત્ર કહતે હૈં,...**' હજી તો આઠમો દોહો આની અંદરમાં ચાલે છે આ તો ૩૧થી. આ તો હજી તો ૩૪ છે. સમજાણું કાંઈ? કહે છે કે પ્રભુ! આપે તો અભેદરત્નત્રયની વ્યાખ્યા શરૂ કરી છે. અભેદરત્નત્રય એટલે કે આ આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ આનંદ સ્વરૂપ એની અંતર દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની લીનતા એવા નિશ્ચય મોક્ષમાર્ગની શરૂઆત કરી છે. અભેદરત્નત્રય કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપના દર્શન, જ્ઞાન અને ચારિત્ર એવા અભેદ રત્નત્રયની અંદર તો આત્માનું દર્શન આવે છે, આત્માનું જ્ઞાન અને આત્માનું ચારિત્ર (આવે છે). એમાં વળી આ ગાથા સામાન્ય અવલોકનવાળી (નાખી) કે જેમાં બીજા પદાર્થને જાણવા પહેલા, વિશેષ ભેદ પાડ્યા વિના પહેલું દેખવું થાય એને સામાન્ય અવલોકન કહે છે. એ તો દર્શન ઉપયોગમાં જાય છે, દર્શન ઉપયોગમાં જાય છે. આ આત્મશ્રદ્ધામાં એ નથી (આવતું). અને પાઠમાં પાછું લીધું કે તેને નિજ દર્શન જો. પાઠ લીધો કે એવા અવલોકનને નિજ દર્શન દેખ એમ કીધું. સમજાણું કાંઈ?

ત્યારે ગુરુએ કહ્યું, ભાઈ! અહીંયા જે સામાન્ય અવલોકન લીધું છે, એ મિથ્યાદૃષ્ટિ જે

પરદ્રવ્યને દેખે છે જાણવા પહેલાનો ભાવ એ ભાવ અહીંયા લીધો નથી. કારણ કે એ મોક્ષનું કારણ નથી. અહીંયા તો આત્મા તત્ત્વાર્થ શ્રદ્ધાન-સમ્યક્ શ્રદ્ધાના કાળમાં નિજ દર્શન મન દ્વારા અવલોકન કરે એવા નિજ દર્શનને અહીંયા કહેવામાં આવ્યું છે કે જે મોક્ષનું કારણ છે. કહો, હિંમતભાઈ! સમજાણું કે નહિ આમાં? ભાઈ! અમારે પાછા આ શેઠ એવા છે થોડા-થોડા બધા હા તો પાડે. મીઠું કહેવું બહુ સારું છે એમ કહે. સ્થૂળ સાધારણ મીઠું હોય તો ... પકવાન પકવાન ઘરમાં પકવાન થયો હોયને? કેમ છે? કે બહુ સારો, બહુ સારો. થોડો સાધારણ હોય તો બહુ સારો કહે. એ અમારે પંડિતજીએ વળી ખુલાસો કર્યો.

આ વાત તો કેટલી સ્પષ્ટ તો વાત ચાલે છે. અધિકાર છે મોક્ષના માર્ગનો. અભેદ રત્નત્રય એટલે કે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય એની વાત ચાલે છે. એમાં તમે આ પરદ્રવ્યને દેખવા... પરદ્રવ્યને નહિ, સામાન્ય અવલોકનની વાત ક્યાં નાખી તમે? અહીંયા દર્શન ઉપયોગ એવો સામાન્ય ઉપયોગ (કે જે) જ્ઞાન પહેલા થાય એની વ્યાખ્યા ક્યાં નાખી? સમજાણું કાંઈ? ત્યારે કહે છે કે ભાઈ! એમાં અમે નાખી છે આચાર્ય મહારાજે એ નિજ દર્શનવાળુ દર્શન નાખ્યું છે. સામાન્ય અવલોકન કહ્યું એ નિજ દર્શનવાળું અવલોકન કહ્યું છે. જે મિથ્યાદષ્ટિને પરદ્રવ્યનું અવલોકન થાય અને પછી જ્ઞાન થાય, એ અવલોકનની વાત અહીંયાં લીધી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, હવે સમજાણું કે નહિ? આહા..હા..!

અહીં તો '**तं णिय-दंसणु जोइ**' બસ! આની વાત છે લ્યો મૂળ તો. એને તું દર્શન, નિજ દર્શન કહે. જુઓ, એમ પાઠ લીધોને કે સામાન્ય અવલોકન જ્ઞાન થવા પહેલા થાય તેને આત્માનું દર્શન તું જો. એમ જ્યારે કહેવામાં આવ્યું ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો કે સામાન્ય અવલોકનમાં જો મોક્ષનું કારણ થાય તો એવું અવલોકન સામાન્ય તો અભવિ મિથ્યાદષ્ટિને હોય છે. અનાદિનું સામાન્ય અવલોકન છે. કોઈ દિ' સામાન્ય અવલોકન વિનાનો જીવ હોય નહિ. જ્ઞાન પહેલા સામાન્ય અવલોકન થાય ભેદ પાડ્યા વિના પછી આ. સમજાણું કે નહિ? જેમ આ ભગવાન છે, જુઓ! સીમંધર ભગવાન છે. એ જાણ્યું એ જ્ઞાન છે. એ પહેલા આ ભગવાન છે એમ નહિ, એક આત્મામાં ઉપયોગ થાય સામાન્યપણે ભેદ પાડ્યા વિના એવી એક શક્તિનો ઉપયોગ એને દર્શન ઉપયોગ કહે છે. પછી આ ભગવાન છે એ જ્ઞાન ઉપયોગ થઈ ગયો. સમજાણું કાંઈ? તો એ વાતમાં તો મોક્ષમાર્ગ ગણ્યો નથી ભગવાને એવા સામાન્ય વિશેષમાં અને તમે તો અહીં સામાન્ય ઉપયોગને મોક્ષમાર્ગમાં નાખી દીધો. ભાઈ! આ સામાન્યને નાખ્યો એ નિજ આત્માની અપેક્ષાની અહીં વાત લીધી છે. સમજાણું કાંઈ?

એ આત્મા પોતાની શ્રદ્ધા, જ્ઞાન શુદ્ધ કરવા કાળે જે મનથી ઉઘાડ છે અચક્ષુદર્શનનો, એનું સહકારી સાથે કારણ ગણી અને એને અમે મોક્ષનું કારણ કહ્યું છે. ઓલો જે બાહ્ય

પદાર્થને સામાન્ય જાણીને પછી વિશેષ જાણે એવું અવલોકન મોક્ષનું કારણ નથી. એ તો અભવિ મિથ્યાદષ્ટિને હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ભાઈ! જ્ઞાનની કળા છે, એને સમજવી જોઈએ. જ્ઞાનથી જ્ઞાન કરવું જોઈએ. ૩૪ થઈ. ૩૫.

१६१) दंसणपुव्वु हवेइ फुडु जं जीवहँ विण्णाणु।
वत्थु-विसेसु मुणंतु जिय तं मुणि अविचलु णाणु।।३५।।

'**આગે કેવલજ્ઞાનકે પહલે છદ્મસ્થોંકે પહલે દર્શન હોતા હૈ, ઉસકે બાદ જ્ઞાન હોતા હૈ, ઔર કેવલી ભગવાન્‌કે દર્શન ઔર જ્ઞાન એક સાથ હી હોતે હૈં - આગે-પીછે નહીં હોતે, યહ કહતે હૈં—**'

'**જો જીવોંકે જ્ઞાન હૈ, વહ નિશ્ચયકરકે દર્શનકે બાદમેં હોતા હૈ,...**' છદ્મસ્થને. પરચીજનું જ્ઞાન થાય એ પહેલા એક દર્શન ઉપયોગ થાય છે દેખવાનો, દેખવાનો. '**જો જીવોંકે જ્ઞાન હૈ, વહ નિશ્ચયકરકે દર્શનકે બાદમેં હોતા હૈ, વહ જ્ઞાન વસ્તુકી વિસ્તીર્ણતાકો જાનનેવાલા હૈ,...**' હવે લીધું. ઓલામાં કહ્યું હતું કે '**वत्थु-विसेस-विवज्जियउ**' અહીં કીધું કે વસ્તુનું વિશેષ જ્ઞાન સહિત '**विशेषं जानन्**' કોઈ પણ ચીજને જાણવા પહેલાં, ભેદ પાડીને જાણવા પહેલા કે આ ભગવાન છે, આ મંદિર છે, આ સમવસરણ છે, આ તીર્થંકર છે એવું જ્ઞાન થવા પહેલા એવા વિશેષના ભેદ રહિત એક સામાન્ય ઉપયોગ થાય એ છદ્મસ્થને દર્શન ઉપયોગ કહેવામાં આવે છે. અને પછી '**વસ્તુકી વિસ્તીર્ણતાકો જાનનેવાલા હૈ,...**' જોયું? વિશેષ. દરેક પદાર્થનો વિશેષ ભાગ (જાણે) કે આ ભગવાન છે, આ ચૈતન્ય છે, આ કેવળી છે, આ તીર્થંકર છે. સમજાય છે? એમ વિશેષ જાણવાનો ભાવ '**ઉસ જ્ઞાનકો હે જીવ સંશય વિમોહ વિભ્રમસે રહિત તૂ જાન.**' એને તું સમ્યગ્જ્ઞાન જાણ, સંશય વિના, વિમોહ વિનાનું, ભ્રમણા વિનાનું.

'**ભાવાર્થ :- જો સામાન્યકો ગ્રહણ કરે, વિશેષ ન જાને, વહ દર્શન હૈ,...**' સામાન્યનો અર્થ સમજાણો? એ જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં બહુ આવે છે આ તો વાત. પણ અભ્યાસ ન હોયને. મહાસત્તાનું સામાન્ય અવલોકન તેને દર્શન કહે છે. એ જૈન સિદ્ધાંત પ્રવેશિકા છોકરાઓને ભણાવવામાં આવે છે. આ છોકરાઓ છે કે નહિ? શું છે ન્યાં? 'મૂળચંદભાઈ'! એ આવડે છે. .. જોડે કહ્યું. એ જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે કે કોઈ પણ પદાર્થના વિશેષ પડખાને જાણ્યા પહેલા એક દર્શન ઉપયોગ મહાસત્તા એટલે કાંઈક છે, બધું 'છે' એ આ છે એમ પણ નહિ, પણ 'છે' એવો એક ઉપયોગ થઈ જાય એને દર્શન કહે છે. પછી આ છે એમ થઈ ગયું, આ છે એ વિશેષ થઈ ગયું, એ જ્ઞાન થઈ ગયું. એ જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે.

એમ સામાન્યને ગ્રહણ કરે એટલે? આ ચોપડી છે કે અક્ષર છે એમ નહિ, પણ પહેલો એક દર્શન ઉપયોગ અંદર થાય એવો કે જે પરવસ્તુ અને સ્વ બેના પણ ભેદ પાડ્યા વિનાનો જે ઉપયોગ થાય એને સામાન્ય ઉપયોગ કહે છે. એ દર્શન. **'તથા જો વસ્તુકા વિશેષ વર્ણન આકાર જાને વહ જ્ઞાન હૈ.'** દરેક ચીજના ભેદોને, રંગને, ગંધને, ગુણને, પર્યાયને ભેદ જાણીને જાણે એનું નામ જ્ઞાન. **'યહ દર્શન જ્ઞાનકા વ્યાખ્યાન કિયા. યદ્યપિ વહ વ્યવહારસમ્યગ્જ્ઞાન શુદ્ધાત્માકી ભાવનાકે વ્યાખ્યાનકે સમય પ્રશંસા યોગ્ય નહીં હૈ,...'** હવે આવ્યું. આચાર્યે આ નાખ્યું ખરુંને એટલે ટીકાકારને ખુલાસો કરવો પડ્યો.

જો કે યહ વ્યવહારજ્ઞાન. ક્યું વ્યવહારજ્ઞાન? કે પરપદાર્થ આદિને સામાન્યપણે પહેલું દેખે અને પછી જાણે એવું અહીંયા વ્યવહાર સમ્યગ્જ્ઞાન ભાવનાના વ્યાખ્યાન સમયે પ્રશંસા યોગ્ય નથી. એવી વ્યાખ્યા અત્યારે પ્રશંસા યોગ્ય નથી. કારણ કે અત્યારે તો આત્માના ભાવનાની સમ્યગ્દર્શન-જ્ઞાનની વાત ચાલે છે. સમજાણું કાંઈ? **'તો ભી પ્રથમ અવસ્થામેં પ્રશંસા યોગ્ય હૈ, ઐસા ભગવાનને કહા હૈ.'** તોપણ એ દર્શન સામાન્ય અને વિશેષ જ્ઞાન એને જાણવું એ પહેલા દરજ્જામાં ઠીક કહ્યું છે. જાણવા માટે ઠીક છે. શું કીધું?

આ ગાથામાં તો દર્શન ઉપયોગ અને જ્ઞાન ઉપયોગની જ વ્યાખ્યા છે. આ ગાથામાં. એમાં આત્માની વ્યાખ્યા નથી. દર્શન ઉપયોગ એટલે કોઈ પણ ચીજને કે બધી ચીજને સામાન્યપણે ઉપયોગમાં આવે એ દર્શન અને ભેદ પાડીને જાણે એ જ્ઞાન. એવું એ તો વ્યવહારુ જ્ઞાન કહેવાય છે કહે છે. સામાન્ય અને વિશેષ પદાર્થનું જાણવું એ તો વ્યવહારુ જ્ઞાન છે. એ આવા શુદ્ધાત્માની એકાગ્રતાના વ્યાખ્યાન સમયે પ્રશંસા યોગ્ય નથી. **'તો ભી પ્રથમ અવસ્થામેં પ્રશંસા યોગ્ય હૈ,...'** તોપણ તે સામાન્ય દર્શન અને વિશેષ જ્ઞાન એ પહેલું જાણવું જોઈએ. દર્શન અને જ્ઞાનના લક્ષણો, એના ઉપયોગ શું છે, કાર્ય શું છે એ જાણવું જોઈએ. બસ એટલી વાત. **'ઐસા ભગવાનને કહા હૈ.'** કહ્યું છે અંદર હોં એવું. સમજાણું? **'तथापि भणितं भगवता'** ભગવાને કહ્યું છે. ભગવાન એટલે અહીં આચાર્ય મહારાજે કહ્યું છે જાણવા માટે એટલે જાણવું. પહેલું દર્શન છે. આ શ્રદ્ધા, દર્શન આત્માની વાત છે, પણ આ એક દર્શન-જ્ઞાનને જાણવું જોઈએ કે જેથી એનો ગોટાળો વળે નહિ એમ.

**'ક્યોંકિ ચક્ષુ-અચક્ષુ અવધિ કેવલકે ભેદસે દર્શનોપયોગ ચાર તરહકા હોતા હૈ. ઈન ચાર ભેદોંમેં દૂસરા ભેદ અચક્ષુદર્શન મનસંબંધી નિર્વિકલ્પ ભવ્યજીવોંકે...'** હવે. એ કેમ જાણવું જોઈએ? કે એની અંદરનો એક અચક્ષુદર્શન જે ભાવ છે ચાર માંહ્યલો, એ **'દૂસરા ભેદ અચક્ષુદર્શન મનસંબંધી નિર્વિકલ્પ ભવ્યજીવોંકે દર્શનમોહ, ચારિત્રમોહકે ઉપશમ તથા ક્ષયકે હોને પર શુદ્ધાત્માનુભૂતિ રુચિરૂપ વીતરાગ સમ્યક્ત્વ હોતા હૈ,...'**

એની સાથે ઓલું સહકારી કહેવા માગે છે. એવો ઉપયોગ દર્શન ... શું કીધું? કે મનથી અચક્ષુદર્શનમાં નિર્વિકલ્પ ભવ્ય જીવોને દર્શનમોહ અને ચારિત્રમોહના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમમાં શુદ્ધાત્માનુભૂતિ રુચિરૂપ વીતરાગ સમ્યકૃત્વ. શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા નિર્મળ છે એવી શ્રદ્ધા શુદ્ધની પ્રતીતનો અનુભવ એવું જે વીતરાગ સમકિત. '**और शुद्धात्मानुभूतिमें स्थिरतारूप वीतरागचारित्र होता है,...**' એ વખતે રાગ રહિત સ્વરૂપમાં સ્થિરતા. '**उस समय पूर्वोक्त सत्ताके अवलोकनरूप मनसंबंधी निर्विकल्पदर्शन निश्चयचारित्रके बलसे विकल्प रहित निज शुद्धात्मानुभूतिके ध्यानकर सहकारी कारण होता है.**' શું કહે છે? આ અવલોકન નાખ્યું એનું સાર્થકપણું બતાવે છે જરી. આત્મા રાગ રહિત, પુણ્ય-પાપ રહિતની આત્મદર્શનની દૃષ્ટિ-નિશ્ચય વીતરાગ રુચિ અને રાગ રહિત સ્વરૂપની ચારિત્ર દશા, એને કાળે મનથી અવલોકન એવું જે અચક્ષુદર્શન એને સહકારી કારણ તરીકે ગણીને અહીંયા સામાન્ય અવલોકન કહેવામાં આવ્યું છે.

ફરીને. કહે છે, અહીંયા આચાર્ય મહારાજ યોગીન્દ્રદેવ દર્શનપૂર્વક જ્ઞાન (કેમ હોય એની વાત કરે છે). કોઈ પણ વસ્તુને વિશેષપણે જાણવા પહેલા એક દર્શન ઉપયોગ થાય છે અને પછી વિશેષ જાણવું તેને જ્ઞાન કહે છે. કહે છે કે અહીંયા તો મોક્ષનો માર્ગનો અધિકાર છે (તેથી) આ વાત પ્રશંસા યોગ્ય અત્યારે નથી. તોપણ કહે છે કે ભગવાને એ દર્શન અને જ્ઞાનના ઉપયોગનું જ્ઞાન પહેલું કરવું જોઈએ એમ વ્યાજબી ગણ્યું. અને એમાંથી તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન થાય અને એની સાથે રાગ રહિત ચારિત્ર દશા થાય એ કાળે ઓલા દર્શન માંહ્યલો જે અચક્ષુદર્શનનો એક ભાગ છે એ અચક્ષુદર્શનનો ઉપયોગ એવા વીતરાગ દૃષ્ટિ અને વીતરાગ ચારિત્ર વખતે સહકારી કારણ સાથે ઉપયોગ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? ઓલું અચક્ષુદર્શન અંદરનું લીધું હતું ભાઈ! અહીં તો સહકારી નિમિત્ત કારણ તરીકે ગણ્યું છે. ફેરવીને વાત કરી છે. શ્રદ્ધા, જ્ઞાન અંતરનું થયું અને અંતરની રમણતા થઈ. ત્યારે ઓલામાં એમ કહ્યું કે અચક્ષુદર્શન અવલોકન નિજ દર્શનને લીધું હતુંને? એટલે ભેગું ગણ્યું. અહીંયા તો આત્માની શ્રદ્ધા અને ચારિત્રના કાળમાં આ ચાર ઉપયોગ માંહ્યલો એક અચક્ષુદર્શનનો ઉપયોગ સાથે સહકારી—સાથે હોય છે માટે એને કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિજદર્શન...

ઉત્તર :- ઓલામાં નિજદર્શન સિદ્ધ કર્યું, અહીં સહકારી કારણ છે એમ સિદ્ધ કર્યું. કારણ કે આમાં નિજદર્શન શબ્દ નથી પાઠમાં. પાઠમાં તો

१६१) दंसणपुव्वु हवेइ फुडु जं जीवहँ विण्णाणु।
वत्थु-विसेसु मुणंतु जिय तं मुणि अविचलु णाणु।।३५।।

એમ. સમજાણું કાંઈ? પહેલી ગાથામાં તો એમ કહ્યું હતું કે દર્શન તે નિજ દર્શન. ભાગ પાડ્યા હતા સામાન્ય અને વિશેષ અવલોકનના. સામાન્યપણે બીજા પદાર્થને ભેદ પાડ્યા વિના દેખવું તે સામાન્ય ઉપયોગ છે અને ભેદ પાડીને દેખવું તે વિશેષ છે. એ કાળમાં નિજદર્શન નાખ્યું હતું આચાર્યે. એટલે ટીકાકારે તે દર્શન-શ્રદ્ધા કાળમાં અચક્ષુદર્શનનો ઉપયોગ અવલોકન પણ સાથે હોય છે. એમ કરીને નિજ દર્શનને અવલોકે છે અચક્ષુદર્શન એમ કરીને મોક્ષના કારણમાં ભેગું નાખ્યું હતું.

આ ગાથામાં તો આચાર્યે નિજ દર્શન નથી લીધું. ફક્ત પદાર્થને સામાન્યપણે ભેદ પાડ્યા વિના ઉપયોગ થવો એને સામાન્ય કહે છે છદ્મસ્થને. કેવળીને એક સાથે હોય છે એની વાત નથી. અને સામાન્યપણે ઉપયોગ થાય અને વિશેષ જાણવાનો, આ જડ છે, આ ચેતન છે, આ સફેદ છે, આ જ્ઞાન છે એવો વિશેષ ઉપયોગ એને જ્ઞાન ઉપયોગ કહે છે. ત્યારે કહે છે અહીં તો મોક્ષમાર્ગની વાત આમાં તો આવી જ નથી, આત્મદર્શનની વાત તો આમાં આવી નથી ને આ કેમ નાખ્યું? સમજાય છે?

એક તો એ કે મોક્ષના માર્ગના કાળમાં આવું જ્ઞાન અત્યારે વ્યવહારે તો પ્રશંસવા યોગ્ય નથી. પણ પહેલું જાણવું જોઈએ એ અપેક્ષાએ પ્રશંસવા યોગ્ય કહ્યું. બીજી વાત કે આત્માના અંતર દર્શનના અને ચારિત્રના રમણતામાં આ અચક્ષુ ચાર માંહ્યલો એક ભાગ અચક્ષુદર્શન ઉપયોગ સહકારી સાથે કામ કરે છે તેટલું લઈને અહીંયા કહેવામાં આવ્યું છે. કાંતિભાઈ! બહુ ઝીણું પણ આમાં કેટલું યાદ રાખવું કહે છે. યાદ તો બધું કેટલું રાખતા હશે ન્યાં ઘરમાં સંચા-બંચામાં કેટલું રાખતા હશે? આહા..હા..! કેમ હરકિસનદાસ! વેપાર-ધંધામાં કેટલું રાખતા હશે? આહા..હા..! આ તો સ્પષ્ટ વાત તો ઘણી કહેવાણી છે.

જુઓ અહીંયા, '**ઉસ સમય પૂર્વોક્ત સત્તાકે અવલોકનરૂપ મનસંબંધી નિર્વિકલ્પદર્શન...**' પૂર્વોક્ત સત્તાકે અવલોકનરૂપ હોં! એની વાત છે ભાઈ! ઓલું તો નિજ દર્શનને વાતે ઓલું નાખ્યું હતું ઓલામાં. આ તો '**પૂર્વોક્ત સત્તાકે અવલોકનરૂપ મનસંબંધી નિર્વિકલ્પદર્શન નિશ્ચયચારિત્રકે બલસે વિકલ્પ રહિત નિજ શુદ્ધાત્માનુભૂતિકે ધ્યાનકર સહકારી કારણ હોતા હૈ.**' એ ઉપયોગ સહકારી કારણ સાથે છે. એ નિજ દર્શન કહ્યું હતું, નિજ દર્શનમાં નાખ્યું હતું અને અહીં તો નિજ દર્શનમાં શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એની સાથે સહકારી કારણ છે. સમજાણું કાંઈ? દર્શન ઉપયોગ છે કે નહિ કાંઈ? કહે છે. શું કહેવું છે? કે આ સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર છે ત્યારે બે ઉપયોગ માંહ્યલો કોઈ ઉપયોગ છે કે નહિ? કે ઉપયોગ એકેય નથી? એટલે એને આ દર્શનના સામાન્ય અવલોકનને સહકારી ગણીને સાથે નાખ્યું છે. શું કીધું? કે એ વખતે જ્ઞાન નથી ભાઈ! એમ કહેવું છે. એ વખતે જ્ઞાન આ

જે સામાન્ય ઉપયોગ સાથેનો વિશેષ છે એવો આ ને આ એમ નથી. અહીં તત્ત્વાર્થશ્રદ્ધાન અને ચારિત્રમાં જ્યાં પડ્યો છે એની સાથે આવું એક સામાન્ય અવલોકન વિશેષ ભેદનું જ્ઞાન આમ નથી આ છે ને, આ છે ને આ છે પરપદાર્થનું, પણ એની સાથે આવું સામાન્ય અવલોકનનું સહકારી કારણ ગણીને આ વાત ભેગી કહેવામાં આવી છે.

સ્વનું જ્ઞાન છે, સ્વની શ્રદ્ધા છે, સ્વની સ્થિરતા છે. એ વખતે કહે છે કે આવું એક અચક્ષુદર્શનનું અવલોકન સહકારી કારણ ગણીને કહેવામાં આવ્યું છે. સમજાણું કે નહીં? ઓલા પરપદાર્થના વિશેષ પ્રકાર અને એ અહીં કામ નથી અત્યારે. સમજાણું? એથી આચાર્યે આ શ્લોકમાં નિજદર્શન ન નાખ્યું, છતાં ચાર દર્શન સામાન્યની વ્યાખ્યા નાખી અને વિશેષ જ્ઞાનનું નાખ્યું એનું જરીક સફળપણું બતાવે છે. આહા..હા..!

આત્મા... પોતાનું ભલે જ્ઞાન છે, પોતાની શ્રદ્ધા છે અને પોતાનું ચારિત્ર છે. એ તો અભેદરત્નત્રય એ તો એની વ્યાખ્યા ચાલે જ છે. સમજાણું? ત્યારે કહે ઓલો સામાન્ય ને વિશેષ જે ઉપયોગ છેને, એ માંહ્યલો એક અચક્ષુદર્શનનો ઉપયોગ સાથે સહકારી કારણ છે ત્યાં એ વખતે ઓલું જ્ઞાન બીજા પદાર્થનું આવું ને તેવું એવું કાંઈ છે નહિ. એથી એને અચક્ષુદર્શનને સહકારી ગણીને આમાં ઉપયોગને લીધો છે. છદ્મસ્થને માટે. કેવળીની આ વાત નથી. સમજાણું કાંઈ આમાં? ભાઈ! વાતું ભારે ભાઈ ઝીણી! એ તો જ્ઞાનની લીલા છે. ઘણા પ્રકારે જે જે વિધિ છેને, એને જે ભજતી હોય એના પ્રકાર સમજાવે છે. એનો એને અભ્યાસ ન હોય અને કઠણ લાગે એથી કરીને કાંઈ વાત છોડી દે?

**'ઈસલિયે વ્યવહારસમ્યગ્દર્શન ઔર વ્યવહારસમ્યગ્જ્ઞાન ભવ્યજીવકે હી હોતા હૈ,...'** જુઓ! શું કહે છે? સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન સારું સાચું નિશ્ચય સમ્યગ્દર્શન એ ભવિને જ હોય છે. અને અભવિને નિશ્ચય સમ્યગ્દર્શન નથી માટે વ્યવહાર સમ્યગ્દર્શન નથી. અભવિને અને મિથ્યાદૃષ્ટિને વ્યવહાર સમ્યગ્દર્શનનું જ્ઞાન ભવ્યજીવકે હી હોતા હૈ. કેમ એ કહ્યું? કે જ્યારે દર્શન ઉપયોગ સહકારી કહ્યું, જેને આત્મદર્શન અને આત્મજ્ઞાન જેને વર્તે છે એને આવું સહકારી કારણ છે. ભવિને એવો વ્યવહાર સમ્યગ્દર્શન આદિ હોય એને આવો ઉપયોગ હોય, અભવિને તો વ્યવહાર સમ્યગ્દર્શન કે જ્ઞાન હોતું નથી. સમજાણું કાંઈ?

**'અભવ્યકે સર્વથા નહીં,...'** વ્યવહારસમ્યગ્દર્શન કે વ્યવહારજ્ઞાન પણ નથી. **'ક્યોંકિ અભવ્યજીવ મુક્તિકા પાત્ર નહીં હૈ.'** સમજાણું કાંઈ? અભવ્ય જીવ તો મુક્તિને યોગ્ય જ નથી. **'જો મુક્તિકા પાત્ર હોતા હૈ, ઉસીકે વ્યવહારરત્નત્રયકી પ્રાપ્તિ હોતી હૈ.'** સમજાણું? જેને નિશ્ચયરત્નત્રય હોય એને વ્યવહારરત્નત્રય હોય છે. જેને આત્મદર્શન, જ્ઞાન, ચારિત્ર હોય એને વ્યવહાર દર્શન આદિ હોય છે. નિશ્ચય જેને ન હોય એને હોતા નથી.

એટલે વ્યવહાર દર્શન અને જ્ઞાન અભવિને ગણવામાં આવ્યા નથી. **‘વ્યવહારરત્નત્રય પરમ્પરાય મોક્ષકા કારણ હૈ,...’** વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન તો જેને નિમિત્તરૂપે હોય છે એને નિશ્ચય ઉપાદાનરૂપે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર હોય છે. એથી વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ જેને નિશ્ચય રત્નત્રય હોય એને વ્યવહાર ગણવામાં આવ્યો છે. અભવિને તો નિશ્ચય નથી માટે વ્યવહાર પણ એને છે નહિ. સમજાણું કાંઈ?

અચક્ષુદર્શનનો ઉપયોગ અભવિને છે, પણ એને આ તત્ત્વશ્રદ્ધાન આદિ જે છે નિશ્ચય કે વ્યવહાર એકેય નથી. તેથી એ અચક્ષુદર્શનનો ઉપયોગ એને કાંઈ (નથી). સહકારી કોને કહ્યો? કે જેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એને આવા અચક્ષુદર્શન અને સહકારી કહ્યો. આને તો એ એક પણ નથી માટે એને સહકારી કારણ પણ છે નહિ. એટલે સહકારી એટલે નિશ્ચય મોક્ષમાર્ગ નથી તો વ્યવહારી સહકારી મોક્ષમાર્ગ પણ નથી. ભાઈ! શું કીધું? ઓલા અચક્ષુદર્શનને સહકારી કારણ કહ્યુંને? ભેગું આ વ્યવહારરત્નત્રય સહકારી કારણ એને નથી. સમજાણું કાંઈ? જેને આત્માના નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વર્તે છે એને આ અચક્ષુદર્શનનો ઉપયોગ સહકારી કહેવામાં આવે છે. પણ જેને નિશ્ચય સમ્યગ્દર્શન આદિ નથી એને અચક્ષુદર્શન સહકારી નથી એટલે કે એને વ્યવહારરત્નત્રય પણ સાચું નથી. સમજાણું કાંઈ? તો એને વ્યવહારરત્નત્રય પણ કહેવામાં (આવતું નથી). આ તો અચક્ષુ દર્શન સહકારી પણ એને છે નહિ. વળી ત્યાંથી ત્યાં કાઢ્યું.

કહે છે કે ભાઈ! જુઓ, સત્તાલોકનની વ્યાખ્યા તો કરી આ. એમાં એક અચક્ષુદર્શનને પણ લીધું સહકારી તરીકે. પણ સહકારી તરીકે કોને? કે જેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય એને. એમ વ્યવહારરત્નત્રય સહકારી પણ કોને? સમજાણું કાંઈ? આત્મદર્શન, આત્મજ્ઞાન, આત્મચારિત્ર હોય એને વ્યવહારરત્નત્રય સહકારી હોય. જેને એ નથી એને વ્યવહારરત્નત્રય સહકારી નથી. એ છે નહિ એટલે અભવીને મિથ્યાદષ્ટિને અચક્ષુદર્શન અવલોકન એ તો પરપદાર્થ સંબંધી છે. માટે એને નિશ્ચય અને વ્યવહાર બેય રત્નત્રય નથી. માટે એને અચક્ષુદર્શન જે ઓલો સહકારી જે નિશ્ચય દર્શન-ચારિત્રમાં કહેવામાં આવ્યું હતું એ આને નથી. ભારે ભાઈ! ટીકાકારની રચના પણ પાઠને મેળવીને કરવી છેને.

જે પરને શ્રદ્ધે વ્યવહાર, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા.. સમજાણું? શાસ્ત્રનું જ્ઞાન.. સમજાણું? કે પંચ મહાવ્રતના પરિણામ સહકારી છે. કોને એ વ્યવહાર હોય? કે જેને નિશ્ચય હોય એને વ્યવહાર હોય. સમજાણું? જેને નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર છે એને એની સાથે ધ્યાનમાં, અવલોકનમાં ઓલા અચક્ષુદર્શનને સહકારી કહેવામાં આવ્યો. એમ જેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય એને વ્યવહારે સહકારી કહેવામાં આવે. તો એને ઓલો અચક્ષુદર્શન સહકારી

કહેવામાં આવે. આને તો અચક્ષુ સહકારી નથી, નિશ્ચય નથી માટે વ્યવહાર પણ નથી. સમજાણું આમાં?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- બિલકુલ નથી, મિથ્યાદૃષ્ટિ છે. પરદ્રવ્યનું છે અવલોકન. વ્યવહાર સમકિત પણ નથી. અહીં તો એવું નાખ્યું લાગે કે ઓલું સહકારી અચક્ષુદર્શનને કહ્યુંને. સહકારી કોને લાગુ પડે? જેને નિશ્ચય સમ્યક્ચારિત્ર હોય એને. એમ સહકારી વ્યવહાર કોને લાગુ પડે? જેને નિશ્ચય હોય એને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દ્રવ્યલિંગીની વાત છે.

ઉત્તર :- દ્રવ્યલિંગીને બાહ્ય વેશ છે, નગ્ન મુનિ છે. વ્યવહારાભાસ છે. વ્યવહાર કહેવાય ખરો, પણ એ વ્યવહારાભાસ છે. વ્યવહારથી એમ કહેવાય. વ્યવહારથી એમ કહેવાય. શાસ્ત્રમાં છે અભવિ. વ્યવહારદર્શન, વ્યવહારજ્ઞાન અને વ્યવહાર ક્રિયાકાંડ, શાસ્ત્રનું જ્ઞાન આદિ છે, નિશ્ચય સમ્યગ્જ્ઞાન નથી માટે એ વ્યવહાર તો અભવિ પણ એવો કરે છે, પણ એ વ્યવહારને વ્યવહારાભાસ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? રળવામાં આવું અટપટું આવતું હશે? રળવામાં શું, એ તો પુણ્ય હોય તો રળે છે, એમાં ધૂળમાં કાંઈ નથી.

મુમુક્ષુ :- છે ખરું, લાગે નહિ.

ઉત્તર :- લાગે નહિ. એમાં રસ હોય તો અટપટું લાગે નહિ. આહા..!

જુઓ! અહીં પરંપરા કારણ જે વ્યવહાર છે એ અભવિને નથી. નિશ્ચય વિના કેવો? ત્યારે ઓલા કહે છે કે પહેલો વ્યવહાર હોય પછી નિશ્ચય. આ તો સાથે સાથે કહેવા માગે છે. સમજાય છે? મુક્તિકા પાત્ર સાથે-સાથે કહેવા માગે છે. જેમ ઓલો સહકારી કારણ સાથે કહેવા માગે છેને ભાઈ! એ અચક્ષુદર્શનને સાથે કહેવા માગ્યું. આ હોય તો ઓલાને કહેવાય આમ. સમજાણું? સાથે કહેવા માગે છે, હોં! એમ નહિ કે વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી. એમ નહિ. મુક્તિ ચારિત્રના બળથી એમ લીધું છેને ઓલામાં? બળેન. એટલે ઓલો ઉપયોગ ત્યાં લાગુ પડી ગયો છેને. ઓલું બળ છે એ સ્થિરતાનું એમ. એમાં ઓલો અચક્ષુદર્શનનો ઉપયોગ સહકારી કહેવામાં આવ્યો. સ્થિર થઈ ગયો છેને અંદર. દર્શનસહિતને સ્થિર .... અચક્ષુદર્શનનો ઉપયોગ અહીં કહેવામાં આવ્યો.

એમ પછી કહ્યું કે '**વ્યવહારસમ્યગ્દર્શન ઔર વ્યવહારસમ્યગ્જ્ઞાન ભવ્યજીવકે હી હોતા હૈ,...**' સહકારી કારણ નિશ્ચય વિના હોય નહિ. '**અભવ્યકે સર્વથા નહીં,...**' કેમકે અભવ્ય જીવ મુક્તિનું પાત્ર જ નથી. '**જો મુક્તિકે પાત્ર હોતા હૈ, ઉસીકે વ્યવહારરત્નત્રયકી પ્રાપ્તિ હોતી હૈ.**' અહીં તો કહેવું છે કે સહકારી રત્નત્રય પણ નિશ્ચય હોય એને હોય છે.

જેને નિશ્ચય નથી એને સહકારી કહેવું કોને સાથે? સાથે સહકારી કહેવું કોને? કાંઈ અંદર હોય એને કહેવું કે ન હોય એને? **'વ્યવહારરત્નત્રય પરમ્પરાય મોક્ષકા કારણ હૈ,...'** એટલે એ સાધકપણું વિકલ્પથી નિમિત્તથી કહ્યું છે એ છોડીને સિદ્ધ થશે. **'ઔર નિશ્ચયરત્નત્રય સાક્ષાત્ મુક્તિકા કારણ હૈ, ઐસા તાત્પર્ય હુઆ.'** સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ એમાં અંદર આમ કેમ નાખ્યું એને જરી મેળવ્યું. ૩૪માં નિજ દર્શન શબ્દ પડ્યો હતો માટે અવલોકન આમ નાખ્યું. આમાં સામાન્ય વાત હતી એટલે સહકારી કારણ તરીકે નાખ્યું. ઓલું પોતામાં નાખ્યું હતું. ભાઈ! સહકારી કારણ નાખ્યું, ઓલામાં પોતામાં ભેગુ નાખ્યું હતું. સમજાણું કાંઈ? આહા..હા..!

એની રમતું એને રમત કેમ થાય એની ખબર ન મળે. એનો દર્શન ઉપયોગ, એનો જ્ઞાન ઉપયોગ, એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર... સમજાય છે કાંઈ? એની સંપદા, એના કાર્ય શું છે? એનું કારણ શું છે? સ્થિતિ શું છે? એને બરાબર જાણવી જોઈએ ભાઈ! જાણવી જોઈએ. એમ કાંઈ ઉપરટપકે આખો માલ મળી જાય એવું નથી. આખું તત્ત્વ જ અંદર ચિદાનંદ પડ્યું છે. ઓહો..હો..! એની શક્તિઓના ઉપયોગના કાર્યોનું વર્ણન છે ... શ્રદ્ધાનું કાર્ય, જ્ઞાનનું કાર્ય, ઓલા દર્શન ઉપયોગનું કાર્ય. બધા કાર્યોનું વર્ણન છેને. નિશ્ચયરત્નત્રય સાક્ષાત્ મોક્ષનું કારણ છે એવું તાત્પર્ય થયું લ્યો!

મુમુક્ષુ :- સંશય, વિભ્રમ, વિમોહ રહિત...

ઉત્તર :- એ જ્ઞાન. બીજું કોને કહેવાય જ્ઞાન?

**'આગે પરમધ્યાનમેં આરુઢ જ્ઞાની જીવ સમભાવસે દુઃખ-સુખકો સહતા હુઆ...'** આત્માના દર્શન, જ્ઞાનમાં, ચારિત્રમાં લીન થયો એ જીવ સમ સુખ-દુઃખને સહે છે. સંયોગો અનુકૂળ પ્રતિકૂળતામાં ધર્મી સમતારૂપે પરિણમે છે. અભેદરત્નત્રનયની વ્યાખ્યા છેને. આત્માનું દર્શન, શ્રદ્ધા અને જ્ઞાન સાથે ધર્મી જીવ અનુકૂળ પ્રતિકૂળ સંયોગમાં વીતરાગ સમભાવે પરિણમે છે. જેથી તેને ચારિત્રની દશા નિર્મળ હોય છે. **'અભેદનયસે નિર્જરાકા કારણ હોતા હૈ,...'** એનો એ આત્મા નિર્જરાનું કારણ છે. શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન અને સાથે સમતા પરિણામ. એ આત્મા જ નિર્જરાનું કારણ છે. પૂર્વના બંધાયેલા કર્મો એને ખરી જાય છે. એ વાત વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૪, ગુરુવાર, તા. ૦૬-૦૧-૧૯૬૬**
**ગાથા-૩૬ થી ૩૮, પ્રવચન-૯૬**

પરમાત્મપ્રકાશ, બીજા ભાગની ૩૬મી ગાથા, અર્થ થઈ ગયો છેને, થોડોક બાકી છે. ફરીને (અન્વયાર્થ).

'**હે જીવ, વીતરાગસ્વસંવેદનજ્ઞાની...**' એટલે કે આત્મામાં રાગ વિનાનું જ્ઞાનનું જ્ઞાન થતાં વીતરાગી આત્મ સ્વસંવેદનજ્ઞાની એ '**આત્મધ્યાનમેં લીન...**' '**ध्याननिलीनः**' એમ છેને? ધ્યાનમાં લીન છે. '**દુઃખ ઔર સુખકો સમભાવોંસે સહતા હુઆ અભેદનયસે શુભ અશુભ કર્મોંકી નિર્જરાકા કારણ હૈ,...**' એ શુભ અને અશુભ બેય કર્મોની નિર્જરાનું કારણ છે. આત્માના ધ્યાનમાં સ્થિર થતાં શુભાશુભ કર્મની નિર્જરા થાય છે. '**ઐસા ભગવાનને કહા હૈ, ઔર બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત પરદ્રવ્યકી ઈચ્છાકે નિરોધરૂપ બાહ્ય અભ્યંતર અનશનાદિ બારહ પ્રકારકે તપરૂપ ભી વહ જ્ઞાની હૈ.**' તપસ્યા સહિત જ્ઞાની છે એમ કહેવું છે. એકલા જ્ઞાની નથી.

**ભાવાર્થ :-** '**યહાં પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા, કિ હે પ્રભો; આપને ધ્યાનસે નિર્જરા કહી,...**' આત્માના ધ્યાનથી શુભાશુભ કર્મની નિર્જરા થાય, શુભાશુભ કર્મ બળે. એમ આપે ધ્યાનથી વાત કરી. '**વહ ધ્યાન એકાગ્ર ચિત્તકા નિરોધરૂપ ઉત્તમ સંહનનવાલે મુનિકે હોતા હૈ,...**' તમે અત્યારે પંચમકાળમાં આ વાત કરો છો ધ્યાનની, પણ શાસ્ત્રમાં તો એમ કહે છે કે ભાઈ! ઉત્તમ સંહનન હોય એને ધ્યાન હોય. '**જહાં ઉત્તમસંહનન હી નહીં હૈ, વહાં ધ્યાન કિસ તરહસે હો સકતા હૈ?**' શું પ્રશ્ન ઉઠ્યો સમજાણું? કે આત્મામાં શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એકાગ્ર ધ્યાન (થવાથી) એનાથી પુણ્ય-પાપ, શુભાશુભ કર્મ બળે. તો એ ધ્યાન તો શાસ્ત્રમાં પહેલા સંહનનવાળાને ઊંચું ધ્યાન કહ્યું છે અને અત્યારે તો એ નથી. તો અત્યારે ધ્યાનથી શી રીતે નિર્જરા થાય?

'**ઉસકા સમાધાન શ્રીગુરુ કહતે હૈં - ઉત્તમ સંહનનવાલે મુનિકે જો ધ્યાન કહા હૈ,...**' શાસ્ત્રમાં તત્ત્વાર્થસૂત્રમાં. '**વહ આઠવેં ગુણસ્થાનસે લેકર ઉપશમ ક્ષપકશ્રેણીવાલોંકે જો શુક્લધ્યાન હોતા હૈ,...**' સમજાણું? એ શ્રેણી માંડે સ્થિરતાની આઠમે ગુણસ્થાને એને માટે વાત કરી છે. '**ઉપશમશ્રેણી વજ્રવૃષભનારાચ, વજ્રનારાચ, નારાચ ઈન તીન**

**સંહનનવાલોંકે હોતી હૈ,...'** પણ શ્રેણી ઉપશમ જે છે... સમજાય છે? આઠમે ઓલા ઉપક્ષમ, ક્ષપક શ્રેણી બેયને શુક્લધ્યાન ન થાય. એની અપેક્ષાએ કહ્યું. ઉપશમ શ્રેણી તો ત્રણ સંહનન પણ હોય છે. **'વજ્રવૃષભનારાચ, વજ્રનારાચ, નારાચ...'** શું કીધું આ? પહેલા સંહનનમાં જે ઉત્તમ ધ્યાન કહેવાય એને માટે ત્યાં કહેવામાં આવ્યું છે. બાકી ઉપશમ શ્રેણીવાળાને શુક્લધ્યાન કહ્યું એની અપેક્ષાએ ત્યાં પણ લેવું. પણ ઉપશમ શ્રેણીવાળાને તો ત્રણ સંહનન પણ હોય છે. સમજાણું કાંઈ? ક્ષપકશ્રેણીવાળાને એક હોય છે એમ કહેવું છે.

**'ઉનકે શુક્લધ્યાનકા પહલા પાયા હૈ, વે ગ્યારહવેં ગુણસ્થાનસે નીચે આતે હૈં, ઔર ક્ષપકશ્રેણી એક વજ્રવૃષભનારાચ સંહનનવાલેકે હી હોતી હૈ,...'** સિદ્ધ અહીં કરવું છે. આત્મામાં જે ઉત્તમ શ્રેણીવાળાને ધ્યાન જે કહ્યું, પહેલા સંહનનવાળાને એ ક્ષપકશ્રેણીની અપેક્ષાએ ધ્યાન. ઉપશમ શ્રેણીની અપેક્ષાએ પણ આઠમેથી ધ્યાન ત્રણ સંહનનવાળાને પણ કહ્યું છે. **'વે આઠવેં ગુણસ્થાનમેં ક્ષપકશ્રેણી માંડતે (પ્રારંભ કરતે) હૈં,...'** આઠમાં ગુણસ્થાનમાં ધ્યાનમાં એટલી સ્થિરતા થાય કે જેમાં કર્મનો ક્ષય કરતું જાય. **'ઉનકે આઠવેં ગુણસ્થાનમેં શુક્લધ્યાનકા પહલા પાયા (ભેદ) હોતા હૈ, વહ આઠવેં, નવવેં, દશવેં તથા દશવેંસે બારહવેં ગુણસ્થાનમેં સ્પર્શ કરતે હૈં,...'** એ શુક્લધ્યાનમાં સ્થિર થતાં આઠ, નવ, દસ. અગિયાર ન જાય, બારમાં જાય. **'ગ્યારહવેંમેં નહીં, તથા બારહવેમેં શુક્લધ્યાનકા દૂસરા પાયા હોતા હૈ,...'** શુક્લધ્યાનના ચાર ભાગમાં બારમા ગુણસ્થાનમાં શુક્લધ્યાનનો ઉજ્જ્વળ ધ્યાનનો બીજો ભાગ છે. **'ઉસકે પ્રસાદસે કેવલજ્ઞાન પાતા હૈ,...'** લ્યો! અહીં તો એમ કહ્યું. શુક્લધ્યાનના બીજા પ્રકારથી કેવળજ્ઞાન પામે છે. ઓલા કહે છેને, શુભ જોગથી મોહકર્મનો નાશ થાય, પછી શુદ્ધ ઉપયોગથી ત્રણનો નાશ થાય અને કેવળ થાય. એમ નથી. શુભ કર્મથી તો પુણ્યબંધનનું કારણ થાય અને કાંઈક પાપની સ્થિતિ ઘટે. શુદ્ધ સ્વભાવના ધ્યાનથી જ નિર્જરા ખરેખર થાય છે. સમજાણું કાંઈ?

**'ઔર ઉસી ભવમેં મોક્ષકો જાતા હૈ.'** જે ક્ષપકશ્રેણીમાં ધ્યાનમાં સ્થિર થઈ જાય, એની ક્ષપકશ્રેણી હોય તો તરત એ ભવે કેવળજ્ઞાન પામે અને એ ભવે મોક્ષ જાય. **'ઈસલિયે ઉત્તમ સંહનનકા કથન શુક્લધ્યાનકી અપેક્ષાસે હૈ.'** લ્યો! એ ઉત્તમ સંહનનનું કથન શુક્લધ્યાનની અપેક્ષાએ છે. **'આઠવેં ગુણસ્થાનસે નીચેકે ચૌથેસે લેકર સાતવેં તક શુક્લધ્યાન નહીં હોતા,...'** ચોથેથી સાતમા સુધી શુક્લધ્યાન નથી. **'ધર્મધ્યાન છહોં સંહનનવાલોંકે હૈ,...'** છએ પ્રકારના હાડકાની મજબૂતાઈમાં ધર્મધ્યાન હોઈ શકે છે. એ અત્યારે છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ધર્મધ્યાન, શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને જ્ઞાન, આનંદ એનું ધ્યાન છએ પ્રકારના સંહનનમાં હોઈ શકે છે. ઉપશમશ્રેણીવાળાને ત્રણ સંહનન હોય,

ક્ષપકશ્રેણીવાળાને એક હોય અને આ ધર્મધ્યાનવાળાને નીચે છએ સંહનન હોય, નિમિત્તરૂપે. '**શ્રેણીકે નીચે ધર્મધ્યાન હી હૈ, ઉસકા નિષેધ કિસી સંહનનમેં નહીં હૈ.**' અત્યારે વજ્રવૃષભનારાચ નથી માટે ધ્યાન નથી એમ તું કહે તો એમ નથી. એમ કહેવું છે અહીંયાં. અત્યારે પણ ધ્યાન છે, ધર્મધ્યાન છે. '**ઐસા હી કથન તત્ત્વાનુશાસન નામક ગ્રંથમેં કહા હૈ...**' રામસેન આચાર્ય થઈ ગયા છે તત્ત્વાનુશાસન (લખ્યું છે). '**કિ જો વજ્રકાયકે હી ધ્યાન હોતા હૈ, એસા આગમકા વચન હૈ,...**' એમાં કહ્યું છે એમ કહે છે. આગમનું વચન એવું છે કે પહેલું સંહનન હોય એમાં ધ્યાન હોય છે.

'**વહ દોનોં શ્રેણિયોંમેં શુક્લધ્યાન હોનેકી અપેક્ષા હૈ,...**' એ ઉપશમ અને ક્ષપક બે શ્રેણીની અપેક્ષાએ, શુક્લધ્યાનની અપેક્ષાએ વાત છે. '**ઔર શ્રેણીકે નીચે જો ધર્મધ્યાન હૈ, ઉસકા નિષેધ (ન હોના) કિસી સંહનનમેં નહીં કહા હૈ,...**' કોઈ હાડકાની મજબૂતાઈના છ પ્રકારમાં ધર્મધ્યાનનો નિષેધ કર્યો નથી. સમજાણું કાંઈ? ધ્યાનથી નિર્જરા થાય એમ જ્યારે કહેવામાં આવ્યું, ત્યારે શિષ્યે પ્રશ્ન ઉઠાવ્યો કે ધ્યાન ઉત્તમ સંહનનવાળાને હોય એવો શાસ્ત્રમાં લેખ છે. ત્યારે (ઉત્તમ સંહનન) અત્યારે નથી તો અત્યારે ધર્મધ્યાન નથી? જે ઉત્તમ શ્રેણીને ધર્મધ્યાન કીધું .. સંહનનવાળાને એ ઉપશમ અને ક્ષપકશ્રેણી આઠમાની વાત છે. એને નીચે અહીંયાં હોય છે ધર્મધ્યાન એને ગમે તે સંહનન હોય તોપણ ધર્મધ્યાન થઈ શકે છે. ધર્મધ્યાન ન હોય તો અત્યારે ધર્મ જ હોય નહિ. સમજાણું?

'**રાગ-દ્વેષકે અભાવરૂપ ઉત્કૃષ્ટ યથાખ્યાતસ્વરૂપ સ્વરૂપાચરણ હી નિશ્ચયચારિત્ર હૈ, વહ ઈસ સમય પંચમકાલમેં ભરતક્ષેત્રમેં નહીં હૈ,...**' આત્મા તદ્દન સ્વરૂપમાં યથાસ્વરૂપ જેવું છે તેવું ઠરી જાય એને યથાખ્યાત ચારિત્ર કહે છે. એ અત્યારે નથી. '**ઈસલિયે સાધુજન અન્ય ચારિત્રકા આચરણ કરો.**' યથાખ્યાત નથી એટલે કાંઈ ધ્યાન નથી અને ધ્યાન નથી એટલે કાંઈ ચારિત્ર નથી એમ નથી. '**ચારિત્રકે પાંચ ભેદ હૈં, સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય, યથાખ્યાત. ઉનમેં ઈસ સમય ઈસ ક્ષેત્રમેં સામાયિક, છેદોપસ્થાપના યે દો હી ચારિત્ર હોતે હૈં,...**' સામાયિક અને છેદોપસ્થાપના બે ચારિત્ર અત્યારે મુનિઓને હોય છે. '**અન્ય નહીં, ઈસલિયે ઈનકો હી આચરો. તત્ત્વાનુશાસનમેં ભી કહા હૈ...**' લ્યો! હવે એ બીજી. રામસેન...

'**ઈસકા અર્થ ઐસા હૈ, કિ ઈસ સમય યથાખ્યાતચારિત્રકે આચરણ કરનેવાલે મૌજૂદ નહીં હૈં તો ક્યા હુઆ, અપની શક્તિકે અનુસાર તપસ્વીજન સામાયિક, છેદોપસ્થાપનાકા આચરણ કરો.**' એ સામાયિક તપસ્વી એટલે આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત, અનુભવ સહિત સ્વરૂપની સ્થિરતા અને છેદોપસ્થાપનનું ચારિત્ર કરો. યથાખ્યાત ચારિત્ર

નથી, ઉત્તમ સંહનન નથી માટે ધ્યાન નથી અને ચારિત્ર નથી એમ નથી. કહો, સમજાણું કાંઈ? '**ફિર શ્રીકુંદકુંદાચાર્યને ભી મોક્ષપાહુડમેં ઐસા હી કહા હૈ, કિ અબ ભી ઈસ પંચમકાલમેં મન, વચન, કાયકી શુદ્ધતાસે આત્માકા ધ્યાન કરકે...**' તિરયણ એવો અર્થ કર્યો. તિરયણ આવે છેને ... '**યહ જીવ ઈન્દ્ર પદકો પાતા હૈ,...**' કુંદકુંદાચાર્યના વખતે પોતે કહ્યું છે કે આ કાળમાં પણ ધર્મધ્યાન કરીને ઈન્દ્રપદને પામે છે. સમજાણું કાંઈ? એ વખતે ક્ષપકશ્રેણી હતી નહિ. કુંદકુંદાચાર્ય વખતે ક્ષપકશ્રેણી, ઉપશમશ્રેણી નહોતી. છતાં એ કાળે આત્માનું ધ્યાન કરીને ઈન્દ્રપદને પામે છે. કેવળજ્ઞાન નથી, યથાખ્યાતચારિત્ર નથી એટલે. પણ આત્મામાં શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની રમણતા કરતાં ઘણી નિર્જરા થાય છે. સાથે જરી રાગ ભાગ રહી જાય છે એનાથી પુણ્ય બાંધે અને એમાંથી ઈન્દ્રપદને પામે છે. સાચા ભાવલિંગી મુનિ કોઈ ઈન્દ્રપદને પામે, પંચમકાળમાં પણ પામે છે, એમ અહીંયા કહે છે. ઉત્તમ સંહનન નથી, યથાખ્યાત ચારિત્ર નથી, માટે ચારિત્ર અત્યારે નથી અને ઉત્તમ સંહનન નથી માટે ધ્યાન નથી એમ નહિ. સમજાણું કાંઈ? ધર્મધ્યાન છે અને સામાયિક, છેદોપસ્થાપના એમ બે ચારિત્ર છે એમ સિદ્ધ કર્યું. ચારિત્ર એટલે સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર હોં!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- સમભાવ સ્થિરતા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્રતા એ ધર્મધ્યાન છે.

કુંદકુંદાચાર્ય કહે છે ભાઈ! પંચમ કાળમાં ઉત્તમ સંહનન અત્યારે નથી-તે કાળે કુંદકુંદાચાર્ય હતા ત્યારે. એ વખતે યથાખ્યાત ચારિત્રનું સ્વરૂપ આચરણ નહોતું, પણ સામાયિક અને છેદોપસ્થાપના ચારિત્ર હતું અને ધર્મધ્યાન હતું. તો એ જે મરીને ઈન્દ્રપદને પામે. ભલે એ ભવમાં કેવળજ્ઞાન પામે નહિ, પણ આત્માના અનંત સ્વરૂપનું ધ્યાન કરતાં-કરતાં બાકી રહી ગયો રાગ, પુણ્યબંધ થઈ જાય, ઈન્દ્રમાં ચાલ્યા જાય અથવા લોકાંતિકદેવ થાય. પાંચમાં દેવ-લોકમાં લોકાંતિકદેવ છે. સમજાણું કાંઈ? એની આઠ સાગરોપમની સ્થિતિ છે, બ્રહ્મચારી દેવો છે. એને દેવીઓ હોતી નથી. લોકાંતિકદેવને દેવીઓ હોતી નથી એવા લોકાંતિકદેવ થાય. પંચમકાળના મુનિ પણ આમ કુંદકુંદાચાર્યે કહ્યું છે. આત્માનું ધ્યાન આનંદ જ્ઞાયકમૂર્તિ છું એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું ધ્યાન કરતા આ કાળે પણ ઈન્દ્રપદને, લોકાંતિકપદને પામે છે. નિર્જરા કરે છે એની શક્તિ છે. સમજાણું કાંઈ?

'**ઔર વહાંસે ચ્યુત હોકર મનુષ્યભવ ધારણ કરકે મોક્ષકો પાતા હૈ.**' પંચમકાળમાં પણ આત્માર્થી સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની વીતરાગ સ્વસંવેદન થોડું પ્રગટ્યું છે, વિશેષ પ્રગટ્યું નથી. તેથી એના ધ્યાનમાં રહી અને ત્યાંથી સ્વર્ગમાં જાય. ત્યાંથી મનુષ્યભવ ધારણ કરીને મોક્ષ

જાય. લ્યો! અહીં તો તરત જ વાત કરી, મનુષ્યભવ ધારણ કરીને મોક્ષ થાય. એકાવતારી થાય કેટલાક મુનિઓ એવી સ્થિતિ પણ પાંચમા આરામાં છે. સંહનન નથી અને બીજાું ઊંચું યથાખ્યાત ચારિત્ર નથી માટે આ ધ્યાનને આ ચારિત્ર છે એના ફળ તરીકે શુદ્ધિ છે અને બાકી રાગ રહી જાય એમાં ઈન્દ્રપદ અને લોકાંતિક થાય છે. ત્યાંથી દેવલોકમાંથી નીકળી મનુષ્યભવ પામી, મનુષ્યભવ ધારણ કરી યથાખ્યાતચારિત્ર પ્રગટ કરી કેવળ પામશે અને મોક્ષ જશે. કહો, સમજાણું કાંઈ?

'**અર્થાત્ જો ઈસ સમય પહલેકે તીન સંહનન તો નહીં હૈં,...**' પરંતુ ત્રણ સંહનન ઉપલા છે. '**ઈન તીનોંસે સામાયિક છેદોપસ્થાપનાકા આચરણ કરો,...**' ત્રણે સંહનનના સામાયિક સ્વરૂપની સ્થિરતાની શાંતિ એ સામાયિક હોં! સામાયિક એટલે શુભ વિકલ્પ એમ નહિ. શુદ્ધ જ્ઞાયક સ્વરૂપની દૃષ્ટિ કરીને એમાં સ્વરૂપની સ્થિરતારૂપી ચારિત્ર સામાયિકને કરો. એ સામાયિક અત્યારે ત્રણ સંહનન ભલે હલકા હોય એમાં પણ બની શકે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધુંને, આ ત્રણમાં ગમે ત્યાં કરી શકે. સમ્યગ્દર્શન કરી શકે, સમ્યગ્જ્ઞાન કરી શકે, સમ્યક્ચારિત્ર કરી શકે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંહનન ગમે તે હોય એનો ક્યાં પ્રશ્ન છે અહીં? સંહનનનું શું કામ છે અહીં?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ના, ના, ન ભલે હોય. ત્રણ હોયને, કીધા નહિ? ત્રણમાંથી ગમે એ હોય. એમાં શું છે? એની વાત ક્યાં અહીંયા છે. સંહનનની વાત નથી. અહીં તો કહે છે કે સંહનન હલકા હોય ત્રણ તોપણ સામાયિક ચારિત્ર આત્માનું ધ્યાન કરી શકે છે. અને એનાથી કાંઈ રાગ બાકી રહી જાય, ઈન્દ્રપદમાં જાય ન્યાંથી મનુષ્ય થઈને મોક્ષ છે. નથી શું કહે છે? ધ્યાન ઓલું કર્યું એ તો ઉત્કૃષ્ટ વાત.. ઉત્કૃષ્ટની વાત કરી. તત્ત્વાર્થસૂત્રમાં ઉત્તમ .. ચિંતાનિરોધો ધ્યાનં. એમ. સમજાણું?

'**ધર્મધ્યાનકો આચરો. ધર્મધ્યાનકા અભાવ છહોં સંહનનોંમેં નહીં હૈ,...**' દેખો! આત્માના શુદ્ધ ચૈતન્યના આનંદનું જ્ઞાનનું ધ્યાન છએ સંહનનમાં એનો નિષેધ નથી. છેલ્લામાં છેલ્લું સંહનન હોય તોપણ આત્માના આનંદનું ધ્યાન થઈ શકે, સમ્યગ્દર્શન થઈ શકે, સમ્યગ્જ્ઞાન થઈ શકે છે અને ચારિત્ર પણ થઈ શકે છે. '**શુક્લધ્યાન પહલેકે તીન સંહનનોંમેં હી હોતા હૈ, ઉનમેં ભી પહલા પાયા (ભેદ) ઉપશમશ્રેણીસંબંધી તીનોં સંહનનોંમેં હૈ, ઔર દૂસરા, તીસરા, ચૌથા પાયા પ્રથમ સંહનનવાલે હી કે હોતા હૈ, ઐસા નિયમ**

હૈ.' કહો, સમજાણું? **'ઈસલિયે અબ શુક્લધ્યાનકે અભાવમેં ભી હીન સંહનનવાલે ઈસ ધર્મધ્યાનકો આચરો. યહ ધર્મધ્યાન પરમ્પરાય મુક્તિકા માર્ગ હૈ,...'** એ કેવું ધર્મધ્યાન? આત્મા શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપના રાગ રહિત. એવા શુદ્ધ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા એને ધર્મધ્યાન નિશ્ચય કહે છે. સમજાણું કાંઈ? એ પરંપરા મુક્તિનો માર્ગ છે. જુઓ! આમાંથી કોઈ કાઢે તો, ઓલો શુભભાવ છે એ ધર્મધ્યાન અત્યારે છે. એ શુભભાવ પરંપરા મુક્તિનું કારણ છે. એમ નથી. શુભભાવ ખરું તો વ્યવહાર ધર્મધ્યાન છે. એ ધર્મધ્યાનના બે પ્રકાર, એમાં આત્માના શુદ્ધતાની એકાગ્રતા એ નિશ્ચય ધર્મધ્યાન. શુભવિકલ્પ રહે તેને વ્યવહાર ધર્મધ્યાન કહે છે. એકલો વ્યવહાર ધર્મધ્યાન હોય અને એનાથી સંસારનો નાશ થાય એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'સંસારકી સ્થિતિકા છેદનેવાલા હૈ.'** જુઓ ભાષા આવી ભાઈ! એ સંસારની સ્થિતિનું છેદવાવાળુ. અનંતુ .. સંસારની સ્થિતિ છેદે છે. ધર્મધ્યાનમાં આત્મજ્ઞાન આદિ, શ્રદ્ધા આદિ સ્થિરતા છે અને કાંઈક શુભ રાગ છે. તો શુભાશુભ પરિણામની ... થાય છે અને શુભભાવમાં કાંઈ કર્મની સ્થિતિ ઘટે છે. ઘટે. શુભભાવથી સ્થિતિ પાપની ઘટે. .. છેદાય એવું શાસ્ત્રમાં આવે. તેથી એકલા શુભભાવમાં અનંત સ્થિતિ ઘટી જાય.. સમજ્યાને? અનંત સ્થિતિ છે જ નહિ પણ ખરેખર તો. સ્થિતિ અનંત છે ક્યાં? અસંખ્યભવની જ સ્થિતિ છે. અસંખ્ય ભવ શું? અસંખ્ય વર્ષની. ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની કર્મની સ્થિતિ હોય. વધારે કર્મની સ્થિતિ ન હોય. ૭૦ ક્રોડાક્રોડી. સાત ચોવીસી અડધી. સાડા ત્રણ ચોવીસી. ૨૦ ક્રોડાક્રોડીની છેને ચોવીસી? એક અવસર્પિણી એવી સાત અવસર્પિણી લેવી લ્યો! અવસર્પિણી, ઉત્સર્પિણી ભેગી કરો તો (એવી) સાડા ત્રણ. એટલો કર્મની સ્થિતિનો કાળ છે, વધારે કાળ છે નહિ.

**'જો કોઈ નાસ્તિક ઈસ સમય ધર્મધ્યાનકા અભાવ માનતે હૈં,...'** જે કોઈ નાસ્તિક કહે કે ના, અત્યારે ધર્મધ્યાન હોતું નથી. અંદરનું ધ્યાન એકાગ્ર હોતું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? જો એ કહે છે ભાઈ આમાં. ઓલા શુભભાવની નહિ. ધર્મધ્યાન નથી અત્યારે, કહે છે. ધર્મ એટલે આત્માના શુદ્ધતાની એકાગ્રતા છે જ નહિ અત્યારે. એકલો શુભભાવ જ છે. એમ નથી, એમ કહે છે હવે. સમજાણું કાંઈ? એકલો શુભભાવ તો પુણ્યબંધનું કારણ છે. પાપની સ્થિતિ ઘટાડે, સંસારનો છેદ ન કરી શકે. સંસાર છેદ તો આત્મા જ્ઞાનાનંદમૂર્તિ પ્રભુ પુણ્ય-પાપના વિકલ્પ રહિત એની અંતરનું ધ્યાન, દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા એ ધ્યાન જ સંસારનો છેદ કરી શકે. સમજાણું કાંઈ?

**'જો કોઈ નાસ્તિક ઈસ સમય ધર્મધ્યાનકા અભાવ માનતે હૈં,...'** એ ધર્મધ્યાન એટલે આ કહેવા માગે છે. શુભભાવ નથી એમ કોણ કહે? સમજાણું? પણ ધર્મધ્યાન એટલે

આત્માની શુદ્ધતાનું ધ્યાન જ નથી અત્યારે. એ ક્ષપકશ્રેણી શુક્લધ્યાન હોય અને પહેલું સંહનન હોય તો જ આત્માની શુદ્ધતાનું ધ્યાન હોય એમ કોઈ કહેતા હોય તો એને નાસ્તિક કહ્યા છે અહીંયા. સમજાણું કાંઈ? આત્મા પુણ્ય-પાપ વિનાનો, વિકલ્પ વિનાની નિર્વિકલ્પ ચીજ છે. એનું નિર્વિકલ્પ ધ્યાન, શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાનો અંશ. એ ધર્મધ્યાન અત્યારે નથી આવું એમ કહે તો નાસ્તિક છે. એ ધર્મધ્યાન... સમજાણું કાંઈ?

**'વે જૂઠ બોલનેવાલે હૈં,...'** શુભભાવનું ધર્મધ્યાન નથી એમ તો કોણ કહે? શુભભાવ તો ઘણા કહે છે, બધા છે, પણ એ શુભભાવ ખરું ધર્મધ્યાન નથી. ધર્મી એવો આત્મા અખંડાનંદ જ્ઞાનમૂર્તિ એનું અંતર ધ્યાન તેને ધર્મધ્યાન કહે છે. શુક્લધ્યાનમાં ઘણી ઉજ્જ્વળતાની એકાગ્રતા ઘણી છે. આમાં ઉજ્જ્વળતા થોડી અને એકાગ્રતા થોડી છે. પણ છે તો આત્માનું જ ધ્યાન. ધર્મધ્યાન એ કાંઈ એકલો શુભભાવ નથી એમ કહેવા માગે છે. ધર્મધ્યાન નથી એટલે ઓલા કહે શુભભાવ એ ધર્મધ્યાન. એને માટે કોણ ના કહે? પણ એમ કે અત્યારે શુભભાવ જ છે. બસ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા શુભભાવ છે, ધર્મધ્યાન નથી. એને ધર્મધ્યાન કહેવા માગે છે, એમ નથી. પણ એ શુભભાવ છેદે છે એમ કહે છે. શુભભાવ મોહનીય કર્મને છેદે છે અને શુદ્ધ ઉપયોગ પછી ઘાતી છેદે છે ઘાતીને. કેવળજ્ઞાન પામે છે એમ કહે છે. ભારે ઉંધું.

એ માટે અહીં આચાર્ય કહે છે. ધર્મધ્યાન અત્યારે નથી એમ કહે એ નાસ્તિક છે, જૂઠાબોલા છે. ઈ ધ્યાન કેવું ધ્યાન? શુભભાવનું? એય..! માસ્તર! આટલું જાણપણા વિનાના માણસો, એમાં પછી જે સામે માને દીધે રાખે એ માને. ખબર ન મળે કે શું ચીજ છે. સ્વાધ્યાય ઘટી ગઈ, જાણપણા ઘટી ગયા. શુગનચંદજી! ડૉક્ટરે પાછું નાખ્યું બીજે. અહીં તો કહે છે કે એ સમજનાર હોય એને સમજવામાં આવે તો એને ખબર પડેને કે આ શું સાચું કહે છે, ખોટું કહે છે. ધર્મધ્યાન નથી? ત્યારે કહે છે, છે. ક્યો? કે આ શુભભાવ એ ધર્મધ્યાન. એ નહિ. એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અંતર આત્માની એકાગ્રતા શુદ્ધતાની નથી એમ કહે તે ધર્મધ્યાન નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એમ કે શુક્લધ્યાનમાં જ આત્માની શુદ્ધતાનું ધ્યાન હોય અને નીચે શુદ્ધતાનું ધ્યાન ન હોય. એ માટે શ્લોક છે આ. સમજાણું કાંઈ? અટકાવ્યું છે અહીં આમ જરીક સમજવા માટે. ઓલું લાંબુ-લાંબુ લઈ ગયા બધું એક સાથે. અહીં સમજવાની વાત અહીં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સમજાવનાર નથી, પણ સમજનાર હોય સરખા તો એને ખ્યાલમાં આવે ને કે આ સાચી છે કે આ વાત ખોટી છે. કોઈ કહે કે શુભભાવરૂપી ધર્મધ્યાન અત્યારે

છે, બીજું આત્માની શુદ્ધતાનું નથી. તો ઓલા કહે કે શુભભાવનું ધર્મધ્યાન છે એ તો અનાદિથી શુભભાવ છે. એમાં નવું ધર્મધ્યાન ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? એમ ખ્યાલવાળો હોય તો કહે શુભભાવ એ ધર્મધ્યાન છે. શુભભાવ તો અભવીને પણ હોય છે. શુભભાવ તો નવમી ગ્રૈવેયક ગયો અનંત વાર મુનિવ્રત ધારીને એને પણ હતો. તો આ ધર્મધ્યાન અત્યારે છે એ કાંઈ બીજી જાત છે. શુભભાવથી બીજી જાત છે.

શુક્લધ્યાનનો નિષેધ કહ્યો પણ શુક્લધ્યાનની શુદ્ધતાની જે ઉગ્રતા એમાં એ શુદ્ધતાની થોડી દશા પણ અત્યારે છે એમ સિદ્ધ કરવું છે. શુભભાવને અહીં નથી સિદ્ધ કરવો. શુક્લધ્યાનમાં ઉત્તમ સંહનનમાં ખુબ શુદ્ધતા (હોય). ચિદાનંદ સ્વરૂપની ખુબ શુદ્ધતા (હોય). માટે ખુબ શુદ્ધતા નથી માટે અત્યારે એકલો શુભભાવ જ છે અને શુદ્ધતાનો અંશ નથી એને એમ કહે છે કે ધર્મધ્યાન નથી એમ કહેનારા નાસ્તિક અને જૂઠાબોલા છે. સમજાણું કાંઈ? એ માટે તો આ બધી વાત માંડી છે અહીં આટલું આટલું કહેવા. તત્ત્વાર્થસૂત્રમાં આમ છેને. ઉત્તમ સંહનન એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં. પણ એ તો ઉત્કૃષ્ટ .. સૂત્ર છે અને શુક્લધ્યાનની અપેક્ષાએ છે. ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી. પણ અત્યારે ધર્મધ્યાન છે એ ઉત્કૃષ્ટ જે શુક્લ છે ઉત્કૃષ્ટ શુક્લ શુદ્ધ એ માંહ્યલી જાત અત્યારે થોડી છે. થોડી છે એમ અહીં સિદ્ધ કરવું છે. એ શુદ્ધતા થોડી નથી એમ કોઈ કહે અને એકલો શુભભાવ જ કહે એ ધર્મનો નાસ્તિક છે, એને ધર્મની ખબર નથી. જૂઠાબોલા છે એમ કહે છે. એય..! શુગનચંદજી! ક્યાં હતી, એમને એમ ચાલે જાય. આ કરો ધર્મધ્યાન, આ ધર્મધ્યાન. શું ધર્મધ્યાન પણ?

મુમુક્ષુ :- શુભભાવ.

ઉત્તર :- શુભભાવ તો અનંત વાર થયો. એ ધર્મધ્યાનનો નિષેધ કરવો છે અહીંયા? સમજાણું? એ ધર્મધ્યાનને અહીં સ્થાપન કરવું છે? શુભભાવરૂપી ધર્મધ્યાનને અહીં સ્થાપન કરવું છે? એ આવ્યું છેને પણ? એનો અર્થ થયો (કે) શુક્લધ્યાનમાં જે શુદ્ધતા અને સ્વરૂપ આચરણ સ્થિરતાને જે ચારિત્ર જોઈએ એ નથી. પણ એ પાંચ કીધુંને? યથાખ્યાત સ્વરૂપ ચારિત્ર અને એમાં જે શુદ્ધતાની ઉગ્રતા જોઈએ તે નથી. એ માંહ્યલો અંશ અત્યારે બિલકુલ નથી થોડો એમ કહેવા માગે છે મૂળ તો. સમજાણું કાંઈ? એટલે થોડો છે એથી એની સાથે રાગભાગ રહી જાય છે. રાગભાગને લઈને પછી સ્વર્ગનું આયુષ્ય બંધાય એમ સિદ્ધ કરવું છે અહીં. સમજાણું કાંઈ? જમુભાઈ! ભારે વાંધા ઉઠે છે.

મુમુક્ષુ :- અર્થફેર...

ઉત્તર :- અર્થફેર આખા ઊંધા જ અર્થ. કાંઈ મેળ હોવો જોઈએ કે નહિ? શુભભાવ... ધર્મધ્યાન હોય તો શુભભાવ તો અનંત વાર થયો છે. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો છે.

પણ સમ્યગ્દૃષ્ટિ એટલે શું ત્યારે? સમ્યગ્દૃષ્ટિ એટલે શું? શુભભાવ એ સમ્યગ્દર્શન છે? શુભભાવ તો રાગ છે.

મુમુક્ષુ :- શુભભાવથી થાય ખરીને.

ઉત્તર :- શું થાય? ધૂળ થાય શુભથી? શુભથી પુણ્ય બંધાય. એક અંશ પણ અશુદ્ધતાનો નાશ શુભભાવથી થાય નહિ. શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક સ્વભાવ એવો શુદ્ધ સ્વભાવ એને વિષય બનાવે દર્શન, જ્ઞાન એનાથી શુદ્ધિ પ્રગટે એ નિર્જરાનું કારણ છે. એને અહીંયાં ધર્મધ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ઈસ સમય ધર્મધ્યાન હૈ,...**' એ ધર્મધ્યાન ક્યું સિદ્ધ કરવું છે અહીંયા? શુભભાવ? '**શુક્લધ્યાન નહીં હૈ.**' શુક્લધ્યાન નથી. ધ્યાનની ઉત્કૃષ્ટતાનું આચરણ અને ઉત્કૃષ્ટ ધ્યાન એમ. આચરણ એટલે યથાખ્યાત ચારિત્ર અને ઉત્કૃષ્ટ ધ્યાન એ બે નથી. પણ નિત્યનું ધર્મધ્યાન અને સામાયિક, છેદોપસ્થાન ચારિત્ર એ બે સિદ્ધ કરવા છે અહીંયા અત્યારે. એ ચારિત્ર કાંઈ શુભભાવનું નથી ચારિત્ર. ચારિત્ર સામાયિક શબ્દ એ પણ શુદ્ધતાનું આચરણ છે. પણ ઓલું યથાખ્યાત ચારિત્રનું જે આચરણ સ્થિરતા, શુદ્ધતા છે એટલી અત્યારે નથી. યથાખ્યાત સ્વરૂપના આચરણનું ચારિત્ર છે તે નથી, પણ એ માંહ્યલું સ્વરૂપ આચરણ એ જાતનું સામાયિક ને છેદોપસ્થાપના નામનું સ્વરૂપનું ચારિત્ર છે એમ સિદ્ધ કરવું છે. કાંઈ શુભભાવ સિદ્ધ કરવો છે સામાયિક શુભભાવ? ભાઈ! સમજાણું ને? સામાયિક છેદોપસ્થાપના શુભભાવ સિદ્ધ કરવો છે? યથાખ્યાતમાં શુદ્ધ અને અહીં શુભ? એમ શુક્લધ્યાનમાં ...

યથાખ્યાત ચારિત્રમાં ઘણી શુદ્ધતા અને સામાયિક શબ્દે થોડી શુદ્ધતા, પણ જાત તો એની છેને? એમ શુક્લધ્યાનમાં ઘણી ઉગ્રતા, એકાગ્રતા. ધર્મધ્યાનમાં થોડી, પણ એકાગ્રતા સ્વની એકાગ્રતા છે કે પરની અહીંયા? સમજાણું કાંઈ? લ્યો! આ મોટો વાંધા છે માટે આ જરી છંછેડાય છે હોં! અત્યાર સુધી બધું લઈ ગયા એક સાથે. કારણ કે ઓલી જાણવાની વાત હતી.

અહીંયા ભગવાન ઉમાસ્વામી કહે છે કે ઉત્તમ સંહનનવાળાને ધ્યાન હોય. એવો પ્રશ્ન શિષ્યે કર્યો કે મહારાજ! તમે ધ્યાન પંચમકાળમાં કહો છો, પણ શાસ્ત્રમાં તો ઉત્તમ સંહનનવાળાને ધ્યાન કહ્યું છે. ભાઈ! ઉત્તમ સંહનનવાળાને કહ્યું છે એ શુક્લધ્યાનની અપેક્ષાએ કહ્યું છે. પણ અત્યારના ધર્મધ્યાનની અપેક્ષામાં કોઈ પણ સંહનનમાં ધર્મધ્યાન હોઈ શકે છે. એ ધર્મધ્યાન શુદ્ધતાના ધર્મધ્યાનની વાત છે. સમજાણું કાંઈ? અને યથાખ્યાતનો નિષેધ કર્યો. સામાયિક છેદોપસ્થાપના શુદ્ધતાનું આચરણ, આત્માનું સમ્યગ્દર્શન અનુભવ અને સ્વરૂપના સ્થિરતાનું આચરણ એવું સામાયિક અત્યારે હોઈ શકે છે, એનો કાંઈ નિષેધ ભગવાને કર્યો નથી. કહો,

સમજાણું આમાં?

મુમુક્ષુ :- ચારિત્ર ક્યાં છે?

ઉત્તર :- ચારિત્ર કીધુંને. સામાયિક શબ્દ નથી? ચારિત્ર વગર મુનિ શેના? અને સમ્યગ્દર્શન ન હોય તો ચારિત્ર શેના? સમ્યગ્દર્શન આત્માનો વિષય હોયા વિના સમ્યગ્દર્શન હોય નહિ. સમજાણું કાંઈ? શુભભાવ છે એ તો પર વિષય છે. આત્મા અખંડ જ્ઞાનાનંદમૂર્તિ અનંત ગુણનો પિંડ પ્રભુ એને લક્ષમાં, વિષયમાં લક્ષમાં લઈને જે દર્શન થાય એને સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દર્શન શુભાશુભ પરિણામથી રહિત છે, વીતરાગી પર્યાય છે. એમાં એકાગ્રતા જે થાય છે એને ધર્મધ્યાન કહે છે. તેથી કહ્યું કે ભાઈ! જુઓ, શુક્લધ્યાન હોય તો તો તદ્દભવે કેવળજ્ઞાન પામે. અને શુક્લધ્યાન નથી, વજ્રનારાચસંહનન નથી, પણ ધર્મધ્યાન છે, સામાયિક છેદોપસ્થાપન અને આત્મધ્યાનની સ્થિરતા છે તો એ મરીને મોક્ષ નહિ જાય. કારણ કે શુદ્ધતાની એકાગ્રતા થોડી છે. સમજાણું કાંઈ? ચારિત્ર પણ સ્વરૂપ આચરણનું ચારિત્ર સામાયિક, છેદોપસ્થાપના છે માટે મરીને સ્વર્ગમાં જશે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જશે એમ વાત સિદ્ધ કરે છે એ તો. સમજાણું કાંઈ? છોટાભાઈ! આહા..! કેમ કરવું? કેવી રીતે કરે છે કાંઈ ખબર પડતી નથી.

આ વાતને સિદ્ધ એ માટે કરે છે. તત્ત્વાનુશાસનનો દાખલો આપ્યો બેય. રામસેન અને બેય, હોં. બેય છેને? એક ગાથા ૮૪, એક ગાથા ૬. તત્ત્વાનુશાસનમાં તત્ત્વની શીખામણ જ્યાં આપી એ તત્ત્વાનુશાસનમાં એમ કહ્યું કે ભાઈ! સંહનન અત્યારે તીવ્ર નથી, પણ એથી કરીને ધર્મધ્યાન નથી એમ નથી. એ બે દાખલા એ આપ્યા અને એક દાખલો કુંદકુંદાચાર્યનો આપ્યો. ત્રણનો દાખલો આપીને યોગીન્દ્રદેવનું કહેલું અહીંયાં સિદ્ધ કરે છે. ભાઈ! તું ભરમા મા. ઉત્કૃષ્ટ શુક્લધ્યાન નથી, ઉત્કૃષ્ટ સંહનન નથી માટે આત્માની સિદ્ધિની શ્રદ્ધાનું જ્ઞાનનું ધ્યાન નથી એમ ન માન. સમજાય છે કાંઈ? એમ કહે છે. સમજાણું? એકલો અત્યારે આ અશુભભાવને છોડીને શુભભાવ થાય એટલી ... છે. એમ નથી, એ કાંઈ નવું નથી. અહીં તો નવું ધર્મધ્યાન કહેવું છે. શુક્લધ્યાનની હોડવાળું એટલું કહેવું છે અહીં તો. આહા..! યથાખ્યાતની હોડવાળું અહીં સામાયિક છેદોપસ્થાપના છે. ઓલું ઉત્કૃષ્ટ છે અહીં તો ઓલું છે. એટલો ફેર પાડવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૩૬મી ગાથા.

સાર આ કહ્યો છેલ્લો. હોં! ધર્મધ્યાન અને સામાયિક, છેદોપસ્થાનચારિત્ર. ધ્યાનની અપેક્ષાએ ધર્મધ્યાન, ચારિત્રની અપેક્ષા ... શુક્લધ્યાનમાં ધ્યાનની અપેક્ષાએ ઉગ્રતા શુદ્ધતા અને ચારિત્રની અપેક્ષાએ યથાખ્યાત. એ બરાબર છે. એ બેય વાત બરાબર છે. સમજાણું કાંઈ? આત્મા પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો શુદ્ધ એવી દૃષ્ટિ અને ધ્યાન ન હોય તો ધર્મધ્યાન જ નથી

એમ કહેનારા એમ કહે છે. એવું ધર્મધ્યાન નથી એમ માનનારા નાસ્તિક છે, જૂઠાબોલા છે એ તત્ત્વને સમજતા નથી એમ કહે છે અહીંયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે થાય છે—એક નિશ્ચય ધર્મધ્યાન અને વ્યવહાર ધર્મધ્યાન. શુદ્ધતા છે એકાગ્રતા એ નિશ્ચય ધર્મધ્યાન અને વિકલ્પ શુભ આવે એને આરોપ કરીને વ્યવહારનું નિમિત્ત કરીને વ્યવહાર ધ્યાન કહેવાય છે. એ પુણ્યબંધનું કારણ છે, નિશ્ચય ધર્મધ્યાન એ સંવર-નિર્જરાનું કારણ છે. આમાં તો સીધી વાત છે આમાં ક્યાં... ભીખાભાઈ! કેમ છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેલ્લું એક આવ્યું. આ તો આ વાત છે એમ એણે નક્કી કરવું જ જોઈએ, એમ એણે નક્કી કરવું. એમ.

'**આગે જો મુનિરાજ સુખ-દુઃખકો સહતે હુએ સમભાવ રખતે હૈં, અર્થાત્ સુખમેં તો હર્ષ નહીં કરતે, ઔર દુઃખમેં ખેદ નહીં કરતે, જિનકે સુખ-દુઃખ દોનોં હી સમાન હૈં,...**' સંયોગ હોં! અંદર સંકલ્પ-વિકલ્પ નહિ, સંયોગો હોય અનુકૂળ પ્રતિકૂળ (પણ) ધર્મધ્યાનમાં ધર્માત્મા સમભાવે રહે છે. એને અનુકૂળ પ્રતિકૂળતામાં રાગ-દ્વેષ થતો નથી. '**વે હી સાધુ પુણ્યકર્મ-પાપકર્મકે સંવર (રોકને) કે કારણ હૈં,....**' દેખો! જેને આત્માની દૃષ્ટિએ સમ્યગ્દર્શન થયું છે એ ઉપરાંત એટલો સમભાવ થયો છે કે અનુકૂળ-પ્રતિકૂળ પૂર્વના કોઈ કર્મને લઈને સંયોગો હોય, એ અનુકૂળમાં હરખ નથી અને પ્રતિકૂળતામાં શોક નથી. એવો સમભાવ છે એને ખરેખર પુણ્ય-પાપની નિર્જરા થાય છે. સમજાણું કાંઈ?

૧૬૩) **बिण्णि वि जेण सहंतु मुणि मणि सम-भाउ करेइ।**
**पुण्णहँ पावहँ तेण जेय संवर-हेउ हवेइ।।३७।।**

અહીં પંચમ કાળમાં પણ આવું થઈ શકે છે એ વાત હવે સિદ્ધ કરે છે. સમજાણું? '**જિસ કારણ 'द्वे अपि सहमानः' સુખ દુઃખ દોનોંકો હી સહતા હુઆ...**' સુખ-દુઃખનો અર્થ વિકલ્પ નહિ, અનુકૂળ પ્રતિકૂળ સંયોગ હો. સમ્યગ્દૃષ્ટિ કદાચિત સહન કરી શકે નહિ તેને રાગ-દ્વેષની વૃત્તિ થાય છે. અહીંયાં તો સમભાવમાં મુનિ રહેલાની વાત લેવી છે. સમ્યગ્દૃષ્ટિને આત્મદર્શન હોવા છતાં, જ્ઞાન હોવા છતાં અનુકૂળ પ્રતિકૂળતાને કારણે નહિ, પણ એના પ્રસંગમાં જરી રાગ અને હરખ-શોક થઈ આવે નબળાઈને લઈને. એ આ સમભાવી મુનિને હોતું નથી એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એણે સમભાવ પ્રગટ કર્યો છે એ સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાની. આ મુનિની વ્યાખ્યા. '**मुणि**' છેને, જાણવું. પોતાનું આત્મજ્ઞાન શુદ્ધ ચૈતન્ય સ્વભાવ પુણ્ય-પાપના રાગ રહિત એનું આત્માનું જેને સ્વ પોતાનું વેદન પ્રત્યક્ષ

થયું છે. સમજાય છે કાંઈ? એને મુનિ કહેવામાં આવે છે. ....

'**નિશ્ચિત મનમેં સમભાવકો ધારણ કરતા હૈ,...**' ચિંતા જ નથી. અનુકૂળ પ્રતિકૂળ હો એને કારણે હો. અંદરમાં હરખ અને શોકનો વિકલ્પ જ જેને નથી. એવો સમભાવ સમ્યગ્દર્શનપૂર્વક, અનુભવપૂર્વક એવો ભાવ જેણે પ્રગટ કર્યો છે. '**અર્થાત્ રાગ, દ્વેષ, મોહ રહિત સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ પરિણમન કરતા હૈ,...**' એ રાગ, દ્વેષ અને મોહ રહિત સ્વભાવિક શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ. જ્ઞાનાનંદ એકરૂપ છેને એનો સ્વરૂપ અર્થ કર્યો. '**સ્વભાવિક શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ પરિણમન કરતા હૈ,..**' સહજ આત્મા સહજ જ્ઞાન એકરૂપ. સ્વસંવેદનની વ્યાખ્યા આવી ગઈ છે આપણે પહેલી. ચોથેથી માંડીને સ્વસંવેદન (હોય છે). સમજાણું કાંઈ? આ સ્વસંવેદન છઠ્ઠા, સાતમાની વાત છે અહીંયાં. મુનિની વાત છે. એમ નહિ કે ઉપલાની વાત છે એમ નથી એમ મારું કહેવું છે અહીંયાં. પણ પ્રત્યક્ષ જ્ઞાની કીધોને? એટલે કોણ જાણે કે પ્રત્યક્ષ જ્ઞાની એટલે આઠમે થઈ જાય, નવમે થઈ જાય. એમ નથી.

'**શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ પરિણમન કરતા હૈ,...**' ભગવાન આત્મા એકલો જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ આત્મા છે એવી દૃષ્ટિ થઈ છે નિર્વિકલ્પ, એ ઉપરાંત જેને અનુકૂળ પ્રતિકૂળતામાં હરખ, શોકની વૃત્તિનું ઉત્પન્ન થવું નથી અને આનંદમાં શુદ્ધમાં પરિણમન કરી રહ્યો છે. અતીન્દ્રિય આનંદની સમભાવી પરિણતિ છે. '**વિભાવરૂપ નહીં પરિણમતા,...**' એ હરખ-શોકના વિકલ્પરૂપે થતો નથી, આ મુનિ. '**ઈસી કારણ હે જીવ, વહ મુનિ 'पुण्यस्य पापस्यसंवरहेतुः'...**' લ્યો! એ પુણ્ય અને પાપનો સંવર હેતુ છે. જેને શુભ અને અશુભ બેય રોકાણા છે. એવી દશાને સંવરવંત સામાયિક અને છોદોપસ્થાનીયવંત ચારિત્ર કહેવામાં આવે છે. '**સહજમેં હી પુણ્ય ઔર પાપ દોનોંકે સંવરકા કારણ હોતા હૈ.**' લ્યો! એ આત્માની શ્રદ્ધા સમ્યગ્દર્શન, સ્વસંવેદનજ્ઞાન એ ઉપરાંત સમભાવ એમાં છે. એને શુભ અશુભ કર્મો રોકાઈ જાય છે. એને સંવર થાય છે. કાંઈ શુભ પરિણામથી સંવર થાય છે એમ નહિ. શુભ પરિણામ પોતે આસ્રવ છે. સમજાણું કાંઈ? અહીં તો બીજો ભાગ છેને? સમભાવની વાત ઉપાડી છે. અભેદ રત્નત્રયની વાત ચાલે છેને આ? અભેદરત્નત્રય એટલે આઠમા ગુણસ્થાનની વાત ચાલે છે આ બધી? ઉપલાની હોય તો અત્યારે કામ શું હોય? સમજાણું? મુનિને કહ્યું કે હે મુનિ! આવું આચરણ કરો, ધર્મધ્યાન કરો, સામાયિક છેદોપસ્થાન કરો એમ કહે છેને? બહુ વાત ઝીણી.

આત્મા અંદર ધ્રુવ પૂર્ણ શુદ્ધનો પિંડ પ્રભુ. એનું અંતર દર્શન, જ્ઞાન અને લીનતાનું ધ્યાન કરો (તો) પુણ્ય-પાપ રોકાઈ જશે. પુણ્ય-પાપના સંવરનું એ જ કારણ છે, બીજું કોઈ કારણ

નથી. વાત એવી પડે મોંઘી એટલે પછી રસ્તો સોંઘો ગોતવા માંડે. એ સોંઘો પડે મોંઘો. એ પછી આમ ઊંધું પડે ઊંધું. વખત જાય. શ્રદ્ધા તો કર કહે છે, શ્રદ્ધા તો કર. શ્રદ્ધા તો કર દર્શનશુદ્ધિની. આત્મા એ પુણ્ય-પાપને રોકે તેટલો સંવર છે. જેટલો પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ બધા આસ્રવ છે. સમજાણું કાંઈ? એ પુણ્યબંધનનું કારણ છે, એ ધર્મ-બર્મ નથી. નિશ્ચયધર્મ હોય તો એને અહીં શુભ પરિણામને વ્યવહાર ધર્મ કહેવાય. આત્માનું અંતર નિર્વિકલ્પ દર્શન, સ્વસંવેદનજ્ઞાન, સ્વરૂપની સ્થિરતા હોય તો એ શુભભાવને વ્યવહાર ધર્મ કહેવાય, ઓલો નિશ્ચય હોય તો. સ્વ આશ્રય વિના પર આશ્રયને આરોપ દેનારું જ્ઞાન પ્રગટ્યા વિના કોણ એને વ્યવહાર કહે? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- કર્મકે ઉદયસે સુખ-દુઃખ ઉત્પન્ન હોને પર...**' લ્યો! મુનિઓને, ધર્માત્મા આત્માની દૃષ્ટિ અનુભવની થઈ છે, આનંદસ્વરૂપ આત્મા છે એવું ભાન છે અને કર્મના ઉદયથી બાહ્યમાં અનુકૂળ, પ્રતિકૂળ સંયોગ આવે. '**ઉત્પન્ન હોને પર ભી જો મુનિશ્વર રાગાદિ રહિત મનમેં શુદ્ધ જ્ઞાનદર્શનસ્વરૂપ અપને નિજ શુદ્ધ સ્વરૂપકો નહીં છોડતા હૈ,...**' દેખો! અનુકૂળ-પ્રતિકૂળ હોવા છતાં મનમાં કેવો આત્મા? કે શુદ્ધ જ્ઞાનદર્શનસ્વરૂપ અપને નિજ શુદ્ધ સ્વરૂપ. એ આત્માની વ્યાખ્યા કરી. કેવો છે ભગવાન આત્મા? શુદ્ધ જ્ઞાન, શુદ્ધ દર્શનસ્વરૂપ, નિજ શુદ્ધ સ્વરૂપ એમ પાછું. ભગવાનનું શુદ્ધ સ્વરૂપ નહિ. શુદ્ધ જ્ઞાનદર્શનસ્વરૂપ અપને નિજ શુદ્ધ સ્વરૂપ. મુનિરાજ આત્માના સમ્યગ્દર્શન જ્ઞાન સહિતમાં આવી શાંતિ અને સમભાવને શુદ્ધ સ્વરૂપને છોડતા નથી. અંતરમાં શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... સમજાણું કાંઈ?

'**વહી પુરુષ અભેદનયકર દ્રવ્ય ભાવરૂપ પુણ્ય-પાપકે સંવરકા કારણ હૈ.**' આવો આત્મા એને પુણ્ય-પાપના રજકણો પણ નથી અને ભાવ પણ નથી. '**દ્રવ્ય ભાવરૂપ પુણ્ય-પાપકે સંવરકા કારણ હૈ.**' સમજાણું કાંઈ? આત્મા આસ્રવ પુણ્ય-પાપ વિનાનો છે એવી પ્રથમ અનુભવની દૃષ્ટિ થયા પછી, સ્વરૂપમાં પૂર્વના પાપને લઈને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ હોય (છતાં) એને હરખ, શોક થાય નહિ અને સમભાવરૂપે પરિણમે. શુદ્ધ સ્વરૂપને ન છોડે એને પુણ્ય-પાપ રોકાઈ જાય છે. દ્રવ્ય રજકણો પણ ન આવે અને ભાવ પણ શુભાશુભ હોતા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મામાં થાય. અપાસરામાં શું થાતું હતું? આત્મામાં થાય કે અપાસરામાં થાય કે દેરાસરમાં થાય? આત્મામાં થાય એમ કહે છે અહીં. એમ કે ઓલો સંવર કીધોને પુણ્ય-પાપને રોકવાનો ત્યાં અપાસરામાં થાયને હાથ જોડીને એમ કહે છે. એ બધું કર્યું છેને

એણે થોથા એવા. કંઈકને આપ્યા હશે પૈસા-બૈસા, ઢીંકણું-ફીંકણું. પોષા કર્યા અને સામાયિક કર્યા. શું કહેવાય? પંચરંગી. આ ભગવાન આત્મા શુદ્ધનો રંગ લાગે અને એના રંગમાં સ્થિર થાય એને ધર્મધ્યાન કહે છે. બાકી બધી વાતું છે. શુભભાવ હો, પુણ્ય બંધાય, હોય છે. કાંઈ નથી હોતું એમ નહિ, પણ એનું ફળ પુણ્ય છે. સમજાણું કાંઈ? સંવર અને નિર્જરા. ભગવાન તદ્દન પુણ્ય-પાપના ભાવ વિનાનો એની અનુભવની દૃષ્ટિપૂર્વક સ્થિરતા, શાંતિ અને સમભાવ કરે એને પુણ્ય-પાપના ભાવ અને કર્મ રોકાઈ જાય. કહો, સમજાય છે કે નહિ? એ ૩૭ કીધી.

૩૮. '**આગે જિસ સમય...**' જિસ સમય એમ શબ્દ છેને. '**यावन्तं कालं**' એમ શબ્દ છે. '**જિતને કાલ તક રાગાદિ રહિત પરિણામોંકર...**' આત્મા પુણ્ય-પાપના વિકલ્પ રહિત જેટલો '**નિજ શુદ્ધાત્મસ્વરૂપમેં તન્મય હુઆ ઠહરતા હૈ,...**' નિજ ભગવાન જ્ઞાનાનંદમૂર્તિ શુદ્ધ પવિત્ર આત્મા એમાં તન્મય એકાકાર થઈને ઠરે છે. '**તબ તક સંવર ઔર નિર્જરાકો કરતા હૈ,...**' ત્યાં સુધી. જ્યાં સુધી આમ રહે ત્યાં સુધી સંવર નિર્જરા કરે એમ કહેવું છે. '**यावन्तं कालं तावन्तं कालं**' એમ બે શબ્દ પડ્યા છેને? શું કહે છે? જેટલો કાળ આત્મા પોતાના શુદ્ધ આનંદકંદની દૃષ્ટિ સહિતમાં ઠરે છે એટલો કાળ એને પુણ્ય-પાપના પરિણામ રોકાય છે. વળી જ્યાં વિકલ્પ ઉઠ્યો અને શુભભાવ આવ્યો એટલું પુણ્ય થાય. સમજાણું કાંઈ? '**ઐસા કહતે હૈં—**'

**૧૬૪) अच्छइ जित्तिउ कालु मुणि अप्प-सरूवि णिलीणु।**
**संवर-णिज्जर जाणि तुहुँ सयल-वियप्प-विहीणु।।३८।।**

'**મુનિરાજ જબતક આત્મસ્વરૂપમેં લીન હુઆ રહતા હૈ,...**' આનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા એમાં લીન થઈને જેટલો કાળ રહે. '**અર્થાત્ વીતરાગ નિત્યાનંદ પરમ સમરસીભાવકર પરિણમતા હુઆ...**' એટલે શું થાય? કહે છે આત્મ સ્વરૂપની લીનતાની વ્યાખ્યા શું? કે એટલો કાળ એ પુણ્યના વિકલ્પ રહિત વીતરાગ ચિદાનંદ, નિત્યાનંદ. આત્મા વીતરાગ નિત્યાનંદ પરમ સમરસીભાવ પરિણમતા હુઆ. ઓહો..હો..! એ સુધારસ અમૃતરસ આત્માનો. એ સમ્યગ્દર્શન-જ્ઞાનના ભાનપૂર્વક અમૃતરસના સમભાવરૂપે જેટલો કાળ પરિણમે છે એટલો કાળ એને સંવર-નિર્જરા છે. સમજાણું કાંઈ?

'**અપને સ્વભાવમેં તલ્લીન હોતા હૈ, ઉસ સમય હે પ્રભાકરભટ્ટ; તૂ સમસ્ત વિકલ્પ સમૂહોંસે રહિત અર્થાત્ ખ્યાતિ (અપની બડાઈ) પૂજા (અપની પ્રતિષ્ઠા) લાભકો આદિ દેકર વિકલ્પોંસે રહિત ઉસ મુનિકો સંવર નિર્જરા સ્વરૂપ જાન.**' એ વખતે ખ્યાતિ આત્માની છે એમાં પૂજાની જરૂર ક્યાં છે? પોતે જ પોતાને પૂજ્ય થઈને પડ્યો

છે. પોતાના આત્માના આનંદની જ ખ્યાતિ પ્રસિદ્ધિ અંદર થાય છે એટલે બહારની ખ્યાતિ અને પૂજા એને છે નહિ એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! ચૈતન્ય ભગવાન પૂર્ણ પરમાત્મસ્વરૂપ જ પોતે છે. એ પરમાત્મામાં નજર કરીને ઠર્યો, કહે છે, એને પૂજા અને બડાઈની બહારનું શું કામ છે? દુનિયામાં હું પ્રસિદ્ધ થાઉં કે દુનિયાની પ્રતિષ્ઠા, લાભ મને મળે. બીજા સાધારણ ગણાઈ જાય છે એ કરતાં હું પણ ભેગો વિશેષ ગણાઉં એવી ઈચ્છા ધર્મીને હોતી નથી. આહા..હા..! પોતે જ પોતાથી પ્રતિષ્ઠા અને પૂજાને અંદર પામતો હોય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતની શાંતિમાં પોતે ઠરતો હોય છે, એ બીજાને બતાવે તો એ ઠરવું રહે એમ છે? અને બીજા ન જાણે તો ઠરવું વયું જાય એમ છે? એમ કહે છે. પૂજાવાનું મારે શું કામ છે? આહા..હા..! શું ફેર પડે? લોકો વધારે માને એમાં એને શું? એની શાંતિમાં ભાવ વધી જાય છે? એને લઈને ખાત્રી થતી હશે? કહો.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- .. હવે એ તો ગપ્પા મારનારને ... આપે એને શું છે ત્યાં? સરકારને શું છે ત્યાં?

મુમુક્ષુ :- ... તો મળેને.

ઉત્તર :- .. ઝાઝાને મળે પણ એમાં આને શું?

અહીં તો એક આત્મા જ્ઞાનાનંદ પ્રભુ એની દૃષ્ટિ જ્ઞાનમાં રમે છે એને દુનિયાની પૂજા અને બડાઈ ને લાભનું કાંઈ કામ નથી. ઝાઝા માણસો માને તો મારી શાંતિ વધે અને બિલકુલ ન માને તો શાંતિ ઘટે એવું આમાં છે નહિ. આહા..હા..! તમારે તો ઓલા પૈસાવાળા હોય ને જરીક બહાર પીટે ઢોલ તો એને જરી આબરૂ થાય. એની પાસે પચાસ લાખ થયા છે. જુઓ! એક સાથે એક લાખ ખર્ચ્યા છોકરાના લગનમાં. તોપણ વખાણ તો કરે. ભલે એક લાખ ગયા તો ઓહો..! ઉદાર બહુ ભાઈ! અને છોકરાને પણ .. બહુ મારા. હવે પાછા ઘણા હેતુ હોયને. બીજા નાના છોકરા સારી રીતે પરણાવા હોય, ઓલા કરવા એની માટે એ લાખ ખર્ચી નાખે. એ તો બધું મૂઢ પણ કાંઈ કામ આવે નહિ. એ પણ ખોટી વાત છે કહે છે. એ પણ પાછા પૂર્વના પુણ્ય હોય એ પ્રમાણે થાય. લાખ ખર્ચ્યા માટે ત્યાં છોકરા વરાય જાય અને આબરૂ વધી જાય એમ ભ્રમણા અજ્ઞાનીઓની છે. આહા..હા..! એ તો પૂર્વના પુણ્ય હોય તો થાય. આ બહાર આબરૂ લોકો કરે. એમાં તારે શું પણ આબરૂ કરે એમાં? આત્માને શું આવ્યું? આહા..હા..! અંદર કષાયમાં ખદબદતો હોય અંદર આકુળતા, આકુળતા. આહા..! અરે..! આમ થયું, અરે..! આમ થયું. બળતરા અંદર હોય, કીડા પડ્યા હોય કષાયના અને બહારમાં ઓલા વખાણ કરે એમાં તારે શું પણ? મલૂકચંદભાઈ! કહો,

સમજાણું કાંઈ? એ સમજી જાયને. કહો, સમજાણું આમાં?

અહીં તો ભગવાન યોગીન્દ્રદેવ આચાર્ય મહાસંત દિગંબર મુનિ જંગલમાં વસવાવાળા, એક વસ્ત્રનો તાણો નહિ, મહા સંત આનંદમાં (રમનારા) એ કહે છે કે, અરે..! મુનિ! તારી દશા આવી જોઈએ એમ કહે છે. અહીં પોતે પણ કહે છે કે અમારે સમભાવમાં દુનિયાની લાભ અને પૂજાની અમારે કાંઈ જરૂર નથી એમ કહે છે. આહા..હા..! અરે..! અમને કોઈ ઓળખતું નથી હોં! તું ઓળખને તને. તારે શું કામ છે બીજાનું? અમને કોઈ ગણતરીમાં ગણતા નથી અને આ સાધારણ ગણતરીમાં ગણાઈ જાય છે. પણ ગણતરી કોની કરવી છે? તારી તારે કરવી છે કે કો'કની પાસે કરાવવી છે? ભીખાભાઈ! આહા..હા..! અહીં તો સમભાવનું વર્ણન છેને.

અપની... સમજાય છે? શું કીધું? બડાઈ '**सकलविकल्पविहिनम्**'માં નાખ્યું. બડાઈ, ખ્યાતિ અને પૂજા, પ્રતિષ્ઠા, લાભ આદિ વિકલ્પથી રહિત મુનિ સંવર, નિર્જરા સ્વરૂપ એને આત્માના ધ્યાનમાં શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... સુધારસ નિર્વિકલ્પ આનંદનો પ્યાલો પીવે છે અંદર. બસ, એને શાંતિ છે. એને દુનિયાની આબરૂની કાંઈ જરૂર નથી. એને અહીંયા મુનિ અને સંવર-નિર્જરાના કરનાર કહેવાય છે. પુણ્ય-પાપના પરિણામ એ કાંઈ સંવર-નિર્જરા નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૭, ગુરુવાર, તા. ૧૩-૦૧-૧૯૬૬**
**ગાથા-૩૯-૪૦, પ્રવચન-૯૭**

'**આગે ચૌદહ દોહોંમેં પરમ ઉપશમભાવકી મુખ્યતાસે વ્યાખ્યાન કરતે હૈં** -' સામ્યભાવ કહો કે ઉપશમભાવ કહો કે વીતરાગભાવ કહો.

૧૬૫) **कम्मु पुरक्किउ सो खवइ अहिणव पेसु ण देइ।**
**संगु मुएविणु जो सयलु उवसम-भाउ करेइ।।३९।।**

મુનિની પ્રધાનતાથી વાત છે. '**વહી વીતરાગ સ્વસંવેદન જ્ઞાની...**' એટલે આત્મા જ્ઞાનાનંદ

આનંદ સ્વરૂપ છે એનું સ્વસંવેદનજ્ઞાનનું જ્ઞાન કરીને, વીતરાગી સ્વભાવનું વેદન કરીને જે જ્ઞાની થયો છે એ **'પૂર્વ ઉપાર્જિત કર્મોંકો ક્ષય કરતા હૈ,...'** નિમિત્તથી વાત છે. કર્મને ખપાવે છે. પૂર્વે જે બાંધેલા કર્મો છે એને એ ખપાવે છે. ખપે છે, સ્વરૂપના વીતરાગભાવની દૃષ્ટિએ એ પૂર્વના કર્મ ખપી જાય છે એને અહીં ખપાવે છે એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે.

**'अभिनवं' 'ઔર નયે કર્મોંકો પ્રવેશ નહીં હોને દેતા,...'** નવા કર્મોને પ્રવેશ કરવા દેતો નથી. એટલે થતાં જ નથી. આત્મા જ્ઞાન શુદ્ધ વીતરાગ સમભાવી સ્વરૂપ છે આત્માનું. આત્માનું સ્વરૂપ જ અકષાય વીતરાગી સમભાવી સ્વરૂપ છે. એવી દૃષ્ટિ, જ્ઞાન અને પરિણમન થયું એને જૂના કર્મ ટળે છે અને નવા કર્મ આવતા નથી, એને પ્રવેશ થવા દેતા નથી એમ ભાષા કરે છે. વ્યવહારે ભાષા શું કરે? કર્મ આવે છે તો આવવા નથી દેતા એમ છે? પાઠ તો એવો લીધો છે જુઓ! **'પ્રવેશ નહીં હોને દેતા,...'** અટકાવી રાખે છે. એનો અર્થ કે એને નવા કર્મ આવતા નથી. વસ્તુ સ્વભાવ જ તદ્દન વીતરાગ પિંડ આત્મા છે. વીતરાગ કહો કે અકષાય સ્વભાવ કહો, અકષાય સ્વભાવ કહો કે સમભાવથી ભરેલું તત્ત્વ કહો. અથવા ઉપશમરસથી ભરેલું તત્ત્વ આખો આત્મા છે. એવી અંતરની દૃષ્ટિ, જ્ઞાન અને પરિણતિ પર્યાય થઈ એને જૂના કર્મ રહે નહિ અને નવા કર્મ આવે નહિ.

**'જો કિ સબ બાહ્ય અભ્યંતર પરિગ્રહકો છોડકર...'** મુનિની પ્રધાનતાએ વાત છે ને? **'संगं'** છોડીને લ્યો! સંગને છોડીને ભાષા એ આવી. બાયડી, છોકરા આદિને છોડી દે એમ કહે છે. અભ્યંતર વિકાર છૂટી ગયો એટલે બહારના એ સંયોગો છૂટ્યા એમ કહેવામાં આવે છે. એ કથન બધી વ્યવહારનયનું કથન છે. **'બાહ્ય અભ્યંતર પરિગ્રહકો છોડકર...'** આત્માના શુદ્ધ સ્વભાવની રમત રમવામાં, સમતામાં અભ્યંતર રાગાદિ ઉત્પન્ન થતાં નથી એટલે એને છોડ્યા એમ કહે છે. એના નિમિત્તોનું લક્ષ ગયું માટે એણે પરને છોડ્યા એમ કહેવાય છે.

**'પરમ શાંતભાવકો કરતા હૈ,...'** મુનિપણું છે અહીં. તદ્દન બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ રહિત પોતાનો શાંત વીતરાગી પરમ શાંતરસ એમાં ઠર્યો છે એને પરમ શાંત સમતાભાવ પ્રગટ થાય છે. જીવન હો કે મરણ હો, બેય સમ છે. આયુષ્ય હો દેહનું કે ન હો એની સાથે કાંઈ સંબંધ નથી. પોતાના શાંત સ્વભાવમાં શાંત દૃષ્ટિ, શાંત જ્ઞાન અને શાંત સ્થિરતા દ્વારા જીવન અને મરણ બેય એક છે. જીવન હો દેહનું કે દેહ છૂટે. નિર્વિકલ્પ શાંતરસમાં બેમાં કોઈની અધિકાઈ કે ઓછાઈ નથી. જીવવું તે ઠીક અને મરણ એ અઠીક એવું શાંતરસમાં અકષાય પરિણમનમાં સંયત મુનિ (એને વિષમભાવ હોતો નથી). મુનિની વ્યાખ્યા છે ને અહીંયા?

'**જીવન, મરણ,...**' જેને સરખા છે. '**લાભ, અલાભ,...**' જેને સરખા છે. સંયોગો અનુકૂળ હો કે ન હો, એની સાથે ધર્મીને પોતાના વીતરાગ સ્વભાવની દૃષ્ટિ છે, વીતરાગ સ્વભાવનું જ્ઞાન છે, વીતરાગ સ્વભાવમાં લીનતારૂપે સમતાભાવ છે. સમજાણું કાંઈ? પોતાના અમૃતરસના ઢાળામાં ઢળેલો છે સંત, એમ કહે છે. ઓહો..હો..! જ્ઞાનામૃત આત્માનું ભોજન કરે છે. મુનિ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ આત્માનું અમૃત સ્વરૂપ અતીન્દ્રિય શાંત સમભાવી સ્વરૂપ છે. એનું જેને ભોજન સુધારસ અંતરમાં આનંદનો પીવે છે. એને લાભ હો કે અલાભ હો, બહારની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! એને '**સુખ, દુઃખ,...**'નો સંયોગ. ગમે તે અનુકૂળ હો કે પ્રતિકૂળ હો એની સાથે કાંઈ સંબંધ નથી. એ તો બધા જ્ઞેયમાત્ર છે. જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન, જ્ઞાનસ્વરૂપમાં સમતાની પરિણતિ. આહા..હા..! આખી દુનિયા જેમાં સમભાવ વર્તે છે. આમ હો કે આમ હો, કાંઈ સંબંધ નથી.

'**શત્રુ, મિત્ર,...**' માથાનો કાપનાર હોય, ઝેર દેનારો કે મિત્ર અનુકૂળ કરનાર બેય, અંતર શાંત દૃષ્ટિમાં બેય સરખા છે. સમજાણું કાંઈ? ઉપશમભાવ. સ્વરૂપ જ ઉપશમભાવ છે, ઉપશમ એટલે અકષાય સ્વરૂપ. એવી દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થઈ, શત્રુ હો કે મિત્ર હો. વિકલ્પ શત્રુ પ્રત્યે પ્રતિકૂળતાનો નથી, મિત્ર પ્રત્યે આ ઠીક છે એવો અનુકૂળ વિકલ્પ પણ નથી. એવી શાંતરસની દશા એને મુનિપણું કહે છે. સમજાણું કાંઈ? આ ઉપલા ગુણસ્થાનની વાત નથી, હોં! આ નીચલા સામાયિક ચારિત્રની આવશે હમણાં ઓલા શ્લોકમાં. સામાયિક ચારિત્ર આવું હોય. સમજાણું કાંઈ? સામાયિક આવી હોય. આ સામાયિકની વ્યાખ્યા છે આ. પછી આવશે ૪૦માં. જુઓ. સામાયિક ભાવની ભાવનાને અનુકૂળ. સંસ્કૃત છે. સામાયિક. આ સામાયિક છે આ. સમજાણું કાંઈ?

'**તૃણ, કાંચન...**' હીરાના ઢગલા આમ નજરે પડે કે તરણા, બેય એને સરખા છે. અજ્ઞાનીને તો માન્યતામાં ફેર છે કે આ તરણા કામ ન આવે અને સોનું કામ આવે. એને કામ-બામ આવતું નથી કાંઈ. ધૂળ પણ કામ આવતું નથી. એ તો એની ચીજ એનામાં રહી, એને શું કામ આવે? ફક્ત વિકલ્પ જે ઉઠાવતો હતો કે આ મને કામ આવે, એવી દૃષ્ટિ હતી ત્યાં સુધી મિથ્યાત્વભાવ હતો અને મિથ્યાત્વભાવ ટળ્યા પછી પણ જરી અસ્થિરતાનો ભાગ હતો ત્યાં સુધી ચારિત્રદોષ હતો. અહીં તો મિથ્યાત્વ અને ચારિત્ર બેય દોષના ત્યાગની વાત છે. સમજાણું કાંઈ? '**શત્રુ, મિત્ર, તૃણ, કાંચન ઈત્યાદિ વસ્તુઓંમેં એકસા પરિણામ રખતા હૈ.**' એકસા-સમભાવ. જેવો એના જ્ઞાતાપણાનો સ્વભાવ છે એવું જ્ઞાતાપણે પરિણમન થયું છે એમ કહે છે. વીતરાગ પર્યાય જે આખા શાસ્ત્રનો... કહેશે, આખા શાસ્ત્રના દોહનનો સાર છે. સમજાણું?

'**ભાવાર્થ :- જો મુનિરાજ સકલ પરિગ્રહકો છોડકર...**' અભ્યંતરમાં આનંદની દૃષ્ટિ અને આનંદની લીનતામાં આકુળતા અને આકુળતાના નિમિત્તો છૂટીને. '**સબ શાસ્ત્રોંકા રહસ્ય જાનકે...**' પાઠમાં તો એટલું છે '**सर्वशास्त्रं पठित्वा**' એનો અર્થ એ સર્વ શાસ્ત્રમાં કહેવું છે શું? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એના બધા શાસ્ત્રમાં શું કહેવું છે? વીતરાગ તાત્પર્ય કહેવું છે. સમજાણું કાંઈ? દૃષ્ટિએ વીતરાગ, જ્ઞાને વીતરાગ અને સ્થિરતાએ વીતરાગ. સર્વ શાસ્ત્રને આ (કહેવું છે). સર્વજ્ઞના દિવ્યધ્વનિના સર્વ શાસ્ત્રનો આ સાર છે. દૃષ્ટિ પણ જ્ઞાયકની દૃષ્ટિ કર, જ્ઞાન પણ જ્ઞાયકનું કર અને સ્થિરતા પણ જ્ઞાયકમાં કર. એ ત્રણે વીતરાગભાવ એ આખા શાસ્ત્રનો સાર છે. સમજાણું કાંઈ?

શાસ્ત્રમાં, રાગ રાખવો અને રાગથી લાભ થાય એવું શાસ્ત્રમાં કથન હોય નહિ. એને જુઓ વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્ર એ લાભ હોય એ શાસ્ત્રમાં નથી. સમજાણું કાંઈ? સત્ શાસ્ત્રનું જ્ઞાન જાણીને એટલે શું કહ્યું? કે શાસ્ત્રમાં શું કહેવું છે? જાણ્યું એટલે શાસ્ત્રે કહ્યું એને જાણ્યું. શું જાણ્યું? કે શાસ્ત્ર કહે છે કે વીતરાગભાવ. નિમિત્ત અને સંયોગ અને રાગની ઉપેક્ષા કરીને આત્માની દૃષ્ટિ કર. નિમિત્ત અને સંયોગીભાવને છોડીને સ્થિરતા કર. સમજાય છે કાંઈ? નિમિત્ત અને સંયોગનું જ્ઞાન છોડીને સ્વનું જ્ઞાન કર. એ આખા શાસ્ત્રને કહેવાનું તાત્પર્ય છે. સમજાણું કાંઈ?

એટલે પછી અહીં રહસ્ય લીધું. '**सर्वशास्त्रं पठित्वा च शास्त्रफलभूतं**' વીતરાગ પરમાનંદ એક સુખ. એ એકડો રહી ગયો છે એમને એમ. '**વીતરાગ પરમાનંદ એક સુખરસકા આસ્વાદી હુઆ...**' જુઓ! આ કહેવું છે શાસ્ત્રને એમ કહે છે. આત્મા અતીન્દ્રિય આનંદ અમૃતરસ છે એની દૃષ્ટિ કરી, એનું જ્ઞાન કરી અને અમૃતના સ્વાદની સ્થિરતા કરી એ બધા શાસ્ત્રને જાણવું કહ્યું છે. આ એનું ફળ શાસ્ત્રમાં આ કહ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધુંને, એની નીચે કહેશે. એની બધી ટીકાઓ છે, એની બધી ટીકાઓ છે. સામ્યભાવને સમજાવવાની એ બધી ટીકાઓ છે. કહેવું છે સામ્યભાવ. બીજી અપેક્ષાએ કહીએ તો કહેવું છે નિમિત્ત અને સંયોગથી ઉપેક્ષા કરવી. સ્વભાવ વીતરાગસ્વરૂપ આત્માનો તેની અપેક્ષા કરવી. એ અપેક્ષામાં દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર ત્રણે આવી જાય છે. સમજાણું કાંઈ?

ભગવાન આખો આનંદકંદ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક સ્વભાવ એની અપેક્ષાની દૃષ્ટિ, એની અપેક્ષાનું જ્ઞાન અને એની અપેક્ષાની સ્થિરતા. બસ! આ કહેવું છે. સમજાણું કાંઈ? વીતરાગ પરમાનંદ એક સુખ. દુઃખમાં તો અનેક પ્રકાર છેને વિકલ્પો બધા? પરમાનંદ એક સુખરસનો આસ્વાદી થયો. આત્મા આનંદના અમૃતનું ભોજન કરતો, સ્થિર થતો, આનંદના અમૃતના ભાવને સેવતો

સમભાવ કરે છે. અતીન્દ્રિય આનંદનો આસ્વાદી વીતરાગભાવે પરિણમે છે, એમ કહે છે. જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. આત્માના સમ્યગ્દર્શનમાં પણ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એટલો સમભાવ થયો. જ્ઞાનમાં પણ શાસ્ત્ર આદિનું જ્ઞાન નહિ અને અતીન્દ્રિય જ્ઞાનનો સ્વાદ આવ્યો એ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદના સ્વાદની વિશેષ સ્થિરતા થઈ એ પરમાનંદ સુખનો સ્વાદ. સમજાય છે? એમ કહે છે, આનંદમાં રહ્યો સમભાવ કરે છે એમ. આમ દુઃખ થાય છે, આમ થાય એમ નહિ.

'**સુખરસકા આસ્વાદી હુઆ સમભાવ કરતા હૈ,...**' એમ છેને? અતીન્દ્રિય આનંદમાં આવે છે એને સમભાવ થઈ જાય છે. દુઃખમાં આ.. આ.. અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા એની અંતર દૃષ્ટિ, અંતર જ્ઞાન અને અંતર સમતાભાવ અતીન્દ્રિય સ્વાદમાં આવી જાય છે, એમ કહે છે. એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ જ એવો છે કે સમભાવ થઈ જાય છે. એ સ્વાદ આગળ બીજી વિકલ્પ દશા કે કંઈ લેવું કે મૂકવું એ કાંઈ રહેતું નથી એમ કહે છે. આહા..હા..! એ તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. આત્મા એટલે અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની મૂર્તિ એને આત્મા કહીએ. એવા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો અંતર દૃષ્ટિ જ્ઞાન અને સ્વાદમાં પડ્યો, સમભાવ થઈ જાય છે. તૃપ્ત-તૃપ્ત. પોતાની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા તૃપ્ત છે... તૃપ્ત છે... કાંઈ એને જરૂર નથી. ખાઇને માણસ બેઠો હોય અને કાંઈ ચિંતા ન હોય અને તૃપ્ત બેઠો હોય એને, કહે છે કે કાંઈ વિષમ આમ જાવું છે, ... એવું કાંઈ નથી. એમ આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ એની અતીન્દ્રિય દૃષ્ટિ આનંદની, અતીન્દ્રિય આનંદનું જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની લીનતા સમભાવ આનું નામ સાધુપદ છે. આહા..હા..! આનું નામ ચારિત્રપદ છે, એનું નામ સંયમી સાધુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**વહી સાધુ...**' આવા આત્માનો અનાકુળ સ્વભાવ એવો આત્માનો આનંદ, એની સમ્યગ્દૃષ્ટિ એટલે સાચી દૃષ્ટિ. આનંદ છે તો આનંદને જ માન્યો સાચી રીતે, બીજે આનંદ નથી. પુણ્ય-પાપના વિકલ્પમાં કે દેહમાં સંયોગમાં આનંદ નથી. આનંદ મારા સ્વરૂપમાં દૃષ્ટિ થઈ એનું નામ સમ્યગ્દર્શન. આત્મામાં આનંદ છે અને આકુળતા તે પર છે, એ બેય લેશે. આત્મા તે આનંદરસ છે, આકુળતા તે વિકાર દુઃખ છે. એ બેનું ભેદજ્ઞાન તેનું નામ સમ્યગ્જ્ઞાન છે.

આ તો પરમાત્મપ્રકાશ છેને. પરમાત્મા પોતે જ આનંદમૂર્તિ છે, જેમાં નજર નાખે નિધાનનો વિકાસ થાય છે. એ વિકાસ સમભાવી હોય છે એમ કહે છે. ત્યાં વિકલ્પ હોતો નથી. એવા સમભાવી શાંતથી પરિણમેલ સંત તેને મુનિ કહે છે, ચારિત્રવંત કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા સમભાવ કરે છે. '**करोति**' છે, સમજ્યાને? પુરુષાર્થથી કરે છે એમ છેને? સંસ્કૃતમાં છે. '**दुःखादिसमताभावलक्षणं समभावं करोति**' પછી પણ છેલ્લામાં '**आस्वादरूपं समभावं**

**करोतीति भावार्थः**' કરે છે. ભગવાન આત્મા પોતાનું અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ જે આનંદ આનંદથી તૃપ્ત-તૃપ્ત સ્વરૂપ છે એવી દૃષ્ટિ કરી છે. મારામાં જ આનંદ છે. પુણ્ય-પાપના વિકલ્પમાં પણ આનંદ નથી, નિમિત્ત શરીર, વાણી, ધૂળ, દાળ, ભાત, શાક, બાયડી, છોકરા એમાં તો કાંઈ આનંદ છે જ ક્યાં? એવી પ્રથમ તો સમ્યગ્દૃષ્ટિ પ્રગટ થઈ છે વીતરાગી. એની સાથે સમભાવી જ્ઞાન થયું કે આ આત્મા આનંદ છે. આકુળતા તે આ દુઃખ, વિકલ્પ આદિ દુઃખ છે. એવું જ્ઞાન છે એ સમભાવી શાંત જ્ઞાન છે. એનું નામ જ્ઞાન. અને એ આનંદમાં ઠરવું, લીનતા આસ્વાદથી સહેજે સમભાવ થઈ જાય છે. આનંદના સ્વાદમાં તૃપ્ત થતો વિકલ્પ થવાનો ત્યાં અવસર નથી. વિષમતા રહેતી નથી અને સમતા થઈ જાય છે. આહા..હા..! ભારે ભાઈ! જુઓ આ ચારિત્ર. આ મુનિજન, એ સંયતી જીવન જીવી જાણ્યું એણે.

'**વહી સાધુ પૂર્વકે કર્મોંકા ક્ષય કરતા હૈ,...**' આવો સમતાભાવ એ બધા શાસ્ત્રનો સાર, ચાર અનુયોગનો સાર, બાર અંગનો સાર, વીતરાગની બધી દિવ્યધ્વનિનો સાર સમભાવ. એવો સમભાવ આ રીતે કરે છે એને પૂર્વના કર્મ ક્ષય થઈ જાય છે. '**ઔર નવીન કર્મોંકો રોકતા હૈ.**' પ્રવેશ થવા નથી દેતો. એનો અર્થ આવતા નથી, નવા કર્મ એને આવતા નથી. '**ઐસા હી કથન પદ્મનંદિપચ્ચીસીમેં ભી હૈ.**' શ્લોક છે.

साम्यमेवादराद्भाव्यं किमन्यैर्ग्रन्थविस्तरैः।
प्रक्रियामात्रमेवेदं वाङ्मय विश्वमस्य हि।।११।।

બધું વાણીમાત્ર કથન. આ એક વસ્તુ અને આ કહેવું છે. '**આદરસે સમભાવકો હી ધારણ કરના ચાહિયે,...**' પણ સમભાવ એટલે આ હોં! જેવો આત્મા છે એવી અંતર દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એનું નામ સમભાવ. એ સમભાવનો આદર કરવો જોઈએ, વિકલ્પનો આદર નહિ એમ કહે છે. એનું નામ ચારિત્ર છે. આહા..હા..! છ ખંડના ધણી ચક્રવર્તી છન્નું હજાર પદમણી જેવી સ્ત્રીઓ છોડીને નીકળતા હશે. એ આનંદના સ્વાદ લેવા માટે સમભાવમાં તૃપ્તિ માટે પડ્યા છે. આખી દુનિયા ... જ્ઞેય છે. આ મારું અને તારું કાંઈ રહ્યું નહિ. એવી અંતરમાં દૃષ્ટિ પહેલી થઈ છે સ્વભાવની, એની સાથે સમ્યગ્જ્ઞાન સ્વસંવેદન થયું છે, એમાં પરિણમીને આનંદના સ્વાદ આગળ સમભાવ વીતરાગદશા થઈ છે. એવા ભાવને આદરથી સમભાવને ધારણ કરો.

'**કિ આદરસે સમભાવકો હી ધારણ કરના ચાહિયે, અન્ય ગ્રંથકે વિસ્તારોંસે ક્યા,...**' બીજી વાતું લાખ, કરોડ હોય એનાથી શું? સમજાણું કાંઈ? છ ઢાળામાં આવ્યુંને. 'લાખ વાતની વાત એક નિશ્ચય ઉર લાઓ.' ભગવાન શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ, શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, શુદ્ધ સ્વરૂપમાં લીનતા એ એક જ વાત છે, બાકી બધી વાતું છે. વ્યવહારના વિકલ્પો

હોય ને ભક્તિ હોય ને પૂજા હોય ને વ્રત હોય એ બધા વચ્ચે આવે એનું જ્ઞાન કરાવ્યું છે. વસ્તુ તો આ એક છે. આહા..હા..!

મોટા માંધાતા ચાલ્યા જાય, જુઓને. એક મિનિટ-બે મિનિટ. પરની સ્થિતિ હોય તો એમાં રાખે કોણ અને મૂકે કોણ? આહા..હા..! માણસને એવું થઈ જાય કે અમે આમ કરી દઈએ, આમ કરી દઈએ. મારી વાત, મારા કામ આ બસ્સો જણાને પસંદ પડે છે કે નહિ? અથવા કોને કોને અપસંદ પડે છે? એ જોવે. ત્યાંથી આઘો ચાલ્યો તો ગામ નાતમાં જોવે. નાતમાં મારી વાતને અથવા મને કોણ પસંદ કરે છે અને કોણ અપસંદ કરે છે? ત્યાંથી ચાલ્યો તો ગામમાં. આઘો લાંબો ચાલ્યો તો પછી દેશમાં. આ લાંબો ચાલ્યો તો આખા વિશ્વમાં. કોણ મને માન્ય રાખે છે? કોણ મને અમાન્ય રાખે છે? પણ માન્ય-અમાન્ય તારે પર સાથે શું છે પણ? સમજાય છે? કોણ મને પસંદ કરે છે? કોણ મને અપસંદ કરે છે? કેટલી મારી જાહેરાત બહારમાં આવી. હું બહાર કેટલો પડ્યો આટલા વખતમાં? બહાર પડ્યોને તું? કેટલી મારે હજી બહાર પડવાની ખામી રહી ગઈ છે? એ ગોતે. ક્યાં પડવું છે તારે ઉછળીને બહારમાં? આ તો કહે છે કે પડ્યા છે અંદરમાં ઠર્યા છે. આહા..હા..! બહારની કાંઈ જરૂર કલ્પનામાં પણ નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા છે. વીતરાગરસથી ભરેલો નિધાન ભંડાર આત્મા છે. એની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતામાં બીજાની કોઈ વિકલ્પની જરૂર રહેતી નથી. એવો જ્યાં સમભાવ કહે છે કે એનો આદર કર. આ એક જ આદર કરવા લાયક છે. દુનિયા માને ન માને એનો આદર રહેવા દે, છોડી દે. દુનિયાની પ્રસન્નતા, અપ્રસન્નતા ઉપર તારું સુખ-દુઃખ અવલંબતું નથી. સમજાય છે કાંઈ?

**'આદરસે સમભાવકો હી ધારણ કરના ચાહિયે,...'** આહા..હા..! આ એમ નહિ કે અરે..! મારે આ કરવું પડે છે, મારે આ બહારથી હટવું પડે છે. સમજાય છે? એને અંદરમાં આવવું એ એનો જ આદર કર. બસ! સમભાવનો જ આદર કર, બીજું છોડી દે. ધૂળમાં પણ નથી કાંઈ. આહા..હા..! સમજાય છે? ડૉક્ટર જોડે હતા ત્યાં ગયા ખાંસી ખાઈને. થઈ રહ્યું. શું કરે ડૉક્ટર?

મુમુક્ષુ :- ડૉક્ટર ઈંજેક્શન મારે.

ઉત્તર :- માર્યું ઈન્જેકશન તો શું થયું? ફિક્કું પડ્યું. લખાણમાં હતું. મોઢું ફિક્કું લાગ્યું એમને ડૉકટરને કે મોઢું ફિક્કું છે. બરાબર નાડી નથી. નથીને પણ? એ તો નથીને, એમાં તારાથી ક્યાં નથી નથી થયું? એના પરમાણુની પર્યાય આહા..હા..! એક મિનિટ પહેલા શું આશા હશે અને મિનિટ પછી? એ જગતની પર્યાય જડની પરની એવી જ પરિણમવાને લાયક હોય છે. સમજાણું કાંઈ? એક ક્ષણમાં આમ નીરોગતા હોય અને બીજે ક્ષણે મૃત્યુ.

તોપણ મુનિને સમભાવ-સમભાવ (છે). જીવતર હોય તો સમભાવ, મૃત્યુ હોય તો સમભાવ. વીતરાગી દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ એક જ આદરવા લાયક છે, બીજું કોઈ આદરવા લાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કરીને એ કરવાનું આ જ છે કહે છે. ધર્મને નામે કે ધર્મને ભાવે કરવાનું તો આ છે.

આદરથી સમભાવ કર. આહા..હા..! એ અંતર સમાવામાં સુખ છે માટે આદર કર એમ કહે છે. બહારમાં ડોકિયા મારવામાં દુઃખ છે માટે છોડ એને. આહા..હા..! સમજાણું કાંઈ? 'જગતને મરણ તણી બીક છે, જ્ઞાનીને આનંદની લહેર છે.' શું છે? ... એટલે શું પણ? દેહ છૂટવાનો હોય તો છૂટેલો પડ્યો છે. તું આમ જરી અહીં છે તો આઘો જાય. એમાં છૂટ્યું શું અને ગયું શું? હું ..માં છું. મારો નિર્વિકલ્પ આનંદ એમાં સમભાવ એ જ મારું સ્વરૂપ અને એ જ અમને આદરણીય છે. આહા..હા..! એ શ્વાસ કેમ ચાલે એની સામું પણ જોવું નથી, વિકલ્પ કેમ થાય એની સામું જોવું નથી, જોવું છે સમભાવની સામું. એને આદર કર કહે છે. જુઓ! ઓલો વિકલ્પ-ફિકલ્પ, વ્યવહાર-ફ્યવહાર મૂકી દે. ભગવાનનું સ્મરણ અને આ ઓલા સંભળાવે કાંઈક કે યાદ કરજો, ભગવાનને યાદ કરજો. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે આ ભગવાન આત્માને યાદ કરીને ઠર. કહો, બીજા ભગવાનને યાદ કરવા ભૂલી જા. બીજા ભગવાનને યાદ કરવા જા તો વિકલ્પ ઉઠશે. સમભાવ નથી એમ કહે છે. વિકલ્પ છૂટી જશે તો અવિનય થઈ જશે-એમ નથી. વિકલ્પ છૂટી જશે તો વિનય થશે. સ્વભાવનો સમભાવ થશે એમ કહે છે. સમજાણું કાંઈ? આદર કરે એનો એમ કહે છે. ઓલો આદર છોડી દેશે અરે..! મારું આમ થઈ જશે. ભગવાનનું સ્મરણ ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... છૂટી જશે? એ છૂટી જશે ત્યારે સમભાવ થશે. ત્યારે એનો સત્‌નો આદર થશે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ છે ભાઈ! કાયર તો કંપી ઉઠે એવું છે. માર્ગ તે માર્ગ છે. આહા..હા..!

બાર અંગનો સાર આ છે કહે છે. ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ એણે આ ફરમાવ્યું છે. અમારા પ્રત્યેનો વિકલ્પ છે એનો આદર ન કર. આહા..હા..! અમારું એમ કથન છે. અમે શાસ્ત્રમાં એમ કહીએ છીએ, એમ કહે છે. સમજાય છે? **'आदरसे समभावको ही धारण करना चाहिये,...'** એમ છેને? **'साम्यमेवादराद्भाव्यं'** એમ છેને? શ્લોક મળ્યો નહિ. એય..! ગોત્યો નહિ ક્યાંયથી. હાથ ન આવ્યો. સામ્ય એવ છેને શબ્દ ભાઈ! **'साम्यमेवादराद्भाव्यं'** એમ કહે છે. એક જ ટૂકડે બધું લીધું છે. **'साम्यमेवादराद्भाव्यं'** આનો આદર, ભાવના કર. બીજો તો અનાદર થશે એટલે અવિનય થશે પરનો એમ નથી. એમાં સ્વસ્વભાવનો આદર તેમાં જ વિનય છે સ્વભાવનો. મરતા વખતે કોઈ સંભળાવે એમાં ધ્યાન

રાખવું. કહે છે કે સમભાવનો આદર કર. ભાષા જુઓને કેવી છે! એ વિકલ્પને ભૂલી જા, શ્રવણ ભૂલી જા અને સ્વભાવમાં ઠર. એ સામ્યભાવનો આદર કર એ જ આખા શાસ્ત્રનો સાર છે. '**અન્ય ગ્રંથકે વિસ્તારોંસે ક્યા,...**' આ લાખ, કરોડ શાસ્ત્રનો વિસ્તાર હોય એનાથી શું? સમજાય છે? આત્મા પોતાના અમૃતના સ્વાદમાં ઠરે એ જ કહેવાનું આખું શાસ્ત્રને છે. '**અન્ય ગ્રંથકે વિસ્તારોંસે ક્યા,...**' લાખ વાત હોય બીજી. આનું આમ કર્યું ને આણે આમ કર્યું ને આણે આમ કર્યું. સમજાણું?

'**સમસ્ત પંથ તથા સકલ દ્વાદશાંગ...**' સમજાય છે? એના ગ્રંથનો વિસ્તાર... ન્યાય કાઢ્યો. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરનો બધો પંથ અને બાર અંગ એ સમભાવરૂપ સૂત્રની ટીકા છે. આહા..હા..! બીજી રીતે કહીએ તો શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગ છે. એનો અર્થ એ કે નિમિત્ત અને નિમિત્તના તરફથી ઉત્પન્ન થયેલા ભાવની ઉપેક્ષા કરવી અને આત્માના શુદ્ધ સ્વભાવની અપેક્ષા કરવી એ એક જ વાત છે. પછી એની બધી વિસ્તાર કરીને ટીકા કરી હોય ગમે તે. પંચાસ્તિકાયમાં આવ્યુંને ૧૭૨ ગાથામાં? વીતરાગભાવ. ૧૭૨ (ગાથા) છેલ્લી. એ બધું કરવા લાયક છે. પછી એની ટીકામાં નિમિત્ત લીધું. મૂળ તો વીતરાગભાવ આખા શાસ્ત્રનું તાત્પર્ય. દૃષ્ટિ વીતરાગ એટલે પૂર્ણ આનંદની નિર્વિકલ્પ પ્રતીતિ, જ્ઞાન વીતરાગ કે જે સ્વઆશ્રય થયેલું, સ્થિરતા સમભાવ કે જેમાં વિકલ્પ વિનાની શાંતિનું પરિણમન ઉત્પન્ન હોય. બસ! એ ચારિત્ર, એ મુનિ છે. આહા..હા..! એ મુનિ જ મોક્ષના તાત્કાલિક અધિકારી છે. આહા..હા..! પરમાત્મપ્રકાશ છેને, પાછો બીજો ભાગ છેને આ તો? પહેલો ભાગ તો પૂરો થયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં તો છે ઈ આવે છેને વાત. આહા..હા..! આમ જુઓ ઓલા કહે. શાસ્ત્રીજીના મા ડોશી બિચારા ૮૫ વર્ષ. મારો દીકરો મરે નહિ. એને એમ કે ગયો છે ન્યાં અને મરે? આવો મોટો ... સો શેર કૂપણ, અઢી મણ. આવો મરે? આવો એટલે શું પણ? શરીર અને આત્મા સંયોગે હોય એ સંયોગે છૂટે. સમજાય છે? એ કાંઈ નવી વાત નથી. આ સંયોગીભાવથી છૂટે તેનું પંડિતમરણ કહેવાય. સંયોગીભાવથી સમભાવમાં રહીને છૂટે એનું નામ પંડિતમરણ કહેવાય. એ આત્મા પંડિત થયો એ પંડિત થયો, એ કેવળજ્ઞાન પામવાનો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ખરો શાસ્ત્રી ઈ.

ઉત્તર :- ઈ ખરો શાસ્ત્રી. વાત એ છે. આહા..હા..! બહારથી પછી માન આપ્યા... એક સમયમાં જાત્યાંતર જ્ઞાન. આમ જે વળગ્યું છે વિકલ્પને એકાકાર થઈને, આમ જ્યાં

કર્યું જાત્યાંતર જ્ઞાન થઈ ગયું. ખલાસ થઈ ગયું. એ જીવન પલટો થઈ ગયો બીજો. જીવતા જીવન પલટો. આહા..હા..! સમજાણું કાંઈ? અને સમભાવમાં પરિણમન એ તો અલૌકિક જીવન જીવી જાણ્યું, સંતોએ જીવી જાણ્યું. ઓહો..હો..! જન્મીને જીવી જાણ્યું અને જીવી જાણ્યું ને માની જાણ્યો આત્માને. આહા..હા..! એકલો સમભાવ સમભાવ. દુનિયા ગમે તે બોલતી હો, ગમે તે હો, મારામાં એનું કાંઈ નથી, એનામાં મારું કાંઈ નથી. મારું મારામાં બધું ભરેલું છે. એવી પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ, પૂર્ણ સ્વભાવનું જ્ઞાન, પૂર્ણ વીતરાગી સ્વભાવ છે તેવું એમાં ઠરવું. એ બધા સમભાવ સૂત્રની પછી ટીકાઓ લાંબી લાંબી કરી છે. આહા..હા..! ભારે ભાઈ! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરનો પંથ દર્શન, જ્ઞાન અને ચારિત્ર અને દસ પ્રકારના ધર્મ અને આ અહિંસા ધર્મ ને વગેરે અનેક વ્યાખ્યા, બધું આ (કહેવા માટે છે).

**'સમસ્ત પંથ તથા સકલ દ્વાદશાંગ ઈસ સમભાવરૂપ સૂત્રકી...'** જે કથનની શૈલી અને માર્ગો બધા આ સમભાવરૂપી, સમભાવ એવી દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એક જ એની બધી વ્યાખ્યાઓ છે. શબ્દ એક સમભાવ—સામ્યં. આહા..હા..! પ્રવચનસારમાં કહ્યું પહેલું કે અમે સામ્ય અંગીકાર કરીએ છીએ. કુંદકુંદાચાર્ય કહે છે, અમે સામ્ય અંગીકાર કરીએ છીએ. સામ્ય કહો, શુદ્ધ ઉપયોગ કહો, ચારિત્ર કહો, વીતરાગ પરિણતિ કહો. એથી માર્ગે પડ્યા છે, એ તમને બતાવીએ કે આ માર્ગ છે, ભાઈ! આહા..હા..! ગજબ કામ કર્યા છેને! કુંદકુંદાચાર્યે પંચમકાળમાં પરમેશ્વરના વિરહ ભૂલાવે એવા કામ કર્યા છે. ચારિત્ર કેમ થાય અને ચારિત્ર કેવું હોય એ અમે જાણીને અનુભવીએ છીએ એ તમને બતાવીએ છીએ. તમારે આવો ભાવ અંગીકાર કરવો. આ વિધિ અને રીત કહી છે તે. એ ૩૯ ગાથા થઈ લ્યો!

અંદર છેને? **'किमन्यै र्ग्रन्थविस्तरैः'** બીજા ગ્રંથના વિસ્તારથી શું કહેવું છે અને **'प्रक्रियामात्रमेवेदं'** એ તો બધી વિશેષ ક્રિયાઓના કથનો છે ભેદોના. **'वाङ्मयं'** બાકી વાણીમય **'विश्वमस्य'** ભગવાન આત્મા એકલો ચિદાનંદ પ્રભુ એ વિકલ્પ અને નિમિત્તથી સંકેલીને અંદરમાં દૃષ્ટિ કરીને ઠરે એ બધું કહેવાનો આશય આ છે. કહો, સમજાણું આમાં? આહા..હા..! પરમાત્મપ્રકાશ છેને. પરમાત્મસ્વરૂપ પોતે છે. એમાં વીતરાગભાવે પરિણમવું એ પરમાત્મ પ્રગટ કરવાનો ઉપાય છે. આ સમભાવ એ પરમાત્મ પ્રગટ કરવાનો પંથ છે બસ. એ સમભાવને નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે, એને નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે. લ્યો! અહીં તો નિશ્ચય મોક્ષમાર્ગની એટલી વ્યાખ્યા આવી.

**'આગે જો જીવ સમભાવકો કરતા હૈ,...'** જુઓ! હવે એ. **'ઉસીકે નિશ્ચયસે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર હોતા હૈ, અન્યકે નહીં,...'** બીજાને ચારિત્ર હોતું નથી એમ કહે છે. આહા..હા..!

१६३) दंसणु णाणु चरित्तु तसु जो सम-भाउ करेइ।
इयरहँ एक्कु वि अत्थि णवि जिणवरु एउ भणेइ।।४०।।

**'इयरहँ एक्कु वि अत्थि णवि'** પાછું એમ. ... સમ્યગ્દર્શન પણ નથી બીજાને તો એમ કહે જુઓને ભાષા કેવી કરી! સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એક પણ નથી. આહા..હા..! લ્યો! શું કહે છે? **'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ઉસીકે નિશ્ચયસે હોતે હૈં,...'** એને હોય છે નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય-સાચું દર્શન, સાચું જ્ઞાન, સાચું ચારિત્ર. **'જો યતિ સમભાવ કરતા હૈ,...'** આહા..હા..! સમભાવ એ ક્રિયા શું છે એને એનું માહાત્મ્ય આવતું નથી. સમજાણું? કાંઈક આ કરે, આમ પ્રવૃત્તિ દેખાય, આમ કાંઈક ચાલે, કાંઈક બોલે, કાંઈક વાણીનો વિસ્તાર કરતો હોય, દેહની ક્રિયા આમ ધમાલ ચાલતો હોય તો એને કાંઈક કરે છે એમ દેખાય અને ઈ કરે છે એવું કાંઈક દુનિયાને ખ્યાલમાં આવે. એ બધો બંધનો ભાવ છે વિકલ્પ આદિ અને બહારની પ્રવૃત્તિ જડ છે. એમાં શું ખ્યાલમાં આવે એને ધર્મ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું બંધ. એ જ કહે છે અહીં જુઓને. અંતર દષ્ટિના સમ્યગ્દર્શન સમભાવી તેને દર્શન હોય છે. વિષમભાવમાં માને છે તેને સમ્યગ્દર્શન હોતું નથી. એ ઉપરથી આ વિચાર (આવ્યો). વિકલ્પમાં માને છે અને પરમાં માને તેને સમ્યગ્દર્શન હોતું નથી. સમજાણું કાંઈ? શું કહે છે? જુઓને!

**'ઉસીકે નિશ્ચયસે હોતે હૈં, જો યતિ સમભાવ કરતા હૈ, દૂસરે સમભાવ રહિત જીવકે તીન રત્નોંમેંસે એક ભી નહીં હૈ,...'** દેખો! એટલે શું? જે કાંઈ વિષમભાવ વિકલ્પ આદિમાં માને છે, નિમિત્તની પ્રવૃત્તિમાં માને છે એને તો સમ્યગ્દર્શન પણ નથી, એને સમ્યગ્જ્ઞાન નથી, એને સમ્યક્ચારિત્ર નથી એમ કહે છે. આહા..હા..! સમભાવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. સમભાવથી વિરુદ્ધ જેટલો વિકલ્પ આદિ ભાવ, નિમિત્ત તો બહાર રહી ગયા, એ વિષમભાવ વિકલ્પ આદિ છે એને માને છે અને એથી બહારની પ્રવૃત્તિ વિશેષ આમ દેખાય વધારે કે આ દયા પાળે છે અને આ બોલે છે, આ લખે છે અને આ વાંચે છે ને આ આ કરે છે એવી ચેષ્ટામાં ને એવા રાગમાં જેની દૃષ્ટિ છે એને તો, કહે છે કે, સમ્યગ્દર્શન પણ નથી. આહા..હા..! કથન પદ્ધતિ જુદી જાતની આ છે.

ભગવાન આત્મા સમભાવીને સમ્યગ્દર્શન હોય છે, સમભાવીને સમ્યગ્જ્ઞાન હોય છે, સમભાવીને સમ્યક્ચારિત્ર હોય છે. એટલે બીજાને નહિ. એટલે કે જેટલો એ પુણ્ય આદિના વિકલ્પ ઉઠાવીને બાહ્ય ચેષ્ટાની ક્રિયામાં જોડાણ થઈને પ્રવૃત્તિ એમ દેખાય અને આ દેખાય એને જે માને છે, આ કાંઈક ઠીક છે એને મિથ્યાદર્શન છે, સમ્યગ્દર્શન નથી એમ કહે છે.

આહા..હા..! સમજાણું? અને શાસ્ત્રના પાના પુસ્તકો બહુ ફેરવ્યા હોય, બહુ બોલે, વિકલ્પ કરે એમાં જ્ઞાન છે-એમ નથી. એમાં જ્ઞાન નથી, એટલે કે એને જ્ઞાન નથી એમ કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! શું કીધું? જુઓને! '**દૂસરે સમભાવ રહિત જીવકે તીન રત્નોંમેંસે એક ભી નહીં હૈ,...**' એક પણ નહિ, એમ. એક પણ નહિ એટલે શું? કે ભગવાન આત્મા પોતે વિકલ્પ વિનાની ચીજ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એને દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એનાથી વિરુદ્ધ જે વિકલ્પો છે શુભ રાગ આદિના કે બહારની ચેષ્ટા દેહ, વાણી આદિની છે, એમાં કાંઈક છે મારો લાભ અને એમાં હિત છે, એવા વિષમભાવમાં સમ્યગ્દર્શન નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું?

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ સમભાવમાં ત્રણ છે. સમભાવથી વિરુદ્ધમાં એકેય નથી એમ કહેવું છેને અહીં તો? સમભાવથી વિરુદ્ધમાં ચારિત્ર નથી એમ નહિ, અહીં તો ત્રણમાંથી એકેય નથી એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! કહે છે કે ભાઈ! ચૈતન્ય વસ્તુ જ, નિર્વિકલ્પ વસ્તુ જ સમભાવી વસ્તુ છે, એની દૃષ્ટિનો ભાવ તેને સમભાવરૂપી સમ્યગ્દર્શન છે, એના સમભાવીનું જ્ઞાન તેને સમ્યગ્જ્ઞાનરૂપી સમભાવ છે, એમાં સ્થિરતા એને સમભાવરૂપી ચારિત્ર છે. એનાથી વિરુદ્ધને નથી સમ્યગ્દર્શન, નથી સમ્યગ્જ્ઞાન, નથી સમ્યક્ચારિત્ર. ત્રણે વાત છે. આહા..હા..! એટલે કે પોતાનો જે પરમાત્મ શુદ્ધ ધ્રુવ સ્વભાવ પરમ શાંત વીતરાગ સ્વભાવ છે એને મૂકીને કોઈ વિકલ્પ અને સંયોગમાં માને છે કે આ કાંઈક ઠીક છે, એને વિષમભાવ છે, એમાં સમભાવ નથી માટે એને સમ્યગ્દર્શન નથી. સમજાણું? આહા..હા..!

કહે છે કે વિષમ એટલે રાગભાગ છેને શુભ વિકલ્પ? એમાં જે માને છે કે આ ઠીક છે, એને સમ્યગ્દર્શન નથી, એને સમ્યગ્જ્ઞાન નથી, એને સમ્યક્ચારિત્ર નથી. આહા..હા..! કથનની રીત શું કીધી! ભગવાન આત્માનું જ્ઞાન એટલે રાગ વિનાનું સમભાવી જ્ઞાન તેને સમ્યગ્જ્ઞાન કહે છે. એ વિનાનું શાસ્ત્રનું જ્ઞાન આદિ વિકલ્પ આદિ અને પર આલંબી રાગ એમાં કંઈક ઠીક છે, એ જ્ઞાન એ ઠીક છે એવી જે વિષમતા એમાં સમભાવ નથી માટે તેને સમ્યગ્જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

જુઓ, ગાથા બેય એવી આવશે હોં! ૪૧મી આવશે. કષાયવંતને અસંયમ છે અને અકષાયવંતને સંયમ છે એમ કહેશે. અહીં તો એ ત્રણેની ના પાડે છે. આહા..હા..! કેમકે પરમાત્મ સ્વરૂપ પોતાનું શક્તિએ તત્ત્વ તો એકલો વીતરાગ સમરસી વસ્તુ જ છે. એની અંદરમાં એની દૃષ્ટિ, એનું જ્ઞાન સમભાવી અને એની સ્થિરતા તે જ સમભાવ છે. તેને દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. એનાથી વિરુદ્ધ ભાવ જે વિકલ્પ શુભ હો ભલે કે નિમિત્તની અનુકૂળતાના

સમવસરણમાં બેઠો હો. સમજાય છે? કે જિન મંદિરમાં બેઠો હોય ભગવાનના આમ સમીપમાં મહા પ્રતિમા ભગવાનની, એના સ્વભાવથી વિમુખ એવો વિકલ્પ અને એ સંયોગ છે આ ઠીક છે, આ ઠીક છે એવો જે સમભાવથી વિરુદ્ધ ભાવ એવા વિષમભાવને માનનારને મિથ્યાત્વ છે, સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ વીતરાગ દરબારની વાતું છે ભાઈ!

'**इतररस्य**' એમ છેને? '**एक्कु वि अत्थि णवि**' એમ છેને? '**एक्कु वि अत्थि णवि**' એટલે (એકેય) નથી બે થઈને (એમ) થયું. '**णवि अत्थि**' એમ. જેને વિષમભાવ છે એટલે કે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી શુદ્ધ વીતરાગ સમભાવ એની અંતર દૃષ્ટિ નથી અને રાગ ને વિકલ્પ ને શુભભાવ ને નિમિત્તમાં દૃષ્ટિ પડી છે એ સમભાવ નથી, એને સમ્યગ્દર્શન નથી. આહા..હા..! ભગવાન આત્માનું જ્ઞાન એ સમભાવી વીતરાગી સમ્યગ્જ્ઞાન એને જ્ઞાન છે. બહારના અવલંબનવાળા શાસ્ત્ર આદિનું જ્ઞાન કે પરનું જ્ઞાન એમાં ઉઠતો વિકલ્પ એ સમભાવ નથી. સમભાવ નથી તો સમભાવ વિનાને સમ્યગ્જ્ઞાન નથી. એટલે સમ્યગ્જ્ઞાન નથી એટલે મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને સ્વરૂપની સ્થિરતારૂપી સમ વીતરાગ-અકષાય પરિણતિ છે તેને ચારિત્ર છે. જેને રાગનો પંચ મહાવ્રત આદિનો વિકલ્પ વર્તે છે અને એ ચારિત્ર છે, એ ઠીક છે એને દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ એકલો કીધુંને, સામ્યભાવ જ એકલો સાર આવ્યો છે. આહા..હા..!

અહીં તો એ શૈલીથી વાત કરે છે કે આત્મામાંથી ઉઠવું વિકલ્પ અને કાંઈક આમ બહારમાં ચેષ્ટા જાય એને કંઈક ઠીક માને એને દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે નથી. આહા..હા..! એમ કહે છે લ્યો! સમજાણું? ભગવાન આત્મા અવિકારી સ્વભાવથી ભરેલો પદાર્થ છેને પ્રભુ, એને અહીં પરમાત્મ વસ્તુ કહીએ. એની અંતરની દૃષ્ટિમાં આ બહાર પડવું એવો વિકલ્પ અને નિમિત્ત ચેષ્ટા કાંઈ છે જ નહિ એમાં તો. એવા સ્વભાવની શાંતિ દર્શન, જ્ઞાન અને સ્થિરતા એમાં ત્રણે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર આવી ગયા. એટલે એને જ મોક્ષમાર્ગ છે એમ. એનાથી વિરુદ્ધ આહા..હા..! વિકલ્પ રાગ શુભ રાગ. અશુભની વાત તો ... અને બહારની ચેષ્ટાઓ બહુ દેહની અનુકૂળ થાય, આમ ભગવાન પાસે જાય, બેસે, સાંભળે—એ બધી બાહ્ય ચેષ્ટાઓમાં કાંઈક છે (એમ) માને છે, એને જ્ઞાન નથી. આહા..હા..! વીતરાગી વાત. એમાં રાગમાં માને છે કાંઈક, એને ચારિત્ર જ નથી. સમજાણું કાંઈ?

'**નહીં હૈ, ઈસપ્રકાર જિનેન્દ્રદેવ કહતે હૈં.**' ભાષા જુઓ! ત્રણ લોકના નાથ વીતરાગી સ્વભાવે પરિણમેલા, વીતરાગ સ્વભાવે પરિણમેલા એ સમભાવીમાં દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર કહે છે. વિષમભાવ આદિ ઉઠે વિકલ્પમાં માનનારને મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર

છે એમ જિનેન્દ્રદેવ પોકાર કરે છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! '**एकमपि नैव अस्ति**' એમ છેને? '**एक्कु वि अत्थि णवि**' આહા..હા..! ભાઈસાહેબ! સમભાવ ચારિત્ર નથી એમ કહો, પણ દર્શન-જ્ઞાન પણ નથી? ભાઈ! આત્માના સ્વભાવની શાંતિનું સ્વરૂપ છે એમાંથી નીકળેલો વિકલ્પ જે સ્વભાવમાં નથી, એમાં માનનાર એ વિષમભાવમાં માનનાર છે, જેને દર્શન-જ્ઞાન-ચારિત્ર એક્કેય નથી. આહા..હા..! એમ જિનેન્દ્રદેવ '**भणति**' એમ કહે છે. સમજાણું કાંઈ? એ ત્રણની વ્યાખ્યા કરશે ભાવાર્થમાં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૯, શનિવાર, તા. ૧૫-૦૧-૧૯૬૬**
**ગાથા-૪૦ થી ૪૨, પ્રવચન-૯૮**

પરમાત્મપ્રકાશ, (બીજા ભાગની) ૪૦મી ગાથા એનો ભાવાર્થ છે. '**નિશ્ચયનયસે નિજ શુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, ઐસી રુચિરૂપ સમ્યગ્દર્શન ઉસ સમભાવકે ધારકકે હોતા હૈ,...**' શું કહે છે? ખરેખર સત્ય દૃષ્ટિથી જોઈએ તો આ આત્મા નિજ આત્મા, ભગવાનનો આત્મા એનો એની પાસે રહ્યો, પોતાનો આત્મા શુદ્ધાત્મા શુદ્ધસ્વરૂપ જેમાં પુણ્ય-પાપના વિકલ્પો પણ નથી. કર્મ તો નથી, શરીર તો નથી, પણ પુણ્ય-પાપની વૃત્તિઓ પણ જેમાં નથી, એવો શુદ્ધાત્મા જ ઉપાદેય છે, અંતરમાં એ જ આદરણીય છે, દૃષ્ટિમાં એ જ અંગીકાર કરવા લાયક છે. '**ઐસી રુચિ...**' એવી અંતરમાં દૃષ્ટિ, રુચિ, શ્રદ્ધા પરિણતિ થવી એનું નામ સમ્યગ્દર્શન એ '**સમભાવકે ધારકકે હોતા હૈ,...**' જેને શુભભાવ ઠીક અને અશુભભાવ અઠીક (એમ જેને છે) એવા જીવને સમ્યગ્દર્શન હોતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

આત્મા શુભાશુભ વિકલ્પથી રહિત એકલો નિજ શુદ્ધાત્મા. શુદ્ધાત્મા એટલે વીતરાગી સમભાવીસ્વરૂપ શુદ્ધ જે છે એનું સમ્યગ્દર્શન એ સમભાવવાળાને હોય છે. વિષમમાં, વિકલ્પમાં, રાગમાં, શુભભાવમાં લાભ માનનારને એ સમ્યગ્દર્શન હોતું નથી. સમજાય છે કાંઈ? સમ્યક્

એટલે સત્યદર્શન, સત્ય પ્રતીતિ, પ્રશંસનીય પ્રતીતિ. એ વસ્તુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ તદ્દન અવિકારી સ્વભાવનું સ્વરૂપ જેનું છે એને ઉપાદેય તરીકે માન્યો, એને પુણ્યમાં ઠીક અને પાપમાં અઠીક એવી વિષમ માન્યતા હોતી નથી. (એ) સમભાવ ધારણ કરે એને સમ્યગ્દર્શન હોય છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

**'સમભાવકે ધારકકે હોતા હૈ,...'** મૂળ પાઠ છેને ઈ? **'सम-भाउ करेइ'** સમ્યગ્દર્શન પણ સમભાવ, એટલો પુણ્ય-પાપથી રહિત શુદ્ધ શ્રદ્ધા એ સમભાવની શ્રદ્ધા છે અથવા ત્રિકાળી શુદ્ધ સ્વભાવ તે સમભાવ સ્વરૂપ છે. એની શ્રદ્ધા પણ સમભાવ કરે તેને હોય છે. સમજાણું કાંઈ? **'ઔર નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન હુઆ...'** પોતાનો શુદ્ધ આત્મા નિજ શુદ્ધ પવિત્ર સ્વરૂપ ધ્રુવ એની ભાવના-એની અંતર એકાગ્રતા, પુણ્ય-પાપના રાગ, શાસ્ત્ર જ્ઞાન આદિથી રહિત પોતાનો નિજ શુદ્ધાત્મા એની એકાગ્રતા, એ ભાવના એ પર્યાય છે. શુદ્ધાત્મા એ ધ્રુવ ત્રિકાળ છે. ત્રિકાળ શુદ્ધ ધ્રુવને ભાવનારૂપે એકાગ્ર કરીને **'ઉત્પન્ન હુઆ વીતરાગ પરમાનંદ મધુર રસકા આસ્વાદ...'** વીતરાગ-રાગરહિત પરમ શાંત આનંદ મધુરરસ એનો આસ્વાદ **'ઉસ સ્વરૂપ આત્મા હૈ,...'** ભેદજ્ઞાન કરે છે. આવો આત્મા છે.

**'તથા હંમેશા આકુલતાકે ઉપજાનેવાલે...'** પુણ્ય-પાપ, કામ-ઈચ્છા, ક્રોધ-દ્વેષ, રાગ અને દ્વેષ. કામ-ક્રોધાદિ એટલે રાગ અને દ્વેષ, એમાં બધું આવી ગયું પુણ્ય અને પાપ આદિ. એ રાગ અને દ્વેષ જે આકુળતાના ઉપજાવવાળા છે. **'વે મહા કટુક રસરૂપ અત્યંત વિરસ હૈં,...'** એ રાગનો વિકલ્પ છે એ કડવો રસ છે, કટુ રસ છે. ભગવાન આત્મા શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલો, અંતર આત્માના અંતર એકાગ્રતાથી ઉત્પન્ન થયેલો મધુર આનંદ શાંતરસ અને આ કટુક રાગાદિ જે રસ એ કડવો છે. **'ઐસા જાનના, વહ સમ્યગ્જ્ઞાન...'** જુઓ! સમ્યગ્જ્ઞાન. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છે, વીતરાગી આનંદસ્વરૂપ આત્મા છે. એવા વીતરાગી આનંદ સ્વરૂપની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલો વીતરાગી મીઠો આનંદ સુખ સ્વાદ, સુખ સ્વાદ અને રાગથી ઉત્પન્ન થયેલો કડવો સ્વાદ, કટુક સ્વાદ એ બે સ્વાદનું ભેદજ્ઞાન થવું, બેનું જ્ઞાન યથાર્થ થવું એને જ્ઞાન કહે છે. એ સમભાવીને સમ્યગ્જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- રાગ પોતે કડવો છે, ઝેર છે. કટુક છે કીધુંને? **'મહા કટુક રસરૂપ અત્યંત વિરસ હૈં,...'** વિરસ છે. આત્મા શુદ્ધ આનંદ અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ આત્મા છે. એનાથી ઉત્પન્ન થયેલો અંદર આનંદ એ તો મીઠો શાંત આનંદ સમભાવે આનંદ છે. એ સમભાવી આનંદ અને રાગનો વિરસ-કટુક સ્વાદ બેનું વાસ્તવિક અંતર જ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે,

એ સમ્યગ્જ્ઞાન સમભાવમાં થાય છે. સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ ચિદાનંદ આનંદકંદ વસ્તુ છે. અતીન્દ્રિય આનંદથી ભરેલું તત્ત્વ છે. અતીન્દ્રિય આનંદ, શાંત આનંદ, વીતરાગી આનંદથી ભરેલો આત્મા છે. એની એકાગ્રતા થવાથી એમાં શ્રદ્ધા, જ્ઞાનની એકાગ્રતા થવાથી જે અતીન્દ્રિય વીતરાગી આનંદનો સ્વાદ અને રાગનો સ્વાદ વિકલ્પ જે ઉઠે દયા, દાન, વ્રત આદિ એનો સ્વાદ એ કટુક સ્વાદ છે અને આ મીઠો સ્વાદ છે. એવું જે બે વચ્ચેનું ભેદજ્ઞાન તે સમભાવીને સમ્યગ્જ્ઞાન હોય છે. રાગ ભલો અને આત્મા પણ ભલો એવા બે ભાવ (ભલા માનવા) એ વિષમભાવ છે. સમજાય છે કાંઈ? (રાગ) અને આત્મા તરફની આનંદની નિર્વિકલ્પ દશા બે ભિન્ન છે, બે એક નથી. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ આત્મા એની અંતર એકાગ્ર થવાથી જે અતીન્દ્રિય આનંદ થાય અને આ રાગાદિ ભાવ તે કટુક સ્વાદ છે, કડવો સ્વાદ છે, રાગનો કડવો સ્વાદ છે. એ બેના સ્વાદનું ભેદજ્ઞાન થાય તે સમભાવીને તે સમ્યગ્જ્ઞાન હોય છે. કારણ કે ત્યાં રાગના સ્વાદનો આદર નથી, ત્રિકાળી શુદ્ધ આત્માના આનંદના આદરથી ઉત્પન્ન થયેલા આનંદનો જ્યાં આદર છે. એ સમભાવીને એવું સમ્યગ્જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં?

આ આત્મા... આ દેહ તો માટી જડ છે, કર્મ અંદર માટી જડ અજીવ છે, વાણી આ અજીવ જડ છે. પુણ્ય-પાપના ભાવ થાય તે વિકારી દુઃખરૂપ કડવો સ્વાદ છે. દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે કે હિંસા, જૂઠાના-બેય રાગ કડવો સ્વાદ છે. અને ભગવાન આત્મા એ કડવા સ્વાદથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ છે એના એકાગ્રતાથી ઉત્પન્ન થયેલો અતીન્દ્રિય આનંદનો સ્વાદ, અહીં તો પર્યાય વચ્ચે બેનો ભેદ પાડ્યો છે, આનંદના સ્વાદનું જ્ઞાન અને આ રાગના કટુક સ્વાદનું જ્ઞાન બેનું ભિન્ન પાડીને જે જ્ઞાન થયું એને સમ્યગ્જ્ઞાન, મોક્ષના કારણપણે એ જ્ઞાનને મોક્ષનું કારણ કહેવામાં આવે છે કે જે સમ્યગ્જ્ઞાન સમભાવીને હોય છે. સમભાવ છે ત્યાં. એકલો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ તે જ આનંદ અને તે જ હું એનું જ્ઞાન તે જ્ઞાન. રાગાદિ અને પરનું જ્ઞાન એ કાંઈ મારું સ્વરૂપ નથી. એવું જે આત્મામાં સમભાવી જ્ઞાન થવું આત્મા અને રાગના ભેદ પાડીને, એવા સમ્યગ્જ્ઞાનમાં જે આનંદનું જ્ઞાન એ જ્ઞાન સમભાવીને હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શાસ્ત્રના ભણતર અને એની અહીં વાત નથી. લૌકિક ભણતર એ કાંઈ જ્ઞાન નથી. એમ કહનેમેં આતા હૈ સુનો કિ જો સમ્યગ્દર્શન કિસકો કહતે હૈં, સમ્યગ્જ્ઞાન કિસકો કહતે હૈં સમ્યગ્ચારિત્ર કિસકો કહતે હૈ વહ બાત ચલતી હૈ.

પરમાત્મપ્રકાશ ચલતા હૈ. યોગીન્દ્રદેવ દિગંબર મુનિ લગભગ ૯૦૦ વર્ષ પહલે હુએ હૈં. ઉન્હોંને પરમાત્મપ્રકાશ બનાયા. મહામુનિ સંત દિગંબર થે. વે કહતે હૈં ૪૦ ગાથામેં કિ સમ્યગ્દર્શન,

સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જો મોક્ષકા ઉપાય માર્ગ હૈ વહ માર્ગ સમભાવીકો હોતા હૈ. સમભાવીકો સમ્યગ્દર્શન, સમભાવીકો સમ્યગ્જ્ઞાન, સમભાવીકો સમ્યક્ચારિત્ર હોતા હૈ. ઉસકી વ્યાખ્યા કરતે હૈં. ભગવાન આત્મા શરીર, કર્મ, પુણ્ય-પાપકે રાગસે રહિત એકલો વીતરાગી સમભાવી આનંદમૂર્તિ જે આત્મા નિજ શુદ્ધાત્મા ઉસકી અંતરમેં રુચિ... પુણ્ય-પાપમેં પુણ્યભાવ ઠીક હૈ ઔર પાપ અઠીક હૈ યહ વિષમભાવ મિથ્યાત્વભાવ હૈ. શુભભાવ મુઝે હોતા હૈ વહ ઠીક હૈ ઔર અશુભભાવ અઠીક હૈ-ઐસે દો ભાવ મેં ભેદ કરના વહ વિષમભાવ, મિથ્યાત્વભાવ હૈ. ઉસસે હટકર અપના જ્ઞાન નિજ શુદ્ધાત્મા પરમાનંદસ્વરૂપ ઉસકી દૃષ્ટિ કરના ઔર નિર્વિકલ્પ રાગરહિત પ્રતીત હોના, ઉસ સમભાવીકો રાગસે હટકર, રાગમેં ઠીક હૈ ઐસી દૃષ્ટિ છોડકર, વીતરાગી સ્વભાવ ઠીક હૈ, હિતકર હૈ ઐસી અંતરમેં રુચિ દૃષ્ટિ હોના ઉસકા નામ નિશ્ચય સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ કિ જો નિશ્ચય સમ્યગ્દર્શન મોક્ષકા કારણ હૈ. કહો, સમજમેં આયા?

ઔર સમ્યગ્જ્ઞાન ઈસકો કહતે હૈં કિ ભગવાન આત્મા યહ નિજ આત્મા જો અતીન્દ્રિય આનંદ ઔર શાંતરસકા પિંડ તત્ત્વ હૈ ઉસમેં એકાગ્ર હોકર, ઉસમેં એકાગ્ર હોકર, રાગમેં એકાગ્ર હોકર નહીં, શુદ્ધ સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદમય સમતાકા પિંડ પ્રભુ યહ નિજ આત્મા હૈ ઉસમેં એકાગ્ર હોકર, ઉસમેં લીન હોકર અંતરમેંસે નિજાનંદકા સ્વાદ આના ઔર રાગાદિકે સ્વાદકો કટુકસ્વરૂપ જાનના ઔર આત્માકે આનંદકો મીઠા યથાર્થ જાનના-ઐસા દો બીચમેં આનંદકા સ્વકા આનંદકા જ્ઞાન ઉસકા નામ સમ્યગ્જ્ઞાન કહનેમેં આતા હૈ. વહ સમ્યગ્જ્ઞાન સમભાવીકો હોતા હૈ. અર્થાત્ રાગમેં રાગ ઠીક હૈ ઐસા જ્ઞાન હટ ગયા હૈ. હમારા આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ વહી મુઝે ઉપાદેય અંગીકાર કરને લાયક હૈ, ઐસા આનંદકા જ્ઞાન કરકે જો રાગરહિત સમભાવ હુઆ ઉસ જ્ઞાનકો યહાં સમ્યગ્જ્ઞાન કહનેમેં આતા હૈ. મખનલાલજી! વહાં કહીં સુના નહીં હોગા સંચેમેં તો. સમજમેં આતા હૈ? આહા..હા..!

ભગવાન આત્મા અનંત-અનંત બેહદ જ્ઞાન, આનંદ, શાંતિકા ભંડાર આત્મા હૈ. વહ શરીર, વાણી, મનસે પૃથક્ હૈ, કર્મસે, આઠ કર્મ હૈ જ્ઞાનાવરણીય જડ માટી ઉસસે ભી પૃથક્ હૈ, પરંતુ અંદર દયા, દાન, વ્રતકા શુભરાગ ઔર અશુભરાગ ઉસસે ભી પૃથક્ આત્મા હૈ. ઉસસે પૃથક્ હૈ ઔર અપના સ્વભાવસે અપૃથક્ નામ અભેદ હૈ. અપને સ્વભાવ બેહદ જ્ઞાન અનંત આનંદ, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત શાંતિ ઐસા અપને નિજ સ્વભાવસે એકરૂપ અભેદ હૈ. ઐસા આત્માકા આનંદકા જ્ઞાન હોના, રાગમેં દુઃખ હૈ ઐસા ભેદજ્ઞાન હોના ઉસકા નામ સમ્યગ્જ્ઞાન, મોક્ષકા કારણરૂપ સમ્યગ્જ્ઞાન ઐસા સમભાવીકો હોતા હૈ. સમજમેં આયા? કહો, રતિભાઈ! ભારે વાત ભાઈ! આહા..હા..! ઐસા જિનેન્દ્ર કહતે હૈં. દેખો આખરી. યોગીન્દ્રદેવ મુનિ સ્વયં કહતે હૈં. પરંતુ કહતે હૈં કિ ના, '**जिणवरु एउ भणेइ**' હૈ ન? ઐસા જિનેન્દ્રદેવ

કહતે હૈં. તીનલોકકે નાથ સર્વજ્ઞ પરમેશ્વર દિવ્યધ્વનિ દ્વારા સૌ ઈન્દ્રોંકી ઉપસ્થિતિમેં સમવસરણ કે અંદર પરમેશ્વર ઐસા ફરમાતે થે. ઐસા આચાર્ય મહારાજ કહતે હૈં કિ હમ ઐસા કહતે હૈં. ઐસા હમ કહતે હૈં. ઓહો..હો..! સમજમેં આયા? ઐસા જાનના વહ સમ્યગ્જ્ઞાન હૈ. દો બોલ હુએ. સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન. અબ સમ્યક્ચારિત્ર.

'**ઔર સ્વરૂપકે આચરણરૂપ વીતરાગચારિત્ર ભી ઉસી સમભાવકે ધારણ કરનેવાલેકે હી હોતા હૈ,...**' ક્યા કહતે હૈં? ભગવાન આત્મા—નિજ આત્મા શુદ્ધ વિકારરહિત નિર્વિકલ્પ આત્મા ઉસમેં રાગરહિત સ્વરૂપમેં સ્થિરતા સ્વરૂપકા આચરણ, સ્વરૂપ જો આત્માકા વીતરાગી જ્ઞાનસ્વરૂપ આત્મા હૈ ઉસકા આચરણ, સમભાવી વીતરાગી આત્મસ્વરૂપ હૈ ઉસકા આચરણ. વીતરાગચારિત્ર-રાગરહિત સ્વરૂપકી શાંતિસ્થિરતા અતીન્દ્રિય આનંદસહિત શાંતિકી સ્થિરતા ઉસી સમભાવકે ધારણ કરનેવાલેકે હોતા હૈ. મહાવ્રતાદિ વિકલ્પ ઉસસે હટકર અપને શુદ્ધ અખંડ જ્ઞાયકસ્વભાવમેં વીતરાગી સ્થિરતા દ્વારા રમના ઉસ સમભાવીકો ભગવાન ચારિત્રવંત કહતે હૈં. દૂસરોંકો ચારિત્ર હોતા નહીં. રાગમેં પુણ્યમેં ધર્મ માનનેવાલા, રાગમેં હિત માનનેવાલા, શુભભાવમેં ઠીક માનનેવાલા ઉસકો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીનોં હોતે નહીં. સમજમેં આયા?

વીતરાગમાર્ગ હૈ ન. વીતરાગમાર્ગ કહો યા સમભાવ કહો. વીતરાગ નામ રાગરહિત, પુણ્ય-પાપકા રાગરહિત વહ સમભાવ હુઆ. સમભાવી સ્વરૂપ આત્મા ઉસકા સમભાવ ઐસા, વીતરાગીભાવ અંદર હોના. શુભ-અશુભ વિકલ્પ જો પુણ્ય-પાપકા ઉસસે હટકર સ્વરૂપકે આચરણકી સ્થિરતા સમભાવકે ધારણ કરનેવાલેકો હોતા હૈ. વીતરાગી પરિણતિ કરે ઉસકો ચારિત્ર હોતા હૈ. ઓહો..હો..! દુનિયાને સત્ય માર્ગ શું છે એ સાંભળવા મળે નહિ. મખનલાલજી! ક્યા કરે? બાહરમેં જિંદગી ઐસે હી નિકાલ દી.

અનંતગુણકી નિધાન ખાન ભગવાન આત્મા હૈ. પુણ્ય-પાપકા ભાવ હૈ વહ તો રાગ, લોહેકી ખાન હૈ, વિકાર હૈ. ઉસ વિકારસે હટકર ભગવાન આત્મા અપના નિજ વીતરાગી સમભાવી સ્વરૂપ ઉસમેં સ્થિરતા-રાગરહિત ચારિત્ર કરતા હૈ, ઉસકો સમભાવ કહતે હૈં, ઉસ સમભાવીકો ચારિત્ર હોતા હૈ.

'**જો મુનિશ્વર વીતરાગ નિર્વિકલ્પ પરમ સામાયિકભાવકી...**' દેખો! યહ સામાયિક. યહ સામાયિકકી વ્યાખ્યા હૈ. હૈ અંદર? સામાયિક શબ્દ હૈ સામાયિક. ઉસકા નામ સામાયિક હૈ, ઉસકા નામ સામાયિક ચારિત્ર હૈ. યહ યથાખ્યાત ચારિત્ર ઔર ઉસકે ચારિત્રકી બાત નહીં ચલતી. સમજમેં આયા? મુનિકો આત્મદષ્ટિ અંતર નિર્મલ સમભાવમેં હોતી હૈ, આત્મજ્ઞાન સમભાવમેં હોતા હૈ ઔર વીતરાગી ચારિત્ર ભી સમભાવમેં હોતા હૈ, ઉસકા નામ સામાયિક ચારિત્ર (હૈ). જિસમેં દયા, દાનકે વિકલ્પકા ભી અભાવ (હૈ ઔર) અકેલી શાંત વીતરાગી

પરિણતિકા સદ્ભાવ હૈ. ઐસે સામાયિકભાવકી **'ભાવનાકે અનુકૂલ (સન્મુખ) નિર્દોષ પરમાત્માકે...'** ઐસા નિર્દોષ ભગવાન આત્મા ઉસકા **'યથાર્થ શ્રદ્ધાન...'** ઐસા ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ અનંત-અનંત આનંદસે ભરા ભંડાર ઉસકી અંતરમેં નિર્વિકલ્પ રાગરહિત શ્રદ્ધા, ઉસકા યથાર્થ આનંદકા જ્ઞાન ઔર ઉસકે સ્વરૂપમેં યથાર્થ આચરણ. અંતર સ્વરૂપમેં આચરણરૂપ રમના વહ અખંડ ભાવ ધારણ કરતા હૈ ઉસીકો સમભાવ હોતા હૈ ઔર સમભાવકો તીનોં દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ. બહુત બાત કઠીન! મનુષ્યકો આધાર ચાહિયે ન, કુછ મદદ બાહરકી. કિસકો મદદ? વીતરાગભાવકો રાગકી મદદ હોતી હી નહીં. આહા..હા..! સમજમેં આયા? **'ઉસીકે પરમસમાધિકી સિદ્ધિ હોતી હૈ.'** પરમસમાધિ કહો, સમભાવ કહો, સામાયિકભાવ કહો યા ચારિત્ર વીતરાગી પરિણતિ કહો. ૪૦વીં ગાથામેં યે તીન બોલ કહે. સમજમેં આયા?

**'આગે ઐસા કહતે હૈં કિ જિસ સમય જ્ઞાની જીવ શાંતભાવકો ધારણ કરતા હૈ, ઉસી સમય સંયમી હોતા હૈ,...'** ભગવાન આત્મા નિજાત્મા, નિજાત્મા હાં, અપના ભગવાન આત્મા વીતરાગ સમભાવી સે ભરા હુઆ ઉસમેં શાંત અકષાયભાવસે ઠરતા હૈ ઉસે સંયમ અથવા ચારિત્ર હોતા હૈ. **'જબ ક્રોધાદિ કષાયકે વશ હોતા હૈ, તબ અસંયમી હોતા હૈ...'** પરંતુ જબ ક્રોધ, પુણ્ય-પાપકે વશ હોતા હૈ વહ અસંયમી અચારિત્ર હૈ. સમજમેં આયા કુછ? યહ કહતે હૈં. ૪૧મેં યહ કહતે હૈં.

१६७) जाँवइ णाणिउ उवसमइ तामइ संजदु होइ।
होइ कसायहँ वसि गयउ जीउ असंजदु सो।।४१।।

ભગવાન યોગીન્દ્રદેવ દિગંબર મુનિ સંત, ભગવાન જિનેન્દ્રને કહી હુઈ સંયમકી દશાકા વર્ણન કરતે હૈં. જિનેન્દ્રને કહા હુઆ સંયમ કિસકો કહના? ચારિત્ર કિસકો કહના? સંયમી અથવા ચારિત્રવંત કિસકો કહના, વો જિનેન્દ્રદેવને કહા હુઆ યોગીન્દ્રદેવ કહતે હૈં.

**'યદા'** શબ્દ છેને? 'જે કાળે' એમ શબ્દ છે. જે કાળે **'જિસ સમય જ્ઞાની જીવ...'** એટલે આત્મા. જ્ઞાની જીવ એમ. શુદ્ધ સ્વરૂપનું અંતરનું સ્વસંવેદન જ્ઞાન છે. ભગવાન આત્મા પરમાનંદકી મૂર્તિ ઉસકા સ્વસંવેદન જ્ઞાનકા વેદન કરકે જ્ઞાન હુઆ હૈ ઉસકા નામ જ્ઞાની કહનેમેં આતા હૈ. **'જ્ઞાની જીવ શાંતભાવકો પ્રાપ્ત હોતા હૈ.'** આત્માકા જ્ઞાન હુઆ હૈ ઉસમેં વહ શાંત (હોતા હૈ). પુણ્ય-પાપકા રાગભાવ વહ અશાંતભાવ હૈ. સમજમેં આયા? શુભ-અશુભભાવ હૈ દોનોં અશાંતભાવ હૈં. ઉસસે હટકર ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ ઉસકા જ્ઞાન કરકે જ્ઞાની જીવ ઉસમેં શાંતભાવસે, અકષાયભાવસે, વીતરાગભાવસે ઠરતા હૈ. **'ઉસ સમય સંયમી હોતા હૈ,...'** એ કાળે સંયમી હોય છે.

મુમુક્ષુ :- શાંતભાવ એટલે?

ઉત્તર :- શાંતભાવમાં આનંદ અને અતીન્દ્રિય શાંતિ વેદાય. શાંતભાવમાં અતીન્દ્રિય સમભાવનું વેદન હોય, અતીન્દ્રિય આનંદ વેદાય, અનુભવાય એનું નામ શાંતભાવ. પુણ્ય-પાપના ભાવમાં દુઃખ વેદાય, દુઃખ અનુભવાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અતીન્દ્રિય આનંદ એટલે?

ઉત્તર :- આ ઇન્દ્રિય આનંદમાં રાગમાં માને છે એનાથી વિરુદ્ધ તે અતીન્દ્રિય આનંદ. આ ઇન્દ્રિયોમાં લક્ષ કરીને રાગમાં આનંદ માને છે ઉસસે વિરુદ્ધ જો ભાવ અંતરમેં આત્મામેં ઉત્પન્ન ઉસકા નામ અતીન્દ્રિય આનંદ. સમજમેં આયા? અરે! કભી માર્ગ લિયા નહીં. ઐસે હી હેરાન હોકર મર ગયા. અહીં તો કહે છે કે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુણ્યભાવ હૈ વો અશાંતભાવ હૈ, દુઃખભાવ હૈ, આકુલતાભાવ હૈ, જહરભાવ હૈ. કહો, શુકનચંદજી! ઐસા કહતે હૈં ભગવાન.

સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવ સમવસરણમેં ઇન્દ્રકી ઉપસ્થિતિમેં, ગણધરકી ઉપસ્થિતિમેં-મૌજૂદગીમેં ભગવાન ફરમાતે થે, વહી યોગીન્દ્રદેવ દિગંબર મુનિ ફરમાતે હૈં. '**जिणवरु एउ भणेइ**' ઐસા લિયા હૈ. સમજાય છે કાંઈ? આહા..હા..! વો ભગવાન આત્મા કૈસા હૈ ખબર નહીં. જહાં શોધના હૈ વહ ક્યા ચીજ હૈ ખબર નહીં. બાહરમેં ઢુંઢા કરે, ફિરા કરે, યહ કિયા.. યહ કિયા... યહ કિયા... મર ગયા ઇસમેં કુછ નહીં મિલે. સમજ મેં આયા કુછ? પૈસા, સ્ત્રી, બચ્ચા, કુટુંબકો ખોજને લગા કિ વહાં સુખ હોગા. ધૂલમેં ભી નહીં હૈ. ઉસકી કલ્પનામેં તો દુઃખ હૈ.

યહાં તો કહતે હૈં, ભગવાન! એકબાર સુન તો સહી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ભક્તિકા વિકલ્પ ઉઠે વહ રાગ હૈ, વહ અશાંતભાવ હૈ, વહ દુઃખભાવ હૈ. વહાં ખોજને જાયે તો શાંતિ નહીં મિલેગી. આહા..હા..! ઐસા યહાં ભગવાન જિનવર અર્થાત્ વીતરાગ (કહતે હૈં). વીતરાગકા માર્ગ વીતરાગસે ઉત્પન્ન હોતા હૈ. કહો, સમજમેં આયા? ધર્મકા એક થોડા અંશ ભી વીતરાગભાવસે ઉત્પન્ન હોતા હૈ. રાગસે નહીં, રાગ તો વિકાર હૈ, આકુલતા હૈ, દુઃખ હૈ. ઓહો..હો..! ધર્મ તો અંતરમેં આનંદ હૈ. બાહરમેં ભગવાન... ભગવાન... ભગવાન... કરે તો ભી વહ વિકલ્પ રાગ હૈ. રાગકો તો યહાં અશાંતભાવ કહા હૈ. ઉસમેં શાંતિ કહાંસે આયે? શાંતિ તો ભગવાન આત્મામેં પડી હૈ.

આત્મા સ્વયં પૂર્ણ શાંતરસકા કંદ હૈ. ઉસકા શાંતભાવમેં જો જ્ઞાની જિસકાલ ઠરતે હૈં ઉસ કાલમેં ઉસકો સંયમી કહને મેં આતા હૈ. ઉસ કાલમેં ઉસકો ચારિત્ર કહનેમેં આતા હૈ. ઓહો..હો..!

ચારિત્ર કૈસા હોતા હૈ ઉસને સુના નહીં. ચારિત્ર ક્યા હૈ? દેહકી ક્રિયા તો જડ હૈ, યહ તો મિટ્ટી હૈ. નગ્નપના વહ ચારિત્ર નહીં. પંચ મહાવ્રતકા વિકલ્પ ઉઠે વહ ભી ચારિત્ર નહીં, વહ તો રાગ હૈ.

યહાં તો ભગવાન કહતે હૈં, 'ज्ञानी जीवः उपशाम्यति' સ્વરૂપમેં શાંત... શાંત... શાંત... વિકલ્પ નામ શુભરાગ રહિત શુદ્ધ અરાગી પરિણતિમેં શાંતમેં ઠરતે હૈં ઉસ કાલમેં ઉસકો ચારિત્ર હોતા હૈ. સમજમેં આયા? વહ ચારિત્ર સાક્ષાત્ મુક્તિકા કારણ હૈ. પરમાત્મ પ્રાપ્તિકા કારણ હૈ. પરમાત્મપ્રકાશ હૈ ન. સમજમેં આયા? ઓહો..હો..! મોટા માંધાતા એક ક્ષણમાં ચાલ્યા જાય જુઓ. છે શરણ ક્યાંય? ડૉક્ટરો શું મૂકે અંદર ધૂળમાં. પોલીસો લાખો આમ મર્યા પછી આમ રાખે છે. ઊંધી કરે. જીવતા આમ રાખે અને મરતા આમ રાખે. એમાં આત્માને શું પણ? સમજાણું કાંઈ? બંદુક-બંદુક. સલામી કરે ત્યારે. ઉસમેં હૈ ક્યા? ધૂલમેં. જીવતા ઉસમેં રાગ હોતા હૈ તો પાપ હૈ. ક્યા પાપમેં શરણ હૈ? ઔર પુણ્યભાવ કરતા હૈ વહ ભી રાગ હૈ. પુણ્યબંધકા કારણ હૈ. વહ કોઈ અબંધ પરિણામ-મોક્ષકા કારણ નહીં. યહાં તો મોક્ષકા માર્ગ વીતરાગ વર્ણવતે હૈં.

કહતે હૈં **'જિસ સમય જ્ઞાની જીવ...'** જિસ કાલમેં. જિસ સમય **'यदा'** જિસ સમય 'તદા કાલે' ઐસા લિખા હૈ. સમજમેં આયા કુછ? **'तामइ'** છેને? **'तावत्'** **'तदा काले'** છેને સંસ્કૃતમાં? સંસ્કૃતમાં છે ઈ. **'यदा काले णाणिउ जानी जीवः उवसमयइ उपशाम्यति तामइ तदा काले संजदु होइ'** સંસ્કૃત છે. ભગવાન આત્મા પોતાના નિજ સ્વરૂપમાં, અપને નિજ સ્વરૂપમેં, પુણ્ય-પાપકે રાગરહિત સમ્યગ્જ્ઞાન કરકે સ્વરૂપમેં ઠરતે હૈં શાંત... શાંત.. શાંત... શીતલ જૈસે બરફકી પાટ હૈ, શીતલ બરફકી પાટ શિલા-શિલા, બરફકી શિલા. ઠંડી... ઠંડી... ઠંડી... ઐસે ભગવાન આત્મા અકષાય શીતલ ઠંડી શિલા પાટ હૈ આત્મા. શરીર નહીં, વાણી નહીં, કર્મ નહીં, પુણ્ય-પાપકા રાગ નહીં. ચૈતન્ય શરીર પ્રમાણે શીતલ અકષાય શાંતરસકી પાટ આત્મા હૈ. સાઢે તીન હાથકી લંબી. ઐસી પાટમેં અંદરમેં ઠરના. જૈસા અંદર સ્વભાવ હૈ વૈસા ઠંડા પ્રગટ કરના. વહ કોઈ વિકાર ઉસકા સ્વભાવ નહીં હૈ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સારા શરીરપ્રમાણ શરીરસે ભિન્ન, કર્મસે ભિન્ન, સારા શરીર પ્રમાણ વિકલ્પ જો ઉઠતે હૈં વહ ભી સારા આત્મા પ્રમાણ વ્યાપક વિકલ્પ હૈ, ઉસ વિકલ્પસે ભી ભિન્ન. સારા આત્મા અસંખ્ય પ્રદેશી અવિકારી શાંતરસકી શીતલપાટ આત્મા હૈ. ઉસ પાટ પર જૈસે સોવે તો ઠંડી લગે, વૈસે ભગવાન આત્મા ઉપશમરસકા કંદ પડા હૈ આત્મા. ઉસમેં સ્થિરતા કરના, ઉસકા જ્ઞાન કરકે જ્ઞાની ઉસમેં ઠર જાયે, વો અકષાયભાવ ઉત્પન્ન હો ઉસકા નામ સંયમ ઔર ચારિત્ર કહનેમેં આતા હૈ. ભારે વાત! ઐસા યોગીન્દ્રદેવ, વીતરાગદેવને

કહા હુઆ કહતે હૈ. આત્મા શાંતરસનો પિંડ પાટ છે પણ અરૂપી. વીતરાગભાવી આત્મા કહો કે શાંતરસ સ્વભાવી આત્મા કહો, કિ અકષાયસ્વભાવસ્વરૂપ આત્મા કહો. એમાં કષાય પુણ્ય-પાપના વિકલ્પનો કણ જેની ચીજમાં નથી. એવી ભગવાન આત્મા ચિદાનંદ શીતળ પાટ એમાં એકાકાર થઈને શાંત... શાંત... પુણ્ય-પાપના વિકલ્પરહિત ઉપશમરસમાં (સ્થિર). 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' આવે છે કે નહિ સ્તુતિમાં? 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' એમ આત્મા ઉપશમરસ-શાંતરસ. એ કષાયરસ છે આત્મા? કષાય, પુણ્ય-પાપનો ભાવ જે ઉત્પન્ન થાય એ તો કષાય છે. એ તો ઉત્પન્ન થાય છે, એ કાંઈ વસ્તુમાં નથી. નવો ઉત્પન્ન કરે છે. એનું લક્ષ છોડીને ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ શીતળ શાંતસ્વભાવી પ્રભુ એની અંદરમાં જે કાળે શીતળ થઈને, શાંત થઈને ઉપશમરસમાં પડે ત્યારે તેને સંયમ અને ચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! મુનિઓ શાંતરસના ઢાળામાં ઢળી ગયા છે. ઓહો..હો..! મુનિપદ, પરમેશ્વરપદ. સમજમેં આયા? ણમો લોએ સવ્વ સાહુણં. પાંચ પદમાં પરમેશ્વરપદ, એ તો પરમેશ્વરપદ છે. પણ કૈસા? ઐસા હોવે ઉસકો કહતે હૈં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આપણે તો આત્માની વાત ચાલે છે અહીં. સમજમેં આયા?

ભગવાન આત્મા... દુનિયા દુનિયાની જાણે. અહીં તો આ આત્મા શાંતરસથી ભરેલ ચૈતન્ય પ્રભુ, ઉસકી દૃષ્ટિ-સમ્યગ્જ્ઞાન, શાંતરસકી દૃષ્ટિ, શાંતરસકા જ્ઞાન ઔર શાંતરસમેં ઠર જાના, હિમ-હિમ. હિમ જેમ હોયને. લીલા છોડને બાળી મૂકે. છોડ સમજો છો? ફસલ હોયને લીલી ફસલ? હિમ પડે તો બાળી મૂકે. એમ ભગવાન આત્મા અંતરમેં શીતલ શાંતરસમેં પરિણમન કરકે વીતરાગી દશામેં રહના ઉસકો ચારિત્ર (કહતે હૈં), વિકારકા નાશ કર દેતા હૈ.

બ્રહ્માનંદ ભગવાન આત્મા એ આનંદમાં શીતળતાની શાંતિની છાયામાં રહેવું. ઉપશમભાવ ઠરી ગયું... ઠરી ગયું... ઠરી ગયું.. કોઈ શરીરને કાપે (તો) દ્વેષ નહીં, ચંદન ચોપડે (તો) રાગ નહિ. નિંદા કરો તો જડકી પર્યાય, મુઝે ક્યા? પ્રશંસા હો તો જડકી અવસ્થા, મુઝે ક્યા? મૈં તો ઉપશમ રસકે શાંતરસમેં પડતા હૂં. ઉસકો સંયમ અને સંયમી ચારિત્ર ઔર ચારિત્રવંત કહતે હૈ. સમજમેં આયા? ઓહો..હો..!

**'ઔર ક્રાધાદિ કષાયોંકે આધીન હુઆ...'** દેખો! પુણ્ય-પાપ વિકારભાવકે આધીન હોના **'વહી જીવ અસંયમી હોતા હૈ.'** આ એક જ વાત. શુભ અશુભરાગ વિકલ્પકે આધીન હોના વહ અસંયમી હૈ. સ્વભાવકે આધીન હોકર શુદ્ધતાકી શાંતિમેં ઠર જાના વહ સંયમી હૈ. ઓહો..હો..! ભારે વ્યાખ્યા પણ. આ પંચમ આરાના મુનિ છે. પંચમ આરાકા સંયમ કૈસા હૈ ઉસકી બાત કરતે હૈં. યહ સંયમ ચોથા આરાકી બાત હૈ ઐસા નહીં હૈ. સમજમેં

આયા? ક્રોધાદિ એટલે શું? પાઠમાં કષાય છે. તો શુભભાવ પણ કષાય છે. સમજાય છે કાંઈ? સમજમેં આયા? તો શુભભાવકે વશ હોના વહ ભી અસંયમ હૈ. આહા..હા..!

ભગવાનનો માર્ગ 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ' કાયરને તો આ કાળજા ધ્રુજે. અરર..ર..! આવો આ! શું છે આ માર્ગ? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસમૂળ' શ્રીમદ્ કહે છે જુઓ. વીતરાગના વચનો અમૃત સરખા શાંતરસની ઉત્પત્તિના મૂળ છે. આહા..હા..! શાંતરસ કહો, સમભાવ કહો, વીતરાગી ભાવ કહો. આહા..હા..! 'ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી...' શાંતરસમાં પરિણમે છે આમ. અરે! અમે એવા ધ્યાનમાં પડીએ કે જ્યાં પથરાને ઘસવા હરણીયા આવે. પત્થર હો વહાં શરીર ઘિસને આતે હૈ કિ નહીં હરણ? એમ આ શરીરકો ઘિસનેકો હરણ આવે ઔર હમ શાંતરસમેં પરિણમે ઐસી દશા કબ હો? ઐસી ભાવના ભાતે હૈં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, આવે છે. છ ઢાળામાં આવે છે. છ ઢાલામેં બહુત ડાલા હૈ. છ ઢાળા. દૌલતરામજીકી છ ઢાલામેં બહુત ડાલા હૈ. પરંતુ ઉસકા અર્થ સમજે બિના (અર્થ કરે). ઉસમેં બહુત બાર ઐસી હી બાત ચલી હૈ ઉસમેં.

કહતે હૈં કિ '**कषायाणां वशे गतः स एव असंयतः भवति**' જિતના પુણ્ય-પાપકે ભાવમેં આદર હોકર મિથ્યાદૃષ્ટિ હોતા હૈ. ઔર સમ્યગ્દર્શનમેં આદર નહીં, પરંતુ અસ્થિરતા હોતી હૈ ઉતના અસંયમ હૈ. શુભભાવકા આદર કરકે માનના વહ મિથ્યાદૃષ્ટિ હૈ, આદર નહીં કરકે ઉત્પન્ન હોના વહ અસંયમ હૈ. સમજમેં આયા? સ્વભાવ શુદ્ધકા આદર કરકે શુભકા આદર નહીં કરના વહ સમ્યગ્દર્શન હૈ. ઔર સ્વભાવકા આદર કરકે શુભભાવ આદિ ઉત્પન્ન હોના વહ અસંયમ હૈ. ઔર શુભભાવ ઉત્પન્ન નહીં હોના ઔર શાંતભાવ ઉત્પન્ન હોના વહ સંયમ હૈ ઐસા કહતે હૈં. કહો, સમજમેં આયા? શબ્દાર્થ હુઆ.

'**ભાવાર્થ :- આકુલતા રહિત નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન હુએ નિર્વિકલ્પ (અસલી) સુખકા કારણ જો પરમ શાંતભાવ ઉસમેં જિસ સમય જ્ઞાની ઠહરતા હૈ, ઉસી સમય સંયમી કહલાતા હૈ,...**' જુઓ, વ્યાખ્યા ટીકા. ભગવાન આત્મા... પુણ્ય-પાપસે, આકુલતાસે રહિત નિજ શુદ્ધાત્મા ભગવાન પોતે પોતાનો નિજ પરમાત્મા ઉસકી ભાવના. અંતરની શાંત આનંદરસની એકાગ્રતા એનાથી '**ઉત્પન્ન હુએ નિર્વિકલ્પ સુખ...**' આત્મામેં નિર્વિકલ્પ શાંતિકા, આનંદકા સુખ ઉત્પન્ન હુઆ આત્મામેં ઉસ '**કારણ જો પરમ શાંતભાવ...**' ઈસ કારણસે પરમશાંતભાવ હુઆ હૈ. વિશેષણો પણ સમજવા કઠણ માણસને. ભગવાન આત્મા,... પુણ્ય-પાપકા રાગ આકુલતા હૈ, ઉસ આકુલતાસે રહિત નિજશુદ્ધાત્મા

અપના નિજ શુદ્ધ ચૈતન્યપ્રભુ ઉસકી ભાવના, ઉસમેં શુદ્ધમેં એકાગ્રતા, ઉસમેં ઉત્પન્ન હુઆ અસલી આનંદકા સુખ, આત્માકા અસલી આનંદ-સુખ ઉસકા **'કારણ જો પરમ શાંતભાવ...'** દેખો! પરમ શાંતભાવમેં આનંદ ઉત્પન્ન હોતા હૈ એમ કહે છે. અશાંતભાવમેં તો દુઃખ હૈ એમ કહતે હૈં. ક્યા કહતે હૈં સમજમેં આયા? એ સુખનું કારણ પરમશાંતભાવ, એમ ભાઈ કીધું. ઓલો પુણ્ય-પાપનો ભાવ એ દુઃખનું કારણ અશાંતભાવ છે. આહા..હા..! પુણ્ય-પાપકા વિકલ્પ અશાંતભાવ દુઃખકા કારણ હૈ ઔર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા કારણ શાંતભાવ અકષાયભાવ વો આનંદકા કારણ હૈ. અહો! એના નિજઘરના માહાત્મ્ય ઉસકો આયા નહીં. પરઘરમાં બહારચલો ચાલીને માન્યું કે આપણે કાંઈક કરીએ છીએ.

કહે છે, ભગવાન આત્મામાં અંતર શુદ્ધસ્વરૂપ આનંદ, ઉસકા આનંદ-અતીન્દ્રિય આનંદ જો ઉત્પન્ન હુઆ ઉસકા કારણ પરમશાંતભાવ હૈ. એમ કહીને ક્યા કહતે હૈં? કિ શુભ-અશુભભાવ હૈ વહ અશાંતભાવ હૈ, વહ દુઃખકા કારણ હૈ, ભાઈ! વહ દુઃખકા કારણ હૈ અથવા દુઃખરૂપ હૈ. આહા..હા..! એને દૃષ્ટિમાં—શ્રદ્ધામાં બેસાડવી વાત, પરસેવા ઉતરે છે. બહારચલો થઈ ગયોને બહુ. પુણ્ય-પાપમાં બહાર ચાલવું એ બહારચલો છે. ભગવાન આત્મા જેમાં નજરું નાખતા શાંતરસ ઝરે એવા આત્માના શાંતરસની પરિણતિ તે આનંદનું કારણ છે. સમજમેં આયા? જિસ સમય જ્ઞાની ઉસમેં ઠહરતા હૈ ઉસ સમય સંયમી કહલાતા હૈ. ઉસ કાલમેં ઉસકો સંયમી -સંયમ ધરનાર કહનેમેં આતા હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ક્યા ગુણસ્થાનની વાત છે?

ઉત્તર :- છઠ્ઠા ગુણસ્થાનકી બાત. છઠ્ઠા-સાતમા. સમજમેં આયા? મુનિ-મુનિ. ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં, ણમો લોએ સવ્વ સાહુણં. અરિહંત-સિદ્ધ તો પૂરા થઈ ગયા, ઉનકી કહાં બાત હૈ? ઐસે સંયમીકો આચાર્ય કહતે હૈં, ઐસે સંયમીકો ઉપાધ્યાય કહતે હૈં, ઐસે સંયમીકો સાધુ કહતે હૈં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિર્વિકલ્પ દૃષ્ટિની શાંતિ વખતે સંયમી કહેવાય. નિર્વિકલ્પ એટલે? ભલે વિકલ્પ હો, પણ નિર્વિકલ્પ જે પરિણતિ તે સંયમ છે એમ કહે છે. સમજમેં આયા? આહા..હા..!

**'ઔર આત્મભાવમેં પરમ આકુલતાકે ઉપજાનેવાલે...'** દેખો! ભગવાન આત્મા શુદ્ધ આનંદકી એકાગ્રતાકી ભાવના, ઉસમેં આકુલતાકે ઉપજાનેવાલે. અંતરની ભાવના ન રહેતા પરમ આકુલતાકે ઉપજાનેવાલે **'કામ ક્રોધાદિક...'** રાગ-દ્વેષ. કામ એટલે રાગ અને ક્રોધ એટલે દ્વેષ. રાગ અને દ્વેષકા વિકલ્પ ઉત્પન્ન હોના, પુણ્ય કિ પાપકા. **'અશુદ્ધ ભાવોંમેં પરિણમતા હુઆ...'** વહ અશુદ્ધ ભાવ હૈ. પુણ્ય ઔર પાપ દોનોં અશુદ્ધ ભાવ હૈ, મલિન હૈ, દુઃખરૂપ

હૈ, દુઃખકા કારણ હૈ. સમજમેં આયા?

આ તો પરમાત્મપ્રકાશ છેને. પરમાત્મસ્વરૂપ શક્તિ આત્મા હૈ. ઉસકી દૃષ્ટિ, જ્ઞાન, શાંતિ અવિકારી પરિણામ વીતરાગ વહી કારણપરમાત્માકી પર્યાય હૈ ઔર પૂર્ણ કાર્યપરમાત્મા વો સિદ્ધદશા હૈ. આત્મા જબ રાગ-દ્વેષાદિકે વશ હો, પુણ્ય-પાપકે વશ હો તો અસંયમી હોતા હૈ. **'ઇસમેં કુછ સંદેહ નહીં હૈ.'** દેખો! સમજમેં આયા? ઉસમેં સંદેહ કરના નહીં. આમ છે એમ કહ્યુંને એટલે સંયમ નથી, એમ. ભગવાન આત્મા અપને નિજ શાંતરસમેં સમ્યગ્જ્ઞાનપૂર્વક શાંતરસમેં કષાય પુણ્ય-પાપકે રહિતમેં ઠરના વહી સંયમ હૈ ઔર જિસ સમય ક્રોધ રાગ-દ્વેષ પુણ્ય-પાપકે વશ હો જાયે-તાબે હો જાયે (તબ વહ) અસંયમી હૈ. નિઃસંદેહ ઐસા જાનના. ઉસમેં જરા ભી ફર્ક નહીં હૈ. આહા..હા..! સમજમેં આયા?

**'ઐસા દૂસરી જગહ ભી કહા હૈ.'** લ્યો કોઈ ઠેકાણે છે. આધાર નથી આપ્યો. **'अकसायं तु चरित्तं कषायवसगदो असंजदो होदि। इवसममइ जम्हि काले तक्काले संजदो होदि।।'** જુઓ, એનું એ છે. પાઠ છેને? એવો જ એક શ્લોકનો આધાર મૂક્યો છે. **'અર્થાત્ કષાયકા જો અભાવ હૈ, વહી ચારિત્ર હૈ,...'** ચારિત્રની વ્યાખ્યા-આનંદસ્વરૂપ ભગવાન ઉસમેં ચરના, જમના, લીન હોના વહ તો અકષાયભાવ હૈ. આત્મા અકષાયસ્વભાવી તો ત્રિકાલ હૈ. ઉસમેં ઠહરના વહ અકષાયભાવ હૈ. યહ અકષાયભાવ હૈ વહ ચારિત્ર હૈ. **'ઇસલિયે કષાયકે આધીન હુઆ જીવ અસંયમી હોતા હૈ,...'** લ્યો, જબ પુણ્ય-પાપકે ભાવમેં, પુણ્યકે ભાવમેં આધીન હો ગયા તો ભી અસંયમી હૈ. ઓહો..હો..! આવી વાણી! દિગંબર સંતો મુનિ સિવાય યહ વાણી ઐસી કહીં ભી નહીં હૈ. સમજમેં આયા? દિગંબર મુનિયોંને તો જિતના સત્ય હૈ વીતરાગમાર્ગ ઐસા પ્રસિદ્ધ કિયા હૈ કિ માર્ગ ઐસા હૈ. માનો, ન માનો તુમ્હારે અધિકારકી બાત હૈ, વસ્તુ ઐસી હૈ. આહા..હા..! **'ઔર જબ કષાયોંકો શાંત કરના...'** કષાયોંકો શાંત કરતા હૈ. પુણ્ય-પાપકે વિકલ્પકા નાશ હોતા હૈ. ઔર જિતના સ્વરૂપમેં શાંતિ અવિકારી પરિણતિ દશા આનંદકી હોતી હૈ વહી સંયમી કહલાતા હૈ. **'તબ સંયમી કહલાતા હૈ.'** હૈ? **'तक्काले संजदो होदि'** એનો અર્થ કર્યો.

**'આગે જિસ મોહસે મનમેં કષાય હોતીં હૈં, ઉસ મોહકો તૂ છોડ,...'** ... જેનાથી તને રાગ ઉત્પન્ન થાય એ પદાર્થનું લક્ષ છોડ અને રાગને છોડ. બેને છોડ એમ કહેશે. જિસ પદાર્થ કે લક્ષસે તુઝે રાગ હોતા હૈ ઉસ પદાર્થકા લક્ષ છોડ દે, રાગ છોડ દે, તો આત્મામેં શાંતભાવ હોગા. **'ઐસા વર્ણન કરતે હૈં—'**

१६७) जेण कसाय हवंति मणि सो जिय मिल्लहि मोहु।
मोह-कसाय-विवज्जयउ पर पावहि सम-बोहु।।४२।।

**'હે જીવ, જિસ મોહસે અથવા મોહકે ઉત્પન્ન કરનેવાલી વસ્તુસે મનમેં કષાય હોવેં,...'** જેનું લક્ષ કરવાથી તને રાગ થાય એ પદાર્થનું લક્ષ છોડી દે અને રાગને છોડી દે. રાગકો છોડ દે. આહા..હા..! જો મોહ નામ પર તરફકી સાવધાની. સ્વરૂપકી સાવધાની, સ્વરૂપકી સાવધાની ઉસકા નામ મોક્ષમાર્ગ ઔર પરમેં સાવધાનીકા રાગાદિ ઉત્પન્ન હોના ઔર ઉસ રાગમેં જો નિમિત્ત હૈ... **'મનમેં કષાય હોવેં, ઉસ મોહકો અથવા મોહ નિમિત્તક પદાર્થકો છોડ,...'** એમ કહીને પરપદાર્થના લક્ષમાં રાગ જ થાય છે એમ કહે છે. સ્વપદાર્થકે આશ્રયસે અરાગી દૃષ્ટિ ઔર જ્ઞાન ઔર શાંતિ હોતી હૈ. અપને આત્માકી દૃષ્ટિસે અરાગી દૃષ્ટિ, અરાગી જ્ઞાન, અરાગી શાંતિ હોતી હૈ. પરપદાર્થકે લક્ષસે તો મોહ હી ઉત્પન્ન હોતા હૈ તો લક્ષ છોડ ઔર મોહ ભી છોડ. બહુ એમાં કડક વાત છે જરી. ભગવતી આરાધનાનો દાખલો આપશે હોં! ભગવતી આરાધનાનો શ્લોક છે ઈ, છે ઈ.

**'ફિર મોહકો છોડનેસે મોહ કષાયરહિત હુઆ તૂ નિયમસે રાગ દ્વેષ રહિત જ્ઞાનકો પાવેગા.'** ભગવાન આત્મા પર તરફના પદાર્થના લક્ષમાં રાગ થાય છે, કષાય થાય છે. એનું લક્ષ છોડ એટલે એ પદાર્થ છોડ્યો કહેવાય અને એનો રાગ છોડ તો અશાંતિ ટળીને શાંતિ થશે. અશાંતિ ટલકે શાંતિ હોગી. વહી શાંતિ આત્મામેં નિર્વિકલ્પ શાંતિ વહી મોક્ષકા માર્ગ હૈ. દૂસરા કોઈ માર્ગ હૈ નહીં. વિશેષ કહેંગે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૦, રવિવાર, તા. ૧૬-૦૧-૧૯૬૬**
**ગાથા-૪૨-૪૩, પ્રવચન-૯૯**

**'ભાવાર્થ :- નિર્મોહ નિજ શુદ્ધાત્માકે ધ્યાનસે...'** જુઓ! પહેલી વ્યાખ્યા. આ આત્મા કેવો છે? નિર્મોહ છે. આત્મામાં મોહના વિકલ્પ પુણ્ય-પાપનો કે મિથ્યાભ્રમણા એ વસ્તુમાં નથી. વસ્તુ તો શુદ્ધ ચૈતન્ય છે. 'નિર્મોહ નિજ શુદ્ધાત્મા' એમ લીધું છે. જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાન અને દર્શનનો પિંડ આત્મા, જેમાં મોહ, ભ્રમણા કે વિકલ્પ રાગ-દ્વેષ વસ્તુમાં નથી.

એવો જે આત્મા એના ધ્યાનથી. એના ધ્યાનથી એટલે એ શુદ્ધાત્મામાં અંતર એકાગ્રતાથી '**નિર્મોહ નિજ શુદ્ધાત્મતત્ત્વસે વિપરીત...**' એ આત્મા મોહ વિનાનો શુદ્ધ તત્ત્વ સ્વરૂપ છે એનાથી '**વિપરીત મોહકો હે જીવ છોડ.**' અંતર જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ જે ચૈતન્ય નિર્મોહ સ્વરૂપ એવા નિર્મોહ શુદ્ધાત્માના ધ્યાનથી નિર્મોહ શુદ્ધાત્માના તત્ત્વથી વિપરીત એવો જે મોહ એને છોડી શકીશ. આત્માના અંતર જ્ઞાનાનંદ સ્વરૂપને ધ્યાનમાં લેતા નિર્મોહ આત્મસ્વભાવથી વિપરીત મોહ છે. સમજાણું કાંઈ? ત્રણ વાત કરીને ત્રણ પટ્ટી.

ભગવાન આત્મા એકલો શુદ્ધ જ્ઞાનમૂર્તિ પ્રભુ એનું ધ્યાન એ પર્યાય છે, એકાગ્રતા. એનાથી નિર્મોહ એવું જે આત્મસ્વરૂપ એનાથી વિપરીત એવો મોહ એ નિર્મોહ આત્માના ધ્યાનથી છૂટશે. સ્વરૂપ નિર્મોહ તે સ્વરૂપની સાવધાનીથી, સ્વરૂપથી વિપરીત મોહ પરની સાવધાની એ નિજ સ્વરૂપની સાવધાનીથી છૂટશે. પરની સાવધાની. સમજાણું કાંઈ? બહુ ટૂંકું. ભગવાન આત્મા નિર્મોહ સ્વરૂપ છે એટલે કે પરમાં સાવધાનપણું જેનામાં નથી. પોતામાં સ્વરૂપમાં સાવધાન થાય એવો જ એનો સ્વભાવ છે. એવો ભગવાન આત્મા એની એકાગ્રતારૂપી ધ્યાનથી, એને જ એકાગ્ર પકડીને એના ધ્યાન દ્વારા. ધ્યાન એ નિર્મળ પર્યાય થઈ, શુદ્ધાત્મા એ દ્રવ્ય થયું. એના ધ્યાનથી નિર્મોહ એવો જે શુદ્ધાત્મા એનાથી વિપરીત મોહ એ વિકારી પર્યાય થઈ. એ વિકારી પર્યાયનો નિર્મોહ આત્માના ધ્યાનથી વિકારી પર્યાય વ્યય થશે. નિર્મોહી આત્મા એનું ધ્યાન એટલે ઉત્પાદથી વિકારી પર્યાયનો વ્યય થશે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ કહ્યા ભેગા. સમજાણું કાંઈ?

ભગવાન શાંત સાગર આનંદનો પિંડ પ્રભુ આત્મા. આનંદ ક્યાંય બીજે નથી. એનો આનંદ અંતરમાં પરિપૂર્ણ ભર્યો છે. એ આનંદસ્વરૂપ કહો કે નિર્મોહસ્વરૂપ આત્મા કહો. એની અંતર એકાગ્રતાથી. એટલે એકાગ્રતારૂપી નવી પર્યાય ઉત્પન્ન થતાં એ શુદ્ધાત્મતત્ત્વથી વિરુદ્ધ જે મોહ, અજ્ઞાન રાગ-દ્વેષ એનો વ્યય થશે, દ્રવ્ય એમ રહેશે, એમાં એકાગ્ર થતાં ઉત્પાદ નિર્મોહ દશાનો થશે. સમજાણું કાંઈ?

'**હે જીવ છોડ.**' હે આત્મા! તારા સ્વભાવનું સાવધાનપણું કરી, પરની સાવધાની વિકારનો વ્યય કર, છોડ. ઈ તો ઉપદેશમાં એમ જ આવેને. સ્વરૂપમાં શુદ્ધ આનંદમાં લીન થતાં જે આનંદની પર્યાય ઉત્પન્ન થતાં વિકારી પર્યાય છૂટી જાય છે. એને કહે છે કે ભાઈ! તું છોડ. એ વિના તારે કોઈ શાંતિનો ઉપાય નથી, સ્વતંત્રતાના સુખનો કોઈ ઉપાય બીજો નથી. આ જ એનો ઉપાય છે. સમજાણું કાંઈ? કઈ ક્રિયા આવી એમાં? શુદ્ધ સ્વરૂપ પરમાનંદ એની અંતર એકાગ્રતાથી એની પર્યાય આવી. એ પર્યાય એ ધ્યાન આવ્યું. એ ધ્યાન એ મોક્ષનો માર્ગ આવ્યો. મોક્ષના માર્ગથી વિપરીત માર્ગની જે પર્યાય તે ઉત્પન્ન નહિ થાય. એને છોડ

એમ કહેવામાં આવે છે. કહો, મોહનભાઈ! બહુ ટૂંકું, ઘણું ઊંચું.

'**જિસ મોહસે અથવા મોહ કરનેવાલે પદાર્થસે કષાય રહિત પરમાત્મતત્ત્વરૂપ જ્ઞાનાનંદ સ્વભાવકે વિનાશક...**' જે મોહથી (અર્થાત્) પર તરફની સાવધાનીની દષ્ટિ અને રાગ-દ્વેષથી અથવા મોહ કરવાવાળા નિમિત્ત પદાર્થ પર. એનાથી કષાય રહિત પરમાત્મતત્ત્વસ્વરૂપ આત્મા. પરમ આત્મ સ્વરૂપ જ્ઞાનાનંદ એવા સ્વભાવના નાશ કરનારા કષાય '**ક્રોધાદિ કષાય હોતે હૈં, ઈન્હીંસે સંસાર હૈ,...**' શું કહ્યું? ભગવાન આત્માની સાવધાની છોડી, પરપદાર્થના તરફની સાવધાનીના મોહથી અથવા એના નિમિત્તના પદાર્થથી, બધું એક જ છે એ તો. ભગવાન આત્મા જેનો પરમાત્મ જ્ઞાનાનંદ સ્વભાવ છે એનાથી વિપરીત જે ક્રોધાદિ ભાવ છે... સમજાય છે? એ કષાય એના વિપરીત ભાવથી હોય છે. પોતાના સ્વભાવ સન્મુખ ન જતાં પરપદાર્થના સન્મુખ જતાં ભાવ, એનાથી કષાય મિથ્યાત્વ અને રાગ-દ્વેષ હોય છે. એ સંસાર છે, દેખો! આ સંસાર છે.

'**ઈન્હીંસે સંસાર હૈ,...**' આ સંસાર છે એ રખડવાનું બીજ છે. સમજાણું કાંઈ આમાં? '**ઈસલિયે મોહ કષાયકે અભાવ હોને પર હી રાગાદિ રહિત નિર્મલ જ્ઞાનકો તૂં પા સકેગા.**' ભગવાન આત્મા જ્ઞાન શાંતરસ પ્રભુ એ પર તરફના પદાર્થ અને પર તરફનો મોહ એને છોડતા તારા સ્વભાવ સન્મુખ જતા તને શાંતિ મળશે. એવું શાંતિનું જ્ઞાન તને પ્રાપ્ત થશે. સમજાણું કાંઈ? પર તરફ જતા જ્ઞાન ઉઘાડ દેખાય, પણ એ અશાંતિનું જ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**ઐસા દૂસરી જગહ ભી કહા હૈ.**' ભગવતી આરાધનામાં. '**तं वत्थुं मुत्तव्वं जं पडि उपज्जए कसायग्गी। तं वत्थुमल्लिएज्जो (तद् वस्तु अंगीकरोति, इति टिप्पणि) जत्थुवसम्मो कसायाणं।।**' એને અંગીકાર કરો. શું કહે છે? '**અર્થાત્ વહ વસ્તુ મન વચન કાયસે છોડની ચાહિયે,...**' મન, વચન ને કાયાના લક્ષથી પરવસ્તુને છોડવી જોઈએ. તેનું લક્ષ જ છોડવું જોઈએ એમ. '**કિ જિસસે કષાયરૂપ અગ્નિ ઉત્પન્ન હો,...**' વિકાર ઉત્પન્ન થાય એવી વસ્તુને છોડવી જોઈએ અને એ વસ્તુને અંગીકાર કરવી એટલે લક્ષ કરવું કે જેનાથી કષાયરૂપી અગ્નિ ઉત્પન્ન ન થાય. સાચા સત્ સમાગમે કષાયની ઉત્પત્તિ ન થાય. રાગની મંદ ઉત્પત્તિ થાય એ વાત જુદી છે. સમજાય છે કાંઈ? પણ એમાં તીવ્ર કષાયની અગ્નિ ઉત્પન્ન ન થાય.

'**તથા ઉસ વસ્તુકા અંગીકાર કરના ચાહિયે, જિસસે કષાયેં શાંત હોં.**' કષાય જેમાં પર વસ્તુના લક્ષથી એ અકષાયભાવ બતાવનાર દેવ-ગુરુ એના લક્ષથી અકષાયભાવની જ ઉત્પત્તિ થાય. કારણ કે લક્ષ છે વિકલ્પ પણ એને કહેવું છે અકષાય એટલે એમાંથી

અકષાયભાવની જ ઉત્પત્તિ થાય વિકલ્પ છોડીને. સમજાણું કાંઈ? **'તાત્પર્ય યહ હૈ, કિ વિષયાદિક સબ સામગ્રી...'** શબ્દ, રૂપ, રસ, ગંધ જે પરપદાર્થ બધી સામગ્રી જડ **'ઔર મિથ્યાદૃષ્ટિ પાપિયોંકા સંગ...'** જેની દૃષ્ટિ વિપરીત છે, જેનું જ્ઞાન ઊલટું છે, જેના એકલા રાગ-દ્વેષના કુઆચરણ છે અંદર—એનો **'સંગ સબ તરહસે મોહકષાયકો ઉપજાતે હૈં,...'** એનો સંગ કરે છે, એ માને છે એવું મનાવે છે. સમજાણું કાંઈ? જેની દૃષ્ટિમાં વિપર્યાસ, જ્ઞાન વિપર્યાસ, રાગ વિપર્યાસ (છે) એ એને મનાવે છે કે આમ હોય. એટલે એના સંગે તો વિપરીત શ્રદ્ધા, જ્ઞાન ઉત્પન્ન થાય છે. બહુ ટૂંકી વાત છેને. અહીં તો એકદમ સ્વ અને પર બેની વાત છે. **'ઈસસે હી મનમેં કષાયરૂપી અગ્નિ દહકતી રહતી હૈ.'** કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર આદિ હોય તો મિથ્યાશ્રદ્ધામાં મિથ્યાશ્રદ્ધા ઉત્પન્ન થાય, કષાય અગ્નિ બળે છે એમાં. શાંત જ્ઞાનારસથી વિપરીત વાત કરનારા, એની માન્યતા અને એના લક્ષે અને એના શ્રવણથી તો કષાય નામ ખોટી શ્રદ્ધા ઉત્પન્ન થાય અને ખોટી શ્રદ્ધા એ જ કષાય છે. સમજાણું કાંઈ?

**'વહ સબ પ્રકારસે છોડના ચાહિયે, ઔર સત્સંગતિ તથા શુભ સામગ્રી** (કારણ) **કષાયોંકો ઉપશમાતી હૈ,...'** સામગ્રી નામ એ સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર એ વીતરાગી ભાવ કરવાનું કહે છે. એટલે એનાથી સમજણમાં વીતરાગભાવ આવે એવી સામગ્રીનું લક્ષ કરી અને સ્વભાવ તરફ ઢળવું. સમજાણું કાંઈ? ઓહો..હો..! મરતા ચારે કોર ઘેરા ઘાલ્યા હોય અને પછી જેના ઉપર આમ પ્રેમ હોય, છોકરો નાનો એક વર્ષનો હોય. હાય..હાય..! હમણા થયો છેને. અને બાપુ બાપુ એમ કરતો હોય અને એ મરતા એને બતાવે. એને એમ થાય કે આનું શું થાશે? બાયડી નવી પરણીને બેઠો બે વર્ષથી. ૩૫ વર્ષની ઉંમર હોય, ૪૦ વર્ષની નવી પરણી હોય, ઓલી હોય ૧૭ વર્ષની, ૧૮ વર્ષની. આ હોય ૪૦ વર્ષનો. આંસુ આવ્યા. ડૉક્ટર કહે કે આ હુમલો આકરો છે ભાઈ હોં! એય..! ડોક્ટર!

મુમુક્ષુ :- ખાનગી કહે.

ઉત્તર :- ખાનગી કહે ખાનગી. હુમલો આકરો છે. ઓલાની સામું જોવે (એટલે) કષાય અગ્નિ ઉત્પન્ન થાય. બાયડી, આ ઘર ને નવા કર્યા છે હોં હમણા હજી. રંગરોગાન કરી એક લાખ રૂપિયા ખર્ચ્યા. પાંચ હજારનું રંગરોગાન કર્યું અને લૂગડાં પહેરાવીને શણગાર કરીને મૂક્યું. હવે કહે છે કે ચાલો. એય..! મોહનભાઈ! ડૉકટર ખાનગી કહે કે બાપા! ચેતી લેજે હોં, હુમલો આકરો છે. કાનમાં કહી દે ઓલાને. ભાઈબંધ-બાઈબંધ હોય કો'ક. છોડને એની સામું જોવું, અહીં જોને અંદરમાં. પણ ઓલી ટેવ પડી હોય. હાય..હાય..! આ છોકરાનું શું થશે? આ બાયડીનું શું થશે? લખાણું નહિ હોં. જૂનીનો દીકરો, આ નવી, છોકરું ન મળે, એનું

લખાણું નહિ. એ કષાય અગ્નિ સળગે અંદર. ધીરૂભાઈ! હવે મુકને હોળી, કહે છે કે એનું લક્ષ છોડને. ત્યાં એના સંગને (છોડી) ગુરુ, દેવ ને શાસ્ત્ર કહેતા હોય (એના સંગમાં જા). છોડ આ. ભગવાન સામું જો અંદર. ભગવાન આત્મા નિર્મોહ પડ્યો છે, પ્રભુ આત્મા પડ્યો છે, શાંતરસનો સાગર. જો ત્યાં, તારો મોહ ટળી જશે. સમજાણું કાંઈ? એમ ઈ કહે સત્સંગ. ઓલો ડૉક્ટર આમ કહે તો ઓલો આમ કહે. હાય... હાય.. આ તો ડૉક્ટર એમ કહે છે ... ઓલો કહે, પણ બચવાનું છે અંદર. જીવતી જ્યોત ચૈતન્ય છે ત્યાં જાને, નજર કરને ભાઈ! ત્યાં નજર કર. સમજાય છે? એમાં મોહ ઘટીને શાંતિ થશે. ઓલામાં આમ જોવે છે અને આમ દેખાડશે ને હોળી થાશે તને. મૂકને સંગ એનો. દેહ છૂટશે હમણા તો કોની સામું તારે જોયા કરવું છે? સમજાણું? ટાંગા આમ આમ થાશે, મોઢા આમ આમ થાશે, ત્યાં કોની સામું જોવું છે તારે? સત્ સમાગમ એ વખતે સાંભળ્યું હોય અને સંભળાવે એટલે એ સંભળાવે આત્મ સ્વભાવને. એના ઉપર જા અને શાંતિ થશે, બાકી ક્યાંય મોહ છૂટવાનો બીજો ઉપાય નથી. કહો, સમજાણું? નેમિદાસભાઈ!

મુમુક્ષુ :- .... પરિણામ ફરી જાય.

ઉત્તર :- પરિણામ ફરે એવા જીવની વાત છે અહીં. ન ફરે એની વાત જ ક્યાં છે અહીં? શું કીધું? અહીં એને ફેરવવા એની વાત છે અહીં. આમ શું કરે છે? ક્યાં જાવું છે તારે? ક્યાં જાવું છે તારે હવે? આ બધા ટાંગા તરફડ્યા તૂટે, આમ આમ થવા માંડ્યો હોય, શું કરવું છે તારે હવે? ત્યાં નજર કરવી છે? મોહને ઉત્પન્ન કરવાનો દેહનો રોગ છે. સમજાય છે? સગા-વહાલા બધા ભેગા થઈને હાય.. હાય.. સામું જોવે તો ઓલી રોતી હશે બાયડી. આંખમાંથી ટપક ટપક કરતી, શું કરવું પણ હવે તારે? ભીખાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ કહે ત્યાં સત્સમાગમે. મૂકને પડતી. આ શું કરે છો? એય..!

નહોતું એકફેરી કહ્યું હતું? ઓલા પ્રેમચંદભાઈ હતાને. પ્રેમચંદભાઈ ને? શું કહેવાય? એ હતા મ્યુનિસીપાલીટીમાં. મોટું શરીર, સોનાની વીંટી લઠ જેવી હોં! દેરાવાસી હતા સદરમાં. એ ગયા હશે લગનમાં ક્યાંક. ત્રણ દિ' ખાધું હશે સરખાઈનું જલેબી ને બરફી ને બધું સરખું. ત્રણ દિ' ખાધું હશે તે એમાં ન્યુમોનિયા ડબ્બલ. આમ સોનાની વીંટી જેવું થઈ ગયું. .. બોલાવો મહારાજને. એ તો દેરાવાસી, પણ અમે નજીક ખરાને ત્યાં. મહારાજને બોલાવો. .. બાયડી માથે બેઠી હતી. અરે..! પણ શું કરો છો કીધું આ તમે? આ ચાલ્યો, આ તો જાય છે. પણ પૂછી કાંઈક લેવું કે આનું શું? અરે..! મરી જવા દેને એને. આ શું કરો તમે માથે બેસીને આ? સાંભળો કીધું. આંખમાંથી આસું ચાલ્યા જાય. હાય.. હાય..! ત્યાં

એક પોલીસ આવ્યો. એ શું કહેવાય? રાવસાહેબનો ઈલ્કાબ આવ્યો છે. અહીં મરવાનો ઈલ્કાબ આવ્યો છે. બરાબર હું ત્યાં બેઠો અને ત્યાં ઓલો સાયકલ લઈને આવ્યો. ... રાવ સાહેબનો ઈલ્કાબ સરકાર તરફથી મળ્યો છે. અહીં ઈલ્કાબ થાય છે કીધું. હવે આ સાંભળવા દેને. ઓલું રહેવા દેને. તારો આત્મા હવે આ ચાલ્યો. કાંઈક શરીરમાં એવું એવું એને તમારે પૂછી લેવું છેને કાલ નહિ પૂછાય માટે? એને શું કરવું પણ હવે? સ્વાર્થીઓ લૂંટારા બધા ભેગા હોય. મણિભાઈ! બધા લૂંટારા એકલા, એકલા લૂંટારા. એમ કહેતા કે હું બાયડી છું. .. આ શું લૂંટો છો તમે? તમે ધ્યાન તમારું રાખો, અમારું છોડી દ્યો. એમ કહેવું જોઈએને. તમારું ધ્યાન રાખો. ક્યાં જાવું છે તમારે હવે? છોડ મોહ. એ બધા મોહના ઉત્પન્ન કરનારા છે એટલે લક્ષ છોડ એમ. ભગવાન આત્મા... સત્ સમાગમ રાગ અને મોહનો ભાવ ઘટાડનારા છે, એનો સંગ કર એમ કહે છે. ૪૨ થઈ. આહા..હા..!

કષાય અગ્નિ ધગધગતી હોય અને એવા પાછા એને નિમિત્ત આપે એને સામા. એક આ પચાસ હજારનું કહ્યું હતું એમાં સહી તમારી રહી ગઈ છે હોં! પણ મરવા દેને, આ તું સહી શેની માગે છો? ઓલો હોય એવો. લાવો કરી દઉં. પણ ક્યાં કરીને જાવું છે નરકમાં? સમજાણું? આવ્યા હોય પેદાશના. બે-લાખ પેદા થયા હોય અને પચાસ હજારની એક સહી તમારી રહી ગઈ છે હોં! એક તમારું નામ લખોને. પણ આ નામ લખીને જાવું છે નરકે એને. આ મોહમાં મરશે હમણા. હાય..હાય..! લ્યો! મારશે ઓલા પરમાધામી ઉપજ્યાવેંત. મરવા દેને સરખો એને. મગનલાલજી! એ મારી બાયડી અને એ છોકરા. શું ફૂલચંદજી? આહા..હા..! એ શાંતરસને હિલોળે હિલવા દેને એને ભગવાન આત્માને. આ કષાય અગ્નિ ક્યાં ઉપજાવે છે તું? જાવું છે ક્યાં? પર ક્ષેત્રે, અજાણ્યે ક્ષેત્રે, એ અજાણ્યે શરીરે, અજાણ્યે કાળે, અજાણ્યે ચાલ્યા જશે બાપા. સમજાણું? ... ધ્યાન ભગવાનનું અંદર. શુદ્ધ ચિદાનંદ સ્વભાવ તારો શાંતરસથી પડ્યો પ્રભુ! એનું કર ધ્યાન, શાંતિ ત્યાં છે, બાકી ક્યાંય શાંતિ નથી.

૪૩. '**આગે હેયોપાદેય તત્ત્વકો જાનકર પરમ શાંતભાવમેં સ્થિત હોકર જિનકે નિઃકષાયભાવ હુઆ ઔર નિજશુદ્ધાત્મામેં જિનકી લીનતા હુઈ, વે હી જ્ઞાની પરમ સુખી હૈં,...**' એ સુખી, બાકી બધા દુઃખી છે એમ કહે છે.

१६९) तत्तातत्तु मुणेवि मणि जे थक्का सम-भावि।
ते पर सुहिया इत्थु जगि जहँ रइ अप्प-सहावि।।४३।।

ઓહો..હો..! આ '**तत्त्वातत्त्वं**', '**જો કોઈ વીતરાગ સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાની જીવ...**' આ અહીંથી ઉપાડ્યું પાધરું. ભગવાન આત્મા રાગ-વિકલ્પ વિનાનો, એ ચૈતન્યના પૂંજથી

આનંદથી ભરેલો ભગવાન એવા આત્માનું સ્વસંવેદન. આત્માના જ્ઞાનનું જ્ઞાન, એ જ્ઞાનનું જ્ઞાન, આનંદનું જ્ઞાન, શાંતિનું જ્ઞાન. એવું સ્વ નામ પોતાના પ્રત્યક્ષ જ્ઞાનથી આત્માને જાણતો એવો વીતરાગી પ્રત્યક્ષ જ્ઞાની. **'આરાધને યોગ્ય નિજ પદાર્થ...'** સમજાણું? **'तत्तातत्तु'** છેને? **'આરાધને યોગ્ય નિજ પદાર્થ...'** સેવવા યોગ્ય તો ભગવાન આત્મા છે. જેમાં એકાગ્ર થવાથી શાંતિ અને આનંદ વળે એવું આત્મતત્ત્વ. અને અતત્ત્વ. અતત્ત્વ છેને?

**'ઔર ત્યાગને યોગ્ય રાગાદિ સકલ વિભાવોંકા...'** એ અતત્ત્વ કહેવામાં આવે છે. પોતાના તત્ત્વની અપેક્ષાએ અતત્ત્વ. સમજાય છે? **'तत्त्वातत्त्वं'** સમજાણું કાંઈ? પોતે જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યસ્વભાવ એ આત્મા એ સ્વતત્ત્વ. એનું જ્ઞાન, એનું જ્ઞાન, એનું લક્ષ, પ્રતીત, એની શાંતિ અનુભવ. એવો સ્વસંવેદન ધર્માત્મા એ સ્વતત્ત્વ છે એને અને બીજા રાગાદિ આ તત્ત્વની અપેક્ષાએ અતત્ત્વ છે. ભાઈ! છે એ તત્ત્વો, આની અપેક્ષાએ અતત્ત્વ છે. કેમકે એના સ્વરૂપમાં એ નથી એ અપેક્ષાએ અતત્ત્વ કહ્યા છે. સમજાણું કાંઈ? તત્ત્વ એટલે જેમાં પોતાનો નિજ સ્વભાવ આનંદ આદિ છે એ પોતાનું નિજ તત્ત્વ. અને પુણ્ય-પાપના વિકલ્પ રાગાદિ એ બધા આ તત્ત્વની અપેક્ષાએ પર માટે અતત્ત્વ. સમજાણું કાંઈ?

**'ત્યાગને યોગ્ય રાગાદિ સકલ વિભાવોં...'** બીજી ભાષાએ કર્યું છે ટીકામાં. અંતઃતત્ત્વ અને બહિર્‌તત્ત્વ એમ કર્યું છે ભાઈ! સંસ્કૃતમાં એમ કર્યું છે. જુઓ! આ તો એકલી તત્ત્વની માખણની વાત છે. અંતઃતત્ત્વ ભગવાન જ્ઞાન આનંદ સ્વરૂપ આત્મા તે અંતઃતત્ત્વ છે. મોહ અને વિકલ્પ, રાગ-દ્વેષની વૃત્તિઓ વિનાનો જ્ઞાયક શુદ્ધ સ્વભાવ સ્વતત્ત્વ એ નિજતત્ત્વ, એ અંતઃતત્ત્વ છે. અતત્ત્વ પુણ્ય-પાપના વિકલ્પો આદિ માંડીને આ તત્ત્વ નહિ માટે અતત્ત્વ એટલે બહિર્‌તત્ત્વ. સમજાણું કાંઈ? **'સકલ વિભાવોંકો મનમેં જાનકર...'** એટલે જ્ઞાનમાં તેને જાણીને. **'શાંતભાવમેં તિષ્ઠતે હૈં,...'** ભગવાન આત્મા તત્ત્વ નામ એકલો આનંદ અને જ્ઞાન સ્વરૂપી પ્રભુ એવું જે અંતઃતત્ત્વ એવો જે નિજ સ્વભાવ, એવું જે નિજ તત્ત્વ એનું જ્ઞાન અને એમાં નથી એવા પુણ્ય-પાપના વિકલ્પો કર્મ, શરીર આદિ જે બહિર્‌તત્ત્વ છે એનું જ્ઞાન. આનું જ્ઞાન થતાં આ તત્ત્વ મારામાં નથી એવું થયેલું જ્ઞાન, એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન શુદ્ધસ્વરૂપ પરમાનંદમૂર્તિ એ આત્મા એ અંતઃતત્ત્વ, એનું થયું જ્ઞાન એટલે બહિર્‌તત્ત્વ એવા જે તત્ત્વમાં નથી, એ આમાં નથી એવું થયું નાસ્તિનું જ્ઞાન. સમજાય છે કાંઈ?

એમ અંતરમાં જ્ઞાનમાં વિવેક કરી અંતરના જ્ઞાનમાં આ સ્વભાવ નિજ તત્ત્વ અને બહિર્‌તત્ત્વ વિકલ્પ આદિ, કોઈપણ ભેદ આદિ ઉઠે એ બહિર્‌તત્ત્વ છે, અતત્ત્વ છે, સ્વરૂપ તત્ત્વ એ નહિ. એમ બેનું જ્ઞાન કરીને સમભાવમાં ઠરે, પોતાના નિજ જ્ઞાનમાં ઠરે એટલે અતત્ત્વનો

એમાં અભાવ રહી જાય, અભાવ થઈ જાય. એવો જે **'येषां रति' 'જિનકી લગન...'** ભગવાન આત્મામાં લગન, નિજ સ્વરૂપ શુદ્ધ સ્વભાવભાવ નિજઘરમાં લગન. **'નિજ શુદ્ધાત્મ સ્વભાવમેં હુઈ હૈ,...'** એવો જે આત્મા શાંત વીતરાગ સ્વભાવમાં લગન લાગી છે. **'વે હી જીવ...'** વે હી જીવ. 'સુખીયા જગતમાં સંત, દુરીજન દુઃખીયા.' લ્યો આ સુખની વ્યાખ્યા. અંતઃતત્ત્વ એવો ભગવાન આત્મા એનું જ્ઞાન કરી બહિર્‌તત્ત્વ એવા વિકલ્પ આદિ મારામાં નથી એવું જ્ઞાન કરીને અંતરમાં ઠરે છે એ આ એક જગતમાં સુખી છે. કહો, પૈસા, બાયડી, છોકરામાં ઠરે છે એ તો, કહે છે કે વિકલ્પ છે, એ દુઃખી છે. પુણ્ય-પાપના વિકલ્પમાં ઠરે છે એ દુઃખી છે એમ કહે છે. આહા..હા..! એક અંતર જ્ઞાનાનંદ શુદ્ધ ભગવાન આત્મામાં પર તત્ત્વથી ભિન્ન અતત્ત્વ પોતાનું જે સ્વરૂપ એમાં એ બધા અતત્ત્વો છે એનો અભાવ કરી તત્ત્વના જ્ઞાનમાં ઠરે એ એક સુખી છે. પુણ્ય-પાપના વિકલ્પો, શરીર આદિ એ બધા બહિર્‌તત્ત્વ છે, બહિર્‌તત્ત્વની દૃષ્ટિમાં દુઃખી છે. દૃષ્ટિમાં દૃષ્ટિને લઈને દુઃખી છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! કહો, મોહનભાઈ! આ શું બધા પૈસાવાળાને સુખી કહે છે?

મુમુક્ષુ :- માન્યતા છે.

ઉત્તર :- માન્યતામાં છે પણ આ કહે અમારે થોડા અને આને ઘણા. કહો, એ માનનાર કેવા હશે? ધીરૂભાઈ! શું કહે છે કહો. અમારી પાસે બે લાખ ને આની પાસે પાંચ લાખ. મારી પાસે પાંચ લાખ, આની પાસે દશ લાખ એમ ગણતરી કરીને કલ્પનામાં દુઃખી થાય. ઓલો પણ દુઃખી છે. જેટલું લક્ષ બહારમાં પરતત્ત્વમાં, બહિર્‌તત્ત્વમાં કરે છે એ દુઃખી છે. આ એને છોડવું હોય તો એના ઉપર લક્ષ કરે એ દુઃખી છે. દુઃખી છે એમાં કોની ઈર્ષા કરવી? કે, આ આવું મારે હોય તો ઠીક. એવું દુઃખ અમારે હોય તો ઠીક એમ? બહારના કષાય થવાના નિમિત્તો ઘણા હોય અને એથી કષાય ઘણો થાય તો એ સુખી છે. મૂઢ છે કહે છે. બહિર્‌તત્ત્વના લક્ષવાળી વૃત્તિઓ પોતે જ દુઃખ છે. આહા..હા..! એ અતત્ત્વ છે. ઓહો..હો..! ભગવાન તારું નિજ તત્ત્વ જ્ઞાનાનંદથી ભરેલું અનાકુળ સ્વતત્ત્વ, એ અતત્ત્વ અને તત્ત્વનું જ્ઞાન કરીને આમાં ઠર. એ એક જીવ સુખી, બાકી બધા દુઃખી છે. બરાબર હશે? મણીભાઈ! સુખી કહે છેને તમને બધા પૈસાવાળાને?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હવે એ ગાંડા તો બધા એવા જ હોયને. ગાંડાની હોસ્પિટલમાં ક્યો ડાહ્યો હોય અંદર? આહા..હા..! વ્યાખ્યા જુઓ ટૂંકી.

હવે એનો વિસ્તાર કરે છે જરી, જ્ઞાન બેનું ભિન્ન કરવા માટે. **'ભાવાર્થ :- યદ્યપિ યહ આત્મા વ્યવહારનયકર અનાદિકાલસે કર્મબંધનકર બંધા હૈ,...'** કર્મનો સંબંધ છે

એમ કહે છે વ્યવહારથી. વ્યવહાર એટલે પર અને પરનો સંબંધ છે. ત્રીજું શું છે પણ? આમ પરનું નિમિત્ત છે, નિમિત્ત એટલે વ્યવહાર. વ્યવહારથી નિમિત્તના લક્ષે બંધાયેલો એમ કહેવાય છે. તોપણ, જુઓને '**તો ભી શુદ્ધનિશ્ચયનયકર પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ-ઈન ચાર તરહકે બંધનોંસે રહિત હૈ,...**' આ સ્વતત્ત્વ. સમજાય છે કાંઈ? આત્માના તત્ત્વથી વિરૂદ્ધ જે કર્મ તત્ત્વ એનાથી બંધાયેલો એમ માનવું તે વ્યવહાર છે. વ્યવહાર તે ભાવ અતત્ત્વ છે એમ કહે છે. એ માન્યતા અતત્ત્વ છે. આહા..હા..! શું કીધું? સમજાણું આમાં?

ભગવાન આત્મા.. આમ કર્મ જે જડ છે અજીવ એનાથી બંધાયેલો વ્યવહારે જાણવો, એ અતત્ત્વથી સંબંધ છે એમ એ વ્યવહારનયથી જાણવું જોઈએ. નિશ્ચયથી એ તત્ત્વ મારામાં નથી. બંધાયેલો ભાવ અને બંધાયેલી પ્રકૃતિ મારા સ્વરૂપમાં છે જ નહિ, એને અહીં શુદ્ધ નિશ્ચયનયકર કહે છે. સમજાય છે કે નહિ આમાં? આમ બે તત્ત્વો એક સાથે છે. આમ આત્મા ભગવાન વસ્તુ અને કર્મ, બે. હવે એ કર્મથી બંધાયેલો એ તો નિમિત્તથી, વ્યવહારથી બંધાયેલો એવો ભાવ વ્યવહારના લક્ષવાળો એ ભાવ જ અતત્ત્વ છે અને ઓલું કર્મ પણ અતત્ત્વ છે. એનાથી વિરુદ્ધ નિશ્ચયથી ભગવાન આત્મા પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશથી રહિત છે. એવી જે શ્રદ્ધા, જ્ઞાન જે સ્વભાવ તરફનું ઢળેલું તેને અહીં તત્ત્વ કહેવામાં આવે છે. આહા..હા..! શુદ્ધ નિશ્ચયથી બંધન રહિત છે એવો ભાવ સહિતનો જે આત્મા તેને સ્વતત્ત્વ કહે છે. સમજાણું કાંઈ? વસ્તુ નિશ્ચય નામ સત્ય સ્વભાવના, સત્ સ્વભાવના હોવાપણાની દૃષ્ટિથી જુઓ તો એ પોતે બંધનના તત્ત્વથી રહિત છે. સ્વતત્ત્વ બંધનથી રહિત છે. એવું એનું સત્રૂપ તત્ત્વ છે. એમ બંધન રહિત જોતાં, એનું જ્ઞાન તત્ત્વ તરફનું થતાં તેને ત્યાં શાંતિ થાય. સમજાણું કાંઈ? માર્ગ તો અંતરના છે આ. એક વાત.

બીજી, '**યદ્યપિ અશુદ્ધનિશ્ચયનયસે અપને ઉપાર્જન કિયે શુભ-અશુભ કર્મોંકે ફલકા ભોક્તા હૈ,...**' કર્મનો ભોક્તા લેવો નહિ, પણ એના તરફના હરખ-શોકનો ભોક્તા અશુદ્ધ નિશ્ચયથી લેવો. સમજાય છે કાંઈ? કર્મનો ભોક્તા તો અસદ્ભૂત વ્યવહારનયે કહેવાય. પણ એ કર્મ તરફ લક્ષ કરીને જેટલો શુભ-અશુભ રાગ આદિ થાય કે હરખ-શોક થાય, એને ભોગવે એ અશુદ્ધ નિશ્ચયથી છે. એ ભોગવવું એ સ્વતત્ત્વ નથી અને કર્મ પણ સ્વતત્ત્વ નથી. પાઠમાં એમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! છેને? '**यद्यप्यशुद्धनिश्चयेन**' એમ છે, સંસ્કૃતમાં એમ છે, એનો અર્થ એ કે જે કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ એ અતત્ત્વ છે તત્ત્વની અપેક્ષાએ. અને એનું ભોગવવું એના તરફનો વિકલ્પ પણ એ સ્વતત્ત્વની અપેક્ષાએ અતત્ત્વ છે. એને-અતત્ત્વને તત્ત્વમાં નથી એમ બરાબર જ્ઞાન કરી અને તત્ત્વ તે કેવું છે. જુઓ! તોપણ, આમ

હોવા છતાં પણ કર્મ તરફના વિકલ્પના ભોગવવાનું તત્ત્વ જે જીવતત્ત્વમાં નથી એવું જીવની અપેક્ષાએ એવો અતત્ત્વનો સંબંધ હોવા છતાં, '**शुद्धद्रव्यार्थिकनयसे निज शुद्धात्मतत्त्वकी भावनासे उत्पन्न हुए...**' જુઓ, હવે નયો ઉતારી છે બહુ સરસ. ભગવાન શુદ્ધ વસ્તુ છે. ધ્રુવ અનાકુળ આનંદનો એકલો દરિયો અથવા એકલો ડુંગર છે. એવી દૃષ્ટિથી જોતા નિજ શુદ્ધાત્મ તત્ત્વની ભાવના. વસ્તુ શુદ્ધ દ્રવ્ય એની દૃષ્ટિથી જોવું એ નિજ શુદ્ધાત્મ તત્ત્વની એકાગ્રતા. એની એકાગ્રતાથી ઉત્પન્ન, '**वीतराग परमानंद सुखरूप अमृतका ही भोगनेवाला है,...**' આહા..હા..! અશુદ્ધ નિશ્ચયથી જાણે રાગ-દ્વેષ અને હરખ-શોકને ભોગવે છે, પણ એ તો અતત્ત્વ છે. એનું જ્ઞાન કરીને તત્ત્વ એવું છે કે શુદ્ધ નિશ્ચયનયે પોતાના આનંદ સ્વભાવની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલો અરાગી શાંતરસના આનંદનો ભોક્તા આત્મા છે. એ તત્ત્વનો ભોક્તા છે, એ અતત્ત્વનો ભોક્તા નથી. આહા..હા..! ભારે ભાઈ.

આ તો પરમાત્મપ્રકાશ છે. પરમાત્મા પોતે એકલો આનંદ સ્વરૂપ ભગવાન નિત્યાનંદ એની દૃષ્ટિ કરતા નિત્યાનંદનો જ અંતર પર્યાયમાં આનંદ ભોગવાય એનો એ ભોક્તા છે એમ કહે છે. એ તત્ત્વનો ભોક્તા કહેવાય. સમજાય છે કાંઈ? એ સંવર, નિર્જરાની શુદ્ધ દશા સ્વભાવ તરફ વળેલીનો ભોક્તા એ તત્ત્વનો ભોક્તા છે. વિકલ્પ આદિ જે આસ્રવ-બંધ ભાવ, અટકતો ભાવ એ કર્મનો ભોક્તા કહેવો તે અતત્ત્વ છે. ભારે વાત! આહા..હા..! એને જ્ઞાન અને દર્શનથી કેળવવો જોઈએ. એ ક્રિયા મૂકીને બીજે ચાલી નીકળ્યા, એને ક્યાંય રહી ગયું તત્ત્વ. સમજાણું કાંઈ? જેની કેળવણીમાં અંતરના જ્ઞાન અને શ્રદ્ધા કામ આવે એને ઠેકાણે અંદર રાગ ને દ્વેષ ને પુણ્યની ક્રિયા ને દેહની આમાં હલવાઈ ગયો. અતત્ત્વમાં તત્ત્વ માન્યું. આહા..હા..!

અતત્ત્વનો તત્ત્વમાં અભાવ છે. ભગવાન આત્મા કર્મના ફળને ભોગવે એમ કહેવું એ અશુદ્ધ નિશ્ચયવાળું તત્ત્વ છે એટલે કે સ્વભાવની અપેક્ષાએ એ અતત્ત્વ છે. સમજાણું કાંઈ? બહિર્તત્ત્વ છે. અંતર્તત્ત્વની દૃષ્ટિથી જે જ્ઞાન-આનંદનો ઉત્પન્ન ભાવ થાય એને ભોગવે તે સ્વતત્ત્વનો ભોક્તા શુદ્ધદ્રવ્યાર્થિકથી કહેવામાં આવે છે. ઓહો..હો..! આમાં સમજાય છે કે નહિ? કે આ નયનું ઝીણું પડે છે? આમાં નયની વ્યાખ્યા બહુ નથી કહેતા. એના ભાવ, ભાવની વાત આવે છે. આ તો તત્ત્વ, અતત્ત્વની નયથી વ્યાખ્યા કરે છે.

'**तत्तातत्तु मुणेवि**' એમ છેને? '**मणि जे थक्का सम-भावि**' '**थक्का**' નામ સ્થિર થાય છે. '**ते पर सुहिया इत्थु जगि जहँ रइ अप्प-सहावि।**' આહા..હા..! શબ્દો પણ આખા ભગવાનને બતાનારા બધા વાચક છે. કહે છે, પ્રભુ! તારું તત્ત્વ તો અનાકુળ આનંદને ઉત્પન્ન કરનારું તત્ત્વ છે. વિકારને ઉત્પન્ન કરે એ તારું તત્ત્વ નથી. એ બધું અતત્ત્વ છે. કર્મના નિમિત્તે લક્ષ થઈને એ હરખ શોકના વિકલ્પોનો હરખ કરવો કે શોક કરવો એ અતત્ત્વ છે. એ અતત્ત્વથી

ભિન્ન ભગવાન આત્મા આનંદનું તત્ત્વ છે એની અંતર દૃષ્ટિ કરતાં જે અનાકુળ આનંદ ઉત્પન્ન થાય એનો એ આત્મા ભોક્તા છે. તત્ત્વનો ભોક્તા એને તત્ત્વ કહીએ, અતત્ત્વનો ભોક્તા એને તત્ત્વ કહીએ? સમજાણું કાંઈ?

**'વીતરાગ પરમાનંદ સુખરૂપ અમૃતકા હી ભોગનેવાલા હૈ,...'** આહા..હા..! ભાવના કીધીને એકાગ્રતા. ભગવાન આત્મા એકલો જ્ઞાનરસ છે એને પકડતાં જે પર્યાય ઉત્પન્ન થાય, એ તો વીતરાગી પરમાનંદ સુખનું અમૃત ઉત્પન્ન થાય. એવા અમૃતનો ભોગવવાળું તત્ત્વવાળું તત્ત્વ છે. રાગને ભોગવવાળુ તત્ત્વ છે? એ તો અતત્ત્વ છે. અત્ત્વને ભોગવે એ તત્ત્વ જ રહેતું નથી. સમજાણું કાંઈ?

**'યદ્યપિ વ્યવહારનયસે કર્મોંકે ક્ષય હોનેકે બાદ મોક્ષકા પાત્ર હૈ,...'** શું કહે છે? વ્યવહારથી જોઈએ તો કર્મસંબંધ છે એનો અભાવ થાય તો મોક્ષનો પાત્ર નિમિત્તની અપેક્ષાએ કહેવાય છે. કર્મ અતત્ત્વ છે એનો સંબંધ છૂટે ત્યારે મોક્ષનો પાત્ર વ્યવહારથી કહેવાય છે. **'તો ભી શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયસે સદા મુક્ત હી હૈ,...'** એ તત્ત્વ. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ પરમ સ્વભાવ, પરમભાવ, પરમભાવ, પરમતત્ત્વ એવા શુદ્ધ પરમસત્ત્વ ધ્રુવ તત્ત્વ જે અનાદિ અનંત એકરૂપ ભાવ એની દૃષ્ટિએ જોઈએ તો એ ભગવાન આત્મા મુક્ત જ છે. કર્મનો સંબંધનો અભાવ થાય ત્યારે મુક્ત થાય એ તો વ્યવહારનયથી કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મા પરમાનંદસ્વરૂપ પરમ સ્વભાવ, પરમ સ્વભાવ એટલે કે એકલું તત્ત્વ રસકંદ ધ્રુવ સ્વભાવ, પરમ સ્વભાવ. જેને કોઈ કર્મના નિમિત્તની-એના સદ્ભાવની કે અભાવની, કર્મના નિમિત્તની કે એના અભાવની, જેને કોઈ સંબંધ નથી. એવો ભગવાન શુદ્ધ દ્રવ્ય અખંડ આનંદનો પિંડ પ્રભુ પરમપારિણામિકભાવ એ તો મુક્ત જ છે. આહા..હા..! પર્યાયમાં દ્રવ્યકર્મનો સંબંધ અને એનો અભાવ એ તો પર્યાયે મુક્તિની વાત છે. સમજાણું કાંઈ? પર્યાય એટલે અવસ્થા, હાલત એમાં કર્મનો સંબંધ અને કર્મના સંબંધનો અભાવ એ તો પર્યાયમાં મુક્તિની વ્યાખ્યા છે. વ્યવહાર મુક્તિની. દેખો! સમજાય છે કાંઈ? પણ વસ્તુ, વસ્તુ છે મહા ભગવાન આત્મા, વસ્તુ છે એનો જે સ્વભાવ એકલો જ્ઞાયકભાવ, એકલો આનંદભાવ, એકલો શાંતરસભાવ, એકલો જ્ઞાનભાવ, એકલો દર્શનભાવ, એકલો પ્રભુત્વભાવ, એવો એકલા અનંત ગુણનો પ્રભુત્વ ભાવ... ભાવ... ભાવ... પરમભાવ, એ પરમભાવની દૃષ્ટિથી તો મુક્તસ્વરૂપ જ ત્રિકાળ છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- થયા વિના રહે નહિ, એ તો પછી કહે છે. એ તો વ્યવહાર મુક્તિ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન વસ્તુ છે કે નહિ? એ પદાર્થ છે કે નહિ? અને તત્ત્વ છે તો એનો કોઈ ભાવ છે કે નહિ? એ ત્રિકાળી એકરૂપ ભાવ, જ્ઞાયકભાવ, આનંદભાવ, શાંતભાવ, પ્રભુત્વભાવ, વિભુત્વભાવ, અસ્તિત્વભાવ, સ્વચ્છત્વભાવ એવા ભાવથી ભરેલો એકરૂપ વસ્તુ. એક સમયની અવસ્થામાં કર્મનો સંબંધ અને એના અભાવની અવસ્થામાં મુક્તપર્યાય એ લક્ષમાં ન લ્યો કહે છે. વસ્તુ છે એ આખો એકરૂપ અખંડાનંદ પ્રભુ પરમભાવ, સ્વભાવભાવ, પરમ સ્વભાવભાવ એકરૂપ ત્રિકાળ સ્વભાવભાવ એ મુક્ત સ્વરૂપ છે. એ મુક્ત સ્વરૂપની દૃષ્ટિએ પર્યાયમાં મુક્તિ થાય છે. સમજાણું કાંઈ?

આ તો ન્યાલ થવાનો રસ્તો છે. જુઓ! ઓહો..! અલૌકિક વાત છે! અલૌકિક-લોકમાં ન હોય એવી વાત છે આ તો. લોકમાં એટલે અતત્ત્વમાં આ વાત ક્યાંથી હોય? આહા..હા..! ભગવાન આત્મા આ રજકણથી તો છૂટો છે. કર્મથી સંબંધમાં છે અને એનું છૂટવું કહો. વસ્તુ ભગવાન આત્મા અનંત શાંતરસનો પિંડ અનાદિ અનંત એકરૂપ છે એ તો મુક્ત જ છે. એની પર્યાયમાં-હાલતમાં-દશામાં નિમિત્તનો સંબંધ અને એનો અભાવ એ તો પર્યાયે મુક્તિ, વ્યવહારનયે મુક્તિ થઈ. વસ્તુ તરીકે તો મુક્ત ત્રિકાળ છે આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓને આ શ્લોક જ કેવા ઉતાર્યા! ઓલો તત્-અતત્ છેને? એમાંથી નયો કાઢી છે. ટીકાકારે પણ, ભેંસના આઉમાં દૂધ હોયને એ બળુકી (બાઈ) આમ અંગૂઠો મારીને દૂધ અંદરથી કાઢે. અંદર ભર્યું હોયને અંદર? ભર્યું હોય એ કાઢે કે ન હોય એ? કો'ક કહેતા હતા કે ઈ આંચળને આમ આમ કરે ને તો આંચળમાં ચાંદુ પડી જાય. બે આંગળી વચ્ચે ભીંસ કરીને. કો'ક કહેતું હતું કે આમ આમ આંચળને કરે તો એને ચાંદુ પડી જાય. આમ કરે તો ઓલું લાગે આમ લાગે ને અંદર આંચળની વચ્ચે આમ ખાડો હોય ને આ એને એમ લાગે. આ ખાડો છેને અહીં જુઓને. અને આ અંગૂઠાનો આ એના વચ્ચે ઓલું આવે. એમ આ પાઠમાં ભરેલો કસ ટીકાકારે ખેંચીને કાઢ્યો છે અંદરથી. સમજાણું કાંઈ? શું કહે છે જુઓને.

અહીં તો '**तत्तातत्तु मुणेवि**' એટલો શબ્દ છે. તત્ત્વને, અતત્ત્વને જાણવું. એટલે જાણવાનું જ્ઞાન બેનું કરાવે છે. સમજાણું? કર્મના સંબંધનો અભાવ તે વ્યવહારે મુક્તિનું જ્ઞાન કરાવે છે. લ્યો! અને આત્મા એકલો પરમ સ્વભાવભાવ વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ ગુણના વસેલા વિનાની વસ્તુ હોય નહિ. એ વસ્તુ અનંત ગુણથી વસેલો પદાર્થ એકરૂપ, એક સમયની અવસ્થાના સંબંધને અભાવને લક્ષમાં ન લેતા વસ્તુ મુક્તસ્વરૂપ છે. એમ જ્ઞાન કરવું. અને આ નિમિત્તનો અભાવ થઈને મુક્તિની પર્યાય પાત્ર થાય એ વ્યવહારનું જ્ઞાન કરવું એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, આ સમજમાં આવે છે કે નહિ? એ.. મગનલાલજી!

મુમુક્ષુ :- એ માટે આવ્યા છીએ.

ઉત્તર :- આવ્યા એટલા તો ભાગ્યશાળીને અહીંયા. સાંભળશેને. પૈસા તો ઠીક હવે ત્યાં. કહો, સમજાણું આ? આહા..હા..!

અરે..! તારી લીલા તો જો, કહે છે. એ તારી દૃષ્ટિએ મુક્ત દેખાય ને તારી દૃષ્ટિએ બંધન દેખાય. એ તારી દૃષ્ટિ છે એમ કહે છે અહીં તો. આ કર્મના સંબંધનું લક્ષ કરીને જો, તો જાણે બંધાયેલો ભાવે એમ તને દેખાય છે અને ત્રિકાળ જ્ઞાયક ભાવની દૃષ્ટિએ જો તો તું મુક્ત છો એમ તારી દૃષ્ટિમાં દેખાશે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરની અપેક્ષા નથી, તારી જ અપેક્ષા છે બધી એમાં કહે છે. આહા..હા..! પણ એને આવડો આત્મા એમ જાણે બેસતું નથી. મોટા બોર આવડા હોય અને કેરી આવડી હોય તો આમ ખુશ થઈ જાય. આવડી કેરી હોયને... તરબુચ આવડું હોયને મણનું-બેમણનું લાલઘુમ જેવું, અંદર આમ છરી મારેને આવડી ડગળી કાઢે એમાંથી. આવડી મોટી. મોટા તરબુચ થાયને મણ મણના. મણ મણના તરબુચ હોં! આમ લાલઘુમ જેવા. રાજાના હોયને, સારા હોય એ રાજાને આપે. તો રાજા બે, પાંચ, દશ રૂપિયા, પચ્ચીસ, સો અરે! સો રૂપિયા બસ્સે આપી દે. ઓલો પહોળો લઈને ત્યાં જાય છે. સારામાં સારું તરબુચ રાજાને આપે છે. સાહેબ! આપને લાયક છે આ. સમજાય છે? અમારે થાય, પણ અમે ખાવાને લાયક નહિ આ. અન્નદાતા! ... કુંડળ આપ્યા હતા એક ઠેકાણે. એ વાણિયાને કુંડળ મળ્યા તે રાજાને દેવા ગયો. અમારે ન રખાય સાહેબ! એ તો આપને લાયક છે. ... કુંડળની કડી તૂટી, કોઈ સાંધનાર ન મળે. મોટી વાતમાં આવે છે, મલ્લિનાથમાં.

ઉત્તમ વસ્તુ ક્યાં હોય? એમ કહે છે કે ઉત્તમ વસ્તુ તો આત્માના ભગવાનમાં વસેલી છે. આહા..હા..! એ માર છરી દૃષ્ટિની કહે છે, અનંત લાલચોળ આનંદનો કંદ નીકળશે. એવો મુક્તસ્વરૂપ ભગવાન... તારી દૃષ્ટિએ તારા વાંધા છે સ્પષ્ટ કહે છે. આમ જો છો તો બંધાયેલો દેખાય, આમ જો તો મુક્ત છે એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક. જોયું! એકલો શુદ્ધ વસ્તુ સ્વભાવ જેને કોઈ નિમિત્ત કે નિમિત્તના અભાવની અપેક્ષા નથી એવું જે આખું તત્ત્વ. નિમિત્તની અપેક્ષા, નિમિત્તનો અભાવ એ તો એક સમયની પર્યાયમાં લાગુ પડે છે. વસ્તુ જે છે એકલો પરમભાવ નિત્યાનંદ અખંડાનંદ એકરૂપ ભાવ એ તો પરમભાવ દૃષ્ટિથી જોતા સદા મુક્ત જ છે. '**સદા મુક્ત હી હૈ,...**' છે? જોવાનું કોને છે? કહે છે. આહા..હા..! આમ જોતા એ મુક્ત છે, આમ જોતા વ્યવહારે બંધાયેલો દેખાય છે. સમજાણું કાંઈ?

'**યદ્યપિ વ્યવહારનયકર ઇન્દ્રિયજનિત મતિ આદિ ક્ષયોપશમિકજ્ઞાન તથા ચક્ષુ**

**આદિ દર્શન સહિત હૈ...'** છેને? મતિ, શ્રુત, અવધિ આદિ પર્યાયમાં અને ચક્ષુ આદિ. **'તો ભી નિશ્ચયનયસે સકલ વિમલ કેવલજ્ઞાન ઔર કેવલદર્શન સ્વભાવવાલા હૈ,...'** હવે તો ત્રિકાળી લેવું છે હોં! આહા..હા..! નિશ્ચયનયથી સકળ વિમલ કેવળજ્ઞાન સ્વભાવ. એ તો એકલો જ્ઞાન ને દર્શનનો સ્વભાવનો પિંડ જ છે. પર્યાયનું ક્ષયોપશમપણું એ હજી પર્યાય છે, એ તો એક સમયની દશા છે. કેવળજ્ઞાન એક સમયની દશા છે પ્રગટ પર્યાયની. સમજાય છે કાંઈ? પાઠમાં તો એટલું છે. ઈન્દ્રિયજનિત જ્ઞાન-દર્શન સહિત. ચૈતન્ય લેવું છેને.

**'નિશ્ચયનયસે સકલ વિમલ કેવલજ્ઞાન ઔર કેવલદર્શન સ્વભાવવાલા હૈ,...'** ઓહો..! ભગવાન આત્મા અલ્પ અવસ્થાની પર્યાયથી જુઓ તો જાણે ઈન્દ્રિયના લક્ષવાળું જ્ઞાન એટલો જ હોય. આમ જોતા એ તો એકલો જ્ઞાન સકળ, કેવળ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન. જેમાં જ્ઞાન અને દર્શન જ છે. એટલે એમાં વળી અપૂર્ણ અને અધૂરું પણ શું? એ તો સકળ આખું એક જ્ઞાન, એક દર્શન સ્વરૂપ એવો ભગવાન આત્મા એકરૂપ સકળ-વિમળ કેવળજ્ઞાન, કેવળદર્શન સ્વરૂપ જ છે. એ તારી જોવાની દૃષ્ટિએ દેખવામાં આમ આવે તો આ દૃષ્ટિ તારી. પર્યાયથી જોતા પર્યાયનયનો વિષય આટલો લાગે છે. વસ્તુથી જોતા એકલો જ્ઞાન ને દર્શનનો વસ્તુ આખી ચૈતન્ય પિંડ છે આખો. શીતળકંદ એ આનંદની પાટ આખી દેહમાં ભિન્ન પડી છે. અતીન્દ્રિય આનંદની પાટ, એની સાથે જ્ઞાન-દર્શનની પાટ આખી પડી છે. અરૂપી પણ વસ્તુ છેને. કેવળ સકળ દર્શન, જ્ઞાન અને દર્શન એવો સ્વભાવ છે એનો. એવો જ એનો સ્વભાવ છે. એ દૃષ્ટિથી જોવું એ તત્ત્વ દૃષ્ટિથી જોવું છે. ઓલું વ્યવહારથી જોવું એ ખરેખર એનું આખું તત્ત્વ નથી. કહો, સમજાણું? આટલા તત્ત્વ-અતત્ત્વની વિશેષમાં આટલા બોલ કહ્યા, હજી વિશેષ બોલ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૧, સોમવાર, તા. ૧૭-૦૧-૧૯૬૬**
**ગાથા-૪૩ થી ૪૬, પ્રવચન-૧૦૦**

૪૩મી ગાથા ચાલે છે. પરમાત્મપ્રકાશ, બીજો ભાગ. ચાર બોલ ચાલ્યા ચાર. સાત બોલ છે એમાં ચાર ચાલ્યા છે. જીવને જાણવામાં વ્યવહાર અને નિશ્ચયે જાણવામાં ચાર બોલ

ચાલ્યા છે. ચોથો બોલ છે જુઓ! આવ્યુંને.

'**યદ્યપિ વ્યવહારનયકર ઈન્દ્રિયજનિત મતિ આદિ ક્ષયોપશમિકજ્ઞાન તથા ચક્ષુ આદિ દર્શન સહિત હૈ...**' શું કહે છે? આ આત્મા વર્તમાન પર્યાયમાં મતિજ્ઞાન આદિ ક્ષયોપશમ દશાવાળો અને દર્શનથી ચક્ષુદર્શનના ક્ષયોપશમ અવસ્થાવાળો દેખાય છે. એવો વ્યવહારે છે. પણ નિશ્ચયથી અંદર સકળ કેવળજ્ઞાન, કેવળદર્શન સ્વભાવ છે એ આદરવા લાયક છે. સમજાણું કાંઈ? '**તો ભી નિશ્ચયનયસે સકલ વિમલ કેવલજ્ઞાન ઔર કેવલદર્શન સ્વભાવવાલા હૈ,...**' ત્યાં સુધી આવ્યું હતું. વસ્તુ તો એકલો જ્ઞાન અને દર્શનનો પિંડ છે. એમાં ભેદ નથી. આ પર્યાયમાં વ્યવહારનયે ભેદ છે એ જાણવું જોઈએ. આદરવામાં તો જ્ઞાન અને દર્શનરૂપ સ્વભાવ એકરૂપ આત્મા એની અંતર દૃષ્ટિ કરીને આનંદનો અનુભવ કરવો જોઈએ એમ કહે છે. આ શું કહ્યું હતું કાલ? ઈ આવ્યું હતુંને? ચાર બોલ ચાલ્યા હતા.

પાંચમો. '**યદ્યપિ વ્યવહારનયકર યહ જીવ નામકર્મસે પ્રાપ્ત દેહપ્રમાણ હૈ,...**' એટલો વ્યવહારે પર્યાયમાં દેહ પ્રમાણે છે એમ જાણવું જોઈએ. આખા લોકાલોક પ્રમાણે છે કે એમ છે નહિ. એટલે વ્યવહારનયનો વિષય જાણવા યોગ્ય એમ છે તેમ એને જાણવા જોઈએ. '**તો ભી નિશ્ચયનસે લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશી હૈ,...**' સમજાણું? એ તો અસંખ્ય પ્રદેશ છે પોતાના એ પ્રમાણે છે. દેહ પ્રમાણે કહેવું એ તો પર્યાયનયનો વિષય છે. અસંખ્ય પ્રદેશ લોકના જેટલા પ્રદેશ છે એટલા જ એક જીવના પ્રદેશ છે. આકાશના જેટલા. એવો એકરૂપ ભગવાન આત્મા અભેદ ક્ષેત્ર છે એનું ધ્યાન અને દૃષ્ટિ કરવી જોઈએ. સમજાણું?

'**યદ્યપિ વ્યવહારનયસે પ્રદેશોંકે સંકોચ વિસ્તાર સહિત હૈ,...**' વ્યવહારથી આત્માના પ્રદેશ કીડીમાં આમ સંકોચાય, હાથીમાં વિકાસ થાય એમ પ્રદેશ સંકોચ-વિકાસ થાય છે વ્યવહારથી. પર્યાય છેને એ. '**તો ભી સિદ્ધ-અવસ્થામેં સંકોચ વિસ્તારસે રહિત...**' સિદ્ધ અવસ્થામાં સંકોચ વિસ્તાર નથી. રહિત શબ્દ પડ્યો રહ્યો છે ત્યાં. ચરમ શરીર પ્રમાણે પ્રદેશવાળો છે. સિદ્ધ તો છેલ્લા શરીર પ્રમાણે અસંખ્યપ્રદેશ સ્થિત, છેલ્લા શરીરના આકાર પ્રમાણે સ્થિત છે એવું એનું મૂળ સ્વરૂપ છે.

છેલ્લો બોલ સાતમો. '**ઔર યદ્યપિ પર્યાયાર્થિકનયસે ઉત્પાદ વ્યય ધ્રૌવ્યકર સહિત હૈ,...**' આત્મા નવી અવસ્થાથી ઊપજે છે, પુરાની અવસ્થા—જૂની અવસ્થાથી બદલે છે અને ધ્રુવ અંશથી ટકે છે. એવા ત્રણ ભેદની અપેક્ષાએ જોઈએ તો પર્યાયથી ત્રણ ભેદ છે. પર્યાયાર્થિકથી કહો કે દ્રવ્ય વ્યવહારથી કહો બધી એક જ વાત છે. પોતામાં પોતાની વાત છે, આમાં કર્મ અને શરીરની વાત નથી. ભગવાન આત્મા અનંત ગુણનું ધ્રુવરૂપ અને અવસ્થાનું

ઉપજવું અને વિણસવું રૂપ. એ ત્રણ પ્રકારથી પર્યાયના ભેદદષ્ટિથી જોઈએ તો એ છે એમ જાણવું. '**તો ભી દ્રવ્યાર્થિકનયકર ટંકોત્કીર્ણ જ્ઞાનકે અખંડ સ્વભાવસે ધ્રુવ હી હૈ.**' એ ત્રણ ભેદ ન લેવા. એકરૂપ જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ. સોનાનો પાટલો એકલો હોય, જેમ એકલો. સોનાની પાટ. પાંચ મણની પાટ સોનાની. એમ આત્મા એકલો અખંડ ધ્રુવ અનંત આનંદ જ્ઞાનનો પિંડ એકલો ધ્રુવ છે. એ દષ્ટિ કરવા જેવી છે. સમજાણું આમાં? ઉત્પાદ વ્યય ઉપર પણ નહિ એમ કહે છે. વિકલ્પ ઉપર નહિ અને નિમિત્ત ઉપર નહિ. હિંમતભાઈએ પૂછ્યું નહોતું ઓલીને કે, ફલાણે જોઈ? ફલાણાને જોઈ? ગીતાને જોઈ? ગીતાને જોઈ? ના પાડી દીધી. ભગવાન આત્મા દ્રવ્ય સ્વરૂપે જુઓ, વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... ઓલા ત્રણ ભેદ ન લ્યો લક્ષમાં એમ કહે છે. ચિદ્‌ઘન આનંદપિંડ ધ્રુવપાટ, એકલો પાસલો એકલો પાટ, ચૈતન્યમૂર્તિ પાસલો ધ્રુવ એ દષ્ટિથી જુઓ તો '**અખંડ સ્વભાવસે ધ્રુવ હી હૈ.**' ટંકોત્કીર્ણ જ્ઞાન સ્વરૂપ એકરૂપ ચિદાનંદ પ્રભુ સ્વદ્રવ્ય છે એ જ આદરણીય છે. એ સાત બોલ કહ્યા. જુઓ.

'**ઈસ તરહ...**' એમ. એ સાત બોલ કહ્યાને? '**પહિલે નિજ શુદ્ધાત્મદ્રવ્યકો અચ્છી તરહ જાનકર...**' જુઓ! એ સાત બોલે આત્માને પહેલો બરાબર જાણવો જોઈએ. સમજાણું? પહેલામાં એમ કહ્યું હતું કે વ્યવહારનયથી બંધાયેલો દેખાય છે (એમ) જાણવું. શુદ્ધથી બંધાયેલો નથી. અશુદ્ધથી કર્મના ફળને રાગ-દ્વેષને ભોગવે છે એમ જાણવું. નિશ્ચયથી શુદ્ધાત્માના આનંદને ભોગવે છે એમ જાણવું. વ્યવહારથી કર્મના ક્ષય કાળે મોક્ષનો પાત્ર પર્યાયમાં થશે એમ જાણવું. શુદ્ધ પારિણામિકનયે ત્રિકાળ મુક્ત સ્વરૂપ છે એમ જાણવું. ત્રિકાળ મુક્ત સ્વરૂપ છે. કર્મના નિમિત્તનો અભાવ થાય ત્યારે પર્યાયમાં મુક્તિ થાય. એ તો વ્યવહાર થયો. વસ્તુ છે ત્રિકાળ આનંદકંદનો પાટલો ધ્રુવ. એ મુક્તસ્વરૂપ જ છે એમ એણે દષ્ટિ ત્યાં કરવી. સમજાણું કાંઈ? વ્યવહારે નથી ઈન્દ્રિય. એ તો આવી ગઈ. સમજાણું? ઈન્દ્રિય ચોથો બોલ તો લીધો હતો આજે. અને પાંચમો એ લીધો, દેહ પ્રમાણે અને છઠ્ઠો પ્રદેશ પ્રમાણે, સાતમો ઉત્પાદ- વ્યય-ધ્રુવ લ્યો! સાત બોલ થયા. એ રીતે પહેલા નિજ શુદ્ધાત્મદ્રવ્યકો-પોતાના શુદ્ધ સ્વરૂપ આત્માને '**અચ્છી તરહ જાનકર...**' અચ્છી (તરહ) એટલે જેમ છે તેમ. ભલી રીતે બરાબર જાણીને.

'**ઔર આત્મસ્વરૂપસે વિપરીત...**' અતત્ત્વ છેને હવે? '**तत्तातत्तु**' શબ્દ છેને મૂળ પાઠમાં. '**પુદ્‌ગલાદિ પરદ્રવ્યોંકો ભી અચ્છી તરહ નિશ્ચય કરકે...**' એનો નિર્ણય કરવો જોઈએ. પુદ્‌ગલ છે, રાગ છે, રાગનો ભોગવટો છે એવો એણે નિર્ણય કરવો જોઈએ. '**અર્થાત્ આપ પરકા નિશ્ચય કરકે બાદમેં સમસ્ત મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોંકો છોડકર...**' પછી આવો છું કે તેવો છું એ બધી ભ્રમણા અને વિકલ્પને છોડીને, '**વીતરાગ ચિદાનંદ સ્વભાવ**

**शुद्धात्मतत्त्वमें जो लीन हुए हैं, वे ही धन्य हैं.**' સ્વરૂપ આવું છે એવું પર્યાયથી, વ્યવહારથી, નિશ્ચયથી બરાબર જાણવું. એ સિવાય વિપરીત કોઈ કહે તો એ પ્રમાણે છે નહિ એમ જાણવું જોઈએ. એમને એમ આત્મા... આત્મા... આત્મા... કરે એમ ન ચાલે એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યવહારથી વર્તમાનમાં શું છે, ત્રિકાળમાં શું છે, સંબંધ શું છે, સંબંધ વિનાની ચીજ શું છે, ભોગવે છે શું, પર્યાયમાં સ્વભાવના ભોગવટે શું હોય? એને બરાબર પર્યાય અને દ્રવ્યને જાણવું જોઈએ. જાણીને પછી. જુઓ!

'**पश्चात् समस्तमिथ्यात्व**' છેને? પહેલા ને પછી એમ બે શબ્દ પડ્યા છે સંસ્કૃતમાં પણ છે '**पूर्व**' અને '**पश्चात्**' બેનું વાસ્તવિક જ્ઞાન કરી અને પછી અંતર સ્વરૂપમાં રાગાદિ વિકલ્પ છોડી દઈને એકલો અતીન્દ્રિય આનંદનો અનુભવ, ઉપશમરસનો અનુભવ કરવો. સમજાણું કાંઈ? આ પ્રમાણે જ્ઞાન જ્યારે વ્યવહારે સમ્યક્ થાય ત્યારે એણે અંતરમાંથી તે વિકલ્પોને છોડીને એકરૂપ ચિદાનંદ સ્વભાવ એનું ધ્યાન કરીને, આત્માના અતીન્દ્રિય શાંતરસને અનુભવવો. એ એનું કરવું છે, એ એનું કર્તવ્ય છે. કહો, સમજાણું આમાં? '**वे ही धन्य हैं.**' એમ કહ્યું. '**एव धन्या इति भावार्थः**' વ્યવહાર જાણવો જોઈએ. આદરવાલાયક તો એક નિશ્ચય તત્ત્વ છે. નિર્જરાનું કારણ, શુદ્ધ સ્વભાવ નિર્વિકલ્પ અભેદ એકરૂપે અંતરમાં દૃષ્ટિ કરવી એ જ નિર્જરા અને સંવરનું કારણ છે. વ્યવહાર વચ્ચે (આવે ઈ) કાંઈ સંવર, નિર્જરાનું કારણ નથી. જાણવાલાયક છે. સંવર, નિર્જરાનું આ જ એક કારણ છે, બીજું કોઈ કારણ નથી. સમજાણું કાંઈ?

'**ऐसा ही कथन परमात्मतत्त्वके लक्षणमें श्री पूज्यपादस्वामीने कहा है, अर्थात् यह आत्मा व्यवहारनयकर अनादिका बंधा हुआ है, और अपने किये हुए कर्मोंके फलका भोक्ता है,...**' વ્યવહારથી. '**उन कर्मोंके क्षयसे मोक्षपदका भोक्ता है, ज्ञाता है, देखनेवाला है, अपनी देहके प्रमाणे हैं,...**' લગભગ એની સાથે ... '**संसार-अवस्थामें प्रदेशोंके संकोच विस्तारको धारण करता हैं, उत्पाद, व्यय, ध्रौव्य सहित है,...**' છેને શબ્દો ઈ છે. '**और अपने गुण पर्याय सहित है.**' એ પોતાના ગુણ અને પર્યાય સહિત છે, કર્મ સહિત કે પર સહિત એ છે નહિ. '**इसप्रकार आत्माके जाननेसे ही साध्यकी सिद्धि है, दूसरी तरह नहीं है.**' આ રીતે આત્માને જાણવાથી આત્માના વિકલ્પને છોડી, બે પ્રકારનો આ આત્મા, આવો આત્મા એવો વિકલ્પ છે તેને છોડી અંતર્મુખમાં આનંદનો અનુભવ કરવો, નિર્વિકલ્પ શાંતિને વેદવી એ જ કર્તવ્ય અને એ જ આત્મા ધન્ય છે. કહો, સમજાણું કાંઈ? કરીને આ કરવાનું છે અંદર. એકાકાર ચિત્ પિંડ, આનંદ પિંડનો અનુભવ કરવો એ સંવર, નિર્જરા છે, એ જ મોક્ષનો માર્ગ છે. બાકી બધી વાતું. એ ગાથા

પૂરી થઈ.

'**આગે જો સંયમી પરમ શાંતભાવકા હી કર્તા હૈ, ઉસકી નિંદા દ્વારા સ્તુતિ તીન ગાથાઓંમેં કરતે હૈં** –' નિંદા દ્વારા સ્તુતિ.

૧૭૦) **बिण्णि वि दोस हवंति तसु जो सम-भाउ करेइ।**
**बंधु जि णिहवइ अप्पणउ अणु जगु गहिलु करेइ।।४४।।**

'**જો સાધુ રાગ-દ્વેષકે ત્યાગરૂપ સમભાવકો કરતા હૈ,...**' ભગવાન આત્મામાં પુણ્ય-પાપ, શુભાશુભભાવ છોડી સ્વરૂપ શાંતરસમાં સમભાવે પરિણમે છે, વીતરાગભાવે થાય છે એ સાધુ, એ મોક્ષનો સાધક. '**ઉસ તપોધનકે દો દોષ હોતે હૈં. એક તો અપને બંધકો નષ્ટ કરતા હૈ,...**' અનાદિકાળનો સાથે રહેલા બંધુ રૂપે કર્મ એને નાશ કરે છે. મોહનભાઈ! બે ભેગા હતા એને જુદા પડ્યા કહે છે લ્યો. એનો એ દોષ છે કહે છે એક કે અનાદિના કર્મનો સંબંધ બંધરૂપે બંધુરૂપે હતોને? બંધ અને બંધુ એમ. અનાદિનો કર્મનો સંબંધ હતો એને નાશ કરે છે અરે..! બંધવને મારે છે.

'**દૂસરે જગત્‌કે પ્રાણિયોંકો બાવલા-પાગલ બના દેતા હૈ.**' શું કહે છે? જુઓ એની વ્યાખ્યા. બે દોષ કહ્યા દોષ.

'**ભાવાર્થ :- યહ નિંદા દ્વારા સ્તુતિ હૈ. પ્રાકૃત ભાષામેં બંધુ શબ્દસે જ્ઞાનાવરણાદિ કર્મબંધ ભી લિયા જાતા હૈ,...**' લ્યો! પ્રાકૃતમાં આઠ કર્મને બંધની અપેક્ષામાં બંધુ પણ ગણવામાં આવે છે. '**તથા ભાઈકો ભી (બંધુ) કહતે હૈં. યહાં પર બંધુ-હત્યા નિંદ્ય હૈ,...**' ભાઈને મારવો એ નિંદા કરવાલાયક ગણાય છે. '**ઈસસે એક તો બંધુ-હત્યાકા દોષ આયા તથા દૂસરા દોષ યહ હૈ, કિ જો કોઈ ઈનકા ઉપદેશ સુનતા હૈ, વહ વસ્ત્ર આભૂષણકા ત્યાગકર નગ્ન દિગંબર હો જાતા હૈ.**' જો એનો ઉપદેશ સાંભળે મુનિનો, વીતરાગી સંતોનો સાંભળે તો વીતરાગી સંત વીતરાગી બતાવે છે, એમ કહે છે. એક તો પોતે સમભાવમાં પરિણમ્યા છે, એથી વીતરાગથી વિરુદ્ધ કર્મનો બંધુ છે અનાદિના એને નાશ કરે છે અને એ વીતરાગી ઉપદેશ દેનારા છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

મોટા રાજા હોય, વીસ-વીસ વર્ષના જુવાન રાજકુમારો હોય. નાગા થઈને (ચાલી નીકળે). (લોકો) બાવલા-પાગલ થઈ જાય. કહો, સમજાણું? આ છતી ૠદ્ધિ છોડી અને આ બધું ખાવું. પાગલ છે. ઘરે સાધન છોડી, મકાન છોડીને જંગલમાં સૂવું. ઘરે ખાવા-પીવાના ઊના આમ ફડફડતા ફુલકા પડે થાળીમાં સીધા અને આ માગવા જાવું. કહો, મોહનભાઈ! કહે છે કે બાવલા કરી નાખ્યા, પાગલ કરી નાખ્યા જીવને. ભાઈ! એ પાગલ નથી, એ જ ડાહ્યા થયા છે. એ ભગવાન થવાના છે. સમજાણું કાંઈ? મહા નગ્નની દશા આહા..હા..! વીતરાગી

પિંડ શાંતરસથી ઝૂલતા હોય આમ. લ્યો બાહુબલીજી. જુઓને બાહુબલીજી. આમ. નગ્ન દિગંબર આમ શાંત... એને દેખીને બીજાને પણ એનો ઉપદેશ આપતા ઘણા મુનિ રાજા, રાજકુમારો ત્યાગી થઈ ગયા. રાજકુમાર જેને ઘરે હજારો રાણીઓ,... આહા..હા..! નાગા તે પાગલ જેવા થઈ ગયા છે. એ પાગલ બનાવ્યા અને પોતે સમભાવમાં રહેતા કર્મનો નાશ (કરે છે). બે દોષ એણે ઊભા કર્યા. સમજાણું?

'**કપડે ઉતારકર નંગા હો જાના ઉસે લોગ ગહલા-પાગલ કહતે હૈં.**' લ્યો! કપડા છોડી દે (એને) પાગલ કહેને. વીરજીભાઈને એવું જરીક થયું હતું. આવ્યું હતુંને મંડળ? મારા ગુરુ કપડા ન પહેરે. હું શેનો પહેરું? કપડા કાઢી નાખો. અમારા મુનિ દિગંબર મુનિઓ તો કપડા હોય નહિ. મારે પણ ન હોય. એ જરા આવી ગયા હતા. ભાઈ કહેતા હતા. કહો, ગાંડા કહે કે નહિ? ઓલી બાયડી બધી ઊભી હોય અને આ લૂગડા કાઢી નાખે લ્યો! એમાં જગતની બાયું આદિ (કહે), આ નાગો છે રાજકુમાર પચ્ચીસ વર્ષનો જુવાન. નાગો થઈને ચાલ્યો જાય કમંડળ, મોરપીંછ લઈને. ગાંડા છે. સાંભળ તો ખરો. 'જગતડા કહે છે ભગતડા કાલા છે, પણ કાલા ન જાણશો એ તો પ્રભુને વ્હાલા છે...' એ નિંદા દ્વારા સ્તુતિ કરી છે. ભાઈ! તમે તો બંધુને માર્યા હોં! અને દુનિયાને પાગલ કરી નાખ્યા, ગાંડા બનાવ્યા તમે તો. '**યે દોનોં લોકવ્યવહારમેં દોષ હૈં, ઈન શબ્દોંકે ઐસે અર્થ ઊપરસે નિકાલે હૈં. પરંતુ દૂસરે અર્થમેં કોઈ દોષ નહીં હૈ, સ્તુતિ હી હૈ.**' સમજાણું કાંઈ? આહા..! જગતથી ભાગ્યા. ડર્યા, ભાગ્યા, ભાગ્યા. લ્યો! ભાગી ગયા. બાયડી, છોકરાથી ભાગ્યા, ડર્યા. પોતાના આત્માના આનંદ સ્વભાવને સાધવા અંતર્મુખની દૃષ્ટિથી સ્થિરતા થવા, છોડ્યું બધું, કહે છે, છૂટી ગયું. પાગલ... પાગલ... પાગલ... કર્યા. પાગલ નથી, પણ ડાહ્યા કર્યા કેવળજ્ઞાની કરવાની તૈયારી કરી. એમ નિંદા દ્વારા સ્તુતિ (કરી છે).

'**ક્યોંકિ કર્મબંધ નાશ કરને હી યોગ્ય હૈ, તથા જો સમભાવકા ધારક હૈ, વહ આપ નગ્ન દિગમ્બર હો જાતા હૈ,...**' અંતરમાં વીતરાગ પરિણતિ થાય તો નગ્ન દશા સહજ થઈ જાય. આહા..હા..! મુનિપણું એકલો શાંતરસનો હેમાળો. સમજાય છે? મુનિ એટલે શું? આહા..હા..! 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' એકલો સૂક્ષ્મ શાંતરસનો ... અંદર ઠરી ગયો છે. મોટો હિમ હિમ જેમ ઠંડો હોયને એવો ઠંડો... ઠંડો... ઠંડો... ઠંડો... બહારની પ્રતિકૂળતાની ઉશ્કેરણીએ પણ જે હલે નહિ, વિકલ્પ ઉઠે નહિ જેને. એવી સમભાવની દશા એ મુનિપણું છે. એ મુનિપણું નગ્ન દિગંબર જ હોય. અંદરમાં વીતરાગતા અને બાહ્યમાં પણ વસ્ત્ર રહિત જ દશા થઈ જાય અંદર. મુનિ થાય અને વસ્ત્ર રહે એમ બને નહિ. કહો, સમજાણું કાંઈ? પણ આ કેવી રીતે સિદ્ધ કરે છે? ઓલો સમભાવ પ્રગટ્યો માટે

નગ્ન થાય છે એમ ભાઈ સિદ્ધ કરે છે. અહીં નગ્ન થાય માટે મુનિ છે એમ નહિ. એવી શૈલીથી વાત કરે છે. શું કીધું સમજાણું? આહા..હા..!

ઠર્યો અને બૂડ્યો અંદરમાં. હિમ-હિમ શીતળ હિમ ઠંડો ભગવાન આત્મા. જેમ ... શીતળ શીતળ યોનિના જીવ હોયને. શીતળ યોનિનો જીવ શીતળમાં રહે. શીતળમાં રહે. ઉષ્ણ યોનિનો જીવ ઉષ્ણતામાં. અગ્નિમાં ઊંદર પાકે એ ઊંદર અગ્નિમાં જ રહે. અગ્નિના ઊંદર પાકે એ અગ્નિમાં જ રહે. એમ શીત શીતમાં પાકે જીવ એ શીતમાં રહે. એમ ચૈતન્યમૂર્તિ અકષાય સ્વભાવ એકલો શાંતરસનો કંદ સત્ત્વ તત્ત્વ એમાં જામ્યો, હેમાળો થઈ ગયો. આહા..હા..! ઉપશમરસના ઝરણે ઝર્યો એ નગ્ન થયા વિના રહે નહિ.

એ આઠ આઠ વર્ષના રાજકુંવર. સમજાય છે? આઠ આઠ વર્ષના રાજકુમારો. આહા..હા..! એ હારું નીકળતી હશે તીર્થંકરના વારામાં અને ભગવાન બિરાજે છે ત્યાં જુઓને! રાજકુમારની હારું નીકળતી હશે આમ. જેમ ઓલા સિંહના ટોળો હોય છેને બસ્સો એકસાથે? એમ આ મુનિઓ... આહા..હા..! ચાલતા સિદ્ધ હોં! આમ શાંતરસમાં ઠરી ગયા છે. ઇન્દ્રિયો હોવા છતાં ઇન્દ્રિયાતીત છે, શરીર હોવા છતાં શરીરરહિત છે. જરી વિકલ્પ હોવા છતાં વિકલ્પાતીત વીતરાગી પરિણતિ થઈ ગઈ છે. કર્મના રજકણની આડ જરી અંદર પડી છે, થોડી છતાં અંદરથી છૂટા... છૂટા... છૂટા... એકલું નિરાળું, રાગને નહિ સ્પર્શતું તત્ત્વને અનુભવે છે. આહા..હા..! એને નગ્ન દશાની લજ્જા નથી અને કાંઈ નગ્ન છું એની ઓલી નથી. એવો દિગંબર મુનિ પાગલ પોતે થઈ જાય અને બીજાને પાગલ કરે છે. સમજાણું કાંઈ? પણ લીધું છે આ શૈલીથી હોં! સમભાવ થાય એટલે દિગંબર થઈ જાય, પાગલ થઈ જાય એમ કહે છે. આહા..હા..! એને પછી વસ્ત્રથી શરીરને ઢાંકવાની વૃત્તિ રહેતી નથી. એકલો સમભાવ.

‘**ઔર અન્યકો દિગમ્બર કર દેતા હૈ, સો મૂઢ લોગ નિંદા કરતે હૈં. યહ દોષ નહીં હૈ ગુણ હી હૈ. મૂઢ લોગોંકે જાનનેમેં જ્ઞાનીજન બાવલે હૈં,...**’ બે અર્થ કરે જુઓ! ‘**लोकव्यवहारे ज्ञानिनां लोकः पिशाचो भवति लोकस्याज्ञानिजनस्य ज्ञानि पिशाच इति।**’ અરસ-પરસ છે. મૂઢ લોકોના જાણવામાં ધર્માત્મા બાવલા જેવા, ગાંડા જેવા લાગે. સમજાણું કાંઈ? આહા..હા..! છે કાંઈ? બોલતા આવડતું નથી, બેસતા આવડતું નથી. ગાંડા જેવા લાગે છે કહે છે. વાત તો સાચી, અજ્ઞાનીને તો ગાંડા જેવા લાગે છે. એય..! ભીખાભાઈ! આહા..હા..! શું બક્યા કરે છે આ? વીતરાગતા... વીતરાગતા... વીતરાગતા... નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ શાંતિ શું કહે છે આ? સમજાણું કાંઈ?

‘**મૂઢ લોગોંકે જાનનેમેં જ્ઞાનીજન બાવલે હૈં,...**’ મૂર્ખ લાગે છે. ‘**ઔર જ્ઞાનિયોંકે જાનનેમેં જગતકે જન બાવલે હૈં.**’ અરે..! ઉન્માદ છે ભાઈ! તને પરવસ્તુની અધિકતાનું

અભિમાન અને રાગની મીઠાશ એ બધું બાવલાપણું છે ભાઈ! એ ઉન્માદ છે. આહા..હા..! પોતાની શરીર, વાણી, મન કંઈ પણ ચેષ્ટાથી પોતાને આત્માથી બીજી વસ્તુથી અધિકપણે પોતે માનવો કે મનાવવો એ મહા પાગલપણું છે એમ કહે છે. મિથ્યાત્વભાવ થયોને વિષમભાવ? એ પાગલ છે એને ઠેકાણે એને જ્ઞાની (પાગલ લાગે). જ્ઞાની એને પાગલ માને, એ જ્ઞાનીને પાગલ માને. **'ક્યોંકિ જ્ઞાની જગતસે વિમુખ હૈં, તથા જગત જ્ઞાનિયોંસે વિમુખ હૈ.'** આહા..! દુનિયાથી ધર્મીની વિમુખતા છે, ધર્મીથી જગતની વિમુખતા છે. જગતને જગતના ભાવથી સન્મુખતા છે, ધર્મીને સ્વભાવની સન્મુખતા છે. બેયની દશા ફેર છે. સમજાણું કાંઈ? એક ગાથા એ લીધી બે દોષ બતાવવા માટે. બીજી ગાથા કહે છે.

**'આગે સમભાવકે ધારક મુનિકી ફિર ભી નિંદા-સ્તુતિ કરતે હૈં—'** જોયું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ તો પહેલામાં પહેલી. **'પરમ શાંતભાવકા હી કર્તા હૈ, ઉસકી નિંદા'** ત્યાં એમ કહ્યું હતું. શાંત ભાવકા કર્તા એમ કીધુંને? **'योऽसावेवोपशमभावं करोति'** એમ છે. સમજાણું? એની ને એની વાત લીધી છે, એને એ શબ્દ જે માથે પડ્યો છે. **'योऽसावेवोपशमभावं करोति तस्य निन्दाद्वारेण स्तुतिं'** એમ ઉપશમભાવના ધારક... એ સમભાવ શબ્દ વાપર્યો છે ત્યાં. ઓહો..હો..! એ ૪૪ ગાથામાં છેને માથે? એનો એ ભાવ અહીં લેવો. એને માથે મથાળું નથી કાંઈ. **'अथ'** શબ્દ છે ખરોને? એટલે જે માથે કહ્યું હતું એ લઈ લેવું. ભગવાન આત્મા તદ્દન વીતરાગમૂર્તિ આત્મા છે, એટલે કે અકષાયનું બિંબ આખો એવો જ અંતરમાં અકષાય પરિણતિ ઊભી કરીને ઠર્યો છે. એવા મુનિના ... નિંદા સ્તુતિ દ્વારા, નિંદા દ્વારા સ્તુતિ કરે છે.

**૧૭૧) अण्णु वि दोसु हवेइ तसु जो सम-भाउ करेइ।**
**सत्तु वि मिल्लिवि अप्पणउ परहँ णिलीणु हवेइ।।४५।।**

જુઓ! ઓલામાં **'बिण्णि वि दोस हवंति'** એમ હતું. બે દોષ થાય. અરે..! આત્મા અંતર શાંત નિર્વિકલ્પરસના પ્રેમમાં પડ્યા, એ આત્માના નિર્વિકલ્પ મધુર રસના મીઠા સ્વાદના અનુભવમાં પડ્યા ધર્મી સમભાવને કરે છે. જેને કાંઈ અનુકૂળ પ્રતિકૂળતા લક્ષમાં પણ નથી. એકલો આનંદ જ લક્ષમાં અનુભવે છે. એવા સમભાવના કરનાર સંત વીતરાગી મુનિ. કહે છે, **'ઉસ તપોધનકે દૂસરા ભી દોષ હૈ. ક્યોંકિ પરકે આધીન હોતા હૈ, ઔર અપને આધીન ભી શત્રુકો છોડ દેતા હૈ.'** આ બે દોષ છે. શું કહે છે?

**'ભાવાર્થ :- જો તપોધન ધન ધાન્યાદિકા રાગ ત્યાગકર પરમ શાંતભાવકો આદરતા હૈ, રાજા-રંકકો સમાન જાનતા હૈ,...'** મહા મુનિ ધન-ધાન્ય, રાજ-પાટ મોટા ચક્રવર્તીના

રાજ હોય. છોડી રાગ છોડી એ પ્રત્યેનો પ્રેમ છોડી, એ મળ્યાના પ્રેમ છોડી, મળ્યાના રાગ છોડી પરમ શાંતભાવ આદિ આદરે છે, પરમ શાંત અકષાય સ્વભાવ એ જ વસ્તુનો આદર કરે છે. રાજા-રંકને સમાન જાણે. રાજ હો કે રંક હો, બેય જ્ઞેય તરીકે જાણે. આ રાજા એ અધિક છે અને આ રાંક એ હીન છે (એમ જેને રહ્યું નથી). સમજાય છે કાંઈ? અબજો રૂપિયાના રત્ન પહેરીને માથે મુગટમાં રાજા આવ્યો તેના જ્ઞાનમાં આહા..હા..! કાંઈક અધિક છે અને રંક ખ્યાલમાં આવ્યો હોય (તો) આ રંક છે એમ ખ્યાલમાં નથી. બેય જ્ઞેય તરીકે જાણે. સમભાવ એકલો સમભાવ. આ કાંઈક અધિક છે બીજા કરતાં એવું જેના જ્ઞાનમાં આવતું નથી. વીતરાગ સ્વભાવે રમતો સાધુ, સમભાવે ઉપશમે પરિણમતો સાધુ રાજા અને રંકને સમાન જાણે. કહો, હવે આટલી મુર્ખાઈ હશે? રાજાને રાજા તરીકે ન જાણે? એવા પચાસ-પચાસ કરોડની ઉપજ હોય, લાખ, અબજ-અબજની. રાજા હોય અને ખમ્મા ખમ્મા કરતો હોય આમ એની સાથે કેટલા પૂછડાં માણસો આગળ ફરતા હોય. શું છે? રાંક પ્રાણી છે. જીવ છે એ પરમાત્મા છે. પર્યાયમાં પરનો લોભી એ ભિખારી છે. રંક હોય તોપણ આત્મા પરમાત્મા છે અને પર્યાયમાં પરનો ભિખારી છે, બેય સરખા છે. સમજાણું કાંઈ?

'**ઉસકે દોષ કભી નહીં હો સકતા. સદા સ્તુતિકે યોગ્ય હૈ, તો ભી શબ્દકી યોજનાસે નિંદા દ્વારા સ્તુતિ કી ગઈ હૈ,...**' શબ્દની અલંકારથી .. કહે છે. '**વહ ઈસ તરહસે હૈ કિ શત્રુ શબ્દસે કહે ગયે જો જ્ઞાનાવરણાદિ કર્મ-શત્રુ ઉનકો છોડકર પર શબ્દસે કહે ગયે પરમાત્માકા આશ્રય કરતા હૈ.**' અરે..! હાથમાં આવ્યા શત્રુને છોડી દે છે. કર્મ હાથમાં આવ્યા છે એને અને છોડી દે છે અને સ્વ એવો પરમાત્મા એનો આશ્રય કરે છે. હવે હાથમાં આવ્યા એને છોડે છે અને નથી હાથમાં એને પકડે છે. એમ કહે છે. 'માંહી પડ્યા તે મહાસુખ માણે, દુનિયા દેખી દાઝે જોને.' દુનિયાને એમ કે આ શું પણ આ બધું? સાંભળ, સાંભળ બાપા! તું ગાંડો-પાગલ છો કહે છે. એ ધર્માત્મા અંતર અમૃતરસના શેરડે પડ્યા, કહે છે, એ પરમાત્માનો આશ્રય કરે છે. પરમ પર વસ્તુ. જુઓ! પર એટલે પર એમ કીધું. પર એટલે પરમાત્મા, પર એટલે પ્રધાન વસ્તુ એનો આશ્રય કરે છે. અને શત્રુ શબ્દે જે જ્ઞાનાવરણીય શત્રુ હાથમાં આવ્યા એને છોડે છે. મારી નાખવા જોઈએ કે એને છોડવું જોઈએ? એમ કહે છે. આહા..હા..!

શાંતરસનો ડુંગરો હાથમાં આવ્યો છેને, વીતરાગી ઝરણું, એ વીતરાગી ઝરણું દષ્ટિમાં આવ્યું છે. આહા..હા..! જેમાંથી વીતરાગભાવ જ ઝરે એકલો. એવો ઉપશમરસમાં પરિણમતો રાજા અને રંકને સમાન માને, શત્રુ કર્મ છે એ પોતાના માનીને એને છોડી દે છે. અને પર વસ્તુ એવો પરમાત્મા પોતાનું નિજાનંદ સ્વરૂપ એનો આશ્રય કરે છે. શબ્દના સ્થળથી બે દોષ કહ્યા,

એ દોષ નથી પણ સ્તુતિ છે. સમજાણું કાંઈ? એ સમભાવની સ્થિતિનું વર્ણન છે હોં આ. આહા..હા..! સમભાવ-સમભાવ.

**'ઈસમેં નિંદા ક્યા હુઈ, બલ્કિ સ્તુતિ હી હુઈ. પરંતુ લોકવ્યવહારમેં અપને આધીન શત્રુકો છોડકર કિસી કારણસે પર શબ્દસે કહે ગયે શત્રુકે આધીન આપ હોતા હૈ,...'** સમજ્યાને? **'આપ હોતા હૈ, ઈસલિયે લૌકિક-નિંદા હુઈ; યહ શબ્દકે સ્થલસે નિંદા-સ્તુતિ કી ગઈ.'** જુઓ! શબ્દકે સ્થલસે. **'વહ શબ્દસે શ્લેષ હોનેસે રૂપઅલંકાર કહા ગયા હૈ.'** અલંકાર છે. ઓહો..! પરમાત્મા! હે આત્મા! તારા શત્રુને છોડી દીધા અને પર વસ્તુ તને હાથમાં નહોતી એને પકડી એમ કહે છે. એય..! એ પર તારે વર્તતું હતું, પરપણે વર્તતો હતો એવો પરમાત્માને પકડ્યો તેં અને સ્વપણે બિચારા વર્તતા હતા એને છોડી દીધા. સમજાણું કાંઈ? આહા..હા..! સમભાવના મીણા ચડ્યા છેને. વીતરાગ સમભાવમાં સંતો ડોલે છે અંદર. એને આખી દુનિયા જ્ઞેયપણે છે. એ પણ સ્વજ્ઞેયપણાથી ભિન્ન પરજ્ઞેયપણે. એવી સમભાવ દૃષ્ટિ થઈ જ્યાં, ચારિત્રની રમણતા છે એ અહીંયાં વખાણ-પ્રશંસા કરે છે. સમજાણું કાંઈ?

**'આગે સમદૃષ્ટિકી ફિર ભી નિંદા-સ્તુતિ કરતે હૈં–'** અહીં ભાષા સમદૃષ્ટિ વાપરી, સમભાવ છેને મૂળ તો. **'सम-भाउ करेइ'.**

**१७२) अण्णु वि दोसु हवेइ तसु जो समभाउ करेइ।**
**वियलु हवेविणु इक्कलउ उप्परि जगहँ चडेइ।।४६।।**

**'જો તપસ્વી મહામુનિ...'** ધર્માત્મા આહા..હા..! **'સમભાવકો કરતા હૈ,...'** આનંદમૂર્તિ ભગવાન આત્માની દૃષ્ટિ કરીને અંદર રમે છે, એ આનંદકંદમાં જેની અંતર રમણતા જામી ગઈ છે. ભગવાન અતીન્દ્રિય આનંદનો મોટો સ્થંભ છે. અતીન્દ્રિય આનંદનો સ્તંભ એમાં જામી ગયા છે, જામી ગયા અંદર ધ્યાનમાં. વીતરાગ વીતરાગ સ્વભાવની પરિણતિએ પરણમ્યા છે. **'ઉસકે દૂસરા ભી દોષ હોતા હૈ, જોકિ શરીર રહિત હોકે અથવા બુદ્ધિ ધન વગૈરઃ સે ભ્રષ્ટ હોકર...'** વિકળ થઈ ગયો વિકળ. વિકળ એટલે કળ એટલે શરીર વિનાનો. વિકળ વિકળેન્દ્રિય. વિકળેન્દ્રિય કહે છેને? આહા..હા..! અરે..! શરીર પણ નહિ, વિકળ થઈ ગયો, બુદ્ધિ નહિ આ બહારના ઉઘાડની. ધન નહિ, કાંઈ નહિ, તારી પાસે કાંઈ ન મળે. કહો, સમજાણું કાંઈ?

**'विकलः कलरहितः शरीररहितो भूत्वा'** લ્યો! **'ભ્રષ્ટ હોકર અકેલા લોકકે શિખર પર અથવા સબકે ઊપર ચઢતા હૈ.'** એક તો બાવલો થાય અને શિખર ઉપર જાય. કહો! ગાંડો ચડેને મકાન ઉપર. તમારે નહોતો? સ્વામિનારાયણ થઈ ગયા હતાને નહિ? ઓલા

ઉપર ચડતા ખોરડા ઉપર. ઘણા વર્ષની વાત કરતા હતા. જુઓ! ધર્મ છોડે તો આવું થાય. આહા..હા..! કહે છે, શરીરરહિત થઈ અને બુદ્ધિ, ધન વગેરેમાં ભ્રષ્ટ થઈને. આ ક્ષયોપશમજ્ઞાન આદિથી ભ્રષ્ટ થઈ ગયા, સંસારના જ્ઞાનથી ભ્રષ્ટ થઈ ગયા, સંસારની આવડતથી ભ્રષ્ટ થઈ ગયા. ધર્માત્મા આત્માના આનંદના જ્ઞાનમાં સ્થિર થતાં લૌકિક ... આદિ જાણપણાથી ભ્રષ્ટ થઈ ગયા. કહો, મોહનભાઈ! લોકના ડહાપણથી ભ્રષ્ટ થઈ ગયા. પાંચમાં પૂછાતા એવી આવડત હતી તોપણ ભ્રષ્ટ થઈ ગયા. ચડે ઉપર સૌથી લોકના ઉપર જાય. આહા..હા..! લૌકિકબુદ્ધિથી ભ્રષ્ટ થાય અને લોક ઉપર જાય. આહા..હા..!

જગત ઉપરી. લોકને શિખર પર અથવા સબકે ઉપર ચડતા હૈ. બુદ્ધિ વગરનો માથે ચડાવે, છોકરાને માથે ચડાવે છે કે નહિ? એક તો બુદ્ધિ વિનાનો અને ધન નહિ, લક્ષ્મી નહિ અને કાંઈ નહિ અને માથે ચડે. .... આહા..! એ મુનિપણાની દશા, રમણતા મોક્ષના સાધકની સાક્ષાત્. સમ્યગ્દર્શન-જ્ઞાનની ન હોય પણ એના ઉપરાંત સમભાવની સ્થિતિનું વર્ણન કરે છે આચાર્ય. બીજો ભાગ છે ખરોને? એ તપસ્વી કહેવાય હોં! તપસ્યા એટલે અપવાસ કરે એ નહિ. જેને ઈચ્છા જ ઉત્પન્ન નથી (થતી). અમૃતના આનંદના અનુભવમાં પડ્યો છે એ તપસ્યા છે. જુઓને! તપસ્વી કહ્યોને? રાગાદિ રહિત પરમ ઉપશમભાવરૂપ. આમ તો કહે, તમારે ક્રિયા ન હોય. ભાઈ! રાગની ક્રિયા હો, પણ એ કાંઈ વસ્તુ છે? ભગવાન આખો આત્મા જ્યાં વિકલ્પ વિનાનો નિર્વિકલ્પદૃષ્ટિમાં ઠર્યો એને તપસ્યા કહે છે, એને તપસ્વી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એને જ્ઞાની કહેવામાં આવે છે. ભગવાન કહે છે કે અમારા શાસ્ત્રના ભણતરને ભૂલીને અંદરમાં જા. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જો તપસ્વી રાગાદિ રહિત પરમ ઉપશમભાવરૂપ નિજ શુદ્ધાત્માકી ભાવના કરતા હૈ,...**' નિજ પરમાત્મા અખંડ આનંદનો કંદ. અહીં તો પરમાત્મા છેને, તો ભાવના પરમાત્માની હોયને. દેહદેવળમાં રજકણથી જુદો એકલી આનંદની કાતળી, કાતળી દળ પડ્યું છે કહે છે. એવો પરમ પરમાત્મા એમાં ઠરતો સમભાવ જે થાય, એ નિજ શુદ્ધાત્માની ભાવના એનું નામ કહેવાય. ભાવના કહો, વીતરાગભાવ કહો, સમભાવ કહો, ઉપશમભાવ કહો. '**ઉસકી શબ્દકે છલસે તો નિંદા હૈ, કિ વિકલ અર્થાત્ બુદ્ધિ વગૈરહ સે ભ્રષ્ટ હોકર...**' વિકલ્પ શબ્દ પડ્યો છે ખરોને? '**वियलु हवेविणु**' વિકળ જ છે હોં! વિકળ આ તો. '**બુદ્ધિ વગૈરહ સે ભ્રષ્ટ હોકર લોક અર્થાત્ લોકોંકે ઊપર ચઢતા હૈ.**' બહારનું જ્ઞાન નાશ થઈ, લૌકિક બુદ્ધિનો નાશ થઈ, કેવળજ્ઞાન બુદ્ધિ પ્રગટ થઈ, એ લોકને શિખરે જાય છે. આ બુદ્ધિ વિનાના લોકને શિખરે! લૌકિક બુદ્ધિ રહિત અને લોકોત્તર કેવળજ્ઞાન બુદ્ધિ સહિત. કેવળજ્ઞાન બુદ્ધિસહિત. પોતાના આત્માનું જ્ઞાન પૂર્ણાનંદ પ્રભુ, એક સમયમાં

ત્રણ કાળ, ત્રણ લોક જ્યાં જણાણા. ઓહો..હો..! સર્વજ્ઞનું આવ્યું છે થોડું આમાં. તમે સર્વજ્ઞ ત્રિકાળ જ્ઞાની પ્રભુ ... એમાં. નક્કી કરોને ભાઈ! નક્કી કરો. કેવળજ્ઞાની અનિયત દેખે છે એનું નક્કી કરો. અકાળે મરણ કરે એનું નક્કી કરો. નક્કી કરોને. જુઓ! કાનજીસ્વામીએ આવું કહ્યું હોત તો લોકો તૂટી પડત તેના ઉપર. પણ તમે અંદર કરો છો એ કોઈ તમારા પંડિતોમાં પણ પૂછતા નથી અને કોઈ પૂછતું નથી, ગજબ કરે છે આ તો! સર્વજ્ઞનો આવો ભાવ! આહા..હા..!

ભગવાન કેવળજ્ઞાનમાં તો આમ આખું ચોસલું પડ્યું છેને ભાઈ! આમ આખું એક સમયમાં એમને એમ જણાય છે. વળી અનિયત કેવું? એમને એમ બધું છે નિયત, વ્યવસ્થિત. ત્રિકાળ એક જ્ઞાન વ્યવસ્થિત થઈ ગયું, વ્યવસ્થિત બધું જણાય છે. સમજાય છે કાંઈ? એના જ્ઞાનમાં આઘું, પાછું શું? ન્યાં એને જણાય એવા જ્ઞેયમાં આઘું-પાછું શું? વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગ વિજ્ઞાનતા 'તીન ભુવનનો સાર એક વીતરાગ વિજ્ઞાન'. કહ્યુંને? એવો આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં રમતા, વીતરાગ દશાએ રમતા વિકળ નામ લૌકિક બુદ્ધિ અને શરીર વિનાનો (થઈ જાય છે). બે લીધા. વિકળ એટલે બુદ્ધિ વિનાનો અને વિકલ એટલે કળ એટલે શરીર વિનાનો. અને વળી ચડે લોકને ઉપર. લોકની બુદ્ધિ અને શરીર નહિ અને ચડે લોકને ઉપર લોકાગ્રે.

'**યહ લોક-નિંદા હુઈ. લેકિન અસલમેં ઐસા અર્થ હૈ, કિ વિકલ અર્થાત્ શરીર સે રહિત હોકર તીન લોકકે શિખર (મોક્ષ) પર વિરાજમાન હો જાતા હૈ.**' મુક્તસ્વરૂપ ભગવાન એને અવલંબ્યો એ મુક્ત દશામાં થઈ મોક્ષ .. બિરાજે છે. લોકને શિખરે એ વ્યવહાર કીધો. પોતાના સ્વરૂપમાં બિરાજે છે તો ક્ષેત્ર એનું બતાવ્યું છે. પૂર્ણ જ્યાં અશરીર દશા થાય એનું ક્ષેત્ર, વ્યવહારે ક્ષેત્ર ત્યાં ઉપર છે. અન્યની જેમ બધે વ્યાપક થઈ જાય એમ નથી, એમ કહે છે. લોક છે એના ઉપર રહે છે એ વાત બધી સિદ્ધ કરી પાછી. સમજાણું કાંઈ? સમભાવી થઈ જાય, અંતર દૃષ્ટિ અનુભવમાં સ્થિર થતાં શરીરરહિત થઈ ગયા, લૌકિક બુદ્ધિએ રહિત થઈ ગયા. લોક ઉપર જઈને સ્થિત થાય છે. અન્યમતિ કહે છે એ પ્રમાણે એને સિદ્ધપદનું રહેવું, બીજે વ્યાપવું અનંતમાં એમ છે નહિ. એક વાતમાં ઘણી વાત કરે છે. લોકો તો એમ કહે, ગાંડા થઈ ગયા, બુદ્ધિ વિનાના ઉપર ચડ્યા. બુદ્ધિવાળો હોય એ મોટે પદે આવે. એમ કહેવાય છે કે નહિ? મોટા પદ કોને હોય? બુદ્ધિવાળા હોય, પૈસાવાળા હોય, કાંઈ હામ, દામ ને ઠામ હોય એ કાંઈ મોઢા આગળ આવે. નગરશેઠપણે કોણ આવે? એય..! નેમિદાસભાઈ! કાકા-કાકી કેમ કહેવાતા હશે ગામમાં? એ કાંઈ પૈસા હોય, ઘરે બંગલા હોય, બબ્બે લાખના બંગલા મોટા, વળી કાંઈક આપતા હોય થોડું-થોડું. એમ કાંઈ તદ્દન

એવા હોય તો કોઈ કાકા કહે પણ નહિ. સાર-નરસે ઠેકાણે કોઈ પાંજરાપોળ શું કહેવાય એ બધું? ક્યાંક ક્યાંક ઊભા રહ્યા હોય ત્યારે કહેતા હોયને. એમ અહીં કહે છે, કાંઈ બુદ્ધિ બુદ્ધિ હોય છે લૌકિકની... અહીં તો કહે કે બુદ્ધિ અને શરીર વિનાના લોકોત્તર થઈ ગયા, જાઓ. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્રણ ગાથા નિંદા દ્વારા સ્તુતિ (કરી). શું કર્યું હવે તેં? અનાદિના સાથે (હતા) એને મારી નાખ્યા તેં. આ ભાઈ તો કોક રહે. પચ્ચીસ પચાસ વર્ષ સાથે રહે. આ તો અનાદિના સાથે છે. કર્મ તો અનાદિના સાથે છે. મોહનભાઈ! આ તો પાંચ, પચ્ચીસ વર્ષ રહ્યા અને ભાગ્યા. ભાગેલા જ હતા, જુદા જ હતા. કે દિ' ભેગા હતા? મફતનો ઓલો અંદરમાં માનતો હતો. જેચંદભાઈ! ભાગ્યા. ટાણા આવ્યા, છોકરાઓ કહે આપણને ઠીક પડતું નથી, અમારે છૂટું પડવું છે. પણ હવે અમને બે ભાઈઓને તો ભેગા રહેવા દે. ભાઈઓ શેના રહે પણ સાથે પછી? છોકરા જુદા પડે તો એ પણ ભેગા જુદા પડી જાય. એમ પણ જુદા જ હતા. કે દિ' ભેગા હતા ત્રણ કાળમાં? એમ કહે છે અહીં તો. ભેગા હતા અને મારી નાખ્યા? છૂટા કરી દીધા? જુઓને, ઓલો કહે છે કે ભાઈ! અહીં આવો પછી અમને છોડશું. કીધું હતું ને આમાં? બળવંતરાયનું નહિ ઓલું શું કહેવાય? ઓલાને કહ્યું હતું, તમે અહીં આવો. તમે નીકળ્યા એ અમને ખબર છે. તમે અહીં આવો, અમે છોડી દેશું પછી. હવે પણ તારી પાસે જાય અને તું છોડ પછી. નાક કાપીને શું કરે? એમ કહે છે, કર્મ પણ હાથમાં તારા અને હવે તું છોડી દે, મૂર્ખાઈ કરે છે. કહે છે સાંભળને. અરે..! સાંભળને, કર્મ છૂટે એમાં જ પંડિતાઈ છે, એ મૂર્ખાઈ નથી પણ પંડિતાઈ છે. આહા..હા..! કેવળજ્ઞાન ઝબકી ઉઠે છે એમાં, ત્રણ કાળ, ત્રણ લોક સહિત. જેને કાંઈ નવું જાણવું નથી, આકાંક્ષા નથી, સુખમાં પૂર્ણ તૃપ્ત છે. એ તો લોક ઉપર જ હોય અગ્રેસર, એ જ હોય અગ્રેસર. લોકમાં અગ્રેસર એ હોય, એમ કહે છે. એ અગ્રેસર એ જ છે. આ જુઓને .. આહા..હા..! પૂર્ણ સમભાવને પ્રાપ્ત કેવળજ્ઞાન પરમાત્મા જ અગ્રેસર થયા. દુનિયાના ડાહ્યા કે દુનિયાના પૈસાવાળા એ અગ્રેસર ન થાય, એમ કહે છે. લ્યો!

**'વિકલ અર્થાત્ શરીર સે રહિત હોકર તીન લોકકે શિખર (મોક્ષ) પર વિરાજમાન હો જાતા હૈ. યહ સ્તુતિ હી હૈ. ક્યોંકિ જો અનંત સિદ્ધ હુએ, તથા હોંગે, વે શરીર રહિત નિરાકાર હોકે જગત કે શિખર પર વિરાજે હૈં.'** આહા..! હવે એને સિદ્ધને પણ પરતંત્ર હજી સિદ્ધ કરવા છે. એને મજા પડતી નથી પરતંત્ર થયા વિના. આહા..હા..! પૂર્ણાનંદની પૂર્ણ સ્વતંત્રતા, પ્રભુતાની પર્યાયની શક્તિ પૂર્ણ પ્રગટ થઈ. એ લોકને અગ્રે બિરાજમાન, ભગવાન અનંત-અનંત સ્વભાવના આનંદના ભોક્તા બિરાજમાન શિખર પર બિરાજે

છે. એ દોષ છે નહિ, પણ ભાષાના અલંકારે એને ગુણ કહેવામાં આવ્યો છે. લ્યો!

**'આગે સ્થલસંખ્યાકે સિવાય ક્ષેપક દોહા કહતે હૈં -'**

૧૭૩) जा णिसि सयलहँ दिहियहँ जोग्गिउ तहिँ जग्गेइ।
जहिँ पुणु जग्गइ सयलु जगु सा णिसि मणिवि सुवेइ।।४६*१।।

ઓલું આવે છેને ગીતામાં? **'જો સબ સંસારી જીવોંકી રાત હૈ, ઉસ રાત મેં પરમ તપસ્વી જાગતા હૈ,...'** કહો, એ જગતના જીવની રાત તે ધર્મીનો દિવસ છે. **'ઔર જિસમેં સકલ સંસારી જીવ જાગ રહે હૈં, ઉસ દશાકો યોગી રાત માનકર યોગ નિદ્રામેં સોતા હૈ.'** શું કહે છે જુઓ! ઉપરથી શ્લોક નાખ્યો છે.

**'ભાવાર્થ :- જો જીવ વીતરાગ પરમાનંદરૂપ સહજ શુદ્ધાત્માકી અવસ્થાસે રહિત હૈં,...'** જે જીવ વીતરાગ-રાગ વિના પરમાનંદ સ્વરૂપ સહજ આત્માની દશાથી રહિત છે. **'મિથ્યાત્વ રાગાદિ અંધકાર સે મંડિત હૈં,...'** આત્માના આનંદ સ્વભાવથી વિપરીત રાગ, શરીર આદિ મારા એમાં પડ્યા છે એ અંધારામાં પડ્યા છે, અંધારામાં પડ્યા છે. **'ઈસલિયે ઈન સબોંકો વહ પરમાનંદ અવસ્થા રાત્રિકે સમાન માલૂમ હોતી હૈ.'** એવા અંધારામાં પડેલાને પરમાનંદ અવસ્થા તો રાત્રિ સમાન માલૂમ થાય. આ શું વળી? પરમાનંદ વસ્તુ જુદી! મિથ્યા, રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, વિકલ્પ, શરીર મારા (એમા) મરી ગયા પડ્યા છે, એને પરમાનંદની મૂર્તિ આત્મા એ તો રાત્રિ સમાન લાગે છે. સમજાણું કાંઈ? એટલે કે એને નજરમાં આવતું નથી. આહા..હા..! જુઓ! આ અંધકાર. ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ, એ વિકલ્પની રાતમાં એકાકાર થઈને અંધકારમાં પડ્યા છે એને પરમાનંદ સ્વભાવ ચિદાનંદ પ્રભુ એને આંધળો લાગે છે એટલે એને સારો લાગતો નથી. એને રાત્રિ સમાન લાગે છે. આહા..હા..!

**'કૈસે યે જગતકે જીવ હૈં, કિ આત્મ-જ્ઞાનસે રહિત હૈં,...'** જાગતા છે અજ્ઞાનમાં એમ કહે છે. ચૈતન્ય જાગૃતજ્યોત ચૈતન્યભાવ એને છોડી અને એ પુણ્ય-પાપના વિકલ્પ ને શરીરાદિનો બધો જે સંગ એમાં પડ્યા એને એ રાત્રિ છે, એને એ માને છે કે આ દિવસ છે. અને એના રહિત આત્મા આનંદમૂર્તિ છે એ દિવસ છે. એને એ માને છે રાત્રિ. સમજાય છે કાંઈ? **'ઔર અપને સ્વરૂપસે વિમુખ હૈં, જિનકે જાગ્રત-દશા નહીં હૈં,...'** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી આનંદ છે એવી જ્યાં જાગ્રત દશા નથી, એ તો આ વિકલ્પની જાળની વર્તમાન અંધકાર એમાં તલ્લીન થઈ ગયા છે. એ રાત્રિ સમાન છે તેને દિવસ માને છે. જે દિવસ સમાન જાગ્રત દશા છે તેને અંધકાર જેમ રાત્રિ એને સમજે છે.

**'અચેત સો રહે હૈં,...'** ચૈતન્યના જ્ઞાનાનંદ સ્વરૂપ એના અંતરના ભાન વિના, શાંતિના

આનંદના ખ્યાલ વિના એ પુણ્ય-પાપના વિકલ્પમાં અચેત નામ જડ જેવો થઈને સૂઈ ગયો છે કહે છે. આહા..હા..! એ ચેતનારો ચૈતન્ય ભગવાન જ્ઞાન અને આનંદથી જાગતી જ્યોત એને છોડીને વિકારની લાગણીમાં જે સૂઈ ગયો છે એ અચેત થઈ ગયો છે, મડદું થઈ ગયું, મડદું. સમજાણું?

**'ऐसी रात्रि में वह परमयोगी वीतराग निर्विकल्प स्वसंवेदन ज्ञानरूपी रत्नदीपके प्रकाशसे मिथ्यात्व रागादि विकल्प-जालरूप अंधकारको दूरकर अपने स्वरूपमें सावधान होनेसे सदा जागता है.'** આહા..હા..! એ અચેત સો રહે અજ્ઞાની રાગના દ્વેષ, વિકલ્પની જાળમાં પડ્યા, ચૈતન્યસૂર્યને નજરે કરતો નથી. એ રાગ-દ્વેષ એ અંધકાર છે એમ કહે છે. એ શુભાશુભ વિકલ્પ એ અંધકાર, એ ચૈતન્ય નહિ. આહા..હા..! બીજી રીતે કહ્યું આ. જ્ઞાનસ્વરૂપી પ્રભુ વીતરાગી આનંદવાળું ચૈતન્ય, એ ચૈતન્યને ન જાણતા એકલા શુભ-અશુભભાવમાં પડ્યા અને એકાકાર થઈ ગયા છે, કહે છે કે એ તો અચેત ચીજ છે. અચેતમાં સૂતા એ રાત્રિમાં સૂતા અંધકારમાં સૂઈ ગયા છે. સમજાણું કાંઈ? ઘોર નિદ્રા લે છે. આહા..હા..!

જાગતો ચૈતન્ય ભગવાન જ્ઞાનની જ્યોત અંદર કેવળજ્ઞાન... કેવળજ્ઞાન.... કેવળજ્ઞાન... અને કેવળદર્શન ભર્યું છે. એવા ભગવાનને ન જગાડ્યો (અને) એનાથી વિરુદ્ધ વિકલ્પની જાળમાં અચેત થઈને સૂઈ ગયો છે. આહા..! બીજી રીત કહી. સમજાણું કાંઈ? અંધકારમાં મોજ માણે છે. ભગવાન જાગતી જ્યોતની નજર કરતો નથી. એ સ્વસંવેદન જ્ઞાનરૂપી રત્ન એના પ્રકાશથી વિકલ્પ-જાલરૂપ અંધકારકો દૂર કર. ભગવાન આત્મા ચૈતન્ય દીવો જળહળ જ્યોત વીતરાગી સ્વસંવેદનસ્વરૂપ છે. એનું ધર્માત્મા ભાન દ્વારા-એ વીતરાગી સ્વસંવેદનરૂપી રત્ન દ્વારા. એ રત્નદીપના પ્રકાશ દ્વારા. લ્યો આ પ્રકાશ. જેણે મિથ્યાત્વ અને રાગાદિ અંધકારને દૂર કર્યો. જુઓ આ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ દૂર પણ કેમ થાય એ વિધિ પણ સાથે બતાવી. ભગવાન આત્મા અનાકુળ આનંદ, જ્ઞાનની મૂર્તિ પ્રભુ એની અંતરમાં એકાકાર દશા વીતરાગી વિજ્ઞાન થયું એવા રત્નદીપના પ્રકાશ વડે જેણે મિથ્યાત્વ અને રાગને દૂર કર્યા છે. સમજાય છે? **'सावधान होनेसे सदा जागता है.'** એ જાગતો છે અને ઓલો સૂતો છે. સમજાણું કાંઈ? વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૨, મંગળવાર, તા. ૧૮-૦૧-૧૯૬૬**
**ગાથા-૪૬-૪૭, પ્રવચન-૧૦૧**

ફરીને લ્યો! ભાવાર્થ :- '**જો જીવ વીતરાગ પરમાનંદરૂપ સહજ શુદ્ધાત્માકી અવસ્થાસે રહિત હૈં,...**' જે જીવ-આત્મા રાગરહિત, વિકારરહિત એવો પરમાનંદ આત્માનો સ્વભાવ એનું સહજ શુદ્ધાત્મ એની અવસ્થાથી રહિત છે, એવી દશાનું જેને ભાન નથી. એ '**મિથ્યાત્વ રાગાદિ અંધકાર સે મંડિત હૈં,...**' એ પુણ્ય-પાપના ભાવના અંધકારમાં પડ્યા છે. અંધકારમાં પડ્યા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુભાશુભરાગ રહિત પરમાનંદની મૂર્તિ એમાં જે જાગતા નથી એ મિથ્યાત્વ રાગાદિમાં અંધકારમાં સૂતા છે. એમાં મંડિત છે એટલે એમાં જાગે છે એમ. '**ઈસલિયે ઈન સબોંકો વહ પરમાનંદ અવસ્થા રાત્રિકે સમાન માલૂમ હોતી હૈ.**' છેને? એ રાગ-દ્વેષ અને વિકાર જ એને અંજવાળુ લાગે છે એટલે એ ઠીક લાગે છે એમ. ઓહો..હો..! શુભ-અશુભભાવ જે અંધકાર છે. કહો, સમજાણું? જાગ્રત તો જ્ઞાનમૂર્તિ ચૈતન્ય એ પુણ્ય-પાપના રાગ રહિત જાગતી જ્યોત ચૈતન્યસ્વરૂપ છે. એના ભાન રહિત છે એ તો પુણ્ય-પાપ ને ભ્રમણામાં પોતે જાગતા છે. એને એ રાત્રિ સમાન અવસ્થામાં આત્મસ્વભાવ રાત્રિ સમાન દેખાય છે અંધકાર. અને વિકાર તેને જાગતી જ્યોત દેખે છે એટલે એમાં જ એ પડ્યો છે. બહુ ટૂંકી વાત ને બે વાત.

'**કૈસે યે જગતકે જીવ હૈં, કિ આત્મ-જ્ઞાનસે રહિત હૈં,...**' આત્મા પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો, એકલો ચૈતન્યબ્રહ્મ આનંદકંદ એનું જેને જ્ઞાન નથી એ '**અજ્ઞાની હૈં, ઔર અપને સ્વરૂપસે વિમુખ હૈં,...**' પુણ્ય-પાપના વિકલ્પ અને ભ્રાન્તિમાં પડ્યા, ચૈતન્ય અને આનંદનું એને અજવાળું ન લાગતા એને અંધકાર લાગે છે અને વિકારભાવ જ એને સર્વસ્વ લાગે છે. કહો, સમજાણું આમાં? એક કોર રામ અને એક કોર ગામ. '**જિનકે જાગ્રત-દશા નહીં હૈં,...**' ભગવાન આત્મા જ્ઞાતા દૃષ્ટા અને આનંદ સ્વરૂપ છે એવું જેને જાગ્રતપણું નથી એ પુણ્ય-પાપના ભાવમાં '**અચેત સો રહે હૈં,...**' પોતાનું સચેતપણું છોડીને (વિભાવમાં સૂઈ રહ્યા છે). સમજાણું કાંઈ? જ્ઞાન અને આનંદ સ્વરૂપ સચેત સ્વરૂપને છોડી દઈ અને શુભ, અશુભ રાગ અને ભ્રાન્તિ જે અચેત છે એમાં સો રહા છે. કહો, સમજાણું કે નહિ આમાં? અચેતમાં સૂતા છે, સચેતનું ભાન નથી અને અંધારું લાગે છે ત્યાં.

**'ઐસી રાત્રિ મેં વહ પરમયોગી વીતરાગ...'** એવા અંધકારના કાળમાં અજ્ઞાની જે પડ્યા છે એમાંથી જ્ઞાની ખસી ગયા છે. **'પરમયોગી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપી રત્નદીપકે પ્રકાશસે...'** હું એક રાગ રહિત ચૈતન્ય જ્ઞાનાનંદ, જ્ઞાન ચૈતન્ય સ્વભાવનું, **'સ્વસંવેદન જ્ઞાનરૂપી રત્નદીપકે પ્રકાશસે મિથ્યાત્વ રાગાદિ વિકલ્પ-જાલરૂપ અંધકારકો દૂરકર અપને સ્વરૂપમેં સાવધાન હોનેસે સદા જાગતા હૈ.'** કહો, સમજાણું કાંઈ? એનો ખુલાસો વિશેષ કરે છે. ત્યાં સામાન્ય વાત છેને એટલે વળી ઓલો શુભ-અશુભ શું હશે? એટલે વિશેષ ખુલાસો કરે છે. **'તથા શુદ્ધાત્માકે જ્ઞાનસે રહિત...'** ઓહો..! આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોત પરમાનંદની મૂર્તિ એનું જ્યાં જ્ઞાન અને ભાન નથી એને **'શુભ, અશુભ, મન, વચન, કાયકે પરિણમનરૂપ વ્યાપારવાલે જીવો...'** આખું જગત. ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસના હો, ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પ હો.

મુમુક્ષુ :-

ઉત્તર :- એથી કહ્યુંને પહેલામાં સમુચ્ચય રાખ્યું હતું, અહીં ખુલ્લું કર્યું હવે. ઓલું સમુચ્ચય કહ્યું હતું, એનું ખુલ્લું કરી નાખ્યું. પાઠમાં જ છેને **'शुभाशुभमनोवाक्कायपरिणामव्यापारे'** પહેલા સામાન્ય વાત કરી હતી કે જે જીવ વીતરાગી શાંતરસ આત્મા તેનું જાગ્રતપણું નથી એને અંધકાર લાગે છે, રાત્રિ સમાન લાગે છે અને વિકાર છે તેને એ જાગતી જ્યોત એને એમાં એ ઠીક લાગે છે. સમજાણું કાંઈ? સામાન્ય વાત કરી હતી. એટલે અહીં વિશેષ સ્પષ્ટ કર્યું. એક કોર જ્ઞાન ચૈતન્યમૂર્તિ એની જાગ્રત શ્રદ્ધા અને જાગ્રત જ્ઞાન અને જાગ્રત રાગરહિત સ્થિરતા, એના ભાન વિના શુભ, અશુભના રાગમાં... છેને? પરિણમનરૂપ વ્યાપારવાળા એકેન્દ્રિયથી માંડીને, સ્થાવરથી માંડીને. પાઠમાં જગત છે સામાન્ય. પછી ખુલાસો કર્યો છે **'पराङ्मुखः सन् जगज्जागर्ति'** આખું એમ. જગતની પછી વ્યાખ્યા કરી. જગતમાં સ્થાવર-જંગમ સકલ અજ્ઞાની. એકેન્દ્રિયથી માંડીને જેટલા પંચેન્દ્રિય નવમી ગ્રૈવેયક મિથ્યાદૃષ્ટિ આદિ જાય કે મિથ્યાદૃષ્ટિ હોય, એને આ આત્મા જ્ઞાનાનંદ ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ વીતરાગી સ્વરૂપ છે એનું એને ભાન નથી એથી પુણ્ય અને પાપમાં જ પોતે અંદર એકાકાર પરિણમીને અજ્ઞાની, **'પરમાત્મતત્ત્વકી ભાવનાસે પરાન્મુખ હુએ...'** દેખો! શુભ અને અશુભભાવ એની લીનતામાં એકાકાર થયા અનાદિના સ્થાવર અને જંગમ જીવ એ આત્મા જ્ઞાનાનંદ છે એની ભાવનાથી રહિત થયા છે. કહો, બરાબર છે? શું કીધું?

એક કોર ચિદાનંદ આત્મા પૂર્ણાનંદ અનંત ગુણનો પિંડ પવિત્ર અને એક કોર પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને બધું. જે પુણ્ય-પાપના રાગમાં એકાકાર પરિણમીને રહ્યા છે એને આત્મતત્ત્વના જ્ઞાનની ભાન દશા નથી. એ આત્મતત્ત્વથી **'પરાન્મુખ હુએ વિષય-કષાયરૂપ**

**અવિદ્યામેં સદા સાવધાન હૈં,...**' વળી અવિદ્યા. ભગવાન ચિદાનંદમૂર્તિ જ્ઞાનકંદ, આનંદકંદ સદા વિદ્યમાન વસ્તુ, વિદ્યાવાળી વસ્તુ છે. એનાથી વિરુદ્ધ પુણ્ય-પાપના વિકલ્પમાં લીન થયા એ સદા અવિદ્યામાં સૂતા છે. સમજાય છે? એ અવિદ્યામાં સાવધાન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અવિદ્યા પણ વિદ્યા છે.

ઉત્તર :- હા, અવિદ્યા પણ એક ભાવ છે, ભાવ છે એમ કીધું. ભગવાન જ્ઞાનમૂર્તિ વસ્તુ એનું જ્ઞાન, દર્શન અને સ્થિરતા એ યથાર્થ વિદ્યા છે, એ એની વસ્તુ સ્થિતિ છે. એનાથી વિપરીત પુણ્ય અને પાપના વિષય કષાયના ભાવ એમાં સાવધાન છે એ અજ્ઞાનમાં સાવધાન કહો, અવિદ્યામાં સાવધાન કહો, અચેતમાં સાવધાન કહો, અંધકારમાં સાવધાન કહો. આહા..હા..!

એક કોર પ્રભુ છે અનંત ગુણનો પિંડ પવિત્ર શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એક બાજુ શુભ વિકલ્પથી માંડીને શરીર, વાણી, કર્મ બધું આ. જે પોતાનો શુદ્ધ સ્વભાવ એની દૃષ્ટિ અને જ્ઞાનની ભાવના નથી, એનાથી રહિત છે એ પુણ્ય-પાપ શુભાશુભ અવિદ્યામાં સહિત અને એમાં પડ્યા છે, એમાં જાગ્રત છે, એમાં સાવધાન છે. ઓહો..હો..! સમજાણું? '**ઉસ અવસ્થામેં વિભાવપર્યાયકે સ્મરણ કરનેવાલે...**' જે અજ્ઞાની છે, (ત્યાં) '**મહામુનિ સાવધાન (જાગતે) નહીં રહતે.**' એમ લેવું છે. એમાં મહામુનિ સાવધાન થતાં નથી. એ પુણ્ય-પાપના વિકલ્પમાં મહામુનિ સાવધાન થતાં નથી, સાવધાન સ્વરૂપમાં છે. ઓહો..હો..! જેટલે અંશે આત્મા શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા થઈ એટલું આત્માનું સાધન છે. જ્યાં એને છોડીને પુણ્ય અને પાપના વિકલ્પમાં, રાગમાં એકાકાર થયો એ અચેતમાં, અંધકારમાં, અવિદ્યામાં જાગે છે. ચૈતન્યમાં સૂતો છે અને અવિદ્યામાં જાગે છે. સમજાણું? જ્ઞાની અજ્ઞાનમાં સૂતો છે, સૂઈ ગયો છે ત્યાંથી, શુદ્ધ સ્વભાવમાં જાગે છે. એ આવે છે, કીધુંને 'ગીતા'માં એવું આવે છેને? પણ એ બધું સમજવા જેવું. આ તો આ વાત છે, આમ પર્યાયની વાત કરે છે. ત્યાં પર્યાય-ફર્યાયની ક્યાં વ્યાખ્યા છે?

અહીં તો કહે છે કે, વસ્તુ છે પરમાત્મતત્ત્વ એની ભાવના. જુઓ! એમ મૂક્યું છેને? એ વસ્તુ છે અનંત ગુણનો પિંડ એની જે એકાગ્રતા એ પર્યાય છે. એનાથી જે પરાન્મુખ છે. એનાથી પરાન્મુખ છે એટલે વિષય-કષાય અને પરલક્ષી ભાવમાં તત્પર છે. પર્યાય વિકારીમાં તત્પર છે, ઓલો અવિકારીમાં એકાકાર સ્વભાવમાં છે. સમજાણું કાંઈ? એ બધે ઓઘે ઓઘે ભાષા છે, તત્ત્વની વાત છે નહિ. ઘણા એમ લગાવી દે કે આપણે જો આમાં આ છે ને એમાં એ છે, એમાં એ છે ને આમાં આ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આખી વાતમાં જ વાંધો એકે એકમાં.

એક વસ્તુ અખંડ જ્ઞાયકમૂર્તિ એક જ દ્રવ્ય પદાર્થ પોતે સ્વતંત્ર આખો છે. એની એકાગ્રતા તે આત્માની જાગૃતિ, એ પર્યાય છે અને રાગ-દ્વેષમાં એકાગ્રતા એ અંધકાર રાત્રિ અચેત અને અવિદ્યા છે. પણ એ પર્યાય છે. અવિદ્યા એ મફતનું કાંઈ કોઈ ચીજ નથી એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? માયા-બાયા કાંઈ વસ્તુ નથી એમ નહિ, છે અચેતન અંદર અવિદ્યામાં થંભી ગયો છે ઈ. સમજાણું કાંઈ?

'**ઈસલિયે સંસારકી દશાસે સોતે હુએ માલૂમ પડતે હૈં.**' લ્યો! માટે ધર્મી જીવ સંસારની દશાથી સૂઈ ગયા છે. આત્માની શ્રદ્ધા, જ્ઞાનમાં, શાંતિમાં જાગે છે. '**જિનકો આત્મસ્વભાવકે સિવાય વિષય-કષાયરૂપ પ્રપંચ માલૂમ ભી નહીં હૈ.**' ધ્યાનમાં છેને? વિષય-કષાયના પ્રપંચ માલૂમ પણ નથી કે વિષય કષાય કેવા છે અને શું છે. પર વિષય નથી એટલે કાંઈ નથી એમ. '**ઉસ પ્રપંચકો રાત્રિકે સમાન જાનકર ઉસમેં યાદ નહીં રખતે,...**' એ અંધકાર સમાન જાણીને ધર્માત્મા એને સંઘરતો નથી, યાદ નથી રાખતો પુણ્ય-પાપના વિકલ્પને, એ બધા અંધકાર સમાન છે. '**મન, વચન, કાયકી તીન ગુપ્તિમેં અચલ હુએ વીતરાગ નિર્વિકલ્પ પરમ સમાધિરૂપ યોગ-નિદ્રામેં મગન હો રહે હૈં.**' યોગનિદ્રામાં. ભગવાન આત્મા વીતરાગ સ્વભાવનું સમતારસનું તત્ત્વ એની અંદર જોડાણ કરીને એકાકાર થઈ, વીતરાગી નિર્વિકલ્પ પરમ શાંતિરૂપ યોગનિદ્રામાં મગન રહ્યા છે. એ પરમ શાંત... આ સમભાવની વ્યાખ્યા ચાલે છેને આ બધી, ઉપશમરસની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? સામ્યભાવ કહો, ઉપશમભાવ કહો, શુદ્ધ ઉપયોગ કહો, સમભાવ કહો, સ્વચ્છતા કહો, સ્વસ્થ કહો—બધું એક છે. પોતાનું શુદ્ધ ચૈતન્યતત્ત્વ એમાં જે સ્વ-સ્થ, એમાં જે ટક્યો છે એ આત્મામાં જાગે છે અને વિકારમાં જે જાગે છે, ઈ આત્મામાં સૂતો છે. કહો, આ જાગતો કામ કરેને બધા, કામ સંસારના અને પુણ્ય-પાપના. તો કહે છે કે એમાં જાગતો, અહીં આત્મામાં સૂતો છે, સૂઈ ગયો છે.

'**સારાંશ યહ હૈ, કિ ધ્યાની મુનિયોંકો આત્મસ્વરૂપ હી ગમ્ય હૈ,...**' જુઓ! અંદર આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપની જ જ્ઞાનીને ગમ્ય છે, વિકલ્પની ગમ્ય નથી. '**ઔર જગતકે પ્રપંચી મિથ્યાદૃષ્ટિ જીવ, ઉનકો આત્મસ્વરૂપકી ગમ્ય (ખબર) નહીં હૈ,...**' એને આત્મસ્વભાવનું ગમ્ય નથી કે આત્મા કોણ છે, અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ કોણ છે એની ગમ્ય નથી. જ્ઞાનીને પ્રપંચની ગમ્ય નથી, આને આત્માની ગમ્ય નથી. કહો, સમજાણું આમાં? '**અનેક પ્રપંચોંમેં (ઝગડોંમેં) લગે હુએ હૈં**' અજ્ઞાની. ઝઘડા, વિકલ્પની જાળના ઝઘડા.

એ હોં! ઝઘડા પણ પરમાં કાંઈ લાગ્યો નથી. કહો, આ સંસારના હોશિયાર શેમાં લાગુ પડ્યા છે? મોહનભાઈ! આત્માથી ઊંઘે છે અને અહીં જાગતા છે આમાં. આહા..! હુશિયારી કરીને આમ બધા વિકલ્પોની જાળો કરીને એય મઝા માણે છે અંદર.

મુમુક્ષુ :- .. દોડાદોડ કરે છેને...

ઉત્તર :- દોડાદોડ કરતા નથી. એ તો ક્રિયા કરે છે. અંદર ભાવમાં છે દોડાદોડ. શરીર ચાલે દોડાદોડ એ તો જડની ક્રિયા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જાગતા છે. શેમાં? વિકારમાં. અહીં ઊંઘતા છે આમાંથી. આહા..હા..!

'**અનેક પ્રપંચોંમેં** લગે હુએ હૈં.' આહા..હા..! આ કરો ને આ કરો ને દયા પાળો ને ભક્તિ કરો ને પૂજા કરો ને વ્રત કરો ને વિકલ્પ એકલા હોં! હિંસા કરું ને જૂઠું કરું ને રળી દઉં ને લાવી દઉં ને રાખી દઉં ને સાચવી દઉં ને યાદ કરી દઉં ને છોકરાને પરણાવી દઉં. કહો, એકલા વિકલ્પની જાળમાં ગૂંથાઈ ગયા છે કહે છે. એ ઝઘડામાં લાગુ પડ્યા છે. વિકારની લાગણી શુભ-અશુભ બેય ઝઘડો છે, બેય હોં! કહો, મગનલાલજી!

મુમુક્ષુ :- કોની સાથે? ઝઘડો કોની સાથે કર્યો?

ઉત્તર :- એ આત્મા સાથે ઝઘડો કર્યો. વિરોધ કરીને વિરોધ ભાવ (કર્યો). કોનો ઝઘડો શું? આહા..હા..!

'**પ્રપંચકી સાવધાની રખનેકો ભૂલ જાના વહી પરમાર્થ હૈ,...**' એ શુભાશુભ રાગની વિકલ્પની જાળને ભૂલી જાવું એનું નામ પરમાર્થ છે. આહા..હા..! '**તથા બાહ્ય વિષયોંમેં જાગ્રત હોના હી ભૂલ હૈ.**' લ્યો! ઠીક! બાહ્ય આમ લક્ષ કરીને વિકલ્પમાં જાગ્રત રહેવું એ જ મોટી ભૂલ છે. આહા..! કેવી શૈલી કરી જુઓને! બહિર્મુખના વિકલ્પોમાં જાગ્રત રહેવું એ મહાન ભૂલ છે. અંતર્મુખના વિષયમાં જાગ્રત રહેવું એ પરમાર્થ છે. આહા..હા..! બે જ વાત.

મુમુક્ષુ :- પહેલું શું કરવું?

ઉત્તર :- પહેલું આ કરવું—શુદ્ધસ્વરૂપ જ્ઞાનાનંદસ્વરૂપની દૃષ્ટિ કરીને એમાં ઠરવું ઈ. એ તો પછી કથન આવ્યું, પહેલા આવ્યું હતુંને? કાલ નહોતું આવ્યું? પહેલું આવ્યું હતું. પહેલું આ કરીને પછી આ (કરવું). નહોતું આવ્યું? '**पूर्वं ज्ञात्वा तद्विलक्षणं परद्रव्यं च निश्चित्य पश्चात्**' '**समस्त मिथ्यात्वरागादिविकल्पत्यागेन**' એ આવ્યું હતું, ૪૩માં આવ્યું હતું, ૪૩ ગાથામાં આવ્યું હતું. એ તો ક્રમ સમજાવવાની રીત છે. પહેલા સ્વ-પરની ચિંતા જાણીને સ્વમાં ઠરવું અને પરને છોડવું. એ તો સ્વમાં ઠર્યો, પર છૂટી ગયું. ઉપદેશની પદ્ધતિ કેવી

હોય એને? ૪૩માં આવ્યો પાઠ.

**'આગે જો જ્ઞાની પુરુષ હૈં,...'** ૪૭. **'વે પરમવીતરાગરૂપ સમભાવકો છોડકર શરીરાદિ પરદ્રવ્યમેં રાગ નહીં કરતે, ઐસા દિખલાતે હૈં—'**

१७४) णाणि मुएप्पिणु भाउ समु कित्थु वि जाइ ण राउ।
जेण लहेसइ णाणमउ तेण जि अप्प-सहाउ।।४७।।

**'નિજપરકે ભેદકા જાનનેવાલા જ્ઞાની મુનિ...'** જ્ઞાનસ્વરૂપ આત્મા વસ્તુ છે આખી. નિર્વિકલ્પ વસ્તુ પરમાત્મા સ્વરૂપ આખું મારું છે અને રાગાદિ વિકલ્પ ઉઠે છે તે પર છે. શરીર, વાણી તો ક્યાંય બાહ્ય રહી ગયા. **'નિજપરકે ભેદકા જાનનેવાલા જ્ઞાની મુનિ સમભાવકો છોડકર...'** એકલી ઉત્કૃષ્ટ વાત છેને અહીં તો વીતરાગ ચારિત્રસહિતની. શાંતરસને છોડીને **'કિસી પદાર્થ મેં રાગ નહીં કરતા,...'** દેવ-ગુરુ-શાસ્ત્રમાં રાગ કરવો કે દ્વેષ કરવો પરપદાર્થમાં એ કાંઈ રહેતું નથી. એકલો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ એની દૃષ્ટિ કરીને ઠરે છે. એકલો સમભાવ જ્ઞાતા દૃષ્ટાનો વર્તે છે. કોઈ આ દ્રવ્ય ઠીક-અઠીક જેના જ્ઞાનમાં નથી. જ્ઞાન શ્રદ્ધામાં તો નથી, પણ અસ્થિરતા પણ નથી એની હવે. એવા સમભાવને છોડીને કોઈ પદાર્થમાં રાગ નથી કરતો, પ્રેમ કરતો નથી, પરની સાથે સંબંધ કરતો નથી.

**'ઈસી કારણ જ્ઞાનમયી નિર્વાણપદ પાવેગા,...'** પ્રાપ્તિ, જ્ઞાનમયી સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. **'ઔર ઉસી સમભાવસે કેવલજ્ઞાન પૂર્ણ હો જાતા હૈ...'** એ જ જ્ઞાનથી **'કેવળજ્ઞાન પૂર્ણ આત્મસ્વભાવકો આગે પાવેગા.'** પૂર્ણ થશે. વર્તમાન પણ સમભાવથી જ્ઞાનસ્વરૂપને પામે છે અને એ સમભાવથી પૂર્ણ કેવળજ્ઞાનને પામશે. શું કીધું? વર્તમાન પણ આત્માના અંતર્મુખના સમ્યગ્જ્ઞાન, દર્શન અને શાંતિ દ્વારા, સમભાવ દ્વારા, વિષમ વિકલ્પ દ્વારા નહિ, વર્તમાન પણ એ રાગ પુણ્ય-પાપથી રહિત પોતાની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ દ્વારા આત્માને પામે છે, ભવિષ્યમાં પણ એ સમભાવ દ્વારા કેવળજ્ઞાનની પૂર્ણતાને પામે છે.

આ વીતરાગ માર્ગ. વીતરાગભાવથી ઊભો થાય છે આત્મા, વીતરાગભાવથી પ્રાપ્ત કરે છે કેવળજ્ઞાન એમ કહે છે. સમજાણું કાંઈ? રાગાદિ શુભથી નથી પ્રાપ્ત થતો આત્મા અને શુભ રાગથી નથી પ્રાપ્ત થતું કેવળજ્ઞાન એમ કહે છે. સમજાણું એમાં? બહુ કહે છે મોટી વાત આત્માની... વ્યવહાર હોય એને નિશ્ચયનો ઉદ્યમ કરવાની જરૂર નથી. વળી એમ કેટલાક લખે છે. વ્યવહાર પ્રાપ્ત થઈ ગયો એને પછી નિશ્ચયનો ઉદ્યમ જુદો કરવાની જરૂર નથી. પણ વ્યવહાર એકલો નિશ્ચય વિના હોય નહિ. એવું લખે છે કેટલાક. સમજાણું કાંઈ?

આખી ચૈતન્ય વસ્તુ છે પરમ આનંદનો કંદ વસ્તુ દળ, ચૈતન્યદળ, શાંતદળ, આનંદદળ, એકલું દળ. એક સમયમાત્રનો એમાં વિકાર છે. એ સિવાયનો આખો વીતરાગી કંદ પિંડ

પ્રભુ છે. એવી આત્માની દૃષ્ટિમાં, અંતર જ્ઞાનમાં સમભાવ કરી અને આત્માને પ્રાપ્ત કરે છે અને એ સમભાવ દ્વારા જ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું આમાં? સાંભળવાથી અને સાંભળવાના લક્ષના વિકલ્પથી નથી પ્રાપ્ત થતો આત્મા અને નથી થાતું કેવળજ્ઞાન એમ કહે છે. આહા..હા..! કહો, સમજાણું આમાં?

કહે છે કે ભગવાન આત્મા પરનો વિકલ્પ અને લક્ષ છોડીને સ્વના લક્ષની શ્રદ્ધા, જ્ઞાન અને સમભાવ દ્વારા પોતાને પ્રાપ્ત કરે છે. એ જ ભાવથી તેની પરિપૂર્ણતાની પ્રાપ્તિ તેને થાય છે. કહો, આમાં બીજો કોઈ અપવાદ છે જ નહિ. આહા..હા..! આ વ્યવહારવાળાને બહુ વાંધા આવે હોં. ઓલો કહે વ્યવહાર અનાવશ્યક જેવું થાય છે. ઘણું બિચારા લખે છે હોં. પહેલા લખ્યું છે.. તમારે ક્યાં વખત નહિને વાંચવાનો. સમજાણું કાંઈ? લખ્યું છે કૈલાસચંદજીએ કે એક તો એમના ઉપદેશમાં ઓલો હીન ઉપમા આપી દીધી છે પુણ્યને. ભાઈ! અમારે અહીં કાંઈ ગુપ્ત નથી કાંઈ. આમાં ઉતરે છેને (એમ) પ્રેમચંદભાઈ કહે. હીણી ઉપમા આપી છે બહુ પુણ્યને અને બીજું વ્યવહારના ઉપદેશની અનાવશ્યકતા હોય એવી વાત આવે છે અને જાણે કે વ્યવહાર વિના એકલા નિશ્ચયથી નિર્જરા થાતી હોય એવી વાત આવે છે. વાત બરાબર એની .. હોં.

વિકલ્પ વ્યવહાર વચ્ચે આવે એ તો વાત ૨૦૧૩ની સાલમાં બહુ વિસ્તારથી થઈ ઈંદોરમાં. ત્યારે શેઠે કહ્યું હતું. રાજકુમારસિંહ. વ્યવહાર વચ્ચે આવે છે એની વાત મહારાજ (ક્યાં નથી કરતા)? એમ કરીને એણે પણ કહ્યું હતું. એ બધા પણ ઘડીક ક્ષણભંગુરમાં ... આત્મા અંતરમાં નિશ્ચયના આશ્રયે પડ્યો છે જ્યાં એને સ્થિરતા ન હોય તો વ્યવહાર હોય, પણ એ કરવો છે ને કરવા જેવા છે ને એનાથી લાભ એ વસ્તુમાં ક્યાં છે? સમજાય છે? એ તો આવી જાય છે. આહા..હા..! ચૈતન્ય મહાસાગર ભગવાન જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ જેમાં વિકલ્પની ગંધનો અંશ નથી, સંસારનો અંશ જેમાં નથી. ઉદયભાવ એ સંસાર છે એ તો રાગ છે. એવા સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા એક જ આત્માની પ્રાપ્તિનો અને મુક્તિનો પ્રાપ્તિનો ઉપાય છે. વચ્ચે વ્યવહાર આવે. એ તો ઘણીવાર તો એ પણ નથી કહેવાતું? કે ભાઈ આ હોય છે... આ હોય છે.. એ હોય છે એમ નહિ. આવશ્યક છે, કરવા જેવું છે. પણ આ કરે છે જુઓને આ કેટલું! આ ૩૦ વર્ષમાં તો કરોડો રૂપિયા તો ખર્ચ્યા હશે લોકોએ બિચારા. મંદિરો, પુસ્તકો, કલ્યાણકો ફલાણા બધું કેટલું નહિ. મોહનભાઈ! મોહનભાઈએ ત્યાં ગામમાં કર્યું નથી? મંદિર કર્યું, પંચકલ્યાણ કર્યું હતું. પંચકલ્યાણક નહોતું ત્યાં. વેદી પ્રતિષ્ઠા. પંચકલ્યાણક હતું. હા. વાંકાનેર, મોરબી ને પારબંદર. ત્રણે સાચી વાત છે. ૨૦૧૦ની સાલ. સમજાણું કાંઈ? શુભભાવ હોય છે કે નહિ? નહોતો એ શુભભાવ વિના થયું છે?

મુમુક્ષુ :- આપ કહો છો શુભભાવ વિના જ થાય.

ઉત્તર :- ઈ શુભભાવ વિના થયું, પણ અહીં ભાવ હતો કે નહિ આને? અહીં ભાવ હતો કે નહિ એનો શુભભાવ? એ શુભભાવ નહોતો અને થયો છે ભાવ? શુભભાવ નહોતો ને ભાવ થયો છે? બહાર ક્રિયાની ક્યાં વાત છે? સમજાણું કાંઈ? અરે..! પણ આકરું પડે માણસને. એય..! ફૂલચંદભાઈ! રાડ નાખી જાય છે. એક કોર કહે એની શૈલી જોતા તો આપણને આમ થઈ જાય. વળી એક કોર આમ થઈ જાય છે.

અહીં તો આચાર્ય મહારાજ કહે છે, ભાઈ! તારો ભગવાન એવો છે અંદર એકલો વીતરાગી પિંડ ચિદાનંદ સ્વરૂપ છે. એની સંભાળ લેતા, તેની સંભાળમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ થતાં એનાથી જ આત્માની પ્રાપ્તિ થાય છે. એ સિવાય ત્રણ કાળમાં કોઈ રીતે આત્માની પ્રાપ્તિ થતી નથી. એ વિકલ્પ જેટલો વ્યવહાર એનાથી આત્માની પ્રાપ્તિ નથી. એ તો બંધનું કારણ છે. અબંધસ્વભાવી બંધના કારણે પ્રાપ્ત થાય? જુઓને અહીં તો બેય લીધું.

**૧૭૪) णाणि मुएप्पिणु भाउ समु कित्थु वि जाइ ण राउ।**
**जेण लहेसइ णाणमउ तेण जि अप्प-सहाउ।।४७।।**

ભગવાન આત્મા એની હજી શ્રદ્ધામાં પણ જોર આવે નહિ, એ સ્વભાવમાં વળે શી રીતે? પછી જોર આપે રાગમાં. પુણ્યનો રાગ આવે એનાથી લાભ થાય, એનાથી લાભ થાય. જોર આપે ત્યાં, વીર્ય તો ત્યાં પડ્યું છે શ્રદ્ધાનું. સમજાણું કાંઈ? 'આ નહિ' એવો જ્યાં વીર્ય કામ ન કરે ત્યાં સુધી સ્વભાવદૃષ્ટિ કરશે શી રીતે? સમજાણું કાંઈ? શું ત્યારે આવે? આમ ચૈતન્યસ્વભાવ ઓહો..હો..! એકલો જ્ઞાનસ્વરૂપી પ્રભુ આત્મા બિરાજે છે, સર્વજ્ઞસ્વરૂપી આત્મા, સર્વદર્શી આત્મા, પૂર્ણાનંદી આત્મા, પૂર્ણ વીર્યનો પિંડ આત્મા. એમાં પુણ્ય-પાપ, દયા-દાન એ જેના ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ એના સ્વરૂપમાં છે જ ક્યાં? આહા..હા..! એવા સ્વરૂપની અંતર દૃષ્ટિ, જ્ઞાન ને સમભાવથી જ તેની પ્રાપ્તિ થાય છે. કેમકે '**णाणमउ लहे**' એમ કીધુંને? '**जेण लहेसइ णाणमउ**' જ્ઞાનમય પ્રાપ્ત થવું છે તો સમભાવથી પ્રાપ્ત થાય કે વિકલ્પથી પ્રાપ્ત થાય? સમજાણું કાંઈ? સમજાણું? એનાથી આત્મસ્વભાવની પ્રાપ્તિ થાય. ઉપલબ્ધ કહે છેને, મોક્ષ એટલે આત્મા ઉપલબ્ધ.

ભગવાન આત્મા અરે..! એનું બહુમાન જ ન કરે અને રાગનું બહુમાન કરે ત્યાં સુધી એને પ્રાપ્તિ આત્માની શી રીતે થશે? આ તો ભાઈ! જેને જન્મ-મરણ ટાળવા હોય એની વાત છે. લાલાપેઠા કરીને જેને આમ પણ રાજી થાવું છે અને આમ પણ રાજી થવું છે એવી આ ચીજ નથી. સમજાણું? કાં દુનિયાને રાજી કરવા છે અને કાં દુનિયાથી રાજી થવું છે. આ માર્ગ બીજો છે ભાઈ! આહા..હા..! આખો અંધેર પછેડો બહારથી કરીને અંદરમાં

જાય ત્યારે એ આત્મા પ્રાપ્ત થાય એવું છે. કેમકે એ તો જ્ઞાનમય છે. એ તો ચૈતન્યનો પિંડ એકલો છે. બહારનો કોઈ પણ એક વિકલ્પમાત્ર, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પમાત્ર પણ જેના ઉપર જો જોર દીધું, ઓલો નહિ પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ? તું તને નહિ મળી શક એમ કહે છે.

કેવળજ્ઞાન આહા..હા..! કેવળજ્ઞાન વ્યવસ્થિત જ્ઞાન થઈ ગયું. કેવળજ્ઞાનમાં વ્યવસ્થિત બધું જણાઈ ગયું. છેલ્લે સ્વભાવ કીધોને સમભાવની પ્રાપ્તિ થશે સ્વભાવ. સ્વભાવ એકલો કેવળજ્ઞાન છે. અહીં જ્ઞાનમય છે એટલે એમાં એકાગ્ર થતા સમભાવથી કેવળજ્ઞાન વ્યવસ્થિત પૂર્ણ થઈ ગયું. બધી પર્યાયો વ્યવસ્થિત થાય છે એ જ્ઞાનમાં છે. હવે નથી ફેરવવું, નથી કરવું, નથી રાગ ફેરવવો કે આ કરવું કે આ કરવું કાંઈ છે નહિ. એવું જ સ્વરૂપ ચૈતન્ય દ્રવ્યનું છે.

બે શબ્દ વાપર્યા છેને '**जेण लहेसइ णाणमउ तेण जि अप्प-सहाउ**' '**तेन एव आत्मस्वभावम्**' એમ છેને? ભગવાન! એ સ્વભાવ જ એવો છે, ભાઈ! પણ એને હજી કાંઈક કરવું છે, ફેરવવું છે, આ કરવું છે ને આ કરવું છે. ચૈતન્યસૂર્ય પ્રભુ એકલો ચૈતન્યનો બિંબ ભગવાન આત્મા એ તો એની જાતના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સમભાવી કણથી તે પ્રાપ્ત થાય છે. રાગાદિનો વિકલ્પ તો વિષમ કણ છે. હો, વચ્ચે તો હોય, પણ રાજી શેનો તું થા છો? એમ કહે છે. ઓલા કહે કે એ કહો તો રાજી થાય. લ્યો ઠીક ભાઈ! તો ઝઘડો નીકળી જાય એમ લખ્યુંને? આટલું જો કહે તો ઝઘડો નીકળી જાય. અને હીન ઉપમા જરી ફેરવી નાખે તો ઝઘડો મટી જાય. એય..! પંડિતજી! .. આ બધા માગે છે બિચારા એવું. ખળભળાટ બહુ થયો છે. આહા..હા..! શું કીધું?

આહા..હા..! અરે..! પ્રભુ! ભાઈ! આ તો માર્ગની વાત છે બાપા! આ કાંઈ કોઈ આ કોઈ કાંઈ વાણિયાની રીત નથી. કે ભાઈ! પાંચ હજાર માગીએ છીએ પાંચ હજાર રૂપિયા. ઓલો વાણિયો માગતો હોયને કણબી પાસે? તો વાણીયો કહે કે પણ પાંચ હજારમાં એક પાય ઓછી લેવી નથી. વાણિયો સમજે ખરો કે આ બે હજારથી (વધારે) આ દે એવો નથી. કારણ કે એની પાસે કાંઈ નથી. ઓલો જાણે કે પણ આ બે હજાર સિવાય છોડે એવું નથી. ઓલો કહે પણ એક પાંચસો ઉપર પાઈ પણ મારી પાસે નથી. આ ગાદલા વેંચુ ને ભેંસુ વેચું તો માંડ પાંચસો થાય એવું છે. ઓલો પાંચસોથી માંડે, ઓલો પાંચ હજારથી માંડે, પછી ઓલો કહે, છસ્સો લ્યો, છસ્સો લ્યો. ઓલો કહે કે ભાઈ, ચાર હજાર આપો, ચાર હજાર આપો. એમ કરતા બે હજારે ભેગા થાય એમ હશે આ? એય..! મોહનભાઈ! આહા..હા..! ભાઈ! સમાધાન કરો, આ ઝઘડા ઉઠે છે બહુ. અરે..! ભગવાન! પ્રભુ! તારું સ્વરૂપ બાપુ! સમાધાન સ્વરૂપ છે ભાઈ! સમાધાન એટલે વીતરાગી તારું સ્વરૂપ છે બાપા!

આહા..હા..! અરે..! કોની સાથે વિષમતા અને કોની સાથે સમતા? પ્રભુ! તું તો ચૈતન્ય છોને ભગવાન, તારા સ્વરૂપમાં તો રાગની ગંધ પણ, આસ્રવતત્ત્વની ગંધ પણ નથીને. જેમાં ગંધ નથી એ વડે કરીને આત્માની પ્રાપ્તિ થતી હશે?

અહીં તો એવો શબ્દ ઓલો સમભાવ કરીને પછી મૂક્યો છે. બાપુ! એ તો જ્ઞાનમય છેને તો જ્ઞાનમય પ્રાપ્ત થશે. જ્ઞાનમયની શ્રદ્ધા જ્ઞાન એ કીધુંને? જ્ઞાનનું સમકિત, જ્ઞાનનું દર્શન, જ્ઞાનનું ચારિત્ર એમ કહ્યું છેને ભાઈ! એ બધી શૈલી, આ તો વાત બીજી રીતે. સમયસાર એટલે કે અત્યારે ચૌદ બ્રહ્માંડ, આખા ચૌદ પૂર્વ અને બાર અંગનો આખો એક મોટો સાર, મોટા દરિયો છે. સમયસાર કુંદકુંદાચાર્યનું કરેલું અમર કૃતિ આવી. આહા..હા..! એ તો સાક્ષાત્ ભગવાનના કેવળજ્ઞાનના પેટ ખોલીને સમયસારમાં મૂક્યા છે. એક સમયસારે બસ છે, થઈ ગયું લ્યો! એવી ચીજ છે પણ હવે ભાઈ! શાંત થઈને જો ધીરે ધીરે ભાઈ! તારા સ્વરૂપમાં તો પ્રભુ! એ રાગ ઉઠે છે એ કાંઈ તારી ચીજમાં નથી. (રાગ) ઉત્પન્ન કરીને એનાથી વળી આત્માની ઉત્પત્તિ કરવી અને આત્માની શાંતિ મળે. એ કરતાં છે એમાંથી ઉત્પન્ન કરને. જ્ઞાનમય ભગવાન, આનંદમય પરમાત્મા સમભાવી પ્રભુ આત્મા છે. એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એ સમભાવી ને જ્ઞાનના .... બધા છે એ. એનાથી આત્મા પ્રાપ્ત થશે ને એનાથી પૂર્ણ થઈશ ભાઈ! બે વાત લઈ લીધી. ઓલાએ નિર્માન નાખ્યું પણ એ ખરેખર જ્ઞાનસ્વરૂપ પૂર્ણ.

'**ભાવાર્થ :- જો અનંત સિદ્ધ હુએ.**' જુઓ! હવે કહેશે. અત્યાર સુધી જેટલા સિદ્ધ ભગવાનો પરમાત્મા થયા '**વે સમભાવકે પ્રસાદ સે હુએ હૈં,...**' એટલે કે આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ એવો સમભાવ, પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો સમભાવ એનાથી અનંતા સિદ્ધ થયા છે. પુણ્ય પરિણામના વિકલ્પથી કોઈ સિદ્ધ થયા એ ત્રણ કાળમાં છે નહિ. આહા..હા..! આ વ્યવહાર વચ્ચે આવેને દયા, દાન, વ્રત, ભક્તિ એનાથી કાંઈક થાય. એનાથી થાય બંધન, સાંભળને હવે. આહા..હા..! ભારે પણ ધડાકો લાગે છે માણસને હોં! પ્રભુ! પણ તારી રીત જ આ છેને ભાઈ! તારા સ્વભાવથી વિમુખતાએ તારી સન્મુખતા થાય? તારા સ્વભાવથી.. અહીં આત્મસ્વભાવ લીધો છેને? તારા સ્વભાવથી વિમુખતાએ તારી સન્મુખતા થાય? પુણ્ય-પાપના વિકલ્પ તો પ્રભુ આત્માના સ્વભાવથી વિમુખ છે. આહા..હા..! કહે છે, જેટલા અનંતા સિદ્ધ થયા એ સમભાવ(થી થયા છે). સમભાવ શબ્દમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે વીતરાગી પર્યાય લીધી છે. સમજાણું કાંઈ?

'**ઔર જો હોવેંગે,...**' અનંતા પરમાત્મા સિદ્ધ હજી ભવિષ્યમાં અનંતા થશે. '**ઈસી ભાવ સે હોંગે.**' એક જ સિદ્ધાંત કીધો. સમજાણું કાંઈ? 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' એમ કીધું. શુભરાગ અને અશુભરાગ તો સ્વભાવથી વિષમભાવ છે. સમજાય છે કાંઈ?

અરે..! એ વાત હજી એને રુચે નહિ અને આ કાંઈક હોય તો મને લાભ થાય એમ જ્યાં જાય, તો વિષમભાવના પ્રેમની રુચિએ એને સમભાવની પ્રેમની રુચિ થશે શી રીતે? આહા..હા..! ભારે વાત પણ! જગતને જાણે શુભ રાગની ક્રિયામાંથી કાંઈક જાણે આત્માનો દરેડો થઈ જાયને. પણ આત્મામાં રાગ છે નહિ ને શી રીતે થશે? એ.. નેમિદાસભાઈ! હવે શું આ બધા તમે બધા ભેગા થઈને કાંઈક કરો સરખું. એ ઠીક કીધું હોં. તમારા વતી એ કહે છે. મોટા પંડિત છે. ઘણા એમ કહે છે કે ભાઈ! હવે આટલું જો માને તો પછી આપણે બધું આમ કરી નાખીએ આમ. અરે..! ભગવાન! પ્રભુ! તું સાંભળ તો ખરો ભાઈ! અરે..! પરમાત્મા! તારી નાતની જાતમાં એ રાગની ગંધ નથી ભાઈ! આહા..હા..!

એને કાંઈક કરવું છેને, કર્તૃત્વબુદ્ધિ રાખવી છે એટલે ઓલી વ્યવસ્થિત પર્યાય માનતા નથી. કર્તૃત્વબુદ્ધિ કરવી છે એટલે ઓલો રાગથી લાભ કાંઈક થાય એટલે એને કર્તૃત્વથી ત્યાં અકર્તાનો લાભ થાય, વાત એ પડી છે અંદર. આહા..હા..! ન્યાલભાઈ! ભાઈ! આ તમે મોટા વૃદ્ધ છો, ડોસા. ઘણા બિચારા એમ કહે છે, જો આટલું કાનજીસ્વામી મૂકેને. હવે શું મૂકવું? ભાઈ! બાપા સાંભળને ભાઈ! એક વ્યવહાર કરવાનું કહે અને... સમજાણું? એનાથી નિર્જરા થાય એમ કહે અને આ પુણ્યને જરી ઉપમા હીણી આપે છે એ થોડી... ભાઈ! ઉપમા તમને ઠીક લાગે એમ રાખ. શાસ્ત્ર તો એમ કહે છે કે કર્મના ફળ તે ઝેર છે, લે. આઠેય કર્મના ફળ વીતરાગ કેવળી, મહારાજ કુંદકુંદાચાર્ય... આઠે કર્મ પુણ્ય અને પાપના રજકણો બધા ઝેરના ઝાડ છે એમ સમયસાર કહે છે. હવે તારે શું કરવું છે કહે? આ પુણ્ય ભાવને પણ કુંદકુંદાચાર્ય તો ઝેર કહે છે. રાડ નાખે. હાય.. હાય..! અર..ર..ર..! તો આ બધી ભગવાનની ભક્તિ ને પૂજા ને જાત્રા ને... પણ સાંભળને, એ ભાવ હોય, પણ ભાવ છે પુણ્ય. એની હદ કેટલી? ધર્મ-બર્મ છે ને ધર્મ એનાથી થાય (એમ), ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. એ વાત ન બેસે ત્યાં સુધી એનો રસ્તો એને નીકળે એવો નથી. આહા..હા..! એ સુકનચંદજી! ક્યા કરના? આ બધા તમે જૂની ક્રિયાકાંડીઓ છો તો કરું સરખું આમાં. આ તો જૂનાની અપેક્ષાએ વાત છેને, હવે ફરી ગયા બધા. આહા..હા..!

વાહ રે.. પ્રભુ વાહ! પ્રભુ તું કોણ છો? બાપુ! ભાઈ! કહે છે, જેટલા સિદ્ધ અનંતા થયા... આ પરમાત્મપ્રકાશ વર્ણવે છે યોગીન્દ્રદેવ. તો યોગીન્દ્રદેવ એમ કહે છે દિગંબર મુનિ સંત હતા જંગલવાસી, વનવાસી, કહે છે કે પ્રભુ તું પરમાત્મા છોને બાપુ! નવ તત્ત્વમાં તો તારું તત્ત્વ જ્ઞાયક તત્ત્વ છે. એ પુણ્ય-પાપના તત્ત્વ વિનાનું છે અને જડના તત્ત્વ અને શરીર, ક્રિયા વિનાનું છે. એવા તત્ત્વની પ્રાપ્તિ કઈ રીતે થાય? કે એના તરફનો સમભાવ પ્રગટ કરી દૃષ્ટિ, જ્ઞાન, શાંતિ એનાથી પ્રાપ્ત થાય અને એનાથી પૂર્ણની કેવળજ્ઞાન મોક્ષની

પ્રાપ્તિ થાય. આહા..!

એમ કહે છે કે આવો ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ તેની સંવર, નિર્જરાની પ્રાપ્તિ પણ સમભાવથી થાય એમ કહે છે અને એના કેવળજ્ઞાન પણ સમભાવથી થાય. બે તત્ત્વ થઈ ગયા, જાવ. આત્માથી સંવર, નિર્જરા અને આત્માથી મોક્ષ. આસ્રવ અને બંધનો અભાવ કરીને આ રીતે તત્ત્વ પ્રાપ્ત થાય છે. આહા..હા..! ભાઈ! તારે ગોઠવવું પડશે પ્રભુ હોં! પણ શું થાય? ચોર કોટવાલને દંડે એવું છે અત્યારે. પણ એ કાંઈ ફરે એવું નથી બીજું કાંઈ એમાં. એમાં કાંઈ ત્રણ કાળમાં કાંઈ ફરે એવું નથી. આહા..હા..!

જેટલા સિદ્ધ થયા અને જેટલા સિદ્ધ થશે, એ આત્માના શુદ્ધ સ્વભાવની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ એટલે સમભાવ એટલે વીતરાગી પર્યાય દ્વારા જ સિદ્ધ થશે એમ કહે છે. વચમાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે ખરો, પણ એ તો બંધનું કારણ એ અબંધ પરિણામને મદદ કરે એમ છે નહિ. આહા..હા..! પણ એના પોતાના સ્વભાવનું માહાત્મ્ય નથી આવતું એને. એટલે ઓલું માહાત્મ્ય ત્યાંથી ખસતું નથી. સાંભળ્યું નથી એનો અર્થ જ એ અંદર બેસતું નથી. આવો એક ભગવાન આખો જ્ઞાનની પાટ, આનંદની પાટ, વીતરાગ સ્વભાવનો કંદ રસ કંદ આત્મા છે. એવો વીતરાગી ચૈતન્યપ્રભુ વીતરાગી દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિની પ્રગટ પર્યાય દ્વારા તેને પ્રાપ્તિ થાય. એવી પર્યાય દ્વારા કેવળજ્ઞાન થાય. એક વાત ત્રણ કાળ, ત્રણ લોકમાં. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' સમજાણું કાંઈ?

'**ઈસલિયે જ્ઞાની સમભાવકે સિવાય અન્ય ભાવોં મેં રાગ નહીં** કરતે.' દેખો! આહા..હા..! આ કાળ આવ્યો એને બાપા ભાઈ! આહા..હા..! દેહ ચાલ્યા જાય લ્યો! એટલી એટલી સંભાળ કરી હોયને. એટલી એટલી સંભાળ કરી હોય આખા શરીરની. સંભાળમાં તો વિકલ્પ કર્યા હોય ધૂળ, બીજું શું ત્યાં? ખવડાવ્યું ને પીવડાવ્યું ને નવડાવ્યું ને ધોવડાવ્યું ને સુવડાવ્યું એને બરાબર ઊંઘ લેવા દ્યો એને છ કલાકની. પણ એક સમય ... કર હવે ત્યાં. બાપા! આ તો જડ છે, એ માટી છે, તારાથી રહે નહિ અને તારાથી જાય નહિ. તારાથી રહે નહિ, તારાથી રક્ષાય નહિ અને તારાથી નાશ થાય નહિ. આહા..હા..! એ ઉપરાંત અંદર રાગ થાય એ બાપુ! તારા સ્વભાવનું રક્ષણ એમાં નથી અને એ તારા સ્વભાવથી રહે એવી ચીજ નથી, લે. કીધુંને, નહિ? નથી કીધું? કર્તાકર્મમાં નથી કીધું? ક્ષણિક તે અશરણ કીધુંને. વિકલ્પ તે અશરણ છે ને ભાઈ! આમ ભગવાન આખો છે એમાં વિકલ્પ ઉઠે એ અશરણ છે. કારણ કે જેટલું લક્ષ કર્મ ઉપર લક્ષ જાશે એટલો વિકલ્પ ઉઠ્યો. કર્મ ખસ્યું અને આ પણ ખસી ગયો. હવે તારે ખસે એનામાં શરણ ક્યાં લેવા જઈશ તું?

આ મરવા ટાણે લ્યો! આહા..! જુઓને શાસ્ત્રીનો દાખલો વૈરાગ્યનું બહુ કારણ છે.

ઓહો..હો..! અમે તો ત્યાં સાંભળ્યું. અમે શાસ્ત્રીને ઓલા નજરે જોયેલાને મુંબઈમાં. અભિનંદન ગ્રંથ દેવા, સામે ઊભા જુઓને. સામા ઊભા રહ્યા જુઓ! દે છે અભિનંદન ગ્રંથ આમ. વૈશાખ સુદ ૩. ૨૦૨૦ની સાલ, આઝાદ મેદાન, ધોબીતળાવમાં આવ્યા હતાને. આહા..હા..! ગયા. રાખ. બાપુ! શરીર ક્યાં તારા, રાગ ક્યાં તારા, દેશ ક્યાં તારા, દેહ ક્યાં તારા, આ પુણ્ય-પાપનો વિકલ્પ એ ક્યાં તારો? આહા..હા..! અધૂરી અપૂર્ણ પર્યાય એ તો વ્યવહારનયનો આત્મા છે. નિશ્ચય આત્મા એ ક્યાં છે? એ તારો દેશ એની સંભાળ કર એમ કહે છે. કો'કના દેશની સંભાળ કરવા જા, મફતનો મરી જાઈશ. કાંઈ કરી શકીશ નહિ કોઈનું. હાય..હાય..! ભારે વાત ભાઈ એમાં. મોહનભાઈ! શું કરવું આમાં? કરી શકે છે શું બીજું ઈ? વિકલ્પ ઉઠાવે રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપના રાગ કરે, બીજું કરે શું ધૂળ? રજકણ ફેરવી શકે? આ તો માટી જડ છે.

ખરેખર તો ભિન્ન છે તેનું કરવું ભિન્ન ચીજમાં હોઈ શકે નહિ. કહે છે કે રાગાદિ ભિન્ન તત્ત્વ છે ભાઈ! એ તો આસ્રવતત્ત્વ છે. એને શું કરવું તારે? અને છોડવું શું ને કરવું શું? આહા..હા..! આત્મામાં રાગના ત્યાગનું કર્તાપણું પણ નામમાત્ર છે. ત્યાગના કર્તાપણું. રાગના કરવા ભાવનું હવે એને શું કહેવું? એ કહે છે. વિશેષ અવકાશ આપો કહે છે. વ્યવહારનો અવકાશ આપો કહે છે. એ ન્યાલભાઈ! આ ડોસા બધા વૃદ્ધ થઈને અવકાશ આપવો. ભગવાન! એ વિકલ્પ હો, પણ એ વિકલ્પ કરવો એ તો ભિન્ન ચીજ છે. એનો ત્યાગ કરવો એ પણ ભગવાન આત્મામાં ત્યાગના કર્તાપણાનું નામમાત્ર છે. પરમાર્થે આત્મા રાગનો કર્તા એ વસ્તુ છે જ નહિ. રાગના ત્યાગના કર્તાનું નામ આત્મામાં નથી. આહા..હા..! જુઓ તો સમભાવ એની ચીજ!

ભગવાન આત્મા જેને કહીએ એ ભગવાનસ્વરૂપ આત્મા રાગને કરે એવું તો એના સ્વરૂપમાં નથી, પણ રાગના ત્યાગનું કર્તાપણું પણ જેના સ્વરૂપમાં નથી. એ તો સમયસાર ગાથા બોલે છે. પણ કેમ હોય? જેનામાં નથી એને છોડું એમ કેમ હોય? જેનામાં નથી એને કરું અને જેનામાં નથી એને છોડું (એ કેમ હોય?) આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! વાતું તો એવી છે. તું આત્મા માને છો કે નહિ? પ્રભુ! તું આત્મા છો કે નહિ? તો આત્મા છે એટલે શું? એ તો અકષાય સ્વભાવનો પિંડ તે આત્મા. જ્ઞાનમય કહો કે અકષાય સ્વભાવમય કહો. એ અકષાય સ્વભાવ કહો કે આનંદમય કહો. હવે એની દુઃખની પર્યાય રાગની ઉત્પન્ન કરવી એનો સ્વભાવ છે? અને એ દુઃખની પર્યાય છોડું એવું એના ઉપર લક્ષ કરે એવો એનો સ્વભાવ છે? એલ.એલ.બી. વકીલ લલકારે છે આત્માને અહીં. બે 'એલ' છેને. એલ.એલ. આહા..હા..!

ભગવાન! એ તારા સ્વરૂપમાં ગંધ નથી વિકલ્પની પ્રભુ! એ વિકલ્પનું કરવું તો નથી પણ વિકલ્પનું છોડવું એ તારી ચીજમાં નથી. ભગવાન! હવે શું કહેવું એને? આહા..હા..!

'**ઈસ સમભાવકે બિના અન્ય ઉપાયસે શુદ્ધાત્માકા લાભ નહીં હૈ.**' લ્યો! આહા..હા..! '**એક સમભાવ હી ભવસાગરસે પાર હોનેકા ઉપાય હૈ.**' સમજાણું કાંઈ? એને ભરોસો આવો ન આવે તો ભરોસા વિના એ તરશે શી રીતે? આહા..હા..! સમજાણું કાંઈ? દેહ ચાલ્યા જાય, દેહ છૂટી જાય, બાયડી-છોકરા છૂટી જાય, પૈસા-બૈસા ધૂળ, વાણી અને આ બધા... આહા..હા..! બાપુ! એનામાં ક્યાં હતું તે એ અહીં રહે એની સાથે? અહીં વિકારના પરિણામ પણ ક્યાં એના હતા કે એ જાતના જ રહ્યા કરે? એ જાતનું રહે તો જ્ઞાન ને આનંદ ને શાંતિ ને સ્વભાવ તો એ જાતની છે તો એ રહ્યા કરે.

કહે છે, '**એક સમભાવ હી ભવસાગરસે પાર હોનેકા ઉપાય હૈ. સમભાવ ઉસે કહતે હૈં,...**' દેખો! હવે '**જો પચેન્દ્રિકે વિષયોંકી અભિલાષાસે રહિત...**' એટલે પર તરફના શુભાશુભ વિકલ્પ ને વિષય લક્ષ છોડીને. '**વીતરાગ પરમાનંદસહિત નિર્વિકલ્પ નિજભાવ હો.**' (એને) સમભાવ કહે છે. આહા..હા..! સમજાણું? વીતરાગ પરમાનંદ સહિત, પરના લક્ષ રહિત અને વીતરાગ પરમાનંદ સહિત. નિર્વિકલ્પ શાંતિ, દૃષ્ટિ, જ્ઞાન, શાંતિ એવો જે નિજ ભાવ એને સમભાવ કહે છે. એ સમભાવ આખા શાસ્ત્રનો સાર છે. સમજાણું કાંઈ?

'**આગે કહતે હૈં, કિ જ્ઞાનીજન સમભાવકા સ્વરૂપ જાનતા હુઆ ન કિસીસે પઢતા હૈ, ન કિસીકો પઢાતા હૈ,...**' આહા..હા..! '**ન કિસીકો પ્રેરણા કરતા હૈ, ન કિસીકી સ્તુતિ કરતા હૈ, ન કિસીકી નિંદા કરતા હૈ—**' આહા..હા..! ભાઈ! તારો સ્વભાવ તો જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ છેને. ભગવાન! તું જ્ઞાતા-દૃષ્ટામાં ઠરતાં, બીજા પાસેથી ભણવું એ વિકલ્પ ક્યાં છે એનામાં? આહા..હા..! બીજાને ભણાવું એવો વિકલ્પ સ્વરૂપમાં ક્યાં છે? સમાધિશતક તો કહે છે કે એવો વિકલ્પ ઉઠે છેને એ ઉન્માદ છે. આહા..હા..! ગજબ વાત સંતોની-દિંગબર મુનિઓની વાત! પૂજ્યપાદસ્વામી દિગંબર મુનિ સંત જંગલવાસી કહે છે કે એક વિકલ્પ ઉઠે ભણવા, ભણાવવાનો એ ઉન્માદ છે કહે છે ઉન્માદ. ભગવાન! તારા સ્વરૂપમાં નથી ને આવો ઉઠાવ ક્યાંથી કર્યો તેં? આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ ના પાડે છે. કાંઈ નહિ. એ વિકલ્પ-ફિકલ્પનો નિષેધ છે, સ્વભાવમાં કાંઈ નથી કહે છે. એ વાત કરશે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૩, બુધવાર, તા. ૧૯-૦૧-૧૯૬૬**
**ગાથા-૪૮, પ્રવચન-૧૦૨**

પરમાત્મપ્રકાશ બીજા ભાગની ૪૮મી ગાથા. જુઓ!

१७५) **भणइ भणावह णवि थुणइ णिदह णाणि ण कोइ।**
**सिद्धिहिँ कारणु भाउ समु जाणंतउ पर सोइ।।४८।।**

આ સમભાવની વ્યાખ્યા કરે છે અને સમભાવને જાણનારની વ્યાખ્યા છે. સમજાય છે કાંઈ? આત્માનું ભાન થયું છે કે હું શુદ્ધ ચૈતન્ય છું. સમ્યક્ પ્રતીતિમાં, સમ્યગ્જ્ઞાનમાં સ્વસંવેદન જ્ઞાન થયું છે, પ્રતીતિ આત્મા શુદ્ધ છે એવું થયું છે. એ ઉપરાંત અહીંયાં વિકલ્પોનો અભાવ વિષમભાવનો થઈ અને સમભાવને જાણે છે અને વેદે છે એની સ્થિતિનું આ વર્ણન છે. સમજાણું કાંઈ?

ત્યારે એમાં તો એમ આવ્યું કે '**નિર્વિકલ્પ ધ્યાની પુરુષ ન કિસીકા શિષ્ય હોકર પઢતા હૈ, ન ગુરુ હોકર કિસીકો પઢાતા હૈ,...**' સમજાય છે કાંઈ? નીચલી દશા લઈએ તો એ વિકલ્પ હોય છે. બીજાને ભણાવવાનો એવો વિકલ્પ અથવા પરથી ભણવાનો વિકલ્પ, એ ભૂમિકા(માં) હજી એટલો રાગ છે, એટલી વિષમતા છે. સમજાય છે કાંઈ? છતાં જ્ઞાનીને સમ્યગ્દર્શનમાં, જ્ઞાનમાં એ રાગ વિષમભાવ ઉત્પન્ન હોવા છતાં એ વિષમભાવનો જાણનાર છે. અહીં સમભાવનો જાણનાર કહેશે ભાઈ! ધ્યાન રાખજો. ત્રણે બોલ જરી ઉતારીએ છીએ. રાતનું, અત્યારનું અને કેવળીનું. રાતનું. રાતનું શું? અહીં શબ્દ પડ્યો છેને? '**समु जाणंतउ पर सोइ**' કેવળજ્ઞાની પૂર્ણ જાણે છે. સમ્યગ્દૃષ્ટિ હજી સમભાવ વિશેષ આ કહેવાય છે એટલો ભલે ન હો, પણ સમ્યગ્દર્શનમાં, જેમ સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં પૂર્ણ વીતરાગ સમભાવે પરિણમીને જ્ઞાનમાં લોકાલોક એક સમયમાં જાણે છે. એ લોકાલોક કેવળજ્ઞાનમાં નિમિત્ત કહેવાય છે. સમજાય છે? છતાં એ લોકાલોકના કર્તા કેવળજ્ઞાની નથી અને તે લોકાલોક છે માટે કેવળજ્ઞાન છે એમ નથી. સમજાય છે કાંઈ? એમ આત્મા શુદ્ધ ચૈતન્ય છે એવું સમ્યગ્દર્શન, જ્ઞાન, ભાન થયું એ પણ રાગાદિ જે છે, કેવળજ્ઞાનીને જેમ લોકાલોક છે નિમિત્ત, એમ જ્ઞાનીને રાગાદિ વ્યવહાર વિકલ્પ હોય છે, દેહાદિની ક્રિયા આદિ સંગમાં ઉત્પન્ન થાય છે એનો જ્ઞાની જાણનાર છે. જેમ સર્વજ્ઞ લોકાલોકના જાણનાર છતાં લોકાલોકના કર્તા નથી.

એમ સમ્યગ્દષ્ટિ વ્યવહાર વિકલ્પ ઉઠે છે એનો એ જાણનાર છે. એ રાગનો કરનાર નથી, તેમ એ રાગ છે તો અહીંયા જ્ઞાનસ્વરૂપની દષ્ટિ ને સ્થિરતા છે એમ નથી.

જેમ અહીંયા લોકાલોક છે તો કેવળજ્ઞાન છે એમ નથી, એમ અહીંયા રાગાદિ વ્યવહાર વિકલ્પ છે માટે અહીં નિશ્ચય સમ્યગ્દર્શન અને જ્ઞાન છે એમ નથી. અને જેમ લોકાલોક પહેલો અને કેવળજ્ઞાન પછી એમ નથી, એમ નીચે વ્યવહારના વિકલ્પો પહેલા અને નિશ્ચય પછી એમ નથી. સમજાય છે કાંઈ? જે જ્ઞાનસ્વરૂપ આત્મા ભાનમાં, જ્ઞાનમાં આવ્યો એ વખતના જે રાગાદિ છે એનો એ જાણનાર છે. ફેર કેટલો? કે કેવળજ્ઞાન આખું એક સાથે આમ બધું જાણે એમાં ઓલું નિમિત્ત કહેવાય છે. નીચલી દશામાં જ્ઞાનસ્વરૂપની દષ્ટિમાં રાગાદિ ભિન્ન-ભિન્ન પ્રકારના થાય તેનો કર્તા નથી, પણ તે તે ભિન્ન-ભિન્ન પ્રકારના રાગને સ્વના જ્ઞાન સહિત ભિન્ન-ભિન્ન જ્ઞાન અવસ્થામાં ભિન્ન-ભિન્ન અવસ્થાથી તેને જાણે છે. એ જ્ઞાનની અવસ્થામાં એને વિશેષ-વિશેષ ક્રમ પડે છે. જાણવું એમાં ફેર નથી. સમજાય છે કાંઈ?

જ્ઞાનસ્વરૂપી આત્મા વસ્તુનું ભાન થતાં સર્વજ્ઞ સમાન જ એની બધી વાત છે એક ન્યાયે. એટલે એ વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એ વસ્તુ હોઈ શકે જ નહિ અંદર અને વ્યવહાર છે તો નિશ્ચય છે એમ પણ હોઈ શકે નહિ, કેવળીને પેઠે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પ્રભુ છે તો લોકાલોક છે એમ નથી. લોકાલોક છે માટે સર્વજ્ઞ છે એમ નથી. તેમ સર્વજ્ઞ એ લોકાલોકના કર્તા રચનાર નથી. એમ સમ્યગ્દષ્ટિ આત્માનું જ્ઞાન છે એ રાગના રચનાર નથી અને રાગ છે તો ત્યાં જ્ઞાન છે એમ નથી. એટલે એક ન્યાયે રાગથી નિરપેક્ષ જ્ઞાન વર્તે છે. કેવળજ્ઞાનીને લોકાલોકની અપેક્ષા વિનાનું કેવળજ્ઞાન વર્તે છે. સમજાય છે કાંઈ? એમ નીચે સમ્યગ્જ્ઞાનમાં વ્યવહારની અપેક્ષા વિનાનું જ્ઞાન વર્તે છે. વ્યવહાર છે તો નિશ્ચય જ્ઞાન છે એમ નથી. અને વ્યવહાર પહેલો અને જ્ઞાન પછી એમ નથી. જેમ સર્વજ્ઞને છે એમ જ આમાં છે. ફેર કેટલો? કે વિષમભાવ અહીંયાં ઊભો થાય છે એનો એ જાણનાર છે. ત્યાં વિષમભાવ બિલકુલ નથી એટલે વીતરાગભાવે જ્ઞાનને પોતાને જાણે છે. સમજાય છે કાંઈ? આમાં બધું નક્કી થઈ ગયું પાંચે બોલના જે વાંધા ઉઠે છે એ. નિમિત્ત-ઉપાદાન, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ.

શુદ્ધ સ્વરૂપ જેમ સર્વજ્ઞ વ્યવસ્થિત જેમ છે તેમ જાણે છે. છતાં વ્યવસ્થિત છે માટે અહીં જ્ઞાન છે એમ નથી અને જ્ઞાન એવું વ્યવસ્થિત જાણે છે માટે ત્યાં વ્યવસ્થિત થાય છે એમ નથી. સૌને કારણે સૌ. એમ અહીંયાં જ્ઞાન વ્યવસ્થિત રીતે દેહની અવસ્થા જ્યાં થાય જે પ્રકારે અને રાગ જે પ્રકારનો થાય તેને અહીં જ્ઞાન જાણે ખરું એ જ્ઞાન પણ વ્યવસ્થિત છે. જે પ્રકારનો રાગાદિ છે તેને જ જાણતો અને સ્વને જાણતો જ્ઞાનનો પર્યાય પરિણમતો જાય છે. એટલે એને કેવળીને જેમ લોકાલોકનું કાંઈ રચવું નથી, ફેરવવું નથી, એમ જ્ઞાનના

સ્વભાવમાં રાગનું કે ક્રિયાનું ફેરવવું નથી, રચવું નથી, ભોગવવું નથી, નિશ્ચયથી તો. સમજાણું કાંઈ આમાં? ફક્ત ફેર આ સમભાવ અને વિષમભાવમાં એટલો ફેર છે, એ અહીં જરીક કહે છે. સમજાય છે નહિ? ...ભાઈ! રાતે વાત થઈ હતી. હવે એ રીતે કાંઈ આવે? બધા શબ્દો તો એ વખતે તો... કહો, સમજાણું આમાં?

આ સિવાય કોઈ રીતે વસ્તુ સિદ્ધ થતી જ નથી. સમજાય છે? લાખ વાદવિવાદ ને શાસ્ત્રો ઉઠાવો, આ જ વસ્તુસ્વરૂપ છે. ભગવાન સર્વજ્ઞપણે જેમ એક સમયે જાણે છે બધું વીતરાગ ભાવભૂમિકામાં. સમ્યગ્દ્રષ્ટિને વિષમભાવની ભૂમિકામાં, વિષમભાવ છે, પણ એના જ્ઞાનમાં વિષમભાવનો રચનાર નથી, વિષમભાવ છે તો સમ્યગ્દર્શન-જ્ઞાન છે એમ નથી. તેમ વિષમ પહેલો છે અને નિશ્ચય પછી છે એમ નથી. સમજાય છે? તેમ એ વિષમ અને નિમિત્ત બીજી ચીજ. એ નિમિત્ત છે તો વિષમ છે અને વિષમ છે તો ત્યાં જ્ઞાન છે એમ નથી. સમજાણું કાંઈ આમાં? કાલે રાત્રે નીકળ્યું હતું પછી તમે યાદ આવ્યા હતા અંદર. ત્યાં આવ્યું પાછું થોડું અત્યારે. આવે જ ને. આહા..હા..! અરે..! વસ્તુ તે પણ વસ્તુ! ફક્ત ફેર એને જ્ઞેયમાં વિષમતા અહીંયાં છે, વીતરાગને વિષમતા જરીએ નથી. આ મુનિઓને સમભાવમાં જરી અબુદ્ધિપૂર્વક વિષમતા છે એને ન ગણીને સમભાવને જાણે છે એમ કહેવામાં આવ્યું છે. જુઓ! પાઠ શું છે? 'समु जाणंतउ पर सोइ' છે? ૪૮. સમજાય છે કાંઈ?

ચૈતન્યસ્વભાવ જ્ઞાન સ્વરૂપી પ્રભુ જે જ્ઞાનનું જ્ઞાન થતાં રાગનો કર્તા સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની છે જ નહિ. સર્વજ્ઞ જેમ લોકાલોકનો કર્તા નથી એમ આ જ્ઞાની રાગનો કર્તા નથી. જેમ સર્વજ્ઞને લોકાલોક નિમિત્ત છે એમ આ જ્ઞાનમાં નિમિત્ત છે. નિમિત્ત છે એનો અર્થ કે એ કર્તા આનો છે એમ નથી. તેમ જ્ઞાન એનો કર્તા છે એમ નથી. લોકાલોક કેવળજ્ઞાનનો કર્તા છે એમ નથી. જ્ઞાન લોકાલોકનો કર્તા છે એમ નથી. એમ સમ્યગ્જ્ઞાનમાં રાગનો કર્તા જ્ઞાન છે એમ નથી. રાગ જ્ઞાનનો કર્તા છે એમ નથી. પહેલો રાગ અને પછી જ્ઞાન છે એમ નથી. સમજાય છે કે નહિ આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રચનાર નથી. વાત ઈ છેને. રચવું નથી, કરવું છે તેનું જ્ઞાન. એવો જ એનો સ્વભાવ છે. રચે કોને ને પહેલા-પછી કોને? કોઈ રીતે વસ્તુ સિદ્ધ નહિ થાય નહિતર. આ બધા ઝઘડા છે કે નહિ? પહેલો વ્યવહાર, નિશ્ચય (પછી). બાપુ! તમે વ્યવહાર નિશ્ચય કોને કહો છો? પહેલો લોકાલોક અને પછી સર્વજ્ઞ એમ છે?

ભગવાન આત્મા જ્યાં અંતર જ્ઞાનસ્વરૂપે ચિદાનંદ શુદ્ધ છે એવી અંદર જ્યાં દૃષ્ટિ અનુભવ થયો, બસ! તે કાળે એને રાગાદિ વર્તે છે, વિષમભાવ છે તો તેને જાણનાર છે, કરનાર

નથી, રચનાર નથી, ખરેખર તેનો ભોગવનાર પણ નથી. લ્યો! જેમ સર્વજ્ઞ લોકાલોકના કર્તા નથી ને લોકાલોકના દુઃખના કે સુખના ભોક્તા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અભાવ છે એટલે...

ઉત્તર :- અભાવભાવ નહિ, વસ્તુ આમ છે. અભાવભાવ વળી પછી. આમ ન હોય તો કોઈ રીતે વસ્તુની સાબિતી જ્ઞાનના ન્યાયમાં સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? સર્વજ્ઞની સાથે મેળવવું પડશે એણે. બેય એક જ જાત છે. એ પૂર્ણ જ્ઞાન છે, અહીંયાં અપૂર્ણ જ્ઞાન છે. વિષમતા અહીં થોડી છે, ત્યાં બિલકુલ વિષમતા નથી. સમજાણું કાંઈ આમાં? આહા..હા..! અરે..! એની રીત! 'રચના જિન ઉપદેશની સર્વોત્કૃષ્ટ તીન કાલ' એની કથની, એની રીત અને એનું વસ્તુનું સ્વરૂપ 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી વીતરાગની વાણી અને વીતરાગનો ભાવ. સમજાય છે કાંઈ?

ભાઈ! આત્મા જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છે એ જ્ઞાનને જાણે અને રાગ બાકી છે એને જાણે. અહીં સમભાવને જાણે કહીને વિષમતા ટળી તેવી સમભાવની સ્થિતિનું વર્ણન અહીંયાં કરવું છે. સમજાય છે કાંઈ? તેથી કહ્યુંને **'समु जाणंतउ'** ભાઈ! એમ કીધું. સમભાવને જાણે છે જુઓ! અહીં પ્રશ્ન કેમ ઉઠ્યો હવે? રાત્રિનો બીજો પ્રશ્ન અંદર હતો. હવે અહીં મેળવણીમાં શું આવ્યું? કે ત્યાં એમ આવ્યું કે નિર્વિકલ્પ ધ્યાની પુરુષ જ્યારે જ્ઞાન સ્વરૂપમાં ભાન થઈને ઠર્યું છે, ઠર્યું છે ત્યારે **'न किसीका शिष्य होकर पढता है,...'** શિષ્ય થઈને પઢતો નથી, ત્યારે કહે પહેલો હતો? કે હા. સમજાય છે કાંઈ? સમ્યક્ ભાનમાં વિકલ્પ એવો ઉઠતો કે બીજાથી સાંભળતો, બીજાને કહેતો, પણ એટલો વિકલ્પ તે વિષમભાવ છે. એટલે અહીંયાં સમભાવ લઈને ચારિત્રની સ્થિતિ બતાવીને મુક્તિનું એકદમ કારણ છે એમ અહીં બતાવવું છે. સમજાણું કાંઈ?

સમભાવ. અહીં સમભાવ લીધો છે, ઉપશમભાવ લીધો છે એકલો શાંત-શાંત. ત્યારે નીચે એ વિકલ્પ છેને. વિકલ્પ છે એટલે? એ તો ચારિત્ર વિષમભાવનો દોષ છે, શ્રદ્ધા, જ્ઞાનનો દોષ નથી. સમજાય છે કાંઈ? એ ચારિત્રનો દોષ છે, પણ એ દોષને જ્ઞાની જાણે છે, રચતો નથી, રચવાનો કામી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે જે ક્રમમાં જ્ઞાન અને રાગ થાય તેને જાણે છે. અહીંયાં તો કહે છે કે સમભાવને જ્ઞાની જાણે છે એમ કહેવું છે. એ ઉપરાંત જ્યારે રાગને, પરને ભણાવવાનો વિકલ્પ છે એ વિષમ છે એમ બતાવીને જે વિષમનું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ કરતો ત્યાં એ અસ્થિરતાનો દોષ હતો. એ વિષમતા ટળીને જ્યાં સ્વરૂપમાં ઠરે છે ત્યારે બીજાને ભણાવવાનો વિકલ્પ હોતો નથી. તેમ પરથી ભણવું એવું એને હોતું નથી. સમજાણું કાંઈ?

**'ન કિસીકી સ્તુતિ કરતા હૈ,...'** પહેલા સ્તુતિનો વિકલ્પ હતો. સમ્યગ્દર્શન જ્ઞાનમાં શાંતિની સ્થિરતા આટલી જ્યારે નહોતી ત્યારે એને સ્તુતિનો વિકલ્પ હતો, પણ એ વિકલ્પ સમ નથી, વિષમભાવ છે. વિષમ છે ત્યાં સુધી સમભાવનું ચારિત્ર નથી અને સમભાવ થયા વિના મુક્તિનું કારણ નથી. એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'ન કિસીકી સ્તુતિ કરતા હૈ,...'** વિકલ્પ પહેલો સ્તુતિનો આવતો છતાં કર્તા નહિ, સ્વામી નહિ. પહેલો સ્તુતિનો વિકલ્પ અને પછી નિશ્ચયભક્તિ એમ નહિ. વિકલ્પની સ્તુતિ ભગવાનની (એનો) વિકલ્પ ઉઠે, પણ એ સ્તુતિ પહેલી હોય તો પછી ભગવાન આત્માની સ્તુતિ થાય-એમ નહિ. સ્તુતિ સમ્યગ્દર્શન, જ્ઞાનની સ્તુતિ અંદર સ્વભાવની ચાલે છે. એ કાળે જે વિકલ્પ ઉઠતો હોય એ વિષમભાવ હતો એ સ્તુતિનો ભાગ એક પરની સ્તુતિનો હતો. સમજાણું કાંઈ? એ અહીંયાં સમભાવમાં રહ્યો નહિ. આટલો ફેર. એથી સમભાવને જાણે છે. નીચે જ્ઞાની સમ્યગ્દર્શન-જ્ઞાનમાં પોતાનો ભાવ છે એને જાણે છે અને ઓલા રાગને જાણે છે. આ રાગનો અભાવ થયો છે એટલે સમભાવને જાણે છે એમ કીધું ભાઈ! આહા..હા..! સર્વજ્ઞ પૂર્ણને જાણે છે પોતાને. એ ત્રણમાં સમભાવનો ફેર છે. જાણવા-દેખવાનો ફેર ત્રણેમાં એક્કેય નથી. સમજાણું કાંઈ? આહા..!

**'ન કિસીકી નિંદા કરતા હૈ,...'** એટલે નીચલી દશામાં જરી સત્ય આમ હોય, અસત્ય આમ ન હોય એવો વિકલ્પ ઉઠતો. એ દ્વેષનો અંશ ઉઠતો નીચે. સમજાય છે કાંઈ? એ ભાવ નથી અહીંયાં, છતાં એ ભાવનો જ્ઞાતા-દૃષ્ટા હતો, પણ વિષમભાવ હતો. સમજાય છે કાંઈ? આમ ન હોય, આમ ન હોય એવો પણ વિકલ્પ એક દ્વેષનો અંશ છે. સમજાય છે કાંઈ? આ માર્ગ જૂઠા કહે છે, આ માર્ગ આમ નથી એવો પણ એક વિકલ્પ છે, રાગનો અંશ છે. એને જ્ઞાની નીચે હોય તેને જાણતો પણ સમભાવમાં પૂર્તી નહોતી, સમભાવ અધૂરો હતો. સમજાય છે કાંઈ? એ વિશેષ સ્થિરતા થતાં એ વિકલ્પ જ રહ્યો નથી નિંદા સ્તુતિનો. એકલો સમભાવ. એ સમભાવને જાણે છે એમ કહેવું છે અહીં પાઠમાં તો. સમભાવ **'समं जाननं परं तमेव'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની એ રાગ થતો એને જાણતો. આ તો સમભાવ થાય તેને હવે જાણે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અને કેવળજ્ઞાની વીતરાગીપણું થઈને કેવળજ્ઞાન થાય તેને જાણે છે ઈ. પરને જાણવું એ પણ વ્યવહાર થયો. એમ અહીંયા રાગને જાણવું એ વ્યવહાર થયો. સમજાણું કાંઈ? છતાં પહેલા-પછી નથી. સમજાણું આમાં કાંઈ? ભારે ઝીણી વાત આવી.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એમ! વાહ! એ ચૈતન્યની સરાણે ચડેલો પ્રભુ જ્ઞાનસ્વરૂપ આત્મા છું. એના

જાણવામાં ભલે વિષમભાવ થોડો હો, પણ જાણવામાં જાણવાની અપેક્ષાએ અને શ્રદ્ધાની અપેક્ષામાં ફેર નથી. વિષમભાવ છે એને જાણે છે. આગળ વધતા એને વિષમભાવનો અભાવ થઈ, સ્વભાવની એકાગ્રતા થઈને સમભાવ થયો, જ્ઞાની એને જાણે છે. સમજાય છે? એ સમભાવને જાણે છે. પૂર્ણ વીતરાગ થયો ત્યારે વીતરાગ કેવળજ્ઞાન એને (જાણે છે), યથાખ્યાતચારિત્ર સહિતના કેવળજ્ઞાન એને જાણે છે. સમજાણું કાંઈ? ન્યાય સમજાય છે કે નહિ આમાં?

'**મોક્ષકા કારણ એક સમભાવકો...**' દેખો! શું કહે છે? અહીં તો એકદમ સિદ્ધિનું કારણ લેવું છેને. મોક્ષનું કારણ એવો સમભાવ. સમ્યગ્દર્શન, જ્ઞાન મોક્ષનું કારણ છે, પણ એ તો ચારિત્રનું એ કારણ છે કે જે કારણ પ્રગટ્યું. પાછું ચારિત્ર પ્રગટ્યું નથી. એ ચારિત્ર મોક્ષનું કારણ છે ભાઈ! આહા..હા..! ગજબ શૈલી! શાસ્ત્રની રચના દિગંબર સંતોએ જે રચના ઊભી કરી છે એમ જ છે, વસ્તુસ્થિતિ એમ છે. કહે છે કે ભગવાન આત્મા જાણનાર સ્વભાવથી ભરેલો પ્રભુ ચૈતન્યરસનો સાગર આત્મા એના ભાનમાં આવ્યો એટલે રાગાદિ બાકી તો છે, હો, એ કાળે જાણેલો પ્રયોજનવાન (છે) એમ શાસ્ત્ર ભાષા કરે છે. કેવળજ્ઞાન એક સાથે લોકાલોકને જાણે તેને એ કાળે એવો ફેર... શું કીધું? એ કાળે ફેર નથી. એને કેવળજ્ઞાની એક સમયમાં લોકાલોકને, પોતાને વીતરાગી જ્ઞાન અને લોકાલોકને જાણે છે. નિશ્ચય આ અને વ્યવહાર આ. એમ સમ્યગ્જ્ઞાની ધર્મી જીવ એક ક્ષણે પોતાના જ્ઞાનને જાણે છે અને તે કાળે પણ રાગાદિ જે પ્રકાર થાય તે તે કાળે તેને જાણે એટલો એને ફેર પડે છે. કારણ કે સાધકભાવ વધતો જાય છે, રાગ ઘટતો જાય છે. એટલો ફેર પડે તે તે પ્રકારના રાગને જાણતું જ્ઞાન જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

હવે આમાં આવશ્યક ઉપરથી પ્રશ્ન ઉઠ્યો કે વ્યવહાર અનાવશ્યક લાગે છે આ લોકોના કથનમાં. અનાવશ્યક એટલે શું? કેવળજ્ઞાન છે ત્યાં લોકાલોક છે. એમ જ્ઞાન સમ્યક્ છે ત્યાં બાકી રાગ છે ઈ છે. બસ એટલી વાત. આવશ્યક એટલે શું? એ રાગની જરૂરિયાત સાધક સ્વભાવ છે માટે છે એમ છે નહિ અને રાગ છે માટે અહીં નિશ્ચયની સ્થિરતા અને દૃષ્ટિ છે એમ છે નહિ. આવશ્યકની જરૂર એટલે શું? હોય છે. એ તો હોય છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનમાં લોકાલોકની જરૂર છે. એનો અર્થ શું? એય..! છોટાભાઈ! જરૂર છે એનો અર્થ શું? એ તો છે. એમ સમ્યગ્જ્ઞાન, દર્શનમાં જેટલો રાગ ભાગ તેને આવે છે, એ છે. આવશ્યક છે એટલે શું? એ છે તો અહીં જ્ઞાન, દર્શન છે એમ છે નહિ. અને જ્ઞાન, દર્શન ને આ શ્રદ્ધા, જ્ઞાન છે માટે રાગ છે એમ છે નહિ. કેવળજ્ઞાન છે માટે લોકાલોક છે એમ છે નહિ. એમ સમ્યગ્દર્શન, જ્ઞાન અને એકાગ્રતા છે માટે રાગ છે એમ છે નહિ અને રાગ છે માટે

એકાગ્રતા છે એમ છે નહિ. બે વસ્તુ (ભિન્ન) છે. સમજાણું કાંઈ? આ તો ભગવાન આત્માના સ્વભાવના ઘરની વાત છે ભાઈ! આમાંથી કાંઈ ફેરફાર કરવા જાય તો એનું ઘર નહિ રહે. આહા..હા..! એ રાગના ભાગને પહેલો માની અને એને જોર દેશે તો આત્મા નહિ રહે. રાગને રચનાર જ્ઞાનને બનાવશે તો આત્મા નહિ રહે. અને રાગ છે તો અહીં જ્ઞાનનો નિશ્ચય થયો છે તો એ નિશ્ચય નહિ રહે. નહિ રહે એટલે એનો અર્થ થાય કે હોય જ નહિ. આહા..હા..! છોટાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાતે કહેવાણી હતી થોડી. હવે એ તો એ વખતે જે મગજમાં ચાલતું હોય એ શબ્દો અને એ શૈલી કાંઈ તરત આવે? એ તો હિંમતભાઈ હતા, ફરી ગઈ બધી લાઈન. શબ્દો ફરી જાય અને અંદર લાઈન અમુક ખ્યાલ રહે કે આ પણ (હતું). ઓલું તો અંદરથી આમ ચાલતું હતુંને એટલે એકદમ બહાર મૂકાણુ પહેલું ત્યાં. વસ્તુ એવી છે ઈ.

એ ચૈતન્યની જાત ભગવાન જ્ઞાનમુર્તિ પ્રભુ જાણ્યા એના પ્રવાહમાં તો જ્ઞાન અને દર્શન અને શાંતિ અને આનંદનો પ્રવાહ આવે. સમજાય છે? રાગનો પ્રવાહ ઉઠે છે ખરો, એ સ્વ તત્ત્વનું સ્વરૂપ છે જ નહિ. રાગ એ સ્વતત્ત્વ છે જ નહિ, એ આસ્રવતત્ત્વ છે. લ્યો! વળી એ યાદ આવ્યા જમુભાઈ. એમ કહે આ તત્ત્વ હતું ને? નહિ. અંશનું તત્ત્વ એ દ્રવ્યનું તત્ત્વ નથી. અંશના વિકલ્પથી ઊભો થયેલો અંકુર નવો નવો જેની જાતમાં નથી, ઊભો કરેલો છે માટે આત્મતત્ત્વ નથી. સમજાણું કાંઈ? એટલે કે લોકાલોક તે સર્વજ્ઞતત્ત્વ નથી. સર્વજ્ઞતત્ત્વ તે લોકાલોક તત્ત્વ નથી. એમ ભગવાન જ્ઞાનસ્વરૂપી તત્ત્વ છે તે આસ્રવતત્ત્વ નથી. આહા..હા..! અરે..! એના માહાત્મ્યની એને ખબર પડે નહિ અને પછી વાદ ને વિવાદે ચડે. અરે..! બાપા! એ વાદવિવાદની આ વસ્તુ જ નથી. સમજાણું કાંઈ? ભાઈ! કહે છેને બનારસીદાસ નહિ? 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' ભાઈ! તારા ચૈતન્યપ્રભુનો માર્ગ આહા..હા..! એના જ્ઞાનના તેજના માહાત્મ્યના પ્રભુત્વના પ્રગટ થયા, કહે છે કે એ જાણનાર જાગ્યો એને બધું જાણવા માટે જ રહ્યું હવે, કરવા માટે કાંઈ (ન રહ્યું). એ જ્ઞાનની એકાગ્રતા થાય છે એ એક કરવાનું એમ કહેવાય. સમજાય છે કાંઈ? પણ એ કર્તા આત્મા ને આ ક્રિયા ને આ કરું એવા ભેદ એમાં છે જ નહિ. ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તદ્દન ભિન્ન છે, એકબીજામાં અભાવ છે. આસ્રવતત્ત્વમાં ચૈતન્યનો અભાવ, ચૈતન્યતત્ત્વમાં આસ્રવનો અભાવ. નહિતર બે તત્ત્વ શી રીતે સિદ્ધ થશે?

મુમુક્ષુ :- પર્યાય છે.

ઉત્તર :- પર્યાય છેને, એ કોની? વિકૃતની છે, ચૈતન્યની નહિ. અચેતન છે. ચૈતન્યની પર્યાય ચૈતન્ય હોય. જમુભાઈ! વાત એવી છે બાપુ આ તો. અચેતન કહ્યું છે એને. દયા, દાન, વિકલ્પ ઉઠે છે એ અચેતન છે, ચૈતન્ય નહિ. ચૈતન્યની જાગ્રતમાંથી ઉત્પન્ન થયેલા નથી, અજાગ્રતથી ઉત્પન્ન થયેલા એ અચેતન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અચેતનનો ચૈતન્ય કર્તા હોય નહિ.

મુમુક્ષુ :- પુદ્‌ગલની પર્યાય છે.

ઉત્તર :- પુદ્‌ગલની પર્યાય છે. ભલે કહોને. શું વાંધો છે? એમ કે ત્યાં નાખી દઈએ. એમ જ છે એક ન્યાયે. આહા..હા..! ભગવાન ચૈતન્યના તેજ જેના છે, જેના આનંદ અને જ્ઞાનના તેજ જેમાં અનંત પડ્યા છે એનાથી જ્ઞાનના તેજ પ્રગટે કે એમાંથી અંધારા પ્રગટે રાગના? રાગ તો અંધારું અચેત છે. નથી આવી ગયું? આપણે આમાં આવી ગયું નહિ? આમાં આવી ગયું પરમાત્મપ્રકાશમાં. .. નહોતું આવી ગયું? સમજાણું? ઘણું આવ્યું છે આમાં. આવ્યું હતું કે નહિ પહેલા? અચેત આવ્યું હતું. 'અચેત સો રહા હૈ.' આવે છેને. પણ ક્યાં સો રહા હૈ. અચેતનમાં સૂતો છે અચેતનમાં, ચેતન કે દી' હતું ઈ? સમજાણું કાંઈ? આંધળા રાગ એ કાંઈ જાગતા ચૈતન્યના હોય?

ભગવાન ચૈતન્યની જ્યોત પ્રભુ, જ્ઞાનનો સમુદ્ર પ્રભુ એકલો ડોલે એમાં એવા અંધારા રાગના ત્યાંથી ક્યાં ઉત્પન્ન થાય? એને ખબરું નથી, હું તે કોણ અને કેવડો આત્મા. આત્મા એટલે શું? આત્મા એટલે સર્વજ્ઞસ્વભાવી પૂર્ણાનંદ પ્રભુ તે આત્મા. સમજાય છે કાંઈ? એકલી શાંત શિલા, સમભાવી આત્મશિલા, શરીર પ્રમાણે વીતરાગી સમભાવી શિલા. એમાં વિકલ્પ વિષમભાવ છે. એનો એ જ્ઞાની જાણનાર છે, પણ આગળ વધીને જ્યારે (વિષમભાવ) ટળ્યો ત્યારે સમભાવ પ્રગટરૂપ વિશેષ થયો એનો એ જાણનાર છે. સમજાણું કાંઈ?

**'એક સમભાવકો નિશ્ચયસે જાનતા હુઆ...'** દેખો! નીચલી દશામાં સમ્યગ્દર્શન જ્ઞાનમાં ભાન હોવા છતાં એ વિકલ્પો બીજાને ભણાવવાના, બીજાથી સમજવાના એવા વિકલ્પો ઉઠતા. સ્તુતિના, ભગવાનની સ્તુતિના વિકલ્પ ઉઠતા, પણ એ વિકલ્પનો એ જાણનાર હતો રાગનો-વિષમનો. અહીં તો રાગનો અભાવ થયો એટલે સમભાવનો જાણનાર થઈ ગયો હવે વિશેષ. સમજાય છે કાંઈ? પોતાના ધ્યાનમાં જ્ઞાનાનંદમાં મસ્ત છે, કહે છે કે એને સમભાવનું જ જ્ઞાન છે. **'કેવળ આત્મસ્વરૂપમેં અચલ હો રહા હૈ,...'** એકલો ભગવાન આત્મા જ્ઞાનની ચૈતન્યજ્યોત સમસ્વભાવી વસ્તુ એમાં અચળ થઈને સ્થિર થયા છે. આહા..! આ તે પદ! હજી લોકો મરી જાય છે પરપદ લેવા માટે. નિજપદને ભૂલી અને પરપદના ગોથા ખાવા. રાજા થાઉં ને ફલાણું થાઉં ને અમલદાર થાઉં ને અધિકારી થાઉં ને શેઠિયા થાઉં ને રાજા

થાઉં. મરી ગયો પણ એમાં. મોતને વ્હોરે છે. નિજપદ જ્ઞાનાનંદનું જીવતું તત્ત્વ છે મહાન સ્વભાવ ભગવાન.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે, ભાઈ! એવા નિજપદની શાંતિ અને દૃષ્ટિ તેં કરી છે, તો હવે તું એ રાગનો વિષમભાવ છોડીને સમભાવમાં ઠર. સમજાય છે કાંઈ? દુનિયાનું શું થશે અને કોણ મારા પાસેથી ભણશે? હું ભણાવું તો એને જ્ઞાન થશે. એ વિકલ્પ પણ (છોડ). જ્ઞાન તો એનાથી થશે એમ માનતો હતો, વિકલ્પ ઉઠતો હતો. એ શું કામ છે તારે? તને અહીંયા સમભાવ એનાથી થતો નથી, એનાથી પરને જ્ઞાન થતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોની પણ દેશનાલબ્ધિ? કોને કહેવી? એને જ્ઞાનની યોગ્યતા હોય ત્યારે એના શબ્દોની એવી શૈલી હોય છે નિમિત્ત તરીકે. એમાં આને લઈને એને લાભ થયો એમ ક્યાં આવ્યું? આહા..!

અરે..! એની ભૂમિકામાં વજ્રની ભીંતમાં, ચક્રવર્તીના રાજમાં ઊભો રહે નહિ? કો'કના ઘરમાં ભિખારીના ઘરમાં શું કરવા જાય? અહીં તો સમભાવ વર્ણવે છેને! આહા..હા..! સંતોના સમભાવ, કહે છે કે બીજાને ભણાવું એ વિકલ્પ છે, એ ઉન્માદ છે, અસ્થિરતાનો ઉન્માદ છે. એનાથી મને લાભ થશે એ મિથ્યાત્વનો ઉન્માદ છે. અને એ વિકલ્પથી જગતને કલ્યાણ થશે, મારા વિકલ્પથી પરને લાભ થશે એ તો મિથ્યાત્વનો ઉન્માદ છે. સમજાણું કાંઈ? પણ આ વિકલ્પ અસ્થિરતાનો આવ્યો એ, કહે છે કે ચારિત્રનો ઉન્માદ છે. આહા..હા..!

'**કેવલ આત્મસ્વરૂપમેં અચલ હો રહા હૈ, અન્ય કુછ ભી શુભ-અશુભ કાર્ય નહીં કરતા.**' દેખો! છેને? શુભ-અશુભ કાર્ય નહીં કરતા. કાર્ય કરતો તો નહોતો પહેલા પણ, પણ એ કાર્ય ઊભું થતું એ કાર્ય હવે રહ્યું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! માણસને આ સમજણના ઘર છેને, એ એવા એને મોંઘા પડેને એટલે માણસને પછી વાદવિવાદ ઊભા થાય. ભગવાન! આ વાદવિવાદની વસ્તુ જ નથી. આહા..! જ્યાં અંતર ઘરની વાતું છે એમાં પરઘરનું કામ શું? શરણ શું તને આવશે એમાં? સમજાણું?

'**ભાવાર્થ :- પરમોપેક્ષા સંયમ...**' જુઓ! સમતા લીધી છેને? સમ્યક્ આત્માના ભાન અને જ્ઞાન સહિત પરમ ઉપેક્ષા એટલે પરની કંઈ અપેક્ષા જ નથી. ઠરી જાય છે અંદર. શાંત... શાંત... શાંત... અરે..! કાંઈક વિકલ્પ કરું તો શાસન નભે. ધરસેનાચાર્યને વિકલ્પ ન આવ્યો? કે ભાઈ! આ શાસ્ત્ર કેમ ટકશે? પણ છતાં કહેતા કહે છે કે એ તને વિકલ્પ અને વિષમભાવ છે. ગજબ વાત છેને! સમજાય છે? એ ભૂમિકાને યોગ્ય એવો (ભાવ) આવી ભલે ગયો, પણ એ સમભાવ નથી. એનાથી કાંઈ આત્માને લાભ થાય અને એનાથી પરને

લાભ થાય (એમ છે નહિ). આહા..હા..! અજબ-ગજબની વાત છે! એય..! ન્યાલભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા... કહ્યું હતું એક, નહિ? ઘણી વાત આવી હતી કાલે હોં! ભાઈ! એ શુભ રાગાદિ વ્યવહાર છે એનો કર્તા તો જ્ઞાનસ્વરૂપ નથી, પણ એનો ત્યાગકર્તા પણ આત્મા નથી. ત્યાગકર્તા જો માને તે ગ્રહણ કર્યો છે રાગને સ્વભાવે એમ થઈ જાય છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યજ્યોતસ્વરૂપ પ્રભુ એ રાગને રચે એ તો નથી, પણ રાગને છોડું એવા રાગના ત્યાગનું કર્તાપણાનું નામમાત્ર છે. પરમાર્થે તે રાગના ત્યાગનો કર્તા જ આત્મા નથી. રાગના ત્યાગનો કર્તા. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભાઈ! આત્મા એટલે જાણવું એટલે આત્મા એટલે પરમાત્મા. સમજાય છે? પર્યાયે પરમાત્મા થાય એ તો વળી પછી વાત. પણ પોતે જ પરમાત્મા, વર્તમાન પરમાત્મા સર્વજ્ઞ (છે). સર્વજ્ઞ જેમ પર્યાયે બધું જાણે છે 'આમ' અને 'આ' બેય, એમ અહીંયા સમ્યગ્દર્શનની પર્યાયમાં પણ આ સર્વજ્ઞ આત્મા છે એમ જાણે છે. પર્યાયમાં સર્વજ્ઞ છું એમ નહિ, પણ વસ્તુએ સર્વજ્ઞ છું એમ જાણે છે. કેવળીની પર્યાય તો દ્રવ્યે સર્વજ્ઞ અને પર્યાયે સર્વજ્ઞ એમ બેને જાણે છે. સમજાણું કાંઈ? એમ સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની પોતાના સ્વભાવને વીતરાગ સ્વભાવપણે જોવે છે અંતર દ્રવ્યને, પર્યાયમાં તો જેટલી સમતા પ્રગટી તેને અને રાગ બાકી રહ્યો તેને જાણે છે. આ આગળ વધેલા તો રાગનો અભાવ કરીને ઠર્યા એને સમભાવને જાણે છે એટલું. સમજાણું કાંઈ?

**'પરમોપેક્ષા સંયમ અર્થાત્ તીન ગુપ્તિમેં સ્થિર પરમ સમાધિ ઉસમેં આરૂઢ...'** શાંતિમાં આરૂઢ. 'સમાહિવર મુત્તમ દિંત્તુ' આવે છે પણ અર્થની ખબર ક્યાં છે ભાન? કોને કહેવી સમાધિ ને કોને કહેવા શબ્દો? આવે છેને લોગ્ગસમાં? બધા હાંકે રાખ્યા ગડીયા. અહીં તો પરમ સમાધિ એટલે શુદ્ધ જ્ઞાનાનંદ પ્રભુ એ પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો ભાન કરી અને એ સ્વરૂપમાં રાગનો અભાવ કરીને ઠરે એને અહીંયાં પરમ સમાધિ, શાંતિ કહેવામાં આવે છે. એય..! ભગવાનભાઈ! સમાહિવર મુત્તમ દિંત્તુ. એય..! ભીખાભાઈ! બધા ગોખ્યા હતા ગડિયા ઘણા વર્ષ. શું કીધું? આહા..હા..!

સમાધિશતકમાં આમ પૂજ્યપાદસ્વામી કહે છે, અરે..! આત્મા! તું તારો ગુરુ અને તું તારો ચેલો. સમાધિશતકમાં છે. અહીં ઈ કહે છે, અહીં પણ ઈ કહે છે. કોનો તારે ચેલો થાવું છે? અને કોનો તારે ગુરુ થાવું છે? કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા પોતે પોતાને સમજાવે છે માટે પોતે ગુરુ. એય..! હીરાભાઈ! આહા..હા..! ભગવાન આત્મા.. કહે છે કે જેવો સમભાવી વીતરાગી સ્વભાવ શ્રદ્ધા, જ્ઞાનમાં લીધો હતો સમ્યગ્દર્શન

જ્ઞાનમાં, એવો પર્યાયમાં ઠર્યો એટલે એને ગુપ્તિ થઈ ગઈ. મન, વચન, કાયાથી ખસીને સ્વરૂપમાં ઠર્યો, સ્વરૂપમાં ઠર્યો. કાંઈ કરવું જ નથી. વિકલ્પ ... એવી શાંતિ એને સમાધિ કહે છે. ઓલા બાવા સમાધિએ ચડે એ નહિ હોં! અન્યમતિના બાવા આમ ચડાવે. ધૂળે ધૂળ નથી મફતના હઠ. આ તો સર્વજ્ઞ તીર્થંકર પરમેશ્વરે કહ્યું કે તારું સ્વરૂપ અંદર આનંદ અને જ્ઞાન ચૈતન્યજ્યોત છો ભાઈ! એના ભાન કરીને વિકલ્પની વૃત્તિઓ ઉઠે ભણવા, ભણાવવાની (એને) છોડીને ઠર એનું નામ સમભાવ અને સમાધિ છે. આહા..હા..!

'**પરમ સમાધિ ઉસમેં આરૂઢ...**' જોયું! પુરુષાર્થથી વાત કરે છેને. આરૂઢ છેને? '**પરમસંયમ ઉસકી ભાવનારૂપ...**' એની એકાગ્રતા. પોતાના શુદ્ધસ્વરૂપની એકાગ્રતા. નિર્મળ યથાર્થ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવી ભાવનારૂપ. '**પરમસંયમ ઉસકી ભાવનારૂપ નિર્મલ યથાર્થ સમ્યગ્દર્શન,...**' ભાવનારૂપ. જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા એની એકાગ્રતારૂપ જે સંયમ એવું જે એની સાથે, '**નિર્મળ યથાર્થ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર વહી જિસકા લક્ષણ હૈ, ઐસા મોક્ષકા કારણ જો સમયસાર...**' એ જેનું લક્ષણ એવું મોક્ષનું કારણ સમયસાર. કહો, સમજાણું કાંઈ? અહીં ચારિત્રનું વર્ણન કરવું છેને. સાક્ષાત્ મોક્ષનું કારણ બતાવવું છે. '**ઉસે જાનતા હુઆ,...**' દેખો! '**समु भाउ**' કીધું છેને. '**समु जाणंतउ**' એને જાણતો થકો. નીચલી દશામાં આત્માના જ્ઞાન દર્શનને જાણતો હતો, રાગને જાણતો હતો, પણ આ તો રાગના અભાવરૂપ સમભાવ ભાવને જાણતો થકો. આહા..હા..! ભગવાનની સ્તુતિમાં કહે છે, હે ભગવાન! સ્વયંભૂ સ્તોત્ર. આપે માર્ગ હતો એ કહી દીધો પછી આમાં શાસ્ત્રનું ફળ આવ્યું કે નહિ, આપ એ જોવા ન ઊભા રહ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વાણી આવી ગઈ, વિકલ્પ (આવી ગયો). એ તો વાણી નીકળી ગઈ. પછી કેમ થયું એ (જોવા ઊભા ન રહ્યા). તમે તો તમારા કેવળજ્ઞાનને જોવો અને અનુભવો છો બસ. સમજાણું કાંઈ? ખલાસ થઈ ગયું ઈ. ઈ ક્યાં એને જોવું છે? એમ કહે છે. વાણી નીકળી ત્યારે વાણીને જાણતા હતા. પછી આને આ થાશે એ તો પહેલેથી જાણતા હતા. જાણવું નવું ક્યાં રહ્યું? એમ કહે છે.

'**મોક્ષકા કારણ જો સમયસાર ઉસે જાનતા હુઆ,...**' આ સમભાવ. સમજાય છે? આત્માનું સમ્યગ્દર્શન-સમભાવી વસ્તુ ત્રિકાળીનું દર્શન, ત્રિકાળી સમ્યક્ સમભાવીનું જ્ઞાન અને ત્રિકાળી સમભાવીમાં સ્થિરતા—એવો જે સમયસાર એને '**અનુભવતા હુઆ,...**' શાંતિને '**અનુભવતા હુઆ, અનુભવી પુરુષ...**' એ શાંતિને, સમભાવને વેદતો, વીતરાગી ભાવને વેદતો, જાણતો. છેને? જાણતો અને વેદતો બે. '**ન કિસી પ્રાણીકો સિખાતા હૈ,...**'

કહો, એ ઊંચી ભૂમિ હશે કે શીખાડવાનો વિકલ્પ એ ઊંચી ભૂમિ હશે? એમ સિદ્ધ કરે છે અહીંયા. છઠ્ઠા ગુણસ્થાનમાં પંચ મહાવ્રત આદિના વિકલ્પ હોય છે એ ભૂમિકા ઊંચી કે વિકલ્પ છૂટીને અપ્રમત્તમાં ગયો ત્યારે વિકલ્પ નહોતા એ ભૂમિકા ઊંચી? કહો. એ વ્રતના પરિણામ છે માટે ઊંચું એમ નથી. એ તો વિકલ્પ-રાગ છે. સ્વભાવમાં ઠર્યો (એ ઊંચી ભૂમિકા). કો'કને દયા પાળવાનું, શીખામણ દેવાનું વયુ ગયું બધું? ગયું, વયુ ગયું એ વિકલ્પ ગયો અને સમભાવ આવ્યો એમ કહે છે. ગયું એમાં હવે ખોટ ગઈ એમ નથી. ખોટ ગઈ અને લાભ આવ્યો એમ કહે છે. આરે.. આરે..! ભારે વાત ભાઈ! શું કીધું? બીજાને શીખવવાનો વિકલ્પ હતો અને શીખવાનો વિકલ્પ હતો એ ખોટ હતી. ભારે વાત ભાઈ!

કહે છે, આવો અનુભવ '**જાનતા હુઆ, અનુભવતા હુઆ, અનુભવી પુરુષ ન કિસી પ્રાણીકો સિખાતા હૈ,...**' નુકસાન થયું કે નહિ કોઈને નથી શિખડાવતો ઈ? આ તો વાતું ભાઈ! વીતરાગના ઘરની (છે). વીતરાગની વાતું તો જગતથી જુદી જાતની. આહા..હા..! સમજાણું? નેવાના પાણી ઊંચે ચડાવે, માણસ નથી વાત કરતા? બે બાજુ નેવા હોય ને બે બાજુ શું હોય? એ વળી સવારમાં વિચાર આવ્યો. ઓલું તમારું પાંખું દેખીને. બે બાજુ શું કહેવાતું હશે? આ મકાન તમારું થાય છેને. મેં કીધું, આ બે બાજુનું પાંખુ કહેવાતી હશે? શું કહેવાતું હશે? આમ ઉઘાડું રાખ્યું છેને, આ મકાન થાય છે. એક બાજુ આમ કાઢ્યું અને આમ કાઢ્યું એ શું કહેવાતું હશે? એ આમ .. છેને કરવામાં? ... ઉપર આવા કરવાના છે. ... એ પાંખું. અહીં તો પાખું સારી અને નેવા બધા જ કહે છે બીજી જાતના, ઊંચી જાતના. નેવા તો આમ પડેને આમ. બે બાજુ આમ હોય. .... અહીં તો કહે છે, ઓહો...! વિકલ્પની પાંખ જ તોડી નાખી. જેનાથી બીજાને બિચારાને લાભ થતો અને એનાથી પોતાને પણ કાંઈ લાભ થતો હશેને? ભારે માર્ગ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પ્રભાવના કોની? ક્યાં થાતી હશે? પ્રભાવના ક્યાં થાતી હશે? આત્મ પ્ર-ભાવના. વસ્તુના સ્વભાવમાં પ્ર—વિશેષની ભાવનામાં એકાગ્રતા એ પ્રભાવના. આહા..હા..!

અહીંયાં દૃષ્ટિનો વિષય અને સમભાવ શું, બેય સમજાવે છે સાથે. એમ નહિ કે આ શીખડાવવું એ વિકલ્પ લાભદાયક હતો અને ગયો હવે એટલે લાભ ઓછો થઈ ગયો. કહે છે કે લાભ વધ્યો. ઓલી ખોટ હતી થોડી વિકલ્પ ઉઠતો હતો શીખડાવવાનો. આહા..હા..! વીતરાગની રીત, આહા..! કહો, બીજાને શીખડાવતો એ વિકલ્પ, કહે છે કે એને ખોટ હતી. '**ન કિસીકો સિખાતા હૈ...**' એને ઊંચો કહ્યોને? શીખડાવવાનો ભાવ એને ઊંચો ન કહ્યો, એ તો રાગ છે. '**ન કિસીસે સીખતા હૈ,...**' કોઈ પાસેથી શીખે એ દોષ છે, વિકલ્પ

છે. આહા..હા..! કહે છે કે નથી શીખતો એ ઠર્યો, એનું નામ સમભાવ અને લાભમાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એની અંતર દૃષ્ટિ જ્ઞાનમાં આવ્યો અને ઠર્યો એ લાભની વાતમાં આવ્યો છે કહે છે. નથી શીખતો એમાં લાભમાં આવ્યો, શીખવામાં વિકલ્પ હતો, શીખડાવવામાં વિકલ્પ હતો. આહા..હા..! વીતરાગમાર્ગમાં આ વાત હોય, અજ્ઞાનીને આનો પત્તો ખાય નહિ. કહેને કે ભલે અમારું થોડું થાય, પણ અત્યારે દુનિયાને તારી દઈએ. દુનિયાને લાભ થાય તો ભલે અમારે એકાદ બે ભવ વધે. અરે..! ભગવાન! તું સમજ્યો જ નથી બાપા! સમજાય છે કાંઈ? આવે છેને એક અમુક ઠેકાણે આવે છે વાત. લોક માટે એમણે અર્પણ કીધું, પોતાનો આત્માને એકકોર મૂક્યો. એનો અર્થ શું? એય..! એ એને ખબર ન્યાલભાઈને. ત્યારે દાંત કાઢ્યાને.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ભાજી મૂળો નથી. ભાજી મૂળા તો સડી જાય તો પૈસા પણ ઉપજે નહિ. પાછુ સાંજે ખપ્યું તો ખપ્યું નહિતર બધું જાય. આ તો હીરા-માણેક હોય તો ન ખપે તો પડ્યા પણ રહે. કેરી-બેરી પાંચ, દશ મણ લાવે અને જો ખપે તો ખપે નહિતર થઈ રહ્યું, સવારે ખલાસ થઈ જાય, સડી જાય, બધું જાય. દાણા-બાણા તો રહે ખરા બે-ત્રણ મહિના કદાચ. પણ ભાજી મૂળાના ધંધા એમાં લાભ લેવા જાય ક્યાંથી મળે? ધૂળમાં. આહા..હા..! જમુભાઈ! કહે છે કે,

મુમુક્ષુ :- શેની વ્યાખ્યા છે?

ઉત્તર :- સમભાવની. દર્શન જ્ઞાનપૂર્વક સમભાવ. સંયમ કહો, સમભાવ કહો, ચારિત્ર કહો, નિર્વિકલ્પતા કહો, સમાધિ કહો. એ વિકલ્પ છોડ્યો ત્યારે લાભ થયો સમભાવનો એમ કહે છે. શીખવાનો ને શીખડાવવાનો, આ સ્તુતિ કરવાનો (વિકલ્પ) છોડ્યો ત્યારે લાભ થયો સમૂળગો કહે છે લ્યો. આહા..હા..! એ ભગવાનની ભક્તિ અને વિકલ્પ હતો એ છોડ્યો ત્યારે ઠર્યો ત્યારે એને લાભ થયો સમૂળગો.

મુમુક્ષ :- પ્રાથમિક જીવને આ કરવાનું છે.

ઉત્તર :- પ્રાથમિક જીવને જ આ કરવાનું છે, શ્રદ્ધામાં આ લેવાનું છે. એનાથી લાભ માને તો ખસશે શી રીતે ન્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..!

**'ન નિંદા કરતા હૈ.'** પ્રતિકૂળતા નહિ. આમ ન હોય આવો માર્ગ, એવો પણ વિકલ્પ જેને નથી. માર્ગ ખોટો હોય એનો નિષેધ કરવો એવો પણ જ્યાં વિકલ્પ નથી. આહા..હા..! સત્યનો આમ છે એવો વિકલ્પનું સ્થાપન અને આમ છે એ વિકલ્પનો નિષેધ કરવો ખોટાનો એવું પણ જ્યાં વિકલ્પ નથી ત્યાં લાભ છે. ભાઈ! કરો વિકલ્પ, ખોટા માર્ગને માટે કરો

આમ. ત્યારે આવ્યું હતુંને ઓલા સત્તા સ્વરૂપમાં (કે) તલાક ન કરે એનું સમકિત ન રહે. અય..! એ તો બીજી વાત છે. કોઈ જૂઠી શ્રદ્ધા, જ્ઞાન કહેતો હોય તો એને વિકલ્પ એવો આવે કે, આ ખોટું છે, જૂઠું (છે) એટલું, પણ એ વિકલ્પ આવે છે એ સારો છે એમ નથી. આહા..હા..!

**'જિસકે શત્રુ, મિત્ર, સુખ, દુઃખ, સબ એક સમાન હૈં.'** શત્રુ ને મિત્ર બધું એક જ સમભાવ-સમભાવ. એ દશા શ્રદ્ધા, જ્ઞાનમાં જ પહેલી એને બેસવી જોઈએ કે આવી દશા તેને ચારિત્ર અને સમભાવ કહે (છે) અને એ સાક્ષાત્ આત્માને લાભનું અને મુક્તિનું કારણ છે, એમ એને બેસવું જોઈએ. માટે આ શાંતિના સમભાવની સાક્ષાત્ મુક્તિના ઉપાયની વાત કરે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૪, ગુરુવાર, તા. ૨૦-૦૧-૧૯૬૬**
**ગાથા-૪૯ થી ૫૧, પ્રવચન-૧૦૩**

દૂસરા ભાગ ચલતા હૈ. દેખો ક્યા કહતે હૈં? ૪૯ (ગાથા). સૂક્ષ્મ વિષય છે થોડો. **'આગે બાહ્ય અંતરંગ પરિગ્રહકી ઈચ્છા...'** યહ ઉપશમભાવકી વ્યાખ્યા ચલતી હૈ. સમભાવ-સમભાવ. સમભાવ કિસકો કહતે હૈં? ઔર સમભાવ કિસસે ઉત્પન્ન હોતા હૈ? ઔર સમભાવ વહી મોક્ષકા કારણ હૈ વો યહાં બતાતે હૈ. **'બાહ્ય અંતરંગ પરિગ્રહ...'** એનો ટીકામાં અર્થમાં લેશે. **'ઈચ્છાસે...'** એક વાત. **'પાંચ ઈંદ્રિયોંકે વિષય-ભોગોંકી વાંછાસે...'** બે વાત. અને **'દેહમેં મમતા નહીં કરતા,...'** ત્રણ વાત. **'તથા મિથ્યાત્વ અવ્રત આદિ સમસ્ત સંકલ્પ-વિકલ્પોંસે રહિત જો નિજ શુદ્ધાત્મા ઉસે જાનતા હૈ, વહ પરિગ્રહમેં તથા વિષય દેહસંબંધી વ્રત-અવ્રતમેં રાગ-દ્વેષ નહીં કરતા,...'** ચાર બોલ છે. ચાર ગાથા હૈ ચાર. એક પરિગ્રહમેં રાગ-દ્વેષમેં નહીં કરતા, વિષય-કષાયમેં નહીં કરતા, દેહમેં નહીં ઔર વ્રત-અવ્રતમેં રાગ-દ્વેષ નહીં કરતા. **'ઐસા ચાર-સૂત્રોંસે પ્રગટ કરતે હૈં—'** સમજમેં આયા?

અભ્યંતર ચૌદ પરિગ્રહ અને બાહ્ય દશ પરિગ્રહમેં મિથ્યાત્વ પહેલા પરિગ્રહ ગિનનેમેં આયા હૈ. પહલે જિસકો પુણ્ય-પાપકા વિકલ્પ ઉઠતા હૈ વહ મેરા હૈ ઐસી માન્યતા હૈ વહ મિથ્યાદષ્ટિ હૈ. ઉસકો મિથ્યાત્વકા પરિગ્રહકા ત્યાગ નહીં. વહ આયેગા ભાવાર્થમેં પરિગ્રહકી વ્યાખ્યા. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ. બાહ્ય ત્યાગ ઔર ઐસા ત્યાગ યહ બાત હૈ નહીં અંદરમેં. અંતરમેં આત્મા જ્ઞાનાનંદ શુદ્ધસ્વરૂપ ઉસકી દષ્ટિ કરકે પુણ્ય-પાપ, મિથ્યાત્વ રાગ-દ્વેષ શુભાશુભભાવ વહ મેરા હૈ ઐસી માન્યતા વહ મિથ્યાત્વકા પરિગ્રહ હૈ (ઉસકા ત્યાગ). કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરિગ્રહ છે. મિથ્યાત્વ એ મહાન પરિગ્રહ છે. મહાન પરિગ્રહ હી વો હૈ. દેહકી ક્રિયા મૈં કર સકતા હૂં, પરકી દયા મૈં પાલ સકતા હૂં, મેરેમેં શુભભાવ હોતા હૈ વહ મુઝે ધર્મ હૈ—ઐસી માન્યતા હી મિથ્યાત્વકા મહાન પરિગ્રહ હૈ. વહ યહાં બતાતે હૈ. સૂક્ષ્મ બાત હૈ. નહીં તો સ્થૂળ બાત ચલે, બાહ્યમેં યહ ત્યાગ કિયા, ઐસા કિયા, ઐસા કિયા. યહ બાત હૈ નહીં. ઐસા તો અનંતબાર કિયા હૈ. ચાર ગાથા છે ભાઈ! પરિગ્રહની, વિષયની.. એ ચારે ચાર ગાથા છે અને દેહની અને વ્રત-અવ્રત, વ્રત-અવ્રત. વ્રતકા ભાવ વહ ભી વિષમભાવ હૈ. યહાં સમભાવકી વ્યાખ્યા હૈ. અવ્રતભાવ તો વિષમભાવ હૈ હી, સમ્યગ્દર્શનપૂર્વક. પરંતુ વ્રતભાવ પંચમહાવ્રતકા વિકલ્પ ઉઠતા હૈ વહ ભી વિષમભાવ હૈ, સમભાવ નહીં. વહ રાગ હૈ, પુણ્ય હૈ. બડી-બડી ઝંઝટ ચલતી હૈન લિખાવટમેં? પઢા ન થોડા, નહીં? આહા..હા..! યહ તો ભાઈ વીતરાગમાર્ગ હૈ. જિસે વીતરાગમાર્ગકી પહલી શ્રદ્ધાકી ખબર નહીં ઉસકો સંયમ ઔર ત્યાગ-ચારિત્ર-ફારિત્ર હોતા હી નહીં. ખબર નહીં કિ સમ્યગ્દર્શન ક્યા હૈ ઔર મિથ્યાત્વ ક્યા હૈ. સમજમેં આયા?

કહતે હૈં, દેખો! સબ પરિગ્રહમેં-એક, વિષયમેં-દો, દેહસંબંધી-તીન, વ્રત-અવ્રતમેં-ચાર. રાગ-દ્વેષ નહીં કરતા ઐસી ચાર ગાથા કહનેમેં આતી હૈ. સમજમેં આયા? એમાં પહેલી પરિગ્રહની વ્યાખ્યા છે. ૪૯.

૧૭૬) गंथहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ।
गंथहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ।।४९।।

ક્યા કહતે હૈં? **'ग्रंथस्य उपरी'** હૈ શબ્દાર્થ? **'અંતરંગ બાહ્ય પરિગ્રહકે ઉપર અથવા શાસ્ત્રકે ઉપર...'** શાસ્ત્ર હૈ વહ ભી પરપદાર્થ હૈ, યહ પુસ્તક. (ઉસ) પર મમતા હૈ વહ મમતા છોડે તો ઉસકો સમભાવ હોતા હૈ. **'પરમ તપસ્વી...'** મહામુનિ દિગંબર સંત ઉસકે અંતરમેં... બાહ્યમેં નગ્ન હુઆ વહ કોઈ મુનિપના નહીં, અંતરમેં અભ્યંતર પરિગ્રહકો છોડકર,

બાહ્ય પરિગ્રહકા નિમિત્ત છૂટ ગયા હૈ ઔર '**પરમ તપસ્વી રાગ ઔર દ્વેષ નહીં કરતા હૈ...**' સમજમેં આયા? '**જિસ મુનિને આત્માકા સ્વભાવ ગ્રંથસે જુદા જાન લિયા હૈ.**' પુણ્ય-પાપકે રાગસે ઔર શરીર, કર્મસે ઔર શાસ્ત્રસે અપના આત્મા અંદર ભિન્ન હૈ, જ્ઞાનાનંદ સ્વરૂપ હૈ. વહ ગ્રંથ નામ શાસ્ત્ર ઔર ગ્રંથ નામ પરિગ્રહ. દો બાત લી હૈ. સમજમેં આયા? ગ્રંથ નામ શાસ્ત્રસે વિકલ્પ હટા લિયા હૈ ઔર ગ્રંથ નામ અભ્યંતર-બાહ્ય પરિગ્રહ જો રાગ-દ્વેષ, પુણ્ય-પાપકા વિકલ્પ ઉઠતે હૈ ઉસસે ભી હટા લિયા હૈ ભાવકો. અપના સ્વરૂપ શુદ્ધ આનંદકંદમેં જિસકી દૃષ્ટિ જુક ગયી હૈ. ઉસકા નામ પરિગ્રહરહિત સંત ઔર મુનિ ઉપશમભાવ કરનેવાલા કહનેમેં આતા હૈ. આહા..હા..! ભારે શર્ત બહુ શર્ત. ન્યાલભાઈ! એકલા નગ્નની વાત નથી, નગ્નની પછી કરશે, બાહ્ય પરિગ્રહની. અભ્યંતર પરિગ્રહ પહેલો કહે છે. જુઓ!

એને '**જુદા જાન લિયા હૈ.**' અપના સ્વરૂપ શુદ્ધ આનંદ જ્ઞાયકમૂર્તિ (હૈ). વ્રત-અવ્રત, ભક્તિ-પૂજા, દાન અથવા ઉપદેશકા વિકલ્પ જો ઉઠતે હૈ ઉસ રાગસે ભિન્ન મેરા સ્વરૂપ હૈ. ઐસી અંતરમેં દૃષ્ટિ કી હો તો ઉસકો મિથ્યાત્વકા ઔર રાગ-દ્વેષકા પરિગ્રહ છૂટ ગયા ઔર ઐસી દૃષ્ટિ ન હો તો ઉસકો મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષકા પરિગ્રહ હૈ. તો ઉસકો મુનિ કહતે નહીં. ઉસકો સમભાવ હૈ નહીં, વિષમભાવ હૈ. આહા..હા..! આ ઉપશમભાવની વ્યાખ્યા ચાલે છે ૩૯ ગાથાથી. ૩૮ ગાથા છેને? પછી ચૌદ ગાથા ઉપશમભાવની બધી સમભાવની ચાલે છે. તે ૩૮ થી ૫૨ સુધી ચાલશે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે.

પરમાત્મપ્રકાશ. દિગંબર સંત યોગીન્દ્રદેવ મહાસંત જંગલમેં વસનેવાલે થે. ઉન્હોંને સર્વજ્ઞ પરમેશ્વરને જો કહા ઐસા ઉપશમભાવ કિસકો કહતે હૈ? સમભાવ ઉસકો મુનિપના કહતે હૈ. જો મુનિકો અંતર આત્માકા આનંદસ્વરૂપ અખંડ શુદ્ધ જ્ઞાનની મૂર્તિ એ દયા, દાન, કામ, ક્રોધકા વિકલ્પસે ભિન્ન જાન લિયા હૈ. ઉસકો પરિગ્રહકે ઉપર મમતા નહીં તો ઉસકો સમતાકા પરિણામ, વીતરાગ પરિણમતા હૈ ઉસકો મુનિપનાકા પરિગ્રહરહિત ભાવ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? દેખો! '**આત્માકા સ્વભાવ ગ્રંથસે જુદા જાન લિયા હૈ.**'

અબ પહલે '**ભાવાર્થ :- મિથ્યાત્વ,...**' હૈ પહલા શબ્દ દેખો! મિથ્યાત્વ પરિગ્રહ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .... મિથ્યાત્વ પહલા પરિગ્રહ હૈ. શરીરકી ક્રિયા મૈં કર સકતા હૂં, દયા, દાન, વ્રતકા પરિણામ વહ મેરી ચીજ હૈ, મુઝે ઉસસે લાભ હોગા ઉસકા નામ મિથ્યાત્વભાવકા મહાન પરિગ્રહ કહનેમેં આતા હૈ. કહો, સમજમેં આયા? દેખો! ઉસમેં લિખા હૈ કિ નહીં? મિથ્યાત્વ પહલે લિખા હૈ. પહલે મિથ્યાત્વ. મિથ્યાત્વ કિસકો કહે ઉસકી ખબર નહીં. ભાઈ વયા ગયા લાગે છે દહેરાદુન. ભાઈ છે દિલ્હીવાળા છે. ઓલા ભાઈ હતા એ વયા ગયા

લાગે છે. દહેરાદુનવાલે આયે થે ન. નહીં હૈ. આનેવાલા હૈ. અબ કબ આનેવાલે હૈ? તુમ તો પહલે આ ગયે. જલ્દી આ ગયે આપ. સવેરમેં કહા થા ન કિ ભાઈ દોપહરકો હિન્દી ચલેગા. સમજમેં આયા? ક્યા કહા?

'**મિથ્યાત્વ,...**' પરિગ્રહ હૈ. મિથ્યાત્વકી વ્યાખ્યા—શરીર, વાણી, મન, પુણ્ય અને પાપકા ભાવ વહ સબ પર હૈ, પરવસ્તુ હૈ. ઉસમેં અપનાપન માનના, ઉસસે લાભ માનના ઉસકા નામ મિથ્યાત્વકા પરિગ્રહ કહનેમેં આતા હૈ. મિથ્યાત્વકે પરિગ્રહકા જિસકો ત્યાગ નહીં ઉસકો મુનિપના ઔર સમ્યગ્દર્શન આદિ હોતા નહીં. કહો, સમજમેં આયા? '**વેદ,...**' તીન વેદ. તીન વેદકા વિકલ્પ. સ્ત્રી, પુરુષ, નપુંસકકા વેદકા વિકલ્પ રાગ. ઉસ વિકલ્પકા ત્યાગ. વેદ-વાસના વહ પરિગ્રહ હૈ. વેદ-વાસનાકા ત્યાગ. અખંડાનંદ પ્રભુ ભગવાન આત્મા વેદ-વાસનાસે ભિન્ન હૈ ઐસા જાનના ઔર રાગરહિત હોકર સમતામેં પરિણમન કરના ઉસકા નામ સમભાવી ઉપશમભાવ હૈ. ઉસકા નામ મુનિપના કહનેમેં આતા હૈ.

'**રાગ, દ્વેષ,...**' રાગમેં પુણ્ય-પાપ દોનોં આયે. શુભરાગ ઔર અશુભરાગ દોનોં રાગમેં આતે હૈ. દ્વેષમેં પાપ આતા હૈ. '**હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા, લોભ—યે ચૌદહ અતરંગ પરિગ્રહ...**' હૈ. યે ચૌદહ અંતરંગ પરિગ્રહ હૈ. ઉસકા ઉસકો ત્યાગ હોના ચાહિયે. કિસકો? જિસકો આત્મા જ્ઞાનાનંદ સ્વભાવકા ભાન હુઆ ઉસકા અભ્યંતરમેં ઉસકા ત્યાગ હોતા હૈ. વો અભ્યંતર પરિગ્રહસે આત્મા ભિન્ન હૈ. આહા..હા..! સમજમેં આયા? બડી ચર્ચા ચલતી હૈ ન અભી? પુણ્ય... પુણ્ય... પુણ્ય... ચૌદહવે (ગુણસ્થાનકે) અંત સમયમેં છોડેગા પુણ્યકો. અભી કહાં છોડના કહતે હો? યહાં તો કહતે હૈં કિ પહલે પુણ્યકા ભાવ નહીં છોડેગા શ્રદ્ધામેંસે તબતક તુઝે મિથ્યાત્વકા નાશ નહીં હોગા. શ્રદ્ધાકી બાત હૈ ન. પુણ્યભાવ હો, પરંતુ ભાવસે મુઝે લાભ હોગા ઐસા ભાવ હૈ ઉસકો મિથ્યાત્વકા બડા અનંત સંસારકા પરિગ્રહ અંદરમેં પડા હૈ. ઓહો..હો..! સમજમેં આયા? ચૌદહ અંતરંગ પરિગ્રહ.

બાહ્ય '**ક્ષેત્ર, વાસ્તુ** (ઘર), **હિરણ્ય,...**' સોના આદિ, ચાંદી આદિ '**સુવર્ણ, ધન, ધાન્ય, દાસી, દાસ, કુપ્ય,...**' ઘરવખરો. '**ભાંડ...**' વાસણ. એ દશ પરિગ્રહ. એમાં વસ્ત્ર પણ આવી ગયા. વસ્ત્રનો પરિગ્રહ મુનિને હોતો નથી. ક્યા હૈ ફૂલચંદજી? ઘરવખરો કીધુંને. ઘરવખરો કહ્યો હતો, ધ્યાન રાખો. ભાંડ એટલે વાસણ. એ તો ભાષા છે શ્વેતાંબરની અંદરની. ભાંડ. એ ઘરવખરામાં એ વસ્ત્ર પણ આવી જાય બધું ભાંડમાં. વસ્ત્રનો ત્યાગ મુનિને હોય ઔર વસ્ત્રકે ત્યાગકે સાથ અંતરમેં વિકલ્પકા પુણ્ય-પાપકા ભાવકા ભી, મિથ્યાત્વકા ભી ત્યાગ હો ઉસકો સમ્યગ્દર્શનપૂર્વક ઉપશમભાવ હોતા હૈ. ઉસકા નામ મુનિપના કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

'**ઈસપ્રકાર ચૌબીસ તરહકે બાહ્ય અભ્યંતર પરિગ્રહોંકો તીન જગતમેં,-તીનોં લોકમેં,...**' ઔર '**તીન કાલોમેં મન, વચન, કાય, કૃત, કારિત અનુમોદનાસે છોડ...**' દેખો! આહા..હા..! વીતરાગી મુનિ ઉસકો કહતે હૈં. સંત ણમો લોએ સવ્વ સાહુણં ઉસકા નામ સાધુ હૈ. જિસકો મન, વચન, કાયાસે કરના, કરાવના, અનુમોદના... રાગ વિકલ્પ પુણ્યભાવ હૈ, કરના યહ ઠીક નહીં, કરાના ઠીક નહીં ઔર કરતે હો ઉસકો અચ્છા જાનના વહ ઠીક નહીં. સમજમેં આયા? આહા..હા..! દેખો! '**તીન જગતમેં, તીનોં કાલોમેં, મન, વચન, કાય,...**' મનસે ભી શુભ-અશુભરાગ કરના ઠીક નહીં, કરાના ઠીક નહીં, કરતે હુએકો અનુમોદના ઠીક નહીં. ઐસા મન, વચન, કાયાસે તીન કાલ તીન લોકમેં કૃત, કારિત, અનુમોદનાસે રહિત અપના મિથ્યાત્વરહિત સ્વભાવમેં સ્થિરતા સહિત આત્માકો જો અંતર અનુભવતા હૈ ઉસકો ઉપશમભાવ ઔર નિર્ગ્રંથભાવ કહનેમેં આતા હૈ. ઉસકા નામ નિર્ગ્રંથભાવ હૈ, મુનિપના હૈ. .. આતા હૈ. ઉસે યાદ નહીં હોગા. કિયા હોગા કબ? સબ ઉપરસે ગયા. પાંચવે શ્રમણસુત્રમેં આતા હૈ વહ.

'**વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં ઠહરકર...**' દેખો! '**શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ...**' કહા ના આખરી શબ્દ? '**वियाणियउ भिण्णउ अप्प-सहाउ**'. ભગવાન આત્મા અકેલા વીતરાગ સ્વરૂપે પરિણમા હુઆ આત્મા હૈ. ઉસમેં વહ વિકલ્પ દયા, દાન યા વ્રત-અવ્રતકા વિકલ્પ ભી ઉસમેં નહીં. ઐસી ચીજકો બાહ્ય, અભ્યંતર પરિગ્રહ નૌ-નૌ કોટીસે છોડકર. તીન કાલ, તીન લોકકે અંદરમેં અપના આત્મા હટા લિયા ઔર શુદ્ધાત્માકી '**પ્રાપ્તિરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં ઠહરકર...**' ઓહો..! શુદ્ધ ભગવાન આત્મા વીતરાગી અનાકુલ આનંદસ્વરૂપ આત્મા, ઉસમેં ઠહરકર શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ કહા ન? વો શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ ક્યા? વીતરાગ નિર્વિકલ્પ સમાધિ. ઉસમેં ઠહરકર '**પરવસ્તુસે અપનેકો ભિન્ન જાનતા હૈ,...**' પરવસ્તુસે અપનેકો નિર્ગ્રંથદશામેં અંતર સ્વરૂપમેં, નિર્ગ્રંથભાવમેં રાગાદિ વિકલ્પસે પર જાનતા હૈ. '**વો હી પરિગ્રહકે ઉપર રાગ-દ્વેષ નહીં કરતા હૈ.**' સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિકો પુણ્ય-પાપકા ભાવ મેરા હૈ ઐસી માન્યતા નહીં હૈ, પરંતુ પુણ્ય-પાપભાવ ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા?

શુભાશુભભાવ વહ મુઝે લાભ કરતા હૈ, પુણ્યભાવ મુઝે લાભ કરતા હૈ વહ મિથ્યાદૃષ્ટિ હૈ. પુણ્યભાવ મુઝે લાભ કરતા નહીં, મેરા સ્વરૂપ શુદ્ધ ઉસકા લાભ હૈ ઉસકા નામ સમ્યગ્દૃષ્ટિ હૈ. ઉસકો પુણ્યભાવ હોતા હૈ, પરંતુ ઉસકે ઉપરાંત નિર્ગ્રંથભાવ, પુણ્યભાવસે રહિત સ્વરૂપકી સ્થિરતા (હુઈ હૈ). પુણ્યભાવ વિષમભાવ થા. છઠ્ઠે ગુણસ્થાનમેં ભી પંચમહાવ્રતકા વિકલ્પ, અઠ્ઠાઈસ મૂલગુણકા વિકલ્પ રાગ વિષમભાવ હૈ, સમભાવ નહીં, પુણ્યબંધકા કારણ હૈ. ઉસ વિષમસે હઠકર સ્વરૂપમેં સમ હુઆ, ઠહરા હુઆ ઉસકો નિર્ગ્રંથદશા, વીતરાગદશા ઉસકો મુનિદશા

કહતે હૈં. કઠિન બાત હૈ. યહ બાત તો અધિક લોગ ઈકઠ્ઠે હો ઉસે યહ બૈઠે નહીં. ૧૦-૧૦ હજાર ઔર ૨૦-૨૦ હજાર. લૌકિક બાત કરે લૌકિક. ઈસલિયે ઉસે લગે કિ ઓહો..હો..! યહ બાત તો...

યહાં તો કહતે હૈં કિ પરિગ્રહ ઈસકો કહતે હૈં કિ ભગવાન આત્મા તદ્દન વીતરાગસ્વરૂપ (હૈ).. ઉસમેં પુણ્ય-પાપકા ઔર આસ્રવ-બંધભાવકા ભાવ વહ મેરા હૈ ઔર મૈં ઉસમેં હૂં, વહ મુઝે લાભદાયક હૈ ઉસકા નામ હી મહામિથ્યાત્વ પરિગ્રહ હૈ. ઉસ મિથ્યાત્વ પરિગ્રહકો છોડકર સમ્યગ્દૃષ્ટિ નિષ્પરિગ્રહ દૃષ્ટિ હુઈ. ફિર ભી ઉસકો પુણ્ય-પાપકા ભાવ અવ્રતાદિકા ભાવ હૈ વહ ભી વિષમભાવ હૈ. ઉસે ભી છોડકર ઔર પીછે વ્રતકા વિકલ્પ આયા વહ ભી વિષમભાવ હૈ. ઉસે છોડકર ઉપશમભાવમેં પરિણમતે હૈ ઉસકો નિર્ગ્રંથ મુનિ કહનેમેં આતા હૈ. આહા..હા..! સમજાય છે કાંઈ?

સમભાવકે પ્રકાર લિયે. પહલે તો આત્મા શુભાશુભ રાગ ઔર દેહાદિસે પર અપના સ્વરૂપ વીતરાગી સ્વરૂપ (હૈ) ઐસી અંતર દૃષ્ટિ હોના વહ સમ્યગ્દૃષ્ટિકા સમભાવ, વહ સમ્યગ્દૃષ્ટિરૂપ સમભાવ. પીછે અશુભરાગકા, અવ્રતકા ત્યાગ ઔર વ્રતકા વિકલ્પ હૈ ઈતના અવ્રતકા અભાવરૂપ સમભાવ. પીછે વ્રતકા વિકલ્પ થા વહ વિષમભાવ થા. ઈતના છોડકર સમભાવ વો વિશેષ સમભાવ નિર્ગ્રંથદશા વીતરાગ હૈ. આહા..હા..! સમજમેં આયા?

**'વો હી પરિગ્રહકે ઉપર રાગ-દ્વેષ નહીં કરતા હૈ. યહાં પર ઐસા વ્યાખ્યાન નિર્ગ્રંથ મુનિકો શોભા દેતા હૈ,...'** સમ્યગ્દૃષ્ટિ અથવા ગૃહસ્થાશ્રમમેં શ્રાવક હૈ ઉસકો સમ્યગ્દર્શન હો, પરંતુ વહ વિકલ્પ પુણ્યકે ઉઠતે હૈ ઉસકો છોડકર સ્થિર ન હો, તબ નિર્ગ્રંથદશા નહીં હૈ. તો યહ નિર્ગ્રંથદશા ગૃહસ્થાશ્રમમેં હોતી નહીં. મુનિપના અંતરદશામેં આનંદમેં રમતા હૈ, અતીન્દ્રિય આનંદમેં ઔર સમભાવમેં વિષમભાવ છોડકર રમતા હૈ ઉસકો વહ વ્યાખ્યાન શોભતા હૈ. ક્યા કહા? હૈ પાઠમેં હૈ દેખો. **'न च सपरिग्रहस्येति'** સમ્યગ્દૃષ્ટિકો ભી યહ વ્યાખ્યાન નહીં શોભતા. ક્યોંકિ સમ્યગ્દૃષ્ટિ અભી નિર્ગ્રંથદશામેં નહીં હૈ. સમજમેં આયા? નિર્ગ્રંથ અર્થાત્? શુભ-અશુભભાવકા અભાવ નહીં હૈ. શુભ-અશુભભાવકા દૃષ્ટિમેં અભાવ હૈ, આદર નહીં, લાભ નહીં. પરંતુ અસ્થિરતાકા અભાવ નહીં (હુઆ હૈ). વો શુભ-અશુભ વિકલ્પ જો વ્રત-અવ્રતકા હૈ દોનોં વિષમભાવ હૈ. દોનોં વિષમભાવ છોડકર સ્વરૂપમેં રમતા હૈ નિર્ગ્રંથભાવમેં ઉસકો યહ વ્યાખ્યાન શોભતા હૈ નામ ઉસકી સ્થિતિકા વર્ણન હૈ. પરિગ્રહવંતકો વહ વ્યાખ્યાનકી સ્થિતિ હૈ નહીં. સમજમેં આયા? ભારે વાતું આકરી ભાઈ!

પુણ્યની વ્યાખ્યા આજે બહુ લખાણ આવ્યું છે ખૂબ. ખૂબ લખ્યાલખ કરે છે હોં. એલા! પુણ્ય તો ચૌદમે ગુણસ્થાને છેડે અંતે જાય. પહેલેથી તમારે છોડાવવું (છે), શું કરવું છે આ?

સાંભળ તો ખરો. અરે! ભાઈ! હજી પુણ્યના ભાવનું અસ્થિરપણું છૂટે, પહેલા નહીં છૂટે. પણ પુણ્યભાવ આદરણીય હૈ, લાભ હૈ ઐસી માન્યતા તો મિથ્યાદષ્ટિ અજૈન હૈ, જૈન હૈ હી નહીં. ઉસકો જૈન કહતે હી નહીં. સમજમેં આયા?

સંકલ્પ-વિકલ્પસે રહિત. શુભ-અશુભ રાગ આત્મસ્વભાવમેં હૈ નહીં ઐસી પહલી દૃષ્ટિ કરના. સમ્યગ્દર્શન બિના ઉસકા જ્ઞાન ઔર ચારિત્ર સબ વ્યર્થ હૈ. એકડા વિનાના મીંડા-શૂન્ય હૈ. ઔર સમ્યગ્દર્શન પીછે અવ્રતકા ભાવ હૈ વહ વિષમભાવ ભી છોડકર, ઈતના રાગ છોડકર જરી વ્રતકા વિકલ્પ આયા તો જિતના રાગ છૂટા ઉતના સમભાવ હૈ. વિકલ્પ ઉઠતા હૈ ઈતના વિષમભાવ હૈ. પંચ મહાવ્રત સાધુકા, અઠ્ઠાઈસ મૂલગુણ વહ વિષમભાવ હૈ, રાગભાવ હૈ, કષાયભાવ હૈ. ઉસકો છોડકર સ્વરૂપમેં નિર્ગ્રંથદશામેં રમતા હૈ ઉસકા નામ ઉપશમભાવ ઔર સમભાવ કહનેમેં આતા હૈ. સામ્યભાવ કહો, શુદ્ધ ઉપયોગ કહો, ચારિત્રવંત કહો, નિર્ગ્રંથદશા કહો, મોક્ષનું સાક્ષાત્ કારણ કહો. કહો, નેમિદાસભાઈ! ઓહો..હો..! ભારે ભાઈ!

'**આગે વિષયોંકે ઊપર વીતરાગતા દિખલાતે હૈં**—' એ પરિગ્રહ ઉપર બતાવ્યું પહેલું. હવે વિષયોની. ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને વિષયનો પ્રેમ નથી. પ્રેમ એટલે? વિષયકે ભોગમેં સુખબુદ્ધિ નહીં. સમ્યગ્દષ્ટિને વિષયના રાગનો ત્યાગ નથી, પણ વિષયનો રાગ થાય તેમાં સુખબુદ્ધિનો ત્યાગ છે. સમજમેં આયા? સમ્યગ્દષ્ટિકો શુભ-અશુભભાવ, ભોગભાવ ઉત્પન્ન હોતા હૈ, પરંતુ ઉસમેં સુખબુદ્ધિકા ત્યાગ હૈ. ઉસમેં સુખ હૈ ઐસા માનતા નહીં. તો માન્યતા નહીં સુખબુદ્ધિકી ઈતની સમ્યક્-દૃષ્ટિ ઔર સમભાવ હૈ, પરંતુ જિતના ભાવ ઉત્પન્ન હોતા હૈ વિષયકા ઈતના વિષમભાવ હૈ. ઉસ વિષમભાવકા અભાવ હોકર મુનિકો વીતરાગભાવ અંતર પરિણતિ હોતી હૈ ઉસકો સમભાવ કહનેમેં આતા હૈ. વહ બાત ચલતી હૈ. ઓહો..હો..! સમજમેં આયા?

૫૦.

**१७७) विसयहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ।**
**विसयहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ।।५०।।**

એ ચાર ગાથાની એવી શૈલી છે આખી. સમજાણું? '**देहहँ जेण वियाणियउ, बंधहं हेउ वियाणियउ**' એમ કરીને વ્રતનો ભાવ પણ બંધ છે એમ સિદ્ધ કરી દેશે. આહા..હા..! જગતને કઠણ (પડે). હજી શ્રદ્ધા કરવી સાચી એને કઠણ. મુનિપના તો કહાં રહ ગયા.

કહતે હૈં, '**મહામુનિ પાંચ ઈન્દ્રિયોંકે સ્પર્શાદિ વિષયોં પર રાગ ઔર દ્વેષ નહીં કરતા,...**' દેખો! મિથ્યાદષ્ટિકો વિષયભોગમેં વિકલ્પ ઉઠતે હૈં ઉસકી ઉસમેં સુખબુદ્ધિ હૈ. ઉસ કારણસે વહ મિથ્યાદષ્ટિ હૈ. વિષય-ભોગકા રાગ ઉત્પન્ન હોતા હૈ ઉસમેં સુખબુદ્ધિ હૈ

ઉસ કારણસે મિથ્યાદૃષ્ટિ હૈ. સમ્યગ્દૃષ્ટિકો વિષયકા રાગ હૈ, સુખબુદ્ધિ નહીં. સુખબુદ્ધિ આત્મામેં આનંદ હૈ ઐસા ભાન હૈ. તો ઉસકો સમ્યગ્દર્શન હૈ, પરંતુ વિષયકા ભાવકા અભાવ નહીં હૈ તો ઇતના સમભાવ નહીં હૈ. મુનિકો તો વિષયકા વિકલ્પ જો હૈ ઉસકા અભાવ હૈ. સમજમેં આયા? અંતરકી બાત હૈ હોં. બાહરકા વિષય છૂટા વહ વિષય નહીં. બાહરકા તો અનંતબાર છોડા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવયક ઉપજાયો.' આતા હૈ ભૈયા! વહ દોલતરામમેં આતા હૈ. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના લેશ સુખ ન પાયો.' આત્માના ભાન વિના અનંતવાર મુનિપના બાહરના લિયા, ક્રિયાકાંડ કિયા, વ્રત લિયા, મહાવ્રત લિયા પણ વહ કોઈ ધર્મ નહિ, વહ તો શુભરાગ હૈ મિથ્યાત્વસહિતકા. આહા..હા..! સમજમેં આયા?

અહીં ભગવાન યોગીન્દ્રદેવ નગ્ન-દિગંબર મુનિ સંત જંગલમેં રહનેવાલે, ૫૦મેં કહતે હૈં **'પાંચ ઇન્દ્રિયોંકે સ્પર્શાદિ વિષયોં પર રાગ ઔર દ્વેષ નહીં કરતા,...'** દેખો! મનોજ્ઞ શબ્દ, રૂપ, રસ, ગંધમેં રાગ નહીં ઔર અમનોજ્ઞમેં દ્વેષ નહીં. સમ્યગ્દૃષ્ટિકો વિષયભોગ (હોતા હૈ). દેખો! ચક્રવર્તી ભરતકો ભી છન્નું હજાર સ્ત્રી થી. લેકિન સ્ત્રી ઔર સ્ત્રીકે પ્રતિકા રાગ ઉસમેં સુખબુદ્ધિ નહીં થી. સુખબુદ્ધિ આત્મામેં આનંદબુદ્ધિ થી. તો આનંદબુદ્ધિ થી ઇતના સમ્યગ્દર્શન નામ સમભાવ ઉસકા થા, પરંતુ જિતના વિષયકા રાગ થા ઇતના વિષમભાવ થા. ઔર ઉસ વિષયકા અંશે રાગકા ત્યાગ આત્માકા ભાન સહિત હાં, સમ્યગ્દર્શનસહિત અંશે રાગકા અભાવ વો સમભાવ, વો પંચમગુણસ્થાન શ્રાવકકા. ઉસસે અવ્રતકા સર્વથા ત્યાગ કર વ્રતકા વિકલ્પ ઉઠતા હૈ, દૂસરા જિતના સમભાવ ઉત્પન્ન હુઆ, અવ્રતકા સર્વથા અભાવ હોકર ઇતના નિર્વિકલ્પ સમભાવ હૈ. વ્રતકા વિકલ્પ ઉઠતા હૈ ઇતના વિષમભાવ હૈ. ઇસકા ભી અભાવ કરકે, વિષયકા ઉતના અભાવ કરકે ઠહર ગયે ઉસકા નામ નિર્ગ્રંથ મુનિ, સમભાવ, ઉપશમભાવ કહતે હૈ. ઓહો..હો..! કહો, સમજાય છે કાંઈ? વીતરાગતાની વ્યાખ્યા આ બધી આવી છે—ઐસી હૈ. ચૌથા, પાંચવા, છઠ્ઠા, સાતવાં (ગુણસ્થાનમેં) જિતને અંશે સ્વરૂપકા અનુભવ દૃષ્ટિ હુઈ ઔર અંતરમેં આનંદકા વેદન હુઆ, ઇતને અંશે સમભાવ ઔર સમ્યગ્દૃષ્ટિ હૈ. વિશેષ રાગરહિત સ્થિરતા હુઈ તો ઉતની સમ્યગ્દૃષ્ટિસહિત સમભાવ હૈ, વિશેષ અવ્રતરહિત હોકર વ્રતકે વિકલ્પમેં આયા ઇતના વિષમ હૈ, પરંતુ જિતના કષાય ઘટ ગયા ઇતના સમભાવ હૈ. છોટાભાઈ! ભારે વાત ભાઈ! અહીંયા તો વ્રતના પરિણામને જ ધર્મ માની લીધો.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિના વ્રત.

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિના વ્રત. દૃષ્ટિની ખબર જ ક્યાં છે હજી? પ્રતિજ્ઞા લી બાહરસે તો વ્રત હો ગયા. મૂઢ હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા? જિસકો શુભ-અશુભરાગમેં ભી સમભાવ

નહીં, શુભ ઠીક ઔર અશુભ અઠીક હૈ વો વિષમભાવ હૈ, મિથ્યાત્વભાવ હૈ. આહા..હા..! કહો ચંદુભાઈ! શું હશે આમાં? સમભાવની વ્યાખ્યા ઘણા પ્રકારની છે. એક સમભાવ સમ્યદર્શનના ગુણસ્થાનની હદનો, એક સમભાવ પંચમગુણસ્થાનની મર્યાદાનો, એક સમભાવ છઠ્ઠા ગુણસ્થાનનો અને એક સમભાવ સાતમા ગુણસ્થાનનો. અહીં નિર્ગ્રંથદશા સાતમા ગુણસ્થાનના ઉપયોગના સમભાવની વ્યાખ્યા કરે છે. સમજમેં આયા?

જિસકો પહલેસે હી શુભ-અશુભભાવ મુઝે લાભદાયક હૈ ઔર દેહકી ક્રિયા મૈં કર સકતા હૂં ઔર મૈં કર્તા હૂં દેહકી ક્રિયાકા, વો તો વિષમભાવ મિથ્યાત્વભાવ પડા હૈ. ઉસકો તો સમ્યગ્દર્શનરૂપી સમભાવ નહીં. અથવા જિસકો વિષય પરિણામમેં ઔર પરિગ્રહ પરિણામમેં સુખબુદ્ધિ હૈ વો મિથ્યાત્વ હૈ. અભિલાષ હૈ ઐસા કહા ન? વિષયમેં અભિલાષ મૂલમેં ઐસા કહા હૈ ન. મોક્ષમાર્ગ પ્રકાશકમેં. અંદર અભિલાષ (હૈ). સ્વરૂપકી દૃષ્ટિ નહીં હૈ, પહલે રાગસે રહિત મેરા આત્મા શુદ્ધ હૈ ઉસકી તો દૃષ્ટિ હુઈ નહીં તો ઉસકો વિષય અભિલાષા છૂટતી નહીં. સ્વવિષય તો પકડા નહીં. પુણ્ય-પાપ ઔર વિકલ્પસે રહિત અપની ચીજ નિર્વિકલ્પ દૃષ્ટિમેં તો આયી નહીં તો ઉસકી અભિલાષા વિષયકી છૂટી નહીં. ભલે બાહરસે વિષય ન સેવતા હો. પરંતુ અભ્યંતરમેં સ્વવિષયકો પકડા નહીં પુણ્ય-પાપરહિત નિર્ગ્રંથ હોકર તો ઉસકો અભિલાષા બાહરકી છૂટી નહીં. છૂટી હી નહીં હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ફેર છેને. જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ઘણા ફેર છેને સમભાવમાં. અહીં સમભાવ ઉત્કૃષ્ટ સાતમા ગુણસ્થાનની વાત લીધી છે. સમ્યગ્દર્શનના સમભાવમાં એટલું કીધુંને. શુભ-અશુભભાવ મેરા નહીં, મૈં એકલા જ્ઞાયકસ્વભાવ ચિદાનંદ આત્મસ્વભાવ હૂં, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ (હૂં) ઈતના સમભાવ પ્રગટા હૈ. પરંતુ અભી શુભ-અશુભભાવ તો હૈ, વિષયકા ભાવ હૈ, ભોગકા ભાવ હૈ, પરિગ્રહકી આસક્તિકા ભાવ હૈ ઈતના વિષમભાવ હૈ. પંચમ ગુણસ્થાનમેં આગે ગયા, જિતની સ્વરૂપમેં સ્થિરતા હુઈ શાંતિ અવિકારી પરિણતિ ઈતના સમભાવ હૈ. જિતના ઉસકો ભી વ્રતકા ભાવ રહ ગયા, થોડા અવ્રત હૈ ઔર થોડા વ્રત હૈ વો ભી વિષમભાવ હૈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પ્રકાર નહિ, માત્રામાં ફેર છે. સમભાવનો પ્રકાર ફેર છેને. થોડો સમભાવ, વિશેષ સમભાવ ફેર છેને એનો ઘણો? અહીં ચારિત્ર અપેક્ષાનો સમભાવ વર્ણવવો છે. ઓલો સમ્યગ્દર્શનનો સમભાવ. સમજમેં આયા?

અહીંયા તો નિર્ગ્રંથદશાનું વર્ણન કરે છે. સાધુ કૈસા હોતા હૈ? ઉસકો સાધુ કહતે હૈં, દૂસરેકો સાધુ કહતે નહીં. જૈનના સાધુ એટલે વીતરાગી સાધુ અર્થાત્ જિસકા વિકલ્પ ઉઠતે

પુણ્ય-દયા-વ્રતકા ઉસકો ભી છોડકર સ્વરૂપમેં ઠહરતે હૈ નિર્ગ્રંથભાવમેં, ઉસકો જૈનકા સાધુ કહતે હૈ. સમજમેં આયા? બાહ્યમેં પરિગ્રહ કુછ હૈ હી નહીં. વસ્ત્ર-પાત્ર આદિ હૈ નહીં, અંદરમેં રાગાદિ હૈ નહીં. અંતર આનંદકંદમેં ઝૂલતે હૈ અતીન્દ્રિય આનંદમેં ઉસકો સમભાવ કહો, ઉપશમભાવ કહો, નિર્ગ્રંથભાવ કહો યા ચારિત્રભાવ કહો. સમજમેં આયા? અહીં તો ઓલા વ્રતના ભાવ છે એ બંધભાવ છે એમ સિદ્ધ કરશે. ૧૫૨ ગાથામાં. વ્રતકા ભાવ હૈ પંચ મહાવ્રત વો બંધભાવ હૈ. અબંધભાવ નહીં, નિર્ગ્રંથભાવ નહીં, મુનિમાર્ગ નહીં, ચારિત્ર નહીં.

પરમાત્મપ્રકાશ હૈ ન. ભગવાન આત્મા વતીરાગી સમભાવીસ્વરૂપ ઉસસે વિરુદ્ધ જિતના વિકલ્પ ઉઠતે હૈ વહ સબ દોષસ્વરૂપ, વિકારસ્વરૂપ હૈ. ઉસકી દૃષ્ટિ હટાકર સ્વભાવકી દૃષ્ટિ, નિર્દોષ સ્વભાવકી દૃષ્ટિ હુઈ ઈતની સમ્યક્ સ્વભાવકી દૃષ્ટિ, સમતાકી દૃષ્ટિ હુઈ. વીતરાગભાવ ધર્મ હૈ ઐસી પ્રતીત હુઈ. વીતરાગભાવ ધર્મ હૈ ઐસી પ્રતીત હુઈ. વીતરાગભાવ વિશેષ પ્રગટ હુઆ નહીં. રાગભાવ ધર્મ હૈ ઐસી દૃષ્ટિ ઉઠ ગયી. સમજમેં આયા? શુભરાગ હો દયાકા, દાનકા, વ્રતકા, ભક્તિ, પૂજા કામકા, વો રાગ ધર્મ હૈ ઐસી દૃષ્ટિ ઉઠ ગયી. ઈતના વીતરાગી સમભાવ હુઆ સમ્યગ્દૃષ્ટિકો. પણ વહ રાગ હજી બાકી હૈ પૂજા, ભક્તિ, દાન આદિકા વિકલ્પ. ઓલામાં આવ્યું નહિ? પંચાસ્તિકાયમાં નહિ? નવ તત્ત્વની રુચિ એ આવ્યુંને? આવેને, પંચાસ્તિકાયમાં આવેને છેલ્લે? ત્યાં સુધી હજી પરસમય છે. નવ તત્ત્વકા વિકલ્પ ઉઠે શ્રદ્ધાકા, તીર્થંકરકી રુચિકા, તબ તક વિષમભાવ હૈ, ઈતના વિકલ્પ હૈ, ઈતના પરસમય હૈ, ઈતના અચારિત્ર હૈ, દોષ હૈ. વીતરાગ માર્ગ સમજના લોગોંકો (કઠિન હૈ). બાહરકી દૃષ્ટિસે મના લે, માન લે કિ હમ ત્યાગી હો ગયા, હમ મુનિ હો ગયે. અબ હમ ધર્મી હો ગયે. મુનિ હો તો ધર્મી હો ન સમકિતી. માન લિયા. ઐસા નહીં હૈ, ઐસા હૈ નહીં તીનકાલમેં. યહાં તો આચાર્ય કહતે હૈ. જિસકો પહલે સમ્યગ્દર્શન હુઆ હો પીછે રાગકા અભાવ હોકર સ્વરૂપમેં રમતે હો, આનંદમેં રમતે હો ઉસકા નામ મુનિ ઔર નિર્ગ્રંથપના હૈ. ઉસકો બાહ્ય દશા નિર્ગ્રંથ નગ્ન હો જાતી હૈ. નગ્ન હો જાતી હૈ. બાહ્ય પરિગ્રહકા લક્ષ છૂટ જાતા હૈ. સમજમેં આયા?

દેખો, '**મનોજ્ઞ વિષયોં પર રાગ નહીં કરતા ઔર અનિષ્ટ વિષયોં પર દ્વેષ નહીં કરતા;...**' સમ્યગ્દૃષ્ટિકો યહ અનુકૂલ હૈ ઈસલિયે રાગ હોતા હૈ ઐસા નહીં હૈ, પરંતુ રાગ હોતા હૈ આસક્તિકા. પ્રતિકૂલ હૈ તો દ્વેષ હોતા હૈ તો ઐસા નહીં. પરંતુ દ્વેષ હોતા હૈ. ઈતના સમભાવ નહીં, વિષમભાવ હૈ. મુનિકો ઈષ્ટ-અનિષ્ટકે કારણ તો રાગ-દ્વેષ નહીં પરંતુ આસક્તિકે કારણ ભી રાગ-દ્વેષ નહીં. ઓહો..હો..! સમજમેં આયા? '**જિનસે અપના સ્વભાવ વિષયોંસે જુદા સમજ લિયા હૈ.**' દેખો! વહ પરિગ્રહ સે ભિન્ન થા, યહ ગ્રંથ સે. ભગવાન આત્મા પાંચ ઈન્દ્રિયના શુભ-અશુભ વિષયો ઉસ તરફસે જિસને આત્માકો હટા લિયા હૈ

ઔર અપના આત્મા તદ્દન ભિન્ન હૈ ઐસા આનંદ અનાકુલ શાંતરસસે પરિણમિત આત્મા ઐસા જિસને જાન લિયા હૈ. **'ઈસલિયે વીતરાગદશા ધારણ કર લી હૈ.'** દેખો! આહા..હા..! ઉસમેં સામ્યભાવ, સ્વાસ્થ્યભાવ. સ્વાસ્થ્ય અપનેમેં સ્વ-સ્થ—અપનેમેં રહા હૈ. જિતના વ્રતાદિકા વિકલ્પ હૈ ઈતના સ્વસ્થમેં નહીં હૈ, વો નિરોગતા નહીં હૈ વો રોગ હૈ. લોકો નથી કહેતા સ્વાસ્થ્ય હૈ આપકો? પૂછે છે કે નહિ? અહીં કહે છે કે આપકો સ્વાસ્થ હૈ? વિકલ્પસે રહિત નિર્ગ્રંથમેં ઠહરા હૈ ઉસકા નામ સ્વાસ્થ હૈ. ઓહો..હો..! બહુ આ તો... જુઓ.

**'ભાવાર્થ :- દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ઔર ઈન દોનોંસે ગ્રહણ કરને યોગ્ય દેખે સુને અનુભવ કિયે જો રૂપાદિ વિષય હૈં,...'** જે **'इंदिये जिणिता'** એ લીધું. સમજમેં આયા? વિષયોંકો જિતા કિસકો કહતે હૈ? કિ દ્રવ્ય ઈન્દ્રિય યહ જડ પાંચ, ભાવેન્દ્રિય અંદર એક-એક વિષયકો ગ્રહણ કરનેવાલી ખંડ ખંડ ઈન્દ્રિય. સમજે? **'દેખે સુને અનુભવ કિયે જો રૂપાદિ વિષય હૈં,...'** તીન બાત લી. યહ જડ ઈન્દ્રિય માટી હૈ, ભાવેન્દ્રિય એક-એક વિષયકો ગ્રહણ કરનેવાલી ખંડ ખંડ ઈન્દ્રિય ઔર ઉસે દેખે, સુને, ભોગે. પાંચો આ ગયે. દેખે હુએ, સુને હુએ ઔર ભોગે હુએ, યે પાંચોં ઈન્દ્રિયોંકે વિષય કા વિકલ્પ. **'ઉનકો મન, વચન, કાય...'** મનસે, વચનસે, કાયસે. મનસે ભી શુભવિકલ્પ નહીં. મનોજ્ઞ વિષય નામ વાણી ભી મનોજ્ઞ વિષય હૈ. શબ્દકા વિકલ્પ હૈ ઉસકા વહ વિષય મનોજ્ઞ વાણી. ઓહો..હો..! ઉસસે ભી હટાકર, મનસે ભી વિકલ્પકો હટાકર. વાણી પ્રશસ્ત યા ભગવાનકી પ્રતિમા વહ ભી... અરે ભગવાન! ભારે ભાઈ! વહ ભી વિષય હૈ. શુભરાગકા વહ વિષય હૈ. મનોજ્ઞ વિષય હૈ. અમનોજ્ઞ—સ્ત્રી, ભોગાદિ આદિ બાહર અમનોજ્ઞ વિષય.... સબકો મન, વચન ઔર કાયાસે.

**'કૃત, કારિત અનુમોદનાસે છોડકર...'** ઓહો..હો..! વીતરાગસ્વભાવ વિષયો અર્થાત્ ઈસ તરફકે વિષયમેં આ ગયા તો વહ વિષય સબ છૂટ ગયા ઐસા કહતે હૈ. અપના વિષય ચૈતન્યમૂર્તિ ઈતના પકડ લિયા કિ દૃષ્ટિ ઉપરાંત સમભાવમેં ઈતના નિર્ગ્રંથભાવમેં હુઆ કિ બાહરકા શુભાશુભ વિષય, ઉસકા વિકલ્પ, વિષય ઔર ભાવેન્દ્રિયકા ખંડ-ખંડ સબ વિષય હૈ, વહ સબ છૂટ ગયા. ઝીણી વાત છે, ભાઈ! દેખો વિષયમાં ત્રણ નાખ્યું ભાઈ! **'जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं'** ટીકા પણ... આહા..હા..! સમજમેં આયા?

ભગવાન આત્મા અપના નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ ઉસકી દૃષ્ટિ, જ્ઞાનમેં રમતે હૈ ઉસકો મન, વચન, કાયાસે, કૃત, કારિત અનુમોદનાસે પર તરફકા શુભાશુભ વિકલ્પકા અભાવ હો જાતા હૈ. ઉસકા નામ વિષયકા ત્યાગ કહનેમેં આતા હૈ ઔર અપને વિષયમેં સ્થિર હોના, અપની દૃષ્ટિ અપનેમેં હોકર સ્થિર હોના, પર વિષયકા અભાવ હોના. સમજમેં આયા? **'નિજ શુદ્ધાત્માકી**

**ભાવનાસે ઉત્પન્ન...**' દેખો! જુઓ આવ્યું આમાં જુઓ. '**भावनासमुत्पन्नवीतरागपरमानन्द**' એય..! આજે જ આવ્યું. ઓલું કાલે ભાવનામાં હતુંને. '**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...**' આ ભાવના કરવાથી ઉત્પન્ન થયેલો હશે વીતરાગ પરમાનંદ અતીન્દ્રિય સુખ? ભાઈ! એમકે પાંચમે ગુણસ્થાને શુદ્ધ ઉપયોગની ભાવના હોય છે. ભાવના એટલે ભાવે. વસ્તુ નહિ, શુદ્ધોપયોગ નહિ. તો યહાં ભાવનાકા અર્થ ક્યા કિયા? દેખો!

નિજ શુદ્ધાત્મા ભગવાન આત્મા અનાકુલ આનંદકા પિંડ શિલા પ્રભુ, અનાકુલ શાંતકી શિલા અંતર અનુભવમેં આયા હૈ ઉસકી ભાવના—ઉસકી એકાગ્રતાસે ઉત્પન્ન '**વીતરાગ પરમાનંદરૂપ અતીન્દ્રિયસુખકે રસકે આસ્વાદનસે તૃપ્ત હોકર...**' દેખો! આત્માકા અતીન્દ્રિય આનંદકી દૃષ્ટિ તો પહલે હુઈ થી પણ યહાં વિશેષ વિકલ્પ શુભાશુભકો છોડકર આત્માકે અતીન્દ્રિય આનંદમેં તૃપ્ત... તૃપ્ત.. તૃપ્ત... તૃપ્ત... હુઆ, આસ્વાદસે તૃપ્ત હો ગયા. '**હોકર વિષયોંસે ભિન્ન અપને આત્માકો જો મુનિ અનુભવતા હૈ,...**' ત્યારે જુદો જાણ્યો કહેવાય. તબ મુનિપના કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

યહાં ક્યા કહતે હૈં? કિ આત્મા અપની સ્વદૃષ્ટિસે નિજ શુદ્ધાત્માકો અનુભવે ઉસકે ઉપરાંત અપને વિષયમેં ઈતના સ્થિર હુઆ કિ અપની એકાગ્રતાસે વીતરાગ પરમાનંદમેં તૃપ્ત-તૃપ્ત, અતીન્દ્રિય આનંદમેં અનુભવમેં તૃપ્ત (હો ગયા). ઉસકા વિષયકા અભાવ હો ગયા. ઉસકા નામ ઉપશમભાવ ઔર મુનિપના હૈ. સમજમેં આયા? બહુ વાતું જાણે મોટી લાગે હોં. કેટલાકને જાણે આ તે ક્યાંની હશે? આ તો હજી મુનિની વાત ચાલે છે. જૈન વીતરાગ સંતો કૈસે હૈં ઉસકી બાત ચલતી હૈ. સુના નહીં, બાહરમેં...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ વિષય-કષાયમાં તૃપ્ત નથી? પાંચ છોકરા હોય, ચાર છોકરા હોય ને સરખા હોય ને પરણેલા હોય અને આમ બધા છોકરા બેઠા હોય, પોતે બેઠો હોય, નીચે બે-ત્રણ વહુરોઓ બેઠી હોય અને ખાઈને પડ્યો હોય, પાપડ-બાપડ ખાધા હોય સરખા. મેસુબને ખાધો હોય અને પછી બેઠો હોય, તૃપ્ત બેઠો હોય કે નહિ આમ? મીણો ચડી ગયો જાણે અભિમાનનો.

મુમુક્ષુ :- એ તો સમજાય છે.

ઉત્તર :- બસ ત્યારે, એનાથી વિરુદ્ધ આ. ઐસા તૃપ્ત-તૃપ્ત હૈ. ગુલાંટ ખાકર ઈસમેં તૃપ્ત-તૃપ્ત હૈ. ઈસલિયે તો દૃષ્ટાંત હૈ.

મુમુક્ષુ :- ત્યાં શું દેખાય છે?

ઉત્તર :- આ વિકાર દેખાય છે, ત્યાં અવિકારી (દેખાય છે). ધર્મચંદજી! આહા..હા..! પાંચ-પચાસ લાખની પૂંજી હો, પાંચ લાખ ખર્ચના હો ઔર દીકરાના લગન હો અને છેલ્લાપહેલા

હોયને ઓહો..હો.. બેઠો હોય ને બેન્ડવાજા ત્રણ-ચાર લાવ્યા હોયને. આહા..હા..! મરી ગયો જાણે તૃપ્તિમાં.

મુમુક્ષુ :- એમાં તો અનુભવ થાય છે.

ઉત્તર :- હા, તો બસ એ તૃપ્તિ વિકારકી હૈ, પરકી નહીં હૈ. બસ વહ વિકાર હૈ વહ દોષ હૈ. ઉસસે રહિત ભગવાન આત્મા નિર્દોષકો વિષય બનાકર અંદર આત્મા, (પહલે) આકુલતામેં તૃપ્ત થા, અબ નિરાકુલ આનંદમેં તૃપ્ત ઉસકા નામ આસ્વાદ કહનેમેં આતા હૈ. સમજાણું કે નહિ? છ-સાત ભાઈઓ બેઠા હોય અને અંદર બધી વાતું કરતા હોય ને આમ સરખાઈનું હોય. એના બાપો મરી ગયો હોય પણ એ વખતે બેઠા હોય. આહા..હા..! એમાં કાંઈક કમાણીનું વર્ષ હોય સરખું બધાયને. ભીખાભાઈ! તમારે તો એકલા છે તો શું, પણ ઓલા ઝાઝા હોયને બધું સરખું હોયને પછી આમ આમ... ઓહો..હો..!

ઓલા રાજા કાઠી હતાને ભાઈ, આ જસદણના દરબાર. બેઠા હતા.. બેઠા હતાને બીજા? .. અમે અપાસરામાં હતા તો ત્યાં નીકળ્યા હતા. આગળ-પાછળ. પણ એ આગળ ચાલે કેવી રીતે? મોઢા આગળ માણસ હાથ નાખીને ચાલે. ચાલવાની શક્તિ બધી. પણ રાજા માણસ ચાલે એકલા? કે હાથને વળી આમ આમ કરે. એક મુખ્ય માણસ હતા. એના ઉપર હાથ આમ રાખ્યો. હાથ રાખીને આમ મલકતા ચાલે. કાઠીમાં વળી રાજા.

મુમુક્ષુ :- એના બાપને ...

ઉત્તર :- જુઓ એને ગાદી મળી હતી. એને પછી તો મલાવો આવ્યોને બહુ. અમે જોયા છે નજરે હોં. અપાસરામાં બેઠા હતા ત્યારે નીકળ્યા હતા દરબાર. આમ દેશી સાદા હતા. લૂગડા-બુગડા સાદા બધા સાદા. પણ આમ એક માણસ મોઢા આગળ એના ઉપર હાથ રાખેલો. આમ રોફ-બોફ કાંઈ નહિ. બસ! આમ મલપતા જાણે તૃપ્ત-તૃપ્ત જાણે કાંઈ અમારે તો કોઈ હાથને પણ હલાવાનો નહિ. આમ હાથ રાખે. એ વિચાર તો આવ્યો હતો એ વખતે કે આ ભારે ભાઈ! ચાલવામાં પણ તૃપ્તિ વેદે છે આમ બીજાના વિસામાની. વિસામો દેને હાથ દઈને? સમજાય છે? આમ ચારે કોર નજરું પડતી હોય લોકોને. છોકરા એવા, બાયડી એવી, દીકરી એવી, વહુરુ એવી, મકાન એવા, આબરૂ એવી.. મીણો ચડી જાય ઝેરનો. આહા..હા..!

અહીંયા અંદર ચિદાનંદ ભગવાન અમૃતકા સાગર પડા હૈ આત્મા. અતીન્દ્રિય આનંદકી દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ હુઈ ઔર પીછે જહાં સ્વરૂપમેં લીનતા તૃપ્ત-તૃપ્ત (હુઆ), આહા..હા..! કહે છે, તૃપ્ત હોકર વિકલ્પ છૂટે ઉસકા નામ નિર્ગ્રંથપના હૈ એમ કહતે હૈ. હઠથી વિકલ્પ છૂટે ઐસા હૈ નહીં. સમજમેં આયા? એમ કે વિકલ્પ જાવ ઘટાડો-ઘટાડો. ક્યા ઘટાડે? રાગ ઘટા દો. ક્યાં ઘટાડે? સ્વરૂપકી આનંદકી તૃપ્તિ અંદરમેં પ્રગટ હુએ બિના રાગકા ત્યાગ યથાર્થપને હોતા નહીં. સમજમેં

આયા?

સિદ્ધધામમેં બિરાજતે હૈ મુનિ તો. ઉસકા નામ મુનિ હૈ. અતીન્દ્રિય આનંદમેં મોજ માણતે હો. શાંત, આનંદ... આનંદ... આનંદ... અમૃતકા ઝરણે. કહતે હૈં દેખો ન. **'આસ્વાદનેસે તૃપ્ત હોકર વિષયોંસે ભિન્ન અપને આત્માકો...'** જાનતા હૈ. ઉસકા નામ મુનિ કહતે હૈ ઔર ઉસકા નામ નિર્ગ્રંથ ચારિત્ર, ણમો લોએ સવ્વ સાહુણંમેં આતા હૈ. આહા..હા..! એટલું કુરૂપ કરી નાખ્યું છે વર્તમાન વીતરાગ માર્ગને અને લોકો બિચારા સાધારણ બુદ્ધિ. ક્યા વીતરાગ માર્ગ હૈ ઔર ક્યા મુનિપના ઔર ક્યા સમ્યગ્દર્શન. ફેરફાર-ફેરફાર કર દિયા. ઔર બહુત લોગ ખુશ હો જાતે હૈ, લોગ ખુશ બહુત હોતે હૈ. સ્થૂલ બાતમેં બહુત ખુશ હોતે હૈ. ઈસ બાતમેં સમજે નહીં કિ યે ક્યા કહતે હૈ? ધર્મચંદજી! યે ધર્મકી બાત ચલતી હૈ. દેખો!

**'આત્માકો જો મુનિ અનુભવતા હૈ, વો હી વિષયોંમેં રાગ-દ્વેષ નહીં કરતા હૈ.'** ઉસકો વિકલ્પ નહીં ઉઠતે હૈ ઐસા કહતે હૈં. આહા..હા..! સમજમેં આયા? **'યહાં પર તાત્પર્ય યહ હૈ, કિ જો પંચેન્દ્રિયોંકે વિષય-સુખસે નિવૃત્ત હોકર...'** દેખો! સમ્યગ્દષ્ટિકો વિષય સુખમેં વિષય પ્રેમ-રુચિ નહીં હૈ, પરંતુ વિષયભાવ હૈ, છન્નું હજાર સ્ત્રીકા ભોગકા ભાવ હૈ. ઈતના અસમભાવ હૈ. સુખબુદ્ધિ નહીં, આત્મબુદ્ધિ આનંદમેં હૈ. સમજમેં આયા? અતીન્દ્રિય આનંદ હી મેરી ચીજ હૈ ઐસા સમ્યગ્દષ્ટિકો આનંદકી બુદ્ધિ હૈ. ઈતના સમભાવ હૈ. ભોગબુદ્ધિ હૈ ઈતના વિષમભાવ હૈ. યે તો વહ બુદ્ધિ ભી ગઈ, આસક્તિ ગયી. છોડ દિયા. અતીન્દ્રિય આનંદમેં તૃપ્ત હોકર, અતીન્દ્રય સ્વાદ લેકર વિષય છૂટ ગયા ઉસકા નામ વિષય છોડા કહનેમેં આતા હૈ. સમજમેં આયા? એક બાજુ આનંદ આયા નહીં, એક બાજુ વિષમભાવ કૈસે છૂટે? એમ કહતે હૈ.

ઓહો..હો..! યહ પરમાત્મપ્રકાશ હૈ. નિર્ગ્રંથ મુનિને અભી નવસો વર્ષ પહલે બનાયા હૈ. દિગંબર આચાર્ય થે જંગલમેં વસનેવાલે ઐસે મુનિ થે ભાવલિંગી. યહાં કહતે હૈં, ઐસી તૃપ્તદશામેં રમતે થે. આહા..હા..! સમજમેં આયા? ઐસા વિકલ્પ જિસકો વાણી શ્રવણ કરનેકા વિકલ્પ નહીં. સમજમેં આયા? શાસ્ત્રકા તો પહલા વિકલ્પ હૈ વહ છોડ દિયા. પરંતુ વિકલ્પ શ્રવણ કરનેકા વિકલ્પ નહીં. શ્રવણ કરનેકા વિકલ્પ વહ ભી રાગ હૈ. ઈતના વિષમભાવ હૈ. આ વાત તો વીતરાગની સાંભળી જાય નહિ. કાયરના કાળજા કંપી જાય અંદરથી. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ' દેખો! આ શાંતરસ છેને. ઉપશમરસકી વ્યાખ્યા ચલતી હૈ. 'ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' અરરર! આવો માર્ગ હોય? આવો માર્ગ હોય? હવે આવો માર્ગ હોય, સાંભળને. ઈસ માર્ગકી દષ્ટિ હુએ બિના અને ઐસી શાંતિ હુએ બિના સમભાવ હોતા નહીં. સમજમેં આયા?

'**પંચેન્દ્રિયોંકે વિષય-સુખસે નિવૃત્ત હોકર નિજ શુદ્ધ આત્મ-સુખમેં તૃપ્ત હોતા હૈ,...**' દેખો! સમ્યગ્દષ્ટિકો પાંચ ઈન્દ્રિયકે વિષયમેં સુખબુદ્ધિ ટલ ગયી હૈ, પરંતુ આસક્તિ નહીં ટલી હૈ. આસક્તિકા વિકલ્પ છોડકર આત્માકે આનંદમેં તૃપ્ત હોતે હૈ '**ઉસીકો યહ વ્યાખ્યાન શોભા દેતા હૈ,...**' ઉસકો યહ વ્યાખ્યાનકી બાત લાગુ પડતી હૈ એમ કહે છે. શોભા દેતા હૈ એટલે? ઉસકો વહાં પર યહ વ્યાખ્યાન લાગુ પડતા હૈ. લાગુ ક્યા કહતે હૈં સમજે? લાગુ પડતા હૈ. સમજમેં આયા? આહા..હા..! સ્વયં મુનિ હૈ હોં. ભાવલિંગી સંત હૈં, આત્મા આનંદકા સ્વાદ આ ગયા હૈ. સ્વાદકી તૃપ્તિમેં તૃપ્તિમેં બોલનેકા વિકલ્પ આયા હૈ. ફિર ભી કહતે હૈં, ઉસ વિકલ્પકો છોડકર ઠરતે હૈં વહી સમભાવ હૈ વિશેષ. ઉસકા લિખના વો વિકલ્પ હૈ, બંધકા કારણ હૈ. આહા..હા..! પરંતુ ઉસ સમય ભી કહતે હૈં કિ યે વિકલ્પ હૈ વો વિષમભાવ હૈ, ઠરના વહ સમભાવ હૈ. સમજમેં આયા? બહુ વાત ટૂંકી. પરિગ્રહ અને વિષય. હવે રહ્યો દેહ, પછી લેશે વ્રત-અવ્રત. '**વિષયાભિલાષીકો નહીં શોભતા.**' સમ્યગ્દર્શન હોનેપર ભી વિષયકી અભિલાષા હૈ વહાં ઈતના સમભાવ હો સકતા નહીં.

'**આગે સાધુ દેહકે ઊપર ભી રાગ-દ્વેષ નહીં કરતા—**' દેહકી ક્રિયા જડકી પર્યાય-માટીકી હૈ, ધૂલકી. ઉસમેં ઐસે ચલા દે તો ઠીક હૈ ઔર ન ચલા તો ઠીક ઉસકી દૃષ્ટિ હૈ હી નહીં. જડકી પર્યાય હૈ. મેરેસે ચલતા નહીં ઔર મેરેસે વહ રહતી નહીં. માટી જડ હૈ વહ તો. જડકા લક્ષ છોડકર સમિતિસે પ્રવૃત્તિ કરનેકા વિકલ્પ ઉસકો ભી છોડકર, ઉસને દેહ ઉપર રાગ-દ્વેષ છોડા ઉસકો વિષમભાવ ટલકર સમતા હૈ ઉસકો ઉપશમભાવ કહનેમેં આતા હૈ.

**૧૭૮) देहहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ।**
**देहहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ।।५१।।**

લ્યો! '**મહામુનિ મનુષ્યાદિ શરીરકે ઉપર ભી રાગ ઔર દ્વેષકો નહીં કરતા...**' યહ દેહ અચ્છા, નિરોગી હૈ તો દયા પલ સકનેકા ભાવ હૈ ઐસા ભી નહીં હૈ. આહા..હા..! સમજમેં આયા? શરીર આદ્યં ખલુ ધર્મ સાધનં. લોકો માનતે હૈ ન? જૂઠ હૈ કહતે હૈ. દેહ ધર્મકા સાધન હૈ હી નહીં. વહ તો જડ હૈ, માટી હૈ, ધૂલ હૈ. આત્માકા નિર્વિકલ્પ વીતરાગી સ્વભાવકા સાધન ધૂલ હોતી હૈ માટી? યહ તો માટી અજીવતત્ત્વ હૈ. ભીખાભાઈ! દેહકે ઉપર રાગ-દ્વેષ નહીં. '**મહામુનિ મનુષ્યાદિ શરીરકે ઉપર ભી રાગ ઔર દ્વેષકો નહીં કરતા...**' મનુષ્ય શરીર ઠીક રહે ઔર ઉસસે ઈર્યા સમિતિમેં ચલે ઐસા વિકલ્પ ભી જ્ઞાનીકો હોતા નહીં. ઈતના સમભાવમેં ઠરતે હૈ ઉસકો દેહ ઉપર મમતા નહીં હૈ.

'**શુભ શરીરસે રાગ નહીં કરતા,...**' જુઓ! છેને? શુભ શરીરનો અર્થ આમ શરીરની

ક્રિયા સરખી થાયને. એ તો જડકી ક્રિયા હૈ. વહ રાગ નહીં. ઠીક ચલા, દેહમેં અઠીક ક્રિયા હુઈ. વહ તો જડકી હૈ. ઉસકા શુભરાગ ભી ઉસકો નહીં. શુભ શરીરસે રાગ નહીં કરતા ઔર અશુભ શરીર સે દ્વેષ નહીં કરતા. રોગ હો શરીરમેં તો દ્વેષ નહીં, નિરોગતાકે પ્રતિ રાગ નહીં. ઉસકા નામ ચૈતન્યદેહ, ચૈતન્યદેહ, જ્ઞાનશરીર. સમજમેં આયા? ઐસા ભગવાન આત્મા જ્ઞાનરૂપી શરીર ઉસકી દૃષ્ટિ કરકે ઠરતે હૈં ઉસકો યે શરીર (પર) રાગ, શુભદેહ ઉપર રાગ ઔર અશુભ ઉપર દ્વેષ ઐસા હોતા નહીં. યહ શરીર ઠીક હૈ. સમ્યગ્દૃષ્ટિકો થોડા રાગ આતા હૈ. શરીર ઠીક રહે તો ઠીક ઐસા નહીં, પરંતુ આસક્તિકા રાગ આતા હૈ. (યહાં તો) આસક્તિકા રાગ ભી નહીં વો યહાં સમભાવ હૈ. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિકો આત્મામેં પુણ્ય-પાપકા વિકલ્પ એક સરિખા બંધનકા કારણ હૈ ઐસા જાના હૈ. છતાં દેહ પ્રત્યેનો જરી આહાર લેવાની વૃત્તિ ઉઠતી હૈ કિ નહીં? કહતે હૈં કિ વહ રાગ હૈ. દેહસે સંયમ પલેગા, માટે આહાર (લેના) વહ ભી રાગ હૈ. વહ રાગ ભી જ્ઞાનીને છોડ દિયા હૈ ઉપશમભાવમેં, એમ કહતે હૈ યહાં. ઓહો..હો..!

**'અશુભ શરીર સે દ્વેષ નહીં કરતા, જિસને નિજસ્વભાવ દેહસે ભિન્ન જાન લિયા હૈ.'** શરીર કે રજકણે રજકણકી પર્યાય ઉસ તરફકા લક્ષ થા વહ છૂટ ગયા હૈ. લક્ષ થા સમ્યગ્દર્શનમેં લક્ષ થા આસક્તિકા, આશ્રયકા લક્ષ નહીં. આશ્રય સ્વભાવકા હૈ, પણ આસક્તિકા થા વહ આસક્તિ શુભાશુભકી છૂટ ગયી દેહ પ્રત્યેકી. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિકો ઐસા વિકલ્પ આતા કિ ઐસા આહાર લૂં, ઐસા દવા હો, યે વિકલ્પ હૈ ઈતના વિષમભાવ હૈ. સમજમેં આયા? સંયમના નિર્વાહ માટે ભી આહાર લેનેકા વિકલ્પ વો વિષમભાવ હૈ એમ કહતે હૈ. આહા..હા..! યે વિષમભાવ છૂટકર નિર્ગ્રંથ દૃષ્ટિમેં નિર્ગ્રંથદશા પ્રાપ્ત હુઈ ઉસકો દેહકી મમતા છૂટ ગઈ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? **'દેહસે ભિન્ન જાન લિયા હૈ. દેહ તો જડ હૈ, આત્મા ચૈતન્ય હૈ, જડ ચૈતન્યકા ક્યા સંબંધ?'** હૈ? જડ-ચૈતન્યકા ક્યા સંબંધ? યહ અજીવ હૈ વહ ચૈતન્ય ભગવાન હૈ? સંબંધ ક્યા હૈ? મેરા ઔર ઉસકા કુછ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભી નહીં હૈ. ઐસા છોડકર સ્વરૂપમેં ઠરતે હૈ ઉસકો દેહકી મમતા છોડકર ઉપશમભાવ પ્રાપ્ત કિયા ઉસકો નિર્ગ્રંથ મુનિ કહનેમેં આતા હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ વદ ૧૫, શુક્રવાર, તા. ૨૧-૦૧-૧૯૬૬**
**ગાથા-૫૧-૫૨, પ્રવચન-૧૦૪**

પરમાત્મપ્રકાશ બીજો ભાગ ૫૧મી ગાથા ચાલે છે, એનો '**ભાવાર્થ :- ઈન ઈન્દ્રિયોંસે જો સુખ ઉત્પન્ન હુઆ હૈ, વહ દુઃખરૂપ હી હૈ.**' શું કહે છે? જે આ પાંચ ઈન્દ્રિય છે જડ કે એના વિષયો જે છે સંયોગ એના લક્ષે ઉત્પન્ન થયેલી જે કલ્પના, ઈન્દ્રિયોના વિષયોમાં સુખ છે એવી કલ્પના એ દુઃખરૂપ જ છે.

મુમુક્ષુ :- સુખ કે દુઃખ?

ઉત્તર :- એ સુખ માન્યું છે એ દુઃખ છે.

સુખ એ આત્માના આનંદમાં છે. ધર્મી જીવ પાંચ ઈન્દ્રિયના વિષયોમાં સુખ માનતો નથી. સમજાય છે કાંઈ? દેહાદિની વાત છેને અહીંયાં? દેહની વાત છે, દેહમાં ઈન્દ્રિય લીધી. આ દેહમાં સુખ છે એમ જ્ઞાની માનતો નથી, કેમકે દેહ જડ છે. એમાં પાંચ ઈન્દ્રિયો જડ એનું બાહ્યમાં લક્ષ થતાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એને ભોગવવાનો વિકલ્પ એ કાંઈ જડને ભોગવી શકતો નથી આત્મા, પણ એમાં મને સુખ છે એવી માન્યતા એ દુઃખરૂપ મિથ્યાદૃષ્ટિને હોય છે. સમજાય છે કાંઈ?

ધર્મીને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સુખ ભાસતું નથી. કેમકે '**દુઃખરૂપ હી હૈ.**' જુઓ! આ ધર્મદૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની વ્યાખ્યા છે. વિશેષ વાત અહીંયા ઉપશમભાવની (છે). મુનિને આસક્તિનો પણ ત્યાગ છે. એ વિષયની સમ્યગ્દૃષ્ટિને આત્મામાં, ધર્મી જીવને આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એવો પ્રેમ અને રુચિ, દૃષ્ટિ થઈ છે. એને ચક્રવર્તીના રાજ હો કે પ્રતિકૂળ સંયોગ નરકના હો, એના તરફ એની સુખ-દુઃખની બુદ્ધિ એના કારણે એમ નથી. સુખ આત્મામાં છે અને પર તરફના લક્ષમાં જરી વિકલ્પ જે ઉઠે છે એ બધો દુઃખરૂપી વિકલ્પ અને ભાવ છે. જરા એટલે? આત્માનું ભાન છે કે હું આનંદ છું, છતાં જે રાગ ઉઠે છે સમ્યગ્દૃષ્ટિને એ દુઃખરૂપ છે. એ સમ્યગ્દૃષ્ટિને દુઃખરૂપ ભાસે છે, મુનિને એ ભાવ પણ હોતો નથી એટલી અહીં વાત વિશેષ લેવી છે. ઉપશમભાવ અહીં લેવો છેને વધારે? સમજાણું કાંઈ? જુઓ! આ ધર્મીની દૃષ્ટિમાં ધર્મ ક્યાં છે. કહે છે કે પ્રવચનસાર... આધાર આપે છે. કુંદકુંદાચાર્ય મહારાજનો આધાર. '**ઈસકા તાત્પર્ય એસા હૈ,...**' અંદર છે શ્લોક.

सपरं बाधासहिदं विच्छिण्णं विसमं।
ज इंदिएहिं लद्धं तं सुक्खं दुक्खमेव तहा।।

**'ईसका तात्पर्य ऐसा है, कि जो ईन्द्रियोंसे सुख प्राप्त होता है, वह सुख दुःखरूप ही है,...'** ઓહો..હો..! આ છ ખંડના રાજ હોય ચક્રવર્તીના, છન્નું હજાર સ્ત્રીના વૃંદ હોય નજરમાં, પણ એમાં જ્ઞાની સુખ માનતો નથી. કહો, સમજાય છે કાંઈ? આ પૈસામાં કરોડ, બે કરોડ, પાંચ કરોડ, પચ્ચીસ કરોડમાં કેટલું સુખ હશે? એમાં તો સુખ-દુઃખ નથી, પણ એમાં માને છે કે મને આમાં સુખ છે એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીની છે. ધર્મીને એ દૃષ્ટિ હોતી નથી. આહા..હા..! જેને દેહની સાથે એકતાબુદ્ધિ છે એ વિષયના સુખને સુખરૂપ માને છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અમને આ મજા પડે છે. પૈસા, આબરૂ, કીર્તિ તરફ લક્ષ જતાં, શરીર સુવાળું માખણ જેવું આદિ. કહે છે કે ભાઈ! આ તો જર્જરિત માંસના હાડકા અને ચામડા છે.

મુમુક્ષુ :- જર્જરિત છે?

ઉત્તર :- આવ્યું હતું કે નહિ જર્જરિત આવ્યું હતું ક્યાંય? અનુભવપ્રકાશમાં નહોતું આવ્યું? શું કહેવાય આ? આમાં. યોગસાર આજ આવ્યું હતું સવારમાં. આમાં આવ્યું હતું સવારમાં જર્જરિત છે આ તો. નવ દ્વાર સ્રવે છે. પેશાબ, વિષ્ટા, મેલ, નાક, આંખ. આ તો પાયખાનું છે પાયખાનું. મેલને ઝરવાનું પાયખાનું છે આ. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. ધર્મીને આત્માના આનંદમાં ભાસે છે આત્મા. એને આ વિષયમાં કે શરીરમાં સુખ ભાસતું નથી. આહા..હા..! ભારે ભાઈ! કહો, સમજાણું કાંઈ આમાં? એને ધર્મી કહીએ. એમ ધર્મી નહિ બહારથી આ ક્રિયા કર્યા ને વ્રત પાળ્યા ને તપ કર્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય ધર્મ નથી એમાં, કહશે હમણા પછી. ૫૨માં. વ્રત, અવ્રતનો ભાવ બેય વિકલ્પ અને બંધનું કારણ છે. અવ્રત પાપના પરિણામ છે, વ્રત પુણ્યના પરિણામ છે. બેય બંધન છે, બેય ધર્મ નથી અને બેય આત્માના કલ્યાણ માટે નથી. આહા..હા..! નથી ખબર એને ચૈતન્ય તત્ત્વની વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ શું કહે છે અને કેવા તત્ત્વમાં શું સ્વરૂપ છે એની એને ખબર જ નથી. માની બેઠો એમને એમ અમે કાંઈક કરીએ છીએ.

કહે છે કે **'वह सुख दुःखरूप ही है,...'** લાખ જાતની સગવડતા બહારની હોય. સમજાય છે? સ્ત્રી અનુકૂળ હોય, લક્ષ્મી અનુકૂળ હોય, મકાન અનુકૂળ હોય, માથે પંખા પવનના, ધૂળના ફરતા હોય, હીંડોળે હિચકતો હોય સોનાના સાંકળમાં નાખેલા હીંડોળે અને

આમ બેઠા-બેઠા પતરવેલીયા અને શીખંડ ચાટતો હોય. સમજાણું કાંઈ? કહે છે કે એનું જે લક્ષ કરીને વિકલ્પ ઉઠ્યો છે એ દુઃખ જ છે. આહા..હા..! એ દુઃખતત્ત્વને સુખતત્ત્વ માનવું એનું નામ મિથ્યાદષ્ટિપણું, અજ્ઞાનપણું છે. સમજાણું કાંઈ?

એટલે કહે છે '**વહ સુખ દુઃખરૂપ હી હૈ, ક્યોંકિ વહ સુખ પરવસ્તુ હૈ,...**' છે? પરવસ્તુ એટલે વિકલ્પ રાગ છે, એ આત્મવસ્તુ નથી. બહારની સામગ્રી તો પર જ છે, જડ છે, માટી છે. આ શરીર, પૈસા, સ્ત્રી, કુટુંબ આ દેહ એ તો જડ છે. કર્મ અંદર છે એ જડ, માટી, ધૂળ છે. પણ એ પરના લક્ષમાં જે રાગ થયો કે આ ઠીક, એ રાગ પોતે પરવસ્તુ છે, ચૈતન્યની વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**વહ સુખ પરવસ્તુ હૈ, નિજવસ્તુ નહીં હૈ,...**' આહા..હા..! ધર્મદષ્ટિ એટલે કે આત્મદષ્ટિ, આત્મદષ્ટિ એટલે આત્મામાં અતીન્દ્રિય આનંદની દષ્ટિ. ધર્મીને ઈન્દ્રના પદમાં પણ ક્યાંય સુખ ભાસતું નથી. પુણ્યના ફળમાં સુખ નથી ભાસતું એમ કહે છે. તું તો વીતરાગી સમસ્વભાવી ચૈતન્ય છો ભાઈ! આત્મા એને કહીએ કે અરાગી વીતરાગી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ. એ તો સમભાવી આત્મા એને આત્મા કહીએ. એ આત્મામાં આનંદને માનીને જે દષ્ટિ સમ્યક્ પ્રગટે એને સમ્યગ્દર્શન અને સમભાવ કહીએ. વિષમભાવ છે, વિષયના સુખમાં વિકલ્પ થવો એ વિષમભાવ છે. એ કહેશે જુઓ!

'**ક્યોંકિ બાધા સહિત હૈ,...**' એ વિષયસુખ એકરૂપ રહેતા નથી. વિઘ્ન વચ્ચે આવે ચાલ્યા જાય, અસાતાનો ઉદય આવે, ધૂળની સામગ્રી દેખાય, પાંચ પચ્ચીસ લાખ ને બાયડી અનુકૂળ ને જરી અસાતાનો ઉદય આવે (તો) હાય.. હાય..! સમજાણું કાંઈ? બાધા સહિત છે વિઘ્ન એકદમ આવ્યું. ખલાસ. નિર્ધન બાયડી વિનાનો એકલો. સામું કોઈ જોવે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- સામું તો જોવે.

ઉત્તર :- કોઈ સામું ન જોવે. કોણ સામું જોતું હતું? ત્યાં પાપનો ઉદય આવે તો સડે શરીર તો કોઈ સામું ન જોવે. અડશો નહિ એને, ચેપ લાગશે. એય..! સાચી વાત છે? ચેપ લાગશે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા ઘણા બન્યા, અમારે હમણા ઓલું બન્યું હતું. મોટો ભાવસાર હતોને એક ઉમરાળામાં. ગલત કોઢ થઈ ગયેલો. આમ જૈન સ્થાનકવાસી હતો, પણ બિચારાને એકવાર ખવાઈ ગયું માંસ જરીક. માંસ ખવાણું ને એકદમ શરીરમાં કોઢ. હવે વાત કહેવી કોને ઈ? વળી દામનગર આવ્યો હતો તો ખાનગી કહ્યું કે મહારાજ! કોઢ થયો છેને મને. મારાથી

માંસ ખવાઈ ગયું છે. એકદમ કોઢ, એકદમ કોઢ. પછી તો આ શરીર... મોનજી-મોનજી. આપણું પહેલું સમયસાર એને જ મોકલ્યું. આ સમયસાર છપાણું હતુંને. પહેલું-વહેલું એણે માણસનો .. શું કહેવાય? પહેલું વહેલું એણે કહ્યું, મને મહારાજ પહેલું મોકલજો હોં. મારે મરવાની છેલ્લી સ્થિતિ છે. સમયસાર પહેલું ૯૭. ૯૭માં છપાણુંને પહેલું આ? દાડિયો કરે એ શું કહેવાય? ખેપિયો. ખેપિયો કરીને મોકલ્યું હતું અહીં ઉમરાળા, પહેલું સમયસાર. આમ બિચારાને પ્રેમ અને રસ. અરે..! મેં મારું... આ કોને કહેવું કે હું જૈન સ્થાનકવાસી ભાવસાર. મારાથી એકવાર માંસ ખવાઈ ગયું. ખવાણું અને એકદમ ઉપડ્યું શરીરમાં ફાટ્યું બધે રોગ. છેલ્લે તો એને આમ આમ ઈયળું ફરે છે એવું લાગે એને. પીડા... પીડા... પીડા... ઘરના બૈરા છોકરા એની થાળી જુદી. અડે નહિ કોઈ. એવી વ્યાધિ અને એવી પીડા. અમે વહોરવા જતા ત્યાં એ બિચારો એક કોર બેઠો હોય. એ વાત નથી. અહીં તો કહે છે કે એ પ્રતિકૂળતા આવે ત્યાં એને અશાતાનો ઉદય આવતા એને બાધા, વિઘ્ન પડી જાય છે. ધૂળમાં પણ નથી એમાં સુખ, મફતનો હોળી કરીને માન્યું છે. મોહનભાઈ! કેમ હશે? જેચંદભાઈ! આ સગવડતા હોય એને દુઃખ છે એમ કહેવું છે અહીં. અગવડતાને કારણે નહિ, એ તો મૂઢ માને છે મફતનો એમ કહે છે. શું કરે પણ? મૂંઝાઈ ગયા છે. સમજાણું કાંઈ?

કહે છે, બાધા સહિત છે. આમ ઢગલા હોય તો હાય.. હાય.. હવે? ક્ષય થઈ ગયો. કેન્સર થયું છે. દશ લાખ, વીસ લાખ રૂપિયા છેને. કાંઈ નહિ ખવાય. પાણી હળવે હળવે પીજો. એકદમ પીશો તો ત્યાં ઓલું થશે. પાણી લોટો લેશો નહિ, અનાજ લેશો નહિ. જો કણિયો ગરી ગયો અને સડ્યો તો પીડા થાશે. હાય.. હાય..! દવાની ગોળી અટકે. સાંભળ્યું છે? આ કેન્સર થાય ને, ઝીણી ગોળી લે તો ન્યાં અટકી જાય ફટ દઈને કારણ કે કાણું પડી ગયું હોય થોડું. એ લેવા જાય ગળે તો ત્યાં અટકે, અટકે અને સડે. આહા..હા..! એય..! ધર્મચંદજી! એ ડૉકટર-બાકટર શું હાલ નાખતા હશે ત્યાં?

મુમુક્ષુ :- દવા આપે તો થાવું હોય તો થાય.

ઉત્તર :- ધૂળેય થાય નહિ. દવા આપે તો શું થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને પડાવે, ડૉકટરને પડાવે કાણા. આહા..!

ભાઈ! અહીં તો કહે છે કે, અતીન્દ્રિય અખંડ જ્ઞાનનંદ પ્રભુ આત્મા છેને ભાઈ! વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એના જ્ઞાનમાં જોયો કે ભાઈ! તું તો અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા છો, ભાઈ! એની અંતરદષ્ટિ કર, એમાં આનંદ છે એને માન. જો આ વિષયમાં, સુખમાં આનંદ માન્યો, મૂઢ મિથ્યાદષ્ટિ તારી પાપબુદ્ધિ છે. આહા..હા..! તારી તત્ત્વમાં ભૂલ

થઈ. એ દુઃખરૂપ ભાવ આસ્રવ છે એને તું સુખરૂપ માને છો કે આમાં મને સુખ છે. ભારે વાત ભાઈ! આ તો હજી યથાર્થ દષ્ટિનો વિષય શું અને દષ્ટિ વિરુદ્ધ શું એની વાત કરે છે.

'**નિરાબાધ નહીં હૈ,...**' એકરૂપ રહેનારા નથી. અને એકરૂપ રહે તો એની કલ્પના એના તરફનું એકલું દુઃખ જ છે. કેમ હશે આમાં? ફૂલચંદભાઈ! '**નાશકે લિએ હુએ હૈ,...**' નાશ થઈ જાય. હાય.. હાય..! એકલો ટળવળે પછી. અરે..! મારા રળ્યા મને ખવાય નહિ! એમ બોલે પાછા. મેં પાપ કર્યા, મેં આ બધું ભેગું કર્યું, આ બધા ખાય, શેરા ને પૂરીઓ ઉડાવે, મારે કાંઈ નહિ! ધૂળેય કર્યું નથી, સાંભળને હવે. તેં તો વિકાર અને રાગ કર્યો હતો તે દિ'. કર્યું હતું શું? ધૂળ તારાથી મેળવાણી છે આ? પણ મૂઢને તત્ત્વની ખબર ન મળે. શું તત્ત્વ એની મેળે આવ્યા. એની કલ્પના તેં કરી હતી. કાંઈ કર્યું નહોતું તેં. અરે..! અમને ભોગવવાના કાળ આવ્યા. એક જણો એમ કહેતો હતો. બાધા લ્યો બાધા કીધું. કો'કે કીધું. આપણને તો ટેવ નહિ કહેવાની. હું ગયો હતો તો પણ કો'કે કીધું કે મહારાજ આવ્યા છે. કેટલું માણસ જુઓ આમ. તમને પ્રેમ છે મહારાજ ઉપર બહુ બધા કરતા. માટે બાધા લ્યો. એ કહે મેં કીધુંને. ભાઈ! અમને ટાણા આવ્યા અને બાધા શું કરો છો મફતના? ઉંમર ૬૫-૭૦ની થયેલી. છોકરા સારા થયા ને પૈસા-બૈસા ઠીક, પલંગ-બલંગ ઘરે આવેલા. હોળી તે મારા પણ આ! વળી પાછા પોષા ને પડિકમણા કરે એમાં ધર્મ માને. ધૂળમાં પણ ધર્મ નથી તને પોષા, પડિકમણા ધર્મ કેવા? એ તો રાગ છે જરીક શુભભાવ કર્યો હોય તો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- .. કોઈ કહેનાર નથીને.

ઉત્તર :- અહીં ભગવાન તો અનંત કાળથી કહેતા આવે છે તીર્થંકરો. અનંત કાળથી કેવળીઓ પરમાત્મા પરમેશ્વર કહેતા આવે છે અનંત કાળથી. સંતો અનાદિ કાળથી કહેતા આવે છે. .જુઓને આ બે હજાર વર્ષ થયા, આ ૯૦૦ વર્ષ પહેલા. આ કુંદકુંદાચાર્ય.

'**નાશકે લિએ હુએ હૈ, જિસકા નાશ હો જાતા હૈ, બન્ધકા કારણ હૈ,...**' એ બંધનું કારણ છે.. આહા..હા..! ભગવાન તારો સ્વભાવ તો અતીન્દ્રિય આનંદ છેને. તારા આનંદની એક દષ્ટિ કરતા તને આનંદ ઝરે એવો આત્મા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અને આ પરમાં આનંદ ઈન્દ્રાસનમાં પણ માન એ દુઃખનું-બંધનું કારણ છે. આહા..હા..! કહો, એ મકાન, એ કર્યા હોય પાલીશ લાકડા. શું? પોલીશ કહેને? શું કહેવાય ઓલા? દાદરા. ભૂલી જઈએ છીએ તમારા. આમ દાદરા પોલીશ અને એના ઓલા હાથમાં ઝાલવાના ઓલા લાકડા હોય ને લાંબા એ પાલીશ ને સુંવાળું-સુવાળું આમ બધું લાગે ચારે કોર. લૂગડા-બુગડા સુવાળા ને માખણ જેવા ને શરીર માખણ જેવા ને ખાવા-પીવાના માખણ જેવા

આમ માવા ઉડે ને આમ જાણે કે આહા..હા..! કહે છે કે, મૂઢ! તને તેમાં કલ્પના થઈ છે કે સુખ છે, એ બંધનું કારણ છે. આહા..હા..! નેમિદાસભાઈ! આ સાચું હશે આ? આહા..હા..! અરે..! પ્રભુ! અતીન્દ્રિય આનંદથી ભરેલો સ્વભાવ છેને ભાઈ! એ આત્મા છે હોં! એ આત્મામાં એ દુઃખ ન હોય. દુઃખ તો તેં કલ્પના ઊભી કરી છે સુખની એનું નામ દુઃખ છે. ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદથી ભરેલું તત્ત્વ છે. એવા અતીન્દ્રિય આનંદમાં આનંદ ન માનતા આ વિષયસુખમાં આનંદ તેં માન્યો, ભાઈ! એ બંધનું કારણ છે અને એને તું ઠીક માને છો એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ અમે પોષા કરીએ, અપવાસ કરીએ, ફલાણું કરીએ, ઢીંકણું કરીએ એમ માને અને માને કે એ બધું ખાઈએ-પીએ એમાં સુખ છે. મૂઢ છો, મિથ્યાદૃષ્ટિ છો, અપવાસ કેવા ને તપસ્યા કેવી તારે? એય..! આહા..હા..!

**'ઔર વિષમ હૈ.'** એક સરખું રહેતું નથી, એમ. વિષમ એટલે એક સરખું રહે નહિ અને ઘડીકમાં હીણ થઈ જાય, ઓહો..હો..! એક ભવમાં કેટલી વાર કેટલાકને હાલકડોલ થાય છે. થાય કે નહિ? આવે ને જાય, ઘડીકમાં આવે અને ઘડીકમાં જાય. આમ થઈ જાય ઓહો..! ખમ્મા ખમ્મા કરે ત્યાં વળી પાંચ વર્ષ ત્યાં ફરે. અનિત્ય વસ્તુ એટલે વળી ફરી જાય. વળી પાંચ વર્ષે સારું થાય. એમ માને હોં! સારું તો કાંઈ ધૂળેય નથી. સારું થાય એટલે માને છે ને એને. આમ કરોડ રૂપિયા છે ને પાંચ કરોડ થાય ને હાથમાં લાકડી લઈને ચાલતો હતો. એક કરોડ (થયા) ત્યાં લાકડી છોડી દીધી. એવાને જોયા છે નજરે અમે. ઘણા જોયેલા નજરે અમે. જે પહેલા લાકડી લઈને ચાલતા પૈસા ગયા ત્યારે. એમાં પૈસા આવ્યાને લાકડી છોડીને ચાલે, જુવાની આવી જાય અંદર. ગાંડા તે પણ કાંઈ. અહીં બધું અમારે તો ગામ, ઠામ, નામની ખબર હોયને બધી. ગાંડા માણસ છે, આ મૂર્ખા છે, કીધું આ તે. શું થઈ ગયું પણ એમાં ન્યાં? સોનાના કંદોરા હોં! પાછા આમ કેડમાં પાતળા લૂગડા ફર્સ્ટક્લાસ, સોનાના કંદોરા આમ નાખ્યો હોય ઓલો શું કહેવાય? ખેસ ફર્સ્ટક્લાસ. આમ જરીવાળું હોઈએને જરી અહીં કસબવાળું મોઢા આગળ આમ. એય..! ન્યાલભાઈ! આહા..હા..! અમે તો બેઠા હોઈએને અપાસરામાં ત્યારે નીકળે. અરે..રે..! કીધું આ જુઓને! શું સ્થિતિ જીવની? ક્યાં માનીને બેઠો, ક્યાં અટક્યો છે? વીતરાગના માર્ગમાં અમે છીએ અને વીતરાગના ભક્ત છીએ એમ માને. ભગવાનની પૂજા કરવા જાય પાછા આમ હાથમાં કોથળી લઈને. કોથળી હોયને સારી ને એમાં ચોખા ને બદામ ને. પણ એલા શું છે પણ આ? હજી તારી દૃષ્ટિ તો જૂઠી છે આખી.

મુમુક્ષુ :- ભગવાન ભલું કરે.

ઉત્તર :- ભગવાન શું પણ ધૂળ કરે? ભગવાન તો ત્યાં રહ્યો. એ ભગવાન અહીં ક્યાં

ભલુ કરે એવો છે? બીજો ભગવાન કોઈ ભલું કરે એવો છે? કર્તા છે કોઈ? ઈશ્વર કર્તા છે કોઈનો? ભગવાન તો જ્ઞાતા, સર્વજ્ઞ છે એ તો પરમાત્મા છે. એ તો ત્રણકાળ, ત્રણલોકની વાત જાણે છે. એ કાંઈ કર્તા છે કોઈના? આપી દે એવું છે કોઈને? સમજાણું કાંઈ? મોહનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં અમારે નાટક જોવાના ઘણા હોયને. ઘણા જોવાના મળે. આહા..હા..! કેટલાક તો આમ ફાટ ફાટ શરીર કાંઈક સારું હોયને. બસ! અમે જ મોટા. આટલો ચાંદલો કરે એક જણો મોટો. શું કહેવાય? કેસરનો મોટો ચાંદલો. વ્યભિચારી, જૂઠાબોલા, દગાખોર એટલા કામ કરે ભૂંડા. કીધું, આ જુઓને ધર્મી નામ ધરાવે. ચાંદલો આવડો મોટો. અહીં કહે છે, ભાઈ! એ ચાંદલા-બાંદલામાં નથી, સાંભળને. એ ચાંદલો આત્મા અખંડાનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ પુણ્ય-પાપના વિકાર રહિત (છે) એવી અંતર દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શનનો ચાંદલો લાગુ પડે એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો કહે છે કે સુખમાં આમ જરીક શરીર હોય, પૈસા હોય તો કહે અમે સુખી છીએ હોં! બહુ સુખી. માણસ એમ કહેને કે ભાઈ તમારા ફલાણા સુખી હતા.

‘**ઈસલિએ ઈન્દ્રિયસુખ દુઃખરૂપ હી હૈ, ઐસા ઈસ ગાથામેં જિસકા લક્ષણ કહા ગયા હૈ, એસે દેહજનિત સુખકો મન, વચન, કાય, કૃત, કારિત અનુમોદનાસે છોડે.**’ ધર્મી જીવ એ દેહના નિમિત્તે થતા સુખની કલ્પના મનથી, વાણીથી, દેહથી, કરવું, કરાવવું, અનુમોદાથી છોડે. નવ નવ કોટિએ કલ્પના છોડે એમ કહે છે. વિશેષ અહીં તો સ્થિરતા વાત લ્યે છેને. ‘**વીતરાગનિર્વિકલ્પસમાધિકે બલસે...**’ ભગવાન આત્મા ‘**આકુલતા રહિત પરમસુખ નિજ પરમાત્મામેં સ્થિત હોકર...**’ પરમ સુખરૂપ. આત્મા... ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે, એ બહુ સૂક્ષ્મ છે.

કહે છે, આત્મા અનંત આનંદનો સાગર ભગવાન એમાં એ સુખ-દુઃખની કલ્પના વિનાની ચીજ એની અંદર રાગરહિત દૃષ્ટિ કરી અને નિર્વિકલ્પ એટલે અભેદ શાંતિ અંદરમાં વેદાય, એના બળથી આકુળતા રહિત થાય. આત્માના અતીન્દ્રિય આનંદની દૃષ્ટિના અનુભવથી, સ્થિરતાથી આકુળતા રહિત થાય. ‘**પરમસુખ નિજ પરમાત્મામેં સ્થિત હોકર...**’ એવો ભગવાન આત્મા પરમ શાંતરસની શીલા, અતીન્દ્રિય આનંદનો કંદ. જડીબુટ્ટી હોય છેને જડીબુટ્ટી કેટલીક. નાની એવી હોય પણ એને ખાતા પંદર પંદર દિ' સુધી ભૂખ ન લાગે. મહિના મહિના સુધી (ખાય નહિ). બાવા હોય છેને જંગલમાં. કેટલાક રજકણો એવી રચનાએ ગોઠવાઈ ગયા હોય છે કે એને એક આટલી કટકી પા ભાર ખાય તો મહિના સુધી ખાવું ન પડે એવા રજકણ હોય. સ્કંધ. આ એક સ્કંધ એવો છે ચૈતન્ય આનંદકંદ, કહે છે કે, એમાં દૃષ્ટિ

દીધે, એકાગ્ર થયે તો એને આનંદની જમવટ થાય એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અનાદિની આકુળતા ટળી જાય એવી એમ કહે છે. જુઓને! આકુળતા રહિત કીધુંને? એ જડીબુટ્ટી આત્મા એવી છે કે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આત્મા વીતરાગી નિરાકુળ આનંદનો કંદ છે. એને રાગ રહિત દૃષ્ટિ કરીને નિર્વિકલ્પ અભેદ શાંતિમાં ઠર, તને આકુળતા ટળી જશે. પરમાં સુખ-દુઃખ ભાસશે નહિ. સમજાણું કાંઈ?

'**જો મહામુનિ દેહસે ભિન્ન અપને શુદ્ધાત્માકો જાનતા હૈ,...**' વિશેષ મુનિથી વાત લીધી છે. આસક્તિનો પણ ત્યાગ છે મુનિને, એમ. સમ્યગ્દૃષ્ટિને આત્મામાં આનંદ છે, પરમાં સુખ માનતો નથી, પણ એને જરી આસક્તિનો ભાગ સમ્યગ્દૃષ્ટિને હોય છે. આસક્તિ, રુચિ નહિ. ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એવો અનુભવ દૃષ્ટિ હોય, પણ મુનિને જેવો આસક્તિ રહિત વીતરાગ અનુભવ છે એવો અનુભવ સમ્યગ્દૃષ્ટિને હોતો નથી. એથી અહીં વિશેષ સમભાવ વર્ણવવા માટે એ આસક્તિનો પણ અભાવ કરીને સ્વરૂપમાં આનંદમાં ઠરે છે એ શુદ્ધાત્મા એ રીતે જાણે છે. '**વહી દેહકે ઊપર રાગ-દ્વેષ નહીં કરતા.**' સમ્યગ્દૃષ્ટિ દેહને કારણે સુખ-દુઃખ છે એમ તો રાગ-દ્વેષ કરતો નથી, પણ નબળાઈને કારણે સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ થાય છે, મુનિને એ પણ થતાં નથી. આ મુનિપણું. ઓહો..હો..! સમજાણું કાંઈ?

'**જો સબ તરહ દેહસે નિર્મમત્વ હોકર દેહસે સુખકો નહીં અનુભવતા, ઉસીકે લિએ યહ વ્યાખ્યાન શોભા દેતા હૈ, ઔર દેહબુદ્ધિવાલોંકો નહીં શોભતા, ઐસા અભિપ્રાય જાનના.**' વ્યાખ્યાન એટલે આ વસ્તુનું સ્વરૂપ. આત્મામાં આનંદ માનનાર આનંદની દૃષ્ટિથી અનુભવ કરનાર, અનુભવ કરીને આકુળતા અને દેહની મમતા છોડે એને આ ભાવ શોભે છે. સમજાણું કાંઈ? અહીં તો આસક્તિનો પણ અભાવ કરીને વીતરાગ પરમાનંદમાં આત્મા ઝૂલે એને મુનિ કહેવામાં આવે છે, એનું નામ મુનિપણું. મુનિપણું કોઈ બહારના ક્રિયાકાંડ ને નગ્ન થઈ જાય કે લૂગડા ફેરવે માટે મુનિપણું એમ નથી. ભાઈએ એમ કીધું, આ મુનિપણાની વ્યાખ્યા આવી. કાલે ગયા લાગે છે. બેઠા છે.

અહીં તો મુનિપણું અને આત્મદર્શન કેવું એની શ્રદ્ધા કરાવે છે. એય..! મોહનભાઈ! લોકો માની બેસે છેને, મુનિ બહારથી ત્યાગ કરે તે મુનિ. એમ મુનિ નહિ. મુનિ તો એને કહીએ કે જેની દેહના એક રજકણની ક્રિયા પણ મારી નહિ અને વિકલ્પ મહાવ્રતનો ઉઠે એ પણ બંધનું કારણ છે, એ ધર્મ નહિ અને એ રાગ છોડીને સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદમાં ઠરે એને આકુળતા ટળે એને મુનિ કહેવામાં આવે છે. આહા..! હજી મુનિપણાની શ્રદ્ધાની ખબર ન મળે. જે તે મુનિ. બહારથી નગ્ન થઈ ગયા અને ઓલા લૂગડા ફેરવ્યા, જય મહારાજ. સમજાય છે કાંઈ? એ ઓળખાવે છે કે શ્રદ્ધા તો કર હજી સાચી. જેને શરીરની અનુકૂળતામાં અને

બહારની આબરૂ-કીર્તિમાં સુખબુદ્ધિ ઉત્પન્ન થાય છે એ મિથ્યાદષ્ટિ છે, સમ્યક્દષ્ટિ નથી. અને મુનિને તો બાહ્યના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગમાં આસક્તિ પણ ઉત્પન્ન થતી નથી. અતીન્દ્રિય આનંદની શાંતિ ઉત્પન્ન થાય છે. અતીન્દ્રિય આનંદ. એને ભગવાન સંત અને સાધુ કહે છે, એને ગુરુ નિર્ગ્રંથ કહે છે. એવા નિર્ગ્રંથ ગુરુને માનવા ત્યારે એની વ્યવહાર શ્રદ્ધા સાચી કહેવાય. સમજાણું કાંઈ? આમ બોલે છે કે કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ (માને તો મિથ્યાત્વ). નથી બોલતા? આકડામાં આવે છે ગડીયામાં. સંપ્રદાયના ગડીયામાં. કહ્યું છેને. અર્થની ખબર નથી. ભગવાન જાણે એ તો લખાણમાં રહી ગયું જાવ.

કહે છે, અહો..! જેને દેહ મારો, દેહની ક્રિયા હું કરું છું એવાને મિથ્યાદષ્ટિને આ વ્યાખ્યાન શોભતું નથી. જેની દષ્ટિ મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. દેહની ક્રિયા હું કરું છું, વાણી હું બોલું છું, ઉપદેશ હું આપું છું અને ઉપદેશ દેવામાં જે રાગ થાય છે એ મને લાભદાયક છે એમ જે માને છે એ તો મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. એને તો સમ્યગ્દર્શન પણ નથી. પણ સમ્યગ્દર્શન પછી પણ જેટલો વિકલ્પ ઉઠે છે એ પણ બંધનું જ કારણ છે એમ જાણીને તેને છોડીને ઠરે છે અંદર, પરમ શાંતરસમાં ઠરે છે તેને મુનિ સાધુ જૈન પરમેશ્વરની સ્થિતિમાં ગણવામાં આવે છે. અન્યમાં તો છે જ ક્યાં? સમજાણું કાંઈ? આહા..! હવે જરી આકરી વાત એટલી થોડી (કરે છે). અહીં તો વસ્તુની સ્થિતિ શું છે, એનું સમ્યગ્દર્શન શું, સમ્યગ્જ્ઞાન શું અને સમ્યક્ચારિત્ર (શું), એની ત્રણેની વ્યાખ્યા છે.

**'આગે પ્રવૃત્તિ ઔર નિવૃત્તિમેં ભી મહામુનિ** રાગ-**દ્વેષ નહીં** કરતા, **ઐસા** કહતે **હૈં'** જુઓ! સમ્યગ્દષ્ટિ અશુભનો ભાવ છોડે અને શુભભાવ આવે એવી પ્રવૃત્તિ શુભની હોય અને અશુભની નિવૃત્તિ હોય, પણ એ શુભને ધર્મ માનતો નથી સમ્યગ્દષ્ટિ. મુનિને તે શુભ પ્રવૃત્તિ જ નથી હોતી. અશુભથી નિવૃત્તિ અને શુભની પ્રવૃત્તિ, બેયનો અભાવ થઈને સ્વરૂપમાં ઠરે છે એને મુનિપણું વીતરાગી શાંતરસમાં ઝૂલનારા કહેવામાં આવે છે. આહા..હા..! શું કહે છે? જુઓ યોગીન્દ્રદેવ. ૫૨ ગાથા.

**૧૭૯) वित्ति-णिवित्तिहिँ परम-मुणि देसु वि करण ण राउ।**
**बंधहँ हेउ वियाणियउ एयहँ जेण सहाउ।।५२।।**

ધર્માત્મા **'મહામુનિ...'** વૃત્તિ એટલે પ્રવૃત્તિ. શુભરાગની વ્રતની પ્રવૃત્તિ. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો ભાવ એ શુભ પ્રવૃત્તિના પરિણામ રાગના છે. સમજાય છે કાંઈ? નિવૃત્તિ-અશુભથી નિવૃત્તિ. એ રાગ અને દ્વેષ છે. અશુભથી નિવૃત્તિ, શુભમાં પ્રવૃત્તિ. અવ્રતથી નિવૃત્તિ અને વ્રતમાં પ્રવૃત્તિ, બેય રાગ અને દ્વેષ છે. આહા..હા..! એમ સમ્યગ્દષ્ટિ પહેલેથી માને છે. અહીંયાં તો એ બેય વ્રત-અવ્રતના વિકલ્પ રહિત થઈને સ્વરૂપમાં ઠરે પરમ શાંતરસમાં

એને મુનિપણું અને એને સાધુપણું કહેવામાં આવે છે. એ નવ તત્ત્વમાં સંવર, નિર્જરાની આવી દશા સંતોને હોય છે એમ એને ઓળખાવે છે. સમજાણું કાંઈ?

'**રાગ ઔર દ્વેષકો નહીં કરતા, જિસને ઈન દોનોંકા સ્વભાવ કર્મબંધકા કારણ જાન લિયા હૈ.**' દેખો! વ્રતનો ભાવ અને અવ્રતનો ભાવ બેય બંધનું કારણ સમ્યગ્દૃષ્ટિએ જાણ્યું છે. ધર્મી પહેલા દરજ્જાનો સમ્યગ્દૃષ્ટિ જૈન એણે વ્રત અને અવ્રતના બેય પરિણામને બંધનું કારણ જાણ્યું છે. પંચ મહાવ્રતના પરિણામ પુણ્યબંધનું કારણ, અવ્રતના પરિણામ પાપબંધનું કારણ. અહીં તો હવે ઓલા રાડ પાડે છે ભાઈ! સવારે કાલ આવ્યુંને. ઋષભદેવ ભગવાનથી માંડીને... અરે..! ભગવાન! સાંભળ બાપા! તેં બહુ અત્યારથી માંડી. અત્યાર સુધી આ પુણ્યની ક્રિયાને ધર્મ માનતા અને એ કાનજીસ્વામી કહે ધર્મ નહિ. ભાઈ! અમારા ઘરની વાત તો (છે નહિ), આ છે તો ઘરની પણ અનાદિ તીર્થંકરની કરેલી છે. આહા..! ખબર ન મળે, ખબર ન મળે. આહા..હા..! એ મિથ્યાદૃષ્ટિ સહિતના વ્રત પાછા. દૃષ્ટિનું તો ભાન પણ ન મળે અને થોડુંક આ અહિંસા પાળે ને દયા પાળે ને વ્રત પાળ્યા (એને ધર્મ માને). એને તો વ્રત પણ ક્યાં છે વ્યવહારે પણ? સમજાણું કાંઈ? આકરી વાતું છે ભાઈ!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરનો માર્ગ સમજવો, એક સેકન્ડ માત્ર સમજતા જેના જન્મ-મરણનો નાશ થાય. એ કાંઈક બીજો. બીજા સાથે કોઈ મેળવાય એવો નથી. વીતરાગ સર્વજ્ઞ માર્ગ એવો બીજો માર્ગ ત્રણ કાળમાં ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ઓલું આવે છેને, આજે એક કાંઈક આવ્યું હતું. ઓલા રજનીશનું નહિ? ભાઈ! રજનીશનું. ઓલા વ્યાખ્યાન આપેને ભાષણ. લોકો બિચારા મૂંઝાઈ જાય, વીતરાગની ખબર ન હોય માર્ગની. અરસ-પરસ ... ઓલો કહે આમાં એને વિચાર્યા હતા, ઓલા કહે મેં આને સાંભળ્યા હતા. હવે સાંભળને, એને તો જૈનદર્શન શું છે એની ખબર નથી. સમજાણું? ભાષણો આપે છેને ત્યાં મુંબઈ. મુંબઈ બહુ બધા ભેગા થાય. આહા..! અરે..! ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે કહેલો આત્મા ને એણે કહેલા તત્ત્વો એ સમજવા મહા કઠણ છે જગતને. એવી વાત બીજે ક્યાંય (નથી).. ભલે બીજા વાતું કરે કે આત્મા આવો નિર્વિકલ્પ. શું પણ? હજી આત્મા કેવો છે (એવા) દ્રવ્ય વસ્તુના ભાન વિના નિર્વિકલ્પ ક્યાંથી થાતો હતો? આહા..હા..! નિર્વિકલ્પ થઈ જવું હોં! વિકલ્પ છોડી દ્યો. પણ વિકલ્પ છોડવો તો જાવું ક્યાં? કઈ ચીજ છે એ અંદર? સમજાણું કાંઈ? નાસ્તિથી વાતું કરે, બસ રાગ છોડો, પણ છોડીને પછી કઈ ચીજ છે કે અંદર જાવું? કોઈ પોલું-પોલું છે કોઈ? કાંઈ છે કે નહિ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંતા અનંતા ગુણનો રસકંદ પિંડલો એવો આત્મા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? શુદ્ધ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત

આનંદ, અનંત શાંતિ, અનંત બળ-વીર્ય, એવી અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા, અનંત વિભુતા, અનંત કર્તા, કર્મો આદિ શક્તિઓ જે આત્મદ્રવ્યમાં ત્રિકાળ અનંત... અનંત... અનંત... એવી અનંત શક્તિઓ પડી છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં. એવો ભગવાન એકરૂપ આત્મા એને પરથી વિકલ્પથી છૂટો કરીને અંતર દૃષ્ટિ અનુભવની કરવી એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! આમ લ્યો! બિચારાને છોડી દ્યો, આમ કરો. શું પણ સમભાવ કરે? અહીં તો પહેલી વસ્તુ કીધી હતી, ભાઈ! કે વસ્તુ આવી છે. એ પહેલા ભાગમાં ખૂબ વર્ણવી અને પછી આ ઉપશમભાવને વર્ણવે છે.

મુમુક્ષુ :- .. બતાવ્યું હતુંને.

ઉત્તર :- હા. છ દ્રવ્યને, નવ તત્ત્વને બરાબર માને, જાણે. છ દ્રવ્ય છે, ભગવાને જોયેલા છ દ્રવ્ય છે. એકલો આત્મા-બાત્મા નથી. અને એ અનંતા આત્માઓ છે, અનંતા પરમાણુઓ છે, અસંખ્ય કાલાણુઓ છે, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ અને એક આકાશ. છ દ્રવ્ય ભગવાને જોયા છે. એ છ દ્રવ્યને શ્રદ્ધે ત્યારે તો હજી શુભ રાગ કહેવાય. એમાંથી એકલો આત્મા તારવીને અંદર નિવૃત્તિ શ્રદ્ધા, જ્ઞાનની કરે ત્યારે એને સમ્યગ્દર્શન થાય. હજી છ દ્રવ્યની શ્રદ્ધાના ઠેકાણા ન મળે એને આત્માની શ્રદ્ધા ક્યાંથી આવતી હતી? સમજાણું કાંઈ? છ દ્રવ્યનો વિસ્તાર નવ તત્ત્વ. એ નવ તત્ત્વનું બરાબર શ્રદ્ધા કરે રાગથી ત્યારે હજી શુભ રાગ છે, એ હજી સમ્યગ્દર્શન નહિ. આહા..હા..! એય મોહનભાઈ!

ભગવાન પરમાત્મા પરમેશ્વર ત્રિલોકનાથનો માર્ગ વીતરાગ સ્વરૂપે હતો એને મારીને કચડી-મચડીને રાગ અને વિકારમાં જોડી દીધો. ભાન ન મળે. કાલ તો થયું હતું એમ કે અરે..! ન મળે ગણધર, ન મળે ઈન્દ્ર, ન મળે કોઈને અહીંયા અવધિજ્ઞાન મોટું કે જેથી એકદમ સાક્ષી કરીને બતાવે કે જુઓ આ. અરે..! આ શું કરે છે આ? ભગવાન ગણધર બિરાજે છે ત્યાં મહાવિદેહમાં ભગવાન પાસે. સીમંધર ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં બિરાજે છે અત્યારે, ગણધર બિરાજે છે એની પાસે. ચાર જ્ઞાનના ધણી છે, ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરે એવા બિરાજે છે મનુષ્યપણે. મનુષ્ય દેહે હોં! આ ક્ષેત્ર ઉપર. મહાવિદેહક્ષેત્ર છેને દૂર? ત્યાં રોકેટ-બોકેટ જાય નહિ હોં ત્યાં. જમીન ઉપર છે બહુ દૂર. ગણધર આવે નહિ કીધું અહીંયાં, ભગવાન તો ન આવે એમ થયું. રાતના બધી ચર્ચા પછી ઉઠ્યા હતાને જ્યારે. રાતના નહિ ઉઠ્યા ત્યારે? ગણધરને ખબર પડે તો આવે નહિ, ઈન્દ્રોને ખબર પડે તો આવે નહિ, મહારાજ! આ ગજબ થઈ ગયો છે ચારે કોર. અને અહીંને કોઈને અવધિજ્ઞાન ન મળે, અવધિજ્ઞાન હોય તો એને મનની વાત કરે, ભવની વાત કરે, ... કરે તો કાંઈક વળી... અરે..! શું કરે છે પ્રભુ? તું શું કરે છે? ભાઈ! આ માર્ગ આખો અખંડાનંદ પ્રભુ

એ પુણ્ય-પાપના વિકલ્પ વિનાની ચીજ છે એની દૃષ્ટિથી મહા ધર્મ શરૂ થાય છે, બાકી મરી જાય, સુકાઈ જાય તો કોઈ ધર્મ શરૂ થતો નથી.

મુમુક્ષુ :- ભગવાનના પ્રતિનિધિ પાસે...

ઉત્તર :- ભાઈ! પ્રતિનિધિ પણ અહીં તાકાત ક્યાં છે એવી કોઈની સામાને (કહે કે) જો આનો આ ભાવ છે, જો આનો આ ભવનો પૂર્વ ભવ છે, આ ભવ આ છે. એવું છે તાકાત કાંઈ? સામાને કાંઈ પ્રત્યક્ષ થાય એવી તાકાત છે? એમ કહેવું છે અહીં તો.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- શ્રદ્ધા-જ્ઞાનથી કહે, પણ આમાં કોઈ ઓલા વિરોધ કરે એને પણ કહે જો ભાઈ! આમ છે બાપા! રહેવા દે ભાઈ! જો આ લે તારા ભાવ ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એક વાત ... વાત આ વિકલ્પ આવે ત્યારે એવો આવે ને. આહા..હા..! પછી રાતે તો એવું બધું આવી ગયું હતું, થોડું કીધું હતું ને, કીધું હતું ને? કીધું હતું નહિ? કે, ચંપાબહેન બહુ નિવૃત્તિવાળાને અવધિજ્ઞાન થઈ જાય તો આ બહુ થઈ જાય. હા એમ થયું હતું રાતે. રાતે કહ્યું હતું. બેનને એક તો જાણે ઘણી નિવૃત્તિ અને ઘણું ... એમાંથી જો થઈ જાય તો આહા..હા..! એય..! અમુક શક્તિ તો ઘણી છે, પણ આ એક એમાંથી આવું થઈ જાય તો... ભાઈ! આ એક વાત આવી હતી વિકલ્પ. કહ્યું હતું. ચંદુભાઈને કહ્યું હતુંને? અહીંથી ઊઠીને ગયા અંદર ત્યારે હોં! આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવું પરમ સત્ય છે બાપુ! રહેવા દે નકાર કરવો, નિષેધ કરવો રહેવા દે. આહા..હા..! ત્યાં સુધી મૂક્યું કે અમારે ઋષભદેવ ભગવાનથી ચાલ્યો આવે છે આવો ધર્મ, ભરતમાં ધર્મ માનનારા કાનજીસ્વામી છે. અરરર! એ ન્યાલભાઈ! આહા..હા..! અરે..! ભગવાન! જુઓ! અહીં શું કહે છે?

આ યોગીન્દ્રદેવ આચાર્ય નવસો વર્ષ પહેલા મહા દિગંબર સંત જંગલમાં રહેવાવાળા કહે છે જુઓ! '**ઈન દોનોંકા સ્વભાવ કર્મબંધકા કારણ જાન લિયા હૈ.**' વ્રત અને અવ્રત બેય બંધનું કારણ છે. આહા..હા..! વ્રત ને અવ્રતના રાગ રહિત આત્માના અંતર દૃષ્ટિ સહિતની અનુભવ સ્થિરતા તેનું નામ ધર્મ છે. સાંભળ્યું નથી લોકોએ. મારીને કાંઈનું કાંઈ કરી નાખ્યું. કહો, સમજાણું આમાં? એ ન્યાલભાઈ! અહીં બધા પાછળ જાગ્યા હળવે-હળવે. આ મોટા માણસ હોય, જરી પહેલેથી હોય તો જરી ટેકો થાયને. ગામના માણસને કહે કે, ભાઈ! આમ છે, તેમ છે. આહા..હા..! અરે! ઓલાએ અમારે કહ્યું તો એવું થઈ ગયું અંદર. અરે..! ભગવાન શું કહે છો? કે કાનજીસ્વામીએ અત્યાર સુધી ઋષભદેવ ભગવાનથી માંડીને આ

વ્રત અને તપમાં ધર્મ માનતા હતા અને એ જ ધર્મ હતો એનો લોપ કરી નાખ્યો કે એ ધર્મ નહિ. વાત સાચી છે પણ તું કહે છે એમ વીતરાગ કહેતા નહોતા.

આ શું કહે છે આ? આ ગાથા કોની બનાવેલી છે ઘરની? આ યોગીન્દ્રદેવ અને એના પહેલા કુંદકુંદાચાર્યે બે હજાર વર્ષ પહેલા એણે કહ્યું કે વ્રત અને અવ્રત બે વિકલ્પનો રાગ છે. અહિંસા પાળવાનો ભાવ એ રાગ છે. એ કહેશે આમાં ખુલાસો. કારણ કે દયા પાળવી એવો ભાવ તે શુભ રાગ છે. હિંસા ન કરવી એવો આમ નિષેધ ભાવ તે પ્રવૃત્તિનો અભાવ છે. નિવૃત્તિ-પ્રવૃત્તિ. એ જાતની નિવૃત્તિ થાય છે, આમ પ્રવૃત્તિ થાય છે. દયા પાળવા અહિંસાનો વિકલ્પ ઉઠે તે પ્રવૃત્તિ રાગ છે, બંધનું કારણ છે. આહા..હા..! હવે એને ધર્મ માને અને બધાને લોકોને ઠીક પડે સહેલું સહેલું, જાવ આ થઈ રહ્યું. આ પૈસાવાળાને કંઈ દાનનું કહે તો તમારે દાન થાય તો ધર્મ થાય. ધૂળમાં પણ ધર્મ નથી સાંભળને હવે. તારા કરોડ આપી દે તો શું રાગ મંદ થાય, કદાચિત પુણ્ય થાય. ધર્મ-બર્મ હરામ એનાથી (થાય).

મુમુક્ષુ :- અત્યારના ધર્મ માને તો લાભ થાયને.

ઉત્તર :- મિથ્યાત્વ થાય. આકરું લાગે છે માણસને આ. ભાઈ! તો પૈસાવાળાને ધર્મ થઈ જાય તો ગરીબોને રોવું પડે, પૈસા ગોતવા પડે. હાલ બાપા! મારે કાંઈક દાન કરવું છે ધર્મ થાય મારે. પૈસા દો. અરે..! ધૂળ, પૈસાથી ધર્મ થાતા હશે? તારા કરોડ આપી દે ને પાંચ કરોડ આપી દે (એમાં) મમતા ઘટાડ કદાચ (તો) શુભભાવ થાય, પુણ્ય થાય, ધર્મ-બર્મ હરામ દાન વડે કરીને પૈસા વડે કરીને (થાય તો). અરે..! મુનિ સત્ય સાચા ધર્માત્માને દાન આપવાનો ભાવ પણ પુણ્ય છે, ધર્મ-બર્મ નહિ. એય..! ભાઈ! આવું નાગું. વીતરાગની વાત બાપા! વીતરાગ તો એવા છે કે, દુનિયાને કાંઈ કોઈની સાથે મેળ ખાય એવું નથી. બીજા દ્રવ્યને આહાર દેવાનો ભાવ સંત-મુનિને અરે..! સાક્ષાત્ તીર્થંકરદેવ જ્યારે છદ્મસ્થ હોય અને એને આહાર આપવાનો ભાવ સમકિતીને થાય અને હોય (એ) પુણ્ય છે, બંધનું કારણ છે. સંવર-નિર્જરા પરદ્રવ્યને આશ્રયે ત્રણકાળ, ત્રણલોકમાં હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે આહા..! જુઓને ગાથા કેવી આવી છે! એ પુણ્ય અને પાપ એ વ્રત અને અવ્રત.. જુઓ! '**ભાવાર્થ :- વ્રત-અવ્રતમેં પરમમુનિ રાગ-દ્વેષ નહીં કરતા...**' છે ભાવાર્થ? પહેલો જ બોલ. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો વિકલ્પ છે એ શુભ રાગ છે. એ સંવર નહિ, ધર્મ નહિ, નિર્જરા નહિ, સાચું જ્ઞાન નહિ. એને ધર્મ માને એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! ભારે પણ. એ ફૂલચંદભાઈ! એવા તો થોડા એના મારા હા.. હા.. કરે છે. એમ કહે છે. આ રામજીભાઈ જેવાને બધાને ઉડાડે છે બધા લ્યો. મૂર્ખા હશે એમાં

હા પાડનાર. એના નેતાઓ એને આમ હા હા પાડીને એની ભૂલ નીકળવા દેતા નથી. અરે..! ભગવાન! બાપુ! તું પણ ખરો, બાપા! આહા..હા..! ઈ સાંભળવા આવે તોપણ સમજે નહિ હોં! એ લાકડા ગરી ગયા છે એવા. વિરોધ જ કરે.

**'વ્રત-અવ્રતમેં પરમમુનિ રાગ-દ્વેષ નહીં કરતા. જિસને ઈન દોનોંકા સ્વભાવ બંધકા કારણ જાન લિયા હૈ.'** છે? સમ્યગ્દર્શન થયું ત્યારથી વ્રતનો વિકલ્પ ઉઠે કે આ દયા ને વ્રત ને સત્ય બોલું ને આમ બોલું ને બ્રહ્મચર્ય પાળું શરીરથી, એ બધો શુભ રાગ બંધનું કારણ છે અને અત્યાગભાવ, અવ્રતનો ભાવ એ પાપભાવ છે. સમજાય છે કાંઈ? હિંસાનો, જૂઠાનો, ચોરીનો, વિષયભોગનો અને પરિગ્રહનો ભાવ એ પાપ છે. એના નિવૃત્તિના ત્યાગનો ભાવ એવો વિકલ્પ તે પુણ્ય. બેયના રહિતનો આત્માના સ્વરૂપની દૃષ્ટિ અને સ્થિરતા તે ધર્મ છે. આહા..! ભારે જગતને આકરું. આ તો માણસને સાંભળવા જ મુશ્કેલ પડે આ તો. અને ઓલામાં તો માણસ દશ-દશ હજાર, વીસ-વીસ હજાર માણસ ભેગું થાય. લૌકિક વાતું હોય ને લોકો ઓહો..હો..! હોય એકલી અધર્મની વાતું. સમજાણું કાંઈ? આહા..હા..!

છે આમાં લખેલું? કે દિ'નું આ પુસ્તક કોનું છે આ? યોગીન્દ્રદેવ નવસો વર્ષ પહેલા મહા દિગંબર સંત મુનિ થયા. એ અનાદિના જે સંતો થયા આવે છે કુંદકુંદાચાર્ય આદિ મહામુનિઓ એ એક જ વાતથી આ વાત કરે છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' આહા..! ભારે ગાથા આવી ગઈ હોં! સરસ છે આ. આ છેલ્લી છે હોં ઉપશમની. પછી ઓલા પુણ્ય-પાપને સરખા ન માને એ મિથ્યાત્વ મૂઢ છે એની સાથે મેળવશે. આહા..હા..! ફૂલચંદજીએ મેળવ્યું છે આમાં? આમાં નથી મેળવ્યું. સાધારણ છે. એના પછી ૭૬ થી ૭૮ છે. શું કીધું સમજાણું આમાં?

એ મુનિને વ્રતનો વિકલ્પ આવે. આત્મા શુદ્ધ ચૈતન્ય છું એવી દૃષ્ટિ અને સમ્યગ્દર્શન હોવા ઉપરાંત વિકલ્પ આવે કે વ્રત લઉં, અવ્રત છોડું પણ એ વિકલ્પ પુણ્ય છે. આહા..હા..! એ વ્રતનો ભાવ એ સંવર છે એમ નથી. આ વળી વ્રતનું સ્વરૂપ. વ્રત તો સંવર અને નિર્જરા છે એમ દુનિયા માને છે આખી. સમજાણું કાંઈ? સવારમાં બહુ આવ્યું હતું ઓલા દોહામાં 'જે ત્યજી સકળ ભાવ વ્યવહાર... ત્યજી સકળ પરભાવ.' બહુ શબ્દ આવ્યા હતા હોં! ઘણી ગાથાઓ ત્યજી સકળભાવ, ત્યજી પરભાવ, ત્યજી વ્યવહારભાવ. બધો વ્યવહાર છે, વ્રતાદિનો વિકલ્પ એ વ્યવહાર પુણ્ય છે. દયા, દાન, પૂજા, ભક્તિનો ભાવ એ બધું પુણ્ય છે, ધર્મ નહિ. એ વાંધા આવે. દેરાસર કરાવે પાંચ, દસ લાખ ખર્ચે તો એને મુક્તિ થઈ જાય. ધૂળમાં પણ નથી મુક્તો સાંભળને. રાગ મંદ કરે, ભક્તિ કરે શુભભાવ છે, શુભભાવ છે. સંવર-નિર્જરા નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે પરમમુનિ, **'व्रत-अव्रतमें परममुनि રાગ-દ્વેષ नहीं કરતા जिसने ઈન दोनोंका સ્વભાવ બંધકા કારણ जान लिया है.'** એમ તો ચોખ્ખું છે. **'बंधहँ हेउ वियाणियउ'** પાઠ છેને **'बंधहँ हेउ वियाणियउ'** એ મૂળ પાઠ છે.

१७९) वित्ति-णिवित्तिहिँ परम-मुणि देसु वि करण ण राउ।
बंधहँ हेउ वियाणियउ एयहँ जेण सहाउ।।५२।।

એવો એનો સ્વભાવ છે. આહા..હા..! ભગવાન તો જ્ઞાનમૂર્તિ અરાગી ચૈતન્ય દ્રવ્ય છે. એમાં એ વિકલ્પ ઉઠે છે વ્રતનો એ પણ પુણ્યબંધનું જ કારણ છે અને અવ્રતનો અત્યાગનો ભાવ એ પાપભાવ છે. ઓલામાં કષાય તીવ્ર છે, ઓલામાં કષાય મંદ છે. પણ છે બેય બંધના કારણ. આહા..હા..! આના વાંધા ઉઠ્યા છે મોટા લ્યો! એને તમે ધર્મ કહો, એ મોક્ષમાર્ગ કહો. અરે..! ભગવાન **'અથવા પાઠાંતર હોનેસે એસા અર્થ હોતા હૈ, કિ जिसने આત્માકા સ્વભાવ ભિન્ન जान लिया है.'** દેખો! જેણે આત્માનો સ્વભાવ એ પુણ્ય-પાપના, વ્રત-અવ્રતના રાગથી જુદો જાણ્યો.

**'અપના સ્વભાવ પ્રવૃત્તિ-નિવૃત્તિસે રહિત है.'** ભગવાન આત્મા. સમજાણું કાંઈ? આહા..! જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ એને જેણે પહેલા વ્રત અને અવ્રતના રાગથી ભિન્ન જાણી લીધો છે. **'જહાં વ્રત-અવ્રતકા વિકલ્પ नहीं है.'** અને જ્યાં સ્વરૂપમાં ઠરે છે મુનિ, સાતમું ગુણસ્થાન આવે છે, ક્ષણમાં સાતમું, ક્ષણમાં છઠ્ઠું મુનિની એ દશા હોય છે. સાચા સંતની-સાચા મુનિની. ક્ષણમાં સાતમું આવી જાય, એ વ્રતનો વિકલ્પ છૂટી જાય. ક્ષણમાં વિકલ્પ ઉઠે, પણ વિકલ્પ ઉઠે એ બંધનું કારણ જાણે છે. ઠરે ત્યાં સાતમું આવે છે. એવું એક દિવસમાં હજારો વાર સાચા સંત મુનિની આ દશા હોય છે. હજી મુનિનો ધર્મ શું એની ખબર ન મળે આને. સમજાણું કાંઈ?

**'યે વ્રત, અવ્રત, પુણ્ય, પાપરૂપ બંધકે કારણ हैं.'** છે? બહુ ખુલાસો છે. એ પાંચ મહાવ્રતના પરિણામ એ પુણ્યનું કારણ, અવ્રત એ પાપરૂપ બંધનું કારણ છે. આહા..હા..! હજી બંધનું કારણ શું અને સંવર-નિર્જરાનું કારણ શું એની ખબર ન મળે અને સંવર નિર્જરા એને ધર્મ થઈ જાય. સમજાણું કાંઈ? **'ઐસા जिसने जान लिया, વહ આત્મામેં તલ્લીન હુઆ વ્રત-અવ્રતમેં રાગ-દ્વેષ नहीं** કરતા.' એમ. વ્રતનો ભાવ એ રાગ છે, અવ્રતનો પાપ છે એવી બંધની દશા પહેલી જાણી છે, સ્વરૂપની દૃષ્ટિ થઈ છે, પછી વ્રતનો-અવ્રતનો વિકલ્પ છોડી અને સ્વરૂપમાં ઠરે છે તેને સમભાવ કહે છે. એનો અર્થ કે, વ્રતનો વિકલ્પ એ સમભાવ નથી, એ વીતરાગભાવ નથી. વ્રતનો વિકલ્પ એ રાગભાવ, વિષમભાવ છે. એને છોડીને ઠરે ત્યારે સમભાવ છે. એને વીતરાગભાવ કહેવામાં આવે અને એને ચારિત્ર

કહેવામાં આવે છે. આહા..! આ ઉપશમભાવનું (સ્વરૂપ) ભાઈ! ચાલે છેને? ઉપશમભાવનું ચાલે છે. આ બધા ચૌદ ગાથાઓ ૩૮ થી ૫૨. આ બધા ઉપશમભાવ છે. ભગવાન! શાંત થઈને બાપુ! આ તો ભાઈ માર્ગ વીતરાગનો છે. એને અનંત કાળ તીર્થંકરોને સમજતા ગયો. તીર્થંકરો પણ પહેલા રખડતા હતા નિગોદ અને ચાર ગતિમાં. એ પછી તીર્થંકર થયા. પહેલા તો રખડતા હતાને. આહા..હા..! એ તો આ રાતે જરીક આવ્યું હતુંને એટલે થોડું... આહા..હા..!

મુમુક્ષુ :- એ તો વ્રતની વાત કરતા હતા.

ઉત્તર :- હા, અવ્રતની છેને. એમાં જ વાંધા ઉઠ્યા છેને સૌને. ઓલા કહે, અમારા વ્રત છે એ ધર્મ કહો. કુંદકુંદાચાર્ય પણ વ્રત પાળે છે. તો એ પાળે છે એણે બંધ સેવ્યો? કે હા. વ્રત હતો એને બંધ કુંદકુંદાચાર્ય કહે છે. એવો ભાવ આવ્યા વિના રહે નહિ, પણ એને છોડીને ઠરે ત્યારે એને સમભાવ સાતમા ગુણસ્થાનની દશા થાય છે. સાંભળને.

**'ઐસા કથન સુનકર પ્રભાકરભટ્ટને પૂછા,...'** લ્યો! ઓલું ખટક્યું કે મહારાજ! તમે વ્રતને બંધનું કારણ કહો છો. અરે આ બંધન! ધર્મ નહિ? સંવર, નિર્જરા નહિ? લ્યો! જુઓ! આ ટીકા તો ઘણા વર્ષ પહેલાની છે હોં! અને મૂળ શ્લોક તો નવસો વર્ષ પહેલાના. એ તો દિગંબર સંતો મહામુનિઓએ એક જ ધારાએ વાત અનાદિથી કરી છે. સમજાય છે? એમાં કોઈ મુનિના કથનમાં ક્યાંય ફેર હોય નહિ. કોઈ વ્યવહારથી કથન હોય, કાંઈ નિશ્ચયથી હોય એ કથન ફેર હોય ભલે, પણ ભાવમાં ફેર ન હોય. મહાસંતો દિગંબર જંગલમાં વસનારા, ભગવાનની સાથે વાતો કરનારા. આહા..હા..!

ત્યારે પ્રભાકરભટ્ટ પૂછે છે હોં! **'હે ભગવન્, જો વ્રત પર રાગ નહીં કરે, તો વ્રત ક્યોં ધારણ કરે?'** પ્રશ્ન બરાબર છેને? મહારાજ! તમે તો વ્રતને રાગ કહો છો, વ્રત રાગ હોય તો પછી વ્રત ધારણ કોણ કરશે? લેશે કોણ પાંચ મહાવ્રત? **'ઐસે કથનમેં વ્રતકા નિષેધ હોતા હૈ.'** મહારાજ! તમે તો વ્રતને પુણ્ય ઠરાવ્યું, બંધનું કારણ ઠરાવી નિષેધ કરાવો છો. ત્યારે યોગીન્દ્રદેવ કહે છે... એ યોગીન્દ્રદેવ હવે એનો અર્થ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧, શનિવાર, તા. ૨૨-૦૧-૧૯૬૬**
**ગાથા-૫૨-૫૩, પ્રવચન-૧૦૫**

'જો વ્રત પર રાગ નહીં કરે, તો વ્રત ક્યોં ધારણ કરે?' શું અધિકાર ચાલે છે? કે આત્મા પુણ્ય-પાપના રાગ રહિત... મંદ કષાય કે તીવ્ર કષાયના ભાવ છે એ બધો વિકાર છે. વિકાર રહિત પોતાનું આનંદ અને જ્ઞાનસ્વરૂપ જેણે અનુભવમાં લીધું છે એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું છે. હવે એને અવ્રત ભાવ હોય છે. સમજાય છે કાંઈ? આ આત્મા શરીર, કર્મ, અજીવ, પુણ્ય-પાપના રાગ મંદ કે તીવ્ર, વ્રતનો ભાવ એ મંદ કષાય છે, અવ્રતનો ભાવ એ પાપ કષાય છે, બેયથી રહિત આત્માનું આનંદ અને જ્ઞાન સ્વરૂપનું ભાન શુદ્ધ આત્માનું થયું છે એવા સમ્યગ્દષ્ટિ જીવને, કહે છે કે અવ્રતનો ભાવ તો હોય છે. સ્વરૂપમાં ઠરતો નથી ત્યાં સુધી એને અવ્રતનો ભાવ હોય છે. તો એ વ્રત એટલે કે હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના ભાવ એ પાપ છે. અને પછી આગળ સ્વરૂપમાં ઠરતાં વિશેષ ત્રણ કષાયનો નાશ થઈને આત્માના આનંદની ઉગ્રતામાં આવે છે, અતીન્દ્રિય આનંદની અનુભવદશામાં આવતા છઠ્ઠું ગુણસ્થાન જેને પ્રગટ થાય એ ભૂમિકામાં વ્રતના પરિણામ શુભ હોય છે. એ ભૂમિકામાં અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવો શુભરાગ-મંદ રાગ વ્રતરૂપે હોય છે.

અહીં કહ્યું કે તમે વ્રત અને અવ્રત બેયનો ત્યાગ કરીને ઠરો. કારણ કે વ્રતનો ભાવ પણ રાગ મંદ, રાગ વિકલ્પ અને પુણ્યબંધનનું કારણ છે. આત્મજ્ઞાનીને આત્મદષ્ટિ થઈ છે. શરીરની ક્રિયામાત્ર મારી નથી. જે રાગનો વિકલ્પમાત્ર પુણ્યનો ઉઠે એ હું નથી. હું તો એક ચૈતન્ય જ્ઞાનજ્યોતિ જ્ઞાતા-દ્રષ્ટા આનંદમૂર્તિ છું. એવું અંતરમાં સ્વભાવ સન્મુખ થઈને અનુભવ દષ્ટિમાં એ સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું છે તો એ તો પુણ્ય-પાપના ભાવથી નિવૃત્ત છે દષ્ટિ તો, પણ છતાં પુણ્ય-પાપના ભાવ અસ્થિરતાના થાય છે. સમજાય છે કાંઈ? દષ્ટિમાં તો રાગની મંદતા કે તીવ્રતા એથી રહિત આત્માના દષ્ટિમાં અનુભવમાં જ્ઞાનાનંદ છે એમ લીધું છે. એ મંદ કે તીવ્ર મારું સ્વરૂપ નથી. એમ અનુભવમાં સમ્યગ્દષ્ટિને ચોથે ગુણસ્થાને આવ્યું છે, પણ એને હજી અવ્રતનો ભાવ છે, ચારિત્રના તીવ્ર દોષનો ભાવ છે આત્માનું ભાન છે છતાં. તો એ અવ્રતનો ભાવ પાપ છે એને પણ છોડીને સ્વરૂપમાં ઠરે ત્યારે એને આત્માના

નિશ્ચય અતીન્દ્રિય આનંદનું વ્રત પ્રગટ થાય. ત્યારે પછી કહે કે આ વ્રતનો ભાવ પણ છોડવાનું તમે કહ્યું. પછી વ્રતનો ભાવ આવે છે એ રાગ મંદ છે. આત્માના અંતર ત્રણ કષાયના અભાવની ભૂમિકામાં આનંદમાં સંતોને એવો ભાવ હોય છે પ્રવૃત્તિનો. અહિંસા સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એવો પ્રવૃત્તિનો શુભ રાગ, અંદર પ્રવૃત્તિરૂપ શુભ રાગ. અશુભથી નિવર્ત્યો છે, પણ એ શુભ રાગને છોડીને ઠરે ત્યારે એને સમભાવ અને વીતરાગ દશા પ્રગટ થાય તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

અહીં તમે કહ્યું કે વ્રતમાં રાગ નહિ કરવો એમ કહ્યું. વ્રત છે એ રાગ છે. પરજીવને દુઃખ ન દઉં, દયા પાળું એ બધો વિકલ્પ અને શુભ રાગ છે, એ કાંઈ સંવર ધર્મ નથી. **'જો વ્રત પર રાગ નહીં કરે, તો વ્રત ક્યોં ધારણ કરે?'** એમ પ્રશ્ન કર્યો. પ્રભુ! આપે તો રાગનો નિષેધ કર્યો અને રાગ છે એ બંધનું કારણ કહ્યું, કષાય મંદ પણ. ધર્મીની અંતર દૃષ્ટિ અનુભવની સમ્યગ્દર્શન-જ્ઞાન હોવા છતાં, તો એ વ્રત શું કરવા ધારણ કરે સમકિતી જીવ? **'ઐસે કથનમેં વ્રતકા નિષેધ હોતા હૈ.'** ભગવંત! આવા કથનમાં તો વ્રતના ભાવનો નિષેધ થઈ જાય છે. તો વ્રત શું કરવા ધારણ કરવા? સમજાય છે આમાં કાંઈ? આહા..હા..! આ મોટી ગડબડ ચાલે છેને અત્યારે એનો પ્રશ્ન કર્યો છે અહીં.

**'તબ યોગીન્દ્રાચાર્ય કહતે હૈં, કિ વ્રતકા અર્થ યહ હૈ,...'** ખરેખર વ્રતનો અર્થ તો એ છે, **'કિ સબ શુભ-અશુભ ભાવોંસે નિવૃત્તિ પરિણામ હોના.'** વ્રત તો, ખરા વ્રત તો એને કહીએ કે ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ આનંદકંદ પ્રભુ એમાં, પુણ્ય અને કષાયના મંદનો વ્રત ભાવ અને તીવ્ર અવ્રત ભાવ—બેયથી નિવૃત્તિને સ્વરૂપમાં ઠરે અતીન્દ્રિય આનંદની દશાના અનાકુળ શાંત આનંદ અને વીતરાગ ભાવે વેદે એને ખરેખર વ્રત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'સબ શુભ-અશુભ ભાવોંસે નિવૃત્તિ પરિણામ હોના.'** ઝીણી વાત છે, ભાઈ! વાત એવી છે કે એણે નવ તત્ત્વની વાતને વાસ્તવિક રીતે અંતર દૃષ્ટિમાં કોઈ દિ' લીધી નથી અને લીધી હોય પછી પણ રાગ ભાગ તો જ્ઞાનીને પણ આવે છે. હવે એ રાગના પ્રકાર બે છે—એક તીવ્ર રાગ અને એક મંદ રાગ. તો તીવ્ર રાગ છે જે આસક્તિનો હિંસા, જૂઠું, ચારી, વિષયનો એ સમ્યગ્દૃષ્ટિને ભાન છે (કે) એમાં સુખ નથી એવું ભાન હોવા છતાં આત્મામાં આનંદ છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ સમ્યગ્દર્શન થતાં લીધો છે ચોથું ગુણસ્થાન થતાં, છતાં એ આનંદમાં ઠરી શકતો નથી એથી એને પાપના ભાવ ચોથે ગુણસ્થાને હિંસાના, જૂઠાના, ભોગના, વિષયવાસનાના પાપભાવ આવે છે, એ દુઃખરૂપ છે એમ જાણે છે, પણ અસ્થિરતાને લઈને આવ્યા વિના રહેતા નથી.

એથી આગળ જતાં સ્વરૂપમાં વિશેષ કષાયની અભાવ દશા થઈને ઠરે છે મુનિપણાની

દશામાં, ત્યારે એને પંચ મહાવ્રતના અહિંસા સત્ય, દત્ત, બ્રહ્મચર્યના શુભ રાગનો વિકલ્પ મંદ કષાયનો આવે છે. પણ છે એ દોષસ્વરૂપ એટલો એ ભાવ. સમજાય છે? એ ભાવને છોડીને પણ જ્યારે સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદમાં આસ્વાદ, અતીન્દ્રિય આનંદનો આસ્વાદ-વેદન કરે છે ત્યારે તેને નિશ્ચયવ્રત, સાચા વ્રત, ખરું વ્રત એમ કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા! સમજાણું કાંઈ? એ શુભ-અશુભભાવોંસે નિવૃત્તિ. કેમકે શુભભાવ પણ કષાય મંદ રાગ છે અને અશુભભાવ એ તીવ્ર રાગ છે. બેયથી રહિત થઈને આત્મા અખંડાનંદ પ્રભુ વીતરાગી મોજમાં, આનંદમાં પડે અને શાંતિ અને વીતરાગ પરિણતિને વેદે એનું નામ સાચા વ્રત અને મુનિપણું કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ સ્થિરતાના વ્રત છે, એ નિશ્ચયવ્રત છે, એ પૂર્ણ વ્રત છે. આવશે હમણાં.

વ્રત એટલે ભગવાન જ્ઞાનમૂર્તિ જ્ઞાનાનંદ એમાં વીંટાઈ જવું, વીંટાઈ જવું. સ્વરૂપમાં સ્થિરતામાં વીંટાઈ જવું, સ્થિર થઈ જવું. એનું નામ ખરા વ્રત ભગવાન વીતરાગ કહે છે. છઠ્ઠે ગુણસ્થાને મુનિને આત્મદર્શન, જ્ઞાનમાં આદર નથી એ વ્રતના વિકલ્પનો, પણ વચ્ચે અશુભ ટળીને એવા પંચ મહાવ્રતના વિકલ્પનો શુભ રાગ આવ્યા વિના રહેતો નથી. તેને દેશવ્રત કહે છે. ભાઈ! આવશે એકોદેશ—એકદેશ. ઓલો અશુભ ટળ્યું. દૃષ્ટિ તો આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે. એ કષાય મંદ ઉઠે વિકલ્પ કે તીવ્ર એ બે આદરણીય નથી. પણ આગળ ભૂમિકામાં ન જતાં હજી નીચે હોય ત્યારે તેને એવા અશુભ પરિણામ હોય, એને છોડીને જ્યારે શુભ વિલ્પ આવે છે, પરની દયા, અહિંસા પૂર્ણ પાળું, જૂઠું ન બોલું કોઈ દિ' એવો શુભ રાગ છે એ છઠ્ઠે ગુણસ્થાને આત્મા ત્રણ કષાયના અભાવરૂપી જે વીતરાગી પરિણતિએ પરિણમેલો છે એના ઓલા શુભ રાગને દેશવ્રત કહેવામાં આવે છે. એને છોડીને સ્થિર થાય ત્યારે સર્વ વ્રત અને નિશ્ચયવ્રત કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? તે સમ્યગ્દૃષ્ટિના હોં! અજ્ઞાનીને વ્રત હોતા નથી. આહા..હા..!

જેની દૃષ્ટિ પુણ્ય અને પાપના રાગની મંદતામાં પ્રેમ છે, રુચિ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે, એને તો વ્રત પણ નથી ને સમ્યગ્દર્શન પણ નથી. સમજાણું કાંઈ? જડ તત્ત્વ શરીર, વાણી, મન એની થતી ક્રિયા નામ પર્યાય એ આત્માથી થાય એમ માનનારા તો અજીવને જીવ માને એટલે એ તો મિથ્યાદૃષ્ટિ જીવ છે. અને રાગની મંદતા કે તીવ્રતા રાગનો વિકલ્પ ઉઠે કષાય મંદનો એ મને લાભદાયક છે એમ માનનાર તો મિથ્યાદૃષ્ટિ એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? પણ જેણે ભગવાન આત્મા એકલો અતીન્દ્રિય આનંદનો ગોળો ચૈતન્યમૂર્તિ

'અનૂપ, અમૂર્ત સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! એવી અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ અનુભવની, રાગને તોડીને નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ છે એને ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શન કહે છે. એને હજી અશુભભાવ છોડીને જ્યારે શુભભાવ આવે એને મુનિપણાની અંતર દશાના આનંદમાં એ શુભભાવને દેશવ્રત કહે છે. એને છોડીને ઠરે તો, **'શુભ-અશુભ ભાવોંસે નિવૃત્તિ પરિણામ હોના.'** એનું નામ વ્રત છે. છેને? વ્રતકા અર્થ યહ હૈ. ખરું વ્રત તો એ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! વીતરાગ સર્વજ્ઞનો માર્ગ જગતને કાને પડ્યો નથી. વીતરાગને શું કહેવું છે અને વીતરાગી પંથ શું છે એની રીતની ખબર નથી. હવે ખબર વિના એ ક્યાં રુચિ કરે ને કોને છોડે ને કોને આદરે? ...

**'ઐસા હી અન્ય ગ્રંથોંમેં ભી 'રાગદ્વેષૌ'** ઈત્યાદિસે **કહા હૈ. અર્થ યહ હૈ કિ રાગ ઔર દ્વેષ દોનોં પ્રવૃત્તિયાં હૈં,...'** અશુભ રાગ વિષયવાસના, હિંસા, જૂઠું, ચોરી, ભોગ એવો રાગ એ પ્રવૃત્તિ છે. સમજાય છે? અને એ નહિ (કરીને) બીજા જીવને ન મારું, દુઃખ ન દઉં, દયા પાળું, સત્ય બોલું, ચોરી ન કરું, અદત્ત ન લઉં, શરીરથી બ્રહ્મચર્ય રાગની મંદતાથી પાળું એવો જે ભાવ એ શુભભાવ છે. એ **'દોનોં પ્રવૃત્તિયાં હૈં,...'** અશુભભાવ પણ વિકલ્પ તીવ્ર રાગની પ્રવૃત્તિ છે, એ શુભ રાગ પણ વિકલ્પનું ઉત્થાન-વૃત્તિ ઉઠે છે. ભગવાન વીતરાગ સ્વરૂપમાં ન ઠરતા એવો શુભ રાગ ઉઠે છે. **'યહ હૈ કિ રાગ ઔર દ્વેષ દોનોં પ્રવૃત્તિયાં હૈં, તથા ઈનકા નિષેધ વહ નિવૃત્તિ હૈ.'** આહા..હા..! એનો નિષેધ થઈને સ્વરૂપમાં આનંદમાં, અતીન્દ્રિય આનંદમાં નિવૃત્ત સ્વરૂપમાં ઠરે એને ભગવાન નિવૃત્તિ અને નિશ્ચયવ્રત કહે છે. એનું નામ ચારિત્ર કહેવાય છે. આહા..!

**'યે દોનોં અપને નહીં હૈં,...'** એ શુભ અને અશુભભાવ નિજ સ્વરૂપની ચીજ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા તો જ્ઞાનાનંદ ચૈતન્યસૂર્ય છે. ચૈતન્યના પ્રકાશનો ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા છે. એ ચૈતન્યના પ્રકાશમાં એ પુણ્ય-પાપનો વિકલ્પ (ઉઠે) એ સ્વરૂપ નથી આત્માનું, એ તો વિકાર છે, વિભાવ છે. અવ્રતનો ભાવ એ વિભાવ છે અને વ્રતનો ભાવ એ પુણ્યભાવ મંદ કષાયરૂપ વિભાવ નામ વિકાર છે. આહા..હા..! સાંભળ્યું કઠણ પડે અવું છે. પરિણમે તો શ્રદ્ધે તો કઠણ અને ચારિત્ર તો મહા કઠણ, સાંભળવું કઠણ પડે આમ હાય..હાય..! અર..ર..ર..! આ શું કહે છે? સમજાણું કાંઈ? વસ્તુ તો એવી છે ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રણ કાળ અને ત્રણ લોકનું જેને જ્ઞાન એવા તીર્થંકરદેવ સમવસરણમાં ઈચ્છા વિના દિવ્યધ્વનિ દ્વારા આવું કથન આવ્યું છે. ઈન્દ્રોની ઉપસ્થિતિમાં, ગણધરની હયાતીમાં, બાર જાતની સભા ઈન્દ્ર, નાગેન્દ્ર આદિ ભરેલા. જિનેન્દ્રો એટલે કેવળીઓ પણ બેઠા હતા કેટલાક અંદર. સાંભળવા નહિ હોં! અમથા સભામાં હોય. ભગવાનની વાણી નીકળી હતી,

અહીં પણ નીકળે છે હજી અત્યારે. મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા પરમેશ્વર તીર્થંકર અરિહંત પદે બિરાજે છે. ચોવીસ તીર્થંકરો તો મુક્તિમાં સિદ્ધપદમાં બિરાજે (છે), એને શરીર નથી હવે. આને તો હજી શરીર છે ભગવાનને, વાણી છે. એ ધ્વનિ દ્વારા આ ઉપદેશ આવ્યો એવો સંતો ઉપદેશ કરે છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**યે રાગ ઔર દ્વેષ. યે દોનોં અપને નહીં હૈં, અન્ય પદાર્થકે સંબંધસે હૈં.**' ભગવાન આત્મા ચૈતન્યના તેજના નૂરથી ભરેલો પ્રભુ એને આ પુણ્ય અને પાપનો વિકલ્પ ઉઠે છે એ કર્મના નિમિત્તના સંગે ઉઠે છે. સ્વભાવના સંગે એ રાગ મંદ કે તીવ્ર ન હોઈ શકે. આહા..હા..! એ.. ન્યાલભાઈ! આહા..હા..! ભગવાન! બાપુ! તારા રસ્તા કોઈ અલૌકિક નિરાળા છે. અરે..! એણે અનંત કાળમાં અનાદિ અનંત કાળ, અનાદિ અનંત કાળ ગયો ને? કોઈ દિ' એણે વીતરાગની વાણીના શું રહસ્ય છે એણે જાણ્યા નહિ, માન્યા નહિ. માન્યું હતું કે અમે સમજ્યા છીએ. આહા..હા..! અમે વીતરાગના માર્ગે છીએ, વીતરાગના માર્ગે, વીતરાગ કહે છે એવું અમે કરીએ છીએ એમ માન્યું હતું, વસ્તુની ખબર નહોતી. સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિમાં એણે માન્યું હતું. આહા..હા..!

વસ્તુ ભગવાન આત્મા એની ખાણમાં, પરમાત્મ સ્વરૂપ આત્મા છે એની ખાણમાં... આ પરમાત્મા છેને વ્યાખ્યા? આત્મા તો પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ, પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપનું દળ ચિદ્‌ઘન આનંદકંદ એવો આત્મા છે. એમાં એ વિકલ્પ જે પુણ્ય-પાપનો ઉઠે છે એ સ્વભાવના સંગે નથી ઉઠતો. એ નિમિત્ત, કર્મના લક્ષે પોતાના નબળાઈને કારણે એ વિકલ્પ મંદ ને તીવ્ર ઉઠે છે રાગ. માટે '**અન્ય પદાર્થકે સંબંધસે હૈં. ઈસલિયે ઈન દોનોંકો છોડે.**' ત્યારે તેને આત્માની શાંતિની ચારિત્ર દશા, ચારિત્ર મુનિની દશા જે સપ્તમ ગુણસ્થાનને યોગ્ય છે એને ચારિત્ર ત્યારે કહેવાય છે. આહા..હા..! સમ્યગ્દર્શન પછી મુનિની દશા એવી હોય છે કે ક્ષણમાં છઠ્ઠું અને ક્ષણમાં સાતમું. સાચા સંત મુનિ જે વીતરાગી ભગવાનની આજ્ઞાના છે તે. ક્ષણમાં છઠ્ઠું ગુણસ્થાન આવે, વિકલ્પ ઉઠે જરી. કહું, સાંભળું, દયા પાળવાનો વિકલ્પ, લખવાનો વિકલ્પ ઉઠે એ બસ. એ શુભ રાગ, ભાન છે અંદર એ રાગ હું નહિ એવું આનંદનું, જ્ઞાનનું ભાન છે. એ વિકલ્પ છૂટીને ક્ષણમાં સપ્તમ ગુણસ્થાન આવે. ભૂલી જાય, આ હું સાધુ છું કે નહિ એ ભૂલી જાય, આનંદમાં પડે. એવી મુનિને હજારો વાર એક દિવસમાં દશા આવે, એ દશાના વર્ણનમાં કહે છે કે છઠ્ઠે ગુણસ્થાને જ્યારે ઓલો વિકલ્પ ઉઠે છે એ વિકલ્પ છે એ શુભ રાગ છે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, પંચ મહાવ્રતનો. એને છોડીને ઠરે ત્યારે ખરું ચારિત્ર, શુદ્ધ ઉપયોગરૂપે પરિણમન થયું ત્યારે એને ખરું ચારિત્ર કહેવાય છે. આહા..!

આ પાંચમા આરાની વાત છે હોં! ત્રણે કાળ 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે ત્રણ કાળ ત્રણ લોકમાં એક જ માર્ગ કહ્યો છે. એ કાંઈ ચોથા આરા માટે જુદો અને પાંચમા માટે જુદો એમ છે નહિ. આ પાંચમા આરાના મુનિઓ કહે છે. જેને આત્માની શાંતિ ઉગ્ર જોઈતી હોય, મુક્તિની તૈયારી (હોય) એની વાત છે. પણ એની શ્રદ્ધા તો કરે કે આવો માર્ગ છે મુનિપણાનો અને આવું મુનિપણું ચારિત્ર આવ્યા વિના મુક્તિ ત્રણ કાળમાં ન થાય. સમજાણું કાંઈ? અથવા... એ પૂરી વાત કરી, હવે દેશવ્રતની વાત કરે.

**'हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यः विरतिर्व्रतम्।' ઐસા કહા ગયા હૈ. ઈસકા અર્થ યહ હૈ, કિ પ્રાણિયોંકો પીડા દેનાકા ભાવ ક્યા.'** સમજાય છે? છકાયના જીવને દુઃખ દેવાનો વિકલ્પ છે એનો ત્યાગ. એ શુભ વ્રત છે, શુભ રાગનું વ્રત છે. અશુભ રાગ તૂટ્યો ને એ શુભ રાગનું વ્રત છે, એ વ્યવહારવ્રત છે. હિંસાસે વિરક્ત હોના. **'જૂઠ વચન બોલના,...'** એ જૂઠું એનાથી વિરક્ત હોના, **'પરધન હરના, કુશીલકા સેવન ઔર પરિગ્રહ ઈનસે જો વિરક્ત હોના, વહી વ્રત હૈ.'** એ છઠ્ઠે ગુણસ્થાને મુનિને આત્મા આનંદના મોજમાં માણતો છતાં એને છઠ્ઠે ગુણસ્થાને આવા વિકલ્પ શુભ રાગના હોય છે એને દેશવ્રત કહેવામાં આવે છે. વ્યવહારવ્રત કહો, એકદેશ વ્રત કહો. સમજાણું કાંઈ? આહા..!

**'યે અહિંસાદિ વ્રત પ્રસિદ્ધ હૈં,...'** એ અહિંસાદિ વ્રત જગતમાં પ્રસિદ્ધ છે. **'વે વ્યવહારનયકર એકદેશરૂપ વ્રત હૈં.'** વ્યવહારથી છેને, નિશ્ચયથી તો ઓલું છે. આહા..હા..! **'યહી દિખલાતે હૈં-જીવઘાતમેં નિવૃત્તિ, જીવદયામેં પ્રવૃત્તિ,...'** આત્માના અનુભવની સમ્યગ્દર્શનદશા પૂર્વકમાં, સમ્યગ્દર્શન દશા ભૂમિકાના ભાનપૂર્વકમાં જેને જીવ ઘાતની નિવૃત્તિ અને જીવ દયામાં પ્રવૃત્તિના શુભભાવ હોં ભાવ, એને અહિંસા એકદેશ વ્યવહારવ્રત કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- વ્રતમાં ક્યાં લાભ આવ્યો? વ્રત એટલે શું? વીંટાવું. શેમાં? વસ્તુમાં વીંટાવું, નિશ્ચયવ્રત સ્વરૂપમાં વીંટાવું, વ્યવહારવ્રત જરીક રાગની મંદતામાં વીંટાવું. આહા..હા..! અરે..! નવ તત્ત્વમાં એ કષાયની મંદતાનો વ્રત ભાવ એ પુણ્યતત્ત્વમાં જાય છે. એની એને ખબર ન મળે. શ્રદ્ધાની ખબર ન મળે એને આ સ્થિરતા ક્યાંથી લાવવી? સમજાણું કાંઈ? પરની દયા પાળવી કે એનો પ્રશ્ન નથી. ફક્ત જીવઘાતનો ભાવ જે હતો એનાથી નિવૃત્તિ. અને જીવદયા (એટલે) પરને ન મારવાનો ભાવ એનું નામ શુભભાવ એ પ્રવૃત્તિ, એ પ્રવૃત્તિ થઈ શુભની. અશુભની નિવૃત્તિ, શુભની પ્રવૃત્તિ પણ છે શુભ રાગ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અસત્ય વચનમેં નિવૃત્તિ, સત્ય વચનમેં પ્રવૃત્તિ,...'** જૂઠા બોલવાનો ત્યાગ અને સત્ય બોલવાનો શુભભાવ. હું સાચું બોલું, મારે જૂઠું ન બોલાય. એવો ભાવ એ શુભભાવ છે. રાગ મંદ છે, વિકલ્પ છે, કષાયની મંદતાનો એ ભાવ છે. **'અદત્તાદાન (ચોરી) સે નિવૃત્તિ, અચૌર્યમેં પ્રવૃત્તિ...'** ચોરી ન હોય મારે. કોઈની આજ્ઞા વિના ન લેવાય. ભાન છે સમ્યક્નું હોં અંદર દર્શનનું. છતાં અંતર આનંદ અને જ્ઞાનના અનુભવપૂર્વકની દશાની વાત ચાલે છે. અચૌર્યની પ્રવૃત્તિ. એવો શુભ વિકલ્પ ઉઠે છે. એમ બ્રહ્મચર્યમાં લેવું. શરીરથી શુભ રાગ (આવે કે) બ્રહ્મચર્ય (પાળું). મારે સ્ત્રીનો ત્યાગ હોય નવ નવ કોટીએ. એવો જે વિકલ્પ શુભ રાગ એ અબ્રહ્મથી નિવૃત્તિ અને બ્રહ્મચર્યમાં પ્રવૃત્તિ એવો એક શુભરાગ. **'ઈત્યાદિ સ્વરૂપસે એકદેશવ્રત કહા જાતા હૈ,...'** એને એક અંશે અશુભ ટળ્યો છે અવ્રતનો ભાવ એ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને એકદેશ વ્રત છઠ્ઠા ગુણસ્થાનમાં આવા ભાવને એક અંશે વ્રત, વ્યવહારવ્રત કહેવામાં આવે છે. છોટાભાઈ! છે એમાં?

શ્રીમદ્‌માં આવે છેને? હે ભગવાન! આપે કહ્યા તે દયા અને શીલ સંયમ મેં ઓળખ્યા નહિ. એમ આવે છે. પાળ્યા તો નથી પણ ઓળખ્યા નથી. એઈ..! આવે છેને? હે ભગવાન! હું ભૂલી ગયો. બહુ આવે છે એમાં. પણ ક્યાં સમજે? એના અર્થને સમજે નહિ. એય..! ન્યાલભાઈ! ગડીયા હાંકે જાય આખો દિ' ભક્તિ. ભક્તિ તો શુભ રાગ છે, એમાં ક્યાં ત્યાં આત્મા આવી ગયો ધર્મ? સમજાણું કાંઈ? હે વીતરાગ! હે ભગવાન! આપે કહેલા દયા, શીલ, સંયમને મેં ઓળખ્યા નહિ. કોને કહેવી દયા ને કોને કહેવો સંયમ? એમ કીધું. સમજાણું કાંઈ? આપે કહેલા તત્ત્વને મેં પિછાણ્યા નહિ. કાંઈકનું કાંઈક માન્યું ઊંધી દૃષ્ટિએ. આહા..હા..! સમજાય છે આમાં? આમાં સમજાય છે એમ કહ્યું છે. ઓલું ઊંધું સમજ્યો છે એમાં નહિ. આ શું છે આ? આહા..હા..!

**'ઔર...'** શું કીધું આ? ધર્મી જીવને આત્માનું ભાન સમ્યગ્દર્શનના કાળમાં રાગનો વિકલ્પ પણ આદરણીય નથી અને વિકલ્પ કરવો એવી બુદ્ધિ હોતી નથી. છતાં છઠ્ઠે ગુણસ્થાનમાં અશુભનો ત્યાગ અને શુભનો રાગ આવ્યા વિના રહેતો નથી. એ શુભ રાગ ને એકદેશ વ્રત વ્યવહારે, (સાથે) આત્માનું ભાન છે અને ત્રણ કષાયનો અભાવ છે. એવી વીતરાગી પરિણતિના કાળમાં છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય વીતરાગી દશાના કાળમાં આવો જે વિકલ્પ વર્તે એને એકદેશ વ્યવહારે વ્રત પુણ્યબંધ ને કષાયે મંદ છે માટે વ્યવહારે વ્રત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ઔર રાગ-દ્વેષરૂપ સંકલ્પ વિકલ્પોંકી કલ્લોલોંસે રહિત...'** હવે નિશ્ચયવ્રત કહે છે. એવો જે શુભ રાગ છઠ્ઠે ગુણસ્થાને છે એને છોડીને રાગ-દ્વેષરૂપી... રાગ હતો વિકલ્પ શુભ

રાગ. એણે નવ તત્ત્વને બરાબર જાણવા-ઓળખવા તો પડશે કે નહિ? કે નવ તત્ત્વની ખબર ન મળે અને સમ્યગ્દર્શન થઈ જશે એને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં પણ થાય નહિ, શેના થાતા હશે? શાક લેવા જાય તો પચાસ શાકમાંથી આ શાક તારવીને કહે તો ઓલો શાક આપે. એ વિના આપતો હશે? શાક આપો મને લ્યો! બે રૂપિયાનું શાક આપો. મૂર્ખ લાગે છે. શું શાક જોવે છે? કે ના મારા બાપે બે રૂપિયાને લઈને શાક લેવા મોકલ્યો. પણ આ કયા બે પચાસમાંથી? કે મને કાંઈ ખબર નથી. આ લેવું ને આ છોડવું એમ ખ્યાલ વિના શું લેશે ઈ? એમ ભગવાન આત્મા અંદર જ્ઞાનાનંદ સ્વરૂપ છે તે આદરવા લાયક છે, રાગાદિ તે છોડવા લાયક છે એમ જાણ્યા વિના સમ્યગ્દર્શન થાશે કઈ રીતે એને? મૂર્ખ કહે ત્યાં લઈને બેઠો હોય તો. શું ભાઈ? બે રૂપિયા લઈને જાય તો શાક આપજો. કેમ શું શાક જોવે છે? મને ખબર નથી. મારા બાપે મને કીધું શાક આપજો. કીધું હતું ખરું કાંઈક પણ હું ભૂલી ગયો. મૂર્ખ લાગે છે આ તો. પુછી આવ જા ઘરે જઈને. આ જોવે છે અને આ જોતું નથી. એમ પચાસ શાકમાંથી કે ભાઈ! આ કેરીનું ટાણું છે તો મગાવ્યા હશે કારેલા. પૂછ તો ખરો ન્યાં. સમજાય છે? ઘીસોડા ન મગાવે એમાં. હા, .. હું તો ભૂલી ગયો હતો. એમ એના સમજણ વિના પણ વસ્તુ કઈ લેવી ને શું છોડવી એની ખબર ન મળે.

એમ આત્મામાં હેય અને ઉપાદેય શું છે? ઉપાદેય જ્ઞાનાનંદ ભગવાન ચિદાનંદ આનંદકંદ તે આત્માને ઉપાદેય શ્રદ્ધામાં છે આદરણીય. અને પુણ્યના, પાપના બેય ભાવ તે હેય અને આમ છોડવા લાયક છે. એમ કર્યા વિના એને સમ્યક્ અને વિવેક થશે ક્યાંથી? આહા..હા..! અહીં ચાલતું હશે આવું આંધળું, ત્યાં ન ચાલે. આ ચાલે છેને અહીં. કહેવું કાંઈક આપણે હાંકો. ધૂળમાં પણ નહિ ચાલે તારું, સાંભળને. મરી જઈશ મૂઢ થઈને. અનંતા અવતાર ગયા એ ભેગો આ. આ જો ભાન ન કર્યું તો સમ્યગ્જ્ઞાન વિના તારા કોઈ ભવના લેખા છૂટવાના નથી. સમજાણું કાંઈ?

**'રાગ-દ્વેષરૂપ સંકલ્પ વિકલ્પોંકી કલ્લોલોંસે રહિત...'** એ વિકલ્પ હતો એ. પરજીવને ન મારું-અહિંસાનો ભાવ એ શુભ વિકલ્પ હતો. ચોરી ન કરું, બ્રહ્મચર્ય પાળું એ પણ શુભ વિકલ્પ હતો, કલ્લોલ હતો, રાગનો કલ્લોલ હતો. એવા **'કલ્લોલોંસે રહિત તીન ગુપ્તિસે ગુપ્ત સમાધિમેં...'** દેખો! સ્વરૂપમાં ઠરે છે આનંદમાં. આહા..હા..! સંત સાધુ જે ણમો લોએ સવ્વસાહૂણં. ગણધરદેવ જેને નમસ્કાર કરે એ તે પદ કેવું છે? સમજાય છે કે નહિ? ણમો લોએ સવ્વસાહૂણં ગણધર બોલે કે નહિ? સીમંધર ભગવાન પાસે ગણધર બિરાજે અને અંગ

રચે ત્યારે પાંચ નવકારનો વિકલ્પ ઉઠે એને પણ. ણમો લોએ સવ્વસાહુણં. હે સંત! તારા ચરણમાં મારો નમસ્કાર. એવા ગણધર જેને અંતર્મુહૂર્તે બાર અંગની રચનાની તાકાત, એ ભવમાં ચરમશરીરી મોક્ષગામી, એનો જેને નમસ્કાર પોગે એ દશા કેવી હશે? સમજાણું કાંઈ? એ પંચમ આરાના સાચા ભાવલિંગી સાધુને નમસ્કાર કરે હોં! આવા હોય તો.

કહે છે '**કલ્લોલોંસે રહિત તીન ગુપ્તિસે ગુપ્ત સમાધિમેં શુભાશુભકે ત્યાગસે પરિપૂર્ણ વ્રત હોતા હૈ.**' દેખો! ઓલું વ્યવહારનયથી એકદેશ વ્રત હતું છઠ્ઠે ગુણસ્થાને, એક વિકલ્પ ઉઠ્યો હતો અહિંસા, સત્ય આદિનો. અને આત્માનું ભાન હતું કે રાગ આદરણીય નથી, કર્તૃત્વ મારું નથી. જ્ઞાતાપણે અંદર વિકલ્પની નબળાઈથી ઉત્પન્ન થયેલો ભાવ પંચ મહાવ્રતનો. એવા સ્વરૂપની દૃષ્ટિ ને સ્વરૂપની સ્થિરતા ચારિત્રની શાંતિ છે. એમાં વિકલ્પ ઉઠ્યો હતો શુભ રાગનો એને વ્યવહારે એક અંશે વ્રત કહેવામાં આવ્યું. ઓલું અશુભ ટળ્યું છે ઈ અપેક્ષાએ. '**શુભાશુભકે ત્યાગસે પરિપૂર્ણ વ્રત હોતા હૈ.**' એ પણ વિકલ્પ તૂટીને સ્વરૂપમાં ઠરે આનંદમાં ત્યારે તેને નિશ્ચયથી કહો, આખું કહો, પૂર્ણ કહો એવું પૂર્ણ વ્રત સાતમે ગુણસ્થાને હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઈસલિયે પ્રથમ અવસ્થામેં વ્રતકા નિષેધ નહીં હૈ...**' શું કીધું? છઠ્ઠા ગુણસ્થાનમાં આત્મધ્યાન અને આત્મદૃષ્ટિ સહિત ઠરી શકતો નથી ત્યાં સુધી એવા પંચ મહાવ્રતના ભાવ આવ્યા વિના રહેતા નથી. ત્યાં એનો નિષેધ નથી. એવો ભાવ ત્યાં હોય છે. શુભ રાગ પુણ્યબંધનું કારણ અહિંસા, સત્ય (આદિ) પંચ મહાવ્રત હોય છે. ત્યાં નથી એમ નહિ, એમ કહે છે. ત્યાં નથી એમ નહિ, એનો નિષેધ નથી. છઠ્ઠે ગુણસ્થાને નિષેધ ન થઈ શકે, ત્યાં તો એવો મંદ ભાવ હોય છે. '**એકદેશ વ્રત હૈ, ઔર પૂર્ણ અવસ્થામેં સર્વદેશ વ્રત હૈ.**' ત્યાંથી ખસીને ઠર્યો અંદરમાં ત્યારે એને સર્વદેશ નામ આખું નિશ્ચય પરિપૂર્ણ વ્રત છે. સમજાય છે કાંઈ? કાંઈ સમજાય છે એમ કહેવાય છેને? આહા..હા..!

એ વીરોના માર્ગ વીતરાગના માર્ગ ... ભગવાનનો કહેલો માર્ગ મહા પુરુષાર્થી જીવને હોય છે. લાલા-પેઠા કરનારને એ માર્ગ હોતો નથી. અફરગામેણ. જે માર્ગે ચડ્યા અફર, કેવળજ્ઞાન લીધે છૂટકો. એવા પંથને પાળનાર આવા સંતો હોય છે એમ કહે છે. સમ્યગ્દર્શનમાં ભાન થતાં આવું ચારિત્ર હોય એમ ભાન થયું છે એને, પણ હજી ચારિત્ર અંદર સ્વરૂપની સ્થિરતાનો જે આનંદ ને શાંતિ જોઈએ એ ન હોય તો સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં પણ એ હોય છે. છન્નું છન્નું હજાર સ્ત્રીમાં પડેલો હોય છે, પણ અંદરમાં એ રાગને અને પરને હેય માને છે, અંતર આત્માના આનંદને તે ઉપાદેય માને છે. સમજાણું કાંઈ?

નરકનો નારકી અત્યારે શ્રેણીક રાજા છે. ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં

છે. ભગવાન પાસે સમ્યગ્દર્શન ક્ષાયિક પામેલા. મહાવીર પ્રભુ પાસે શ્રેણીક રાજા અને નરકનું આયુષ્ય પહેલું બંધાઈ ગયેલું એટલે પછી સમ્યક્ પામ્યા એટલે ઘણી સ્થિતિ ઘટી ગઈ. આત્માનું ભાન છે. ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિ ઊપજ્યા છે પહેલી નરકે. અઢી હજાર વર્ષ ગયા છે. હજી કેટલા રહ્યા? સાડી એકાશી હજાર (વર્ષ) બાકી છે. કહે છે, નરકના બહારના દુઃખોથી એ દુઃખી દેખાય છે, પણ અંદર સુખમાં ગટાગટી (કરે છે). 'નારકી બાહ્ય કૃત દુઃખ ભોગત, નારકી બાહ્ય કૃત દુઃખ ભોગત' સમકિતીની વાત છે, પણ અંદર સુખની ગટાગટી છે. અંતર આત્માનું ભાન છે, સમ્યગ્દર્શન છે, અનુભવ આનંદનું ભાન છે એટલે અતીન્દ્રિય આનંદનો સ્વાદ પહેલી નરકે નરકમાં રહેલો શ્રેણીક રાજા સમકિતી છે તે લે છે. આહા..હા..! ચોથે ગુણસ્થાને હોં! સાંભળી છે કે નહિ વાત? ઘણી વાર આવે છે આપણે. નારકી કૃત દુઃખ ભોગત, નથી આવતું? પદ બોલ્યા હતા. શેઠ પહેલા આવ્યા હતાને જ્યારે સર હુકમીચંદ. ત્યારે એ બોલ્યા હતા. અર્થ-બર્થની શી ખબર, સમજવા જેવું. બાહિર નારકી કૃત ભોગત, પણ સમ્યગ્દષ્ટિ અંતરમાં સુખમાં ગટાગટી. અતીન્દ્રિય આનંદના ભાનમાં પ્રતીત અને ઓળખાણ થઈ છે. પુણ્ય-પાપના વિકલ્પ તે મારી ચીજ નથી, ઝેર છે. અમૃતસ્વરૂપ અમૃતનો ભંડાર આત્મા એવો અનુભવ થયો એવા સમ્યગ્દષ્ટિને બહાર નરકમાં ગયો છતાં, બહારમાં દેખાય છે દુઃખ, પણ અંદરમાં આનંદની લહેર ઉઠે છે. આહા..હા..! આ તે વાત! સમજાણું કાંઈ?

જુઓ! આ મુનિઓ. બહારથી દેખાય કે સિંહણ ખાય છે. આ એના એ ભવની મા છે મરી ગયેલી. તિર્યંચણી થઈ છે તે ખાય છે. લોકો તો એમ લે છે કે, અર..ર..ર..! આહા..! અંદરમાં આનંદની છોળ ઉઠે છે, અતીન્દ્રિય આનંદની. વિકલ્પ વળી આવી જાય તો જાણે કે આ છે. નહિતર સ્થિરતા થઈ જાય નિર્વિકલ્પમાં છઠ્ઠે ને સાતમે, છઠ્ઠે ને સાતમે હજારો વાર (આવે અને જાય). મુનિની દશા જ એવી છે અનાદિ વીતરાગ માર્ગની. આનંદ છે... આનંદ છે... આનંદ છે. સમજાણું કાંઈ?

એ કહે છે કે '**પૂર્ણ અવસ્થામેં સર્વદેશ વ્રત હૈ. યહાં પર કોઈ યદિ પ્રશ્ન કરે, કિ વ્રતસે ક્યા પ્રયોજન?**' એવા શુભ રાગને લાવવાનું અને આવવાનું શું કારણ? પ્રયોજન શું છે? '**આત્મભાવનાસે હી મોક્ષ હોતા હૈ.**' અમારે તો આત્માના આનંદની ભાવનાથી મોક્ષ થશે. એવા શુભ વ્રતને લાવવો ને આવવો એનું શું કામ છે? સમજાય છે કાંઈ? '**ઉસકા સમાધાન... ભરતજી મહારાજને ક્યા વ્રત ધારણ કિયા થા?**' આ શિષ્ય પ્રશ્ન કરે છે. ભરત હતાને? છન્નું હજાર સ્ત્રી, છ ખંડનો નાયક. ભરત ભગવાનના પુત્ર, ઋષભદેવના પુત્ર. સંસારમાં આત્મજ્ઞાન અને આત્મદર્શનના ભાનવાળા હતા. એના ધ્યાનમાં અંતર બેઠા ત્યાં ધ્યાનમાં. એક વાળ દીઠો વાળ અરે! આ શું? એકદમ ભરતે લૂગડાં ઉતારી નાખ્યા.

બધું નગ્ન. પંચ મહાવ્રતનો શુભ રાગનો વિકલ્પ આવ્યો છે. આવ્યો છે પંચ મહાવ્રતનો. છૂટીને પછી ધ્યાનમાં બેઠા છે. અંતર્મુહૂર્તે કેવળ થઈ ગયું. ત્યારે આ શિષ્ય કહે છે કે, જુઓ! એને ક્યાં વ્રત હતા? ભાઈ! તને ખબર નથી. સાંભળ તો ખરો. '**ભરતજી મહારાજને ક્યા વ્રત ધારણ કિયા થા? વે તો દો ઘડીમેં હી કેવલજ્ઞાન પાકર મોક્ષ ગયે.**'

'**ઈસકા સમાધાન ઐસા હૈ, કિ ભરતેશ્વરને પહલે જિનદીક્ષા ધારણ કી,...**' શું કહે છે? આમ આત્મજ્ઞાન હતું, આત્મદર્શન હતું, અનુભવ હતો. પાપનો રાગ જે સ્ત્રી, કુટુંબ આદિનો હતો એને છોડ્યો. નગ્ન મુનિ થયા, બાહ્ય દશા નગ્ન દેહની થઈ ગઈ અને શુભ રાગ (આવ્યો). ણમો સિદ્ધાણં આદિ નમસ્કાર મંત્ર ગણી પંચ મહાવ્રતના પરિણામ શુભ રાગના પહેલા આવ્યા હતા એમને. સમજાણું?

મુમુક્ષુ :-

ઉત્તર :- આત્મા પાસે. કોણ ત્યાં હતું બીજું? ત્રણ જ્ઞાનના તો ધણી હતા પહેલેથી. ત્રણ જ્ઞાન હતું મતિ, શ્રુત અને અવધિ. કોને? ભરતને. ભગવાનને તો હોય તીર્થંકરને તો. તીર્થંકર તો ત્રણ જ્ઞાન લઈને માતાના પેટમાં આવે. સમકિત લઈને, ત્રણ જ્ઞાન લઈને. પણ આ તો પછી અવધિજ્ઞાન પામ્યા છે. ભરતજી ભગવાનના સમવસરણમાં એકવાર બેઠા હતા. સમકિતી, જ્ઞાન આત્માનું ભાન હતું. સાંભળતા હતા એમાં એકદમ મતિની નિર્મળતા, શ્રુતની નિર્મળતા અને અવધિજ્ઞાન અને અવધિદર્શન થયું હતું. એને પછી જ્યારે વૈરાગ્ય થયો છે.., છોડી દીધું. છૂટી ગયું. એકલા નગ્ન થઈ ગયા. ત્યારે ઓલો વિકલ્પ આવ્યો પંચ મહાવ્રતનો પહેલો. કહે છે, '**પહલે જિનદીક્ષા ધારણ કી, શિરકે કેશલુઞ્ચન કિયે,...**' પંચમ ગુણસ્થાનમાં એ ભૂમિકામાં એ વિકલ્પ આવ્યો કે હું મુનિ થાઉં. ભાન છે અંદર હોં! આત્માના આનંદનું. આનંદ છે. આ વિકલ્પ ઉઠે એ મારું કર્તવ્ય નથી. આ દેહની ક્રિયા થાય એ હું કરતો નથી, એ તો જડની ક્રિયા છે. એમ સમ્યગ્દર્શનનું ભાન છે.

મુમુક્ષુ :- અરિસાભુવનમાં થયું?

ઉત્તર :- આત્મામાં થયું. અરીસો એટલે ચૈતન્ય એમ. અરીસો એટલે ચૈતન્ય અરીસાભુવનમાં આમાં થયું. કહો, સમજાણું આમાં?

'**શિરકે કેશલુઞ્ચન કિયે, હિંસાદિ પાપોંકી નિવૃત્તિરૂપ પાંચ મહાવ્રત આદરે.**' છે શુભ રાગ થયો, આવ્યો એને અશુભ છોડ્યું એણે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અંગીકાર કર્યું. શુભ રાગ આવ્યો પંચ મહાવ્રત. '**ફિર એક અંતર્મુહૂર્તમેં સમસ્ત વિકલ્પ રહિત...**' એ વિકલ્પ શુભ આવ્યો ખરો પહેલો એને છોડી '**મન, વચન, કાય રોકનેરૂપ નિજ શુદ્ધાત્મધ્યાન ઉસમેં ઠહરકર નિર્વિકલ્પ હુએ.**' ભાન તો હતું એ વિકલ્પ મારું

કર્તવ્ય નથી, પણ આવ્યા વિના રહે નહિ. ગુણસ્થાન પ્રમાણે એને શુભ રાગ આવે છે. છૂટી ધ્યાનમાં નિર્વિકલ્પમાં ઠર્યા ત્યારે કેવળજ્ઞાન થયું. '**વે શુદ્ધાત્માકા ધ્યાન, દેખે, સુને ઔર ભોગે હુએ ભોગોંકી વાંછારૂપ નિદાન બન્ધાદિ વિકલ્પોંસે રહિત...**' લ્યો! એ આગળ તો એવા ધ્યાનમાં મસ્ત થઈ ગયા આત્માના આનંદમાં (કે) દેખેલા, સાંભળેલા અને ભોગવેલા વિકલ્પ છૂટી ગયા બધા. એકલો ગોળો ચિદાનંદ આત્માના ગોળામાં ધ્યાનમાં મસ્ત થઈ ગયા.

'**ભોગોંકી વાંછારૂપ નિદાન બન્ધાદિ વિકલ્પોંસે રહિત ઐસે ધ્યાનમેં તલ્લીન હોકર કેવલી હુએ.**' એ પંચ મહાવ્રતના વિકલ્પ આવ્યા હતા માટે કેવળી થયા એમ નથી, એમ કહે છે. આવ્યા છે ખરા પહેલા. ગૃહસ્થાશ્રમ છૂટ્યો અંદરથી, એ તીવ્ર રાગ ગયો. પંચ મહાવ્રતના શુભ રાગ વિકલ્પ આવ્યો ખરો, પુણ્યબંધનું કારણ છે એ. પણ એને છોડીને જ્યારે નિર્વિકલ્પ ઠર્યા ત્યારે શુકલધ્યાન થયું, ત્યારે કેવળજ્ઞાન થયું. આહા..હા..! સમજાણું કાંઈ? '**જબ રાજ છોડા,...**' છ ખંડનું રાજ છોડ્યું. એકલો ભગવાન આત્મા જેવો દૃષ્ટિમાં લીધો હતો એવા અંદર ઠર્યા. રાજ છોડ્યું એ વખતે મહાવ્રતનો વિકલ્પ આવ્યો. '**ઔર મુનિ હુએ...**' પંચ મહાવ્રતના વિકલ્પ આવ્યા. પછી એ છોડી કેવળી થયા. '**તભી કેવલી હુએ, તબ ભરતેશ્વરને અંતર્મુહૂર્તમેં કેવલજ્ઞાન પ્રાપ્ત કિયા. ઈસલિયે મહાવ્રતકી પ્રસિદ્ધિ નહીં હુઈ.**' એકદમ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈ ગયુંને એટલે નગ્ન દશા થઈ અને પંચ મહાવ્રતના વિકલ્પ આવ્યા એને લોકો જોઈ શક્યા નહિ. એકદમ કેવળ થયું એટલે લોકો જોવા (માંડ્યા), એકદમ કેવળ થયું એમ. એમ પહેલો એવો ભાવ આવ્યા વિના રહે નહિ. અવ્રતને છોડવા સમ્યગ્દર્શનનું ભાન હોવા છતાં, અવ્રતનો ભાવ પાપ છે (એવું) અંતર ભાન છે, એને (વ્રતને) છોડીને સ્થિરતા થઈ ત્યારે એમને શુકલધ્યાન થયું. અથવા એને છોડીને શુભભાવ પહેલો આવ્યો ત્યારે મહાવ્રત થયા, ત્યારે એને છોડીને સ્થિર થયા ત્યારે શુકલધ્યાન થયું છે અથવા ત્યારે શાંતિ ને સમતાભાવ, વીતરાગભાવ ઉત્પન્ન થયો છે. સમજાણું કાંઈ?

ઘણી વાતું આવી આમાં તો. કેટલી યાદ રાખવી આમાં? ઘરમાં, દુકાનમાં પાંચ હજાર ચીજ હોય તો બધી વાત યાદ નથી રાખતો? જુઓ એને ખબર છે એય..! જુઓ! કઈ બંગડી ક્યાંથી આવી અને કેટલા હજારની છે ને કેટલી છે, ત્રણ પટાની ખબર હોય. બે લાખનો માલ પડ્યો હોય તો બધી ખબર હોય. કહો, અમારે ત્યાં આણંદજી કેટલું ધ્યાન રાખતો. આ ભાવ આ ગુણ એલચીની દસ ગુણો અહીંથી લાવ્યા હતા આ વર્ષમાં આટલા ભાવે. એમાંથી અધમણ પડી છે અંદર જુઓ! અને આ ભાવે અત્યારે વેચાય છે અને આ ભાવે અત્યારે દેવી. એવી ચીજો તો કેટલી પડી હોય મોટી વખારો બાર-બાર, તેર-તેર વખારો

ભરી હોય. આહા..હા..! ધૂળની. લક્ષ કેટલા હોય છે એને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળ પણ નથી. એ તો પુણ્ય હોય તો ઘરાક આવે ને જાય. એમાં શું છે ધૂળમાં માલ છે? એ કાંઈ ડાહ્યા છે અને ધ્યાન રાખે માટે પૈસા આવે છે? એવી વાતું છે ખોટે ખોટી ગપ. સમજાણું કાંઈ? અહીં તો જેને રુચિ તેમાં તેનું લક્ષ અને યાદગીરી રહે છે. એટલો સિદ્ધાંત સિદ્ધ કરવો છે. અહીં જો રુચિ હોય તો આ વાત એને યાદ થયા વિના રહે નહિ.

'**તબ ભરતેશ્વરને (કેવળી) અંતર્મુહૂર્તમેં કેવલજ્ઞાન પ્રાપ્ત કિયા. ઈસલિયે મહાવ્રતકી પ્રસિદ્ધિ નહીં હુઈ.**' મહાવ્રતની પ્રસિદ્ધિ ન હુઈ એ શું કીધું? લોકોના ખ્યાલમાં ન આવ્યું. એકદમ નગ્ન થયા અને બેઠા ધ્યાનમાં, એકદમ કેવળ. પણ મુનિ થયા ત્યારે વિકલ્પ શુભરાગ આવ્યો પાંચમા ગુણસ્થાનમાંથી ખસીને, ચોથા ગુણસ્થાનમાંથી ખસીને જ્યારે વિકલ્પ આવ્યો ત્યારે એ જાતની ભૂમિકા આગળ વધવાનો ભાવ આવ્યો. પછી વિકલ્પ છૂટ્યો, ઠર્યા અંદરમાં ... એવા મહાવ્રતનો ભાવ પહેલો આવ્યા વિના રહેતો નથી. મંદ કષાયનો ભાવ છે, પુણ્યભાવ છે, બંધનું કારણ છે, પણ એવો આવ્યા વિના રહેતો નથી. અશુભ રાગના તીવ્ર બંધનનો અભાવ કરીને શુભરાગ મંદનો ભાવ આવે છે. એને છોડીને જ્યારે અંદર ઠરે ત્યારે આત્મા નિશ્ચયવ્રત ને સાચું વ્રત ને પરમાર્થ વ્રત કહેવાય છે. સમજાણું કાંઈ?

'**ઈસ પર કોઈ મૂર્ખ ઐસા વિચાર લેવે, કિ જૈસા ઉનકો હુઆ વૈસે હમકો ભી હોવેગા.**' પંચ મહાવ્રતના પરિણામ, છઠ્ઠે ગુણસ્થાને આગળ વધતા આવ્યા વિના રહે નહિ. અંતર્મુહૂર્તમાં પણ થોડા અંદર આવે. અને કોઈ એમ માને કે એ અમને આવ્યા વિના અંદરમાં એકદમ ધ્યાન ને સ્થિર થઈ જશું, એ માટે મૂર્ખ કહે છે.

મુમુક્ષુ :- સાચું નથી માનતો એટલે.

ઉત્તર :- સાચું માનતો નથી, સત્ય માનતો નથી. આત્માનું ભાન સમ્યગ્દર્શન (છે), શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થઈ છે. દેહાદિના રજકણની એક માત્રની પર્યાયની ક્રિયાનો કર્તા હું ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી એવું સમ્યગ્દર્શનમાં ભાન થયું છે. અને રાગ વિકલ્પ છે એ ઝેર છે, મારે કરવા જેવો નથી એવું ભાન છે છતાં આવ્યા વિના રહેતો નથી. અશુભ ટળવા શુભ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પ્રવચનસારમાં ઘણું કહ્યું છે. ચરણાનુયોગ (અધિકારમાં) શરૂઆતમાં. જ્ઞાન થયું સમકિતી ત્યારથી રાગનો ત્યાગ જ છે એને. રાગની ક્રિયા, જડની ક્રિયાનો કર્તા-ફર્તા જ્ઞાની છે જ નહિ સમકિતી. સમજાણું કાંઈ? ચરણાનુયોગમાં પ્રવચનસાર છેને એની શરૂઆતમાં જયચંદ્ર

પંડિતે બહુ સારુ લખ્યું છે. ... ભૂમિકામાં આત્માની સ્થિરતા જ્યાં વિશેષ નથી અને અનુભવ દૃષ્ટિ થઈ છે છતાં આગળ વધવામાં અશુભ ટળવામાં એ શુભભાવ આવ્યા વિના રહેતો નથી. અહીં શુભભાવ ન જ આવે અને એકદમ ધ્યાન કરું તો ઈ, કહે છે કે મૂર્ખ છે. એને વસ્તુની ખબર નથી. સમજાણું કાંઈ?

'**ઐસા વિચાર ઠીક નહીં હૈ. યદિ કિસી એક અંધેકો કિસી તરહસે નિધિકા લાભ હુઆ,...**' લ્યો! દાખલો આપ્યો. આંધળાને નિધિ મળી ગઈ. '**તો ક્યા સભીકો ઐસા હો સકતા હૈ?**' બેસી રહે. મા-બાપ નિધિ મળી જશે. આંધળાને મળી ગઈ. મને મળે ત્યારે આપણે વેપાર ન કરવો એમ હશે? વેપાર કર્યાનો રાગ આવ્યા વિના રહેશે એને? રાગ આવે માટે પૈસા મળે એ અહીં સિદ્ધ નથી કરવું. રાગ તો ઘણા કરે છે અને પછી ધૂળ પણ મળતી નથી. રાગ મંદ-થોડો કરે ને કરોડો રૂપિયા મળે. એમ હશે કે નહિ? હિંમતભાઈ! કામ કરો છો નહિ તમે કેટલા? અત્યાર સુધી રળો છો કે નહિ? અને આ તમારો ભત્રીજો વધી ગયો, બે કરોડ રૂપિયા લ્યો! મલૂકચંદભાઈએ મહેનતું તો કરી છે કે નહિ અત્યાર સુધી? આ છોકરા પાસે બે કરોડ રૂપિયા થઈ ગયા. બે કરોડ. પુનમચંદ મલૂકચંદ. આ ડોસાના બાપના દીકરા. ઓલા ડોસા તો આવ્યા નથી.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ધૂળમાં પણ ફેર પડે નહિ, શું પડતો હશે? ત્યાં શું કામ આવે ધૂળ? આ એના કરતા તો આ બેઠા છે જુઓ! હિંમતભાઈ બુદ્ધિવાળા છે બહુ. આ સાચી વાત છે? તમારા પાંચે ભાઈઓમાં? ઘરમાં પણ એનું વલણ ... બુદ્ધિ શું કામ આવે પણ એમાં? એ તો પૂર્વના પુણ્યના રજકણો જેટલા પડ્યા હોય એટલા પાકમાં આવે એટલી દેખાય ધૂળ બહારથી કે આવી. એમાં આત્માને કાંઈ લેવા-દેવા છે? આત્માને લાભ શું ને એમાં નુકસાન શું? કેમ હશે એમાં? મોહનભાઈ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ત્યાં બહુ મહેનત કરી હતી પછી કેટલું મુકીને વયા આવ્યા. શું કામ આવે ત્યાં ધૂળ પણ? એ રજકણ માત્ર આવવો ન આવવો એ તો સ્વતંત્ર જડને કારણે છે, એ તારે કારણે આવે છે ત્યાં? શ્રદ્ધાની ખબર નથી એને.

અહીં તો જ્ઞાનીને ખબર છે, પણ એને ભાવ હજી અશુભ રાગ હોય છે એને છોડીને જ્યારે ઓલો પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે ત્યારે એને પંચ મહાવ્રત વ્યવહારે કહેવાય છે. અંતર ભાન છે (કે) એ રાગ હું નહિ અને અંતર સ્થિરતા ચારિત્રની દશા વર્તે છે. વીતરાગ દશા અંદર વર્તે છે. પછી વિકલ્પને છોડીને નિર્વિકલ્પ થાય છે ત્યારે કેવળજ્ઞાન અથવા ત્યારે

તે વીતરાગ દશાને પ્રાપ્ત થાય છે. પણ એમને એમ વિકલ્પ આવે જ નહિ ભૂમિકાને યોગ્ય અને માની લે કે, અમારે એકલું આત્મધ્યાનમાં થઈ રહ્યું, અમે કેવળ પામીશું. એને તત્ત્વની ખબર નથી.

'**યદિ કિસી એક અંધેકો...**' કહ્યું ને? '**તો ક્યા સભીકો ઐસા હો સકતા હૈ? સબકો નહીં હોતા. ભરત સરીખે ભરત હી હુએ.**' એના જેવો કોઈ હોય, કોઈ જીવ હોય. સમજાણું? '**ઈસલિયે અન્ય ભવ્યજીવોંકો યહી યોગ્ય હૈ, કિ તપ સંયમકા સાધન કરના હી શ્રેષ્ઠ હૈ.**' આત્મદર્શન થયા પછી પણ શુભરાગના ભાવ વ્રતના આવ્યા વિના રહે નહિ, શુભરાગનું સાધન વ્યવહારે કરવું એમ કહેવામાં આવે છે. આવે છે એને કરું એમ કહે છે. વાત તો એ છેને બીજી શું છે? કરશે એટલે કે ઉપવાસ આદિનો વિકલ્પ શુભ રાગ હોય છે, શુભ રાગ હોં એ. ખરું તપ એ નથી. તપ તો આનંદમૂર્તિની દષ્ટિ થઈ છે એમાં આનંદમાં ઠરે છે, ઈચ્છા છૂટી જાય છે અને આનંદનો શુદ્ધ ઉપયોગ થાય તેને તપ કહેવાય છે. પણ એવા તપ પહેલા આવો શુભ રાગ સમ્યગ્દષ્ટિને પણ આવે છે, હોય છે એ પુણ્યબંધનું કારણ છે એમ જ્ઞાની સમજે છે.

સંયમ એટલે શુભ રાગ એનું સાધન કરવું, '**ઐસા હી દૂસરી જગહ ભી કહા હૈ. અર્થ ઐસા હૈ, કિ જિસને પહલે તો યોગકા અભ્યાસ નહીં કિયા, ઔર મરણકે સમય ભી જો કભી આરાધક હો જાવે,...**' પહેલા તો ધ્યાન આત્માનું (નહોતું), એકદમ મરણ વખતે ધ્યાનમાં ઉતરી જાય હડપ દઈને અંદરથી. કોઈ જીવને એવું થાય. પહેલું તો સ્વભાવનું સાધન કરવું જોઈએ, અભ્યાસ કરવો જોઈએ સ્વભાવ માટે. પહેલો યોગનો અભ્યાસ. યોગ એટલે આત્માના આનંદનો હોં! યોગ એટલે સ્વરૂપની એકાગ્રતા. યોગ એટલે બીજો નહિ. આ ઓલા બાવા-બાવા, સાધુ એની વાત નથી આ. આત્મા જ્ઞાનાનંદ પુણ્ય-પાપના રાગ રહિત છે એનું સાધન અંતર એકાગ્ર થવું. અને એવા એકાગ્રતામાં નબળાઈ હોય ત્યારે શુભ રાગ આવે. ત્યારે કહે છે કે એવો કોઈ અભ્યાસ ન કર્યો '**ઔર મરણકે સમય ભી જો કભી આરાધક હો જાવે,...**' મરણ સમયે એકદમ .... હોય કોઈ જીવ એવા પણ હોય. સમજાય છે?

'**તો યહ બાત ઐસી જાનના, કિ જૈસે કિસી અંધે પુરુષકો નિધિકા લાભ હુઆ હો. ઐસી બાત સબ જગહ પ્રમાણ નહીં હો સકતી.**' સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અનુભવ થવા છતાં સ્વરૂપની ચારિત્રદશા પ્રાપ્ત કરીને એવો શુભ રાગ મહાવ્રતનો આદિ હોય છે અને એનું પાલન વ્યવહારે પણ એકદેશ વ્રત કહેવાય છે. બધાને એકદમ વ્રતના વિકલ્પ (ન આવે એમ ન બને). આને આવ્યું હતું અંતર્મુહૂર્ત ભરત ચક્રવર્તીને. કોઈને અંતર્મુહૂર્ત

થોડો કાળ આવીને એકદમ ઠરી જાય એમ પણ આવે. એમાં શું? કોઈને વધારે શુભરાગ (રહે). એમ પ્રમાણ નહિ કહે છે. અંતરથી આવી જાય. આવી જાય એ તો સહજ સ્વરૂપનો પુરુષાર્થ જાગે તો એવો વિકલ્પ થોડોક કાળ રહે અને ઠરે. કોઈને વધારે વિકલ્પ કાળ હોય. સાધારણ માટે કોઈનો વધારે હોય. **'ઐસી બાત સબ જગહ પ્રમાણ નહીં હો સકતી. કભી કહીં પર હોવે તો હોવે.'** લ્યો! એ અધિકાર પૂરો કર્યો.

**'ઈસ તરહ મોક્ષ, મોક્ષકા ફલ, ઔર મોક્ષકે માર્ગકે કહનેવાલે દૂસરે મહાધિકારમેં પરમ ઉપશાંતભાવકે વ્યાખ્યાનકી મુખ્યતાસે અંતરસ્થલમેં ચૌદહ દોહે પૂર્ણ હુએ.'**

હવે **'નિશ્ચયનયકર પુણ્ય-પાપ દોનોં હી સમાન હૈં,...'** વાત કરશે. એ શુભભાવ હો કે અશુભ બેય પુણ્ય-પાપ બેય સરખા બંધના કારણ છે. એમ જે ન માને તે મૂઢ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડશે એમ કહેશે. છેને પાઠ જુઓને.

**૧૮૦) बंधहँ मोक्खहँ हेउ णिउ जो णवि जाणइ कोइ।**
**सो पर मोहिं करइ जिय पुण्णु वि पाउ वि दोइ।।५३।।**

બે ભાગ પાડે છે અજ્ઞાની કે પુણ્યનો ભાવ એ ઠીક અને પાપનો ભાવ એ અઠીક. એમ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ ભેદ પાડે છે. **'मोहिं करइ'** મિથ્યાદૃષ્ટિ. આવશે ખુલાસો. સમજાણું કાંઈ? **'ઐસા ચૌદહ દોહોંમેં કહતે હૈં. જો કોઈ સ્વભાવપરિણામકો મોક્ષકા કારણ ઔર વિભાવપરિણામકો બંધકા કારણ નિશ્ચયસે ઐસા ભેદ નહીં જાનતા હૈ,...'** દેખો! શું કહ્યું? ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદનો જે સ્વભાવ શુદ્ધ છે, એ શુદ્ધ સ્વભાવના પરિણામથી જ આત્માને ધર્મ અને મુક્તિ થાય છે. વિભાવ પરિણામ તે બંધનું કારણ છે. પછી શુભ રાગ હો દયાનો કે અહિંસાનો, સત્યનો, દાનનો કે પૂજાનો કે ભક્તિનો, પણ એ બંધનું કારણ વિભાવ છે. એ નથી માનતો તે મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં હિંડશે. **'हिंडदि'** આવે છેને? ૭૭ ગાથા પ્રવચનસાર. **'हिंडदि घोरमपारं संसारं'** જે કોઈ મૂઢ જીવ શુભ ને અશુભ બે રાગ છે એમાં એક ઠીક ને બીજો અઠીક માને, બંધના કારણમાં એકને ઠીક માને ને બીજાને અઠીક માને. એ બેય બંધના કારણ છે. એ મિથ્યાદૃષ્ટિ, **'વહી પુણ્ય-પાપકા કર્તા હોતા હૈ,...'** દેખો! છેને? પુણ્ય-પાપનો કર્તા થાય છે, પુણ્યનો કર્તા—પુણ્યએ મારું કાર્ય છે, પુણ્ય એ મારું કર્તવ્ય છે. એમ મિથ્યાદૃષ્ટિ માને છે, અન્ય નહિ. **'ઐસા મનમેં ધારણકર યહ ગાથા-સૂત્ર કહતે હૈં—'**

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૨, રવિવાર, તા. ૨૩-૦૧-૧૯૬૬**
**ગાથા-૫૩-૫૪, પ્રવચન-૧૦૬**

(પરમાત્મપ્રકાશ) બીજા ભાગની ૫૩મી ગાથા. '**આગે નિશ્ચયનયકર પુણ્ય-પાપ દોનોં હી સમાન હૈં,...**' શું કહે છે? ... તો શું કહે છે? કે આ આત્મા છે આત્મા એ જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાન સ્વભાવ એનો અનાદિ અનંત ચૈતન્યસ્વભાવ આનંદ અને જ્ઞાનસ્વભાવ (છે). એના સ્વભાવને ભૂલીને આત્મામાં જેટલા શુભ અને અશુભ, પુણ્ય ને પાપ ભાવ થાય છે એ બેય ભાવ બંધનું કારણ છે. દેહાદિ તો માટી જડ અજીવતત્ત્વ છે માટી-ધૂળ, એ કાંઈ આત્મા નથી. અને એમાં કર્મ રજકણો છે જેને આઠ કર્મ કહેવાય છે એ પણ ધૂળ ઝીણી જડ છે. આત્મા અખંડ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનો સ્વભાવ જ્ઞાન ચૈતન્યસૂર્ય પ્રકાશમય આત્મા છે. એ અનાદિથી ભૂલીને એની દશામાં મિથ્યા ભ્રમ અથવા પુણ્ય અને પાપના ભાવ થાય છે એ બધો વિકાર છે. એ વિકાર એને નુકસાનનું કારણ છે, દુઃખરૂપ છે, પરિભ્રમણનો હેતુ છે. સવારની વાત લીધી આ. એટલે કહે છે, પુણ્ય ને પાપ દોનોં સમાન હૈં. એ આત્મામાં શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપથી વિપરીત થતો ભાવ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિનો ભાવ એ શુભભાવ છે, એ પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, ક્રોધ, માન, માયા, લોભ જે વિકલ્પ ઉઠે છે એ પાપ છે. એ પુણ્ય અને પાપ સમાન છે. સમાન નામ વિકાર છે. વિકાર નામ એ નવા બંધનનું કારણ છે. '**ઐસા ચૌદહ દોહોંમેં કહતે હૈં.**' ચૌદ ગાથામાં એ વાત કરશે.

'**જો કોઈ સ્વભાવપરિણામકો મોક્ષકા કારણ ઔર વિભાવપરિણામકો બંધકા કારણ નિશ્ચયસે ઐસા ભેદ નહીં જાનતા હૈ, વહી પુણ્ય-પાપકા કર્તા હોતા હૈ,...**' સમજાય છે? '**स एव पुण्यपापद्वयं करोति**' એમ છે મૂળ તો સંસ્કૃતમાં. '**बन्धमोक्षहेतुभूतौ न जानाति स एव पुण्यपापद्वयं**' એટલે બે કરે છે એમ. ખરેખર તો એમ છે. બે ભાગ એ પાડે છે. શબ્દાર્થ તો આવો કે '**વહી પુણ્ય-પાપકા કર્તા હોતા હૈ,...**' સમજ્યાને? ભાઈ! પાઠ આમ છે. બે પાડે છે. બસ! એમ કહે છે. મૂળ ટીકા એમ કહે છે. શું કહેવું છે? ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ એનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું જે પરિણમન સ્વભાવનું થાય એ મોક્ષનું કારણ છે અને વિભાવ પરિણામ બંધનું કારણ છે. એ વિકારી ભાવ થાય એ પુણ્ય હો કે પાપ હો, બેય બંધનું કારણ છે.

'**ઐસા ભેદ નહીં જાનતા હૈ,...**' એવી જુદાઈને જે જાણતો નથી તે પુણ્ય-પાપના બે ભાગને બે પાડે છે. પુણ્ય એ ઠીક અને પાપ એ અઠીક એવા બે ભાગલા પાડે છે. સમજાય છે કાંઈ? આ તો મૂળની વાત છે. અનંત કાળથી આત્માના ભાન વિના એ રઝળ્યો ચોર્યાશીના અવતારમાં.

જુઓને! આ દાખલા. ક્ષણમાં દેહ છૂટીને ચાલ્યા જાય છે. સાંભળીએ છીએને કેટલાક. એવા જ બને છે બધા. જુઓ આ શાસ્ત્રીજી ગયા, ઓલા કાલે સાંભળ્યું આ ગજ્જર ડૉક્ટર બે કલાકમાં ઉડી ગયો ફટ. રાણપુર. વાડીભાઈ મોઢ. ઘણા આવતા બિચારા, અહીંયા આવતા મોઢ. ઘડીકમાં (ચાલ્યા ગયા). દેહ જડ છે અને એનું ટકવું પણ સંયોગનો જેટલો કાળ લઈને આવ્યો છે એટલું ટકવું છે. ભગવાન આત્મા તો અનાદિ અનંત છે. નિત્યાનંદ કોઈ નવી કરેલી ચીજ નથી કે જે નાશ થઈને ભળી જાય બીજીમાં, ત્રીજીમાં. એ તો નિત્ય ધ્રુવ ચીજ અનાદિ અનંત સચ્ચિદાનંદ સ્વરૂપ છે આત્મા. એવા સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એવું સ્વભાવ પરિણમન, શુદ્ધ સ્વભાવ પરમાનંદની મૂર્તિ એનું શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદનું પરિણમન એ જ મોક્ષનું કારણ છે.

વિભાવ પરિણમન પછી શુભભાવ હો કે અશુભ હો. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, કરુણા, કોમળતાનો ભાવ હો એ શુભ. અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાનો અશુભ. એ બેય વિભાવ છે, બેય વિકાર છે અને બેય બંધનનું જ કારણ છે. એવું નથી જાણતા અને પુણ્ય-પાપના ભેદ પાડે છે, એમ કહેવું છે અહીં. '**द्वयं करोति**' પુણ્ય-પાપ બે માને છે. એક કોર તો સ્વભાવ પરિણમન મોક્ષનું કારણ, વિભાવ બંધનું કારણ. બસ આમ બે છે. એને ઠેકાણે આમ બે પાડે છે. શું કહે છે? સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એણે કોઈ દિ' આત્માનું ધ્યાન કર્યું નથી. આત્મા શું (એની ખબર વિના) બધા થોથે થોથા અનંતવાર કર્યા. કાં તો પરનું કરવું એમ માનીને રખડ્યો, કાં શુભભાવ પુણ્ય છે એ મને ધર્મ છે એમ માનીને રખડ્યો. ચાર ગતિ અને ચોર્યાશીના અવતારમાં અનેકપણે જન્મ ને મરણ અનંતા કર્યા. પણ હું એક આત્મા એ શરીર, વાણી, કર્મથી જેમ નિરાળો જુદો છું, એમ એ શુભ અને અશુભભાવ એક જ પ્રકારે વિકાર અને બંધનું કારણ છે, એનાથી મારી ચીજ નિરાળી જ્ઞાનાનંદ છે, એવા સ્વભાવનું ભાન એણે અનંતકાળમાં એક સેકન્ડ પણ કર્યું નથી. સમજાણું કાંઈ?

કહે છે, એ પુણ્ય-પાપના કર્તા. કર્તા એટલે બે પ્રકારનું કામ છે એમ એ માને છે. ક્યાં ગયા જમુભાઈ! બહુ આકરું આ વર્તમાન માણસને. વર્તમાન શું બાપુ! અનાદિ કાળનો છે ભાઈ! તું ક્યાં નવો હતો? અને નવો થાય એ નિત્ય હોય? નવી વસ્તુ કોઈ દિ' થાય

જ નહિ. હોય તે જાય નહિ અને ન હોય તે થાય નહિ. હોય તે ચીજનું રૂપાંતર, અવસ્થાંતર, દશાંતર થાય. એમ આત્મા છે એ કોઈ દિ' અભાવ થાય નહિ. એનામાં અવસ્થાંતર થાય છે અનાદિ. પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, પૂજા અને નામસ્મરણ એ બધા પુણ્ય અને પાપના વિકારી એક પ્રકારના જ ભાવ છે. એને બંધન તરીકે બેયને ન માનતા, બેમાં પુણ્ય પરિણામ તે ઠીક છે, પાપ અઠીક છે એમ માનનાર એ સંસારમાં ચાર ગતિમાં રખડે છે અને રખડશે. સમજાણું કાંઈ? એ વાત કહે છે જુઓ.

૧૮૦) **बंधहँ मोक्खहँ हेउ णिउ जो णवि जाणइ कोइ।**
**सो पर मोहिं करइ जिय पुण्णु वि पाउ वि दोइ।।५३।।**

**'જો કોઈ જીવ બંધ ઔર મોક્ષકા કારણ અપના વિભાવ ઔર સ્વભાવ પરિણામ હૈ,...'** જુઓ! ખૂબી શું છે? સમજાણું કાંઈ? નિજ વિભાવ, સ્વભાવ હેતુ. ભાઈ! નિજ શબ્દ પડ્યો છે. ધ્યાન રાખજો. કર્મ રજકણ જે કર્મ છે એ આત્માને બંધનું કારણ કે કાંઈ છે જ નહિ, એ તો જડ-માટી છે. ભગવાન આત્મા જ્ઞાનની, ચૈતન્યની, અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે સચ્ચિદાનંદ સ્વરૂપ. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન, આનંદ નામ અનાકુળ રસનો કંદ અતીન્દ્રિય આનંદથી ભરેલો પદાર્થ છે. આહા..હા..! એવા ભગવાનના, આ સ્વરૂપ પોતાનું સ્વરૂપ છે એના બે પ્રકાર લીધા. સમજાણું?

બંધ અને મોક્ષનું કારણ **'णवि जाणइ'**. જુઓ! પાઠમાં છેને શબ્દ **'णिउ जो णवि जाणइ'** શું કીધું? ભગવાન આત્મા પૂર્ણાનંદની મૂર્તિ એની અંતર સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એવો નિજ ભાવ શુદ્ધ તે મુક્તિનું કારણ છે. અને નિજભાવ વિકાર પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એ પણ નિજભાવ વિભાવ છે. સમજાય છે કાંઈ? એ નિજ-અપના વિભાવ અને સ્વભાવ પરિણામ બેયને નિજ કીધા છે. ચૈતન્યગોળો ભગવાન છે આત્મા. પૂર્ણાનંદની મૂર્તિ અનાદિ અનાકુળ શાંતરસ કંદ એની અંતરમાં નિજ સ્વભાવની શ્રદ્ધા, હું પૂર્ણાનંદ છું એનું જ્ઞાન, એની રમણતા એવો જે સ્વભાવ એ તો પૂર્ણાનંદરૂપી પ્રાપ્તિ મુક્તિનું કારણ છે. એ પરિણામ પણ નિજ પરિણામ છે. અને પુણ્ય-પાપના વિભાવભાવ પણ નિજ જીવના ઉલટા વિભાવ પરિણામ નિજ છે. એ બંધનું કારણ છે. કર્મ-ફર્મ ... કારણ કે અહીં નામ પણ યાદ નથી, પાઠમાં જુઓ શબ્દ પડ્યો છે. આહા..હા..! માણસને નવરાશ ન મળે પણ આમાં. ધંધા આડે, પાપ ધંધા આડે. રૂપિયા રળવા આ બે, પાંચ, દસ લાખ ભેગા કર્યા ધૂળ. ભેગા તો કાંઈ થાય નહિ એનાથી, એ તો પૂર્વના પુણ્ય હોય તો થાય, મરી જાય તોય કાંઈ થાય નહિ એક પાઈ પણ. એમ હશેને? મણીભાઈ! આ મૂકીને વયું આવવું પડ્યું અહીં જુઓ શરીર મોળું પડ્યું ત્યાં. રૂપિયા રહી ગયા ત્યાં. ધૂળમાં પણ કામ આવતા

નથી.

મુમુક્ષુ :- ડૉક્ટર..

ઉત્તર :- ડૉક્ટરના અભિમાન હોય છે. આહા..હા..! ડૉકટરને એમ કે સેવા મળે અને પૈસા મળે, બેય કામ થાય.

મુમુક્ષુ :- પૈસા તો છોકરાને કામ આવેને.

ઉત્તર :- એને નહિ. એને શાકભાજી લેવામાં કામ આવે એમ માને. ધૂળમાં પણ નથી હવે અહીંયા.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ અખંડાનંદ ચિદાનંદ સચ્ચિદાનંદ સત્... સત્... સત્... શાશ્વત્ છે. એવી શાશ્વત્ ચીજમાં તો જ્ઞાન અને આનંદ પડ્યો છે અંદર. સમજાય છે? આ ભાષા તમે તો સમજો છો હવે ગુજરાતી. કુંડલાના વાસી થઈ ગયાને હવે તો. ગુજરાતી થઈ ગયા. નહિતર શરૂઆતમાં... જેમ પીપરના દાણામાં... લીંડીપીપર છેને લીંડીપીપર હોય છેને. પીપરીમૂળ નહિ, છોટી પીપર. પીપરમૂળ એ ગંઠોડા. એ પીપર જે લીંડીપીપર, છોટી પીપર કહતે હૈ. એમાં ચોસઠ પોરી અંદર તીખાશ અને લીલો રંગ અંદર પડ્યો છે પૂરો.

મુમુક્ષુ :- પૂરો?

ઉત્તર :- પૂરો પડ્યો છે, ચોસઠ પહોરી થાય છેને ઘૂંટે ત્યારે. એ ક્યાંથી આવે છે?

મુમુક્ષુ :- ઘૂંટવાથી.

ઉત્તર :- ધૂળમાં પણ નહિ. ઘૂંટે તો કાંકરા ઘૂંટે નહિ? કોલસા ઘૂંટે નહિ આવે તો? એમાં પડેલો છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. એ પીપરમાં ચોસઠ પહોરો એટલે રૂપિયો રૂપિયો સોળ આના તીખો રસ, તીખો કહે છે ને તમારે ચરપરા, તમારે ચરપરા કહે છે અમારે તીખો કહે છે, ચરપરો-તીખો રસ અંદર ચોસઠ પહોરો રૂપિયો રૂપિયો પડ્યો છે. અને લીલો રંગ-હરા રંગ પડા હૈ અંદરમેં. તો છે નીકળે છે. એમ આત્માની અંદરમાં પીપરના દાણાની પેઠે અનંત જ્ઞાન સર્વજ્ઞ ને પૂર્ણ આનંદ પડ્યો છે અંદર. એની શ્રદ્ધા કરી ઓલાની ધૂળની.

આ આત્મામાં પૂર્ણ આનંદ, સર્વજ્ઞ એટલે એકલો જ્ઞાન સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... અનાકુળ આનંદસ્વભાવ આખો પૂર્ણ આનંદ. એવો એનો વસ્તુ સ્વભાવ અંદર પડ્યો છે. એવા સ્વભાવની અંતર્મુખની સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ. એ કહેશે અર્થમાં. એવા પરિણામ મારા પોતાના નિજ પરિણામ-પર્યાય એ મને મુક્તિનું કારણ છે. એમ જ્ઞાની માને છે અને નિજ વિભાવ પુણ્ય અને પાપના બેય વિકલ્પ ઉઠે છે ..માં એ મારા જ કરેલા વિકારભાવ એ મને બંધનું કારણ છે. સમજાય છે? એમ જે નથી જાણતો, 'વહી

**પુણ્ય ઔર પાપ દોનોંકો હી મોહસે કરતા હૈ.'** દોનોં હી મોહસે કરતા હૈ. મિથ્યાદષ્ટિપણે કરીને બેપણે માને છે કે પુણ્યએ ઠીક છે અને પાપ અઠીક છે. એમ પુણ્ય-પાપનો કર્તા મિથ્યાદષ્ટિ મૂઢ સ્વભાવના ભાન વિનાનો એ વિકારના ભાવમાં જોડાઈને કર્તા થાય છે. ભારે ઝીણી વાત ભાઈ! કહો, નટુભાઈ! સમજાય છે કે નહિ આ? વકીલાતમાં આવે નહિ આવું કાંઈ. આહા..હા..! ગપ્પે ગપ્પા મારનારા બધાય છે. ડૉક્ટર અને વકીલ અને બધાય હોં!

ભગવાન આત્મા દેહમાં બિરાજમાન ચૈતન્ય દળ છે. આ તો માટી છે, જડ છે. વયું જાય છેને અહીંથી તત્ત્વ. લાખ ઉપાય કરે. ખોસવા માંડ્યા હતા બહુ બે કલાક. ડૉક્ટરોએ આવીને ઈન્જેકશનો (માર્યા). ફૂ થઈને ઉડી ગયો લ્યો. ૪૫ વર્ષની ઉંમરનો હતો. .. એ તો એમ બધા ઉડી જાય. ત્યાં ક્યાં નિજ ચીજ હતી તે એની સાથે ભેગો રહે? એ તો જુદી ચીજ છે. જેવા એણે પૂર્વે ભાવ કરેલા હોય પુણ્ય અને પાપના એ પ્રકારે ત્યાં કર્મની મુદ્દત સ્થિતિ બંધાય છે. એ પ્રકારે ત્યાં દેહમાં રહે છે. લાખ તારા ડૉક્ટર ને ઈન્દ્રો ઉપરથી ઉતાર તોપણ એક સમય ફરે એવો નથી એમ કહે છે. ધર્મચંદભાઈ! આ ડૉક્ટર ડંફાસ બહુ કરે. કહો, સમજાણું આમાં? ઈંજેક્શન લગાવવા ને આમ કરવું... આમ કરવું... રગ ઝાલી એકને માર્યું ત્યાં શ્વાસ બંધ થઈ ગયો. કહો, સમજાણું કાંઈ? અમારી નજરે થયું છેને અહીં.

**ભાવાર્થ :-** જુઓ શું કહે છે? **'નિજ શુદ્ધાત્માકી અનુભૂતિકી રુચિસે વિપરીત...'** શું કહે છે જરીક? આ તો અધ્યાત્મ સૂત્ર છે એટલે એના શબ્દાર્થ પણ જરીક ઝીણા છે. નિજ એટલે ભગવાન આત્મા શુદ્ધ આનંદમૂર્તિ પ્રભુ નિજ શુદ્ધ-પવિત્ર આત્મા, એવો જે આત્મા એની અનુભૂતિ. એનો અનુભવ થવો અંદરમાં કે આ તો આનંદમય છે, જ્ઞાનમય અનુભૂતિ થઈ છે. એવી અનુભૂતિની રુચિ, એનાથી વિપરીત મિથ્યાદર્શન. એનાથી વિપરીત મિથ્યાદર્શન એટલે ઊંધી માન્યતા. સમજાણું કાંઈ? **'નિજ શુદ્ધાત્માકે જ્ઞાનસે વિપરીત મિથ્યાજ્ઞાન,...'** પાઠમાં એમ છે **'स्वशुद्धात्म-प्रतीतिविपरीतं मिथ्याज्ञानं'** એમ ભાષા વાપરી છે હોં! ટીકામાં એમ કહ્યું છે. છેને? **'निजशुद्धात्मानुभूतिरुचिविपरीतं मिथ्यादर्शनं स्वशुद्धात्म-प्रतीतिविपरीतं मिथ्याज्ञानं'** એમ વાત મૂકી છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ના, અનુભૂતિ ઠીક, ઓલો વિપરીત શબ્દ વાપર્યો છે, પ્રતીતિ શબ્દ વાપર્યો. મિથ્યાજ્ઞાનમાં પ્રતીતિ વાપર્યો છે. રુચિ તો ઓલામાં ગયું. આ તો જ્ઞાનમાં પ્રતીતિ વાપરી છે સંસ્કૃત ટીકામાં. શું કહેવાય છે સમજાય છે કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા શરીર, વાણી નહિ, પુણ્ય-પાપના વિકલ્પ રાગ પણ નહિ. હું તો અખંડ આનંદકંદ જ્ઞાનમૂર્તિ આત્મજ્ઞાન સ્વરૂપ (છું) એવો અંતર શુદ્ધાત્માનો અનુભવ, આત્માનો અનુભવ.

જે આત્મા શુદ્ધ છે એને અનુસરીને દશાનું થવું. એની રુચિ, એની રુચિ, ભાનમાં રુચિ, એનાથી વિપરીત એ મિથ્યાદર્શન. સમજાણું કાંઈ? અને નિજ શુદ્ધાત્માના જ્ઞાનની પ્રતીતિથી વિપરીત મિથ્યાજ્ઞાન. ભગવાન આત્મા શુદ્ધાત્મા, શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનું જે જ્ઞાન, એનાથી વિપરીત આ બધા તમારા જ્ઞાન વકીલાતના ને ડૉકટરના ને બધા મિથ્યાજ્ઞાન.

મુમુક્ષુ :- વેપારી અને નોકરીયાતના?

ઉત્તર :- વેપારી અને નોકરીયાતના બધા મિથ્યાજ્ઞાન.

ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ ચૈતન્ય. શું લખ્યું જુઓને. '**શુદ્ધાત્માકે જ્ઞાનસે વિપરીત...**' ચૈતન્યપ્રભુ જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસૂર્ય આત્મા છે એનું જ્ઞાન-આત્માનું જ્ઞાન એનાથી વિપરીત. આહા..હા..! જગતની જેટલી કળા અને જ્ઞાન કહેવાય એ મિથ્યાજ્ઞાન. એ તો ઠીક પણ શાસ્ત્રના ભણતર કરે એ પણ આત્મા-શુદ્ધાત્માનું જે જ્ઞાન એનાથી વિપરીત છે. એ બધાને મિથ્યાજ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ?

'**ઔર નિજ શુદ્ધાત્મદ્રવ્યમેં નિશ્ચલ સ્થિરતાસે ઉલ્ટા...**' ભગવાન આત્મા ચિદાનંદની જ્યોત સત્તા સ્વભાવ ભગવાન એના નિજમાં શુદ્ધાત્મ પદાર્થ વસ્તુ, જ્ઞાનાનંદ પદાર્થ એમાં નિશ્ચલ સ્થિરતા, સ્થિરતા એટલે ચારિત્ર. સ્વરૂપમાં ચરવું, આનંદકંદમાં રમવું, લીનતા એનું નામ ચારિત્ર. એનાથી ઉલટું તે મિથ્યાચારિત્ર. સમજાણું કાંઈ? પછી શુભાશુભભાવ ગમે તે હો. શુભભાવ એ મિથ્યાચારિત્ર. જયંતિભાઈ! ભારે વાતું ભાઈ! આહા..હા..! અરે..! બાપુ! અનંત કાળે આવો દેહ મળ્યો છે માંડ. નિગોદ ને નરકમાંથી નીકળી નીકળી ... ગયા એના નીકળવાના ભવ કરી કરીને. એમાં આ વાતની સત્યતાનું જો સમ્યગ્જ્ઞાન નહિ કરે, એ અવતારના આરા નહિ આવે, બધું ફૂ થઈ જશે ઉડીને હડપ દઈને. પૂર્વના પુણ્ય-બુણ્ય મળ્યા હોય અને ધૂળ મળી હોય પાંચ, પચાસ લાખ બધા ધૂળ થઈને સ્મશાનની રાખ થાશે શરીરની. ભગવાન આત્મા પોતાની ભૂલને લઈને ચાલ્યો જાશે રખડવા ભ્રમણમાં.

આ કહે છે કે ભૂલ કઈ? ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની અંતર રુચિ, એનાથી ઊંધી રુચિ એનું નામ મિથ્યાત્વ. પુણ્ય-પાપ મારા ને શરીર મારા ને આ મારા ને પરમાં સુખ મને થાય છે, પછી ધૂળથી સુખ થાય છે પૈસાથી શરીરથી-એ બધી માન્યતા મિથ્યા રુચિ મિથ્યા શ્રદ્ધા છે. ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપના જ્ઞાન સિવાય, શાસ્ત્રના ભણતર આદિ પરના એકલા જ્ઞાન એને મિથ્યાજ્ઞાન કહેવામાં આવે છે. અને ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાનમાં રમે અંદરમાં એનું નામ સમ્યક્ચારિત્ર જે મુક્તિનું કારણ છે, એનાથી ઉલટા જેટલા ભાવ શુભાશુભ એ બધું મિથ્યાચારિત્ર છે. સમજાણું?

'**જો મિથ્યાચારિત્ર ઈન તીનોંકો બંધકા કારણ...**' ઠીક! એ ત્રણે બંધનનું કારણ

છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર ત્રણે અધર્મ છે અને નવા આવરણનું, બંધનનું કારણ છે. '**ઔર ઈન તીનોંસે રહિત...**' ભેદાભેદ જરીક નાખે છે ભાઈ! આ થોડું-થોડું. પછી પાછું કાઢી નાખશે. પછીની ગાથામાં કાઢી નાખશે. જરી અહીં જ્ઞાન કરાવે છે. પછી એકલું રાખશે, ૫૪માં. શું કહે છે? આત્મા એટલે કે જાણે કાંઈ નહિ. આત્મા એટલે કાંઈ નહિ. જે પરમ સ્વરૂપનો કંદ આખો, જેના અંદરમાં સરોવર જેના સ્વભાવમાં જ્ઞાન અને આનંદના સાગર ભર્યા છે. ભગવાન જાણે શું હશે. સમજાણું કાંઈ? એ તો આ દેહ ને આ ને હાલવું ને ચાલવું ને બોલવું ને ક્રિયા ને કાં તો બહુ તો પુણ્ય-પાપના ભાવ. બસ થઈ ગયું. જે આત્માનું સ્વરૂપ છે જ નહિ એને માન્યું એણે. અંદર ભગવાન આમ અખંડાનંદ પ્રભુ સચ્ચિદાનંદ અનાદિ અનંત પરમ મહંત સંત જેણે સાધ્યા છે આત્માને એવું એનું સાધન કર્યું છે. એવો ભગવાન પૂર્ણાનંદની મૂર્તિ પ્રભુ પોતાનો આત્મા, એનાથી જેટલી વિપરીત શ્રદ્ધા, વિપરીત જ્ઞાન અને વિપરીત ચારિત્ર એ બધું બંધનનું જ કારણ છે. એ ત્રણથી રહિત, મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર ત્રણથી રહિત.

'**ભેદાભેદ રત્નત્રયસ્વરૂપ મોક્ષકા કારણ...**' પાઠમાં તો એટલું કહ્યું છેને? બંધને... છેને? '**बंधहँ मोक्खहँ हेउ**' એટલું છે. ટીકામાં જરી નાખ્યું હતું. મોક્ષ એટલે આત્માના શુદ્ધ સ્વભાવની પૂર્ણ દશા પ્રગટ થવી તે મોક્ષ. એનું કારણ એ આત્મા શુદ્ધસ્વરૂપ આત્મા જેને ત્રણ બોલ કહ્યા હતા અહીંયાં. અનુભૂતિરૂપી રુચિ, શુદ્ધાત્માનું જ્ઞાન અને શુદ્ધાત્મામાં સ્થિરતા એ ત્રણ મોક્ષનું કારણ છે. એની સાથે જરી ભેદરત્નત્રય પણ ભેગું લીધું વિશેષ જ્ઞાન કરાવવા. કારણ કે જેને આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એની જેને શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ ચારિત્ર હોય છે. પૂર્ણ ન હોય ત્યારે એને દેવ-ગુરુ-શાસ્ત્રનો શુભ રાગ, શ્રદ્ધામાં નવ તત્ત્વનો ભેદરૂપી શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ રાગ અને શાસ્ત્રમાં જ્ઞાનનો વિકલ્પ એવો હોય છે. એટલું ગણીને તેને વ્યવહાર મોક્ષનું કારણ ઉપચાર કરીને કહ્યું છે. અને નિશ્ચયથી તો આત્મા પહેલા ત્રણ બોલ કીધા એ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... કરતા આવડ્યું નથી એને.

ઉત્તર :- કોઈ દિ' કરતા આવડ્યું નથી. ધૂળેય આવડ્યું નથી બધું, આવડ્યું છે બધું અજ્ઞાન. સમજાણું કાંઈ? કેમ હશે? મલૂકચંદભાઈ! આહા..!

ભગવાન આત્મા જેની અંતર સ્વભાવના આનંદની રુચિ કે જે વીતરાગી રુચિ અને વીતરાગી આત્માનો સ્વભાવ તેની પ્રતીતિ અને તેનો અનુભવ અને તેમાં ઠરવું એ જ મુક્તિનું કારણ છે. એની સાથે વ્યવહાર જરીક વિકલ્પ નિમિત્તનું જ્ઞાન કરાવવા લીધું. સમજાણું કાંઈ? એનાથી વિપરીત તો બધું બંધનું જ કારણ છે.

'**ઐસા જો નહીં જાનતા હૈ, વહી મોહકે વશસે...**' મોહ એટલે મિથ્યાત્વ. '**પુણ્ય-પાપકા કર્તા હોતા હૈ.**' પુણ્ય-પાપને બે માને છે. '**પુણ્યકો ઉપાદેય જાનકે કરતા હૈ, પાપકો હેય સમઝતા હૈ.**' એમ કહે છે. આ નાડી પરખવી કઠણ છે ભાઈ! એણે કોઈ દિ' એનો રોગ કેમ થયો એને પકડ્યો નથી એણે. સમજાણું કાંઈ? અખંડાનંદ પ્રભુ આમ સચ્ચિદાનંદ સત્, સત્-શાશ્વત્ જ્ઞાન અને આનંદની કાતળી, પૂતળી પોતે છે. એની શ્રદ્ધાથી વિપરીત પુણ્ય અને પાપના ભાવ, એમાં પુણ્યભાવ તે ઠીક છે, ઉપાદેય છે, મારે કરવા જેવા છે અને પાપભાવ તે અઠીક છે, હેય છે. એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ મોહને લઈને માને છે, મિથ્યાત્વને લઈને માને છે. સમજાણું કાંઈ? છેને એમાં પાઠમાં જ છે જુઓ. '**पुण्यपापद्वयं हेयमपि मोहवशात**' છે, જુઓ! છે તો બે હેય કહે છે. છેને ટીકામાં છે. પુણ્ય અને પાપના બેય ભાવ ખરેખર તો છોડવા લાયક છે. છતાં મિથ્યાત્વ '**मोहवशात्पुण्यमुपादेयं करोति पापं हेयं करोतीति**'. આહા..હા..! ભારે વાત. સમજાણું આમાં? આ જન્મ-મરણને ગાળવાની રીત ઈ સમજ્યો નથી કહે છે.

**આત્મ ભ્રાન્તિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ,**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.**

ડૉકટર! આ બીજું આવ્યું. આત્મ ભ્રાન્તિ સમ રોગ નહિ. શરીરનો રોગ એ રોગ નહિ આત્માને. આત્મા અખંડાનંદ શુદ્ધ ચૈતન્ય છું એમ ન માનતા એને પુણ્ય-પાપ અને શરીરવાળો અને વિકારવાળો માનવો એ મોટી ભ્રાન્તિ એ મોટો રોગ છે. સમજાણું કાંઈ? 'આત્મ ભ્રાન્તિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ,' એ રોગને મટાડનારા જ્ઞાની એને બતાવે છે એ સુજાણ-જાણનાર જોઈએ પાછો હોં! આંધળો હોય તો એને ખબર પડતી નથી. એ શ્લોક છે. આત્મસિદ્ધિનોને? એ આત્મસિદ્ધિ એક પુસ્તક છે ને આપણે નાનું? હોય તો આપજો ભાઈને. અર્થ સહિત આખું પુસ્તક છે. ૧૪૨ શ્લોક ગુજરાતી એનો અર્થ છે. શાંતિભાઈ! એક આપજો. ભાઈને આપજો. આ તો વૈદ્યનું નીકળ્યું તો એમ થયું... સમજાય છે કાંઈ? કહો, નટુભાઈ! તમારા કાયદા શું કરે ન્યાં? ધૂળમાંય કામ ન આવે ત્યાં, મરતો હોય તો એં... એં... એં... થઈ જાય. કાયદો લગાડો ત્યાં.

આ કહે છે, ભગવાન આત્મા અંતર આનંદમૂર્તિ એનું શરણ, દૃષ્ટિ કર એ તને શરણ છે. બાકી કોઈ શરણ જગતમાં નથી. આહા..હા..! એ જ્ઞાતા ઉપર માર સ્થાપ દૃષ્ટિને (કે) ચૈતન્યમૂર્તિ છે આત્મા. દૃષ્ટિને ધ્યેય કરીને એને સ્થાપ એ જ મુક્તિનું કારણ છે અને એ જ શરણ છે. બાકી લાખ એના પુણ્ય ને પાપના ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... કરે તો એ પુણ્ય છે. એ કાંઈ ધર્મ-બર્મ નથી અને એ આત્માને શરણ નથી.

સમજાણું કાંઈ? ભગવાન... ભગવાન... ભગવાન... ૐ... ૐ... ૐ... શું છે? ૐ તો વાણી તો જડ છે. વિકલ્પ ઉઠે એ રાગ છે, પુણ્ય છે. શશીભાઈ! એ ધર્મ નથી, એ શરણ નથી. એ આત્માનો સ્વભાવ નથી. વિકલ્પ ઉઠવો એ આત્માનો સ્વભાવ નથી, વિભાવ છે એમ કહ્યુંને. એ વિભાવમાં બે પ્રકારના ભાગ પાડે કે આ શુભરાગનો જે વિકલ્પ ઉઠે પુણ્ય તે ઠીક અને પાપ અઠીક, મિથ્યાદૃષ્ટિ મોહને વશે બે ભાગ પાડે છે. બંધનો એક જ પ્રકારનો ભાવ એને બે ભાવ પાડવા એ મિથ્યાત્વને કારણે પડે છે. આહા..હા..!

આ પંડિતો રાડ નાખે છે હોં બિચારા. કાશીના ભણનારા. હવે ભણ્યા. એ સાંભળી શકે એવા ભાગ્ય ક્યાંથી હોય એના? એય..! રતિભાઈ! આ ભાગ્ય જોઈએ છે આવી વાત સાંભળવાને. ઉઘાડની યોગ્યતા, વિકલ્પનું આવવું અને એ સાંભળવાનું પુણ્ય. ત્રણ જોઈએને. શું કીધું? એ જાતના ક્ષયોપશમની યોગ્યતા, એ જાતનો સાંભળવાનો વિકલ્પ અને એ જાતના સાંભળવાના પુણ્ય. આહા..હા..! ભારે જગતને ઊંધેકાંધ. વાડે વેલા ખાધા છે. ગુરુ નામ ધરાવી અને મારી નાખ્યા જગતને. ગળા પકડીને નરક ને નિગોદમાં લઈ ગયા છે એને. જ્ઞાનાર્ણવમાં પાઠ છે હોં. જ્ઞાનાર્ણવ છેને. કુગુરુ આત્માના ભાન વિનાના જગતને ધર્મને બહાને એવા અધર્મે ચડાવ્યા. ગળા પકડીને ઊંધે કાંધે લઈ ગયા નિગોદમાં, નરકમાં. ચાલ મારી સાથે. એ આચાર્ય કહે છે હોં! એક શુભચંદ્ર આચાર્ય છે દિગંબર સંત. દિગંબર સંત મુનિએ જંગલમાં જ્ઞાનાર્ણવ બનાવ્યું છે. એમાં એક શ્લોક છે. એ તો નાગા મુનિ હતા, નગ્ન મુનિ-જંગલમાં આત્મધ્યાનમાં (રહેતા). એને કાંઈ જગતની પડી નહોતી. સત્ય હતું તે બહાર મૂકી દીધું જગતને.

કહે છે, અરે..! અજ્ઞાની. '**પુણ્યકો ઉપાદેય જાનકે કરતા હૈ, પાપકો હેય સમઝતા હૈ.**' મૂઢ છે. શું હશે આમાં? આકરું ભારે. હજી નવરો થાય નહિ સાંભળવા, હજી પાપ પરિણામથી નવરો ન થાય ત્યાં કહે પુણ્ય પરિણામ એ છોડવા જેવા. બાપા! ધર્મની વાત છે અહીં તો. ધર્મ જેને સમજવો હોય એને શુભ અને અશુભ બે પુણ્ય અને બંધના કારણ છે અને ભગવાન આત્મા એ પુણ્ય અને પાપના રાગની વિકલ્પ વાસનાથી પાર છે. એવા શુદ્ધ ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એક જ મુક્તિનું કારણ છે. કહો, જયંતિભાઈ! એય..! કપાસી! સમજાય છે આમાં? માંડ સાંભળે માંડ કો'ક દિ' અને ઓલામાં ઓલો સામાયિક કરો, પોષા કરો, ઉપવાસ કરો, પડિકમણા કરો. હવે એમાં ધર્મ મનાવે લ્યો! ધૂળમાં પણ નથી ધર્મ હવે સાંભળને.

મુમુક્ષુ :- .....

ઉત્તર :- ગામમાં થાતો હશે, પાપ થાય ત્યાં. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંતર આનંદ, અંતર જિનચંદ્ર... જિનચંદ્ર... જિનચંદ્ર... જિનચંદ્ર... આત્મા એને ધ્યાવો, એનું ધ્યાન કરો. શું કહેવું છે? ભગવાન આત્મા એ જિનકંદ છે. જિનકંદ એટલે કે વીતરાગી કંદનું દળીયું છે આત્મા પવિત્ર. એ જિનચંદ્ર છે. વીતરાગી જ્ઞાનની જ્યોતિ આત્મા છે. સમજાય છે કાંઈ? એવો જિનકંદ અને જિનચંદ્ર એમાં જે પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે તે એનાથી તદ્દન વિરુદ્ધ છે. જિન એટલે વીતરાગી ચંદ્ર અને વીતરાગી પ્રકાશ અને વીતરાગનો કંદ. એનાથી ઉલટો ભાવ એ બધો રાગભાવ છે. પછી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો કે પાપના, બેય પરિણામ રાગના છે, વિકારના છે, વિભાવના છે, બંધના કારણ છે. એમ ભેદ નથી પાડતો અને એક પુણ્ય સારા ને પાપ ખરાબ એમ માનનારો મિથ્યાદૃષ્ટિ મૂઢ જૈનતત્ત્વ એટલે આત્મતત્ત્વ વીતરાગી તત્ત્વ છે એને માનતો નથી. કહો, સમજાણું આમાં?

**'આગે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર રૂપ પરિણમતા જો આત્મા વહ હી મુક્તિકા કારણ હૈ,...'** જુઓ, હવે મૂળ પાછું લઈ લીધું. ૫૪.

**૧૮૧) दंसण-णाण-चरित्तमउ जो णवि अप्पु मुणेइ।**
**मोक्खहँ कारणु भणिवि जिय सो पर ताइँ करेइ।।५४।।**

**'જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમયી આત્માકો નહીં જાનતા,...'** ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એની અંતરમાં સન્મુખ થઈને સ્વભાવ સન્મુખના, આત્મ અભિમુખના, વિભાવથી વિમુખના, સ્વભાવથી સન્મુખના જે પરિણામ તેને સમ્યગ્દર્શન કહે છે. એવો ભગવાન આત્મા એના સ્વભાવ સન્મુખના, આત્મ અભિમુખના જ્ઞાનનું જ્ઞાન તેને સમ્યગ્જ્ઞાન કહે છે. અને ભગવાન આત્મા એવા શુદ્ધ સ્વરૂપના દળમાં સ્થિર થાય, સ્થિર થાય, રમણતા કરે, ઠરે-ઠરે. એ ઢોર જેમ ઘાસને ચરે છે, એમ ભગવાન આત્મા અંતર અતીન્દ્રિય આનંદને એકાગ્ર થઈને ચરે, અનુભવે એને ભગવાન ચારિત્ર કહે છે. આહા..હા..! કપાસી! સાંભળ્યું ન હોય, આ લૂગડાં ફેરવ્યા, જય મહારાજ! સાંભળ્યા વિના શું કરવું? જયંતિભાઈ! ઠીક આ ફેરે લાવ્યા પકડીને તમે. ભગવાનભાઈ! આ ભગવાનભાઈ ત્યાં સાંભળતા હતાને કેટલા વર્ષથી.

ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ અરિહંત તીર્થંકરદેવની વાણીમાં ત્રણકાળ ને ત્રણલોક જણાણા એમાંથી કેટલીક વાત વાણીમાં આવી છે. સમજાય છે કાંઈ? એ વાણીમાં ભગવાનનું ફરમાન આમ છે. અરે..! આત્મા તે અમારો માર્ગ વીતરાગી માર્ગ એટલે કે જિનચંદ્ર, જિનકંદ ભગવાન આત્મા એનો અંતર સ્વરૂપનો માર્ગ તેં ભગવાન! કોઈ દિ' સાંભળ્યો નથી ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન શુદ્ધ પ્રભુ દેહ, વાણી, કર્મથી તો જુદી દૃષ્ટિ, પણ શુભ-અશુભભાવ ઉઠે છે એ કૃત્રિમ વિકાર મેલ એનાથી જુદી દૃષ્ટિ છે. એકલો ચૈતન્ય મોહ રહિત નિર્મળાનંદ

પ્રભુ એના સન્મુખની અંતર પ્રતીતિ, એનું જ્ઞાન અને એમાં ઠરવું એવો જે આત્મા. દેખો! મય કીધો છેને? એને ગ્રહવામાં કઠણ પડે કે હજી આ શું કહે છે? ગ્રહવું કઠણ પડે એ ધારે ક્યારે, રુચિ કરે ક્યારે અને પરિણમાવે ક્યારે? આ માર્ગ આ છે. તારે મુક્તિ અને મોક્ષ જોતો હોય તો (આ માર્ગ છે) મોક્ષ એટલે? આત્મામાં પરમાનંદ શક્તિ પડી છે તેની પ્રગટ અવસ્થાનું પર્યાયમાં-અવસ્થામાં પૂર્ણાનંદનું પ્રગટ થવું એનું નામ મુક્તિ. વિકારનો પૂર્ણ અભાવ અને મુક્તિના આનંદની પૂર્ણ પ્રાપ્તિ એનું નામ મુક્તિ.

મુમુક્ષુ :- દુઃખનું શું થાય?

ઉત્તર :- દુઃખનો અભાવ. પર્યાયમાં, અવસ્થામાં દુઃખનો પૂર્ણ અભાવ અને આનંદ અતીન્દ્રિય આનંદની પૂર્ણ પ્રાપ્તિ. અંતરમાં જેવો અતીન્દ્રિય આનંદ પડ્યો છે એવી શક્તિમાંથી વ્યક્તિ પૂર્ણાનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એમ આવે છેને? કાંઈ સમજાય છે કે નહિ આમાં શું કહે છે આ? અરે..! આ કઈ જાતની? ગ્રીક-લેટિન જેવી લાગે હોં નવા માણસને. ચંદુભાઈ! કેમ લાગતું હશે? પાંચસો, પાંચસો અને હજાર, હજાર ને બબ્બે હજાર પગારદાર લાગે. ઓહો..હો..!

આવ્યા હતા હમણાં નહિ આપણે? દલીચંદભાઈનો દીકરો નહિ? દશ હજારનો પગાર છે. માસિક દશ હજારનો પગાર. વીસ હજાર. ઉંમર જુઓ તો ૩૫ વર્ષની હશે. આ દલીચંદભાઈ મોરબીવાળા. બેઠા હતાને અહીં વ્યાખ્યાનમાં. ત્રણ હજારનો પગાર છે? ના ચાર, પાંચ, છ, દશ, અગિયાર હજાર. ધૂળ તો બધી ઘણી ભેગી કરે પુણ્યને લઈને. સમજાણું કાંઈ? પણ આ આત્મા શું? નટુભાઈ! રામજીભાઈના દીકરાને પગાર મોટો છે ત્યાં. કલકત્તામાં નહિ, અમેરીકામાં. હમણાં અમેરીકામાં ગયા છેને. રામજીભાઈના દીકરા એને પણ મોટો દશ હજારનો પગાર છે. ત્યાં વળી ખર્ચ ઓછો અને આ તો કહે મારે ચાર હજાર વાળવા પડે એમ કહેતા હતા. અગિયાર હજાર આવે છે ત્યાં આઠ દિ'માં ત્રણ દિ' સરકારની નોકરી ... નોકરી એટલે શું ચાર હજાર ભરવા પડે મહિનાના. એ એમ કહેતો હતો હોં હમણાં. ભાઈ આવ્યો હતો ને. મનોજ આવ્યો હતો અહીં બેઠો હતો નહિ? છોકરાઓ આવે છે બિચારો પ્રેમથી. આ કહે સુમનભાઈને પૈસા ઝાઝા મળે છે. એને ભરવાનું ઓછું કાંઈક હશે અમેરિકામાં. એ એના બાપને પણ ખબર નથી. એ હોય એ પૂછે પણ નહિ અને એને ખબર ન મળે. કો'ક વાતું કરે અહીં તો, ત્યારે આપણે સાંભળીએ. ધૂળમાં પણ નથી પણ, કહે દશ હજાર હોય તારા પચાસ હજારના પગાર હોય મહિને. શું તને કામ આત્માને કામ શું એમાં? તારે શું દાળિયા થયા તારા આત્માના? એ તો પૂર્વના પુણ્ય રજકણ હતા એ આવ્યા ત્યારે બળી ગયા રજકણ બાંધ્યા હતા એ. ગઈ મૂડી તારી બાળેલા પરમાણુ. મૂડી તો નહોતી, પણ

એક રજકણ ધૂળની હતી એ પાકી, જ્યાં આવ્યા ત્યાં ઓલી બળી ગઈ. તું કહે કે મળ્યા. ભગવાન કહે, બળ્યા પૂર્વના પુણ્ય તારા. દુનિયાથી તો ભાઈ ઉંધી વાત છેને આ? અને ઊંધીથી એ ઊંધી છે. ધર્મ માર્ગથી ઊંધી વાત છે.

અહીં કહે છે, દર્શન-જ્ઞાન-ચારિત્રમય અભેદ કહેવું છે હોં! દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો એમેય નહિ. આહા..હા..! ભગવાન આત્મા એ જિનચંદ્રને ધ્યાવો રે, જિનચંદ્રને ધ્યાવો. જેની ચીજ અંદરમાં અખંડાનંદ પ્રભુ પડ્યો છેને, એની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એવી જે આત્મા એ-મય આત્મા એમ નથી જાણતા '**વહી હે જીવ; ઉન પુણ્ય-પાપ દોનોંકો મોક્ષકે કારણ જાનકર કરતા હૈ.**' આહા..હા..! ભારે વાત ભાઈ! એમાં આ જમાનો, આ હોડ-હરિફાઈનો. આ કર્યું, ઓલો કહે, આટલું કરો અને ઓલો કહે આટલું કરો. ધીરુભાઈ! તમારા બાપ પણ કરતા હતાને ભેગું? તમને મદદ કરતા હતા ત્યા અંદર થોડી થોડી. છેક સુધી થોડી કરી. પછી ગોળીયું ખલાસ થઈ ગઈ તો શું કરે પછી? સંસાર પણ ભારે કડવો હોં!

કહે છે... આહા..હા..! અરે..! પ્રભુ! તારી સન્મુખ તેં કોઈ દિ' જોયું નથી. તારા સ્વભાવની સન્મુખની તને કિંમત કોઈ દિ' આવી નથી. હું તે કોણ ચૈતન્ય હીરો અંદર અખંડાનંદનો છું. એક દુનિયાનો હીરો તારી નજરમાં આવે તો તને એમ થાય કે આહા..હા..! આહા..! થાય. હવે ધૂળ છે. પાંચ કરોડનો ઓલો હીરો નથી? ક્યાંક કહે છેને કોહીનૂર. સરકારમાં નથી વિલાયતમાં? ધૂળ છે મોટો આવો છેને કોહીનૂર? હવે એને દેખનારી આંખ છે. આંખ વિના કિંમત કોણ કરે? અને આંખમાં દેખનારો ચૈતન્ય છે, ચૈતન્ય વિના કિંમત કોણ કરે? એ ચૈતન્યની કેટલી કિંમત છે? ભગવાન જાણે, એ આપણને ખબર નથી.

એ ચૈતન્યમાં કેવળજ્ઞાનના કંદ પડ્યા છે આખા, ભાઈ! તને ખબર નથી. અતીન્દ્રિય આનંદના ચોસલા પડ્યા છે અંદર. આહા..હા..! આ મેસુબના ચોસલા નથી કરતા? ચાર શેર ઘીના મેસુબ. એક શેર લોટ ચણાનો અને ચાર શેર ઘી. મેસુબ કહતે હૈં ન? મૈસુબ કહતે હૈં તુમ્હારે. મેસુબ પકવાન, આ મેસુબપાક. એ તો ધૂળ છે. આ તો આનંદનું ચોસલું પડ્યું છે કહે છે. બેસે કેમ એને? અતીન્દ્રિય આનંદ પૂર્ણ એવા અતીન્દ્રિય આનંદના પૂર્ણ ચોસલા અનંતા છે અંદર. આહા..હા..! એક આનંદ નામનો ગુણ છે એમાં અતીન્દ્રિય આનંદ કેવળજ્ઞાનીને જે પૂર્ણ આનંદ એક સમયનો પ્રગટે એવા એવા અનંત આનંદની પર્યાયના ચોસલા અંદર પડ્યા છે, ઉખેડીને ખા તો ખાવાનું તૈયાર છે કહે છે. આહા..હા..! બેસે કેમ? રાગનો ભિખારી, પૈસાનો ભિખારી. એક બાયડી વિના ચાલે નહિ, ફલાણા વિના ચાલે વિના, આબરૂ વિના ચાલે નહિ, આત્માના સ્વભાવ વિના એને ચાલે. શશીભાઈ! ભગવાન અખંડાનંદ પ્રભુ પૂર્ણાનંદની ચીજ એના વિના ચાલે. આ તે કાંઈ જગત છે? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથે જોયો છે આ. એવો પૂર્ણ આનંદ સ્વરૂપ એની અંતરની દૃષ્ટિ, જ્ઞાન અને સ્વભાવ એને ન જાણતા.. એને નહિ જાણતા એટલું લેવું. અહીં તો મોક્ષમાર્ગને નહિ જાણતા. મોક્ષમાર્ગમય આત્મા એમ. એવો મોક્ષમાર્ગમય આત્માને નહિ જાણતા. એને આ પુણ્યના ભાવ ઠીક અને પાપભાવ અઠીક એવો બે ભેદ પાડી નાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મૂળગી મુડીની વાત છે ભાઈ! સમજાણું? '**ઉન પુણ્ય-પાપ દોનોંકો મોક્ષકે કારણ જાનકર કરતા હૈ.**' લ્યો! કરે છે કહે છે.

**ભાવાર્થ :- 'નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...'** ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ એની ભાવના એટલે એકાગ્રતા. જુઓ આવ્યું ભાઈ આ પાછું. એ ભાવના, ભાવના. ઓલા ભાવના કહે છેને? ભાવના એટલે વિકલ્પ છે. અરે..! સાંભળને તને ખબર નથી. શાસ્ત્રના ઊંધા અર્થ કરે. 'જાતિ અંધનો દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ, મિથ્યાદૃષ્ટિ તેથી આકરો, કરે અર્થના અનર્થ.' આંધળાને તો બિચારાને અક્ષરની ખબર નથી એ શું કરે? પણ આ દેખતો અર્થના અનર્થ કરે. અંદર માર્ગ ભગવાન વીતરાગ... એ કહે છે કે એ ભાવના એટલે કલ્પના એમ કહે છે ઈ. પંચાસ્તિકાયમાં આવ્યું છેને સમયસારમાં? એમ કે શ્રાવક પણ કોઈ વખતે શુદ્ધ ઉપયોગની ભાવના કરે છે એવો પાઠ છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માના ભાનવાળા બાયડી, છોકરા, કુટુંબમાં હો ભલે રાગાદિ, પણ અંદર ભાન તો છે સદાય, કોઈ વખતે શુદ્ધ ઉપયોગ અંદર આનંદકંદનો અનુભવ કરી લે છે. એને ભાવના કીધી છે. ત્યારે એનો અર્થ કરે છે, એ ભાવના એટલે કલ્પના કરે અત્યારે ભાવ નથી એનો શુદ્ધ ઉપયોગ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે નિજ શુદ્ધાત્માની ભાવના એનાથી ઉત્પન્ન. પહેલું આવી ગયું છે આપણે. સમજાણું? આવ્યું હતુંને ક્યાંક. પહેલા આવી ગયું છે. ૫૦મી-૫૦મી ગાથા. '**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ અતીન્દ્રિયસુખ...**' ૫૦ આવી ગઈ. એ જ શબ્દ અહીં છે જુઓ! શું કહે છે? પ્રભુ! તું તારી ચીજ જે આનંદ સ્વરૂપ છેને, એની એકાગ્રતા જો અંદર કર તો એની એકાગ્રતા અહીંયાં ભાવના કીધી છે. તો એનાથી ઉત્પન્ન શું થશે? વીતરાગ સહજાનંદ એકરૂપ સુખરસકા સ્વાદ. ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યનો દરિયો, અનંત ગુણથી ભર્યો ભગવાન એની અંતરની રુચિ કેવી? વીતરાગ સહજાનંદ એની ભાવનાથી ઉત્પન્ન થયેલો, એવા સ્વભાવની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલો. આમ રાગની ભાવના કરે તો રાગથી ઉત્પન્ન થયેલી આકુળતા છે. એમ અહીં કહેવું છે. પુણ્ય-પાપના ભાવની ભાવના કરે તે આકુળતા છે એમાં એકાગ્ર થાય તો. ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પ રહિત

નિર્વિકલ્પાનંદ પ્રભુ એની એકાગ્રતા અંદર કરે તો એને વીતરાગ સહજાનંદ એકરૂપ સુખરસનો આસ્વાદ આવે. એવા આનંદનું ભાન કરીને, '**ઉસકી રુચિરૂપ સમ્યગ્દર્શન,...**' એ આ આનંદ છે તે આત્મા. આટલો આનંદ છે એ આખો આત્મા આનંદમય છે એવી રુચિ તેનું નામ સમ્યગ્દર્શન. લ્યો! આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા. દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, ભગવાને છ દ્રવ્યને માનો એ સમ્યગ્દર્શન (એમ કહ્યું છે) એમ નહિ. ધીરૂભાઈ! આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા વર્તમાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. સીમંધર ભગવાન ત્રણલોકનો નાથ સર્વજ્ઞ પરમેશ્વર. એ સમવસરણ સભા છે ત્યાં મોટી. ત્યાં ઈન્દ્રો ઉપસ્થિત થાય એની વચ્ચે ભગવાન આમ વાણીમાં કહે છે. સમજાણું કાંઈ? કે ભાઈ! તારા પૂર્ણાનંદનું સ્વરૂપ એની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલો અરાગી-વીતરાગી આનંદ એના સ્વાદમાં પ્રતીતિ કરવી કે આ આત્મા આખો આવો. એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! આ ચોપડીમાં આપે છેને એકબીજાને ... અમારું કરો. ઓલામાં આવે છે. .. ફલાણાનું સમકિત, ફલાણાનું સમકિત મારા સમકિત કેનું હશે આ તે? ગુરુએ આપેલું સમકિત, સાધુને એકલાને નહિ બધા એના આચાર્યનું આપેલું સમકિત, ફલાણાનું આપેલું સમકિત. હવે સમકિત તે શું અપાતું હશે? લાડવાનો કટકો હશે કે ખાઈ જા લે લઈએ. એ કહે છે કે લાડવાનો કટકો તો અહીં છે તારો. આહા..હા..! શરીર, વાણી, મન, પુણ્ય, પાપ ભાવ એટલા અસ્તિત્વથી દૃષ્ટિ છોડી અને પૂર્ણ અસ્તિત્વ જે આખું અખંડ અતીન્દ્રિય આનંદમય એવો ભગવાન પોતે એની એકાગ્રતારૂપી ભાવના એનાથી ઉત્પન્ન થયેલો વીતરાગી આનંદનો સ્વાદ એની રુચિ. આ આત્મા. ઉત્પન્ન થયેલો છે. '**આસ્વાદ ઉસકી રુચિ...**' સ્વાદનો અનુભવ છે આ આનંદ એમ આખો આત્મા (પ્રતીતિમાં આવ્યો છે) એનું નામ સમ્યગ્દર્શન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના, ના. અહીં તો આસ્વાદરૂપ રુચિ. આનંદ પ્રગટ્યો તેની રુચિ એટલે કે ઓહો..હો..! આ આત્મા! એમ. સમજાણું કાંઈ? અંશ જાણ્યા વિના આ અંશી એવડો છે એમ ક્યાંથી માન્યું? ઉત્પન્ન થયેલો કીધુંને. ભાવનાથી ઉત્પન્ન થયેલો વીતરાગનો આસ્વાદ, શક્તિરૂપે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શન. એ.. ચંદુભાઈ! આ સમ્યગ્દર્શન જૈનનું. જૈનનું એટલે વાડાનું હશે? જૈન વાડો છે જ ક્યાં? એ તો વસ્તુ છે પોતે. જિનકંદ, જિનચંદ્ર પોતે સ્વરૂપ જ છે. સમજાય છે? એની ધારાવાહી અંદરથી ... ધારાવાહી પ્રવાહ આવે કે જિનચંદ્ર, જિનકંદ આત્મા છે. એવી અંતરમાં એકાગ્ર થઈને જે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે ઉત્પન્ન થયેલો એની રુચિ કે આ આત્મા છે. પુણ્ય-પાપના વિકલ્પ તે આત્મા નહિ, દેહાદિ આત્મા નહિ. એ નહિ એમ ન કીધું. આ તે આત્મા એમાં આ નહિ એમાં

આવી જાય છે. ઓહો..હો..! આ સમ્યગ્દર્શનની આ વ્યાખ્યા. વળગાડી દીધા બિચારાને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, ભક્તિ કરો, નવ્વાણું જાત્રા કરો પાલીતાણાની. ડોળીએ બેસે અને જાય-આવે ઉપર. જાવ નવ્વાણું કરો તો કલ્યાણ થાય. ધૂળમાં પણ નથી સાંભળને હવે તારા.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે એની અંતરમાં દૃષ્ટિ લગાવીને એના ઉપર ચડે—એકાગ્ર થાય અને એનો જે આનંદ આવે એ દ્વારા રુચિ કરે કે આ આખો આત્મા આનંદમય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન કહે છે. અહીં તો એ મય આત્મા વર્ણવવો છેને એથી પહેલી વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ? પાઠમાં તો એ છેને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય આત્મા. આવા આત્માને ન જાણતા એમ કહે છે. ઓલા પુણ્ય-પાપના વિકલ્પને ભેદ પાડે કે આ પુણ્ય ઠીક અને આ અઠીક. મિથ્યાદૃષ્ટિ છે. જમુભાઈ! આહા..હા..!

'**ઉસી શુદ્ધાત્મામેં વીતરાગ નિત્યાનંદ એક સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન...**' 'એક' રહી ગયું છે અંદર. એક ભગવાન આત્મા શુદ્ધાત્મા પવિત્ર, એનું વીતરાગી નિત્યાનંદ એક સ્વસંવેદન, એક સ્વસંવેદન આનંદનું વેદન એનું જ્ઞાન હોં! એવું સમ્યગ્જ્ઞાન એને સમ્યગ્જ્ઞાન કહીએ. 'એક' શબ્દ પડ્યો રહ્યો છે. એને સમ્યગ્જ્ઞાન કહીએ. શાસ્ત્રના ભણતર-બણતરને પણ અહીં સમ્યગ્જ્ઞાન કહેતા નથી. આહા..હા..! જે જ્ઞાનની ડલ્લી છે ડગલો મોટો ઢગલો આત્મા, જ્ઞાનનો પુંજ ચૈતન્ય ગંજ છે. એનું વીતરાગી નિત્યાનંદનું એક સ્વસંવેદન. એક સ્વસંવેદન. બે ભાગ જ નહિ એમાં એમ કહે છે એનું નામ સમ્યગ્જ્ઞાન.

'**ઔર વીતરાગપરમાનંદ એક પરમ સમરસીભાવકર ઉસીમેં નિશ્ચય સ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર...**' લ્યો! એનું નામ ચારિત્ર. '**પરમ સમરસી,** (એક) **પરમ સમરસીભાવકર ઉસીમેં નિશ્ચય સ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર-ઈન તીનોં સ્વરૂપ પરિણત હુઆ જો આત્મા ઉસકો જો જીવ મોક્ષકા કારણ નહીં જાનતા,...**' એવા મોક્ષના કારણ જીવને ન માનતા પુણ્યમાં મોક્ષનું કારણ છે અને પાપમાં બંધનું કારણ છે એમ માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ, અધર્મી અજ્ઞાન દૃષ્ટિ છે. એને આત્માની શ્રદ્ધાની ખબર નથી અને આત્માની મુક્તિ થાય એમ ખબર નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૩, સોમવાર, તા. ૨૪-૦૧-૧૯૬૬**
**ગાથા-૫૪-૫૫, પ્રવચન-૧૦૭**

૫૪ ગાથા. પરમાત્મપ્રકાશ બીજો ભાગ. અહીં સુધી આવ્યું. જુઓ! જે જીવ પોતાના આત્માના શુદ્ધ સ્વભાવની સમ્યગ્દૃષ્ટિ, શુદ્ધ સ્વભાવનું સ્વસંવેદનજ્ઞાન એ ત્રણે(રૂપ) પરિણત થઈને મોક્ષનું કારણ જાણે છે એ તો બરાબર છે. પણ એ (રૂપે નહિ) પરિણત થઈને એટલે કે પરિણત થયા વિના એકલા પુણ્યને આદરણીય માને અને પાપને હેય માને છે, એ દૃષ્ટિ જેની મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? '**વહ હી પુણ્યકો આદરને યોગ્ય જાનતા હૈ, ઔર પાપકો ત્યાગને યોગ્ય જાનતા હૈ.**' આ ત્રણ સ્વરૂપને નથી જાણતો. વાત તો આ છે, પણ જગતને એવું (આકરું) પડે છે કે આમ જાણે... આહા..હા..!

વસ્તુ વસ્તુ છેને, મહાન ચૈતન્યરત્નાકર ભગવાન આત્મા (છે). એક સમયમાત્રનો એક વિકલ્પ ઉદયભાવ છે. આહા..! બાકી આખું ચૈતન્યરસ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... અનંત ગુણસંપન્ન પૂર્ણ. એવી અંતર્મુખની સ્વભાવ સન્મુખની દૃષ્ટિ, સ્વભાવ સન્મુખનું જ્ઞાન, સ્વભાવ સન્મુખની ચારિત્ર-સ્થિરતા એને જે મોક્ષનું કારણ નથી જાણતા, એ આ પુણ્યભાવને આદરણીય અને પાપને હેય માને છે. કહો, આ મોટા વાંધા અત્યારે. પુણ્ય છે, શુભભાવ છે એ ક્ષાયિક સમકિતનું કારણ છે. એવી વાત નથી. અહીં આવો મોઢા આગળ સુકલચંદજી! ઠીક બેસો ત્યાં. છોકરા ખસી જાવ ત્યાંથી. બેસવા દ્યો એમને. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ખૂણામાં છોકરા બેઠા છે. પરમ દિ' તો સવારમાં અહીંથી હિંમતભાઈને ત્યાં છે. ત્યાં વાંચવાનું છે. આ મકાન ... અમારા દલાલ છે જમુભાઈ. કહો, સમજાણું આમાં?

'**તથા...**' હવે વાત છે જરીક સમજવા જેવી. '**જો સમ્યગ્દૃષ્ટિ જીવ...**' ધર્મી જીવ... આત્માનો સ્વભાવ ધર્મી એવો જે આત્મા એમાં પૂર્ણ આનંદ ને જ્ઞાન ને શાંતિ પડી છે એવું તત્ત્વ, એની અંતર દૃષ્ટિવંત, '**રત્નત્રયસ્વરૂપ પરિણત હુએ...**' અંદરમાં સ્વભાવની એકતારૂપ રત્નત્રય. સ્વભાવ શુદ્ધની એકતારૂપ રત્નત્રય—દર્શન, જ્ઞાન અને ચારિત્ર. '**પરિણત હુએ આત્માકો હી મોક્ષકા માર્ગ જાનતા હૈ,...**' જોયું? એ ત્રણ ન લીધું. ત્રણથી પરિણત થયેલો આત્મા જ મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ?

ભગવાન કારણપરમાત્મા, કારણપ્રભુ આત્મા એ જ મોક્ષના કાર્યનું કારણ છે. આહા..હા..!

રત્ન સમ્યક્ ચૈતન્ય એની પ્રતીત સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રથી પરિણત થયેલો, પરિણમેલો, અવસ્થારૂપે થયેલો આત્મા, એ આત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિનું કારણ છે એમ જાણે છે.

**'ઉસકે યદ્યપિ સંસારકી સ્થિતિકે છેદનકા કારણ,...'** જુઓ! આ શબ્દ પડ્યા છે અહીંયા. સંસારની સ્થિતિનું છેદન એમ કહ્યું. અનંત સ્થિતિનું છેદન ભાઈ! નથી કહ્યું. ઓલા લખે છે કે અનંત સ્થિતિ છેદે છે. પણ અનંત સ્થિતિ હોય જ નહિ. અહીં તો સંસારની સ્થિતિ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણત એવો આત્મા જ મોક્ષનું કારણ એમ જાણવા, માનવા છતાં એ ઠરી શકતો નથી એટલે એને શુભભાવ આવે છે. તીર્થંકર પ્રકૃતિ આદિ બંધનું કારણ એવો શુભભાવ. એ શુભભાવથી સંસારની લાંબી સ્થિતિ છે એ ઘટે છે. શુભભાવમાં પણ સ્થિતિ ઘટે છે. સમજાય છે કાંઈ?

**'સ્થિતિકે છેદનકા કારણ, ઔર સમ્યક્ત્વાદિ ગુણસે પરમ્પરાય મુક્તિકા કારણ...'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને કારણે પરંપરા મુક્તિનું કારણ વ્યવહારે. **'ઐસી તીર્થંકરનામપ્રકૃતિ આદિ...'** તીર્થંકર પ્રકૃતિ બંધાય, કોઈને આહારક શરીર બંધાય એવા સમ્યગ્દષ્ટિ જીવને શુભભાવ હોય છે. યશોકીર્તિ બંધાય એવા ભાવ હોય છે. એ ભાવથી સંસારની લાંબી સ્થિતિ કાંઈ થોડી કરે, થોડી થાય. **'શુભ (પુણ્ય) પ્રકૃતિયોંકો (કર્મોંકો) અવાંછિતવૃત્તિસે...'** એવા શુભભાવથી ઈચ્છા વિના તીર્થંકર પ્રકૃતિ આદિનું આવવું અવાંછિતવૃત્તિસે આસ્રવ હોતા હૈ. આવે છે એમ લેવું. **'અવાંછિતવૃત્તિસે ગ્રહણ કરતા હૈ,...'** એનો અર્થ લેવો, પાઠમાં એમ છે જુઓ! **'पुण्यमास्रवति'** એવા શુભભાવ આવે છે, શુભભાવને લઈને પ્રકૃતિ આવે છે. ધર્મી જીવની દૃષ્ટિ તો સમ્યક્ ચૈતન્ય ઉપર છે, આદરણીય તો એ જ છે.

શુદ્ધ જ્ઞાનાનંદ આત્મા પૂર્ણાનંદ પુણ્ય-પાપના વિકલ્પ રહિત એવો આત્મા જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રે પરિણમેલો મોક્ષનું કારણ છે. એવું નક્કી અનુભવ દૃષ્ટિમાં હોવા છતાં, સ્થિરતા જ્યારે ન હોય ત્યારે એને શુભભાવ તીર્થંકર પ્રકૃતિ આદિનું કારણ એવું આવે. એ શુભભાવથી લાંબી સ્થિતિ સમ્યગ્દૃષ્ટિને જે સ્થિતિ હોય એની થોડી સ્થિતિ શુભથી ઓછી કરે છે. સમજાય છે? અને એને તીર્થંકર પ્રકૃતિ આદિના પરમાણુ આસ્રવ આસ્રવે છે, આસ્રવે છે, આવે છે, અવાંછિતવૃત્તિથી. એ પ્રકૃતિ બાંધવાનો ભાવ એનો નથી. સમજાણું કાંઈ?

**'જો સમ્યગ્દૃષ્ટિ જીવ રત્નત્રયસ્વરૂપ પરિણત હુએ આત્માકો હી મોક્ષકા માર્ગ જાનતા હૈ, ઉસકે...'** એમ વાત છે. જેને પુણ્ય ભાવ ઉપાદેય છે, પાપ હેય છે એવી જેની માન્યતા છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને તો કાંઈ ધર્મનો અંશ પણ હોતો નથી. એને તીર્થંકર પ્રકૃતિનો ભાવ એને તો ન હોય. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્યસ્વભાવ પરમ જ્ઞાયકભાવ એ જ મને આદરણીય અથવા એ પરિણમેલો, મોક્ષના માર્ગને પરિણમેલો આત્મા જ મારે

ઉપાદેય છે. અથવા એ આત્મા જ મોક્ષનું કારણ એવું માનવા-અનુભવવા છતાં, સ્વરૂપમાં સ્થિર ન હોય ત્યારે એને તીર્થંકર પ્રકૃતિ આદિના કારણરૂપ ષોડશકારણભાવના એવા શુભભાવ હોય છે. એથી જરી કર્મની સ્થિતિ ઘટે છે અને એ શુભભાવને લઈને નવા કર્મના રજકણો, કર્મના આસ્રવે નામ આવે છે, અવાંછિતવૃત્તિથી. આ શરત. વાંછા નથી એની, પ્રકૃતિ બંધાય એવી વાંછા સમ્યગ્દષ્ટિને હોતી નથી. કેમકે અબંધસ્વરૂપ એવો આત્મા અબંધ પરિણામે જે દૃષ્ટિમાં લીધો છે, એથી બંધભાવ અને બંધની પ્રકૃતિ એની વાંછા સમ્યગ્દષ્ટિને હોતી નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત શુદ્ધ ગુણ સંપન્ન પ્રભુ એ તો અબંધસ્વરૂપ જ છે. એવા અબંધ સ્વરૂપને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અબંધ પરિણામ વડે પરિણમેલો આત્મા એ પુણ્યને, પુણ્યના આસ્રવને ઈચ્છતો નથી. પણ અનહિત વૃત્તિએ એવો ભાવ કમજોરી-નબળાઈને લઈને શુભભાવ, તીર્થંકરગોત્ર જેનાથી બંધાય એવો ભાવ આવે છે. એની વૃત્તિ આદરણીય નથી. એનાથી તીર્થંકર પ્રકૃતિના કર્મ આવે એની એને વાંછા નથી. આવે છે આસ્રવ એટલી વાત. અને શુભભાવ છે એથી કાંઈક લાંબી સ્થિતિ થોડીક એના પ્રમાણમાં હોય એથી ઓછી થાય, બસ એટલી વાત છે. અને સમ્યગ્દર્શન આદિને કારણે એને પરંપરા મુક્તિનું કારણ કહેવામાં આવે છે. ઓલા ગુણો છે માટે. સમજાણું કાંઈ? બહુ ઝઘડા એવા ઝઘડા. લોકોને અંદર આમ આત્મા શું (એની ખબર વિના) એને આમ પુણ્ય અને પુણ્યના ફળ એવા મીઠા લાગે અને આત્મા આનંદવાળો કડવો લાગે છે એને. આહા..હા..! સમજાય છે?

ભગવાન આત્મા એકલો અતીન્દ્રિય આનંદનો રસ જ છે એ તો. આત્મા એટલે અતીન્દ્રિય આનંદનો રસ, આત્મા એટલે જ્ઞાનની એકલી પૂતળી, આત્મા એટલે શાંત ચારિત્રરસનું એકલું સ્વરૂપ. એક એક ગુણ ખીલ્યો તે એવું આખું એક આવું સ્વરૂપ બધું છે ઈ. સમજાણું કાંઈ? એવા આત્માની જેને અંતરદૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ છે એને આવો શુભભાવ ઈચ્છા વિના, કર્તૃત્વબુદ્ધિ વિના (એટલે) લાવવો છે, કરવો છે એવા ભાવ વિના એવો ભાવ આવે છે. એથી જરી કર્મની સ્થિતિ ઘટે છે અને એને તીર્થંકર પ્રકૃતિના પરમાણુઓ આસ્રવે છે- આવે છે. સમ્યગ્દર્શન આદિ ગુણને કારણે એને પરંપરા મુક્તિના કારણ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? કેટલું આમાં યાદ રાખવું? ઓલું તો ઝટ, પટ, ફટ. આ વ્રત પાળ્યા ને આ પૂજા કરી ને ભક્તિ કરી ને જ્યાં દયા પાળી, તમારે જાવ ધર્મ થઈ ગયો. કાંઈ સમજવાનું ન મળે એમાં. અનાદિ કાળનો મિથ્યાદૃષ્ટિ ભાવ એમાં સેવ્યા કરે અને માન્યા કરે કે અમે કાંઈક કરીએ છીએ. કરે છે ઊંધા પાટા મિથ્યાત્વના એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

**'તો ભી ઉપાદેય નહીં માનતા હૈ.'** જુઓ! એ શુભભાવને અને એના આસ્રવે તીર્થંકર પ્રકૃતિ બાંધે એને ઉપાદેય માનતો નથી. આહા..હા..! આ તો કહે તીર્થંકર પ્રકૃતિ બાંધે તે મોક્ષ જાય. માટે એ તો આદરવા યોગ્ય છે, ઉપાદેય છે. તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય એને લઈને મોક્ષ થતો હશે? જે ભાવ આવ્યો એ ભાવને છેદીને વીતરાગ થાય ત્યારે એને કેવળજ્ઞાન થાય. ત્યારે એ પ્રકૃતિનો પાક કેવળીને ઉદયમાં આવે. એ તો સંયોગ આપે છે. પુણ્યફલા અર્હંતા. એ શબ્દ મૂકે છે બધા જ્યાં હોય ત્યાં. એ તો સંયોગ પુણ્યને લઈને સંયોગ સામગ્રી મળી એમ કહે છે. સમજાણું કાંઈ?

કહે છે કે આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદમૂર્તિ એની જેને દૃષ્ટિ અને જ્ઞાન થયું છે એને શુભભાવ આવતા એની શુભની ઉપાદેય બુદ્ધિ નથી. એના ફળમાં તીર્થંકર પ્રકૃતિ આવે એની પણ ઉપાદેય બુદ્ધિ નથી. ફક્ત એ શુભભાવ છે એટલે સંસારની થોડી સ્થિતિ ઘટે છે. સમ્યગ્દર્શનના ગુણને કારણે એને પરંપરાએ મોક્ષનું કારણ કહેવામાં આવે છે. આટલી વાત છે. સમજાણું કાંઈ? પણ વર આખો પડ્યો રહે અને જાન જોડી દે એકલી. વર કહતે હૈ, ક્યા કહેતે હૈ? દુલ્હા.

એક કણબીનો છોકરો હતો. ખબર છે તમને? લડકા થા આઠ વર્ષકા, લગન હુઆ ઉસકા. તો ઉસકા લગન હુઆ તો ...પહેરાવેને લાલ. તો ઉસકા ભાઈબંધ થા પૂછ્યું, ભાઈ! આ તમારા લગનમાં મને લઈ જશો? કે ભાઈ! મને ખબર નથી મને લઈ જશે કે નહિ? કારણ કે હર વખતે મારો બાપ એકલો દાડે જાતો હોયને દાડે. કો'ક મરી જાય ને દાડે જાય ને દાડે? કો'ક વખતે લઈ જાય ને કો'ક વખતે (ન લઈ જાય). શું કહેવાય? મૃત્યુ પછી દાડે લઈ જાય. મૃત્યુ(ભોજ) ખાવા. ભોજન કરનેકો. બહાર જાયને કોઈ ડોસા મરી જાય તો લઈ જાય છોકરાને. એમ કહે આ મારા લગનમાં મને બાપ લઈ જશે કે નહિ મને ખબર નથી. તને કઈ રીતે લઈ જવો? લગન એટલે શું એની ખબર ન મળે. એમ આ આત્મા એટલે શું (એની ખબર ન મળે અને) મારે મોક્ષ જાવું છે અને મારે ધર્મ કરવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? મારો મોક્ષ થાશે કે નહિ? ભાઈ! આપણે આ કરીએ છીએ ભાઈ! ખરું, પણ આપણે મોક્ષ થાશે કે નહિ એમ મને કાંઈ ખબર પડતી નથી. પણ વર પડ્યો રહ્યો આખો.

**'કર્મપ્રકૃતિયોંકો ત્યાગને યોગ્ય હી સમઝતા હૈ.'** છે? જે તીર્થંકર પ્રકૃતિનું બંધન છે એ પણ ત્યાગવા યોગ્ય માને છે. અને એનો ભાવ છે એ પણ છોડવા યોગ્ય માને છે. એક આત્મા શુદ્ધ સ્વભાવ પરિણમન થાય તે આત્મા જ મોક્ષનું કારણ છે, બીજું કોઈ છે નહિ. એમ સમ્યગ્દૃષ્ટિ પોતાને માને છે. હવે એ ૫૫. જે ૭૭મી ગાથા પ્રવચનસારની

છે. કુંદકુંદાચાર્ય જે કહે છેને પ્રવચનસારમાં? કે જે કોઈ પુણ્યને, પાપને બેને સરખા નથી માનતો ઘોર સંસારમાં '**हिंडदि**' એ જ શબ્દ અહીં છે લગભગ. સમજાય છે કાંઈ? શુભ ને અશુભભાવ બેય બંધના જ કારણ છે, એક જ પ્રકાર છે. એમાં શુભભાવ તે ઠીક, અશુભ તે અઠીક એમ કોઈ માને તો કુંદકુંદાચાર્ય પ્રવચનસારમાં ૭૭મી ગાથામાં કહે છે. '**हिंडदि**' '**घोरमपारं संसारं**' માં ભમશે. એ અહીંયા પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવ આચાર્ય એ શૈલીને અમુક શબ્દો ફેરવી એ વાત કરે છે.

'**આગે જો નિશ્ચયનયસે પુણ્ય-પાપ દોનોંકો સમાન નહીં માનતા,...**' ખરેખર વર્તમાન (ભાવમાં) શુભભાવ અને અશુભભાવ બેયને સરખા નથી માનતો. '**વહ મોહસે મોહિત હુઆ...**' મિથ્યાદૃષ્ટિ મોહથી મૂંઝાઈ ગયેલો, '**સંસારમેં ભટકતા હૈ, ઐસા કહતે હૈં-**' આ ભારે કઠણ પડે જગતને.

**१८२) जो णवि मण्णइ जीउ समु पुण्णु वि पाउ वि दोइ।**
**सो चिरु दुक्खु सहंतु जिय मोहिं हिंडइ लोइ।।५५।।**

'**हिंडइ लोइ**' હિંડસે લોકમાં રખડવામાં. '**જો જીવ...**' જુઓને! ક્ષણ ક્ષણમાં સ્થિતિ કેવી બદલાય છે! એક ઓલો શબ્દ આવ્યો છે આજે ઓલામાં ભાઈ. શાસ્ત્રીજી માટે. એમ કે નિયતિ શું કરે છે? શું તમારે શબ્દ છેને. ... એમ કે જુઓ! નિયતિ શબ્દ પણ પડ્યો છે હોં! એમાં. 'છીન ગયા લાલ બહાદુર, ગલ ગયા મોતી...' એમ કરીને મોટું મથાળુ બાંધ્યું. 'નિયતિકા ઈતના કટુ પરિહાસ છીન લેતા પલમેં ઈતિહાસ' શું બને છે બહારની સ્થિતિ એ આત્માના અધિકારની વાત છે? એક ક્ષણમાં આખો પલટો દુનિયામાં. આમ હજી લખે છે. આ વાંચવા પણ સવારે નવરા ઊભા રહેવું નથી એને ખબર નથી. એ લખ્યા જ કરુંને ફરીને વાંચવા. આ સંસાર એક ક્ષણમાં ગુલાંટ ખાઈ જાય આખો. ક્યાં એ શરીર અને વાણી એની પર્યાય ક્યાં આત્માની ચીજ હતી? ફડાક પલટો. ઓહો..હો..! ક્યાંય દ્રવ્ય હું કોણ છું એનું ભાન નહિ, ક્ષેત્રમાં ક્યાં ગયો એનું ભાન નહિ, કાળ શું થઈ ગયો, ભાવ શું થઈ ગયો, ભવ શું થઈ ગયો. લ્યો! ઓહો..હો..! આવું અનિત્યપણું!

કહે છે કે ભાઈ! એ પુણ્ય-પાપના પરિણામ પણ અનિત્ય અને એક સમાન જ બંધના કારણ છે ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અખંડાનંદ નિત્યાનંદ ધ્રુવ સ્વરૂપ છે. આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ ધ્રુવ નિત્ય છે એની દૃષ્ટિ નથી, જે તેને પુણ્યભાવ એ ભલા અને પાપભાવ એ ભૂંડા એમ બે ભાવ એક જ બંધના કારણમાં બે ભાગ પાડે છે અને સમાન નથી માનતો એ જીવ '**પુણ્ય ઔર પાપ દોનોંકો સમાન નહીં માનતા,...**' છે શબ્દાર્થ છે જુઓ! '**વહ જીવ મોહસે મોહિત હુઆ...**' મોહથી મોહિત મિથ્યાદૃષ્ટિ મોહથી

મૂંઝાઈ ગયો છે એમ કહે છે. સમજાય છે કાંઈ? '**मोहिं हिंडइ**' '**मोहेन मोहितः सन् हिन्डते भ्रमति।**' આહા..હા..! પહેલી દૃષ્ટિમાં જ જેને હજી ક્ષણિક અનિત્ય વિકલ્પ એ અનિત્ય છે શુભ-અશુભભાવ નાશવાન છે, અનિત્ય છે, અધ્રુવ છે. આવ્યું છે કે નહિ? ક્યાં? આવ્યું છે ક્યાંય? શેઠિયાને ખબર ન હોય લ્યો. કર્તા-કર્મમાં આવ્યું છે. એ ત્યાં આપણે વંચાણું હતું. ૭૨ ગાથા. સમજાણું કાંઈ? એમાં તો ત્યાં ત્રણ બોલ આવ્યા હતા. અશુચિ, જડ-વિપરીત અને દુઃખ. અને ઓલા છ બોલ આવ્યા હતા, ૭૪માં છ બોલ આવ્યા હતા. સમજાણું કાંઈ?

કહે છે, અરે..! પુણ્ય અને પાપ, ભગવાન! એ અનિત્ય છે, અધ્રુવ છે ભાઈ! આ શરીર અધ્રુવ છે, ક્ષણમાં ગુલાંટ ખાય, ક્ષણમાં પલટો ખાય. આહા..હા..! એમ આત્મામાં થતાં શુભ અને અશુભભાવ તદ્દન ક્ષણિક, અસ્થિર, અશરણ છે. બરાબર હશે? આહા..હા..! કહે છે, એ બેને એકરૂપે ન માનતા ભેદ માને છે જે, એને આત્મા અખંડાનંદ શુદ્ધ છે એની શ્રદ્ધાનો ભાવ નથી. તેથી તે મોહિત મિથ્યાત્વમાં મોહી ગયો છે. એ જીવ ''**चिरं**' **બહુત કાલ તક દુઃખ સહતા હુઆ...**' દુઃખને સહન કરતો થકો, '**संसारमें** '**हिडंति**' **ભટકતા હૈ.**' ચોર્યાશીના અવતારમાં અનંત સંસારમાં ભટકશે. આહા..! જુઓ! આ દિગંબર સંતોના કથનો. સમજાય છે કાંઈ? એ શબ્દ પ્રવચનસારમાં એ જ છે. સમજાણું? એ શૈલી આચાર્ય દિગંબર સંતો તો એક જ પ્રકારની શૈલી લે છે બધા.

'**ण हि मण्णदि जो एवं णत्थि वसेसो त्ति पुण्णपावाणं**' જે કોઈ એમ નથી માનતો કે પુણ્ય-પાપમાં કાંઈ વિશેષ છે જ નહિ, પણ વિશેષ માને છે. વિશેષ છે નહિ અને વિશેષ માને છે. શુભભાવ કે અશુભભાવમાં ફેર છે જ નહિ. બેય બંધના કારણ એકરૂપે છે. એમ નથી કોઈ વિશેષો, એમાં ભેદ જ નથી એક જ પ્રકારના બેય ભાવ બંધના કારણ છે એમ નથી માનતો '**हिडंदि घोरमपारं संसारं मोहसंछण्णो**' મોહ મિથ્યાત્વથી ઢંકાયેલો એ પ્રાણી ઘોર અનંત સંસારમાં રખડશે, પરિભ્રમણ કરશે. આ ૭૭ ગાથા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કઢી ઓલી શું કાંઈક કહે છેને? મોહરાજાની કઢી. બૌદ્ધની વાત આવે છેને? શ્રેણિકને ઘરે બૌદ્ધ આવ્યા હતા. પછી ઓલા જોડા પડ્યા હતા બહાર. રાણીએ મગાવી એક જોડી. ઝીણા ઝીણા કટકા કરી કઢી કરીને ખવડાવી. બહુ ઝીણા આમ કઢી બહુ ઊંચી કરી. ઓલા જાણતા કે બૌદ્ધ તો કે ત્રિકાળી જ્ઞાની છે ને આવા છે ને આવા છે. શ્રેણિકરાજા બહુ વખાણ કરતા હતા. પછી કહે સાહેબ! ધીરા થાવ, ધીરા થાવ. સ્ત્રી પતિને કહે છે. પછી ઓલા આવે છે બૌદ્ધ. ઓહો..હો..! કેવી આ કઢી! બહુ ભારે કઢી! બહાર જોતા ઓલી

મોજડી ન મળે. મોજડી ક્યાં ગઈ? ગોતતા ગોતતા ન મળે. રાણી કહે, સાહેબ! આપના પેટમાં ગઈ છે મોજડી. હેં! શી રીતે? ઓકો, કહે. ઓકો નીકળશે હમણા કટકી ઝીણી ઝીણી. ઓક્યા ત્યાં એ કટકી ઝીણી નીકળી. લ્યો આ તમે ત્રિકાળી જ્ઞાની છોને. શ્રેણિકરાજાને (કહે છે). બાપુ! એ મુનિ ન હોય, મુનિ તો અલૌકિક છે. પછી મુનિની (વાત) આવે છેને. યશોભદ્ર મુનિ હતાને? સર્પ નાખી આવ્યા હતા શ્રેણિકરાજા ડોકમાં. તારા મુનિને સમતા હોય તો કાઢી નાખ્યો હશે સર્પ હવે. અન્નદાતા! એમ ન હોય, એ તો વીતરાગી સંત છે. આત્માના આનંદમાં ઝૂલતા એને જેવો સર્પ નાખ્યો એવોને એવો હશે ચાલો. જ્યાં લઈને સાથે જાય છે. છેને ફોટો છે ક્યાંક એનો. સમજાણું કાંઈ? અહીં કેલેન્ડર હતું, કેલેન્ડર હતું અહીં. જાય છે ત્યાં હજારો કીડીઓ સર્પને ચડેલી. એ રાણી ઉપાડે છે આમ હળવે-હળવે ધીમે-ધીમે.

આ મુનિઓ તો આત્મધ્યાનના આનંદમાં મસ્ત, અતીન્દ્રિય આનંદના અનુભવી ખોરાકીથી એમાં પડ્યા છે એને. એ સંતની વ્યાખ્યા, સંતના સ્વરૂપની તમને અન્નદાતા ખબર નથી. બહારના ત્યાગ ને આ બૌદ્ધ ને ભણેલા ને એના માનીને તમે ગુરુ માન્યા એમ ગુરુ ન હોય. પત્ની પતિને સમજાવે છે. એ સમજી જાય છે કે સાચી વાત તારી. વાત સાચી. મહા સંત મુનિ વીતરાગી મુનિઓ. ઓહો..હો..! હજારો કીડીઓ આમ શરીર ખોખું કરી નાખ્યું છે. આત્માના આનંદમાં મસ્ત ઝુલે છે. આહા..હા..! હળવે રહીને આમ કીડી ઉઠાડી.. કાઢી. એ પોતે ન કાઢે. વીતરાગી સંત છે એ ઉપસર્ગ જાણે છે. ઉપસર્ગ જ્યાં સુધી હોય ત્યાં સુધી એને ખાવાનો વિકલ્પ નહિ ઉઠે. એવા એ સંત છે. સમજાય છે? પછી મુનિ ધર્મ-ઉપદેશ આપે છે. ત્યાં સમ્યગ્દર્શન પામે છે શ્રેણિકરાજા. તીર્થંકરગોત્ર પણ પછી ભગવાનના સમવસરણમાં પામે છે. લ્યો! આત્મધર્મ પામે છે ત્યાં ઓલો રાજા, પત્નીને નિમિત્તે. સમજાણું કાંઈ? આહા..હા..! આત્માનું જ્ઞાન, દર્શન બાપુ! બીજી ચીજ છે. એ તો અખંડાનંદ એક સ્વરૂપે પ્રભુ આત્મા એ નિત્ય ધ્રુવ છે. એ તો ક્ષણિક માનનારા છે, બૌદ્ધ તો ક્ષણિક માનનારા છે. આ તો વસ્તુ ધ્રુવ એનો એ ભગવાન. ક્ષણે-ક્ષણે ભલે પર્યાયે પલટે, પણ નિત્યાનંદ પ્રભુ તો એનો એ છે. આવું વસ્તુનું સ્વરૂપ છે રાજા! સમજાય છે પછી. તીર્થંકર ગોત્ર બાંધે છે લ્યો ઠીક! રાણી વળી હેઠે રહી ગઈ અને આ તીર્થંકર ગોત્ર બાંધે છે. જુઓ, વિચિત્રતા પરિણામની છે. સમજાણું કાંઈ?

આ સીતાજી લ્યો! રાવણ ચળાવવા આવે છે. સીતાજી જાય છે સ્વર્ગમાં. ત્યાંથી સીતાજી જ્યારે નીકળશે તો સીતાજી થાશે ચક્રવર્તી અને રાવણ થાશે પુત્ર, લક્ષ્મણ થાશે પુત્ર. આહા..હા..! બે ત્યાં વેરી હતા, એ અહીં બે ભાઈ થશે. અહીં રાવણ આને ઈચ્છતો હતો તે એનો (પુત્ર) થશે. છેલ્લે જ્યારે થશે ત્યારે રાવણ થાશે તીર્થંકર, સીતાજી થાશે ગણધર. સમજાણું

કાંઈ? રાવણ તીર્થંકર થશે ત્યારે સીતાજી ગણધર થશે ત્યારે મોક્ષ જશે. પરિણામની કેવી વિચિત્રતા છે! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે આહા..હા..! ધર્મીએ પોતાના સ્વરૂપને શુદ્ધ ચૈતન્ય તરીકે દૃષ્ટિમાં માન્યું છે. એને પુણ્ય અને પાપ બેય એક જ પ્રકારના બંધ તરીકે, સમ તરીકે જણાય છે. આહા..હા..! અજ્ઞાનીને પુણ્યભાવ, શુભભાવ તે સારા અને અશુભાવ તે ખરાબ, એ મોહિત દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ છે, જૈન પરમેશ્વરની આજ્ઞાના અજાણ એવા એ પુણ્યને ભલા માને છે. આહા..હા..! રાડ નાખી જાય અત્યારના માણસો તો. દેશ સેવા, ભગવાનની સેવા, પતિની સેવા. કેટલી સેવા ઘણી પ્રકારની હોય છે કે નહિ? ગરીબ નારાયણની સેવા. અહીં કહે છે કે એ હરામ પરની સેવા કોઈ કરી શકતું હોય તો. તને ભાવ આવે એ શુભભાવ છે અને અશુભભાવ આવે એ પાપ છે. એ બેને સમાન ન માનતા બેમાં ફેર માને એ મિથ્યાદૃષ્ટિ ચૈતન્યના સ્વરૂપનો ઘાત કરનારો છે. ભીખાભાઈ! આહા..હા..!

ભગવાન નિત્ય પ્રભુ એમાં પરિણામ ભલે શુદ્ધ પરિણામ અનિત્ય છે ધર્મના, પણ એ અભેદરૂપ અનિત્ય છે. આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમે એ પર્યાય તો અનિત્ય છે, પણ ધ્રુવ સાથે એક છે માટે એને પણ એક અપેક્ષાએ કૂટસ્થ નિત્ય કહેવામાં આવે છે. કેવળજ્ઞાનને કૂટસ્થ નિત્ય કીધું છે. આહા..હા..! આ શુભ-અશુભભાવ તો અનિત્ય, ક્ષણિક, અધ્રુવ, અસ્થિર, અશરણ છે. એ બે ભાવમાં આંતરો માને, કહે છે કે મોહિત હુઆ મિથ્યાદૃષ્ટિ, ઘણો કાળ. દેખો! ચિરની વ્યાખ્યા કેટલી કરવી. અનંત કાળ '**દુઃખ સહતા હુઆ...**' દેખો! '**દુઃખ સહતા હુઆ...**' વચમાં કદાચ એ દેવલોક પણ ભવ મળે, પણ એ બધા '**દુઃખ સહતા હુઆ સંસારમેં ભટકતા હૈ.**' ચાર ગતિમાં રખડશે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- યદ્યપિ અસદ્‌ભૂત (અસત્ય) વ્યવહારનયસે દ્રવ્યપુણ્ય ઔર દ્રવ્યપાપ યે દોનોં એક દૂસરેસે ભિન્ન હૈં,...**' અસદ્‌ભૂત-જૂઠી નયે દ્રવ્યપુણ્ય એટલે જડ રજકણો હોં! શાતાવેદનીય આદિના અને દ્રવ્યપાપ રજકણો અશાતાના. એ અસત્ય વ્યવહારનયસે. જોયું? અસદ્‌ભૂતનો અર્થ જ કૌંસમાં અસત્ય. અસત્ય એટલે જૂઠા. જૂઠા નયથી, જૂઠી વ્યવહારનયથી બેમાં ફેર છે. '**ઔર અશુદ્ધનિશ્ચયનયસે ભાવપુણ્ય ઔર ભાવપાપ યે દોનોં ભી આપસમેં ભિન્ન હૈં,...**' અશુદ્ધનિશ્ચયથી શુભભાવ અને અશુભભાવ બેમાં અશુદ્ધનિશ્ચયથી ફેર છે. '**તો ભી શુદ્ધ નિશ્ચયનયકર પુણ્ય-પાપ રહિત શુદ્ધાત્માસે દોનોં હી ભિન્ન હુએ બંધરૂપ હોનેસે દોનોં સમાન હી હૈં.**' આહા..હા..! તોપણ શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિ કરતા પુણ્ય અને પાપ રહિત, રહિત એવો શુદ્ધાત્મા. શુભ-અશુભભાવ અને એનાથી રહિત એવો શુદ્ધાત્મા. એનાથી દોનો હી ભિન્ન. શુભ અને અશુભભાવ ભગવાન શુદ્ધ આત્માથી

જુદા. '**બંધરૂપ હોનેસે...**' બેય ભાવ બંધરૂપ હોવાથી. '**દોનોં સમાન હી હૈં.**' બંધની અપેક્ષાએ બે સરખા છે. સમજાણું કાંઈ?

'**જૈસે સોનેકી બેડી ઔર લોહેકી બેડી યે દોનોં હી બંધકા કારણ હૈં...**' દાખલો આપ્યો છે કુંદકુંદાચાર્યે. ત્યારે કહે કે અરે..! સોનાની બેડી તો કામ આવે. વળી એમ ઘણા કહે છે. શું કામ આવે? ભાર વધારે થાય. લોઢા કરતા સોનાનો ભાર વધારે. વજન વધારે હોય. બંધભાવની અપેક્ષાએ સરખા છે. વ્યવહારનયની અપેક્ષાએ અશુભથી શુભ ઠીક એ વ્યવહારથી. પરમાર્થની દૃષ્ટિએ તો બંધની અપેક્ષાએ બેય સરખા છે. સમજાણું કાંઈ? એ.. છોટાભાઈ! શું વાત છે? જુઓ! રાડો પાડે છે હવે લ્યો. ઘણા તો ભેગા થયા હતા કાલે. એક જ દિવસ લખ્યો છે એમાં. ૨૩-૧-૬૦ એમ લખ્યું છે. એટલે એક જણો ... આમાં પણ આવ્યું, આજે પણ આવ્યું છે. એક ભેગા થવાના ત્યાં. બધા શેઠિયાના નામ છે. ચાર-પાંચના નામ. ભંવરલાલ, દેવીલાલ, રાજેન્દ્રકુમાર, રાજકુમાર. ઓહો..હો..! જુઓ! આ તકરારને શું કરવું? આમાં ઈન્દ્ર ઉપરથી ઉતરે તોપણ માને નહિ. કો'ક કદાચ દેવ આવીને કહે તો કહે, ના. એ તો કાંઈક હશે બીજું. એ તે વાત એવી છે પણ માણસને શું થાય?

કહે છે, ભગવાન! તું દેવનો દેવ છોને પ્રભુ! આહા..હા..! એકલો વિકલ્પ એક શુભ કે અશુભના વિકલ્પની વૃત્તિ એનું એ સ્થાન જ આત્મા નથી. એક સમયની અદ્ધરથી ઉત્પન્ન થયેલી દશા, એક સમય પૂરતો વિકલ્પ છે, બસ થઈ રહ્યું. દ્રવ્ય ગુણ એવો નથી કોઈ એમાં. આહા..હા..! દ્રવ્ય ગુણ તો એકલા શુદ્ધ, શુદ્ધ અને શુદ્ધ છે, એકલા મોક્ષના કણસલા પાકવાની ભૂમિ છે ઈ. આહા..હા..! ખેતર તો મોક્ષનું ખેતર પાકે એવું ખેતર છે આત્માનું. એના ખેતરમાં વિકલ્પો ઉઠે, તીર્થંકરગોત્રનો બંધભાવ થાય એ પણ એનું ક્ષેત્ર, આત્માનું ક્ષેત્ર નથી, એને અહીં પર ક્ષેત્ર કહેવામાં આવે છે. આહા..હા..! સંવરમાં આવે છેને. આહા..!

જે ભાવે બંધ થાય એ ભાવ સ્વક્ષેત્રનો નહિ, સ્વ વસ્તુનો નહિ. એ તો સમ્યગ્દર્શન-દૃષ્ટિમાં પુણ્ય અને પાપ બેય સમાન જ્ઞાની માને છે. છતાં એને ઠરે નહિ ત્યારે શુભભાવ હોય અશુભથી બચવા. એમાં કાંઈક કર્મની સ્થિતિ ઘટે એટલી વાત તો કરી, પણ એથી ભવના બંધનનો અભાવ પરિણામ છે ઈ એમ નથી. સમજાય છે કાંઈ? એ બંધના જ પરિણામ છે. એ અબંધ પરિણામની સાથે એને મદદગાર માનવા એમ કોઈ રીતે હોઈ શકે નહિ. આહા..હા..!

જુઓ! '**દોનોં હી ભિન્ન હુએ બંધરૂપ હોનેસે દોનોં સમાન હી હૈં. જૈસે સોનેકી બેડી ઔર લોહેકી બેડી યે દોનોં હી બંધકા કારણ હૈં-ઈસસે સમાન હૈં.**' સોનાની બેડીએ બંધાય, રૂપાની, લોઢાની બંધાય. સમાન છે. '**ઈસ તરહ નયવિભાગસે જો પુણ્ય-પાપકો સમાન નહીં માનતા,...**' આ નિશ્ચયનયના કારણે આ રીતે પુણ્ય-પાપને સરખા

નથી માનતા. **'વહ નિર્મોહી શુદ્ધાત્માસે વિપરીત જો મોહકર્મ...'** ગુલાંટ ખાય છે વાત બે, ત્રણ વાર. કેવો છે આત્મા? કે નિર્મોહી શુદ્ધાત્મા છે. એનાથી **'વિપરીત મોહકર્મ ઉસસે મોહિત હુઆ...'** મોહકર્મમાં મૂર્છાયેલો **'સંસારમેં ભ્રમણ કરતા હૈ.'** સમજાય છે કાંઈ? પહેલા દૃષ્ટિમાં એને સમાન નથી માનતો. અસ્થિરતામાં પહેલા એને શુભભાવ અશુભથી છૂટીને હોય છે. પંચમ ગુણસ્થાન, છઠ્ઠા ગુણસ્થાને યોગ્ય એવો ભાવ હોય છે. પણ દૃષ્ટિમાં એ બેને સરખા નથી માનતો એ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડશે એટલી વાત કરી. હજી અસ્થિરતાની વાતમાં જરીક ફેર હવે બતાવશે.

**'ઐસા કથન સુનકર પ્રભાકરભટ્ટ બોલે, યદિ એસા હી હૈ, તો કિતને હી પરમતવાદી પુણ્ય-પાપકો સમાન માનકર સ્વચ્છંદ હુએ રહતે હૈં,...'** કેટલાક અન્યમતિઓ પુણ્ય અને પાપ (સમાન માનીને) સ્વચ્છંદ હુએ વિષય ભોગવે, માંસ ખાય, દારૂ પીવે, શિકાર કરે અને કહે છે કે અમારે કાંઈ છે નહિ. બેય પુણ્ય-પાપ સરખા છે. અમારે કાંઈ એમાં છે નહિ. એમ અન્યમતિ કેટલાક કહે છે અને તમે આમ કહો છો તો એમાં ફેર શું? સમજાણું કાંઈ? **'સ્વચ્છંદ હુએ રહતે હૈં,...'** હોં! **'ઉનકો તુમ દોષ ક્યોં દેતે હો?'** એક ફેરી જૈનનો અહીં સાધુ અહીં રહ્યો હતો ચોમાસુ. દેરાવાસી. પહેલા સ્થાનકવાસી અને પછી દેરાવાસી (થયેલો). એમાંથી મોક્ષમાર્ગ પ્રકાશક વાંચ્યું. પછી અહીં આવ્યો હતો એક ફેરી. બસ! નિશ્ચયમાં પછી ક્યાં માંસને ખાવો, દારૂ પીવા, રોટલા ખાવા એમાં ફેર શું છે? મરી જઈશ હવે સાંભળને કીધું. ખાવાની ક્રિયા નથી પણ ભાવ કોનો છે? માંસ ખાવાનો ભાવ, દારૂ પીવાનો ભાવ, ભાવ કોનો? એમ કહે નિશ્ચય થયું પછી એને આનું શું કામ છે? એ પ્યાલા ફાટી જાય પાછા. સમજાણું કાંઈ? નિશ્ચય દૃષ્ટિ થયા છતાં ભાવ, પુદ્‌ગલ રોટલાની પર્યાય પુદ્‌ગલ છે અને માંસની પર્યાય પુદ્‌ગલ છે એમ પાછા એમ માને છે. બેય એક પ્રકારની જડની પર્યાય છે, નિશ્ચયમાં. બાપુ! નિશ્ચયમાં તો એમ જ છે. પણ વ્યવહારમાં જેમ અશુભભાવથી શુભભાવ ઠીક છે એવો આવ્યા વિના રહેતો નથી. એ તો એનામાં વિવેક આવે છે કે માંસની પર્યાય નહિ ને રોટલાની પર્યાય લેવાની વૃત્તિ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શિકાર કરવાના ભાવ, પરસ્ત્રી લંપટીના ભાવ. પછી તો ગમે તે ભાવ હો. ગમે તે ન હો.

દૃષ્ટિમાં શુભ અને અશુભભાવ હેય માનવા છતાં, અશુભથી જ્યારે છૂટે છે અને સ્થિર નથી રહી શકતો ત્યારે શુભભાવ આવ્યા વિના રહેતો નથી. ઓલો તો અજ્ઞાની તો એ શુભાશુભને કાંઈ માનતો જ નથી એટલે આમ સ્વચ્છંદી થઈને રહે છે. સમજાણું કાંઈ? એમ નથી... સમ્યગ્દર્શનમાં પુણ્ય-પાપને બેય સરખા માનવા છતાં વ્યવહારમાં પાપ પરિણામથી શુભ પરિણામ વ્યવહારે ઠીક છે એવું આવ્યા વિના રહે નહિ. એ એમ ન માને કે અમારે તો બધી સ્ત્રીઓ

સરખી છે મા કે બાયડી. એમ ન હોય. અમારે તો રોટલાની પર્યાય અને માંસની પર્યાય બધી પુદ્ગલની છે નિશ્ચયથી તો. એ તો જ્ઞેય છે જ્ઞાનમાં. ઈષ્ટ, અનિષ્ટ માનવું તો મિથ્યાત્વ છે. સાંભળ તો ખરો. આહા..હા..! દલીલ ઉઠે ઈ બધી. સમજાણું કાંઈ? એમ ન હોય. એ પર્યાયમાં વ્યવહારે ફેર છે. માંસની પર્યાય, દારૂની પર્યાય અને રોટલાની પર્યાયમાં ફેર છે. એમ પાપના પરિણામ અને પુણ્ય પરિણામમાં વ્યવહારે ફેર છે. સમજાણું કાંઈ? એમ ન માને અને પછી સ્વચ્છંદી થઈને, ખાવું તો માંસ ખાવું તો શું અને દારૂ પીવો તો શું? વિષય ભોગવો તો શું? મરી જઈશ, ત્યાં પોપાબાઈના રાજ નથી.

અહીંયાં તો શુદ્ધની દૃષ્ટિ કરવામાં અશુદ્ધપણાના બે ભાવ બેય બંધ તરીકે હેય છે એમ જાણીને જ્ઞાની એને છોડે છે. પણ એને છોડી ન શકે તો અશુભભાવને છોડીને શુભભાવમાં આવે છે. આદરણીય માનતો નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ પણ શુદ્ધ ભાવને ઉપાદેય માને અને બેયને હેય માને છે. છતાં બેની વચમાં જ્યારે સ્થિર થઈ શકતો નથી છોડીને, તો અશુભભાવ છોડીને શુભભાવમાં આવે છે. અનહિત વૃત્તિએ, ઉપાદેય માન્યા વિના, એ ભાવ આવ્યા વિના રહેતો નથી અને તેથી તેને પુદ્ગલની પર્યાયમાં પણ વિવેક રહે છે. સમજાણું કાંઈ? એ માંસની પર્યાય ન હોય, લેવાની વૃત્તિ જ ન હોય.

મુનિને તો એને માટે કરેલા આહારની લેવાની વૃત્તિ ન હોય. આ તો પુદ્ગલ છે. એ ક્યાં એનું કરેલું છે અને એની દશા છે? પણ સાંભળ તો ખરો. એને માટે બનાવેલો આહાર, પાણી હોય એ મુનિને લેવાની વૃત્તિ એને હોય નહિ એટલો વિવેક છે શુભનો. સમજાણું કાંઈ? ભૂમિકા જ્યાં આત્માની દૃષ્ટિની સ્થિરતા જામી છે આત્મામાં, એમાં વિશેષ સ્થિરતાનો અભાવ (હોય) ત્યારે એવો વિકલ્પ આહારનો હોય છે. પણ એ આહાર એને માટે નહિ કરેલો, પાણી નહિ બનાવેલા એવી ચીજ હોય તો એની શુભ વૃત્તિ આવે લેવાની. એ લેવાની એટલે? લઉં એટલું. લેવું-દેવું ક્રિયા મારી છે એમ એ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાર્થે જેમ શુભાશુભભાવમાં ફેર નથી એમ વ્યવહારે ફેર નથી એમ નહિ. આહા..! સમજાણું કાંઈ? એ કહેશે જુઓ! અહીંયાં. એ જ અહીં પ્રશ્ન કરે છે કે મહારાજ! એને દોષ કેમ દ્યો છો?

'**જબ શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ તીન ગુપ્તિસે ગુપ્ત વીતરાગનિર્વિકલ્પસમાધિકો પાકર ધ્યાનમેં મગ્ન હુએ પુણ્ય-પાપકો સમાન જાનતે હૈં,...**' એટલે સ્થિરતા થઈને સમાન કરે છે, એમ કહેવું છે. '**તબ તો જાનના યોગ્ય હૈ. પરન્તુ જો મૂઢ પરમસમાધિકો ન પાકર...**' અંતર સ્થિરતા શાંતિની, આનંદની પામ્યા વિના '**ગૃહસ્થ-અવસ્થામેં દાન, પૂજા આદિ શુભ ક્રિયાઓંકો છોડ દેતે હૈં,...**' દાન, ક્રિયા, પૂજા, શુભભાવ આવ્યા

વિના રહે નહિ. એ શુભભાવ અમારે આવે જ નહિ. મૂઢ છે ઈ, સમજતો નથી તત્ત્વને. આવે છે પણ માને છે એ બંધનું કારણ. સમજાય છે કાંઈ? ભારે વાત આ ભાઈ! શરતુ બહુ પણ અંદર.

ગૃહસ્થદશામાં સમ્યગ્દૃષ્ટિ હોય, શુભાશુભભાવને બંધનું કારણ જાણે, છતાં તેને યોગ્ય ભગવાનની પૂજા, ભક્તિ, ગુરુસેવા, સ્વાધ્યાય એવો ભાવ આવ્યા વિના રહે નહિ. કોઈ કહે કે અમારે એ ભાવનું શું કામ છે પુણ્યનું? તો તને ભૂમિકાની ખબર નથી, દૃષ્ટિની ખબર નથી, આત્માની ખબર નથી, એને શુભભાવ કેવો હોય એની પણ તને ખબર નથી. સમજાણું કાંઈ? વસ્તુમાં ઠરીને પર્યાય જેને ઉત્પન્ન થતી નથી એને માટે તો બરાબર છે, પણ સમ્યગ્દૃષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં છે તો એને... સમજાય છે? દાન, પૂજા, ભક્તિ, વિનય (હોય છે). જુઓ! હંમેશા ષટ્ આવશ્યક આવે છે કે નહિ? ગૃહસ્થને પૂજા, દાન (આદિ) છ આવશ્યક છે. એવા શુભભાવ આવ્યા વિના રહે નહિ અને ન આવે અને સમજે કે અમારે એ બંધનું કારણ માટે નહિ. દૃષ્ટિ મિથ્યાત્વ છે તને વસ્તુની ખબર નથી. ભૂમિકા વધી ગઈ છે એમ તું માને છે. અમારે એવા ભાવ હોય નહિ. તો ભૂમિકા વધી ગઈ તું કેવળી થઈ ગયો એમ માન્યું એણે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'પરમસમાધિકો ન પાકર...'** આનંદની સ્થિરતા, નિર્વિકલ્પ ઉપયોગ નથી, એમ કહે છે. નિર્વિકલ્પ ઉપયોગ નથી અને એમ કહે કે અમારે શુભભાવ હોય નહિ. તો સ્વચ્છંદી છે. એને નથી દૃષ્ટિનું ભાન, નથી શુભભાવનું ભાન એમ કહે છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ અમૃતના શુદ્ધ ઉપયોગમાં રમતો હોય એને તો શુભ અને અશુભ કાંઈ ઉત્પન્ન થતાં જ નથી. અને નિર્વિકલ્પ સમાધિ નથી ત્યારે કહે કે અમારે શુભભાવનું શું કામ છે? શુભભાવ હોય નહિ, ઈ બંધનું કારણ છે. તો તું સમજતો નથી. શુદ્ધ ઉપયોગ તો થયો નથી. તો પછી શુભ ઉપયોગ નહિ કર તો શું થશે તને? કાંઈ ખબર જ નથી એનો અર્થ અહીં એમ કહેવું છે. એને શુભ ઉપયોગ આવે જ એવી એને ખબર નથી. મિથ્યાદૃષ્ટિ જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને ભક્તિનો, પૂજાનો, દાનનો, જાત્રાનો એવો ભાવ આવે, એ ભૂમિકા છે. તું કહે છે કે એ ભાવ અમારે ન આવે. તો તું નિર્વિકલ્પ સ્થિર થઈ ગયો છો? સ્થિર ન થયો તો અમારે ન આવે એવું આવ્યું કેમ તને? અમારે એ ન આવે. અમારે ન આવે એવું આ બોલ્યો ક્યાંથી તું? વિકલ્પ ક્યાંથી આવ્યો તને? ... શુદ્ધ ઉપયોગમાં ઠરી ગયો હોય એ કહે છે. નિર્વિકલ્પ પરમસમાધિને ન પામીને. ગૃહસ્થદશામાં આ ક્રિયાને છોડી દે, શુભભાવ અમારે હોય જ નહિ. શુભભાવ અમારે આદરણીય નથી માટે હોય નહિ. એ માને છે એની

ખબર નથી. શુભભાવ હોય છે. જાણે છે કે હું સ્વરૂપમાં ઠરી શકતો નથી, પાપભાવથી બચવા આવો ભાવ આવ્યા વિના રહેતો નથી, છતાં એ જાણે છે બંધનું કારણ. સમજાણું કાંઈ? તીવ્ર કષાય કરતા મંદ કષાય ઠીક જાણે. બહુ નુકસાન થતું હોય એ કરતા થોડા નુકસાનને ઠીક જાણે. આવ્યું છેને મોક્ષમાર્ગ પ્રકાશકમાં. સમજાણું કાંઈ?

ગૃહસ્થ કંદમૂળ ન ખાય, પણ એથી વનસ્પતિ એકેન્દ્રિય ખાવાનો ભાવ એ ધર્મ છે એમ નહિ. એમ ધર્મીને ધર્મદૃષ્ટિમાં ભાન હોવા છતાં સ્થિર ન થઈ શકે ત્યારે અશુભભાવ ન હોય, અશુભ તીવ્ર કષાય છે. અને શુભભાવ, એને-ધર્મી જીવને શુભભાવ ઘણો આવે, એથી સમ્યગ્દૃષ્ટિ મરીને સ્વર્ગના વૈમાનિકમાં જ જાય. કોઈ એમ કહે કે સમ્યગ્દૃષ્ટિ જીવની બહુ પુરુષાર્થની ઉગ્રતા છે માટે અમે તો અહીંથી મરીને પાધરા મહાવિદેહક્ષેત્રમાં જશું. અમારા ઉગ્ર પુરુષાર્થની ખબર નથી દુનિયાને. મૂઢ છો. એ આવ્યું છે, નહિ? આવ્યું હતું. પુસ્તક હમણા છપાણું એમાં આવ્યું હતું. અમારા ઉગ્ર પુરુષાર્થ વિના... ઓલો નહિ? સુરેન્દ્રનગરથી છપાણું છે ઈ. ઓલા હતાને? શાંતિ નહોતો એક? એણે છપાવ્યું છેને. રાજકોટવાળા .. છપાવ્યું છે. એમાં લખ્યું કે મહા પુરુષાર્થ અમારો છે. અમારા પુરુષાર્થને લોકો નહિ સમજે શકે. મરીને મહાવિદેહમાં સીધા કેવળજ્ઞાન આપણે પામશું ત્યાં સમાધાન કરશું. બહુ સારી વાત. સમજાય છે કાંઈ? આહા..હા..! માણસ ગોથા ખાય છે ઊંધા. પાછા ક્યાં જાય છે ગુલાંટ ખાઈને (એની) ખબર રહેતી નથી. એમાં પગથિયા એવા હોય અને પગ એવો હોય. પડે. .. જાય ૨૫-૫૦ પગથિયે. સ્થિર જ ન રહે એ. એમ કે જુઓ કેટલો પુરુષાર્થ છે! સીધા મહાવિદેહક્ષેત્રમાં આપણે તો સ્વસંવેદનજ્ઞાન દ્વારા જાશું. ભગવાન કહે છે કે ભાઈ! તારી ભૂમિકાની તને ખબર નથી. સમજાણું કાંઈ? ચોથી, પાંચમી ભૂમિકા હોય, છઠ્ઠી આદિ ભૂમિકા હોય એને મનુષ્યપણું આવે જ નહિ. એને તો વારંવાર એવા શુભ વિકલ્પો સ્વાધ્યાયના, ધર્મધ્યાનના, બહુ વિનયના એવા આવ્યા હોય છે તેને પુણ્ય એવું બંધાઈ જાય કે વૈમાનિકનો જ દેવ થાય. સ્ત્રી થાય નહિ, ભવનપતિ, વ્યંતર જ્યોતિષમાં જાય નહિ, નરક, ઢોરમાં જાય નહિ. સમજાણું કાંઈ? આ એમ કહે છે, આ શ્રીમદ્‌માં પણ એમ કહે છેને કેટલાક. શ્રીમદ્ ગયા છે મહાવિદેહક્ષેત્રમાં કેવળી છે લ્યો! આમ જાણે કે અમે વખાણ કરીએ અને આમ ગાળો દેતા હોય. આ દેવચંદજી માટે એમ કહે છે કેટલાક ભાઈ! આ ખતરગચ્છના છેને દેવચંદજી શ્વેતાંબરમાં થઈ ગયા. એ ઊપજ્યા છે મહાવિદેહમાં. અરે..! પણ શું કહે છે તું?

અહીં તો કહે છે ગૃહસ્થાશ્રમને યોગ્ય જ્યારે દશા હોય છે... અરે..! મુનિને યોગ્ય દશા છઠ્ઠાની હોય તોપણ સ્થિર ન હોય ત્યારે શાસ્ત્રશ્રવણ, મનન એવો શુભભાવ આવ્યા વિના રહે નહિ. અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો પણ એને આવે. જાણે કે, આ બંધનું કારણ છે.

તીવ્ર બંધ કરતા આમાં મંદ બંધ છે એવો એને લક્ષમાં વિવેક છે. આદરણીય એક પણ નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! પરમસમાધિને એટલે કે અંતર શુદ્ધ ઉપયોગમાં રમતો નથી અને કહે છે કે અમારે આવા શુભભાવ હોય નહિ. તો આ શું બોલે છે? એ તું બોલે છે એ જ ભાવ છે. બીજો કાંઈ શુદ્ધ ઉપયોગનો ભાવ નથી.

'**ઔર મુનિ પદમેં છહ આવશ્યકકર્મોંકો છોડતે હૈં,...**' મુનિ સાચા નગ્ન દિગંબર થાય અને એમ માને કે અમે તો મુનિ છીએ, અમારે શુભભાવનું શું કામ છે? એ અહીં એક બોલ્યો હતો સાધુ. અહીં તો બધા નમૂના મળી ગયા છે અહીં. એ જાણે કે નિશ્ચયનું અહીં ચાલે છેને એટલે અંદર વાતું કરતા કરતા (એમ બોલ્યા), અમારે મુનિને વ્યવહારનું શું કામ છે? ક્યાં કામ હૈ? બહુ વાત સારી ભાઈ! બોલો છો, આ વિકલ્પ ઉઠ્યો છે ને અમારે વ્યવહારનું શું કામ છે? સમજાય છે? નિશ્ચયાભાસી એટલા બધા વધી ગયા છે કેટલાક કે અહીં બધી નિશ્ચયની વાત ચાલે છેને આપણે એમ કહીએ તો આપણને ઠીક કહેશે. હમારે વ્યવહારકા મુનિકો ક્યા કામ હૈ? ઓહો..હો..! પાવર ચડી ગયો લાગે છે, કીધું, આને. અને વિકલ્પ ઉઠે એ બધો મિથ્યાત્વભાવ છે. વિકલ્પ તે મિથ્યાત્વ છે. કીધું, આવું ક્યાંથી લાવ્યા પણ તમે? વિકલ્પ તો છઠ્ઠા ગુણસ્થાને મહા ગણધરને પણ ઉઠે છે. એ વિકલ્પ મિથ્યાત્વ નથી. એ શુભ રાગને ધર્મ અને પરમાર્થ હિતકર માને તો મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! ક્યાંના ક્યાં ખેંચે અને ક્યાંના ક્યાં ખેંચે. સમજાણું? ગાંડીનું પહેરણું કાઢી નાખે તો બધું ને પહેરે તો ત્રણ. એમ ભાન ન મળે. હા. હા. એ અમારે ત્યાં થયેલું.

એક બાઈ હતી બિચારી .... ખોપાળા, ખોપાળા. ઉતારામાં ઉતર્યા હતા. એક બિચારી બાઈ હતી ગાંડી. એનો કાકો સાચવતો હતો. પૈસા .. સાચવતો. અમે ઉતર્યા ત્યાં એને નવી ઘાઘરી પહેરાવી. જુવાન બાઈ હોં! ૧૬, ૧૭, ૧૮ વર્ષની. આમ ઓલો હતો શું? શિયાળો. ત્યાં તાપતી હતી ત્યાં લાગ્યો. ઊભી રહી કાઢી નાખી. ... એણે કાઢી નાખ્યું. નાની ઓલી હતી ઓઢણી ઘરમાં ગરી ગઈ. પણ આ શું કર્યું તેં આ? પહેરાવ્યું નવું લૂગડુ હમણા ને આ સવારે પહેરાવી ને બાળી. ગાંડાને શું ભાન છે? એમ કાં કાઢી નાખે તો બધું કાઢી નાખો, પુણ્ય-પાપનો ભાવ છે, શુદ્ધનું ભાન ન હોય, તોપણ પુણ્યભાવ કાઢી નાખો. ક્યાંથી કાઢીશ પણ? સમજાણું કાંઈ? અને કાં અજ્ઞાની પુણ્યભાવ આવે એને ધર્મનું કારણ માને. બેય ગાંડા છે, પાગલ છે. ધર્મચંદજી! આ તો નજરે જોયું હતું હોં! ઉતારાની પાછળ છેને, ખોપાળાનો ઉતારો. પાછળ હતો. વડોદની પાછળ છેને ખોપાળા. આહા..!

'**મુનિ પદમેં છહ આવશ્યક...**' મુનિ એને કહીએ કે જે શુભાશુભ પરિણામ બંધનું કારણ માને. દેહની ક્રિયાનો એક રજકણ પણ કરી શકું એમ ન માને. અતીન્દ્રિય આનંદનો

અનુભવ જેને સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત થયેલો હોય અને અંતર આનંદના છોળ ચારિત્રના ઉડતા હોય. છતાં જ્યારે શુદ્ધ ઉપયોગમાં રમતો ન હોય ત્યારે છઠ્ઠે ગુણસ્થાને એને છ આવશ્યકના ભાવ આવે સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચખાણ. એ ન આવે ને છોડી દે '**वे दोनों बातोंसे भ्रष्ट हैं.**' એ નથી ઠર્યો શુદ્ધ ઉપયોગમાં, નથી આવતો શુભમાં.

'**न तो यति हैं, न श्रावक है.**' લ્યો! એને ન કહેવાય સાધુ અને ન કહેવાય શ્રાવક. '**वे निंदा योग्य ही हैं. तब उनको दोष ही है, ऐसा जानना.**' તો એને દોષ જ કહેવામાં આવે છે. જો પુણ્ય-પાપના ભાવ થાય છતાં શુદ્ધ દૃષ્ટિથી એને ઉપાદેય ન માને અને સ્વરૂપની દૃષ્ટિ રાખે તો સમ્યગ્દર્શન છે. એમાં ઠરે શુદ્ધ ઉપયોગમાં તો પુણ્ય-પાપ જેવા શ્રદ્ધામાં હેય માન્યા હતા એવા છૂટી ગયા અને સ્થિર થયો. પણ શ્રદ્ધામાં હેય માન્યા હતા એમ ઠરી શક્યો નથી તો એને અશુભથી બચવા શુભ આવ્યા વિના રહે નહિ. એ શુભ ન કરે તો નિંદાને પાત્ર છે. કારણ કે એ ભૂમિકા આવે અને એ ભૂમિકાને જાણતો નથી. '**निंदा योग्य ही हैं, तब उनको दोष ही है, ऐसा जानना.**' લ્યો! એ ૫૫ ગાથામાં આ વાત કરી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૪, મંગળવાર, તા. ૨૫-૦૧-૧૯૬૬**
**ગાથા-૫૬-૫૭, પ્રવચન-૧૦૮**

૫૬ ગાથા. પરમાત્મપ્રકાશ બીજો ભાગ. '**आगे जिस पापके...**' અધિકાર પુણ્ય-પાપનો ચાલે છે. એમાં આચાર્ય એમ કહે છે કે પાપના ફળથી અધિક કદાચિત દુઃખને પ્રાપ્ત થાય. નરકાદિનું વિશેષ નાખ્યું છે. પાઠ તો (એમ છે કે) દુઃખને પ્રાપ્ત થાય. અને દુઃખને દૂર કરને કે લિયે. વસ્તુ તો આમ છે. દુઃખ પૂર્વના પાપના ઉદયે આવ્યું એમાં દુઃખ દૂર કરવાનો વિચાર આવ્યો તો કહે છે કે દુઃખ એ પણ ભલું છે એમ કહે છે. પણ વિચાર આવ્યો છે. એક વસ્તુ એમ છે કહે છે જુઓને.

૧૮૩) वर जिय पावइँ सुदरइँ णाणिय ताइँ भणंति।
जीवहँ दुक्खइँ जणिवि लहु सिवमइँ जाइँ कुणंति।।५६।।

એમ શબ્દ છે. દુઃખ પોતે શિવમતિને મોક્ષમાર્ગનું ઉપાર્જન નથી કરતું, પણ પૂર્વના પાપને લઈને એટલો ઘેરાવો (હોય), આ તો ભાઈ! નરકના પણ દુઃખમાં ગયો એનો ખુલાસો વધારે કરશે. શું કહે છે? જુઓ!

૧૮૩) वर जिय पावइँ सुदरइँ णाणिय ताइँ भणंति।
जीवहँ दुक्खइँ जणिवि लहु सिवमइँ जाइँ कुणंति।।५६।।

**'હે જીવ, જો પાપકે ઉદય જીવોંકો દુઃખ...'** **'जनित्वा'** એમ છેને? દુઃખનો સંયોગ આવે અને ઘણું દુઃખો અપાર-અપાર નરકના દુઃખો, સાતમી નરકના, તિર્યંચના દુઃખો, મનુષ્યના મહા દુઃખો, પણ જો એ દુઃખને ઉપાર્જન કરવાના કાળમાં **'શીઘ્ર હી મોક્ષકે જાને યોગ્ય ઉપાયોંમેં બુદ્ધિ કર દેવે,...'** એમ. એ 'કર દેવે,...' એટલે લગે. **'शिवमति कुर्वन्ति'** એમ. ઉપાયમેં બુદ્ધિ કર દેવે એટલે પોતે કરે એમ. દુઃખ જે આવ્યું એમાંથી દુઃખ... અર્થકારે તો એમ જ કીધું છે કે **'दुःखविनाशार्थं धर्माभिमुखो भवति'** મથાળામાં છે. પાપનો એવો ઉદય આવ્યો અને આમ આહા..હા..! નરકની અંદરની દુઃખની વ્યાખ્યા એ ભગવાન જાણે અને એ (નારકી) વેદે એવી વ્યાખ્યા છે.

પહેલી નરકમાં દશ હજાર વર્ષની સ્થિતિએ અનંત વાર ઉપજ્યો. એક દશ હજાર અને એક સમયે અનંત વાર ઉપજ્યો, દશ હજારને બે સમયે અનંત વાર ઊપજ્યો. ત્રણ, ચાર, પાંચ.. અસંખ્ય, તે છેક તેત્રીસ સાગરના જેટલા સમય થાય તેટલા એક એક સમયે અનંત વાર ઊપજ્યો છે. એ દુઃખકારણ નથી. પણ અહીં તો એમ કહે છે કે દુઃખ તો અનંત વાર એવા આવ્યા છે, પણ એવા દુઃખના કાળમાં એ દુઃખ દૂર કરું. આ શું? આ શું દુઃખ? આટલું દુઃખ કંઈ કોઈ ઉપાય હશે કે નહિ દુઃખ મટાડવાનો? એમ દુઃખને નાશ કરવા માટે જો એ મતિ આત્માની કરે તો, કહે છે કે દુઃખ મેળવ્યું એ પણ સુંદર અને ભલું છે. એ ગાથા એની છે, પછી કહેશે. પુણ્યથી રાજ મળે તોપણ નરકમાં જાય એ સારું નહિ. એ પછી કહેશે. સમજાણું કાંઈ?

.. એ કરે છે એમ. તું પોતે કર દેવે હોં. કરે એમ, ઓલું દુઃખ કરી દે છે એમ નથી. **'सिवमइँ जाइँ कुणंति'** એમ છેને? જુઓ! શિવમતિ એટલે મોક્ષનો માર્ગ, છૂટવાનો પોતે ઉત્પન્ન કરે કે અહો..! આ શું? લોકોને વિચાર નથી આવતા એ અનંત દુઃખો કે આ જરી થોડોક મનુષ્ય ભવ મળ્યો પાંચ, પચ્ચીસ વર્ષને આમ સગવડતા ને ખાવે ને, એ આડે અનંત અનંત દુઃખો એનો વિચાર નથી. જુઓને! આ હમણા આ ક્યાંક નથી આવ્યું? મોટો મરી ગયો છે એક માણસ. ગમે ઈ બાબો હોય કે ભાભો હોય. ભાભા લખ્યું છે આમાં. આ તો એક વાત છે કે વસ્તુ એક ક્ષણમાં (પલટી જાય). અને એ વખતની પીડા આહા..હા..!

આ તે શું? ખાઈ-પી બેઠા હોય, સગવડતા કરીને ત્યાં આપણને માન મળશે, ત્યાં આપણે આમ કહેશું.. ત્યાં આપણે આમ (કરશું). મડદા હાથ આવતા નથી કહે છે. ક્યાં ગયા મડદા? પાંચ ... એ ભંગાર બધો ગરી ગયો અંદર ઓલો. બરફ છે ને બરફ? કહો, આવા દુઃખ તો અનંત વાર (સહન) કર્યા છે, એક વાર નથી. એવા દુઃખના કાળમાં, પાપના ઉદયના પ્રસંગમાં જીવ જો શિવમતિ નામ મોક્ષમાર્ગની મતિ કરે, અરે..! આ તે કોઈ ઉપાય હશે કે નહિ? એમાં અંદરથી ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે એવી બુદ્ધિ અને મતિ કરે તો, કહે છે કે એ આવેલા દુઃખો પણ એને અમે નિમિત્ત તરીકે વધાવીએ છીએ. સુંદર કહીએ છીએ. પાઠ સુંદર છેને. સમજાણું કાંઈ? **'બહુત અચ્છે હૈં, ઐસા જ્ઞાની કહતે હૈં.'**

**'ભાવાર્થ :- કોઈ જીવ પાપ કરકે નરકમેં ગયા,...'** આ તો દાખલો આપે છે હોં! શાસ્ત્રમાં આટલી વાત છે અત્યારે. પાપ કરીને નરકમાં ગયો. **'વહાં પર મહાન દુઃખ ભોગે,...'** ઓહો..હો..! નરકની વ્યાખ્યા આપણે કરી ગયા છીએ આમાં ઢાળમાં. અહીંનો કોઈ રાજા-મહારાજા પાંચ, પચાસ કરોડ અને અબજ પાંચ અબજનો હોય ધણી. એ મરીને નરકે જાય ત્યાં, ઊંધે માથે ત્યાં ઉપજવાના સ્થાન છે નરકમાં ત્યાં ઉપજે. એના અંદરના શસ્ત્રો એવા હોય છે ઉપજવાના (કે) કોરી નાખે એના શરીરને. ઉપજાવે ત્યાંથી પડે હેઠે હડપ દઈને. નીચે છત્રીસ પ્રકારના શસ્ત્રો હોય છે. પીડાય અંદર. હાય.. હાય.. પહેલા નરકનો નારકી. સાત-સાત યોજન ઉછળે પીડાથી. પ્રહાર લાગેને. એકદમ જન્મ્યો અને (ઉછળીને) પડે નીચે. એ સંયોગોના, કહે છે, પાપના કાળમાં પણ જો એ દુઃખનો વિચાર આવતા (એમ થાય કે) આ તે દુઃખનો કોઈ નીકળવાનો ઉપાય હશે કે નહિ? અનંત વાર થયું. એ દુઃખને કારણે જો થાતું હોય તો દુઃખ તો અનંત વાર (થયું). પણ એ દુઃખમાં વિચારો જો આવે, એમ કહે છે. એ દુઃખને મૂકવા માટે એમ. દુઃખથી મૂકાવા માટે. પાછું સંસારી સ્વર્ગના સુખ લેવા માટે એમ નહિ. એ બધું દુઃખ છે. આ દુઃખ... દુઃખ... દુઃખ... ઓહો..હો..! એમાંથી નરકમાં જઈને **'વહાં પર મહાન દુઃખ ભોગે, ઉસસે કોઈ સમય કિસી જીવકે...'** કોઈ સમય કોઈ જીવને, **'સમ્યક્ત્વકી પ્રાપ્તિ હો જાતી હૈ.'** નરકમાં પણ સમ્યગ્દર્શન, અનંત કાળે ન પામ્યો એવું પહેલું પામે. સમજાણું કાંઈ? સાતમી નરકે પહેલું પામે. અનંત કાળમાં ન પામ્યો.

આ દુઃખની પીડા. આહા..હા..! સંયોગો દેખતા રાડ નાખે. શાસ્ત્રકાર સંયોગથી વાત કરે છે. કેમકે અજ્ઞાનીને સંયોગથી દુઃખ ભાસે છે. દુઃખ તો રાગ અને શરીરની એકતાબુદ્ધિનું અને વિકારનું છે. સમજાણું કાંઈ? પણ સંયોગ આમ ભાળે ત્યાં હાય..હાય..! આ વાઘ આવ્યો. ખરેખર તો એ વખતે ચૈતન્યને ભૂલીને જેટલો વિકાર અને શરીરમાં એકતાપણાનો

ભાવ એટલું અસત્યપણું એટલું દુઃખ એને. પણ ઓલા સંયોગને દેખીને એને વિચાર અંદરથી (આવે) કે આહા..હા..! આ પીડા સહી જાતી નથી. એક ફેરી કહ્યું હતું. એક બાઈને શીતળા નીકળ્યા શીતળા. શીતળા કહે છેને શું? દાણે દાણે હોં! દાણે દાણે ઈયળ, દાણે દાણે ઈયળ. તાજી પરણેલી અને દાણે દાણે ઈયળ (પડી). પછી તળાઈમાં આમ ફરે ત્યાં અહીંથી સેંકડો ઈયળ પડે આની કોર, આમ ફરે ત્યાં સેંકડો ઈયળું (આની કોર પડે). બા! મેં આ પાપ આ ભવમાં કર્યા નથી. ચીમનભાઈ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા, તો એણે શું કહ્યું ત્યાં? એ ડેલામાં રહેતી હતી. ડેલાની પાછળ તમારા લાઠીમાં. દામનગર પરણાવી હતી. પછી પીડા... પીડા... પીડા... ઈયળું ચારે કોર ભાઈ. હેઠે ભીંતમાં ચડે. અહીંથી નીકળતી નીકળતી ઈયળ નીચે ઉતરી જાય ને ભીંતે ચડે એટલી ઈયળ. સમજાય છે કાંઈ? શું છે અત્યારે? ઈયળ-ઈયળ પછી આમ રાડ પાડે. બા! ઓલી કોર નહિ સુખલાલનું ઘર એની પાછળ.

મુમુક્ષુ :- ડેલામાં.

ઉત્તર :- હા ડેલામાં. મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. આ સહન થતું નથી એટલી પીડા. બેટા! શું થાય? એમ કરીને બિચારા આમ હેઠે ગાદલા સુંવાળા હોં! પણ સુંવાળા ગાદલા અહીં ઈયળું એક એક દાણે ઈયળ, સડ્યા. ઈયળ પડી આમ દાણે દાણે. આમ પડે ત્યાં ઈયળ એ હેઠે ચાલે. ખાટલાની હેઠે પડે ને જાય આખા ઘરમાં. મોહનભાઈ! આમ ફરે ત્યાં અહીંથી ઈયળ અને અહીં ફરે ત્યાં અહીંથી ઈયળ (નીકળે). એટલો સડો. મરી ગઈ એમાં ને એમાં. આ દુઃખથી તો અનંતગુણા દુઃખ નરકના દશ હજાર વર્ષની સ્થિતિએ છે. દશ હજાર વર્ષની સ્થિતિએ જે ઉપજે અને આ કહીએ છીએ એ તો સંયોગથી વ્યાખ્યા છે. અનંતગુણી પીડા પહેલી નરકે છે. એથી અનંત ગુણી વધતી... વધતી... વધતી... વધતી... તેત્રીસ સાગરે. એમાં કોઈને વિચાર આવે કે અરે..! પણ આ તે કોઈ દુઃખનો ઉપાય? ઊપજે ત્યાં કરોડો વીછી કરડે અંદર. આ વીંછી ઠાકરીયો હોયને ઠાકરીયો આકરો. એક હોય તો બે, ચાર કલાકે મરી જાય. એવા કરોડો વીંછી આમ ચોંટે. આહા..!

આમ કરીને પડ્યો હોય. અંદર છે આમાં, છે કે નહિ છ ઢાળામાં? નાખ્યું છે ક્યાંક. નારકીનું દુઃખ. વીંછી. એવું છે એમાં હોં ક્યાંક. જુઓ આ છે. વીંછીનું અહીં છે. અહીં વીંછી, અહીં વીંછી, ચારે કોર વીંછી મોઢું ફાટી ગયું છે. પીડા... પીડા... પીડા... એ તો નપુંસક છે. એને સ્ત્રી-પુરુષવેદ હોતો નથી. શું કરે? જાય ક્યાં? આ વીંછી. એવા આકરા સર્પો, એવા આકરા સર્પો. સમજાય છે? ચારે કોર ચોંટ્યા જુઓ! સર્પ પણ મૂક્યા છે અંદરમાં

આકરા. પણ એ કરડ ઝીણા કરતા હોય આમ.

એમાં કોઈને વિચાર આવી જાય કે અરે..! પણ આ શું છે આ તે આ? આ તે દુઃખથી મુક્ત થવાનો કોઈ ઉપાય હશે કે નહિ? એ એમ વિચારે છે હોં! પાઠ એમ છે ને જુઓને. '**दुःखविनाशार्थं धर्माभिमुखो**' અરે..! આ શું છે? એમ વિચાર કરતા કોઈ જીવને અંતરમાં શિવમતિ થઈ જાય છે. શિવમતિ નામ આત્માનો અનુભવ, આનંદનો અનુભવ થઈ જાય. અહો..! આહા..હા..! આ જ ઉપાય દુઃખથી મૂકવાનો છે. એવો અનુભવ થઈ જાય. આ આત્મામાં જેટલો કાળ રહુ એટલો મારે આનંદ. એનાથી દુઃખ મૂકવાનો ઉપાય છે. એમ નરકની અંદર પણ સમ્યક્ પામીને ભાન થઈ જાય. કહે છે કે એ નરકના દુઃખ પણ સારા આ અપેક્ષાએ હોં! કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની ક્યાં વાત છે? અહીં ઈ ક્યાં કહે છે? એણે ક્યાં એ કીધું? અહીં તો કહે છે દુઃખના કાળમાં, કોઈને દુઃખના.. આ તો એક દાખલો નરકનો આપ્યો છે. પાઠમાં નરકનો નથી કાંઈ. એને તો એટલું જ કહેવું છે, એ પાપ તે સુંદર છે. જ્ઞાની '**ताइँ भणंति**' સર્વજ્ઞો એમ કહે છે સંતો. જીવ '**जीवहँ दुक्खइँ जणिवि**' દુઃખને ઉપજાવીને પણ જો શીવમાર્ગને ઉત્પન્ન કરે તો એ દુઃખ પણ સારા છે. આટલો પાઠ છે. પછી એનું સ્પષ્ટીકરણ કરવા માટે તો અનેક પ્રકાર (કહે). સમજાણું કાંઈ? આહા..હા..!

એક શ્વાસ લેવાનો પ્રસંગ ન હોય હોં! કહ્યું નહોતું એક ફેરી? લૂગડાં ... ચારે કોર. પોટલું બાંધે. બાંધીને પછી લોઢાના સરીયા નાખે હોં સરીયા. અને પછી બાંધે ઝાડ ઉપર, પછી નીચે કરે અગ્નિ. માથે કોરડા મારે. આ એવે કાળે પણ દુઃખના પ્રસંગમાં કોઈ શિવમતિ કરી લે એમ કહેવું છે અહીં તો. સમજાણું કાંઈ? કોઈને એમ કે શ્વાસ લેવો નહિ. આમ જોવાનું નહિ આમ બધું, બધું બંધ કરી ઘો. .. આમ કરી નાખ્યું હોય. ઝાડે ટાંગ્યો નીચે અગ્નિ. એ પીડા. વિચાર આવે કે અરે..! આ શું છે? બોલી શકે નહિ, અવાજ કરી શકે નહિ, હલી શકે નહિ કારણ કે બાંધ્યો છે. હલવું કે બાંધવું એ તો સાધનની અપેક્ષાની વાત છે. એવા સાધન છે માટે આત્મા પામી ન શકે એમ નથી. તો તો એવું થયું કે એવા સાધન છે ત્યાં એને નડે છે. અને આમ સાધન સવળા આમ હોય તો એને અનુકૂળ પડે છે. તો એ સાધન અનુકૂળ પડ્યા એમ થયો એનો અર્થ. સમજાણું કાંઈ?

એ રજકણોના દળ ગમે તે રીતે ગોઠવાયેલા હોય. અહીં માણસ એમ જાણે કે આમ સરખાઈ છે ને આમ છે. એ વાત જ મિથ્યાત્વ છે. નેમિદાસભાઈ! કે અમને આમ સાધન છેને આમ ચાલવાનું, બોલવાનું, બોલી શકીએ, કહી શકીએ, આમ હાથ ફેરવી શકીએ. માટે

અમારે ઠીક રહે. એનો અર્થ જ એ છે કે સાધન જડના આવા હોય માટે જીવને ઠીક પડે એ વાત જ જૂઠી છે. આહા..હા..! એમ પ્રતિકૂળ સાધન અંદર હોય માટે આત્મધર્મ ન પામી શકે એ વાત ખોટી છે. સમજાણું કાંઈ?

કહે છે કે **'ક્યોંકિ ઉસ જગહ સમ્યક્ત્વકી પ્રાપ્તિકે તીન કારણ હૈં.'** આ તો વધારે જરીક સ્પષ્ટીકરણ ટીકાકાર કરે છે. **'પહલા તો યહ હૈ, કિ તીસરે નરક તક દેવતા ઉસે સંબોધનેકો (ચેતાવને કો) જાતે હૈં,...'** ત્રણ નરક સુધી તો ત્યાંનો ભવનપતિદેવ આદિ સંબોધવા જાય. અરે..! જીવ આ શું કર્યું તે? મહા પાપ કર્યા. આવા કર્યા એ વગેરે. **'સો કભી કોઈ જીવકે ધર્મ સુનનેસે સમ્યક્ત્વ ઉત્પન્ન હો જાવે,...'** ધર્મ સાંભળવાથી પણ એનું ભાન થઈ જાય. ભાન કરે તો સાંભળવાથી થયું એમ કહેવામાં આવે. જમુભાઈ! ભાષા તો એવી છે જુઓ! શું છે? સમ્યક્ત્વ ઉત્પન્ન હો જાવે. તે રીતે ધર્મ સુનનેસે, ધર્મ સુનનેસે. એનો અર્થ કે ધર્મ તો ઘણી વાર એણે સાંભળ્યો માથે. દેવોએ ઘણીવાર સંભળાવ્યું છે, મનુષ્યપણામાં અનંત વાર સાંભળવા મળ્યું. પણ એમાંથી એને વિચાર આવ્યો કે ઓહો..! આ ચૈતન્યમૂર્તિ અખંડાનંદ દ્રવ્ય સ્વભાવ. આ શું? આ શું પણ આ તે કોઈ? જેને સર્વજ્ઞો વખાણ કરી કરીને પૂરા પડતો નથી. એવું આત્મદ્રવ્ય. એ તે શું? શુદ્ધ-શુદ્ધ કહે છે એ શુદ્ધ છે એમ અંતરમાં વિચાર કરતા સંબોધનથી અથવા શ્રવણથી પામ્યો એને એમ કહેવામાં આવ્યું કે આનાથી પામ્યો છે.

**'દૂસરા કારણ-પૂર્વભવકા સ્મરણ...'** જાતિસ્મરણ થાય છે. નારકીના જીવને હોં! પૂર્વનું યાદ આવે અંદર. ઓહો..! મુનિઓએ અમને કહ્યા હતા. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે અમે સાંભળ્યું હતું, ધાર્યું હતું. પ્રયોગ ન કર્યો, પ્રયત્ન ન કર્યો. એમ એ પ્રયત્ન કરીને પામી જાય છે કોઈ. પૂર્વ ભવના સ્મરણથી સમકિત પામી જાય. એ સ્મરણ છે એ તે પામવાનું કારણ નથી. જો એ પામે તો એને સ્મરણ પામવાનું કહેવાય. નહિતર તો વિભંગ અજ્ઞાન અભવિને અનંતવાર થયું. વિભંગ હોં! ભવને ભાળે. અભવિ છે એ ભવને ભાળે આમ, ભવ આ પહેલા, આ પહેલા આ. આ પહેલા. સમ્યગ્દર્શન પામે નહિ. પણ જો આ સ્મરણ આવ્યું અને એમાંથી આમ અંદર ગયો. અરે..! હું તો પૂર્વે આ ભવમાં હતો અહીંયા રાજકુંવર તરીકે. આ તો માંસ ખાધા, દારૂ પીધા મેં માન્યું નહિ. આ મરીને નરકે હું આવ્યો. અરે..! આત્મા તો એનો એ, આ શું? એમ વિચાર કરતા સમ્યગ્દર્શન અનુભવ કરે તો એને પૂર્વ ભવના સ્મરણથી થયું કહેવામાં આવે છે.

**'ઔર તીસરા નરકકી પીડાકરિ દુઃખી હુઆ, નરકકો મહાન્ દુઃખકા સ્થાન...'** ત્રીજું સ્થાન દુઃખની પીડા એમ બે કીધાને? આ ત્રીજું. **'મહાન્ દુઃખકા સ્થાન જાન**

**નરકકે કારણ જો હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ ઔર આરંભાદિક હૈં, ઉનકો ખરાબ જાનકે પાપસે ઉદાસ હોવે.**' પાપસે ઉદાસ હોવે એમાં વિકારથી ઉદાસ હોવે એકદમ. આહા..હા..! આ પાપ કર્યા, આ પાપ કર્યા. મનુષ્યપણું મળ્યું હતું. આ પાપ કર્યા હતા, પણ હું એનો એ આત્મા. મને ત્યાં કહ્યું મેં માન્યું નહિ. એમ કરીને જો આત્મધર્મ પામે તો કહે છે કે '**પાપસે ઉદાસ હોવે.**'

'**તીસરે નરક તક યે તીન કારણ હૈં.**' ત્રણ નરક સુધી. '**આગેકે ચૌથે, પાંચવેં, છઠેં, સાતવેં નરકમેં દેવોંકા ગમન ન હોનેસે...**' દેવ નથી ત્યાં જતાં '**ધર્મ-શ્રવણ તો હૈ નહીં,...**' એ અપેક્ષાએ ના પાડી. '**લેકિન જાતિસ્મરણ હૈ,...**' ચોથેથી સાતમી નરકમાં જાતિસ્મરણ છે. ભવને યાદ આવતા, ભવને યાદ આવતા ભાન થઈ જાય. સમજાણું કાંઈ? '**તથા વેદનાકર દુઃખી હોકે પાપસે ભયભીત હોના...**' એ ચોથેથી સાતમે સુધી. '**યે દો હી કારણ હૈં. ઈન કારણોંકો પાકર કિસી જીવકે સમ્યક્ત્વ ઉત્પન્ન હો સકતા હૈ.**' કોઈ જીવને એમાં સમકિત થાય છે. એમ કહે છે ને? એ કારણને પામીને બધાને થતાં નથી. એમાંથી વિચાર આવતા ગુલાંટ ખાઈ જાય અંતરમાં. ઓહો..! આ તો આત્મા આનંદ સ્વરૂપ! આકુળતા તો કૃત્રિમ ક્ષણિક. આકુળતા કોની આકુળતા? પૂર્ણાનંદ સ્વરૂપની વિપરીતતા. વિપરીતતાનો સ્વભાવ આખો ત્રિકાળ એનાથી વિપરીત છે. એમ અનાકુળ આનંદની પ્રતીત અનુભવ કરે તો એ ચોથેથી સાતમે સુધી સમ્યગ્દર્શન પામી શકશે.

'**ઈસ નયસે કોઈ ભવ્યજીવ પાપકે ઉદયસે ખોટી ગતિમેં ગયા,...**' આ નયથી હોં! પાછું. વળી કો'ક એમ કહે કે ના, ત્યારે ઠીક દુઃખ જ કારણ હશે એમ. તેથી કહ્યું એ નયથી. '**કોઈ જીવ પાપકે ઉદયસે ખોટી ગતિમેં ગયા, ઔર વહાં જાકર યદિ સુલટ જાવે,...**' સુલટ જાવે એ વાત છે. '**તથા સમ્યક્ત્વ પાવે, તો વહ કુગતિ ભી બહુત શ્રેષ્ઠ હૈ.**' એ કુગતિ પણ શ્રેષ્ઠ ગણવામાં આવે કે જેમાંથી જન્મ-મરણનો અંત આવ્યો. સમજાણું કાંઈ? ભક્તિમાં આવે છે. ક્યાંક ક્યાંક નથી આવતું? એ પંચમ આરો પણ મારે સારો કે જેમાં મારું એકાવતારીપણું પ્રગટ થયું મને. એમ આવે છે ક્યાંક ભક્તિમાં. મારે ચોથા આરા શું કામના? કહે છે, એ વખતે. મારે પ્રભુ આપના વિરહનો કાળ પંચમ જન્મ્યા, પણ અમારે જન્મ-મરણના અંતના આરા એ કાળમાં અમને આવ્યા. અમારે તો પાંચમો આરા પણ સારો ત્યાં એમ કહે. આહા..હા..! સમજાણું કાંઈ? ભક્તિમાં આવે છે હોં! પૂજામાં. ઘણા ભક્તિ યાદ છેને કેટલેક ઠેકાણે ઓલું. સમજાણું આમાં? ભગવાનના સમીપે જેણે ભવનો છેદ નહોતો કર્યો એ પાંચમા આરામાં એનું ભાન થઈને છેદ કરે. અમારે પાંચમો આરો પણ પ્રભુ તારી સમીપ જેવા બેઠા છે લે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'યહી શ્રીયોગીન્દ્રચાર્યને મૂલમેં કહા હૈ-જો પાપ જીવોંકો દુઃખ પ્રાપ્ત કરાકે...'** જે પાપ જીવને દુઃખ પ્રાપ્ત કરાવી **'ફિર શીઘ્ર હી મોક્ષમાર્ગમેં બુદ્ધિકો લગાવે,...'** પાપ લગાવે એમ શબ્દ છે, પણ એમ નથી. **'सुदरइँ णाणिय ताइँ भणंति। जीवहँ दुक्खइँ जणिवि'** પાઠ તો એમ છેને? **'दुक्खइँ जणिवि लहु सिवमइँ जाइँ कुणंति।' 'તો વે અશુભ ભી અચ્છે હૈં. તથા જો અજ્ઞાની જીવ કિસી સમય અજ્ઞાન તપસે દેવ ભી હુઆ...'** લ્યો! અજ્ઞાન તપથી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરી ખૂબ અને મિથ્યાદષ્ટિપણું રાખ્યું એવા અજ્ઞાનપણે આત્માના ભાન વિના વ્રત, નિયમ, તપસ્યાઓ કરી. છેને? **'અજ્ઞાન તપસે દેવ ભી હુઆ ઔર દેવસે મરકે એકેન્દ્રિય હુઆ...'** એ દેવ મરીને એકેન્દ્રિયમાં જાય પાધરો. કહ્યું હતું ને પહેલા. આવ્યું હતું ઓલામાં વિચાર કે અર..ર..! અરે..! મારે અહીં જવું પડશે? માણસના પેટમાં નવ મહિના? આ આના પેટમાં જાવું પડશે ઢોરમાં? અર..ર..ર..! આ કરતા તો એકેન્દ્રિયમાં જવું ઠીક છે. તેવા વિચાર કરતા મરીને એકેન્દ્રિયમાં જાય. છેને આમાં દાખલો આપ્યો છેને. આપ્યો છેને જુઓને. ઝાડનું નથી આવ્યું? ક્યાં છે? કેટલામાં?

કેવો દાખલો આપ્યો જુઓ! દેવ છે ને દેવ? અહીંથી મરીને પાછો વનસ્પતિમાં જાય, ઝાડમાં જાય જુઓ! છેને? પાધરો જાય છે ફડાક દઈને. વિચાર એવા આવી જાય છે એને. અરે..! આ વૈભવ આ બધું ઇન્દ્રની સાથે રહેલો. ઇન્દ્ર તો મોક્ષગામી છે. એ તો એક ભવ કરીને મોક્ષ જવાના છે અહીંથી નીકળીને. જુઓ અહીં કોઈ સેવા નહિ? મારી આમાં કોઈ મદદ નહિ? હું એકલો ચાલ્યો જાઈશ? હાય..હાય..! ક્યાં જાઈશ? કહે અહીં તો બધા ગયા હતા ઘણા દેવો, એમ કે બધા ગયા છે મરીને, એમાં તારે શું નવું છે? રોવે પછી રોવે. ઓલા સમાધાન. અરે..રે..! કોઈ મારું નહિ ક્યાં જઈશ હવે તારે? અહીં કોઈ મારું નહિ તો હવે હું જાઈશ ક્યાં? એ જવાનો વિચાર તિર્યંચનો ને મનુષ્યનો આવે ત્યાં અર..ર..ર..! નવ મહિના માતાના પેટમાં ઊંધે આમ. અરે..! આ કરતા એકેન્દ્રિય એમ વિચાર આવે એમાં ઘોલન થઈને એકેન્દ્રિયનું આયુષ્ય બંધાઈ ગયું. પૃથ્વી, પાણી અને મનુષ્ય ગતિ. આ વનસ્પતિમાં ઊપજે ... ફુલ-બુલ હોય ને ઊંચું ઝાડ? જઈને ઊપજે ફુલમાં જઈને. ક્યાંક પૃથ્વી .. હોય ક્યાંક આમાં. સમજાણું? ક્યાંક પાણીના ઢગલા હોય ઊંચા ક્યાંક સારા. એમાં જઈને અવતરે. હવે જુઓ! અહીં મરી ગયો જુઓ. મુગટ સહિત છે હાથ આમ કરીને જુઓ! જાણે મુગટ સહિત જાતો હોય. જાય શું, એનો જીવ ગયો એમ. દેખાવ એવો આપ્યો છે. આહા..હા..! હજી તો કેટલાકને પૂર્વ જન્મનું સાંભળે ત્યાં એને એમ થાય કે આહા..હા..! હેં પુનર્જન્મ છે? એ એને બેસતું નથી લે. અહીં તો કહે છે કે ભાઈ! એવા અનંતા અવતાર કર્યા, એવા

'**અજ્ઞાનીકે દેવ-પદ પાના ભી વૃથા હૈ.**' છે?

'**મરકે એકેન્દ્રિય હુઆ તો વહ દેવ-પર્યાય પાના કિસ કામકા.**' મિથ્યાદૃષ્ટિ પુણ્યમાં ધર્મ માન્યો, એવી ક્રિયાઓ કાંડ કરી મહિના મહિનાના અપવાસ બાર બાર મહિનાના ઉપવાસ એ ઉપવાસ આદિ તો શુભભાવ પુણ્ય છે. એમાં એણે ધર્મ માન્યો. શરીરની ક્રિયા મારાથી થાય. એ જ આવે છે, શ્રાવકમાં એ આવે છે નહિ? શ્રાવકના વ્રત પુણ્ય ઉપાર્જનનું કારણ છે એવું આવે છે પાઠમાં. આપણે આવી ગયું હતું ને આ? શ્રાવક ...માં. પુણ્ય ઉપાર્જન કાર્ય છે, ધર્મ નહિ. ધર્મ તો આત્માનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ જેટલો આશ્રય લઈને શુદ્ધિ પ્રગટી એટલો. એવા વ્રત અને નિયમને ધર્મ માને, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાન તપથી મરીને જાય ત્યારે આ દેવ, મરીને જાય એકેન્દ્રિય. એ દેવપણું પણ સારું નથી. આહા..હા..! ભારે!

'**પાના ભી વૃથા હૈ. જો કભી જ્ઞાનકે પ્રસાદસે ઉત્કૃષ્ટ દેવ હોકે...**' સમજાય છે? '**બહુત કાલ તક સુખ ભોગકે...**' હવે સમ્યગ્દૃષ્ટિની વાત ચાલે છે. જે આત્મજ્ઞાન સહિત, આત્મદૃષ્ટિ સહિત, આત્મ અનુભવ સહિત. વ્રત નિયમના શુભભાવ કર્યા, પુણ્યભાવ થયો. દૃષ્ટિમાં પુણ્યભાવ આદરણીય નથી, પણ ભાવ આવ્યા વિના રહેતો નથી. એવા જીવ '**જ્ઞાનકે પ્રસાદસે ઉત્કૃષ્ટ દેવ હોકે બહુત કાલ તક સુખ ભોગકે...**' ઓલા પુણ્યના ફળ. વચમાં પુણ્ય બાંધ્યું શ્રાવકના વ્રતોનું. સમજાય છે? કે મુનિના પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણનું. એમાં પુણ્ય બંધાય અને જેટલો આત્માને આશ્રયે શુદ્ધતા અંદર અનુભવ પ્રગટ્યો એટલો મોક્ષનું કારણ થાય. એવા જીવ સુખ ભોગવે.

'**દેવસે મનુષ્ય હોકર મુનિવ્રત ધારણ કરકે...**' લ્યો! એ તો દેવ મરીને ત્યાંથી મનુષ્ય થાય અને અધૂરું રહ્યું એ પૂરું ત્યાં કરે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કરકે મોક્ષકો પાવે,...**' ઓલો મરીને એકેન્દ્રિય જાય મિથ્યાદૃષ્ટિ એ તપ અને વ્રતનો કરનારો. શ્રદ્ધાના ભાન નથી, સમ્યગ્દર્શનની ખબર નથી એ બધા મરીને હેઠે જાય એકેન્દ્રિયમાં અને આ જીવ મરીને સ્વર્ગમાંથી મનુષ્ય થઈ, મુનિ થઈ ને કેવળ પામીને મોક્ષ જાય. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ આત્માના આનંદ અને શુદ્ધ સ્વભાવને આશ્રયે જે પ્રગટ્યો સંવર, નિર્જરા એની મહિમા છે. વચ્ચે આ પુણ્ય બાંધ્યું પણ એને છોડવા લાયક છે. તે છોડવા લાયક છે એમ કરીને અહીંથી જાય છે. તો ત્યાં પણ છોડવા લાયક જ્યાં કરીને રહે છે. એ ત્યાંથી અવતરે તો છોડીને પોતે સ્થિર થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો એ આદરણીય છે, અમારે કરવા જેવા છે, એ જ અમારો ધર્મ છે. અર..ર..ર..! અજ્ઞાનીને વ્રત અને નિયમ ને ઉપવાસ એ અમારો ધર્મ છે. એ તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મુનિ કહેવાય. સમજાય છે કાંઈ? એ મરીને સ્વર્ગમાં જાય ભવનપતિ આદિ કોઈ... મરીને એકેન્દ્રિયમાં જાય. આહા..હા..! ક્યાં

મરીને જાય જુઓ તો. આહા..હા..!

'**તો ઉસકે સમાન દૂસરા ક્યા હોગા.**' આ સ્થિતિએ આત્મજ્ઞાન પામીને કાંઈ બાકી રહ્યું પુણ્ય, એને લઈને સ્વર્ગમાં જાય પછી મનુષ્ય થઈને મોક્ષ જાય, એના સિવાય બીજું શું? કહે છે. '**જો નરકસે ભી નિકલકર કોઈ ભવ્યજીવ મનુષ્ય હોકે મહાવ્રત ધારણ કરકે મુક્તિ પાવે, તો વહ ભી અચ્છા હૈ.**' નરકમાંથી નીકળી, સમ્યગ્દર્શન પામી અને મનુષ્ય થઈને મહાવ્રત ધારણ કરે, મુક્તિ પામે તો એ બહુ સારું છે. '**જ્ઞાની પુરુષ ઉન પાપિયોંકો ભી શ્રેષ્ઠ કહતે હૈં,...**' છે ને '**णाणिय ताइँ भणंति**' એનો અર્થ કરે છે. '**જો પાપકે પ્રભાવસે દુઃખ ભોગકર ઉસ દુઃખસે ડરકે દુઃખકે મૂલકારણ પાપકો જાનકે...**' એમ લેવું પાછું. '**દુઃખકે મૂલકારણ પાપકો જાનકે ઉસ પાપસે ઉદાસ હોવેં, વે પ્રશંસા કરને યોગ્ય હૈં,...**' એ પાપથી એટલે બધા વિકારથી એમ મૂળ તો. સમજાણું કાંઈ?

'**ઔર પાપી જીવ પ્રશંસાકે યોગ્ય નહીં હૈં,...**' મિથ્યાદૃષ્ટિ જીવ એવા કોઈ પુણ્ય કરે, વ્રતાદિના ભાવ કરે, મરીને સ્વર્ગમાં જાય, પણ એ પ્રશંસા લાયક નથી. '**ક્યોંકિ પાપક્રિયા હમેશા નિંદનીય હૈ. ભેદાભેદરત્નત્રયસ્વરૂપ શ્રીવીતરાગદેવકે ધર્મકો જો ધારણ કરતે હૈં વે શ્રેષ્ઠ હૈં.**' અભેદ રત્નત્રય, ભગવાન આત્મા આનંદસ્વરૂપ અખંડાનંદ જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિએ એનું જ્ઞાન અને એની રમણતા. એ અભેદરત્નત્રય, સાચા રત્નત્રય, નિશ્ચય રત્નત્રય, અભ્યંતર રત્નત્રય. એની સાથે વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર પંચ મહાવ્રત આદિના પરિણામ ભેદ રત્નત્રય, બાહ્ય રત્નત્રય, વ્યવહાર રત્નત્રય. બેનું પ્રમાણજ્ઞાન કરાવવા બેનું (વર્ણન) કરે છે. '**વે શ્રેષ્ઠ હૈં. યદિ સુખી ધારણ કરે તો ભી ઠીક, ઔર દુઃખી ધારણ કરે તબ ભી ઠીક.**' એમ નહિ છતાં ભોગ ત્યાગે એનું મુનિપણું ઊંચું હોય અને દુઃખી ત્યાગે એનું મુનિપણું હલકું હોય એવું કાંઈ નથી. કહો, સમજાણું કાંઈ? આવે છેને, છતાં ભોગના ત્યાગી, કાગળમાં લખે છે નહિ તમારે સંવતસરી ઉપર? છતી રિદ્ધિના ત્યાગી. એમ બધું એણે કર્યું છે અહીં. છતી રિદ્ધિ ન હોય તો ત્યાગે, તો કહે સારો નથી? એ જ કહે છે અહીંયા. રિદ્ધિનો મહિમા છે, એમ. રિદ્ધિનો જેને મહિમા છે એને તો એવું જ લાગેને એમ કહે છે એ. અહીં તો કહે છે કે ગરીબ માણસ હોય, વાંઝિયો હોય, રોટલા પણ માંડ માંડ મળતા હોય, એ પણ જો આત્માનું જ્ઞાન કરીને આ મુનિવ્રત ધારણ કરે (તો) પ્રશંસવા યોગ્ય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! લ્યો!

'**યદિ સુખી ધારણ કરે તો ભી ઠીક, ઔર દુઃખી ધારણ કરે તબ ભી ઠીક. ક્યોંકિ શાસ્ત્રકા વચન હૈ, કિ કોઈ મહાભાગ દુઃખી હુએ હી ધર્મમેં લવલીન હોતે**

हैं.' છે ને? 'आर्ता नरा धर्मपरा भवन्ति' એ શબ્દ છે. 'आर्ता नरा' પીડાયેલા કર્મથી દુઃખી થયેલા જીવો જો ધર્મ પરાયણ થઈ જાય છે તો એ પણ સારા. સમજાણું કાંઈ? ઓલા તુલસીદાસ તો એમ કહે છે. સમજાણું? એમ કે એ પુણ્ય શું કામનું? એમ. 'સુખકે માથે શીલા પડો હમારે, હરી હૃદયસે જાય, બલિહારી એ દુઃખકી, પલ પલ...' અહીં એ વાત પણ નથી અહીં તો. કહે છે ગમે ત્યાં અનુકૂળ સુખ હોય ને છોડીને દૃષ્ટિ કરે તોપણ સારો, આ પ્રતિકૂળ હોય એને છોડીને આનો અનુભવ કરે તોપણ એ સારો—અહીં તો વાત છે. સમજાણું કાંઈ?

કેટલા દુઃખ છે હવે આમાં? બે ભેગા હતા ત્યારે સખ હતું એ સખ અત્યારે નથી એમ કહે છે. ધૂળમાં પણ સખ નહોતું. મફતનો મૂઢ થઈને માન્યું હતું એણે. કલ્પના કરી હતી. બરાબર છે કે નહિ? એ હજી બરાબર. પછી બે ભેગા હોય ને આમ સરખું હોય તો આપણને સરખું લાગે. છોકરા ભલે ઓછા-વત્તા હોય, બે હોય, ત્રણ હોય ને. પણ આમ બધું સરખું હોય ને તો એમ લાગે. પણ એ વાત જ મિથ્યા ભ્રમ છે કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- નોખો જ છે ત્રણે કાળે. કે દિ' ભેગો હતો? મફતનો માને. હવે એ માન્યતા ઉપર પાછો દોર ચલાવે. તમારે .... એ તો ગાંડો થઈ ગયો છે. ભાઈ! નાનાને પૈસા થયા તો મોટો ગાંડો થઈ ગયો. મગજ ફરી ગયું. પછી વળી ઠેકાણે આવી ગયું. હા. હા. છેને જગુભાઈ! જગુભાઈ ક્યાં ગયા? એને ચડી ગયું હતુંને ભગવાનભાઈને. ભગવાનજીના નાના ભાઈને પૈસા થોડા થયા. નહોતા આપણે ચર્ચામાં આવ્યા? ઓલા ઝવેરચંદ જાદવજીને લઈને. છઠ્ઠી સાલ. આ ઉપાદાનથી નહિ, નિમિત્તથી થાય, ઝવેરચંદ કહે. મેં કીધું કેવળજ્ઞાની છે કે નહિ? કેવળજ્ઞાનીએ જોયું છે કે નહિ આ ઠેકાણે આકાર થાય એ? કે ના એ વખતે થાય ત્યારે જોવે, તો ઓલા ભગવાનજી કહે ના એ અમારે માન્ય નથી. આવ્યા હતા એની મદદમાં. પ્રેમચંદભાઈના વેવાઈ. ના એમ મારે માન્ય નથી, કીધું, ભગવાન તો પહેલા સમયે બધું દેખે છે. એમ તો માન્યું હોય કે નહિ? સવ્વણું સવ્વદર્શી નથી આવતું? નમોત્થુણં આવે છે ને? સવ્વણું સવ્વદર્શી. હે ભગવાન! આપ તો સર્વજ્ઞ સર્વદર્શી છો. એ .. કહે અમારે માન્ય નથી. બસ ત્યારે હવે તમે કરો નક્કી. ત્યારે એ કહે એ વાત રહેવા દ્યો. ના એ પહેલી વાત છે અમારે. પહેલી અમારે વાત એ છે કે સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ જાણે છે કે નહિ? પછી બીજી વાત કરો કીધું. ઘણું ફેરવવા માંડ્યું. એ મૂકી દ્યો બીજી વાત. બીજી વાત પણ કરવી શી રીતે? એના ઉપર તો આખો આધાર છે. ધર્મનો આધાર

સર્વજ્ઞ છે. સર્વજ્ઞે ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં જોયા એનું નક્કી કર્યા વિના તું આ સમયે આ નિમિત્ત આવ્યું ને થયું, આ નિમિત્ત આવે ન થાય એ ક્યાંથી નક્કી કરીશ તું? આ વાંધા જ એ છેને અત્યારે પંડિતો સાથે, ઘણા સાથે. બસ એ નિમિત્ત આવે તો ત્યાં થાય, નહિતર ન થાય. પણ શી રીતે તે નક્કી કર્યું? કેવળી તો સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે છે.

જે સમયે, જે દ્રવ્યની, જે પર્યાય, જે કાળે, જે નિમિત્તથી, જે સંયોગે, જે ક્ષેત્ર, જે રીતે છે એમ ત્રણ કાળની પર્યાય એમ જાણે છે. એમ ભગવાન જ્ઞાનમાં અનિયત કેવું હતું? ભગવાનના જ્ઞાનમાં અનિયત અને અક્રમ અને, સમજાય છે? અકાળ મરણ ને ત્રણ કાળમાં નથી. એવા એક જ્ઞાનનો નિર્ણય કરે તો બધો ખુલાસો થઈ જાય. સમજાણું કાંઈ? એ તે દિ' ઓલાએ ના પાડી હોં. કહે, ના, એ નહિ ભાઈ સાહેબ. મેં કીધું ઓલા વાતને નિમિત્ત કાળે થાય એ સિદ્ધ કરવા આવ્યા હતા નહિ? હા ૨૦૦ માણસ, ઘણું માણસ લઈને આવ્યા હતા. વિશાશ્રીમાળી. વિશાશ્રીમાળી કહેવાયને. છની સાલમાં રાત્રે ચર્ચામાં. પહેલી વાત કર, કીધું, પછી વાત. તો એમાં ઉપાદાન અને નિશ્ચય અને વ્યવહાર બધો ખુલાસો એમાં છે.

ભગવાને દેખ્યું છે આ દ્રવ્યની આ પર્યાય આ કાળે થાય, ઉપાદાનથી થાય છે. નિમિત્ત છે જોડે. એમાં આવ્યું નથી, નહોતી એ વસ્તુ ક્યાં રહી? જગુભાઈ! .. અગ્રેસર ઓલા બધા કે આ અમારું સારું ઘર ચાલ્યું ગયું. લાવ વિરોધ કરીએ કે એ વાત તો તમારી ખોટી છે. પછી વળી છેલ્લે દિ'એ આવ્યો. .. છે. બાપુ! એમ ન ચાલે ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એને મૂકીને તમે વાત કરો. કઈ વાત ... કરવી છે તમારે? તમે હતા કે નહિ? એમ? ઠીક લાગુ પડ્યા લાગે છે. રાત્રે છેલ્લે. કહો, સમજાણું કાંઈ?

**'आर्ता नरा धर्मपरा भवन्ति'** એક જ સિદ્ધાંત છે .... કોઈ પ્રાણી દુઃખીયા પણ એ આત્માના સ્વરૂપને યાદ કરીને સ્મરણ કરે તો પામી શકે. એમ નથી કે દુઃખી ન પામે અને સુખી જ પામે. અને સુખી પામે અને દુઃખી પણ પામે એવું કાંઈ નથી. જે આત્માને સંયોગથી દૃષ્ટિ ઉઠી ગઈ એને અનુકૂળ હો કે પ્રતિકૂળ હો, એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! અહીં તો ખાવા-પીવાની સગવડતા, સેવા કરનારના બિચારા કેટલા તત્પરતા, કેટલી રાજવાળા જેવી સ્થિતિ હોય તો રાડું પાડ્યા કરે લ્યો! મોહનભાઈ! સાચી વાત છે કે નહિ? જો આ કેમ અહીં પડ્યા છે લ્યો. એનો ઓલો છોકરો તો મોટા બંગલામાં પડ્યો છે. આને કહે એનો છોકરો ત્યાં મોટા બંગલામાં રહે છે બે કરોડના. અને અહીં એક સાધારણ ઝુપડું છે લ્યો! એના હિસાબે તો ઝુપડું લાગે કે નહિ? એને શોખ થાય છેને?... છોકરાનો

સંતોષ વર્તે છે અંદર. એ અમારે મગનભાઈ નથી. પૈસાની હૂંફ વર્તે છે એમ કહે. ધૂળમાં પણ હૂંફ નથી. મફતનો મૂઢ થઈને હેરાન હેરાન થઈ ગયો છે હેરાન. આહા..હા..! કેમ હશે? ભીખાભાઈ! હા પણ હીરાભાઈ જેવા છોકરા જાગે. ભાઈ... ભાઈ... ભાઈ... કરીને એવું અનુકૂળ, એવું અનુકૂળ. આહા..હા..! એ વાત પાપની લીધી, હવે લેશે પુણ્ય. આ બધા પુણ્ય-પાપની ગાથાઓ છે બધી. ૧૪ કીધી હતીને ૧૪?

'**આગે નિદાનબંધસે ઉપાર્જન કિયે હુએ પુણ્યકર્મ જીવકો રાજ્યાદિ વિભૂતિ દેકર નરકાદિ દુઃખ ઉત્પન્ન કરાતે હૈ, ઈસલિયે અચ્છે નહીં હૈં** –'

૧૮૪) मं पुणु पुण्णइ भल्लाइँ णाणिय ताइँ भणंति।
जीवहणँ रज्जइँ देवि लहु दुक्खहँ जाइँ जणंति।।५७।।

એમ હતુંને? ઓલામાં એમ હતું. '**जीवहँ दुक्खइँ जणिवि लहु सिवमइँ जाइँ कुणंति**' આહા..હા..!

આચાર્ય કહે છે. '**ફિર વે પુણ્ય ભી અચ્છે નહીં હૈં,...**' એ પૂર્વના પુણ્ય બાંધ્યા. કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ કરીને પુણ્ય બાંધ્યા. એનાથી એને રાજ મળ્યું. માણસ નથી કહેતા તપેશ્રી તે રાજેશ્રી અને રાજેશ્રી તે નરકેશ્રી. વળી ઓલો એક નરકેસરી. .. પાછળ કોક આવ્યો હતોને એણે પ્રશ્ન કર્યો હતો ભાઈએ. કે કોઈ આમ કહે છે ને .....પાસે એક .. આવ્યો હતો. સાહેબ! હા હા એ બરાબર છે. કેમ? કે જો એ પાપ કરીને આવા પુણ્ય કર્યા હોય ને પાછા આમાં પાપ કરે તો તો નરકમાં જ જાય. પણ જો પુણ્યના કાળમાં ધર્મને યાદ કરે અને ધર્મનું ભાન કરે તો નરકેશ્રી થાય. નરકેશ્રી કરતા નરકેસરી. એ વાત થઈ હતી. છે એમાં નહિ એક ઠેકાણે આવે છે, જીવન ચરિત્રમાં આવે છે.

નરકેશ્રી એટલે નરકનો શ્રી થાય અને ઓલો નરકેસરી થાય. પુણ્યના કાળમાં પણ આત્માનું ભાન કરી ધર્મ કરે, મહા સંતો શ્રેણીક આદિ સંતો પાસે શ્રેણિકરાજા ધર્મ પામ્યા. ભરતચક્રવર્તીને કેટલા પુણ્યો? અઢળક જેના પુણ્ય ચૌદ બ્રહ્માંડમાં પાથર્યા પથરાય નહિ એટલા પુણ્ય. છન્નું હજાર તો જેને સ્ત્રી, સોળ હજાર દેવ જેને. છન્નું કરોડ ગામ ને પાયદળ. નહિ... નહિ... નહિ... એ નહિ. પણ અજ્ઞાનીને '**વે પુણ્ય ભી અચ્છે નહીં હૈં, જો જીવકો રાજ દેકર શીઘ્ર હી નરકાદિ દુઃખોંકો ઉપજાતે હૈં,...**' સમજાય છે? જીવકો રાજ્યાદિ, રાજ્યાદિ શબ્દ છેને? સમુચ્ચય કર્યું છે. પાઠમાં '**रज्जइँ देवि**' છેને તો '**राज्यानि**' શબ્દ છે ને સંસ્કૃતમાં એમ કરી નાખ્યું. '**राज्यानि**' થયું ને બહુવચન થયું. રાજ તો અબજોપતિ શેઠિયો, કોઈ સેનાપતિ, કોઈ મહાન સમજાય છેને? ઓલો કહે મહાન રત્નના ભંડાર. રાજ દઈ, શેઠાઈ દઈ, અબજોપતિ કરી, '**શીઘ્ર હી નરકાદિ દુઃખોંકો ઉપજાતે હૈં,...**' સમ્યગ્દર્શનના ભાન વિના એવા પુણ્ય

કરેલા હોય છે એ પુણ્યને કારણે રાજ આદિ થાય. એ કહેશે પછી હોં! હજી ૫૮માં. સમજાણું? એ રાજના વૈભવ ભોગવે, અમે રાજા છીએ, અમે પૈસાવાળા છીએ, અમે આવા છીએ. અમને આવડત નથી પૈસા કેમ મેળવવા એની. એવા અભિમાન હોય એને. સમ્યગ્દર્શનનું ભાન નથી, પૂર્વે સમ્યગ્દર્શન કર્યું નથી. સમ્યગ્દર્શન વિના કોઈ પુણ્ય મહાવ્રત પાળ્યા, દયા, દાન પાળ્યા, વ્રત પાળ્યા, તપસ્યાઓ કરી. આત્માનું ભાન તો નથી કે આ પુણ્યના વિકલ્પથી ભિન્ન આત્મા છે. એનું સમ્યગ્દર્શન કર્યું નથી અને એના પુણ્ય ફળમાં આવો સ્વર્ગ થાય. તો કહે છે એ ત્યાંથી મરીને 'लघु' હોં! 'लघु' એટલે તરત, શીઘ્ર. '**નરકાદિ દુઃખોંકો ઉપજાતે હૈં, એસા જ્ઞાનીપુરુષ કહતે હૈં.**' એવું ભગવાન સર્વજ્ઞ અને સંતો એમ કહે છે.

'**ભાવાર્થ :- નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...**' જુઓ! હવે કહે છે. નિજ શુદ્ધાત્મા પુણ્ય-પાપના રાગ વિકલ્પ રહિત પોતાનો શુદ્ધ આત્મા. નિજ શુદ્ધાત્મા પાછો ભગવાનનો આત્મા એમ નહિ. ભગવાન આત્મા સંભારે તો પુણ્ય થાય અતીન્દ્રિય આનંદ ન થાય. એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આવા હતા, આવા હતા એમ યાદ કરે તો વિકલ્પ ઉઠે છે, પુણ્ય થાય. નિજ શુદ્ધાત્માકી ભાવના. લ્યો! આ ભાવનાની શું વ્યાખ્યા? સમજાણું કાંઈ? જુઓ! એમાં છે. '**નિજ શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન...**' પોતાનો ભગવાન આત્મા.

મુમુક્ષુ :- પરિણમન.

ઉત્તર :- પરિણમનનો અર્થ જ ભાવના છે અહીં. ભાવના બીજું શું? ભાવ છે તેની એકાગ્રતા. ત્રિકાળ આનંદ સ્વરૂપ છે એની એકાગ્રતા. એનાથી ઉત્પન્ન થયેલું પાછું એમ. ભાવનાથી ઉત્પન્ન થયેલું તો કેવા ભાવને ઉત્પન્ન થાય? વીતરાગ સ્વભાવનો આનંદ કેવા ભાવથી ઉત્પન્ન થાય? વિકલ્પથી, ચિંતવવાથી થાય? બે અભિપ્રાય શું હોય ખોટા? ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે. એની અંતરમાં એકાગ્રતા તેને અહીંયાં ભાવના કહે. એ એકાગ્રતાથી ઉત્પન્ન થયેલું વીતરાગી આનંદ, ઉત્પન્ન થયેલો વીતરાગી આનંદ, એમ કહે છે. એકલી કલ્પનાથી આનંદ થાતો હશે?

'**જો વીતરાગ પરમાનંદ અતીન્દ્રિયસુખકા અનુભવ ઉસસે વિપરીત...**' એનાથી વિપરીત. '**જો દેખે, સુને, ભોગે...**' જે દેખેલા, સાંભળેલા, ભોગવેલા, '**ઇન્દ્રિયોંકે ભોગ ઉનકી વાંછારૂપ નિદાનબંધપૂર્વક...**' બંધપૂર્વક. સમજાણું? '**दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूप-निदानबन्धपूर्वकज्ञानतपदानादिना**' જ્ઞાન શબ્દ પડ્યો છે હોં! સંસ્કૃતમાં. સમજાણું? શું કહે છે? જેને ભગવાન આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ એનાથી ઉત્પન્ન વીતરાગ આનંદ, એનાથી વિપરીત, એનાથી વિપરીત દેખેલા, સાંભળેલા ઇન્દ્રિયનો ભોગ. એની વાંછા નિદાનબંધપૂર્વક

એ જ્ઞાન. એ જ્ઞાન ગમે એટલું કરે એ સિવાયનું. શાસ્ત્રનું ભણતર, લૌકિકનું ભણતર આદિ વિદ્વતા. સમજાય છે? એ જ્ઞાન અને '**દાન તપ આદિકસે ઉપાર્જન કિયે જો પુણ્યકર્મ હૈં,...**' દેખો! એ જ્ઞાનથી પુણ્ય.. આત્માના જ્ઞાન સિવાય પર જ્ઞાનથી તો એકલું પુણ્યનું જ ઉપાર્જન છે ભાઈએ એમ કીધું. સમજાણું કાંઈ? આહા..! '**ज्ञानतपदानादि**' એમ છે ને? એનાથી ઉપાર્જિતાની. આત્મજ્ઞાન નહિ ફક્ત આત્મા આનંદ અતીન્દ્રિય સ્વરૂપ એનો અનુભવ સમ્યગ્દર્શન નહિ, એનું આત્માનું જ્ઞાન નહિ. એ આત્મદર્શન ને આત્મજ્ઞાન વિના ઉપાર્જેલું જ્ઞાન, વ્યવહારું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન, ભણતરનું જ્ઞાન, ઇન્દ્રિયનું જ્ઞાન. એ જ્ઞાન અને ઇચ્છા આદિ શુભ તપ અને દાન એનાથી ઉપાર્જેલું પુણ્ય, એ પરના જાણપણાથી ઉપાર્જે પુણ્ય, શાસ્ત્રનું પરનું જાણપણું એનાથી ઉપાર્જે એને પુણ્ય. આહા..હા..!

લૌકિકના ઉપાર્જેથી જ્ઞાન થયા, વકીલાતને આદિ તો ઉપાર્જે પાપ. ધર્મચંદજી! ધૂળમાં કલ્યાણ થાતું નથી. એ તો બધા લોભિયા માટે બોલે છે કે અમે દવા કરીએ, પૈસા અમારે આજીવિકા પણ મળે અને વળી મફત લોકની સેવા કરીએ. અહીં તો આચાર્ય કહે છે. આત્માના અંતર જ્ઞાનથી ઉત્પન્ન થયેલું સુખ. સમજ્યા? એનાથી વિપરીત બધું એ. શું? દેખેલા, સાંભળેલાના ભોગની ઇચ્છા ને નિદાનબંધપૂર્વક જ્ઞાન. એ નિદાન હેતુ જ્ઞાન પરજ્ઞાન છે બધું. એનું નિદાન કરે છે કે આ જ્ઞાનથી મને લાભ થશે, આવું જ્ઞાન ઉઘાડ થયો મને ધર્મ થાશે. સમજાણું કાંઈ? પર તરફના જાણપણા એમાં નિદાન આવ્યું એટલે આનાથી મને લાભ થશે, મિથ્યાત્વ છે.

શાસ્ત્રના ભણતરની વિદ્વતા, એને હજારો માણસને સમજાવવાની કળા. એ વિદ્યા છે તે અજ્ઞાન છે એમ કહે છે. એ જ્ઞાન ખરું પણ એનાથી ઉપાર્જે શું? જો વિકલ્પ છે જરી શુભ એટલે પુણ્ય ઉપાર્જે. સમજાણું કાંઈ? ધર્મ નહિ. આહા..હા..! માપ જ જુદી જાતના છે આ. કેટલો લાભ થાય લ્યો. આત્માનું જ્ઞાન ભલે ન હોય, પણ લોકોને સમજાવવાની શક્તિ હોય તો કેટલો લાભ થાય? નુકસાન થાય, મિથ્યાત્વનો લાભ થાય એને. અને શુભભાવ જરી છે એટલે પુણ્યનો ઉપાર્જન થાય. કીધું ને, '**दानादिनायान्युपार्जितानि पुण्यकर्माणि**' સમજાણું? નિદાનબંધપૂર્વક જ્ઞાન, દાન, તપ. એક શબ્દ પડ્યો રહ્યો છે જ્ઞાનનો અર્થમાં. આદિસે '**ઉપાર્જન કિયે જો પુણ્ય કર્મ.**' દેખો! એ દાન ને તપ એ ઉપવાસ કરે, ઉણોદરી કરે, રસ પરિત્યાગ કરે, કાયક્લેશ કરે, મહિના મહિનાના ઉપવાસ કરે, પણ આત્મજ્ઞાન ને સમ્યગ્દર્શન વિનાના એ જ્ઞાન બહારના ને બહારની શ્રદ્ધા ને બહારનું આચરણ એનાથી પુણ્ય બાંધે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એના ફળમાં શું?

ઉત્તર :- કીધું ને ફળમાં હમણા કહેશેને. **'જો પુણ્યકર્મ હૈં, વે હેય હૈં. ક્યોંકિ વે નિદાનબંધસે ઉપાર્જન કિયે પુણ્યકર્મ જીવકો દૂસરે ભવમેં રાજસમ્પદા દેતે હૈં.'** રાજ આપશે. એવા પુણ્યથી એને રાજ મળશે, શેઠાઈ મળશે કોઈ અબજોપતિ, કરોડપતિની ધૂળની. સમજાણું કાંઈ? એને કેવળજ્ઞાનની લક્ષ્મી નહિ મળે.

મુમુક્ષુ :- મિથ્યાત્વનું જ્ઞાન .. ના પાડે મોઢું ભરાઈ જાય.

ઉત્તર :- મોઢુ ભરાઈ જાય છે. માટે અજ્ઞાનીને કહે છે. કે જ્ઞાન એટલે શાસ્ત્રનું કે એકલું જ્ઞાન આત્માનું જ્ઞાન જ્યાં સમ્યગ્દર્શન નથી એને તો આ બહારમાં જ હેતુ બંધાઈ ગયેલો છે કે આ જ્ઞાનથી મારી મુક્તિ થશે. બહારના જાણપણા થયા અને એ મારો ધર્મ થશે. આ દાનથી મને કલ્યાણ થશે, આ તપ કરીએ છીએ એમાંથી નિર્જરા મને થશે. મૂઢ જીવ છે. પુણ્ય ઉપાર્જે. સમજાણું કાંઈ?

**'પુણ્યકર્મ જીવકો દૂસરે ભવમેં રાજસમ્પદા દેતે હૈં.'** લ્યો! સમજાય છે? **'ઉસ રાજ્યવિભૂતિકો અજ્ઞાની જીવ પાકર વિષય ભોગોંકો છોડ નહીં સકતા,...'** કારણ કે એની દૃષ્ટિ પુણ્યના આદરમાં હતી. પૂર્વે પુણ્ય કર્યા હતા દાન, જ્ઞાન, તપમાં એમાં પુણ્યભાવ વિકલ્પ એનો આદરભાવ હતો. એના ફળ ટાણે પણ એને છોડવા માગશે નહિ. ભારે વાત. આહા..હા..! આ વાત આકરી પડેને માણસને. એય..! હો, હો. બસ. આ મુનિઓ કહે છે એ વાત આમ નથી... આમ નથી... આમ નથી... બીજા અર્થ કરે છે. પણ આ અર્થને વાંચને, તું સમજ તો ખરો. સમજાણું કાંઈ?

નિદાનબંધ કર્યું હોય તોને, એમ પાછું કહે. એ નિદાનબંધ જ મિથ્યાત્વ જ નિદાન છે. નિઃશલ્યોવૃત્તિ. વૃત્તિ ક્યારે હોય? મિથ્યાદર્શન, નિદાન અને માયા શલ્ય ન હોય ત્યારે અહીં વ્રત હોય. પણ જેને હજી મિથ્યાદર્શન પુણ્યની ક્રિયા, રાગની ક્રિયા, દેહની ક્રિયા મારાથી ધર્મ થાય, મને લાભ થાય ને બીજાને લાભ થાય. એ તો મિથ્યાત્વ છે. મિથ્યાત્વમાં નિદાન જ છે આખું. આહા..હા..! સમજાણું કાંઈ? એથી તત્ત્વાર્થસૂત્રમાં ભગવાન ઉમાસ્વામી કહે, નિઃશલ્યોવૃત્તિ-જેને મિથ્યાદર્શન શલ્ય ગયું, પુણ્ય પરિણામ આદર રહ્યો નથી, દેહની ક્રિયાને પોતાની માનતો નથી, પરની દયા હું પાળી શકતો નથી, પરને હું મારી શકતો નથી. મારા જ્ઞાનથી જેટલી વિપરીતતા પરિણામ ઉત્પન્ન થાય વિભાવ એ બધા બંધના કારણ છે. એમ જાણે છે એને સમ્યગ્દર્શન, જ્ઞાનમાં પુણ્ય જે બંધાઈ જાય, એ સ્વર્ગમાં જાય, ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જાય. આ તો પોતે પુણ્યનો આદર માને છે. સમજાણું કાંઈ?

મહાસંસરણ... એમ કહ્યું છે. 'કુંદકુંદાચાર્ય' તો એમ કહે છે. પુણ્ય અને પુણ્યના ફળ અને પુણ્યનું બંધન. સંસર્ગ કરીશ નહિ, મનથી સારા માનીશ નહિ. પુણ્ય-પાપ અધિકારમાં.

ભારે પણ મીઠાશ. પુણ્યની મીઠાશે જગતને મોટા મૂઢ માંધાતાને પાડ્યા. આહા..હા..! એ '**રાજ્યવિભૂતિકો અજ્ઞાની જીવ પાકર વિષય ભોગોંકો છોડ નહીં સકતા,...**' એ વિષયમાં એકાકાર થઈ જશે. કારણ કે સમ્યગ્દર્શન વિનાના ઉપાર્જેલા પાપ-પુણ્ય એના ફળમાં એકાકાર થશે. પરમાં એકાકાર હતો એમ પરમાં એકાકાર થશે. '**ઉસસે નરકાદિકકે દુઃખ પાતા હૈ, રાવણકી તરહ,...**' ઠીક! દાખલો આપ્યો. સમજાણું?

'**रावणादिवत्**' જુઓ! ટીકામાં છે. રાવણાદિની જેમ. કેટલું રાવણનું બહારનું સાધન! ઓહો..હો..! જાણપણું કેટલું! રાજનું ઉઘાડ, એટલી વિદ્યાઓનું જ્ઞાન, ૭૨ કળાનું જ્ઞાન. પૂર્વના મિથ્યાદર્શનમાં બાંધેલા પુણ્યમાં મળ્યા આવા. રામચંદ્રજી લેવા આવ્યા. વિભીષણે ના પાડી, બંધવ! હું તમને સારી શિખામણ કહું છું હં. એ રામચંદ્રજી છે બળદેવ પુરુષ છે હોં. એ તમને મારશે. શાસ્ત્ર એમ કહે છે. બળદેવ વાસુદેવ જન્મે એ પ્રતિવાસુદેવને મારે. તમે સીતાજીને છોડી દ્યો. આ ઘરમાં તમે વાઘણ લીધી છે. મારી નાખશે આ. ઘરનો ધણી ભાઈને મૂકીને આવું બોલે છે? એ આવ્યા છે રામચંદ્રજી આવ્યા છે એ પુરુષોત્તમ પુરુષ છે. એ પાછા નહિ હટે. આહા..હા..! સમજાણું?

રાવણ પછી વિદ્યા સાધવા ગયો ભગવાન પાસે બેઠો. હુકમ કર્યો બીજા રાજાઓને. બીજા અન્નદાતા! ભગવાન રામચંદ્રજી પ્રભુ! ઓલો વિદ્યા સાધશે તો સીતા નહિ આવે હોં. એટલી વિદ્યા એ સાધે છે. એ વિદ્યા બેઠો સાધવા. હવે એમાં જો કાંઈક વિઘ્ન કરીએ, આપ હુકમ કરો તો. રામ કહે છે કે એક સીતા શું, હજાર સીતા ન આવે, પણ અમે અન્યાય અનીતિ નહિ કરીએ. આહા..હા..! અમે લેવા આવ્યા છીએ સીતાને. એ સીતાને લેવા માટે આ વિદ્યા સાધી રહ્યો છે. એની વિદ્યામાં વિઘ્ન નાખવા એ અમારા કામ નહિ હોં! આહા..હા..! પુરુષોત્તમ પુરુષ! પણ એ સીતા નહિ મળે. એ વિદ્યા એવી સાધે છે. ભગવાન પાસે બેઠો છે વિદ્યા સાધવા પ્રતિમા પાસે. એક જરી વિઘ્ન કરીએ તો. આપણું કામ નહિ ભાઈ! આહા..હા..! સમજાય છે? હવે માથું તો કાપવા આવ્યા છે. આવા અનીતિ.. કામ ન હોય હોં! ટાણા આવ્યા ત્યારે હુકમ કરી દ્યો ફડાક દઈને મૂક ચક્ર. .. મૂક ચક્ર. ખલાસ થઈ ગયો.

કહે છે કે ગયો નરકમાં રાવણ હેઠે, પૂર્વના પુણ્ય જોવો તો ઓહો..હો..! એ તો કોણ હવે રામ. દશરથનો દીકરો કોણ છે? એવો ... દેવો એટલા, રાજા એટલા. મારી નાખ્યા કહે છે, અજ્ઞાને બાંધેલા પુણ્ય. નરકમાં લઈ ગયા માટે એ પુણ્ય પર સારા નથી અને દુઃખમાં આત્માનું ભાન થાય એ દુઃખ પણ સારું છે. એ વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૫, બુધવાર, તા. ૨૬-૦૧-૧૯૬૬**
**ગાથા-૫૭ થી ૫૯, પ્રવચન-૧૦૯**

... આ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ છે એના ભાન વિના અજ્ઞાનભાવે જે પુણ્યભાવ થાય છે એના ફળ તરીકે એને રાજ આદિ મળે, પણ તેના રાજમાં અભિમાન આદિ કરી નરક ગતિને પામે. '**ઈસલિયે અજ્ઞાનિયોંકે પુણ્ય-કર્મ** (હેય) **ભી હોતા હૈ,...**' એમ જોઈએ. છે ત્યાં? રાવણ પછી છેને દાખલો. રાવણની પેઠે. છેને ઈસ તરહ? '**ઈસલિયે અજ્ઞાનિયોંકે પુણ્ય-કર્મ હેય હૈ,...**' એમ જોઈએ. પાઠ એમ છે. કેમ? ક્યા કારણે? કે આત્મા શુદ્ધ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્માએ આ આત્મા એને કહ્યો ને જોયો ને છે કે શુદ્ધ આનંદકંદ જ્ઞાયકમૂર્તિ છે. એવી જેને અંતર દૃષ્ટિ થઈ નથી અને એવી અંતર દૃષ્ટિના સમ્યગ્દર્શન વિના એકલા દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ કરે છે, એ અજ્ઞાનીના પુણ્ય એને વૈભવ આપે. આ ધૂળ મળે. આ શેઠાઈ, પૈસા, રાજ. પણ એમાં અભિમાન કરીને નરક ગતિમાં જાય માટે તે અજ્ઞાનીનું પુણ્ય સારું નથી. અજ્ઞાનીનું પુણ્ય હેય છે. સમજાણું કાંઈ?

'**ઔર જો નિદાનબંધ રહિત જ્ઞાની...**' એમ. હવે આમાંથી ફેરફાર કરે છે. જેને નિદાન નથી, મિથ્યાત્વ નથી. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપના આનંદના બહુમાનપૂર્વક આત્માના શુદ્ધ સ્વભાવના હેતુપૂર્વક એને પુણ્યભાવ થયા છે, કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ. એવા '**જ્ઞાની પુરુષ હૈં, વે દૂસરે ભવમેં રાજ્યાદિ ભોગોંકો પાતે હૈં,...**' એને એ પુણ્યથી બીજા ભવમાં પણ રાજ, બળદેવ આદિ ઉત્તમ પુરુષપણે થાય. '**તો ભી ભોગોંકો છોડકર જિનરાજકી દીક્ષા ધારણ કરતે હૈં.**' આ બે ફેરફાર કહ્યા. સમજાય છે કાંઈ? પરદેશમાં તો આવું કાંઈ હોય નહિ, ત્યાં તો ગપ્પે ગપ્પ (મારે). કેમ જયંતિભાઈ!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે આ આત્મા એને કહ્યો... શરીર, કર્મ જડ છે એ તો પર છે. અંદર પુણ્ય-પાપના ભાવ થાય છે એ આસ્રવતત્ત્વ બંધના કારણરૂપ ભાવ છે. એનાથી રહિત જે આત્મા છે એ આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ ચૈતન્ય સ્વરૂપ છે. એની જેને અંતર દૃષ્ટિ (થઈ છે) કે હું આત્મા છું, શુદ્ધ છું, પવિત્ર છું, જ્ઞાતા છું અને દૃષ્ટા છું. એવું સમ્યક્ ભાન અંદરમાં થયું છે. એને હજી અસ્થિરતામાં શુભભાવ દયા, દાન, ભક્તિ, વ્રત, દાન, પૂજાનો ભાવ હોય છે. પણ એ પુણ્યના ફળમાં ભવિષ્યમાં કોઈ સ્વર્ગમાં

જશે, ત્યાં પણ આ પુણ્યના ફળનો આદર નહિ કરે. ન્યાંથી નીકળી રાજપદ (પામી મોક્ષ જશે). ઓલામાં રાવણનો દાખલો આપ્યો હતો. સમજાણું? અહીંયા આવ્યુંને? બળભદ્રનો દાખલો આપ્યો છે ક્યાંક. એ ઊર્ધ્વગામી જુઓ! કારણ કે ઓલાની સામે સામે આપ્યું. ઊર્ધ્વગામી બળદેવ આદિની તરહ. એમ આપ્યો છે. આ રામચંદ્રજી આદિ બધા બળદેવ હતા. એ બળદેવ પુરુષોને પૂર્વે આત્મજ્ઞાન સહિત પુણ્ય થયેલા. એ પુણ્યના ફળમાં સ્વર્ગ ગયા અને ત્યાંથી અહીં બળદેવ થયા. પણ બળદેવો ઊર્ધ્વગામી હોય. એને નરક ગતિ ન હોય, તિર્યંચ ગતિ ન હોય. એ દેવમાં જાય ત્યાંથી મનુષ્ય થાય અને કોઈ બળદેવ એ જ ભવમાં રામચંદ્રજી, લક્ષ્મણજીના જે ભાઈ એ તો એ ભવમાં મોક્ષ ગયા. કૃષ્ણના ભાઈ બળદેવ એ સ્વર્ગમાં ગયા, પણ એને ગતિ ઊર્ધ્વની જ હોય.

વાસુદેવ થાય એણે આત્માના ભાન કરેલા, પછી પુણ્ય થયેલા, નિદાન કર્યા. એને લઈને રાજ આદિ મળે, પણ અંતે નીચલી ગતિનો બંધ એને થાય છે. બળદેવ આદિ પુરુષો કે તીર્થંકર આદિ પુરુષો એણે પૂર્વ ભવમાં આત્માના આરાધન કર્યા છે. નિર્મળ આત્મા વીતરાગી કંદ શુદ્ધ સ્વરૂપ છે એનું સેવન કર્યું છે. બાકી પુણ્ય થયા અંદર હજી રાગ મંદ છે અને તીવ્ર વીતરાગતા થઈ નથી. એ પુણ્યના ફળમાં સ્વર્ગમાં પણ ઈન્દ્ર આદિ થાય, ત્યાંથી મરીને બળદેવ આદિ મોટા રાજા, મહારાજા કે તીર્થંકર થાય.

'**તો ભી ભોગોંકો છોડકર જિનરાજકી દીક્ષા...**' એ વખતે ભોગનો કાળ અમુક રહે એને છોડીને મુનિદીક્ષા લઈ લે. ઓલા જાય નરકમાં, ત્યાં આ લઈ લે મુનિદીક્ષા. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? છોકરાઓને આમાં સમજાય એવું છે. એય..! સૂર્યકાંત! સમજાય એવું છે કે નહિ? હા પાડે છે. આ આત્મા છેને આત્મા? આમાં સીધી વાત છે. આમાં તમારા ગડીયાનો ન આવે એકડે એક ને બગડે બે ને ત્રગડે ત્રણ? આત્મા છેને અંદર એ વસ્તુ છે કે અવસ્તુ? વસ્તુ. એ અરૂપી છે માટે અવસ્તુ નહિ? અરૂપી છે છતાં એ વસ્તુ છે. આ રૂપી છે અને જેમ વસ્તુ છે એમ ભગવાન આત્મા અરૂપી છે, પણ વસ્તુ છે. કાંઈ અરૂપી એટલે અવસ્તુ છે અને અભાવ છે એમ નથી.

ભગવાન આત્મા શરીરથી ભિન્ન મહાન ચૈતન્ય પદાર્થ અરૂપી, આનંદઘન સ્વરૂપ છે. એકલો જ્ઞાનનો સૂર્ય જ્ઞાન પુંજ આત્મા છે. એવા આત્માની શ્રદ્ધા, જ્ઞાન કર્યા વિના જેણે એકલા દયા, દાન, વ્રત, ભક્તિના પુણ્ય ભાવ કર્યા. એ અજ્ઞાનીના પુણ્યને કારણે કદાચ દેવલોકમાં જાય. ત્યા ગૃદ્ધિ થાય અને ત્યાંથી મરીને મિથ્યાદૃષ્ટિ કદાચ એકેન્દ્રિયમાં પણ ચાલ્યો જાય. અને કોઈ પુણ્ય બાકી વિશેષ રહ્યા હોય તો સ્વર્ગમાંથી નીકળીને આ રાજા થાય. એ રાજા થઈને રાજમાં ગૃદ્ધિ થઈને મરીને નરકમાં જાય. કહો, સંભળાય છે કે નહિ? મેં તો સંભળાય

છે એમ કીધું. સમજાય છે પછી. કહો, સમજાણું આમાં?

અને ધર્મી જીવને પુણ્ય થાય, તેના પુણ્યનો આદર નથી અંદર. જ્ઞાનસ્વરૂપ આનંદ છું, મારી જાત જ આનંદની છે. હું તો એકલો ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... જ્ઞાયકભાવ. એવા અંતર દૃષ્ટિના અનુભવમાં એ સ્થિર રહી શકતો નથી અને વીતરાગતા પૂર્ણ પ્રગટ થઈ નથી, એથી વચમાં એવો વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વિનય, દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન એવો પુણ્યભાવ આવે. એ પુણ્યના ભાવમાં મરીને સ્વર્ગમાં જાય. છતાં એ સ્વર્ગના વૈભવનો અંતર દૃષ્ટિમાં આદર ન હોય. સમજાય છે કાંઈ?

આ મુનિઓ પંચમ કાળના સ્વર્ગમાં જ જાય. પણ એના લેખ જુઓ. પદ્મનંદી પંચવિંશતિ (પદ્મનંદી આચાર્યદેવ) છેલ્લે એ લેખ લખે. અરે..! આ પુણ્યના સ્વર્ગમાં જશે પણ એ પુણ્ય પણ અમારે જોતા નથી, એ સ્વર્ગના ફળ અમારે જોતા નથી એમ કરીને નિષેધ કરીને જાય છે અહીંથી. આલોચનામાં આવ્યું હતુંને ભાઈ! આલોચના નહિ? પદ્મનંદી. સંતોની શૈલી જ એવી છે. પૂરું કરે ત્યારે જાણે છે, ખ્યાલ તો છે કે અમે આત્માના આરાધક ભલે હોઈએ, પણ અમારી ગતિ તો આ ભવમાં પંચમ આરામાં જન્મ્યા માટે સ્વર્ગમાં જશે. બીજી કોઈ અમારી ગતિ નથી. તેથી પહેલેથી નિષેધ કરતા જાય. અરે..! આ નહિ નાથ! અમારે ત્રણલોકના રાજ હોય તોપણ અમારે જોતા નથી. અમારે તો આત્માના આનંદનું કેવળજ્ઞાનનું રાજ જોઈએ. સમજાય છે કાંઈ? એમ ભાવતા ભાવતા સેવનમાં નિર્વિકલ્પ સ્વરૂપમાં ઠરતા વિકલ્પ રાગ રહી જાય અને જ્ઞાતા-દૃષ્ટામાં દેહ છૂટતા સ્વર્ગમાં જાય. સમજાય છે કાંઈ? ત્યાંથી, કહે છે કે રાજા થાય, અબજોપતિ શેઠિયા થાય, પણ સમ્યગ્દર્શનનું આરાધન કરીને અવતર્યા છે એથી ભોગોને છોડી દેશે. એ જાવજીવ ભોગમાં પડ્યા ન રહે, કીચડમાં નહિ રહે એ. અરે..! આ નહિ, અમે અવતર્યા છીએ પૂર્ણ કરવા માટે. અમારો આ અવતાર ભવના અંતનો-છેલ્લો અવતાર છે. અમે આત્માની પૂર્ણ દશા કરવા માટે અવતર્યા છીએ. અમે આ ભોગમાં પડવા નહિ. એમ વૈરાગ્ય કરી, છોડીને વીતરાગે કહેલી-પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથે કહેલી દીક્ષા ધારણ કરશે. સમજાણું કાંઈ?

**'ધર્મકો સેવનકર ઊર્ધ્વગતિગામી બલદેવ આદિકકી તરહ હોતે હૈં.'** લ્યો! પાઠમાં છેને એ. **'ऊर्ध्वगतिगामिनो भवन्ति बलदेवादिवदिति'**, **'बलदेवादिवदिति'** એમ છે. ઓલા રાવણને વત્ કીધું હતું. આમાં બળદેવને. ઉદાસ... ઉદાસ... ઉદાસ.. આ નહિ. સમજાય છે કાંઈ? તીર્થંકરદેવ જેવા તો ત્રણ જ્ઞાન લઈને જ આવે. પૂર્વના પુણ્યથી તીર્થંકર (પદ) બંધાણું છે. તીર્થંકરપણે અવતરે, ઈન્દ્રો જેની સેવા પહેલેથી કરે. અંતરમાં ઉદાસ (છે), આ નહિ.. આ નહિ. બાળક હોય તોપણ ઠરી ગયેલા દેખાય. આહા..હા..! એ ચાર, છ મહિનાનું

બાળક દેખાયને, અંદરમાં ઉપશમરસના ઢાળા ઢળી ગયા છે. સમજાય છે? એ સર્વજ્ઞ થવાને લાયક એ છેલ્લું ચરમશરીરી છે. શાંત.. શાંત.. ઉછળતા એને જાણે વૃદ્ધાવસ્થા જેવા સ્થિર પહેલેથી હોય એવા. બાળની ચેષ્ટા જેવી કુતૂહલતા, યુવાનની ચેષ્ટા જેવી વિકૃતતા એને પહેલેથી ન હોય. આહા..હા..! કેમકે સમ્યગ્દર્શન ક્ષાયિક આદિ લઈને આવ્યા છે અને કાં કો'ક ક્ષાયિક એ ભવમાં થવાનું છે. ક્ષયોપશમ લઈને પણ કોઈ તીર્થંકર આવે. એને, આ નહિ... આ નહિ... આ નહિ... સમજાણું?

લ્યો! હનુમાનજી. હુનમાનજીનું છેને ત્યાં? મહા કામદેવ પુરુષ છે. સામે છે હનુમાન. રાજકુમાર છે હોં! સુંદર. અઢી દ્વિપમાં એના જેવું સુંદર રૂપ નહિ. એટલું રૂપ. એ વાંદરા કહે છે એવા નહોતા હનુમાન. એના કુળની ધજામાં વાંદરાનું ચિહ્ન હતું. એથી એને વાનર કુળ કહેવામાં આવતું. વાનર કુળ નહોતું. હતા તો મહારાજાના કુંવર. એના સ્વરૂપની સુંદરતા તો અઢી દ્વિપમાં નહિ એવું કામદેવનું સ્વરૂપ. એના જેવા એ બીજા હોય તોપણ. એક કોર આમ બેઠા હતા અને તારો ખરે છે આમ. છે ને ત્યાં જુઓ! તારો ખરે તારો. જુઓ ઉપરથી છેને? તારો ખરે છે. દેખાય છે? તમને દેખાય છે? ઝાંખુ છે. એ દેખાય ધોળો ખરે છે. એ તારો આમ ધોળો જુઓ! છેને આ બે વચ્ચે? એ ઓલા ડુંગરની ઉપર જુઓ તારો દેખાય ધોળો. ખરે છે એમ દેખાય છે અંદર. આહા..હા..! આ ઘડીકમાં પ્રકાશમાં આ ખરીને ક્યાં વિંખાઈ ગયું? વૈરાગ્ય થઈ જાય. હજારો રાણીઓ. કામદેવ પુરુષ હોં! ઉદાસ-ઉદાસ છોડી દે. કેવળજ્ઞાન પામે લ્યો! સમજાણું કાંઈ? એવા પુરુષો સમ્યગ્દર્શન, જ્ઞાનનું આરાધન કરીને અવતર્યા. એના અવતાર તો ભોગ છોડીને પૂર્ણ અનુભવ કરવા માટે છે. અનુભૂતિની પૂર્ણ દશા પ્રગટ કરવાના એ અવતાર છે. આહા..હા..!

**'ઐસા દૂસરી જગહ ભી કહા હૈ, કિ ભવાન્તરમેં નિદાનબંધ નહીં કરતે...'** નિદાનબંધ નથી એટલે કે પુણ્ય આદિ ભાવમાં હેતુ પુણ્યનો નથી. આત્માનો હેતુ છે, હું તો જ્ઞાનાનંદ મારે સાધવું છે પૂર્ણાનંદનું સ્વરૂપ. સમજાય છે? એવા પુરુષો ઊર્ધ્વગામી છે. જુઓને ઊર્ધ્વગામી કહ્યાને એ? રામચંદ્રજી હતાને નાના. તો એને એવા જ ચાળા આવતા. દાખલો નહોતો આપ્યો એક ફેરી ચંદ્રનો? અગાશીમાં બેઠા હતા અગાશીમાં. બે વર્ષની ઉંમર નાની. આમ. દશરથ કહે છે, દીવાનજી! આ ક્યા હૈ રામચંદ્રજી ઐસા ક્યોં કરતે હૈં? અન્નદાતા! હું દીવાનપણું કરું કે બાળકને રમાડું? આમ શું કરે છે? ક્યા હૈ ઈતની તો ચેષ્ટા બતાવો. ક્યા કરતે હૈં વો? ઠીક અચ્છા. આમ દેખે છે ચંદ્રને. આમ ઉપરથી હેઠે ઉતારવાનો. સાહેબ એને ચાળો એવો આવ્યો છે કે આ ચંદ્રમા ઉતારવો છે હેઠે. ઉતાર દો. નાખ્યો એક અરીસો. હાથમાં આપ્યો અરીસો દિવાને. આમ જોવે (તો) અહીં ચંદ્ર છે. નાખ્યો ગુંજામાં. ઉતરી

ગયો ગુંજામાં ચંદ્ર. સમજાય છે? એમ સમ્યગ્દષ્ટિને સિદ્ધ પદ લેવા માટે આમ છોળ આવે છે કહે છે અંદરથી. ઉપરથી સિદ્ધ ઉતરો. ના ના અમે હવે સિદ્ધમાં આવશું. એ બધી ભાવના પણ એવી હતી. નાની ઉંમરથી સમકિત લઈને આરાધક થયા છેને આરાધક. એ ભવમાં જેને મોક્ષ જાવું છે. કેવળજ્ઞાન પામવાનું છે. આ દેહના રજકણ છેલ્લા છે. પછીનો એક રજકણ પણ છે નહિ. ઓહો..હો...! એટલા પુણ્ય એના કે આમ બળદેવ જેને લક્ષ્મણ આમ પગે લાગે. તાત આમ નીચે નમીને. નહિતર પદવી એની મોટી છે, લક્ષ્મણજીની. પદવી મોટી અને આની અડધી છે.

જંગલામાં ગયા તો ચાલીને ચાર ચાર ગાઉ, આઠ આઠ ગાઉ જાય. સીતાજી અને રામચંદ્રજી બેય સાથે, લક્ષ્મણજી પોતે નાના, પદવીએ મોટા અને મણ, બે મણ ફૂલ લઈ આવે જંગલમાંથી. ફૂલની પથારી કરી દે, પથારી કરી દે. પ્રભુ! સમજાણું કાંઈ? એવા. પણ અંદરમાં આદર નથી. આવો એક લક્ષ્મણ જેવો પણ મારી સેવા કરે છે આવી. એ બધા પુણ્યના ઠાઠ. મારી ચીજની સેવા તો હું કરું છું. સમજાય છે કાંઈ? એવા વનમાં ગયા હતાને જ્યારે વનવાસ થયો હતો બાર વર્ષ. લક્ષ્મણજી હતા. ચોથું માણસ ક્યાં ભેગું હતું કોઈ? આ સંયોગો આ સ્થિતિમાં હો. પૂર્વનો યોગ એવો હોય તો એ સમય હો! પણ અમે તો જ્યાં છીએ ત્યાં છીએ. એ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોને અમે અડતા નથી, એને સ્પર્શતા નથી. આહા..હા..! એવા જ્યારે ટાણા આવ્યા (તો) છોડીને ચાલ્યા ગયા, નીકળી ગયા. એટલે એનો દાખલો આપ્યો છે. ઊર્ધ્વગામી બળદેવ આદિ. એ ક્ષાયિક સમકિતી અથવા સમકિતી જીવો એકલા ઊર્ધ્વગામી જ હોય છે.

'**કિ ભવાન્તરમેં નિદાનબંધ નહીં કરતે હુએ જો મહામુનિ હૈં, વે મહાન્ તપકર સ્વર્ગલોક જાતે હૈં. વહાંસે ચયકર બલભદ્ર હોતે હૈં.**' લ્યો! સમ્યગ્દર્શન આદિ થયે, આત્માનો અનુભવ થયો, આનંદમૂર્તિ આત્મા એ અતીન્દ્રિયનો સ્વાદ આવ્યો એમાં ભેગો પુણ્ય આવ્યો એનો સ્વાદ આવ્યો આકુળતાનો. એટલે આદર રહ્યો નહિ. આહા..હા..! આ અમૃતના સ્વાદ આગળ આ શું? સમજાય છે કાંઈ? દૂધપાકના સ્વાદ જેણે ચાખ્યા, એને જૂની લાલ જુવારના ફોતરાના રોટલા કુચા લાગે. જૂની લાલ જુવારના ફોતરા. ધોળી જુવારના ફોતરામાં કસ હોય છે કાંઈક. સમજાણું કાંઈ? લાલ જુવાર થાય છે, લાલ થાય છે. અમારે તો બધો અનુભવ થઈ ગયેલો. આહા..હા..! અમારે તો અનુભવ થઈ ગયેલો બધો. જુવારનો રોટલો પણ આવેલો એવો. વિઠ્ઠલગઢમાં એક ફેરી ગયા હતા. લાલ જુવારનો રોટલો. ગરીબ માણસ. ગરીબ બહુ ગરીબ. વિઠ્ઠલગઢ છે વિરમગામ પાસે. ફોતરા લાલ હોં! એવા ગરીબ. રોટલા કરે બિચારા બહુ ગરીબ માણસો. એ આવી ગયેલો રોટલો. હું અને જીવણલાલજી

બે જ હતાને તે દિ'. ... એ આમ કહે છે કે જેણે દૂધપાકના સ્વાદ ચાખ્યા એને જુવારના ફોતરાનો પ્રમોદ આવતો હશે? ગોળની પેઠે આમ ગરીબ આમ ટળવળે એમ ટળવળતો હશે? એમ આત્મા ધર્મીને તો ઓહો..! સમ્યગ્દર્શનના સ્વાદમાં આત્માના અતીન્દ્રિયના આનંદના સ્વાદ આવ્યા છે. આહા..! એમાં એ પુણ્યભાવ આવે ખરો, પણ એ સ્વાદનો આદર નથી. આહા..! એ સ્વર્ગમાં ભલે જાય પણ એના ફળનો આદર નથી. ત્યાંથી મરીને મોક્ષ જાય.

**'બલભદ્ર હોતે હૈં. વે દેવોંસે અધિક સુખ ભોગકર રાજ્યકા ત્યાગ કરકે...'** દેખો! બળદેવ આદિને સુખનું શું? તીર્થંકરને સુખની સામગ્રી એના આહાર, પાણી અને વસ્ત્ર, દાગીના દેવલોકમાંથી આવે તીર્થંકરને. એ નહિ, એ નહિ. અમારા આનંદની ખાણ અધૂરી રહી ગઈ. અરે..! અમારા અનુભવ અધૂરા રહી ગયા અને આ વચ્ચે પુણ્ય બંધાઈ ગયું. સમજાણું? એ પુણ્યબંધનમાં તીર્થંકરની પ્રકૃતિનું ફળ આવ્યું. અમારે આ જોઈએ નહિ. અમારે તો આત્મરાજ જોઈએ. **'ત્યાગ કરકે મુનિવ્રતકો ધારણકર યા તો કેવલજ્ઞાન પાકે મોક્ષકો હી પધારતે હૈં, યા બડી ઋદ્ધિકે ધારી દેવ હોતે હૈં,...'** બળભદ્ર આદિ હોયને, કોઈ કેવળ પામે, કોઈ દેવ (થાય). તીર્થંકર તો એ ભવમાં જ મોક્ષ જાય. બળભદ્રની બે રીત છે. બળદેવની બે રીત છે. કોઈ બળદેવ મોક્ષ જાય અને કોઈ બળદેવ સ્વર્ગમાં જાય. એવી વાત છે. પૂર્વનું પુણ્યબળ હોય. આ શ્રીકૃષ્ણના ભાઈ બળદેવ હતા એ સ્વર્ગમાં ગયા પાંચમાં દેવલોકમાં. અને આ લક્ષ્મણના ભાઈ રામચન્દ્રજી હતા એ મોક્ષ પધાર્યા. સમજાણું કાંઈ? પણ એને બીજી ગતિ હોય નહિ. મનુષ્ય અને દેવ બે સિવાય ગતિ ન મળે. આત્માનું ભાન થયા પછી નરક અને તિર્યંચના ન દાવા. ન દાવા સમજાણું? શું? બે ગતિ બંધ થઈ ગઈ. આત્મા સમ્યક્ ચૈતન્ય શુદ્ધ આનંદકંદ છે એમ ભાન થયું, પુણ્ય-પાપનો આદર નથી, ત્યાં એને બે ગતિ હોઈ શકે જ નહિ. એક ગતિ મનુષ્ય અને એક ગતિ દેવ બે રહે. કોઈને એક, બે ભવ હોય, કોઈને પંદર ભવ વિશેષે હોય. સમજાણું કાંઈ? **'યા બડી ઋદ્ધિકે ધારી દેવ હોતે હૈં, ફિર મનુષ્ય હોકર મોક્ષકો પાતે હૈં.'** એ પણ ભલે, કહે છે, દેવલોકમાં ફરીને જાય બળદેવ આદિ પણ ફરીને પાછા મનુષ્ય થઈને કેવળ પામીને મોક્ષ જાય.

**'આગે ઐસા કહતે હૈં, કિ નિર્મલ સમ્યક્ત્વધારી જીવોંકા મરણ ભી સુખકારી હૈ, ઉનકા મરના અચ્છા હૈ, ઔર સમ્યક્ત્વકે બિના પુણ્યકા ઉદય ભી અચ્છા નહીં હૈ'** આહા..હા..!

૧૮૫) वर णिय-दंसण-अहिमुहउ मरणु वि जीव लहेसि।
मा णिय-दंसण-विम्मुहउ पुण्णु वि जीव करेसि।।५८।।

'**હે જીવ, જો** (ભગવાન) **અપને સમ્યગ્દર્શનકે સન્મુખ હોકર...**' સમ્યગ્દર્શન સન્મુખનો અર્થ સમ્યગ્દર્શન પ્રાપ્ત છે. સમજાય છે કાંઈ? પોતાનો નિજાનંદ સ્વભાવ ભગવાન એની સન્મુખની દૃષ્ટિ થઈને, કહે છે કે હે જીવ! '**मरणपि**' પાવે, દેહ છૂટી જાય તોપણ ભલું છે. આત્માની અંતર અનુભવના દોર તો હાથમાં લઈને ગયા છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ પૂર્ણ ચૈતન્ય રત્નાકર પ્રભુ એની અનુભવની દોરી તો હાથમાં લીધી છે. ભલે દેહ છૂટી જાય. તોપણ, કહે છે કે એનું મરણ પણ ભલું છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**પરન્તુ હે જીવ, અપને સમ્યગ્દર્શનસે વિમુખ હુઆ પુણ્ય ભી કરે તો અચ્છા નહીં.**' શુદ્ધાત્મા જ્ઞાયક ચિદાનંદની અંતર અનુભવ દૃષ્ટિ વિના એકલી પ્રવૃત્તિ શુભભાવની ભલે પુણ્યની કરે અને જીવે તોપણ અચ્છા નહિ. '**मा वरं... मा वरं...**' અચ્છા નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :- નિર્દોષ નિજ પરમાત્માકી અનુભૂતિકી રુચિરૂપ...**' સમ્યગ્દર્શનની વાત કરે છે હોં! નિર્દોષ નિજ પરમાત્મા. નિજ નામ પોતાનું પરમ સ્વરૂપ ભગવાન આત્મા કે જે પુણ્ય-પાપના રાગ રહિત તત્ત્વ—પદાર્થ છે. એની '**અનુભૂતિની રુચિરૂપ તીન ગુપ્તિમયી જો નિશ્ચયચારિત્ર**' એટલે કે એ વખતે અનુભવમાં મન અને વાણી, દેહના વિકલ્પ છે નહિ. એમ લેવું. સમજાણું કાંઈ? રાગ રહિત આચરણ સાથે થયેલું. વીતરાગ નિશ્ચય સમ્યગ્દર્શન. '**ઉસકે સન્મુખ હુઆ. હે જીવ, જો તૂ મરણ ભી પાવે, તો દોષ નહીં,...**' દોષ નથી. હાથમાં દોરી લઈને ગયો છે. ત્યાંથી નીકળીને કેવળજ્ઞાન પામવાને પાત્ર થયો છે. આ શેની મહિમા વર્ણવાય છે?

આ પરમાત્મપ્રકાશ છે. પરમાત્મસ્વરૂપ આત્મા છે. એના અનુભવની દૃષ્ટિ થઈ પછી દેહ છૂટી જાય તોપણ સારું છે. એવા આત્માના અનુભવની દૃષ્ટિ વિના દેહ રહે અને જીવતો દુનિયામાં વૈભવમાં દેખાય એ જીવન સારું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? સમકિત વિના મિથ્યાત્વ અવસ્થા. જુઓ એમ જ લીધું સામે ભાઈ! એમ જ લીધું છે હોં ઓલામાં મૂળ ... પણ અહીં સામે લીધું છેને આપણે તો. એમ જ હોય. '**ઔર ઉસ સમ્યક્ત્વકે બિના મિથ્યાત્વ અવસ્થામેં...**' આત્મા આનંદમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટાના ભાન વિના એકલા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્ય કર્યા. એ '**પુણ્ય ભી કરે તો અચ્છા નહીં હૈ.**' આહા..હા..! સમજાણું કાંઈ?

'**જો સમ્યક્ત્વ રહિત મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્ય સહિત હૈં, તો ભી પાપી હી કહે હૈં.**' શાસ્ત્રમાં તો આત્મદર્શન વિનાના પુણ્ય કરનારા જીવ એને પાપી કહ્યા છે. સમજાય છે કાંઈ? પૂર્વના પુણ્યનું ફળ હોય એ તો ઠીક, પણ વર્તમાન એને પુણ્યના ભાવ હોય છતાં

શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિનું ભાન નથી એવા મિથ્યાદૃષ્ટિને શાસ્ત્રમાં પાપી જ વર્ણવ્યા છે. સમજાણું કાંઈ? **'તો ભી પાપી હી કહે હૈં.'** અશુભ ઉપયોગ જ કહ્યો છે એને. મિથ્યાદૃષ્ટિને અશુભ ઉપયોગ કહ્યો છે. શુભ છે પણ છતાં દૃષ્ટિ ખોટી છેને, એ અપેક્ષાએ એને મિથ્યાત્વને લઈને મિથ્યાત્વ જ મોટું અશુભ છે. આહા..! સમજાય છે? આ બધા વાંધા અત્યારે લ્યો! આ મોટી તકરાર ઈ કરે છે આમાં. મોટો લેખ છે. ઓલો દાખલો આપ્યો હતોને તે દિ' ભાઈ! આ તમે પુણ્યની ના પાડો, પણ આ શરીર અહીં અમે આવીએ તો પુણ્ય હોય ભેગું તો ધર્મ સંભળાય. આમ જુઓ શરીરને અહીં લાવીએ, શરીર અહીં આપણને લાવે. એ તે દિ' પ્રશ્ન થયો હતોને. મૂક્યો હતો. ભાઈ! આત્માની ઈચ્છા થઈ માટે શરીરનું અહીંયા કામ થયું એમ પણ નથી. શરીર અહીં આવવાનું હતું માટે ઈચ્છા થઈ એમ પણ નથી. એ મૂક્યું છે, એ મૂક્યું છે અહીંયા. જુઓ, આ જૈનતત્ત્વની વ્યવસ્થા! એય...! હિંમતભાઈ!

મુમુક્ષુ :- .... એ બીજાને કામ કરાવે. કરી શકે છેને?

ઉત્તર :- હા, શરીરને આત્મા અહીં લાવે ઘરેથી. એ.. જમુભાઈ! આહા..હા..! ભાઈ! શરીર તો અનંતા રજકણનો પિંડ છે આ તો માટી. એની અવસ્થા આમ ક્ષેત્રાંતર થવી એ તો રજકણનું કાર્ય છે. એ આત્માની ઈચ્છા અહીં થઈ આવવાની માટે ઈચ્છા કર્તા અને રજકણ અહીં આવવાનું કાર્ય એ ત્રણ કાળમાં હોઈ શકે નહિ. આ એની ટીકા કરી છે લ્યો! એવા બોલની ટીકા કરી છે. આહા..હા..!

કહો, આ નીરોગતા હોય તો અહીં આવી શકાય એ વાત સાચી કે નહિ? એય..! જયંતિભાઈ! ના પાડે છે, આ છોકરાઓ ના પાડે છે. સમજાણું કાંઈ? આહા..હા..! દિવ્યધ્વનિ એ કર્તા અને સામે સમજાય તે કામ, જ્ઞાન કાર્ય એમ ન માનો તો જૈનતત્ત્વની વ્યવસ્થા આવી હોય? એમ કહે છે. ભાઈ! ભગવાન! તને ખબર નથી બાપુ! આ કાંઈ બીજા સાથે લડીને જીતવું એ ચીજ નથી આ. આ તો બીજી ચીજ છે, બાપા! ભગવાન! તું ભૂલ્યો પ્રભુ! આહા..હા..! અરે..! ચૈતન્યનો સમય સમયનો પર્યાય, કોઈ કર્મનો ઉદય હોય કે બહાર નિમિત્ત હોય એનાથી અહીં થાય એમ ભગવાન! બને નહિ. શરીરના રજકણનો પર્યાય ઈચ્છા થઈ માટે અહીં લાવી શકે, ઘરેથી આવી શકે એમ બને નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- એનો મેળ સાથે...

ઉત્તર :- પણ એ તો બેય... વર્તમાનનું પરિણમન હોય કે કોઈનું પરિણમન આઘુ-પાછું હોય? અનંતા દ્રવ્યો વર્તમાનપણે પરિણમે છે કે કોઈ ભૂતકાળ, ભવિષ્યપણે પરિણમે છે? પ્રશ્ન શું હોય એનો. શરીરની પર્યાય પણ વર્તમાનપણે તે પ્રકારની પરિણમનની એની યોગ્યતા છે અને આત્મા પણ તે પ્રકારે જ્ઞાન સમજવાને અથવા ઈચ્છાની યોગ્યતાથી ઈચ્છા એને

થાય છે. કહો, સમજાણું આમાં? આનો કાંઈક નિચોડ કરવો જોઈએ એમ લખ્યું છે છેલ્લું હોં! એ પંડિતોને મૂકી છે વાત. ગંભીરતા... સમજ્યા ને? એવું લખ્યું છે ખરું છેલ્લું કાંઈક. વિચાર કરો આ. ભાઈ! આ તો કજિયો કે દિવસનો ચાલે છે આ. આ મૂક્યું છે એમ કરીને. ....

'જહાં તક મત નિર્માણકી બાત હૈ યે મૈં સમાજ કે વિદ્વાનો પર છોડતા હું, મૈંને તો ઉનકે સામને વિચારકી સામગ્રીકી ઉપસ્થિતિ કી હૈ, પત્રોંકે સાથ હી ઈસ વચનકો વિના કિસી પ્રકારસે ભેદભાવ કે સમાજ કે સભી વિદ્વાનોકો ભેજને કા વિચાર હૈ.' બધા વિદ્વાનોના મૂકશે આ બધું. સમજાણું? 'સમયસાર આદિ હમ પઢતે હૈ ઈસલિયે એસા તો કહ નહિ શકતે કિ કર્મ આત્માકો રાગ કરાતે હૈ, કિન્તુ કર્મ કે નિમિત્ત બિના કિસીકો કુછ ભી રાગ નહિ હોતા ઈસલિયે કર્મોકા પ્રભાવ હોતા હૈ, નિમિત્તકા પ્રભાવ હોતા હૈ વહ હોના હી ચાહીએ એસા કુછ લોગ માનતે હૈ. કિન્તુ જીવ પર એક સમય ભી પરકા પ્રભાવ માના ગયા તો સર્વજ્ઞ સદૈવ હી કોઈ સમય કર્મોદય કે બિના નહીં રહેતા...' માટે પ્રભાવ નથી. આપણે અહીં કીધું કે નહિ.

મુમુક્ષુ :- અહીં તો હા પાડી...

ઉત્તર :- એ બધી હા પાડી એ બધી... ગંગાદાસ. ગંગા કાંઠે ગંગાદાસ', જમના કાંઠે જમનાદાસ. જ્યાં જેવો પવન આવ્યો (એમ) ધ્વજા પૂંછડી પટકે કે નહિ? લોઢાની હોય તો શું કરે? આવા દાખલા બધા ઘણા આપ્યા. વિદ્વાનોને વિચારવા માટે મૂકું છું. એમાં તમે આવ્યા છો કે નહિ એમાં વિદ્વાન વચ્ચે? આહા..હા..!

ભાઈ! આત્માનો પર્યાય સમય સમયનો જે એનો નિયમસર ચાલે છે એના કાર્યમાં બીજી ચીજ હોય તો કાર્ય થાય છે એમ હોઈ શકે નહિ, બાપા! ત્યારે જ એને નિમિત્ત કહેવાય છે. એમ જડનો જ્યારે જે સમયનો પર્યાય થાય શરીરનો, આ બોલવાનો, એ પર્યાયનું કાર્ય જીવની ઈચ્છા તે કર્તા અને ભાષાની પર્યાય કર્મ, ન હોય એમ કોઈ દિ'. નિમિત્ત કહેવાય. એ નિમિત્ત છે માટે એને લઈને થયું એમ કર્મ નથી. કોઈ સત્‌નો વર્તમાન અંશ કોઈ બીજા સત્‌ના અંશની હયાતીને લઈને આની હયાતી છે એમ હોઈ શકે નહિ ત્રણ કાળમાં. ત્યારે જ એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! કેમ હશે? ચીમનભાઈ! આ બધા વાંધા ઉઠાવે છે. લ્યો! હવે નીચોડ કરતા નથી બધા ભેગા થઈને એક ઠેકાણે. અહીં તો છોકરા પણ ના પાડે કે ના, એમ ન હોય. એ.. હેમંત! શું થાય? વાણી હોય તો આ જ્ઞાન થાય છે કે નહિ અહીંયા?

મુમુક્ષુ :- નિમિત્ત છે.

ઉત્તર :- નિમિત્ત છે. લ્યો! ઠીક આ તો હજી દશ, બાર વર્ષનો છે. નિમિત્ત કહે છે. ઓલા બધા સાંઈઠ સાંઈઠ વર્ષના પાંસઠ વર્ષના... આહા..હા..!

કહે છે કે પ્રભુ! પરનો કર્તા તો નહિ, પણ આ રાગનો વિકલ્પ ઉઠે એ કર્તૃત્વ જીવનું નહિ. એવી દૃષ્ટિ થયા વિના ચૈતન્યનો આદર નહિ થાય. સમજાણું કાંઈ? કર્મને લઈને રાગ એમ પણ નહિ અને રાગને લઈને જ્ઞાન એમ પણ નહિ, પણ જ્ઞાનસ્વભાવ રાગને કરે એમ પણ નહિ. કેમકે આખો ચૈતન્યસ્વભાવ જ જ્યાં શુદ્ધ ઘોલન છે આખું એ તે કોનું કાર્ય પરિણમે? રાગપણે થાય-પરિણમે? પરિણમે ભલે, પણ રાગ કરું એમ પરિણમે? સમજાય છે કાંઈ? ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... જ્ઞાયક સ્વભાવ એ તો પોતાના જ્ઞાન-દર્શન-આનંદના પરિણમનપણે જ કર્તા છે એનો. આવી દૃષ્ટિ થયા વિના રાગનો કર્તા જીવને માને અને રાગનો કર્મ કર્તા માને અને કર્મ બંધનનું રાગ થયો માટે બંધન થયું પર્યાયમાં જડની પર્યાયમાં એમ રાગ કર્તા ને બંધન કર્મ માને ત્યાં સુધી એની દૃષ્ટિ તદ્દન વિપરીત છે. સમજાણું કાંઈ? ધર્મચંદજી! ક્યા હૈ? જૈનતત્ત્વની વ્યવસ્થા એમ વળી વિદ્વતાથી ભાષામાં નાખ્યું છે. શું આ જૈનતત્ત્વની વ્યવસ્થા? વસ્તુની વ્યવસ્થા. સમજાણું કાંઈ?

જૈન કોઈ સંપ્રદાય નથી, જૈન કોઈ વાડો નથી. ભગવાન સર્વજ્ઞે જોયેલા તત્ત્વો એવા સ્વતંત્ર છે, એ સ્વતંત્ર સ્વભાવથી રાગને જીતે એને જૈન કહેવામાં આવે છે. કોઈ વાડો નથી. એ તો વસ્તુ જ એવી છે. જ્ઞાનાનંદ ભગવાન ભરેલો પ્રભુ પોતાના સ્વભાવ સાધન દ્વારા રાગને જીતે એનું નામ જૈન. એવી વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? આ સ્થિતિને જાણ્યા વિના, કહે છે '**જો સમ્યક્ત્વ રહિત મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્ય સહિત હૈં, તો ભી પાપી હી કહે હૈં.**' પ્રેમચંદજી! ક્યા હૈ? આ દિલ્હીમાં તકરાર હોતી હૈ બહુત. ચલતી હૈ. ચાલે ભાઈ! દુનિયામાં બધું ચાલે છેને. સમજાણું?

કુકડામાં એક ફેરી ગયા હતા તો પાણી સ્વચ્છ ન મળે ભાઈ આખા ગામમાં. મેલુ પાણી એકલું. આ કુકડા છે. મુળીથી બે ગાઉ, મુળીથી બે ગાઉ. કીધું, પાણી? ક્યાંય પાણી નહિ. પાણી બધું ડહોળું. ઓલો આવેલો નવો વરસાદ અને કાંપમાં હતા ત્યારે વરસાદ આવેલો. અને ડહોળું... ડહોળું... ડહોળું... એકલું ડહોળું એ જ. તરત પીવું હોય તો ડહોળ જ હોય, બીજું હોય જ નહિ એમાં. ધીરો કરીને ઠારે થોડી વાર (પછી પીવાય).

એમ અજ્ઞાનીને ડહોળી જ બધી વાત મળે છે. પુણ્ય-પાપનો કર્તા અને પરનો કર્તા અને પુણ્યથી કરતાં-કરતાં મને ધર્મ થાય. બધું ડહોળું જ મળ્યું છે એને. એ છે. ડહોળું જ છેને. મેલ કીધુંને. આ તો પ્રત્યક્ષ છે. કીધું, ગામમાં (ક્યાંય મળે)? આખા ગામમાં ક્યાંય નહિ. ઘરે બેડા મેલા. એ કહે અમે સવારે લાવીએ તે સાંજ સુધી જરી નીતરે પછી પાણી ઓલું

થાય. નહિતર સવારમાં પાણી પીવાનું નહિ. અહીં તો અમે ત્યાં જોયેલું. એકલું (ડહોળું પાણી). પણ આખા ગામમાં ક્યાંય નહિ. તાકડે એમાં અમે અને તાકડે ઓલા રતનચંદજી. આહા..હા..! એ ડહોળાને સાફ કરવું એ અહીં કામ છે અહીં તો કહે છે. ભગવાન ચૈતન્યમૂર્તિ નિર્મળાનંદ પ્રભુ છેને. એને કહે છે કે, ભાન કર્યા વિના એકલા પુણ્યના મેલના કર્તા થાય એ મરીને નરકાદિમાં જાય. ભોગાદિ મળે, પણ ભોગમાં આસક્ત થઈ અધોગતિને પામે. માટે એને પાપી કહ્યા જુઓ!

'**તથા જો સમ્યક્ત્વ સહિત હૈં, વે પહલે ભવમેં ઉપાર્જન કિયે હુએ પાપકે ફલસે દુઃખ-દારિદ્ર ભોગતે હૈં,...**' આ આત્માનું જ્ઞાન થયું ભાન અત્યારે. પૂર્વના પાપને લઈને ગરીબ ઘરે અવતર્યા હોય, નિર્ધન હોય. સમજાય છે કાંઈ? શરીરમાં રોગ રહેતો હોય. જુઓ કીધુંને? '**દુઃખ ને દારિદ્ર ભોગતે હૈં, તો ભી પુણ્યાધિકારી હી કહે હૈં.**' એને ભગવાને પુણ્યના અધિકારી કહ્યા છે. સમ્યગ્દર્શન.. આત્મા ચિદાનંદમૂર્તિનું ભાન (થયું હોય), કહે છે કે ગરીબ ઘરે હોય, રાંક ઘરે હોય, ભિખારી ઘરે હોય. આહા..! અરે..! ઢેઢને ઘરે અવતાર હોય, હરીજનને ઘરે અવતાર. દેવ છે કહે છે. રત્નકરંડ શ્રાવકાચારમાં સમંતભદ્રાચાર્ય કહે છે હોં! કે એ અગ્નિ દાબેલી, રાખથી દાબેલી અગ્નિ પણ દેવ છે એ. શરીર ભલે કાળુ, મેલું (હોય) સમજાય છે?

અહીં તો હજી શરીર સારા હોય એનું અભિમાન, કપડા સારા એનું અભિમાન, ભાષા કાંઈક ઠીક હોય એનું અભિમાન, બોલતા આવડે એનું અભિમાન. મારી નાખ્યા એણે ચૈતન્યને. શેના અભિમાન? પરવસ્તુ તારી નથી, જડ છે, એને (મારી માને છે). એવા પાપને ઉદયે કદાચિત એવું મળ્યું છતાં એનાથી ભાન પૃથક કરીને ચૈતન્ય સમ્યક્ રત્ન પ્રાપ્ત કર્યું છે, કહે છે કે એ પુણ્ય અધિકારી છે. કારણ કે આ મરીને એનો દેહ ભવિષ્યનો એવો થવાનો (કે) અનંત કાળમાં એ રજકણો નહોતા થયા એવી પર્યાયવાળા થશે. એવો દેહ, અનંત કાળમાં નહોતો મળ્યો એવો દેહ મળશે ભવિષ્યમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ક્યાં વાત કરી? એ પુણ્યનો અધિકારી છે એટલે અહીં વાત કરી. એ રજકણ પણ એવા પરિણમશે. સમ્યગ્દર્શનની ભૂમિકામાં જે પુણ્યભાવ છે, કોઈ દિ' એવો પુણ્યભાવ મિથ્યાદષ્ટિપણામાં હોય નહિ. એવા ભાવમાં જે પુણ્ય બંધાણું, કહે છે કે એ પુણ્ય અધિકારી છે. ભવિષ્યમાં પણ એની સામગ્રી અનુકૂળ અને વર્તમાનમાં પણ ઘણા શુભભાવની અધિકતા એને રહ્યા કરે છે. એ સ્વર્ગમાં જાશે, ત્યાંથી રાજા આદિ થઈ મુક્તિ પામશે. સમજાય છે કાંઈ?

જુઓ, '**તો ભી પુણ્યાધિકારી હી કહે હૈં. ઈસલિયે જો સમ્યક્ત્વ સહિત હૈં, ઉનકા મરના ભી અચ્છા.**' મરે છે ક્યાં? એનો જીવતો જીવ લઈને જાય છે. ચૈતન્યને જાગતો લઈને જાય છે. અને ઓલા પુણ્ય મોટા બ્રહ્મદત્ત ચક્રવર્તી. રાવણ લ્યોને કીધુંને રાવણનો દાખલો. ઓહો..હો..! એની વૃદ્ધિ. એના સ્ફટિકના બંગલા હોં! સ્ફટિક આમ. આમ પડે ત્યાં પાણી છે કે નહિ ખબર ન પડે. એ કો'ક રાજા અજાણ્યો ગયો તો લપસી પડ્યો. જાણે આ લપસી પડીશ હમણા એમ લાગે. ત્યારે ઓલા બીજા મશ્કરી કરે કે એ તો અમારું સ્ફટિકનું મકાન છે. સમજાણું? એવા બંગલા. મરીને જાવું છે નરકે. આહા..હા..! એ નરકના કુબા બાંધવા છે ત્યાં હેઠે. પડ્યા છે અત્યારે રાવણ નરકે પડ્યો છે. પોકાર.. પોકાર... પોકાર... ભવિષ્યમાં ભલે ચક્રવર્તીનો પુત્ર થશે. સીતાજી ચક્રવર્તી થશે અને એનો દીકરો થશે. પણ અત્યારે? સીતાજી આત્મજ્ઞાનપૂર્વક સ્ત્રીનો દેહ હતો. ભાન (થયું). સ્ત્રીનો છેદ કરી નાખ્યો, વૈમાનિક દેવ થયા. સ્ત્રીનો દેહ હતો, સ્ત્રીવેદનો છેદ કરી નાખ્યો. ભાન સમ્યગ્દર્શન થયું શુદ્ધનું. અરે..! જેને રાવણ ઈચ્છે. છેદ કરી નાખ્યો. સુંદર રૂપ હતુંને બહુ? એટલું સુંદર કે આમ સીતાજીને મોહ્યા. મંદોદરી કહે છે, તમે બળાત્કાર કરો. અરે..! બળાત્કાર મારાથી કેમ થાય? આમ સતીને આમ જોવે છે ત્યાં. આહા..હા..! કોઈ કહે છે, પણ તું રામનું રૂપ લે. તો તને પ્રસન્ન થશે, નહિતર નહિ લે. પણ રામનું રૂપ લઉ ત્યાં મને સીતા માતા દેખાય છે. રૂપ લઉ ત્યાં માતા દેખાય મારે શું કરવું? આહા..હા..! રાવણના રૂપે મને વૃત્તિ આવી રહે છે, પણ રામનું જ્યાં રૂપ ધારણ કરું ત્યાં મને સીતા માતા દેખાય છે. સમજાય છે? એ રામનો કેવો આત્મા હશે એમ એને હતું તો ખરું ઘણું, પણ મારી નાખે માન. સમજાય છે કાંઈ?

એ રામચંદ્રજી પુરુષોત્તમ પુરુષ છે પુણ્ય લઈને આવ્યા છે અને મોક્ષ જાવું છે. અમે સીતાને ન્યાયથી લેશું, અનીતિથી નહિ લઈએ. અમે બળદેવ, વાસુદેવ થઈને અવતર્યા. અમારે બીજો ઉપાય નથી. આહા..હા..! રાવણને મારે છે. પોતે બાળવા જાય છે સાથે. વાત છે આ? કોણ છે? ત્રણ ખંડનો ધણી ઓલો રાવણ. મારી નાખ્યો ચક્ર લઈને ફડાક દઈને. મંદોદરી પાસે જાય છે બા! માતા! બહેન! અમારે તારી સાથે, તારા ધણી સાથે વેર નથી હોં. પણ આ મારી નાખ્યોને? માતા! મારે બીજો ઉપાય નથી. અમારી પુણ્યની પદવી એવી છે એ સ્થિતિમાં આમ બને છે. એવું શાસ્ત્ર કહે છે અને આ રીતે ફળે. માતા! આપણે ચાલો હવે. સાથે મડદાને લઈને મોટો શણગારીને એય બાળવા ગયા. સાથે રામ અને લક્ષ્મણ મોઢા આગળ. વિભિષણને બોલાવીને કહે, બાપા! આ રાજ તારું હોં! અમારે રાજ-બાજ જોતું નથી. અહીં તો અમારી આજ્ઞા માને બસ છે. સમજાણું કાંઈ? એ પુણ્યને લઈને આવો

ભાવ હતો, પણ અંદર આદર નહોતો. લક્ષ્મણજી .. છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- શું આપે શાણપણું? ગૃદ્ધીપણું છે ત્યાં ગૃદ્ધિમાં મૂંઝાઈ જાય. એ ધૂમાડામાં ઈયળ ચડી જાયને એટલે મૂંઝાઈ જાય ક્યાં જાવું અહીંથી. રસ્તામાં જોયુંને ઓલો પ્રકાશ એવો પડેને એમાં મરી જાય છેને આમાં? ઉંદરને જોઈએ છીએને વચમાં. પ્રકાશમાં મૂંઝાઈ જાય. આમ જાવું કે આમ? મૂંઝાઈ જાય... મૂંઝાઈ જાય. ભાન ન મળે કે આ શું કરું છું. આ રામચંદ્રજી. શાસ્ત્ર સાંભળ્યું નથી? પ્રતિવાસુદેવ છે. વિભિષણે કહ્યું છે ભાઈ! તમે તો પ્રતિવાસુદેવ છો. ભગવાનના શાસ્ત્રમાં આવ્યું છે કે રામ અને (લક્ષ્મણ) બળદેવ અને વાસુદેવ થશે. આપને ઉડાવશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ક્યાં? કઈ રીતે? અહીં આવ્યાને. અન્યાય કર્યો નથી એણે. અમે લેવા આવ્યા છીએ સીતાજીને બસ. અમને સીતાજી આપે તો અમારે ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાવણે ક્યાં ન્યાયથી કર્યું? એ તો અન્યાય છે, એનો તો બધો અન્યાય છે. મેં કે દિ' ન્યાયનું કીધું? કોણે કીધું? તમે સમજ્યા નહિ. એ તો રામચંદ્રજીનું કીધું. તમને સમજ્યા ફેર શું થઈ ગયું. ધ્યાન રાખો આમ સમજવામાં. રામચંદ્રજીએ જઈને કહ્યું એમ કહું છું. મંદોદરી પાસે રામચંદ્રજીએ કહ્યું, રાવણને માર્યા પછી. માતા! અમારો બીજો ઉપાય નહોતો. રામચંદ્રજી કહે છે. રાવણને ક્યાં? એ તો અન્યાયમાં વયો ગયો. એ તો મરીને નરકે ગયો. એ તો વાત કરી નહિ? રામચંદ્રજીએ કહ્યું એમ કહ્યું. એને કથાની ક્યાં ખબર છે? નવા હજી આવ્યા છે બધા બહાર. ઠીક. તમારો બચાવ કર્યો ઠીક.

રામચંદ્રજીએ કહ્યું. મારીને ઘરે ગયા ફટ દઈને પાછા. બહાર માર્યો અંદર જ્યાં .. એકદમ ગરી ગઈ. સેના સેના બધા કરોડો સેનાઓ હથિયાર મૂકી દીધા ફટ દઈને. .. છે બધાને. અમારે બીજું કાંઈ નથી હવે. એ તો ફક્ત આ હતું. જઈએ છીએ ઓલામાં. અમારી બહેન છે માતા. એમ રામચંદ્રજીએ કહ્યું, અમારો બીજો ઉપાય નહોતો. માતા! તારા પતિને મારવા અમારે આવવું નહોતું, પણ આ પુણ્ય જ એવું છે કોઈ કે, આ સ્થિતિ જ એવી ભગવાને વર્ણવી છે. આમ બોલે છે હોં! અમે માફી માગીએ છીએ માતા! આહા..હા..! સમજાણું કાંઈ? ઉત્તમ પુરુષો છે તે ઉત્તમપણું છોડે ક્યાંય? ગમે તે સ્થિતિમાં હોય નહિ ઉત્તમપણાનો એક અંશ જાય એમાંથી કાંઈ? એ તો ઉત્તમપણામાં જ રમતા હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**મરકર ઊપરકો જાવેંગે ઔર સમ્યક્ત્વ રહિત હૈં, ઉનકા પુણ્ય-કર્મ ભી પ્રશંસા યોગ્ય નહીં હૈ.**' આત્માના ભાન વિનાના પુણ્ય દુનિયામાં માને, લાખો માને, કરોડો માને, દુનિયા પ્રશંસે પણ એ પુણ્ય સારા નથી. એની સાથે શું સંબંધ છે? આહા..હા..! '**વે પુણ્યકે ઉદયસે ક્ષુદ્ર (નીચ) દેવ...**' આત્માના ભાન વિનાના કોઈ પૂર્વના પુણ્યને લઈને અથવા વર્તમાન પુણ્ય કરશે... સમજાણું કાંઈ? (તો) '**નીચ દેવ, તથા ક્ષુદ્ર મનુષ્ય...**' દેખો! ભાષા! ત્યાંથી મરીને પણ ક્ષુદ્ર-હલકા મનુષ્યો થાય. '**સંસાર-વનમેં ભટકેંગે.**' ચોર્યાશીના અવતાર રખડશે, ઓલો મોક્ષ જશે. '**યદિ પૂર્વકે પુણ્યકો યહાં ભોગતે હૈં, તો તુચ્છ ફલ ભોગકે નરક-નિગોદમેં પડેંગે.**' લ્યો! મિથ્યાદૃષ્ટિ જેની દૃષ્ટિ જ અંદર ખોટી છે. પૂર્વના પુણ્યને લઈને ભોગાદિ પુણ્ય લોકો પ્રશંસે. ઓહો..હો..! એવું પણ હોય અને વર્તમાન શુભભાવ પણ હોય. સમજાય છે કાંઈ? છતાં એ નરક અને નિગોદમાં આગળ જઈને જશે. એની ગતિ બીજી ન હોય. આહા..હા..! આ મેળ કરવો.. જગતને સમ્યગ્દર્શનનું માહાત્મ્ય અને મિથ્યાદર્શનનું હલકાપણું (ભાસતું નથી). કહો, ભીખાભાઈ! આહા..હા..!

'**ઈસલિએ મિથ્યાદૃષ્ટિયોંકા પુણ્ય ભી ભલા નહીં હૈ. નિદાનબંધ પુણ્યસે ભવાન્તરમેં ભોગોંકો પાકર પીછે નરકમેં જાવેંગે. સમ્યગ્દૃષ્ટિ પ્રથમ મિથ્યાત્વ અવસ્થામેં કિયે હુએ પાપોંકે ફલસે દુઃખ ભોગતે હૈં,...**' ભોક્તા હોય, દુઃખ ભોગે છે એ વ્યાખ્યા કરી છે. સંયોગ એને મળશે પૂર્વના પાપને લઈને. સમ્યગ્દર્શન અત્યારે પામ્યો પોતાના પુરુષાર્થથી. પૂર્વના પાપને લઈને હલકી યોનિમાં સાધારણ ગયો હોય. મનુષ્યાદિ સાધારણ થયો, ગરીબના ઘરે અવતર્યો હોય. '**લેકિન અબ સમ્યક્ત્વ મિલા હૈ, ઈસલિયે સદા સુખી હી હોવેંગે.**' આત્મશ્રદ્ધાના અનુભવથી વર્તમાન સુખી, સ્વર્ગમાં સુખી અને પછી પણ સુખી. આ બહારના સાધને પણ અનુકૂળ એમ કહે છે અહીં તો. જેવા સમ્યગ્દૃષ્ટિને બહારના સાધન મળે એવા મિથ્યાદૃષ્ટિને મળે નહિ. તીર્થંકર ને બળદેવ બધા સમ્યગ્દૃષ્ટિ થાય, મિથ્યાદૃષ્ટિ ન થાય.

'**આયુકે અંતમેં નરકસે નિકલકે મનુષ્ય હોકર ઊર્ધ્વગતિ હી પાવેંગે,...**' લ્યો! સમજાય છે? કદાચિત સમકિત પહેલા આયુષ્ય બંધાઈ ગયું હોય તો નરકમાં જાય તો '**મનુષ્ય હોકર ઊર્ધ્વગતિ હી પાવેંગે,...**' ત્યાંથી નીકળીને (મનુષ્ય થઈને મોક્ષ જશે). આવે છેને, યોગીન્દ્રદેવમાં આવે છે એક શ્લોક. સમકિતી કદાચ નરકમાં જાય તો એ કર્મ ખપશે. એનું કર્મ ખપવા માટે જાય છે ત્યાં. આહા..હા..! '**ઔર મિથ્યાદૃષ્ટિ જો પુણ્યકે ઉદયસે દેવ ભી હુએ હૈં, તો ભી દેવલોકસે આકર એકેન્દ્રિય હોવેંગે.**' મરીને એકેન્દ્રિય થાશે. આહા..હા..! અહીં લોકો એને મહાત્મા, સાધુ, મહંત માનતા હોય. હોય મિથ્યાદૃષ્ટિ, શ્રદ્ધા તદ્દન ખોટી અને મરીને જશે દેવ-બેવ થાય (પછી) એકેન્દ્રિય. '**ઐસા દૂસરી જગહ ભી**

ઈત્યાદિ શ્લોકસે કહા હૈ,...'

वरं नरकवासोऽपि सम्यक्त्वेन हि संयुतः।
न तु सम्यक्त्वहीनस्य निवासो दिवि राजते।।

**'કિ સમ્યક્ત્વ સહિત નરકમેં રહના ભી અચ્છા,...'** એ આત્માની દૃષ્ટિના અનુભવના દોર સહિત નરકમાં રહેવું પણ સારું છે કહે છે. **'ઔર સમ્યક્ત્વ રહિતકા સ્વર્ગમેં નિવાસ ભી શોભા નહીં દેતા.'** સમજાણું? આત્માની આત્મદૃષ્ટિ, સ્વરૂપનો અનુભવ દૃષ્ટિ સહિત નરકમાં હોય તો, કહે છે, સારો છે અને સમકિત વિનાનો દેવ અને મોટો રાજા-ચક્રવર્તી થાય કે શેઠિયા મોટા અબજોપતિ થાય, ભૂંડું છે કહે છે. આહા..હા..! પરમાત્મપ્રકાશ છે. **'શોભા નહીં દેતા.'** સમજાણું?

**'અબ ઈસી બાતકો ફિર ભી દૃઢ કરતે હૈં -'** ૫૯.

१८६) जे णिय-दंसण-अहिमुहा सोक्खु अणंतु लहंति।
तिं विणु पुण्णु करंता वि दुक्खु अणंतु सहंति।।५९।।

ગુલાંટ ખાઈને બે વાત કરે છે. **'જો સમ્યગ્દર્શનકે સન્મુખ હૈં,...'** આ સમ્યગ્દર્શન ક્યુ હશે? ઓલા આઠમાનું હશે આ? આ ચાલી આવે છે વાત કે સમ્યગ્દર્શન અનુભવની, અનુભૂતિની. આહા..હા..! સમજાણું કાંઈ? આઠમા (ગુણસ્થાન)વાળો દેવલોકમાં જાતો હશે? ભાઈ! લ્યો આઠમા દેવલોકમાં જાય અને ત્યાંથી પછી આમ થાશે અને પછી આમ થાશે. આહા..હા..! અહીં તો સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનથી ઉપાડીને વાત કરી છે. આહા..હા..! **'જો સમ્યગ્દર્શનકે સન્મુખ હૈં, વે અનન્ત સુખકો પાતે હૈં,...'** કારણ કે દૃષ્ટિ પડી છે ચૈતન્ય આનંદ ઉપર એ સાધક થઈ થઈને ક્રમે ક્રમે કેવળજ્ઞાનને પામશે.

**''तेन विना' ઔર જો જીવ સમ્યક્ત્વ રહિત હૈં, વે 'पुण्यं कुर्वाणा अपि' પુણ્ય ભી કરતે હૈં,...'** હવે આ શાસ્ત્ર આમ પોકાર કરે છે. એના વિના તારા દયા, દાન, ભક્તિ, વ્રત ને પૂજા એ બધા ફોગટ, એકડા વિનાના મીંડા છે એમ કહે છે. અરે હાય..હાય..! ભગવાનથી ચાલ્યો આવે છે આવો ધર્મ અને તમે .. કરો! પ્રભુ! એમ રહેવા દે ભાઈ! તારી માન્યતા પ્રમાણે ચાલ્યો આવે ધર્મ એમ તું માને એવા કાંઈ ગજ કામ આવે? ત્યારે ઓલો કહે, સમકિત સહિત તો પુણ્ય સારુંને? પણ પુણ્ય સમકિત સહિતનું ક્યું? સારાનો ક્યાં પ્રશ્ન છે? એના શુભભાવમાં આદર નથી એથી એ સ્વર્ગમાં જાઈને પછી પણ એના ફળમાં આદર એને હશે નહિ. માટે ક્રમે ક્રમે એને કેવળજ્ઞાન થશે એમ કહેવું છે. પુણ્ય અને વિકલ્પને આદર માને ને સારો માને તો આ એક કોર ભગવાન રહી ગયો અને એને ખોટો માન્યો. આહા..હા..! અજર અમર પ્યાલા.

**'તો ભી પુણ્યકે ફલસે અલ્પ સુખ પાકે સંસારમેં અનન્ત દુઃખ ભોગતે હૈં.'** લ્યો! મિથ્યાદૃષ્ટિ... ઓલો અનંત સુખ (પામશે). આને અલ્પ સુખ સંસારીનું પામી તે અનંત દુઃખને ભોગવશે. નિગોદ... નિગોદ... નિગોદ... ભાઈ! નરક અને નિગોદ. આહા..! અરે..! પણ અત્યારે આમ દેખાય એવાને. લાખ-લાખ, બબ્બે લાખ, પાંચ-પાંચ લાખ માણસ આમ ભેગા થાય લ્યો! મોટા મહંત મહાત્મા કહેવાય. અને હોય હેઠે જવાના હોં બધા. દૃષ્ટિ ખોટી, શ્રદ્ધા મિથ્યાત્વ, પુણ્યમાં ધર્મ માનનારા, પુણ્યથી ધર્મ મનાવનારા. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે થોડું પુણ્ય બાંધશે કદાચિત, અલ્પ સુખ ભોગકે અનન્ત દુઃખ ભોગતે હૈં. જુઓ!

**'ભાવાર્થ :- નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ નિશ્ચયસમ્યક્ત્વકે સન્મુખ હુએ જો સત્પુરુષ હૈં,...'** દેખો! ચોથાની જ વાત છે આ. **'નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ નિશ્ચયસમ્યક્ત્વકે સન્મુખ હુએ જો સત્પુરુષ હૈં,...'** લ્યો! **'વે ઈસી ભવમેં યુધિષ્ઠિર, ભીમ, અર્જુનકી તરહ અવિનાશી સુખકો પાતે હૈં,...'** પાંચ પાંડવ હતાને? અહીં શેત્રુંજય હતા પાંચેય. સમ્યગ્દૃષ્ટિ મુનિ હતા, આત્મજ્ઞાની હતા, આત્મધ્યાની હતા. અહીં ગયા હતા પાંચ. દુર્યોધનના ભાણેજે આવીને લોઢાના દાગીના પહેરાવ્યા. ઝળહળતા, હળહળતા. આમ આનંદને સ્પર્શતા, આનંદને વેદતા ત્રણ તો મોક્ષ પધાર્યા. યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન ત્રણ તો મોક્ષ પધાર્યા આ શેત્રુંજય ઉપર.

**'ઔર કિતને હી નકુલ, સહદેવકી તરહ અહમિંદ્ર-પદકે સુખ પાતે હૈં.'** બે જે હતા એને જરી વિકલ્પ આવી ગયો શુભ રાગનો. અરે..! આ મોટાભાઈને શું (હશે)? દાગીના અહીં પહેર્યા, અહીં પહેર્યા મુગટ લોઢાના અહીં પહેરાવ્યા ધગધગતા. રાજકુમારો, માખણ જેવા શરીર. એટલો વિકલ્પ આવ્યો. અહમિન્દ્રનું પુણ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધમાં ગયા. અહમિન્દ્ર થયા. ઓલા ત્રણ મોક્ષ ગયા, બે અહીં (સ્વર્ગમાં ગયા). આ શેત્રુંજય. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન હતું તો **'અવિનાશી સુખકો પાતે હૈં, તથા જો સમ્યક્ત્વસે રહિત મિથ્યાદૃષ્ટિજીવ પુણ્ય ભી કરતે હૈં, તો ભી મોક્ષકે અધિકારી નહીં હૈં, સંસારીજીવ હી હૈં, યહ તાત્પર્ય જાનના.'** લ્યો! એ આત્માના સમ્યગ્દર્શનના અનુભવ વિના જેટલા પુણ્યાદિ કરે અને એનું અભિમાન કરે છે અને એ ક્રિયાને ધર્મ માને છે એ બધા પાપી સંસારના અધિકારી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૬, ગુરુવાર, તા. ૨૭-૦૧-૧૯૬૬**
**ગાથા-૬૦-૬૧, પ્રવચન-૧૧૦**

પરમાત્મપ્રકાશ બીજો ભાગ. ૬૦મી ગાથા. 'આગે **निश्चयसे मिथ्यादृष्टियोंके पुण्यका निषेध करते हैं—**' '**अथ निश्चयेन पुण्यं निराकरोति—**' એમ છે મૂળ તો. એનું નિરાકરણ કરે છે. એ તો પછી નિષેધ શબ્દ એણે વાપર્યો છે.

૧૮૭) **पुण्णेण होइ विहवो विहवेण मओ मएण मइ-मोहो।**
**मइ-मोहेण य पावं ता पुण्णं अम्ह मा होउ।।६०।।**

એમ છે શબ્દ. એક શ્લોક તિલોયપણંતિમાં, બીજા ભાગમાં ૮૭૯ પાને ૫૨મી ગાથા છે, એ જ ગાથા છે. એ તિલોયપણંતિ તો વર્ણન છે લોકનું, છતાં એ ગાથાઓ બધી આવી નાખી છે. એ ઓલી ૭૭મી ગાથા હતીને પ્રવચનસારની એ એમાં છે. એ ૫૪મી છે.

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।७७।।**

.... એ ૫૩મી છે. બધી ગાથાઓ ભાવનાની ઊંચી લીધી. નહિતર આ તો તિલોયપણંતિ છે. લોકનું વર્ણન કરણાનુયોગનું છે. છતાં એમાં ભાવનાનું યથાર્થ પણ કહ્યું છે. ઘણી ગાથાઓ છે એવી.

શું કહે છે? '**पुण्यसे घरमें धन होता है,...**' ઘરમાં એટલે? વૈભવ. એમ કહેવું છેને અહીં? વૈભવ કહે છેને? આ બંગલા મળે, ફર્નીચર મળે, દાગીના મળે, આ મોતીઓ, સોનાના દાગીના લટકે એ મળે. સાચા મોતીના હાર, આ લટકે લવીંગીયા. સમજાણું કાંઈ? એ બધા વૈભવની વ્યાખ્યા છે એ બધી. પૂર્વના પુણ્યને લઈને એવા વૈભવની સંપદા પ્રાપ્ત થાય છે. એક સિદ્ધાંત તો એ કે વૈભવ મળે એ વર્તમાન પુરુષાર્થથી નથી. એક સિદ્ધાંત. વર્તમાન તો રાગ કરે છે રળવાનો. રાગ તો પાપ છે. પાપમાં પૈસા મળે કે વૈભવ મળે એમ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શું વર્તમાન પુરુષાર્થથી મળે છે? મલૂકચંદભાઈ વયા ગયા. કહો, સમજાણું કાંઈ? એ પૂર્વના શુભભાવ હોય છે. એણે પુણ્ય બાંધેલા હોય મિથ્યાદૃષ્ટિએ, આત્માની દૃષ્ટિ વિના. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમાં વિકલ્પ જે પુણ્યનો ઉઠે એ બંધનું કારણ છે. એમ

જેણે માન્યું નથી, જાણ્યું નથી, હેયબુદ્ધિ કરી નથી, એને જે પુણ્યભાવ થાય છે એ પુણ્યથી એને વૈભવ મળે. સમજાણું કાંઈ? પૂર્વના બાંધેલા પુણ્યથી આ ધૂળનો વૈભવ મળે. ઘરમાં સામગ્રી, પૈસા, મોતી, માણેક, હીરા કે આ લક્ષ્મી બે, પાંચ, દશ લાખ જે ધૂળ કહેવાય ઈ—એ બધા પૂર્વના પુણ્યને લઈને એ મળે.

**'ઔર ધનસે અભિમાન હોતા હૈ,...'** આત્મા જ્ઞાનાનંદ શુદ્ધસ્વરૂપનું જેને ભાન નથી, વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથે આત્મા જ્ઞાન સ્વરૂપ આનંદ કહ્યો છે એની જેને અંતર રુચિ નથી અને જેને પુણ્ય શુભભાવની રુચિ છે, એ રુચિવાળાને પુણ્ય બંધાય, શુભભાવ છે એટલે. પણ એનાથી એને વૈભવ મળશે. વૈભવને લઈને અભિમાન થશે એને. અમે પૈસાવાળા છીએ, અમે ધનાઢ્ય છીએ, અમે મોટી પદવી દશ-દશ હજાર, પંદર, વીસ-વીસ હજારના માસિક પગારવાળા છીએ. એમ એને અભિમાન વધશે. કેમકે આત્માની દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય છે એનું તો ભાન નથી. તેથી અજ્ઞાનીને **'ધનસે અભિમાન, માનસે બુદ્ધિભ્રમ હોતા હૈ,...'** આંખ ઓડે જશે એને. અમે જ રળનારા છીએ, અમે જ કામણગારા છીએ, અમે જ હોશિયાર છીએ. કહો, ધર્મચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ કરોડ, બે કરોડ, પાંચ કરોડ રૂપિયા મળે. ગરીબમાંથી પાંચ કરોડ થાય તે હુશિયારી વિના થાતા હશે? પૂછો હિંમતભાઈને, એના ભત્રીજાને પૂછી જુઓ લ્યો. કહો, સમજાણું કાંઈ? કહે છે, હુશિયારી-બુશિયારી કાંઈ તારી કામ આવતી નથી ભાઈ! પુરુષાર્થ તો આત્માનો સ્વભાવ સમજવામાં, એને ઓળખવામાં, ઠરવામાં પુરુષાર્થ કામ આવે છે. રાગના પુરુષાર્થથી પૈસા મળે અને લક્ષ્મી ને વૈભવ મળે એ વાતમાં એક્કે દોકડો સાચો નથી. બરાબર હશે? તમે તો હોશિયાર બહુ કહેવાતા. આહા..હા..!

કહે છે કે અજ્ઞાનીઓને પુણ્યના ફળમાં લક્ષ્મી આદિ વૈભવ, આબરૂ, કીર્તિ આમ ખમ્મા... ખમ્મા... ખમ્મા... થતું હોય. કહે છે કે એને અભિમાન વધશે, અભિમાનથી એની બુદ્ધિ ભ્રમ થઈ જશે. એને એમ જ થશે કે હું જ જાણે કાંઈ બધો રળાઉ છું. મારાથી બધું પ્રાપ્ત થાય. અમે વ્યવસ્થા દુકાન ઉપર બરાબર થડો જાળવીએ અને અમે થડો જાળવીએ ત્યારે મળે એવું સાધારણ બેસે તો નહિ મળે. લ્યો! થડો સમજાણું? થડો એટલે શું? દુકાન ઉપર બેઠક-બેઠક બરાબર એની હોયને ગાદી અને તકિયો. ત્યાં બેઠા અમે બરાબર જાળવીએ તો બાર મહિને લાખ, બે લાખ, પાંચ લાખ પેદા કરીએ. આ બધા સાધારણ છોકરાઓને ભાન ન મળે, એના એ ગરીબ રહી ગયા. એમ અજ્ઞાનીને આત્મા શુદ્ધ ચૈતન્યના સમ્યગ્દર્શનનું ભાન નથી. એવા ભાન વિના એણે કાંઈ પુણ્ય બાંધ્યા હોય એના ફળમાં એને વૈભવ મળશે,

પણ એને અભિમાન થશે અને અભિમાનથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જશે. મૂઢ થઈ જશે, મૂઢ.. અમે શું કરીએ ને શું માનીએ છીએ! સાધારણ પ્રાણી ધર્મી જીવ હોય અને એને પૈસા-બૈસા લક્ષ્મી ન હોય તો એનો પણ એ તિરસ્કાર કરી નાખશે. સમજાણું કાંઈ? જેઠાભાઈ! કહો, પાંચ-પાંચ, ચાર-ચાર હજાર દિવસના પેદા કરતા હોય લ્યો! લાખ-લાખ પેદાશ એક દિવસના, તો કાંઈક હુશિયારી હશે કે નહિ? ધૂળની હુશિયારી નથી એમ કહે છે અહીં. મૂઢ જીવે પૂર્વે કોઈ રાગની મંદતાથી પુણ્ય બાંધ્યા હોય અને રાગનું અભિમાન કર્યું છે (કે) અમે રાગ છીએ. ભગવાન આત્મા રાગથી ભિન્ન ચિદાનંદ મૂર્તિ છે એની દૃષ્ટિ અને જ્ઞાન અને સમ્યક્ અનુભવ કર્યો નથી, રાગનો અનુભવ કર્યો છે એણે. એવા રાગના ફળમાં એને પૈસાના અભિમાન થઈને બુદ્ધિ ભ્રષ્ટ થશે. કહો, ધીરૂભાઈ! બરાબર વાત છે?

**'मति मोहेन'** મતિ ભ્રમ થવાથી, **'બુદ્ધિકે ભ્રમ હોનેસે (અવિવેકસે) પાપ હોતા હૈ,...'** પાપ બાંધશે. **'ઈસલિયે ઐસા પુણ્ય હમારે ન હોવે.'** આચાર્ય કહે છે કે આવા પુણ્ય અમારે ન જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કરીને ધર્મીને સમજાવે છે કે એવા પુણ્ય અમારે કામના નથી ભાઈ!

**'ભાવાર્થ :-...'** જુઓ કહેશે. **'ભેદાભેદરત્નત્રયકી આરાધનાસે રહિત,...'** આવા પુણ્ય કોણે કેમ બાંધ્યા છે? કે નિશ્ચય અને વ્યવહાર સમ્યગ્દર્શન, નિશ્ચય વ્યવહાર સમ્યગ્જ્ઞાન, નિશ્ચય અને વ્યવહાર સમ્યક્ચારિત્ર. નિશ્ચય એટલે આત્મા આનંદ જ્ઞાનાનંદમૂર્તિ વીતરાગસ્વરૂપ આત્મા છે એવું અંતરમાં સમ્યગ્દર્શન નિશ્ચય. એ સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને નવ તત્ત્વના વિકલ્પની શ્રદ્ધા એ વ્યવહાર સમ્યગ્દર્શન છે. આત્માનું જ્ઞાન, જ્ઞાનથી વેદન થાય એ નિશ્ચય જ્ઞાન. શાસ્ત્ર આદિનું જ્ઞાન વ્યવહાર જ્ઞાન. સર્વજ્ઞના શાસ્ત્રનું જ્ઞાન. આત્માનું ચારિત્ર, સ્વરૂપમાં રમણતા એ વીતરાગ ચારિત્ર, એ નિશ્ચયચારિત્ર. પંચ મહાવ્રતના પરિણામ વચ્ચે આવે એ વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. એવી જેણે ભેદાભેદ રત્નત્રયની આરાધના કરી નથી, નિશ્ચય અને વ્યવહાર શું સ્વરૂપ છે એનું જેણે ભાન કર્યું નથી.

એણે તો **'દેખે, સુને, અનુભવ કિયે...'** આત્મા તો દેખ્યો નથી. આત્મા ખરેખર સાંભળ્યો પણ નથી એણે. આત્મા અનુભવ્યો પણ નથી. બહારની વાતું અનંતી શુભાશુભ પરિણામની વાતું સાંભળી કે એના ફળની વાતું સાંભળી છે. દેખેલા, સાંભળેલા અને અનુભવેલા એવા **'ભોગોંકી વાંછારૂપ...'** કારણ કે એ જોયું એની ઉપર એની બુદ્ધિ છે, રુચિ છે ત્યાં. અનાદિના પુણ્ય કરે તેમાં રુચિ ત્યાં છે. આ પુણ્ય ફળશે અને આપણે સ્વર્ગ મળશે અને આપણે શેઠિયા થાશું અને મોટા અધિક થાશું. એમ મૂઢની રાગ અને પુણ્યભાવ ઉપર જેનો પ્રેમ અને રુચિ છે. એવા જીવને **'નિદાનબંધકે પરિણામોં સહિત...'** કારણ કે હેતુ

તો ત્યાં પુણ્યનો પડ્યો છે. એવા હેતુ '**સહિત જો મિથ્યાદષ્ટિ સંસારી (અજ્ઞાની) જીવ હૈં, ઉસને પહલે ઉપાર્જન કિયે...**' જુઓ! એવા '**સંસારી અજ્ઞાની જીવ હૈં, ઉસને પહલે ઉપાર્જન કિયે ભોગોંકી વાંછારૂપ પુણ્ય ઉસકે ફલસે...**' સમજાણું? ખરેખર અનુભવ નથી એટલે ભોગની વાંછા છે એમ કહેવામાં આવે છે. સીધી રીતે ભોગની વાંછા હોય તો તો પાપ પરિણામ થાય.

'**ભોગોંકી વાંછારૂપ પુણ્ય ઉસકે ફલસે પ્રાપ્ત હુઈ ઘરમેં સમ્પદા...**' લ્યો! સમજાણું કાંઈ? જેને આત્મા અખંડાનંદ શુદ્ધ સ્વરૂપ એનું અંતરદર્શન-સમ્યગ્દર્શન નથી એથી એને પુણ્યના ફળની જ ઈચ્છા છે. એ ભાષા એમ આવે છેને ભાઈ! સમયસારમાં પણ. ભોગની, ભોગની ઈચ્છા એટલે? મૂળ તો ભોગની આમ સીધી ઈચ્છા હોય તો તો પાપ છે, પણ ઓલો અનુભવ સમ્યગ્દર્શન નથી એટલે એની ભાવના નથી એટલે એને રાગના અનુભવની ભાવના છે. એમ ભોગની ભાવના આમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવે છેને ત્યાં, નહિ? બંધ અધિકારમાં. '**धम्मं भोगणिमित्तं**' ભોગનિમિત્ત એટલે? ભોગ નિમિત્તે કરે તો પાપ થાય. એ શબ્દો આમણે લીધા છે. આચાર્યોએ તો જે પરંપરા સમયસાર આદિની વાત છે એ જ પરંપરાની વાત રાખી છે, ફેરફાર કાંઈ નથી. ભોગોની વાંછારૂપ એમ શબ્દ વાપર્યો છે જુઓ! ત્યાં પણ એમ વાપર્યો છે કુંદકુંદાચાર્યે '**धम्मं भोगणिमित्तं**'. ધર્મ એટલે શુભભાવ ભોગના કારણે. અનુભવન તો છે નહિ. આત્મદર્શન શું છે, જ્ઞાન શું, વસ્તુ શું છે એનું ભાન નથી. એટલે એનો હેતુ રાગના દયા, દાન, વ્રતના પરિણામ છે. હેતુ ત્યાં બંધાઈ ગયેલો છે. એના ઉપર એનો અનુભવ છે, એનો એને ભોગવટો છે, એના ફળમાં એને પુણ્ય બંધાશે. ઈચ્છા ત્યાં છે. એ અપેક્ષાએ ઈચ્છા ત્યાં કીધી છે. નહિતર આમ ભોગ મને મળે એવી સીધી ભાવના હોય તો પાપ છે. સમજાણું કાંઈ?

'**ભોગોંકી વાંછારૂપ પુણ્ય ઉસકે ફલસે પ્રાપ્ત હુઈ ઘરમેં સમ્પદા...**' એવા પુણ્યને કારણે મળેલી સંપદા રૂદ્ધિ જુઓને. ઓહો..હો..! કેટલા પૈસા મળે છે લ્યો! સમજાણું? પૈસા એટલા પેદા થાય કે ઘરમાં ગોઠવવા ક્યાં એને? ૮૧માં એક જણો કહેતો હતો એક માણસ. ચોમાસુ .. મારે પૈસા એટલા પેદા થાય છે કે ખંપાળીએ ભેગા કરું એટલી પેદાશ છે. ૮૧ની સાલમાં. ધારશીભાઈ. ૮૧. કેટલા વર્ષ થયા? ૪૧ વર્ષ થયા. પણ એના પહેલા ચોમાસુ રહેવાની માગણી કરી હતી ૭૯માં. અમારે થયું પછી ૮૧માં. એના પહેલા માંગણી કરી કે જુઓ તમારું ... મારે એટલી પૈસાની પેદાશ છે કે ખંપાળીએ... ખંપાળી સમજાય છે? આ ખડ કચરો ભેગો કરવાની. એટલે પૈસાની પેદાશ ઘણી હતી લાખોની, ઘણી લાખોની પેદાશો. ત્યારે તો ઘણા પૈસા કહેવાતાને કરોડપતિ કહેવાતા. ધારશી કેવા? ધારશી જીવણ.

ગઢડાના, ગ્યાસતેલના વેપારી મોટા. લાખો, ઘણા લાખોની પેદાશ. જુઓ, ચોમાસું હતું (માટે) દુકાન બંધ કરી. ભાઈ એ અમારે મોખ હોય ત્યારે રહેવાય. તમારી માંગણીથી અને તમે નવરા થઈને આવો માટે રહીએ એવું કાંઈ છે નહિ. પછી ૮૧માં થયું અને આવ્યા થોડું. ... નહોતા આવ્યા. સમજાણું કાંઈ? પછી તો બધા વાંધા ઉઠેને સૌને.

અહીં કહે છે, એ પુણ્યના ફળમાં ઘરમાં સંપદા મળશે. આત્માની શાંતિ નહિ મળે. મિથ્યાદૃષ્ટિની પુણ્ય ઉપર પ્રીતિ છે, અજ્ઞાનીને પુણ્ય શુભભાવના ઉપર દયા, દાન, વ્રતના પરિણામ એ શુભ છે એના ઉપર અજ્ઞાનીની પ્રીતિ અને પ્રેમ છે. મિથ્યાદૃષ્ટિને એના પુણ્યથી પૈસા મળશે ભવિષ્યમાં, સંપદા મળશે દેવ આદિ થશે. અભિમાન-ઘમંડ થશે એને. પાંચ-પાંચ આમ દસ-દસ લાખની મોટરું ઘરે હોય, આમ-આમ મોટા બંગલા વીસ-વીસ લાખના બંગલા મોટા. ઓહો..હો..! એમ જ થઈ જાય એને કે હું જ પરમેશ્વર છું અત્યારે. પેદાશ કરનારો જ હું છું એટલે મારા સિવાય બીજો પ્રભુ વળી ક્યાં હતો? પ્રભુ હશે કોઈ એને ઘરે. અહીં તો નાખીએ એમ નીકળે છે. .. નાખીએ ત્યાં પેદા થાય લ્યો! ફટ... ફટ... ફટ... આહા..હા..! કહો, મનસુખભાઈ!

એવા છેને આપણા વાણિયામાં અત્યારે પૈસા નથી, ઓલા કેવા? શાંતિલાલ ખુશાલ, ગોવામાં ૪૦ કરોડ રૂપિયા. પચાસ હજારની પેદાશ એક દિવસની પચાસ હજારની. જોરાવરનગરમાં છેને એમનું, મકાન છે જોરાવરનગરમાંમાં. શાંતિલાલ ખુશાલદાસ પાનસણાવાળા. ગોવામાં છે અત્યારે. ૪૦ કરોડ રૂપિયા દશાશ્રીમાળી. એક જણો એનો બનેવી કહેતો હતો, એથી વધારે હશે. દેખાતું નથી. ધૂળમાં પણ એમાં આત્માને શું? સમજાણું કાંઈ? ખાવા બેઠા તો કહે બટાટા આપ્યા. ભાઈ! તો આ કહે બટાટુ અમે ન ખાઈએ. શું જીવ ગરી ગયા છે એમાં કાંઈ? શું ગરી ગયું છે એમાં? એ.. ન્યાલભાઈ! એ બિચારા કહેતા હોં! પોપટભાઈ. છોકરા આવ્યા નથી? થાકી ગયા હશે. આજે ગયા હતાને વનમાં.

મુમુક્ષુ :- વનમાં ફરવા ગયા.

ઉત્તર :- ના ના. આવી ગયા છે. આવી ગયા છે. એ તમને ખબર નથી. દોઢ વાગે, એક વાગે આવી ગયા. એક વાગે આવી ગયા છે. અહીં આવી ગયા હતાને અમારી પાસે. થાકી ગયા હશે. સમજાણું કાંઈ? એટલા એ પૈસામાં.. ઓલો કહે, પણ આ બટાટામાં અનંત જીવ છે. શું જીવ ગરી ગયા એમાં? ક્યાં ગરી ગયો જીવ? ભગતડા આવા ને આવા. એવું છે ભાઈ ત્યારે. ફાટી જાય આંખો. બુદ્ધિ ભ્રમ થઈ જાય. હવે જન્મ્યા-જન્મ્યા. એલા! બટાટામાં અનંત જીવ એટલી ખબર નથી? એની એક કણીમાં અનંતા આત્મા છે, એક શરીરમાં અનંતા જીવ છે. એવા અસંખ્ય શરીરની કટકી થઈ છે આટલી. બટાટાની, શકરકંદની, આ લસણની,

આ શું કહેવાય? ડુંગળી, આ લીલ-ફુગ. પાણીના આવા ગોદડા હોય છેને. એક કટકીમાં અસંખ્ય શરીર છે રાઈ જેટલી કણી. એમાં એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ છે. જીવ છે, એ કાંઈ નથી એમ નહિ. પણ હું જીવ છુંને આ પૂર્વના પુણ્યને લઈને આ મળ્યું, વળી બીજો ક્યો જીવ હતો અહીં? ધીરુભાઈ! મગજ ફાટી જતાં હશે અંદર, કહે છે.

'**घरमें सम्पदा होनेसे अभिमान** (ઘમંડ) **होता है, अभिमानसे बुद्धि भ्रष्ट होती है,...**' પછી અભિમાનથી શ્રદ્ધા પણ રહે નહિ. જાવ નહિ. અમે આ હાથે પૂર્વે કર્યા એ અત્યારે અમે ભોગવવીએ. જુઓ! બાદશાહીથી ભોગવીએ છીએ. '**बुद्धि भ्रष्टकर पाप कमाता है,...**' આ રાજા, મહારાજા હોં મોટા પાપ બાંધે જાય નીચે નરકમાં. પૂર્વના પુણ્યને લઈને કે કરોડ, બે કરોડના તાલુકા મળ્યા હોય. '**और पापसे भव भवमें अनंत दुःख पाता है.**' લ્યો! એવું પુણ્ય '**मिथ्यादृष्टियोंका पुण्य-पापका ही कारण है.**' એમ કહેવું છે. અભિમાનને કારણે હોં! સમજાણું કાંઈ? '**सहितेन पुण्यं**' એમ છેને? આરાધના રહિત કરતાં કરતાં. અહીં વાત તો એટલી જ કરી છે '**जनयति बुद्धिविनाशं च करोति।**' બસ એટલો પાઠ ભાઈ! એટલી વાત છે.

'**जो सम्यक्त्वादि गुण सहित...**' પણ જો સમ્યગ્દર્શન આત્માનું ભાન હોય, આત્મા જ્ઞાનાનંદ અતીન્દ્રિય આનંદની મૂર્તિ એવું સમ્યગ્દર્શન હોય. આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ સર્વજ્ઞપદનો સ્વભાવ ધરનાર જ હું આત્મા છું, વિકાર આદિ મારા સ્વરૂપમાં નથી, સંયોગ નહિ, હું તો સર્વજ્ઞસ્વરૂપી છું. એવી અંતર દૃષ્ટિ જ્ઞાનની, અનુભવની થઈ હોય, એ ગુણ આદિ, સમ્યક્ત્વાદિ લીધું છેને? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપનું ચારિત્ર. એ સહિત ભરત ચક્રવર્તી. લ્યો! છ ખંડના ધણી ભરત, જેને ઘરે છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ, છન્નું હજાર સ્ત્રી, બોત્તેર હજાર નગર, અડતાલીસ હજાર પાટણ. કહો, સમજાણું કાંઈ? એક અંશ અભિમાન નહિ. અરે..! એ ચીજ અમારી ક્યાં છે? જ્યાં અંદર એક શુભભાવ દયાનો થાય એ પણ અમારો નથી, એ પણ અહંકાર નથી તો આ પૂર્વના પુણ્ય જડના ફળ આ બહાર આવ્યા એ અમે એમાં નથી અને એ અમારામાં નથી. એમ સમ્યગ્દૃષ્ટિ જીવને ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં પુણ્યના પરિણામથી માંડીને પૂર્વના પુણ્યના ફળમાં એને અભિમાન હોતું નથી. કહો, સમજાણું કાંઈ? જેને પુણ્ય આદિના ફળમાં અભિમાન (છે) તેને આત્માની દૃષ્ટિ નથી. જેને આત્માની દૃષ્ટિ છે એને પુણ્ય પરિણામથી માંડી પરના ફળમાં એને અભિમાન હોતા નથી. કહો, સમજાણું કાંઈ?

ચક્રવર્તી એટલે ઓહો..હો..! જેને ઇન્દ્રો જેની બેઠકમાં આવે ભેગા, મિત્રો ઇન્દ્ર જેના.

સોળ હજાર દેવ (સેવા કરે). જેના સિંહાસનમાં ઇન્દ્રો બેસે, મિત્ર તરીકે બેસે. આહા..હા..! એ નહિ, એ નહિ, એ નહિ. એ તો બહારના વૈભવ ૠદ્ધિ પૂર્વના પુણ્યની છે, અમારો આત્મા નહિ એમાં અને એ આત્માથી ઉપાર્જેલા નથી. પૂર્વે એવો શુભભાવ થયેલો, આત્માની શાંતિ દાઝેલી, શાંતિ દાઝેલી એનાથી થયા શુભભાવ, એનાથી બંધાણું પુણ્ય, એનાથી મળ્યા ઢગલા. સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવને એનું અભિમાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવા ગુણ સહિત ભરત, સગર** (ચક્રવર્તી), **રામચંદ્રજી,...**' બળદેવ ત્રણ ખંડના અધિપતિ રામચંદ્રજી પુરુષોત્તમ પુરુષ. એક અંશે અંદરમાં અભિમાન નથી પરનું હોં! રાજપાટમાં દેખાય. પુણ્યવંત છે, રત્નની પૂતળી જેવા એના શરીર હોય. સમજાય છે? અને મહા હીરા આદિ ઉત્તમ કરોડ કરોડના હીરા એવા હીરાના હાર પહેર્યા હોય. એ મડદે હાર નાખ્યા એવું એને હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પાલીશ લાકડે સળગાવે મડદાને એ મડદું ખુશી નથી. અને મોટા લાકડા લોઢાના ત્રણ ત્રણ મણના જેવા લાકડા મૂકે માથે ને સળગાવે તો એ કાંઈ નારાજ નથી.

સમ્યગ્દૃષ્ટિ જીવ, આહા..હા..! સંયોગમાં અને સંયોગના ભાવમાં અભિમાન નથી. એ ચીજમાં હું નથી, એ ચીજ જ હું નથી. આહા..હા..! મારી સંપદા તો કેવળજ્ઞાનનો કંદ પ્રભુ ભગવાન આત્મા છે. એ સંપદા આગળ આ સંપદા તો ધૂળ પુણ્યના ફળ છે. એ ધર્મી એના અભિમાનમાં અહંકાર એને, ઘમંડ એને હોતો નથી, એને ઘમંડ હોતો નથી. આને તો થોડાક જ્યાં પાંચ, પચાસ લાખ મળે ત્યાં હું પહોળો ને શેરી સાંકડી એમ ચાલે. આમ હાથ બે પગ ઊંચા આમ હાથે ચાલે આમ. આમ. હાથ તો .. પણ જ્યારે પાંચ, પચાસ લાખ મળે અને બે, ચાર, પાંચ, દશ લાખની પેદાશ હોય વર્ષની... ધીરૂભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- .... માણસ તરી જાય.

ઉત્તર :- તરી જાય. શું કરે? સામો સાંઢડો આવે તો તરી જાય છે કે નહિ ઓલો? ઓલાને જરી હાથ પહોળો કરતો હોયને એમ કહેવું છે અહીં. ઓલો જાણે આમાં અથડાશે. સાંઢડો આવે તો તરવું. એમ આ પણ સાંઢડો છે એક મોટો. બીજું શું છે? સમજાણું કાંઈ? આહા..હા..!

સગર અને રામ. આહા..હા..! રામ જેવા પુરુષો આમ મહાપુરુષો. ક્ષમા, અમારો કોઈ દુશ્મન નથી. અમારા કોઈ વેરી જગતમાં છે જ નહિ હોં! આ રાવણ છેને? એ તો એવો કોઈ પૂર્વનો પાપનો ઉદય એવો સંયોગ આવે. સંયોગ આવે એ કાંઈ અમને નુકસાન કરે છે એમ નથી. અનુકૂળ સંયોગ એ અમને લાભ કરે છે એમ નથી. અમારી સંપદા તો અમારી પાસે જ છે. અંતર્મુખ ચૈતન્યના નિહાળમાં જેને બહારની સંપદાનો અંશ પણ અંતરના કારણે

અભિમાન આવતું નથી. સમજાણું કાંઈ?

એ લડાઈમાં એમ છે. રાગ જરી દ્વેષ આવી જાય છે. અરે..! આ નહિ હોં નહિ. અસ્થિરતા થઈ જાય છે, અસ્થિરતા થઈ જાય છે. એ લડાઈની ક્રિયાઓ પણ હાથી ઉપર બેઠા હોય અને આમ બાણ ચાલતા હોય. જાણે છે કે અરે..! આ અજીવની પ્રવૃત્તિનું પરાવર્તન આ સામે દેખાય છે. દ્વેષનો અંશ જે આવે છે એ ઝેર છે, અમને શાંતિની લૂંટ પડે છે. એટલે એની અંદર દ્વેષના ભાવનો પણ આદર નથી, ઠીક થાય છે એમ નથી એને હેયબુદ્ધિ વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સગર (ચક્રવર્તી), રામ પાંડવાદિક...**' જુઓ! પાંડવો—ધર્મરાજા, ભીમ, અર્જુન એટલી શક્તિઓ, એટલી શક્તિઓ, એટલી શક્તિઓ છે. નિર્માન નિર્માન છે. કુટુંબમાં ક્લેશ થાય તો કહે ભાઈ! એને એ થાય તો એને જોતું હશે. આપણે આપી દ્યો. તોય ન માન્યા એટલે લડાઈ કરી એટલે સામે જરી લડાઈ કરવાનો ભાવ આવે, છતાં ખેદ છે એને. સમજાણું કાંઈ? અરે..! અતીન્દ્રિય આનંદનો ડુંગર જેને નજરમાં આવ્યો છે, જેને સમ્યગ્દર્શનમાં આત્મા અતીન્દ્રિય જ્ઞાનનો ડુંગરો જેને પ્રતીતમાં આવ્યો છે, એને આ તે રાંકા, વિષ્ટા ને ઝેર જેવા રાગ એના ઉપર એને પ્રેમ કેમ થાય? સમજાણું કાંઈ?

'**પાંડવાદિક વિવેકી જીવ હૈં, ઉનકો પુણ્યબંધ અભિમાન નહીં ઉત્પન્ન કરતા,...**' વાત એમ છે. એને... શું કીધું? '**सम्यक्त्वादिगुणसहितं पुण्यबन्धवत्**' બસ એટલું. એને પુણ્યના ફળ અભિમાન કરતું નથી. અમે નથી જેમાં એમાં અમે કેમ માનીએ? જેમાં અમે નથી એને અમે કેમ માનીએ? જેમાં અમે નથી તેને અમારા કેમ માનીએ? સમજાણું કાંઈ? શરીર, પુણ્ય ફળ ઢગલા (હોય). અરે..! પ્રભુ! એ તો દુનિયાના ઢગલા ધૂળના છે. આહા..હા..! એમાં અમે નથી, એ અમારા કેમ કહેવાય? અને જે અમારા હોય એ અમારાથી જુદા કેમ રહે? સમજાણું કાંઈ?

સમ્યગ્દષ્ટિને પોતાનો આત્મા નજરમાં દેખાય છે. સંસારમાં હોવા છતાં, છ ખંડના રાજમાં પડ્યો છતાં. છન્નું હજાર સ્ત્રી ભરતને હતી. છન્નું હજાર સ્ત્રી. કહેવાય. એને હતી? કે ના. એને નહોતી અને કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? એને હતી અનંતી ઋદ્ધિનો ધણી આત્મા એની સંપદામાં હતો. આહા..હા..! એણે પૂર્વના પુણ્ય કરેલા, માય નહિ એટલા પુણ્યો, ઈન્દ્રો આવીને સેવા કરે. ભરત! જરૂર પડે તો અમને યાદ કરજો. ઈન્દ્રો આવીને કહે, ભરતજી! જરૂર પડે તો અમને યાદ કરજો. ઓહો..! આ કહે એ દેવ કરીને શું કરશે અમને? સમજાય છે? અમારી સંપદાની પ્રાપ્તિમાં બહારની કોઈની જરૂર નથી. એમ પરના અભિમાન છોડી અને એને અહંકાર અને ઘમંડ થતો નથી, બસ એટલી વાત છે. સમજાણું?

એ ગાથા તિલોયપણંતિમાં પણ લીધી છે. ૫૨. લખ્યું છેને એમાં. પાનું ૮૭૯ તિલોયપણંતિ ભાગ-૨, ગાથા-૫૨. લખી છે તે દિ'. આવા લખાણ શાસ્ત્રમાં આવે એને સમજે નહિ. આહા..હા..! વાંચ્યુંને આખું? કે થોડું બાકી છે? હળવે-હળવે વાંચજો. સર્વજ્ઞની ચર્ચા આવી છે વાંચવા જેવી. પછી વાંચજો. કોઈ સુમતિપ્રસાદ અને મુખત્યાર બેની. 'મુ' અને 'સુ' એમ લખ્યું છે એમાં. બેય સમજ્યા નથી કેવળજ્ઞાન એટલે શું. કોક બીજો છે એને સમજણ નથી. કોણ હશે કોઈ સુમતિપ્રસાદ, સહારનપુરનો ... સહારનપુરનો લાગે છે. અનુમાન લાગે છે. સિદ્ધ પહેલા હોય માટે સાદિ-અનંત ભગવાન ભાળે. ભગવાન અનાદિ ન ભાળે એ વળી ઓલાએ સુમતિપ્રસાદે કહ્યું. આ કહે એમ નહિ. અનાદિ અનંત હોય. ત્યારે ભગવાને તો ભવિષ્ય બધું ભાળ્યું. બધું ભલે ભાળ્યું હોય પણ એમાં આમ છે. અનિયત થાય એને અનિયતે ભગવાન ભાળે છે, ફલાણું છે એમ કરીને ખૂબ નાખ્યું છે અંદર. આહા..હા..! આ તો સવારનો વિષય એ આવ્યો હતો, એમાં સામું આવ્યું છે બરાબર આજ. આવે, આવે.

ભાઈ! ભગવાન તો સર્વજ્ઞ છેને. એ તો અનાદિ અનંત છે એમ જાણે છે. કાંઈ જીવની આદિ છે તે આદિ જાણે? અને આદિ નથી માટે એણે નથી જાણ્યું એમ છે? ભાઈ! અનાદિ માન્યું એટલે જાણ્યું નહિ એણે. ઓલાએ ત્યાં સુધી લીધું છે કે સંખ્યા છેને અનંત કાળની અનંત તો એમાં એક, બેથી શરૂ થાય છે, અનંત જાણ્યું એણે એકથી જાણવું જોઈએ. એ શરૂઆત થાય ઓલો સામોવાળો પૂછે. એમ ન હોય. એમ કરીને અનાદિ-અનંત છે એમ તો કહ્યું છે. પણ પદાર્થ છે એમાં પદાર્થનું જેવું થાય છે એવું ભગવાને કહ્યું છે. જાણ્યું છે એમ નથી કીધું પાછું. અને એવું કહ્યું છે એ પ્રમાણે જાણે તો આ વિવાદ આપણે સમાપ્ત થઈ જશે. એમ છેલ્લે એમ લખ્યું. આહા..હા..! અરે..! એ વિવાદ સમાપ્ત થાય તો તો થઈ રહ્યુંને.

સર્વજ્ઞ ભગવાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક, ત્રણકાળ વર્તી છે એ એક સમયમાં આમ જાણે. ત્યાં તો બધો ખુલાસો થઈ ગયો. જે સમયે જે દ્રવ્યની પર્યાય ઉપાદાનથી થાય ત્યારે થાય છે, નિમિત્ત જોડે હોય છે.. એમાં આનાથી એ થયું રહેતું નથી. તેમ સર્વજ્ઞે જોયું તેમ થાય. 'જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા, અણહોની કબહુ ન હોસી કાહે હોત અધિરા?' એવી દૃષ્ટિ જેને થઈ એને તો નિમિત્ત ને વિકલ્પથી રુચિ ખસી ગઈ. સર્વજ્ઞપદ મારું છે એમ દૃષ્ટિ થઈ. એટલે એમાં વ્યવહાર પહેલો, નિશ્ચય પછી (એમ) આવતું નથી. આહા..હા..! સર્વજ્ઞ સ્વભાવનો નિશ્ચય થયો ત્યારે રાગ બાકી રહ્યો એ વ્યવહાર કહેવાણો. ત્યારે ઓલી ચીજ કોણ હતી એ નિમિત્તનું જ્ઞાન થયું. એમાં નિમિત્ત-ઉપાદાન, નિશ્ચય-વ્યવહાર

અને ક્રમબદ્ધ બધો સિદ્ધાંત સર્વજ્ઞના નિર્ણયમાં આવી જાય છે, કોઈ બાકી રહેતું નથી. શું થાય પણ? એ હવે એ તકરાર કાંઈ...

અહીં તો કહે છે સમ્યગ્દષ્ટિએ સર્વજ્ઞ સ્વભાવનો નિશ્ચય કર્યો છે. સમજાણું કાંઈ? એથી એને કોઈ ક્રિયા મારાથી થાય જડની, રાગની એમ માનતો નથી. તેથી એને અભિમાન કોઈ ઉપર છે નહિ કાંઈ. કોને કરું? કોને દઉં? કોને સમજે, કોણ સમજે મારાથી? હું છું એ મને સમજીને ઠરું એક જ વાત છે. સમજાણું કાંઈ? વિકલ્પનું પણ અભિમાન નથી. કારણ કે રાગ છે, રાગનું કર્તૃત્વ નથી, પણ રાગ આવ્યા વિના રહેતો નથી. એમ જ્ઞાની જાણતો રાગના ફળમાં, પુણ્યના ફળમાં ઘમંડ એને આવતો નથી.

'**જૈસે અજ્ઞાનીયોંકે પુણ્યકા ફલ વિભૂતિ ગર્વકા કારણ હૈ,...**' બસ આટલી વાત. અજ્ઞાનીને પુણ્યનું ફળ વિભૂતિ આદિ અભિમાનનું (કારણ) ઘમંડ થાય, ઘમંડ આમ. માથું ઊંચું આમ અભિમાન... અભિમાન... '**વૈસે સમ્યગ્દષ્ટિયોંકે નહીં હૈ.**' સમ્યગ્દષ્ટિ અંતરમાં ઠરે છે. અજ્ઞાની બહારમાં ગર્વમાં મરે છે. આ અમારા, આ અમારા. સમજાણું? ઘણા વર્ષની એક વાત હતી. મુંબઈમાં માલ લેવા ગયેલાને એક દિ' માલ ઘણો. બે ટીકીટ લીધેલી. માલ ઘણો. પછી એક મહા સંસારનો ખટપટી, અટપટી સાથે આવેલો સાથે. ઓલી ટીકીટ લે ને શું કહેવાય બે પૈસાની? પાસ, પાસ. એ પાસ લઈને અંદરનો માલ ઘણો અને બે ટીકીટ અને તમે પાસ લઈને શું કરો છો તમે આ? માલ તો અમારો છે ભેગો. હું અને કુંવરજીભાઈ બે હતા. પાસ લઈને બે, પાંચ જણા ભેગા આવ્યા અને માલ ઘણો. કીધું, આ ન્યાય છે? ભગતડા સમજતા નથી. ભાઈ! શું કરો છો? ટીલું તાણે મોટું હોં આવડું. દેરાવાસી હતા. આ શું કાળાકેરની વાતું? સમજાણું કાંઈ? એવા અભિમાન ચાલવાનું, બોલવાનું આમ ચાલાક... ચાલાક... ચાલાક... હોં! પાછો વ્યભિચારી. બધી ખબર અમને એની બધી વાતની. પણ આમ હુશિયાર એવો, કોઈને ખબર ન મળે. શું કહેવાય? ટિકિટવાળો. ટિકિટ ચેકર. ફટ ફટ અંદર ગરે અને ફટ ફટ માલ મૂકે અંદર ચડાવી દે. હવે ત્યાં તમારું છે ગામ છે પાલેજ. હવે ત્યાં તમારે વાંધો નથી. હવે પણ વાંધો નથી આ વાંધા. એય..! ધર્મચંદજી! અમારે વાંધો તો બધો બહુ ઉઠતો હોય એમાં પણ. આ ન હોય. પણ આવા ડહાપણ, આ ડહાપણ ન કહેવાય. આ કાળાકેર કદાચ જો આ પકડેને આમાં ભાવ તો તમારો જુઓ. બે જણાને દોઢ મણ હોય એમ હતું ને તે દિ' એમ હતું ભાઈ. એક જણે તે દિ' પોણો મણ હતું. હવે જે થયું હોય એ ખરું. તે દિ' એક ટીકીટને પોણો મણ હતું, બેમાં દોઢ મણ હતું તે દિ'. આ તો ઘણા વર્ષની વાત છે. ૬૬-૬૫-૬૪ની વાત છે. એલા! દોઢ મણનું આઠ મણ ક્યાં નાખો છો, તમે કીધું, સાથે? નાખોને માલના ઓલામાં ભલે પૈસા

આવે. નહિ. એ ડહાપણ માને એને બુદ્ધિવાળા. ભ્રષ્ટ થઈ ગયા છે બુદ્ધિમાં. સમજાણું કાંઈ?

એ સંસારના હુશિયાર કહેવાય. આમ કેમ કામ લેવા ને કેમ પાર પાડવા એ બધી ચતુરાઈના કામ છે. કેમ હશે? કારણ કે બધું અમે જોયું છેને, દુકાનમાં પણ બધું જોયું છે. માલ લેવા બહાર જતાં બધું કંઈકના જોયેલા નાની ઉંમરમાં. અરે..! આ તે ગોટા ઊંધા! શું કરે છે આ લોકો? સીધી રીતે વાત કરીને સીધી રીતે કહો. પૈસા દેવા પડે પાંચ રૂપિયા તો દઈને દઈ દે. પણ આવા કરીને શું? ત્યાં પેદાશ ઘણી છે દુકાને. આટલા એક પચ્ચીસ રૂપિયામાં કે દશ રૂપિયામાં ફેર કરશે એમાં શું ઘટી જવાનું છે? કીધું. દુકાને પેદાશ ચાલે છે. આવા ને આવા. એને પાછા માને ઘમંડ અને ઓલાને માને હલકા. આવડત નથી. ધર્મચંદજી! એ બાત હૈ? આહા..હા..!

મમ અહંકાર વિકલ્પ... કહે છે કે સમ્યગ્દષ્ટિને એવું અભિમાન ન હોય. '**વે સમ્યગ્દષ્ટિ પુણ્યકે પાત્ર હુએ...**' જુઓ! ભાષા. ધર્મી તો મહા પુણ્યના પાત્ર. એને ઘરે પુણ્ય હોય એવા મિથ્યાદષ્ટિને હોય નહિ. પૂર્વમાં પુણ્ય બાંધેલા સમ્યગ્દષ્ટિએ. જેને ઘરે ચક્રવર્તી, બળદેવ તીર્થંકરપણા જેને ફળે (–આવે). સમ્યગ્દષ્ટિના પુણ્ય એવા. મિથ્યાદષ્ટિના પુણ્ય હોઈ શકે નહિ એવા. એ તો '**પુણ્યકે પાત્ર હુએ...**' સમજાણું? '**पुण्यभाजनाः**' છેને અંદર, સંસ્કૃત છે. '**यदि पुनः सर्वेषां मदं जनयति तर्हि ते कथं पुण्यभाजनाः सन्तो**' એમ છેને? પુણ્યના ભાજન. સમજાણું? '**ચક્રવર્તી આદિકી વિભૂતિ પાકર મદ અહંકારાદિ વિકલ્પોંકો છોડકર...**' આહા..! અમે તો ભગવાન શુદ્ધ ચૈતન્ય છીએ. આ પૂર્વના પુણ્યથી આ મળ્યું એનો વિકલ્પ એ પણ અમારી ચીજ નથી. એનો વિકલ્પ છોડી, અહંકાર છોડી સ્વરૂપમાં ઠર્યા છે ઈ. સમજાય છે કાંઈ? '**વિકલ્પોંકો છોડકર મોક્ષકો ગયે અર્થાત્ સમ્યગ્દષ્ટિજીવ ચક્રવર્તી બલભદ્ર-પદમેં ભી નિરહંકાર રહે.**' લ્યો! ચક્રવર્તીના પદ મળે, બલભદ્રના પદ મળે. તીર્થંકરની તો વાત જ શું કરવી! એની તો વાત નથી. એ પુરુષો પણ નિરહંકાર, નિરભિમાન, નિરભિમાન. આહા..હા..! સમજાણું? '**ઐસા હી કથન આત્માનુશાસન ગ્રંથમેં શ્રી ગુણભદ્રાચાર્યને કિયા હૈ,...**' શું કહ્યું? જુઓ શ્લોક છે.

'सत्यं वाचि मतौ श्रुतं हृदि दया शौर्यं भुजे विक्रमे लक्ष्मीर्दानमनूनमर्थिनिचये मार्गे गतिर्निर्वृत्तेः। येषां प्रागजनीह तेऽपि निरहंकाराः श्रुतेर्गोचराश्चित्रं संप्रति लेशतोऽपि न गुणास्तेषां तथाप्युद्धताः।।'

'**શ્રી ગુણભદ્રાચાર્યને કિયા હૈ, કિ પહલે સમયમેં ઐસે સત્પુરુષ હો ગયે હૈં, કિ જિનકે વચનમેં સત્ય,...**' હતું. મોટા બળભદ્ર, ચક્રવર્તી, તીર્થંકરગોત્રની શું વાત કરવી! પણ કહે છે કે જેના વચનમાં સત્ય તરતા, સત્ય નિતરતા. આહા..હા..! પુણ્યના ઢગલા.

એકલા પરમેશ્વર હોય, અજ્ઞાની તો પરમેશ્વર માને એવા પુણ્ય હોય બળભદ્રના આદિના. જેના વચનમાં સત્ય નીતરતા હોય. '**બુદ્ધિમેં શાસ્ત્ર,...**' જોયું! વચનમાં સત્ય, બુદ્ધિમાં શાસ્ત્ર રમતા હોય. આહા..હા..! '**મનમેં દયા,...**' બુદ્ધિમાં શાસ્ત્રનું જ્ઞાન છે, મનમાં દયા- બીજા પ્રાણીને નુકસાન ન કરવું એવો એનો ભાવ હોય છે. પુણ્યના પુતળા મહા! એક ક્ષણમાં જો વિરુદ્ધ કરે તો બધાનું કરી શકે એવા (છતાં) નરમાશ... નરમાશ... નરમાશ...

'**મનમેં દયા, પરાક્રમરૂપ ભુજાઓંમેં શૂરવીરતા,...**' હાથમાં શૂરવીરતા, મોટા સિંહને પકડવા હોય તો કાનબુટ્ટી પકડીને ઊભા રાખે. પાછળથી પૂછડાની જો છેડ જરી આવી હાથમાં, આમ દાબે ત્યાં પેશાબ નીકળી જાય ઓલાને. એટલા શૂરવીર, પણ અહંકાર નહિ હોં. આહા..હા..! મોઢા આગળ જો કાન પડ્યો, મોઢુ આવ્યું હોય તો કાન પકડ્યો હોય છેલ્લી ટીશી કાનની. આમ પકડે. લીંડા કાઢે. આ તે છે કોણ? અને પાછળના ભાગમાં એને પૂછડું પકડ્યું હોય આમ જાતો હોય ને પાછળનો જરીક ટીશી છેલ્લો આમ (પકડે). એટલું એનામાં બળ હોય છે કહે છે, તો પણ એ નિર્માની છે એમ કહે છે. ભુજામાં એટલું બળ હોય છે કે સિંહને આમ આમ ઊભો રાખે આમ કરીને હોં. પૂંછડાનો એક ભાગ જો આમ અડે ત્યાં ઓલો ઊભો થઈ જાય. આ તે કોણ છે? ફુંફાડો કરી શકે નહિ એ. એવા જેના ભુજાના બળ, એ પણ મદમાં, અભિમાનમાં આવતા નહોતા. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો જરીક શરીરનું બળ થોડુંક હોય ત્યાં તો આમ તમને કરશું, આમ કરીશું. ઊભા નહિ રહેવા દઈએ હોં! ગામમાં પેશાબ ખોદી નાખશું તારો હશે તોપણ, ઊભા રહેવાની જગ્યા નહિ મળે તને ગામમાં. ઓહો..હો..! શું હશે જાણે! કેટલાનો અધિપતિ ને કેટલાનો ધણી.

'**ભુજાઓંમેં શૂરવીરતા, યાચકોંમેં પૂર્ણ લક્ષ્મીકા દાન,...**' કેટલું લેવા આવ્યો છો? ભાઈ! શું કરવું છે તમારે? ઓલો પણ શરમાઈ જાય કે આપણે કેટલું માગવું? કે મારે પાંચ હજારની જરૂર છે. અરે! એટલું જ તે? ઓલો કહે એટલું જ તે? લઈ જાવ ભાઈ! આ પૈસા તમારા જ છે. યાચકો માગે તે આપે. એય..! સમજાણું કાંઈ? અઢળક કરોડો, અબજો રૂપિયાની મોટા પૂજા કરતા ને એવી કિંમત છે એની પૂજા કાઢે મોટી ચક્રવર્તી. કોઈ પણ માણસ આવે, માગે તેટલું આપે એને. મોટો મહોત્સવ ભગવાનનો મહોત્સવ કરે એ પૂજાનો. કિમ ઈચ્છમ? શું ઈચ્છા છે કોઈ પણ પ્રાણીની? સ્ત્રી, પુરુષ, કોઈ બાળક કોઈ પણ માગ તે દઈએ. દઈ દ્યો. પણ કાંઈ અમે દીધું (એમ નથી). જગતની વસ્તુ છે જગતની, એના પુણ્ય હશે ત્યાં જશે. અમે દીધી નથી, અમે આપી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના પાત્રા-બાત્રા તો ઠીક. એને તો ગમે તે થાય એની વાત નથી અહીં.

યાચક આવે તોપણ એમ નહિ, આ લઈ જા બાપા ભાઈ!

એક દાખલો નહોતો? એક દાખલો હતો. સમજ્યા? મોટો કરોડપતિ હશે ત્યાં ઓલા માણસ લેવા ગયેલા કે હજાર, બે હજાર આપે તો ઠીક. ત્યાં લેવા ગયેલા પાંચ માણસ ભેગા થઈને. ત્યાં બીડી પીતા-પીતા ઓલી દીવાસળી રહી ગઈને આટલી ઠુંઠુ તો નાખ્યું ઓલામાં બાકસમાં. માગવું શી રીતે આની પાસે? આ ઠુંઠુ અહીં નાખે છે. કેમ ભાઈ આવ્યા છો? સાહેબ! આપની પાસે આશા કરીને આવ્યા છીએ. શું આશા છે? બહુ આવું ઠુંઠુ દીઠુ તો માગવું કેટલું? એ.. મોહનભાઈ! દસ હજાર રૂપિયા. જાવ ભાઈ! દસ હજારની ચિઠ્ઠી (આપી). ઓલા કહે ભૂલ્યા. સમજાણું? લૌકિકમાં એવા હોય સજ્જન તરીકે જીવો અત્યારે હોં! દસ હજાર ભાઈ! તમારે વધારે જોવે છે? પણ વધારે કહેવું શી રીતે? પહેલેથી આટલું કીધુંને. જોવે તો લઈ જાવ હોં! જરૂર પડે તો આવજો ફરીને. હોં! આ પૈસા તમારા જ છે. એમ બોલે. લૌકિક સજ્જનની વાત છે. આ તો ધર્મીની વાતું તો શું કરવી! આહા..હા..! જે જગતની ચીજ છે, પુણ્યના જેને યોગ હશે ત્યાં જશે. એમાં અમારો વિકલ્પ પણ શું કામ આવે અને ત્યાં એ વસ્તુ જાય એમાં અમારો શું અધિકાર છે? એટલો અંદરમાં નરમાશ, નરમાશ. સમ્યગ્દૃષ્ટિ એટલો નરમ હોય છે એમ કહે છે. સમજાય છે? આહા..હા..!

જુઓને! ભુજામાં શૂરવીરતા પાછી કીધી છે. ટાણું આવ્યું હોય તો આકરા .. આવ્યા હોય તો તોડી નાખે. એ કરે. પણ એ જાતનો વિકલ્પ આવે અને શરીરથી કામ એવા થવા હોય તો થાય. છતાં એને અભિમાન અંદર ન હોય એમ કહે છે. પણ બેય કહી નાખ્યું છેને. આહા..હા..! પાછા શું કીધું છે? યાચકોને પૂર્ણ દાન હોં! સમજ્યાને? **'विक्रमे लक्ष्मीर्दानम'**. **'अनूनम'** છેને? **'अर्थिनिचये मार्गे'** જુઓ! ઓછું ન આપે. આહા..હા..! પૈસાના પ્રમાણમાં... એ માણસ અમારે ત્યાં આવ્યો, અમારે ત્યાં આવ્યો માગવા? અરે! શરમાઈએ અમે. માગવા (આવ્યો છે). બાપા, જોવે તે લઈ જા. એવા ધર્માત્મા આત્મદષ્ટિવાળા સાધન હોય તો બાપુ! એ તો બહારના સાધન છે ભાઈ! એનાથી કાંઈ આત્માને લાભ નથી. એ આત્માને લાભ તો સ્વરૂપમાં એકાગ્ર થાય એટલો અમને લાભ છે. આ ચીજોમાં કોઈ વિકલ્પ મંદ આવ્યો, લઈ જા બાપા! લઈ જા. સમજાણું? ઓલા તો આપે તો વળી બે શબ્દો ચોપડતા જાય. જુઓ આ તમને આપીએ, પણ તમારું વ્યવસ્થિત અમે દેખશું તો તમને આપશું. કહીએ છીએ અત્યારે કે દશ હજાર આપવા છે, પણ તમારું બરાબર કામ ચાલતું દેખાશે, સરખું હશે તો આપશું. નહિતર જો હવે કામ કરનારા સરખા નહિ હોય તો... એમ પહેલેથી જ ગાળો દેતો જાય. ઘણા એવા હોય છેને તમારું કામ બરાબર વ્યવસ્થિત નથી એવું અમે સાંભળ્યું છે. માટે અમારે દેવાનો ભાવ (નથી). હવે ગાળ દીધા વિના ના

પાડને કે નથી દેવું. સમજાણું? પણ ગાળ ચોપડતા જાય અને ઘમંડ એવા લાગે. અમે તો વિવેક કરીને એને દઈએ. લોભ તારો પોષે છે અને અભિમાન બીજાને ગાળો દે તું મફતમાં. ધર્મચંદજી! અહીં તો ધર્મની દૃષ્ટિ જ્યાં પ્રગટી છે, ભગવાન આત્મા અખંડાનંદ શુદ્ધ ચૈતન્યનું ભાન છે એને, કહે છે, લક્ષ્મી દેવામાં કમી ન હોય એમ કહે છે અહીં હોં! એમ છેને ભાઈ! '**अनूनम**'નો અર્થ. ઊણું નહિ, લક્ષ્મીનું દાન ઊણું નહિ. આહા..હા..! માગ. કેટલું લઉં? લઈ જાને ભાઈ! ક્યાં પણ અમારી ચીજ હતી? તું આવ્યોને તારે પુણ્ય હશે, લઈ જા બાપા! આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઔર મોક્ષમાર્ગમેં ગમન હૈ,...**' લ્યો! માર્ગે ગતિ અને પોતે શુદ્ધ સ્વભાવની અંતર ગતિ દૃષ્ટિમાં પડી છે ત્યાં ગતિ કરે છે, એમ કહે છે. વિકલ્પ આવ્યો ને આ બધું એનું એને નથી. શુદ્ધ સ્વભાવ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અનુભવ્યા છે એમાં એનું ગમન ચાલે છે. અંતર રુચિનું અંતર રુચિમાં એનું પરિણમન ચાલે છે. એને આ બહારના અભિમાન અને ઘમંડ હોતા નથી. કહો, સમજાણું કાંઈ? '**વે નિરભિમાની હુએ, જિનકે કિસી ગુણકા અહંકાર નહીં હુઆ.**' આવી કોઈ ચીજનો એને અહંકાર આવ્યો નથી. ઘણું આવી ગયું આમાં નહિ? મારા રાજ ને મારો હાથી ને રાજ બધું. અભિમાન છ ઢાળામાં આવે છે. કોના બાપા? પચ્ચીસ... મદનો ત્યાગ તો વ્યવહાર સમકિતમાં આવે છે. વ્યવહાર સમકિતમાં પચ્ચીસ પ્રકાર આવે છેને? દોષો. એમાં આઠ મદનો ત્યાગ આવે છે. પચ્ચીસમાં એ તો આવે છે હજી. નિશ્ચય સમકિતમાં તો કાંઈ વિકલ્પ જ નથી. ઓલો તો શુભ વિકલ્પમાં એવા મદ ન હોય, અમારે ન હોય, આ ન હોય. જાતિનો, કૂળનો મદનો ત્યાગ હોય છે.

'**ઉનકે નામ શાસ્ત્રોંમેં પ્રસિદ્ધ હૈં, પરંતુ અબ બડા અચંભા હૈ, કિ ઈસ પંચમકાલમેં લેશમાત્ર ભી ગુણ નહીં હૈં, તો ભી ઉનકે ઉદ્ધતપના હૈ,...**' સમજાણું નામ? અબુદ્ધ છેને? '**निरहंकाराः श्रुतेर्गोचराश्चित्रं संप्रति लेशतोऽपि न गुणास्तेषां तथाप्युद्धताः**' એમ છેને? તોપણ ઉદ્ધતપણું (છે). જરી બુદ્ધિ થોડું જ્ઞાન મળ્યું, કાંઈક પૈસા થયા, કાંઈક સંપદા મળી, કાંઈક છોકરા સારા નીવડ્યા, બાયડી સારી નીવડી, દીકરીઓ કાંઈક સારા ઘરે ગઈ, દરેકનું ઉદ્ધતપણું હોય એને. અમને આવડત છે બધી, તમને તો એક પણ ઠેકાણે પાડતા આવતું નથી. એય..! આહા..હા..! આત્માનુશાસનમાં ગુણભદ્રાચાર્ય મહા દિગંબર સંત થઈ ગયા છે. એમણે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિમાં આ રીતે વિવેક બતાવ્યો છે. સમજાણું? '**અચંભા હૈ, કિ ઈસ પંચમકાલમેં લેશમાત્ર ભી ગુણ નહીં હૈં, તો ભી ઉનકે ઉદ્ધતપના હૈ, યાની ગુણ તો રંચમાત્ર ભી નહીં, ઔર અભિમાનમેં બુદ્ધિ રહતી હૈ.**' લ્યો! એ ૬૦મી કીધી.

**'આગે દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિસે મુખ્યતાસે તો પુણ્યબંધ હોતા હૈ, ઉસસે પરમ્પરાય મોક્ષ હોતા હૈ, સાક્ષાત્ મોક્ષ નહીં,...'** એટલી વાત. એનાથી મોક્ષ ન થાય એટલી વાત છે, પરંપરા તો પછી રાગને ટાળીને થશે એમ લેવું છે એનો અર્થ. પાઠ તો આટલો છે. જુઓ, યોગીન્દ્રદેવ દિગંબર સંત મુનિ જંગલમાં રહેનારા આવા. એમણે આ પરમાત્મપ્રકાશ કરીને પુણ્ય અને ધર્મનો વિવેક ભિન્ન પાડ્યો છે. પુણ્ય જુદી ચીજ છે, સંવર-નિર્જરા આત્માના ધ્યાન અને જ્ઞાનનો થાય એ જુદી ચીજ છે. દયા, દાન, વ્રત આદિના પરિણામ પુણ્ય છે, ભગવાન આત્માની અંતર અનુભવ દૃષ્ટિ ને જ્ઞાન, સ્થિરતા એ ધર્મ છે. એવા જીવોને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય છે. સમજાય છે? **'મુખ્યતાસે તો પુણ્યબંધ હોતા હૈ,...'** મુખ્યતા શબ્દ પડ્યો છે ખરો ને. **'मुख्यवृत्त्या पुण्यं'** એટલે ગૌણ વૃત્તિ એમ કાઢ્યું એમાંથી. પછી એ શુભભાવને છોડી ક્રમે કરીને શુદ્ધ ઉપયોગ પ્રગટ કરશે ત્યારે એને મુક્તિ થશે.

**૧૮૮) देवहं सत्थहं मुणिवरहँ भत्तिए पुण्णु हवेइ।**
**कम्म-क्खउ पुणु होइ णवि अज्जउ संति भणेइ।।६१।।**

**'શ્રી વીતરાગદેવ,...'** સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વરની શ્રદ્ધા એ શુભ રાગ છે, પુણ્યભાવ છે. પરદ્રવ્ય છેને? સંવર-નિર્જરા નહિ. પંચાસ્તિકાયમાં આવ્યું છે, બધે ઠેકાણે ઘણે ઠેકાણે (આવે છે). **'દ્વાદશાંગ શાસ્ત્ર...'** ભગવાન સર્વજ્ઞના કહેલા શાસ્ત્ર. હોં! અજ્ઞાનીના કહેલા નહિ, સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે કહેલા શાસ્ત્રો. એની ભક્તિ. શાસ્ત્રનું બહુમાન છે. આમાં કાંઈક હશે નહિ? એમાં આવ્યું કે નહિ કાંઈ? ભક્તિ કરે છે સવારમાં, નહિ? છ ઢાળામાં આવે છે ઓલા ચિત્ર-ચિત્ર. શાસ્ત્રની ભક્તિનું ચિત્ર આવે છે. શાસ્ત્રની ભક્તિ સવારમાં આવી ગયું હતું, આજે નહિ આવ્યું હોય. એ આવ્યું હતુંને. એમાં પાછો દાખલો આપ્યો છે. જુઓ! આમાં ગૃહીત મિથ્યાત્વ. જુઓ પગે લાગે છે. આ ઓલી હિંસા કરે છે એને પગે લાગે છે. એકાંતવાદ દુષિત વિષયાદિ... શ્રુતકો અભ્યાસ... પગે લાગે છે. લાંબુ લાંબુ લખ્યું છે, કાંઈક અંદર પુસ્તક પડ્યા છે. કુશાસ્ત્રની ભક્તિ કરે છે. સમજાણું? એ પાપનું કારણ છે. અહીં તો સાચા શાસ્ત્ર-સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગે કહેલા એવા શાસ્ત્રની ભક્તિ પુણ્યનું કારણ છે.

**'ઔર દિગંબર સાધુઓંકી...'** મુનિવરની વ્યાખ્યા. સમજાય છે કાંઈ? જેને વસ્ત્રનો તાગો-ધાગો ન હોય. અંતરમાં ત્રણ કષાયનો અભાવ હોય, વીતરાગ દશા અંતર પ્રગટી હોય સમ્યક્ અનુભવ સહિત બહારમાં તદ્દન નગ્ન દશા હોય, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ ઉઠતા હોય એ પણ પુણ્ય છે. એવા મુનિને શ્રદ્ધવા એ પણ પુણ્યભાવ છે. સમજાણું કાંઈ? આહા..!

નિર્ગ્રંથ ગુરુ એવા મુનિ દિગંબર સંત મહાન મોક્ષગામી. પણ કહે છે કે એ પર વસ્તુ છેને, એની ભક્તિ એ પુણ્યભાવ છે. સમજાણું કાંઈ? સવારમાં આવ્યું હતું નહિ? સાધારણ આહાર, પાણી દઈ મુનિને અને સંસારનો નાશ માને એ કુશાસ્ત્ર છે, એમ કહેનારા કુશાસ્ત્ર છે. છ ઢાળામાં આવ્યું હતું. સમજાણું કાંઈ?

અહીં કહે છે '**મુખ્યતાસે પુણ્ય હોતા હૈ,...**' '**पुण्यं भवति**' પાઠમાં તો આમ છે બસ. '**લેકિન તત્કાલ કર્મોંકા ક્ષય...**' સમજાય છે? ભક્તિ આ '**पुण्यं भवति कम्म-क्खउ पुणु, होइ णवि कर्मक्षयः पुनर्मुख्यावृत्या नैव भवति।**' એમ ટીકામાં નાખ્યું છે. '**मुख्यावृत्या**' શબ્દ છેને? '**લેકિન તત્કાલ કર્મોંકા ક્ષય નહીં હોતા,...**' શુભ રાગથી કર્મક્ષય ન થાય. એ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પુણ્યનું કારણ છે. પાપથી બચવા શુભભાવ સમકિતીને આવ્યા વિના રહે નહિ. ભક્તિનો ભાવ હોય, શુભભાવ હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, સ્તુતિ, વંદન હોય. સમ્યગ્દષ્ટિ એને પુણ્યનું કારણ જાણે છે. એના રહિત આત્માનું જેટલું સમ્યગ્દર્શન અને આશ્રય થયો છે એટલું સંવર, નિર્જરાને મોક્ષનું કારણ માને છે. એવા બે ભાવ સમ્યગ્દષ્ટિને હોય છે. સમ્યગ્દર્શન થયું એટલે કાંઈ શુભભાવ ન હોય એમ નહિ. પણ માને છે કે આ પુણ્યબંધનું કારણ છે. પાપથી બચવા કષાયની મંદતાનો ભાવ એવો સમ્યગ્દષ્ટિને પણ આવ્યા વિના રહે નહિ જાણે, હેયબુદ્ધિએ જાણે. સમજાય છે?

''**आर्यः शांतिः' એસા શાંતિ નામ આર્ય અથવા કપટ રહિત સંત પુરુષ કહતે હૈં.**' આવું માયા વિનાના સંત પુરુષો દિગંબરો કહે છે, એમ કહે છે. કપટી જે હોય એ તો એમાં પુણ્યમાં ધર્મ મનાવશે એમ કહે છે. સમજાણું? અમારી ભક્તિ કરો તમારો મોક્ષ થાશે એ અજ્ઞાની કહે છે કપટી બતાવે એવો એમ કહે છે અહીં. સાચા ધર્માત્મા સંત દિગંબર મુનિ એ પોતાના આત્મજ્ઞાનમાં મસ્ત છે. શુભ વિકલ્પ હોય છે, બીજા ભક્તિ એની કરે છે છતાં એને કહે કે બાપુ! એ તમને અમારી ભક્તિથી શુભભાવ પુણ્ય છે હોં. એ નિષકપટી નિશલ્યો વૃત્તિ. શલ્ય વિનાના સંતો એમ કહે છે અહીં. જેને શલ્ય નથી મિથ્યાદર્શન, નિદાન આદિ એવા સંત મુનિ આત્મધ્યાનમાં ત્રણ કષાય રહિત વીતરાગ દશા પ્રગટી છે એવા આચાર્યો એમ કહે છે કે અમારી ભક્તિથી તને પુણ્ય થશે. સમજાણું કાંઈ?

અજ્ઞાની એમ કહે છે કે અમારી ભક્તિથી તમને મોક્ષ થશે. સમજાણું કાંઈ? એમ અહીં કહેવા માગે છે ભાઈ! શાંતિ, '**आर्यः शांतिः**' આર્ય પુરુષો અને કાં ત્રણ કષાયના અભાવવાળા શાંત થયેલા મુનિ સંતો એને કહે કે અમારી ભક્તિથી, બાપુ! તમને અમારા ઉપર લક્ષ છે એટલો શુભભાવ છે. સમજાણું? એમ '**भणति**' નામ કહે છે. અજ્ઞાની એમ માનતા નથી, અજ્ઞાની કહે અમને જમાડો, અમને ખવડાવો, અમારી ભક્તિ કરો, તમારો મોક્ષ થશે જાવ,

અમે મોક્ષ જશું, અમારી સાથે આવજો. એમ વીતરાગ સંતો કહેતા નથી. વીતરાગ સંતો દાંડી પીટીને એમ કહે છે. મુખ સામો કોળિયો હોય ને નથી સારો લાગતો કહે છે લ્યો! એમ કહે ને ભાઈ! તમે અમારી ભક્તિ કરો તમારો મોક્ષ થઈ જશે. ના. શુભભાવ થશે તમને. તમારું સમ્યક્ આચરણ જેટલો આ સ્વદ્રવ્યનો આશ્રય કર્યો છે એટલો તમને મુક્તિનો માર્ગ છે. અમારી ભક્તિ એ પુણ્ય છે. એમ સંતો, સાચા સાધુ આ રીતે કહે છે એ રીતે એને માનવું જોઈએ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૭, શુક્રવાર, તા. ૨૮-૦૧-૧૯૬૬**
**ગાથા-૬૧-૬૨, પ્રવચન-૧૧૧**

પરમાત્મપ્રકાશ બીજો ભાગ.

ભાવાર્થ :- '**સમ્યક્ત્વપૂર્વક જો દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિ કરતા હૈ, ઉસકે મુખ્ય તો પુણ્ય હી હોતા હૈ,...**' આત્માના સુખની દૃષ્ટિ થઈ છે, આત્મામાં આનંદના પીપાસુ છે. સમ્યગ્દૃષ્ટિ પોતાના અતીન્દ્રિય આનંદ એના પીપાસુ છે. અતીન્દ્રિય આનંદ પૂર્ણ પ્રગટ થયો નથી, પણ અતીન્દ્રિય આનંદ આત્મા છે એ પુણ્ય-પાપના રાગથી એની ભિન્ન ચીજ છે અને સ્વભાવની શુદ્ધતાથી ભરેલું આત્મતત્ત્વ (છે) એમ અંતરમાં એકત્વબુદ્ધિથી સમ્યગ્દર્શન થયું છે. એવા સમ્યગ્દર્શનપૂર્વક શ્રાવક કે સમકિતી કોઈ પણ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે તો એમાં શુભભાવની પુણ્યતા આવે છે. '**મુખ્ય તો પુણ્ય હી હોતા હૈ, ઔર પરમ્પરા મોક્ષ હોતા હૈ.**' એટલે એ રાગ ઘટાડીને ક્રમે-ક્રમે મોક્ષ જશે. સમજાણું? એ રાગ ઘટાડીને ક્રમે ક્રમે મોક્ષ જશે. વર્તમાન તો એટલો પુણ્યભાવ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો બહુ ઉલ્લાસ ભાવ આવ્યા વિના રહેતો નથી.

'**જો સમ્યક્ત્વ રહિત મિથ્યાદષ્ટિ હૈં,...**' આત્માની દૃષ્ટિ જ ખીલી નથી, સ્વરૂપ શુદ્ધ છે એનો આનંદ દૃષ્ટિમાં ભાસ્યો નથી એવો મિથ્યાદષ્ટિ એ જે સમકિત રહિત છે, '**ઉનકે ભાવ-ભક્તિ તો નહીં હૈ,...**' ખરેખર ભાવ આત્માની ભક્તિ તો નથી, તેમ પરમાત્મા પ્રત્યે પણ ખરો ભક્તિનો ભાવ નથી. કારણ કે રાગ વિનાની ચીજ, રાગ વિનાની ચીજ પોતાની એની દૃષ્ટિ તો કરી નથી, એથી વીતરાગ પ્રત્યે ખરી ભક્તિ તો વ્યવહારે પણ એને

આવતી નથી. '**લૌકિક બાહ્ય ભક્તિ હોતી હૈ,...**' એને શુભભાવ હોય છે, દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહાર શ્રદ્ધા આદિ, પણ એ બાહ્ય ભક્તિ કહેવાય, લૌકિક ભક્તિ કહેવાય. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પરમાત્માની તો કહેવાયને?

ઉત્તર :- પરમાત્મા એટલે પર પરમાત્માની ભક્તિ, એને વ્યવહાર લૌકિક ભક્તિ છે. અંતર પરમાત્મા રાગ રહિત છે એની દૃષ્ટિમાં આવ્યો નથી. એને ખરેખર પર પરમાત્મા પ્રત્યે પણ યથાર્થ (ભક્તિ નથી). વીતરાગ પ્રત્યે જે ઉલ્લાસ વીતરાગ દૃષ્ટિથી ઉલ્લસવો જોઈએ એ એને ઉલસતો નથી. સમજાણું કાંઈ?

આત્મા રાગ અને પુણ્ય-પાપ વિકલ્પ વિનાની ચીજ (છે) એવી અંતર દૃષ્ટિ થયા વિના એને વીતરાગ પૂર્ણ સ્વભાવનું માહાત્મ્ય જ અંદરમાં આવતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? જેની દૃષ્ટિ જ પુણ્ય-પાપના પરિણામની એકત્વમાં જ પડી છે, એને રાગ રહિત ચીજ શું છે એની દૃષ્ટિ અને ભાન તો થયું નથી. એથી પૂર્ણ વીતરાગની દશા આવી હોય એવું એને અંતરમાં માહાત્મ્ય આવતું નથી. લૌકિક ભક્તિ કરે. લૌકિક એટલે બહારથી તો એની ભક્તિ દેખાય વધારે આમ, પણ અંતરમાં એને લૌકિક ભક્તિ કહેવામાં આવે છે. બાહ્ય ભક્તિ કહો, લૌકિક ભક્તિ કહો. '**ઉસસે પુણ્યકા હી બંધ હૈ,...**' મિથ્યાદૃષ્ટિ સહિત છે, એવા રાગને કારણે પુણ્યબંધ થાય. '**કર્મકા ક્ષય નહીં હૈ.**' એને અંશે કર્મનો ક્ષય નથી. કર્મના ને રાગના અભાવ વિનાની ચીજનું જ્યાં ભાન નથી એના શુભ રાગમાં તે એકલું પુણ્ય બાંધે, એને જરીએ કર્મનો ક્ષય ન થાય. સમજાણું કાંઈ?

'**ઐસા કથન સુનકર શ્રી યોગીન્દ્રદેવસે પ્રભાકરભટ્ટને પ્રશ્ન કિયા. હે પ્રભો, જો પુણ્ય મુખ્યતાસે મોક્ષકા કારણ નહીં હૈ,...**' એવા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાગ મુખ્યપણે મુક્તિનું કારણ નથી '**તો ત્યાગને યોગ્ય હી હૈ,...**' એ પુણ્યભાવ છોડવા યોગ્ય છે, એમ પ્રભાકરભટ્ટે પ્રશ્ન કર્યો. વીતરાગ સ્વભાવ આત્મા એ આદરણીય છે અને આવો ભાવ આદરણીય નથી તો પછી '**ત્યાગને યોગ્ય હી હૈ, ગ્રહણ યોગ્ય નહીં હૈ.**' એવો શુભભાવ ગ્રહવા યોગ્ય ન રહ્યો. '**જો ગ્રહણ યોગ્ય નહીં હૈ, તો ભરત (ચક્રવર્તી), સગર (ચક્રવર્તી), રામ, પાંડવાદિક મહાન પુરુષોંને નિરંતર પંચપરમેષ્ઠીકે ગુણસ્મરણ ક્યોં કિયે?** ' સમજાય છે?

'**निरन्तरं पञ्चपरमेष्ठीगुणस्मरणदानपूजादिना निर्भरभक्ताः**' નિરંતરનો અર્થ? ભાષા તો એમ જ આવેને. એને શુભ રાગની વૃત્તિ ભગવાન પ્રત્યે હોય છે. નિરંતર એની ભક્તિમાં એકાકાર છે એમ નથી, અહીં તો અપેક્ષાથી વાત છે. સમજાણું કાંઈ? પોતાનો શુદ્ધ સ્વભાવ

એની દૃષ્ટિ થઈ છે, કોઈ વખતે ઉપયોગ એમાં પણ લાગુ પડી જાય છે, પણ એને ભગવાન પ્રત્યે, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે બહુમાન અંતરમાં હોય છે એથી એને નિરંતર ભક્તિ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'મહાન્ પુરુષોંને નિરંતર પંચપરમેષ્ઠીકે ગુણસ્મરણ ક્યોં કિયે?'** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ વીતરાગભાવમય પાંચ પદ એનું સ્મરણ કેમ કર્યું? કારણ કે એમાં તો પુણ્ય બંધાય, પુણ્યબંધ તો ત્યાગવા યોગ્ય છે. ત્યાગવા યોગ્ય હોય તો કેમ એમણે પુણ્ય ઉપાર્જન કર્યું? સમજાણું કાંઈ?

બીજી વાત, **'ઔર દાન-પૂજાદિ શુભ ક્રિયાઓંસે પૂર્ણ હોકર...'** છેને? **'निर्भरभक्ताः सनतः किमर्थं पुण्योपार्जनं कुर्युरिति।'** નિર્ભર છેને ભક્તા. સમજાણું? **'દાન-પૂજાદિ શુભ ક્રિયાઓંસે પૂર્ણ હોકર...'** દાન કર્યા, પૂજા કરી, ભક્તિ કરી એવું પૂર્ણ થયું. એવી શૈલી છેને? ઓલું પૂર્ણ આવ્યું હતુંને ત્યાં આપણે? અન્યોન્યં નહોતું આવ્યું? **'लक्ष्मीर्दानमनूनमर्थिनिचये मार्गे'** ૬૦માં આવ્યું હતુંને. પૂર્ણ લક્ષ્મીનું દાન કર્યું. ઓલો અર્થ એ અપેક્ષાથી. ઓલાએ જે માગ્યું હતું એ આપ્યું. લે ભાઈ. એ પુણ્ય કહેવાય એમ. અપેક્ષાથી સમજવું જોઈએને. અહીં પણ વીતરાગ, ઓહો..! વીતરાગી સંત, સાધુ, વીતરાગી આચાર્ય, વીતરાગી ઉપાધ્યાય અને વીતરાગી અરિહંત ને સિદ્ધ એના પ્રત્યે ગુણગ્રામ કેમ કર્યા? મુનિઓને દાન ને ભગવાનની પૂજાદિ શુભ ક્રિયા પૂર્ણ હોકર ક્યોં પુણ્યકા ઉપાર્જન કિયા? પુણ્ય તો ત્યાગવા યોગ્ય કહો છો તમે. પુણ્ય તો મોક્ષનું કારણ નથી.

**'તબ શ્રીગુરુને ઉત્તર દિયા-કિ જૈસે પરદેશમેં સ્થિત કોઈ રામાદિક પુરુષ...'** પરદેશમેં સ્થિત કોઈ રામચંદ્ર આદિ પુરુષ. મૂળ સીતાજીને રામને પ્રેમ છેને એનો દાખલો વધારે આપ્યો છે. **'અપની પ્યારી સીતા આદિ સ્ત્રીકે પાससે આયે હુએ...'** સમજાણું? સીતાજીને લઈ ગયાને. એની ખબર કોઈ લાવે તો રામચંદ્રજી ખુશ થતાં. 'પોતાની વહાલી **સ્ત્રીકે પાससે આયે હુએ કિસી મનુષ્યસે બાતેં કરતા હૈ...'** ભાઈ! તું કેમ આવ્યો? ક્યાંથી આવ્યો? સીતાજી પાસેથી. શું કહે છે? એ કેમ છે? એની સ્થિતિ કેમ છે? એમ પૂછે છેને? **'બાતેં કરતા હૈ-ઉસકા સમ્માન કરતા હૈ,...'** આવો આવો, બેસો બેસો. ગામનો માણસ હોય તો એને સાધારણ ગામમાં ન પૂછે, પણ ત્યાંથી લઈને આવ્યો હોય તો એને સન્માન કરે, આદર કરે. અહો..! પ્રેમ એ શેનો છે? એ માણસનો પ્રેમ નથી, ઓલા સીતાજીના પ્રેમની ખાતર એને બહુમાન આવે છે.

**'ઔર દાન કરતા હૈ,..'** લ્યો! ભાઈ! તમારે કાંઈ જોઈતું હોય તો લ્યો હોં. પણ રહો અહીંયા એક દિ'. વાત કરો, શું છે, કેમ છે? કરે છે કે નહિ? ગામનો ઢેઢ જો આવ્યો હોય વિલાયતમાં સ્ત્રીના સમાચાર લઈને તોપણ કહે કે એલા! મારે ત્યાં આવજે આજ.

બાપુ! બાએ તો કાગળ આપ્યો છે, હાલ લાવ. ચાલ ચાલ ઘરે. મોટરમાં બેસાડી દે. ચુરમું આપે ... ઓહો..હો..! તું અહીં ક્યાંથી? બાએ કાગળ આપ્યો છે, સમાચાર આપ્યા છે છોકરાના, છોડીઓના, ફલાણાના, ઢીકણાના. એ ઓલા માણસ ખાતર નહિ, ગામમાં એ માણસની સામું પણ જોતો નહોતો. ઓલા સમાચાર લાવ્યો છે એને એ પોતે, મુખ્યતાથી વાત કરે છે, એને સન્માન કરે છે અને દાન કરે છે. '**યે સબ કારણ અપની પ્રિયાકે હૈં,...**' દેખો! એ સ્ત્રીની કારણે છે, વ્યક્તિને કારણે નથી. '**કુછ ઉસકે પ્રસાદકે કારણ નહીં હૈ.**' એને પ્રસાદ કરવો એને કારણ નથી.

'**ઉસી તરહ વે ભરત, સગર, રામ, પાંડવાદિ મહાન પુરુષ...**' ધર્માત્મા. આહા..હા..! એટલી પુણ્યની વૃદ્ધિ (તોપણ) કાંઈ ન મળે, કાંઈ નહિ. એક અંશ પણ નહિ. અરે..! અમારી આનંદ સંપદા તો ભગવાન અંતર છેને. એક રાગનું પણ જ્યાં અભિમાન નથી. એ ઋદ્ધિની જ્યાં કાંઈ પણ કલ્પના જોવામાં ન આવે. એવા અંતરમાં રામ, પાંડવ આદિ મહાન પુરુષો ચક્રવર્તી. '**વીતરાગ પરમાનંદ એકરૂપ મોક્ષસે લક્ષ્મીકે સુખ...**' પરમાનંદરૂપ લખ્યું છે. પરમાનંદ એકરૂપ મોક્ષલક્ષ્મી. '**પરમાનંદરૂપ મોક્ષસે લક્ષ્મીકે સુખ અમૃત-રસકે પ્યાસે હુએ...**' દેખો! આહા..હા..! પ્યાસે હુએ એનો અર્થ અમૃતરસ જરીએ નથી અને પ્યાસા એમ નહિ. સમજાણું કાંઈ?

જુઓ! આ નિશ્ચય સમ્યગ્દર્શનનું વર્ણન છે આ. નીચે કહેશે એ. '**ઉનકી દૃષ્ટિ કેવલ નિજ પરિણતિપર હૈ,...**' નિજ પરિણતિ પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ? ચક્રવર્તી પદમાં છે, રામચંદ્ર આદિના પદમાં, બળદેવના પદમાં છે. પાંડવો પણ રાજમાં છે. એ વીતરાગ પરમાનંદરૂપ મોક્ષના લક્ષ્મીના સુખ અમૃતના પ્યાસા. ઓહો..હો..! એની ધગશ તો અંદર અમૃત આનંદનો અભિલાષ, તૃષા લાગી છે. સમજાય છે? જુઓ! આ નિશ્ચય સમ્યગ્દર્શનનું વર્ણન કરે છે. કોઈ કહે કે સંસારમાં એને સમ્યગ્દર્શન નિશ્ચય હોય કે નહિ? આ શું કહે છે? જે ચીજને અંતર ભાળી છે એની પૂર્ણ આનંદની પીપાસા છે એને. ધર્મચંદજી! આહા..હા..! એને આમ વલખા અંદરથી (ઉઠતા હોય). આહા..! એ અતીન્દ્રિય આનંદ અનુભવાણો એની પૂર્ણ અતીન્દ્રિય આનંદની જેને અંતરમાં પીપાસા છે. સમજાણું કાંઈ? એટલું રાજ-પાટ, સ્ત્રીઓ હજારો, છન્નું-છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યા પણ પરમ વીતરાગી પરમાનંદ(ના અભિલાષી છે). જુઓને, ભાષા શું છે? વીતરાગી પરમાનંદ એકરૂપ મોક્ષની લક્ષ્મી એના સુખના પ્યાસા. પુર્ણાનંદ એવો જે મોક્ષ એના પ્યાસા છે, એની તૃષા છે એને. ઓહો..હો..! સમજાણું કાંઈ?

'**સંસારકી સ્થિતિકે છેદનેકે લિયે...**' એટલે કે ઘણી સ્થિતિ હોય કર્મની એ આવા ભક્તિ આદિના શુભભાવથી ઘણી સ્થિતિ ઓછી થાય છે. એકલા શુભભાવથી નહિ હોં!

સાથે સમ્યગ્દર્શન-જ્ઞાન છેને. એમાં શુભભાવ થયો એટલે સંસારની સ્થિતિ ઘણી ઘટાડી છે, પણ હજી બાકી છે એમાંથી થોડી ઘટે છે. એકલા શુભભાવથી કહે છે લોકો, એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અનાકુળ આનંદની અંતર દૃષ્ટિ, રુચિ થઈ છે, જેને ક્યાંય બીજે પીપાસા ગોઠતી નથી. સમજાય છે કાંઈ? એ પાંચ ઇન્દ્રિયાના વિષયો પણ જેને રુચતા નથી. દુનિયા આબરૂ ને ગામ ગાણા ગાય એ ગોઠતા નથી. આહા..હા..! એવી અંતરમાં દૃષ્ટિ થઈ છે, એથી એને શુભભાવ ભક્તિ આદિમાં થતાં સંસારની સ્થિતિ લાંબી (હોય) તે થોડી થાય. એક.

'**વિષય કષાયકર ઉત્પન્ન હુએ આર્ત રૌદ્ર ખોટે ધ્યાનોંકે નાશકા કારણ...**' અશુભ ધ્યાનના નાશને કારણે એમ વ્યવહારથી વર્ણન કરવું છેને? આર્ત અને રૌદ્રધ્યાનના નાશને કારણે. '**શ્રીપંચપરમેષ્ઠીકે ગુણોંકા સ્મરણ કરતે હૈં,...**' એ સમ્યગ્દૃષ્ટિ નિશ્ચય અનુભવ દૃષ્ટિ છતાં. સમજાણું કાંઈ? આહા..હા..! સંસારના તો એ મડદા થઈ ગયા. ક્યાંય ઉત્સાહ વૈભવ પ્રત્યે રહ્યો નથી.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ભોગવતો જ નથી. વાત જ આખી (જુદી છે). એટલે તો અહીં કહે છે. મોક્ષની અભિલાષા, અમૃતના રસની પીપાસા છે બસ. વીતરાગ પરમાનંદરૂપ મોક્ષની લક્ષ્મી સુખ એના અમૃતના પ્યાસા છે. એને રાગની પ્યાસા નથી, શુભની પ્યાસા નથી, પુણ્ય આવે વચમાં એની પ્યાસા નથી. ભાઈ! વસ્તુ દૃષ્ટિ અને ધર્મદૃષ્ટિ કેવી છે એને આ સમજાવે છે. સમજાણું કાંઈ?

એકનો એક વીસ વર્ષનો દીકરો મરી જાય અને આમ બે વર્ષના લગનની કન્યા છોડતો જાય, એને ક્યાંય ચેન ન પડે એની માને. હમણા બનાવ ઘણાં બન્યા. આ દામોદર શેઠનો દીકરો એકનો એક છ મહિને મરી ગયો હતો. એની ઓલી ઝુરીને મરી ગઈ. પૈસા દશ લાખ હતા. મોહનભાઈ! દામોદરભાઈ નહિ? રાયચંદ. છ મહિનાના લગન, વૈશાખ સુદ પુનમ અને આસોમાં ગુજરી ગયો છ મહિને. આ તો વીર્યવાળો માણસ હતો. આ બાઈ ભોળી હતી બિચારી. .... લીમડી. વજુભાઈ એની બહેન. દામોદર શેઠ, આમ બારણા બંધ હોયને આમ જોવા જાય પાછળ. રોતી હોય, હીબકે-હીબકે અંદર રોતી હોય ખાટલામાં. દશ-દશ લાખ રૂપિયા. દામોદર શેઠ કર્તા-હર્તા ગામના નગરશેઠ. પૈસા ચાલીસ-ચાલીસ હજારની તો ઉપજ હતી. સમજાણું? (સંવત) ૧૯૭૫ની સાલની વાત છે. ૪૭ વર્ષ થયા. દામોદર શેઠ બારણું ઉઘાડીને (કહે), પણ શું કરવા તું રડે છો? મરી ગઈ ઝુરીને. પૈસા અને છોકરો આ તો જુઓ અત્યારે. બધું હતું, બંગલાઓ ઘરે ઉપજ મોટી ચાલીસ-ચાલીસ હજારની ઉપજ હતી.

શું કરે? આ એક છોકરો મારો રાયચંદ, મારો રાયચંદ આમ પંજાદાર હતો, પંજાદાર રૂપાળો. મારો રાયચંદ, મારો રાયચંદ. એમ ધર્મીને મારો મોક્ષ, મારો મોક્ષ એમ થઈ ગયું છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! મરી ગઈ. અહીં મરી જાય એને માટે, કહે છે કે આત્મા પ્રાપ્ત કર્યે છૂટકો. એટલી તીવ્ર અભિલાષા સમ્યગ્દષ્ટિને હોય છે. આહા..હા..! ભલે વચ્ચે અશુભભાવ આવે છતાં પ્યાસા પૂર્ણાનંદની ખસતી નથી. સમજાણું કાંઈ?

કહે છે, એ વિષય કષાયના ઉત્પન્ન થયેલા રાગના નાશ કારણે. ઉત્પન્ન થયેલો એનો નાશ થાય છે? આ તો પાઠ એવો છે, '**ઉત્પન્ન હુએ આર્ત રૌદ્ર ધ્યાનોંકે નાશકા કારણ...**' એનો અર્થ કે આ આર્તધ્યાન, રૌદ્રધ્યાન ન થાય માટે ભગવાનના ગુણ સ્મરણ, પરમેષ્ઠીની ભક્તિ, પૂજા, સન્માન કરે છે. એ પંચપરમેષ્ઠીનું કરે છે. સમજાય છે? એ મોક્ષને કારણે, મોક્ષની પીપાસા એને કારણે. '**ઔર દાન પૂજાદિક કરતે હૈં,...**' ઓહો..! છ ખંડના રાજ, છન્નું હજાર જેને ઘરે સ્ત્રી. ક્યાં અમારે સ્ત્રી? ક્યાં અમારે રાજ? અરે..! અમે તો આત્મા છીએ, એમાં અમારે ક્યાં રાગ છે? અમારે આ ક્યાં ચીજ છે અમારામાં? સમજાણું? '**ઔર દાન પૂજાદિક કરતે હૈં, પરંતુ ઉનકી દૃષ્ટિ કેવલ નિજ પરિણતિપર હૈ,...**' અહીં વજન છે. છે? ન્યાયથી મૂક્યું છે. '**परमेष्ठिभक्त्यादिपरिणतानां कुटुम्बिनां पलालवदनीहितं**' એમ પરિણતિ ઉપર દૃષ્ટિ છે. જુઓ! આ નિજ પરિણતિ ઉપર દૃષ્ટિ કહી નિશ્ચય સમ્યક્ બતાવ્યું છે. સમજાણું કાંઈ?

(સમ્યગ્દષ્ટિ) દાન કરે છે, પૂજા કરે છે, સન્માન આપે છે, પંચપરમેષ્ઠી આદિનું. એના આર્ત રૌદ્રધ્યાનને છેદવા માટે કરે છે તો રૌદ્રધ્યાન પણ થવાનો કાળ હોય છેને ચોથે, પાંચમે? તો એની વાત છે ભાઈ! આમાં. સમજાણું કાંઈ? આહા..હા..! થાય, રૌદ્રધ્યાન એ થઈ જાય છે. ચોથા સુધી, પાંચમા સુધી થાય છે અને આર્તધ્યાન છઠ્ઠે સુધી થઈ જાય. પણ એ ન થાય. એમ આત્માની ઓલી ભાવના છેને એને માટે આ ભાવ કરે છે, પણ દૃષ્ટિ તો કેવળ નિજ પરિણતિ પર છે. સમજાણું? નિજ પરિણતિ એટલે કે વિકારના પરિણામ વિનાની નિર્મળ પરિણતિ ઉપર દૃષ્ટિ છે. એ નિજ પરિણતિ કહેવાય છે. શુભ જે પરિણામ થયા એ નિજ પરિણતિ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ મોક્ષની અભિલાષા માટે. સંદેશો મોક્ષનો આપે છે કે આ મોક્ષ... આવો છે... આવો છે... આવો છે... મોક્ષની પરિણતિ નિર્મળાનંદની વાત કરે છે ઈ. ઓલો સીતાજીની વાત કરે છેને. એમ આ પૂર્ણાનંદની પરિણતિની વાત કરનારા પંચપરમેષ્ઠી છે એમ કહે છે. સમજાણું કાંઈ? મારો પૂર્ણ આનંદ સ્વભાવ એ પૂર્ણ મોક્ષને બતાવનારા છે ઈ. પાંચે પરમેષ્ઠી

મોક્ષને બતાવનારા છે. મોક્ષનો માર્ગ કહો કે મોક્ષ કહો, બધું એક જ છે એ. છૂટવાની વાત કરે છે. ભાઈ! તું પૂર્ણાનંદ છોને ભાઈ! વીતરાગ સ્વભાવથી ભરેલો પ્રભુ છોને, એ વીતરાગ સમભાવને પ્રગટ કરને. એ વાત કરે છે જુઓ! સમજાણું કાંઈ? એવું આવ્યું હતું, ઓલાના પ્રસાદને કારણે નથી, પણ ઓલી મોક્ષલક્ષ્મીની પીપાસા છે એ વાત કરે છે કે આહા..હા..! પ્રમોદ એને આવી જાય દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પણ. શાસ્ત્ર એ વાત કરે, ગુરુ એ વાત કરે, દેવ એ વાત કરે, પ્રમોદ આવે છે. સમજાણું કાંઈ?

ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં એ રહ્યા નથી એમાં હોં! આહા..હા..! મોક્ષની પીપાસા, મોક્ષની પીપાસા. સીતાજી આદિ સ્ત્રીઓ પણ ગૃહસ્થાશ્રમમાં આત્મજ્ઞાન પામેલા (એમને) મોક્ષના આનંદની પીપાસા. આહા..હા..! સમજાણું? પરીક્ષાઓ કરી. અગ્નિમાં પડો. પડીએ... અમે તો છીએ તે છીએ. તમારા હૃદયમાં પણ અમારી ખાત્રી છે, એમ કહે છે. પરીક્ષા કરો. આહા..હા..! ઝંપલાવે છે અગ્નિમાં. કમળ થઈ આવે છે. લાખો રાજાઓ, લક્ષ્મણ આદિ વાસુદેવ, છત્ર આમ માથે ધારે છે રામચંદ્ર લક્ષ્મણને. રામચંદ્રજી કહે છે સીતાજી! હવે ઘરે આવો. બસ થયું. આહા..હા..! ઓલો અર્ધ ખંડનો, ત્રણ ખંડનો સ્વામી. તને પટરાણી કરીએ હવે હોં! આવા પરીક્ષા તમારી કરી, તમે પાર ઉતર્યા છો. હવે આવો. પુરુષોત્તમ પુરુષ તમારી પણ વૃત્તિ આવી થઈ ગઈ. સંસાર ન જોઈએ. આહા..હા..! ચાલી નીકળે છે એકલું કપડું ધોળું (પહેરીને), મુંડાવી આહા..! એલા! રાણીને તો શણગાર કપડા અને આ બધું શું? એક ધોળું કપડું. શરીર મડદું. ચાલ્યા જાય છે જંગલમાં. લ્યો! આ પાંચમા ગુણસ્થાનની વાત. આહા..હા..! સમજાણું? એ અંતરમાં દૃષ્ટિ તો શુદ્ધ પરિણતિ ઉપર છે. પર વસ્તુ ઉપર નથી. દૃષ્ટિનો વિષય શુભ રાગ અને પર નથી એમ કહેવું છે ભાઈ! આહા..હા..! એ દૃષ્ટિમાં તો ભગવાન આનંદમય તરવરે છે, કહે છે. આહા..હા..! અનંત ગુણસાગર આમ ભિન્ન છે ને... ભિન્ન છે ને... ભિન્ન છે ને... ભિન્ન છે ને... ભિન્ન છે ને... એ દૃષ્ટિ એની પર વસ્તુ ઉપર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પંચપરમેષ્ઠીની ભક્તિ આદિ શુભ ક્રિયાકો પરિણત હુએ...**' શુભ પર્યાય થઈ છે ખરી નિજ પરિણતિની સાથે, કહે છે આ. સમજાય છે કાંઈ? શુભ દયા, ભક્તિ, પૂજા, સન્માન આહા..હા..! વીતરાગી કથનો અને વીતરાગી ભાવો, અલૌકિક વાત છે! એ વિના જન્મ-મરણના અંત ક્યાંય આવે એવા નથી. એમ કહે છે કે ઓલી શુભ પરિણતિ ઉપર એની દૃષ્ટિ નથી, પણ થાય છે ખરી. '**શુભ ક્રિયાકો પરિણત હુએ તો ભરત આદિક હૈં, ઉનકે બિના ચાહે પુણ્યપ્રકૃતિકા આસ્રવ હોતા હૈ.**' એ શુભ પરિણમન થઈ જાય છે. આહા..હા..! એથી એને પુણ્ય પ્રકૃતિનો આસ્રવ, બંધ થઈ જાય છે. તીર્થંકર ગોત્ર બંધાઈ

જાય કાંઈક ચક્રવર્તી આદિ, બળદેવ આદિ. સર્વાર્થસિદ્ધના દેવનું આયુષ્ય આદિ શુભભાવથી બંધાઈ જાય. સમજાણું કાંઈ?

અરે..! તકરાર-તકરાર કરે છે. અરે..! પ્રભુ પણ વીતરાગ માર્ગ બાપા! તને ખબર નથી ભાઈ! એ વીતરાગી દૃષ્ટિમાં એક્કેય એને રુચિતું નથી, શુભભાવ ગોઠતો નથી કહે છે અહીં તો. પણ ઓલા પૂર્ણાનંદની પીપાસા છે, એને કહેનારા પ્રત્યે એને પ્રમોદ શુભભાવ આવી જાય. એમ કહે છે લ્યો! સમજાણું કાંઈ? લ્યો! એ સંસારના ભોગમાં પડ્યા છેને? એને ભોગની ભાવના નહિ હોય? એ ભાવના નથી ભાઈ! એ કહે છેને, એવો ભાવ છોડવા માટે આવો ભાવ આવે છે. આ કીધુંને આર્ત-રૌદ્રધ્યાન? એવા ભાવ આવે છે, પણ એને છેદવા માટે અંદરથી આ ભાવ (આવે છે). પરમાનંદ પ્રભુ મુક્તિના ગાણા ગાનારા પંચ પરમેષ્ઠીઓ... સિદ્ધ તો આદર્શરૂપ છે, વાણી ભલે ન મળે, પણ સિદ્ધ આદર્શરૂપ છેને. આહા..હા..! મુક્તાનંદ નાથ સહજાનંદનો નાથ પરમાત્મા પોતે એના ઉપર પ્રમોદ આવી જાય છે. પોતાને મુક્તિની આનંદની પીપાસા છે માટે. સમજાણું? એને પુણ્યના પરિણામ થાય છે ખરા.

‘**ઉનકે બિના ચાહે પુણ્યપ્રકૃતિકા આસ્રવ હોતા હૈ.**’ એને વગર ઈચ્છાએ (થાય છે). ચાહના નથી કે મને આ પ્રકૃતિ બંધાવ. મને ઠીક પડશે પુણ્ય બંધાશે તો. ના ના. સમજાણું કાંઈ? કહો, છોટાભાઈ! આવું લખાણ છે અહીં તો ચોખ્ખું. અને આ કહે છે કે પુણ્યક્રિયા એકલી કરે એ મોક્ષનું કારણ થાય અને આ થાય અને આ. અહીં તો કહે આવો ભાવ હોય સમકિતીને તો એની ઈચ્છા નથી આસ્રવની. ઓલા તો હમણા એવું આવ્યું કે એના પુણ્ય દ્રવ્યકર્મ એવું બંધાય પુણ્યભાવથી કે દ્રવ્યકર્મ ભવિષ્યમાં ક્ષય કરે. આવ્યું હતું કે નહિ? આવ્યું હતું અજીતકુમારનું. કર્મ એવું બંધાય દયા, દાન, ભક્તિ, પૂજા કરે એને એ કર્મ પણ ભવિષ્યમાં કર્મનો ક્ષય કરાવે. કાં કર્મ સાધન આપે સારા, સાધન આપીને કર્મનો ક્ષય કરાવે. આહા..હા..! અરે..! ભગવાન! શું થયું માર્ગનું? માર્ગનો આખો પલટો માર્યો. અને એથી આ અધિપતિ પાછા માને છે એમ. અમે માર્ગના સમજનારા. ભાઈ! માર્ગ બીજો છે પ્રભુ! આહા..હા..! આ તો વીતરાગ પંથ છે, વીતરાગ માર્ગ છે એમાં રાગના પ્રેમ, એના ઉલ્લાસ ન હોય. આા..હા..! સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આહા..હા..!

‘**જૈસે કિસાનકી દૃષ્ટિ અન્ન પર હૈ,...**’ દૃષ્ટાંત છેને અંદર ‘**कुटुम्बिनां पलालवदनीहितं**’ સારા ખેડુની દૃષ્ટિ અનાજ વાવતા અનાજના કણસલા ઉપર છે, એને ખડ જોતું નથી. ખેડુને-સારા ખેડુને ખડ જોતું નથી. ખડ તો ભર્યા હોય ઘરે. એ તો અત્યારે આવું (થઈ ગયું), પહેલા તો વખારોની વખારો ભરેલી. ઘરે હોં! ખેડુતને ઘરે તો હોય, પણ સાધારણ અમે

જોયું છેને. સાધારણ માણસ હતા વખારો ભરી હોય, પાંચસો-પાંચસો મણ. એક જ ભેંસ રાખી હોય તો ભરી રાખો. તે દિ' સોંઘું હતુંને. લીલું હોય એને સુકવી નાખે ફળિયામાં. એય..! તમે જોયું છે કે નહિ? તમારે તો ઘરમાં હતું, અમારે તો મોસાળમાં જોયેલું. સમજાય છે? આમ આખી વખારો ભરી હોય, ભેંસ એક રાખતા અમારા મામાને ત્યાં. વખાર આખી ભરેલી. ... સોંઘુ ઘાસ અને પૈસાદાર માણસ હતા. બધું ખલાસ કરી નાખ્યું પાછળ. કહે છે, એ ઘાસ ઉપર દૃષ્ટિ એની ન હોય સારા ખેડુની. ખડ સારું થયું એમ નહિ, ઓલા કણસલા કેવા પાક્યા છે? એ ખેતરમાં જોવા જાય તો એ દાણા ઉપરની નજર હોય, દાણો કેવો ચડ્યો છે. માણેકચંદભાઈ ગયા?

આજે જ વાત થઈ હતી રસ્તામાં. ઓલું કપાસનું નહિ? એ છે કપાસ. કેટલી વાર કપાસ તમે લ્યો છો? મઠીયો કપાસ એમ કાંઈક કહેતા હતા. સાત વાર લે છે. એક વાર લણી જાય, પછી બીજી વાર લણી જાય, ત્રીજી વાર છેલ્લે સાતમો. કારણ કે પાછળના પૂમડા બહુ કસવાળા હોય છે. કણબી છેને એને તો. વેપારમાં એને મોટો ધંધો. એણે કપાસ કેદુનો વાવેલો. ઓહો..હો..! શ્રાવણ મહિના વરસાદ પહેલાનો. વરસાદ નહોતો આવ્યો એ પહેલાનો પડ્યો છે હજી કપાસ. કીધું, અત્યાર સુધી? કે એ એક વાર લણી જાય, પાછા થોડોક ફુલડા અત્યારે થાય તોપણ બે, ત્રણ મણ તો આવે અને ભાવ એટલો વધી ગયેલો છે અને એટલા કસવાળા હોય કસવાળા, કસ લઈને નીકળે છેલ્લા. સાતમી વાર લે, સાત વાર લે. કહ્યું હતું. યાદ છે? તમે નહોતા. એ વળતા .. આવ્યા હતા. ક્યાં ગયા નહિ? આમ વળતા. પણ કીધું, આ તો વરસાદ નહોતો એ પહેલાના આ છે ને આ શું? કે છેલ્લો કપાસ સાતમી વાર આવે એ એના જે હોયને, શું કહેવાય? ઝીંડવા કસદાર બહુ હોય. ચુસીને લે એને તો મોટી ત્રીસ-ત્રીસ હજારની ઉપજ છે એને. ઘરે ખેડુની માણેકચંદભાઈને, પાટીયાવાળાને. આમ દેખાય સાદા. મોટી પેદાશ ઘરે. દુકાનું મોટી. બધું અમારે કે, સાત સાત વાર વીણીએ છીએ. છેલ્લે બે, ત્રણ મણ આવે તો કેટલા પૈસા ઉપજે કહે. સાતમી વાર કરીએ તોપણ. એની દૃષ્ટિ ઓલા ઉપર, ઓલા શું કહેવાય? રૂ ઉપર હતી. ઓલા ઉપર નહિ એમ. એ બોલતા હતા એ ઉપરથી લાગતું હતું કે અમે આમ કરીએ છીએ એમ કહેતા હતા. સાંઠીઓ ઉપર નહિ. સમજાણું?

એ તો કહે ગમે તેવે સાઠીઓ પાતળી, અમારે એની કાંઈ દરકાર નહિ. એ તો પડ્યા ઘરે ઘણા. પડ્યું જ હોય જેને ઘરે કેટલા વીઘા જમીન. પુણ્યની વાતું છે જમુભાઈ! કહો, એ કહેતા હતા કે, અમારે ૨૭૦૦ની જમીન લીધી હતી બે હજારમાં. ૨૭૦૦ની જમીન, પાત્રીસ હજારની પેદાશ. એક વર્ષની પાત્રીસ હજારની પેદાશ. ૨૭૦૦ની જમીનમાંથી. એ

પુણ્યની વાતું છે, કાંઈ ડહાપણથી કામ આવતા હશે? ધૂળમાં પણ મહેનત કામ ન આવે લ્યો! આ મહેનત ક્યાં આવી? એ કહેતા હતા પોતે કહેતા હતા હોં! બે હજારમાં ૨૭૦૦ (રૂપિયાની) જમીન લીધી છે. અત્યારે ત્રીસ હજારથી પાત્રીસ હજાર ઉપજે છે બાર મહિને એ જમીનમાં. ૨૭૦૦ વયા ગયા. આહા..! અહીં તો ઓલા કસ ઉપર એની નજર હતી, વાત કરતા હતા તોપણ એની મીઠાશ ઉપર હતી.. એ ચુસીને લે એમ કહેતા હતા જરીક હોં! આમ ચુસીને લે, કહે, છેલ્લે. એના ઘણા પૈસા ઉપજે. બે મણ નીકળે તો કેટલા પૈસા ઉપજે. એમ કિસાનની દૃષ્ટિ અન્નના થોકડા ઉપર હોય, ઓલો લોથો પાક્યો હોય એના ઉપર હોં! હેઠે સાંઠડી ઉપર નહિ.

'**તૃણ ભૂસાદિ પર નહીં હૈ.**' દેખો! કપાસના ઓલા સાંઠીયું કહેવાયને એ તરણા કહેવાય. આ દાણા બાજરાના થાય, જુવારના થાય એના રાડા કહેવાય. એના ઉપર નજર ન હોય. આહા..હા..! દાખલો આપીને પણ કેટલી વાત સિદ્ધ કરી! '**બિના ચાહા પુણ્યકા બંધ સહજમેં હી હો જાતા હૈ.**' છેને '**अनीहितं पुण्यमास्रवतीति**' છે પાઠ સંસ્કૃત '**अनीहितं**' ઈચ્છા નથી, પણ વચ્ચે આવો ભાવ આવે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા હા, એ તો એમ જ હોયને. આહા..! એ તમને ખબર હોય, આપણને બહુ ખબર ન હોય. કો'ક અહીં તો વાત કરે ત્યારે ખબર હોય. આપણે ક્યાં જોયું છે? આહા..હા..! તેમાં ઓલા લોઠાનો રસ ન ગયો હોય, અહીં રસ રહી ગયો હોય.

અહીં કહે છે, સારા ખેડુની અનાજ ઉપર દૃષ્ટિ (હોય), આને એકલા સાંઠા ઉપર દૃષ્ટિ (હોય). અજ્ઞાનીને એકલા પુણ્ય ઉપર દૃષ્ટિ. પુણ્ય બંધાણું ને એનાથી ફળ મળશે ને એના ઉપર મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિ ત્યાં છે. આમ આત્માની મારી શુદ્ધ પરિણતિ અને એનું ફળ શુદ્ધ પરિણતિ પૂર્ણ કેમ આવે એના ઉપર એની દૃષ્ટિ હોય છે.

'**બંધ સહજમેં હી હો જાતા હૈ.**' એમ કહે છે. સમજાણું કાંઈ? '**વહ ઉનકો સંસારમેં નહીં ભટકા સકતા હૈ.**' લ્યો! એ પુણ્યબંધ એને સંસારમાં ભટકાવશે નહિ. જ્યાં જશે ત્યાં નિષેધ કરી, '**વે તો શિવપુરીકે હી પાત્ર હૈ.**' આહા..હા..! દેખો! આ માથે લીધા બધા એ હોં! ભરત, સગર, રામ, પાંડવાદિ, સીતાજી આદિ બધી બહેનો પણ લેવી દીકરીઓ. સમ્યગ્દૃષ્ટિ છે એ બધા રાજકુમારીઓ હતી ઘણી કે નહિ? દ્રૌપદી, સીતાજી, અંજના, મહા સતિઓ આત્મજ્ઞાની અને મહા ધ્યાનમાં (રહેતી) અને એ પૂજા, ભક્તિ આદિ કરતાં, એને અનીહિત વૃત્તિએ એ પુણ્યનો આસ્રવ આવતો. આહા..હા..! પણ એ તો શિવપૂરીના પાત્ર છે, પુણ્યના પાત્ર નહિ એમ કહે છે ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? એમ નકારથી એમ

કહે છે. એ તો મોક્ષના પાત્ર છે. અમારે તો પૂર્ણાનંદ-પૂર્ણાનંદ, અમૃતના આનંદના પૂર્ણાનંદ એ જોઈએ. કહો, આ શિષ્યે પ્રશ્ન કર્યો એનો ઉત્તર આપ્યો આ. આહા..હા..!

અહીં તો જરીક થોડુંક કાંઈક પુણ્ય કરે ને તો એમ થાય, આહા..! અમે તો બહુ કર્યું, અમે તો આમ કર્યું, અમે તો આમ કર્યું. મરી ગયો અભિમાનમાં એ તો. ધર્મચંદજી! આહા..હા..! આત્માના જ્ઞાન વિનાનું બહારના જ્ઞાનનું અભિમાન, આત્માની દૃષ્ટિ વિના બહારની શ્રદ્ધા, વ્યવહારું શ્રદ્ધાનું અભિમાન, આત્માના ચારિત્ર વિના કોઈ ક્રિયા રાગની મંદ આદિ બ્રહ્મચર્ય પાળતો હોય તો એનું અભિમાન. સમજાણું? મરી ગયો એમાં, કહે છે. એને તો પુણ્ય પણ સારું નથી. પરિણતિ તો નથી, દૃષ્ટિ તો નથી, એને પુણ્ય પણ સારા હોઈ શકે નહિ. એ તો સંસારના પાત્ર છે એમ લેવું સામે. આ શિવપુરીના પાત્ર છે. સમજાણું આમાં? ૬૧ થઈ. હવે ૬૨.

**'આગે દેવ-શાસ્ત્ર-ગુરુકી જો નિંદા કરતા હૈ, ઉસકે મહાન્ પાપકા બંધ હોતા હૈ,...'** આને અનિહીત વૃત્તિએ પુણ્ય બંધાય. દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા શું છે એના ભાન વિના એનો વિરોધ કરે છે, નિંદા કરે છે એ મહાન પાપના બંધ કરે છે. આહા..! **'વહ પાપી પાપકે પ્રભાવસે નરક નિગોદાદિ ખોટી ગતિમેં અનંતકાલ તક ભટકતા હૈ—'** સમજાય છે કાંઈ? દેવ-શાસ્ત્ર-ગુરુ. જુઓ ત્રણે લીધા છેને. **'નરક નિગોદાદિ ખોટી ગતિમેં અનંતકાલ તક ભટકતા હૈ—'** **'पापबन्धो भवतीति'** એમ કહે છે. પછી એનો અર્થ .. લઈ લીધો છે.

૧૮૯) देवहं सत्थहं मुणिवरहँ जो विद्देसु करेइ।
णियमेँ पाउ हवेइ तसु जेँ संसारु भमेइ।।६२।।

લ્યો! એનાથી ઊલટુ. વીતરાગદેવ, સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં જેને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન (હોય) એવી દશાવંત પરમાત્માની જે નિંદા કરે, દ્વેષ કરે નિંદાનો, તેના ઉપર વિરોધ કરે છે, વિરોધ કરે છે. સમજાય છે? જુઓને ઓલામાં ... છપાવ્યું છે ઓહો..હો..! જૈન ધર્મની એટલી નિંદા કરી છે. બહુ નિંદા કરી છે. દિલ્હીથી કોઈ છપાય છેને, સરિતા. આહા.હા..! નરક ગતિ, નિગોદ ગતિનો ગામી. એટલી એટલી નિંદા કરી છે. ભલે અત્યારના શ્રાવક દેખીને (લખ્યું), પણ આખા જૈન ધર્મની નિંદા કરી છે. વીતરાગ હોય નહિ. સર્વજ્ઞ કહે છે એક સમયમાં ત્રણકાળનું જ્ઞાન. નાસ્તિક છે પાછો. દેહ છે ત્યાં સુધી આત્મા, વળી પરલોકમાં આત્મા ક્યાં? એ વળી સર્વજ્ઞ કહે, એ ત્રણ જ્ઞાનનું કાળ કહે, માર ગપ્પા. અર..ર..ર..! આમાં પણ કેટલાક કહે કે ભાઈ વિચારક હતા સર્વજ્ઞ પરમાત્મા. સર્વજ્ઞ નહોતા. એ સુધરેલી ભાષા. આહા..હા..!

એક સમયમાં અરે..! જેને જ્ઞાનની પૂર્ણ દશા પ્રગટી છે. અહીંયા પણ ખ્યાલમાં નથી

આવતું? એ જ્ઞાનની વર્તમાન દશામાં પણ અનંત દ્રવ્યો છે એનો ખ્યાલ નથી આવતો? અનંત ક્ષેત્ર છે, અનંત કાળ છે, એ દ્રવ્યોના અનંત ભાવ છે એ બધું ખ્યાલમાં આવે એવી તાકાત જ્ઞાનનો એક સમયનો મતિનો, શ્રુતનો પર્યાય... પણ પ્રત્યક્ષ દેખાય છે કે નહિ એને? ના પાડે એને, એટલા અનંતની ના પાડે એટલું તો એને જ્ઞાન છે કે નહિ? શું કીધું? અનંત આવા ન હોય, અનંત આવા, અનંત આવા ન હોય એનો પણ નકાર કરીને એટલો અનંત અસ્તિત્વનો નિષેધ કરે છે, એટલું અનંતનું જ્ઞાન છે એમાં લ્યો! શું કીધું? સમજાય છે શું કહું છું એ? અનંતનો નિષેધ કરે છે કે અનંત જીવ ન હોય, અનંત પુદ્ગલ ન હોય, આમ ન હોય, આમ ન હોય, આમ અનંત ન હોય. અનંત ન હોય એના જ્ઞાનમાં અનંત એમ આવ્યું ખ્યાલ, પણ ન હોય એટલો નિષેધ. આહા..હા..! સમજાણું કાંઈ?

એક સમયમાં પરમેશ્વર ત્રિકાળવર્તી વસ્તુને એક સમયમાં જાણે એવું એનું જ્ઞાન. વિકલ્પની અપેક્ષા નહિ, લોકાલોકની અપેક્ષા નહિ. આવા કેવળજ્ઞાનીની નિંદા કરે. એવા તે હોય? લે વળી એમ કહે એવું હોય? કેવળજ્ઞાનનો સમય ત્રણકાળ માને ત્યાં થઈ રહ્યું, આપણો પુરુષાર્થ ક્યાં રહ્યો? એમ કરીને ઓલું કેવળજ્ઞાન ઉડાડી દે. સમજાણું? ભગવાને જો બધું દીઠું તો આપણે તો એના દેખ્યા પ્રમાણે થાય એટલે આપણા હાથમાં કાંઈ વાત રહી નહિ. એમ કરીને ઓલા સર્વજ્ઞને ઉડાડવું છે એને. આહા..હા..! સમજાણું?

અહીં આવ્યો હતો ને ૯૨માં એક જણો. કેવળી તમે કહો છો સર્વજ્ઞ. જૈનનો સાધુ થયેલો હોં! સ્થાનકવાસી સાધુ થયેલો. .. સાધુ. પાંચ વર્ષ સાધુ થયો. ભણેલો ઘણું પંડિત થઈ ગયો. પાંચ વાર પંડિત બધું જાણે. બધા સાધુ કરતા અધિક થઈ ગયો ભણેલો. એવું અંદરમાંથી આવ્યું કે એક સમયમાં કેવળજ્ઞાન સર્વજ્ઞ હોય તો ત્રણ કાળ જાણ્યું. પછી કોઈના હાથમાં પુરુષાર્થ કરવો, કાંઈ નવું કરવું તો રહ્યું જ નહિ. લ્યો! અને ભગવાને જાણ્યું અને એમ તમે કહો કે અશાતા વેદનીયના ઉદયને લઈને દુઃખ થાય શરીરમાં. તો અહીંથી નીકળ્યો એક માણસ બળદનું શીંગડું વાગ્યું અહીં, એ અશાતાને ક્યાંથી ખબર પડી કે આ શીંગડું આને વગાડવું? ન્યાલચંદભાઈ! એ જવાહરલાલજી હતાને .. એ શિષ્ય થયેલો. બુદ્ધિવાળો ઘણો ઉઘાડ, પણ ક્ષયોપશમ ઊંધો, એવો ઊંધો. છોડી દીધું. પછી બાયડી પરણ્યો હતો. અહીં આવ્યો હતો. .. વ્યાખ્યાનમાં આવતો પછી કોઈવાર. શાંતિભાઈ બેસેને ત્યાં બેસતો. ૯૨ પછી પણ. ત્યાં દેવરાજ હતા એના બનેવી. પણ એ એવો માથાનો ફરેલો. મને પ્રશ્ન એવો કર્યો ૯૨માં કે કેવળ સર્વજ્ઞ હોય તો તો કોઈને હાથમાં રહ્યું નહિ. મેં કીધું, શું કહો છો તમે? શું કહો છો? સર્વજ્ઞ છે કે નથી એમ નક્કી કરાવવું છે કે સર્વજ્ઞ દીઠું નિષેધ કરવો છો? શું કરવાનું છે તમારે? તો પહેલું એમ નક્કી કરો કે કેવળજ્ઞાન નથી અને સર્વજ્ઞ

નથી એનું પૂછો. આમ ન પૂછો આડ મારીને. સમજે નહિ ન્યાયને. ભાઈ! એમ ન કરાય. બાપુ! એમ સર્વજ્ઞને ન ઉડાડાય. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવા દેવની નિંદા કરે કે આવા દેવ હોય? લ્યો! એ બધું જાણ્યું એને હાથમાં રાખ્યું. એય..! હાથમાં તો તારા છે બાપુ! એ નક્કી કરવું એ તારા હાથમાં છે. એણે જોયું માટે ન નક્કી કરી શક એવું કાંઈ છે નહિ.

કહે છે, એવા સર્વજ્ઞ વીતરાગદેવ હોં! પાછા એમ લીધાને? ભાષા કેવી લીધી જોયું? સમજાણું? ૬૨ છેને. **'साक्षात्पुण्यबन्धहेतुभूतानां परंपरया मुक्तिकारणभूतानां च योऽसौ विद्वेषं करोति।' 'देवशास्त्रमुनीनां'** એટલો શબ્દ પડ્યો છે અંદર. પાઠ સાક્ષાત્ પુણ્યબંધ હેતુ છે હોં! સાક્ષાત્. સીધો તો પુણ્ય બંધનો હેતુ છે એમ. અંતરના સ્વભાવની દૃષ્ટિ હોય એને આ સાક્ષાત્ પુણ્યબંધનું કારણ છે. ભાન ન હોય એને તો, કહે, સાક્ષાત્ પુણ્યબંધનું કારણ (નથી), એની નિંદા કરે તો એકલો પાપ જ બાંધે છે.

**'વીતરાગદેવ, જિનસૂત્ર...'** સર્વજ્ઞના શાસ્ત્રો કહેલા એમાં દોષ કાઢે, ભૂલ કાઢે. એ શાસ્ત્ર મળતા નથી. એક જણો કહે આ સમયસારમાં નવે તત્ત્વમાં ભૂલ છે. કહો, સમજાણું? બહુ વાંચેલા શાસ્ત્ર બધાના. આમાં દરેક તત્ત્વમાં ભૂલ છે. ઠીક, બહુ સારી વાત છે. આહા..હા..! એ શાસ્ત્રની ભૂલ કાઢે. પોતાના અભિમાનમાં જ્ઞાનનું અભિમાન ચડી ગયેલું હોયને પાવર એ (કહે) ખોટા શાસ્ત્ર છે. **'और निर्ग्रंथमुनियोंसे...'** જુઓ! ભાષા કરી. સમજાણું? નિર્ગ્રંથ મુનિ, વીતરાગી મુનિ હોય. જેને અંતર વીતરાગ આનંદની છોળમછોળ ઉઠતી હોય છે. બહારમાં નગ્ન દશા હોય છે. મલિન અવસ્થા પણ શરીરની હોય છે. અંતરમાં નિર્મળાનંદમાં અતીન્દ્રિય આનંદના અનુભવમાં હોય છે. એવા મુનિની નિંદા કરે, આ નાગા આવે, એ કહે છે કે, અમે વીતરાગપણું સાધીએ છીએ. હવે નાગા લોકમાં લજ્જાના ઠેકાણા નથી અને અમે ધર્મ સાધીએ છીએ? એવું કહેનારા છે લ્યો! સમજાણું? પણ નાગા તે તો શરીરની દશા છે એમાં વસ્તુ શું છે અંદરની દશા? આહા..! જેને શરીરની ઈચ્છા પણ રહી નથી કે આ શરીર આમ રહે કે તેમ રહે. જેમ પરિણમવું હોય એમ પરિણમો, અમે તો અમારી દૃષ્ટિ અને અનુભવમાં છીએ. એવા વીતરાગી મુનિઓ સંત જેની દિગંબર દશા છે, જેને વસ્ત્રનો એક તાણો પણ નથી. જૈનના આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણે મહા વીતરાગી હોય છે, મહા નિર્વિકલ્પ આનંદમાં ઝૂલતા હોય છે.

**'જો જીવ (મુનિયોં) દ્વેષ કરતા હૈ,...'** સમજાણું? વિરોધ કરે છે, દ્વેષનો અર્થ વિરોધ કરે છે. **'ઉસકે નિશ્ચયસે પાપ હોતા હૈ,...'** ખરેખર એને મિથ્યાત્વ સહિતનું અઘાતીનું પણ પાપ બંધાય. મિથ્યાત્વ સહિતનું બધું પાપ જ બંધાય છે એને. સમજાણું કાંઈ? શ્રીમદ્

કહ્યું છે એક ઠેકાણે, અરે..! જેના ગુણગ્રામ કર્યે લાભ થાય એની જ નિંદા અને વિરોધ કરી અનંત સંસાર લોકો વધારે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવ એને પણ ઓળખ્યા વિના એનો વિરોધ કરે એ પણ અનંત સંસારના પાપને જ બાંધે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બધા એમાં આવી જાય છે.

'**સંસારમેં ભ્રમણ કરતા હૈ. અર્થાત્ પરમ્પરાય મોક્ષકે કારણ...**' ખુલાસો કર્યો છે. એ નિમિત્ત છે, પરંપરા નિમિત્ત છે. '**ઔર સાક્ષાત્ પુણ્યબંધકે કારણ...**' છે, એમ. '**જો દેવ-શાસ્ત્ર-ગુરુ હૈં, ઇનકી જો નિંદા કરતા હૈ, ઉસકે નિયમસે પાપ હોતા હૈ,...**' જુઓ ઓલા સમ્યગ્દૃષ્ટિના અનુભવ સહિતની દૃષ્ટિમાં એને પુણ્ય છે એ ચોથા ગુણસ્થાનથી વાત લીધી છે અને એની સામે આ મિથ્યાદૃષ્ટિની વાત લીધી છે. ત્યાં નહિ કે ઓલા વીતરાગ સમકિત છે માટે આઠમું છે એમ નથી. નિજ પરિણતિ છે માટે આઠમું છે એમ નથી. નિજ પરિણતિ ચોથેથી પ્રગટી છે. સમજાણું કાંઈ? એની સામે આ વાત લીધી છે. '**પાપસે દુર્ગતિમેં ભટકતા હૈ.**' લ્યો!

'**ભાવાર્થ :- નિજ પરમાત્મદ્રવ્યકી પ્રાપ્તિકી રુચિ વહી નિશ્ચયસમ્યક્ત્વ,...**' જુઓ! સમજાણું? છે અંદર જુઓ! '**निजपरमात्मपदार्थोपलम्भरुचिरूपं निश्चयसम्यक्त्वकारणस्य तत्त्वार्थश्रद्धानरूप-व्यवहारसम्यक्त्वस्य**' એણે એમ લીધું છે અત્યારે. સમજાણું? નિજ પરમાત્મદ્રવ્ય, ભગવાન આત્મા પરમ શુદ્ધ આનંદ પ્રભુ એકાકાર અભેદ અખંડાનંદ એની અંતરની નિર્વિકલ્પ દૃષ્ટિની રુચિ. પરમાત્મદ્રવ્યકી પ્રાપ્તિકી રુચિ. '**पदार्थोपलम्भरुचि**' એમ છેને શબ્દ? સમજાણું? નિજ પરમાત્મદ્રવ્ય એની પ્રાપ્તિ, પૂર્ણાનંદની પ્રાપ્તિ એને અહીં વર્તમાનમાં નિજ પરમાત્મદ્રવ્યની રુચિ થઈ ગઈ છે. એનું નામ નિશ્ચય સમકિત છે, એનું નામ સાચું સમકિત છે. લ્યો! આવશે સવારે અધિકાર આવે છેને?

'**ઉસકા કારણ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ વ્યવહારસમ્યક્ત્વ,...**' એનું કારણ તત્ત્વાર્થશ્રદ્ધાન એ વ્યવહાર સમ્યક્ત્વ છે. એ વિકલ્પવાળી વ્યવહારની વાત અત્યારે અહીં લીધી છે હોં! નહિતર તત્ત્વાર્થશ્રદ્ધાન નિશ્ચય સમકિત છે. પણ અહીંયા અભેદનું દર્શન આત્માનું એને નિશ્ચય સમકિત કહ્યું, નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહ્યું છે. સમજાણું કાંઈ? પાઠમાં એમ છે જુઓ! '**तत्त्वार्थश्रद्धानरूपव्यवहारसम्यक्त्वस्य विषयभूतानां**' એમ છેને? '**तत्त्वार्थश्रद्धानरूपव्यवहारसम्यक्त्वस्य विषयभूतानां देवशास्त्रयतीनां**' એટલે બે ભેદ પાડ્યો. અહીંયા તત્ત્વાર્થશ્રદ્ધાન એવું લીધું કે જેનો વિષય દેવ-ગુરુ-શાસ્ત્ર છે. ભાઈ! એમ કરીને આમ જુદું પાડ્યું. નિશ્ચય સમકિત જેનો વિષય નિજ પરમાત્મા છે અને તત્ત્વાર્થશ્રદ્ધાન જેનો વિષય દેવ-ગુરુ-શાસ્ત્ર છે. એટલે વ્યવહારનો વિષય પર છે, નિશ્ચયનો વિષય સ્વ છે. એમ કરીને

અહીંયા તત્ત્વાર્થશ્રદ્ધાનને... એવી તત્ત્વાર્થશ્રદ્ધાનની વાત કરી છે. સમજાણું કાંઈ?

નિજ પરમાત્મ શુદ્ધ આનંદસ્વરૂપ એની પૂર્ણની પ્રાપ્તિની એવી અહીં વર્તમાન આત્માની રુચિ નિશ્ચય, એ સ્વ વિષય થયો એમાં. અને તત્ત્વાર્થશ્રદ્ધાન વ્યવહારરૂપ સમ્યક્ત્વ દર્શન એનો વિષયભૂત આ '**देवशास्त्रयतीनां**' એનો વિષય, વ્યવહાર તત્ત્વાર્થશ્રદ્ધાન એનો વિષય આ છે. તત્ત્વાર્થશ્રદ્ધાન એમાં નાખ્યું છે એમાં તો આત્મા વિષય છે અને નવે તત્ત્વનો વિષય એમાં આત્મા વિષય આવી જાય છે. ઉમાસ્વામી. તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શન જે ઉમાસ્વામીએ કહ્યું ત્યાં તો આત્મા વિષય આવી જાય છે. અભેદ છે ત્યાં. સમજાણું? અહીં તો તેથી વિષયને જુદો પાડ્યો જરી. તત્ત્વાર્થશ્રદ્ધાન એવું અહીં લીધું કે જેનો વિષય દેવ-ગુરુ-શાસ્ત્ર છે એમ. એકલા દેવ-ગુરુ-શાસ્ત્ર લીધુંને ભાઈ! એમાં? ઓલું ન લીધું. સાત તત્ત્વ છે ને એમાં અભેદ છે એમ ન લીધું. ન લીધું, એમાં એકલો નિજ પરમાત્મ લીધો. સમજાણું આમાં?

'**ઉસકે મૂલ અરહંત દેવ, નિર્ગ્રન્થ ગુરુ, ઔર દયામયી ધર્મ, ઈન તીનોંકી...**' અહીં વિષય છોડી દીધો શબ્દમાં. વિષય લેવો જોઈએ ખાસ જરૂરનો છે. અર્થમાં નથી, શબ્દમાં. નથીને? અર્થમાં નથી નાખ્યું, એનું મૂળ કીધું પણ ઓલો વિષય છેને? વિષય છે એમ લેવું જોઈએ ખરેખર તો. વિષયભૂત છેને. મૂળ એટલે આ દેવ-ગુરુ-શાસ્ત્ર. આ નિજ છે. નિશ્ચય સમ્યક્નો વિષય નિજ આત્મા અખંડ આનંદમય થઈ ગયો છે રુચિમાં. વ્યવહાર સમકિત તત્ત્વાર્થશ્રદ્ધાનો વિષય દેવ-ગુરુ-શાસ્ત્ર છે. એમ કહેવું છે સમજ્યાને? એ તો પંચાસ્તિકાયમાં નથી કહ્યું? વ્યવહાર સમકિતનો વિષય આત્માથી પર છે. એ જ લીધું અહીંયા. બરાબર છે ભાઈ! આ તત્ત્વાર્થની અપેક્ષાએ તો બરાબર છે. ઓલું કહે તત્ત્વાર્થશ્રદ્ધાનો વિષય એકલા પર છે એ તત્ત્વાર્થશ્રદ્ધાન એકલું ચોથે ગુણસ્થાને છે. પણ સ્વ વિના પર ક્યાંથી આવ્યો? સ્વના આશ્રય સમ્યક્ વિના પરના આશ્રયનો એકલો વિષયભૂત વ્યવહાર સમકિત હોઈ શકે નહિ. આ તો બેની સાથે વાત લીધી છે. સમજાણું કાંઈ? તેથી બે સાથે વાત લીધી છે અહીંયા. હજી તો એને અર્થ કરવાના પણ વાંધા, એને અંતરની દૃષ્ટિને ક્યાં? આહા..હા..! અને અંતર્મુખ એકાગ્ર થયા વિના નિશ્ચય સમકિત થાય ક્યાંથી? દેવ-ગુરુ-શાસ્ત્રની સામું જોઈને તો નિશ્ચય થાતું હશે? એ ચોથો ગુણસ્થાન હશે એનું નામ?

અહીં તો નિજ પરમાત્મદ્રવ્યની પ્રાપ્તિની રુચિ નિશ્ચય સમકિત, ઉસકા કારણ તત્ત્વાર્થશ્રદ્ધાન વ્યવહારસમ્યક્ત્વ. પ્રાપ્તિ છેને એટલે ઓલા નાખે. '**ઉસકા મૂલ અરહંત દેવ,...**' વ્યવહાર સમકિતનો વિષય અરિહંત દેવ. આહા..હા..! વ્યવહાર સમકિતનો વિષય અરિહંતદેવ, સર્વજ્ઞદેવ. હજી જેના સર્વજ્ઞદેવના ઠેકાણા ન મળે માનવામાં એને નિશ્ચયના ઠેકાણા હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- વ્યવહારનું પણ ઠેકાણું નથી.

ઉત્તર :- વ્યવહારનું ક્યાં ઠેકાણું? આહા..હા..! એક સર્વજ્ઞ પર્યાય ત્રણકાળ ત્રણલોકને વ્યવસ્થિત જાણે. આહા..! કાઢ્યા છે કે જુઓ! ભગવાને, પદાર્થ છે તેવો ભગવાને જોયો છે અને એવો કહ્યો છે. અને પદાર્થ છે એવો જાણ્યો છે. પદાર્થ છે એવો જોયો અને એવો કહ્યો, કહ્યો એવું જાણ્યું એમ નાખ્યું છે. પદાર્થ છે એવો કહ્યો છે, કહ્યો છે એવું જાણ્યું છે એમ. પદાર્થ છે એવું જાણ્યું છે પહેલું નથી લીધું. નિયતિવાદ ઉડી જાય નહિતર. ભગવાને નિયતને મિથ્યાદષ્ટિ કહ્યો છે એમ. માટે ભગવાન નિયત ન કહે એમ. અરે..! ભગવાન શું કરે છે?

મુમુક્ષુ :- ...ઉડી જાય.

ઉત્તર :- કાંઈ ઉડતું નથી, બધું રહે છે, પણ સમજ્યા વિના?

અહીં તો વ્યવહાર સમકિતનો વિષય અરિહંતદેવ, નિર્ગ્રંથ મુનિ ગુરુ દિગંબર સંત મુનિ આત્માના ધ્યાન જ્ઞાનવાળા હોં! એ અહીં નિર્ગ્રંથ ગુરુને લેવામાં છે. સમજાણું કાંઈ? અને દયામય ધર્મ, અહિંસા ધર્મ, રાગની અણઉત્પત્તિ એવો ધર્મ અથવા શુભભાવ એવો વિકલ્પ વ્યવહારુ ધર્મ. **'ઇન તીનોંકી જો નિંદા કરતા હૈ, વહ મિથ્યાદષ્ટિ હોતા હૈ. વહ મિથ્યાત્વકા મહાન પાપ બાંધતા હૈ. ઉસ પાપસે ચતુર્ગતિ સંસારમેં ભ્રમતા હૈ.'** ઓલો મોક્ષ જાય છે અને આ ચાર ગતિમાં રખડે છે એમ ૬૨મી ગાથામાં કહ્યું. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૮, શનિવાર, તા. ૨૯-૦૧-૧૯૬૬**
**ગાથા-૬૩-૬૪, પ્રવચન-૧૧૨**

(પરમાત્મપ્રકાશ, ૬૩મી ગાથા) બીજા ભાગની. **'આગે પહલે દો સૂત્રોંમેં કહે ગયે પુણ્ય ઔર પાપ ફલ હૈં, ઉનકો દિખાતે હૈં—'**

૧૯૦) पावेँ णारउ तिरिउ जिउ पुण्णेँ अमरु वियाणु।
मिस्सेँ माणुस-गइ लहइ दोहि वि खइ णिव्वाणु।।६३।।

**'યહ જીવ પાપકે ઉદયસે નરકગતિ ઔર તિર્યંચગતિ પાતા હૈ,...'** પાપ કરે તો એને નરકગતિ અને ઢોરગતિ મળે છે. **'પુણ્યસે 'अमरः' દેવ હોતા હૈ,...'** અમર એટલે

દેવ. પુણ્યનું આચરણ કરે તો એનો દેવભવ થાય. અમર એટલે દેવ. અમર કાંઈ (નથી), એ તો મરે તો છે, પણ ઘણો કાળ રહે છે. કોઈ પુણ્યભાવ થાય એના ફળમાં ઘણા અસંખ્ય વર્ષ રહે, તેથી એને અમર કહેવામાં આવે છે. '**'मिश्रेण' पुण्य और पाप दोनोंके मेलसे मनुष्यगतिको पाता है,...**' કાંઈક પુણ્ય ને કાંઈક પાપનું મિશ્રપણું એનાથી આ મનુષ્યગતિ મળે લ્યો! સમજાણું કાંઈ? '**और पुण्य-पाप दोनोंके ही नाश होनेसे मोक्षको पाता है, ऐसा जानो.**' મોક્ષ મળે છે એવું જાણવું. ચાર ખુલાસા કર્યા, ચાર ગતિ અને મોક્ષ બેય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવીને અમર. અમર-અમર. પુણ્યથી અમર થાય અમર. અમર એટલે દેવ એમ કીધુંને. આત્મજ્ઞાન વિના અથવા આત્મજ્ઞાન સહિત પુણ્યભાવ હોય એનાથી સ્વર્ગમાં જાય. પાપમાં નરક અને ઢોર થાય અને મિશ્રપણું પાપ અને પુણ્યનું હોય તો મનુષ્ય થાય. અને ઢોરમાં એકલું પાપ જ લીધું છે. તિર્યંચમાં જાય. અહીં જુગલિયા થાય છે. તિર્યંચ જુગલિયા થાય છે મોટા, પણ એને થોડુંક પુણ્ય ભેગું હોય છે. પણ અહીં પાપમાં, સમ્મુચય ગતિ છેને હલકી તેથી એને પાપમાં ગણી.

'**भावार्थ :- सहज शुद्ध ज्ञानानंद एक स्वभाव जो परमात्मा है,...**' લ્યો! આ આત્મા સહજ સ્વાભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ—જ્ઞાનના આનંદની મૂર્તિ શુદ્ધ એક સ્વભાવ. એક પડ્યો રહ્યો છે અંદર. એ બધે એક પડ્યો રહે છે. સમજાણું કાંઈ? સહજ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એક સ્વભાવ વસ્તુ આનંદ નિત્યાનંદ આત્મા. એનાથી (પાપથી) વિપરીત એવો જે આત્મા પરમાત્મા એનાથી વિપરીત પાપકર્મ. '**उससे विपरीत जो पापकर्म उसके उदयसे नरक तिर्यंचगतिका पात्र होता है,...**' એના ઉદયથી ઢોર, તિર્યંચ અને નારકીનો પાત્ર થાય છે. પાત્રનો અર્થ એ છે કે તે નારકી અને તિર્યંચ થાય છે એમ. પાત્રનો અર્થ એવો છે, ભાજન થાય છેને. પાછળ નથી આવતું સિદ્ધ ભાજન થાય, સમયસારમાં. સિદ્ધિનું ભાજન થાય, ભાજન એટલે સિદ્ધિ થાય છે એમ. સમજાણું કાંઈ?

'**आत्मस्वरूपसे विपरीत शुभ कर्मोंके उदयसे...**' દેખો! શુભકર્મ આત્માના સ્વરૂપથી વિપરીત છે. એ શુભ પુણ્યભાવ થયા એ પણ આત્માના સ્વરૂપથી વિપરીત છે અને એનાથી બંધાયેલું શુભકર્મ પણ આત્માથી વિપરીત છે. એના ઉદયથી '**देव होता है,...**' દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આત્માના સ્વરૂપથી વિપરીત છે, એનાથી એને પુણ્ય બંધાય છે. એ પુણ્ય કર્મ પણ આત્માના સ્વરૂપથી વિપરીત છે. એના ફળમાં સ્વર્ગમાં જાય, દેવ થાય દેવ. '**दोनोंके मेलसे मनुष्य होता है,...**' કંઈક પુણ્ય ને કંઈક પાપ એના મિશ્રથી

મનુષ્ય થાય. '**ઔર શુદ્ધાત્મસ્વરૂપસે વિપરીત...**' ભાષા તો એ જ લીધી બધે. '**દોનોં પુણ્ય-પાપોંકે ક્ષયસે નિર્વાણ (મોક્ષ) મિલતા હૈ.**' લ્યો, પુણ્યથી અને પાપથી મોક્ષ મળે નહિ. સમજાણું? મોક્ષ છે એ પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ રહિત (અવસ્થા છે). જુઓ! ત્યાં કર્મ-કર્મ શબ્દ વાપર્યો છે છતાં ત્યાં પરિણામ પણ લેવા. કેમ? કે '**મોક્ષકા કારણ એક શુદ્ધોપયોગ હૈ,...**' એમ લીધું અહીં પાછું જુઓ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદમૂર્તિ એનો જે શુદ્ધ ઉપયોગ વેપાર. પુણ્ય-પાપના શુભાશુભભાવથી રહિત શુદ્ધ સ્વભાવનો ઉપયોગ અંતરમાં આત્મ-આચરણ, આત્મ-આચરણ કેવું કહે છે જુઓ! '**વહ શુદ્ધોપયોગ...**' કેવો છે?

'**નિજ શુદ્ધાત્મતત્ત્વકે સમ્યક્ શ્રદ્ધાન...**' નિજ શુદ્ધાત્મ પદાર્થ ભગવાન આત્મા આનંદ એની સમ્યક્ શ્રદ્ધા-એનું અંતર સમ્યગ્દર્શન. એ શુદ્ધાત્મ નિજ તત્ત્વનું સમ્યગ્જ્ઞાન, એવા શુદ્ધાત્માનું સાચું જ્ઞાન, અંતર આત્મજ્ઞાન અને નિજ શુદ્ધાત્મતત્ત્વનું સમ્યક્ આચરણ એને શુદ્ધ ઉપયોગ કહે છે. કહો, સમજાણું? શુભ-અશુભભાવ એ મોક્ષનું કારણ નથી એમ કહે છે. ક્યાં ભાઈ ગયા છે નહિ? જમુભાઈ ભાવનગર ગયા છે. સમજાણું કાંઈ? શુભ પરિણામથી સ્વર્ગ મળે, અશુભ પરિણામથી નરક અને ઢોરપણું મળે, બેના મિશ્રપણાથી મનુષ્યપણું મળે અને બેયના અભાવરૂપ શુદ્ધ ઉપયોગથી મોક્ષ મળે. ખુલાસો ચોખ્ખો કર્યો આમાં તો. એની અંદર આવ્યું કે શુભ ઉપયોગથી પુણ્ય બંધાય અને પુણ્યથી દેવ મળે, પણ શુભ ઉપયોગથી કોઈ દિ' સમ્યગ્દર્શન-જ્ઞાન ન થાય. એમ આવ્યુંને એમાં? કારણ કે કીધું જુઓને એનાથી વિરુદ્ધ કીધું. કે '**નિજ શુદ્ધાત્મતત્ત્વકે સમ્યક્ શ્રદ્ધાન...**' લ્યો! કહે છેને સમ્યગ્દર્શન શુભ ઉપયોગથી થાય. તમે કાંઈ અભ્યાસ કર્યો છે શાસ્ત્રનો? બીજા ઘણા ભણેલા શાસ્ત્રના હોય અને તમે એની સાથે વાત કરવા જાવ તો ફેંફે થઈ જાવ.

જુઓને! ચોખ્ખી વાત કરી કે આ આત્મા છે એ અંદર શુદ્ધ આનંદકંદ અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. એનું અંતર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્-આચરણ એને શુદ્ધ ઉપયોગ કહીએ. શુદ્ધ ઉપયોગની આ વ્યાખ્યા કરી. એનાથી આત્માને મુક્તિ મળે. વચમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી મુક્તિ ન મળે, સંવર-નિર્જરા ન થાય. એનાથી પુણ્ય બંધાય અને એમાંથી દેવલોક મળે. અને પાપના ભાવથી નરક અને નિગોદ થાય. મનુષ્યપણું મિશ્રથી મળે. થોડુંક પાપ ને થોડુંક પુણ્ય એનાથી આ મનુષ્યપણું મળે જુઓને. સમજાણું?

'**મોક્ષકા કારણ એક શુદ્ધોપયોગ હૈ,...**' લ્યો! પણ શુભ ઉપયોગ ક્યાંથી હોય ધૂળમાં? શુભ ઉપયોગ તો પુણ્યનું કારણ થયું. પુણ્યનું કારણ એ મોક્ષનું કારણ થયું? ઓલું મોક્ષનું કારણ શુદ્ધ ઉપયોગ, સમ્યક્ શ્રદ્ધા. આ શુભ ઉપયોગ મોક્ષ કારણ. ગપેગપ માર્યા છે. દુનિયાને

બિચારાને ઊંધા પાટા (ભણાવ્યા). એવી લાયકાત જીવની તો એવા મળ્યા એને. શું કરે? એક જ આત્મા પોતે શુદ્ધ સ્વરૂપે છે. પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ આત્મા છે. એ આત્મા. અને એવા આત્માની નિજ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનું આચરણ અંતર એનું નામ શુદ્ધ ઉપયોગ છે. એક જ શુદ્ધ ઉપયોગ જ આત્માને મોક્ષનું કારણ છે. એટલે કે સંવર અને નિર્જરારૂપ છે. શુદ્ધ ઉપયોગ સંવર અને નિર્જરારૂપ છે, શુભ ઉપયોગ પુણ્ય આસ્રવરૂપ છે, આ શુભ ઉપયોગ પાપ આસ્રવરૂપ છે અને આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ શુદ્ધ ઉપયોગરૂપ સંવર, નિર્જરા છે. એમ ચોખ્ખી વાત છે. આહા..હા..! કહો, સમજાણું આમાં?

'**ઈસલિયે...**' લ્યો, મોક્ષનું (કારણ) શુદ્ધ ઉપયોગ. એ શુદ્ધ ઉપયોગ ત્રણ (સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર). '**ઈસલિયે ઈસ શુદ્ધોપયોગકે બિના કિસી તરહ ભી મુક્તિ નહીં હો સકતી,...**' એ શુદ્ધ ઉપયોગ. આત્મા શુદ્ધ આત્મા અંતર સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાના ઉપયોગ સિવાય આત્માને મિથ્યાત્વ અજ્ઞાન, રાગ-દ્વેષથી છૂટકારો કદી થતો નથી. સમજાણું કાંઈ? '**યહ સારાંશ જાનો.**' લ્યો! એ સારાંશ કીધો. '**ઐસા હી સિદ્ધાન્ત-ગ્રન્થમેં ભી હરએક જગહ કહા ગયા હૈ.**' લ્યો! અહીં તો એમ કહ્યું. છેને? '**चोक्तम्**' છેને?

'**જૈસે-યહ જીવ પાપસે નરક તિર્યંચગતિકો જાતા હૈ,...**' અશુભભાવથી. વળી એમ કહે કે, કર્મથી જાય. પણ કર્મ તે બંધાણું શી રીતે? અશુભભાવથી પાપ, હિંસા, જૂઠું, ચોરી, ક્રોધ, માન, માયા, લોભના ભાવ એનાથી બંધાણું પાપ. એ પાપથી મરીને જાય નરક અને ઢોર. '**ઔર ધર્મ (પુણ્ય) સે દેવલોકમેં જાતા હૈ,...**' જુઓ પાઠમાં ધર્મ શબ્દ પડ્યો છે. '**पावेण णरयतिरियं गम्मइ धम्मेण देवलोयम्मि**' ધર્મ શબ્દે પુણ્ય, ધર્મ શબ્દે જ પુણ્ય છે. શુભભાવને વ્યવહારધર્મ કહેવાય, પણ વ્યવહારધર્મથી સ્વર્ગ મળે. મુક્તિ અને સંવર-નિર્જરા એનાથી થાય નહિ. '**પુણ્ય-પાપ દોનોંકે મેલસે મનુષ્યદેહકો પાતા હૈ, ઔર દોનોંકે ક્ષયસે મોક્ષ પાતા હૈ.**' લ્યો! આ પરમાત્મપ્રકાશની વાત. હવે એનો ખુલાસો વિશેષ બીજી રીતે કરે છે.

'**આગે નિશ્ચયપ્રતિક્રમણ,...** ' શુદ્ધ ઉપયોગ કહ્યોને? '**નિશ્ચયપ્રત્યાખ્યાન ઔર નિશ્ચયઆલોચનારૂપ જો શુદ્ધોપયોગ ઉસમેં ઠહરકર...**' એમ. '**જો શુદ્ધોપયોગ ઉસમેં ઠહરકર...**' સમજાય છે? '**स्वरूपे स्थित्वा**' એમ છેને? એટલે પછી અહીં શુદ્ધ ઉપયોગ '**स्थित्वा**' '**વ્યવહારપ્રતિક્રમણ,...**' એટલે શુભ રાગ, '**વ્યવહારપ્રત્યાખ્યાન...**' એટલે શુભ ઉપયોગ, '**ઔર વ્યવહાર આલોચનારૂપ...**' શુભ જોગ, '**શુભોપયોગકો છોડે,...**' દેખો!

પહેલા સમ્યગ્દર્શનપૂર્વક સ્થિરતા ન હોય સ્વરૂપમાં ત્યારે એને વ્યવહારપ્રતિક્રમણ આદિ અશુભભાવથી બચવા એવો શુભ ઉપયોગ હોય. સમજાય છે? પણ એ શુભ ઉપયોગ છે એ પુણ્યબંધનું કારણ છે. સમ્યગ્દૃષ્ટિને વ્યવહારપ્રતિક્રમણ હોય હોં! અજ્ઞાનીને ન હોય. સમજાણું? જેને આત્મામાં, પુણ્ય ને પાપનો રાગ પણ જેના સ્વભાવમાં નથી એવી આત્માની અંતર દૃષ્ટિ થઈ છે, અંતર આત્મદૃષ્ટિ થઈ છે એને જ આવા વ્યવહારપ્રતિક્રમણનો શુભ રાગ હોય, પણ એ શુભ રાગ પુણ્યબંધનું કારણ છે. એને છોડીને શુદ્ધમાં ઠરે તે મોક્ષનું કારણ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ સમયસારની મોક્ષ અધિકારની શૈલી લીધી છે. '**ઐસા કહતે હૈં**--'

**वंदणु णिंदणु पडिकमणु पुण्णहँ कारणु जेण।**

લ્યો! ચોખ્ખી વાત છે. એટલે એ પુણ્ય છે અને એ શુભ જોગ છે અને એ શુભયોગ નીચે છઠ્ઠે, ચોથે, છઠ્ઠે સુધી હોય છે. ઠીક! પણ શું કરે છે? અરે..! જગતને માંડ ટાઈમ મળ્યો મનુષ્યદેહનો એમાં આવા મળ્યા, ભણેલા મળ્યા આવા.

**૧૬૧) वंदणु णिंदणु पडिकमणु पुण्णहँ कारणु जेण।**
**करइ करावइ अणमणइ एक्कु वि णाणिण तेण।।६४।।**

અહીં તો એટલી જ વાત લેવી છે. '**णाणिण तेण**' કીધું પાધરું. '**પંચપરમેષ્ઠીકી વંદના,...**' અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, પરમેશ્વરની વંદના એ શુભ ઉપયોગ છે. સમ્યગ્દૃષ્ટિ સહિતની વાત છે. સમજાણું કાંઈ? '**निंदनं**' '**અપને અશુભ કર્મકી નિંદા,...**' જુઓ, પાપભાવની નિંદા એ શુભભાવ છે, પુણ્યભાવ છે. '**प्रतिक्रमणं**' '**ઔર અપરાધોંકી પ્રાયશ્ચિત્તાદિ વિધિસે નિવૃત્તિ,...**' પ્રાયશ્ચિત લેવું, મિચ્છામિ દુક્કડમ આદિ શુભભાવમાં.. મને પાપ લાગ્યું (એનું પ્રાયશ્ચિત્ત લ્યે). '**પ્રાયશ્ચિત્તાદિ વિધિસે નિવૃત્તિ, યે સબ જો પુણ્યકે કારણ હૈં,...**' દેખો! એ પુણ્યનું કારણ છે. '**મોક્ષકે કારણ નહીં હૈં,...**' મોક્ષનું કારણ નથી એટલે મોક્ષનો માર્ગ નથી એમ થયું. તો પછી શુભ વ્યવહાર મોક્ષનો માર્ગ અને શુદ્ધ એ પાછો નિશ્ચય મોક્ષમાર્ગ અને આ વ્યવહારમોક્ષમાર્ગ બે થયો. શુભ વ્યવહાર આ શુભ પડિકમણા આદિ વ્યવહાર મોક્ષમાર્ગ અને ઓલો નિશ્ચય મોક્ષમાર્ગ એમ ન થયું આમાં. મોક્ષનું કારણ તો એક જ કહ્યું. આ નહિ મોક્ષનું કારણ. વ્યવહાર પ્રતિક્રમણ, નિંદા ને પ્રાયશ્ચિત એ કાંઈ મોક્ષનું કારણ નથી. ભાવ હોય, શુભભાવ આવે. '**ઈસીલિયે પહલી અવસ્થામેં પાપકે દૂર કરનેકે લિયે...**' જુઓ! ખુલાસો કર્યો. અહીં તો ના જ પાડે છે. '**જ્ઞાની પુરુષ ઈનકો કરતા હૈ,...**' એટલે આવે છે. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાનમાં શુભભાવ હોય, ચોથે ભલે ન હોય પંચ મહાવ્રત આદિ, શુભભાવ આવે પડિકમણું વ્યવહાર વિકલ્પ (આવે)

પણ છે શુભ રાગ. કહો, કરતે હૈ એટલે હોય છે. 'કરાતા હૈ,...' એટલે એને વિકલ્પ હોય કે ભાઈ! આ પ્રમાણે શુભભાવ હોય. **'ઔર કરતે હુએકો ભલા જાનતા હૈ...'** પાઠમાં તો નકાર છે, એમાંથી હકાર કાઢ્યો શુભનો.

**'તો ભી નિર્વિકલ્પ શુદ્ધોપયોગ અવસ્થામેં...'** આત્મા પોતાના ધ્યાનમાં જ્ઞાનાનંદમાં લીન હોય ત્યારે એવો **'જ્ઞાની જીવ ઈન તીનોંમેંસે એક ભી ન તો કરતા હૈ,...'** શુદ્ધોપયોગ, બહુ ઊંચી વાત એમ લાગે માણસને. પહેલી વસ્તુ આ છે એમ કહે છે. આત્માની દૃષ્ટિમાં જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય વસ્યો છે પણ ઠરી શકતો નથી, સ્વરૂપના આચરણમાં. એટલે પહેલી અવસ્થામાં પાંચમે, છઠ્ઠે આદિ ગુણસ્થાનમાં શુભ વ્યવહાર પ્રતિક્રમણ આદિનો ભાવ આવે. સમજાણું? પણ એમાંથી નીકળીને ઠરતા, આત્માના વસ્તુના સ્વરૂપમાં જામતા, અંદર નિર્વિકલ્પ ધ્યાનમાં જામતા જ્ઞાની જીવ ત્રણમાંથી એક પણ ન કરે. **'वंदणु णिंदणु पडिकमणु'** એમ ત્રણ થયાને એ? **'ન કરાતા હૈ, ઔર ન કરતે હુએ કો ભલા જાનતા હૈ.'** સમજાણું આમાં? પાઠ તો એ છે મૂળ એટલો જ છે.

**'ભાવાર્થ :- કેવલ શુદ્ધ સ્વરૂપમેં જિસકા ચિત્ત** લગા હુઆ હૈ,...' શું કહે છે? આ આત્મા આનંદ સ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે એથી ચિત્ત ત્યાં લાગ્યું છે. સમજાણું? સાલમપાક ખાધો હોયને એકવાર, પછી એને ઝટ પચી જાય અને ઝટ સવારમાં ઊઠીને એ ખાઉં એની નજર હોય. શિયાળામાં બહુ કરે. ખબર છે? શિયાળામાં કરી રાખે ઘરે મણ, બે મણ. સાલમપાક સમજતે હો? ઊંચા હોતા હૈ ઐસા. દશ-દશ રૂપિયાના. અત્યારે કોક કહેતું હતું પચ્ચીસ રૂપિયાનો એક શેર. હમણા કહેતા હતા. પચ્ચીસ રૂપિયાનો એક શેર. મોંઘવારી કેટલી! સવા પાંચનો શેર તો અહીં સાંભળ્યું છે અહીં કરતા ઓલામાં. અહીં લોકો જાતા ... સવા પાંચનો શેર આપે પાક. પચ્ચીસ રૂપિયાનો એક શેર ઊંચો, આમ ચોસલું ઘી અને અંદર સરખું સુગંધ-ફુગંધ... મૂળ તો ધૂળ હોય બધી સરખી. પણ સવારમાં ઓલો પાશેર ખાધો હોયને. ... ભાગ આપે હોં. ઘરના દશ માણસ હોય બધાને એ પ્રમાણમાં. મોટાને દશ પાશેર, નાના પાશેર. એથી નાનાને ઓછી. ના, ના, આ બધી વાત થયેલી છે, બધી જોયેલી ને ખાધેલી છે. બધાના ભાગ પાડે. નાનું બહુ નાનું હોય તો માગે તો ખરો, બહુ નાનો હોય એટલે એને થોડો આપે. મોટા હોય ચાલીસ વર્ષના, પચાસ વર્ષના એને દોઢ પાશેર. બહુ ઝાઝો ન આપે. પાછું .. ખાવું હોયને. એને થોડો એની નજર ત્યાં ને ત્યાં રહે. આ રોટલી, દાળ ખાઈએ છીએ... કરતા નહિ હોય તમે ઘરે? એ ઓલી ઊંચી ચીજ હોયને આમ વળી એમાં બદામ ને પિસ્તા નાખીને આમ સરખા કર્યા હોય, કેસર કસ્તુરી વળી પાછી. આહા..હા..!

એક ફેરી નહોતું કહ્યું? હતું કાંઈક. .. હતી તમારે ત્યાં આગળ કલ્યાણજી ગોવિંદજી. કલ્યાણજી ગોવિંદજી. કલ્યાણજીભાઈ નહિ? એક ફેરી ત્યાં બહુ ઊંચી ચીજ હતી. એકલી પિસ્તાનું કાંઈ કરી કરેલું. બદામ, પિસ્તા શું કહેવાય? ચારોળી-ચારોળી. ચારોળીનું જ કાંઈક કરેલું બધું પીસીને. પણ એકવાર ઓલું ખાધું હોય ને ખાધાના ગૃદ્ધિ હોય એની વાત છે હોં! ફરીને સવારમાં એ યાદ રહે કે આહા..! ઓલી ચીજ આવેને, એ ચીજ (આવે તો ખાઉં).

એમ અહીંયા આત્માનો આનંદ એકવાર ચાખી લીધો છેને. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ જીવે સ્વસંવેદનજ્ઞાનમાં આત્મા અતીન્દ્રિય સ્વરૂપ અનાકુળ, અકળ કળા જેની આનંદની છે એવી ચીજને એક વાર અનુભવ કર્યો છે એટલે વારંવાર... એ કહે છે જુઓ! એનું ચિત્ત ત્યાં લાગ્યું છે. ભલે શુભોપયોગમાં આવે પણ ચિત્ત ત્યાં લાગ્યું છે. આ છોડીને ત્યાં જાઉં, આ છોડીને ત્યાં જાઉં એમ કહે છે. સમજાય છે કાંઈ? ઓલો તો દાખલો છે હોં! એ દાખલાની વાત નથી. આ તો એનું ચિત્ત એમ રહ્યા કરે અંદર. એમ, **'કેવલ શુદ્ધ સ્વરૂપમેં જિસકા ચિત્ત લગા હુઆ હૈ,...'** આહા..હા..! અનાકુળ આનંદનો કંદ આત્મા, જેના સ્વાદના એક અંશ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસન જ્યાં સડેલા તરણા લાગે. ઈન્દ્રના ઈન્દ્રાસનો, કરોડો અપ્સરાઓ તરફના વલણનો રાગ દુઃખદાયક લાગે. સમજાય છે કાંઈ? એવો જે આત્માનો અનુભવ થયો છે એને, હજી અંદર ઠરે નહિ ત્યારે આવો શુભભાવ પડિકમણું આદિનો હોય. ચિત્ત ત્યાં લાગ્યું છે કે અહીંથી જઈને ત્યાં ઠરું, અહીંથી જઈને ત્યાં ઠરું એમ. સમજાણું કાંઈ?

**'ઐસા નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વકી ભાવનાકે બલસે દેખે,...'** હવે જુઓ આ ભાવના શબ્દ આવશે ઘણીવાર આમાં. એવા શુદ્ધ ચૈતન્યનો આનંદ અંતરમાં, એક વિકલ્પની આકુળતા ક્ષણિક એના સિવાયની આખી ચીજ નિરાકુળ છે. એ આવો આત્મા! કાલ તો કહ્યું હતું નહિ રાત્રે? ભાઈ! ત્રણ રત્ન છેને? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્ન કહ્યા છે. શું? રાત્રે વાત થઈ હતી સાંભળી છે? શું કીધી હતી? ભૂલી જાય. એને ક્યાં યાદ રહે છે? આત્મા છે એ નિજ શુદ્ધ ચૈતન્યમૂર્તિ પવિત્ર આનંદકંદ છે. એમાં પુણ્ય-પાપનો જે વિકલ્પ છે એટલો વિકાર આત્માના નિજ સ્વરૂપથી વિરુદ્ધ છે. હવે એવું જે સ્વરૂપ આત્માનું શુદ્ધ આનંદ એની જે શ્રદ્ધા સમ્યગ્દર્શન, એનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન, એની રમણતા સમ્યક્ચારિત્ર એને રત્નત્રય કહે છે. કોઈએ સાંભળ્યું છે કે નહિ? હવે એ ત્રણ રત્નના ફળ તરીકે કેવળજ્ઞાન કહે છે. તો કેવળજ્ઞાન તો આ રત્નનું મહા રત્ન થયું. એવા એવા કેવળજ્ઞાન અનંત પ્રગટે એવા મહા રત્નનો પિંડ તો આત્મા જ્ઞાનમાં પડ્યો છે એકલો જ્ઞાનમાં. એ જ્ઞાન ગુણમાં એવા અનંતા

મહા રત્ન પડ્યા છે. સમજાણું કે નહિ? એ આત્મા શું ચીજ છે? જેના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને રત્ન કહ્યા, એ રત્નની કિંમતે મોક્ષ મળે. કાંઈ કાંકરા દીધે મોક્ષ મળે નહિ. શુભભાવથી મોક્ષ ન મળે એમ કહે છે.

મુમુક્ષુ :- ઈ કાંકરા છે?

ઉત્તર :- કાંકરા છે ઈ. એ કાંકરામાં કાંકરા મળે—દેવલોક. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક ઉદયના વિકલ્પના ભાવનું લક્ષ છોડી દે (તો) આખી ચીજ એકલા અતીન્દ્રિ આનંદનો અને અતીન્દ્રિય જ્ઞાનનો એકલો કસ રસ છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રના આચરણને જ્યારે રત્નત્રય કહ્યા, તો એના ફળને કેવળજ્ઞાન રત્ન તો મહા રત્ન થયું. એવા કેવળજ્ઞાન સાદિ-અનંત પર્યાયના અનંત રત્ન, અનંત રત્ન એ જ્ઞાન ગુણની શક્તિમાં એવા અનંત રત્ન પડ્યા છે. રાત્રે કહ્યું હતું. યાદ ક્યાં રહ્યું છે? પણ હવે છે એમ કીધુંને પહેલું તો જરીક આમ આમ થઈ ગયું હતું થોડું. કહો, સમજાણું આમાં?

એમ કેવળદર્શન એ રત્નત્રયનું ફળ. એવું કેવળદર્શન અનંત કાળ પ્રગટે એવું એક મહારત્ન એવા અનંતા રત્ન દર્શન શક્તિમાં પડ્યા છે. ચારિત્રરત્ન એનાથી પ્રગટ થયેલું યથાખ્યાત ચારિત્ર. પૂર્ણ સ્વરૂપ આચરણ યથાર્થ ચારિત્ર કે જેના રત્નના ફળમાં પૂર્ણ ચારિત્ર પ્રગટ્યું એવા અનંત ચારિત્ર, મહાચારિત્ર રત્ન એ ચારિત્ર ગુણમાં પડ્યા છે. રાત્રે વાત કરી હતી. હમણા તમારે ત્યાં જાય છેને, હમણા રાત્રે તો બહુ નીકળે છે ઘણું. કહો, સમજાણું આમાં? કોઈ વખતે નીકળે હોં! કાંઈ બધી વખતે નીકળે છે એવું કાંઈ નહિ. કોઈ વખતે વાતુંમાં જાય અમુક જાતની. કહો, સમજાણું આમાં? અમુક જાતની હોં! આ બધું ચાલતું હોય, કોઈ આમ લખતું હોય એની વાતું થાય કે આ લખે છે.

એમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે એનું જે અહીં ચારિત્રનું ફળ સ્થિરતાનું, અતીન્દ્રિય આનંદ થોડો અનુભવાણો એનું ફળ પૂર્ણ અતીન્દ્રિય આનંદ. એ અતીન્દ્રિય આનંદ મહારત્ન એવા અતીન્દ્રિય આનંદ સાદિ-અનંત પ્રગટ થાય એવા અતીન્દ્રિય આનંદનો એક આનંદ (ગુણમાં) અનંતા રત્ન પડ્યા છે એવા. છોટાભાઈ! એ આત્મા કેવડો એ એને પ્રતીતમાં આવતો નથી. સમજાય છે? આ આત્મા કેવડો અને કેવો? આમ બેસતો નથી, એને ભરોસે આવતો નથી. આ શું? આત્મા એટલે કાંઈ છે નહિ, આ કરો તમતમારે આ પડિક્કમણા, સામાયિક કરો. પણ આત્મા શું? જેને લાભ થાય એ આત્મા શું? અને જે ધર્મ કરનાર છે, કરનાર છે એ આત્મા કોણ? એ ભગવાન જાણે, આપણને કાંઈ ખબર નથી. ચીમનભાઈ! આહા..હા..!

એ આત્મા આવા અનંત રત્ન એક ગુણમાં છે, અનંત રત્ન. જેના એ રત્નમાંથી અનંત કેવળજ્ઞાન આદિ અનંત ગુણની નિર્મળ પર્યાય પ્રગટ થાય એ બધાને મહારત્ન કહેવાય. એવા

મહારત્ન અનંત કાળ પ્રગટે એવા અનંતા મહારત્ન એક એક ગુણમાં પડ્યા છે. આહા..હા..! એવા અનંત ગુણમાં એક એક રત્ન એવા અનંત ગુણરૂપી અનંત રત્નનો પિંડ તેને આત્મા કહીએ. કહો, સમજાણું આમાં? સમજાય છે કે નહિ આમાં? આ ત્રિરત્ન, ત્રિરત્ન કહે છે લ્યો! ત્રિરત્ન. રત્નત્રય... રત્નત્રય... રત્નત્રય (બોલે) પણ રત્નત્રય શું? ભાષા કે ભાવ? તો એ ભાવ ક્યો? ભગવાન પૂર્ણ અનંત... અનંત... અનંત... એક એક ગુણમાં એના પૂર્ણ અનંત રત્ન પડ્યા છે. અનંત હોં! એવા એક-એક ગુણમાં અનંત પૂર્ણ રત્ન અનંત એવા ગુણોનું ગુણરૂપ રત્ન, એક ગુણમાં અનંત રત્ન એવા અનંત ગુણરૂપ અનંત રત્ન એનો પિંડ એક દ્રવ્ય આત્મા છે. આહા..હા..!

એમાં આ તમારા ધૂળના હીરા અને માણેક તો ક્યાંય ધૂળમાં પણ નથી કહે છે. એ તો કોઈ શુભ પરિણામ સાધારણ થઈ જાયને એવા અબજો, અબજો હીરા, માણેક મળી જાય. એક શુભમાં. આ તો શુદ્ધમાં આવા રત્નની પ્રાપ્તિ દૃષ્ટિમાં થાય ત્યારે એને એના ફળમાં શુદ્ધ અનંત જ્ઞાન આદિ રત્ન પ્રાપ્ત થાય. એ કાંઈ બહારથી નથી આવતા એ રત્ન. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ આત્મા શું વસ્તુ આત્મ પદાર્થ? તેથી અહીં પરમાત્મા, પરમાત્મા માંડ્યો છે અહીં તો જુઓને.

પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ. પરમસ્વરૂપ ભગવાન, પરમસ્વરૂપ ભગવાન, પરમસ્વરૂપ પરમાત્મા. પરમ સ્વરૂપ એટલે શું? સમજાય છે કાંઈ? એ મહા પરમસ્વરૂપ પ્રભુ જેના એક ગુણમાં એવા અનંતા અનંતા રત્નો, જે મોક્ષમાર્ગના રત્નો એનાથી અનંતગુણી પર્યાય પ્રગટ થઈ છે. એવા એક-એક અનંત રત્ન, એનો અનંત રત્નનો એક ગુણ, એવો બીજા અનંત રત્નનો એક ગુણ. એવા અનંત રત્નના અનંત ગુણ એવો એકરૂપ આત્મા. આહા..હા..! તેથી એને ચૈતન્ય રત્નાકર કહેવામાં આવે છે. લ્યો! ઠીક. ત્યાં ગયું પાછું. સમજાણું કાંઈ?

ચૈતન્ય રત્નાકર. જેમ દરિયામાં અખૂટ ભર્યા હોય રત્ન, અખૂટ. સ્વયંભૂરમણસમુદ્રમાં તો અખૂટ રત્નો છે. અસંખ્ય યોજનનો દરિયો, અસંખ્ય રત્નો, અસંખ્ય રત્નો ધૂળના. આ તો સ્વયંભૂ પોતે. સમજાણું કાંઈ? ઓલો તો સ્વયંભૂ દરિયો પાણીનો. આ સ્વયંભૂ અનંત બળનો ધણી, પાણી એનું બળ છે એક-એક ગુણનું. જુઓ અહીં બળ આવ્યુંને. આહા..હા..! શું કહે છે? નિર્વિકલ્પ પરમાત્મભાવનાના બળથી. ભગવાન આત્મા જેના અંતર ખજાને, જેના તળિયામાં, જેના તળમાં, જેના અંતરમાં અનંત અનંત રત્નવાળો એક એક ગુણ એવા અનંત ગુણના રત્નરૂપ ભગવાન એની નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વની ભાવના. એવો જે નિર્વિકલ્પ નામ એકરૂપ પરમાત્મા. શું કીધું? એવો જે એકરૂપ પરમાત્મા. નિર્વિકલ્પ એટલે એક. અભેદ પરમાત્મા એની ભાવના. સમજાણું કાંઈ? આ કહ્યોને આત્મા. નિર્વિકલ્પ પરમાત્મા. પરમાત્મ તત્ત્વ એની

વ્યાખ્યા કરી આટલી તો. કહો, હીરાભાઈ! આ હીરાભાઈ નામ લે. આ તો હીરો અંદર છે કહે છે આખો. આહા..હા..! એવું પરમાત્મ તત્ત્વ એની ભાવના, એની એકાગ્રતાનું બળ દેખો. એના ભાવનાના બળથી હોં! શબ્દ પડ્યો છેને? કેટલામું છે? ૬૪ જુઓ! અંદર છે એ. પરમાત્મ ભાવના '**परमातत्त्वभावनाबलेन**' પહેલી જ લીટી છે, પહેલી લીટી છે. બળથી. આહા..હા..! એ શુભ વિકલ્પ એ આત્માની ભાવના નથી એમ કહે છે. કારણ કે શુભ વિકલ્પને ગમ્ય નથી આત્મા કેવો છે ઈ. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા અનંતા અનંતા રત્નનું થર, અરૂપી છે પણ વસ્તુ, વસ્તુ છે કે નહિ? અને તે દળ છે કે નહિ? સાડા ત્રણ હાથ, પાંચસો ધનુષમાં લ્યોને લાંબો. દળ છે મોટું અરૂપીનું આમ દળ છે. એના દળમાં, એના તળમાં, એના દળના, એના તળના સત્તામાં અનંત એક એક ગુણમાં અનંત રત્ન, એવા અનંત રત્નનો પિંડ તેને આત્મ દળ કહીએ. આહા..હા..! એની ભાવના. એની ભાવના એટલે? એ સ્વરૂપ તરફ એકાગ્રતા. ભાવના એટલે કલ્પના એમ નથી અહીંયા. ઓલા કહેને ભાવનાના અર્થ એવા કરે છે. અરે..! ભગવાન શું કરે છે આ? સર્વજ્ઞ ન મળે, ગણધરો આવે નહિ, ઈન્દ્રો ઉપરથી કહે નહિ કે આ તમે કાળાકેર કરો છો.

કહે છે, આવો નિજ પરમાત્મા નિર્વિકલ્પ પરમસ્વરૂપ ભગવાન એની ભાવના એટલે એની અંતર એકાગ્રતા એના બળથી. જુઓ ભાષા. ઓલું વિકલ્પનું બળ ને નિમિત્તનું બળ ને શરીરનું બળ ને સંહનન મોટું મજબૂત છે માટે એનું બળ (એમ નથી કહ્યું). સમજાણું કાંઈ? આહા..! કહે છે, એની '**ભાવનાકે બલસે દેખે, સુને ઔર અનુભવ કિયે ભોગોંકી વાંછારૂપ જો ભૂતકાલકે રાગાદિ દોષ ઉનકા દૂર કરના...**' શું કહે છે? ભગવાન આત્મા પરમ આત્મ એટલે પરમ સ્વરૂપ જે આ કહ્યું એની અંતરની એકાગ્રતા, એના જોર દ્વારા, જોર એટલે બળ દ્વારા જેટલા દેખેલા, સાંભળેલા, અનુભવેલા ભોગો, એની જે ઈચ્છા, એવો જે ભૂતકાળનો રાગ-દ્વેષનો ભાવ એવા ભાવનાના બળથી દૂર કરવા. એવા ભાવનાના બળથી દૂર કરવા. જુઓ! એનું નામ '**નિશ્ચયપ્રતિક્રમણ;...**' છે. કહો, ન્યાલભાઈ! સાંજ-સવાર ઓલા પડિકમણા કરે કે ... શેઠિયા માણસ. પડિક્કમણું કર્યું. ચાલો ભાઈ! ન્યાલભાઈએ કર્યું, આપણે પણ કરીએ ચાલો. પ્રાણભાઈ! ક્યાં ગયા પ્રાણભાઈ તમારા? આહા..હા..! આ તમારા મોટા... આહા..હા..!

અરે..! દરબારના ભેટા ન કર્યા તેં, કહે છે. જેના ખજાને ખોટ નથી એટલી અંદર કિંમતી ચીજો પડી છે. એવો ભગવાન આત્મા અંદરમાં અનંત અનંત ગુણનો પિંડ. તેં સાંભળ્યો નથી અને એ શું ચીજ છે એ ખ્યાલમાં કોઈ દિ' લીધી નથી. ત્યારે આ ભાવના ક્યારે

થાય? એવો આત્મા છે એની અંતર રુચિ થઈ છે, શ્રદ્ધા થઈ છે, વિશ્વાસ આવ્યો છે, જ્ઞ તરીકે જ્ઞાનમાં જાણ્યો છે. સમજાણું કાંઈ? ત્યારે એ વસ્તુમાં એકાગ્ર થઈને ઠરે, એના બળ દ્વારા પૂર્વના પુણ્ય અને પાપના... જુઓ! છેને? '**ભોગોંકી વાંછારૂપ જો ભૂતકાલકે રાગાદિ દોષ...**' કોઈ પણ શુભ-અશુભભાવ હોં! સબ. એને દૂર કરવા, આવી ભાવનાના બળથી આને દૂર કરવું. એ ભાવના, આવા આત્માની ભાવના કરવી એના બળથી વિકાર દૂર થાય છે. ભૂતકાળનો દોષ નાશ થાય છે. એને નિશ્ચયપ્રતિક્રમણ કહે છે, એને સાચું પ્રતિક્રમણ કહે છે. સમજાણું કાંઈ? આ તો ઘણું કહેવાણું હોય, પછી બે મિનિટમાં કોઈ કહી દે ઝટ દઈને? કહો, ભગવાનજીભાઈ! લ્યો! આ પડિકમણું કીધું. સાચું કીધું. આ તો વસ્તુ પોતે છે.

દરિયામાં મોતીઓ લેવા નથી જાતા મરજીવા? ટોપી પહેરી અને શ્વાસ રાખે ઉપર, શ્વાસ આવે. પાછા મરી જાય તો અંદર? એટલે શ્વાસ માથે રાખીને જાય નીચે ગોતવા. સાચા મોતી ભરી ભરીને લઈને પછી ઉપર આવે હોં કેટલેક વખતે. બે, પાંચ કલાકે, દશ કલાકે અંદર જાય. એ પડ્યા છે રત્ન અંદર કહે છે. મોતી સાચા પડ્યા હોય દરિયામાં, રત્નો પડ્યા છે, ઘણું પડ્યું છે. એમ ભગવાન આત્મા તળ ઉપરનો જે વર્તમાન પર્યાય છે એને અંતર તળમાં, અંતર તળમાં એકાગ્ર થતાં જેમાં મહાન રત્ન પડ્યા છે. પણ એના ગુણ કેટલા કહેવા કહે છે. સમજાણું? એવો ભગવાન અનંત રત્નમય પ્રભુ ચૈતન્યરત્ન એની એકાગ્ર ભાવનાના બળથી દોષનો નાશ થાય છે. ગયા કાળના પાપનો અને પુણ્યનો આના બળથી નાશ થાય છે. બીજી કોઈ રીત અને ઉપાય શાસ્ત્રમાં સાચી બીજી રીત છે નહિ. આહા..હા..! ગયા કાળનું પડિકમણું આ એની વ્યાખ્યા ચાલી. આવતું હતું કે નહિ? ગયા કાળનું પડિકમણુ, વર્તમાન કાળનો સંવર, આવતા કાળના પચ્ચખાણ. આ ત્રણે આવતા. આ તો હજી એક પડિકમણુ ચાલે છે પહેલું. આહા..હા..! માણસને એની કિંમત નથી. એટલે આ શુભભાવ એ વ્યવહારધર્મ છે, આ નિશ્ચય હોય તો. એ વ્યવહારધર્મ તો પુણ્ય છે, પુણ્યને અહીંયા વ્યવહાર નિમિત્ત સાધન વ્યવહારે કહેવામાં આવ્યું છે. પણ એનું ફળ તો પુણ્યબંધ છે, સ્વર્ગ મળે. સમજાણું કાંઈ? સંવર, નિર્જરા નહિ. અહીંયા આવો જે આત્મ ભગવાન એની એકાગ્રતા એ સંવર-નિર્જરા. એ સંવર-નિર્જરાના બળથી ગયા કાળના દોષનો નાશ કરવો એનું નામ સાચું-નિશ્ચય પ્રતિક્રમણ. કહો, સમજાણું આમાં? વ્યાખ્યા પણ (જુદી જાતની). એક બોલ થયો.

હવે નિશ્ચયપ્રત્યાખ્યાન કહે છે. '**વીતરાગ ચિદાનન્દ એક શુદ્ધાત્માકી અનુભૂતિકી ભાવનાકે બલસે...**' બધે ભાવના લેશે. હવે નિશ્ચયપ્રત્યાખ્યાન કહે છે. નિશ્ચયપ્રતિક્રમણ કહ્યું. નિશ્ચય એટલે સાચું. નિશ્ચય એટલે નિયમવાળું નિશ્ચય સત્ય તે. સમજાય છે કાંઈ?

એ વીતરાગ ચિદાનંદ... સમજાણું? ત્યાં એમ લીધું. ઓલામાં શુદ્ધ નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વ ભાવના એમ લીધું હતું. અહીં '**વીતરાગ ચિદાનંદ એક શુદ્ધાત્માકી અનુભૂતિ...**' વીતરાગ ચિદાનંદ એક અનુભૂતિ એમ લીધું છે. વીતરાગ ચિદાનંદ એક અનુભૂતિ, વીતરાગ ચિદાનંદ એક અનુભૂતિ. અનુભૂતિ કોની? એમ પછી ખુલાસો કર્યો. કે વીતરાગ ચિદાનંદ એ કોણ? એક શુદ્ધાત્મા, એક શુદ્ધાત્મા. એક શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... અનંત રત્નનો દરિયો ભગવાન એની અનુભૂતિ—એનો જે અનુભવ. સમજાણું કાંઈ? ઓલામાં પરમાત્મ ભાવનાનું બળ લીધું હતું, અહીં એના અનુભૂતિની ભાવનાના બળથી એમ લીધો શબ્દ. વિશેષ શબ્દો ફેર પાડ્યા જરી.

ભગવાન આત્મા શુદ્ધ આત્મા વીતરાગ નિર્વિકલ્પ શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્માનું ત્રિકાળ એની અનુભૂતિ, શુદ્ધાત્માની અનુભૂતિ. લ્યો! શુભનો અનુભવ એ નહિ. શુદ્ધાત્મા એ ત્રિકાળ એની અનુભૂતિ એ વર્તમાન પર્યાય, એની ભાવનાના બળથી લ્યો! ભાવના એટલે એકાગ્રતા છે. ઓલો કહે, ભાવના એટલે એ તો કલ્પના છે. શ્રાવકને પણ સામાયિક કાળમાં કોઈ વખતે શુદ્ધોપયોગ થઈ જાય છે. ભાવના એને શુદ્ધ ભાવનાનો અર્થ એમ કર્યો છે કે શુદ્ધોપયોગ થઈ જાય છે એ ભાવના છે. ત્યારે ઓલો કહે કે ના એ શુદ્ધોપયોગ નહિ એ તો....

મુમુક્ષુ :- એ ભાવના ...

ઉત્તર :- પણ ક્યારેક કરે શું કરવા લે? એ તો હર વખતે ભાવના કરે છે, નથી કરતો? આ તો ક્યારેક કરે છે. શુભભાવ છે, દૃષ્ટિ શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન છે. ક્યારેક ભાવના કરે એટલે શુદ્ધોપયોગ કરે છે. સમજાણું કાંઈ? એવો એનો અર્થ છે. અરે..! આ અર્થના અનર્થ કરે. ભગવાનજીભાઈ પૂછતા હતા એક ફેરી ૮૭માં. વકીલ રામજીભાઈના મિત્ર. એ તો પછી મિત્ર તે એક જાતના હોય? ઘણી જાતના હોય. ૮૭માં પૂછતા હતા પોરબંદર કે મહારાજ! ખોટું બોલે તો જીભ કપાય તો માનું કે પાપ છે. લ્યો ઠીક! ૮૭માં આવ્યા હતા પોરબંદર. ખોટું બોલે એ વખતે જીભ કપાય. એલા! પણ ભાવ છે જીવનો ખોટા બોલવાનો અને જડ છે જીભ. જડ કપાય એનો અર્થ શું અત્યારે? એનો અર્થ શું? એય..! ખબર નહિ હોય તમને. ખબર છે? ૮૭માં પૂછ્યું હતું. વ્યાખ્યાનમાં આવ્યા હતા. એલા! આ શું બોલે છે પણ? ભાવ અશુભ પાપનો થયો તો એની પાસે ત્યાં શાંતિની લૂંટ થઈ એટલું. હવે જીભ કપાય એનો અર્થ શું? જડને, એમાં જડને શું છે?

મુમુક્ષુ :- પુરાવો જોઈએ.

ઉત્તર :- પુરાવો જોઈએ. એ વકીલાતની વાત સાચી. એ વકીલાત પુરાવા માગતા. આહા..હા..! પુરાવો બાપુ! એને પાપના ભાવ થયા ત્યાં શાંતિ હણાણી એ એનો પુરાવો

છે. સમજાય છે? બહારમાં શરીરનું કાંઈ થાય એની સાથે શું સંબંધ છે? ઓહો..હો..! આ જુઓને આમ બોકડાને કાપનારા નહિ? લઠ જેવો એક રાજકોટમાં એવો હતો લઠ જેવો. એ કસાઈ છેને એ કાપે નહિ, આમ ગળું ન કાપે, એ પહેલા ગળકટા જુદા હોય. એ જોયું હતું એક ફેરી કે આ ગળકટો. પણ લઠ જેવું શરીર હોં! આ ગળકટો એ કાપવા સવારમાં આવી જાય માથું, ગળુ કાપી જાય બોકડાનું. પછી ઓલો કાપે, કસાઈ ઝીણા કટકા કરે. જોયું હોય તો શરીર આમ કટકા કરે. હવે જાવું છે નરકમાં. પણ અત્યારે એના શરીરમાં તો આમ જુઓ તો લઠ જેવું આમ ધમ... ધમ... ધમ... ચાલતો હતો. એ અમારે રતનગઢ જાતા બહુ આવે એ કસાઈખાના. પછી કોઈ કહેતા હતા, આ ગળકટો છે. એ ગળા કાપી આવે કુકડાના, બોકડાના, ઘેટા, બસ એટલું. એને આપે કાંઈક એ. એ બહુ પાપી અને કસાઈ પછી એના કટકા કરે નાના-નાના. એ સાંભળતા હોય રસ્તામાં અમે નીકળતા હોય ફટ ફટ આમ આમ કટકા કરતા હોય કસાઈ. એ આમ જુઓ તો લઠ જેવા શરીર અને અહીં હોય વાણિયો ને એક લીલોતરી ખાવામાં પાપ છે. એં..એં.. ... એ તો પૂર્વના પાપ-પુણ્ય છે એના ફળ તરીકે શરીરની અવસ્થા છે અને શરીરની અવસ્થા તો એ પ્રકારે થવાની છે પરમાણુની. સમજાય છે? એની સાથે કાંઈ સંબંધ નથી કે આ પાપભાવ કરે એટલે જીભ કપાય. જીભ જ કપાય છે એને. પણ એની કે પરની? પાપના ભાવ કરે તો આત્માની શાંતિ લૂંટાય છે, એને ભાન નથી. એ આકુળતા કરે છે. સમજાય છે કાંઈ? અહીં કહે છે, અરે..! ભગવાન તને ઊંધા અર્થ કરતા ક્યાં આવડ્યા આવા? આવો ઉઘાડ ક્યાંથી આવ્યો? જુઓ! શું કહે છે?

'**વીતરાગ ચિદાનંદ એક શુદ્ધાત્માકી...**' બધે વસ્તુ એક રહે, પણ આમ વસ્તુ એકરૂપ લેવી છે ને દ્રવ્ય? અભેદ ભૂતાર્થ એકરૂપ વસ્તુ છે એની '**અનુભૂતિકી ભાવનાકે બલસે...**' એકાગ્રતાના બળથી એમ કહેવું છે. '**હોનેવાલે...**' હોનેવાલે એટલે? ભવિષ્યમાં જે '**ભોગોંકી વાંછારૂપ રાગાદિકકા...**' એના બળથી ત્યાગ એમ લેવું. સમજાણું કાંઈ? આત્મા.. પણ એ આત્મા એટલે આહા..હા..! પુણ્ય-પાપના વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે. કર્મ શરીર એ તો અજીવતત્ત્વ છે. નવ તત્ત્વ છેને નવ? વ્યવહારપ્રતિક્રમણ શુભભાવ એ તો આસ્રવતત્ત્વ છે, પાપના પરિણામ અશુભ એ આસ્રવતત્ત્વ છે. આસ્રવ એટલે નવા આવરણનું નિમિત્ત છે. શરીર, કર્મ તો અજીવ છે, જડ છે. ત્યારે ચૈતન્યદળ શું છે? જેને ચૈતન્ય કહીએ, આત્મા કહીએ એ તો અનંત અનંત રત્નના ગુણનો દરિયો છે. એવો જે શુદ્ધાત્માના અનુભૂતિના બળ એની એકાગ્રતાના બળથી ભવિષ્યના ઈચ્છાઓનો વર્તમાન ત્યાગ થવો, નાશ થવો એને નિશ્ચયપચ્ચખાણ, પ્રત્યાખ્યાન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ તો સાદી ભાષામાં

(આવે છે) કાંઈ એવી બહુ નથી કે કોઈ ભણવું પડે બહુ લાંબું. સમજાણું કાંઈ? આહા..હા..!

નાના નાના સિંહના બચ્ચા હોયને, સંતાડે ચોરી કરીને આમ. એક ચોર હતોને, સિંહનું બચ્ચું સંતાડ્યું અહીં. વિલાયતમાં. સિંહનું બચ્ચું હતું નાનું, ત્યાં જઈ ચડ્યો હશે. ત્યાં ઓલો કહે એલા! પણ બચ્ચું ક્યાં ગયું? તો ઓલાએ સિંહનું બચ્ચું લઈને પેટમાં આમ નાખી દીધું અંદર અહીં. કપડું પહેર્યું હોયને ઉપર? અંદર નાખી દીધું. આમ કોટ-બોટ આમ રહી ગયો, પેટ મોટું લાગે. બીજાને કાંઈ ખબર ન પડે કે આ તો સિંહ બચ્ચું કાંઈ નાખ્યું હોય? નાનું બચ્ચું હશે આમ. અરે..! આ સંતાડતા આવડ્યું? અંદર ગુપ્ત અનંત ગુણ પડ્યા છે એને સંતાડતા આવડ્યા નહિ, એને જોતા ન આવડ્યા. સમજાણું કાંઈ? મહા પરાક્રમી સિંહ આત્મસિંહ અંદર ગુણનો પિંડ છે. એને દૃષ્ટિમાં લેતા ન આવડ્યો અને આ સિંહને સંઘરવા મડ્યો. ત્યાં જ્યાં અંદર કોર્ટમાં લઈ ગયા, ભાઈ! આ માણસ આ હતો, બચ્ચું વયુ ગયું ક્યાંક, ખબર પડતી નથી. આ તો ઊભો હતો આમ અંદર ઓલા કોટના ઓલા પહેરી લીધા હોય આમ. અહીં ઊભો રાખ્યો ઓલામાં ત્યાં. કલાક, અડધો કલાક થયો ત્યાં પેટ ખાઈ ગયો ઓલો અંદરમાં, મૂર્છા આવી ગઈ ફટ એમાં એને. સિંહનું બચ્ચું કાંઈ... ફડાક... સહન કરવા માંડ્યો બહુ એ જાણે કોઈ રીતે બહાર ગુનો બહાર ન પડે. પછી ઓલું તો પેટ ખાધું. મૂર્છા આવી પડી ગયો લ્યો! જ્યાં સુધી સહન કરવાની શક્તિ એને સિંહને ગોપવવાની (હતી). આ ભગવાન અનંત ગુણનો ધણી રત્ન પ્રભુ એને એક શ્રદ્ધા દ્વારા વિશ્વાસ કરવો હોય તો (કહે), એ નહિ થઈ શકે. એ નહિ સંતાડાય, એ આત્મા આવો છે, ના. એ આપણને કાંઈ ખબર પડે નહિ. આવી કળા આવડે. પછી એમાં પાછું પરિણામ ઉઘાડું પડી ગયું ખુલ્લું.

આ તો ભગવાન આત્મા એના જ્ઞાનની દશામાં જેની ચીજની મહત્તા આવી છે. જેની શ્રદ્ધાના ભાવમાં આ આત્મા મહાન પ્રભુ અલૌકિક અનંત અનંત જેના માહાત્મ્યવાળા રત્નો ગુણથી ભરેલો ભગવાન એની અનુભૂતિના બળથી જ ભવિષ્યના પચ્ચખાણ થઈ શકે છે. એ સિવાય ત્યાગ ભવિષ્યનો પચ્ચખાણ થઈ શકતો નથી. આ બાધા લે કે લ્યો આ મારે ન ખાવું. શું એમાં થયું પણ? કહો, ન્યાલભાઈ! એય..! પ્રાણભાઈ! શું કીધું? આ કર્યું હતું બહુ એમણે. એ ત્રીસ વર્ષથી રસ ખાધો નથી, લ્યો ઓલાએ ત્રીસ વર્ષ લીલોતરી ખાધી નથી. એય..! મનહરભાઈ તમારા દાદાએ આમ કર્યું હતું, પણ એ તો ચાલતું હતું એ હતુંને. આહા..હા..! અરે..! ભગવાન! આહા..હા..!

જેની નજરું નાખતા અનંત ગુણનો પિંડ પ્રભુ, જેને આહ્‌લાદ અને આનંદ આવે એને ભૂલીને, આ બધા શુભાશુભ વિકલ્પોમાં એ સલવાઈને અમે કાંઈક કરીએ છીએ. શું કરે છે તું પણ? એ તો અનાદિનું કર્મચક્ર છે શુભાશુભભાવ. સમજાણું કાંઈ? એ પચ્ચખાણ સાચા

નથી, લ્યો! અમારે આ ખપે નહિ, મારે અહિંસા સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળો. પણ અહિંસા એટલે શું? ક્યાંથી આવતી હશે? શું સૂઝતું હશે? કાંઈ ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

કીધું નહોતું એક ફેરી? એક સાધુએ મશ્કરી કરી હશે ડોશીની ભાઈ! ડોશીમા! તમારે રત્નપ્રભા જાવું છે? પહેલી નરકનું રત્નપ્રભા નામ છેને. પહેલી સાત નરક છેને નીચે, પહેલી નરકનું નામ રત્નપ્રભા છે. એટલે (કહ્યું), કેમ બા ડોશીબા તમારે રત્નપ્રભા જાવું છે? અરે..! મહારાજ અમારા જેવા પામર જાય? આપના જેવા જાય. કોણ જાણે રત્નપ્રભા શું હશે. આ ચૈતન્યના રત્નની ખબર ન મળે ઓલું નામ રત્ન. કહો, સમજાણું? રત્નપ્રભા આવે છેને, સાત નારક આવે છેને. પહેલી, બીજી, ત્રીજી, સાત નરક. એમાં પહેલી નરકનું નામ રત્નપ્રભા છે. કારણ કે એમાં ઓલો રત્નના આકારે એના રંગ જેવા એના ઓલા છે વળા. પત્થર એના વળા એવા છે પત્થરના. એટલે એનું નામ રત્નપ્રભા. ઓલીને નામની ખબર ન મળે, રત્નપ્રભા એટલે શું. ઓલો મશ્કરી કરવા ગયો. મહારાજ! અમારા જેવા પામર કાંઈ રત્નપ્રભાએ જાય, આપના જેવા જાય. જાય નરકમાં તું. હજી તો નામની ખબર ન મળે, રત્નપ્રભા એટલે શું. હજી રત્ન નામ પડ્યું ત્યાં એને થઈ ગયું મોટું. હવે આ તો મહારત્ન ભગવાન આત્મા. ધર્મચંદજી! આહા..હા..! મહારત્ન એવા અનંતા રત્ન એક ગુણમાં પડ્યા છે. આહા..હા..! નામની ખબર પડે, પણ એનો ભાવ શું છે? સમજાય છે કાંઈ?

કહે છે, અહો..! ભગવાન શુદ્ધાત્મા એની અનુભૂતિના, અનુભૂતિના ભાવના બળથી. રાગ-ફાગ વિકલ્પ નહિ. '**હોનેવાલે...**' એટલે ભવિષ્યમાં થવાવાળા. બળથી એટલું બસ. '**હોનેવાલે ભોગોંકી વાંછારૂપ રાગાદિકકા ત્યાગ...**' એનું નામ નિશ્ચયપચ્ચખાણ કહેવામાં આવે છે. એનું નામ સાચું પચ્ચખાણ. સમજાણું કાંઈ? વ્યવહારપચ્ચખાણમાં તો અશુભ છૂટે ને વિકલ્પ શુભ રહે એને વ્યવહારપ્રત્યાખ્યાન કહે છે. છે તો એ પુણ્ય-શુભભાવ. પચ્ચખાણ નથી એને કહેવું એનું નામ વ્યવહાર. આ સાચું પચ્ચખાણ આને કહેવામાં આવે છે. હજી તો એને ગ્રાહ્ય થવું-પકડવું (કઠણ પડે કે) આ શું કહે છે આ? આટલા બધા માહાત્મ્ય આત્માના? સમજાય છે કાંઈ? લ્યો!

'**એ નિશ્ચયપ્રત્યાખ્યાન...**' છે. હવે નિશ્ચય આલોચના. '**ઔર નિજ શુદ્ધાત્માકી પ્રાપ્તિકે બલસે...**' એમ છે જુઓ! સમજાણું? '**निजशुद्धात्मोपलम्भबलेन**' દરેકમાં ભાષા ફેરવી જરી. '**निजशुद्धात्मोपलम्भबलेन**' હવે જુઓ અહીં બીજી વાત કરી. શુદ્ધાત્માની પ્રાપ્તિના બળથી એટલે કે કાંઈ પૂર્ણ પ્રાપ્તિ થઈ ગઈ નથી અહીંયા. ભાઈ! આ તો ઓલો ઉપલંભ શબ્દ આવ્યો છેને. ઉપલંભ એમાં આવે છે ઓલી મુક્તિને માટે. પહેલા આવી ગયો હતો ઉપલંભ. ઓલા નિશ્ચયમાં આવી ગયો હતોને પહેલા? એ ઉપલબ્ધ એ નથી અહીં. એ શબ્દ તો

અહીં પડ્યો છે જુઓ! '**निजशुद्धात्मोपलम्भबलेन**' એટલે નિજ શુદ્ધ આત્મા પવિત્ર છે એને વર્તમાનમાં પ્રાપ્તિ કરવી છે, કહેવી છે આમ. શુદ્ધાત્માની પ્રાપ્તિના બળથી અંતર વર્તમાન લેવું છેને અહીં. વર્તમાન ઉત્પન્ન રાગનો અભાવ થાય છે, આલોચના થાય છે, સંવર થાય છે. એ શી રીતે થાય છે? કે વર્તમાન નિજ શુદ્ધાત્માના અંતર અનુભવની પ્રાપ્તિ, શુદ્ધાત્માની પ્રાપ્તિના બળથી. શુદ્ધાત્માની પ્રાપ્તિ એટલે વર્તમાન પર્યાયમાં પ્રાપ્તિ. આ આત્મા એમ પર્યાયમાં થયું એનું નામ પ્રાપ્તિ કહેવાય. નિજ શુદ્ધાત્મા આખો પર્યાયમાં પ્રગટ થઈ જાય છે એમ નહિ. છતાં શબ્દ આવો વપરાણો છે—નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિ. એટલે જે શુદ્ધ આત્મા દૃષ્ટિ-શ્રદ્ધા, જ્ઞાનમાં નહોતો એ શ્રદ્ધા, જ્ઞાનમાં લીધો એટલે શુદ્ધાત્માની જ પ્રાપ્તિ થાય. પુણ્ય-પાપની જે પ્રાપ્તિ હતી, શ્રદ્ધા જ્ઞાનમાં શુભ-અશુભ રાગની આમ પ્રાપ્તિ હતી, એ આમ નિજ શુદ્ધાત્મા એવી અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ એટલે શુદ્ધાત્માની જ પ્રાપ્તિ થઈ. નહોતો તે પ્રાપ્ત થયો પર્યાયમાં. એમ. સમજાણું? લ્યો! એના બળથી.

'**વર્તમાન ઉદયમેં આયે જો શુભ-અશુભકે કારણ હર્ષ-વિષાદાદિ અશુદ્ધ પરિણામ ઉનકો નિજ શુદ્ધાત્મદ્રવ્યસે જુદા કરના...**' પોતાના વિકલ્પ ઉઠે એનાથી જુદો (કરવો) એટલે ઉઠતો નથી અહીં ઠર્યો એટલે. શુદ્ધાત્મદ્રવ્યસે જુદા કરના નામ ઠરના એનું નામ '**નિશ્ચયઆલોચન;...**' નિશ્ચય સંવર કહેવામાં આવે છે. આ ત્રણના બળે આત્માને મોક્ષની પ્રાપ્તિ થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૯, રવિવાર, તા. ૩૦-૦૧-૧૯૬૬**
**ગાથા-૬૪-૬૫, પ્રવચન-૧૧૩**

'**ઈસ તરહ નિશ્ચયપ્રતિક્રમણ પ્રત્યાખ્યાન ઔર આલોચનામેં ઠહરકર...**' શું કહે છે? કે આ આત્મા પુણ્ય-પાપના વિકલ્પ નામ રાગ શુભ-અશુભ રાગ રહિત છે આત્મસ્વભાવ. તેનું અંતર ભાન કરીને સમ્યગ્દર્શનનું ભાન, શુભ-અશુભ રાગ એનાથી રહિત આત્મા છે એને અંતર સમ્યગ્દર્શન કરીને, પછી સ્વરૂપમાં ઠરી શકે નહિ ત્યાં સુધી એને ચારિત્ર સંબંધીનો શુભ ઉપયોગ રાગ વ્યવહારપ્રતિક્રમણ તરીકે આવે છે. એને છોડીને પણ સ્વરૂપમાં સ્થિર થવું એનું નામ સાચું પ્રતિક્રમણ, સાચું પ્રત્યાખ્યાન અને સાચી સંવર અને આલોચના કહેવાય છે. સમજાય છે કાંઈ?

પહેલું તો સાચું કરવું એમ જ સિદ્ધ કર્યું. આત્મા શુદ્ધ અનંત ગુણનું રત્ન એવું સ્વરૂપ. એની અંતરની નિર્વિકલ્પ રાગ વિનાની શ્રદ્ધા, રાગ વિનાનું જ્ઞાન, રાગ વિનાની સ્થિરતા. એ સ્થિરતાને નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયપ્રત્યાખ્યાન અને નિશ્ચયઆલોચના કહે છે. એ તો સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપની સ્થિરતા એ જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. પણ એમાં ઠરી શકે નહિ. અહીં તો ઠરીને જ વાત કીધી છે. ઠરીને-'**ઠહરકર જો કોઈ વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન, વ્યવહારઆલોચના, ઈન તીનોંકે અનુકૂલ વન્દના, નિંદા આદિ શુભોપયોગ હૈ,...**' વ્યવહારપ્રતિક્રમણ એ શુભ ઉપયોગ છે. અશુભથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ, એમ અશુભનો ત્યાગ અને શુભ રાગમાં એને વ્યવહાર પ્રત્યાખ્યાન, એમ અશુભનો ત્યાગ અને શુભમાં રહેવું એ વ્યવહાર આલોચના કહેવામાં આવે છે.

'**શુભોપયોગ હૈ, ઉનકો છોડતા હૈ...**' એને છોડીને સ્વરૂપ આનંદ સ્વરૂપમાં ઠરે છે, શુદ્ધ આનંદમાં ઠરીને સ્થિરતા કરે છે એને સાક્ષાત્ મોક્ષનું કારણ કહેવામાં આવે છે. '**ઉનકો છોડતા હૈ વહી જ્ઞાની કહા જાતા હૈ,...**' જ્ઞાની એટલે મોક્ષનો તત્કાળ આરાધક. ચારિત્રવંત સ્વરૂપની સ્થિરતા આનંદમાં એને સાક્ષાત્ જ્ઞાની એટલે મોક્ષનો આરાધક કહેવાય છે. '**અન્ય નહીં.**'

'**સારાંશ યહ હૈ કિ જ્ઞાની જીવ પહલે તો અશુભકો ત્યાગકર શુભમેં પ્રવૃત્ત હોતા હૈ,...**' શું કહે છે? પહેલા એ ચારિત્રની અપેક્ષાએ પહેલા પછીની વાત છે. દર્શનની અપેક્ષાએ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એની અંતર અનુભવમાં પ્રતીતિ કરવી એ તો પહેલામાં પહેલું નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ નિશ્ચય સમ્યક્‌દર્શન પછી ચારિત્રની સ્થિરતાની અપેક્ષાએ ધર્મી પહેલા અશુભનો ત્યાગ કરી શુભમાં પ્રવર્તે. અશુભ જે પાપ છે તેને છોડી શુભ રાગમાં આવે એને વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન, વ્યવહારઆલોચના કહેવામાં આવે છે કે જે પુણ્યનું કારણ છે. એ માથે કહી ગયા છે. '**येन पुण्यस्य कारणं**' મોક્ષનું કારણ નથી એ. સમજાણું કાંઈ? મોક્ષનું કારણ નથી. અશુભથી છૂટી અને શુભમાં આવે તે મોક્ષનું કારણ નથી, પુણ્યબંધનનું કારણ છે. પણ સ્વરૂપમાં ઠરી શકે નહિ અને દૃષ્ટિ શુદ્ધ ચૈતન્યમાં દૃષ્ટિનો અનુભવ સમ્યક્ છે, (પણ) ઠરી શકે નહિ તો અશુભને છોડીને શુભમાં આવે. એ શુભભાવ પુણ્યનું કારણ છે. માથે કહી ગયા હતા એ પુણ્યનું કારણ, મોક્ષનું કારણ નથી. એટલે એ શુભભાવ મોક્ષમાર્ગ નથી. માર્ગ હોય તો એને વ્યવહારમોક્ષ કારણ કહેવું એ પણ કહ્યું અહીં પહેલું તો. સમજાણું કાંઈ? સવારે વાત આવી હતી. આ બીજી રીતે આવે છે અત્યારે.

'**બાદ શુભકો ભી છોડકે શુદ્ધમેં લગ જાતા હૈ.**' પહેલા તો ધર્મી આત્માનું,... પણ એ આત્મા મહા અનાકુળ આનંદનો પિંડ છે એની જગતને અંતર મહિમા આવતી નથી.

મહિમા કાં તો પરપદાર્થની અને કાં અંદર શુભભાવ(ની). પાપના ભાવની મહિમા એક કોર, પણ શુભભાવ આવે તો એની મહિમા લાગે છે. પણ એ શુભભાવ પુણ્યનું કારણ છે. મિથ્યાદષ્ટિ હોય તોપણ પુણ્યનું કારણ છે, મિથ્યાત્વ સહિત. સમ્યગ્દષ્ટિ હોય તો પણ શુભભાવ પુણ્યનું જ કારણ છે, મોક્ષનું કારણ (એવી) સંવર-નિર્જરા નથી. એમ પ્રથમ જ્યાં આત્માને શુભ-અશુભ રાગથી ભિન્ન જ્ઞાયકમૂર્તિ, એકલી ચૈતન્ય રત્નની વજ્રમય કાતળી શુદ્ધ આનંદકંદ આત્મા છે એવું અંતરમાં દર્શન થવું એને પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

એ સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રના પછી બે પ્રકાર પાડ્યા. પહેલો જે અશુભભાવ છે હિંસા, જૂઠું, ચોરી, વિષય આદિ એને છોડીને શુભભાવમાં આવે કે જેથી રાગની તીવ્રતા ઘટીને મંદ થાય. પણ એ મંદતાનો ભાવ પુણ્યનું કારણ છે, સંવર-નિર્જરા, મોક્ષનું કારણ નથી. તે સંવર-નિર્જરારૂપ નથી તેથી મોક્ષનું કારણ નથી. સમજાણું કાંઈ? એને છોડીને અહીં શુદ્ધમાં લાગે. છેને? **'લગ જાતા હૈ.'** ચિત્તમાં આવ્યું હતુંને, ક્યાંક નહોતું આવ્યું? ક્યાં આવ્યું હતું પહેલા? ચિત્ત લાગે છે નહોતું આવ્યું ક્યાંક? ... ચિત્ત લગા. બસ, અહીં આવ્યું ઈ. સમજાય છે? એ કેમ કહ્યું છે? કે ધર્મી જીવને પ્રથમ સમ્યગ્દર્શનમાં આત્મા અનાકુળ આનંદ છે એવું દષ્ટિનું ભાન થયું હોય છે. તેથી 'ચાખે રસ ક્યું કરી છૂટે?' સમજાય છે કાંઈ? ધર્મની પહેલી સીઢીમાં પહેલા પ્રકારમાં આત્મા શુભ, અશુભ વિકલ્પ રાગ રહિત નિર્વિકલ્પ આનંદ છે એવી અંતર ભૂમિકામાં દષ્ટિ થવાથી સમ્યગ્દષ્ટિને પ્રથમ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે. હવે કહે છે કે એ ચાખે રસ ક્યું કરી છૂટે? સુરીજન સુરીજન ટોરી. દેવતાના ટોળા ઉતરે પણ જે અતીન્દ્રિય આનંદની દષ્ટિ અને સ્વાદ આવ્યો છે એમાંથી બીજામાં પુણ્ય-પાપમાં સ્વાદ છે એમ સમ્યગ્દષ્ટિ કેમ માને? સમજાય છે કાંઈ? દાસ!

માખી જેવું જનાવર પણ ફટકડીના સ્વાદને છોડીને સાકરના સ્વાદમાં જાય છે તો ત્યાંથી ખસતું નથી. રોટલીમાં સાકર આપેને છોકરાને ગાંગડા બે, ચાર, પાંચ? એમાં ખાય અને થોડોક આમ એંઠું થાય. એ સ્વાદ લેવા આવે માખી તો એની પાંખ ચોંટી જાય. ઓલો ગાંગડો લે તોપણ ઉખડે નહિ. કેમકે એને સ્વાદ આવ્યો છે. ફટકડી આવડો ગાંગડો હોય એને ખાય તો એને સ્વાદ ન લાગે. સાકર આવડો હોય ગાંગડો પણ એનો સ્વાદ લાગે છે તો ત્યાંથી ખસતી નથી. સંભળાય છેને? સમજાણું કાંઈ? એમ આત્મામાં પુણ્ય અને પાપના ભાવ થાય એ ફટકડીના સ્વાદ જેવા છે અને ભગવાન આત્મા એ પુણ્ય-પાપ રહિત ચૈતન્ય આનંદ છે એ સાકરના ગાંગડા જેવો એનો સ્વાદ છે. સાકરના ગાંગડા જેવો સ્વાદ હશે? સાકરનો તો જડ છે. આ તો મીઠાશની અપેક્ષાએ. સમજાય છે કાંઈ?

કહે છે... અહીં નહોતું કહ્યું? પહેલી અવસ્થામાં... શું કીધું? ભાવાર્થ. **'કેવલ શુદ્ધ સ્વરૂપમેં**

**જિસકા ચિત્ત લગા હુઆ હૈ,...**' એ પાછું અહીં આવ્યુંને? '**લગ જાતા હૈ, શુભકો ભી છોડકે શુદ્ધમેં લગ જાતા હૈ.**' ભારે વાત આકરી માણસને લાગે કે આ તે કેવો ધર્મ? આવો બધો ક્યાં આટલો બધો ધર્મ .. હશે? આ તો હજી પહેલા સમ્યગ્દર્શનની વાત ચાલે છે. જયંતિભાઈ!

કહે છે કે ભગવાન આત્મા શાંત વીતરાગ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમેશ્વરે એ આત્મા કહ્યો અને ભગવાને જોયો એવો જણાવ્યો. એવો જેણે સમ્યગ્દર્શનમાં જાણ્યો કે આ આત્મા એટલે અખંડ આનંદ અતીન્દ્રિય આનંદનો રસકંદ પૂતળી છે. એના અતીન્દ્રિય આનંદની રુચિના પ્રેમમાં, રુચિના પોસાણમાં વારંવાર ચિત્ત ત્યાં લાગે છે. પ્રવિણભાઈ! કાલ દાખલો આપ્યો હતો નહિ? ઓલો સાલમપાકનો. ભાઈ કહેતા હતા નહિ? સાલમપાક ચાખ્યો હોયને એકવાર મીઠો, પછી જુવારના ફોતરાનો સ્વાદ એને, જુવારના ફોતરાના રોટલાનો સ્વાદ ન સારો લાગે.

એમ આત્મા વસ્તુ છે, આ તો આત્મપદાર્થ છે અનાદિ અનંત. સર્વજ્ઞ પરમેશ્વરે એવા અનંત આત્મા જોયા. એથી અનંતગુણા પરમાણુ જોયા જડ, માટી, ધૂળ. એમાં આત્મા એને કહીએ કે જેમાં દુઃખની ગંધ નથી, દુઃખનો ભાવ નથી એટલે કે આસ્રવતત્ત્વ નથી. જેમાં અજીવ શરીર અને કર્મ નથી એટલે કે રૂપીપણું નથી. જેમાં રૂપીપણું નથી અને જેમાં દુઃખ નથી. એટલે કે દુઃખ નથી એટલે કે સુખ છે. રૂપીપણું નથી એટલે કે અરૂપી ભગવાન આત્મા અરૂપી છે. સમજાણું કાંઈ? બેયથી રહિત એટલે સુખરૂપ અને અરૂપી આત્મા છે. એટલે સુખરૂપ અને અરૂપી આત્માની જ્યાં સમ્યગ્દૃષ્ટિ થઈ, એથી એને ચિત્તમાં આનંદનો સ્વાદ આવતા ચિત્ત વારંવાર ત્યાં લાગ્યા કરે. ગૃહસ્થાશ્રમમાં હો, પાપના પરિણામ આવે તોપણ ચિત્ત ત્યાં લાગે. આ નહિ, આ નહિ. શુભ પરિણામ આવે તોપણ ચિત્ત ત્યાં લાગે છે. અહીં ચિત્ત નથી, ત્યાં લાગે છે. આહા..! જેનો અનાકુળ સ્વાદ, એક સમયનો જેના ચૌદ બ્રહ્માંડમાં ઈન્દ્રના, ઈન્દ્રના સુખો ત્રણ કાળના ભેગા કરે તોપણ દુઃખ હતું આકુળતાનું. આ છે આનંદ. સમજાણું કાંઈ? એવા આનંદની રુચિમાં ચિત્ત તો ત્યાં જ લાગ્યું છે કહે છે. સમજાણું? પણ ઠરે નહિ ત્યાં સુધી એને અશુભ પરિણામથી છૂટીને શુભમાં આવે. પણ ચિત્ત તો ત્યાં છે એથી શુભને છોડીને ત્યાં લાગે. જુઓ! છેને?

'**શુભકો ભી છોડકે શુદ્ધમેં લગ જાતા હૈ.**' આ વાત કૃત્રિમ નથી આ. આ કહેવામાત્ર વાત નથી આ. એના ભાસમાં એને આવવું જોઈએ. સમજાય છે કાંઈ? વસ્તુ શું છે? એક ઊંચી-ઊંચી કેરીઓ કે એવી મોટી આવે છેને ચીજ? એની એક ચીર ખવરાવી હોય તો એને આમ સ્વાદ એના ગળામાં રહી જાય છે. આહા..હા..! પણ એ ઓલો ખાય ત્યારેને.

પણ એ ચીરું કરીને મૂકી, પણ ઓલો ચાખે ત્યારેને. ન ચાખે તો? ફળ ઘણી જાતના થાય છેને. ઘણી જાતના પરદેશના ફળ એવા એવા ઊંચા ઊંચા ફળ હોય છે કે જેના સ્વાદ મધૂરાશ એવી મીઠાશ કે કોઈ બીજા ફળમાં ન હોય એવા કોઈ સ્વાદ હોય. એક વાર એણે ચાખી હોય તો એને મનમાં રહ્યા કરે. આહા..હા..! એ ફળ બહુ સારું હતું.

સવારમાં ગાયના તાજા તાવેલા ઘી પીળા કુરીયા જેવા. અત્યારે તો બધું સમજવા જેવું થોડું છે ખાવા-બાવાનું. ઓલા તો કપાસીયા ત્યાં ઢોરને છોડતા બધું હોં! એ તો કાલે વાત એક સાંભળી. પહેલાની રીત હતીને કપાસીયાની વખારોમાં ભેંસુને છોડી દેતા. એ વીરજીભાઈ કહેતા. ધરાયને ખાય પછી નીકળે એના થાય દૂધ અને એના થાય દહીં. હવે તો કપાસીયા ક્યાંથી લાવે? અને કાલે કો'ક કહેતું હતું માણેકચંદભાઈના ઘરે .... વખારોમાં છોડી દે. અત્યારે, કહે છે લ્યો! એ પહેલી સાધારણ પણ .. સરખાઈ છે. પેદાશ-બેદાશ છે. ૩૦-૩૦ હજારની પેદાશ બહાર. કોક કાલે કહેતું હતું. એમ કે છોડી દે. ખાઈને ધરાઈને નીકળે. આ અમારા .. છે. ... એ આપે છે ... સમજાણું? એના એ કપાસીયાના ખાધેલા ઘી, દૂધ. એના ઘી, એના દહીં, હવે એનો સ્વાદ જેણે ચાખ્યો હોય એ અત્યારના સાધારણ દહીંવાળાના સ્વાદ એને ન લાગે. સમજાણું કાંઈ? એમ જેને આત્માના આનંદની અનાકુળતા ચીજ પ્રતીત અને શ્રદ્ધામાં, આનંદમાં, સ્વાદના અંશ સહિત બેઠી છે. એવા ધર્મીને શુભ પરિણામ તો અશુભ છોડવા ભલે આવે, પણ ચિત્ત દૃષ્ટિ ત્યાં લાગી છે. ક્યારે ત્યાં ઠરવું ને ક્યારે ત્યાં ઠરવું?

એટલે કહે છે કે '**શુભકો ભી છોડકર...**' સમ્યગ્દૃષ્ટિ શુદ્ધોપયોગમાં રમે. '**પહલે કિયે હુએ અશુભ કર્મોંકી નિવૃત્તિ વહ વ્યવહારપ્રતિક્રમણ,...**' સમજાણું કાંઈ? ઓલી દૃષ્ટિ સહિત છે. આનંદના સ્વાદ આગળ અશુભ પરિણામ એને થાય ભલે, મીઠાશ નથી, મીઠાશ નથી. વિષયના ભોગની વાસના આવે. સમકિતી છે, ગૃહસ્થાશ્રમ છે, પણ એમાં એને પ્રેમ મીઠાશ નથી. આ ચીજની આગળ આ ઝેર... ઝેર... ઝેર... બધું લાગે. એ પહેલા તો અશુભ તીવ્ર ઝેરને છોડી. સમજાય છે?

'**પહલે કિયે હુએ અશુભ કર્મોંકી નિવૃત્તિ વહ વ્યવહારપ્રતિક્રમણ, અશુભપરિણામ હોનેવાલે હૈં, ઉનકા રોકના વહ વ્યવહારપ્રત્યાખ્યાન, ઔર વર્તમાનકાલમેં શુભકો પ્રવૃત્તિ અશુભકી નિવૃત્તિ વહ વ્યવહારઆલોચન હૈ.**' સમજાણું કાંઈ? અશુભભાવને છોડીને શુભભાવમાં આવવું ત્રણે માટે. વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન, વ્યવહારઆલોચના. '**વ્યવહારમેં તો અશુભકા ત્યાગ શુભકા અંગીકાર હોતા હૈ, ઔર નિશ્ચયમેં શુભ-અશુભ દોનોંકા હી ત્યાગ હોતા હૈ.**' એ ન્યાલભાઈ'! જુઓને ત્યાં આવેને પહેલું 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં થાય ન તેનું જ્ઞાન.' કરી નાખે પણ એ અટકે એમાં ભૂલી જાય છે.

અટકે ત્યાગ વૈરાગ્યમાં તો ભૂલે નિજ ભાન. વૈરાગ્યમાં તો... સમજાણું કાંઈ?

એ વાત શું છે? એ ચીજ આત્મા .... પણ એ આત્મા જેવો સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ એણે જોયો એમાં તો એકલો આનંદ અને જ્ઞાનની મૂર્તિ જ ભગવાને જોઈ છે. એ આત્મામાં ભગવાને દુઃખ જોયું જ નથી. એ જેચંદભાઈ! આત્મામાં દુઃખ જોયું નથી, દુઃખ છે એ તો એની વિકૃત આસ્રવતત્ત્વની પર્યાય છે. આસ્રવતત્ત્વની પર્યાય એ કાંઈ આત્મા નથી. આહા..હા..! અરે..! આત્મા તે કોને કહેવો આમાં? કારણ કે એક જરીક ડુંગળીનું શાક સરખું ઘીમાં તળીને આમ ઓલું હોય ને એને .. આપે ઓલા સાધુ રાજી થઈ જાય. એવું સાંભળ્યું છે. સમજાય છે? આવે છેને કેટલાક ખાય છે. ઊંચી-ઊંચી ડુંગળી આવડી ઘીમાં તળેલી. પછી લાવે તો એને મુખ્ય આચાર્ય એને બહુ આપે ... બીજાને આટલી આટલી કટકી આપે તો ખુશ થાય અરે..! પણ આ તે કાંઈ ડુંગળીના ખોરાક તે કાંઈ સાધુને હોય કાંઈ? સમજાણું કાંઈ? પણ આ એનો સ્વાદ એવો હોય છે એક તો તીખી. હોય છેને લોકો કહે છે ને કે ગરીબને તો ડુંગળી કસ્તુરી જેવી. એને ઘીમાં તળેલી અને એની જે મીઠાશ આવે ઘીની. તો ધૂળની મીઠાશનું જ્ઞાન છે અહીં. આહા..હા..! .. આવતા હશે. સ્વાદ પાછો પહેલે કોળિયે તો રહ્યો, પણ થોડોક બીજે કોળિયે રહે તો બીજી જરૂર ન પડે. એક કોળિયામાં એનો સ્વાદ આવ્યો જરીક પાછો એમ ને એમ થોડોક ભાગ રહી જાયને એ બીજે કોળિયે બીજો કટકો ન લેવો પડે એટલે ત્યાં રહે એવો લંબાવે સ્વાદને.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ એક વાત છે. તેરાપંથીને એમ છે. તેરાપંથી છેને. એ તો ખુલ્લી વાત છે, એ કાંઈ ઢાંકેલી નથી. આ લોકો ... તેરાપંથી છેને તુલસીને એ ... વાતું આવી છે બહાર. કેવી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ને એ માને ... અને આ તો ચોખ્ખી બહાર આવેલી. વાત કાંઈ છાની રહે. અમારે એક ભાઈ હતાને, લીલાધર હતા. ... બધી અમને ખબર છે. આપણે તો જે હોય પાકુ થયેલું એ કહેવાય. લીલાધરજી હમણા હતા અમારી સાથે બહુ રહેતા અહીં આવ્યા હતા. ૯૮માં અહીં આવ્યા હતા કેટલા દિ' રહ્યા. એ પહેલા અમારી સાથે તો સમજ્યા ને? ૮૩.૮૩ની સાલમાં સાથે ભાવનગર ગયા હતા તો સાથે હતા. લીલાધરજી હતા. એ કહેતા એ પોતે અમારે... તમારે ડુંગળીનો એક આટલો દડો આવે બે એમાં બહુ ભાગ આપીએ આચાર્યને ઘણો. પછી એમાંથી કટકી... કટકી... કટકી... જે સાધુને આપેને બધા ખુશ થઈ જાય. મેં કીધું, આ શું? તમારે આ ગૃદ્ધિ આ વસ્તુ? આ તો થયેલી વાત છે હોં! અને

થાય છે ત્યાં. લોકો કોણ જાણે, કઈ રીતે આત્મા શું છે ને એને શું આ છે અને રાગનું કર્તવ્ય, રાગનું કર્તવ્ય પણ એના ઘરની ચીજ નથી. રાગ ઉઠે એ તો દુઃખરૂપ કર્તવ્ય છે. એ દુઃખરૂપ કર્તવ્ય પણ જેને આનંદમય આત્માનું દુઃખ કર્તવ્ય છે? આવે જ્યાં .... કરવા યોગ્ય છે એમ હોઈ શકે? નહિ. આ ધૂળના સ્વાદમાં ચોંટી જાય એ તો દૃષ્ટિમાં મિથ્યાત્વ તીવ્રતા છે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એના આનંદમાં મીઠાશને લઈને કહે છે કે પહેલો એકદમ અસ્થિરતા છોડી ન શકે. તેથી એને પહેલો અશુભ છોડીને શુભ પ્રવૃત્તિ આવે. પછી શુભ છોડીને શુદ્ધમાં જાય ત્યારે એને વિશેષ શુદ્ધતાના ઉપયોગના આચરણનો, આનંદનું આચરણ વિશેષ થાય તેને સાચું પ્રતિક્રમણ સાચું, સાચું કહો કે નિશ્ચય કહો. એને સાચું પ્રતિક્રમણ, સાચું પ્રત્યાખ્યાન, સાચું સંવર કહેવાય છે બાકી બધામાં દૃષ્ટિ જેની સાચી નથી એને તો વ્યવહાર પણ પ્રતિક્રમણ કાંઈ હોતા નથી.

**'આગે ઈસી કથનકો દૃઢ કરતે હૈં—'** ૬૫. ૬૪ થઈ ગઈ.

**૧૬૨) वंदणु णिंदणु पडिकमणु णाणिहिँ एहु ण जुत्तु।**
**एक्कु जि मेल्लिवि णाणमउ सुद्धउ भाउ पवित्तु।।६५।।**

જુઓ ભાષા આટલી ફેરવી. શું કહે છે? કે **'વંદના, નિંદા, ઔર પ્રતિક્રમણ યે તીનોં પૂર્ણ જ્ઞાનિયોંકો ઠીક નહીં હૈં,...'** કારણ કે શુભરાગ છે. આહા..હા..! **'પૂર્ણ જ્ઞાનિયોંકો ઠીક નહીં હૈં, એક જ્ઞાનમય પવિત્ર શુદ્ધ ભાવકો છોડકર અર્થાત્ ઈસકે સિવાય જ્ઞાનીકો કોઈ કાર્ય કરના યોગ્ય નહીં હૈ.'** અહીં જુઓ શુદ્ધ શબ્દ વાપરીને એ શુભરાગ થાય છે પ્રતિક્રમણનો એ પણ અશુદ્ધ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? શુભ શુભ રાગ. સમ્યગ્દૃષ્ટિને અશુભ છૂટીને શુભ રાગ એ પુણ્ય ભાવ એ મોક્ષનું કારણ નહિ તે અશુદ્ધ ભાવ છે. છે શબ્દ? જુઓ! **'ज्ञानमयं शुद्धं भावं पवित्रम्'**

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા. એના જ્ઞાનમય આનંદની મૂર્તિનું ધ્યાન અને એકાગ્રતા એને છોડીને, **'જ્ઞાનીકો કોઈ કાર્ય કરના યોગ્ય નહીં હૈ.'** કહો, શુભ-અશુભમાંથી કોઈ ભાવ લાવવો, કરવો એ યોગ્ય નથી. સમજાણું આમાં? શું ભીખાભાઈ! શુભ કરવા લાયક નથી એમ કહે છે. **'मुक्त्वा शुद्धं भावं पवित्रम्'** છે ને? **'કોઈ કાર્ય કરના યોગ્ય નહીં હૈ.'** વસ્તુની એવી દૃષ્ટિ છે એનામાં શુભ-અશુભ કરવું એ તો વસ્તુમાં નથી, પણ અસ્થિરતાનો ભાવ અશુભ છોડીને શુભ આવે એ પણ એને પરિણમવા ને કરવા લાયક નથી. આહા..હા..! સમજાણું?

વંદના કરવી દેવ-ગુરુ-શાસ્ત્રની એ શુભભાવ, પાપનું પ્રાયશ્ચિત લેવું એ પણ શુભ નિંદા,

શુભભાવ અને પ્રતિક્રમણ—પાપથી પાછી હઠીને શુભભાવમાં આવવું એવું વ્યવહાર પ્રતિક્રમણ પણ શુભભાવ. એ જ્ઞાની શુદ્ધ ચિદાનંદની લીનતામાં, લીનતામાં, રુચિ સહિત લીનતામાં આ ભાવ કરવા જેવો છે નહિ. આહા..હા..! ભારે વાતું ભાઈ! આમ તો મજા કરે છેને બહારમાં. પાંચ-દશ લાખ રૂપિયા થાય, આબરૂ મળે તો કેટલી મીઠાશ આવી જાય. જેચંદભાઈ! કહો પાંચ-દશ લાખ રૂપિયા, દશ લાખ રોકડ નગદ, છોકરા રળતા હોય તો પચાસ, પચાસ હજાર, લાખ-લાખ રૂપિયા તો હવે એની કાંઈ મીઠાશ આવતી હશે કે નહિ? મીઠાશ નહિ પણ ગાંડા થઈ જાય.

મુમુક્ષુ :- શેની મીઠાશ?

ઉત્તર :- ઓલા ધણી થાય એમ કહે છે, એ ગાંડા એમ થઈ જાય નહિ, પણ મસ્ત થઈ જાય એમાં મૂઢ થઈને, એમ કહે છે.

મુમુક્ષુ :- એટલી બધી મીઠાશ આવે કે મસ્ત થઈ જાય.

ઉત્તર :- મસ્ત થઈ જાય. કહો, કિશોરભાઈ! શું હશે? લ્યો! આ બધા પૈસાવાળા તમે છોને બધા એય..! પાંચ, દશ-દશ લાખ, વીસ લાખ, પચાસ લાખ ધૂળમાં મોટરો આમ લાખ લાખ રૂપિયાની હો આહા..! એક મોટર આવી હતીને. લાખ ઉપરની મોટર કેવી તમારી? નહોતી આવી ઓલી .. લ્યો એ કહેતા હતા લાખ રૂપિયાની મોટર છે. એમાં બે-ત્રણ બાઈ બેઠી અને બે જણ ... મોટર અહીં નીકળી હતી. હિંમતલાલ શાહ. હિંમતલાલ શાહ ક્યાં, આ તો મોટર આવી તો યાદ આવ્યા. કહે રાજુલ. ઓહો..! મેં કીધું આ તો એના કાકા. છોડીને જાતિસ્મરણ થયું છેને .... ધર્મચંદભાઈ હતા નહિ? મોટર જોવા... આ હિંમતલાલ .. એ છોડીના બાપના કાકા અહીં લેવા આવ્યા છે જાતિસ્મરણ જ્ઞાનનું રેકોર્ડિંગ લેવા આવ્યા છે જયપુરથી. મોટર તો એવી ઊંચી હતી બાઈને તો એમ કે જાણે બંગલામાં બેઠી હોય એવું લાગે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવું લાગે આમ બીજા અજ્ઞાનીને તો આમ આહા..! ક્યાંય તડકો નહિ અને આમ માથે ઊંચું પાછું અહીંથી ઘણું ઊંચુ. અહીં ઊંચી મોટર હોયને. ઊભી થઈ જાય. અંદર માણસ ઊભું થઈ જાય તો નડે નહિ એટલું, એટલું ઊંચું. હિંમતલાલ! જોઈ છે કે નહિ? મોટર. નહિ જોઈ હોય. અંદર ઊભો માણસ હોય તો માથું નડે નહિ એટલી ઊંચી હતી. જોઈ હતીને મેં બરાબર જોઈ હતી. ઓલી બાઈ બેઠી હતી એનાથી ઊંચું બહુ હેઠે હતું. એકદમ હાલતી હોય આમ ઊભું થઈને જોવું હોય તો ચારેકોર જોવાય. લ્યો મજા કેટલી? ધૂળમાં પણ નથી, મફતનો આકુળતાના રાગને સેવે છે. આહા..હા..! માથે ઢાંકણા અને માથે

વરસાદના ધોધ પડતા હોય અને બારણા બંધ કરે તો ... સુખી છેને જીવન એ? ચેતનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૂઢ છે, ત્યાં શું પણ ક્યાં? સુખ-દુઃખ તો આત્માની દશામાં છે. આત્મા આનંદ છે એની દૃષ્ટિ અને જ્ઞાનમાં આનંદ છે અને કાં ઊંધો પડે તો આમાં સુખ છે એવી માન્યતા કરે એ દુઃખરૂપ આકુળતા છે. બહારમાં દુઃખ પણ ક્યાં હતું અને ધૂળમાં સુખ પણ ક્યાં હતું? સમજાણું કાંઈ? આહા..હા..! અજીવતત્ત્વમાં સુખ છે, અજીવમાં? એ તો અજીવ છે. પૈસા, શરીર, માટી આ બધું અજીવ, જડ, જડ તત્ત્વ છે. જડમાં સુખ હોય? મૂઢની માન્યતા છે કે આ અનુકૂળ હોય તો અમે સુખી છીએ અને એ પ્રતિકૂળ હોય તો અમે દુઃખી. ભગવાન તો કહે છે કે મૂઢ છો, તને તત્ત્વની શ્રદ્ધાની ખબર નથી કોને નવ તત્ત્વ કહેવાય.

અહીં કહે છે કે ધર્મીને.. છેને? શુદ્ધ પવિત્ર ભાવ જ્યાં પ્રગટે તેને આનંદ કહેવામાં આવે છે. જેટલો આત્માની શ્રદ્ધા પ્રગટી સમ્યગ્દર્શન એટલો શુદ્ધ પવિત્ર આનંદભાવ. જેટલું આત્માનું જ્ઞાન પ્રગટ્યું, આત્મજ્ઞાન હોં! બીજું જ્ઞાન નહિ. આત્માને સ્પર્શીને, અડીને જે જ્ઞાન થયું એ શુદ્ધ પવિત્ર જ્ઞાન તે આનંદ. અને આત્મામાં સ્થિરતા અશુભ છોડીને શુભ, શુભ છોડીને સ્થિર. એ શુદ્ધ પવિત્રતા તે આનંદનું રૂપ છે. એ સિવાય આનંદ ત્રણકાળમાં ક્યાંય છે નહિ. કહો, સમજાણું આમાં? ગાંડા થઈ ગયા છે કહે છે. એય...! ગાંડા એટલે શું? મસ્ત ને? મૂઢ. મસ્ત મૂઢ થઈ ગયા, આંખો ઓડે વઈ ગઈ. ક્યાં આત્મામાં સુખ છે, પરમાં ભાન નથી અને એણે ભગવાનને માન્યું. ભગવાન ક્યાં છે તે માને? ભગવાન તીર્થંકરદેવ તો આત્મામાં સુખ કહે છે. પરમેશ્વર કેવળજ્ઞાની ત્રણલોકના નાથ જેણે એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન હતું. એ ભગવાન કહે છે કે, આત્મામાં આનંદ છે, આ કહે છે કે આ ધૂળમાં આનંદ છે. માટે ભગવાન તો વેરી થયો. હિંમતભાઈ! આહા..હા..! ભગવાન કહે કે અમને તો આત્મામાં આનંદ અને તને પણ આત્મામાં આનંદ છે એમ એને જોઈએ છે. તો આ કહે, ના, એમાં નહિ, મને આમાં આનંદ લાગે છે, મૂઢ થયો માળા. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવથી પણ તું વેરી વિરોધ થયો. જયંતિભાઈ! આહા..હા..!

કહે છે એ જ્ઞાનને શુદ્ધ પવિત્ર ભાવન કહે છે અહીં આ ઉપરથી વ્યાખ્યા ચાલે છે. આ **'ज्ञानमयं शुद्धं भावं'** એમ છે ને? **'णाणमउ सुद्धउ भाउ पवित्त'** ચોથું પદ છે. આત્મા જે ચૈતન્યનો ગાંગડો છે, આનંદનો ગાંગડો આત્મા, એના જ્ઞાનની એકાગ્રતાની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ જ્ઞાનમય શુદ્ધભાવ પવિત્રતા પ્રગટે એનું નામ શુદ્ધ અને આનંદ છે. બાકી ક્યાંય ત્રણકાળમાં આનંદ નથી. સમજાણું કાંઈ? આ પણ... ત્યાં કહે કે પણ અમારો

આનંદ લુંટી લ્યો છો. ધૂળમાં. બહારમાં આનંદ છે. માન, મોજ માણીએ છીએ ત્યારે તમે કહો દુઃખ છે. અમને તો કાંઈ દુઃખ લાગતું નથી. સાંભળને માળા! મૂઢને દુઃખ શું લાગે? ભાન નથી તને હરખ સનેપાતિયાને દુઃખ લાગે? હરખ સનેપાતિયા દાંત કાઢે લ્યો. એ સુખી છે? દાંત કાઢે એ સુખી છે? સોજા ચડ્યા હોય અને ઓલા સોજા અંદર પેટમાં અંદર ઉતરેને પછી દાંત કાઢે આમ. એ સુખી છે? પણ દાંત કાઢે છેને? તે મૂઢતા છે તે દાંત જ કાઢેને ભાન કે દિ' હતું ત્યાં? એમ આત્મા આનંદસ્વરૂપ છે એની જેને રુચિ નથી અને પરમાં આનંદ છે એમ માને છે એની તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો એ ઉપડતા કહે છે, દૃષ્ટિ આનંદ આત્મામાં છે એ સહિત શુભ છોડીને શુદ્ધ ભાવનું પરિણમન થવું એને પવિત્ર અને શુદ્ધ સુખરૂપ દશા કહે છે. છે ૬૫, ૬૫? '**પવિત્ર શુદ્ધ ભાવકો છોડકર અર્થાત્ ઈસકે સિવાય જ્ઞાનીકો કોઈ કાર્ય કરના યોગ્ય નહીં હૈ.**' આહા..હા..! ભારે વાત ભાઈ! અમારે ત્યારે બાવા થઈ જવું? બાવો જ છે. કે દિ' ગરી ગઈ છે તારી ચીજમાં બીજી ચીજ? કીધું નહિ? કે દુઃખની દશા જે ઉત્પન્ન થાય એ પણ સ્વરૂપમાં નથી, એ તો એથી રહિત સ્વરૂપ છે. જેઠાભાઈ! આહા..હા..! નવ તત્ત્વ માનશો કે નહિ નવ તત્ત્વ? નવ તત્ત્વ ભગવાને કહ્યા એમ જાણવા પડશે કે નહિ એને? તો આ શરીર, લક્ષ્મી આ તો અજીવતત્ત્વ છે માટી, જડ, જડ તત્ત્વ છે ભગવાને જોયા. અને તારામાં શુભ, અશુભભાવ ઉત્પન્ન થાય તો આસ્રવતત્ત્વ છે, આસ્રવ એટલે નવા બંધના પરિણામ આવે એનું કારણ છે. કે સુખનું કારણ છે? હવે રહ્યો આત્મા શુદ્ધ જ્ઞાનમય પવિત્ર. એવા પવિત્રની પરિણતિ પવિત્રરૂપે પ્રગટ કરવી એ '**णाणमउ सुद्धउ भाउ पवित्त**' એ પવિત્ર ભાવ છે. એને સ્નાન કર્યું, મેલ કાઢીને સ્નાન કર્યું એ પવિત્ર ભાવ થયો લ્યો! સમજાણું કાંઈ? આહા..!

નારકી જીવ પણ સમ્યગ્દર્શનને પ્રગટ કરે છે એટલો એનો જ્ઞાનમય શુદ્ધ પવિત્ર ભાવ છે. એવા કીચડમાં, એવા બહારના પ્રતિકૂળ સંયોગમાં, નરકમાં નારકી જીવને સમ્યગ્દર્શન હોય. સમજાણું? એ પણ અંદર જ્ઞાનમય એવો શુદ્ધ ભાવ શ્રદ્ધાની પરિણતિ નિર્મળ પ્રગટ કરે છે એટલો આનંદ છે. અહીં તો વિશેષ સ્થિરતાની વાત વિશેષ લેવી છે ચારિત્રની. સમજાણું કાંઈ? આહા..હા.! એનું જ્ઞાન પણ કરે નહિ, શ્રદ્ધા કરે નહિ, ઓળખાણ કરે નહિ અને એને ધર્મ થઈ જાય. અનાદિકાળનો અજ્ઞાનમાં માની બેઠો છે એમને એમ અનાદિ કાળ ને એમને એમ ફૂ થઈને ચાલ્યો ગયો. કાંઈ ભાન ન મળે.

'**ભાવાર્થ :- પાંચ ઈન્દ્રિયોંકે ભોગોંકી વાંછા આદિ લેકર સંપૂર્ણ વિભાવોંસે રહિત...**' દેખો! જુઓ! એ વાત કરે છે. કેવો છે આત્મા? આ આત્મા કેવો છે? પરમ આત્મતત્ત્વ.

પરમ આત્મતત્ત્વ, પરમ આત્મસ્વરૂપ, પોતાનું પરમ સ્વસ્વરૂપ. આત્મા કેવો છે એમ કહે છે પહેલો. કે પાંચ ઈન્દ્રિયોંના ભોગોની વાંછા આદિ લેકર સંપૂર્ણ વિભાવ... સંપૂર્ણ વિકલ્પ જેટલા દયા, દાન, વ્રત આદિ એ બધા વિભાવ પરિણામ છે. એના રહિત જો કેવળજ્ઞાન આદિ અનંત ગુણરૂપ પરમાત્મતત્ત્વ. આ આત્માની વ્યાખ્યા કરે છે. આ આત્મા પરમ આત્મ, પરમ આત્મા એટલે પરમસ્વરૂપ તત્ત્વ, પરમસ્વરૂપ ભાવ, પોતાનો પરમસ્વરૂપ ભાવ, પરમ આત્મ પરમસ્વરૂપ તત્ત્વ એવું જે આત્મતત્ત્વ. કેવું છે? કે પાંચ ઈન્દ્રિયોંના ભોગોની વાંછા એ પાપ, આદિ લઈને શુભાદિ પરિણામ સંપૂર્ણ વિભાવ એનાથી રહિત. હજી આત્મતત્ત્વ કેવું છે એની વાત કરે છે. કર્મ, શરીર તો રહિત છે આ તો માટી છે, ધૂળ છે. અંદર કર્મ, માટી, જડ છે આઠ કર્મ એ ધૂળ છે. એનાથી રહિત, જ આત્મા છે. પણ અશુભ ને શુભ વિકલ્પો જે વિકાર છે એનાથી રહિત, તો સહિત શું?

'**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ...**' આ પર્યાયની વાત નથી. કેવળ-એકલું જ્ઞાન, એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ, એકલી શાંતિ, એકલું અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેત્વ, સ્વચ્છતા, પ્રભુતા એવું એકલું એક કેવળ એકલા જ્ઞાનાદિ એટલે એક... એક... એક... એક જ્ઞાન, એક આનંદ એકરૂપે એવા અનંત ગુણરૂપ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? ક્યારે? અત્યારે. આવો આત્મા એણે સાંભળ્યો ન હોય, લક્ષમાં લેવો ન હોય, રુચતો ન હોય, કેમકે આ પુણ્ય-પાપ રુચે અને આ રુચે એમાં ઓલો ક્યાં રુચે? પણ આવડો મોટો આ હશે તો કોણ મોટો ડુંગરો ક્યાં ગયો પણ આ? આહા..હા..! ભાઈ! એ વસ્તુ છે. વસ્તુ છે એ અરૂપી છે. એ અરૂપી છે એના સ્વરૂપ છે. અરૂપનું સ્વરૂપ છે. અરૂપીનું પણ સ્વરૂપ છે. અરૂપ એ કેવળજ્ઞાન, એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ, એકલી શાંતિ, એકલી સ્વચ્છતા, વિભૂતા એવા અનંત ગુણરૂપ પરમ આત્મતત્ત્વ પરમસ્વરૂપભાવ, પરમ પોતાનો સ્વરૂપભાવ એને અહીં આત્મા કીધો, હવે એની શ્રદ્ધા. સમજાણું કાંઈ?

એની સમ્યક્ શ્રદ્ધા. '**ઉસકે સમ્યક્ શ્રદ્ધાન...**' છે? વિભાવ-વિકલ્પ જે પુણ્ય-પાપના ભાવ એ ભાવ. એ છોડી દીધો. એ એમાં નથી એટલે એની શ્રદ્ધાની વાત નથી, અહીં અસ્તિ શ્રદ્ધાની વાત કરી. શરીર, કર્મની વાત ન કરી. શરીર અને કર્મ એ તો અજીવ માત્ર ધૂળ એમાં નથી અને પુણ્ય-પાપના વિભાવભાવ પણ આત્મામાં નથી. હવે નથી છે પણ છે શું ત્યારે? કેવળજ્ઞાનની મૂર્તિ એટલે એકલો જ્ઞાનનો સ્વભાવ એમ. એ કેવળજ્ઞાન પર્યાયની આ વાત નથી. એકલો કેવળજ્ઞાનની મૂર્તિ, એકલો શ્રદ્ધાસ્વરૂપની મૂર્તિ, એકલો આનંદની મૂર્તિ એવા સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા, કર્તા, કર્મ આદિ અનંત એકલા નિર્મળાનંદ ગુણરૂપ પરમાત્મસ્વરૂપ તત્ત્વ એની સમ્યક્ શ્રદ્ધા. એવા પરમ સ્વરૂપનું અસ્તિત્વ છે, વિભાવથી આનાથી

નાસ્તિ છે. અને આવું એનું હોવાપણું છે, આવું એનું હોવાપણે હોવું છે, એવા અનંત ગુણરૂપે હોવાપણે જેનું હોવું છે એની સમ્યક્ શ્રદ્ધા. એની સમ્યક્ સત્ શ્રદ્ધા. આ પૂર્ણાનંદ છે. આ એકલો જ્ઞાનકંદ આત્મા છે, એકલી શાંતિનો રસકંદ છે, એકલો દર્શનબિંબ છે, એકલી વીર્યની મૂર્તિ છે. આત્મ બળ શક્તિ. એવો જે આત્મા એને આત્મા કહીએ. બંગલા-બંગલા ક્યાં ગયા આમાં? જડમાં ગયા. નાસ્તિમાં ગયા એ. એમાં નથી એ. શું છે એમાં? એમાં શું છે? નથી કીધું તો છે શું એમાં? એકલું જ્ઞાન. આ પાનાની વાત નથી. એ તો સમજણનો પિંડ, એકલા આનંદનો પિંડ, એકલી દર્શનનું તત્ત્વ, એકલી શાંતિ... શાંતિ... શાંતિ... વીતરાગ રસનું તત્ત્વ. એવા અનંત જ્ઞાનાદિ ગુણ પરમ સ્વરૂપ આત્મા છે. આહા..હા..! સમજાણું?

**'ઉસકે સમ્યક્ શ્રદ્ધાન...'** એવા આત્માની અંતર્મુખ થઈને આ આત્મા એમ શ્રદ્ધામાં લેવું એનું નામ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? **'ઉસકા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન...'** અનંત ગુણ સ્વરૂપ ભગવાન આત્મા વસ્તુ છે એનું સમ્યક્ જ્ઞાન અને એનું સમ્યક્ આચરણરૂપ. સમજાય છે કાંઈ? શબ્દો હજી કઠણ પડે માણસને. આચરણરૂપ આ ચારિત્ર. એનું આચરણ. કેવલ એકલું જ્ઞાનનો પિંડ પ્રભુ આત્મા એકલું પરમ તત્ત્વ સ્વરૂપ રસ. એની સમ્યક્ શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનું **'આચરણરૂપ (ચારિત્ર) નિર્વિકલ્પ સમાધિસે ઉત્પન્ન...'** આચરણરૂપ એવી નિર્વિકલ્પ શાંતિ એમ. સમજાણું કાંઈ? એનાથી **'ઉત્પન્ન જો પરમાનંદ પરમસમરસીભાવ વહી હુઆ અમૃત-રસ...'** લ્યો! આ પર્યાય લીધી. ઓલો હતો દ્રવ્યભાવ. પરમાત્મ તત્ત્વ હજી દ્રવ્ય વસ્તુ હતી. એની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ નિર્વિકલ્પ સમાધિ શાંતિ. એના સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને આચરણની શાંતિ. સમાહિવર મુત્તં દિંત્તુ તો બહુ બોલે છે લોગસ્સમાં. બહુ બોલે છેને? અર્થની ખબર ન મળે કાંઈ. આવે છે ને? લોગસ્સમાં આવે છે 'સમાહિવર મુત્તં દિંતુ' આવે છેને? 'ચંદેસુ નિમ્મલયરા આઈરિયેસુ.. સાગરવરગંભીરા... એવં મએ અભિથુઆ વિહૂયરયમલા પહીણજરમરણા...' આવે છેને? 'સમાહિવર મુત્તં દિંત્તું.' એમાં. સમાહિ એટલે શું? ઓલા બાવાની સમાધિ થતી હશે એ? અહીં તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર આ આત્મા જે માથે કહ્યો આવો, એની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણની નિર્વિકલ્પ શાંતિ એનું નામ ભગવાન સમાધિ કહે છે. કે જે સમાધિમાં આધિ, વ્યાધિ અને ઉપાધિ નથી. એને અહીં સમાધિ (કહે). સમાધિ આમ ચડાવી દેવું એ સમાધિ નથી કાંઈ. સમજાણું આમાં?

એ વળી ત્રણ કીધુંને. ત્રણ શું કીધું? કે આત્મા પોતાના પરમ સ્વરૂપ, જે કીધું અનંત ગુણરૂપ પરમ સ્વરૂપ એનું સમ્યક્ શ્રદ્ધા, એનું સમ્યક્જ્ઞાન, એનું સમ્યક્ સ્વરૂપ આચરણરૂપ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન થયેલી નિર્વિકલ્પ શાંતિ એ રૂપે ત્રણને નિર્વિકલ્પ શાંતિ કીધી.

સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેને શાંતિ કીધી. એ સમાધિ કેવી છે? કે જેમાં ઉપાધિ, શરીર આદિની ઉપાધિ નથી, વ્યાધિ નથી, શરીરમાં રોગ છે એ વ્યાધિ એમાં નથી અને આધિ-કલ્પના પુણ્ય-પાપની આધિ ઉપડે છે એ પણ એમાં નથી. એવી પરમ શાંતિરૂપી સમાધિ જેમાંથી ઉત્પન્ન થયેલો પરમ અમૃત સ્વાદ. ભાષા. પરમાનંદ ઉત્પન્ન થયેલો પરમાનંદ. પરમસમરસી પરમ વીતરાગભાવ. પરમાનંદ વીતરાગભાવ એમ. પરમસમરસીભાવ. ઓલો શુભભાવ હતો એ પરમસમરસી નહોતો. સમજાય છે?

'**પરમસમરસીભાવ વહી હુઆ અમૃત-રસ...**' ઓહો..હો..! સારી કેરી હોયને મજબૂત. તો એની છાલને આમ ચૂસી નાખે. દાંત એવા બે દાંત સરખા હોયને અહીં આમ કરીને ચૂસે. એમાંથી ઓલી છાલનો ભાગ પણ આવે થોડો. ઓલી રસની મીઠાશ છેને. ખેંચીને બે દાંત વચ્ચે ખેંચીને. સારા દાંત હોય ઉપલા, નીચલા. અહીં કહે છે કે આહા..હા..! આત્મા પરમ સ્વભાવની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને આચરણરૂપ શાંતિ એનાથી ઉત્પન્ન થયેલો પરમાનંદ એવો જે પરમરસી. પણ પાછો પરમાનંદ કેવો? સારી રીતે સમભાવી ભાવ છે એ. વીતરાગી પરમાનંદ આવ્યો એમ. સમજાય છે? શુભ-અશુભભાવ રહિત સમભાવી પરમાનંદની પર્યાય પ્રગટી, '**વહી હુઆ અમૃત-રસ ઉસકે આસ્વાદસે...**' એના આસ્વાદના સ્વાદથી '**પૂર્ણ જો જ્ઞાનમયીભાવ...**' આ પર્યાયની વાત કરી છે હોં! એ પર્યાયની '**णाणमउ सुद्धउ भाउ पवित्त**' એ પર્યાયની વાત છે. છેને ચોથું પદ? પર્યાય સમજાણું? અવસ્થા-દશા. જેમ અશુભ પરિણામ એ વિકારી દશા છે, શુભ પરિણામ એ રાગ મંદરૂપ વિકારી દશા છે અને આ શુદ્ધ પરિણમનરૂપ નિર્વિકારી દશા. સમજાણું કાંઈ? કેટલીવાર પડિકમણા કર્યા હોય સાંજ, સવાર પથરણા ફાડ્યા હોય અને પગથિયા ફાડી નાખ્યા હોય. પગથિયા તોડી નાખ્યા હોય કેટલાક. પણ આ વસ્તુ શું કહે છે એની ખબર નથી. આવો આત્મા એટલે શું, ખબર પણ ન મળે આત્મા શું છે.

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વરે આ આત્મા જોયો એવો ઈન્દ્રોના સમક્ષમાં, ચક્રવર્તીની સમક્ષમાં વર્ણવ્યો સમવસરણમાં. એવું અહીંયા સંતો વર્ણવી રહ્યા છે. આહા..હા..! આ પાંચમા આરાના સંતની વ્યાખ્યા છે આ. ચોથા આરા માટે નથી આ કે, ચોથા આરાને માટે આ વાત હશે આ તો પાંચમા આરાના ધર્મી જીવની આવી દશા હોય એનું વર્ણન કરે છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**પરમસમરસીભાવ વહી હુઆ અમૃત-રસ ઉસકે આસ્વાદસે પૂર્ણ જો જ્ઞાનમયીભાવ...**' એ સ્થિરતા. જે સ્વાદનો આત્માનો સ્વાદ, અતીન્દ્રિય સ્વાદની મીઠાશરૂપી પૂર્ણમાં તૃપ્ત થઈ ગયો છે. '**ઉસે છોડકર અન્ય વ્યવહારપ્રતિક્રમણ પ્રત્યાખ્યાન આલોચનાકે**

**અનુકૂલ વંદન નિંદનાદિ શુભોપયોગ વિકલ્પ-જાલ હૈં,...**' આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર પ્રતિક્રમણ એ શુભભાવ છે. આવા જ્ઞાનમય ભાવને છોડીને જે ભાવ થાય એ તો વિકલ્પની જાળ છે શુભ રાગની. આહા..હા..! એ વ્યવહાર પ્રતિક્રમણ એ શુભ વિકલ્પ જાળ છે રાગની. એ આત્મા શાંતિનો ભાવ નથી. પહેલા કહ્યું હતું કે અશુભ છોડીને શુભ હોય, પણ એ છે વિકલ્પની જાળ. ઓલી આત્માની નિર્વિકલ્પ શાંતિની પરિપૂર્ણ પર્યાય નહિ. શુદ્ધ નહિ ઓલો તો અપૂર્ણ પર્યાયમાં શુભભાવ ઉત્પન્ન હતો. એ શુભ ગયો ને ઠર્યો ત્યારે પર્યાય પૂર્ણ થઈ એ જાતની ચારિત્રની. સમજાણું કાંઈ? જ્ઞાનમયભાવ એટલે કે જે શુભ રાગભાવ હતો એ જ્ઞાનમય ભાવ નહોતો. એને છોડીને આત્માના અતીન્દ્રિય અમૃતરસના આસ્વાદમાં આવ્યો એ જ્ઞાનની પૂર્ણતા એટલે જે રાગ ઉત્પન્ન થતો એમાં અપૂર્ણ જ્ઞાન આદિ ખીલ્યું હતું. એ છોડીને સ્થિર થયું તો એ અપેક્ષાએ પૂર્ણ જ્ઞાનમય સ્થિરતાને નિશ્ચય પ્રતિક્રમણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આ તો એવી વાત છે કે ભાઈ! સમજતા, સાંભળતા જાણે બીજા દેશમાં છું (એમ માને) તો સમજાય એવું છે. શું કહે છે? જુઓ! એના આનંદના આસ્વાદ, સ્થિરતાના આનંદ આગળ એને છોડીને પુણ્ય વ્યવહાર પ્રતિક્રમણ જેટલા ભાવ શુભ હતા, એ બધા વ્યવહાર પ્રત્યાખ્યાન અશુભ છોડીને શુભ આવ્યો હતો, એમ આલોચના અશુભ છોડીને શુભ આવ્યો હતો એ એને અનુકૂળ વંદન નિંદા. આદિ શુભ ઉપયોગ હતો. વ્યવહાર પ્રતિક્રમણ પ્રત્યે અનુકૂળ કોણ? કે ઓલો શુભભાવ વંદન કરવું ગુરુ આદિનો. એ શુભ ઉપયોગ વિકલ્પ-જાલ હૈ. આહા..હા..!

'**વે પૂર્ણ જ્ઞાનીકો કરને યોગ્ય નહીં હૈં.**' જ્ઞાની એટલે ત્રણમાં એકતા કરનારને એમ. જ્ઞાન સ્વરૂપને દર્શન, જ્ઞાન અને સ્થિરતાની એકતા કરનાર. એકતા એનું નામ પૂર્ણ જ્ઞાન એમ. સમજાણું કાંઈ? પૂર્ણ પાછો ઓલો કેવળીની અહીં વાત નથી. ભાઈ! ઓલી ત્રણની એકતા થઈ દર્શન, જ્ઞાન અને ચારિત્રની એકતા. એ ત્રણે એકતાએ પૂર્ણ થયું એમ. સમજાણું કાંઈ? એમ વાત કરે છે. આત્મા ભગવાન આનંદનો અતીન્દ્રિય શાંતનો ડુંગર છે. જેની શ્રદ્ધા, જ્ઞાન કરવાથી અતીન્દ્રિય આનંદ ઝરે. શ્રદ્ધા, જ્ઞાનનો આનંદ ઝરે એમાં એની જ્ઞાનની પરિપૂર્ણતાનો ઓલો ચારિત્ર ભાગ ન આવ્યો એટલે અપૂર્ણ થયું. એટલે મોક્ષમાર્ગમાં બે ભાગ આવ્યા એમાં ત્રીજો બાકી રહી ગયો. શુભભાવ આવ્યો એ છોડીને સ્થિર થયો તો ... ચારિત્ર આવ્યું એટલે જ્ઞાનમય ત્રણ એક થઈ ગયા. સમજાણું કાંઈ?

પાછું કોઈ કહે કે આ પૂર્ણ જ્ઞાન.. કેવળજ્ઞાનીની. એની વાત નથી, આ તો ચારિત્રની અંદરમાં ઉપયોગ શુદ્ધ જામ્યો એટલે જે ચારિત્રમાં જે ઊણપ હતી, બે ભાગ હતા સરખા

દર્શન, જ્ઞાનના, જે ચારિત્રની ઊણપ હતી શુભભાવમાં એ ગઈ અને ઠર્યો એકતા ત્રણની થઈ, જ્ઞાનમયની ત્રણની એકતાની પૂર્ણતા થઈ ગઈ. એવી જ્ઞાનીને આવા શુભભાવ કરવા લાયક નથી એટલે હોઈ શકે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે! કોઈ કહે છે કે આવી તે શેની વાતું છે આ? આ પંચમ આરામાં પણ જેને ધર્મ કરવો હોય એને આ વાત છે. સમજાણું કાંઈ? ચોથા આરા અને પાંચમાં આરાના સાકરમાં ફેર પડતો હશે કે ઓલાને ચોથા આરામાં સાકરને સાકર કહેવાય ને પાંચમાં આરામાં પથરાને સાકર કહેવાય? મીઠાશમાં ફેર પડે એ જુદી વાત છે. ... સમજાય છે? એમ ચોથા આરા અને પાંચમાં આરાનો મોક્ષનો માર્ગ તો એક જ છે. સમજાય છે કાંઈ? અહીં તો કહે છે, જે મુનિ આત્માનું જ્ઞાન કરી, આત્માની દૃષ્ટિ કરી આનંદની અને ઓલા શુભભાવને છોડીને અપૂર્ણતા હતી ચારિત્ર એને પૂર્ણ કરીને ઠરે છે, એ જ્ઞાનીને બીજું કર્તવ્ય હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એમ જ છે. એ તો શુદ્ધ ઉપયોગ જ રહે. એ તારું કર્તવ્ય છે, તારું સ્વરૂપ તો એ છે. આહા..હા..! આનંદમાંથી બહાર પહેલા થવું એ કાંઈ કર્તવ્ય છે? સમજાણું કાંઈ? ભર્યા ઘર મૂકીને બહાર ભટકે છો, નથી કહેતા લોકો? પરસ્ત્રીનો લંપટી હોય એને કહે છે માણસ. એલા! પણ ઘરે, ઘરે ભાણું ભરેલું છે અને આ જ્યાં ત્યાં ભટકે છે. કોળી અને વાઘરીને ઘરે. નથી કહેતા? સજ્જનને કહે કે નહિ? ઘરે બાયડી બિચારી, કેવી ખાનદાનની દીકરી, ફૂલડા ઝરે એવી બાઈ. એવા ભર્યા ભાણા મૂકીને આ કોળી ને વાઘરીને ઘરે ફરે છો? એમ અહીં કહે છે કે અરે..! તારા ઘરમાં આનંદ ને જ્ઞાન ભર્યા એને છોડીને આ વિકલ્પમાં ફરે છો મફતનો. આહા..હા..! એ પરઘરમાં જા છો. છોડ એને અને સ્વઘરમાં જા એનું નામ જ્ઞાનની પૂર્ણતા અને ચારિત્રની એકતા અને મોક્ષમાર્ગની એકતા કહેવામાં આવે છે.

પરમાત્મપ્રકાશ છેને. જેનાથી પરમાત્મા ઝટ પ્રગટે. '**वे पूर्ण ज्ञानीको करने योग्य नहीं हैं. प्रथम अवस्थामें ही हैं, आगे नहीं है.**' એ તો પછી લખાણ કર્યું છે હોં! ટીકામાં નથી. ટીકામાં '**तदनुकूलं वन्दननिन्दनादिशुभोपयोगविकल्पजालं च ज्ञानिनां युक्तं न भवतीति**' બસ. ત્યાં આગળ સ્થિરતામાં એ યોગ નથી. પહેલે જ્યાં સુધી ઠરી શકે નહિ ત્યાં સુધી એવો ભાવ હોય પણ શુભભાવને એણે હેય જાણવો જોઈએ. એ વિના એને છોડીને ઠરી શકશે નહિ. તેને પરમાત્માના પ્રકાશનો ભાગ પ્રગટ થયો એમ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧૦, સોમવાર, તા. ૩૧-૦૧-૧૯૬૬**
**ગાથા-૬૬-૬૭, પ્રવચન-૧૧૪**

પરમાત્મપ્રકાશ, બીજો ભાગ.

१६३) वंदउ णिंदउ पडिकमउ भाउ असुद्धउ जासु।
पर तसु संजमु अत्थि णवि जं मण-सुद्धि ण तासु।।६६।।

શું કહે છે? કહે છે કે વંદના કરો, ભગવાનની સ્તુતિ આદિ કરો. સરળ ટીકામાં આપ્યું છે. પાઠમાં, જે ભાવ છે તે અશુદ્ધ છે એમ કહેવું છે. પાઠમાં છે 'કરોતિ'. જ્યાં સુધી આત્માની સમ્યગ્દર્શન પૂર્વક વ્યવહારની સ્તુતિ, ભક્તિ, વંદન હોય ત્યાં સુધી મનને અશુદ્ધતા છે. દૃષ્ટિની શુદ્ધતા હો, પણ અસ્થિરતામાં એની અશુદ્ધતા છે. શું કીધું? સમજાણું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- આ એની જ વાત છે અહીં તો નિશ્ચય પૂર્વકની જ વાત છે. આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનમૂર્તિનું સમ્યગ્દર્શન-જ્ઞાન થયું એટલું તો શુદ્ધ છે. અહીંયા ચારિત્રની અપેક્ષાએ અશુદ્ધ અને શુદ્ધનું વર્ણન છે.

કહે છે કે જ્યાં લગી આત્મામાં વંદના પરવસ્તુની હોય, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિની, ત્યાં સુધી એ શુભભાવ અશુદ્ધ છે. ટીકાકારે સ્વરૂપ એટલે ભલે હો એમ. ભૂમિકાના પ્રમાણમાં એને એ વ્યવહારભાવ હો, પણ છે તે અશુદ્ધ ભાવ. ભગવાનની સ્તુતિ, **'નિઃશંક વંદના કરો, નિંદા કરો, પ્રતિક્રમણાદિ કરો,...'** વ્યવહાર આચરણની જે યોગ્યતા પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણ વિકલ્પ વગેરે એ છઠ્ઠે ગુણસ્થાને આત્માના દર્શન-દૃષ્ટિ પૂર્વક એવા ભાવ અશુદ્ધ, અશુદ્ધ હો કહે છે. પણ છતાં એ મલિન છે. સમજાણું કાંઈ? **'લેકિન જિસકે જબ તક અશુદ્ધ પરિણામ હૈં,...'** જ્યાં સુધી એ પરિણામ વ્યવહારના છે, નિંદા, સ્તુતિ, ભક્તિ, પોતાના પાપની નિંદા, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત, આલોચના, શુભ વિકલ્પ રાગ છે ત્યાં સુધી અશુદ્ધ પરિણામ છે. સમજાય છે કાંઈ?

**'ઉસકે નિયમસે સંયમ નહીં હો સકતા,...'** અહીં તો એ કહે છે. છે ને? **'तसु संजमु अत्थि णवि'** જે સંયમ શુદ્ધ જોઈએ તે સંયમ નથી. સમજાય છે કાંઈ? **'ક્યોંકિ ઉસકે મનકી શુદ્ધતા નહીં હૈ.'** વસ્તુ શુદ્ધની દૃષ્ટિ ને જ્ઞાન થવા છતાં શુદ્ધ પરિણમનનો ઉપયોગ ન હોય ત્યાં સુધી એને સંયમ તે પ્રકારનું જોઈએ તે સંયમ નથી. સમજાય છે કાંઈ? **'જિસકા મન શુદ્ધ નહીં, ઉસકે સંયમ કહાંસે હો સકતા હૈ?'** જેના મનમાં

શુભભાવ હોય છે એને શુદ્ધ ઉપયોગનું પરિણમન ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું? વસ્તુનું શુદ્ધ, વસ્તુ શુદ્ધ છે ચૈતન્ય. જ્ઞાન, આનંદ આદિ શુદ્ધ ચૈતન્ય, એનું શુદ્ધ ઉપયોગનું પરિણમન, શુદ્ધ આચરણનું પરિણમન ન હોય ત્યાં સુધી મનમાં શુદ્ધિ હોતી નથી. વિકલ્પ છે જેટલા વ્યવહારના એ બધા અશુદ્ધ છે, પુણ્યબંધના કારણ છે. માટે ત્યાં સુધી સંયમ ક્યાંથી? એ પ્રકારનો જે સંયમ શુદ્ધ ઉપયોગને જોઈએ એ સંયમ છે નહિ.

**'ભાવાર્થ :- નિત્યાનંદ એકરૂપ નિજ શુદ્ધાત્માકી અનુભૂતિકે પ્રતિપક્ષી** (ઉલટે)...' દેખો! ભગવાન આત્મા નિત્યાનંદ મૂર્તિ છે. આત્માનો શબ્દ આ કાઢ્યો છે .... આ આત્મા એટલે આત્મોતિ પ્રાપ્નોતિ ઈતિ આત્મા ... એવો શબ્દ પડ્યો છે, ફુલચંદજીનો. આ આત્મા એટલે આત્મોતિ પ્રાપ્નોતિ ઈતિ આત્મા. બધાને જાણે, જ્ઞેયને જાણે અતતિ ગચ્છતિ એ આત્મા કહેવાય. પડ્યો છે. જોયું સંસ્કૃત. અતતિ ગચ્છતિ ઈતિ આત્મા ન લીધું, આ તો આત્મોતિ પ્રાપ્નોતિ તે આત્મા એવો શબ્દ પંચાધ્યાયીમાં મૂક્યો છે. આત્મા તો શુદ્ધ સ્વભાવ એની શુદ્ધ દૃષ્ટિ, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત કરે છે. તો એને સંયમ કહેવાય છે અને એ ચારિત્ર તે મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી એને વ્યવહારના વિકલ્પો પ્રતિક્રમણના, પ્રાયશ્ચિતના, વંદનના, સ્તુતિના, ભક્તિના હોય ત્યાં સુધી મન પર તરફ છે. અંદર ફર્યું નથી. શુભ વિકલ્પ છે એ અશુદ્ધ ભાવ છે, એ પુણ્યબંધનું કારણ છે, એને એટલો અસંયમભાવ છે. આવી વાત છે. ભગવાન એકલો ચૈતન્યના દરબારમાં અંદર ફરે, ઉપયોગ જેમાં ઠરે, જેમાં મનના શુભ વિકલ્પનો અશુભભાવ પણ ન રહે એવી દશાને સંયમ કહે છે. કહો, ધર્મચંદજી! આ ક્યારે આ કાળમાં હોય કે નહિ? કે ચોથા આરાની વાત હશે? ઉપદેશ તો પાંચમા આરાના મુનિ ઉપદેશ કરે છે. ઓહો..!

જેના ઘરમાં એકલી પવિત્રતા અને શુદ્ધતા જ પડી છે અંતર સ્વરૂપ, એની દૃષ્ટિ, જ્ઞાન ને એને અંતરમાં રમણતા તે જ સંયમ છે. મન બહાર ભટકે શુભ પરિણામમાં, વ્યવહાર પ્રતિક્રમણ આદિ ક્રિયામાં બાહ્ય આચરણ, એ બાહ્ય આચરણ વિકલ્પ હોં! એ બાહ્ય આચરણ. દેહની ક્રિયાની વાત નથી. ઓહો..! દિગંબરના તીવ્ર વચનોને લઈને, શ્રીમદ્ કહે છેને, રહસ્ય સમજી શકાય. વસ્તુ... વસ્તુ... વસ્તુ... આમ મહા ચૈતન્ય ભંડાર. અનંત ગુણ રત્નાકર પ્રભુ એની અંતરમાં રુચિ અને જ્ઞાન સહિતની અંતરમાં રમણતા એ સંયમ છે. જેટલું મન બહાર ભટકે આ દયા, દાન, વ્રત, વિકલ્પમાં એ અશુદ્ધ પરિણામ છે એમ સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો હજી સમ્યક્ના ભાન વિના એકલા પરિણામ ઠેકાણા વિનાના એને માટે કહ્યું. દયા ને દાન ને આ અમારા મહાવ્રત છે આ. સમજાણું કાંઈ?

અહીં તો શુદ્ધસ્વરૂપની દૃષ્ટિ અને ચારિત્ર મુક્તિનું તત્કાળ કારણ છે એની વ્યાખ્યા કરી

છે. સમજાય છે? પછીની ગાથા એ આવે છેને જુઓને 'પ્રવચનસાર'માં છેલ્લે આવે છેને. ...

'**નિત્યાનંદ એકરૂપ...**' જુઓ! ભાષા. આત્મા કાયમી આનંદના રૂપનો કરનાર પોતે. એની પર્યાયમાં દુઃખ છે એ સ્વરૂપમાં નથી. સ્વરૂપ તો નિત્યાનંદ કાયમી આનંદવાળું તત્ત્વ છે. ક્યો આનંદ? અતીન્દ્રિય આનંદ. સમજાણું કાંઈ? એને અંતર ઘરમાં તો નિત્યાનંદ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય અનાકુળ શાંતરસ જ પડ્યો છે. એને આત્મા કહીએ. પુણ્ય-પાપના વિકલ્પ છે એ તો દુઃખરૂપ દશા, વિકાર છે, એ કાંઈ આત્મા નથી. શરીર, વાણી, મન તો જડ છે, પર છે. કેવો છે આત્મા? કે નિત્યાનંદ એક તો. બીજું એકરૂપ. પાઠમાં છે ને નિત્યાનંદ એકરૂપ, નિજ શુદ્ધાત્મા. પાછો પોતાનો શુદ્ધાત્મા.

આમ વસ્તુ છે મહાન ચૈતન્ય નિજ પદાર્થ શુદ્ધ સ્વરૂપ, પુણ્ય-પાપના વિકલ્પ, કર્મ, શરીર વિનાની ચીજ છે. એવો નિજ શુદ્ધાત્મા, પોતાનો નિજ શુદ્ધાત્મા નિત્યાનંદરૂપ છે, એની અનુભૂતિ. ત્યાં સુધી આત્મા કીધો. દ્રવ્ય એની અનુભૂતિ, એનો જે અનુભવ શુદ્ધ આનંદ સ્વરૂપ આત્મા એની એકાગ્રતા, એની અંતર એકાગ્રતા, એ આત્મા આનંદ છે તેને અનુસરીને દશામાં આનંદનું થવું એનું નામ અનુભૂતિ. સમજાણું કાંઈ? એને અનુસર્યા વિના, સંયોગ નિમિત્તને અનુસરીને જે પુણ્ય-પાપના વિકલ્પો રાગ થાય એ વિકાર અને દુઃખરૂપ અનુભૂતિ છે. સમજાણું કાંઈ? એ આત્માની અનુભૂતિ નથી. અનુભૂતિ... સમયસારના છેલ્લા કળશમાં. આહા..! કથન પદ્ધતિ દિગંબર આચાર્યોની શૈલી કોઈ અલૌકિક છે.

કહે છે ભગવાન આત્માની અનુભૂતિ એ પર્યાય છે. પહેલો કીધો કે નિત્યાનંદ એક નિજ શુદ્ધાત્મા એ દ્રવ્ય કીધું, દ્રવ્ય એટલે વસ્તુ. એની એકાગ્રતા પર્યાયની વસ્તુમાં એકાગ્રતા એ અનુભૂતિ. એનાથી પ્રતિપક્ષી, એવી '**અનુભૂતિકે પ્રતિપક્ષી (ઉલટે) જો વિષય કષાય, ઉનકે આધીન...**' વિષય કષાયના પરિણામ, શુભ-અશુભભાવ બેય અનુભૂતિથી વિરુદ્ધ પક્ષવાળા છે. આત્માથી તો વિરુદ્ધ છે, પણ આત્માની પર્યાય જે અનુભૂતિ નિર્મળ થવી જોઈએ શુદ્ધ પર્યાય. આત્મા એમાં એકાગ્ર થતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય એ અનુભૂતિ. એનાથી ઉલટી પર્યાય વિષય કષાયના પરિણામ છે. એ શુભ હો કે અશુભ હો. અહીં તો ખરું શુદ્ધની વ્યાખ્યા કરી છે. આમ પર ઉપર લક્ષ જાય છે જેટલો, એટલો વિકલ્પ, તે પરનો વિષય કરીને વિકલ્પ ઉઠાવે છે. એટલો '**કષાય, ઉનકે આધીન આર્ત રૌદ્ર ખોટે ધ્યાનોંકર જિસકા ચિત્ત રંગા હુઆ હૈ,...**' એમાં લીન થઈને જે આર્તધ્યાનમાં હો કે રૌદ્રધ્યાનમાં. જેનું ચિત્ત રંગાયેલું છે. '**ઉસકે દ્રવ્યરૂપ વ્યવહાર-વંદના,...**' એને દ્રવ્યરૂપ વ્યવહાર વંદના કે નિંદા, નિંદા છે હોં! શબ્દ. '**णिंदउ**' છેને નિંદા, નિંદા એટલે પાપની નિંદા. સમજાણું?

**'वंदउ णिंदउ पडिकमउ'** છેને સંસ્કૃતમાં. **'વંદના, નિંદા પ્રતિક્રમણાદિ ક્યા કર સકતે હૈં?'** સમજાય છે? એક વાત કોઈ જોઈએ તો જેની દૃષ્ટિ શુદ્ધ ઉપર કરવી નથી એને આ વ્યવહાર વંદન પ્રતિક્રમણ આદિના શુભ એ શું આત્માને કામ? સમજાણું કાંઈ? અને નિશ્ચય દૃષ્ટિ હોવા છતાં આવા જે શુભભાવ છે એ વંદન આદિ એનાથી શું શુદ્ધ થાય? એવા દ્રવ્ય પ્રતિક્રમણ આદિ, દ્રવ્ય પ્રતિક્રમણ, દ્રવ્ય પ્રાયશ્ચિત, દ્રવ્ય આલોચના, દ્રવ્ય સંવર, વિકલ્પ એનાથી આત્માની સિદ્ધિ શી રીતે થાય? સમજાણું કાંઈ?

**'જો વહ બાહ્ય-ક્રિયા કરતા હૈ, તો ભી ઉસકે ભાવસંયમ નહીં હૈ.'** બાહ્ય ક્રિયાના આચરણમાં ભાવ છે, પણ દૃષ્ટિ શુદ્ધ ઉપર નથી અને શુદ્ધ ઉપયોગ નથી માટે તેને સંયમ હોતો નથી. કહો, સમજાણું કાંઈ? એવા દ્રવ્ય પ્રતિક્રમણ આદિ કરે, દ્રવ્ય પ્રત્યાખ્યાન કરે, દ્રવ્ય આલોચના એટલે કે શુભ વ્યવહારરૂપ વિકલ્પ કરે, સ્તુતિ વંદન, ભક્તિ, શુભભાવ કરે પણ એનાથી ક્યા કર સકે? એને ભાવસંયમ કેમ હોય? **'સિદ્ધાન્તમેં ઉસે અસંયમી કહતે હૈં.'** એટલા પરિણામ શુભ હોય, એકલા શુભ હોય, દૃષ્ટિ શુદ્ધ નથી અને સ્થિરતાની અંતર શુદ્ધતા પ્રગટી નથી. કહે છે કે તો આવા એ પરિણામથી એ અસંયમી છે. ...અહીં તો અશુભ અને અજ્ઞાની. સમજાણું કાંઈ? એની દૃષ્ટિ શુદ્ધ તત્ત્વ ઉપર નથી અને એકલા વ્યવહારથી આ ... દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ અપવાસના આદિ કરે છે શુભ છે. એથી એને સંયમ ક્યાંથી હોય? એ તો અસંયમી છે. અને સમ્યગ્દર્શન સહિત હોય તોપણ એ શુભ પરિણામ છે એટલો તો એ પોતે અસંયમભાવથી સંયમભાવ નથી. ચારિત્રનો એ દોષ છે એમ. સમજાય છે? સમ્યગ્દર્શન રહિત હોય તો તો અસંયમી છે. સમ્યગ્દર્શન સહિત હોય તો ચારિત્રનો દોષ છે એટલો એને સંયમ નથી.

**'કૈસે હૈં, વો આર્ત રૌદ્ર સ્વરૂપ ખોટે ધ્યાન...'** ... **'સિદ્ધાન્તમેં ઉસે અસંયમી કહતે હૈં. કૈસે હૈં, વો આર્ત રૌદ્રસ્વરૂપ ખોટે ધ્યાન અપની બડાઈ,...'** ત્યાંથી આવ્યુંને? પોતાની બડાઈ–ચૈતન્યની બડાઈની ખબર નથી. અભિમાન બહારના, શરીરના, વાણીના, કંઠના, જાણપણાના, બહારની શ્રદ્ધાના, વ્યવહારશ્રદ્ધા આદિ હોં! સમજાય છે? રાગની મંદતાની જેને બડાઈ છે એને આત્મદૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? **'બડાઈ, પ્રતિષ્ઠા...'** દુનિયામાં પોતાનું કાંઈક રાખવું, પ્રતિષ્ઠા રાખવી, પ્રતિષ્ઠા. એને આત્મપ્રતિષ્ઠાની ખબર નથી. અમારી પ્રતિષ્ઠા રહે થોડી જગતમાં, અમે કાંઈક હતા, અમે કાંઈક છીએ. એ આત્મા નહિ પણ આ પ્રતિષ્ઠા રહે અમારી એ અમે છીએ. આબરૂ રહે, અમારી પ્રતિષ્ઠા રહે, અમારા નામ રહે, અમને પાછળ યાદ કરે. સમજાણું કાંઈ? એવો જેને અંતર ભાવ ચડયો છે એ અસંયમી છે.

**'લાભાદિ સૈંકડોં મનોરથોંકે...'** સ્વરૂપની દૃષ્ટિ વિના, શુદ્ધસ્વભાવના ભાન વિના એને

સૈંકડો મનોરથ બાહ્યના જ હોય છે એને. કોઈ રીતે પણ બાહ્ય પ્રવૃત્તિમાં અધિકપણે જણાઉં એવો એને અનેક પ્રકારમાં અભિપ્રાયમાં એ જ ભાવ એને ચડ્યો હોય. સમજાય છે કાંઈ? દુનિયામાં, આબરૂમાં, કીર્તિમાં, પ્રશંસામાં, શાસ્ત્રને બહાને શાસ્ત્રમાં, ભણતરને બહાને ભણતરમાં, કહેવાને બહાને બોલવામાં, પ્રરૂપવાને બહાને પ્રરૂપવામાં અધિકપણે કહેવામાં, શિષ્યો સારા હોય તો એના વડે પ્રતિષ્ઠા, અમને જુઓ અમારા માનનારા છે. એમાં તને શું આવ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવો ખ્યાલ હોય તો તો રાખે શું કરવા? જ્ઞાનમાં ઈચ્છા હોય નહિ એને તો એ એમ જ માને કે આ હું સારું કરું છે. પ્રભાવના ધર્મની પ્રભાવના છે, અમે દુનિયાની સેવા કરીએ છીએ, દુનિયાને લાભ આપીએ છીએ, અમને એમાં નુકસાન શું છે? એવી અંદર મીઠાશ ઊંડે મિથ્યાત્વની પડી છે એથી બહારની પ્રતિષ્ઠા અને આબરૂમાં જ આખું જીવન ગાળે છે. એને અસંયમ અને મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવા શુભભાવની ક્રિયા કરતો હોય છતાં, એમ કહે છે અહીં તો, તો બાહ્ય ક્રિયા એટલે ઓલો શુભ પરિણામ શું કરી શકે એને? અંદર અભિપ્રાયમાં તો મોટા શલ્ય પડ્યા છે આખા. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ! એ વાતને અંદર પકડવી... શું કહે છે?

સહસ્ત્ર વિકલ્પ છેને? સહસ્ત્ર વિકલ્પજાળ, માળા, પ્રપંચ એટલા શબ્દ વાપર્યા છે લ્યો! '**વિકલ્પોંકી માલાકે (પંક્તિકે)...**' માળા છેને પંક્તિ. એ અંદરની વિકલ્પની જાળ. જેમ પુણી રૂની એક પછી એક નીકળ્યા જ કરે, નીકળ્યા જ કરે, તાણો નીકળ્યા જ કરે. એમ એક પછી એક શુભ... શુભ... શુભ... શુભ... શુભ... એક આ. આ... આ ને અશુભ. શુભ-અશુભના વિકલ્પનો લાળ ચાલ્યા કરે છે, ક્યાં એને ઠરવું નિવૃત્તિથી કે આ વસ્તુ શું છે એની દૃષ્ટિમાં જાવું એ એને વખત મળતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પકડવી ઝીણી છે એમ. સાંભળવી સહેલી છે. સમજાણું કાંઈ? પણ અંદરમાં એના વિવેક કરવા એ ઝીણી વાત છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ જાડી કીધુંને, આ સાંભળવું જાડી વાત છે. એમ કીધું નહિ? સાંભળવામાં આવે એ જાડું છે, પણ એમાં અંદર વિવેક કરવો એ ઝીણી વાત છે. એ કીધું, આમ એમ થઈ જાય કે આ મને સમજાય છે, પણ સમજે એવું અંદર કઠણ છે એમ કહ્યું છે. સમજાય છે? એમ કહે આ પકડાય છે, પણ પકડાય છે શી રીતે? એ એની સ્વચ્છંદતાના ભાવ છે એને સમજવા કઠણ છે. બહુ એને ધીરું થવું જોઈએ. સમજાણું કાંઈ? એ વિકલ્પની માળાની

પંક્તિ. માળાનો અર્થ પંક્તિ છે.

'**પ્રપંચ કર ઉત્પન્ન હુએ હૈં.**' વિકલ્પની જાળના પ્રપંચ. શુદ્ધ સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ એની અંતર દૃષ્ટિ નથી, સ્થિરતા નથી. આ વિકલ્પની જાળમાં ધમાધમ, ધમાધમ '**ઉત્પન્ન હુએ હૈં.**' એમ કહે છે. ઓલી ઉત્પન્ન થતી નથી, અનુભૂતિ નથી. '**જબ તક યે ચિત્તમેં હૈં, તબ તક બાહ્ય-ક્રિયા ક્યા કર સકતી હૈ?**' અહીં તો શુભ પરિણામ હો, છતાં અંતર શુદ્ધમાં દૃષ્ટિ નથી, વલણ નથી, એ બાહ્ય ક્રિયા શું કરે છે? '**કુછ નહીં કર સકતી.**' સમજાણું? '**भाउ असुद्धउ जासु।**' લ્યો! એ ગાથા પૂરી થઈ.

'**ઈસ તરહ મોક્ષ, મોક્ષ-ફલ, મોક્ષમાર્ગાદિકા કથન કરનેવાલે દૂસરે મહા અધિકારમેં નિશ્ચયનયસે પુણ્ય, પાપ દોનોં સમાન હૈં, ઈસ વ્યાખ્યાનકી મુખ્યતાસે ચૌદહ દોહે કહે. આગે શુદ્ધોપયોગકે કથનકી મુખ્યતાસે એકતાલીસ દોહોંમેં વ્યાખ્યાન કરતે હૈં,...**' શુદ્ધ ઉપયોગ. '**ઔર આઠ દોહોંમેં પરિગ્રહત્યાગકે વ્યાખ્યાનકી મુખ્યતાસે કહતે હૈં, તથા તેરહ દોહોંમેં કેવલજ્ઞાનાદિ ગુણસ્વરૂપકર સબ જીવ સમાન હૈં, ઐસા વ્યાખ્યાન હૈ.**' લ્યો!

'**અબ પ્રથમ હી રાગાદિ વિકલ્પકી નિવૃત્તિરૂપ શુદ્ધોપયોગમેં સંયમાદિ સબ ગુણ રહતે હૈં,...**' અહીં તો શુદ્ધને સંયમ છે એ બધું સિદ્ધ કરવું છે. 'પ્રવચનસાર'ની ગાથા છે ૨૭૪, 'પ્રવચનસાર'ની ૨૭૪ છે. મૂળ તો શુદ્ધના ઉપયોગને સિદ્ધ કરવું છે. આત્મામાં શુદ્ધ ઉપયોગ, સમ્યગ્દર્શન-જ્ઞાન હોવા છતાં શુદ્ધોપયોગ એ સંયમ આદિ સદ્‌ગુણ એમાં છે. શુદ્ધ વિના કોઈ સંયમ, ચારિત્ર, તપ, મોક્ષ, નિર્વાણમાર્ગ શુદ્ધ વિના હોઈ શકે નહિ. એ કહેતે હૈ, '**ઐસા વર્ણન કરતે હૈં—**'

૧૬૪) **सुद्धहँ संजमु सीलु तउ सुद्धहँ दंसणु णाणु।**
**सुद्धहँ कम्मक्खउ हवइ सुद्धउ तेण पहाणु।।६७।।**

'**અન્વયાર્થ :- શુદ્ધોપયોગિયોંકે હી...**' લ્યો! જેને અંદર શુદ્ધ ઉપયોગ છે. સમ્યગ્દર્શન સહિતનો અંદર શુદ્ધ ઉપયોગ છે. પંચરત્ન કીધા છેને ત્યાં? પ્રવચનસારમાં એની આ ગાથા છે. એ માલ્યલો સાર છે આમાં. દયા, દાન, પડિકમણા આદિના ભાવ એ શુભરાગ છે, એ અશુદ્ધભાવ છે, શુદ્ધ ઉપયોગ નથી. અને શુદ્ધ ઉપયોગ હોય ત્યાં સંયમ આદિની શુદ્ધિ હોય છે, એમ સિદ્ધ કરવું. સમજાણું?

'**શુદ્ધોપયોગિયોંકે હી પાંચ ઈન્દ્રી છઠ્ઠે મનકો રોકનેરૂપ સંયમ, શીલ ઔર તપ હોતે હૈં,...**' એની વ્યાખ્યા કરશે ટીકામાં. એ સંયમ શુદ્ધ સ્વભાવ એની દૃષ્ટિમાં, અંદર સ્થિરતાનો શુદ્ધ ઉપયોગ છે એને સંયમ હોય છે, એને સાચું શીલ હોય છે સ્વભાવ. અને

એને તપ હોય, જુઓ! આ તપ, આ તપ. ઓલા કહે છેને ભગવાને તપ કર્યો હતોને. પૂછતા હતાને બે દિ' પહેલા એ. એના અમે અપવાસ કરીએ છીએ. ભગવાને અપવાસ કર્યા હતાને. એમ અમે અપવાસ કરીએ છીએ. અરે..! સાંભળને તારા અપવાસ છે, એના તો ભગવાનના ઉપવાસ હતા. આવા ઉપવાસ કરતા નથી આવડ્યા અનંત કાળમાં? રોટલા ન ખવાય બે, ચાર દિ' ને પાંચ દિ', આઠ દિ', પંદર દિ'. મહિના, મહિના, બાર બાર મહિનાના રોટલા ન ખાધા એવું તો અનંત વાર કર્યું છે. રાગનો ખોરાક મૂક્યો નથી એણે. રાગનો ખોરાક મૂકે ત્યારે અણાહાર એ અમૃતનો ખોરાક આવે ત્યારે એને તપ કહેવામાં આવે. એમ છે અહીં તો. પૂછતો હતો સવારે. ભગવાનભાઈ!

આ બધા અપવાસ, અપવાસ કરે. કહે છે, અપવાસ નથી એમ કહે છે. ભગવાને એવા અપવાસ નહોતા કર્યા. ભગવાન તો અતીન્દ્રિય આનંદમાં મસ્ત રહી ગયા હતા. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં 'તપયન્તિ વિજયન્તિ ઈતિ તપઃ' પોતાની શુદ્ધતાનો વિજય અંદર પ્રગટ કર્યો હતો. એને તપ કહેવામાં આવે છે. એ તપથી કર્મનો ક્ષય છે આવે છેને જુઓ! '**सुद्धहँ कम्मक्खउ**' એ આ ... શુભ રાગ છે, એમાં તો દૃષ્ટિ પાછી એનાથી મને લાભ થાય એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? પ્રરૂપણા પણ એ કરે. એ જ કરે છે, એમને તો બધી ખબર છેને જિંદગીની. પોણો વર્ષમાં બધું સાંભળ્યું છેને ઘણું ત્યાં. હિંમતભાઈ! આ કરો, વ્રત લ્યો, દીક્ષા લ્યો, શેની દીક્ષા પણ? દખ્યા છે. સમજાણું? હજી દેવ-ગુરુ-શાસ્ત્ર કોણ છે સાચા એની ખબરું ન મળે અને આત્મા શુદ્ધ સ્વરૂપ શું છે, કેવી રીતે પ્રાપ્ત થાય એની રીતની ખબર ન મળે અને અમારે થઈ ગયા વ્રત અને દીક્ષા અને સંયમ. મિથ્યાત્વ છે. અજ્ઞાનની ઘૂંટણ, અજ્ઞાન ઘૂંટ્યું છે વધારે. સમજાણું કાંઈ?

જુઓ! આ ત્રણ બોલ સંયમ, શીલ અને તપ છેને. પાઠમાં છે ખરાને? આ શુદ્ધોને સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન શુદ્ધ સ્વરૂપ એને સમ્યગ્દર્શન હોય. જુઓ! વ્યવહાર સમ્યગ્દર્શન એ સમ્યગ્દર્શન નથી એમ કહે છે. '**शुद्धोंके ही सम्यग्दर्शन और वीतरागस्वसंवेदनज्ञान...**' અંતર આત્માનું જ્ઞાન એ શુદ્ધને હોય છે, શાસ્ત્ર જ્ઞાનનું જ્ઞાન એ તો અશુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ઉગમણે, આથમણે ફેર છે કે નહિ? અને એમ માન્યું છે અને એમ કરે છે અનાદિથી. નવું ક્યા કરે છે? એ તો એમ કર્યા જ કરે છે. મને કહે મને આ જ્ઞાન થયા. અહીં તો કહે શુદ્ધને જ્ઞાન હોય છે, આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એનું જ્ઞાન તેને જ્ઞાન હોય છે. બીજાને જ્ઞાન હોતું નથી. શાસ્ત્ર ભણતર-બણતર એ અશુદ્ધ છે, જ્ઞાન નહિ. આ..હા..! સમજાણું કાંઈ? '**सुद्धहँ कम्मक्खउ**' અને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ અને સ્થિરતાવાળાને કર્મનો ક્ષય છે. અંશે પણ કર્મનો ક્ષય શુદ્ધતાને લઈને છે. શુભ-અશુભ પરિણામથી

કાંઈ કર્મક્ષય હોતો નથી. જુઓ આ કહે, શુભ નામથી કર્મક્ષય થાય, મિથ્યાત્વ .. થાય, શુભ યોગથી મિથ્યાત્વનો ક્ષય થાય અને ક્ષાયિક સમકિત થાય. ધૂળમાં પણ ન થાય. આહા..હા..! આ તો શુદ્ધને જ કર્મક્ષય થાય. સ્વભાવની શુદ્ધતાની એકતા થતાં જ મિથ્યાત્વનો ક્ષય અને ક્ષાયિક સમકિત થાય. એટલે ક્ષયોપશમ આદિ સૂક્ષ્મ એ શુદ્ધને જ હોય છે. અશુદ્ધ પરિણામમાં એ હોતું નથી. સમજાણું કાંઈ? **'ઈસલિયે શુદ્ધોપયોગ હી જગતમેં મુખ્ય હૈ.'** લ્યો! આચાર્ય પોતે કહે છે, માટે એ શુદ્ધોપયોગ જ જગતમાં મુખ્ય છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એટલે શું? એ તો એક ક્ષણનો વિકલ્પ છે પુણ્ય. આખી ચીજ તો શુદ્ધ છે. શુદ્ધની દૃષ્ટિ અને જ્ઞાન એ શુદ્ધતાવાળાને જ હોય છે. શુભના વિકલ્પવાળાને એ સમ્યગ્દર્શન ને જ્ઞાન હોતું નથી. સમજાણું કાંઈ?

**'ઈસલિયે શુદ્ધોપયોગ હી જગતમેં મુખ્ય હૈ.'** સમજાણું? ... પુરુષ પ્રધાન શૈલી છે. ઓલી ભાવપ્રધાન કીધી હતીને? ઓલામાં ધરનાર પુરુષ પ્રધાન છે ટીકામાં. છે ને છેલ્લે. **'शुद्धोपयोगपरिणामस्तदाधारपुरुषो वा'** એમ બે. એ પુરુષ જ પ્રધાન છે એમ કહે છે, શુદ્ધ ઉપયોગી પુરુષો. એનો આ ધરનારો પ્રધાન એમ. કે જે શુદ્ધ ઉપયોગ તો પરિણામ છે પણ પરિણામી જીવ-શુદ્ધનો પરિણામી પરિણમનારો જીવ જ પ્રધાન છે, એ જ જગતમાં મુખ્ય છે. આહા..હા..! સર્વોત્કૃષ્ટ એ આત્મા છે એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધોપયોગ એટલે શુદ્ધ વેપારવાળાને શુદ્ધ વેપાર એટલે આત્માનું શુદ્ધ આચરણ. શુદ્ધ દૃષ્ટિ, જ્ઞાન તો છે.

ભાવાર્થ :- હવે અહીં શુદ્ધ આચરણવાળાને **'શુદ્ધોપયોગિયોંકે પાંચ ઇન્દ્રી છઠ્ઠે મનકા રોકના,...'** ખરેખર એને જ રોકાઈ ગયું છે. **'વિષયાભિલાષકી નિવૃત્તિ,....'** સંયમ છેને સંયમ? એની વ્યાખ્યા છેને આ? છ કાય, પાંચ ઇન્દ્રિય અને મન એમ છેને બાર? એટલે મન છ થયા. **'વિષયાભિલાષકી નિવૃત્તિ, ઔર છહ કાયકે...'** એ બાર થયા. **'જીવોંકી હિંસાસે નિવૃત્તિ, ઉસકે બલસે...'** એટલે નિમિત્ત લીધું. **'આત્મામેં નિશ્ચલ રહના,...'** એનો અભાવ કરીને આત્મામાં નિશ્ચલ રહે એમ. એનો અભાવ કરીને આત્મામાં નિશ્ચલ રહેવું, **'ઉસકા નામ સંયમ હૈ,...'** સમજાણું કાંઈ?

પાંચ ઇન્દ્રિય, છઠ્ઠું મન, છ કાય એના તરફના વિકલ્પની ચીજ છૂટી અને આત્મામાં સ્થિર થવું, નિશ્ચલ રહેવું એનું નામ સંયમ છે, એનું નામ ઇન્દ્રિય નિરોધરૂપી સંયમ છે, એનું નામ છ કાયની હિંસાથી નિવૃત્તિરૂપ સંયમ છે. સમજાણું કાંઈ? **'ઉસકા નામ સંયમ હૈ, વહ હોતા હૈ,...'** એને સંયમ હોય. **'અથવા ઉપેક્ષાસંયમ અર્થાત્ તીન ગુપ્તિમેં**

આરૂઢ...' મન, વચનથી ખસીને સ્વરૂપમાં આરૂઢ. '**ઔર ઉપહૃતસંયમ અર્થાત્ પાંચ સમિતિકા પાલના, અથવા સરાગસંયમ અર્થાત્ શુભોપયોગરૂપ સંયમ ઔર વીતરાગસંયમ અર્થાત્ શુદ્ધોપયોગરૂપ પરમસંયમ વહ ઉન શુદ્ધ ચેતનોપયોગિયોંકે હી હોતા હૈ.**' એ શુદ્ધનો અર્થ, એ અહીં શુદ્ધ હોય છે ત્યારે ઓલાનો વિકલ્પ એને વ્યવહાર સંયમ કહેવાય છે. સમજાણું કાંઈ?

શુદ્ધ ઉપયોગની પરિણતિ છે ત્યારે ઓલા વ્યવહારથી સંયમને શુદ્ધ અથવા એ શુભને શુદ્ધ કહેવામાં આવે વ્યવહારે. સમજાણું કાંઈ? અહીં તો શુદ્ધ ઉપયોગ હોય એટલે શુદ્ધ પરિણતિ હોય તો જ આ વ્યવહાર સંયમને વ્યવહાર કહેવામાં આવે. એ શુદ્ધ ઉપયોગ ને શુદ્ધતા અંદર નથી ને એકલો વ્યવહાર સંયમ હોય એમ હોઈ શકે નહિ, એમ કહેવું છે. સમજાણું કાંઈ? '**अथवोपेक्षासंयमापह्यतसंयमौ वीतरागसरागापरनामानौ**' એમ ... ઉપેક્ષા એટલે વીતરાગ, અપ્રહ્યત એટલે સરાગ. સમજાણું? '**तावपि तेषामेव संभवतः**' શુદ્ધ દૃષ્ટિ અને જ્ઞાન છે એવા જીવને શુદ્ધ પરિણતિ છે, એને ઓલો વ્યવહાર આદિ સંભવે છે. એવો શુદ્ધ નથી ત્યાં એને ઓલો વ્યવહાર પણ સંભવતો નથી. સમજાણું કાંઈ? બહુ વાત લુખ્ખી અને બહુ રસવાળી. રાગના રસથી જુદી અને વીતરાગરસવાળી. '**પાંચ સમિતિકા પાલના, અથવા સરાગસંયમ અર્થાત્ શુભોપયોગરૂપ સંયમ ઔર વીતરાગસંયમ અર્થાત્ શુદ્ધોપયોગરૂપ પરમસંયમ વહ ઉન શુદ્ધ ચેતનોપયોગિયોંકે હી હોતા હૈ.**' જેને શુદ્ધ ચેતનાનો ઉપયોગ હોય છે પરિણતિ, એને આવો વ્યવહાર હોય છે, બીજાને હોતો નથી. મૂળ તો એમ સિદ્ધ કરવું છે. સંયમ એક બોલ થયો. '**सुद्धहँ संजमु**' એ ગાથાના પહેલા શબ્દમાં.

'**શીલ અર્થાત્ અપનેસે અપને આત્મામેં પ્રવૃત્તિ કરના યહ નિશ્ચયશીલ,...**' સમજાણું? એ શુદ્ધતા અંતર દૃષ્ટિ જ્ઞાયક ચૈતન્યની શુદ્ધ દૃષ્ટિનું જ્ઞાન અને સ્થિરતા છે એને આવો શીલભાવ હોય છે, નિશ્ચયશીલ, '**અપનેસે અપને આત્મામેં પ્રવૃત્તિ કરના....**' આત્મામેં આત્માની પ્રવૃત્તિ શીલ. '**અપનેસે અપને આત્મામેં પ્રવૃત્તિ કરના...**' એ જ્ઞાનસ્વરૂપ આત્મા એ જ્ઞાન દ્વારા અંદરમાં પ્રવૃત્તિ-સ્થિરતા, એનું નામ પોતાનો શીલસ્વભાવ નિશ્ચય શીલ છે. એ નિશ્ચય શીલસ્વભાવ છે.

'**રાગાદિકે ત્યાગનેસે શુદ્ધ ભાવકી રક્ષા કરના વહ ભી નિશ્ચયશીલ હૈ,...**' સમજાણું કાંઈ? છેને? '**सीलु स्वात्मना कृत्वा स्वात्मनिवृत्तिर्वर्तनं इति निश्चयव्रतं, व्रतस्य रागादिपरिहारेण परिरक्षणं निश्चयशीलं तदपि तेषामेवे।**' એમ. એ નિશ્ચય શીલ છે. વિશેષ ખુલાસો કરે છે. '**ઔર દેવાંગના, મનુષ્યની, તિર્યંચની તથા કાઠ પત્થર ચિત્રામાદિકી**

**અચેતન સ્ત્રી-એસે ચાર પ્રકારકી સ્ત્રિયોંકા મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદનાસે ત્યાગ કરના,...**' એ વિકલ્પ છે એટલે વ્યવહારશીલ છે. બીજી અપેક્ષા આવી ને? '**યે દોનોં શીલ શુદ્ધ ચિત્તવાલોંકે હી હોતે હૈં.**' દોનો શીલ શુદ્ધ સમ્યગ્દષ્ટિ સિદ્ધ છે એને હોય છે. જેને શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન નથી એને હોતા નથી. સમજાણું કાંઈ?

હવે આ તપસ્યા-તપસ્યા કરે છેને માણસ? '**તપ અર્થાત્ બારહ તરહકા તપ ઉસકે બલસે ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મરૂપ સબ વસ્તુઓંમેં ઈચ્છા છોડકર શુદ્ધાત્મામેં મગ્ન રહના, કામ ક્રોધાદિ શત્રુઓંકે વશમેં ન હોના, પ્રતાપરૂપ વિજયરૂપ જિતેન્દ્રી રહના. યહ તપ શુદ્ધ ચિત્તવાલોંકે હી હોતા હૈ.**' શુદ્ધ જ્ઞાનમૂર્તિ આત્મા પવિત્ર, તદ્દન પુણ્ય-પાપના વિકલ્પ રહિત-એવી શુદ્ધ દૃષ્ટિ ને શુદ્ધ આત્માનું ભાન છે એને અંદર સ્વરૂપમાં સ્થિરતાની ઉગ્રતાને ઈચ્છાના નિરોધરૂપ આનંદનો વિજય થાય, તપે-પ્રતપે એની દશાને તપ કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા તપની! આ તો કહે ભગવાને આહાર નહોતો કર્યો સાડા બાર વર્ષ. સાડા બાર વર્ષ આહાર નહોતો કર્યો. .. એક થોડો અપવાસ કર્યો હતો. અને એટલી એ બધી તપસ્યા કરી હતી, અમે તપસ્યા કરીએ છીએ.

ગૃહસ્થની બાઈ ઓલા ચોખા ખાંડતીને ચોખા. ઉપર ફોતરા, જાણે અંદર ચોખા ઉતરતા હતા ખાંડણીયામાં નીચે. ચોખા-ચોખા. બીજી ગરીબ બાઈ જોવા ગઈ કે આ લાખોપતિ કરે માટે ફોતરામાં કાંઈક હશે. એ ક્યાંકથી દશ શેર ફોતરા લાવીને ખાંડવા માંડી. પણ ત્યાં ચોખા ક્યાં હતા ફોતરામાં? ઓલો ખાંડે છે એમાં ચોખો ઉતરતો જાય છે, તોલદાર નીચે છે એ. એમ આત્મા શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને એમાં રમણતારૂપ જે ઈન્દ્રિયનો જે વિજય થયો અને તપ થયો એનું નામ તપ છે. બહારમાં દેખાણું કે આમણે આહાર આટલા દિ' કર્યા નહિ, પાણી પીધા નહિ છ મહિના સુધી. એ બહારનું દેખ્યું. બીજો એમ કહે કે આપણે બારથી આહાર, પાણી ન કર્યા અમારે પણ તપ થાય. ક્યા ધર્મચંદજી!

કાળ મફતનો જાય. ફોતરા પાઈના પણ ઉપજે નહિ એમાં. પણ ઓલામાં ખાંડતીને શેઠાણી. આ કાંઈક લાગે છે આમાં. પણ લાગે છે નીચે ચોખા છે. ઉતરતા જાય છે, ઓલા ફોતરા જેમ હળવા પડતા જાય એમ ઊંચે આવે છે, ચોખા નીચે છે એ તો દેખ્યા નહિ ને ઉપલા ફોતરા ખાંડવા માંડી. એમ આત્મા શુદ્ધ અંતર દૃષ્ટિમાં પડ્યો છે એમાં શુદ્ધતા અને એકાગ્રતા વધે છે એ માલ છે. અને આ ખાધું, ન ખાધું એવું જે બહારનું દેખાવું એ તો બહારના ફોતરા છે. બહારના ફોતરા કરવા માંડી બાઈ કે આપણે ઉપવાસ કરવો. ભગવાને વર્ષીતપ કર્યો હતો. વૃષભદેવ ભગવાને વર્ષીતપ કર્યો હતો. પણ વર્ષીતપ તારા જેવો નહિ. એને તો બાર મહિના સુધી ઈચ્છાનો નિરોધ હતો. આ તો એક દિ' ખાય, એક દિ' ન ખાય. એક

દિ' ખાય તો સરખાઈનું ખાય. માંડ પચે. અને પછી અમે વર્ષીતપ કરીએ છીએ, પછી એનું ઉજવણું કરવું. એય..! ઘરમાં-બરમાં કોઈ બૈરા-બૈરા કરતા હશે કે નહિ? એના શેઠિયાના ઘર છે. ઉજવણી કરવી જોઈએ. કર્યો છે મિથ્યાત્વના પાપ. પ્રાણભાઈ! આહા..હા..!

કહે છે કે ઊંડો શુદ્ધ ચૈતન્ય ભગવાન અમૃતના રસના સ્વાદ લઈને ઇચ્છા તૂટી ગઈ છે એનું નામ તપસ્યા છે, એનો વિજય આત્માનો કર્યો છે, ઇચ્છાનો વિજય નથી. એનું નામ અંતર આત્માના અતીન્દ્રિયના આનંદમાં વિજય કર્યો છે, એનું નામ તપ છે. એ તપ ભગવાને કર્યો છે, મુનિઓએ એ તપ કર્યા હતા. અને બહારથી આહાર પાણી ન મળ્યું એટલા દિ' સુધી એટલે લોકો એમ કહે કે જુઓ! એણે આહાર નથી ખાધા, પણ ઓલા નથી ખાધાની ક્રિયા છે કે ઓલા અંદરની છે એ? સમજાણું?

**'ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મરૂપ સબ વસ્તુઓંમેં ઈચ્છા છોડકર...'** દેખો! વિકલ્પ એ શુભ રાગ છેને? ઇચ્છા, આહાર છોડું એ પણ એક ઇચ્છા છે. આહાર હું છોડી શકું છું એનો અભિપ્રાય એ મિથ્યાત્વ છે. અને પરદ્રવ્ય તારા અધિકારની ક્યાં વાત રહી કે છોડે કે મૂકું? એ એના અધિકારની વાત નથી. એ તો જડ છે. જડ એને કારણે આઘું જાય ને એને કારણે આવે. ઇચ્છા મંદ કરી તો તોડું. સમજાણું? બાર પ્રકારના તપ અને એના બળથી ભાવકર્મ, દ્રવ્યકર્મ ... નિમિત્ત લીધું છે. અંદરમાં શુદ્ધોપયોગની રમણતા, અતીન્દ્રિય આનંદની સ્વાદની મીઠાશ આગળ ઇચ્છા આવી છોડવાની કે મૂકવાની ઉત્પન્ન થતી નથી.

સબ વસ્તુમેં ઇચ્છા નિરોધ. એનો અર્થ શું થયો? કોઈ પ્રકારની ઇચ્છા ... આ એકલો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની જે દૃષ્ટિ અને સ્વાદ આવ્યો હતો એના અંતરમાં મશગૂલ થઈ ગયો હતો, એમાં બે, ચાર દિ', પાંચ દિ', આઠ દિ', પંદર દિ', મહિનો ઇચ્છા ઉત્પન્ન ન થઈ અને આ સ્થિરતા થઈ આનંદની એને તપસ્યા કહેવાય છે. હવે આને તો કાંઈ ભાન પણ નથી કે શુદ્ધતા શું છે ને આનંદ શું છે. અજ્ઞાનતપ છે, બાળતપ છે, મૂર્ખાઈ ભરેલા તપ છે. બાળ એટલે ... મૂર્ખાઈ તો મોટી મૂર્ખાઈ છે આ. એ અહીં વાત ક્યાં છે? અહીં બાળ એટલે મૂર્ખ. આહા..હા..!

**'શુદ્ધાત્મામેં મગ્ન રહના,...'** જુઓ! ભાષા શું છે? ઇચ્છા છોડીને અહીં નકાર થઈ ગયો, પણ હવે રહ્યો ક્યાં? શુદ્ધ ચિદાનંદમૂર્તિ આનંદ, અતીન્દ્રિય આનંદ તૃપ્ત... તૃપ્ત... તૃપ્ત... અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત થઈ ગયો હોય એનું નામ તપસ્યા કહેવાય છે. કહો, સમજાણું? હિંમતભાઈ! લ્યો! આ બધું ચાલતું હશે એવું ચાલતું હશે આ સંપ્રદાયમાં. ઊંધા પાટા બાંધ્યા છે બધાએ. સમજાણું? શુદ્ધાત્મા કોણ છે એની ખબર ન મળે, એ શું કરી શકે, નથી શું કરી શકતો એની ખબર ન મળે અને આ ઉપવાસ કરીને બેઠા એમાં તપ સહિત, આ લુગડા

પહેરીને બેઠા તો અમે સાધુ થયા, ધૂળમાં પણ નથી. કુસાધુ છે અને કુતપ છે. સમજાણું કાંઈ?

ઈચ્છા અને ક્રોધ બે એમ. '**કામ ક્રોધાદિ શત્રુઓંકે વશમેં ન હોના,...**' આત્માને વશ થઈ જવું, અતીન્દ્રિય આનંદના વશ થવું. '**પ્રતાપરૂપ વિજયરૂપ જિતેન્દ્રી રહના.**' દેખો! સમજાણું કાંઈ? '**शुद्धात्मानि प्रतपनं विजयनं तप**' એમ છે. '**शुद्धात्मानि प्रतपनं विजयनं तप**' આ તપની વ્યાખ્યા. હવે તપ કોને કહેવું એની ખબર ન મળે. 'ભગવાનભાઈ'! પછી પોહા કરીને બેઠે તપ કર્યું અમે અને એમાંથી એક અઠ્ઠમ કર્યું હોય અને એક પોરસી ચડાવે તો કેટલાનું? બે પોરે સવાસો. એ એને બહુ ખબર હોય એને. અઠ્ઠમ ઉપર એક કરે તો ૨૫નું કાંઈક છે. ... કર્યું હતું કે નહિ? ૮૭માં કર્યા તો ખરા. અપવાસ કર્યા છે, નહિ. થોડા કર્યા છે. અગિયાર કર્યા હતા? ૮૭માં પ્રાણભાઈએ આઠ કર્યા હતા. એકલા થઈને. એકલહુકલ હતા. એટલે પૈસા નહોતા બહુ અને કંચન નહોતું અને કંચન-પૈસા પણ નહોતા, બે નહોતા. એકલા હતા એકલા. ૮૭ની સાલમાં એકલા હતા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ધૂળનો લાભ થયો? અભિમાન થયા. ૯૭ સુધી તો સામું પણ જોતા નહોતા. શું સમજાણું કાંઈ?

'**પ્રતાપરૂપ વિજયરૂપ જિતેન્દ્રી...**' આહા..હા..! ઈન્દ્રિય નિરોધનો અર્થ અતીન્દ્રિયના આનંદના સ્વાદ આવીને ઈન્દ્રિયનો નિરોધ એનું નામ તપ છે. ઈન્દ્રિય નિરોધ થઈને ગયો ક્યાં પણ? ઈન્દ્રિયને રોકીને ગયો ક્યાં? અતીન્દ્રિય ભગવાન આત્માના ઘરમાં પેઠો. મહા અતીન્દ્રિય સ્વાદ લેતો, બહાર નીકળવું ગોઠે નહિ. ઈચ્છા તો ઉત્પન્ન છે નહિ કાંઈ. અંદરમાં અતીન્દ્રિય આનંદના એકલા મશગૂલ... મશગૂલ... મશગૂલ... એ આત્માના આનંદનો વિજય થયો, ઈચ્છાનો નાશ થયો. ભગવાનઆત્માનો વિજય વર્તે અતીન્દ્રિય આનંદમાં. એવા આત્માના અતીન્દ્રિય આનંદના રસની ખુમારી રહે એને વિજય થયો કહેવાય. અને એ પ્રતાપન વિજય પાછો એમ પોતાનો પ્રતાપ છે ને એમાં ઈચ્છાનો?

'**યહ તપ શુદ્ધ ચિત્તવાલોંકે હી હોતા હૈ.**' લ્યો! એવો તપસ્યા એ શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાનની શુદ્ધતાની ભૂમિકા જોઈ છે એમાં ઠરે એને એ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? દિગંબર સંતની વ્યાખ્યા એ એક .... વ્યાખ્યા લેવા જાવ તો ઓલામાં નહિ મળે. કેટલા ગોતવા જાય ભણી ભણીને ભણે તો ચાલીસ વર્ષે, પચાસ વર્ષે હાથ ન આવે. પહેલા શું સમ્યગ્દર્શન? સમ્યગ્જ્ઞાન શું? ને સમ્યક્ચારિત્ર શું? ને સમ્યક્તપ શું? '**યહ તપ શુદ્ધ ચિત્તવાલોંકે હી હોતા હૈ.**' શુદ્ધ જ્ઞાનવાળાને થાય છે. શુદ્ધ એકલો ભગવાન પરમ પવિત્ર

એનો જેને અનુભવ છે, એનું જેને જ્ઞાન અને દર્શન છે એવાને એમાં ઠરવાનું થાય, એને આનંદ ને તપ કહેવામાં આવે છે. બાકી બધાને લાંઘણું કરે છે એમ કહે છે. એ બીજામાં લખ્યું છે. વિષય કષાય ... જેમાં પરના વિષયની ઇચ્છા અને કષાયની ઇચ્છાનો ત્યાગ. ... અને આત્માના આનંદમાં ઉપ નામ સમીપે, વાસ નામ અંદર વસી જાય એને ... એને ઉપવાસ જાણવા ... બાકી બધી લાંઘણું કરનારા છે. અને માને તપ છે કે મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે, મિથ્યાત્વમાં મોટા થયા. કહે, સમજાણું કાંઈ?

.... સમજાણું કાંઈ? ... આત્માના આનંદને ભાવતા વિચરે એનું નામ આત્મા છે. સમજાણું કાંઈ? એવો શબ્દ છે જયચંદજી! છે ભગવતીમાં બહુ શબ્દ છે. ..... જુઓ! આ મુનિઓ માટે, કેવળીઓ માટે ...પણ ઓલું .. પડ્યો રહ્યો. એ આત્મા શું અને એની ભાવના શું. ઓલી ક્રિયાકાંડ રહી ગયું એકલો. સમજાણું? એમાં તસ્સઉત્તરી આવે છે ને તાવકાય ઠાણેણં મોણેણં જાણેણં અપ્પાણં વોસરામિ. ઓલું અપ્પાણં .. વયું ગયું, અહીંયા આત્માને વોસરાવી દીધો. આવે છેને તાવકાય ઠાણેણં મોણેણં જાણેણં અપ્પાણં વોસરામિ. આત્મા વોસરાવી દીધો. પણ ક્યો આત્મા? કહે છે કે મારા સ્વરૂપના આનંદમાં હું રહું, એમાંથી અશુદ્ધ પરિણામ જે રૂપી આત્મા તેને છોડી દઉ છું અને શુદ્ધ આત્મા આનંદમાં રહું એનું નામ મારો કાયોત્સર્ગ છે. સમજાણું કાંઈ?

હવે, '**દર્શન અર્થાત્ સાધક અવસ્થામેં તો શુદ્ધાત્મામેં રુચિરૂપ સમ્યગ્દર્શન...**' જુઓ! એ શુદ્ધને જ હોય છે. સાધક અવસ્થામાં શુદ્ધાત્મા. જુઓ! આત્મા પવિત્ર એ તો અનંત ગુણનો એકલો કુંડ છે. શાંત રસ અને આનંદનો મોટો ખાણ એવા આત્માની અંતરમાં અનુભૂતિરૂપ રુચિ એને સમ્યગ્દર્શન. એ શુદ્ધને હોય છે. '**ઔર કેવલી અવસ્થામેં ઉસ સમ્યગ્દર્શનકા ફલરૂપ સંશય, વિમોહ, વિભ્રમ રહિત નિજ પરિણામરૂપ ક્ષાયિસમ્યક્ત્વ કેવલદર્શન યહ ભી શુદ્ધોંકે હી હોતા હૈ.**' સમજાણું? એ ક્ષાયિક સમ્યક્દર્શન અને કેવળદર્શન બે દર્શન લીધા. આ દર્શન ગુણ બે ભેગું લીધું.

અહીં તો કહે છે કે સાધક અવસ્થામાં પણ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ અને શુદ્ધની રુચિ થઈ તેને શુદ્ધવાળાને ક્ષાયિક સમકિત હોય છે. એનું ફળરૂપે ઉગ્ર પૂર્ણ પરમ અવગાઢ સમકિત અને કેવળદર્શન એ પણ શુદ્ધને જ હોય છે. અશુદ્ધને વ્યવહાર કરનારને હોતું નથી. નીચે વ્યવહારનય (વાળાને) સમ્યગ્દર્શન ત્યાં નથી અને ઉપર પણ વ્યવહારનું ફળ શુદ્ધને કેવળદર્શન હોતું નથી. વ્યવહારનું ફળ એ છે જ નહિ એમ કહે છે. આ તો શુદ્ધનું એ ફળ છે. નીચે આત્મા જ્ઞાયકમૂર્તિ એની દૃષ્ટિ, એનું જ્ઞાન, અહીં દૃષ્ટિની પહેલી વાત, એ દૃષ્ટિ શુદ્ધ છે એના ફળ તરીકે પરમ અવગાઢ ક્ષાયિક સમકિત એનું ફળ છે. વ્યવહાર સમકિત છે એનું ફળ એ

ક્ષાયિક સમકિત, કેવળદર્શન એ છે નહિ. સમજાણું કાંઈ?

**'સંશય, વિમોહ, વિભ્રમ રહિત નિજ પરિણામરૂપ ક્ષાયિકસમ્યક્ત્વ કેવલદર્શન...'** **'केवलज्ञानोत्पत्तौ सत्यां तस्यैव फलभूतं अनीहितविपरीताभिनिवेशरहित परिणामलक्षणं क्षायिकसम्यक्त्वं केवलदर्शनं वा तेषामेव।'** **'तेषामेव'** એટલે શુદ્ધ ઉપયોગ. શુદ્ધ દૃષ્ટિ અને શુદ્ધ ... થયો છે એને જ ક્ષાયિક સમકિત અને એને જ કેવળજ્ઞાન ને કેવળદર્શન ને ક્ષાયિક સમકિતરૂપી પરમ અવગાઢ એ શુદ્ધને હોય છે, અશુદ્ધવાળાને અશુદ્ધથી નહિ અને અશુદ્ધવાળાને નહિ. સમજાણું કાંઈ? પહેલું વ્યવહાર સમ્યગ્દર્શન છે એ કેવળદર્શનનું કારણ છે એમ નહિ, એમ કહે છે. શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન એ કેવળદર્શનનું કારણ છે. સમજાણું?

**'જ્ઞાન અર્થાત્ વીતરાગ સ્વસંવેદનજ્ઞાન ઔર ઉસકા ફલ કેવલજ્ઞાન વહ ભી શુદ્ધોપયોગિયોંકે હી હોતા હૈ,...'** બે. એ જ્ઞાન-જ્ઞાન. વીતરાગ સ્વસંવેદનજ્ઞાન શુદ્ધવાળાને હોય છે. એકલો ભગવાન શુદ્ધ નિર્વિકલ્પ જ્ઞાનમય આત્માનું જ્ઞાન અંદર, એ શુદ્ધવાળાને સ્વસંવેદન જ્ઞાન હોય છે, અશુદ્ધવાળાને નહિ. એનું ફળ કેવળજ્ઞાન. જોયું? એ શુદ્ધના ઉપયોગનું- શુદ્ધ જ્ઞાનનું ફળ કેવળજ્ઞાન છે. ... વ્યવહાર છે જ્ઞાન એનું ફળ કેવળજ્ઞાન નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એ વીતરાગ સ્વસંવેદનજ્ઞાન ઔર ઉસકા ફલ કારણ-કાર્ય બેય શુદ્ધ છે એમ કહે છે. અહીં શુદ્ધ છે અને એનું ફળ પણ શુદ્ધ છે. અહીં વળી અશુદ્ધ છે, એનું ફળ શુદ્ધ છે એમ છે નહિ. જ્ઞાન પણ એને હોય છે, બીજાને હોતું નથી.

**'ઔર કર્મક્ષય અર્થાત્ દ્રવ્યકર્મ, ભાવકર્મ ઔર નોકર્મકા નાશ તથા પરમાત્મસ્વરૂપકી પ્રાપ્તિ વહ ભી શુદ્ધોપયોગિયોંકે હી હોતી હૈ.'** લ્યો! ભાવકર્મના વિકલ્પનો નાશ કે જડનો નાશ કે શરીરનો અભાવ-એ બધા શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ આચરણથી થાય છે. શુભ ઉપયોગથી કાંઈ કર્મનો નાશ થાય, કર્મ ઘટે કે શરીર ટળે એમ છે નહિ. શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ કર્મના ક્ષયનું કારણ છે, એ સિવાય બીજું કોઈ કારણ નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧૧, મંગળવાર, તા. ૦૧-૦૨-૧૯૬૬**
**ગાથા-૬૭-૬૮, પ્રવચન-૧૧૫**

૬૭મી ગાથા, એની છેલ્લી લીટી છે છેલ્લી. '**ક્યોંકિ સંયમાદિ સર્વ ગુણ શુદ્ધોપયોગમેં હી પાયે જાતે હૈં. ઈસલિયે શુદ્ધોપયોગકે સમાન અન્ય નહીં હૈ,...**' શું કીધું? ઘણા બોલ આવી ગયા એક ગાથામાં. કે આ આત્મા એનો સ્વભાવ ત્રિકાળ શુદ્ધ આનંદ અને જ્ઞાન છે. એમાં શુભ અને અશુભ જે ભાવ થાય છે. શરીર, કર્મ ને આ તો માટી જડ છે આદિ. એનામાં ભાવ થાય છે હિંસાના, જૂઠાના, ચોરીના, ભોગના, ક્રોધના, માન, માયા, લોભના-એ પાપભાવ છે અને દયાના, દાનના, પૂજાના, ભક્તિના, વ્રતના એ ભાવ થાય છે એ પુણ્ય છે. એ બે ભાવ રહિત આત્માનો સ્વભાવ છે. એવા સ્વભાવની અંતર શુદ્ધ શ્રદ્ધા એ સ્વભાવની પુણ્ય-પાપના ભાવ રહિત શુદ્ધ ચૈતન્યની શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ પરિણામ એને અહીંયા ધર્મ કહેવામાં આવે છે. કોઈ દિ' સાંભળ્યું ન હોય શી રીતે મેળવવું આમાં?

અહીં શુદ્ધ ક્યાં હશે આમાં કાંઈ ખબર પડે નહિ. આ માટી-ધૂળ દેખાય. બહુ તો એના પરિણામમાં એમ લાગે કાંઈક હું કરું છું આ ભાવ. હિંસા, જૂઠું, ચોરી, વેપાર, ધંધાના ભાવ થાયને એ બધા પાપભાવ છે એકલા. પાપભાવ હશે શું હશે? બાયડી, છોકરાને સાચવવાના, દુકાનના ધંધાના એ બધા પાપ. અરે..! ધૂળમાં પણ નથી. પાપ. દુઃખ લાગે તો હરખ સનેપાતીયાને દુઃખ લાગતું નથી એટલે દુઃખ નથી? હરખ સનેપાતીયાને રોગ વાત, પિત્ત અને કફ ત્રણે વળગ્યા છે. સનેપાતીયા છે. વાત, પિત્ત અને કફના રોગનું વકી જવું એ દાંત કાઢતો હોય લ્યો! આમ-આમ. દુઃખ છે પણ દાંત કાઢે છે.

એમ અહીંયા કહે છે કે મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગ-દ્વેષ એ ત્રણનો રોગ અજ્ઞાનીને લાગ્યો છે અનાદિનો. આ તો કહે છે કે દુઃખ લાગવું જોઈએને પાપમાં. દુકાને બેઠા બે, પાંચ, પચાસ હજાર રળતા હોય એક એક દિ'માં. એમાં દુઃખ ક્યાં આવ્યું? એમ કહે છે, એ એમ કહે છે. એય..! મોહનભાઈ! અરે..! એ પૈસાનો ભાવ છે કે આ કરું, આ રળું એ ભાવ જ પાપ છે. એ પાપ છે તે દુઃખ છે, પણ એને ભાન ક્યાં છે કોઈ દિ'? પાપ શું, પુણ્ય શું ને ધર્મ શું કોઈ દિ' વિચાર જ કે દિ' કર્યા છે? કેમ હશે?

કહે છે કે આત્મા જે છે એ તો પુણ્ય-પાપના વિકલ્પ જે વાસના થાય એનાથી રહિત

ચિદાનંદ સ્વરૂપ છે. એ એને ભૂલીને જે આ ભાવ કરે છે પુણ્ય અને પાપ બેય દુઃખરૂપ છે. બેય ચાર ગતિમાં રખડવાનું જ કારણ છે. એના વિના અંદર આખી ચીજ છે આત્મા. વસ્તુ છે કે નહિ? સાકરનો ગોળો જેમ મોટો હોય એમ આ આત્મા આનંદનો ગોળો છે. દેહ તો આ રજકણ, માટી, ધૂળ છે. અંદર અરૂપી ચૈતન્ય જેમ સ્ફટીક હોય મૂર્તિ એમાં એક દિવો મૂક્યો હોયતો પ્રકાશ, પ્રકાશ લાગેને એમાં. એમ આત્મા ચૈતન્ય સ્ફટિક છે અંદર. અરૂપી, જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. પણ જેમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ પડ્યા છે. એવા અનંત ગુણમય આત્મા શુદ્ધ સ્વરૂપ આનંદ છે, એની શુદ્ધતાની શ્રદ્ધા, એનું શુદ્ધનું જ્ઞાન અને શુદ્ધની લીનતા એ સંયમ છે, એ તપ છે, એ ધર્મ છે, એ સમકિત છે, એ જ્ઞાન છે. આવ્યા છે કે નહિ ... આહા..હા..!

મુમુક્ષુ :- પચ્ચખાણ.

ઉત્તર :- પચ્ચખાણ ક્યો હશે? પચ્ચખાણ આ ધૂળના? અપવાસ એ પચ્ચખાણ આવી ગયું. એ આત્મા પોતાનો શુદ્ધ આનંદ સ્વભાવ એની શક્તિની અંદર એકાગ્ર થતાં એ શુદ્ધતાના અંશો પ્રગટ થાય તેને પચ્ચખાણ કહે છે. આ લોકો માને આ પચ્ચખાણ-પચ્ચખાણ એ બધા રખડવાના લક્ષણ છે. એ તો વિકલ્પ શુભ રાગ છે અને એનાથી પુણ્ય બાંધે ને ચાર ગતિમાં રખડે. કહો, સમજાણું કાંઈ?

પોતાની ઋદ્ધિ શું છે એની ખબર ન મળે. અંદર આત્મા કોને કહેવો? જેનામાં અનંત અનંત જ્ઞાન, દર્શન, આનંદ ભર્યા છે. અનંત સર્વજ્ઞો કેવળી પરમાત્મા થયા એ કેવળજ્ઞાન લાવ્યા ક્યાંથી? અંદરમાં પડ્યું એમાંથી લાવ્યા છે. અંદરમાં પડી છે શક્તિ. એવો આત્મા અંતર પોતાની શુદ્ધતા, પવિત્રતાનું ધામ આત્મા છે. એ વિકારની લાગણીનો પ્રેમ છોડી, શરીર આદિ જડ અને પર પદાર્થની રુચિનો ગોઠવું, ગોઠવું છોડી દઈ અને આત્મા જ્ઞાનાનંદ છે એમ એને અંતર ગોઠે, રુચે અને એકાગ્ર થઈને શ્રદ્ધા, જ્ઞાન, શાંતિને પ્રગટ કરે એ શુદ્ધ પરિણામ તે જ ધર્મ છે. બાકી ધર્મ-બર્મ બીજો કોઈ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

સંયમ આદિ જુઓને લીધુંને સર્વ ગુણ. સંયમ કહો, ચારિત્ર કહો, સમ્યગ્દર્શન કહો, સમ્યગ્જ્ઞાન કહો, એ તપ કહો. એ બધા આત્માના પુણ્ય-પાપના રાગ વિનાના સ્વભાવના સન્મુખ ને વિકારની વિમુખતા, પુણ્ય-પાપના ભાવની વિમુખતા, સ્વભાવની સન્મુખતા અંદર શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની સ્થિરતા થાય એનું નામ જ સંયમ અને ગુણ ને ધર્મ કહેવાય છે. **'સર્વ ગુણ શુદ્ધોપયોગમેં હી પાયે જાતે હૈં. ઈસલિયે શુદ્ધોપયોગકે સમાન અન્ય નહીં હૈ,...'** શુદ્ધ પરિણામ. આત્માના પરિણામ છેને ત્રણ પ્રકારના ભાવ? એક અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કમાવું-રળવું વગેરે અને એક દયા, દાન, ભક્તિ, વ્રત, તપ,

પૂજા આદિની વૃત્તિ ઉઠે છે એ શુભભાવ. એ શુભ પરિણામ. એ બેને છોડીને અંતરમાં આનંદની દૃષ્ટિ કરીને જે પરિણામ, જે અવસ્થા થાય તેને શુદ્ધ પરિણામ, શુદ્ધ પર્યાય કહે છે. કોઈ દિ' સાંભળ્યું ન મળે, વિચાર ન મળે. ગુણવંતભાઈ!

મુમુક્ષુ :- .....

ઉત્તર :- ત્યાં રાજકોટ રહે છે ક્યાં રહે છે? કલકત્તા? ત્યાં હવે કલકત્તા ધમાલ ચાલે મોટી. મુંબઈ કરતા ત્યાં વસ્તી રહી ઝાઝી છે. જ્યાં ત્યાં એકલા દુઃખના.. એક ફેરી વિચાર આવ્યો. ઓલા કહે અમને મજુર કીધું, તમે મજુર નહિ, તમે તો મહા મજુર છો. કેમકે મજુર આઠ કલાક કામ કરે છે. પ્રવિણભાઈ! સવારે ૮ થી ૧૨. એ પાછા દગા કરે હોં! ૮ થી ૧૨માં. અત્યારે બધું સમજવા જેવું છે. ચાર કલાક આવે એકવાર પેશાબ જાય, એકવાર દિશાએ જાય, એકવાર શેઠિયા ન હોય તો દુકાન ઉપર બેસી રહે, થોડી બીડી પીવે. એટલે ૮ થી ૧૨માં એ ચાર કલાકે એ કામ કેટલું કરે એ અમારા ખ્યાલમાં છે બધું. અને પાછું બપોરે આવે એટલે બેથી સવા બે આવે. પોણા છ થાય, છ થાય ત્યાં તૈયારી પા કલાક બેસે. આઠ કલાક. આ તો ઉઠ્યો ૬ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા સુધી. કેટલાક કલાકનો મજુર છે એ?

મુમુક્ષુ :- .....

ઉત્તર :- એ વળી પછી રાખવું આ તો. નાનાલાલભાઈ કહેતા ને કે ભાઈ! નાનાલાલભાઈ કહેતા કે, અઢાર કલાક અમે કામ કરતા. આ નાનાલાલ કાળીદાસ. અઢાર કલાક હોં! ત્યારે આ બે પુળા ભેગા થયા છે એમ કહેતા હતા. બે પુળા પૈસા થતા હતાને કરોડ રૂપિયા ત્રણ વચ્ચે ભાઈ. અઢાર કલાક કહેતા હતા હોં! છ કલાક ઉંઘ અઢાર કલાક મજુરી.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- નમક હરામ, હલાલ કહેવું કોને? વિકાર ભાવ કરવો એને હરામ કહેવું કે હલાલ કહેવું? આહા..હા..! અરે..! ભાઈ! ચોરાશીના અવતારમાં બાપુ! તારી ચીજમાં શું છે એની કોઈ દિ' એણે દરકાર કરી નથી. એમ ને એમ અનંત કાળ ચાલે છે. નરકના ભવ, ઢોરના ભવ. જુઓને આ ઢોરને આ એક બળદ. આખો દિ' બિચારાને મજુરી કરાવે. ખાવા ન મળે ખડ. પાછળ ... માથે માલ પોતે બેઠા-બેઠા .... આવા ભવ તો એણે અનંત વાર (કર્યા). અનાદિનો આત્મા છેને. આત્મા ક્યાં નવો હતો? એણે ક્યાં વિચાર કર્યો છે? અનાદિનો એવા અનંતા ઢોરના ભવ કરીને થડ નીકળી ગયા એના. નરકના અનંતા, મનુષ્યના, રાંકના અનંતા અને આ રાજાપણે કરોડોપતિ, અબજોપતિ થયો એના પણ અનંતા ભવ કર્યા છે. મૂઢપણે મિથ્યાત્વભાવમાં રાગ-દ્વેષ કર્યા એના ફળમાં ચાર ગતિમાં રખડી ગયો. સમજાણું કાંઈ?

એક આત્માના શુદ્ધ સ્વભાવના શરણ વિના ક્યાંય ધર્મ નથી, ક્યાંય શાંતિ નથી અને ક્યાંય મુક્તિનો ઉપાય બીજો નથી. કહો, બરાબર હશે? તો આ શું કર્યું આ મુંબઈ અત્યાર સુધી બે જણાએ? શું કર્યું હતું? મેં પછી મોહનભાઈને પહેલું પૂછ્યું હતું. એને શરીરની નિરોગતા છેને એટલે એ ઢસરડા કરવા જાય છે જુઓને. ભાણેજને પરણાવવો છે ને કાં ફલાણો મરી ગયો કાં ઢીંકણો મરી ગયો છે.

કહે છે કે ભાઈ! આ દેહ તારો નથી અને આ દેહનો એક રજકણ પણ તારો નથી. આ તો ધૂળ છે, માટી છે. એ તો માતાના પેટમાં બીજે ભવમાં આવ્યો ત્યાંથી ચોંટ્યા આવ્યા એ રજકણો. એ ક્યાં તારા હતા ને તારામાં ક્યાં હતા? હવે આ ચીજની સંભાળ કરતાં કરતાં એનો અનંત કાળ ગયો. પણ હું એક આત્મા કોણ છું, મારી જાત કોણ છે? સમજાણું કાંઈ? એ આત્મા શુદ્ધ આનંદકંદ છે, અતીન્દ્રિય આનંદની સચ્ચિદાનંદ મૂર્તિ છે આત્મા. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન, આનંદ નામ અતીન્દ્રિય શાંતિનો રસ. એવો ભગવાન અંતર આત્મા પણ એની એને કોઈ દિ' ખ્યાલમાં આવે નહિ, વાત સાંભળી ન હોય. એવા આત્માના પરિણામ અંદરમાં શુદ્ધ પ્રગટ કરવા એનું નામ જ સંયમ, ચારિત્ર, સમ્યગ્દર્શન, આ જ્ઞાન તો એને જ્ઞાન કહેવાય. બાકી જ્ઞાન એ બીજાને કહેતા નથી. બધા જગતના ભણતર ને કળાઓ ને વકીલાતની ને ડૉક્ટરની ને આ વેપારીની બધી કળા કુજ્ઞાન છે. ચાર ગતિમાં દુઃખમાં રખડવા માટે. હીરાભાઈ! શું હશે આમાં? ભીખાભાઈ! આહા..હા..!

આ કહે છે કહ્યું છેને! આ કે તું કોણ છો એને ઓળખ પહેલો સમજ તો કર એની કિંમત તો કર કે આ બધાની કિંમત કરવા ગયો આ સારા, આ સારા. તું છો કે નહિ કાંઈ? તું છો કાંઈ ચીજ કે નહિ? તારામાં કાંઈ સારું છે કે નહિ? કે તું ભૂંડો છો એકલો? આ સારું, આ સારું, બાયડી સારી, છોકરા સારા, પૈસા આવ્યા, ધૂળ સારા, મકાન સારા, હજીરા સારા, બંગલા સારા, ઓલા શું કહેવાય? આ લૂગડું-બૂગડુ સારું હોયને કોટનું. મખમલનો કોટ પહેર્યો પાચસોનો સરખોને આહા..હા..! લૂગડું સારું. પણ હવે કોઈ બધા સારા તારે ઘણા કહે. હવે તું કોણ છો એ તને ખબર છે? તું સારો કે ખોટો? એ કોને ખબર છે સારો કે ખોટો? અહીં કહે છે કે બધા ખોટા છે અને સારા એકપણ નથી કહે. આ તારામાં પુણ્ય ને પાપના ભાવ થાય એ સારા નથી. સમજાણું કાંઈ? પણ એની દરકાર ન મળે તો મળે ક્યાંથી? આહા..હા..! એ કહે છે અહીંયા.

ભગવાન આત્મા અનંત અનંત શાંત રસનો કંદ અંદર આત્મા છે. એને પરમાત્માએ આત્મા કહ્યો છે. એ આત્મા તું પોતે શાંતિ અને આનંદનો રસ છો. આ કોઈ તારે માટે સારું નથી. શરીર, વાણી, મન, બાયડી, છોકરા, કુટુંબ, ધૂળ, પૈસા કે શરીર કે વાણી, અરે..! કર્મ કે

આ પુણ્ય-પાપના ભાવ તે બધા સારા નથી તારે માટે, કહે. કેમ હશે? નેમિદાસભાઈ! આ તારા માટે તું સારો. કોણ? અંદર આનંદ અને જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન કર, તારે માટે તું સારો છો. કહો, બરાબર છે?

**'એસા તાત્પર્ય જાનના. એસા હી અન્ય ગ્રન્થોંમેં હરએક જગહ...'** આ 'પ્રવચનસાર'ની ગાથા છે અંદર. **'ઉસકા ભાવાર્થ યહ હૈ, કિ શુદ્ધોપયોગીકે હી મુનિ-પદ કહા હૈ,...'** ભગવાન આત્મા અંતરમાં પવિત્રતાના પરિણામ દ્વારા આત્મામાં એકાકાર થાય એને ભગવાને ચારિત્ર અથવા મુનિપદ અથવા સાધુપદ કહ્યું છે. **'ઔર ઉસીકે દર્શન જ્ઞાન કહે હૈં.'** દેખો! સમ્યગ્દર્શન ધર્મનું પહેલું પગથિયું. એ ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ ત્રિકાળ છે. એવા ભગવાન શુદ્ધ સ્વરૂપની અંતર્મુખની, સ્વ સન્મુખની પ્રતીતિ કરતા તે શુદ્ધ પરિણામ છે એને જ સમ્યગ્દર્શન કહે છે. એને જ્ઞાન કહે. આ જ્ઞાન-બ્યાન દુનિયાનું બધું ફોગટ બધું એકડા વિનાના મીંડા રખડી મરવાના. સમજાણું કાંઈ? આ બધા હોશિયાર બહુ થાય, પાંચ-પાંચ, દશ હજારના પગાર મળે એ બુદ્ધિ સારી કહેવાતી હશે કે નહિ? બાપુ! જ્ઞાન તો ભગવાન પરમાત્મા કહે છે કે ભાઈ! તારી ચીજ જ જ્ઞાનનો પિંડ છે. ચૈતન્ય પ્રકાશનો સૂર્ય એનું અંતરમાં જ્ઞાન થવું એ શુદ્ધ પરિણામ છે, એ શુદ્ધ ભાવ છે એને જ્ઞાન કહેવામાં આવે છે. એ તને સુખરૂપ અને આનંદરૂપ છે. બાકી સંસારી જાણપણા આદિ બધા દુઃખરૂપ, કંટાળારૂપ, ભેદરૂપ છે. કહો, મોહનભાઈ!

મુમુક્ષુ :- .....

ઉત્તર :- એ તો હળવે હળવે સમજાય. .. કરે તો ઓલામાં કેમ મફતની માથા ફોડે છે ત્યાં? આહા..હા..! અરે..! એણે કોઈ દિ' પોતાની દયા ન ખાધી. મારી દયા.. હું કોણ છું? અને આ શું ચીજ?? આ ચોરાશીના અવતારને ક્યાંય શરણ નહિ. આમ ફટાફટ એક ભવમાંથી બીજો ને બીજામાંથી ત્રીજો ફટાફટ કર્યા કરે છે અંદરથી. અરે..! મારે તે કોઈ ક્યાંય શરણ છે કે નહિ? કે આ રખડવાનું જ મારે નસીબમાં હશે? ધીરૂભાઈ! આ દુનિયામાં આ દેખાયને બધું આ દેખાય. પણ દેખનારો કોણ? આ દેખાય એને દેખનારો કોણ? એ દેખનારો જ્ઞાનની મૂર્તિ ભગવાન આત્મા છે. એને દેખ અને એની શ્રદ્ધા, જ્ઞાન કર ત્યારે તને શાંતિ અને સુખનું કારણ અને ધર્મ થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઉસીકે નિર્વાણ હૈ,...'** એ શુદ્ધ સ્વભાવવંતની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ કરે એને મોક્ષ થાય. **'ઔર વહી શુદ્ધ અર્થાત્ રાગાદિ રહિત હૈ. ઉસીકો હમારા નમસ્કાર હૈ.'** ... પ્રવચનસારમાં.

**'આગે યહ કહતે હૈં કિ નિશ્ચયસે અપના શુદ્ધ ભાવ હી ધર્મ હૈ.'** લ્યો! એ

શુદ્ધ ઉપયોગ લીધો હતો મુખ્યતાથી. હવે અહીંયા ધર્મની વ્યાખ્યા. વાત તો એકની એક છે. ત્યાં શુદ્ધ ઉપયોગની મુખ્યતાથી વાત હતી, અહીંયા ધર્મની મુખ્યતાથી વાત છે. વાત તો બે શુદ્ધ પરિણામની જ વ્યાખ્યા છે.

૧૬૫) भाउ विसुद्धउ अप्पणउ धम्मु भणेविणु लेहु।
चउ-गइ-दुक्खहँ जा धरइ जीउ पंडतउ एहु।।६८।।

**'મિથ્યાત્વ રાગાદિસે રહિત શુદ્ધ પરિણામ હૈ, વહી અપના હૈ, ઔર અશુદ્ધ પરિણામ અપને નહીં હૈં, સો શુદ્ધ ભાવકો હી ધર્મ સમઝકર અંગીકાર કરો.'** લ્યો! આ તો બહુ સાદી ભાષા છે. ભગવાન આત્મા શાંત આનંદની પાટ છે અરૂપી એ. અરૂપી પણ વસ્તુ સ્વરૂપ છે, અરૂપ પણ સ્વરૂપ છે. અને આ જડ, માટી, ધૂળ દેખાય છેને આ બધું? તો આ વસ્તુ છે કે નહિ? એમ આત્મા પણ વસ્તુ છે, પદાર્થ છે, અસ્તિ છે, સત્તા છે, અરૂપી એનું સ્વરૂપ છે. સ્વરૂપ તે તેનામાં અનંત ગુણનું સામર્થ્ય ભરેલું છે. એવા આત્માને મિથ્યાત્વ, એ દેહની ક્રિયા, દેહની ક્રિયા હું કરું એ મિથ્યાત્વ છે. પાપના ભાવ થઈને મજા પડે તે મિથ્યાત્વ અસત્ય દુઃખબુદ્ધિ છે. અને શુભભાવ દયા, દાન, વ્રત, પરિણામ એ મને કલ્યાણનું કારણ છે એ માન્યતા પણ મિથ્યાત્વ નામ, અસત્ય નામ દુઃખબુદ્ધિ છે.

એ દુઃખબુદ્ધિનો ત્યાગ અને રાગાદિ રહિત અને ઈષ્ટ-અનિષ્ટના પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિ રહિત જે શુદ્ધ પરિણામ આત્માના થાય, શુદ્ધ પરિણામ આત્માના થાય **'વહી અપના હૈ,...'** દેખો! એ પોતાના પરિણામ છે. શરીર, વાણી, મન, ધૂળ .. મરતા. છે કોઈ? આ સગો નથી એમ દુનિયા નથી કહેતી? બધા જુએ બધા ભેગા થઈને હવે. હવે આમાં કાંઈ, એ ડૉકટર! ડૉકડર-બાકટરને કહે છે બેઠો બેઠો. .... ડૉકટર આવ્યા. મોટો ઉજ્જૈનમાં મોટું ત્રણ કરોડનો તો સંચો હમણા લાવ્યા હતા. ઉજ્જૈન ગયા હતાને. લાલચંદ શેઠ. ત્રણ કરોડનો એક સંચો આખા હિન્દુસ્તાનમાં નથી એવો લાવ્યા. વગર માણસે કામ ચાલ્યા જ કરે. ધૂળ નાખે. કોઈ એક ઠેકાણે ... પગલા કરવા લઈ ગયા હતા .. હજી બાર મહિના નથી થયા. આજે અગિયારસ છેને. આજ ભોપાલ હતા. મહા સુદ ૧૧ને ભોપાલ હતા. આઠ, દશ કરોડના સંચા ત્રણ તો લાલચંદ શેઠ પાસે. પછી કહેતા હતા. આ વસ્તુ આ છેને બધી આ વસ્તુ. ... આત્માના સ્વરૂપમાં માલ છે. આ ત્રણ કરોડની આમાં પણ એને દુઃખ, દુઃખ અને દુઃખ હતું. આકુળતા અંદર ઊંડે જોતા, તપાસ કરતા. એ વાતું ઝીણી. સમજાય છે? ક્યાંય સખ ન મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહ્યું હતું. મરતા પછી જ્યારે ટાઈમ આવ્યો. બેઠા હતા. ... જેટલું એને

અંતરમાં આકુળતા હતી પહેલી. એમાં છેલ્લે આ શું કહેવાય? હાડ-હાડ. શું કહેવાય એને? .. કેટલા કરોડના સંચા હતા. ડોક્ટર બેઠા હતા. ડોક્ટર આવ્યા કોક. અંદર .. થવા માંડ્યું. એમ લાગ્યું, બે ત્રણવાર આવ્યું. બસ, કહે, ખલાસ થઈ ગયું. બસ બેઠા... દુઃખ હતું હોં! અંદરમાં સખ ક્યાં હતું ત્યાં ધૂળમાં? આહા..હા..! આ ડૉકટરને એણે કીધું. ઓલા બીજા કહે કે હવે રહેવા દ્યો. હવે પણ આ બધા પૈસા-બૈસાનું શું કરવું ત્યારે? પૂછી લ્યો ને. પણ મરવા દ્યોને હવે. પછી શું કરવું પણ તારે જાવું છે ક્યાં? આ હોળી લઈને જાશે બધુ પાપ લઈને ક્યાંક. આ ડોક્ટર ... દુઃખ, દુઃખ .... એ જેચંદભાઈ! શું કહ્યું આ પૈસાનું? શું કીધું આ ઓલા સંચાનું? હાલ ધૂળ પણ નાખતો નથી પણ માળાને અભિમાન મટતું નથી. બેસી જાવ, કહેવું પડ્યું પોતાને ... એકદમ મોટો માણસ ડૉકટર તો એકદમ આવ્યા. .. અગ્રેસર. .... દુઃખ ... દુઃખ લાગ્યું કે ....

શું કરતા હતા ડૉકટર ત્યાં? બીજો શું કરતો ધૂળ ત્યાં? આ જડ સ્વતંત્ર પદાર્થ છે, માટી છે આ તો. એને કેમ રહેવું ને કેમ જવું એ તો જડની દશા છે. એ આત્માને આધીન છે? આ સગો નથી એમ બોલે. અરે..! આખી જિંદગી... શ્વાસ કાંઈ લઈ શકતો નથી, એની મેળે ચાલે છે અત્યારે, એમ કહે છે અહીં. ..ભાઈ! આ શ્વાસ ચાલે છે? એ શ્વાસ જડ છે, એ તો માટીના રજકણો છે. આમ ડુંટી પાસેથી નીકળે છે. એ આત્મા નથી, આત્માની ચીજ નથી, એ તો જડ છે, રજકણો છે. એ તો પરમાણુના રજકણ છે. એ અહીં ડુંટીથી ખસ્યો જે દિ', ખ્યાલ આવે એને મરતા. .. દોરો મૂક્યો છે. લેને હેઠે, હવે કરને. ધૂળ પણ નહિ થાય તારાથી. હા એ તો શ્વાસના રજકણો જડના એ ખ્યાલ આવે. શરીર છોડી દીધું છે. .. કરને, ખેંચને. શું કર ધૂળ? એ શ્વાસ જડની ક્રિયા છે. શ્વાસની ક્રિયા કરવા સમર્થ નથી એ જડનું બધું કરું, હું કરું. મૂઢ મફતનો અભિમાન કરીને મરી ગયો. કેમ હશે? ચંદુભાઈ! ઓલા હોશિયાર માણસ હોય તો ન કરે?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એમાં અહીંયા આત્માને શું? બીજે બતાવ્યું ... જે નાખે એવું એકદમ આખું કપડું થઈને નીકળી જાય. ક્યાંક ક્યાંક માણસ એકાદ ઊભો હોય, બાકી બધું એને મળે સંચો ચાલતો હતો. એમાં આત્માને શું? આ અમારે લઈને સંચો હતો. હવે સંચો કે દિ' તારો હતો? તારા બાપનો નહોતો અને આ શરીરનો નહોતો.

અહીં તો કહે છે, એ ભગવાન... અહીં ઓલા 'અપના' શબ્દ લેવો છેને? કે તારા પરિણામ કોણ? કે દેહ નહિ, વાણી નહિ, મન નહિ, સંચા નહિ, બાયડી નહિ, છોકરા નહિ, આ શ્વાસ નહિ, આ વાણી નહિ, આ શુભ અને અશુભભાવ થાય એ તારા નહિ. તારા હોય

એ જુદા પડે નહિ. એ વિકાર છે, પુણ્ય-પાપના ભાવ થાય એ વિકાર છે. આહા..હા..! આ તે કેમ ગળે ઉતરે? કહે છે, ત્યાં કોઈ સગુ નહોતું ત્યાં, લ્યો બધા આ શ્વાસ પણ સગો નથી. ખ્યાલ આવી ગયો એ. હું ખલાસ થવાનો છું. જીવવાનો નથી. કહો, '**અપના હૈ,...**' કોણ? જ્ઞાનાનંદ, શુદ્ધ ચિદાનંદમૂર્તિ હું છું એવી અંતર શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના પરિણામ, અંતર્મુખના શુદ્ધ સ્વસન્મુખના પરિણામ, શુદ્ધ સ્વભાવના સ્વસન્મુખના પરિણામ તે આત્માના છે. સમજાય છે કાંઈ? '**ઔર અશુદ્ધ પરિણામ અપને નહીં હૈં,...**' દેખો! એ શુભ-અશુભ પરિણામ ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... કરે એ વિકલ્પ છે-રાગ છે. એ આત્માના પરિણામ નહિ વિકાર છે, વિકલ્પ છે, વિકાર બંધનું કારણ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- શુદ્ધ પરિણામમાં આનંદ થાય. શું? ઓલા શુભાશુભ પરિણામમાં દુ:ખ થાય. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... એની શ્રદ્ધા, જ્ઞાનની સમિતિ એના અનાકુળ સ્વાદ શાંતિનો એમાં આવે. અનાકુળના આનંદનો સ્વાદ આવે એનું નામ શુદ્ધ પરિણામ. શુભાશુભ પરિણામમાં આકુળતાના દુ:ખનો સ્વાદ આવે એનું નામ અશુદ્ધ પરિણામ. સમજાણું કાંઈ?

દેખો! સમજાણું? ... એ ખુલાસો કર્યો. '**સો શુદ્ધ ભાવકો હી ધર્મ સમઝકર...**' ભગવાન આત્મા ચૈતન્યસૂર્યની મૂર્તિ. ચૈતન્યસૂર્ય અનાકુળ આનંદ, એના અંતર્મુખના સ્વસન્મુખના શુદ્ધ તરફના, દ્રવ્ય તરફના જે ભાવ થાય એ ધર્મ છે. .. દશ લાખ દઈને. ધૂળમાં પણ નથી ધર્મ. પૈસા ક્યાં તારા હતા તે તું આપ તે તને ધર્મ થાય? રાખવાના તો ખરાને એ? રાખી શકે છે એ? ધૂળમાં પણ રાખી શકતો નથી, મમતા કરે છે. પૈસા શું રાખે? મમતા કરે કે આ છોકરાને હોય તો ઠીક. મારે આમ છે. મમતા કર તારી. હવે ત્યાં રહેવા, ન રહેવા એ ક્યાં તારા આધીનની વાત છે? એ તો આવ્યું હતુંને પુત સપુત તો સંચય શાનો, પુત કપુત તો સંચય શાનો.

આ પુત્ર જો સપુત જાગ્યો પુણ્યવાળો તો તારા સંચયની એને દરકાર પણ નથી, વધારે .. એ પુણ્યને લઈને હોં! એ દુ:ખી પાછો પુણ્યને લઈને ભેગા કરે એ. અને પુત કપુત જાગ્યો તો તારા બે લાખ ભેગા કર્યા એ ઉડાડી દેશે. ફડાક દઈને. પુત્ર કપુત્ર તો સંચય શાનો? શેનો સંગ્રહ, કોના માટે મુર્ખ કરે છે તું? અને પુત્ર સપુત તો સંચય શાનો? પુત્ર સપુત તો પુણ્યવંત હશે તારી પાસે બે, પાંચ લાખની મૂડી હોય તો પચાસ લાખ, કરોડ, બે કરોડ કરી નાખશે પુણ્ય હશે તો હોં! પુણ્ય હશે તો. એ કાંઈ ડહાપણથી નહિ. કોના માટે સંઘરીને બેઠો છે આ? ધૂળમાં પણ સુખ નથી. એય દેવજીભાઈ! કોઈને ન હોય કાંઈ છોકરા તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ હોય-ન હોય એની સાથે શું સંબંધ છે? પરની સાથે. આહા..હા.! માળે ભારે પણ આ. કહે છે, એવા ધર્મ શુદ્ધ ભાવને શ્રદ્ધા, જ્ઞાનથી ગ્રહી સ્વભાવને. એ ધર્મ **'અંગીકાર કરો. જો આત્મધર્મ ચારોં ગતિયોંકે દુઃખોંસે સંસારમેં પડે હુએ...'** ચારે ગતિ હોં! એ સ્વર્ગમાં અવતરવું અને શેઠિયામાં, રાજમાં અવતરવું એ બધું દુઃખ છે. ધૂળમાં બધે દુઃખ જ છે. ઓલા જુઓને દરબાર નહોતા આવ્યા? કૃષ્ણકુમાર. લ્યોને નાની ઉંમર ૫૩ હમણા ગુજરી ગયાને. આમ જોતા હતા ઓલી શું કહેવાય? જેસલ-તોરલની .... જોતા હતા, બેઠા હતા. ઉઠ્યા. ૫૩ વર્ષની ઉંમર હવે મોટો. એ ઉઠીને ગયા અંદરમાં જ્યાં સુવાને શયનગૃહ. .. બહાર નીકળીને પડ્યા ઓલામાં, શું કહેવાય? .... ડોક્ટરને બોલાવ્યા. સ્થિતિ પૂરી એને સમય તો ડૉકટર આવે શું, મોટો ઈન્દ્ર આવે તો રોકી શકે છે? દેહની સ્થિતિ જે સમયે, જે ક્ષેત્રે, જે નિમિત્તે પૂરી થવાની તે ત્રણકાળમાં કોઈ ફેરફાર કરી શકે નહિ. સમજાણું કાંઈ? બસ એટલું બોલ્યા, અસુખ છે. અસુખ જ કહેને એ લોકો. એ તો સાધારણ રાજા હતો, પણ મોટા ચક્રવર્તી હોય તો શું? .... સાડા ત્રણ કરોડના બંગલામાં સુતો. ... આ હતો નહિ છેલ્લો .... સાડા ત્રણ કરોડનો બંગલો હતો રાત્રે સુતો હતો સવારે કાંઈ ન મળે. એલા ડૉકટર એવડા કેવડા હશે એની પાસે. રાત્રે સુતો હતો જ્યાં સવારમાં જોવા જાય તો મડદું. સાડા ત્રણ કરોડનો બંગલો હતો મોટો સુતો હતો. શું કરે ધૂળ? દેહની સ્થિતિ જે સમયે પૂરી થવાની એને ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ ઈન્દ્ર, નરેન્દ્ર આવીને એને રોકે ત્રણકાળમાં નહિ. એને .. હું કરી દઈશ, આમ કરીશ. ડૉકટરને ફોન-બોન. હવે ફોન નહિ ચાલે, સાંભળને. જીભ રહી જશે મુંગો એં... એં... એં...

કહે છે, આ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિનું જ્ઞાન કરે એ જ પરિણામ એને ચાર ગતિના પરિભ્રમણથી રોકનાર છે. બાકી ચારે ગતિઓનું દુઃખ સંસારમાં પડ્યું છે. શેઠિયા હોય તો દુઃખી, રાજા હોય તો દુઃખી, ભિખારી દુઃખી, રાંક દુઃખી, કંથવા દુઃખી અને હાથી દુઃખી. શું કહેવાય એને? કુંજર કુંજર. કંથવા અને કુંજર. બધા દુઃખીના દાળિયા બધા છે. વિકારની ઉત્પત્તિ કરીને પડ્યા છે એ વિકાર પોતે દુઃખ છે. સમજાણું કાંઈ?

**'ઈસ જીવકો નિકાલકર આનંદ-સ્થાનમેં રખતા હૈ.'** દેખો! ધરતીની વ્યાખ્યા કરી. સમજાણું? **'चतुर्गतिदुःखेभ्य सकाशात् उद्धत्य यः कर्ता धरति।'** આનંદ ઝરે છે એમ કીધું. આત્માનો આનંદ અતીન્દ્રિય ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે. એ પોતાના શુદ્ધ ભાવથી એને આનંદમાં ટકાવશે. બાકી એના સિવાયના પરિણામ શુભાશુભભાવ ચાર ગતિમાં રખડાવશે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- ધર્મ શબ્દકા શબ્દાર્થ એસા હૈ, કિ સંસારમેં પડતે હુએ પ્રાણિયોંકો નિકાલકર મોક્ષ-પદમેં રખે,...'** એ ધર્મ. ધારતિ ઈતિ ધર્મ. ધર્મ એટલે ચાર ગતિના દુઃખમાં પડતા (અટકાવી) રાખે તેને ધર્મ કહેવામાં આવે છે. ...માં પડતા રાખે અને આધાર અદ્ધર મળે એને ધર્મ આધાર અને આત્માને... ચાર ગતિ, ચાર ગતિ હોં! પાછી એમ નહિ કે નરક અને ઢોર, મનુષ્ય અને દેવ બધા દુઃખી... દુઃખી... દુઃખી... એમાં પડતા નિકાલકર આત્માના પૂર્ણાનંદના પદમાં રાખે, **'વહ ધર્મ હૈ, વહ મોક્ષ-પદ દેવેન્દ્ર, નાગેન્દ્ર, નરેન્દ્રોંકર વંદને યોગ્ય હૈ.'** સમજાણું? આત્માની મુક્ત દશા પૂર્ણાનંદની પ્રાપ્તિ. આત્મામાં જે આનંદ છે શક્તિમાં. એની દશામાં પૂર્ણ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. દુઃખથી મુક્ત અને પૂર્ણાનંદ અંતરમાં સ્વભાવ છે એની દશામાં, હાલતમાં પ્રાપ્તિ એનું નામ મુક્તિ. એ મુક્તિ દેવેન્દ્ર, દેવના ઈન્દ્રોને પણ પૂજનીય છે. લ્યો! એમ નાખ્યું છે. દેવના ઈન્દ્રો કાંઈ સુખી હશે? એ દુઃખી છે મોક્ષના પદને ઈચ્છે છે. સમજાણું કાંઈ?

દેવના ઈન્દ્રો, પહેલા દેવલોકના ઈન્દ્રો ૩૨ લાખ વૈમાનના સાહેબો છે. સુધર્મ દેવલોક. આ ચંદ્ર-સૂર્યથી ઉપર. ૩૨ લાખ વૈમાન અને એક એક વૈમાનમાં અસંખ્ય દેવ છે. અસંખ્ય અબજ વર્ષનું આયુષ્ય છે એક-એક દેવનું. આનું બે સાગરનું આયુષ્ય છે, શક્રેન્દ્ર છે. એ દેવો પણ મોક્ષની પરમાનંદ દશાને આદર કરે છે. સમજાણું કાંઈ? એને વંદન કરે છે. વંદન કરવા લાયક એ છે. ઓહો..હો..! શુભભાવ કે અશુભભાવ વંદન કરવા લાયક, આદરવા લાયક નથી એમ કહે છે. સમજાણું કાંઈ? દેવેન્દ્રને-દેવના ઈન્દ્રના ઐશ્વર્યને આત્માની પૂર્ણ આનંદની ઈશ્વરતા જ વંદનીય છે. આહા..હા..! એ અંતરનું પદ જે શુદ્ધ છે એ ધર્મ અપાવે છે, મોક્ષ અપાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! મુનિ હોય, આનંદમાં ધ્યાન અતીન્દ્રિય આનંદમાં બેઠા હોય, બાવળના ઝાડ હેઠે હોય, પવન આવતો હોય અને માથેથી કાંટા ફટ ફટ માથા ઉપર પડતા હોય, અંતર અતીન્દ્રિય આનંદમાં ધ્યાનમાં પડ્યા હોય, રાજા ચક્રવર્તી હાથીને હોદે નીકળ્યો હોય. છન્નું કરોડ પાયદળ લઈને હોં! આમ. મારે બીજું કહેવું છે. નીકળ્યો હોયને આ મુનિ જે આમ દેખે. આહા..! ધન્ય રે ધન્ય અવતાર. અતીન્દ્રિય આનંદની અંતર મોજમાં પડ્યો છે. આ નહિ હોં આ નહિ. છન્નું હજાર તો સ્ત્રી હોય, છન્નું કરોડ પાયદળ હોય, સોળ હજાર દેવ સેવા કરતા હોય ચક્રવર્તીને, એ હાથી ચોરાશી લાખ હાથી એના મોટા હાથી ઉપર બેઠો હોય ને નીકળ્યો હોય રાજ સિદ્ધ કરવા.

સમ્યગ્દૃષ્ટિ ધર્મી હોયને, આમ નીકળે જંગલમાં અતીન્દ્રિય આનંદમાં હોં! આમ .. પડ્યા હોય. એ સમાધિ નહિ. અતીન્દ્રિય આનંદની મૂર્તિમાં મીટ માંડીને અંદર પડ્યો છે. પોતાની દશાને દશાવાનમાં વાળીને પડ્યો છે. ધન્ય અવતાર, એમ કહે, ઉતરે નીચે. ચડાવો ... એક

મુનિ આત્માના આનંદમાં પડ્યા છે. અતીન્દ્રિય આનંદમાં પણ જેને ખબર નથી ... છોટાભાઈ! ... સભાને એમ થયું કે આ શું થયું? આ વળી કોણ એનાથી મોટો નીકળ્યો? એ દેવેન્દ્ર પણ એ મોક્ષને વંદે છે અને મોક્ષના સાધક સંતોને વંદે છે. કહો, હીરાભાઈ!

નરેન્દ્રો. નરેન્દ્ર છે એવો ચક્રવર્તી ને દેવેન્દ્ર હોય ઉપરથી ઈન્દ્ર ઉતર્યા હોય ..... આત્મસ્વરૂપમાં લીન. દેહ, વાણી પર જુદું, પુણ્ય-પાપના રાગ જુદા. એના સ્વરૂપમાં લીન, કહે છે, જે મોક્ષના સાધક અને મોક્ષ બે. એને નાગેન્દ્રો પણ વંદે છે. નાગેન્દ્ર એટલે નીચેના નરકના દેવ. દેવેન્દ્ર એ ઉપરના દેવ છે સ્વર્ગના. નીચે .. ઈન્દ્રો. નરેન્દ્રો-નરના ઈન્દ્રો આ ચક્રવર્તી કીધા, એ '**વંદને યોગ્ય હૈ. જો આત્માકા નિજ સ્વભાવ હૈ વહી ધર્મ હૈ,...**' ભગવાન આત્મા અતીન્દ્રિય સચ્ચિદાનંદ પ્રભુ એની સન્મુખના શુદ્ધભાવ તે ધર્મ છે. નિજ સ્વભાવ છે, વહી ધર્મ છે. પુણ્ય-પાપના વિકલ્પો ધર્મ નહિ. રાડ નાખે. આવું કહેવું ...

ભગવાન આત્માની જાતના પરિણામ થાય તે ધર્મ, એ સ્વભાવ છે. પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે તે અધર્મ છે, વિભાવ છે એમ કહો. ... નિજ સ્વભાવ તે ધર્મ, એના વિરોધ પરિણામ શુભાશુભ તે અધર્મ. .... આખો ચૈતન્ય હીરો તો જાણે કે એની નજરમાં નહિ હોય. આ ધૂળમાં હીરા ને આ દેખે છે. આહા..હા..! એલા તું કોણ છો? આ અંદર છે કાંઈ કે નહિ? બીજાની કિંમત, ટાંકનારની કિંમત કાંઈ છે કે નહિ? બધાની કિંમત ટાંકનારની નહિ? બધાની કિંમત ટાંકનાર પણ તું કોણ છો એની કિંમત તે ટાંકી? આપણે કોણ? આપણને કાંઈ ખબર નથી. આત્મા છે એમ કહે છે. સંસારમાં ડાહ્યા એ દુનિયાના ડાહ્યા, એ દુનિયામાં ઉંડા ઉતરવાના છે રખડવામાં. આ આત્માના ડાહ્યા તે મોક્ષમાં જનારને માટે લાયક છે. જેણે આત્માની કિંમત કરી અને આત્મસ્વભાવ જેણે જોયો, જાણ્યો અને અનુભવ્યો. '**ઉસીમેં જિનભાષિત સબ ધર્મ પાયે જાતે હૈં.**' એ આત્માનો નિજ સ્વભાવ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એમાં વીતરાગે કહેલા બધા ધર્મો એમાં સમાઈ જાય છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન હતું. એમણે જે ધર્મ કહ્યા એ બધા આત્માના સ્વભાવ. શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા, એની સન્મુખના પરિણામ નિર્મળાનંદ શુદ્ધ એમાં બધો ધર્મ છે એમ ભગવાનના કથનમાં આવી જાય છે.

'**જો દયાસ્વરૂપ ધર્મ હૈ, વહ ભી જીવકે શુદ્ધ ભાવોંકે બિના નહીં હોતા,...**' અહિંસા-અહિંસા. મૂળ અહિંસા છે ... અહિંસા કોને કહેવી? એ અહિંસા ધર્મ છે. પણ એ અહિંસા કહેવી કોને? આત્મામાં શુભ અને અશુભ રાગ થાય છે એની ઉત્પત્તિ ન થવી અને શુદ્ધ આનંદકંદની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની ઉત્પત્તિ થવી-અવિકારી દશાની ઉત્પત્તિ થવી એને અહિંસા ધર્મ ભગવાન ફરમાવે છે. અહીં તો કહે છે કે નિજ સ્વભાવ તે બધો ....

સમાઈ જાય છે. સમજાણું?

અહિંસા પરમો ધર્મ. આવે છેને અહિંસા લક્ષણો ધર્મ. એ અહિંસા કોણ? પરજીવની દયા-બયાની વાત નથી. કોણ પરજીવની દયા પાળે? એના આયુષ્ય વિના તો મરી જાય એ તો તરત. આયુષ્ય હોય તો જીવે, ઝેર ખાય તોપણ જીવે, આયુષ્ય હોય તો. પરને જીવાડી કોણ શકે ને મારી કોણ શકે? તારા આત્માનું ચૈતન્ય જીવન વીતરાગી સ્વરૂપ તારું નિર્દોષ આનંદકંદ છે એમાં-એની શ્રદ્ધા-જ્ઞાનમાં રાગની ઉત્પત્તિ જેટલે અંશે ન થાય અને શુદ્ધ સ્વભાવને અંશે જેટલી નિર્વિકારી વીતરાગી નિર્દોષ આત્મદશા ઉત્પન્ન થાય એને ભગવાન અહિંસા ધર્મ કહે છે. એ વીતરાગે ભાખેલો ધર્મ આમાં સમાઈ જાય છે. ભગવાનભાઈ! ઓલા બધા ... પાળો પરની દયા. કોણ પાળે પરની ધૂળ? શરીરના આંગળા હલાવી શકે નહિ. ધૂળ છે આ તો આ.. આ.. આ... ઓલા ઠરડાઈ જાય અને .. થી જાય એ તો જડ છે માટી છે. આ ક્યાં તારાથી કામ થાય? સમજાણું?

ભગવાને અહિંસાનો ધર્મ પણ વીતરાગદેવે જે કહ્યો એ આત્માના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિમાં એ સમાય છે. ન્યાલભાઈ! 'દયા તે સુખની વેલડી...' ગાતા કે નહિ? જેચંદભાઈ! 'દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા ..' પણ એ દયા કઈ? સમજાણું કાંઈ? એ તારી દયા. ....એ કહેતા ... એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌરન્દ્રિય, પંચેન્દ્રિય જીવીયા... ગડિયા હાંકે જાય. ઇચ્છામી પડીક્કમણામાં આવે છેને. જીવીયા વવરોવિઆ તસ્સ મિચ્છામી દુક્કડમ. હવે એ તો શુભ રાગની વાત છે. તારા પરને કોણ મારે અને જીવાડે? સમજાણું કાંઈ? ભગવાને કહેલા જેટલા ધર્મના પ્રકાર છે એ આત્માના શુદ્ધ સ્વભાવની પરિણતિ નિર્મળ પ્રગટ થવી, એમાં એ બધા પ્રકાર સમાઈ જાય છે. એનાથી બીજી રીત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

વીતરાગદેવ પરમેશ્વર ત્રિલોકનાથ સો ઇન્દ્રના પૂજનિક. એવા પરમેશ્વરે કહેલો એટલા પ્રકારના ... એ બધું આત્મા પુણ્ય-પાપના ભાવ રહિત આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એવા નિજ સ્વભાવના પરિણામ પ્રગટ કરવા, એમાં એ બધા ધર્મની રીત અને પદ્ધતિ સમાઈ જાય છે. સમજાણું કાંઈ? કાન તો જડ છે ... એને ખ્યાલમાં આવે કે આ કાંઈ ઠીક છે તો એને રુચે, એ ખેંચાય. બીજું ખેચતો હતો શું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ તો એની યોગ્યતા હોય એ પ્રમાણે થાયને ત્યાં. ભીખાભાઈ! એ જોડે બેઠા છે.

એ અહિંસા ધર્મ. **'વહ ભી જીવકે શુદ્ધ ભાવોંકે બિના નહીં હોતા,...'** છે? આ

શેઠ છેને મોઢા આગળ સૌથી? જૂના માણસને બહુ દયા પળાવી છે કે નહિ? છે એમાં છે કે નહિ? લખ્યું છે કે નહિ? છે. '**જીવકે શુદ્ધ ભાવોંકે બિના** (અહિંસા ધર્મ) **નહીં હોતા,...**' આહા..હા..! અરે..! ભગવાન! પરની દયાની વ્યાખ્યા પણ ક્યાં છે અહીં તો. પરને પાળી કોણ શકે છે? વહાલામાં વહાલી સ્ત્રી હોય ને ચાલીસ વર્ષે મરતો હોય ને ઓલી પાત્રીસ વર્ષની હોયને હવે જાણે ફરીને મળશે કે નહિ એ માટે બચાવવા માગતો હોય. અને એ વખતે આયુષ્ય પૂરું થાય હાય..! બે રોતા... જા તું તારે ઠેકાણે .. બચાવવાના ભાવથી બચે તો બચાવને આ બાયડીને. તારા ભાવથી બચતું હોય પરદ્રવ્યની દયા. .... કરને અર્ધાંગના જેને માને એને ભાવથી રાખી શકતો નથી, એ બીજાને રાખી શકીશ તું? વીસ વર્ષનો આમ જુવાન, બે વર્ષના પરણેતર આમ મરતો હોય લીલો હાઠો મુકીને મા-બાપ રોવે. અરર...! ભાવ છે કે નહિ બચાવવાના? બચાવને. તારા ભાવથી બચે તો બચાવી દેને. એ તો આયુષ્ય હોય તો બચે, શું તારા ભાવથી ત્યાં બચે છે? સમજાણું કાંઈ? કેમ હશે આમાં? મનહરભાઈ! આ ભારે વાત પણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો રાગ કરે. રાગ કરે. .. રાગ કરે. બાકી આ દેહની ક્રિયા કોણ કરી શકે ને કોણ લાવી શકે ડૉકટર? એ તો આવવું હોય તો આવે. આહા..હા..! અહીં તે તો એના બચવાનો કાળ હોય તો ઓલો નિમિત્ત થાય. મરી જાય તો ઓલો ઉભો હોય તો ઉં.. ફૂ થયું. મોટા દરબારના. અમારે લીમડી દરબારના દીકરાનો દીકરો ... સ્પેશ્યલ મગાવી મુંબઈથી. અહીં લીમડી. દરબારનો દીકરો હતો. જ્યાં રેલ સ્ટેશન ઉપર આવી ત્યાં મરી ગયો અહીં, ડૉકટરને ખબર પડી કે હું આવ્યો. ખલાસ થઈ ગયો. આવે તો શું ધૂળ કરે? દેહની જે સ્થિતિ જે કાળે, જે નિમિત્તે, જે પ્રકારે, જે સમયે પૂરી થવાની તે પૂરી થવાની થવાની અને થવાની. લાખ તારા દેવ ઉતાર અને ઈન્દ્રો ઉતાર તો ફેરફાર થાય એમ નથી. આ પરિણામ જીવના કરી શકો છો.

આત્માના શુદ્ધ ભગવાન આત્મા જેટલી પવિત્રતા કહેવાય એ બધી પવિત્રતા મારા સ્વરૂપમાં પડી છે. એવી પવિત્રતાની પૂર્ણતાનું ધામ તે હું આત્મા છું. એવી સ્વભાવ સન્મુખની શ્રદ્ધા, જ્ઞાનની એકાગ્રતા એવા શુદ્ધ સ્વભાવના પરિણામ એને અહિંસા ભગવાનની વાણીમાં આવી છે. સમજાણું? એ શુદ્ધ ભાવ વિના એ અહિંસા હોતી નથી. '**યતિ શ્રાવકકા ધર્મ ભી શુદ્ધ ભાવોંકે બિના નહીં હોતા,...**' દેખો! પાઠમાં છે હોં! બધું '**सागारानगारलक्षणो धर्मः**' આહા..! મૂળ પાઠમાં તો આ છે. '**सागारानगारलक्षणो धर्मः सोऽपि तथैव**' ગૃહસ્થાશ્રમમાં શ્રાવકને ધર્મ થાય એ પણ આત્મા પવિત્રનું ધામ અખંડાનંદ, એના ઉપર એકાગ્ર

થઈને શુદ્ધ ભાવ પ્રગટ કરે એ શ્રાવકનો ધર્મ છે. શ્રાવક વાડાની વાત નથી અહીં. આહા..હા..! આ તો ગૃહસ્થાશ્રમનો ધર્મ કીધો. ધર્મ તો ગૃહસ્થાશ્રમનો ક્યો હોય? પવિત્ર. જેટલી પવિત્રતા ઊંચામાં ઊંચી કહેવાય એ બધી મારી ખાણમાં મારામાં પડી છે. એવો જ હું આત્મા પવિત્રતાની ખાણ છું. શાંતિ લૂંટાયા જ કરે. હમણા હતુંને કાંઈક આ પુસ્તકમાં. સમજાણું? આત્મ નિધિ. એની એકાગ્રતાની કુંચી જેટલી ફેરવે એટલો પ્રકાશ થાય અને સ્થિરતા થાય. સમજાણું? અહીં વાત તો થઈ હતી ઓલી ... આ નિધિ એવી છે કે ખૂટે નહિ કોઈ દિ'. પણ એ વાત એને બેસતી નથી. સમજાણું? હરણની ડુંટીમાં કસ્તુરી પણ હરણીયાને બેઠતી નથી. એમ આત્મામાં અંતર આનંદ અતીન્દ્રિય આનંદ ભગવાન પરમેશ્વરને જે પ્રગટ્યો એ આનંદ તારામાં પડ્યો છે. એ આનંદના પરિણામ અંતરથી શુદ્ધપણે પ્રગટવા એ પુણ્યનો એને બાર વ્રતના વિકલ્પને અહીં ધર્મ ન કીધો. સમજાણું કાંઈ?

એ આત્મા શુદ્ધ ચિદાનંદનો પરિણામ નિર્મળ જે શુદ્ધ પર્યાય પ્રગટ થાય એ શ્રાવકનો વીતરાગે કહેલો એ શ્રાવકનો ધર્મ. સમજાણું કાંઈ? મહાવ્રતમાં વિકલ્પ ઉઠે એ શુભભાવ છે, એ પુણ્ય-પાપ એ ધર્મ નહિ. પરમાર્થ. એમ આવ્યું કે નહિ આમાં? જુઓને આ પાઠ શું છે? જુઓ! **'सागारानगारलक्षणो धर्मः सोऽपि तथैव' 'तथैव'** એટલે શુદ્ધ પરિણામ. આ ગૃહસ્થનો ધર્મ બીજો હશે, મુનિનો ધર્મ બીજો હશે એમ છે? ઓછો, વિશેષ એટલો ફેર હો. જાતમાં ફેર ન હોય. ભગવાન અંતર ચૈતન્ય જ્યોત પ્રભુ પૂર્ણ પવિત્રતાનું ધામ એના સન્મુખ થઈને, પુણ્ય-પાપના ભાવના વિકલ્પથી વિમુખ થઈને, સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ જેટલી પ્રગટ કરી એટલો શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં ભગવાને કહેલો એને ધર્મ કહ્યો. એ નિહાલભાઈ! .... માથે કહ્યુંને.

**'જિનભાષિત સબ ધર્મ પાયે જાતે હૈં.'** શ્રાવકનો પણ શુદ્ધ નિજ સ્વભાવના પરિણામ એ જિન ભગવાને કહેલા શ્રાવકનો ધર્મ એ પરિણામમાં સમાઈ જાય છે. આહા..હા..! એ આવશ્યક એ નિશ્ચય સ્વરૂપમાં દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા. એ આવશ્યક છે. શું આવ્યું? નિયમસાર. **'णियमेण य जं कज्जं '** નિયમથી કરવું તે આ સ્વ આવશ્યક એટલે આત્માની દૃષ્ટિ, આનું જ્ઞાન એની સ્થિરતા એ નિયમથી કરવા લાયક છે. એ આવશ્યક છે. છ આવશ્યક બીજા શુભ વિકલ્પ આ સામાયિક કરવી એ વિકલ્પ તો શુભ રાગ પણ આવા નિશ્ચય આ ધર્મ હોય તો ઓલો શુભ વિકલ્પને વ્યવહાર કહેવામાં આવે છે. ધર્મ તો આને જ કહ્યો. ... સમજાણું?

**'યતિ શ્રાવકકા ધર્મ ભી શુદ્ધ ભાવોંકે બિના નહીં હોતા,...'** ઓહો..હો..! એ કહે કે શ્રાવકનો ધર્મ શુભ ઉપયોગમાં આવી ગયો. ભગવાન! તે ભારે કરી. ભગવાનને ભગવાન

કર્યો. ... અમે તો એમ કહીએ છીએ કે શુભભાવ છે એ ધર્મ છે. એ અમારે જિનભાષિત છે. પણ જિનભાષિત તે વીતરાગભાવ હોય કે જિનભાષિતમાં રાગ ભાવને ધર્મ કહે ભગવાન? એથી વીતરાગ ભાષિત. સમજાણું કાંઈ? '**वीतरागसर्वज्ञप्रणीतनयविभागेन सर्वे धर्मो अन्तर्भूता लभ्यन्ते।**' પાઠ છે. એના બધા એ શુભ પરિણામમાં જ નય વિભાગથી બધી વાત આવી જાય. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર પ્રણિત.. એ બધો ધર્મ એ શુદ્ધ જીવમાં ભગવાન આત્મામાં શુદ્ધ પરિણામ સ્વભાવ સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ. એવા જેટલે અંશે શુદ્ધપણું પ્રગટ્યું પુણ્ય-પાપના રાગ વિનાનું. એનું નામ શ્રાવકનો ધર્મ, વીતરાગે કહ્યો એ આ ધર્મ કહ્યો છે શ્રાવકનો. છે કે નહિ એમાં પણ જુઓ! લખ્યું છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ સમજાય છે તે સમજનારને કે સમજાવનારને? કહો, સમજાણું આમાં? વાણીથી સમજાતું નથી. સમજનારને સમજણમાંથી સમજાય છે. યતિ, શ્રાવક અને મુનિ. લ્યો! મુનિ એને કહીએ કે જે આત્માના અતીન્દ્રિય આનંદનો રસનો સ્વાદ લઈને આનંદમાં મશગૂલ હોય. અતીન્દ્રિય આનંદમાં મશગૂલ એ ભગવાનના વીતરાગ માર્ગમાં સર્વજ્ઞે કહેલા મુનિ એને કહેવામાં આવે છે.

આત્માના શુદ્ધ પિંડમાંથી, કુંડમાંથી... શુદ્ધ કુંડ પડ્યો છે ભગવાન આત્મા, એમાંથી એકાકાર થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતા, એકત્વતા જેટલી પ્રગટ થઈ એની ઉગ્રતા શુદ્ધતાની એને ભગવાને મુનિ ધર્મ કહ્યો છે. પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણને ધર્મ ન કહ્યો. એ તો પુણ્ય છે. એને .. ધર્મ મનાવે છે. બધા ખબર ન મળે. ઓલા માંડ નવરા થઈને આવે એક કલાક. માથે બોલે એ હા. ભીખાભાઈ! આહા..હા..! એ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે જિનભાષિત તો વીતરાગ પરિણામને જિનભાષિત તો ધર્મ કહ્યો એમ કહે. જેટલા અંશે અંદર શુભ-અશુભ રાગ રહિત, દેહની ક્રિયા રહિત, આત્મા પુણ્ય પવિત્રના ધામમાં અંદર પેસીને એકાગ્રતા જેટલી પ્રગટ કરી શુદ્ધતા, ઉગ્ર શુદ્ધતાથી મુનિપણું, મંદ શુદ્ધતાથી ... થાય છે. પણ એ શુદ્ધતામાં ભગવાને ધર્મ બતાવ્યો છે. પુણ્ય-પાપના વિકલ્પમાં શુભભાવમાં ભગવાને ધર્મ કહ્યો નથી. આ ધર્મ હવે ....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧૨, બુધવાર, તા. ૦૨-૦૨-૧૯૬૬**
**ગાથા-૬૮-૬૯, પ્રવચન-૧૧૬**

શ્રાવકનો ધર્મ અને મુનિનો ધર્મ, એ શુદ્ધ ભાવ એટલે આત્મા શુદ્ધસ્વરૂપે-સ્વભાવે છે, એના શુદ્ધ પરિણામ નિર્મળ થવા એ નિર્મળ પરિણામ વિના શ્રાવકને, મુનિને ધર્મ હોતો નથી. શ્રાવકને પણ આત્મા પવિત્ર શુદ્ધ તે જ્ઞાનઘન એની શુદ્ધ દૃષ્ટિ, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ અંશે સ્થિરતા એવા શુદ્ધ પરિણતિ, વીતરાગ પરિણતિથી જ શ્રાવકને ધર્મ થાય છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...વ્રતથી થાય છે.

ઉત્તર :- વ્રત-બ્રતની ક્યાં વાત છે? વ્રત પણ સાચું, પણ ક્યું વ્રત? અરાગી, વીતરાગી, વીંટાઈ જાવું આત્માની સાથે એ વ્રત. સમજાણું?

આ તો પાઠમાં આવ્યુંને જુઓ. '**भाउ विसुद्धउ अप्पणउ**' પોતાનો વિશુદ્ધ સ્વભાવ, વિશુદ્ધ શબ્દ અહીં પવિત્ર, નિર્મળ, વીતરાગી પર્યાય. '**धम्मु भणेविणु लेहु**' એને ધર્મ સમજીને ગ્રહવો. એમ છે. લાખ વાતની વાત, કરોડ વાતની વાત. આ ભગવાન ચૈતન્યમૂર્તિ... પુદ્‌ગલ એટલે પુણ્ય-પાપના ભાવ એ ખરેખર તો એ પુદ્‌ગલના પરિણામ છે. ચૈતન્યની જાતના નથી લ્યો. એનાથી રહિત શરીર, કર્મ તો સીધા પુદ્‌ગલ છે. શુદ્ધ સ્વભાવ ચૈતન્ય દળ, અનાકુળ શાંત અને પરમાનંદનો રસકંદ એવો આત્મા એની સ્વસન્મુખમાં શુદ્ધ પરિણામ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ જ ધર્મ શ્રાવકને છે અને મુનિને ઉગ્ર શુદ્ધતા પણ ધર્મ તો શુદ્ધ તે છે. એટલે શ્રાવકના વ્રત, બાર વ્રત આવે, મુનિને પંચમહાવ્રત આવે એ કાંઈ ધર્મ નથી. સમજાણું કાંઈ?

'**યતિ શ્રાવકકા ધર્મ ભી શુદ્ધ ભાવોંકે બિના નહીં હોતા,...**' ત્યાં સુધી આવ્યું હતું. '**ઉત્તમ ક્ષમાદિ દસલક્ષણધર્મ ભી શુદ્ધ ભાવ બિના નહીં હો સકતા,...**' જુઓ... ઉત્તમ ક્ષમાદિને પુણ્યના ભાવ કહ્યા છે. એનું ત્યાં છ ઢાળામાં. સમજાય છે? અહીંયા તો એ એક ઉત્તમ ક્ષમા કહેવાય છે. જેમાં શુભ વિકલ્પ-રાગ પણ ઉત્પન્ન ન થાય એવો આત્મા વીતરાગસ્વભાવી આત્મા, એની વીતરાગ પરિણતિરૂપ પર્યાય એ ઉત્તમ ક્ષમા પણ તે શુદ્ધ ધર્મ જ છે, એ શુદ્ધ પરિણામ જ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એ શુદ્ધ ભાવ છે. શુદ્ધ ભાવના દશ પ્રકારના નામ કહેવામાં આવે છે.

શુદ્ધસ્વરૂપ આત્મા પવિત્ર જ્ઞાનઘન જેની અંદરની એકાગ્રતા શુદ્ધ પરિણામની એ શુદ્ધ પરિણામ જ તે ઉત્તમ ધર્મ દશ પ્રકારે. ક્ષમા કહો તો એ, નિર્લોભ કહો તો એ, એ સંક્ષેપ કહો તો એ, ત્યાગ કહો તો એ શુદ્ધ પરિણામ તે બધું સ્વરૂપ છે. ચાર પ્રકારનું ધર્મ વર્ણવ્યુંને? અહિંસા પણ શુદ્ધ ભાવે, શ્રાવકના વ્રતનું મુનિને... શ્રાવકનો અને મુનિનો ધર્મ એ પણ જિનભાષિત સર્વ શુદ્ધભાવે ઉત્તમ ક્ષમાદિ શુદ્ધભાવે ચારનું વર્ણન છે, આ ચોથું બાકી છે.

'**ઔર રત્નત્રયધર્મ ભી શુદ્ધ ભાવોંકે બિના નહીં હો સકતા.**' લ્યો! છેને અંદર? ભલે અહીં લખ્યું છેને? એ ચાર આવ્યું છેને. આવે છે. સમજાય છે કાંઈ? એ ચોથો બોલ બીજે ઘણે ઠેકાણે આવે છે. પદ્મનંદિ પંચવિંશતિમાં, સમજાય છે? અષ્ટપાહુડમાં પણ અર્થમાં લખ્યા છે. આ ચાર પ્રકારે જે ધર્મ શાસ્ત્રમાં વર્ણવ્યો એ ચારે શુદ્ધ પરિણામનું વર્ણન છે. શુભ અને અશુભભાવમાં ધર્મ નથી. સમજાણું? છે ને એમાં? એમાં શબ્દ તો આધાર આપ્યો છે. કે અહિંસા લક્ષણમાં આમ છેને તત્ત્વાનુશાસનમાં. '**सदृष्टिज्ञानवृत्तानि धर्मं धर्मेश्वरा विदुः**' એ રત્નકરંડનો દાખલો આપ્યો છે. '**धम्मु वत्थुसहावो**' એ સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષાનો આપ્યો છે. સમજાણું? અને રત્નત્રય ધર્મ ... એ ઘણે ઠેકાણે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે મોક્ષમાર્ગ લ્યોને તત્ત્વાર્થસૂત્ર. સમજાણું કાંઈ? એ તત્ત્વાર્થસૂત્ર એ તો પ્રસિદ્ધ છે, એ તો કાંઈ કહેવાની જરૂર નથી. મોક્ષશાસ્ત્રમાં છેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ. એ ત્રણ શુદ્ધભાવે છે, શુભભાવ નહિ, વ્યવહાર નહિ. સમજાણું કાંઈ? છેને અંદર જુઓને '**सोऽपि जीवशुद्धस्वभाव एव। वस्तुस्वभावो धर्मः सोऽपि तथैव।**' બસ એમ રત્નત્રય પણ '**तथैव**' એમ. સમજાણું કાંઈ? રત્નત્રય ધર્મ પણ આત્માને અંતર પકડીને શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા થવી એ રત્નત્રય ધર્મ પણ શુદ્ધ પરિણામ જ છે. વ્યવહાર રત્નત્રય કહ્યો છે એ તો એક નિમિત્ત દેખીને વર્ણન કર્યું છે, બાકી ધર્મ તો આ એક જ પ્રકારે છે. '**એસા હી કથન જગહ જગહ ગ્રંથોંમેં હૈ,...**' સમજાય છે કાંઈ?

'**ઉસકા અર્થ યહ હૈ, કિ ધર્મકે ઈશ્વર ભગવાનને...**' દેખો! '**સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઈન તીનોંકો ધર્મ કહા હૈ.**' દેખો! દાખલો આપ્યો છે. '**धम्मो वत्थुसहावो**' ધ્યાન રાખજો ... ધર્મના ઈશ્વર ભગવાને '**સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઈન તીનોંકો ધર્મ કહા હૈ.**' એ નિશ્ચય સ્વભાવ જે આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા એને જ ભગવાન-ધર્મના ઈશ્વર ભગવાને એને ધર્મ કહ્યો. સમજાણું કાંઈ? ધર્મ ઈશ્વર આધીન છેને? એ છે ને જુઓ એ શ્લોક નાખ્યો છે. જુઓ! ત્રણમાં નાખ્યો લ્યો! એ રત્નત્રયનો નાખ્યો. છે ને? '**सदृष्टिज्ञानवृत्तानि धर्मं धर्मेश्वरा विदुः**' ત્રણે નાખ્યું, ટીકામાં છે. ચારે બોલ છે. સમજાણું કાંઈ?

ક્યા ચાર બોલ? આ તમારા બાપના બોલ .. જુઓ તો ખરા. ગોતવા જાય. અહિંસા લક્ષણો ધર્મ. શ્રાવક અને મુનિનો ધર્મ અને દસલક્ષણી ધર્મ અને '**सदृष्टिज्ञानवृत्तानि धर्मं धर्मेश्वरा विदुः**' જુઓને દાખલો આપ્યો છે એ તો. ... સમજાય છે? રત્નકરંડ શ્રાવકાચારમાં લ્યો! ચારે બોલ આવ્યા છે. કાલે ટીકામાં ચાલ્યા હતા. સમજાણું કાંઈ? રત્નત્રય ધર્મ કહ્યું છે કે ધર્મકિ ઈશ્વર ભગવાનને, એ ધર્મના ઈશ્વર મોટા ભગવાનના ભગવાને. ધર્મ ઈશ્વર વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાની વીતરાગ જેને એક સમયમાં ધર્મ પૂર્ણ પ્રગટ્યો છે. પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ ત્રિલોકનાથ એમણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેને ધર્મ કહ્યો છે.

ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વરે સમવસરણમાં વીતરાગ દેવે આત્મા પવિત્ર આનંદકંદ એનું અંતર સમ્યક્ શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્માની લીનતા-એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ધર્મના નાથ એવા પરમેશ્વરે તેને ધર્મ કહ્યો છે. તો વીતરાગે વીતરાગ પર્યાયને ધર્મ કહ્યો છે એમ કહે છે લ્યો બીજી ભાષાએ કહીએ. સમજાણું કાંઈ? વીતરાગ પરમેશ્વરે... અનંત તીર્થંકરો થઈ ગયા, અત્યારે બિરાજમાન મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર ભગવાન આદિ બિરાજે છે. ભવિષ્યમાં પણ અનંત તીર્થંકરો ભરત, ઐરાવત મહાવિદેહમાં થશે. એવા વીતરાગ પરમેશ્વરે પરમ ઈશ્વર છેને એ ધર્મના પરમેશ્વર એટલે ધર્મના પરમેશ્વર વીતરાગ ઈશ્વર ... એવા વીતરાગોએ વીતરાગ પરિણતિને ધર્મ ફરમાવ્યો છે લ્યો! એમ કહ્યું. આહા..! સમજાણું કાંઈ?

આત્મા જેવી અરિહંત અને સિદ્ધની પર્યાય પરિપૂર્ણ પ્રગટ થઈ પરમાત્માને, એવો જ આ આત્મા સ્વભાવમાં પરિપૂર્ણ શુદ્ધ જ છે. અંદર શુદ્ધ જો પરિપૂર્ણ ન હોય તો શુદ્ધતા પ્રગટ ક્યાંથી થાય? ક્યાંય બહારથી આવે એવી છે? કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીતરાગતા, અનંત વીર્ય એ ભગવાન પરમાત્મા અરિહંતને પ્રગટ્યા. એ ક્યાંથી આવ્યા? એ શરીર સંહનનમાંથી આવ્યા? કે દયા, દાનના વિકલ્પ જે પુણ્ય છે એમાંથી આવ્યા? આવ્યા ક્યાંથી એ? વસ્તુમાં એ શક્તિનું આખું સત્વ છે. સમજાય છે કાંઈ?

એક તો આખો આત્મા પૂર્ણાનંદ અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત વીર્ય, અનંત સુખ ચતુષ્ટ બધા એનું સ્વરૂપ એ આત્મા છે, એની અંતરમાં સ્વભાવ સન્મુખની દૃષ્ટિ, સ્વભાવની એકાગ્રતા જ્યાં અને સ્વભાવની લીનતા ચારિત્ર. બસ આને વીતરાગ ઈશ્વરોએ, વીતરાગના ઈશ્વરો, વીતરાગમાં ઈશ્વર તેણે આ પર્યાય નિર્મળ નિર્વિકારી દશા એને ભગવાને ધર્મ કહ્યો છે. આહા..હા..! આવી .. એ પહોંચવું, પહોંચ્યા વિના બીજી રીતે કોઈ ધર્મ થતો હોય (એમ નથી) શુભ પરિણામ વચ્ચે હો. દયા, દાન, ભક્તિ વ્રતના. એ શુભભાવ મૂળ ધર્મ નથી. વીતરાગ પરમેશ્વરે તો વીતરાગ પર્યાયને ધર્મ કહ્યો છે. એ તો રાગભાવ છે, પુણ્યભાવ છે. આ જીવને પ્રથમ ...પડે છેને? જુઓને શું કીધું? '**सदृष्टिज्ञानवृत्तानि**' જુઓ... વ્રત શબ્દ

અહીંથી છે. ... પાઠમાં .. અહીંયા શ્રાવક રત્નકરંડમાં વ્રત એ ચારિત્ર લે છે. .. શાસ્ત્રના શબ્દો .. એ ગોઠે.. ધર્મ નથી. સમજાણું?

સત્ દૃષ્ટિ શબ્દ પડ્યો છે, સત્ જુઓ! સત્ દૃષ્ટિ, સત્ જ્ઞાન, સત્ વૃતાનિ એમ શબ્દ છે. સમંતભદ્રાચાર્ય મહા થઈ ગયા છે. શ્રાવક રત્નકરંડાચાર, શ્રાવક રત્નકરંડાચાર એના કથનની અંદર આ ગાથા ત્રીજી છે. સમજાણું કાંઈ? તો કહે છે પરમેશ્વર સર્વજ્ઞદેવ આખા એની જિનવાણી, 'જિનભાષિત' છે ને માથે .... વીતરાગ પરમેશ્વરે જે કાંઈ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ કહ્યું એ બધું આત્મા પવિત્રના ધામમાં એકાગ્ર થાય અને એમાં શુદ્ધ સમ્યગ્દર્શન એટલે નિશ્ચય સમ્યગ્દર્શન, શુદ્ધ જ્ઞાન એટલે આત્મજ્ઞાન, શુદ્ધ સ્થિરતા એટલે વીતરાગી સ્થિરતા—એને ભગવાને ધર્મ કહ્યો છે અને એને મુક્તિનો ઉપાય કહ્યો છે. ઉપરથી લઈ લેવું છે ક્યાંથી જો બહારથી આવી જાયને. બહારના લક્ષે તો શુભભાવ થાય. બાયડી, છોકરા, કુટુંબ, ધંધાને લક્ષે પાપ થાય. દેવ-ગુરુ-શાસ્ત્રને આદિને પૂજા, ભક્તિને લક્ષે પુણ્યભાવ થાય. ભગવાનઆત્મા આત્મા અખંડાનંદ પ્રભુ જેવા વીતરાગ પરમેશ્વર છે એવો જ આત્મા સ્વભાવમાં છે અંદર. એને આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ થાય એને વીતરાગના પરમેશ્વર વીતરાગે એને ધર્મ કહ્યો છે. જુઓ એને જગતને રુચિ થવી, એને હા પાડવી કઠણ પડે. આરે, આરે, તો પછી આ બધું અમે કરીએ છીએ. શું પણ તું કરે છે? સાંભળને!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- આ એની તો વાત ચાલે છે આ. ધર્મચંદજી! એ છે સાચું, પણ એને બેસતું નથી. ઓલા અનાદિનો અભ્યાસ ઊંધો પડી ગયો છે. પર સન્મુખની લાગણીઓ કરી અને સ્વ સન્મુમખમાં જાણે ધર્મ કરીએ છીએ એમ માનવું છે એને. સ્વ સન્મુખની પર્યાય અને પર સન્મુખની પર્યાય બે જાત જ જુદી છે. આવ્યું છે? કથન આવ્યું છે ઓલામાં. સાચે સાચું કથન છે લીધું છે ઓલામાં કળશટીકામાં. હા, હા, કહ્યું છેને, બધી આવી છે વાત તો. એ આવી છે વાત. હતા કે નહિ સાંભળવામાં? ... ગયા હશે. સંચા માટે ન હોય? ... ગેરહાજરી

કહે છે હમણા આવ્યું હતું ક્યાંક નહિ? ટીકામાં આવ્યું હતું. ... વાત તો સાચી આ કહે છે. પણ એ કઠણ એવો નથી, ન થઈ શકે એવો નથી. એને કોઈ દિ' એ આત્મા વસ્તુ શું... પરમેશ્વર આખું ચૈતન્ય દળ છે. આ તો હાડકા, જડ, માટી, ધૂળ, રજકણ છે. આઠ કર્મ જેને જ્ઞાનાવરણીય આદિ થયું એ તો અજીવ જડ અને બહુ તો એને પર્યાયમાં ઉત્પન્ન થાય પર સન્મુખની લાગણી એ પાપ અને પુણ્ય. હવે એ વિનાનું આખું તત્ત્વ છે, અખંડ જ્ઞાન, દર્શન, આનંદનો કંદ આત્મા એને આત્મા કહીએ. આ તો પુદ્ગલના પરિણામ

છે. શુભાશુભ પરિણામ એ ખરેખર આત્માની જાત (નથી). એ તો અહીં કીધું ને. **'અપના હૈ, (વીતરાગ પરિણામ) ઔર અશુદ્ધ પરિણામ અપને નહીં હૈં,...'** પાઠમાં જ છે જુઓ! **'भाउ विसुद्धउ अप्पणउ'** નિર્મળ આત્મા શુદ્ધ પવિત્ર પ્રભુ એની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતા વીતરાગી પર્યાય તે આત્માના પરિણામ છે એમ કહ્યું. તેને ધર્મ જાણીને ગ્રહણ કર એમ કહે છે જુઓ! પાઠ જ એમ બોલે છે જુઓ! આહા..હા..! માણસને એવી રીતે રોકી દીધા છેને અને એ રોકાઈ ગયા છે ત્યાં. આહા..હા..!

આખી ચૈતન્ય ભીંત મોટી અખંડાનંદની શિલા ચૈતન્ય છે. વીતરાગમૂર્તિ દેહમાં આત્મા પોતે બિરાજમાન છે. એની એક સમયની દશામાં રાગ-દ્વેષ, ક્લેશ આદિ કે કર્મનું નિમિત્ત એ વિકારની પર્યાય સાથે સંબંધ છે, વસ્તુની સાથે એમાં સંબંધ નથી. સમજાણું કાંઈ? વાત પણ સાંભળવા મળે નહિ અને અભ્યાસ બીજો હોય. આ તે શું કહે છે? .. ગયા છે નહિ? ભાવનગર. એ બિચારા માંડ દુકાનમાંથી આવ્યા હોય એને આ ધંધા... ધંધા... ધંધા. આખો દિ' અને આવી વાત સાંભળે નહિ. ઓલી બહારની ... જાવ એક-બે .. કરો ધર્મ થાશે. ફલાણું કરો તો ધર્મ થાશે. ક્યાં પણ ધર્મ? ભાઈ! એ તો પુણ્યભાવ છે ભાઈ! તને ખબર નથી. પરદ્રવ્યના સન્મુખની લાગણી જેટલી ઉત્પન્ન થાય એને વીતરાગે પુણ્યભાવ શુભ દેવ, ગુરુ અને શાસ્ત્ર ને સાચા સંત ગુરુ, દેવની, શાસ્ત્રની ભક્તિ આદિ એ બધો શુભભાવ છે. એ આત્માની શાંતિનું કારણ મુક્તિ નથી એમાં એ કારણે. પાપને બચવા માટે એવા ભાવ હોય છે, પણ એ વસ્તુનું સ્વરૂપ નથી. સ્વરૂપ હોય તો એ રાગ ટળીને વીતરાગ થયા એ શી રીતે થયા? આ શુદ્ધ પરિણામ તો આત્માની ચીજ અંદર છે, મહાપ્રભુ શુદ્ધ વીતરાગી સ્વરૂપ જેનું સમ સમરસી સ્વરૂપ આત્માનું. એનો સ્વભાવ, એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, શુદ્ધ સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા એને જ ભગવાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યું, એને ઉત્તમ ક્ષમાદિ ધર્મ કહ્યો, એને શ્રાવકમુનિનો ધર્મ કહ્યો અને એને ભગવાને અહિંસા લક્ષણો ધર્મ એને કહ્યો છે. સમજાણું કાંઈ?

**'જિસ ધર્મકે યે ઉપર કહે ગયે લક્ષણ હૈં, વહ રાગ, દ્વેષ, મોહ રહિત પરિણામ-ધર્મ હૈ,...'** લ્યો! એ શુભાશુભ રાગ, દ્વેષ, મોહ રહિત પરિણામ તે ધર્મ છે. એ ચારે પ્રકાર કહ્યા એ. આહા..હા..! **'વહ જીવકા સ્વભાવ હી હૈ,...'** દેખો! છેને? એ જીવનો સ્વભાવ જ છે. **'ક્યોંકિ વસ્તુકા સ્વભાવ હી ધર્મ હૈ.'** વસ્તુ ભગવાન એના અંતરમાં શક્તિના ગુણમાં, સ્વભાવમાં એનો ભાવપણું, વસ્તુ ભાવવાન એનું ભાવપણું એ બધું શુદ્ધ ભાવપણું છે. શુદ્ધ ભાવપણું એટલે વીતરાગી ભાવપણું એનું સ્વરૂપ છે. એનો ધર્મ એટલે એ **'वत्थुसहावो धम्मो'** એ વસ્તુનો સ્વભાવ, એની એકાગ્રતા થતાં પ્રગટે તે પર્યાય ધર્મ,

સ્વભાવ તે ધ્રુવ ધર્મ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ અને વસ્તુમાં વસેલા ગુણો, ગુણ એટલે જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એટલે ચારિત્ર અંદર સ્વભાવ હોં! એ વસ્તુનો સ્વભાવ એ ધર્મ છે અને એ સ્વભાવની એકાગ્રતા તે પર્યાય ધર્મ, પ્રગટ ધર્મ છે. સમજાણું કાંઈ? એ વાતને પકડવી એવી. બહારમાં .. કરે. .. ગયા? સમજાણું કાંઈ? 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' એ શરણ ક્યો? કેવળી પણ્ણંતો ધમ્મો એમ બોલે તો સાંજ, સવાર બોલે. અરિહંતા, ણમો સિદ્ધાણં ... ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ દેવ. એ સિવાય કોઈ સર્વજ્ઞ જગતમાં અન્યમતમાં હોઈ શકે નહિ. પરમેશ્વર વીતરાગ જેને એક સમયમાં જ્ઞાન પૂરું અને એક સમયમાં વીતરાગતાનો આનંદ પૂરો. એવા પરમેશ્વર તીર્થંકરદેવો અનંત થઈ ગયા. વર્તમાનમાં બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકરો.

એક જણો ભાઈ! આવ્યો હતો હમણા કે આ ભગવાનને તમે .... અહીં સીમંધર ભગવાનને સ્થાપ્યા છે. એ તો મોક્ષ ગયા નથી. મોક્ષ શું, અરિહંત તીર્થંકર છે. કોણ જાણે કેવી રીતે ચાલ્યો છેને. સાક્ષાત્ તીર્થંકર બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. મોક્ષ ગયા હોય એની પ્રતિમા હોય તો તો પછી બાહુબલજી આ બીજી મહા પ્રતિમાઓ છે તો મોક્ષ ગયા એની જ અહીં પ્રતિમા હોય? કોઈ મોક્ષ ન ગયું હોય એની પ્રતિમા ન હોય તીર્થંકરની? પાંચે .. તીર્થંકર હયાત હોય એની પ્રતિમા પણ હોય છે. ભરત ચક્રવર્તી. ભરત ચક્રવર્તીના કાળમાં ત્રણ ચોવીશીની પ્રતિમા ભરી હતી કૈલાસ પર્વત. ત્રણ ચોવીશી હોં! ભૂત, વર્તમાન, ભવિષ્ય ભગવાન તો બિરાજતા હતા. ઋષભદેવ ભગવાન બિરાજતા હતા. એ મોક્ષ નહોતા ગયા. તોપણ કૈલાસ પર્વત ઉપર ત્રણ ચોવીશીની સોનાની પ્રતિમા છે. હોય છે શુભભાવ હોય છે અને ભક્તિ નથી? પણ એ સ્વરૂપ આત્મા અખંડાનંદ પ્રભુ છે એની અંતર દૃષ્ટિ, જ્ઞાન, રમણતા વિના એને ધર્મ ન થાય. આ તો હજી ભડકે આ કાંઈ સીમંધર ભગવાન ... આહા..હા..! તીર્થંકર પરમેશ્વર સાક્ષાત્ બિરાજે છે, ચોવીસ તીર્થંકરો તો મોક્ષમાં પધાર્યા. એ તો સિદ્ધ પદ થઈ ગયા, સિદ્ધ એ તો ણમો સિદ્ધાણં થઈ ગયા, હવે એને શરીર-બરીર છે નહિ. આ ણમો અરિહંતાણંમાં તો ભગવાન બિરાજે છે અત્યારે. સમજાણું કાંઈ? શરીરવાળા છે એ.

કહે છે એ જેટલા શરીરવાળા અરિહંતોની વાણી હોય. સિદ્ધને વાણી ન હોય એ તો અશરીર થઈ ગયા, પૂર્ણ થઈ ગયા, મુક્તએ બિરાજે છે. નહોતું આવ્યું સકલ-નિકલ. પરમાત્મા બે પ્રકારે. શરીર સહિત અરિહંત, શરીર રહિત સિદ્ધ. એને સમ્યગ્દૃષ્ટિ વ્યવહારમાં બરાબર જાણીને શ્રદ્ધે. સમજાય છે? નિશ્ચયમાં પોતાને શ્રદ્ધે. જન્મ-મરણના અંતનું કારણ જુઓ અહીં આવશે હમણા કહે છે જુઓ! એ આદિ ધર્મ એ જિનભાષિત ધર્મ... જુઓ! છેને? ...

''ધમ્મો' ઈત્યાદિ ગાથાસે કહા હૈ, કિ **જો આત્મ-વસ્તુકા સ્વભાવ હૈ, વહ ધર્મ હૈ, ઉત્તમ ક્ષમાદિ ભાવરૂપ દસ પ્રકારકા ધર્મ હૈ, રત્નત્રય ધર્મ હૈ, ઔર જીવોંકી રક્ષા યહ ધર્મ હૈ.'** એ આત્માની અહિંસા ભાવ એ રક્ષા આત્માની. રાગ અને વિકલ્પ રહિત આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ ઉત્પન્ન કરવી એ ધર્મ. **'યહ જિનભાષિત ધર્મ...'** એ વીતરાગે કહેલો ધર્મ. એ પરમેશ્વર ત્રિલોકનાથે કહેલો ધર્મ. **'ચતુર્ગતિકે દુઃખોંમેં પડતે હુએ જીવોંકો ઉદ્ધારતા હૈ.'** છેને? ધરતિ ઈતિ ધર્મ. લ્યો. અને ચતુર્ગતિ દુઃખી ... ધરતિ ઈતિ ધર્મ. શુભભાવથી તો સ્વર્ગ મળે. મિશ્ર શુભ-અશુભથી મિશ્રમાં મનુષ્ય મળે, અશુભ પાપભાવથી નરક અને ઢોર થાય. સમજાણું કાંઈ?

આ શુદ્ધ ભાવથી મુક્તિ મળે એમ કહે છે અહીં. એ જિનભાષિત ધર્મ માથે કહ્યું હતુંને એનો છેલ્લો સરવાળો કરે છે. માથે શબ્દ હતો બીજી લીટીમાં. યહ જિભાષિત વીતરાગે કહેલો ધર્મ. વીતરાગ સિવાય કોઈ અજ્ઞાનીઓ પોતાની કલ્પનાથી વાતું કરે, સર્વજ્ઞ પરમેશ્વર સિવાય એ બધા ધર્મો સાચા નહિ, ખોટે ખોટા ગપ્પ મારે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર પૂર્ણ પરમાત્મા એની વાણીમાં આવ્યો, એની વાણીને આગમ કહેવામાં આવે છે. એ આગમમાં આવો ધર્મ કહ્યો છે ભગવાને. સમજાણું કાંઈ?

**'ધર્મ ચતુર્ગતિકે દુઃખોંમેં પડતે હુએ...'** આ સ્વર્ગના દુઃખ કીધા એ તો. અહીં બીજું કહ્યું છે કે શુભભાવ પુણ્યથી સ્વર્ગ મળે અને સ્વર્ગના એને દુઃખ છે એમ કહેવું છે અહીં તો. દુઃખ મળે એમ કહ્યું. એ દુઃખોથી ઉગારે એ આત્માનો ધર્મ વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ વીતરાગી ધર્મ છે એમ કહ્યું છે. એ સુખથી આત્મા સુખી થશે, ધર્મ કરશે તો સુખી થશે એ તો મેલામાં લખે છે. કાગળમાં લખે અમારે કાંઈ લેવા, દેવા નહિ. પંચમ આરો કઠણ છે, ધર્મ કરે એ સુખી થશે. પણ ધર્મ કોને કહેવો એનું ભાન ન મળે. લખે કાગળમાં રીવાજ પ્રમાણે. નેમિદાસભાઈ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- વાત સાચી ધર્મ કરતા સુખી થાય, પણ ક્યો ધર્મ? આત્માના અંદરમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ જેમાં આનંદ પ્રાપ્ત થાય. ધર્મ કરશે એ સુખી થાય, આત્માના શાંતિને પ્રાપ્ત થાય એનું નામ ધર્મ છે. મેલાવાળાને એમ. મેલો છેને એ તો. આહા..! એ તો કહ્યુંને લૂગડા ઉતારીને વાંચશો. એ તો કો'ક કહેતું હતું કે ભાઈ! આ વાણી છે એ લૂગડા છોડીને વાંચજો, લૂગડા પહેરીને મુનિપણું માનતા હો તો આ લૂગડા છોડીને વાંચજો. એ કો'કે લખ્યું છે ભાઈ! સમજાય છે?

બાપા! માર્ગ ભાઈ! એ અલૌકિક બાપુ! ત્યાં કાંઈ સિફારિશ કામ આવે એવી નથી.

આહા..હા..! શું થાય પણ? એવું ફેરવી નાખ્યું છેને આખું. ચક્ર ફેરવી નાખ્યું ચક્ર. જાણે કે આ માર્ગ વીતરાગનો ન હોય, જે વીતરાગનો માર્ગ એ વીતરાગનો ન હોય, વીતરાગનો માર્ગ નથી તે વીતરાગનો માર્ગ. અજ્ઞાનીએ એમ જ અનાદિથી ફેરવ્યું છે.

અહીં તો કહે છે. આહા..હા..! ચાર ગતિના દુઃખો. અહીં તો બીજો પ્રશ્ન છે કે સ્વર્ગમાં ઈન્દ્ર પદે ઉત્પન્ન થાય શુભભાવથી, ત્યાં દુઃખ છે, એ દુઃખથી ઉદ્ધાર કરે એનું નામ ધર્મ. આ..હા..! એ પહેલી વાત આવી ગઈ હતી બધી. આનાથી આ સુખ મળેને ... એ બધું. ચાર તો કાલે આવી ગયા હતા પહેલા. એ ગાથા ૬૩માં. ૬૩માં આવી ગયું હતું એ. શુભભાવ થાય દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ એ શુભભાવથી સ્વર્ગ મળે અને કંઈક શુભ અને અશુભ મિશ્રથી મનુષ્યપણું મળે અને એકલા પાપભાવથી ઢોર અને નારકી, નીચે નારકી થાય અને ઢોર થાય આડા તિર્યંચ. શુદ્ધ ભાવથી મુક્તિ થાય, એ ૬૩માં આવ્યું હતું. સમજાણું કાંઈ? જુઓ! આવ્યું હતું ને.

१९०) पावेँ णारउ तिरिउ जिउ पुण्णेँ अमरु वियाणु।
मिस्सेँ माणुस-गइ लहइ दोहि वि खइ णिव्वाणु।।६३।।

એ પુણ્ય-પાપના બે ભાવથી રહિત આત્માના સ્વભાવથી એને ખપાવે એને ધર્મ થાય, મુક્તિ થાય. આહા..હા..!

**‘યહાં શિષ્યને પ્રશ્ન કિયા, કિ જો પહલે દોહેમેં તો તુમને શુદ્ધોપયોગમેં સંયમાદિ સબ ગુણ કહે,...’** શેમાં? ૬૭માં, ૬૭મી ગાથામાં શિષ્ય પ્રશ્ન કરે છે. પ્રભુ! આપે ૬૭માં તો એમ કહ્યું હતું કે શુદ્ધ ઉપયોગ, શુભ પુણ્યનો ભાવ, અશુદ્ધ પાપનો, એનાથી રહિત આત્માનો શુદ્ધ ઉપયોગ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન, રમણતારૂપ શુદ્ધ ઉપયોગ એને સંયમ કહેવું, એને શીલ કહેવું, એને તપ કહેવું એને સદ્‌ગુણ કહે છે. **‘ઔર યહાં આત્માકા શુદ્ધ પરિણામ હી ધર્મ કહા હૈ,...’** અહીંયા આત્માના શુદ્ધ ભાવને તમે ધર્મ કહ્યો, ત્યાં શુદ્ધ ઉપયોગને કહ્યો હતો, અહીં શુદ્ધ ભાવને-પરિણામને તમે ધર્મ કહ્યો.

**‘ઉસમેં ધર્મ પાયે જાતે હૈં, તો પહલે દોહેમેં ઔર ઈસમેં ક્યા ભેદ હૈ?’** સમજાણું કાંઈ? પ્રશ્ન તો થાયને. ૬૭માં એમ કહ્યું હતું. પરિણામના ત્રણ વેપાર—એક અશુભ પરિણામ એટલે અશુદ્ધ ઉપયોગ અને શુભ ઉપયોગ અને શુદ્ધ ઉપયોગ એ ત્રણે પર્યાય છે અવસ્થા. અશુભ એટલે હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ અશુભ પરિણામ, અશુભ ઉપયોગ. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, જ્ઞાન, સ્મરણ પૂજાનો શુભભાવ એ શુભોપયોગ અને બે પરિણામથી રહિત આત્માના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનનો શુદ્ધ ઉપયોગ એ ત્રીજા શુદ્ધ પરિણામ. તો આપે ત્યાં શુદ્ધ ઉપયોગને સંયમ આદિ કહ્યું હતું. અહીં વળી તમે શુદ્ધ પરિણામને

ધર્મ કહ્યો બેમાં ફેર શું પાડ્યો આપે? સમજાણું કાંઈ?

‘**ઉસમેં ધર્મ પાયે જાતે હૈં, તો પહલે દોહેમેં ઔર ઈસમેં ક્યા ભેદ હૈ? ઉસકા સમાધાન - પહલે દોહેમેં તો શુદ્ધોપયોગ મુખ્ય કહા થા,...**’ ૬૭માં આત્મા વસ્તુની અંતર શક્તિ-સત્વનો ભગવાનઆત્માની શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન, શુદ્ધ ઉપયોગની રમણતા એની મુખ્યતાથી કહ્યું હતું. આ ધર્મની મુખ્યતાથી કહ્યું. ઓલામાં શદ્ધ ઉપયોગની મુખ્યતાથી, આમાં ધર્મની મુખ્યતાથી. ‘**શુદ્ધોપયોગકા હી નામ ધર્મ હૈ,...**’ લ્યો! એ શુદ્ધ ઉપયોગ આત્માનો શુદ્ધ પરિણામ, શુદ્ધભાવ, પુણ્ય-પાપ વિનાના શુદ્ધભાવ એનું નામ ભગવાને ધર્મ કહ્યો છે. ‘**તથા ધર્મકા નામ હી શુદ્ધોપયોગ હૈ.**’ લ્યો! અરસપરસ લઈ લીધું. શુદ્ધોપયોગકા હી નામ ધર્મ અને ધર્મકા હી નામ શુદ્ધોપયોગ. સમજાણું કાંઈ?

‘**શબ્દકા ભેદ હૈ, અર્થકા ભેદ નહીં હૈ. દોનોંકા તાત્પર્ય એક હૈ. ઈસલિએ સબ તરહ શુદ્ધ પરિણામ હી કર્તવ્ય હૈ, વહી ધર્મ હૈ.**’ લ્યો! સરવાળો પાઠમાં છે હોં! ‘**तेन सर्वप्रकारेण शुद्धपरिणाम एव**’ કરવા યોગ્ય છે. ભગવાન પવિત્ર આત્મા અખંડ આનંદકંદ એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિના શુદ્ધ નિર્વિકલ્પ અકષાયભાવ કરવા જેવા છે. એ કર્તવ્ય છે, એ ધર્મ છે, એ મોક્ષનો ઉપાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ .. ધર્મ એ શુદ્ધ ઉપયોગ થયો પ્રગટ થયો એ. હા, હા, .. શક્તિરૂપે શુદ્ધોપયોગ છે એ ત્રિકાળ શુદ્ધ છે, પ્રગટ થયો એ ધર્મ પર્યાયની પ્રગટની વાત છેને અહીંયા તો. સમજાણું કાંઈ? જેવો શુદ્ધ સ્વભાવ ત્રિકાળ છે એવા પરિણામમાં શુદ્ધતા શક્તિની વ્યક્તતા પ્રગટ થવી એ શુદ્ધ પરિણામ તેને ભગવાન ધર્મ કહે છે લ્યો! આહા..હા..! આવી ક્રિયા. ક્રિયા આવીને શુભ પરિણામની. શુભભાવનો ઉપયોગ તે પુણ્ય પરિણામ છે, અશુભભાવનો વેપાર પરિણામનો એ પાપભાવ છે. બે ભાવથી આત્મા અખંડાનંદ શુદ્ધ ચૈતન્ય દળ વીતરાગ સ્વભાવ છે, સમરસી છે. એના સન્મુખના શ્રદ્ધા, જ્ઞાનની એકાગ્રતા એ શુદ્ધ પરિણામ છે, એ શુદ્ધ પરિણામને અહીંયા ભગવાન ધર્મ કહે છે. સમજાણું કાંઈ?

‘જેમ નિર્મળતા રે સ્ફટિક તણી તેમ જ જીવ સ્વભાવ, શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો પ્રબળ કષાય અભાવ.’ સમજાણું કાંઈ? જેમ નિર્મળતા સ્ફટિકની. આ સ્ફટિક છેને સ્ફટિક રત્ન એ નિર્મળ છે. એને જો પીળો ડંક હોય તો પીળા દેખાય ભાગ. લાલ હોય તો લાલ દેખાય. બે ડંક ન હોય તો સ્ફટિક શુદ્ધ. એમ આત્મા શુદ્ધ સ્વભાવ સ્ફટિક જેવો એનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય. ‘જેમ નિર્મળતા રે સ્ફટિક તણી તેમ જ જીવ સ્વભાવ શ્રી જિનવીરે ધર્મ પ્રકાશ્યો...’ શ્રી મહાવીર આદિ અનંત તીર્થંકરોએ ધર્મ પ્રકાશ્યો. પ્રબળ કષાય અભાવ.

કષાય એટલે અશુભ અને શુભ બે ભાવ એ કષાય છે, એનો અભાવ એવા સ્ફટિક રત્નના જે નિર્મળ મૂળ ભાવ એવા આત્માના શુદ્ધ સ્વભાવના મૂળ પરિણામ એને ભગવાને ધર્મ કહ્યો છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મંદ કષાયમાં રહે છેને પુણ્ય. મંદ કષાય પુણ્ય છે એનાથી સ્વર્ગ આદિ મળે. આત્માની શાંતિની એકાગ્રતા એ પુણ્ય વડે ન મળે. એ પુણ્ય વડે આ ધૂળ મળે. .. નથી આવતું? ... સમજાય છે? સંયોગ મળે. વચ્ચે શુભભાવ હોય એમાં જિનવાણીનો સંયોગ મળે, કેવળીનો સંયોગ મળે, એ સંયોગીભાવથી સંયોગ મળે. સ્વભાવભાવથી સ્વભાવની સ્થિરતા મળે. સમજાણું કાંઈ?

શિષ્યે ૬૭ અને ૬૮ બેની અંદરમાં ફેર શું એમ પૂછ્યું. બે વાત એક જ છે. આત્માને પરિણામના જે યોગના ત્રણ પ્રકાર છે, અશુભ જોગ, શુભ જોગ અને શુદ્ધ ઉપયોગ. એમાંથી ત્યાં શુદ્ધ ઉપયોગની વ્યાખ્યા કરી ૬૭માં. એમાં બધા સંયમ શાંતિ ગુણ જેટલા કોઈ એમાં આવી ગયા. અહીંયા શુદ્ધ પરિણામને ધર્મ કહ્યો. એક જ વાત છે. ધર્મ તે શુદ્ધ પરિણામ છે, શુદ્ધ પરિણામ તે ધર્મ છે. શુદ્ધ ઉપયોગ તે ધર્મ છે અને ધર્મ તે શુદ્ધ ઉપયોગ છે. પછી એનો સરવાળો કરીને શુદ્ધ પરિણામ જ ધર્મ છે. શુભાશુભભાવ તે ધર્મ નથી એમ ત્યાં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? લ્યો! ૬૮ થઈ. ૬૯.

'**આગે શુદ્ધ ભાવ હી મોક્ષકા માર્ગ હૈ,...**' એમ બતાવે છે. ત્યાં ધર્મ કહ્યો હતો ને એ શુદ્ધ ભાવ જ મોક્ષનો માર્ગ છે. નિર્મળ સ્ફટિક જેવો પ્રભુ આ આત્મા એના અંતર નિર્મળાનંદ ઉપર દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા એવો જે નિશ્ચય મોક્ષમાર્ગ તે શુદ્ધભાવ જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર વચ્ચે વિકલ્પ વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો હતો એ મોક્ષમાર્ગ ખરેખર નથી. એને કહ્યો હતો, પણ મોક્ષમાર્ગ તો શુદ્ધભાવ હી મોક્ષધર્મ. છેને જુઓ! એ શુદ્ધનો અર્થ જ વિશુદ્ધ છે અહીંયા. પાઠમાં હતોને વિશુદ્ધ? પાઠમાં જુઓ માથે કહ્યું હતું '**अब निश्चयेन स्वकीयशुद्धभाव एव धर्म**' ૬૮ની માથે પાઠમાં હતું '**विसुद्धउ**' અને માથે કહ્યું હતું '**स्वकीयशुद्धभाव**' ૬૮ની માથે. અહીં ૬૯ને માથે કહ્યું કે, '**विशुद्धभाव**' ઓલો વિશુદ્ધ શબ્દ લીધો હતો ને પાઠનો એટલે એમ નાખ્યું ઓલો ખુલાસો કરવા માટે એમ નાખ્યું. ૬૯.

१९६) सिद्धिहिँ केरा पंथडा भाउ विसुद्धउ एक्कु।
जो तसु भावहँ मुणि चलइ सो किम होइ विमुक्कु।।६९।।

સમજાય છે? મુનિ ત્યાંથી ચળી જાય તો કેમ મુક્તિ થાય એમ કહે છે. શુદ્ધ ભાવમાંથી

ચળી જાય તો એનાથી મુક્તિ કેમ થાય? આહા..હા..! **'મુક્તિકા માર્ગ...'** મુક્તિ નામ સિદ્ધ પરમેશ્વર થવાની દશા, સિદ્ધ પરમાત્મા એ મુક્તિ છે. એનો પંથ નામ માર્ગ, એનો રસ્તો. **'એક શુદ્ધ ભાવ હી હૈ.'** લ્યો! સમજાણું? શુદ્ધ પરિણામ-શુદ્ધ પરિણામ, શુદ્ધ પરિણામી પ્રભુના શુદ્ધ પરિણામ એ જ મુક્તિનો એક જ માર્ગ છે.

**'જો મુનિ ઉસ શુદ્ધ ભાવસે...'** જુઓ! કહ્યુંને. એક એમ કહ્યું છે. એક શુદ્ધ ભાવ હી મોક્ષનો માર્ગ છે, બીજો માર્ગ છે નહિ. .. એ તો કહી ગયા છે આ પહેલા પણ. ગૃહસ્થ હો કે મુનિ હો, માર્ગ આત્માના શુદ્ધ, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ વીતરાગ પર્યાય તે બેને ધર્મ છે. શ્રાવકને ઓછી શુદ્ધતા, મુનિને-સાચા મુનિને વિશેષ શુદ્ધતા પણ એ શુદ્ધતા એ ધર્મ છે બસ. સમજાણું કાંઈ? આ વાદ અને વિવાદ. સલવાઈ જાય એમાં. માંડ જીવન મળ્યું થોડું. પચાસ, સાંઈઠ, સીત્તેર વર્ષની ઉંમર કે પોણોસો એંશી લ્યોને કેટલા વર્ષ? અનંત કાળમાં આવા વર્ષ મનુષ્યપણાના કેટલા? જુઓ કેટલાક તો બાયડી, છોકરા ને ધંધામાં, તો કેટલોક જાય સુવામાં, કેટલાક જાય ખાવા, પીવા ને જંગલ ને પાણી, પેશાબમાં, કેટલાક સાફ-સફાઈમાં જાય, થોડો વખત જાય ત્યાં સાંભળવા જાય તો આ સાચું તત્ત્વ એને મળે નહિ. આહા..હા..! સમજાણું?

થોડા કાળમાં શું કરવા એમ માગે છે? પૈસા લેવા જાય તો થોડા કાળમાં પેદાશ એમ માગતો હશે? ત્યાં તો એમ માગતો હશે એક મિનિટમાં બધું લાવ. પણ બધું એને માટે એક મિનિટમાં આવે નહિ મમતા, પણ આ મળે નહિ ત્યાં સુધી રોકાય કે નહિ ત્યાં? મિનિટમાં એક સેકન્ડમાં માગે કરોડો. એ માગે એટલે જ્યાં સુધી ન મળે ત્યાં સુધી રોકાય કે નહિ? એક સેકન્ડમાં મળે તો રોકાઉં નહિતર વયો જાવ. એમ હશે? જુઓ! ત્યાં મુદ્દત માગતો નથી. ભલે માગે એક સેકન્ડમાં, પણ એક સેકન્ડમાં ન આવે તો પછી સેકન્ડમાં વયો જાતો હશેને? ... અરે..! જિંદગી રોકાય. હેરાન થવા મફત. કુટુંબ મૂકી, મા-બાપ મૂકી, માસી-ફુવા મૂકી બધા પડ્યા અહીં એકલો માથાનો ફરેલો કરે. નેમિદાસભાઈ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા તોપણ ન મૂકે. છેલ્લું છે હવે મૂકી દ્યો. એલા પણ આટલું કરો, આટલું કરો. એક જણ મરવાની તૈયારી, છોકરાને કહે પણ ... પણ આ મરવા. શું કહેવાય આ? ....નો વેપાર છેને ઓલા દાણાનો મોટો. તાર કરી આવ એના તાર. એ જ્યાં તાર કરીને આવ્યો ત્યાં અહીં ખલાસ. કાંઈ ન મળે. બધા જાણતા હોય કે નહિ રહે આ, પણ ના કરી આવ કરી આવ જા. સારા પણ સખ છે મૂર્ખને? હવે મરવું છે તો હજી આ કરવું છે. સાથે જાણે આવતું હશે બધું ત્યાં? બધા નામ, ઠામની બધી ખબર હોય એની. બધા

જાણતા હોય કે નહિ અહીં? આહા..!

અહીં કહે છે અરે..! મુક્તિ કેરા પંથડા આ ભાષા કેવી વાપરી જુઓને! '**सिद्धिहँ केरा पंथडा भाउ विसुद्धउ एक्कु**' એક ભગવાન આત્મા એ તારા મુક્તિના પંથ તો એ શુદ્ધ ભાવ એક જ છે. શુભ અને અશુભ બીજો ભાવ મુક્તિનો માર્ગ છે નહિ એમ કહે છે. એક જ મોક્ષમાર્ગ કહ્યો છે અહીં તો. ... સમજાવ્યું હતું, જ્ઞાન કરાવ્યું. સરવાળે છે એ .. સાચો... બે થઈને એક એમ કીધું હતું ભાઈ. બે થઈને એક ક્યાં? એક થઈને જ એક છે. બીજો તો નિમિત્તનો આરોપ થઈને કથન છે. બે થઈને એક કે દિ' હતું? કીધું હતું આને નહિ? ... આહા..હા..! ભાઈ! એક સમયનો, એક તારા પર્યાયમાં એક સમયનો સંસાર છે. એ સિવાય આખું તત્ત્વ મુક્ત સ્વરૂપ પડેલું છે. કેવળ જેમ ઘન આનંદનો કંદ, પણ એવી વસ્તુની મુક્તિની ખબર ન મળે, વસ્તુ આત્મા એટલે શું?

એવો આત્મા એક સમયનો વિકાર જ છે એને. બીજે સમયે બીજો. ત્રીજે સમયે ત્રીજો ... એક સમયે... સમયે... સમયે... સાધે બે સમય સંસાર કોઈ દિ' આત્માનો રહે જ નહિ. પર્યાયમાં હોં! પર્યાયમાં. દ્રવ્ય-ગુણમાં તો સંસાર છે જ નહિ. વસ્તુ અને વસ્તુની શક્તિઓમાં તો સંસાર છે નહિ. એની એક સમયનો, એક સમય સેકન્ડમાં અસંખ્યમો ભાગ-એક સમય પુણ્ય-પાપ મારા એવો મિથ્યાત્વ ભાવ અને રાગ-દ્વેષ એક સમય. બીજે સમયે બીજો. ત્રીજે સમયે ત્રીજો. ... એમ અનાદિથી કરતો આવે છે. એ વિકારના શુભ-અશુભભાવની પાછળ એકલો શુદ્ધસ્વરૂપ આત્મસ્વભાવ એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એકાગ્રતા. એ 'સિદ્ધિ કેરા પંથડા એક શુદ્ધ ભાવ જાણ.' આહા..હા..! ભારે ભાઈ! આ તે દિ' મૂકાઈ ગયું હતુંને. મૂકી દીધું. પહેલું વંચાણું હતુંને તે દિ'. સિદ્ધિ કેરા પંથડા. ભગવાન! તારો મુક્તિનો માર્ગ તો પ્રભુ! પ્રભુ એમ બતાવે છે કે આત્મા અંતર સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ તારા પૂર્ણ મુક્તિના કાર્યનું કારણ માર્ગ-પંથડો એક છે. બાકી વચ્ચે શુભભાવ હોય તો મુક્તિનો માર્ગ નથી.

'**જો મુનિ ઉસ શુદ્ધ ભાવસે 'चलति' ચલાયમાન હો જાવે,...**' એમાંથી ખસીને શુભભાવમાં આવે, '**તો વહ કૈસે મુક્ત હો સકતા હૈ?**' આહા..હા..! સમજાણું? પાંચ પાંડવો શેત્રુંજય જ્ઞાનમાં, આનંદમાં મુનિરાજ પરમાત્મા. ભગવાન તીર્થંકરદેવ મુનિના ...ગિરનાર પર વિચરતા હતા. આ લોકો મુનિ સંત હતા પાંચ પાંડવો. મહાન દિગંબર નગ્ન આનંદકંદમાં ઝૂલનારા. અને માસ માસખમણના પારણા કરીને દર્શન કરવા નીકળ્યા હતા. વિકલ્પ હતો શુભભાવ. અહીં જ્યાં આવ્યા ત્યાં સાંભળ્યું કે ભગવાન મોક્ષ પધાર્યા. શુભભાવ છે હોં! એ સાંભળ્યું બસ. બંધ. આહાર બંધ થઈ ગયો. ... અખંડાનંદ અતીન્દ્રિય આનંદનું ધ્યાન

કર્યું. દષ્ટિમાં જ્ઞાન ચારિત્ર તો હતા રમણતા આનંદની. આવ્યો દુર્યોધનનો ભાણેજ. એને લડાઈમાં વાંધો હતોને. લોઢાના દાગીના પહેરાવ્યા. આહા..! અતીન્દ્રિય આનંદની મોજમાં રહેતા. ત્રણ તો કેવળ પામીને મોક્ષ ગયા. બે નાના હતા એને વિકલ્પ આવ્યો જરીક આમ અરે..! આ મોટા મુનિ! જરીક વિકલ્પ આવ્યો પુણ્યનો. એ વિકલ્પ આવ્યો એમાં પુણ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધમાં ગયા. આ ત્રણ કેવળ પામી મોક્ષ ગયા. સમજાણું કાંઈ? જુઓ! બે ભવ કરવા પડ્યા. એક સર્વાર્થસિદ્ધનો, એક મનુષ્યનો.

કહે છે **'જો મુનિ ઉસ શુદ્ધ ભાવસે ચલાયમાન હો જાવે, તો વહ કૈસે મુક્ત હો સકતા હૈ?'** આહા..હા..! વજન તો જુઓ! સમજાણું? અતીન્દ્રિય આનંદમાં લીન, આનંદમાં લીન એ શુદ્ધ વેપાર. એમાંથી શુભનો વિકલ્પ આવ્યો, પુણ્યબંધ થઈ જશે. મુક્તિ અટકી જશે. કેવળજ્ઞાન નહિ થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? પંચમ આરાના સાધુ સંત કહે છે. એને ખબર હશે કે મારી મુક્તિ આ ભવમાં નથી. ચલાયમાન ... શુદ્ધ ઉપયોગમાં સ્થિરતા રહેતી નથી. અરે..! વિકલ્પ છે ત્યાં સુધી મુક્તિ નહિ થાય. સમજાણું? એ સ્વર્ગમાં અવતાર લેવા પડશે. ત્યાંથી પાછા માતાના પેટમાં સવા નવ મહિના ઊંધે લટકવું. એ આ રાગનું દુઃખ. જોર મારતા જાય છે પોતે. સમજાય છે? અરે..! ભગવાન! અરે..! આત્મા! તું સ્થિરતામાંથી ખસીશ તો તને મુક્તિ કેમ મળશે? આહા..! કારણ કે મુક્તિ તો શુદ્ધ પરિણામથી થાય છે, શુદ્ધ પરિણામ તો આત્મામાં લીનતાથી થાય છે. બહારનો ઉપયોગ વિકલ્પ ખસી ગયો આમ એ તો પુણ્યબંધન થયું. આહા..! મુનિઓ આટલાથી ડર્યા છે. અંતરના અતીન્દ્રિય આનંદમાંથી બહાર નીકળીશ તો ભગવાન! તને પુણ્યબંધ થશે. વિકલ્પ આવશે શુભ.

કહે છે **'યઃ મુનિઃ તસ્માત્ ભાવાત્ ચલતિ સઃ કથં વિમુક્તઃ ભવતિ'** આહા..હા..! દુનિયાની પડી નથી. દુનિયાનું શું થાશે? એ તો થયા જ કરે છે એના નિયમ પ્રમાણે બધું. કોણ કરે ને કોણ રોકે? અહીં તો પોતાના આત્માને કહે છે અરે..! આત્મા! ભગવાને તો શુદ્ધ પરિણામને મુક્તિનું કારણ કહ્યું. આહા..હા..! ત્યાંથી ખસે તો કેવળજ્ઞાન નહિ પામે પ્રભુ! તું હો! વિકલ્પ શુભ ઉઠે, શુદ્ધ પરિણામમાંથી ખસી ગઈ છે. હવે શુદ્ધ પરિણતિ બીજી છે હજી. આ આવ્યો છે, કેવળ નહિ થાય, મુક્તિ નહિ થાય. એ સ્વર્ગના દુઃખમાં અવતરવું પડશે. સ્વર્ગનું દુઃખ છે હોં! ધૂળમાં ક્યાંય સુખ નથી. હા એ તો પહેલું કહ્યું હતું. દુઃખ ચાર ગતિના દુઃખથી પડે રાખે તે ધર્મ કહેવાય. દુઃખમાં જઈશ ભાઈ! આહા..હા..!

પ્રભુ તારી વીતરાગતા છેને, એ વીતરાગતાના ઘરમાંથી જે બહાર નીકળ્યો એ .. દુઃખમાં જઈશ હોં. સ્વર્ગમાં દુઃખ છે, આકુળતા છે, ત્યાં હોળી છે બધી. નરકમાં પણ દુઃખ અને ત્યાં પણ દુઃખ છે. ઈન્દ્રાણીઓને બહારની ઈચ્છા છે કે આ હોય તો એ ઈચ્છા એ દુઃખ

છે. 'ક્યા ઈચ્છત ખોવત સબૈ ઈચ્છા દુઃખ મૂળ.' ઈચ્છા જ પોતે દુઃખ છે. ભગવાન તું આત્મા અંદર ઈચ્છા વિનાનો એક ....આનંદ. કહે છે કે એમાંથી ટળી, ખસી, મુક્તિ પ્રભુ તારી કેમ થશે? આહા..હા..! હજી પોતાને કહે છે ભેગું પાછું. આહા..હા..! સંત દિગંબર મુનિ છે નવસો વર્ષ પહેલા મહા અધ્યાત્મમાં મશગૂલ, આનંદમાં મશગૂલ. એમાં પણ આ લખવાનો આદિ વિકલ્પ ઉઠે છે. અરે! મુનિ! એ સ્વરૂપમાંથી ખસીશ તો મુક્તિ કેમ થશે? પણ જો પુણ્યમાં ભલે બંધાઈ જશે પણ આનો આદર થશે. શુદ્ધભાવ... શુદ્ધભાવ... શુદ્ધભાવ... સમજાણું?

'**ભાવાર્થ :- જો સમસ્ત શુભાશુભ સંકલ્પ-વિકલ્પોંસે રહિત જીવકા શુદ્ધ ભાવ હૈ,...**' લ્યો! જુઓ ખુલાસો કરીએ હોં! પછી. '**જો સમસ્ત શુભાશુભ સંકલ્પ-વિકલ્પોંસે રહિત જીવકા શુદ્ધ ભાવ હૈ, વહી નિશ્ચયરત્નત્રયસ્વરૂપ મોક્ષકા માર્ગ હૈ.**' દેખો! શ્રદ્ધા-જ્ઞાનમાં એને ઓળખાણ તો કરે પહેલો. ખબર ન મળે, શ્રદ્ધા ન મળે, જ્ઞાન ન મળે અને એને એમ કહે કે, આપણે થઈ જશે ધર્મ, ચાલો. પાંચમા આરામાં મુક્તિ નથી, પણ મુક્તિ નથી એટલે પણ શેને કારણે નથી? એ તો ઓલો રાગ છે માટે નથી. માટે કહે કે ઝંખના અંદર શુદ્ધ શ્રદ્ધા જ્ઞાન એની કર. સમજાય છે? રાગ બાકી રહે છે માટે પુણ્ય બંધાઈ જાય... એમ પોકાર કરે છે. સમજાણું કાંઈ?

આત્મા સમસ્ત શુભ-અશુભભાવ બે એનાથી રહિત જીવનો પરિણામ જે શુદ્ધભાવ વીતરાગી પર્યાય શુદ્ધ નિર્મળ દશા એ એક જ '**વહી નિશ્ચયરત્નત્રયસ્વરૂપ...**' સમજાય છે? '**મોક્ષકા માર્ગ હૈ.**' લ્યો! આ હેતુનો ખુલાસો કર્યો. સમજાણું? નીચે કહે છે '**મોક્ષકા માર્ગ એક શુદ્ધ ભાવ હી હૈ,...**' આહા..હા..! બે મોક્ષમાર્ગ નથી. કથન બે મોક્ષમાર્ગનું છે. મોક્ષમાર્ગ છૂટવાનો પંથ તો એક જ શુદ્ધ પરિણામ અને નિશ્ચયરત્નત્રય એક જ છે. ગાંડા થયા માળા ... એકલા શુદ્ધ ભાવે ધર્મ થાય એમ કહે છે. ભગવાન ધર્મના ઈશ્વર એમ કહે છે. ભાઈ!

પરમેશ્વર ત્રણલોકના નાથ વીતરાગદેવ, સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં, દિવ્યધ્વનિમાં સમવસરણમાં બિરાજતા એમ કહે છે. મહાવિદેહમાં બિરાજે પરમાત્મા તીર્થંકર અત્યારે. પાંચસો ધનુષ્યનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, સેંકડો દેવો આદિ કરોડો અને સો ઈન્દ્રો ઉપસ્થિત થઈ જાય છે. સિંહ અને વાઘ ને નાગ ને દેવો ને ચક્રવર્તી. ભગવાનની વાણી આવી એમાં એમ કહે છે કે ભાઈ! અમે વીતરાગી ઈશ્વર છીએ, અમે રાગના ઈશ્વર નથી. એ વીતરાગપણું જે પ્રગટ્યું એની વાણી આવી. ભાઈ! તારે મોક્ષનો પંથ તો શુદ્ધ પરિણામ એક જ છે હોં. આહા..હા..! એ ઈન્દ્રો સાંભળતા એણે કબુલ્યું છે કે માર્ગ, પ્રભુ! એ જ છે. સમજાણું કાંઈ?

આટલું ઘર અને આટલું મકાન બે કહે છે, પણ બીજો લોક છે, ભગવાન છે, બધું છે કે નહિ? સદેહે ભગવાન બિરાજે છે. આ ક્ષેત્ર ઉપર આમ ક્ષેત્રે સીધું. સિદ્ધ ભગવાન તો ઉપર ગયા લોકાગ્રે. એ તો સિદ્ધ થયા, પણ અરિહંત શું બિરાજે છે કે નહિ તીર્થંકર અત્યારે? આ ક્ષેત્રમાં નથી પણ બીજે ક્ષેત્રે છે કે નહિ? એ ભગવાનની વાણીમાં એમ આવ્યું હતું તેથી ધર્મ ઈશ્વરા કીધું. ધર્મના ઈશ્વર પરમાત્મા એમ કહે છે. સંત કહે છે કે અમે નહિ હોં, ભગવાન પણ આમ કહે છે. એ ત્યાં ઈન્દ્રો માનતા હતા નાથ! ત્વમેવ સત્યં આપ કહો છો તે જ આ સત્ય છે. સમજાણું કાંઈ?

**'વહી નિશ્ચયરત્નત્રયસ્વરૂપ મોક્ષકા માર્ગ હૈ. જો મુનિ શુદ્ધાત્મ પરિણામસે ચ્યુત હો જાવે, વહ કિસ તરહ મોક્ષકો પા સકતા હૈ? નહીં પા સકતા. મોક્ષકા માર્ગ એક શુદ્ધ ભાવ હી હૈ, ઈસલિયે મોક્ષકે ઈચ્છુકકો વહી ભાવ હંમેશા કરના ચાહિયે.'** શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગતા જ કરવી જોઈએ. એ મોક્ષનો માર્ગ છે. એવી એને શ્રદ્ધા અને ભાવના કરવી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



: પ્રકાશક :
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ
વિલે પાર્લા, મુંબઇ.
www.vitragvani.com